ॐ હ્રીઁ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

પૂ. આ. શ્રી ચન્દ્રર્ષિમહત્તરાચાર્ય વિરચિત

પંચસંગ્રહ-તૃતીય ખંડ

યાને

સપ્તતિકા સંગ્રહ

અનુવાદક

સ્વ. પં. શ્રી હીરાલાલ દેવચંદ શાહ

પ્રેરક

પૂ. આ. શ્રી રુચકચન્દ્રસૂરીશ્વરજી મ.સા.

સંપાદક :- પં. પુખરાજજી અમીચંદજી કોઠારી-મહેસાણા

મુલ્ય રૂ. ૩૦-૦૦

ૐ હ્રીં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ
ગ્રન્થાંક-૧૦૧
सम्यग्दर्शन-ज्ञान-चारित्राणि मोक्षमार्गः

પૂ. શ્રી ચન્દ્રર્ષિમહત્તરાચાર્ય વિરચિત

પંચસંગ્રહ-તૃતીયખંડ

યાને સપ્તતિકા સંગ્રહ

પૂ. આ. શ્રી મલયગિરિ મહારાજા રચિત ટીકાનુવાદ તેમ
સારસંગ્રહ-પ્રશ્નોત્તરી-પરિશિષ્ટ સહિત

卐

અનુવાદક
સ્વ. પં. શ્રી હીરાલાલ દેવચંદ (વઢવાણ શહેરવાળા)

: પ્રેરક :
પ. પૂ. આ. શ્રી વિજય ભક્તિસૂરીશ્વરજી મ. સા. ના પ્રશિષ્ય
પૂ. આ. શ્રી રૂચકચન્દ્ર સૂરીશ્વરજી મ. સા.

: સંપાદક :
પં. પુખરાજજી અમીચંદજી કોઠારી-મહેસાણા
(અધ્યાપક-શ્રી યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા)

મૂલ્ય રૂા. ૩૦-૦૦

પ્રકાશક :
વકીલ ચીમનલાલ અમૃતલાલ શાહ
બાબુલાલ જેશિંગલાલ મહેતા
ઓ. સેક્રેટરીઓ.
શ્રી યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા
અને
શ્રી જૈન શ્રેયસ્કર મંડળ-મહેસાણા

શ્રુતભક્તિમાં સહાયકો

રૂ. ૫૦૦૦-૦૦	શ્રી વાંકાનેર જૈન સંઘ
રૂ. ૨૫૦૦-૦૦	શ્રી તળાજા જૈન સંઘ
રૂ. ૧૦૦૦-૦૦	શ્રી સમી જૈન સંઘ

વિ. સં. ૨૦૪૦ વીર સં. ૨૫૧૦ સને. ૧૯૮૪

પ્રાપ્તિસ્થાનો

શ્રી જૈન શ્રેયસ્કર મંડળ
મહેસાણા (ઉ. ગુ.)

શ્રી જૈન શ્રેયસ્કર મંડળ
પાલીતાણા (સૌરાષ્ટ્ર)

મુદ્રક : કાંતિલાલ ડાહ્યાભાઈ પટેલ ○ મંગલ મુદ્રણાલય ○ રતનપોળ, અમદાવાદ.

પ્રકાશકીય નિવેદન

પરમ પૂજ્ય સ્વર્ગસ્થ આચાર્ય ૧૦૦૮ શ્રી **ભક્તિસૂરીશ્વરજી મહારાજ** સાહેબના શિષ્યરત્ન પરમ પૂજ્ય સ્વર્ગસ્થ પંન્યાસ પ્રવર ૧૦૦૮ શ્રી **કનક** વિજયજી મહારાજ સાહેબના શિષ્યરત્ન પરમપૂજ્ય આચાર્ય ૧૦૦૮ શ્રી **રુચકચન્દ્ર સૂરીશ્વરજી** મહારાજ સાહેબની સત્પ્રેરણાથી પંચસંગ્રહના પહેલા અને બીજા ભાગની જેમ તદન્તર્ગત સપ્તતિકા સંગ્રહ રૂપ ત્રીજા ખંડના પ્રકાશનનું કાર્ય આ સંસ્થાને સોંપવામાં આવેલ અને ખૂબ જ રસપૂર્વક પંડિત શ્રી **પુખરાજજી અમીચંદજીએ** અનેક મુશ્કેલીઓ હોવા છતાં સંપાદનનું કાર્ય અને પ્રથમના બે ખંડોની જેમ સારસંગ્રહ તથા પ્રશ્નોત્તરી પણ તૈયાર કરી આપેલ છે.

આ માટેની તમામ નાણાંકીય વ્યવસ્થા પૂજ્યશ્રીના સંસારી બંધુ શ્રીયુત **શાન્તિલાલ મણિલાલ શાહે** તથા **સુધર્મભક્તિ પાઠશાળાના** વ્યવસ્થાપકોએ કરેલ છે. તેમજ ગ્રન્થ છપાવવા અંગેની સંપૂર્ણ વ્યવસ્થા અધ્યાપક **શ્રી રતિલાલ ચીમનલાલ દોશીએ** અને કાળજી પૂર્વક શુદ્ધિપત્રક બનાવવાનું કાર્ય પંડિત શ્રી **બાબુલાલ સરુચંદભાઈએ** અને કાગળો આદિ મેળવી આપી પ્રેસમાં છપાવવા વગેરેનું કાર્ય અજિત પેપર માર્ટ વાળા **શ્રી રસીકલાલ વાડીલાલ શાહે** તથા મુદ્રણનું સુંદર કાર્ય મંગલ પ્રેસના માલીક શ્રી **કાન્તિલાલભાઈએ** કાળજી પૂર્વક કરેલ છે.

પુસ્તક પ્રકાશન માટે નાણાંકીય સહાય આપનાર શ્રી સંઘોની નામાવલિ આ ગ્રન્થમાં આપવામાં આવેલ છે તે સિવાય અન્ય પરચુરણ રકમ પણ પ્રાપ્ત થયેલ છે. લગભગ ૪૦૦ ઉપરાંત પેજ પ્રમાણ સુંદર એવા ત્રીજાખંડનું પ્રકાશન કરવાનો અપૂર્વ લાભ અમોને પ્રાપ્ત થતાં ગૌરવપૂર્વક વધુ આનંદ અનુભવીએ છીએ અને તે બદલ પરમ પૂજ્ય આચાર્ય શ્રી રુચકચન્દ્ર સૂરીશ્વરજી મહારાજ સાહેબ વગેરેનો તથા ઉપર જણાવેલ બંધુઓનો આભાર માનીએ છીએ.

ગ્રન્થનું સંપાદન તથા પ્રકાશન યથાશક્તિ કાળજી પૂર્વક કરવામાં આવેલ છે. છતાં પ્રેસદોષ તેમજ છદ્મસ્થતા આદિના કારણે જે કાંઇ સ્ખલનાઓ રહેવા પામી હોય તે જણાવવા સુજ્ઞ મહાશયોને અમારી નમ્ર વિનંતિ છે. કે જેથી હવે પછીની આવૃત્તિમાં સુધારો કરી શકાય.

મહેસાણા
વીર સંવત ૨૫૧૦
વિક્રમ સંવત ૨૦૪૦
તા. ૧૫–૧–૮૪

લિ. શ્રીસંઘ સેવકો
વકીલ ચીમનલાલ અમૃતલાલ
બાબુલાલ જેશિંગલાલ મહેતા
ઓ. સેક્રેટરીઓ
શ્રી **મહેસાણા** યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા અને
શ્રી જૈન શ્રેયસ્કર મંડળ **મહેસાણા**

સંપાદકીય નિવેદન

પ્રસ્તુત ગ્રન્થના પહેલા તથા બીજા ખંડના મારા સંપાદકીય નિવેદનમાં આ મહાન્ ગ્રન્થના સંપાદનનું કાર્ય મારી પાસે કેમ આવ્યું ? મને તેનો લાભ કેમ મલ્યો ? અને મેં તેનું સંપાદન કેમ કર્યું ? તથા શ્રી ચતુર્વિધ સંઘમાં આનું મહત્ત્વ કેટલું છે ? તેમજ આ ગ્રન્થ કેટલો પ્રાચીન છે વગેરે હકીકત આપેલ હોવાથી ફરીથી અહીં જણાવવામાં આવતી નથી, માટે જિજ્ઞાસુઓએ ત્યાંથી જોઈ લેવી.

ઘણા વર્ષો પહેલાં પંડિત **શ્રી હીરાલાલ દેવચંદભાઈએ** કરેલ પંચસંગ્રહ ગુજરાતી ટીકાનુવાદના બીજા ભાગમાં જ સપ્તતિકા સંગ્રહનો ગુજરાતી અનુવાદ હતો, પરન્તુ પ્રસ્તુત ગ્રન્થના બીજા ખંડમાં અનેક યંત્રો, સાર સંગ્રહ, તથા પ્રશ્નોત્તરી વગેરે આપવામાં આવેલ, તેથી ગ્રન્થનું કદ ખૂબ જ વધારે થયેલ અને સપ્તતિકા સંગ્રહનો નવો અનુવાદ કરવામાં ઘણો સમય લાગે તેમ હતું. વળી પ્રસ્તુત ગ્રન્થની માગણી શ્રી ચતુર્વિધ સંઘમાં વધારે હતી, માટે બીજા ખંડમાં આઠ કરણોનોજ સમાવેશ કરી બહાર પાડેલ, ત્યારબાદ સતત માગણી હોવા છતાં કેટલાક કારણોસર આ ગ્રન્થના નવીન અનુવાદનું કાર્ય લગભગ છ વર્ષ સુધી ન કરી શકયો, ત્યારબાદ મારી પાસે સતત ૩ વર્ષ સુધી છ કર્મગ્રન્થ, પંચ સંગ્રહ, કમ્મપયડી, તર્કસંગ્રહ તથા પ્રાકૃત વગેરે ગ્રન્થોનો સુંદર અભ્યાસ કરેલ પરમ પૂજ્ય આચાર્ય ભગવંત **શ્રી મંગલપ્રભસૂરીશ્વરજી મહારાજ** સાહેબનાં આજ્ઞાવર્તી પરમ તપસ્વિની સા. મ. સા. **ચન્દ્રપ્રભાશ્રીજી** નાં શિષ્યા સ્વર્ગસ્થ મંજુલાશ્રીજી મહારાજ સાહેબનાં શિષ્યા **મહાયશાશ્રીજી** મહારાજ સાહેબનાં વિદુષી શિષ્યા સા. મ. સા. **અમિતપ્રજ્ઞાશ્રીજી** મહારાજ સાહેબે મારી વિનંતિનો સ્વીકાર કરી પોતાનો ચાલુ અભ્યાસ પૂર્ણ થતાં પ્રસ્તુત ગ્રન્થના કાર્ય માટે ચારેક માસ રોકાયાં અને તે દરમ્યાન તેઓશ્રી પાસે ગુજરાતી ટીકાનુવાદ લખાવી કેટલાંક યંત્રો વગેરે તૈયાર કરાવ્યાં અને પછી **રતિલાલ ચીમનલાલ ભાઈ** ને પરમ પૂજ્ય આચાર્ય મહારાજ સાહેબની સૂચનાથી છપાવવા માટે સંપૂર્ણ મેટર મોકલાવેલ, પરન્તુ કેટલાંક કારણોસર આ ગ્રન્થ પ્રેસમાં છપાતાં ત્રણ વર્ષ જેટલો સમય થયેલ, એથી બીજા ખંડ પછી લગભગ ૯ વર્ષે આ ત્રીજાખંડનું પ્રકાશન શ્રી ચતુર્વિધ સંઘના કર-કમળમાં મૂકતાં આનંદ અનુભવું છું.

લખવા તથા શાસ્ત્રીય પાઠો વગેરે જોવામાં પરમ પૂજ્ય આચાર્ય ભગવંત **શ્રી કલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજ** સાહેબના સમુદાયનાં વિદુષી સા. મ. સા. **સુશીલગુણાશ્રીજી** મહારાજ સાહેબે તથા પરમ પૂજ્ય આચાર્ય ભગવંત **શ્રી કૈલાસ સાગર સૂરીશ્વરજી** મહારાજ સાહેબના સમુદાયનાં વિદુષી સા. મ. સા. **શીલપૂર્ણાશ્રીજી** મહારાજ સાહેબે પણ પોતાના કેટલાક અમૂલ્ય સમયનો ભોગ આપેલ છે તે બદલ

આ ત્રણે સાધ્વીજી મહારાજ સાહેબોનો તેમજ અધ્યાપક શ્રી **રતિલાલ ચીમનલાલ દોશીનો** તથા પંડિત શ્રી **બાબુલાલ સવચંદભાઈનો** તથા મૂળમેટર તપાસવામાં સહાયક અધ્યાપક શ્રી **વસંતલાલ નરોત્તમદાસ** ભાઈનો પણ આ સ્થળે હું આભાર માનું છું.

પ્રસ્તુત ગ્રન્થનો પ્રથમ ખંડ વિ. સં. ૨૦૨૭માં બહાર પડેલ, દ્વિતીયખંડ ચાર વર્ષ જેટલા ગાળામાં વિ. સં. ૨૦૩૧ ની સાલે બહાર પડેલ. ઉપરોક્ત કારણે નવ વર્ષ પછી આજે આ ત્રીજો ખંડ બહાર પડી રહેલ છે. એમ તો આ ગ્રન્થમાં પણ કર્મ સંબંધી જ વિશેષ હકીકતો છે. પરન્તુ સુંદર ભંગોના સમૂહરૂપ હોવાથી ચાર પ્રકારના અનુયોગમાંથી આ ગ્રન્થમાં મુખ્યત્વે ગણિતાનુયોગ બતાવેલ છે. તેથી કેટલાક અભ્યાસકો આ ગ્રન્થથી કંટાળે છે. પરન્તુ ગણિતાનુયોગ મનની એકાગ્રતાને પ્રાપ્ત કરવા માટેનું એક અમૂલ્ય કારણું છે. આ હકીકત ગણિતના નિષ્ણાતોને અનુભવસિદ્ધ છે. મનની એકાગ્રતાથી જ શુક્લ ધ્યાનની પ્રાપ્તિ કરી જીવો સકલકર્મવિમુક્ત બની સિદ્ધિપદને પ્રાપ્ત કરે છે. માટે આ વિષયમાં કંટાળો ન લાવતાં એકાગ્રચિત્તે ભંગ–જાળને સમજવા અને તૈયાર કરવા માટે મારી ખાસ ભલામણ છે.

પ્રસ્તુત ગ્રન્થમાં આપેલ ફુટનોટો, સારસંગ્રહ તેમજ પ્રશ્નોત્તરી વગેરે સપ્તતિકા ગ્રન્થની પરમ પૂજ્ય **મલયગિરિજી મહારાજ** સાહેબ વિરચિત ટીકા, સિત્તરીચૂર્ણી અને સપ્તતિકા ભાષ્ય તથા તેની ટીકા વગેરેના આધારે તૈયાર કરેલ છે.

આ ગ્રન્થના બીજા ખંડના બંધનકરણમાં ખાસ ઉપયોગી પ્રદેશબંધ વિભાગનું પરિશિષ્ટ આપવાનું હતું પરન્તુ તે સમયે તૈયાર નહી થવાથી અને અભ્યાસકોને ખૂબજ ઉપયોગી લાગવાથી તૈયાર કરી તે પરિશિષ્ટ પણ આ ગ્રન્થના અંતે આપવામાં આવેલ છે.

સારસંગ્રહાદિક તૈયાર કરવામાં શક્ય તેટલી કાળજી રાખી હોવા છતાં છદ્મસ્થતાના દોષથી, મારી ઇન્દ્રિયોની પરાધીનતાના કારણે તથા પ્રેસદોષાદિના કારણે કંઈપણ સ્ખલના રહી ગઈ હોય અને કોઈપણ સ્થળે કંઈપણ આગમ વિરુદ્ધ લખાયું હોય તે બદલ સરળ ભાવે મિથ્યા દુષ્કૃત માગું છું. અને આ વિષયના નિષ્ણાત સુજ્ઞ મહાશયોને જે કંઈ ક્ષતિ જણાય તે જણાવવા નમ્રભાવે વિજ્ઞપ્તિ કરવા પૂર્વક વિરમુ છું.

મહેસાણા
વીર સંવત ૨૫૧૦
વિ. સં. ૨૦૪૦
તા. ૧૪–૧–૮૪

લિ. વગ્ગામ (રાજસ્થાન) નિવાસી
પુખરાજ અમીચંદજી કોઠારી
શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા
મહેસાણા (ઉ. ગુ.)

અનુક્રમણિકા

વિષય	પૃષ્ઠ
૦ પ્રકાશકીય નિવેદન	૩
૦ સંપાદકીય નિવેદન	૪
૦ અનુક્રમણિકા	૫
૦ ગ્રંથકારની પ્રસ્તાવના	૧
૦ બંધનો બંધ સાથે સંવેધ	૨
૦ ઉદય અને સત્તાનો ઉદય અને સત્તા સાથે સંવેધ	૩
૦ ઉદયનો બંધ સાથે સંવેધ.	૪
૦ બંધનો ઉદય સાથે સંવેધ	૬
૦ જ્ઞાનાવરણીયનાં સ્થાનકો સંબંધે વિચાર, તેનો સંવેધ અને તેના ભાંગાઓ.	૭
૦ આયુના ઉદય અને સત્તાનો વિચાર	૮
૦ આયુના બંધાદિનો સંવેધ અને તેના ભાંગાઓ	૯
૦ દર્શનાવરણીયના બંધ અને સત્તાસ્થાનકનો વિચાર	૧૨
૦ દર્શનાવરણીયના બંધસ્થાનનો કાળ	૧૩
૦ દર્શનાવરણીયનાં ઉદયસ્થાનકો	૧૫
૦ દર્શનાવરણીયના બંધાદિનો સંવેધ અને તેના ભાંગાઓ.	૧૬
૦ ગોત્રકર્મના બંધાદિનો સંવેધ	૧૭-૧૮
૦ વેદનીયકર્મના બંધાદિનો સંવેધ	૧૯
૦ મોહનીયકર્મનાં બંધસ્થાનકો	૨૦
૦ ,, બંધ ભાંગાઓ.	૨૧
૦ મોહનીયનાં બંધસ્થાનનો કાળ	૨૩-૨૪
૦ મોહનીયકર્મનાં ઉદયસ્થાનકો	૨૪
૦ મોહનીયકર્મના ઉદયસ્થાનકમાં પ્રકૃતિના ફેરફારથી કઈ રીતે અનેક વિકલ્પો થાય છે-તેનો વિચાર	૨૫
૦ ગુણસ્થાનકોમાં મોહનીયનાં ઉદયસ્થાનકો અને તેનાથી થતી ચોવિશીઓનો વિચાર	૨૬-૩૨
૦ દશ આદિ ઉદયસ્થાનકોમાં થતી કુલ ચોવિશીની સંખ્યા	૩૨
૦ પાંચ આદિના બંધે અને બે ના ઉદયે થતી ભંગસંખ્યાનો મતાંતર સાથે વિચાર	૩૩-૩૪
૦ ગુણસ્થાનકમાં થયેલ ચોવિશીઓના કુલ ભંગનું નિરૂપણ.	૩૫
૦ ઉદયની જેમ ઉદીરણાના ભંગનો વિચાર	૩૬
૦ ગુણસ્થાનકોમાં મોહનીયની પ્રકૃતિઓના ઉદયનો વિચાર	૩૭
૦ મોહનીયનાં સત્તાસ્થાનકો	૩૮
૦ ગુણસ્થાનકોમાં સત્તાસ્થાનો	૩૯
૦ છવ્વીશ આદિનું સત્તાસ્થાન કઈ રીતે થઈ શકે? તેનો વિચાર	૪૦
૦ મોહનીયની કઈ પ્રકૃતિનો કોણ ઉદ્વલક છે.	૪૧
૦ મોહનીયના બંધ, ઉદય અને સત્તાનો સંવેધ	૪૨-૫૨
૦ મોહનીયનાં સત્તાસ્થાનોનો કાળ	૫૨-૫૫
૦ નામકર્મની જે પ્રકૃતિઓ સાથે તેની ઘણી પ્રકૃતિઓનો બંધ કે ઉદય થાય છે. તેનું નિરૂપણ	૫૬-૬૦
૦ નામકર્મનાં બંધસ્થાનકો	૬૧
૦ ગતિમાં નામકર્મનાં બંધસ્થાનકોનું નિરૂપણ	૬૧-૬૨

○ નરકાદિ ગતિયોગ્ય કયાં બંધ-સ્થાનકો હોય છે, તેનું નિરૂપણ ૬૨

○ ગુણસ્થાનકોમાં નામકર્મનાં બંધસ્થાનકો ૬૩–૬૫

○ એકેન્દ્રિયાદિ યોગ્ય બંધ સ્થાનકોમાં કઈ કઈ પ્રકૃતિઓ હોય તેનું નિરૂપણ ૬૬–૭૫

○ ગુણસ્થાનકોમાં નામકર્મની બંધાતી અને વિચ્છેદ થતી પ્રકૃતિઓનું નિરૂપણ ૭૫–૭૮

○ ઉદ્યોત અને આતપનો ઉદય ક્યારે થાય તેનું નિરૂપણ ૭૯

○ કઈ પ્રકૃતિના બંધ કે ઉદય સાથે કઈ પ્રકૃતિનો બંધ કે ઉદય હોય ૭૯–૮૦

○ નામકર્મનાં ઉદયસ્થાનકો ૮૧

○ ગતિમાં ઉદયસ્થાનકોનો વિચાર ૮૧

○ ગુણઠાણાઓમાં ઉદયસ્થાનોનો વિચાર ૮૨–૮૫

○ એકેન્દ્રિયનાં ઉદયસ્થાનકો અને તેમાં થતા ભંગોનો વિચાર ૮૬–૮૯

○ વિકલેન્દ્રિયનાં ઉદયસ્થાનકો અને તેમાં થતા ભાંગાઓનો વિચાર ૯૦–૯૧

○ પ્રાકૃત તિર્યંચ પંચેન્દ્રિયનાં ઉદયસ્થાનકો અને તેના ભાંગાઓનો વિચાર ૯૨

○ વૈક્રિય તિર્યંચનાં ઉદયસ્થાનકો અને તેના ભાંગાઓ ૯૩–૯૪

○ સામાન્ય મનુષ્યનાં ઉદયસ્થાનકો અને તેના ભાંગાઓ. ૯૫

○ વૈક્રિય મનુષ્યનાં ઉદયસ્થાનકો અને તેના ભાંગાઓ ૯૫

○ આહારક સંયતનાં ઉદયસ્થાનકો અને તેના ભાંગાઓ ૯૬

○ દેવ અને નારકનાં ઉદયસ્થાનકો અને તેના ભાંગાઓ. ૯૭–૯૮

○ કેવલિ ભગવંતમાં ઉદયસ્થાનકો અને તેના ભાંગાઓ ૯૯–૧૦૨

○ ગુણસ્થાનકોમાં નામકર્મની પ્રકૃતિઓનો ઉદયાધિકાર ૧૦૩–૧૦૬

○ નામકર્મનાં સત્તાસ્થાનકો ૧૦૭–૧૦૮

○ નવમા ગુણસ્થાનકે સત્તામાંથી જતી નામકર્મની પ્રકૃતિઓ ૧૦૯

○ અધ્રુવ સંજ્ઞક સત્તાસ્થાનો ક્યા જીવોમાં હોય ? ૧૧૦

○ ગતિમાં નામકર્મનાં સત્તાસ્થાનકો ૧૧૧

○ ગુણસ્થાનકોમાં નામકર્મનાં સત્તાસ્થાનકો ૧૧૨–૧૧૩

○ નામકર્મના બંધ–ઉદય–સત્તાસ્થાનનો સંવેધ ૧૧૪–૧૨૬

○ જ્ઞાનાવરણીય અને અંતરાયનો ગુણસ્થાનકમાં સંવેધ ૧૨૭

○ દર્શનાવરણીયનો ગુણસ્થાનકમાં સંવેધ ૧૨૭–૧૨૮

○ વેદનીયનો ગુણસ્થાનકમાં સંવેધ ૧૨૯

○ આયુનો ,, ,, ૧૩૦–૧૩૨

○ ગોત્રનો ,, ,, ૧૩૩–૧૩૪

○ મોહનીય સંબંધે વિચાર કરતાં પદસમૂહની સંખ્યાનું નિરૂપણ ૧૩૫–૧૩૭

○ ગુણસ્થાનકના ભેદે ઉદયપદની સંખ્યા. ૧૩૮–૧૩૯

○ ગુણસ્થાનમાં યોગ, લેશ્યા અને ઉપયોગથી થતાં પદ અને પદવૃંદનો વિચાર ૧૩૯–૧૫૪

- ગુણસ્થાનમાં નામકર્મના બંધ ઉદય અને સત્તાસ્થાનકો તથા સંવેધ ૧૫૫–૧૭૮
- ચારગતિમાં બંધાદિ સ્થાનો તથા સંવેધ ૧૭૯–૧૮૪
- ઈન્દ્રિયમાર્ગણામાં બંધાદિ સ્થાનકો ૧૮૫
- જીવસ્થાનકોમાં જ્ઞાનાવરણીય તથા અંતરાયના બંધાદિ ૧૮૬
- જીવભેદમાં વેદનીય અને ગોત્રકર્મના બંધાદિ ૧૮૭
- જીવસ્થાનકોમાં આયુના ભાંગાઓ ૧૮૮
- જીવભેદોમાં મોહનીયનાં બંધાદિસ્થાનો ૧૮૯–૧૯૧
- જીવભેદોમાં નામકર્મનાં બંધાદિ સ્થાનો ૧૯૧–૧૯૬
- ગતિઆદિ માર્ગણાઓમાં બંધાદિ સ્થાનકો સંબંધે સત્પદપ્રરૂપણા. ૧૯૬–૨૦૦
- ગુણસ્થાનકોમાં પ્રકૃતિબંધના પ્રમાણનું કથન ૨૦૦–૨૦૩
- ગતિ આદિ માર્ગણાઓમાં ગુણસ્થાનકોના વિષયમાં બંધનું નિરૂપણ ૨૦૩–૨૧૧
- ગ્રંથની પૂર્ણાહુતિ ૨૧૧
- શ્રી સપ્તતિકા સાર સંગ્રહ ૨૧૩
- સપ્તતિકાસંગ્રહ પ્રશ્નોત્તરી ૩૭૫
- પરિશિષ્ટ–૧ પ્રદેશબંધનું અલ્પબહુત્વ ૩૯૨–૪૦૧
- શુદ્ધિપત્રક ૪૦૨

પ. પૂ. આચાર્ય વિજય ભક્તિસૂરીશ્વરજી
મહારાજ સાહેબ



જન્મ : સંવત ૧૯૩૦નાં આસો સુદ–૮ સમી
દીક્ષા : સંવત ૧૯૫૭નાં મહા વદી ૧૦–સમી
પંન્યાસપદ : સંવત ૧૯૭૫નાં અષાઢ સુદ ૫–કપડવંજ
આચાર્યપદ : સંવત ૧૯૯૨નાં વૈશાખ સુદ ૪–પાલીતાણા
સ્વર્ગવાસ : સંવત ૨૦૧૫નાં પોષ સુદ ૩–શંખેશ્વર
પ. પૂ. આચાર્ય ભગવંતને અમારાં કોટી......કોટી......વંદન

શાહ મનસુખલાલ કુંવરજી

(ટાણાવાળાં–અમદાવાદ)

પ. પૂ. પંન્યાસ કનકવિજયજી ગણિવર

જન્મ : સંવત ૧૯૬૧ ચૈત્ર સુદ ૧–સાલડી
દીક્ષા : સંવત ૧૯૮૮ મહા સુદ ૬–સાલડી
પંન્યાસપદ :
સંવત ૨૦૧૦ માગશર સુદ ૫–અમદાવાદ
સ્વર્ગવાસ :
સંવત ૨૦૨૨ આસો સુદ ૭–મુંબઈ–માટુંગા

પ. પૂ. પંન્યાસજી મહારાજ સાહેબને અમારાં કોટી કોટી વંદન

નિર્મળાબેન મનસુખલાલ શાહ
(ટાણાવાળાં–અમદાવાદ)

પ. પૂ. કનકવિજયજી ગણીવરનાં શિષ્ય
પ. પૂ આચાર્ય
વિજય રુચકચંદ્રસૂરિજી મહારાજ
જન્મ : સંવત ૧૯૮૪ અષાઢ સુદ ૧૦–સાલડી
દીક્ષા : સંવત ૨૦૦૩ વૈશાખ સુદ ૧૦–સાલડી
પંન્યાસપદ :
સં. ૨૦૨૮ માગશર સુદ ૭–અમદાવાદ-ગીરધરનગર
આચાર્યપદ :
સંવત ૨૦૨૯ માગશર સુદ ૨–ભોંયણીતીર્થ
પ. પૂ. આચાર્ય ભગવંતને કોટી... કોટી... વંદના

રમેશચંદ્ર મનસુખલાલ   હર્ષદકુમાર મનસુખલાલ
ભરતકુમાર મનસુખલાલ   હર્ષાબેન હર્ષદકુમાર
(ટાણાંવાળાં) હાલ અમદાવાદ.

अर्हम्

ॐ ह्रीं श्री श्रीशङ्खेश्वरपार्श्वनाथाय नमोनमः

પૂજ્યપાદ આચાર્ય પ્રવર.

શ્રી ચન્દ્રમહત્તરાચાર્ય વિરચિત

શ્રી પંચસંગ્રહ અન્તર્ગત

શ્રી સપ્તતિકા સંગ્રહ

આગમપ્રજ્ઞ, પ્રાતઃ સ્મરણીય પરમ પૂજ્ય આચાર્ય ભગવંત

શ્રીમદ્ મલયગિરિજી વિરચિત ટીકાના અનુવાદ સહિત

તૃતીય ખંડ

બીજા ખંડમાં આઠ કરણનો અધિકાર પૂર્ણ થયા બાદ ત્રીજા ખંડમાં શ્રી સપ્તતિકા સંગ્રહ-છઠ્ઠા કર્મગ્રન્થમાં જે ભંગ-જાળ બતાવી છે તે અધિકાર શરૂ કરે છે. ત્યાં પરમ પૂજ્ય શ્રી મલયગિરિજી મહારાજ સાહેબ અવતરણ લખતાં કહે છે. હવે સપ્તતિકાના સંગ્રહ દ્વારા બંધવિધાનને કહેવા ઇચ્છતા ગ્રન્થકાર મહારાજ પ્રસ્તાવના કહે છે.

मूलुत्तरपगईणं, साइ–अणाई–परूवणाणुगयं ।
भणियं बंधविहाणं, अहुणा संवेहगं भणिमो ॥१॥

मूलोत्तरप्रकृतीनां, साद्यनादि–प्ररूपणानुगतम् ।
भणितं बंधविधान–मधुना संवेधगतं भणामः ॥१॥

અર્થ—આ પ્રમાણે સાદિ-અનાદિ પ્રરૂપણાને અનુસરતું મૂળ અને ઉત્તર પ્રકૃતિનું બંધવિધાન કહ્યું, હવે સંવેધગત બંધવિધાન કહીશ.

ટીકાનુવાદ—આ પ્રમાણે મૂળ પ્રકૃતિ અને ઉત્તરપ્રકૃતિઓનું બંધવિધાન પ્રકૃતિબંધ સ્થિતિબંધાદિકનું સ્વરૂપ સાદિ, અનાદિ, ધ્રુવ, અધ્રુવાદિ પ્રરૂપણાને અનુસરતું કહ્યું. આઠ કરણનું સ્વરૂપ પ્રસંગને અનુસરી કહ્યું. કેમકે ગ્રન્થકારે પાંચ દ્વાર કહેવાની જ પ્રતિજ્ઞા કરી છે. પરંતુ તેમાં ઘણે સ્થળે કરણોનાં નામ આવે છે તેથી પ્રસંગાગત આઠ કરણનું સ્વરૂપ પણ કહ્યું, હવે એજ બન્ધવિધાન સંવેધ-ગત કહીશ.

કઈ મૂળ કે ઉત્તર પ્રકૃતિનો બંધ આદિ હોય ત્યારે કેટલી મૂળ કે ઉત્તર પ્રકૃતિનો ઉદય આદિ હોય. એ પ્રમાણે કઈ મૂળ કે ઉત્તરપ્રકૃતિનો ઉદય હોય ત્યારે કઈ મૂળ કે ઉત્તર પ્રકૃતિના બંધ આદિ હોય તેનો જે વિચાર તે સંવેધ કહેવાય.

આ સપ્તતિકાસંગ્રહમાં આ સંવેધને અનુસરતું બંધવિધાન કરવામાં આવશે. ૧

કરેલી પ્રતિજ્ઞાનો નિર્વાહ કરવા ઇચ્છતા આચાર્ય મહારાજ શરૂઆતમાં મૂળ પ્રકૃતિના વિષયમાં બંધનો બંધ સાથે સંવેધ કહે છે—

आउम्मि अट्ठ मोहेट्ठ सत्त एक्कं च छाइ वा तइए ।
बज्झंतयंमि बज्झंति सेसएसु छ सत्तट्ठ ॥ २ ॥

आयुष्यष्टौ मोहेऽष्टौ सप्त एकं च षडादि वा तृतीये ।
बध्यमाने बध्यन्ते शेषकेषु षड् सप्ताष्टौ ॥२॥

અર્થ—આયુ જ્યારે બંધાય ત્યારે આઠ, મોહનીય બંધાય ત્યારે આઠ અથવા સાત, ત્રીજું વેદનીય કર્મ જ્યારે બંધાય ત્યારે એક વા છ વા સાત અથવા આઠ અને શેષ કર્મનો જ્યારે બંધ થતો હોય ત્યારે છ, સાત અથવા આઠે કર્મ બંધાય છે.

ટીકાનુ૦—આયુકર્મ જ્યારે બંધાતું હોય ત્યારે અવશ્ય આઠે કર્મો બંધાય છે, કારણ કે શેષ સાત કર્મો જ્યારે બંધાતાં હોય ત્યારે જ આયુ બંધાય છે. (સાતમા ગુણસ્થાનક સુધી આયુ બંધાય છે ત્યાં સુધીમાં તો બંધમાંથી એક પણ કર્મ ઓછું થતું નથી.)

મોહનીયકર્મનો જ્યારે બંધ થતો હોય ત્યારે આઠ અથવા સાત કર્મ બંધાય છે. આયુ સાથે સઘળાં કર્મ બંધાય ત્યારે આઠ અને આયુ ન બંધાય ત્યારે તે વિના સાત. આયુકર્મ નિરંતર બંધાતું નથી, પરંતુ પોતાના ભોગવાતા આયુનો ત્રીજો આદિ ભાગ શેષ હોય ત્યારેજ બંધાય છે. મોહનીય કર્મનો બંધ નવમા ગુણસ્થાનક પર્યન્ત નિરંતર થાય છે. તેમાં ત્રીજા ગુણસ્થાનક છોડી સાતમા સુધીમાં આયુ બંધાય ત્યારે તે સાથે આઠ કર્મનો અને આયુ ન બંધાય ત્યારે તેના વિના સાત કર્મનો બંધ થાય છે. મિશ્ર અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણે આયુ વિના સાતજ બંધાય છે. આમ બંને બંધસ્થાનમાં મોહનીયનો બંધ આવેજ છે.

ત્રીજું વેદનીય કર્મ બંધાતું હોય ત્યારે આઠ, સાત, છ કે એક–આ ચાર બંધસ્થાનમાંથી કોઈનો પણ બંધ થાય છે. તેમાં એક માત્ર સાતાવેદનીય ઉપશાંતમોહે, મોહ અને આયુ વિના છ સૂક્ષ્મસંપરાયે. મિશ્ર, અપૂર્વકરણ અને અનિવૃત્તિબાદરે આયુ વિના સાત, અને મિશ્ર વિના સાતમા ગુણસ્થાન સુધીમાં આયુ બંધાય ત્યારે આઠ અને તે ન બંધાય ત્યારે તેના વિના સાત કર્મ બંધાય છે. આ બધા બંધસ્થાનકોમાં વેદનીયનો બંધ થાય છે જ.

શેષ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, નામ, ગોત્ર અને અંતરાયકર્મનો બંધ થતો હોય ત્યારે છ, સાત કે આઠ એમ ત્રણ બંધમાંથી કોઈપણ બંધ થાય છે. આ પાંચે કર્મનો બંધ દશમા ગુણસ્થાનક સુધી થાય છે. તેમાં મિશ્ર સિવાય સાતમા ગુણસ્થાનક સુધીમાં આયુ બંધાતું હોય ત્યારે આઠ, તે સિવાય સાત, ત્રીજે. આઠમે અને નવમે ગુણસ્થાનકે

આયુનો બંધ નહિજ થતો હોવાથી સાત અને દશમે આયુ અને મોહ વિના છ કર્મનો બંધ થાય છે. આ ત્રણે બંધસ્થાનકોમાં ઉપરોક્ત પાંચ કર્મમાંનું કોઈપણ કર્મ બંધાય છે જ [1]૨

આ પ્રમાણે કયા કર્મના બંધ સાથે કેટલા કર્મનો બંધ થાય તે કહ્યું. હવે કયા કર્મના ઉદય સાથે કેટલા કર્મનો ઉદય અને સત્તા હોય તે કહે છે—

मोहस्सुदए अट्ठवि सत्तय लब्भन्ति सेसयाणुदए।
सन्तोइण्णाणि अघाइयाणं अड सत्त चउरो य ॥●॥ ३

मोहस्योदये अष्टावपि सप्त च लभ्यन्ते शेषकाणामुदये ।
सदुदीर्णानि अघातिनां अष्टौ सप्त चत्वारि च ॥३॥

અર્થ—મોહનીયનો ઉદય હોય ત્યારે આઠે કર્મો ઉદય અને સત્તામાં હોય છે. શેષ ત્રણ ઘાતિ કર્મના ઉદયે આઠ અને સાત, અને અઘાતિ કર્મનો ઉદય છતાં આઠ, સાત કે ચાર કર્મો ઉદય અને સત્તામાં હોય છે.

ટીકાનુ૦—મોહનીયકર્મનો ઉદય સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનક પર્યન્ત હોય છે, માટે મોહનીયનો જ્યારે ઉદય હોય ત્યારે આઠે કર્મોનો ઉદય અને સત્તા હોય છે. કેમકે દશમા ગુણસ્થાનક પર્યન્ત સઘળાં કર્મો ઉદય અને સત્તામાં હોય છે, એક પણ કર્મ ઓછું થતું નથી.

શેષ જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અન્તરાય એ ત્રણમાંથી કોઈ પણ કર્મનો ઉદય હોય ત્યારે આઠ અને સાત કર્મો ઉદય અને સત્તામાં હોય છે. ત્રણ ઘાતિ કર્મનો ઉદય બારમા ગુણસ્થાનક પર્યન્ત હોય છે, ત્યાં સુધીમાં આઠ અને સાત એ બે ઉદય સ્થાનક અને સત્તા સ્થાનક હોય છે. તેમાં દશમા ગુણસ્થાનક પર્યન્ત આઠેનો ઉદય અને સત્તા હોય છે, અગિયારમે સાતનો ઉદય અને આઠની સત્તા, અને બારમે ગુણઠાણે સાતનો ઉદય અને સાતની સત્તા હોય છે.

વેદનીય, આયુ, નામ અને ગોત્રમાંથી કોઈપણ અઘાતિ કર્મનો ઉદય છતાં આઠ સાત અને ચાર એ ત્રણમાંથી કોઈ પણ સ્થાન ઉદય અને સત્તામાં હોય છે. ચારે

૧ અહિં સંવેધમાં કયા મૂળ કર્મનો કે કઈ ઉત્તર પ્રકૃતિનો બંધ ઉદય કે સત્તા કયા ગુણસ્થાનક સુધી થાય છે તેનો નિર્ણય કરી અમુક મૂળ કે ઉત્તર પ્રકૃતિનો બંધાદિ છતાં અમુક મૂળ કે ઉત્તર પ્રકૃતિઓ બંધાદિમાં હોય છે તે વિચારવાનું હોય છે. એટલે બીજા કર્મગ્રંથમાં ગુણસ્થાનકોમાં જે બંધાદિ અધિકારો કહ્યા છે તે આ ગ્રંથ ભણતી વખતે બરાબર યાદ કરવા.

અઘાતિ કર્મનો ઉદય ચૌદમા ગુણસ્થાનક પર્યન્ત હોય છે, ત્યાં સુધીમાં ઉપરોક્ત ત્રણે ઉદયસ્થાનકો સંભવે છે. તેમાં દશમા ગુણસ્થાનક પર્યન્ત આઠનો ઉદય અને સત્તા, અગિયારમે સાતનો ઉદય અને આઠની સત્તા, બારમે મોહનીય વિના સાતનો ઉદય અને સાતની સત્તા, તથા તેરમે અને ચૌદમે ઘાતિકર્મ સિવાય ચારનો ઉદય અને ચારની સત્તા હોય છે.

આ પ્રમાણે ઉદયનો ઉદય અને સત્તા સાથે સંવેધ કહ્યો. હવે ઉદય અને સત્તા સાથે સત્તાનો સંવેધ વિચારે છે-મોહનીય કર્મની સત્તા જ્યાં સુધી હોય છે ત્યાં સુધીમાં ઉદય આઠ અથવા સાત કર્મોનો હોય છે. તેમાં સૂક્ષ્મ સંપરાય પર્યન્ત આઠનો અને ઉપશાંતમોહે સાતનો ઉદય હોય છે. સત્તામાં તો આઠે કર્મો હોય છે, કેમકે મોહનીય કર્મની સત્તા જ્યાં સુધી હોય છે ત્યાં સુધી બીજા સઘળા કર્મો સત્તામાં અવશ્ય હોય છે.

જ્ઞાનાવરણ-દર્શનાવરણ અને અન્તરાયની સત્તા છતાં સાત અથવા આઠ કર્મોનો ઉદય અને સત્તા હોય છે. તેમાં સૂક્ષ્મસંપરાય પર્યન્ત આઠેનો ઉદય અને સત્તા, ઉપશાંતમોહે સાતનો ઉદય અને આઠની સત્તા અને ક્ષીણમોહે સાતનો ઉદય અને સાતની સત્તા હોય છે. વેદનીય, આયુ, નામ અને ગોત્ર એ ચાર અઘાતિમાંથી કોઈપણ કર્મની સત્તા જ્યાં સુધી હોય ત્યાં સુધીમાં આઠ, સાત અથવા ચારનો ઉદય અને સત્તા હોય છે. તેમાં આઠ અને સાતના ઉદય તેમજ સત્તાનો વિચાર પહેલાંની જેમ કરી લેવો. ચારનો ઉદય તથા સત્તા તેરમે અને ચૌદમે ગુણસ્થાનકે હોય છે. ૩

આ પ્રમાણે ઉદય અને સત્તાનો સંવેધ કહ્યો. હવે ઉદયનો બંધ સાથે સંવેધ કહે છે-

बंधइ छ सत्त अट्ठ य मोहुदए सेसयाण एक्कं च ।
पत्तेयं संतेहिं बंधइ एगं छ सत्तट्ठ ॥४॥

बध्यन्ते षड् सप्त अष्टौ च मोहोदए शेषाणां एकं च ।
प्रत्येकं सद्भिः बध्यन्ते एकं षड् सप्ताष्टौ ॥४॥

અર્થ—મોહનો ઉદય છતાં છ, સાત અને આઠ કર્મ બાંધે છે, અને શેષ કર્મોનો ઉદય છતાં એક, છ, સાત અને આઠ પણ બાંધે છે. છ, સાત અને આઠ કર્મોનો બંધ છતા મોહનો ઉદય હોય છે, અને એકના બંધમાં મોહ વિના શેષ સાતનો ઉદય હોય છે. જ્ઞાનાવરણાદિ આઠ કર્મમાંથી કોઈ પણ કર્મની સત્તા છતાં એક, છ, સાત અને આઠમાંથી કોઈપણ બંધસ્થાનકનો બંધ કરે છે. ૪

ટીકાનુ૦—મોહનીયકર્મનો જ્યારે ઉદય હોય ત્યારે ગુણસ્થાનક પરત્વે છ, સાત, કે આઠ એ ત્રણ બંધસ્થાનકમાંથી કોઈપણ એકનો બંધ કરે છે. મોહનીયનો ઉદય દશમા ગુણસ્થાનક પર્યન્ત હોય છે, તેમાં ત્રીજા ગુણસ્થાનક વિના સાતમા ગુણસ્થાન પર્યન્ત આયુના બંધકાળે આઠનો બંધ અને આયુનો બંધ ન થતો હોય ત્યારે સાતનો બંધ થાય છે.

ત્રીજે, આઠમે અને નવમે ગુણઠાણે આયુનો બંધ નહિ થતો હોવાથી સાતનો અને દશમે આયુ તથા મોહનીય વિના છનો બંધ થાય છે. મોહ વિના બાકીના સાત કર્મમાંથી કોઈ પણ કર્મનો ઉદય હોય ત્યારે એકનો અને ગાથામાં મૂકેલા 'च'કાર વડે ગ્રહણ કરાતા છ, સાત અને આઠમાંથી કોઈનો પણ બંધ થાય છે.

જ્ઞાનાવરણાદિ ત્રણનો ઉદય બારમા ગુણસ્થાન પર્યન્ત અને ચાર અઘાતિ કર્મનો ઉદય ચૌદમા પર્યન્ત હોય છે, એટલે ચારે બંધસ્થાનકો ઘટી શકે છે. તેમાં મોહ વિના સાત કર્મમાંથી કોઈપણનો ઉદય છતાં છ, સાત અને આઠના બંધનું સ્વરૂપ પૂર્વે કહ્યા પ્રમાણે સમજવું.

ત્રણ ઘાતિકર્મનો ઉદય છતાં એકનો બંધ અગિયારમે અને બારમે અને અઘાતિ ચાર કર્મમાંથી કોઈનો ઉદય છતાં એકનો બંધ ૧૧ માથી તે ૧૩ મા સુધી હોય છે. આ પ્રમાણે ઉદયનો બંધ સાથે સંવેધ કહ્યો.

હવે વિભક્તિનો વ્યત્યય કરીને એજ પહેલી અર્ધી ગાથા દ્વારા બંધનો ઉદય સાથે સંવેધ કહે છે.

છ, સાત કે આઠના બંધે મોહનીયનો ઉદય હોય છે. કારણકે આઠનો બંધ (મિશ્ર વિના) અપ્રમત્ત ગુણસ્થાન પર્યન્ત, સાતનો અનિવૃત્તિ બાદર સંપરાય સુધી અને છનો બંધ સૂક્ષ્મસંપરાયે હોય છે, અને મોહનીયનો ઉદય અવશ્ય સૂક્ષ્મસંપરાય પર્યંત હોય છે, માટે છ, સાત કે આઠના બંધે મોહનો ઉદય હોય છે. તથા આઠ, સાત, છ કે એકના બંધે શેષ સાત કર્મમાંથી કોઈનો પણ ઉદય હોય છે. તેમાં જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાયનો ઉદય ક્ષીણમોહ પર્યંત, અને વેદનીય, આયુ, નામ અને ગોત્રનો ઉદય અયોગિકેવલિ પર્યંત હોય છે, અને એકનો બંધ ઉપશાંતમોહાદિમાં હોય છે તેથી શેષ કર્મનો ઉદય સાત, આઠ, છ અને એકના બંધમાં પણ હોય છે. આ પ્રમાણે બંધનો ઉદય સાથે સંવેધ કહ્યો.

હવે ત્રીજા અને ચોથા પદવડે બંધ સાથે સત્તાના સંવેધનો વિચાર કરે છે–આઠ કર્મમાંથી કોઈ પણ કર્મની સત્તા છતાં આઠ, સાત, છ કે એક એ ચારમાંથી કોઈપણ બંધસ્થાનકનો બંધ કરે છે. તાત્પર્ય એ કે–કોઈ પણ એક કર્મની સત્તા છતાં કયું બંધસ્થાન હોય તેવો વિચાર કરીએ ત્યારે કહી શકાય કે એક એક કર્મની સત્તા છતાં એક, છ, સાત અને આઠ એ ચારે પ્રકારનો બંધ સંભવે છે. તે આ પ્રમાણે–

મોહનીયની સત્તા ઉપશાંતમોહ ગુણસ્થાન સુધી હોય છે, જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાયની સત્તા ક્ષીણમોહ પર્યંત હોય છે અને વેદનીય, આયુ, નામ અને ગોત્રની સત્તા અયોગીકેવલી પર્યંત હોય છે, અને આઠે કર્મનો બંધ મિશ્ર વિના અપ્રમત્ત પર્યન્ત, સાતનો અનિવૃત્તિ-બાદર સંપરાય પર્યંત, છનો બંધ સૂક્ષ્મસંપરાયે અને એકનો

અગિયારમાથી તેરમા ગુણસ્થાન સુધી હોય છે. માટે સઘળાએ કર્મની સત્તા છતાં ચારે પ્રકારનો બંધ સંભવે છે.

દાખલા તરીકે મોહનીયની સત્તા અગિયારમા સુધી હોવાથી અને ત્યાં સુધીમાં ચારે બંધસ્થાનકો યથાસંભવ હોવાથી મોહનીયની સત્તા છતાં ચારે બંધસ્થાનકો ઘટે છે. એમ અન્યત્ર પણ સમજવું. આ પ્રમાણે બંધનો સત્તા સાથે સંવેધ કહ્યો. ૪

હવે બંધનો ઉદય સાથે સંવેધ કહે છે—

सत्तट्ठ छ बंधेसुं उदओ अट्ठण्ह होइ पयडीणं ।
सत्तण्ह चउण्हं वा उदओ सायस्स बंधंमि ॥५॥

सप्ताष्टषड्बन्धेषु उदयः अष्टानां भवति प्रकृतीनाम् ।
सप्तानां चतुर्णां वा उदयः सातस्य बन्धे ॥५॥

અર્થ—સાત, આઠ કે છનો બંધ છતાં આઠ કર્મનો ઉદય હોય છે. અને કેવળ સાતાનો બંધ હોય ત્યારે સાત કે ચારનો ઉદય હોય છે.

ટીકાનુ૦—સાત, આઠ કે છ એ ત્રણ બંધસ્થાનમાંથી કોઈપણનો બંધ છતાં અવશ્ય આઠે કર્મ પ્રકૃતિઓનો ઉદય હોય છે. કેમકે આઠે કર્મનો ઉદય દશમા સુધી હોય છે અને ઉપરોક્ત બંધસ્થાનો પણ ત્યાં સુધીમાંજ સંભવે છે. તથા કેવળ સાતા વેદનીયનો બંધ છતાં સાત કે ચારનો ઉદય ઘટે છે. કેમકે સાત કર્મનો ઉદય અગિયારમે તથા બારમે અને ચારનો ઉદય તેરમે તથા ચૌદમે હોય છે. કેવળ સાતાનો બંધ છતાં બેજ ઉદયસ્થાનો સંભવે છે. (અહિં કેવળ સાતાનો બંધજ વિવક્ષિત છે. નહિ તો સામાન્યતઃ સાતાનો બંધ પહેલાથી તેરમા સુધી હોય છે અને ત્યાં સુધીમાં તો ત્રણે ઉદય-સ્થાનકો સંભવે છે.) ૫

આ રીતે મૂળપ્રકૃતિ[1] આશ્રયી બંધ ઉદય અને સત્તાનો સંવેધ વિચાર્યો. હવે એ કર્મોના સ્થાનનો વિચાર કરે છે—

दो संतट्ठाणाइं बंधे उदए य ठाणयं एक्कं ।
वेयणियाउयगोए सेगं नाणंतराएसु ॥६॥

द्वे सत्स्थाने बन्धे उदये च स्थानमेकम् ।
वेदनीयायुर्गोत्रेषु एकं ज्ञानान्तराययोः ॥६॥

---

૧ મૂળકર્મનો જે રીતે સંવેધ વિચાર્યો તે રીતે ઉત્તરપ્રકૃતિઓનો પણ સંવેધ સ્વયમેવ વિચારી લેવો. માત્ર ઉત્તરપ્રકૃતિનો ક્યાંથી ક્યાં સુધી બંધ, ઉદય કે સત્તા છે તેનો નિર્ણય કરી લેવો જોઈએ.

અર્થ—વેદનીય, આયુ અને ગોત્રકર્મમાં સત્તાસ્થાન બે અને બંધ તથા ઉદયમાં એક એક સ્થાન છે. જ્ઞાનાવરણીય અને અંતરાયનું ત્રણેમાં એક સ્થાન હોય છે.

ટીકાનુ૦–સ્થાન એટલે બે, ત્રણ આદિ પ્રકૃતિનો સમુદાય–એક સાથે બે, ત્રણ આદિ પ્રકૃતિઓનું બંધાદિમાં હોવું તે. તેમાં વેદનીય, આયુ અને ગોત્ર કર્મના દરેકના બબે સત્તાસ્થાન હોય છે. તે આ–બે અને એક.

તેમાં વેદનીયની બંને પ્રકૃતિઓ અયોગિકેવલિના દ્વિચરમસમય સુધી સત્તામાં હોય છે, દ્વિચરમ સમયે બેમાંથી કોઈપણ એકની સત્તા નષ્ટ થાય ત્યારે ચરમસમયે એકની સત્તા હોય છે. આ પ્રમાણે વેદનીયનાં બે અને એક એમ બે સત્તાસ્થાન હોય છે.

આયુકર્મમાં જ્યાં સુધી પરભવાયુનો બંધ ન થાય ત્યાં સુધી એકની સત્તા અને પરભવાયુનો બંધ થયા પછી બાંધેલા આયુનો જ્યાં સુધી ઉદય ન થાય ત્યાંસુધી બે આયુની સત્તા હોય છે.

ગોત્રકર્મમાં તેઉ–વાઉમાં ઉચ્ચગોત્રને ઉવેલે ત્યારે કે અયોગિકેવલિના દ્વિચરમસમયે નીચગોત્રનો ક્ષય કરે ત્યારે એક ગોત્રની સત્તા હોય છે, તે સિવાય સર્વદા બંને ગોત્રની સત્તા હોય છે.

ઉપરોક્ત ત્રણે કર્મના બંધમાં અને ઉદયમાં તો તેઓની એક–એક પ્રકૃતિનો જ બંધ અને ઉદય હોવાથી એક–એક જ સ્થાન હોય છે. કેમકે તે કર્મોની એક સાથે બે, ત્રણ પ્રકૃતિઓ બંધમાં કે ઉદયમાં આવતી જ નથી.

જ્ઞાનાવરણીય અને અંતરાય એ પ્રત્યેકનું બંધ, ઉદય અને સત્તામાં પાંચ પાંચ પ્રકૃતિરૂપ એક જ સ્થાન હોય છે. કેમકે એ બંને કર્મના બંધ, ઉદય કે સત્તામાંથી પાંચે પ્રકૃતિઓ એક સાથે જાય છે. ક્રમશઃ જતી હોય કે ઓછી–વધતી જતી હોય ત્યારે જ સ્થાનકો સંભવે છે. ૬

આ સ્થાનકો સંબંધે જ વિશેષતઃ વિચાર કરે છેઃ–

नाणंतरायबंधा आसुहुमं उदयसंतया खीणं ।
आइमदुगचउसत्तम नारयतिरिमणुसुराऊणं ॥७॥

ज्ञानान्तरायबोर्बन्धः आ सूक्ष्ममुदयसत्ते क्षीणं ।
आदिमद्विकचतुःसप्तमं नारकतिर्यग्मनुजसुरायुषाम् ॥७॥

અર્થ–જ્ઞાનાવરણીય અને અંતરાયનો બંધ સૂક્ષ્મસંપરાય પર્યંત, અને ઉદય તથા સત્તા ક્ષીણમોહ પર્યંત હોય છે. એક, બે, ચાર અને સાતમા ગુણસ્થાન પર્યંત અનુક્રમે નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવાયુનો બંધ હોય છે.

ટીકાનુ૦–જ્ઞાનાવરણીય અને અંતરાય એ બંનેય કર્મની પાંચેય કર્મપ્રકૃતિઓનો સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનક પર્યંત બંધ હોય છે, પછીના ગુણસ્થાનકે હોતો નથી.

પાંચે કર્મ પ્રકૃતિઓનો એક સાથે બંધ થતો હોવાથી તેમજ એક સાથેજ બંધ-વિચ્છેદ થતો હોવાથી એ બંને કર્મનું પાંચ-પાંચ પ્રકૃતિરૂપ એક-એકજ બંધસ્થાનક છે. એ બંને કર્મની પાંચેય કર્મ પ્રકૃતિનો ઉદય અને સત્તા ક્ષીણમોહપર્યંત હોય છે, આગળ ઉપર નહિ. આ રીતે ઉદય અને સત્તામાં પાંચેય પ્રકૃતિઓ સાથેજ હોવાથી તેમ સાથેજ જતી હોવાથી એ બંને કર્મનું ઉદયસ્થાન અને સત્તાસ્થાન પણ પાંચ-પાંચ પ્રકૃતિઓનુંજ બનેલું હોય છે.

હવે આયુ સંબંધે ગુણસ્થાનકો આશ્રયીને બંધ ઉદય અને સત્તાનો વિચાર કરવા ઇચ્છતા કહે છે-પહેલા મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનક પર્યંત, નારકાયુનો બંધ છે, તિર્યંચાયુનો સાસ્વાદન ગુણસ્થાનક પર્યન્ત, મનુષ્યાયુનો ચતુર્થ ગુણસ્થાનક પર્યંત, અને દેવાયુનો બંધ સાતમા અપ્રમત્ત ગુણસ્થાનક પર્યંત હોય છે.[1] ૭

नारयसुराउ उदओ चउ पंचम तिरि मणुस्स चोद्दसमं।
आसम्मदेसजोगी उवसंता संतयाऊणं ॥८॥

नारकसुरायुषोरुदयः चतुर्थे पञ्चमं तिर्यगायुषः मनुष्यायुषः चतुर्दशम्।
आसम्यक्त्वदेशायोगिनः उपशान्तं सत्ता आयुषाम् ॥८॥

અર્થ-નારક અને દેવાયુનો ઉદય ચોથા ગુણસ્થાનક સુધી, તિર્યંચાયુનો પાંચમા સુધી અને મનુષ્યાયુનો ચૌદમા સુધી ઉદય હોય છે. નારકાયુની સમ્યક્ત્વ ગુણસ્થાન સુધી, તિર્યંચાયુની પાંચમા સુધી, મનુષ્યાયુની અયોગિસુધી અને દેવાયુની ઉપશાંત મોહ સુધી સત્તા હોય છે.

ટીકાનુ૦-નારકી અને દેવાયુનો ઉદય ચોથા અવિરતિ સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનક સુધી હોય છે, કેમકે નારકી અને દેવોને ચાર જ ગુણસ્થાનક હોય છે. તિર્યંચાયુનો ઉદય પાંચમા દેશવિરતિ ગુણસ્થાનક સુધી હોય છે, કેમકે તેઓમાં પાંચજ ગુણસ્થાનકો હોય છે. અને મનુષ્યાયુનો ઉદય ચૌદમા અયોગિ ગુણસ્થાન પર્યંત હોય છે, તેઓમાં સર્વ ગુણસ્થાનકોનો સંભવ છે માટે.

અવિરતિ સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાન પર્યંત[2] નારકાયુની, દેશવિરતિ પર્યંત તિર્યંચાયુની,

---

૧ અહીં મનુષ્ય અને દેવાયુષ્યનો બંધ અનુક્રમે ચોથા અને સાતમા ગુણસ્થાનક સુધી કહ્યો છે પરંતુ ત્રીજા ગુણસ્થાનકે તથાસ્વભાવે આયુષ્ય બંધ ન હોવાથી અહીં તેમજ આગળ પણ ત્રીજા ગુણસ્થાનકનું વર્જન સમજવું.

૨ અગિયારમા ગુણસ્થાનક સુધી દેવાયુની સત્તા કહી, કેમકે દેવાયુ બાંધીને સંયતો ઉપશમશ્રેણિ માંડી શકે છે અને અગીઆરમા સુધી જાય છે, કંઇ દેવોને અગીઆર ગુણસ્થાનકો હોતાં નથી. તેમ તિર્યંચનું અને નરકનું આયુ બાંધીને પણ મનુષ્યો સાતમા ગુણસ્થાનક પર્યંત જાય છે. મનુષ્યાયુનો ઉદય મનુષ્ય-નારકાયુની સત્તા, મનુષ્યાયુનો ઉદય તિર્યંચ-મનુષ્યાયુની સત્તા આ બે ભાંગા સાતમા સુધી હવે પછી આવતી નવમી ગાથાની ટીકામાં આ. શ્રી મલયગિરિ મહારાજે કહ્યા છે, છતાં

અયોગિકેવલી પર્યંત મનુષ્યાયુની અને ઉપશાંત મોહપર્યંત દેવાયુની સત્તા હોય છે. અગિયારમા ગુણસ્થાનક સુધી દેવાયુની સત્તા હોવાનું કારણ દેવાયુનો બંધ કરીને સંયત મનુષ્ય ઉપશમશ્રેણિ આરંભી શકે છે, અને ઉપશમશ્રેણિ ઉપશાંત મોહ પર્યંત હોય છે. ૮

આ પ્રમાણે આયુનો બંધ, ઉદય અને સત્તા જણાવીને તેનો સંવેધ કહે છે—

अब्बंधे इगि संतं दो दो बद्धाउ बज्झमाणाणं ।
चउसुवि एक्कस्सुदओ पण नव नव पंच इइ भेया ॥९॥

अबन्धे एकस्य सत्ता द्वे द्वे बद्धायुषां बध्यमानानाम् ।
चतसृष्वपि एकस्योदयः पञ्च नव नव पञ्च इति भेदाः ॥९॥

અર્થ—આયુનો બંધ ન થયો હોય ત્યાં સુધી એકની સત્તા હોય છે, જેણે આયુ બાંધ્યું હોય કે વર્તમાનમાં બંધ કરતા હોય તેને બે-બે આયુ સત્તામાં હોય છે. ઉદય ચારે ગતિમાં ભોગવાતા એક-એક આયુનો જ હોય છે. ચારે ગતિના અનુક્રમે[1] પાંચ નવ નવ અને પાંચ એમ અઠ્ઠાવીસ સંવેધ ભાંગા થાય છે.

ટીકાનુ૦—ચારે ગતિમાં જ્યાં સુધી પરભવના આયુનો બંધ થયો હોતો નથી ત્યાં-સુધી જીવોને ઉદયપ્રાપ્ત ભોગવાતું એક જ આયુ સત્તામાં હોય છે. અને જેઓએ પરભવનું આયુ બાંધ્યું હોય કે પરભવનું આયુ બાંધતા હોય તેઓને પોતાનું ભોગવાતું આયુ અને પરભવ આયુ એમ બે આયુ સત્તામાં હોય છે.

ચારે ગતિમાં જે જે ગતિમાં જીવો હોય તે ગતિને અનુસરતા એક જ આયુનો હંમેશાં ઉદય હોય છે. કોઈ વખત એક સાથે બે આયુનો ઉદય હોતો નથી. પરભવના જે આયુનો બંધ થયો હોય તે ગતિમાં જાય ત્યારેજ તે આયુનો ઉદય થાય છે.

ઉપરોક્ત ગાથામાં તિર્યંચ અને નારકાયુની સત્તા અનુક્રમે પાંચમા અને ચોથા સુધીંજ કહી છે. અહિં વિવક્ષા જ બળવાન હોય તેમ જણાય છે, એટલેજ તિર્યંચો અને નારકો પોતે જેટલા ગુણસ્થાનકો પ્રાપ્ત કરી શકે છે ત્યાં સુધી જ તેની સત્તા કહી. દેવો પોતે જો કે ચાર ગુણસ્થાનક જ પ્રાપ્ત કરી શકે છે છતાં દેવાયુનો બંધ કરી મનુષ્યો અગીઆરમા સુધી જાય છે માટે દેવાયુની સત્તા અગિઆરમા સુધી વિવક્ષી છે.

૧ બંધકાળ પહેલાંના, બંધકાળના અને બંધ થયા પછીના ભાંગાઓ વિચારવાથી સઘળા આપોઆપ મળી જશે. બંધકાળ પહેલાં દરેકને હંમેશાં એક જ ભંગ હોય છે. બંધકાળના જેઓ ચારે આયુ બાંધે છે તેઓના ચાર અને જેઓ પરભવનાં બે આયુ બાંધે છે. તેઓના બે ભાંગા થાય છે. અને બંધકાળ પછીના પણ જેઓએ ચારે આયુ બાંધ્યાં હોય તેઓને ચાર, અને જેઓ બેજ પારભવિક આયુ બાંધતા હોય તેઓને બે ભાંગા થાય છે.

તિર્યંચો અને મનુષ્યો સર્વત્ર–ચારે ગતિમાં ઉત્પન્ન થાય છે માટે તેઓને ચારે આયુના બંધનો સંભવ છે.

દેવો અને નારકીઓ તિર્યંચ અને મનુષ્યગતિમાં જ ઉત્પન્ન થાય છે માટે તેઓને તે બે આયુનોજ બંધ થાય છે. માટે નરકગતિમાં આયુના સંવેધ ભાંગા પાંચ, તિર્યંચ-ગતિમાં નવ, મનુષ્યગતિમાં નવ, અને દેવગતિમાં પાંચ ભાંગા થાય છે. બધા મળીને અઠ્ઠાવીસ ભાંગા થાય છે. તે આ પ્રમાણે–

નારકીઓને પારભવિક આયુનો બંધ થતા પહેલાં ૧ નારકાયુનો ઉદય અને નારકાયુની સત્તા–આ વિકલ્પ હોય છે, અને આ વિકલ્પ આદિના ચાર ગુણસ્થાનકોમાં સંભવે છે. કેમકે નારકીઓને અન્ય ગુણસ્થાનકો હોતાં નથી.

૨. પરભવાયુનો બંધ કરતા હોય ત્યારે તિર્યંચાયુનો બંધ, નરકાયુનો ઉદય અને તિર્યંચ, નારકાયુની સત્તા. આ વિકલ્પ હોય છે અને આ વિકલ્પ મિથ્યાદૃષ્ટિ અને સાસ્વાદનમાં સંભવે છે, કેમકે તિર્યંચાયુનો બંધ પહેલા બે ગુણસ્થાનકે જ થાય છે. ૩. મનુષ્યાયુનો બંધ, નારકાયુનો ઉદય અને મનુષ્ય–નારકાયુની સત્તા, આ વિકલ્પ ત્રીજે ગુણઠાણે આયુનો બંધ જ નહિ થતો હોવાથી પહેલે, બીજે અને ચોથે એમ ત્રણ ગુણઠાણે હોય છે, મનુષ્યાયુનો બંધ ત્યાં સુધીજ થાય છે માટે. આ પ્રમાણે બંધકાળના બે વિકલ્પ થયા.

હવે આયુનો બંધ સંપૂર્ણ થઈ રહ્યા બાદ ૪. નારકાયુનો ઉદય, તિર્યંચ–નારકાયુની સત્તા, આ વિકલ્પ પહેલાથી ચાર સુધીના ચાર ગુણસ્થાનકોમાં હોય છે, કેમકે તિર્યંચાયુ બાંધ્યા પછી ત્રીજે કે ચોથે ગુણઠાણે જવાનો સંભવ છે. ૫. નારકાયુનો ઉદય, મનુષ્ય–નારકાયુની સત્તા. આ વિકલ્પ પણ આદિના ચાર ગુણસ્થાનકોમાં હોય છે. આ પ્રમાણે નારકીઓને બંધકાળ પહેલાંનો એક, બંધકાળના બે અને બંધકાળ પછીના બે, કુલ પાંચ વિકલ્પો–ભાંગાઓ હોય છે.

એજ પ્રમાણે દેવોમાં પણ નારકાયુના સ્થાને દેવાયુનું ઉચ્ચારણ કરીને પાંચ ભાંગા વિચારી જવા. તે આ પ્રમાણે–૧ દેવાયુનો ઉદય, દેવાયુની સત્તા, ૨ તિર્યંચાયુનો બંધ, દેવાયુનો ઉદય, તિર્યંચ–દેવાયુની સત્તા, ૩ મનુષ્યાયુનો બંધ, દેવાયુનો ઉદય, મનુષ્ય–દેવાયુની સત્તા, ૪ દેવાયુનો ઉદય, તિર્યંચ–દેવાયુની સત્તા, ૫ દેવાયુનો ઉદય, મનુષ્ય–દેવાયુની સત્તા.

હવે તિર્યંચો સંબંધે કહે છે-પારભવિક આયુનો બંધ થતા પહેલાં તિર્યંચોને ૧ તિર્યંચાયુનો ઉદય, તિર્યંચાયુની સત્તા એ વિકલ્પ હોય છે, અને એ વિકલ્પ પહેલાં પાંચ ગુણસ્થાનકોમાં સંભવે છે, કેમકે તિર્યંચોને પાંચ ગુણસ્થાનકો જ હોય છે, શેષ ગુણસ્થાનકો હોતાં નથી.

પરભવાયુ બંધકાળે ૨ નારકાયુનો બંધ, તિર્યંચાયુનો ઉદય, નારક–તિર્યંચાયુની સત્તા, આ ભંગ મિથ્યાદષ્ટિને જ હોય છે, કેમકે નારકાયુનો બંધ પહેલે ગુણસ્થાનકે જ થાય છે. અથવા ૩ તિર્યંચાયુનો બંધ, તિર્યંચાયુનો ઉદય, તિર્યંચ–તિર્યંચ આયુની સત્તા, આ વિકલ્પ મિથ્યાદષ્ટિ અને સાસ્વાદન એ બેને હોય છે, કેમકે તિર્યંચાયુનો બંધ પહેલા બેજ ગુણસ્થાનકે થઇ શકે છે. અથવા ૪ મનુષ્યાયુનો બંધ, તિર્યંચાયુનો ઉદય, મનુષ્ય–તિર્યંચાયુની, સત્તા, આ વિકલ્પ પણ પહેલા અને બીજા એ બે ગુણસ્થાનકે જ હોય છે. કેમકે અવિરતિ સમ્યગ્દષ્ટિ કે દેશવિરતિ તિર્યંચને દેવાયુનો જ બંધ થાય છે. અથવા ૫ દેવાયુનો બંધ, તિર્યંચાયુનો ઉદય, દેવ–તિર્યંચાયુની સત્તા, આ વિકલ્પ મિથ્યાદષ્ટિ, સાસ્વાદન, અવિરત સમ્યગ્દષ્ટિ અને દેશવિરતિને હોય છે.

આ ચારે વિકલ્પો પરભવના આયુનો બંધ થતો હોય ત્યારે બંધકાળે હોય છે. સમ્યગ્મિથ્યાદષ્ટિને આયુનો બંધજ નહિ થતો હોવાથી તેને આયુના બંધકાળનો કોઈ ભંગ હોતો નથી.

પરભવના આયુનો બંધ થઈ રહ્યા બાદ ૬ તિર્યંચાયુનો ઉદય, નરક–તિર્યંચાયુની સત્તા, આ વિકલ્પ પહેલેથી પાંચે ગુણસ્થાનક પર્યંત હોય છે, કારણ કે નરકાયુનો બંધ થયા પછી સમ્યક્ત્વાદિ પ્રાપ્ત થવાનો સંભવ છે. ૭ અથવા તિર્યંચાયુનો ઉદય, તિર્યંચતિર્યંચ-આયુની સત્તા, અથવા ૮ તિર્યંચાયુનો ઉદય, મનુષ્ય–તિર્યંચાયુની સત્તા, અથવા ૯ તિર્યંચ-આયુનો ઉદય, દેવ–તિર્યંચાયુની સત્તા આ ત્રણે વિકલ્પો પણ પહેલેથી પાંચે ગુણસ્થાનક પર્યંત હોય છે. કેમકે કોઈ પણ આયુનો બંધ થયા પછી તિર્યંચો સમ્યક્ત્વાદિ પ્રાપ્ત કરી શકે છે. આ પ્રમાણે તિર્યંચોને આયુના નવ વિકલ્પ થયા.

હવે મનુષ્યો આશ્રયી કહે છે-૧ મનુષ્યાયુનો ઉદય, મનુષ્યાયુની સત્તા. આ વિકલ્પ અયોગિકેવલિ પર્યંત હોય છે. કેમકે મનુષ્યોને ચૌદે ગુણસ્થાનકો પ્રાપ્ત થઈ શકે છે.

પરભવાયુ બંધ કાળે ૨ નરકાયુનો બંધ, મનુષ્યાયુનો ઉદય, નરક–મનુષ્યાયુની સત્તા. આ વિકલ્પ મિથ્યાદષ્ટિનેજ હોય છે, કેમકે અન્યત્ર નરકાયુનો બંધ થતો નથી. ૩ તિર્યં-ચાયુનો બંધ, મનુષ્યાયુનો ઉદય, તિર્યંચ મનુષ્યાયુની સત્તા, આ વિકલ્પ મિથ્યાદષ્ટિ અને સાસ્વાદનીને હોય છે કેમકે તિર્યંચાયુનો બંધ પહેલા બે ગુણસ્થાનકે જ થાય છે માટે ૪ મનુષ્યાયુનો બંધ, મનુષ્યાયુનો ઉદય, મનુષ્ય–મનુષ્યાયુની સત્તા, આ વિકલ્પ પણ પહેલા બે ગુણસ્થાનકેજ હોય છે. મનુષ્યને મનુષ્યાયુનો બંધ પણ પહેલા બે ગુણસ્થાનક સુધી જ થાય છે. ૫ દેવાયુનો બંધ, મનુષ્યાયુનો ઉદય, દેવ–મનુષ્યાયુની સત્તા, આ વિકલ્પ અપ્રમત્ત ગુણ-સ્થાનક સુધી હોય છે. દેવાયુનો બંધ ત્રીજા ગુણસ્થાનકને છોડી સાતમા પર્યંત થાય છે. આ ચારે વિકલ્પો પરભવાયુ બંધકાળે હોય છે.

પરભવાયુનો બંધ થયા બાદ ૬ મનુષ્યાયુનો ઉદય, નારક-મનુષ્યાયુની સત્તા ૭ મનુષ્યાયુનો ઉદય, તિર્યંચ-મનુષ્યાયુની સત્તા. ૮ મનુષ્યાયુનો ઉદય, મનુષ્ય-મનુષ્યાયુની સત્તા આ ત્રણે વિકલ્પો અપ્રમત્ત ગુણસ્થાનક પર્યંત હોય છે. કેમકે નરક, તિર્યંચ કે મનુષ્યાયુનો બંધ કર્યા પછી મનુષ્યને સમ્યક્ત્વ, દેશવિરતિ કે સર્વવિરતિની પ્રાપ્તિનો સંભવ છે. ૯ મનુષ્યાયુનો ઉદય, દેવ-મનુષ્યાયુની સત્તા. આ વિકલ્પ ઉપશાંતમોહ ગુણસ્થાનક પર્યંત હોય છે, દેવાયુનો બંધ થયા બાદ મનુષ્ય ઉપશમશ્રેણિ પર આરોહણ કરી શકે છે, અને અગિયારમા ગુણસ્થાનક પર્યંત જઈ શકે છે.

આ પ્રમાણે મનુષ્યોના નવ ભંગ કહ્યા. આ રીતે દેવ અને નારકો આશ્રયી પાંચ પાંચ અને તિર્યંચ તથા મનુષ્યો આશ્રયી નવ નવ, કુલ આયુના અઠ્ઠાવીશ ભંગ થાય છે. ૯

હવે દર્શનાવરણીય કર્મના બંધ, ઉદય અને સત્તાસ્થાનનું પ્રતિપાદન કરવા ઈચ્છતા સૂત્રકાર કહે છે—

नव छच्चउहा बज्झइ दुगट्ठदसमेण दंसणावरणं ।
नव बायरम्मि सन्तं छक्कं चउरो य खीणम्मि ॥१०॥

नवषट्चतुर्द्धा बध्यते द्विकाष्टमदशमेषु दर्शनावरणम् ।
नव बादरे सत्यः षट् चतस्रश्च क्षीणे ॥१० ॥

અર્થ—નવ, છ અને ચાર પ્રકારે દર્શનાવરણીય કર્મ અનુક્રમે બે, આઠ અને દશમા સુધીમાં બંધાય છે. ક્ષપકશ્રેણિમાં નવમાના આદ્ય વિભાગ પર્યંત તેની નવ પ્રકૃતિઓ સત્તામાં હોય છે અને ત્યાર પછી છ સત્તામાં હોય છે. ક્ષીણમોહના ચરમસમયે ચાર સત્તામાં હોય છે.

ટીકાનુ૦—દર્શનાવરણીય કર્મના નવ, છ અને ચાર એમ ત્રણ[1] બંધસ્થાનક હોય છે. એક સાથે દર્શનાવરણીય કર્મની નવે પ્રકૃતિ બંધાય તે નવનું પહેલું બંધસ્થાન અને તે મિથ્યાદષ્ટિ અને સાસ્વાદને હોય છે. દર્શનાવરણીયકર્મની નવે પ્રકૃતિ પહેલે બીજે ગુણઠાણે દરેક જીવને બંધાયા કરે છે. સ્ત્યાનર્દ્ધિત્રિક સિવાય છ પ્રકૃતિનું બીજું બંધસ્થાન. આ બંધસ્થાન સમ્યગ્મિથ્યાદષ્ટિથી આરંભી અપૂર્વકરણના પહેલા ભાગ પર્યંત હોય છે, કેમકે અહિં થિણદ્ધિત્રિકનો બંધ થતો નથી. સ્ત્યાનર્દ્ધિત્રિક અને નિદ્રાદ્વિક વિના ચક્ષુદર્શનાવરણીય આદિ ચાર પ્રકૃતિનું ત્રીજું બંધસ્થાન અપૂર્વકરણના બીજા ભાગથી આરંભી સૂક્ષ્મસંપરાય પર્યંત હોય છે. અહિં નિદ્રાદ્વિકનો પણ બંધ હોતો નથી માટે. આ રીતે દર્શનાવરણીયકર્મનાં ત્રણ બંધસ્થાનકો કહ્યાં.

---

૧ એક સાથે જેટલી પ્રકૃતિ બંધ ઉદય, કે સત્તામાં હોય છે તે બંધાદિ સ્થાન કહેવાય છે.

અક્ષરાર્થ આ પ્રમાણે કરવો-નવ, છ અને ચાર પ્રકારે દર્શનાવરણીયકર્મ અનુક્રમે બે, આઠ અને દશમા ગુણસ્થાનક સુધીમાં બંધાય છે.

હવે સત્તાસ્થાનકો કહે છે-દર્શનાવરણીય કર્મનાં નવ, છ અને ચાર એમ ત્રણ સત્તાસ્થાનકો હોય છે. અનિવૃત્તિ ગુણસ્થાનકના આદ્ય ભાગ પર્યંત નવે પ્રકૃતિઓ સત્તામાં હોય છે. આ હકીકત ક્ષપકશ્રેણિ આશ્રયી સમજવી, કેમકે ઉપશમશ્રેણિમાં તો ઉપશાંતમોહ ગુણસ્થાનકપર્યંત નવે પ્રકૃતિઓ સત્તામાં હોય છે. ક્ષપકશ્રેણિમાં નવમા ગુણસ્થાનકના પહેલા ભાગે થીણદ્ધિત્રિકનો ક્ષય થયા બાદ નવમાના બીજા ભાગથી આરંભી ક્ષીણમોહના દ્વિચરમ સમયપર્યંત છ પ્રકૃતિઓ સત્તામાં હોય છે. ક્ષીણમોહના દ્વિચરમ સમયે નિદ્રાદ્વિકનો સત્તામાંથી ક્ષય થતાં છેલ્લે સમયે ચક્ષુદર્શનાવરણીય આદિ દર્શનાવરણીયકર્મની ચાર પ્રકૃતિઓ સત્તામાં હોય છે. તે ચાર પ્રકૃતિઓ પણ તે જ ક્ષીણમોહના ચરમસમયે સત્તામાંથી ક્ષય થાય છે, એટલે ત્યારપછીના ગુણસ્થાનકે દર્શનાવરણીય કર્મ સત્તામાં હોતું નથી. ૧૦

હવે દર્શનાવરણીય કર્મના ત્રણે બંધ સ્થાનકનો જઘન્ય-ઉત્કૃષ્ટ જેટલો બંધ કાલ હોય છે તે કહે છે—

नवमेए भंगतियं बे छावट्ठिउ छव्विहस्स ठिई ।
चउ समयाओ अंतो अंतमुहूत्ताउ नव छक्के ॥११॥

नवभेदे भङ्गत्रिकं द्वे षट्षष्ठी षड्विधस्य स्थितिः ।
चतुर्विधस्य समयादन्तर्मुहूर्त्त अन्तर्मुहूर्तात् नवषट्के ॥११॥

અર્થ—નવના બંધસ્થાનનો અંતમુંહૂર્ત્તથી આરંભી અનાદિ-અનંત આદિ ત્રણ ભાંગે, છના બંધસ્થાનનો અંતર્મુહૂર્ત્તથી બે છાસઠ સાગરોપમ, અને ચારના બંધસ્થાનનો સમયથી અંતર્મુહૂર્ત્ત પ્રમાણ કાળ છે.

ટીકાનુ૦—દર્શનાવરણીય કર્મના નવના બંધસ્થાનકના કાળ આશ્રયી ત્રણ ભાંગા છે. તે આ-અનાદિ અનંત, અનાદિ સાંત અને સાદિ સાંત. તેમાં અભવ્યજીવો આશ્રયી તેઓ કોઈ કાળે મિથ્યાત્વભાવ છોડનારા નહિ હોવાથી અનાદિ અનંત પ્રમાણ બંધકાળ છે, જે ભવ્યોએ અદ્યાપિ પર્યંત મિથ્યાત્વ ભાવ છોડયો નથી પરંતુ હવે કાળાંતરે મિથ્યાત્વભાવ છોડી ઉપરના ગુણસ્થાનકે જશે તેઓ આશ્રયી અનાદિ સાંત બંધકાળ છે. અને સમ્યકત્વથી પડી જેઓ મિથ્યાત્વે આવ્યા છે તેઓ આશ્રયી સાદિ સાંત બંધકાળ છે. તે સાદિ સાંત કાળ જઘન્યથી અંતર્મુહૂર્ત્ત પ્રમાણ અને ઉત્કૃષ્ટથી દેશોન અર્ધપુદ્ગલપરાવર્ત્તન પ્રમાણ

હોય છે, કેમકે સમ્યક્ત્વથી પડીને આવેલા જીવો જઘન્યથી અંતર્મુહૂર્ત્તકાળે અને ઉત્કૃષ્ટથી દેશોન અર્ધપુદ્ગલપરાવર્ત્તન જેટલા કાળે સમ્યક્ત્વાદિ પ્રાપ્ત કરી લે છે.

છ પ્રકૃતિરૂપ બંધસ્થાનકનો ઉત્કૃષ્ટ નિરંતર બંધકાળ એકસો બત્રીસ સાગરોપમ પ્રમાણ છે. કેમકે મિશ્રવડે અંતરિત [1]ક્ષયોપશમ સમ્યક્ત્વનો તેટલો અવસ્થાનકાળ છે તેટલો કાળ ગયા બાદ કોઈ ક્ષપકશ્રેણિપર આરોહણ કરે છે, કોઇ મિથ્યાત્વે જાય છે. મિથ્યાત્વ પામે ત્યારે ત્યાં અવશ્ય નવનોજ બંધ થાય છે. છના બંધસ્થાનનો જઘન્ય બંધકાળ અંતર્મુહૂર્ત્ત છે.

ચારના બંધસ્થાનનો જઘન્ય બંધકાળ સમય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્ત છે. ચારનું બંધસ્થાન જઘન્યથી એક સમય ઉપશમશ્રેણિમાં હોય છે. કેમકે ઉપશમશ્રેણિમાં અપૂર્વકરણના બીજા ભાગના પ્રથમ સમયે ચારનું બંધસ્થાન બાંધીને પછીના સમયે કોઈ કાળ કરીને દેવલોકમાં જાય ત્યાં અવિરતિ થઈ છ પ્રકૃતિઓનો બંધ કરે છે. આ અપેક્ષાએ ચારના બંધસ્થાનકનો એક સમય જઘન્ય કાળ છે. ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત્ત બંધકાળ છે. કેમકે ચારનો બંધ અપૂર્વકરણના બીજા ભાગથી દશમાગુણસ્થાનક સુધી જ થાય છે. અને તેનો સમુદિતકાળ પણ અંતર્મુહૂર્ત્ત જેટલો જ છે. આ પ્રમાણે ચારના બંધસ્થાનકની જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્ત સ્થિતિ છે. નવના અને છના બંસ્થાનકનો જઘન્યકાળ અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ ઉપર કહી ગયા તેટલો છે.

દર્શનાવરણીયકર્મનું નવ પ્રકૃત્યાત્મક સત્તાસ્થાન કાળ આશ્રયી અનાદિ અનંત અને અનાદિ સાંત એમ બે પ્રકારે છે. તેમાં કોઈ પણ કાળે વ્યવચ્છેદ થવાનો સંભવ નહિ હોવાથી અભવ્યો આશ્રયી અનાદિ અનંતકાળ છે. અને ભવ્યોને કાળાંતરે ક્ષપકશ્રેણિ માંડે ત્યારે નવની સત્તાનો વિચ્છેદ થવાનો સંભવ હોવાથી અનાદિ સાંત કાળ છે. બંધની જેમ સત્તામાં સાદિ સાંત ભાંગાનો સંભવ નથી, કેમકે નવના સત્તાસ્થાનનો વિચ્છેદ થિણદ્ધિત્રિકનો ક્ષય થાય ત્યારે ક્ષપકશ્રેણિમાં થાય છે, ત્યાંથી પ્રતિપાત—પડવું થતો નથી કે જેથી છથી નવની સત્તાએ જાય, અને સાદિ સાંતનો સંભવ થાય.

છ પ્રકૃતિનું સત્તાસ્થાન જઘન્યથી અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત્ત જ છે. કેમકે ક્ષપકશ્રેણિમાં નવમે ગુણઠાણે થિણદ્ધિત્રિકની સત્તાનો વિચ્છેદ થાય છે, ત્યાંથી બારમા ગુણસ્થાનકના દ્વિચરમસમય પર્યંત છની સત્તા હોય છે, તેનો સમુદિતકાળ પણ અંતર્મુહૂર્ત્ત જ છે. ક્ષપકશ્રેણિમાં કોઈ પણ આત્માનું મરણ થતું નહિ હોવાથી છની સત્તાનો અંતર્મુહૂર્ત્તથી ઓછો કાળ જ નથી, જઘન્ય-ઉત્કૃષ્ટ સરખો જ કાળ છે.

---

૧ ક્ષયોપશમ સમ્યક્ત્વનો છાસઠ સાગરોપમ પ્રમાણ કાળ છે. કોઈ તેટલો કાળ તે સમ્યક્ત્વે રહી અંતર્મુહૂર્ત મિશ્રે જઈ ફરી ક્ષયોપશમ પ્રાપ્ત કરી શકે છે અને ફરી છાસઠ સાગરોપમ તે સમ્યક્ત્વાદરયામાં ટકી શકે છે. ત્યારબાદ કાંતો ક્ષપકશ્રેણિ માંડે છે, અગર તો મિથ્યાત્વે જાય છે.

ચારની સત્તાનો એક સમય જેટલો જ કાળ છે, અને તે પણ બારમા ગુણસ્થાનકનો ચરમસમય.

આ પ્રમાણે બંધસ્થાન અને સત્તાસ્થાનકોનું કાળમાન કહ્યું.

હવે દર્શનાવરણીય કર્મના ઉદયસ્થાનકોનું પ્રતિપાદન કરવા માટે કહે છે—

दंसण सनिद्ददंसणउदओ समयं तु होइ जा खीणो ।
जाव पमत्तो नवण्ह उदओ छसु चउसु जा खीणो ॥१२॥

दर्शनस्य सनिद्रदर्शनस्योदयः समकं तु भवति यावत् क्षीणम् ।
यावत्प्रमत्तं नवानामुदयः षण्णां चतसृणां यावत्क्षीणम् ॥१२॥

અર્થ—ચાર દર્શનાવરણીય અથવા નિદ્રા સાથે દર્શનાવરણીયનો એક સાથે ઉદય ક્ષીણમોહ પર્યંત હોય છે. પ્રમત્ત ગુણસ્થાનક પર્યંત નવનો ઉદય હોય છે, અને ક્ષીણ-મોહના દ્વિચરમ સમય પર્યંત છનો અને ચરમ સમયે ચારનો ઉદય હોય છે.

ટીકાનુ૦—દર્શનાવરણીય કર્મનાં બે ઉદયસ્થાન છે, તે આ પ્રમાણે–એક સાથે એક જીવને ચક્ષુઃ, અચક્ષુઃ, અવધિ અને કેવળ દર્શનાવરણીય એ ચારનો ઉદય હોય છે, અથવા પાંચ નિદ્રામાંથી કોઈપણ એક નિદ્રા સાથે પાંચનો ઉદય હોય છે. એક જીવને એક સાથે બે આદિ નિદ્રાઓ ઉદયમાં હોતી નથી. આ પ્રમાણે ચારનું અને પાંચનું એમ બે ઉદયસ્થાનો હોય છે. આ બંને ઉદયસ્થાનકો ક્ષીણમોહ ગુણસ્થાનક સુધી હોય છે. (પરંતુ ક્ષીણમોહના ચરમ સમયે નિદ્રાનો ઉદય ન હોવાથી ચારનું જ ઉદયસ્થાન સમજવું.)

અહિં નિદ્રાના ઉદય સાથે પાંચનું ઉદયસ્થાન આચાર્ય મહારાજે કર્મસ્તવના અભિ-પ્રાયથી કહેલ છે, સત્કર્મગ્રંથ આદિ ગ્રંથકારના અભિપ્રાયે તો ક્ષપકશ્રેણિમાં અને ક્ષીણ-મોહે ચક્ષુદર્શનાવરણીય આદિ ચાર પ્રકૃતિનું ઉદયસ્થાન હોય છે, પણ નિદ્રા સાથે પાંચનું નહિ. સત્કર્મગ્રંથમાં કહ્યું છે કે-"ક્ષપકશ્રેણિમાં વર્ત્તમાન અને ક્ષીણમોહી જીવને છોડીને અન્ય જીવોને નિદ્રાનો ઉદય હોય છે." આ પ્રમાણે ચાર પ્રકૃતિના સમૂહરૂપ અથવા નિદ્રા સાથે પાંચના સમૂહરૂપ ઉદયસ્થાન એક કાળે એક જીવ આશ્રયી કહેલ છે.

જ્યારે સામાન્યતઃ અનેક જીવ આશ્રયી ઉદયસ્થાનનો વિચાર કરીએ ત્યારે આ પ્રમાણે સમજવું.-પ્રમત્ત ગુણસ્થાનક પર્યંત દર્શનાવરણીયની નવે પ્રકૃતિઓ ઉદયમાં હોય છે. ત્યારપછી થીણદ્ધિત્રિકનો ઉદય નહિ હોવાથી છનો ઉદય હોય છે, અને તે ક્ષીણ-

મોહ ગુણસ્થાનના દ્વિચરમ સમય પર્યંત હોય છે, દ્વિચરમસમયે નિદ્રા અને પ્રચલાનો ઉદય વિચ્છેદ થતાં ચરમ સમયે ચારનો ઉદય હોય છે. આ પ્રમાણે દર્શનાવરણીય કર્મના ઉદયસ્થાનકો કહ્યાં. ૧૨

હવે એ બન્ધ ઉદય અને સત્તાસ્થાનોનો સંવેધ કહે છે—

चउ पण उदओ बंधेसु तिसुवि अब्बंधगेवि उवसंते ।
नव संतं अट्ठेवं उइण्ण संताइं चउ खीणे ॥१३॥

चतुर्णां पञ्चानामुदयः बन्धेषु त्रिष्वपि अबन्धकेऽपि उपशान्ते ।
नवानां सत्ता अष्टावेवं उदयः सत्ता चतुर्णां क्षीणे ॥१३॥

અર્થ—ત્રણે બંધસ્થાનકો છતાં અને જ્યાં બંધ નથી ત્યાં ઉપશાંતમોહે પણ ચાર અને પાંચનો ઉદય અને નવની સત્તા હોય છે, એટલે તેના સંવેધ ભાંગા આઠ થાય છે. ચારનો ઉદય અને ચારની સત્તા ક્ષીણમોહે હોય છે.

ટીકાનુ૦—દર્શનાવરણીય કર્મના નવનો, છનો અને ચારનો બંધ જ્યાં સુધી હોય છે ત્યાં સુધીમાં તેની ચક્ષુદર્શનાવરણીયાદિ ચાર કે નિદ્રા સાથે પાંચ પ્રકૃતિઓનો ઉદય અને નવની સત્તા હોય છે. આ રીતે છ ભાંગા થાય છે. દર્શનાવરણીય કર્મના અબંધકને ઉપશાંતમોહ ગુણઠાણે ચાર અથવા પાંચનો ઉદય અને નવની સત્તા હોય છે. તે બે ભંગ મેળવતાં આઠ ભંગ થાય છે.

તે આ પ્રમાણે કહેવા-૧ નવનો બંધ, ચારનો ઉદય, નવની સત્તા, આ વિકલ્પ નિદ્રાનો ઉદય ન હોય ત્યારે હોય છે. નિદ્રાનો ઉદય હોય ત્યારે ૨ નવનો બંધ, પાંચનો ઉદય અને નવની સત્તા એ વિકલ્પ હોય છે. આ બંને વિકલ્પ મિથ્યાત્વ અને સાસ્વાદન ગુણસ્થાનકે હોય છે. તથા ૩ છનો બંધ, ચારનો ઉદય, નવની સત્તા, અથવા ૪ છનો બંધ, પાંચનો ઉદય, નવની સત્તા આ બંને વિકલ્પ ત્રીજા ગુણસ્થાનકથી આરંભી આઠમા ગુણસ્થાનકના પહેલા સંખ્યાતમા ભાગ પર્યંત હોય છે. તથા ૫ ચારનો બંધ, ચારનો ઉદય, નવની સત્તા ૬ અથવા ચારનો બંધ, પાંચનો ઉદય, નવની સત્તા આ બે ઉપશમશ્રેણિમાં અપૂર્વકરણના બીજા ભાગથી આરંભી દશમા ગુણસ્થાનકના ચરમ સમય પર્યંત હોય છે ઉપશાંતમોહ ગુણઠાણે બંધ નહિ હોવાથી, ૭ ચારનો ઉદય, નવની સત્તા અથવા ૮ પાંચનો ઉદય, નવની સત્તા એ બે વિકલ્પ હોય છે. આ પ્રમાણે આઠ વિકલ્પો થયા. ક્ષીણમોહના ચરમ સમયે ચારનો ઉદય, ચારની સત્તા આ વિકલ્પ હોય છે. આ નવમો ભંગ છે. ૧૩

खवगे सुहुमंमि चउ बंधगंमि अबंधगंमि खीणम्मि ।
छस्संतं चउरुदओ पंचण्हवि केइ इच्छंति ॥१४॥

क्षपके सूक्ष्मे चतुर्बन्धके अबन्धके क्षीणे ।
षण्णां सत्ता चतुर्णामुदयः पञ्चानामपि केऽपि इच्छन्ति ॥१४॥

અર્થ - ક્ષપકશ્રેણિમાં થીણદ્ધિત્રિકનો સત્તામાંથી ક્ષય થયા બાદ નવમે, દશમે ગુણઠાણે અને અબંધક ક્ષીણમોહ ગુણઠાણે છની સત્તા અને ચારનો ઉદય હોય છે. કેટલાક આચાર્યો પાંચનો પણ ઉદય માને છે.

ટીકાનુ૦—ક્ષપકશ્રેણિમાં દર્શનાવરણીયકર્મની ચાર પ્રકૃતિના બંધકને અનિવૃત્તિ બાદર સંપરાય ગુણઠાણે સત્તામાંથી થીણદ્ધિત્રિકનો ક્ષય થયા બાદ અને સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકે છની સત્તા અને ચારનો ઉદય હોય છે. તેમજ દર્શનાવરણીય કર્મના અબંધક ક્ષીણમોહીને પણ છની સત્તા અને ચારનો ઉદય હોય છે. જેથી એ પ્રમાણે બે ભાંગા થાય છે. તે આ–૧૦, ચારનો બંધ, ચારનો ઉદય, છની સત્તા, આ વિકલ્પ થીણદ્ધિત્રિકનો સત્તામાંથી ક્ષય થયા બાદ સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકના ચરમ સમયપર્યંત હોય છે. તથા ૧૧ ચારનો ઉદય, છની સત્તા. આ વિકલ્પ ક્ષીણમોહે પોતાના દ્વિચરમ સમયપર્યંત હોય છે આ પ્રમાણે સપ્તતિકાકારના મતે દર્શનાવરણીય કર્મના અગિયાર ભાંગા કહ્યા.

હવે અનિવૃત્તિ બાદરસંપરાય ક્ષપક આશ્રયી મતાંતર બતાવે છે–કર્મસ્તવકારાદિ કેટલાક આચાર્ય મહારાજો ક્ષપકશ્રેણિમાં નવમે ગુણસ્થાનકે, દશમે ગુણસ્થાનકે અને દ્વિચરમ સમય પર્યંત બારમા ગુણસ્થાનકે નિદ્રા સાથે પાંચનો ઉદય પણ માને છે. તેથી તેમના મતે બીજા બે ભાંગા થાય છે, તે આ પ્રમાણે -૧૨ ચારનો બંધ, પાંચનો ઉદય, છની સત્તા. આ વિકલ્પ થીણદ્ધિત્રિકનો ક્ષય થયા પછીથી સૂક્ષ્મ સંપરાય પર્યંત હોય છે બંધાભાવે પાંચનો ઉદય, છની સત્તા ક્ષીણમોહે દ્વિચરમ સમય પર્યંત હોય છે. સઘળા મળી તેમના મતે તેર ભાંગા થાય છે.

આ રીતે દર્શનાવરણીય કર્મના બંધ, ઉદય અને સત્તાસ્થાનનો સંવેધ કહ્યો. હવે ગોત્રકર્મના પ્રથમ કહી ગએલ બંધ, ઉદય અને સત્તાસ્થાસ્થાનનો સંવેધ કહેવા ઈચ્છતા કહે છે.

बंधो आदुग दसमं उदओ पण चोद्दसं तु जा ठाणं ।
निच्चुच्चगोत्तकम्माण संतया होइ सव्वेसु ॥१५॥

बन्धः आद्वितीयं दशमं उदयः पञ्चमं चतुर्दशं तु यावत्स्थानम् ।
नीचैरुच्चैर्गोत्रकर्म्मणोः सत्ता भवति सर्वेषु ॥१५॥

અર્થ—નીચગોત્ર અને ઉચ્ચગોત્ર કર્મનો બંધ અનુક્રમે બીજા અને દશમા ગુણસ્થાન પર્યંત, ઉદય પાંચમા અને ચૌદમા પર્યંત અને સત્તા સર્વે ગુણસ્થાનકોમાં હોય છે.

ટીકાનુ૦—બીજા ગુણસ્થાનક પર્યંત નીચગોત્રકર્મનો અને દશમા ગુણસ્થાનક પર્યંત ઉચ્ચગોત્ર કર્મનો બંધ હોય છે. તથા પાંચમા ગુણસ્થાન પર્યંત નીચગોત્ર કર્મનો અને ચૌદમા ગુણસ્થાન પર્યંત ઉચ્ચગોત્રકર્મનો ઉદય હોય છે. તાત્પર્ય એ કે–નીચગોત્રકર્મનો બંધ સાસ્વાદન ગુણસ્થાનક પર્યંત અને ઉદય દેશવિરતિ ગુણસ્થાનક પર્યંત હોય છે. તથા ઉચ્ચગોત્ર કર્મનો બંધ સૂક્ષ્મસંપરાય પર્યંત અને ઉદય અયોગિકેવલી ગુણસ્થાનક પર્યંત હોય છે. અને બંને ગોત્રકર્મની સત્તા ચૌદે ગુણસ્થાનકોમાં હોય છે. ૧૫

આ પ્રમાણે ગોત્ર કર્મના બંધ આદિ કહી તેના જેટલા સંવેધ ભાંગા થાય છે તે બતાવે છે.

बंधइ ऊइण्णयं चिय इयरं वा दोवि संत चउ भंगा।
नीएसु तिसुवि पढमो अबंधगे दोण्णि उच्चुदए ॥१६॥

बध्नात्युदीर्णं चैव इतरद्वा द्वे अपि सती चत्वारो भङ्गाः ।
नीचैर्गोत्रेषु त्रिष्वपि प्रथमः अबन्धके द्वौ उच्चैर्गोत्रोदये ॥१६॥

અર્થ—ઉદય પ્રાપ્ત ગોત્રકર્મ બાંધે કે ઈતર બાંધે અને બંને ગોત્ર સત્તામાં હોય તેના ચાર ભાંગા થાય, ત્રણેમાં નીચગોત્ર હોય તેનો પહેલો ભાંગો, અને અબંધકને ઉચ્ચગોત્રના ઉદયે બે ભાંગા થાય, આ પ્રમાણે સાત ભાંગા થાય છે.

ટીકાનુ૦-ઉદય પ્રાપ્ત ઉચ્ચગોત્ર હોય કે નીચગોત્ર, અને જે ઉદયપ્રાપ્ત હોય તેજ બાંધે કે ઈતર-ઉદય પ્રાપ્ત ન હોય તે બાંધે–આ બધામાં સત્તા ઉચ્ચગોત્ર, નીચગોત્ર બંનેની હોય તેના ચાર ભાંગા થાય છે, અને તે બીજો, ત્રીજો, ચોથો અને પાંચમો જાણવા. તથા બંધ, ઉદય અને સત્તા એ ત્રણે સ્થાનમાં નીચગોત્ર હોય ત્યારે તેનો પહેલો ભંગ થાય છે. તથા ગોત્રકર્મનો બંધવિચ્છેદ થયા બાદ ઉપશાંત મોહાદિ ગુણઠાણે ઉચ્ચગોત્રના ઉદયે બે ભાંગા થાય છે, કુલ સાત ભાંગા થાય છે. તે આ પ્રમાણે કહેવા—

૧ નીચગોત્રનો બંધ, નીચગોત્રનો ઉદય, નીચગોત્રની સત્તા–આ વિકલ્પ ઉચ્ચગોત્ર ઉવેલાયા બાદ તેઉકાય–વાઉકાયમાં અને તે ભવમાંથી નીકળી બીજા ભવમાં ઉત્પન્ન થયેલા શેષ તિર્યંચોમાં પણ થોડો (અંતર્મુહૂર્ત્ત) કાળ હોય છે. ૨ નીચગોત્રનો બંધ નીચગોત્રનો ઉદય, ઉચ્ચ-નીચગોત્રની સત્તા ૩ નીચગોત્રનો બંધ, ઉચ્ચગોત્રનો ઉદય, ઉચ્ચ–નીચગોત્રની સત્તા, આ બે વિકલ્પ મિથ્યાદષ્ટિ અને સાસ્વાદને હોય છે. મિશ્ર આદિ ગુણઠાણે હોતા નથી. કેમકે ત્યાં નીચગોત્રનો બંધ થતો નથી.

૪ ઉચ્ચગોત્રનો બંધ; નીચગોત્રનો ઉદય, ઉચ્ચ–નીચગોત્રની સત્તા. આ વિકલ્પ મિથ્યાદૃષ્ટિથી આરંભી દેશવિરતિ પર્યંત હોય છે. આગળને ગુણઠાણે નીચગોત્રનો ઉદય નહિ હોવાથી આ વિકલ્પ સંભવતો નથી. તથા ૫ ઉચ્ચગોત્રનો બંધ, ઉચ્ચગોત્રનો ઉદય, ઉચ્ચ-નીચગોત્રની સત્તા. આ વિકલ્પ મિથ્યાદૃષ્ટિથી સૂક્ષ્મસંપરાય પર્યંત હોય છે. આગળ ઉપર ગોત્રનો બંધ નહિ હોવાથી સંભવતો નથી. ૬ ઉચ્ચગોત્રનો ઉદય, ઉચ્ચ–નીચગોત્રની સત્તા આ વિકલ્પ ઉપશાંતમોહ ગુણસ્થાનકથી આરંભી અયોગિના દ્વિચરમસમય પર્યંત હોય છે. ચરમસમયે ૭ ઉચ્ચગોત્રનો ઉદય અને ઉચ્ચગોત્રની સત્તા એ વિકલ્પ હોય છે. આ પ્રમાણે ગોત્રકર્મના સાત સંવેધ ભંગ થાય છે. ૧૬.

હવે વેદનીયકર્મનો પહેલાં કહી ગયેલ બંધ, ઉદય અને સત્તાસ્થાનનો પરસ્પર સંવેધ કહે છે—

तेरसमछट्ठएसुं सायासायाण बंधवोच्छेओ ।
संतउइण्णाइं पुणो सायासायाइं सव्वेसु ॥१७॥

त्रयोदशषष्ठयोः सातासातयोर्बन्धव्युच्छेदः ।
सदुदीर्णे पुनः सातासाते सर्वेषु ॥१७॥

અર્થ—તેરમે અને છટ્ઠે અનુક્રમે સાતા અને અસાતાનો બંધવિચ્છેદ થાય છે. સત્તા અને ઉદયમાં સાતા–અસાતા સર્વ ગુણસ્થાનકોમાં હોય છે.

ટીકાનુ૦—સાતવેદનીયનો અને અસાતવેદનીયનો બંધવિચ્છેદ અનુક્રમે તેરમે ગુણસ્થાનકે અને છટ્ઠે ગુણસ્થાનકે થાય છે. સત્તામાં અને ઉદયમાં સઘળા ગુણસ્થાનકોમાં હોય છે. ૧૭

આ પ્રમાણે વેદનીયના બંધાદિ કહીને તેની ભંગ સંખ્યા કહે છે—

बंधइ उइण्णयं च्चिर इयरं वा दोवि संत चउ भंगा ।
संतमुइण्णमबंधे दो दोण्णि दुसंत इइ अट्ठ ॥१८॥

बध्नात्युदीर्णं चैव इतरद् वा द्वे अपि सती चत्वारो भङ्गाः ।
सदुदीर्णमबन्धे द्वौ द्वौ द्वे सती इत्यष्टौ ॥१८॥

અર્થ—ઉદય પ્રાપ્ત વેદનીય બાંધે કે ઇતર–ઉદય અપ્રાપ્ત બાંધે અને સત્તામાં બંને હોય તેના ચાર ભાંગા થાય છે. બંધાભાવે અયોગિના ચરમસમયે સત્તામાં અને ઉદયમાં એક હોય તેના બે અને ઉદયમાં એક અને સત્તામાં બેય હોય તેના બે, કુલ આઠ ભાંગા થાય છે.

ટીકાનુ૦--ઉદયમાં સાતવેદનીય હોય કે અસાતવેદનીય હોય અને જે ઉદયમાં હોય તેનો જ બંધ કરે અથવા જેનો ઉદય હોય તેનો બંધ ન કરે પણ ઈતર-બીજીનો બંધ કરે, પરંતુ સત્તામાં સાતા-અસાતા બંને હોય ત્યારે તેના ચાર ભાંગા થાય છે. તથા બંધના અભાવમાં અયોગિના ચરમસમયે બે વેદનીયમાંથી જેનો ઉદય હોય તેની જ સત્તા હોય તેના બે ભાંગા થાય છે. તે સિવાયના કાળમાં-અયોગિના પ્રથમ સમયથી આરંભી દ્વિચરમસમય પર્યંત બે વેદનીયમાંથી ગમે તેનો ઉદય હોય પરંતુ સત્તા બંનેની હોય તેથી તેના બે ભાંગા થાય છે. આ પ્રમાણે સઘળા મળી વેદનીય કર્મના આઠ ભાંગા થાય છે.

તે આ પ્રમાણે બોલવા-૧ અસાતાનો બંધ, અસાતાનો ઉદય, સાતા-અસાતા બંનેની સત્તા અથવા ૨ અસાતાનો બંધ, સાતાનો ઉદય, સાતા-અસાતા બંનેની સત્તા. આ બે વિકલ્પ મિથ્યાદૃષ્ટિથી આરંભી પ્રમત્ત સંયત પર્યંત હોય છે. કારણકે ત્યારબાદ અસાતાનો બંધ નથી. ૩ સાતાનો બંધ, અસાતાનો ઉદય, સાતા-અસાતા બંનેની સત્તા, ૪ સાતાનો બંધ, સાતાનો ઉદય, સાતા-અસાતા બંનેની સત્તા આ બે વિકલ્પ મિથ્યાદૃષ્ટિથી આરંભી સયોગિકેવલિના ચરમસમય પર્યંત હોય છે. કેમકે અયોગિકેવલિ ગુણઠાણે યોગાભાવે વેદનીયનો બંધ જ હોતો નથી. ૫ અસાતાનો ઉદય, સાતા-અસાતાની સત્તા. ૬ સાતાનો ઉદય, સાતા-અસાતાની સત્તા, આ બે વિકલ્પ અયોગિકેવલિના પ્રથમ સમયથી આરંભી દ્વિચરમસમય પર્યંત હોય છે. ચરમસમયે ૭ અસાતાનો ઉદય, અસાતાની સત્તા, અથવા ૮ સાતાનો ઉદય, સાતાની સત્તા. આ બે વિકલ્પ હોય છે. આ પ્રમાણે વેદનીયકર્મના આઠ વિકલ્પો કહ્યા. ૧૮.

આ પ્રમાણે થોડું કહેવાનું હોવાથી પહેલાં છ કર્મોના ભાંગા કહ્યા. હવે મોહનીયના બંધ, ઉદય અને સત્તાસ્થાનોને કહેવા ઈચ્છતા આ ગાથામાં બંધસ્થાનો કહે છે—

दुगइगवीसा तेरस नव पंच चउर ति दु एगो ।
बंधो इगिदुग चउत्थय पणट्ठणवमेसु मोहस्स ॥१९॥

द्व्येकविंशतिः सप्तदश त्रयोदश नव पञ्च चतुस्त्रिद्व्येकः ।
बन्धः प्रथमे द्वितीये चतुर्थे च पञ्चमाष्टमनवमेषु मोहस्य ॥१९॥

અર્થ--મોહનીયકર્મનું બાવીશ પ્રકૃતિરૂપ બંધસ્થાન પહેલે, એકવીશ બીજે, સત્તર ત્રીજે અને ચોથે, તેર પાંચમે, નવ છઠ્ઠે, સાતમે અને આઠમે, તથા પાંચ, ચાર, ત્રણ, બે અને એક પ્રકૃતિરૂપ બંધસ્થાનકો નવમે હોય છે.

ટીકાનુ૦--બે અને એકની સાથે વીશ શબ્દ જોડવો તથા પહેલા અને બીજા પદ સાથે ત્રીજા અને ચોથા પદનો અનુક્રમે સંબંધ કરવો. તે આ પ્રમાણે-મોહનીયકર્મના દશ બંધસ્થાનકો છે, તેમાં પહેલું બંધસ્થાન બાવીશ પ્રકૃતિનું છે અને તે પહેલે ગુણસ્થાનકે હોય છે, બીજું એકવીશ પ્રકૃતિરૂપ અને તે બીજે ગુણસ્થાનકે, ત્રીજું સત્તર પ્રકૃતિનું

અને તે ત્રીજે અને ચોથે ગુણસ્થાનકે, ચોથું તેર પ્રકૃતિનું અને તે પાંચમે ગુણસ્થાનકે, પાંચમું નવ પ્રકૃતિનું અને તે છઠ્ઠા, સાતમા અને આઠમા ગુણસ્થાનકે, તથા છઠ્ઠું પાંચ પ્રકૃતિનું, સાતમું ચાર પ્રકૃતિનું, આઠમું ત્રણ પ્રકૃતિનું, નવમું બે પ્રકૃતિનું, અને દશમું એક પ્રકૃતિનું, આ પાંચે બંધસ્થાનકો નવમે ગુણસ્થાનકે હોય છે. ૧૯

આ રીતે મોહનીયના બંધસ્થાનકો અને તે કયા ગુણસ્થાન સુધી હોય છે તે કહ્યું, હવે તે બંધસ્થાનકો પ્રકૃતિના ભેદે કેટલા પ્રકારે હોય છે તે કહે છે—

हासरइअरइसोगाण बंधया आणवं दुहा सव्वे ।
वेयविभज्जंता पुण दुगइगवीसा छहा चउहा ॥२०॥

हास्यरत्यरतिशोकानां बन्धा आ नवं द्विधा सर्वे ।
वेदविभज्यमाने पुनर्द्वाविंकविंशती षड्धा चतुर्धा ॥२०॥

અર્થ—નવ પ્રકૃતિના બંધ સુધીમાં સઘળા બંધો હાસ્ય-રતિ અને શોક-અરતિ ક્રમવાર બંધાતી હોવાથી (સઘળા બંધો) બે પ્રકારે હોય છે. વેદના બંધવડે વહેંચાયેલ બાવીસ અને એકવીસ એ બે બંધ અનુક્રમે છ અને ચાર પ્રકારે છે.

ટીકાનુ૦—હાસ્ય-રતિ યુગલ અને શોક-અરતિ યુગલ ક્રમવાર બંધાતું હોવાથી નવના બંધ સુધીના સઘળા બંધો બે પ્રકારે છે. કોઈવાર હાસ્ય-રતિ યુગલ બંધમાં હોય છે, તો કોઈવાર શોક-અરતિ બંધમાં હોય છે, પરંતુ કોઈ વખત એ બંને યુગલ-ચારે પ્રકૃતિઓ સાથે બંધમાં હોતાં નથી. તથા મિથ્યાત્વ ગુણઠાણે એક સાથે એક સમયે મોહની બાવીશ પ્રકૃતિના બંધક આત્માઓ અધ્યવસાયાનુસાર કોઈ વાર પુરૂષવેદ બાંધે છે, કોઈવાર સ્ત્રીવેદ બાંધે છે, કે કોઈ વાર નપુંસકવેદ બાંધે છે, પણ કોઈ કાળે એક સાથે ત્રણે વેદનો બંધ કરતા નથી. માટે હાસ્ય-રતિ અને શોક-અરતિ યુગલ વડે અને ત્રણ વેદ વડે વિભજ્યમાન -વહેંચાયેલ બાવીસનો બંધ છ પ્રકારે થાય છે. તે આ પ્રમાણે-મિથ્યાત્વ, સોળ કષાય, ત્રણ વેદમાંથી એક વેદ, બે યુગલમાંથી એક યુગલ, ભય અને જુગુપ્સા આ પ્રમાણે મોહની બાવીસ પ્રકૃતિઓનો બંધ મિથ્યાત્વ ગુણઠાણે પ્રતિસમય દરેક જીવને થાય છે. આ બાવીસ પ્રકૃતિઓ કોઈને હાસ્ય-રતિ યુક્ત હોય છે, તો કોઈને શોક અરતિ યુક્ત હોય છે. એટલે યુગલ વડે બાવીસ બે પ્રકારે થાય છે, હવે હાસ્ય-રતિ યુક્ત બાવીસનો બંધ કોઈને પુરૂષવેદ સાથે, કોઈને સ્ત્રીવેદ સાથે, તો કોઈને નપુંસકવેદ સાથે થાય છે, એ પ્રમાણે શોક -અરતિ યુક્ત બાવીશનો બંધ પણ પુરુષવેદ અથવા સ્ત્રીવેદ કે નપુંસકવેદ સાથે થાય છે. એટલે બાવીશનો બંધ એક સમયે અનેક જીવો આશ્રયી અને અનેક સમયે એક જીવ આશ્રયી મિથ્યાત્વ ગુણઠાણે છ પ્રકારે થાય છે.

તેજ બાવીશ પ્રકૃતિઓ મિથ્યાત્વ વિના એકવીશ થાય છે. પરંતુ અહિં બે વેદમાંથી એક વેદ કહેવો. કારણ કે મિથ્યાત્વ વિના એકવીશ પ્રકૃતિના બંધક સાસ્વાદન ગુણસ્થાન-

વાળા છે, અને તે ગુણસ્થાનકે વર્ત્તતા જીવો પુરૂષવેદ અથવા સ્ત્રીવેદ બાંધે છે પરંતુ નપુંસકવેદ બાંધતા નથી, કેમકે નપુંસકવેદના બંધમાં મિથ્યાત્વનો ઉદય હેતુ છે, સાસ્વાદને મિથ્યાત્વના ઉદયનો અભાવ છે. તેથી એકવીશનો બંધ ચાર પ્રકારે થાય છે. તે આ પ્રમાણે —એકવીશના બંધને હાસ્ય–રતિ યુગલ અને શોક–અરતિ યુગલ સાથે ફેરવતાં બે પ્રકારે, અને તે બંને પ્રકારને સ્ત્રીવેદ અને પુરૂષવેદ સાથે ફેરવતાં (એકવીશનો બંધ) ચાર પ્રકારે થાય છે. સત્તર આદિ બંધસ્થાનકના બંધક ત્રીજા આદિ ગુણસ્થાનકવાળા જીવો એક પુરૂષવેદ જ બાંધે છે. સ્ત્રીવેદનો પણ બંધ કરતા નથી. સ્ત્રીવેદના બંધમાં અનન્તાનુબંધિનો ઉદય હેતુ છે, ત્રીજા આદિ ગુણસ્થાનકે અનંતાનુબંધિનો ઉદય નથી એટલે સત્તર આદિના બંધો યુગલ સાથે ફેરવતાં બે પ્રકારે જ થાય છે. ૨૦

હવે એકવીશ આદિ બંધસ્થાનકનું સ્વરૂપ કહે છે—

मिच्छाबंधिगवीसो सत्तर तेरो नवो कसायाणं ।
अरईदुगं पमत्ते ठाइ चउक्कं नियट्टिंमि ॥२१॥

मिथ्यात्वाबन्धे एकविंशतिः सप्तदश त्रयोदशनव कषायाणाम् ।
अरतिद्विकं प्रमत्ते तिष्ठति चतुष्कं निवृत्तौ ॥२१॥

અર્થ—મિથ્યાત્વના અબંધે એકવીશ, અનુક્રમે (અનંતાનુબંધિ, અપ્રત્યાખ્યાન અને પ્રત્યાખ્યાન) કષાયના અબંધે સત્તર, તેર અને નવનો બંધ થાય છે. અરતિદ્વિક પ્રમત્તે અટકે છે-જાય છે. અને હાસ્ય ચતુષ્કનો અપૂર્વકરણે બંધવિચ્છેદ થાય છે.

ટીકાનુ૦—પૂર્વની ગાથામાં કહેલ બાવીશનો બંધ મિથ્યાત્વ મોહના બંધના અભાવે એકવીશનો બંધ થાય છે. તે એકવીશનો બંધ પહેલા અનંતાનુબંધિ કષાયના બંધના અભાવે સત્તરનો બંધ થાય છે. તે સત્તરનો બંધ હાસ્ય રતિ અને શોક–અરતિ યુગલ સાથે ફરતો હોવાથી બે પ્રકારે થાય છે. તેજ સત્તરનો બંધ બીજા અપ્રત્યાખ્યાનાવરણ કષાયના બંધના અભાવે તેરનો બંધ થાય છે. તે પણ સત્તરના બંધની જેમ યુગલના ફેરફારથી બે પ્રકારે થાય છે. તે તેરનો બંધ ત્રીજા પ્રત્યાખ્યાનાવરણ કષાયના અભાવે નવનો બંધ થાય છે. તે નવનો બંધ પ્રમત્ત, અપ્રમત્ત અને અપૂર્વકરણે થાય છે. પ્રમત્ત ગુણસ્થાનકે હાસ્ય–રતિ અને શોક–અરતિ એ બંને યુગલ બંધાતાં હોવાથી ત્યાં થતો નવનો બંધ બે પ્રકારે થાય છે અપ્રમત્ત અને અપૂર્વકરણે હાસ્ય–રતિરૂપ એક જ યુગલ બંધાય છે. માટે જ કહ્યું છે કે–અરતિ–શોકરૂપ યુગલ પ્રમત્તે જ રહે છે–બંધાય છે, આગળ જતું નથી–આગળ બંધાતું નથી. માટે અપ્રમત્ત અને અપૂર્વકરણે થતો નવનો બંધ એકજ પ્રકારવાળો છે. હાસ્ય–રતિ, ભય અને જુગુપ્સા રૂપ હાસ્ય ચતુષ્ક અપૂર્વકરણે રહે છે-અહિં

સુધી જ બંધાય છે, આગળ જતું નથી-બંધાતું નથી, માટે અનિવૃત્તિ બાદર સંપરાયના પ્રથમ સમયથી આરંભી પાંચનો બંધ થાય છે. તે પાંચનો બંધ અનિવૃત્તિ બાદર સંપરાયના કાળના પહેલા પાંચમા ભાગ સુધી થાય છે. ત્યારબાદ પુરુષવેદ નહિ બંધાતો હોવાથી ચારનો બંધ થાય છે, તે પણ નવમા ગુણસ્થાનકના બીજા પાંચમા ભાગ સુધી થાય છે, ત્યારપછી સંજ્વલન ક્રોધનો બંધ નહિ થતો હોવાથી ત્રણનો બંધ થાય છે, તે ત્રણનો બંધ ત્રીજા પાંચમા ભાગ સુધી થાય છે. ત્યારબાદ સંજ્વલનમાનનો બંધ પણ નહિ થતો હોવાથી માયા અને લોભ એ બેનો જ બંધ થાય છે. તે બેનો બંધ પણ પાંચ ભાગમાંના ચોથા ભાગ સુધી થાય છે. ત્યાર બાદ સંજ્વલનની માયાનો બંધ પણ નહિ થતો હોવાથી અનિવૃત્તિ બાદરસંપરાય ગુણસ્થાનકના પાંચમા ભાગમાં માત્ર એક સંજ્વલન લોભ જ બંધાય છે. અને તે બંધ પણ તે ગુણસ્થાનકના ચરમસમય પર્યંત થાય છે. ૨૧.

હવે આ સઘળા બંધસ્થાનકોનું કાળ પ્રમાણ કહેવા માટે આ ગાથા કહે છે—

देसूणपुव्वकोडी नव तेरे सत्तरे उ तेत्तीसा ।
बावीसे भंगतिगं ठितिसेसेसुं मुहुत्तंतो ॥२२॥

देशोनपूर्वकोटिः नवत्रयोदशयोः सप्तदशे तु त्रयस्त्रिंशत् ।
द्वाविंशतौ भंगत्रिकं स्थितिः शेषेषु मुहूर्त्तान्तः ॥२२॥

અર્થ નવ અને તેરના બંધસ્થાનની દેશોન પૂર્વકોટિ પ્રમાણ સ્થિતિ છે. સત્તરની તેત્રીસ સાગરોપમ, બાવીસના બંધની ત્રણ ભાંગે અને શેષ બંધસ્થાનકોની અંતર્મુહૂર્ત્ત પ્રમાણ સ્થિતિ-કાળ છે.

ટીકાનુ૦—તેરના અને નવના બંધસ્થાનકની ઉત્કૃષ્ટ સ્થિતિ દેશોન પૂર્વકોટી વર્ષ પ્રમાણ છે. એટલે કે તેર અને નવનું બંધસ્થાન દેશોન પૂર્વકોટિ વર્ષ પર્યંત બંધાયા કરે છે. કારણકે-તેરનો બંધ દેશવિરતિ ગુણસ્થાનકે અને નવનો બંધ સર્વવિરતિ ગુણસ્થાનકે છે. અને તે બંને ગુણસ્થાનકનો કાળ દેશે[1] ઉણા પૂર્વકોટી વર્ષ પ્રમાણ હોય છે. સત્તરના બંધનો કાળ ઉત્કૃષ્ટથી કંઇક અધિક તેત્રીસ સાગરોપમ છે. કારણ કે અનુત્તર વિમાનવાસી દેવોનું તેત્રીસ સાગરોપમ પ્રમાણ આયુ છે, અને તેઓ હંમેશાં અવિરતિ સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનકે જ હોય છે, ત્યાં હંમેશ સત્તરનો બંધ થાય છે. ત્યાંથી ચ્યવી મનુષ્યમાં ઉત્પન્ન થઈ જ્યાં સુધી તેઓને દેશવિરતિ કે સર્વવિરતિ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી સત્તર બંધાયા કરે છે. માટે કંઇક અધિક

૧ દેશે ઉણા કહેવાનું કારણ વિરતિ પરિણામ જન્મ્યા પછી આઠ વરસની ઉંમર થયા બાદ જ થાય છે પૂર્વકોટી વરસ સુધીના સંખ્યાત વર્ષના આયુવાળાને જ વિરતિ પરિણામ થાય છે. પૂર્વકોટી વરસથી અધિક આયુવાળા અસંખ્યાત વરસના આયુવાળા કહેવાય છે અને તેને વિરતિ પરિણામ હોતા જ નથી. એટલે દેશોન પૂર્વકોટી વર્ષ પ્રમાણ કાળ ઉપરના બે બંધસ્થાનકનો કહ્યો છે.

તેત્રીસ સાગરોપમ પ્રમાણ કાળ સત્તરના બંધનો કહ્યો છે. બાવીસનો બંધ મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનકે થાય છે. માટે તે બંધસ્થાનકના ત્રણ ભાંગા છે. તે આ પ્રમાણે-૧ અભવ્યને બાવીસનો બંધ અનાદિ-અનંત કાળપર્યંત થાય છે. કેમકે અભવ્યોને સર્વદા મિથ્યાદૃષ્ટિ એક જ ગુણસ્થાન હોય છે. ૨ જે ભવ્યોએ અદ્યાપિ પર્યંત સમ્યકત્વ પ્રાપ્ત કર્યું નથી પરંતુ હવે પ્રાપ્ત કરશે તે ભવ્યો આશ્રયી બાવીસના બંધનો અનાદિ-સાંત કાળ છે. સમ્યકત્વથી પડી મિથ્યાત્વે ગયેલા જીવો આશ્રયી સાદિ-સાંત કાળ છે. અને તે પણ જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી દેશોન અર્ધપુદ્ગલપરાવર્ત્ત પ્રમાણ છે. (કારણ કે સમ્યકત્વથી પડી મિથ્યાત્વે ગયેલા આત્માઓ જઘન્યથી અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટથી દેશોન અર્ધપુદ્ગલ પરાવર્ત્ત જેટલો કાળ જ મિથ્યાત્વે રહે છે, ત્યારબાદ અવશ્ય સમ્યકત્વ પ્રાપ્ત કરી લે છે. પાંચ, ચાર, ત્રણ, બે અને એક એ પાંચ બંધસ્થાનકનો કાળ અંતર્મુહૂર્ત્ત પ્રમાણ જ છે. કેમકે એ પાંચે બંધસ્થાનકો નવમે ગુણસ્થાનકે જ હોય છે અને તેનો કાળ અંતર્મુહૂર્ત્ત જ છે. આ પ્રમાણે ઉત્કૃષ્ટ બંધકાળ કહ્યો.

જઘન્યથી તો બાવીસ, સત્તર, તેર અને નવ એ ચાર બંધસ્થાનકનો અંતર્મુહૂર્ત બંધકાળ છે. (કેમકે તે તે બંધસ્થાનકો જે જે ગુણસ્થાનકે છે ત્યાં ત્યાં કમમાં કમ અંતર્મુહૂર્ત્ત રહીને જ અન્યત્ર જાય છે-પરાવર્ત્તન પામે છે.) તથા પાંચ ચાર ત્રણ બે અને એક એ પાંચ બંધસ્થાનનો જઘન્ય કાળ એક સમય છે. એક સમય કઈ રીતે છે તે કહે છે-ઉપશમ શ્રેણિમાં ઉપરોક્ત પાંચ બંધસ્થાનને બાંધીને બીજે સમયે કોઈ એક આત્મા કાળ કરીને દેવલોકમાં જાય અને ત્યાં અવિરતિ થાય છે, ત્યાં અવિરતિ (સમ્યગ્દૃષ્ટિપણા) માં તેને સત્તરનો બંધ થાય છે. આ રીતે ઉપશમશ્રેણિમાં એક[1] સમય કાળ સંભવે છે. આ રીતે ચાર આદિ બંધસ્થાનમાં પણ જાણી લેવું.

એકવીશનું બંધસ્થાન સાસ્વાદને હોય છે, એટલે સાસ્વાદનં ગુણસ્થાનકનો જઘન્ય -ઉત્કૃષ્ટ જેટલો કાળ હોય તેટલો એકવીશના બંધસ્થાનનો પણ કાળ હોય છે, માટે સૂત્રકારે એકવીશના બંધનો કાળ કહ્યો નથી. એકવીશના બંધનો જઘન્ય કાળ એક સમય અને ઉત્કૃષ્ટ છ આવલિકા છે. સાસ્વાદન ગુણસ્થાનનો કાળ તેટલોજ છે માટે. ૨૨.

આ પ્રમાણે મોહનીયનાં બંધસ્થાનકો કહ્યાં. હવે ઉદયસ્થાનો કહે છે—

इगिदुगचउएगुत्तर आदसगं उदयमाहु मोहस्स ।
संजलणवेयहासरइभयदुगुंछतिकसायदिट्ठी य ॥२३॥

एकद्विचतुरेकोत्तरमादशकमुदयमाहुः मोहस्य ।
संज्वलनवेदहास्यरतिभयजुगुप्सात्रिकषायदृष्टी च ॥२३॥

---

૧ ઉપશમ શ્રેણિમાં મરણ પામનાર જીવ આશ્રયી જ એક સમય કાળ સંભવે છે. જો મરણ ન પામે તો અને ક્ષપકશ્રેણિમાં અંતર્મુહૂર્ત્ત કાળ જ સંભવે છે.

અર્થ—એક, બે, ચાર, અને ત્યારબાદ એક એક અધિક કરતાં દશ પર્યંત મોહનીયનાં નવ ઉદયસ્થાનકો જ્ઞાનીઓ કહે છે. અને તે સંજ્વલન, વેદ, હાસ્ય-રતિ, ભય, જુગુપ્સા, ત્રણ કષાયે અને દૃષ્ટિનો પ્રક્ષેપ કરતાં થાય છે.

ટીકાનુ૦—એક, બે, ચાર, અને ત્યારપછી એક એક-અધિક કરતાં યાવત્ દશ પર્યંત નવ ઉદયસ્થાનકો મોહનીયનાં થાય છે. એમ જ્ઞાનીઓ કહે છે. તાત્પર્યાર્થ આ પ્રમાણે છે-મોહનીયનાં નવ ઉદયસ્થાનો થાય છે, તે આ પ્રમાણે-એક, બે, ચાર, પાંચ, છ, સાત, આઠ, નવ, અને દશ. આ ઉદયસ્થાનકોને પશ્ચાનુપૂર્વિએ અનિવૃત્તિબાદર સંપરાય ગુણસ્થાનકથી પ્રતિપાદન કરે છે-સંજ્વલન કષાય, વેદ, હાસ્ય-રતિ યુગલ, ભય, જુગુપ્સા, પ્રત્યાખ્યાનાવરણીય આદિ ત્રણ કષાય. અને દૃષ્ટિનો પ્રક્ષેપ કરતાં એ નવે[1] ઉદયસ્થાનો થાય છે. તેમાં સંજ્વલન કષાયમાંના કોઈપણ એકને ઉદયે પહેલું ઉદયસ્થાન, ત્રણ વેદમાંથી એક વેદનો ઉદય ભળે ત્યારે બે પ્રકૃતિના ઉદયરૂપ બીજું ઉદયસ્થાન, હાસ્ય-રતિનું યુગલ ઉદયમાં વધે એટલે ચાર પ્રકૃતિના ઉદયનું ત્રીજું, ભય ભળતાં પાંચનું ચોથું ઉદયસ્થાન, જુગુપ્સા ભળતાં છનું પાંચમું, પ્રત્યાખ્યાનાવરણ ચાર કષાયમાંથી કોઈ એકનો ઉદય થતાં સાતનું છઠ્ઠું, અપ્રત્યાખ્યાનાવરણ ચોકડીમાંથી કોઈપણ એકનો ઉદય વધતાં આઠ પ્રકૃતિનું સાતમું. અનંતાનુબંધિ ચાર કષાયમાંથી કોઈ એકનો ઉદય થતાં નવપ્રકૃતિનું આઠમું અને તેમાં મિથ્યાત્વ મોહનો ઉદય વધતાં દશ પ્રકૃતિના ઉદયરૂપ નવમું ઉદયસ્થાન છે. ૨૩.

હવે ઉપરોક્ત ઉદયસ્થાનકો પ્રકૃતિના ફેરફારથી અનેક પ્રકારે થાય છે, તે પ્રકારો કહેવા માટે ઉપાય કહે છે—

दुगआइ दसंतुदया कसायभेया चउव्विहा ते उ।
बारसहा वेयवसा अदुगा पुण जुगलओ दुगुणा ॥२४॥

द्विकादयो दशान्ता उदयाः कषायभेदाच्चतुर्विधाः ते तु ।
द्वादशधा वेदवशादद्विकाः पुनः युगलतो द्विगुणाः ॥२४॥

અર્થ—બેથી દશ સુધીના ઉદયો કષાયના ભેદે ચાર પ્રકારે છે, વેદના વશથી બાર પ્રકારે છે, અને બે સિવાયના બાકીના ઉદયો યુગલના વશથી બમણા થાય છે.

ટીકાનુ૦—કોઈને ક્રોધનો, કોઈને માનનો, કોઈને માયાનો, અને કોઈને લોભનો ઉદય હોવાથી (એક સમયે અનેક જીવની અપેક્ષાએ) બેથી દશ સુધીના દરેક ઉદયસ્થાનકો ચાર પ્રકારે થાય છે, તે ચારે ભેદ વાળા-ક્રોધી, માની, માયી કે લોભી અમે. તે

૧ ઉપશમ શ્રેણિમાંથી પડતાં ઉપરોક્ત ઉદય થાય છે. પહેલા સંજ્વલન ચારમાંથી કોઈપણ એક કષાયનો, ત્યારબાદ એક વેદનો ત્યારબાદ યુગલનો અને ત્યારબાદ ભય અને જુગુપ્સા આદિનો ઉદય થાય છે. ત્રણનો ઉદય થતો નથી, એટલે ત્રણનું ઉદયસ્થાન નથી. એક સમયે એક જીવને ઉપર પ્રમાણે ઉદય હોય છે.

ક્રમશ્યોદય વાળા હોય–ને ત્રણ વેદમાંથી કોઈપણ વેદનો ઉદય હોય છે, જેમકે–ક્રોધના ઉદયવાળાને પુરૂષવેદનો ઉદય હોઈ શકે, સ્ત્રીવેદનો પણ ઉદય હોઈ શકે, અથવા નપુંસક વેદનો ઉદય પણ હોઈ શકે. એ પ્રમાણે માની, માયી, લોભીને પણ ત્રણ વેદમાંથી ગમે તે વેદનો ઉદય હોઈ શકે છે. માટે ત્રણવેદ વડે બાર ભંગ-પ્રકાર થાય છે. હવે તે બારે પ્રકારવાળાને કોઈને હાસ્ય–રતિ કે કોઈને શોક–અરતિનો ઉદય હોય છે. જેમકે–ક્રોધી પુરૂષવેદના ઉદયવાળાને હાસ્ય-રતિનો ઉદય હોઈ શકે, તેમ તેઓને શોક–અરતિનો પણ ઉદય હોઈ શકે છે. એ પ્રમાણે ક્રોધી સ્ત્રીવેદના ઉદયવાળા અને ક્રોધી નપુંસકવેદના ઉદયવાળાને પણ બેમાંથી ગમે તે યુગલનો ઉદય હોઈ શકે છે. એ પ્રમાણે માની, માયી, લોભી પુરૂષવેદાદિ કોઈપણ વેદના ઉદયવાળાને બેમાંથી ગમે તે યુગલનો ઉદય હોઈ શકે છે, માટે ચારથી દશ સુધીના તમામ ઉદયો યુગલને આશ્રયી (પૂર્વથી)બમણા થાય છે. એટલે ચોવીશ ભંગ થાયછે. આજ ચોવીસી કહેવાય છે. બેનો ઉદય હોય ત્યારે યુગલનો ઉદય નહિ હોવાથી ચાર કષાયને વેદ સાથે ફેરવતાં બારજ ભંગ થાય છે. અને ચારથી દશ સુધીના ઉદયસ્થાનકોમાં કષાય, વેદ અને યુગલનો ઉદય હોવાથી ચાર કષાયને ત્રણ વેદ સાથે ફેરવતાં બાર અને તે બારને બે યુગલ સાથે ફેરવતાં ચોવીસ ભંગ થાયછે. ॥૨૪॥

હવે તે ચોવીસીઓ=ચોવીસ ભાંગાઓ એક એક ગુણસ્થાનકે અનેક પ્રકારે થાય છે, માટે કહેછે—

अणसम्मभयदुगंछाण णोदओ संभवेवि वा जम्हा ।
उदया चउवीसा विय एक्केक्कगुणे अओ बहूहा ॥२५॥

अनन्तानुबन्धिसम्यक्त्वभयजुगुप्सानां नोदयः संभवेदपि वा यस्मात् ।
उदयाः चतुर्विंशतयश्च एकैकगुणे अतो बहुधा ॥२५॥

અર્થ—અનન્તાનુબંધિ, સમ્યક્ત્વમોહનીય, ભય અને જુગુપ્સાનો ઉદય નથી હોતો અને સંભવે પણ છે માટે ઉદયો અને ચોવીસીઓ એક એક ગુણસ્થાને અનેક પ્રકારે થાય છે.

ટીકાનુ૦—અનન્તાનુબંધિ કષાય, સમ્યકત્વમોહનીય, ભય અને જુગુપ્સા મોહનીયનો કોઈ વખતે ઉદય હોતો નથી, કોઈ વખતે હોય પણ છે. તે આ પ્રમાણે—(ક્ષાયિકસમ્યકત્વ પ્રાપ્ત કરતાં પહેલાં અનન્તાનુબંધિ કષાયને ઉવેલીને પરિણામનો હ્રાસ થવાથી મિથ્યાત્વને પ્રાપ્ત થયેલા મિથ્યાદૃષ્ટિને મિથ્યાત્વરૂપ હેતુથી બંધાયેલ તે અનન્તાનુબંધિનો એક આવલિકા પર્યન્ત ઉદય હોતો નથી. શેષ કાળ ઉદય હોય છે જ. અવિરત સમ્યગ્દૃષ્ટિ આદિ ગુણસ્થાનકે વર્તમાન ઔપશમિક સમ્યગ્દૃષ્ટિ કે ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિને સમ્યકત્વમોહનીયનો ઉદય હોતો નથી, શેષને-ક્ષયોપશમ સમ્યકત્વીને હોય છે. ભય અને જુગુપ્સા અધ્રુવોદયી હોવાથી મિથ્યાદૃષ્ટિથી આરંભી અપૂર્વકરણ સુધીના સઘળા ગુણસ્થાનકોમાં કોઈ વખતે

ઉદય હોયછે, કોઈ વખતે હોતો નથી. આ હેતુથી એક એક ગુણસ્થાનકે ઉદય અને તે ઉદયથી થતા ભાંગા–ચોવીસીઓ ઘણે પ્રકારે થાય છે. ॥૨૫॥

હવે અનેક પ્રકારે થતા તે ઉદયો અને ભાંગાઓ ચોવીસીઓ ગુણસ્થાનકોમાં બતાવે છે.–

मिच्छे सगाइ चउरो सासणमीसे सगाइ तिण्णुदया ।
छप्पंचचउरपुव्वा चउरो तिअ अविरयाईणं ॥२६॥

मिथ्यात्वे सप्ताद्याः चत्वारः सासादनमिश्रयोः सप्ताद्याः त्रयः उदयाः ।
षट्पञ्चचतुर्पूर्वाः चत्वारः त्रयः अविरतादीनाम् ॥२६॥

અર્થ–-મિથ્યાત્વે સાતથી દશ સુધીનાં ચાર ઉદયસ્થાનકો હોયછે. સાસ્વાદને અને મિશ્રે સાતથી દશ સુધીનાં ત્રણ, અવિરતિથી અપ્રમત્ત સુધીના ગુણસ્થાનકવાળાઓને છ પાંચ અને ચાર આદિ ચાર, અને અપૂર્વકરણવર્ત્તીને ચાર આદિ ત્રણ ઉદયસ્થાનકો હોય છે.

ટીકાનુ૦–-મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનકવર્તી જીવોને (મોહનીયના એક સમયે એક એક જીવ આશ્રયી) સાતથી દશ સુધીના ચાર ઉદય હોય છે, તે આ–૭–૮–૯–૧૦. તેમાં સાત આ પ્રમાણે––મિથ્યાત્વ, અપ્રત્યાખ્યાનાવરણ પ્રત્યાખ્યાનાવરણ અને સંજ્વલન ક્રોધાદિમાંથી ત્રણ ક્રોધાદિ. આદિ શબ્દથી ત્રણ માન અથવા ત્રણ માયા કે ત્રણ લોભ. ક્રોધ માન માયા અને લોભ પરસ્પર વિરોધી હોવાથી એક સાથે ઉદયમાં હોતા નથી. પરંતુ ક્રોધનો ઉદય હોય તો જે ક્રોધનો ઉદય હોય તેની નીચેના તમામ ક્રોધનો સમાનજાતીય હોવાથી ઉદય થાયછે. જેમકે અનંતાનુબંધિ ક્રોધનો ઉદય હોય તો તેની નીચેના અપ્રત્યાખ્યાનાવરણાદિ ત્રણે ક્રોધનો ઉદય હોયછે. એ પ્રમાણે અનંતાનુબંધિ ક્રોધનો ઉદય ન હોય અને અપ્રત્યાખ્યાનાવરણ ક્રોધનો ઉદય હોય તો તેની નીચેના પ્રત્યાખ્યાનાવરણાદિ બંને પ્રકારના ક્રોધનો ઉદય હોય છે. એપ્રમાણે અન્યત્ર તેમજ માન માયા અને લોભ માટે પણ સમજવું. ત્રણ વેદમાંથી એક વેદ, હાસ્ય-રતિ યુગલ કે શોક અરતિ યુગલમાંથી એક યુગલ, આ સાત પ્રકૃતિઓનો મિથ્યાત્વી જીવોને અવશ્ય ઉદય હોય છે, આ સાતના ઉદયે પ્રકૃતિઓના ફારફેરથી ચોવીસ ભાંગા થાય છે.

તે આ પ્રમાણે (ભાંગા–કરવાની રીત ગા. ૨૪ માં કહી છે તે પ્રમાણે સમજવી.) કોઈ જીવને હાસ્ય–રતિનો કે કોઈ જીવને શોક–અરતિનો ઉદય હોવાથી એ દરેક યુગલનો એક એક ભંગ થાય છે, માટે બે યુગલના બે ભંગ. તે બંને યુગલના ઉદયવાળા જીવો ત્રણ

વેદમાંથી કોઈ પણ વેદના ઉદયવાળા હોય છે, માટે તે બેને ત્રણે ગુણતાં છ ભંગ થાય છે. તે છએ ભંગવાળા જીવો ક્રોધાદિ ચારમાંથી કોઈ પણ કષાયના ઉદયવાળા હોય છે માટે છ ને ચારે ગુણતાં ચોવીસ ભંગ થાય છે. આ પ્રમાણે યુગલ, વેદ અને ક્રોધાદિ–ક્રોધ માન–માયા અને લોભ ફેરવતાં ચોવીસ ભંગ થાય છે. હવે તે સાતના ઉદયમાં ભય, જુગુપ્સા કે અનન્તાનુબંધિના ઉદયમાંથી કોઈ પણ એક વધતાં આઠનો ઉદય થાય છે, અને તે દરેક ઉદયની એક એક ચોવીસી થાય છે; એટલે કે તે દરેક ઉદયમાં સાતના ઉદયની જેમ યુગલ, વેદ અને ક્રોધાદિ ચારને ફેરવતાં ચોવીસ ચોવીસ ભંગ થાય છે, આ પ્રમાણે ત્રણ ચોવીસી થાય છે.

અહીં એક શંકા થાય છે કે–મિથ્યાદૃષ્ટિને તો અનંતાનુબંધિનો ઉદય અવશ્ય સંભવે છે. તો પછી શા માટે સાતનો ઉદય અને ભય કે જુગુપ્સા સહિત આઠનો ઉદય અનંતાનુબંધિના ઉદય રહિત હોય છે તેમ કહો છો ? અહિં ઉત્તર આપતાં કહે છે કે–કોઈ ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિ જીવે અનંતાનુબંધિ આદિ દર્શનમોહનીય સપ્તકનો ક્ષય કરતાં પહેલાં માત્ર અનંતાનુબંધિ કષાયની વિસંયોજના કરી, આટલું કરીને જ વિરમ્યો; મિથ્યાત્વ આદિ ત્રણ દર્શનમોહનીયના ક્ષય માટે તથાપ્રકારના વિશુદ્ધ અધ્યવસાયરૂપ સામગ્રીના અભાવથી પ્રયત્ન કરી શક્યો નહિ. ત્યારબાદ કાળાંતરે પડતા પરિણામે મિથ્યાત્વે ગયો અને ત્યાં મિથ્યાત્વરૂપ હેતુથી અનંતાનુબંધિ કષાયના બંધની શરૂઆત કરી. પરંતુ તેની બંધાવલિકા જ્યાં સુધી પૂર્ણ ન થઈ હોય ત્યાં સુધી તેનો ઉદય થઈ શકતો નથી. બંધાવલિકા પૂર્ણ થયા બાદ થાય છે.

વળી અહિં શંકા થાય છે કે—અનંતાનુબંધિ કષાયની માત્ર એક બંધાવલિકા ગયા બાદ જ તેનો ઉદય કઈ રીતે થાય ? કારણ કે દરેક પ્રકૃતિનો અમુક અબાધાકાળ હોય છે. અને તેનો ક્ષય થાય ત્યારે ઉદય થાય છે. અહિં અનંતાનુબંધિ કષાયનો ઓછામાં ઓછો અબાધાકાળ અંતર્મુહૂર્ત અને વધારેમાં વધારે ચાર હજાર વર્ષ પ્રમાણ છે તેથી કમમાં કમ પણ અંતર્મુહૂર્ત ગયા બાદ જ ઉદય થવો જોઈએ. માત્ર આવલિકા ગયા બાદ જ તેનો ઉદય કેમ હોઈ શકે ? ઉત્તર આપતાં કહે છે કે–અહિં ઉપર જણાવ્યો તે દોષ નથી. કારણ કે બંધ સમયથી આરંભી તેની સત્તા થાય છે, જ્યારે સત્તા થઈ ત્યારે બંધકાળ પર્યંત તે પતદ્‌ગ્રહ તરીકે હોય છે અને જ્યારે પતદ્‌ગ્રહ તરીકે હોય ત્યરે તેમાં સમાન જાતીય શેષ પ્રકૃતિના દલિકોનો સંક્રમ થાયછે. સંક્રમેલું તે દલિક પતદ્‌ગ્રહ પ્રકૃતિરૂપે પરિણમે છે. સંક્રમેલા દલિકનો સંક્રમાવલિકા ગયા બાદ ઉદય થાય છે. તેથી બંધાવલિકા[1] ગયા બાદ ઉદય કહ્યો છે તે વિરૂદ્ધ નથી.

---

(૧) અહિં જે સમયે અનંતાનુબંધિ બંધાયા તે સમયથી આરંભી તે પતદ્‌ગ્રહ થાય છે. તેથી તેમાં જેનો આબાધકાળ વીતી ગયો છે તેવા અપ્રત્યાખ્યાનાવરણીયાદિ કષાયોનાં દલિયાંઓ સંક્રમે છે

તથા તે પૂર્વોક્ત સાતના ઉદયમાં ભય, જુગુપ્સા અથવા ભય, અનન્તાનુબંધિ કે જુગુપ્સા અનંતાનુબંધિનો ઉદય વધે ત્યારે નવનો ઉદય થાય છે. તે દરેક વિકલ્પમાં પહેલાં કહેલા ક્રમે એક એક ચોવીસી=ચોવીસ ચોવીસ ભાંગા થાય છે, માટે ત્રણ ચોવીસી થાય છે. તથા તેજ સાતના ઉદયમાં ભય જુગુપ્સા અને અનંતાનુબંધિ ત્રણેનો ઉદય વધે ત્યારે દશનો ઉદય થાય છે અહિં ભાંગાની એકજ ચોવીસી થાય છે. સઘળી મળી મિથ્યાદષ્ટિ ગુણઠાણે આઠ ચોવીસી—એકસો બાણું ભાંગા[1] થાય છે.

સાસ્વાદન સમ્યગ્દષ્ટિ અને મિશ્ર ગુણઠાણે સાતથી નવ પર્યન્ત ત્રણ ઉદયો હોય છે. તે આ–૭–૮–૯, તેમાં સાત આ પ્રમાણે–અનંતાનુબંધિ, અપ્રત્યાખ્યાનાવરણ, પ્રત્યાખ્યાનાવરણ અને સંજ્વલન ક્રોધાદિમાંથી ક્રોધાદિ ચાર, ત્રણ વેદમાંથી એક વેદ, અને બે યુગલમાંથી એક યુગલ આ સાત પ્રકૃતિનો સાસ્વાદનીને અવશ્ય ઉદય હોય છે. અહિં પહેલાના ક્રમે ભાંગાની એક ચોવીસી થાય છે. તથા તે સાતમાં ભય કે જુગુપ્સાનો ઉદય વધતાં બે પ્રકારે આઠનો ઉદય થાય છે તેની બે ચોવીસી થાય છે. ભય, જુગુપ્સા બંનેનો એક–

-અનંતાનુબંધિરૂપ થાય છે. અનંતાનુબંધિરૂપે થયેલા તે અપ્રત્યાખ્યાનાવરણીયાદિનાં દલિકો સંક્રમ સમયથી એક આવલિકા ગયા બાદ ઉદયમાં આવે છે. જે સમયે અનંતાનુબંધિ બંધાયા તે જ સમયે અપ્રત્યાખ્યાનાવરણાદિનાં દલિકો સંક્રમે છે. એટલે બંધ સમયથી એક આવલિકા ગયા બાદ કહો કે સંક્રમસમયથી એક આવલિકા ગયા બાદ કહો–એ બંને સરખું જ છે. કેમકે અહિં બંધાવલિકા અને સંક્રમાવલિકા એક જ થઈ જાય છે. તેથી મિથ્યાત્વ ગુણઠાણાની એક આવલિકા ગયા બાદ સંક્રાન્ત દલિકોનો–અનંતાનુબંધિરૂપે થયેલા દલિકોનો ઉદય થાય છે. અને બદ્ધ અનંતાનુબંધિનો પણ બંધ સમયથી એક આવલિકા ગયા બાદ ઉદીરણાકરણ દ્વારા ઉદય થઈ શકે છે. માટે જ એમ કહ્યું છે કે મિથ્યાત્વ ગુણઠાણે ફક્ત એક આવલિકા કાળ જ અનંતાનુબંધિનો ઉદય હોતો નથી. તે પણ જે સમ્યગ્દષ્ટ્યાદિ ગુણઠાણે અનંતાનુબંધિકષાયની વિસંયોજના કરી પડી મિથ્યાત્વે આવ્યો હોય તેને જ સંભવે છે. જે જીવે અનંતાનુબંધિની વિસંયોજના કરી નથી તેને તો તે સત્તામાં હોવાથી જે સમયે પડીને મિથ્યાત્વે આવે તે સમયથી જ ઉદયમાં આવે છે.

૧ ભિન્નભિન્ન જીવો આશ્રયી આ ઘટે છે. કેમકે કોઇને સાતનો ઉદય, તે પણ કોઇ ને કોઇ પ્રકારે તો કોઇને કોઈ પ્રકારે હોય છે એટલે તેના ચોવીસ પ્રકાર થાય છે. એ પ્રમાણે કોઈને આઠનો ઉદય, કોઈને નવનો ઉદય અને કોઈને દશનો ઉદય હોય છે. તે આઠ, નવ અને દશનો ઉદય પણ સંખ્યા તેજ હોવા છતાં અનેક પ્રકારે થાય છે માટે તેના ચોવિશ ચોવીશ વિકલ્પો થાય છે. વેદ, કષાય અને યુગલ સાથે ફેરવતાં ચોવીસજ વિકલ્પ થાય છે, વધારે નહિ. કેમકે બીજી પ્રકૃતિઓ ફરતી નથી. પ્રકૃતિઓના ફેરફારથી જ ભિન્નભિન્ન વિકલ્પો થાય છે આ બધા વિકલ્પો એક સમયે અનેક જીવ આશ્રયી અને કાળભેદે એક જીવ આશ્રયી સંભવે છે.

૨ ભય, જુગુપ્સા બંને પરસ્પર વિરૂદ્ધ નથી કોઈને ભયનો ઉદય હોય છે, કોઈને જુગુપ્સાનો ઉદય હોય છે, કોઈને બંનેનો ઉદય હોય છે, તો કોઈને બેમાંથી એકનો પણ ઉદય હોતો નથી. એટલે તેના ફારફેરે જુદીજુદી ચોવીસીઓ થાય છે. અનંતાનુબંધિનો ઉદય બીજે ગુણઠાણે દરેક જીવને અવશ્ય હોય છે. માત્ર મિથ્યાત્વ ગુણઠાણે એક આવલિકા કાળજ કોઈકને ઉદય હોતો નથી.

સાથે ઉદય વધતાં નવનો ઉદય થાય છે. અહિં ભાંગાની એક ચોવીસી થાય છે. સઘળી મળી સાસ્વાદને ચાર ચોવીસી-છન્નુ ભાંગા થાય છે.

સમ્યગ્મિથ્યાદષ્ટિ ગુણઠાણે સાત, આઠ અને નવ એ ત્રણ ઉદય હોય છે. તેમાં સાત તે આ-અહિંથી કોઈપણ ગુણઠાણે અનંતાનુબંધિ કષાયનો ઉદય હોતો નથી માટે તેને છોડીને શેષ ત્રણ કષાય, ત્રણ વેદમાંથી એક વેદ, બે યુગલમાંથી એક યુગલ, અને મિશ્રમોહનીય. આ સાત પ્રકૃતિઓનો મિશ્રગુણસ્થાનકવર્ત્તી દરેક જીવને અવશ્ય ઉદય હોય છે. અહિં પહેલાં કહી ગયેલા ક્રમે એક ચોવીસી થાય છે. આજ સાતમાં ભય અથવા જુગુપ્સાનો ઉદય વધતાં બે રીતે આઠનો ઉદય થાય છે. માટે ભાંગાની બે ચોવીસી થાય છે. ભય, જુગુપ્સા બંનેનો એક સાથે ઉદય વધતાં નવનો ઉદય થાય છે. ભાંગાની એક ચોવીસી થાય છે. સઘળી મળી મિશ્રગુણઠાણે ચાર ચોવીસી-છન્નુ ભાંગા થાય છે.

અવિરતિ સમ્યગ્દષ્ટિ ગુણઠાણે છથી નવ સુધીના ચાર ઉદયો હોય છે, તે આ ૬-૭-૮-૯. અહિં ક્ષાયિક સમકિતિ, ઔપશમિક સમકિતિ અને ક્ષયોપશમ સમકિતિ એ ત્રણ પ્રકારના સમ્યક્ત્વી જીવો હોય છે, તેમાં ઔપશમિક સમ્યક્ત્વી અને ક્ષાયિક-સમ્યક્ત્વીને ઉદયમાં પ્રકૃતિઓ સમાન હોય છે. ક્ષાયોપશમિક સમ્યક્ત્વીને ઉદયમાં (સમ્યક્ત્વ) મોહનીય વધારે હોય છે. અહિં કુલ ભાંગાની આઠ ચોવીસી થાય છે. તેમાંથી સમ્યક્ત્વ-મોહનીયવાળી ચાર ચોવીસી ક્ષાયોપશમિક સમ્યક્ત્વીની અને તે વિનાની ચાર ચોવીસી ઔપશમિક અને ક્ષાયિક સમ્યક્ત્વીની સમજવી.

ઔપશમિક અને ક્ષાયિક સમ્યક્ત્વી અવિરતિ સમ્યગ્દષ્ટિને છ પ્રકૃતિઓનો ઉદય આ પ્રમાણે હોય છે.-અપ્રત્યાખ્યાનાવરણાદિ ત્રણ ક્રોધાદિ, ત્રણ વેદમાંથી એક વેદ, બે યુગલમાંથી એક યુગલ, આ છ પ્રકૃતિઓનો ઉદય ચોથે ગુણઠાણે અવશ્ય હોય છે. અહિં પહેલાંની જેમ ભાંગાની એક ચોવીસી થાય છે. આ છમાં ભય, જુગુપ્સા અથવા સમ્યક્ત્વમોહનીય ત્રણમાંથી કોઈપણ એક મેળવતાં સાતનો[1] ઉદય થાય છે. સાતનો ઉદય ત્રણ પ્રકારે છે માટે ભાંગાની ચોવીસી પણ ત્રણ થાય છે. તે છમાં ભય-જુગુપ્સા અથવા ભય-વેદક સમ્યક્ત્વ અથવા જુગુપ્સા-વેદક સમ્યક્ત્વ નાખતાં આઠનો ઉદય થાય છે. અહિં પણ એક એક વિકલ્પમાં ભાંગાની ચોવીસી થાય છે. માટે ત્રણ ચોવિસી થાય છે. ભય-જુગુપ્સા અને વેદક સમ્યક્ત્વ એ ત્રણે એક સાથે મેળવતાં નવનો ઉદય થાય છે અહિં ભાંગાની એક ચોવિસી થાય છે. સઘળી મળી અવિરતિ સમ્યગ્દષ્ટિ ગુણઠાણે આઠ ચોવીસી-એકસો બાણું ભાંગા થાય છે.

દેશવિરતિ ગુણઠાણે પાંચ આદિ ચાર ઉદયો હોય છે, તે આ-૫-૬-૭-૮. તેમાં

---

૧ અહિં એટલું ધ્યાન રાખવું કે છના ઉદયમાં સમ્યક્ત્વમોહનીયનો ઉદય વધી સાતનો ઉદય થાય એમ નથી. કેમકે છનો ઉદય ઔપશમિક કે ક્ષાયિક સમ્યક્ત્વીને હોય છે. તેઓને કંઈ સમ્યક્ત્વ મોહનીયનો ઉદય થતો નથી. અહિં તાત્પર્ય એ છે કે-ઔપશમિક અને ક્ષાયિક સમ્યક્ત્વીને ૬-૭-૮ એ ત્રણ ઉદયો અને ક્ષાયોપશમિક સમ્યક્ત્વીને ૭-૮-૯ એ ત્રણ ઉદયો હોય છે. ક્ષાયોપશમિક સમ્યક્ત્વીને સમ્યક્ત્વ મોહનીયનો ઉદય ધ્રુવ છે, એટલે તેને શરૂઆતથી જ સાતનો ઉદય હોય છે.

ઔપશમિક કે ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ દેશવિરતિને પાંચ છ અને સાત એ ત્રણ ઉદયો હોય અને ક્ષાયોપશમિક સમ્યક્ત્વી દેશવિરતિને છ સાત અને આઠ એ ત્રણ ઉદયો હોય છે. તેમાં ઔપશમિક કે ક્ષાયિક સમ્યક્ત્વી દેશવિરતને પાંચ આ પ્રમાણે હોય છે—પ્રત્યાખ્યાનાવરણ અને સંજ્વલન ક્રોધાદિમાંથી બે ક્રોધાદિ, ત્રણ વેદમાંથી એક વેદ, બે યુગલમાંથી એક યુગલ કુલ–પાંચ દેશવિરતિ ગુણઠાણે આ પાંચ પ્રકૃતિઓનો ઉદય અવશ્ય હોય છે. પહેલાંની જેમ ભાંગાની એક ચોવીસી થાય છે. ભય, જુગુપ્સા અથવા સમ્યક્ત્વમોહનીયમાંથી કોઈપણ એક મેળવતાં છના ઉદયના ત્રણ વિકલ્પ થાય છે. દરેક વિકલ્પમાં ભાંગાની એક એક ચોવીસી થાય છે, માટે ત્રણ ચોવીસી થાય છે. તથા તે પાંચના ઉદયમાં ભય–જુગુપ્સા અથવા ભય, સમ્યક્ત્વમોહનીય કે જુગુપ્સા–સમ્યક્ત્વમોહનીય મેળવતાં સાતનો ઉદય થાય છે. અહિં પણ ભાંગાની ત્રણ ચોવીસી થાય છે. ભય, જુગુપ્સા અને સમ્યક્ત્વમોહનીય એ ત્રણે એક સાથે મેળવતાં આઠનો ઉદય થાય છે. અહિં ભાંગાની એક જ ચોવીસી થાય છે. સઘળી મળી દેશવિરતિ ગુણઠાણે ભાંગાની આઠ ચોવીસી–એકસો બાણું ભાંગા થાય છે. અહિં પણ દરેક સમ્યક્ત્વીને કેટલી ચોવીસી થાય તેનો વિવેક સ્વયમેવ કરી લેવો.

પ્રમત્ત સંયતને ચાર પાંચ છ અને સાત એ ચાર ઉદયો હોય છે. તેમાં ઔપશમિક અને ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિને ચાર પાંચ અને છ એ ત્રણ ઉદયો હોય છે, અને ક્ષાયોપશમિક સમ્યક્ત્વીને સમ્યક્ત્વ મોહનીયનો ઉદય અવશ્ય હોવાથી પાંચ છ અને સાત એ ત્રણ ઉદયો હોય છે. તેમાં પ્રમત્ત સંયત ઔપશમિક સમ્યક્ત્વી અથવા ક્ષાયિક સમ્યક્ત્વીને સંજ્વલન ક્રોધાદિમાંથી કોઈપણ ક્રોધાદિ એક, ત્રણ વેદમાંથી એક વેદ, બે યુગલમાંથી એક યુગલ એ ચાર પ્રકૃતિઓનો અવશ્ય ઉદય હોય છે. અહિં ભાંગાની એક ચોવીસી થાય છે. આ ચારમાં ભય અથવા જુગુપ્સા અથવા સમ્યક્ત્વ મોહનીય મેળવતાં પાંચનો ઉદય થાય છે. દરેક સ્થળે સમ્યક્ત્વ મોહનીયના ઉદયવાળી ચોવીસી ક્ષાયોપશમિક સમ્યક્ત્વીને હોય છે. આં દરેક વિકલ્પમાં એક એક ચોવીસી થતી હોવાથી ભાંગાની ત્રણ ચોવીસી થાય છે. તથા તે ચારમાં ભય–જુગુપ્સા અથવા ભય–સમ્યક્ત્વમોહનીય અથવા જુગુપ્સા–સમ્યક્ત્વમોહનીય મેળવતાં છનો ઉદય થાય છે. અહિં પણ ત્રણ વિકલ્પની ત્રણ ચોવીસી થાય છે. ભય, જુગુપ્સા અને સમ્યક્ત્વમોહનીય એક સાથે મેળવતાં સાતનો ઉદય થાય છે. ભાંગાની એક ચોવીસી થાય છે. સઘળી મળી આઠ ચોવીશી–એકસો બાણું ભાંગા થાય છે.

એ પ્રમાણે અપ્રમત્ત સંયતે પણ ચાર આદિ ચાર ઉદયો અને આઠ ચોવીસીઓ સમજવી.

અપૂર્વકરણે ચાર પાંચ અને છ એમ ત્રણ ઉદયો હોય છે. આ ગુણઠાણે માત્ર ઔપશમિક સમ્યગ્દૃષ્ટિ અને ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ જીવો જ હોય છે, ક્ષાયોપશમિક સમ્યક્ત્વી

જીવો હોતા નથી, તેથી અહિં સમ્યકૃત્વમોહનીયનો ઉદય કોઈપણ જીવને હોતો નથી, એટલે અપૂર્વકરણ ગુણસ્થાનક સંપન્ન ક્ષાયિક સમ્યકૃત્વી કે ઔપશમિક સમ્યકૃત્વીને સંજ્વલન ક્રોધાદિમાંથી કોઈપણ એક ક્રોધાદિ, ત્રણ વેદમાંથી એક વેદ અને બે યુગલમાંથી એક યુગલ એ ચાર પ્રકૃતિઓનો ઉદય હોય છે. ભાંગાની એક ચોવીસી થાય છે. આ ચારમાં ભય અથવા જુગુપ્સાનો ઉદય વધતાં પાંચનો ઉદય થાય છે. અહિં ભાંગાની બે ચોવીસી થાય છે. ભય અને જુગુપ્સા બંનેનો એક સાથે ઉદય વધતાં છનો ઉદય થાય છે. અહિં પણ ભાંગાની એક ચોવીસી થાય છે. સઘળી મળી અપૂર્વકરણે ચાર ચોવીસી છન્નુ ભાંગા થાય છે. અહિં પ્રમત્ત ગુણસ્થાનકના ઉદયની અપેક્ષાએ અપ્રમત્ત અને અપૂર્વકરણના ઉદયો માત્ર ગુણસ્થાનકના ભેદેજ ભિન્ન છે, પરમાર્થથી ભિન્ન નથી. કેમકે બધા ઉદયો અને વિકલ્પો એક સરખાજ છે, માટે પ્રમત્તના ઉદયના ગ્રહણથીજ અપ્રમત્ત અને અપૂર્વકરણના ઉદયો પણ ગ્રહણ કરાયેલાજ છે એમ સમજવું. આ હેતુથી જ અપ્રમત્ત અને અપૂર્વકરણે માત્ર ગુણસ્થાનકના ભેદથી થતી ચોવીસીઓ પ્રમત્તની ચોવીસીઓથી જુદી ગણવામાં આવશે નહિ. ૨૬

હવે દશ આદિ ઉદયોમાં જેટલી ચોવીસીઓ થાય છે, તેટલી ચોવીસીઓનો નિર્દેશ કરવા ઇચ્છતા આ ગાથા કહે છે-આ ગાથામાં દરેક ઉદયમાં કેટલી ચોવીસીઓ થાય છે તેની સંખ્યા કહી છે—

दसगाइसु चउवीसा एक छिक्कारदससग चउक्कं ।
एका य नवसयाइं सट्ठाइं एवमुदयाणं ॥२७॥

दशकादिषु चतुर्विंशतयः एका षट् एकादश दश सप्त चतुष्कं ।
एका च नवशतानि षष्ठ्यधिकान्येवमुदयानाम् ॥२७॥

અર્થ—દશ આદિ ઉદયોમાં અનુક્રમે એક છ અગીઆર દશ સાત ચાર અને એક એ પ્રમાણે ચાલીસ ચોવીસીઓ થાય છે. અને નવસો સાઠ ઉદયના વિકલ્પો થાય છે

ટીકાનુ૰—દશના ઉદયથી આરંભી ચારના ઉદય સુધીમાંના દરેક ઉદયસ્થાનમાં ભાંગાની ચોવીશી અનુક્રમે એક છ અગીઆર દશ સાત ચાર અને એક થાય છે. તેમાં દશના ઉદયે એક ચોવીશી મિથ્યાદષ્ટિ ગુણસ્થાને થાય છે. નવના ઉદયે છ ચોવીશી થાય છે, તેમાં ત્રણ ચોવીશી મિથ્યાદષ્ટિ ગુણઠાણે તથા સાસ્વાદન મિશ્ર અને અવિરતિ સમ્યગ્દષ્ટિ ગુણઠાણે એક એક થાય છે. આઠના ઉદયે અગીઆર ચોવીશી થાય છે, તેમાં ત્રણ મિથ્યાત્વે, બે સાસાદને, બે મિશ્રે, ત્રણ અવિરતિ સમ્યગ્દષ્ટિ ગુણઠાણે અને એક દેશવિરતિ ગુણસ્થાનકે થાય છે. સાતના ઉદયે દશ ચોવીશી થાય છે, તેમાં મિથ્યાદષ્ટિ,

સાસ્વાદન, મિશ્ર અને પ્રમત્ત સંયત એ ચાર ગુણઠાણાઓમાં એક એક, અવિરતિ સમ્યગ્દૃષ્ટિ અને દેશવિરતિ ગુણઠાણે ત્રણ ત્રણ ચોવીશી થાય છે. છના ઉદયે સાત ચોવીશી થાય છે, તેમાં અવિરતિ સમ્યગ્દૃષ્ટિ ગુણઠાણે એક, દેશવિરતિ અને પ્રમત્તે ત્રણ ત્રણ થાય છે. પાંચના ઉદયે ચાર ચોવીશી થાય છે, તેમાં દેશવિરતિમાં એક અને પ્રમત્ત સંયતે ત્રણ થાય છે. ચારના ઉદયે એક અને તે પ્રમત્તે હોય છે. આ પ્રમાણે સઘળી મળી ચાલીશ ચોવીશીઓ ભાંગાની થાય છે. તેને ચોવીશે ગુણતાં ઉદયના વિકલ્પો–ભાંગાઓ નવસો અને સાઠ થાય છે. ૨૭.

હવે પાંચ આદિ બંધસ્થાનકોમાં થતા ઉદયના ભાંગાઓ કહે છે—

बारस चउरो ति दु एक्कगाउ पंचाइबंधगे उदया ।
अब्बंधगे वि एक्को तेसीया नवसया एवं ॥२८॥

द्वादश चत्वारः त्रयो द्वौ एकश्च पञ्चादिबन्धके उदयाः ।
अबन्धकेऽपि एकः त्र्यशीतिः नवशतान्येवम् ॥२८॥

અર્થ—પાંચ આદિ બંધસ્થાનકે અનુક્રમે બાર ચાર ત્રણ બે અને એક ભંગ થાય છે. અબંધકને પણ એક ભંગ થાય છે. કુલ નવસો અને ત્યાશી ભંગ થાય છે.

ટીકાનુ૦—પાંચ આદિ બંધસ્થાનકોમાં અનુક્રમે બાર ચાર ત્રણ બે અને એક એ પ્રમાણે ઉદયના વિકલ્પો થાય છે, તે આ પ્રમાણે–નવમે ગુણસ્થાનકે પાંચના બંધકાળે બે પ્રકૃતિનો ઉદય હોય છે. તે આ–સંજ્વલન ક્રોધાદિ ચારમાંથી કોઈપણ એક ક્રોધ આદિ અને ત્રણ વેદમાંથી કોઈપણ એક વેદ. માટે ચારને ત્રણે ગુણતાં બાર ભાંગા થાય છે. ચારનો જ્યારે બંધ થાય છે ત્યારે ઉદય એક પ્રકૃતિનો હોય છે. ચારનો બંધ પુરૂષવેદના બંધનો વિચ્છેદ થાય ત્યારે થાય છે, અને પુરૂષવેદનો બંધ અને ઉદય એ બંને સાથે જ જાય છે, માટે ચારના બંધકાળે એકનો ઉદય હોય છે અને તે પણ સંજ્વલન ચાર કષાયમાંથી કોઈ એકનો હોય છે. વેદ કે યુગલ કોઈનો ઉદય નહિ હોવાથી અહિં ચાર જ ભંગ થાય છે. અહિં ચાર ભંગ થવાનું કારણ એ છે કે–કોઈ સંજ્વલન ક્રોધના [1]ઉદયે શ્રેણિ આરંભે છે, કોઈ માનના ઉદયે, કોઈ માયાના ઉદયે, કે કોઈ સંજ્વલન લોભના ઉદયે શ્રેણિ આરંભે છે, એટલે ચાર જ ભંગ થાય છે સંજ્વલન ક્રોધનો બંધ વિચ્છેદ થાય ત્યારે ત્રણનો બંધ થાય છે, અહિં પણ ઉદય એકનો જ હોય છે કેમકે

૧ સંજ્વલન ક્રોધને ઉદયે શ્રેણિ આરંભે છે એટલે કે ચારિત્રમોહની ઉપશમના કે ક્ષપણા કરવાનો જ્યારે આરંભ કરે ત્યારે તેનો ઉદય હોય છે, એમ સમજવું. એ પ્રમાણે માનાદિના ઉદય માટે પણ સમજવું.

ક્રોધનો બંધ ઉદય સાથે જ જાય છે. ત્રણના ઉદયના ત્રણ ભંગ થાય છે. એ પ્રમાણે સંજ્વલન માનના બંધવિચ્છેદે એનો બંધ હોય છે, ઉદય માયા કે લોભ એમાંથી એકનો જ હોય છે, અહિં એના ઉદયના બે ભંગ થાય છે. સંજ્વલન માયાનો બંધવિચ્છેદ થાય ત્યારે એક સંજ્વલન લોભનો જ બંધ થાય છે, ઉદયમાં પણ સંજ્વલન લોભ એક જ હોય છે. માન અને માયાનો પણ બંધ અને ઉદય સાથે જ જાય છે, અહિં એકના ઉદયનો એક જ ભંગ થાય છે.

અહિં પાંચ આદિ બંધસ્થાનકોમાં જો કે સંજ્વલનના ઉદય આશ્રયી કોઈ વિશેષ નથી, કેમકે ઉદયમાં તેની તે પ્રકૃતિ હોય છે, તો પણ બંધસ્થાનકની અપેક્ષાએ ભેદ હોવાથી ભાંગા જુદા ગણ્યા છે. પ્રમત્ત, અપ્રમત્ત અને અપૂર્વકરણે તો બંધસ્થાનકની અપેક્ષાએ પણ કોઈ ભેદ નથી, કેમકે તે સઘળા નવનો બંધ કરે છે, ઉદયમાં પણ કોઈ ભેદ નથી માટે તેઓના ભાંગા જુદા ગણ્યા નથી. તથા મોહનીયની એક પણ પ્રકૃતિ નહિ બાંધનાર સૂક્ષ્મસંપરાયે એક સંજ્વલન લોભનો ઉદય હોય છે. એટલે તેનો એક ભંગ. સઘળા મળી પાંચ આદિ બંધકના અને અબંધકના ઉદયના વિકલ્પો ત્રેવીશ થાય છે તે પૂર્વોક્ત નવસો સાઠમાં મેળવતાં કુલ નવસો અને ત્યાશી વિકલ્પો થાય છે. ૨૮

આ વિષયમાં મતાન્તર કહે છે—

चउबंधगेवि बारस दुगोदया जाण तेहिं छूढेहिं।
बंधगभेएणेवं पंचूणसहस्समुदयाणं ॥२९॥

चतुर्बन्धकेऽपि द्वादश द्विकोदयात् जानीहि तैः क्षिप्तैः ।
बन्धकभेदेनैवं पञ्चोनसहस्रमुदयानाम् ॥२९॥

અર્થ—ચારના બંધે પણ શરૂઆતમાં વેદનો ઉદય હોવાથી બાર ભાંગા જાણ-સમજ. બંધકના ભેદે (થતા) તે ભાંગા (પૂર્વોક્ત સંખ્યામાં) નાખવાથી પાંચ ઓછા એક હજાર ઉદયના વિકલ્પો થાય છે.

ટીકાનુ૦—અહિં કેટલાક આચાર્ય મહારાજો ચારનો બંધ જેટલો કાળ થાય છે, તેના આદ્ય વિભાગમાં-શરૂઆતના કાળમાં વેદનો ઉદય ઈચ્છે છે, માટે તેમના મતે ચારના બંધે પણ સંજ્વલન ચાર કષાયને ત્રણ વેદ સાથે ગુણતાં (એના ઉદયના) બાર ભંગ થાય છે. પહેલાં પાંચના બંધે એના ઉદયે જે બાર ભંગ કહ્યા તેજ બાર ભંગ ચારના બંધે અને એના ઉદયે પણ થાય છે. ઉદયગત પ્રકૃતિમાં કંઈ તફાવત નથી છતાં બંધના ભેદે ભિન્ન છે. પહેલાંના બાર ભંગ પાંચના બંધ સંબંધી છે. અને ઉપર કહ્યા તે બાર ભંગ ચારના બંધ સંબંધી છે. માટે બંધના ભેદે થતા તે બાર વિકલ્પ પૂર્વના

ઉદયગત વિકલ્પમાં નાખતાં પાંચ ન્યૂન એક હજાર એટલે કે નવસો પંચાણું ઉદયવિકલ્પો થાય છે જો બંધના ભેદે ભાંગાનો ભેદ ન વિવક્ષીએ તો પાંચના બંધે તેમજ ચારના બંધે અને બેના ઉદયે થતા ભાંગાઓ એક સ્વરૂપવાળા જ છે માટે સઘળા મળી બેના ઉદયના ભાંગાઓ બાર જ થાય છે. તથા બંધસ્થાનના ભેદે એકના ઉદયના ભાંગાઓ પણ એક સ્વરૂપવાળા હોવાથી વાસ્તવિક રીતે તેના ચાર જ[1] ભંગ થાય છે. માટે સોળ ભાંગા પૂર્વોક્ત ઉદયના નવસો સાઠ વિકલ્પોમાં મેળવતાં નવસો છોતેર ઉદયના વિકલ્પો થાય છે. ૨૯

તેજ કહે છે.

बारस दुगोदएहिं भंगा चउरो य संपराएहिं ।
सेसा तेच्चिय भंगा नवसय छावत्तरा एवं ॥३०॥

द्वादशद्विकोदयानां भङ्गाश्चत्वारश्च संपरायाणां ।
शेषास्ते एव भंगाः नवशतानि षट्सप्तत्यधिकान्येवम् ॥३०॥

અર્થ– બેના ઉદયે બાર ભાંગા, અને ચાર કષાયના ચાર ભાંગા (બંધસ્થાનના ભેદે ભેદ ન વિવક્ષીએ તો) થાય છે. બાકીના તો પૂર્વે કહ્યા તે જ ભાંગા થાય છે. એમ નવસો અને છોતેર ભંગ થાય છે.

ટીકાનુ૦—બંધસ્થાનના ભેદે ભેદ ન વિવક્ષીએ તો બેના ઉદયના બાર વિકલ્પ, અને સંજ્વલન ચાર કષાયના ઉદયના ચાર વિકલ્પ થાય છે. બાકીના ઉદયના વિકલ્પો તો પૂર્વે કહ્યા તેજ નવસો અને સાઠ થાય છે. આ પ્રમાણે સઘળા મળી નવસો અને છોતેર ઉદયના વિકલ્પો થાય છે. ૩૦

હવે મોહનીયકર્મના આ ઉપર કહ્યા તેજ ઉદયના વિકલ્પોને ગુણસ્થાનકોમાં વિચાર કરતા આ ગાથા યુગ્મ કહે છે—

मिच्छाइ अप्पमत्तंतयाण अट्ठट्ठ होंति उदयाणं ।
चउवीसाओ सासाण–मीसअपुव्वाण चउ चउरो ॥३१॥
चउवीसगुणा एए बायरसुहुमाण सत्तरस अण्णे ।
सव्वेसुवि मोहुदया पण्णसट्ठा बारससयाओ ॥३२॥

मिथ्यादृष्ट्यादीनामप्रमत्तान्तानामष्टावष्टौ भवन्ति उदयानाम् ।
चतुर्विंशतयः सास्वादन–मिश्रापूर्वाणां चतस्रः चतस्रः ॥३१॥

---

૧ અબંધકને થતો સંજ્વલનના લોભના ઉદયનો એક ભંગ પણ સ્વરૂપે ભિન્ન નહિ હોવાથી જુદો ગણ્યો નથી, માટે ચારજ ભંગ કહ્યા છે.

चतुर्विंशतिगुणा एते बादरसूक्ष्मयोः सप्तदशान्ये ।
सर्वेष्वपि मोहोदयाः पञ्चषष्ट्यद्वादशशतानि ॥३२॥

અર્થ—મિથ્યાદષ્ટિથી આરંભી અપ્રમત્ત ગુણસ્થાનક સુધીના ઉદયની આઠ આઠ ચોવીસી થાય છે. સાસ્વાદન, મિશ્ર અને અપૂર્વકરણની ચાર ચાર થાય છે. એને ચોવીસ ગુણા કરીએ અને બીજા બાદરસંપરાય અને સૂક્ષ્મસંપરાયના સત્તર ભંગ થાય છે, તેને તેમાં મેળવીએ એટલે સઘળા ગુણસ્થાનકોના કુલ ભંગ બારસો અને પાંસઠ થાય છે. ૩૧-૩૨

ટીકાનુ૦—મિથ્યાદષ્ટિથી આરંભી અપ્રમત્ત સુધીના મિથ્યાદષ્ટિ, અવિરત સમ્યગ્દષ્ટિ, દેશવિરતિ, પ્રમત્ત અને અપ્રમત્ત એ દરેક ગુણસ્થાનકમાં ઉદયના વિકલ્પોની આઠ આઠ ચોવીસીઓ થાય છે. એ પ્રમાણે સાસ્વાદન, મિશ્ર અને અપૂર્વકરણ એ પ્રત્યેક ગુણસ્થાનકમાં ચાર ચાર ચોવીસીઓ થાય છે. ગુણસ્થાનકના ભેદે ભેદ ગણતાં કુલ બાવન ચોવીસીઓ થાય છે. આ સઘળી ચોવીસીઓનો સવિસ્તર વિચાર પહેલાં ૨૬ મી ગાથામાં કરી ગયા છે, માટે અહિં ફરી કરતા નથી. ત્યાં બંધસ્થાનકના ભેદે ચોવીસીઓનો ભેદ ગણ્યો છે, અહિં ગુણસ્થાનકના ભેદે ચોવીસીઓનો ભેદ ગણ્યો છે. બાવનને ચોવીસે ગુણીએ એટલે બારસો અધિક અડતાલીસ ભંગ થાય છે. તથા નવમા અને દશમા ગુણસ્થાનકના સત્તર ભંગ થાય છે. ત્રીસમી ગાથામાં કહેલ પ્રકારે પંચાદિ બંધમાં અનિવૃત્તિ બાદર સંપરાયના બેના ઉદયના બાર અને એકના ઉદયના ચાર કુલ સોળ અને બંધના અભાવે સૂક્ષ્મસંપરાયનો એકના ઉદયનો એક, એ પ્રમાણે પૂર્વના બારસો અડતાલીસમાં સત્તર મેળવતાં સઘળા ગુણસ્થાનકોના મોહનીયકર્મના સઘળા ઉદયના વિકલ્પો બારસો પાંસઠ થાય છે. અન્યૂનાતિરિક્ત આ સઘળા ભંગો ઉદીરણામાં પણ જાણવા. ૩૧-૩૨

ઉપર કહી તે જ હકીકત આ ગાથા દ્વારા કહે છે—

उदयविगप्पा जे जे उदीरणाएवि होंति ते ते उ ।
अंतमुहुत्तिय उदया समयादारब्भ भंगा य ॥३३॥

उदयविकल्पा ये ये उदीरणायामपि भवन्ति ते ते तु ।
आन्तर्मौहूर्तिका उदयाः समयादारभ्य भंगाश्च ॥३३॥

અર્થ—ઉદયના જે જે વિકલ્પો થાય છે, તે સઘળા ઉદીરણામાં પણ થાય છે. ઉદય વિકલ્પો અને ભંગો સમયથી આરંભી અંતર્મુહૂર્ત કાળ માનવાળા છે.

ટીકાનુ૦—સ્વરૂપતઃ-સામાન્યથી, બંધસ્થાનના ભેદે, કે ગુણસ્થાનકના ભેદે ઉદયના જે જે વિકલ્પો પહેલાં કહેવાઇ ગયા છે, તે સઘળા ઉદીરણામાં પણ સમજવા. કેમકે ઉદય અને ઉદીરણા સહભાવી છે. જો કે ત્રણ વેદ અને સંજ્વલન કષાયની પર્યંતાવલિકામાં

ઉદીરણા થતી નથી, પરંતુ કેવલ ઉદય જ પ્રવર્ત્તે છે, તોપણ-પર્યંતાવલિકા છોડીને-શેષ કાલ ઉદય સાથે ઉદીરણા હોય છે જ, એટલે ભાંગાની સંખ્યામાં કોઇ ફેર પડતો નથી.

હવે તે ઉદય અને ભંગનું કાળમાન કહે છે.—

એકના ઉદયથી આરંભી દશના ઉદય સુધીના સઘળા ઉદયો–ઉદયસ્થાનકો, અને તેના સઘળા ભાંગાઓ સમયથી આરંભી અંતર્મુહૂર્ત્ત કાળમાનવાળા છે. એટલે કે તે સઘળા ઉદયસ્થાનકોનો અને તેની અંદરના સઘળા ભાંગાઓનો જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત્ત કાળ છે. તે તે ઉદયસ્થાનક કે તે તે ઉદયસ્થાનકોનો દરેક ભંગ જઘન્યથી એક સમય સુધી રહે છે, અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્ત સુધી રહે છે, ત્યારબાદ તે ઉદયસ્થાનક કે ભંગ પલટાઈ જાય છે. કારણ કે ચારથી દશ સુધીના દરેક ઉદયસ્થાનોમાં કોઈપણ એક વેદ અને કોઈપણ એક યુગલ અવશ્ય હોય છે. તે વેદ કે યુગલમાંથી કોઈપણ વેદનું કે યુગલનું અંતર્મુહૂર્ત્ત બાદ જરૂર પરાવર્ત્તન થાય છે. કોઈપણ એક જ વેદ કે એક જ યુગલ અંતર્મુહૂર્ત્તથી વધારે કાળ ઉદયમાં રહેતા નથી. મૂળ ટીકામાં કહ્યું છે કે– "અંતર્મુહૂર્ત્ત બાદ વેદ અને યુગલનું અવશ્ય પરાવર્ત્તન થાય છે, માટે તે દરેક ઉદયસ્થાનકોનો કે તેના ભાંગાઓનો ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત્ત કાળ કહ્યો છે. બેના ઉદયનો અને એકના ઉદયનો અંતર્મુહૂર્ત્તકાળ તો પ્રસિદ્ધ છે. કેમકે બેનો કે એકનો ઉદય નવમા ગુણસ્થાનકે અને એકનો ઉદય દશમા ગુણસ્થાનકે હોય છે, અને તે ગુણસ્થાનકનો કાળ જ અંતર્મુહૂર્ત્ત છે. તથા જઘન્યથી દરેક ઉદયસ્થાનક કે ભંગનો એક સમયનો કાળ છે.

શંકા:– એક સમયનો કાળ શી રીતે ઘટે ?

ઉત્તર:– જ્યારે કોઈપણ વિવક્ષિત એક ઉદયસ્થાનમાં કે કોઈપણ એક ભંગમાં એક સમય રહીને બીજે સમયે અન્ય ગુણસ્થાનકે જાય ત્યારે બંધસ્થાનના ભેદે, ગુણસ્થાનકના ભેદે કે સ્વરૂપે અન્ય ઉદયસ્થાનકમાં કે અન્ય ભંગમાં જાય છે. માટે સઘળા [1]ઉદયસ્થાનકોનો અને ભાંગાઓનો કાળ જઘન્યથી એક સમયનો કહ્યો છે. ૩૩.

હવે કઈ મોહ પ્રકૃતિનો કયા ગુણસ્થાનકે ઉદય–વિચ્છેદ થાય છે, તે કહે છે—

मिच्छत्तं अणमीसं चउरो चउरो कसाय वा संमं ।
ठाइ अपुव्वे छक्कं वेयकसाया तओ लोभं ॥३४॥

मिथ्यात्वं अन-मिश्रं चत्वारश्चत्वारः कषाया वा सम्यक्त्वम् ।
तिष्ठत्यपूर्वे षट्कं वेदकषायास्ततो लोभः ॥३४॥

---

૧ અહિં દરેક ઉદયસ્થાનક કે દરેક ભંગનો જઘન્યથી સમયનો કાળ અન્ય ગુણ સ્થાનકે જાય ત્યારે કહ્યો, આ ઉપરથી એમ સમજાય છે કે એક ગુણસ્થાનકે લાંબો કાળ રહે તો દરેક ઉદયસ્થાન કે ભંગનો અંતર્મુહૂર્ત્તકાળ હોવો જોઇએ.

અર્થ—મિથ્યાત્વ, અનંતાનુબંધી, મિશ્રમોહનીય અને ચાર ચાર કષાયો અનુક્રમે એકથી પાંચ ગુણસ્થાનક સુધીમાં રહે છે–હોય છે. ચારથી સાત સુધીમાં સમ્યક્ત્વમોહનીય વિકલ્પે રહે છે. હાસ્યષટ્ક અપૂર્વકરણ સુધી રહે છે. વેદ અને ત્રણ સંજ્વલન કષાય નવમા સુધી અને લોભ દશમા સુધી રહે છે.

ટીકાનુ૦—ઉદય આશ્રયીને મિથ્યાત્વમોહનીયકર્મ મિથ્યાદષ્ટિ ગુણસ્થાનકે રહે છે–હોય છે. એટલે કે મિથ્યાત્વમોહનીયનો ઉદયવિચ્છેદ મિથ્યાદષ્ટિ ગુણસ્થાનકે થાય છે. ત્યાં ઉદયમાં હોય છે ત્યારપછીના અન્ય કોઈને હોતું નથી. એ પ્રમાણે અનંતાનુબંધિનો ઉદયવિચ્છેદ સાસ્વાદને, મિશ્રમોહનીયનો મિશ્રગુણસ્થાનકે, અપ્રત્યાખ્યાનાવરણ ક્રોધાદિ ચાર કષાયનો અવિરતિ સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનકે, અને પ્રત્યાખ્યાનાવરણીય કષાયનો દેશવિરતિ ગુણસ્થાન કે ઉદયવિચ્છેદ થાય છે. ઉદય આશ્રયીને સમ્યક્ત્વમોહનીયકર્મ અવિરતિ સમ્યગ્દૃષ્ટિથી અપ્રમત્ત ગુણસ્થાનક સુધીમાં વિકલ્પે હોય છે, કદાચિત્ હોય છે. કદાચિત્ હોતું નથી. તેમાં ઔપશમિક સમ્યગ્દષ્ટિ કે ક્ષાયિક સમ્યગ્દષ્ટિને ઉદયમાં હોતું નથી, ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિને ઉદયમાં હોય છે. તથા હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, અને જુગુપ્સારૂપ હાસ્યષટ્કનો ઉદયવિચ્છેદ અપૂર્વકરણે થાય છે. ત્રણવેદ અને સંજ્વલન ક્રોધ–માન અને માયાનો ઉદયવિચ્છેદ અનિવૃત્તિ બાદર સંપરાયે થાય છે. તથા સંજ્વલન લોભનો ઉદયવિચ્છેદ દશમા ગુણસ્થાનકે થાય છે. ત્યાં સુધી ઉદયમાં રહે છે, ત્યારબાદ રહેતા નથી. ૩૪

આ પ્રમાણે મોહનીયકર્મનાં ઉદયસ્થાનકો વિસ્તારપૂર્વક કહ્યાં. હવે સત્તાસ્થાનકો કહે છે—

अट्ठगसत्तगछक्कगचउतिगदुगएक्कगाहिया वीसा ।
तेरस बारेकारस संते पंचाइ जा एक्कं ॥३५॥

अष्टकसप्तकषट्कचतुस्त्रिद्व्येकाधिका विंशतिः ।
त्रयोदश द्वादश एकादश सत्कर्माणि पंचादि यावदेकम् ॥३५॥

અર્થ—આઠ સાત છ ચાર ત્રણ બે અને એક અધિક વીશ, તેર, બાર, અગિયાર, અને પાંચથી એક સુધી કુલ પંદર સત્તાસ્થાનકો છે.

ટીકાનુ૦—મોહનીયકર્મનાં પંદર સત્તાનાં સ્થાનકો છે. તે આ પ્રમાણે–અઠ્ઠાવીશ, સત્તાવીશ, છવ્વીસ, ચોવીસ, ત્રેવીસ, બાવીસ. એકવીસ, તેર, બાર, અગિયાર, પાંચ ચાર, ત્રણ, બે અને એક

ગાથામાં 'संते' એ પદનો ભાવપ્રધાન નિર્દેશ કરેલ હોવાથી 'सत्' ઉપરથી સત્તા પદ લેવાનું છે. અને તેથી ઉપર સત્તાનાં સ્થાનકો લીધાં છે. ૩૫

હવે ઉપર કહેલાં સત્તાસ્થાનકોને ગુણસ્થાનકોમાં ઘટાવે છે—

अणमिच्छमीससम्माण अविरया अप्पमत्त जा खवगा ।
समयं अट्ठकसाए नपुंसइत्थी कमा छक्क ॥३६॥
पुंवेयं कोहाइ नियट्टि नासेइ सुहुम तणुलोभं ।
तिण्णेगतिपण चउसुं तेक्कारस चउति संताणि ॥३७॥

अनमिथ्यात्वमिश्रसम्यक्त्वानां अविरता (दयो) अप्रमत्ताः यावत् क्षपकाः ।
समकं अष्टौ कषायान् नपुंसं स्त्रियं क्रमात् षट्कम् ॥३६॥
पुंवेदं क्रोधादीननिवृत्तिर्नाशयति सूक्ष्मः तनुलोभम् ।
त्रीण्येकं त्रीणि पञ्च चतुर्षु त्रीण्येकादश चतुः त्रीणि सत्स्थानानि ॥३७॥

અર્થ—અવિરતિથી આરંભી અપ્રમત્ત સુધીના અનંતાનુબંધિ, મિથ્યાત્વ, મિશ્ર અને સમ્યક્ત્વ મોહનીયના ક્ષપક છે. અનિવૃત્તિ બાદર સંપરાય આઠ કષાયને એક સાથે ખપાવે છે. ત્યારબાદ નપુંસકવેદને, સ્ત્રીવેદને, હાસ્યષટ્કને, પુરૂષવેદને, અને સંજ્વલન ક્રોધ માન માયાને અનુક્રમે ખપાવે છે. સૂક્ષ્મસંપરાય સૂક્ષ્મ લોભને ખપાવે છે. ત્રણ, એક, ત્રણ, ચારમાં પાંચ, ત્રણ, અગીઆર, ચાર, અને ત્રણ, એ પ્રમાણે મિથ્યાદષ્ટિથી ઉપશાંતમોહ ગુણસ્થાનક સુધીમાં અનુક્રમે સત્તાનાં સ્થાનકો હોય છે.

ટીકાનુ૦—અનન્તાનુબંધિ ચતુષ્ક, મિથ્યાત્વમોહનીય, મિશ્રમોહનીય અને સમ્યક્ત્વ-મોહનીયને અવિરતિ સમ્યગ્દષ્ટિ ગુણસ્થાનકથી અપ્રમત્ત સંયત ગુણસ્થાનક સુધીના ખપાવે છે. ઉપરોક્ત ચાર ગુણસ્થાનકમાંથી કોઈપણ ગુણસ્થાનકે વર્ત્તમાન આત્માઓ એ સપ્તકને ખપાવે છે, એ તાત્પર્ય છે. (તેમાં પણ પહેલાં અનંતાનુબંધિ ચતુષ્કને અને પછી દર્શન-ત્રિકને ખપાવે છે.) એટલે એ અવિરતાદિ ગુણસ્થાનકોમાં જ્યાં સુધી સપ્તકનો ક્ષય ન કર્યો હોય ત્યાં સુધી તે સત્તામાં હોય છે, ત્યારબાદ સર્વથા હોતાં નથી. તથા ક્ષપકશ્રેણિમાં અનિવૃત્તિ બાદરસંપરાય ગુણસ્થાનકે અપ્રત્યાખ્યાનાવરણ અને પ્રત્યાખ્યાનાવરણ એ આઠ કષાયનો એક સાથે નાશ કરે છે. ત્યારપછી નપુંસકવેદનો ક્ષય કરે છે, ત્યારબાદ સ્ત્રીવેદનો, ત્યારબાદ હાસ્યષટ્કનો, ત્યારબાદ પુરૂષવેદનો, ત્યાર પછી અનુક્રમે સંજ્વલન ક્રોધ, માન અને માયાનો નાશ કરે છે આ ક્રમે ક્ષપકશ્રેણિમાં વર્ત્તમાન આત્મા નવમા ગુણસ્થાનકે મોહ-નીયકર્મની વીશ કર્મ પ્રકૃતિઓ ખપાવે છે. કીટ્ટીકૃત સૂક્ષ્મલોભનો સૂક્ષ્મસંપરાય ગુણ-સ્થાનકે નાશ કરે છે. કયા કયા ગુણસ્થાનકે કયા ક્રમથી મોહનીયની કર્મપ્રકૃતિઓનો ક્ષય કરે છે એ ઉપર કહ્યું, તેથી ચોવીસ આદિ બાર સત્તાસ્થાનોનું વ્યાખ્યાન કર્યું છે, એમ સમજવું. તથા ત્રણ સત્તાસ્થાનો કેવી રીતે હોય છે, તે જો કે આગળ કહેશે, તોપણ સંમોહ ન થાય એટલા માટે તે સઘળાં સત્તાસ્થાનોનો પણ અહિં વિચાર કરે છે.

મોહનીયકર્મની અઠ્ઠાવીશે પ્રકૃતિઓ સત્તામાં હોય ત્યારે અઠ્ઠાવીશ, સમ્યક્ત્વમોહનીય ઉવેલે ત્યારે સત્તાવીશ, મિશ્રમોહનીય ઉવેલે ત્યારે છવ્વીસ અથવા અનાદિ મિથ્યાદષ્ટિને

છવ્વીસ, અઠ્ઠાવીશમાંથી અનંતાનુબંધિ ચતુષ્કની વિસંયોજના કરે ત્યારે ચોવીસ, મિથ્યાત્વમોહનીયના ક્ષયે ત્રેવીશ, મિશ્રમોહનીયના ક્ષયે બાવીશ, અને સમ્યક્ત્વ મોહનીયના ક્ષયે ક્ષાયિક સમ્યક્ત્વીને એકવીશ પ્રકૃતિઓ સત્તામાં હોય છે. ત્યારબાદ ક્ષપકશ્રેણિમાં આઠ કષાયનો ક્ષય કરે ત્યારે તેર, નપુંસકવેદના ક્ષયે બાર, સ્ત્રીવેદના ક્ષયે અગિયાર, હાસ્યષટ્કના ક્ષયે પાંચ, પુરૂષવેદના ક્ષયે ચાર, ત્યારબાદ સંજ્વલન ક્રોધના ક્ષયે ત્રણ, સંજ્વલન માનના ક્ષયે બે, સંજ્વલન માયાના ક્ષયે એક સંજ્વલન લોભ સત્તામાં હોય છે આ પ્રમાણે મોહનીય કર્મનાં પંદર સત્તાનાં સ્થાનકો થાય છે.

હવે પ્રત્યેક ગુણસ્થાનકમાં કેટલાં સત્તાનાં સ્થાનકો હોય તેનો વિચાર કરતાં કહે છે. મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનકે ત્રણ સત્તાસ્થાન હોય છે. તે આ પ્રમાણે–૨૮-૨૭–૨૬. સાસ્વાદન સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનકે અઠ્ઠાવીસનું એક સત્તાસ્થાન હોય છે. મિશ્રદૃષ્ટિ ગુણસ્થાનકે ત્રણ સત્તાસ્થાન હોય છે. તે આ–૨૮–૨૭–૨૪. તથા અવિરતિ સમ્યગ્દૃષ્ટિ, દેશવિરતિ, પ્રમત્ત સંયત, અને અપ્રમત્ત સંયત એ ચાર ગુણસ્થાનકોમાં દરેકમાં પાંચ પાંચ સત્તાસ્થાનક હોય છે. તે આ પ્રમાણે–૨૮–૨૪–૨૩–૨૨–૨૧. અપૂર્વકરણે ત્રણ સત્તાસ્થાનક હોય છે. તે આ– ૨૮–૨૪–૨૧. અનિવૃત્તિ બાદર સંપરાય ગુણસ્થાનકે અગીઆર સત્તાસ્થાન હોય છે. તે આ પ્રમાણે–૨૮–૨૪–૨૧–૧૩–૧૨–૧૧–૫–૪–૩–૨–૧. સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકે ચાર સત્તાસ્થાન હોય છે. તે આ–૨૮–૨૪–૨૧–૧. ઉપશાંતમોહ ગુણસ્થાનકે ત્રણ સત્તાસ્થાન હોય છે. તે આ–૨૮–૨૪–૨૧. આ સઘળાં સત્તાનાં સ્થાનકોનો વિચાર સંવેધનો વિચાર કરશે ત્યાં કરશે, એટલે અહિં તેનો વિચાર કર્યો નથી. ૩૭.

હવે છવ્વીસ આદિ સત્તાસ્થાનકો કે જેનો પહેલાં વિચાર નથી કર્યો, તેનો સંભવ કઇ રીતે હોઈ શકે. તે જણાવવા આ ગાથા કહે છે.—

छव्वीसणाइमिच्छे उव्वलणाए व सम्ममीसाणं ।
चउवीस अणविजोए भावो मूओ वि मिच्छाओ ३८॥

षड्विंशतिरनादिमिथ्यात्वे उद्वलनायां वा सम्यक्त्वमिश्रयोः ।
चतुर्विंशतिरनवियोगे भावो भूयोऽपि मिथ्यात्वात् ॥३८॥

અર્થ—અનાદિ મિથ્યાદૃષ્ટિને છવ્વીસનું સત્તાસ્થાન હોય છે. સમ્યક્ત્વ અને મિશ્રમોહનીયને ઉવેલતાં સત્તાવીસ અને છવ્વીસ એ બે સત્તાસ્થાન હોય છે. અનંતાનુબંધિની વિસંયોજના કરતાં ચોવીસનું સત્તાસ્થાન હોય છે. મિથ્યાત્વમોહનીયરૂપ નિમિત્તથી અનંતાનુબંધિની ફરી પણ સત્તા થાય છે.

ટીકાનુ૦—અનાદિ મિથ્યાદૃષ્ટિને મોહનીય કર્મનું છવ્વીસ પ્રકૃતિરૂપ એકજ [1]સત્તાસ્થાન હોય છે અથવા અઠ્ઠાવીસની સત્તાવાળો આત્મા જ્યારે સમ્યક્ત્વ અને મિશ્રમોહનીય ઉવેલે ત્યારે છવ્વીસ પ્રકૃતિની સત્તા થાય છે. અઠ્ઠાવીસ પ્રકૃતિની સત્તાવાળા આત્માએ

૧. એક સાથે જેટલી પ્રકૃતિ સત્તામાં હોય તેને સત્તાસ્થાન કહેવાય છે.

સમ્યક્ત્વ મોહનીય ઉવેલી નાખી છે, પરંતુ હજી મિશ્રમોહનીય ઉવેલી નથી, જ્યાં સુધી ઉવેલી ન હોય ત્યાં સુધી તેને સત્તાવીસ પ્રકૃતિ સત્તામાં હોય છે. તથા અનંતાનુબંધિની વિસંયોજના કરે ત્યારે ચોવીસ પ્રકૃતિ સત્તામાં હોય છે વિસંયોજનાનો અર્થ ક્ષપણા છે.

પ્રશ્ન—જ્યારે અનંતાનુબંધિ કષાયોને વિસંયોજ્યા એટલે કે સત્તામાંથી નિર્મૂળ કર્યા ત્યારે અસદ્ભૂત થયેલા તે કષાયોની સત્તાનો ફરી પ્રાદુર્ભાવ કઈ રીતે થાય? જે સત્તામાંથીજ ગયા તે ફરી કઈ રીતે સત્તામાં પ્રાપ્ત થાય?

ઉત્તર—મિથ્યાત્વથી. અનંતાનુબંધિની ક્ષપણા કરનારાએ અનંતાનુબંધિને સત્તામાંથી નિર્મૂળ કર્યા છે, પરંતુ તેના બીજ ભૂત મિથ્યાત્વમોહનીયને નષ્ટ કર્યું નથી. જ્યાં સુધી તે બીજ છે ત્યાં સુધી અનંતાનુબંધિની સત્તા થવાનો સંભવ છે, કેમકે મિથ્યાત્વમોહનીયના ઉદયથી જ્યારે પ્રથમ ગુણસ્થાનકે જાય છે, ત્યારે મિથ્યાત્વરૂપ નિમિત્તવડે અનંતાનુબંધિ કષાયને બાંધે છે. જ્યારે બાંધે ત્યારે સત્તામાં અવશ્ય પ્રાપ્ત થાય છે. ૩૮.

જે મોહનીય પ્રકૃતિનો જે ઉદ્વલક છે, તેને આ ગાથામાં બતાવે છે—

सम्ममीसाणं मिच्छो सम्मो पढमाण होइ उव्वलगो ।
बंधावलियाउप्पिं उदओ संकंतदलियस्स ॥ ३९ ॥

सम्यक्त्वमिश्रयोर्मिथ्यादृष्टिः सम्यग्दृष्टिः प्रथमानां भवत्युद्वलकः ।
बंधावलिकाया उपरि उदयः संक्रान्तदलिकस्य ॥ ३९ ॥

અર્થ—સમ્યક્ત્વ અને મિશ્રમોહનીયનો ઉદ્વલક મિથ્યાદૃષ્ટિ અને અનંતાનુબંધિ કષાયનો સમ્યગ્દૃષ્ટિ આત્મા છે. તથા બંધાવલિકા ગયા બાદ સંક્રાંત દલિકનો ઉદય થાય છે.

ટીકાનુ૦—સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીયની ઉદ્વલના મિથ્યાદૃષ્ટિ આત્મા કરે છે. અને અનંતાનુબંધિકષાયની ઉદ્વલના સમ્યગ્દૃષ્ટિ-ચોથા ગુણસ્થાનકથી સાતમા ગુણસ્થાન સુધીમાં વર્ત્તમાન આત્મા કરે છે. ઉવેલેલા અનંતાનુબંધિ કષાયનો પહેલે ગુણસ્થાનકે કઈ રીતે અને ક્યારે ઉદય થાય તે કહે છે-અનંતાનુબંધિ ઉવેલનાર આત્મા મિથ્યાત્વમોહના ઉદયથી પડી મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનકે જાય છે. જે સમયે મિથ્યાત્વ ગુણસ્થાનકે જાય તેજ સમયથી બીજભૂત મિથ્યાત્વરૂપ હેતુ વડે અનંતાનુબંધિ બાંધવાનો આરંભ કરે છે. જે સમયથી બાંધવાની શરૂઆત કરે તેજ સમયથી પતદ્ગ્રહરૂપ થયેલા તે અનંતાનુબંધિમાં અપ્રત્યાખ્યાનાવરણાદિ પ્રકૃતિઓનાં દલિકો સંક્રમે છે. સંક્રમાવલિકા ગયા બાદ તે સંક્રાન્ત દલિકનો ઉદય થાય છે. તાત્પર્ય એ કે અનંતાનુબંધિ કષાયની વિસંયોજના કર્યા બાદ મિથ્યાત્વ મોહનીયકર્મના ઉદયથી પડી જે સમયે મિથ્યાત્વે આવે તે સમયથી એક આવલિકા બાદ અવશ્ય અનંતાનુબંધિ કષાયનો ઉદય થાય છે. આ વિષયનો પહેલાં ગા૦ ૨૬ માં વિચાર કરી ગયા છે. ૩૯

આ પ્રમાણે સવિસ્તર સત્તાનાં સ્થાનકો કહ્યાં હવે બંધ, ઉદય અને સત્તાસ્થાનકોનો પરસ્પર સંવેધ કહે છે.—

बावीसं बंधंते मिच्छे सत्तोदयंमि अडवीसा ।
संतं छसत्तवीसा य होंति सेसेसु उदएसु ॥ ४० ॥

द्वाविंशतिं बध्नन्ति मिथ्यात्वे सप्तोदये अष्टाविंशतिः ।
सत् षड्सप्तविंशती च भवतः शेषेषूदयेषु ॥ ४० ॥

અર્થ—મિથ્યાત્વે બાવીસ બાંધે છે, અને ત્યાં સાતનો ઉદય છતાં અઠ્ઠાવીશ સત્તામાં હોય છે. તથા શેષ ઉદયોમાં છવ્વીસ અને સત્તાવીશ પણ સત્તાનાં સ્થાનકો હોય છે.

ટીકાનુ૦—મોહનીય કર્મની બાવીસ પ્રકૃતિનો બંધ મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનકે હોય છે, અને ત્યાં સાતનો ઉદય છતાં અઠ્ઠાવીસ પ્રકૃતિના સમુદાયરૂપ એક જ સત્તાસ્થાન હોય, છે, અન્ય કોઈ હોતાં નથી. મિથ્યાદૃષ્ટિને બાવીસના બંધે સાતનો ઉદય છતાં એક અઠ્ઠાવીશનું જ સત્તાસ્થાન હોય એ કેમ સમજી શકાય? એ પ્રશ્નના ઉત્તરમાં કહે છે કે—

સાતનું ઉદયસ્થાન અનંતાનુબંધિના ઉદય વિના હોય છે. મિથ્યાદૃષ્ટિને અનંતાનુબંધિના ઉદય વિનાનું સાતનું ઉદયસ્થાન કઈ રીતે અને કેટલો કાળ હોય તે સમજવામાં આવે તો સાતના ઉદયે અટ્ઠાવીશનું એક જ સત્તાસ્થાન હોઇ શકે તે બરાબર સમજી શકાય, એટલે તે જ સમજાવે છે.—કોઇ એક આત્માએ સમ્યગ્દૃષ્ટિ છતા અનંતાનુબંધિ કષાયને ઉવેલી નાખ્યા—સત્તામાંથી નિર્મૂળ કર્યા. ત્યારબાદ કાળાંતરે તથાપ્રકારના પરિણામના વશથી મિથ્યાત્વે ગયો. જે મિથ્યાદૃષ્ટિ થયો તે જ સમયથી મિથ્યાત્વરૂપ નિમિત્તવડે અનંતાનુબંધિ કષાયને બાંધવાનો આરંભ કર્યો, અને બંધાતા તે અનંતાનુબંધિ કષાયમાં અપ્રત્યાખ્યાનાવરણાદિ કષાયને સંક્રમાવવાનો પણ બંધ સાથે જ આરંભ કર્યો. આવા પ્રકારના મિથ્યાદૃષ્ટિને [1] બંધાવલિકા કહો કે સંક્રમાવલિકા કહો એક આવલિકા કાળ પર્યંત અનંતાનુબંધિ કષાયનો ઉદય હોતો નથી. અનંતાનુબંધિની વિસંયોજના કર્યા વિના જેઓ મિથ્યાત્વ ગુણસ્થાનકે જાય તેઓને તો અવશ્ય અનંતા-

૧ જે સમયે બંધ શરૂ થાય તે જ સમયથી સંક્રમ પણ શરૂ થાય છે. એટલે બંધાવલિકા અને સંક્રમાવલિકા એક સાથે જ પૂર્ણ થાય છે. આવલિકા ગયા બાદ સંક્રાંત દલિકનો ઉદય થાય છે, અને બદ્ધદલિકનો ઉદીરણાથી ઉદય થાય છે. જો બંધાતા અનંતાનુબંધિમાં અપ્રત્યાખ્યાનાવરણાદિ સંક્રમતા નહોત તો બંધાયેલા દલિકોનો ઓછામાં ઓછો અંતર્મુહૂર્ત્ત અબાધાકાળ હોવાથી બાંધેલા દલિક તો અંતર્મુહૂર્ત્ત પછી જ ઉદયમાં આવી શકે. પરંતુ અપ્રત્યાખ્યાનાવરણાદિ કષાયના દલિકો સંક્રમે છે, એટલે સંક્રમાવલિકા ગયા પછી સંક્રમેલાં દલિકો ઉદયમાં આવે છે, અને બદ્ધ દલિક ઉદીરણાથી ઉદયમાં આવે છે. આ રીતે મિથ્યાદૃષ્ટિ એક આવલિકા કાળ જ અનંતાનુબંધિના ઉદય વિનાનો હોય છે.

નુબંધિ કષાયનો ઉદય હોય છે. આ રીતે મિથ્યાદષ્ટિને એક આવલિકા કાળ સાતના ઉદયે અઠ્ઠાવીસ પ્રકૃતિનું એક જ સત્તાસ્થાન સંભવે છે.

તથા સાત સિવાયના બાકીના આઠ, નવ અને દશરૂપ ત્રણ ઉદયસ્થાનમાં છવ્વીસ સત્તાવીસ અને અઠ્ઠાવીશ એમ ત્રણ ત્રણ સત્તાસ્થાનો હોય છે. તે આ પ્રમાણે-આઠપ્રકૃતિનું ઉદયસ્થાન બે પ્રકારે છે-૧ અનંતાનુબંધિના ઉદય વિનાનું ૨ અનંતાનુબંધિના ઉદયવાળું. તેમાં અનંતાનુબંધિના ઉદયવિનાના આઠના ઉદયે સાતના ઉદયમાં કહેલ યુક્તિ પ્રમાણે અઠ્ઠાવીશનું એક જ સત્તાસ્થાન હોય છે. અને અનંતાનુબંધિના ઉદયવાળા આઠના ઉદયે ઉપર કહ્યાં તે ત્રણે સત્તાસ્થાનો હોય છે, તેમાં જ્યાંસુધી સમ્યકૃત્વમોહનીય ઉવેલે નહિ ત્યાં સુધી અઠ્ઠાવીશ, સમ્યકત્વમોહનીય ઉવેલ્યા બાદ સત્તાવીશ, અને મિશ્રમોહનીય ઉવેલ્યા બાદ છવ્વીસ, અથવા અનાદિ મિથ્યાદષ્ટિને છવ્વીસ. એ રીતે આઠના ઉદયે ત્રણ સત્તાસ્થાન હોય છે. એ જ પ્રમાણે નવના ઉદયે પણ ત્રણ સત્તાસ્થાન હોય છે. દશનું ઉદયસ્થાન અનન્તાનુબંધિ સહિત જ હોય છે. ત્યાં પણ ત્રણે સત્તાસ્થાન હોય છે. સાત આઠ નવ અને દશ એ ચાર ઉદયસ્થાનકો કઈ કઈ પ્રકૃતિના મળવાથી થાય છે, તે ચોવીસીઓ કહેવાના પ્રસંગે કહેવાઇ ગયું છે.

તથા સાસ્વાદને એકવીશ પ્રકૃતિના બંધે સાત, આઠ અને નવ એ ત્રણે ઉદયસ્થાનકે અઠ્ઠાવીશ પ્રકૃતિના સમુદાયરૂપ એક જ સત્તાસ્થાન હોય છે. તે આ રીતે--સાસ્વાદનપણું ઔપશમિક સમ્યક્ત્વથી પડતાં પ્રાપ્ત થાય છે. ઉપશમસમ્યકત્વના બળથી તે આત્માએ મિથ્યાત્વમોહનીયને રસ ભેદે સમ્યકત્વ મિશ્ર અને મિથ્યાત્વરૂપે ત્રણ ભાગમાં વહેંચી નાખ્યું છે માટે દર્શન મોહનીય ત્રિકની પણ સત્તા હોવાથી સાસ્વાદને ત્રણે ઉદય સ્થાનોમાં એક અઠ્ઠાવીસનું જ સત્તાસ્થાન હોય છે. અહિં સમ્યકૃત્વ, મિશ્રમોહનીય ઉવેલાતાં નહિ હોવાથી આચાર્ય મહારાજે ગાથામાં કહ્યું નથી. ૪૦

सत्तरसबंधगे छोदयम्मि संतं इगट्ठ चउवीसा ।
सगति दुवीसा य सगट्ठगोदये नेयरिगिवीसा ॥ ४१ ॥

सप्तदशबन्धके षडुदये सन्ति एकाष्टचतुर्विंशतयः ।
सप्तत्रिद्वाविंशतयश्च सप्ताष्टकोदये नेतरे एकविंशतिः ॥ ४१ ॥

અર્થ—સત્તરના બંધે છના ઉદયે એકવીસ અઠ્ઠાવીસ અને ચોવીસ એમ ત્રણ સત્તાસ્થાનો હોય છે. સાત અને આઠના ઉદયે સત્તાવીસ, ત્રેવીસ, બાવીસ च શબ્દથી એકવીશ અઠ્ઠાવીશ અને ચોવીશ એમ છ સત્તાસ્થાન હોય છે. ઇતર--નવના ઉદયે એકવીશનું સત્તાસ્થાન હોતું નથી.

ટીકાનુ૦—સત્તરના બંધે-છના ઉદયે એકવીશ, અઠ્ઠાવીસ ને ચોવીસ એમ ત્રણ સત્તાસ્થાન હોય છે. સાતના અને આઠના ઉદયે સત્તાવીસ, ત્રેવીસ અને બાવીસ અને च શબ્દથી અઠ્ઠાવીશ, ચોવીશ અને એકવીશ એમ છ સત્તાસ્થાન હોય છે. નવના ઉદયે એકવીસ વિના પાંચ સત્તાસ્થાન હોય છે. એનો વિશેષ વિચાર આ પ્રમાણે છે.–સત્તરનો બંધ ત્રીજા ગુણસ્થાનકે અને ચોથા ગુણસ્થાનકે હોય છે. તેમાંથી ત્રીજા ગુણસ્થાનકે સાત, આઠ અને નવ એમ ત્રણ ઉદયસ્થાન હોય છે, અને અઠ્ઠાવીસ, સત્તાવીશ અને ચોવીશ એમ ત્રણ સત્તાસ્થાનો હોય છે. તેમાં સાતના ઉદયે ઉપર કહ્યાં તે ત્રણે સત્તાસ્થાનો હોય છે.

કઈ રીતે હોય તે કહે છે–અઠ્ઠાવીશે પ્રકૃતિની સત્તાવાળો જે કોઈ આત્મા સમ્યગ્મિથ્યાત્વ પ્રાપ્ત કરે તેને અઠ્ઠાવીસ પ્રકૃતિનું સત્તાસ્થાન હોય છે. જેણે મિથ્યાદષ્ટિ છતાં પહેલાં સમ્યક્ત્વમોહનીયની ઉદ્વલના કરી, પરંતુ મિશ્રમોહનીયને ઉવેલવાનો આરંભ કર્યો નથી. વચમાં પરિણામના વશથી મિથ્યાત્વ ગુણસ્થાનકેથી મિશ્રગુણસ્થાનકે જાય તેને સત્તાવીશનું સત્તાસ્થાન હોય છે. તથા પહેલાં સમ્યગ્દષ્ટિ છતા અનંતાનુબંધિની વિસંયોજના કરી પછીથી પરિણામના વશથી મિશ્રગુણસ્થાન પ્રાપ્ત કરે તેને ચોવીશનું સત્તાસ્થાન હોય છે, કારણ કે ચારે ગતિના સમ્યગ્દષ્ટિ આત્માઓ અનંતાનુબંધિની વિસંયોજના કર્યા પછી મિશ્રગુણસ્થાન પ્રાપ્ત કરી શકે છે માટે ચારે ગતિમાં સમ્યગ્મિથ્યાદષ્ટિઓને [1]ચોવીશનું સત્તાસ્થાન હોય છે. એ રીતે આઠ અને નવના ઉદયે પણ અઠ્ઠાવીશ, સત્તાવીસ અને ચોવીશ એમ ત્રણ ત્રણ સત્તાસ્થાનો હોય છે.

અવિરતિ સમ્યગ્દષ્ટિ ગુણસ્થાનકે છ સાત આઠ અને નવ એમ ચાર ઉદયસ્થાનકો તથા અઠ્ઠાવીશ ચોવીશ તેવીસ બાવીસ અને એકવીસ એમ પાંચ સત્તાસ્થાનકો હોય છે. ત્રણ પ્રકારનાં સમ્યક્ત્વ હોય છે. તેમાં ક્ષાયિક અને ઔપશમિક સમ્યગ્દષ્ટિઓને સમ્યક્ત્વમોહનીયનો ઉદય હોતો નથી, એટલે તેઓને તેના ઉદયવિનાનાં છ, સાત અને આઠ એમ ત્રણ ઉદયસ્થાનકો હોય છે. અને ક્ષાયોપશમિકસમ્યક્ત્વીને સમ્યક્ત્વમોહનીયનો ઉદય હોવાથી તેના ઉદયવાળાં સાત આઠ અને નવ એમ ત્રણ ઉદયસ્થાનકો હોય છે. સત્તાસ્થાનકોમાંથી ક્ષાયિક સમ્યક્ત્વીને એકવીશ, ઔપશમિક સમ્યક્ત્વીને અઠ્ઠાવીશ અને ચોવીશ, તથા ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિને પોતપોતાના દરેક ઉદયસ્થાનકે અઠ્ઠાવીશ ચોવીશ ત્રેવીશ અને બાવીશ એમ ચાર સત્તાસ્થાનકો હોય છે.

અવિરતિ સમ્યગ્દષ્ટિ ગુણસ્થાનકે સત્તરના બંધે છનો ઉદય ક્ષાયિક અને ઔપશમિક સમ્યગ્દષ્ટિને હોય છે. તેમાં ક્ષાયિક સમ્યક્ત્વીને એકવીશનું એક અને ઔપશમિક સમ્યગ્દૃષ્ટિને અઠ્ઠાવીશ અને ચોવીશ એમ બે સત્તાસ્થાન હોય છે. ભય અગર જુગુપ્સા સહિત

૧ જેમ ચોવીસનું સત્તાસ્થાન ચારે ગતિમાં હોય તેમ મિશ્રદષ્ટિને અઠ્ઠાવીસ અને સત્તાવીસના સત્તાસ્થાનકો પણ ચારે ગતિમાં સંભવે છે. કેમકે ક્ષાયોપશમિક સમ્યક્ત્વ ચારે ગતિમાં હોય છે.

સાતનો ઉદય ક્ષાયિક અને ઔપશમિકસમ્યગ્દૃષ્ટિને હોય છે, અને સત્તાસ્થાનકો છ ના ઉદયમાં જેમ ઘટાવ્યાં તેમ ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિને એકવીશ અને ઔપશમિક સમ્યગ્દૃષ્ટિને અઠ્ઠાવીસ અને ચોવીસ એમ બે હોય છે. સમ્યકત્વમોહનીય સહિત સાતનો ઉદય ક્ષાયોપશમિકસમ્યગ્દૃષ્ટિને હોય છે. તેને સર્વ પ્રકૃતિની સત્તાએ અઠ્ઠાવીશ, અને અનંતાનુબંધિના વિસંયોજકને ચોવીસ, ક્ષાયિક સમ્યકત્વ ઉત્પન્ન કરતાં મિથ્યાત્વમોહનીયનો ક્ષય થયા બાદ ત્રેવીસ, અને તેનેજ મિશ્રમોહનીયનો ક્ષય થયા પછી બાવીશ એમ ચાર સત્તાસ્થાનો હોય છે.

ત્રેવીસ અને બાવીસ એ બે સત્તાસ્થાનકો ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિને ક્ષાયિક સમ્યકત્વ ઉત્પન્ન કરતાંજ હોય છે. ઓછામાં ઓછી કંઈક અધિક આઠ વરસની (સાત માસ ગર્ભના અને આઠવરસ પ્રસવ થયા પછીના, કુલ ઓછામાં ઓછી આઠ વરસ અને સાત માસ)ની ઉમરવાળા કોઇ મનુષ્યે ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિ છતા દર્શન સપ્તકને ક્ષય કરવાનો આરંભ કર્યો. તેને અનંતાનુબંધી અને મિથ્યાત્વમોહનીયનો ક્ષય થયા બાદ ત્રેવીસનું સત્તાસ્થાન, અને મિશ્રમોહનીયનો ક્ષય થયા પછી તેનેજ બાવીસનું સત્તાસ્થાન હોય છે. આ બાવીશની[1] સત્તાવાળો સમ્યકત્વમોહનીયને ખપાવતાં તેના ચરમગ્રાસે વર્તમાન પૂર્વબદ્ધાયુષ્ક કોઈ આત્મા પોતાનું આયુ પૂર્ણ થાય તો કાળ પણ કરે છે, અને કાળ કરીને ચાર માંહેની કોઈ પણ ગતિમાં ઉત્પન્ન થાય છે. અને તે અંતર્મુહૂર્ત્ત પ્રમાણ સત્તામાં રહેલી સમ્યકત્વમોહનીયની સ્થિતિને ખપાવી ક્ષાયિક સમ્યકત્વ પ્રાપ્ત કરે છે. શાસ્ત્રમાં કહ્યું છે કે "ક્ષાયિક સમ્યકત્વ પ્રાપ્ત કરવા મિથ્યાત્વમોહનીયનો ક્ષય કરવાની શરૂઆત પ્રથમ સંઘયણી જિનકાલિક મનુષ્યજ કરે છે. પરંતુ સમ્યકત્વમોહનીયની છેલ્લી અંતર્મુહૂર્ત્ત પ્રમાણ સ્થિતિ ખપાવી ચારે ગતિના જીવો ક્ષાયિક સમ્યકત્વ પ્રાપ્ત કરી શકે છે. એટલે ક્ષાયિકસમ્યકત્વને પ્રાપ્ત કરવાનો આરંભ કરનાર મનુષ્યજ અને પૂર્ણાહુતિ કરનાર ચારે ગતિના જીવો હોય છે." માટે મોહનીયકર્મની બાવીસ પ્રકૃતિની સત્તા ચારે ગતિમાં હોય છે. ભય જુગુપ્સા સહિત આઠનું ઉદયસ્થાન ક્ષાયિક અને ઔપશમિક સમ્યગ્દૃષ્ટિને હોય છે, અને ભય સમ્યકત્વમોહનીય કે જુગુપ્સા અને સમ્યકત્વમોહનીય સાથે આઠનું ઉદયસ્થાન માત્ર ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિને હોય છે. સત્તાસ્થાનની ભાવના સાતના ઉદય પ્રમાણે સમજવી. તથા ભય જુગુપ્સા અને સમ્યકત્વમોહનીય સાથે નવનું ઉદયસ્થાન ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિનેજ હોય છે. તે નવના ઉદયે આઠના ઉદયવાળા ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિને જે ચાર સત્તાસ્થાનો કહ્યાં તેજ ચાર સત્તાસ્થાનો હોય છે.

---

૧ સમ્યકત્વમોહનીયના તમામ ખંડોને નષ્ટ કરી અંતર્મુહૂર્ત જેટલીજ સ્થિતિ સત્તામાં રહે ત્યારે કોઇ કાળ કરી ચારમાંની ગમે તે ગતિમાં ઉત્પન્ન થઇ શકે છે. ચરમગ્રાસ એટલે અંતર્મુહૂર્ત પ્રમાણ સ્થિતિ.

देसाइसु चरिमुदए इगिविसा वज्जियाइ संताइं ।
सेसेसु होंति पंचवि तिसुवि अपुव्वंमि संततिगं ॥ ४२ ॥

देशादिषु चरिमोदये एकविंशतिवर्जितानि सन्ति (सत्स्थानानि) ।
शेषेषु भवन्ति पञ्चापि त्रिष्वपि अपूर्वे सत्त्रिकम् ॥ ४२ ॥

અર્થ—દેશવિરતિ આદિ ગુણસ્થાનોમાં છેલ્લા ઉદયે એકવીશ વર્જીને ચાર સત્તાસ્થાનો હોય છે. અને પહેલા વિનાના શેષ ઉદયોમાં પાંચે સત્તાસ્થાનો હોય છે. અપૂર્વકરણ ગુણસ્થાનકે ત્રણે ઉદયસ્થાનમાં ત્રણ ત્રણ સત્તાસ્થાન હોય છે.

ટીકાનુ૦—દેશવિરતિ આદિ–દેશવિરતિ પ્રમત્ત અને અપ્રમત્ત ગુણસ્થાનકોમાં પોતપોતાના છેલ્લા ઉદયસ્થાનમાં એકવીશ સિવાયના ઉપર કહી ગયા તે ચાર ચાર સત્તાસ્થાનો હોય[1] છે. કેમકે છેલ્લું ઉદયસ્થાન સમ્યક્ત્વ મોહનીય સહિત હોવાથી ક્ષાયોપશમિક સમ્યક્ત્વીને જ હોય છે. તેમજ પોતપોતાનું પહેલું ઉદયસ્થાન છોડીને શેષ ઉદયસ્થાનોમાં પાંચ પાંચ સત્તાસ્થાનકો હોય છે. પહેલું ઉદયસ્થાન ક્ષાયિક અગર ઔપશમિક સમ્યગ્દૃષ્ટિને જ હોય છે, અને તે ઉદયસ્થાનમાં તો ત્રણ સત્તાસ્થાનો જ હોય છે. અપૂર્વકરણ ગુણસ્થાનકે પોતાના ત્રણે ઉદયસ્થાનમાં ત્રણ ત્રણ સત્તાસ્થાનો હોય છે.

ઉપર કહેલી સામાન્ય હકીકતનો વિશેષ વિચાર કરે છે–મોહનીય કર્મની તેર પ્રકૃતિના બંધક દેશવિરતિને પાંચ છ સાત અને આઠ એમ ચાર ઉદયસ્થાન હોય છે. તેમાં દેશવિરતિઓ મનુષ્ય અને તિર્યંચના ભેદે બે પ્રકારે છે. તેમાં જે તિર્યંચો છે તેઓને ચારે ઉદયસ્થાનમાં અટ્ઠાવીશ અને ચોવીસ એમ બે સત્તાસ્થાન હોય છે. તેમાં અટ્ઠાવીશનું સત્તાસ્થાન ઔપશમિક સમ્યગ્દૃષ્ટિને અને ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિને હોય છે. તિર્યંચોમાં ઔપશમિકસમ્યક્ત્વ પ્રથમ સમ્યક્ત્વ ઉત્પન્ન કરતાં–પ્રથમ ગુણસ્થાનકે ત્રણ કરણ કરી જે પ્રાપ્ત થાય તે જ હોય છે, અને તેને તે વખતે અટ્ઠાવીસનું સત્તાસ્થાન[2] હોય છે.

---

૧. ચતુર્થ ગુણસ્થાનકની જેમ પાંચમા, છઠ્ઠા અને સાતમા ગુણસ્થાનકે પણ ત્રણે પ્રકારના સમ્યક્ત્વ હોય છે. તેમાંથી ક્ષાયિકઅને ઔપશમિક સમ્યગ્દૃષ્ટિને તે તે ગુણસ્થાનકે જે જે ઉદયસ્થાનકો હોય તેમાંથી પહેલાં ત્રણ ઉદયસ્થાનકો હોય છે. અને ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિને છેલ્લાં ત્રણ ઉદયસ્થાનકો હોય છે. સત્તાસ્થાનકોમાંથી ક્ષાયિક સમ્યક્ત્વીને પોતાના દરેક ઉદયે એકવીશ પ્રકૃતિનું એક જ સત્તાસ્થાન હોય છે. ઔપશમિક સમ્યગ્દૃષ્ટિને પોતાના દરેક ઉદયે અટ્ઠાવીશ અને ચોવીસ એમ બે સત્તાસ્થાનકો હોય છે. અને ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિને પોતાના દરેક ઉદયસ્થાનકે ૨૮–૨૪–૨૩–૨૨ એમ ચાર ચાર સત્તાસ્થાનકો હોય છે. તે બધા જેવી રીતે ચોથે ગુણસ્થાનકે કહી ગયા તે પ્રકારેજ હોય છે.

૨. અનંતાનુબંધિની વિસંયોજના ક્ષાયોપશમિક સમ્યક્ત્વી જ કરતા હોવાથી તિર્યંચ ઔપશમિક સમ્યગ્દૃષ્ટિને અટ્ઠાવીશ સિવાય અન્ય કોઈ સત્તાસ્થાન હોતું નથી, મનુષ્ય ગતિમાં પણ ઔપશમિક સમ્યગ્દૃષ્ટિને જે ચોવીસનું સત્તાસ્થાન લીધું છે, તે શ્રેણિના ઉપશમ સમ્યક્ત્વ આશ્રયી લીધું છે. પરંતુ મિથ્યાદૃષ્ટિ ત્રણ કરણ કરી જે ઉપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે તેના આશ્રયી નહિ, તેને તો મનુષ્યગતિમાં પણ અટ્ઠાવીશનું એક જ સત્તાસ્થાન હોય છે.

સંખ્યાત વર્ષાયુ તિર્યંચોને ઔપશમિક સમ્યક્ત્વ છતાં દેશવિરતિ ગુણસ્થાન કઈ રીતે હોય? તે કહે છે--અંતરકરણમાં વર્ત્તમાન કોઈ ઔપશમિક સમ્યગ્દષ્ટિ આત્મા દેશવિરતિ પણ પ્રાપ્ત કરે છે. કોઈ મનુષ્ય હોય તો સર્વવિરતિ પણ પ્રાપ્ત કરે છે. (પહેલે ગુણસ્થાનકે ત્રણ કરણ કરી કોઈ ચોથા ગુણસ્થાનકે, કોઈ દેશવિરતિ ગુણસ્થાનકે અને કોઈ સર્વવિરતિ ગુણસ્થાનકે જાય છે) આ રીતે કોઈ વિશિષ્ટ પરિણામવાળો તિર્યંચ ઔપશમિક સમ્યક્ત્વ સાથે દેશવિરતિ પ્રાપ્ત કરે તેને દેશવિરતિ ગુણસ્થાનકે ઔપશમિક સમ્યક્ત્વ હોય છે, અને ત્યારે તેને માત્ર એક અટ્ઠાવીસનું જ સત્તાસ્થાન હોય છે. શતકની બૃહચ્ચૂર્ણિમાં કહ્યું છે કે—"અંતરકરણમાં સ્થિત કોઈ ઔપશમિક સમ્યગ્દષ્ટિ દેશવિરતિ પ્રાપ્ત કરે છે. કોઈ પ્રમત્ત અને અપ્રમત્ત ભાવને પણ પ્રાપ્ત કરે છે. પરંતુ કોઈ સાસ્વાદન ભાવ પ્રાપ્ત કરતું નથી." તથા વેદક સમ્યગ્દષ્ટિને અઠ્ઠાવીશ અને ચોવીસ એમ બે સત્તાસ્થાન હોય છે. તેમાં ચોવીસનું સત્તાસ્થાન અનંતાનુબંધિની વિસંયોજના કર્યા પછી હોય છે. ચારે ગતિના સંજ્ઞિ પંચેન્દ્રિય ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ અનંતાનુબંધિની વિસંયોજના કરી શકે છે. બાકીનાં ત્રેવીસ આદિ સત્તાસ્થાનો તિર્યંચોને હોતાં [1]નથી. ત્રેવીસ આદિ સત્તાનાં સ્થાનકો ક્ષાયિક સમ્યક્ત્વ ઉત્પન્ન કરતાં સંભવે છે, તિર્યંચો ક્ષાયિક સમ્યક્ત્વ ઉત્પન્ન જ કરતા નથી, પરંતુ મનુષ્યો જ ઉત્પન્ન કરે છે.

અહિં કોઈ એમ શંકા કરે કે કોઈ મનુષ્ય ક્ષાયિક સમ્યક્ત્વ ઉત્પન્ન કરી તિર્યંચગતિમાં ઉત્પન્ન થાય તો તે વખતે તિર્યંચને પણ એકવીશ પ્રકૃતિનું સત્તાસ્થાન સંભવે છે. તો પછી એમ કેમ કહો છો કે શેષ સઘળાં સત્તાસ્થાનો તિર્યંચ ગતિમાં સંભવતાં નથી? શંકાનું સમાધાન કરતાં શાસ્ત્રકાર મહારાજ કહે છે કે–આ તમારી શંકા અયોગ્ય છે. કારણ કે ક્ષાયિક સમ્યગ્દષ્ટિ સંખ્યાત વર્ષના આયુવાળા તિર્યંચોમાં ઉત્પન્ન થતા નથી પરંતુ અસંખ્યાત વર્ષના આયુવાળા તિર્યંચોમાં જ ઉત્પન્ન થાય છે, અસંખ્યાત વર્ષના આયુવાળા યુગલિયા હોવાથી તેને દેશવિરતિ ગુણસ્થાનક જ હોતું નથી. અને અહિં તો દેશવિરતિનાં સત્તાસ્થાનકોનો વિચાર થાય છે. માટે દેશવિરતિ તિર્યંચોમાં ત્રેવીસ આદિ કોઈ સત્તાસ્થાનકો હોતાં નથી એમ કહ્યું છે. સપ્તતિકા ચૂર્ણિમાં

૧. પાંચમે ગુણસ્થાનકે સંખ્યાત વરસના આયુવાળા તિર્યંચો જ હોય છે. તેઓ ક્ષાયિક સમ્યક્ત્વ ઉત્પન્ન કરતા નથી, અગર તો ક્ષાયિક સમ્યક્ત્વી તેમાં ઉત્પન્ન થતા નથી. એટલે સંખ્યાત વર્ષાયુ તિર્યંચોમાં ક્ષાયિક સમ્યક્ત્વ હોતું જ નથી. તેમજ કોઈ શ્રેણિ પર આરૂઢ થતા નહિ હોવાથી ઉપશમ શ્રેણિનું ઉપશમ સમ્યક્ત્વ પણ હોતું નથી. માત્ર અનાદિ મિથ્યાત્વી પહેલે ગુણસ્થાનકે ત્રણ કરણ કરી જે પ્રાપ્ત કરે તે ઉપશમ સમ્યક્ત્વ અને ક્ષાયોપશમિક સમ્યક્ત્વ હોય છે.

કહ્યું છે કે–મોહનીયની એકવીસ પ્રકૃતિની સત્તાવાળો ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ દેશવિરતિ તિર્યંચમાં ઉત્પન્ન થતો નથી. કેમ ? કહે છે—સંખ્યાત વર્ષના આયુવાળા તિર્યંચોમાં ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ ઉત્પન્ન થતો નથી. અસંખ્યાત વર્ષના આયુવાળા તિર્યંચમાં ઉત્પન્ન થાય છે, તેને દેશવિરતિ ગુણસ્થાન હોતું નથી." તથા જે દેશવિરતિ મનુષ્યો છે, તેઓને પાંચના ઉદયે એકવીશ, ચોવીસ અને અઠ્ઠાવીસ એમ ત્રણ સત્તાસ્થાનકો હોય છે. છના અને સાતના પ્રત્યેક ઉદયમાં પાંચે સત્તાસ્થાનકો હોય છે. આઠના ઉદયમાં એકવીશનું સત્તાસ્થાન વર્જીને શેષ ચાર સત્તાસ્થાનો હોય છે. આ સઘળા સત્તાસ્થાનકો અવિરતિ સમ્યગ્દૃષ્ટિમાં કહેલ ભાવનાને અનુસરીને સમજી લેવાં.

એજ પ્રમાણે પ્રમત્ત અપ્રમત્ત ગુણસ્થાનકે નવના બંધે ચારના ઉદયે અઠ્ઠાવીશ ચોવીશ અને એકવીશ એમ ત્રણ ત્રણ સત્તાનાં સ્થાનકો હોય છે. પાંચ અને છના પ્રત્યેક ઉદયે ૨૮–૨૪–૨૩–૨૨–૨૧ એમ પાંચ પાંચ સત્તાસ્થાન હોય છે. અને સાતના ઉદયમાં એકવીશ વર્જીને બાકીનાં ચાર સત્તાસ્થાનકો હોય છે. આ સઘળાં ઉપર કહેલ ભાવનાને અનુસારે સમજી લેવાં.

અપૂર્વકરણ ગુણસ્થાનકે નવના બંધે ચાર પાંચ અને છ એમ ત્રણ ઉદયસ્થાનો હોય છે. એ દરેક ઉદયસ્થાનમાં અઠ્ઠાવીશ ચોવીશ અને એકવીશ એમ ત્રણ ત્રણ સત્તાસ્થાનો હોય છે. અપૂર્વકરણ ગુણસ્થાન ક્ષાયિક અને ઔપશમિક સમ્યગ્દૃષ્ટિ મનુષ્યને જ હોય છે. ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિને હોતું નથી. એટલે ક્ષાયિકસમ્યગ્દૃષ્ટિને પોતાના દરેક ઉદયસ્થાનકે એકવીસનું એક અને ઔપશમિક સમ્યગ્દૃષ્ટિને પોતાના દરેક ઉદયસ્થાનકે અઠ્ઠાવીશ અને ચોવીસ એમ બે સત્તાસ્થાન હોય છે. બંને સમ્યગ્દૃષ્ટિને ચાર પાંચ અને છ એ ત્રણે ઉદયસ્થાનો હોય છે. ૪૨

पंचाइबंधगेसु इगट्ठचउवीस बंधगेगं च ।
तेरसबारेक्कारस य होंति पणबंधि खवगस्स ॥ ४३ ॥
एगाहियाय बंधा चउबंधगमाइयाण संतंसा ।
बंधोदयाण विरमे जं संतं लुभइ अण्णत्थ ॥ ४४ ॥

पञ्चादिबन्धकेषु एकाष्टचतुर्विंशतयोऽबन्धके एकं च ।
त्रयोदश द्वादश एकादश च भवन्ति पञ्चबन्धक-क्षपकस्य ॥ ४३ ॥
एकाधिकाश्च बन्धात् चतुर्बन्धकादीनां सत्तांशाः ।
बन्धोदययोर्विरमे यत्सत् लुभत्यन्यत्र ॥ ४४ ॥

અર્થ—પાંચ આદિના બંધકને એકવીશ, અઠ્ઠાવીશ, અને ચોવીશ એ ત્રણ અને અબંધકને એક અને ચકારથી એકવીશ, અઠ્ઠાવીશ અને ચોવીશ એ ત્રણ, કુલ ચાર સત્તાસ્થાન હોય છે. પાંચના બંધક ક્ષપકને તેર, બાર અને અગીયાર એ ત્રણ સત્તાસ્થાનો પણ હોય છે. ચાર આદિ પ્રકૃતિના બંધકને બંધની અપેક્ષાએ એક પ્રકૃતિ વડે અધિક સત્તાસ્થાન હોય છે. કારણ કે બંધ અને ઉદયનો વિરામ થયા પછી સત્તાગત કર્મ અન્યત્ર સંક્રમે છે.

ટીકાનુ૦—પાંચ, ચાર, ત્રણ, બે અને એકના બંધક બાદરસંપરાય ગુણસ્થાનકે અને અબંધક સૂક્ષ્મસંપરાય તથા ઉપશાંતમોહગુણસ્થાનકે એકવીશ, ચોવીશ અને અઠ્ઠાવીશ એમ ત્રણ ત્રણ સત્તાસ્થાનો હોય છે. તેમાં એકવીશનું સત્તાસ્થાન ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિને, અનંતાનુબંધિના વિસંયોજક ઔપશમિક સમ્યગ્દૃષ્ટિને ચોવીશ અને સપ્તકના ઉપશમક ઔપશમિક સમ્યગ્દૃષ્ટિને અઠ્ઠાવીસનું સત્તાસ્થાન હોય છે. ઉપરોક્ત સઘળાં સત્તાસ્થાનકો યથાસંભવ બેના ઉદયે, એકના ઉદયે અને અનુદયે ઉપશમશ્રેણિમાં હોય છે. તેમાં ઉપશમશ્રેણિમાં નવમા ગુણસ્થાનકે પાંચના બંધે-બેના ઉદયે, [1]ચારના બંધે-એકના ઉદયે, ત્રણના બંધે-એકના ઉદયે, બેના બંધે-એકના ઉદયે અને એકના બંધે-એકના ઉદયે ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિને એકવીસનું અને ઔપશમિક સમ્યગ્દૃષ્ટિને અટ્ઠાવીસ અને ચોવીસનું સત્તાસ્થાન હોય છે. તથા અબંધક સૂક્ષ્મસંપરાયગુણસ્થાનકે એકના ઉદયે ક્ષાયિકસમ્યગ્દૃષ્ટિને એકવીસ અને ઔપશમિક સમ્યગ્દૃષ્ટિને અટ્ઠાવીશ અને ચોવીસ એમ બે સત્તાસ્થાનો હોય છે.

ઉપશાંતમોહગુણસ્થાનકે મોહનીયકર્મની કોઇપણ પ્રકૃતિનો બંધ કે ઉદય હોતો નથી, પરંતુ ક્ષાયિકસમ્યગ્દૃષ્ટિને એકવીશ અને ઔપશમિક સમ્યગ્દૃષ્ટિને અટ્ઠાવીસ અને ચોવીશ એમ ત્રણ સત્તાસ્થાનો હોય છે.

સૂક્ષ્મસંપરાયગુણસ્થાનકે ઉપશમશ્રેણિમાંનાં ઉપરોક્ત ત્રણ સત્તાસ્થાનો ઉપરાંત ક્ષપકશ્રેણિનું એક પ્રકૃત્યાત્મક ચોથું સત્તાસ્થાન પણ હોય છે.

ક્ષપકશ્રેણિ પર આરૂઢ થયેલાને અનિવૃત્તિબાદરસંપરાય ગુણસ્થાનકે જે સત્તાસ્થાનકો હોય તે બતાવે છે—પાંચના બંધે અને બેના ઉદયે આઠ કષાયોનો ક્ષય ન કર્યો હોય ત્યાં સુધી એકવીસ પ્રકૃતિનું સત્તાસ્થાન હોય છે. આઠ કષાયોનો ક્ષય કર્યા બાદ તેરનું સત્તાસ્થાન, ત્યારપછી નપુંસકવેદના ક્ષયે બારનું, અને સ્ત્રીવેદના ક્ષયે અગીઆરનું સત્તાસ્થાન [2]હોય છે.

---

૧ કોઈ આચાર્ય મહારાજ પુરુષવેદનો બંધવિચ્છેદ થવા બાદ ચારના બંધે પણ બેનો ઉદય માને છે. તેમના મતે ચારના બંધે-બેના ઉદયે પણ પાંચના બંધે-બેના ઉદયે જે સત્તાસ્થાનો કહ્યાં તે સમજવાં.

૨ પાંચના બંધે અને બેના ઉદયે ઉપશમ અને ક્ષપક બંને શ્રેણિમાંનાં સત્તાસ્થાનોનો સરવાળો કરીએ તો એકવીસ તેર બાર અને અગીઆર એ ચાર ક્ષપકશ્રેણિમાંનાં અને એકવીશ અટ્ઠાવીશ અને ચોવીસ એ ત્રણ ઉપશમશ્રેણિમાંનાં કુલ સાત, પરંતુ એકવીસનું સત્તાસ્થાન બંને શ્રેણિમાં આવતું હોવાથી તેને એક ગણતાં ૭ સત્તાસ્થાનો થાય છે. એમ અન્ય બંધસ્થાનકે પણ સરવાળો કરી લેવો.

પુરુષવેદે ક્ષપકશ્રેણિ આરંભનારને ઉપર કહ્યા ક્રમે પ્રકૃતિઓનો ક્ષય થાય છે, એટલે તેને ઉપરોક્ત સત્તાસ્થાનો હોય છે. નપુંસકવેદે ક્ષપકશ્રેણિ આરંભનાર સ્ત્રીવેદ અને નપુંસકવેદ બંને યુગપત્ ખપાવે છે, તે બંનેનો જે સમયે ક્ષય થાય તે જ સમયે પુરૂષ વેદના બંધનો વિચ્છેદ થાય છે. ત્યાર બાદ પુરૂષવેદ અને હાસ્યાદિ ષટ્કને એક સાથે જ ખપાવે છે. એટલે તેને પાંચના બંધે બેના ઉદયે આઠ કષાયનો ક્ષય ન કર્યો હોય ત્યાં સુધી એકવીસનું, અને આઠ કષાયનો ક્ષય કરે ત્યારે તેરનું સત્તાસ્થાન હોય છે. તથા ચારના બંધે એકના ઉદયે અગીઆરનું અને હાસ્યષટ્ક તથા પુરૂષવેદના ક્ષયે ચારનું સત્તાસ્થાન હોય છે. ત્યારબાદ પુરૂષવેદે શ્રેણિ આરંભનારની જેમ ઉદયસ્થાનો હોય છે.

સ્ત્રીવેદે ક્ષપકશ્રેણિ આરંભનાર પહેલાં નપુંસકવેદ ખપાવે છે, ત્યારબાદ અંતર્મુહૂર્તે સ્ત્રીવેદ ખપાવે છે. જે સમયે સ્ત્રીવેદનો ક્ષય થયો તે જ સમયે પુરૂષવેદનો બંધ વિચ્છેદ થાય છે, અને ત્યારબાદ પુરૂષવેદ અને હાસ્યાદિ ષટ્કને એક સાથે ખપાવે છે. એટલે તેને પંચના બંધે અને બેના ઉદયે આઠ કષાયનો ક્ષય ન કર્યો હોય ત્યાં સુધી એકવીસનું, આઠ કષાયનો ક્ષય કર્યા બાદ તેરનું, અને નપુંસકવેદના ક્ષયે બારનું સત્તાસ્થાન હોય છે. તથા ચારના બંધે એકના ઉદયે સ્ત્રીવેદના ક્ષયે અગીઆરનું, અને હાસ્યષટ્ક તથા પુરૂષવેદના ક્ષયે ચારનું સત્તસ્થાન હોય છે. ત્યારબાદ પુરૂષવેદે શ્રેણિ આરંભનારની જેમ ઉદયસ્થાન અને સત્તાસ્થાન હોય છે. આ પ્રમાણે જ્યાં સુધી નપુંસકવેદે કે સ્ત્રીવેદે શ્રેણિ આરંભનાર હાસ્યાદિ ષટ્ક અને પુરૂષવેદને ન ખપાવે ત્યાં સુધી વેદોદય રહિત કોઈપણ એક કષાયના ઉદયે વર્ત્તમાન ચારના બંધકને અગીઆરનું સત્તાસ્થાન હોય છે. પુરૂષવેદ અને હાસ્યાદિ ષટ્કનો યુગપત્ ક્ષય થાય ત્યારે ચાર પ્રકૃતિનું સત્તાસ્થાન હોય છે. આ રીતે સ્ત્રીવેદે કે નપુંસકવેદે ક્ષપકશ્રેણિ સ્વીકારનારને પાંચ પ્રકૃતિના સમૂહરૂપ સત્તાસ્થાન સંભવતું નથી. જેઓ પુરૂષવેદે ક્ષપકશ્રેણિપર આરૂઢ થાય છે, તેને જે સમયે છ નોકષાયોનો ક્ષય થાય તેજ સમયે પુરૂષવેદનો બંધવિચ્છેદ થાય છે. માટે તેને ચારના બંધકાળે અગીઆર પ્રકૃતિના સમૂહરૂપ સત્તાસ્થાન હોતું નથી, પરંતુ પાંચ પ્રકૃતિના સમૂહરૂપ સત્તાસ્થાન હોય છે. એટલે ક્ષપકશ્રેણિમાં ચારના બંધે અને એકના ઉદયે ચાર[1] પાંચ અને અગીઆર પ્રકૃતિના સમૂહરૂપ ત્રણ સત્તાસ્થાનો હોય છે. અને ઉપશમશ્રેણિ આશ્રયી અઠ્ઠાવીસ ચોવીસ અને એકવીશ એમ ત્રણ સત્તાસ્થાનો હોય છે. સઘળા મળી ચારના બંધે એકના ઉદયે છ સત્તાસ્થાનો હોય છે.

તથા સંજ્વલન ક્રોધની પ્રથમસ્થિતિ આવલિકા માત્ર બાકી રહે ત્યારે તેના બંધ

(૧) પુરૂષવેદે શ્રેણિ આરંભનારને પુરૂષવેદનો બંધોદય વિચ્છેદ થયા પછી જ્યાં સુધી તેની સત્તાનો નાશ ન થાય ત્યાં સુધી ચારના બંધે એકના ઉદયે પાંચનું સતારસ્થાન હોય છે પુરૂષવેદનો નાશ થયા બાદ ચારના બંધે એકના ઉદયે ચારનું સત્તાસ્થાન હોય છે,

ઉદય અને ઉદીરણાનો એક સાથે વિચ્છેદ થાય છે. ક્રોધના બંધાદિ વિચ્છેદ થયા બાદ માન માયા અને લોભ એમ ત્રણનો બંધ થાય છે. બંધ વિચ્છેદના પ્રથમ સમયે સંજ્વલન-ક્રોધનું આવલિકામાત્ર પ્રથમસ્થિતિ સંબંધી અને બે સમયન્યૂન બે આવલિકાકાળમાં બંધાયેલું દળ સત્તામાં હોય છે. તે સિવાય અન્યદળનો ક્ષય થયો હોવાથી સત્તામાં હોતું નથી.

તે સત્તાગત દળ પણ બે સમય ન્યૂન બે આવલિકાકાળે ક્ષય થાય છે. જ્યાં સુધી તેનો ક્ષય થયો હોતો નથી ત્યાં સુધી ત્રણના બંધે એકના ઉદયે ચારની સત્તા હોય છે, અને ક્ષય થયા બાદ ત્રણની સત્તા હોય છે. આ રીતે ક્ષપકશ્રેણિ આશ્રયી બે સત્તાસ્થાન, અને ઉપશમશ્રેણિ આશ્રયી પૂર્વોક્ત ત્રણ, સઘળાં મળી ત્રણના બંધે અને એકના ઉદયે પાંચ સત્તાસ્થાન હોય છે. તથા સંજ્વલનમાનની પ્રથમ સ્થિતિ આવલિકા માત્ર બાકી રહે ત્યારે તેના બંધ, ઉદય અને ઉદીરણાનો યુગપત્ વિચ્છેદ થાય છે. બંધાદિનો વિચ્છેદ થયા બાદ સંજ્વલન માયા અને લોભ એ બેનો જ બંધ થાય છે. બંધવિચ્છેદને પ્રથમ સમયે સંજ્વલનમાનનું પ્રથમ સ્થિતિ સંબંધી એક (ઉદય) આવલિકા-કાળમાં ભોગવવા યોગ્ય દલિક અને બે સમય ન્યૂન બે આવલિકા જેટલા કાળમાં બંધાયેલું દલિક-એટલું જ માત્ર સત્તામાં હોય છે. બાકી સર્વનો ક્ષય થયેલો હોય છે. તે સત્તાગત દલિક પણ બે સમયન્યૂન બે આવલિકા કાળે ક્ષય થશે. જ્યાં સુધી તેનો ક્ષય ન થયો હોય ત્યાં સુધી બેના બંધે એકના ઉદયે ત્રણની સત્તા અને ક્ષય થયા પછી બેની સત્તા હોય છે આ પ્રમાણે બેના બંધકને બે સત્તાસ્થાન અને ત્રણ ઉપશમશ્રેણિ આશ્રયી પૂર્વે કહ્યાં તે-સઘળાં મળી પાંચ સત્તાસ્થાનો હોય છે.

તથા સંજ્વલન માયાની પ્રથમ સ્થિતિ આવલિકા માત્ર બાકી રહે ત્યારે તેના બંધ, ઉદય અને ઉદીરણાનો એક સાથે નાશ થાય છે. તેનો નાશ થયા પછી એક સંજ્વલન લોભનો જ બંધ અવશેષ રહે છે. સંજ્વલન લોભના બંધના પ્રથમ સમયે સંજ્વલન માયાનું પ્રથમ સ્થિતિનું આવલિકા માત્ર દલિક અને બે સમય ન્યૂન બે આવલિકા જેટલા કાળમાં બંધાયેલું દલિક જ સત્તામાં શેષ રહે છે. તે સિવાયનું અન્ય સઘળું નષ્ટ થયું છે. તે અવશિષ્ટ સત્તાગત દલિક પણ બે સમય ન્યૂન બે આવલિકા કાળે ક્ષય થાય છે. જ્યાં સુધી ક્ષય થયો હોતો નથી ત્યાં સુધી બેની સત્તા અને ક્ષય થયા પછી માત્ર એક લોભની સત્તા હોય છે. આ પ્રમાણે એકના બંધે અને એકના ઉદયે બેનું અને એકનું એમ બે સત્તાસ્થાન હોય છે, અને ઉપશમશ્રેણિ આશ્રયી ત્રણ સત્તાસ્થાન હોય છે, કુલ પાંચ સત્તાસ્થાનો હોય છે.

આજ હકીકત ગાથાદ્વારા કહે છે,-ચારના બંધક, ત્રણના બંધક, બેના બંધક અને એકના બંધકને અનુક્રમે ચારનું, ત્રણનું, બેનું અને એકનું સત્તાસ્થાન તો હોય છે જ. પરંતુ બંધની અપેક્ષાએ એટલે કે બંધથી એક પ્રકૃતિવડે અધિક સત્તારૂપ અંશો હોય

છે તે આ પ્રમાણે-ચારના બંધકને પાંચ પ્રકૃતિરૂપ, ત્રણના બંધકને ચાર પ્રકૃતિરૂપ, બેના બંધકને ત્રણ પ્રકૃતિરૂપ અને એકના બંધકને બે પ્રકૃતિરૂપ સત્તાસ્થાન અધિક હોય છે. બંધ, ઉદય, ઉદીરણા અને સત્તાનો કર્મના અંશ તરીકે વ્યવહાર હોવાથી ગાથામાં 'संतसा' એ પદ મૂક્યું છે. આ પ્રમાણે હોવાથી ચારના બંધકને પાંચનું અને ચારનું, ત્રણના બંધકને ચારનું અને ત્રણનું, એ પ્રમાણે બે અને એકના બંધકને પણ બે-બે સત્તાસ્થાનો હોય છે.

બંધ કરતાં સત્તા અધિક શા માટે હોય છે? તે પ્રશ્નના ઉત્તરમાં કહે છે કે-બંધ અને ઉદયનો વિચ્છેદ થયા પછી જેના બંધ અને ઉદયનો વિચ્છેદ થયો છે તેની સત્તા રહે છે, અને તે સત્તાગત દલિકને અન્યત્ર સંક્રમાવે છે. જેમ પુરુષવેદના બંધાદિનો વિચ્છેદ થયા પછી ચારનો બંધક આત્મા સત્તાગત પુરૂષવેદનું દલિક સંજ્વલન ક્રોધમાં સંક્રમાવે છે. બંધાદિનો વિચ્છેદ થયા બાદ સત્તામાં કેટલું રહે તે તો ઉપર જણાવ્યું છે. એ પ્રમાણે સંજ્વલન ક્રોધના બંધાદિનો વિચ્છેદ થયા પછી તેની જે સત્તા હોય છે, તેને ત્રણનો બંધક આત્મા સંજ્વલન માનમાં સંક્રમાવે છે. જ્યાં સુધી સંપૂર્ણપણે સંક્રમાવી નિઃસત્તાક ન થાય ત્યાં સુધી તેની સત્તા હોય છે. માટે ચાર આદિના બંધથી એક એક અધિક પ્રકૃતિની સત્તા સંભવે છે. ક્ષપકશ્રેણિ આશ્રયી ચારના બંધકને પાંચનું અને ચારનું એ બે સત્તાસ્થાન, અને સ્ત્રીવેદે અથવા નપુંસકવેદે ક્ષપકશ્રેણિપર આરૂઢ થનાર ચારના બંધકને પૂર્વે કહેલ યુક્તિથી અગીઆરનું સત્તાસ્થાન, તથા ઉપશમશ્રેણિ આશ્રયી સઘળાંને પૂર્વે કહેલાં ત્રણ ત્રણ સત્તાસ્થાન, સઘળાં મળી ચારના બંધે અને એકના ઉદયે છ સત્તાસ્થાન હોય છે. શેષ ત્રણ આદિના બંધક દરેકને પાંચ પાંચ સત્તાસ્થાનો હોય છે. ૪૩-૪૪.

હવે ઉપર કહેલા મોહનીયકર્મના સત્તાસ્થાનકોનો અવસ્થાન કાળ કહે છે-

सत्तावीसे पल्लासंखंसो पोग्गलद्ध छव्वीसे ।
बे छावट्ठी अडचउवीसिगिवीसे उ तेत्तीसा ॥ ४५ ॥

अंतमुहुत्ता उ ठिई तमेव दुहओ विसेससंताणं ।
होइ अणाइ अणंतं अणाइ संतं च छव्वीसा ॥ ४६ ॥

सप्तविंशतेः पल्यासंख्येयांशः पुद्गलार्द्ध षड्विंशतेः ।
द्वेषट्षष्टी अष्टचतुर्विंशत्योरेकविंशतेस्तु त्रयस्त्रिंशत् ॥ ४५॥

अंतर्मुहूर्त्तं तु स्थितिः तदेव द्विधाऽपि शेषसताम् (सत्स्थानानाम्) ।
भवत्यनाद्यनन्तोऽनादिसान्तश्च षड्विंशतेः ॥ ४६ ॥

અર્થ—સત્તાવીસના સત્તાસ્થાનનો પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ કાળ છે. છવ્વીસનો કંઈક ન્યૂન અર્ધપુદ્ગલ પરાવર્ત્તન, અઠ્ઠાવીસ અને ચોવીસ એ બે સત્તાસ્થાનનો બે છાસઠ સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટ કાળ છે દરેકનો અંતર્મુહૂર્ત્ત જઘન્ય કાળ છે. તથા શેષ સત્તાસ્થાનકોનો જઘન્ય-ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્ત પ્રમાણ કાળ છે. છવ્વીસના સત્તાસ્થાનનો અનાદિ-અનંત અને અનાદિ-સાંત પણ કાળ છે.

ટીકાનુ૦—સત્તાવીસના સત્તાસ્થાનનો અજઘન્યોત્કર્ષ અવસ્થાન કાળ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ છે. તે આ રીતે-અઠ્ઠાવીસની સત્તાવાળા મિથ્યાદષ્ટિને સમ્યકત્વ મોહનીય ઉવેલે ત્યારે સત્તાવીશનું સત્તાસ્થાન પ્રાપ્ત થાય છે. ત્યાર બાદ એ સત્તાવીશની સત્તાવાળા કોઈ આત્માને મિશ્રમોહનીયની ઉદ્વલનાનો પ્રારંભ કર્યા પહેલાં મિશ્રમોહનીયનો ઉદય પણ થાય છે. મૂળ ટીકામાં કહ્યું છે કે "મિશ્રમોહનીયની ઉદ્વલનાનો પ્રારંભ કરતાં પહેલાં કોઈકને મિશ્રમોહનીયનો ઉદય થાય છે." તે મિશ્રમોહનીયનો ઉદય અંતર્મુહૂર્ત્ત સુધીજ હોય છે. આ રીતે મિશ્રદષ્ટિને પણ અંતર્મુહૂર્ત્ત પર્યન્ત સત્તાવીશનું સત્તાસ્થાન હોય છે. આ સત્તાવીશની સત્તાવાળો મિશ્રદષ્ટિ અંતર્મુહૂર્ત્ત પછી અવશ્ય મિથ્યાત્વ પ્રાપ્ત કરે છે, અને મિથ્યાત્વે જઇને મિશ્રમોહનીયને ઉવેલવાનો આરંભ કરે છે. પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલા કાળે સંપૂર્ણપણે તેને ઉવેલી નાખે છે. જ્યાં સુધી સંપૂર્ણપણે ઉવેલી ન નાખ્યું હોય ત્યાં સુધી તેની સત્તા હોય છે. માટે સત્તાવીશના સત્તાસ્થાનનો [1]અજઘન્યોત્કૃષ્ટ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલો કાળ હોય છે. મિશ્રમોહનીય ઉવેલાઈ રહ્યા બાદ છવ્વીસના સત્તાસ્થાનનો ઉત્કૃષ્ટથી કંઈક ન્યૂન અર્ધપુદ્ગલ પરાવર્ત્ત કાળ છે. વધારેમાં વધારે તેટલો કાળ વ્યતીત થયા બાદ ત્રણ કરણ કરવા પૂર્વક અવશ્ય ઔપશમિક સમ્યકત્વ પ્રાપ્ત કરે છે, અને ત્યારે ફરી તે અઠ્ઠાવીશની સત્તાવાળો થાય છે. જઘન્યથી છવ્વીસના સત્તાસ્થાનનો અંતર્મુહૂર્ત્ત કાળ છે. (કેમકે મિશ્રમોહનીય ઉવેલી છવ્વીસની સત્તાવાળો થઈ અંતર્મુહૂર્ત્ત બાદજ ત્રણ કરણ કરવા પૂર્વક ઉપશમ સમ્યકત્વ પ્રાપ્ત કરી અઠ્ઠાવીશની સત્તાવાળો થઈ શકે છે.)

તથા અઠ્ઠાવીશના સત્તાસ્થાનનો ઉત્કૃષ્ટથી અવસ્થાન-રહેવાનો કાળ કંઈક અધિક બે છાસઠ સાગરોપમ હોય છે. તે આ પ્રમાણે-ક્ષાયોપશમિક સમ્યકત્વનો [2]છાસઠ સાગરોપમનો કાળ છે. એટલે અઠ્ઠાવીસની સત્તાવાળા વેદક સમ્યકત્વવાન્ આત્માના એક છાસઠ

૧ અજઘન્યોત્કૃષ્ટ એટલે જઘન્ય કે ઉત્કૃષ્ટ જેને ન કહી શકાય તેવો સ્થિર કાળ.

૨ બાવીસ-બાવીસ સાગરોપમના આઉખે ત્રણ વાર અચ્યુત દેવલોકમાં જવા વડે છાસઠ સાગરોપમ થાય છે. પછી અંતર્મુહૂર્ત મિશ્રે રહી ફરી ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરી સુંદર ચારિત્ર પાળી બે વાર તેત્રીસ તેત્રીસ સાગરોપમના આઉખે અનુત્તરમાં જવા વડે છાસઠ સાગરોપમ થાય છે. આ પ્રમાણે વચમાં થતા મનુષ્ય ભવના કાળવડે અધિક એકસો બત્રીશ સાગરોપમનો કાળ અઠ્ઠાવીસના અને ચોવીસના સત્તાસ્થાનનો વધારેમાં વધારે હોય છે. આટલો કાળ પૂર્ણ થયે તરત કોઈ ક્ષાયિક સમ્યકત્વ પ્રાપ્ત કરે છે, કોઈ મિથ્યાત્વે જાય છે. એટલે ત્યાં ઉપરોક્ત સત્તાસ્થાનો હોતાં નથી.

સાગરોપમ, ત્યારબાદ અંતર્મુહૂર્ત્ત મિશ્ર ગુણસ્થાનકે જઈ ફરી ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરે, તેને બીજી વારના છાસઠ સાગરોપમ, આ પ્રમાણે વચમાં અંતર્મુહૂર્ત્ત મિશ્રગુણસ્થાનક પ્રાપ્ત કરી બે વાર ઉત્કૃષ્ટ સ્થિતિવાળું ક્ષાયોપશમિક પ્રાપ્ત કરનારને અઠ્ઠાવીશના સત્તાસ્થાનનો એકસો બત્રીસ સાગરોપમનો કાળ ઘટે છે, ત્યારબાદ અવશ્ય ક્ષપકશ્રેણી પ્રાપ્ત કરે છે, અથવા મિથ્યાત્વ પ્રાપ્ત કરે છે. હવે જો ક્ષપકશ્રેણિ પ્રાપ્ત કરે તો તેને મિથ્યાત્વાદિનો ક્ષય થવાથી અઠ્ઠાવીસનું સત્તાસ્થાન રહેતું નથી. અહિં વચગાળાના મિશ્રગુણસ્થાનક સંબંધી અંતર્મુહૂર્ત્ત સહિત એકસો બત્રીસ સાગરોપમનો કાળ અઠ્ઠાવીશના સત્તાસ્થાનનો કહેવો જોઈએ, પરંતુ તે ન કહેતાં ગાથામાં એકસો બત્રીસ સાગરોપમનો કાળ કહ્યો છે. કારણ કે તે અંતર્મુહૂર્ત્તકાળ અતિ અલ્પ હોવાથી વિવક્ષ્યો[1] નથી આ પ્રમાણે ક્ષપકશ્રેણિને પ્રાપ્ત કરનારા જીવો આશ્રયીને અઠ્ઠાવીશના સત્તાસ્થાનનો અવસ્થાન કાળ બે છાસઠ સાગરોપમનો હોય છે. હવે જે આત્મા બે છાસઠ સાગરોપમનો કાળ પૂર્ણ કરી મિથ્યાત્વ પ્રાપ્ત કરે છે, તે પલ્યોપમના અસંખ્યાતમા ભાગમાત્ર કાળે સમ્યક્ત્વમોહનીયને સંપૂર્ણપણે ઉવેલે છે. જ્યાં સુધી ન ઉવેલે ત્યાં સુધી તેની સત્તા હોય છે, માટે તેવા મિથ્યાદૃષ્ટિને અઠ્ઠાવીસના સત્તાસ્થાનનો પલ્યોપમના અસંખ્યાતમા ભાગ અધિક બે છાસઠ સાગરોપમનો અવસ્થાન કાળ હોય છે. આજ રીતે ચોવીસના સત્તાસ્થાનકનો પણ કાળ સમજવો. માત્ર અહિં એકસો બત્રીસ સાગરોપમનો કાળ પૂર્ણ કરી જે આત્મા મિથ્યાત્વ પ્રાપ્ત કરે છે, તેને મિથ્યાત્વના પહેલા જ સમયથી અનંતાનુબંધિ કષાયનો બંધ થતો હોવાથી તેની સત્તાનો સંભવ છે, માટે તેને ચોવીસનું સત્તાસ્થાન રહેતું નથી. તેથી ચોવીસના સત્તાસ્થાનનો અવસ્થાન કાળ પરિપૂર્ણ બે છાસઠ સાગરોપમ છે.

જઘન્યથી બંને સત્તાસ્થાનનો કાળ અંતર્મુહૂર્ત્ત છે. કઈ રીતે ? તે કહે છે–છવ્વીસની સત્તાવાળો મિથ્યાદૃષ્ટિ ત્રણ કરણ વડે ઉપશમસમ્યક્ત્વ પ્રાપ્ત કરી અઠ્ઠાવીશની સત્તાવાળો થાય છે. તે અઠ્ઠાવીસની સત્તાવાળા ઉપશમ[2] સમ્યગ્દૃષ્ટિને જે ક્ષણે સમ્યક્ત્વમોહનીયનો ઉદય થાય, તેજ ક્ષણે દર્શન સપ્તકને ક્ષય કરવાનો આરંભ કરે. દર્શન સપ્તકનો ક્ષય કરતાં પહેલાં અનંતાનુબંધિ કષાયનો ક્ષય કરે છે. જ્યાં સુધી તેને ન ખપાવે ત્યાંસુધી અઠ્ઠાવીશનું સત્તાસ્થાન હોય છે, અને ખપાવ્યા પછી ચોવીસનું સત્તાસ્થાન પ્રાપ્ત થાય છે. તે ચોવીશનું સત્તાસ્થાન પણ મિથ્યાત્વમોહનીયનો ક્ષય ન કરે ત્યાં સુધી હોય છે. અને

૧ જેમ અંતર્મુહૂર્ત્તકાળ ન વિવક્ષ્યો–તેમ વચમાં થતા મનુષ્ય ભવનો કાળ પણ વિવક્ષ્યો નથી.

૨ ઉપશમ સમ્યક્ત્વનો કાળ અંતર્મુહૂર્ત્ત જ છે, ત્યારબાદ કોઈને સમ્યક્ત્વમોહનીયનો ઉદય થવાથી ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરી શકે છે, ક્ષાયિક પ્રાપ્ત કરનારને પહેલાં ક્ષાયોપશમિક સમ્યક્ત્વ હોવું જ જોઈએ. કેમકે ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિ પ્રથમ સંઘયણી જિનકાલિક મનુષ્યજ ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરવાનો પ્રારંભ કરી શકે છે.

મિથ્યાત્વનો ક્ષય કરે ત્યારે ત્રેવીસનું સત્તાસ્થાન થાય છે. માટે અઠ્ઠાવીશ અને ચોવીસ એ બંને સત્તાસ્થાનનો જઘન્યકાળ અંતર્મુહૂર્ત છે.

એકવીશના સત્તાસ્થાનનો ઉત્કૃષ્ટ અવસ્થાન કાળ કંઈક અધિક તેત્રીસ સાગરોપમ પ્રમાણ છે. તે આ પ્રમાણે—મનુષ્ય ભવમાં દર્શનસપ્તકનો ક્ષય કરી સર્વાર્થસિદ્ધ મહાવિમાનમાં દેવ થાય. ત્યાં તેત્રીસ સાગરોપમ પ્રમાણ આયુ અનુભવી મનુષ્યભવમાં આવે. મનુષ્યભવમાં જ્યાંસુધી ક્ષપકશ્રેણિપર આરૂઢ ન થાય ત્યાંસુધી તેને એકવીશનું જ સત્તાસ્થાન હોય છે. આ રીતે એકવીસના સત્તાસ્થાનનો ઉત્કૃષ્ટ અવસ્થાનકાળ કંઈક અધિક તેત્રીસ સાગરોપમ પ્રમાણ હોય છે. જઘન્યથી અંતર્મુહૂર્ત હોય છે. અને તે સપ્તકનો ક્ષય કર્યા પછી અનંતર—તરત જ [1]ચારિત્રમોહનીયની ક્ષપણાનો આરંભ કરે તેને આશ્રયી સમજવો.

બાકી રહેલાં સત્તાસ્થાનકોનો જઘન્યથી અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત કાળ જાણવો. અને તે સારી રીતે સમજી શકાય તેમ છે, એટલે તે માટે સવિસ્તર કહ્યું નથી. જેમકે—મિથ્યાત્વમોહનીયનો ક્ષય કર્યા પછી ત્રેવીસનું અને મિશ્રમોહનીયનો ક્ષય કર્યા પછી બાવીસનું સત્તાસ્થાન થાય છે. તે બંનેનો અવસ્થાનકાળ અંતર્મુહૂર્તથી અધિક હોતો જ નથી. કેમકે મિથ્યાત્વમોહનીયનો ક્ષય કર્યા પછી અવશ્ય અંતર્મુહૂર્ત બાદ મિશ્રમોહનીયનો ક્ષય કરે છે, અને ત્યારબાદ અંતર્મુહૂર્તે અવશ્ય સમ્યકત્વ મોહનીયનો ક્ષય કરે છે. એટલે ત્રેવીસ અને બાવીસની સત્તા અંતર્મુહૂર્તથી અધિક કાળ હોતી જ નથી. બાકી રહ્યાં નવમા ગુણસ્થાનકનાં તેરથી એક સુધીનાં સત્તાસ્થાનકો. તે દરેકનો પણ અંતર્મુહૂર્તથી અધિક કાળ હોતો જ નથી, કેમકે નવમા ગુણસ્થાનકનો કાળ જ અંતર્મુહૂર્ત છે. એકની સત્તાવાળા દશમા ગુણસ્થાનકનો કાળ પણ અંતર્મુહૂર્ત જ છે. એટલે તેરથી એક સુધીનાં સઘળાં સત્તાસ્થાનોનો કાળ અંતર્મુહૂર્ત હોય છે.

તથા છવ્વીસના સત્તાસ્થાનનો અભવ્ય જીવો આશ્રયી અનાદિ—અનંત, અને અનાદિ મિથ્યાદષ્ટિ ભવ્યજીવો આશ્રયી અનાદિ—સાંત અવસ્થાન કાળ છે. આ પ્રમાણે સત્તાસ્થાનોની કાળ પ્રરૂપણા કરી, તે કરીને મોહનીયકર્મની વક્તવ્યતા પણ પૂર્ણ કરી. ૪૬

હવે નામકર્મનાં બંધાદિ સ્થાનો કહેવાં જોઈયે, તે કહેતાં પહેલાં બંધાદિ સ્થાનોનો સરળતા પૂર્વક બોધ થાય માટે જે પ્રકૃતિઓ સાથે નામકર્મની ઘણી પ્રકૃતિઓ બંધ અથવા ઉદયમાં પ્રાપ્ત થાય છે, તેનો નિર્દેશ કરતા આ ગાથા કહે છે—

अपज्जत्तगजाई पज्जत्तगईहि पेरिया बहुसो ।
बंधं उदयं च उवेंति सेसपगइउ नामस्स ॥ ४७ ॥

---

૧ તદ્ભવ મોક્ષગામી જીવ ક્ષાયિક સમ્યકત્વ પ્રાપ્ત કર્યા પછી અંતર્મુહૂર્ત કાળમાંજ ચારિત્ર મોહનીયની ક્ષપણાનો પ્રારંભ કરે છે. વચમાં વધારે ટાઈમ ગુમાવતો નથી,

अपर्याप्तकजातिपर्याप्तगतिभिः प्रेरिता बहुशः ।
बन्धमुदयं चोपयान्ति शेषप्रकृतयो नाम्नः ॥ ४७ ॥

અર્થ—અપર્યાપ્તનામ, જાતિનામ, પર્યાપ્ત અને ગતિનામ કર્મવડે પ્રેરિત થયેલી નામકર્મની શેષ ઘણી પ્રકૃતિઓ બંધ અને ઉદયને પ્રાપ્ત થાય છે.

ટીકાનુ —અપર્યાપ્તનામ, જાતિનામ, પર્યાપ્તનામ અને ગતિનામકર્મ વડે જાણે પ્રેરિત ન થયેલ હોય અર્થાત્ અપર્યાપ્ત નામકર્મ આદિનો જ્યારે બંધ કે ઉદય હોય ત્યારે નામકર્મની અન્ય ઘણી પ્રકૃતિઓ બંધ કે ઉદયમાં પ્રાપ્ત થાય છે. અથવા ઘણીવાર બંધ અને ઉદયમાં પ્રાપ્ત થાય છે. ગાથામાં મૂકેલ 'बहुसो-बहुशः' પદનો ઘણીવાર એવો અર્થ તો થાય છે, પરંતુ बहुशः 'ઘણી' એવો અર્થ આર્ષનિયમથી કર્યો છે. જેમકે—અપર્યાપ્ત નામકર્મ બંધાતું હોય અગર ઉદયમાં હોય ત્યારે મનુષ્યગતિ યોગ્ય અથવા તિર્યંચગતિ યોગ્ય નામકર્મની ઘણી પ્રકૃતિઓ બંધમાં અને ઉદયમાં પ્રાપ્ત થાય છે. એકેન્દ્રિયાદિ જાતિનામકર્મ બંધાતું હોય કે ઉદય પ્રાપ્ત હોય ત્યારે બાદર અથવા સૂક્ષ્મનામનો બંધ અથવા ઉદય પ્રાપ્ત થાય છે. એ પ્રમાણે પર્યાપ્ત નામ બંધ કે ઉદયમાં હોય ત્યારે યશઃકીર્તિ આદિ, અને દેવાદિ ગતિનામકર્મ બંધ અગર ઉદયમાં હોય ત્યારે વૈક્રિયદ્વિક આદિ બંધ અને ઉદયમાં પ્રાપ્ત થાય છે. ૪૭

હવે ઉદયની વક્તવ્યતા કહે છે—

उदयप्पत्ताणुदओ पएसओ अणुवसंतपगईणं ।
अणुभागओ उ निचोदयाण सेसाण भइयव्वो ॥ ४८ ॥

उदयप्राप्तानामुदयः प्रदेशतोऽनुपशान्तप्रकृतीनाम् ।
अनुभागतस्तु नित्योदयानां शेषाणां भक्तव्यः ॥ ४८ ॥

અર્થ—ઉદયપ્રાપ્ત કર્મનો ઉદય થાય છે. અનુપશાંત પ્રકૃતિઓનો જ પ્રદેશોદય હોય છે, ઉપશાંતનો હોતો નથી. નિત્યોદયી પ્રકૃતિઓનો રસોદય જ હોય છે. શેષ પ્રકૃતિઓના ઉદયની ભજના સમજવી.

ટીકાનુ૦—અબાધાકાળનો ક્ષય થવાથી ઉદય સમયને પ્રાપ્ત થયેલ કર્મપ્રકૃતિઓનો ઉદય થાય છે. તે ઉદય બે રીતે થાય છે. ૧ પ્રદેશથી, ૨ અનુભાગથી. અર્થાત્ અબાધાકાળનો ક્ષય થવાથી ઉદય સમયને પ્રાપ્ત થયેલ કર્મપ્રકૃતિઓ પ્રદેશોદય વડે અને રસોદયવડે એમ બે પ્રકારે ઉદયમાં આવે છે. તેમાં અનુદયવતી–સ્વસ્વરૂપે ફળ આપવા અસમર્થ કર્મપ્રકૃતિઓનો અબાધાકાળ ક્ષય થયા પછી તેના દલિકને ઉદયવતી-સ્વસ્વરૂપે ફળ આપવા સમર્થ

પ્રકૃતિમાં પ્રતિસમય સ્તિબુકસંક્રમવડે[1] સંક્રમાવી જે અનુભવ કરવો તે પ્રદેશોદય કહેવાય છે, અને તે જે પ્રકૃતિઓ અનુપશાંત હોય તેનોજ થાય છે, ઉપશાંત પ્રકૃતિઓનો થતો નથી.

અનુભાગોદયનો વિપાકોદય-સ્વ-સ્વરૂપે અનુભવ એ અર્થ છે. ધ્રુવોદયી પ્રકૃતિઓનો હંમેશાં વિપાકોદયજ હોય છે. શેષ અધ્રુવોદયી પ્રકૃતિઓનો વિપાકોદય કદાચિત્ હોય છે. કદાચિત્ હોતો નથી. પ્રયોગોદય કે જેનું અપર નામ ઉદીરણા છે, તે વિપાકોદય હોય ત્યારે જ પ્રવર્તે છે, અન્યથા પ્રવર્ત્તતો નથી, માટે તે પૃથક્ કહેલ નથી. ૪૮

હવે જે પ્રકૃતિઓનો દેવગતિના બંધ અથવા ઉદયની સાથે બંધ અથવા ઉદય થાય છે, તેનું પ્રતિપાદન કરે છે-૫

अथिरासुभचउरंसं परघायदुगं तसाइ धुवबंधी ।
अजसपणिंदि विउव्वाहारग सुभखगइ सुरगइया ॥ ४९ ॥

अस्थिराशुभचतुरस्रं पराघातद्विकं त्रसादयो ध्रुवबन्धिन्यः ।
अयशः पञ्चेन्द्रियवैक्रियाहारकशुभखगतयः सुरगतिगाः ॥ ४९ ॥

અર્થ—અસ્થિર, અશુભ, સમચતુરસ્ર, પરાઘાતદ્વિક, ત્રસાદિ દશક, ધ્રુવબંધિની પ્રકૃતિઓ, અપયશકીર્ત્તિ, પંચેન્દ્રિયજાતિ, વૈક્રિયદ્વિક, આહારકદ્વિક, અને શુભવિહાયોગતિ એ પ્રકૃતિઓ દેવગતિની સહચારી છે.

ટીકાનુ૦—અસ્થિર, અશુભ, સમચતુરસ્ર સંસ્થાન, પરાઘાત અને ઉચ્છ્વાસ નામ એ પરાઘાતદ્વિક, ત્રસાદિ દશક, વર્ણ ગંધ રસ સ્પર્શ તૈજસ કાર્મણ અગુરૂલઘુ નિર્માણ અને ઉપઘાત એ નવ ધ્રુવબંધિની પ્રકૃતિઓ, અપયશકીર્ત્તિનામ, પંચેન્દ્રિયજાતિનામ, વૈક્રિયદ્વિક, આહારકદ્વિક, શુભવિહાયોગતિ અને ગાથામાં નથી કહેલી છતાં દેવગતિની સહચારિ હોવાથી ગ્રહણ કરવા યોગ્ય દેવાનુપૂર્વી નામ એ બત્રીસ પ્રકૃતિઓ દેવગતિના બંધ સાથે બંધમાં અને દેવગતિના ઉદય સાથે ઉદયમાં આવે છે. જ્યારે તીર્થંકરનામકર્મનો બંધ થાય ત્યારે તીર્થંકરનામકર્મના બંધ સાથે દેવગતિ યોગ્ય તેત્રીસ પ્રકૃતિઓ બંધમાં સમજવી. કેમકે તીર્થંકરનામકર્મના બંધકાળે મનુષ્યો અવશ્ય દેવગતિયોગ્ય અને દેવો તથા નારકીઓ અવશ્ય મનુષ્ય ગતિ યોગ્ય બંધ કરે છે. ૪૯

જ્યારે દેવગતિમાં તીર્થંકર નામકર્મ બાંધે ત્યારે તેની સાથે કઇ પ્રકૃતિઓ બાંધે તે આ ગાથામાં કહે છે.—

[1] સ્તિબુકસંક્રમ, રસોદય અને પ્રદેશોદય કોને કહેવાય છે, તે સમજવા માટે આજ ગ્રંથના દ્વિતીય-ખંડ-પૃષ્ઠ ૩૬૪-૩૬૫નું ટીપ્પન-વાંચવું.

बंधइ तित्थनिमित्ता मणुउरलदुरिसभदेवजोगाओ ।
नो सुहुमतिगेण जसं नो अजसऽथिराऽसुभाहारे ॥ ५० ॥

बध्नाति तीर्थनिमित्ता मनुजोरलद्विकर्षभदेवयोग्याः ।
न सूक्ष्मत्रिकेण यशः नायशोऽस्थिराशुभा आहारे ॥ ५० ॥

અર્થ—દેવગતિમાં તીર્થંકર નિમિત્તો મનુજદ્વિક, ઔદારિક દ્વિક, પ્રથમ સંઘયણ અને (શેષ) દેવગતિ યોગ્ય પ્રકૃતિઓ બાંધે છે. સૂક્ષ્મત્રિક સાથે યશઃકીર્તિ બાંધતો નથી, અને આહારકનો બંધ થાય ત્યારે અપયશકીર્ત્તિ, અસ્થિર અને અશુભ બાંધતો નથી.

ટીકાનુ૦—દેવગતિમાં રહેલો આત્મા જ્યારે તીર્થંકર નામકર્મ બાંધે ત્યારે તીર્થંકર નામકર્મ સાથે મનુષ્યગતિ, મનુષ્યાનુપૂર્વિ, ઔદારિક શરીર, ઔદારિક અંગોપાંગ, વજ્રઋષભનારાચસંઘયણ એ પાંચ પ્રકૃતિઓ, તથા દેવદ્વિક વૈક્રિયદ્વિક, અને આહારકદ્વિક સિવાય બાકીની પૂર્વની ગાથામાં કહેલી દેવગતિયોગ્ય સત્તાવીશ પ્રકૃતિઓ સઘળી મળી બત્રીસ પ્રકૃતિઓ બાંધે છે.

(એ પ્રમાણે નરકગતિમાં તીર્થંકર નામકર્મ બાંધે ત્યારે પણ ઉપરોક્ત બત્રીશ પ્રકૃતિઓ બાંધે છે. કેમકે દેવો અને નારકીઓને તીર્થંકર નામનો બંધ ચોથે ગુણસ્થાનકે જ થાય છે. ત્યાં ઉપરોક્ત પ્રકૃતિઓનો બંધ થાય છે.)

તથા સૂક્ષ્મ, સાધારણ અને અપર્યાપ્ત નામકર્મ સાથે યશઃકીર્ત્તિ નામ બાંધતો નથી કે ઉદયદ્વારા ભોગવતો નથી. તથા આહારકદ્વિકનો જ્યારે બંધ થતો હોય કે તે જ્યારે ઉદયમાં હોય ત્યારે અપયશકીર્ત્તિ, અસ્થિર અને અશુભરૂપ ત્રણ પ્રકૃતિઓનો બંધ થતો નથી તેમજ તે ઉદયમાં પણ આવતી નથી. ૫૦

હવે બંધ આશ્રયી નરકગતિની સહચારિણી પ્રકૃતિઓ બતાવે છે—

अपज्जत्तगबन्धं दूसरपरघायसासपज्जत्तं ।
तसअपसत्थाखगइं वेउव्वं नरयगइहेऊ ॥ ५१ ॥

अपर्याप्तकबन्धो दुःस्वरपराघातोच्छ्वासपर्याप्तानि ।
त्रसाप्रशस्तखगती वैक्रियं नरकगति तुः ॥ ५१ ॥

અર્થ—અપર્યાપ્ત બંધ, દુઃસ્વર, પરાઘાત, ઉચ્છ્‌વાસ, પર્યાપ્તનામ, ત્રસ, અપ્રશસ્તવિહાયોગતિ અને વૈક્રિયદ્વિક એ નરકગતિના હેતુભૂત પ્રકૃતિઓ છે.

ટીકાનુ૦—અપર્યાપ્ત યોગ્ય બંધ કરતાં બંધાતી બાવીશ પ્રકૃતિઓ કે જે હવે પછી કહેશે તેનો જે બંધ તે અપર્યાપ્ત બંધ કહેવાય છે. તે અપર્યાપ્તાને બંધ યોગ્ય પ્રકૃતિઓ નરકગતિ યોગ્ય બંધ કરતાં બંધાય છે. માત્ર ગાથામાં વૈક્રિય અને પર્યાપ્તનું ગ્રહણ કરેલું હોવાથી અપર્યાપ્તને બંધ યોગ્ય બાવીશ પ્રકૃતિમાં જે ઔદારિક અને અપર્યાપ્ત નામકર્મનું ગ્રહણ કર્યું છે, તે અહિં ગ્રહણ કરવું નહિ. તથા બાવીસમાં તિર્યગ્દ્વિક કે નરદ્વિક બેમાંથી એકનું ગ્રહણ કર્યું છે, તેને બદલે અહિં નરકદ્વિક લેવું. તથા દુઃસ્વર, પરાઘાત, ઉચ્છ્વાસ, પર્યાપ્તનામ ત્રસનામ, અપ્રશસ્તવિહાયોગતિ અને વૈક્રિયદ્વિક એમ સઘળી મળી અઠ્ઠાવીશ પ્રકૃતિઓ બંધ આશ્રયી નરકગતિની સહચારિણી છે, એટલે કે નરકગતિ યોગ્ય બંધ કરતાં બંધાય છે. ૫૧

હવે અપર્યાપ્ત બંધ યોગ્ય બાવીસ પ્રકૃતિઓ કહે છે—

हुंडोरालं धुवबंधिणीउ अथिराइदूसरविहूणा ।
गइ आणुपुव्वि जाई बायरपत्तेयऽपज्जत्ते ॥ ५२ ॥
बंधइ सुहुमं साहारणं च थावरतसंगछेवट्ठं ।
पज्जत्ते उ सथिरसुभजससासुज्जोवपरघायं ॥ ५३ ॥
आयावं एगिंदियअपसत्थविहदूसरं व विगलेसु ।
पंचिंदिएसु सुसराइखगइसंघयणसंठाणा ॥ ५४ ॥

हुण्डोरालं ध्रुवबंधिन्योऽस्थिरादयः दुःस्वरविहीनाः ।
गतिरानुपूर्व्वी जातिः बादरप्रत्येकापर्याप्तकानि ॥ ५२ ॥
बध्यते सूक्ष्मं साधारणं च स्थावरं त्रसाङ्गछेदपृष्ठानि ।
पर्याप्ते तु सस्थिरशुभयशउच्छ्वासोद्योतपराघातानि ॥ ५३ ॥
आतापमेकेन्द्रियेऽप्रशस्तविहायोगतिदुःस्वरं वा विकलेषु ।
पञ्चेन्द्रियेषु सुस्वरादिखगतिसंहननसंस्थानानि ॥ ५४ ॥

અર્થ—હુંડસંસ્થાન, ઔદારિકશરીર નામ, નામની ધ્રુવબંધિની પ્રકૃતિઓ, દુઃસ્વરહીન અસ્થિરાદિષટ્ક, ગતિ, આનુપૂર્વી, જાતિ, બાદર, પ્રત્યેક, અને અપર્યાપ્તનામ એ બાવીસ અપર્યાપ્ત યોગ્ય બંધ કરતાં બંધાય છે. એકેન્દ્રિય યોગ્ય બંધ કરતાં સૂક્ષ્મ, સાધારણ અને સ્થાવર અધિક બંધાય છે. ત્રસ યોગ્ય બંધ કરતાં ત્રસનામ, ઔદારિક અંગોપાંગ અને છેવટ્ઠું સંઘયણ બંધાય છે. પર્યાપ્તયોગ્ય બંધ કરતાં, સ્થિર, શુભ, યશઃકીર્તિ, ઉચ્છ્વાસનામ, ઉદ્યોત, પરાઘાત અધિક બંધાય છે પર્યાપ્ત એકેન્દ્રિય યોગ્ય બાંધતાં આતપ બંધાય છે.

વિકલેન્દ્રિય યોગ્ય બંધ કરતાં અપ્રશસ્તવિહાયોગતિ અને દુઃસ્વર બંધાય છે. પંચેન્દ્રિય યોગ્ય બાંધતાં સુસ્વરાદિ, ખગતિ, સંઘયણ અને સંસ્થાન નામનો પણ બંધ થાય છે.

ટીકાનુ૦—હુંડસંસ્થાન, ઔદારિકશરીર, નામકર્મની ધ્રુવબંધિની વર્ણ ગંધ રસ સ્પર્શ અગુરૂલઘુ, તૈજસ કાર્મણ ઉપઘાત અને નિર્માણ રૂપ નવ પ્રકૃતિઓ, દુઃસ્વર રહિત અસ્થિરાદિ—અસ્થિર, અશુભ, દુર્ભગ, અનાદેય અને અપયશકીર્તિરૂપ પાંચ, મનુષ્યદ્વિક અને તિર્યગ્દ્વિકમાંથી એકદ્વિક, અન્યતરજાતિ, બાદર, પ્રત્યેક અને અપર્યાપ્તનામ આ બાવીશ કર્મ પ્રકૃતિઓ અપર્યાપ્ત યોગ્ય બંધ કરતાં બંધાય છે, માટે અપર્યાપ્તક બંધ સંજ્ઞાવાળી છે. [કારણ કે પર્યાપ્તનામ સાથે આ પ્રકૃતિઓનો બંધ અને ઉદયમાં અસંભવ છે.]

પૂર્વોક્ત અપર્યાપ્ત બંધ સંજ્ઞાવાળી પ્રકૃતિ બાંધતો જ્યારે એકેન્દ્રિય યોગ્ય બંધ કરે ત્યારે સ્થાવર, સૂક્ષ્મ અને સાધારણ રૂપ અન્ય ત્રણ પ્રકૃતિઓ પણ બંધ યોગ્ય થાય છે.

ત્રસયોગ્ય બંધ કરે ત્યારે ત્રસનામ, ઔદારિક અંગોપાંગ અને સેવાર્ત્ત સંઘયણ એ ત્રણ અન્ય પ્રકૃતિઓ બંધ યોગ્ય સમજવી. આ પ્રમાણે પર્યાપ્ત એકેન્દ્રિય યોગ્ય બંધ કરતાં અને અપર્યાપ્ત યોગ્ય બંધ કરતાં પચીસે પચીસ પ્રકૃતિઓ બંધાય છે.

પર્યાપ્તનામનો જ્યારે બંધ કરે ત્યારે પૂર્વોક્ત પચીસ પ્રકૃતિમાંથી અપર્યાપ્ત નામ દૂર કરતાં અને સ્થિર, શુભ, યશઃકીર્તિ, ઉચ્છ્વાસ, ઉદ્યોત અને પરાઘાત મેળવતાં જેટલી થાય તેટલી બાંધે છે. તાત્પર્ય એ કે —જ્યારે પર્યાપ્ત નામના બંધનો વિચાર કરીએ ત્યારે પૂર્વોક્ત પચીસ પ્રકૃતિમાંથી અપર્યાપ્તનામ કાઢી તેના સ્થાને પર્યાપ્ત નામ નાખવું, ત્યારબાદ ગાથામાં કહેલી સ્થિર આદિ અન્ય છ પ્રકૃતિઓ નાખવી, એટલે એકત્રીશ થાય. આ એકત્રીશ પ્રકૃતિઓ પર્યાપ્ત સ્થાવર એકેન્દ્રિય યોગ્ય બંધ કરે ત્યારે કે પર્યાપ્ત ત્રસ યોગ્ય બંધ કરે ત્યારે યથાસંભવ સમજવી.

હવે જ્યારે ખર બાદર પર્યાપ્ત એકેન્દ્રિય યોગ્ય બંધ કરે ત્યારે બત્રીસમું આતપનામ પણ બંધ યોગ્ય સમજવું.

જ્યારે પર્યાપ્ત વિકલેન્દ્રિય યોગ્ય બંધ કરે ત્યારે અપ્રશસ્ત વિહાયોગતિ અને દુઃસ્વર નામ બાંધે છે, માટે પર્યાપ્ત વિકલેન્દ્રિય યોગ્ય તેત્રીસ પ્રકૃતિઓ બંધ યોગ્ય સંભવે છે.

જ્યારે પર્યાપ્ત તિર્યક્ પંચેન્દ્રિય અને મનુષ્ય યોગ્ય બંધ કરે ત્યારે સુસ્વર, સૌભાગ્ય, આદેય, પ્રશસ્તવિહાયોગતિ. અંતિમ સંસ્થાન અને સંઘયણનું ગ્રહણ કરી લીધેલ હોવાથી તે સિવાય પાંચ સંઘયણ અને પાંચ સંસ્થાન એમ ચૌદ અન્ય પ્રકૃતિઓના બંધનો સંભવ છે, માટે સુડતાલીસ પ્રકૃતિઓ બંધ યોગ્ય સમજવી. જો કે વધારેમાં વધારે તિર્યંચગતિ યોગ્ય ત્રીસ પ્રકૃતિઓ બંધમાં છે, પરંતુ અહિં પરસ્પર વિરુદ્ધ પ્રકૃતિઓ પણ

ગણેલી હોવાથી સંખ્યા વધારે જણાય છે, તે કાઢી નાખીએ તો સંખ્યા બરાબર થશે. ૫૨–૫૩–૫૪.

આ પ્રમાણે પર્યાપ્ત, અપર્યાપ્ત, સ્થાવર અને ત્રસ યોગ્ય બંધ કરતાં જેટલી પ્રકૃતિઓ સંભવે છે, તેટલી જણાવી. હવે સરવાળે નામકર્મનાં જેટલાં બંધ સ્થાનકો સંભવે છે, તેટલાનું નિરૂપણ કરતા આ ગાથા કહે છે—

तेवीसा पणुवीसा छव्वीसा अट्ठवीस गुणतीसा ।
तीसेगतीस एगो बंधट्ठाणाइ नामेऽट्ठ ॥ ५५ ॥

त्रयोविंशतिः पञ्चविंशतिः षड्विंशतिरष्टाविंशति रेकोनत्रिंशत् ।
त्रिंशदेकत्रिंशदेका बन्धस्थानानि नाम्नोऽष्टौ ॥ ५५ ॥

અર્થ—ત્રેવીસ, પચીસ, છવ્વીસ, અટ્ઠાવીસ, ઓગણત્રીસ, ત્રીસ, એકત્રીસ, અને એક આ પ્રમાણે નામકર્મનાં આઠ બંધસ્થાનકો છે.

ટીકાનુ૦—એક સાથે જેટલી પ્રકૃતિ બંધાય તેનું નામ બંધસ્થાન કહેવાય છે, અને તે ગાથાના અર્થમાં જે પ્રમાણે કહ્યાં તે પ્રમાણે આઠ થાય છે, તેમાંથી કઈ ગતિ યોગ્ય બંધ કરતાં કેટલાં બંધાય અને કઈ ગતિમાં કેટલાં બંધાય તે હવે પછી વિસ્તાર-પૂર્વક કહેશે. ॥૫૫॥

હવે મનુષ્યાદિ ગતિમાં વર્ત્તમાન આત્મા ઉપરોક્ત બંધસ્થાનકમાંથી જેટલાં બંધ સ્થાનકો બાંધે, તેનું નિરૂપણ આ ગાથામાં કરે છે:—

मणुयगईए सव्वे तिरियगईए य छ आइमा बंधा ।
नरए गुणतीस तीसा पंचछवीसा य देवेसु ॥ ५६ ॥

मनुजगतौ सर्वे तिर्यग्गतौ च षडादिमान् बन्धान् ।
नरके एकोनत्रिंशत् त्रिंशत् पञ्च षड्विंशतिश्च देवेषु ॥ ५६ ॥

અર્થ—મનુષ્યગતિમાં સઘળાં બંધસ્થાનકો, તિર્યંચગતિમાં આદિનાં છ, નરકમાં ઓગણત્રીશ અને ત્રીશ, તથા દેવગતિમાં પચીશ, છવ્વીસ અને ચકારથી ઓગણત્રીશ અને ત્રીશ એ પ્રમાણે બંધસ્થાનકો હોય છે.

ટીકાનુ૦—મનુષ્યગતિમાં વર્ત્તમાન આત્મા યથાયોગ્ય રીતે નામકર્મનાં સઘળાં બંધ-સ્થાનકો બાંધે છે. કારણ કે મનુષ્ય સઘળી ગતિમાં ઉત્પન્ન થાય છે. તેમાં એકેન્દ્રિય યોગ્ય ત્રેવીસ, પચીસ અને છવ્વીસ એમ ત્રણ બંધસ્થાનક બાંધે છે. વિકલેન્દ્રિય યોગ્ય પચીસ

ઓગણત્રીસ અને ત્રીશ એમ ત્રણ બંધ સ્થાનક બાંધે છે. નરકમાં ઉત્પન્ન થતો તદ્યોગ્ય અઠ્ઠાવીશ બાંધે છે. દેવગતિમાં ઉત્પન્ન થનાર અઠ્ઠાવીશ, ઓગણત્રીશ, ત્રીશ અને એકત્રીશ એમ ચાર બંધસ્થાન બાંધે છે. ક્ષપક અને ઉપશમશ્રેણિમાં વર્ત્તમાન એક બાંધે છે. (તિર્યંચ પંચેંદ્રિય યોગ્ય ૨૫-૨૯-૩૦ અને મનુષ્યગતિયોગ્ય ૨૫-૨૯ એ પ્રમાણે પ્રકૃતિઓનો બંધ કરે છે.) આ પ્રમાણે મનુષ્યગતિમાં વર્ત્તમાન યથાયોગ્ય રીતે સઘળાં બંધસ્થાનકો બાંધે છે.

તથા તિર્યંચગતિમાં વર્ત્તમાન શરૂઆતનાં ત્રેવીસ, પચીસ, છવ્વીસ, અઠ્ઠાવીશ, ઓગણત્રીશ, અને ત્રીસ એમ યથાસંભવ છ બંધસ્થાનકો બાંધે છે. કેમકે તિર્યંચો પણ ચારે ગતિમાં ઉત્પન્ન થાય છે, એટલે ચારે ગતિ યોગ્ય ઉપરોકત બંધસ્થાનકો બાંધે છે. માત્ર તીર્થંકર અને આહારકદ્વિક સાથે દેવગતિ યોગ્ય એકત્રીસનો બંધ અને શ્રેણિયોગ્ય એકનો બંધ એ બે બંધસ્થાન તિર્યંચોને સંભવતાં નથી. કારણ કે તેઓમાં ચારિત્ર અને શ્રેણિનો અભાવ છે.

તથા નરકગતિમાં વર્ત્તમાન ઓગણત્રીસ અને ત્રીસ એ બે તિર્યંચ અને મનુષ્યગતિયોગ્ય બંધસ્થાન બાંધે છે. કેમકે નારકી મરીને અવશ્ય પર્યાપ્ત સંજ્ઞિ તિર્યંચ અને મનુષ્યમાં જ ઉત્પન્ન થાય છે. તે બંનેને યોગ્ય ઓગણત્રીસનું બંધસ્થાન છે. તથા જે નારકી મરીને શ્રેણિકની જેમ તીર્થંકર થશે તે તીર્થંકર નામ સાથે મનુષ્યગતિ યોગ્ય ત્રીસનો બંધ કરે છે. (ઉદ્યોત સાથે તિર્યંચગતિ યોગ્ય પણ ત્રીસ બાંધે છે.)

તથા દેવગતિમાં વર્ત્તમાન આત્મા બાદરપર્યાપ્ત એકેન્દ્રિય યોગ્ય પચીસ અને છવ્વીસ તથા ચકારથી મનુષ્ય-તિર્યંચગતિ યોગ્ય ઓગણત્રીસ અને ત્રીસ એમ ચાર બંધસ્થાન બાંધે છે. તેમાં બાદર પર્યાપ્ત પૃથ્વી, અપ્ અને પ્રત્યેક વનસ્પતિમાં ઉત્પન્ન થનાર પચીશ બાંધે છે. આતપ સાથે બંધ કરે ત્યારે તેજ પચીશ છવ્વીસ થાય છે. તે છવ્વીસના બંધસ્થાનને ખરપર્યાપ્ત બાદર પૃથ્વીકાય યોગ્ય બાંધતાં બાંધે છે. ઓગણત્રીસ અને ત્રીસના બંધસ્થાનનો વિચાર નારકીની જેમ સમજવો. કેમકે દેવ પણ ગર્ભજ પર્યાપ્ત તિર્યંચ અને મનુષ્યમાં ઉત્પન્ન થાય છે. તેમાં તિર્યંચમાં ઉત્પન્ન થતા ઓગણત્રીસ અને ઉદ્યોત સાથે ત્રીસ. અને મનુષ્યમાં ઉત્પન્ન થતા ઓગણત્રીસ અને તીર્થંકર નામ સાથે ત્રીસ કર્મપ્રકૃતિઓ બાંધે છે. ૫૬

આ પ્રમાણે અમુક અમુક ગતિમાં વર્ત્તમાન આત્મા નામકર્મનાં કેટલાં બંધસ્થાનકો બાંધે તે કહ્યું, હવે અમુક કોઈ ગતિ યોગ્ય બંધ કરતાં નામકર્મનાં કેટલાં અને કયાં બંધસ્થાનકો બંધાય તેનું નિરૂપણ કરે છે.—

अडवीस नरयजोग्गा अडवीसाई सुराण चत्तारि ।
तिगपणछव्वीसेगिंदियाण तिरिमणुय बंधतिगं ॥ ५७ ॥

अष्टाविंशतिर्नरकयोग्याऽष्टाविंशत्यादीनि सुराणां चत्वारि ।
त्रिकपञ्चषड्विंशतिरेकेन्द्रियाणां तिर्यग्मनुजानां बन्धत्रिकम् ॥ ५७ ॥

અર્થ—નરકગતિયોગ્ય અટ્ઠાવીસનું બંધસ્થાન, દેવગતિ યોગ્ય અટ્ઠાવીશ આદિ ચાર, એકેન્દ્રિય યોગ્ય ત્રણુ, પાંચ અને છ અધિક વીશ અને તિર્યંચ તથા મનુષ્યને યોગ્ય પચીસ, ઓગણુત્રીસ અને ત્રીસ એમ ત્રણુ બંધસ્થાન છે.

ટીકાનુ૦—નરકગતિ યોગ્ય અટ્ઠાવીશ પ્રકૃતિના સમૂહરૂપ એક બંધસ્થાન છે, એટલે કે નરકગતિ યોગ્ય બંધ કરતાં નામકર્મની અટ્ઠાવીશ પ્રકૃતિઓનો બંધ થાય છે. દેવગતિ યોગ્ય બંધ કરતાં અટ્ઠાવીશ, ઓગણુત્રીસ, ત્રીસ અને એકત્રીસ એમ ચાર બંધસ્થાનકો બંધાય છે. એકેન્દ્રિય યોગ્ય બંધ કરતાં ત્રેવીસ, પચીસ અને છવ્વીસ એમ ત્રણુ બંધસ્થાન બંધાય છે. તથા બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરિન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યગતિ યોગ્ય બંધ કરતાં પચીસ, ઓગણુત્રીસ અને ત્રીશ એમ ત્રણુ ત્રણુ બંધસ્થાનકોનો બંધ થાય છે. આ સઘળાં બંધસ્થાનકોનો સૂત્રકાર પોતે જ આગળ ઉપર વિચાર કરશે, માટે અમે અહિં તેનો વિચાર કર્યો નથી. ૫૭

હવે ગુણુસ્થાનકોમાં બંધસ્થાનકોનો વિચાર કરતા આ સૂત્ર કહે છે.—

मिच्छम्मि सासणाइसु तिअट्ठवीसाइ नामबंधाओ ।
छत्तिण्णि दोति दोदो चउपण सेसेसु जसबंधो ॥ ५८ ॥

मिथ्यात्वे सासादनादिषु त्र्यष्टाविंशत्याद्या नामबन्धाः ।
षड् त्रयो द्वौ त्रयो द्वौ द्वौ चत्वारः पञ्च शेषेषु यशोबन्धः ॥ ५८ ॥

અર્થ—મિથ્યાત્વે અને સાસ્વાદનાદિમાં અનુક્રમે ત્રેવીશ આદિ અને અટ્ઠાવીશ આદિ છ, ત્રણુ, બે, ત્રણુ, બે, બે, ચાર અને પાંચ બંધસ્થાનકો હોય છે. શેષ ગુણુસ્થાનકોમાં યશઃકીર્તિનોજ બંધ હોય છે.

ટીકાનુ૦—મિથ્યાદષ્ટિ ગુણુસ્થાનકે ત્રેવીસ, પચીસ, છવ્વીશ, અટ્ઠાવીસ, ઓગણુત્રીસ, અને ત્રીસ એમ નામકર્મનાં છ બંધસ્થાનકો હોય છે. મિથ્યાદષ્ટિઓ ચારે ગતિવાળા ચૌદે ભેદના જીવો હોય છે, અને ચારે[1] ગતિ યોગ્ય બંધ કરે છે; તેથી ઉપરોક્ત બંધસ્થાનકો સંભવે છે. એકત્રીસનો બંધ સાતમે તથા આઠમે અને એકનો બંધ આઠમા આદિમાં થતો હોવાથી મિથ્યાદષ્ટિને તેનો સંભવ નથી.

૧ અપર્યાપ્તાવસ્થામાં પહેલે-બીજે ગુણુસ્થાનકે નરક કે દેવગતિ યોગ્ય બંધ થતો નથી.

સાસ્વાદન, મિશ્ર, અવિરતિસમ્યગ્દૃષ્ટિ, દેશવિરતિ, પ્રમત્ત, અપ્રમત્ત અને અપૂર્વકરણમાં અનુક્રમે અઠ્ઠાવીશ આદિ ત્રણ, બે, ત્રણ, બે, બે, ચાર, અને પાંચ બંધસ્થાનકો હોય છે. તેમાં સાસ્વાદને અઠ્ઠાવીશ, ઓગણત્રીશ અને ત્રીશ એમ ત્રણ બંધસ્થાનકો હોય છે. તેમાં સાસ્વાદન ગુણસ્થાનકે વર્ત્તતા પર્યાપ્ત સંજ્ઞી તિર્યંચ અથવા મનુષ્યને દેવગતિ યોગ્ય બાંધતાં અઠ્ઠાવીશનું અને સાસ્વાદન ગુણસ્થાનકે વર્ત્તતા [1]દેવ અથવા નારકીને તિર્યંચ કે મનુષ્યગતિ યોગ્ય બાંધતાં ઓગણત્રીસનું, અને ઉદ્યોત નામકર્મ સાથે તિર્યંચગતિ યોગ્ય બંધ કરતાં ત્રીશનું એમ બીજે ગુણસ્થાનકે ત્રણ બંધસ્થાનકો હોય છે.

સમ્યગ્મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનકે અઠ્ઠાવીશ અને ઓગણત્રીશ એમ બે બંધસ્થાનકો હોય છે. તેમાં પર્યાપ્ત સંજ્ઞિ તિર્યંચ અથવા મનુષ્યને દેવગતિ યોગ્ય બંધ કરતાં અઠ્ઠાવીશનું, અને દેવ અથવા નારકીને મનુષ્યગતિ યોગ્ય બંધ કરતાં ઓગણત્રીશનું બંધસ્થાન હોય છે. ત્રીજું ગુણસ્થાનક પર્યાપ્તાવસ્થામાં અને સંજ્ઞિઓને જ હોય છે. ત્યાં દેવો તથા નારકીઓ મનુષ્યગતિયોગ્ય અને મનુષ્યો તથા તિર્યંચો દેવગતિ યોગ્ય જ બંધ કરે છે.

અવિરતિ સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનકે અઠ્ઠાવીશ, ઓગણત્રીશ અને ત્રીસ એમ ત્રણ બંધસ્થાનકો હોય છે. આ ગુણસ્થાનક ચારે ગતિના સંજ્ઞિ જીવોને [2]કરણ અપર્યાપ્તાવસ્થામાં અને પર્યાપ્તાવસ્થામાં હોય છે, ત્યાં યથાયોગ્ય રીતે ઉપરનાં બંધસ્થાનકો સંભવે છે. તેમાં તિર્યંચ કે મનુષ્યોને દેવગતિયોગ્ય બંધ કરતાં અઠ્ઠાવીશનું, માત્ર મનુષ્યોને તીર્થંકર નામકર્મ સાથે દેવગતિ યોગ્ય બંધ કરતાં ઓગણત્રીશનું, દેવ–નારકીઓને મનુષ્યગતિ યોગ્ય બંધ કરતાં ઓગણત્રીસનું, અને તીર્થંકર નામકર્મ સાથે બાંધતાં તેઓને ત્રીશનું બંધસ્થાન હોય છે.

દેશવિરતે અને પ્રમત્તે બે બે બંધસ્થાન હોય છે. તે આ–અઠ્ઠાવીશ અને ઓગણત્રીશ. તેમાં દેવગતિયોગ્ય બંધ કરતા દેશવિરતિ મનુષ્ય અને [3]તિર્યંચોને અઠ્ઠાવીશનું, તથા તીર્થંકર નામકર્મ સાથે દેવગતિ યોગ્ય બંધ કરતા મનુષ્યને ઓગણત્રીશનું બંધસ્થાન હોય છે. પ્રમત્તે પણ એ રીતે જ બે બંધસ્થાનકો સમજવાં, પરંતુ મનુષ્યોને જ. કેમકે પ્રમત્તાદિ ગુણસ્થાનકો મનુષ્યગતિમાં જ હોય છે.

---

૧ બીજે ગુણસ્થાનકે મનુષ્ય કે તિર્યંચોને પણ મનુષ્યગતિ કે તિર્યંચ ગતિ યોગ્ય બંધ થઈ શકે છે.

૨ અપર્યાપ્તાવસ્થામાં નવું કોઈ સમ્યક્ત્વ ઉત્પન્ન થતું નથી, પરંતુ પૂર્વ જન્મનું લાવેલું હોઈ શકે છે.

૩ સંખ્યાત વરસના આયુવાળા તિર્યંચોને જ પાંચ ગુણસ્થાન હોય છે. યુગલિયાને તો ચાર ગુણસ્થાનક જ હોય છે વળી તીર્થંકર નામનો બંધ તિર્યંચો કરતા જ નથી. એટલે તીર્થંકર સાથેના કોઈ બંધસ્થાનનો તિર્યંચગતિમાં બંધ હોતો નથી.

શંકા—સંયમ નિમિત્તે આહારકદ્વિકનો બંધ કહ્યો છે. શાસ્ત્રમાં કહ્યું છે કે 'સમ્યક્ત્વગુણ રૂપ નિમિત્તવડે તીર્થંકર નામનો અને સંજમરૂપ હેતુવડે આહારકદ્વિકનો બંધ થાય છે.' અને સંયમ-સર્વવિરતિ ચારિત્ર પ્રમત્ત સંયતને પણ છે જ. તો પ્રમત્ત સંયતને આહારકદ્વિકના બંધનો સંભવ હોવાથી દેવગતિયોગ્ય આહારકદ્વિક સહિત ત્રીશનું બંધસ્થાન શા માટે ગ્રહણ કરતા નથી?

ઉત્તર—ઉપરની શંકા અમારા અભિપ્રાયનું અજ્ઞાન હોવાથી અયુક્ત છે. અપ્રમત્ત સંયતથી પ્રમત્ત સંયતનું સંયમ મંદ હોવાથી પ્રમત્ત સંયતનું ચારિત્ર આહારકદ્વિકના બંધમાં હેતુ નથી. કેમકે અત્યંત વિશુદ્ધ-અપ્રમત્ત ભાવનું ચારિત્ર જ આહારકદ્વિકના બંધમાં હેતુ છે. પ્રમત્ત સંયતને તેવા વિશિષ્ટ ચારિત્રનો અભાવ હોવાથી તેને આહારકદ્વિક સાથે દેવગતિયોગ્ય ત્રીશના બંધસ્થાનકનો અભાવ છે.

અપ્રમત્ત સંયતને અટ્ઠાવીશ, ઓગણત્રીશ, ત્રીશ અને એકત્રીશ એમ ચાર બંધસ્થાનકો હોય છે. તેમાં આહારકદ્વિક અને તીર્થંકર નામકર્મ વિના દેવગતિયોગ્ય બંધ કરતાં અટ્ઠાવીશ, તીર્થંકર નામ સાથે બાંધતાં ઓગણત્રીશ, આહારકદ્વિક સાથે બાંધતાં ત્રીશ અને તીર્થંકર અને આહારકદ્વિક સાથે અટ્ઠાવીશનો બંધ કરતાં એકત્રીશનું બંધસ્થાન હોય છે.

અપૂર્વકરણ ગુણસ્થાનકે અટ્ઠાવીશ, ઓગણત્રીશ, ત્રીશ, એકત્રીશ અને એક એમ પાંચ બંધસ્થાનકો હોય છે. તેમાં અટ્ઠાવીશ આદિ ચાર બંધસ્થાનકો અપ્રમત્ત ગુણસ્થાનકે જે રીતે કહ્યાં તે રીતે અહિં સમજવાં. પાંચમું આઠમા ગુણસ્થાનકના છટ્ઠા ભાગે નામકર્મની ત્રીશ પ્રકૃતિનો બંધવિચ્છેદ થયા બાદ એક યશઃકીર્ત્તિ નામકર્મના બંધરૂપ છે.

બાકીના અનિવૃત્તિ બાદરસંપરાય અને સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકે એક યશઃકીર્ત્તિ નામકર્મનો જ બંધ થાય છે. [1]અહિં અતિવિશુદ્ધ પરિણામ હોવાને લીધે અન્ય કોઈપણ

[1] અહિં એમ શંકા થઈ શકે કે-નવમે દશમે ગુણસ્થાનકે અતિવિશુદ્ધ અધ્યવસાય હોવાને લીધે તીર્થંકરનામ, આહારકદ્વિક આદિ જેવી પુન્ય પ્રકૃતિઓનો બંધ કેમ ન થાય? ઉલટું અતિવિશુદ્ધ પરિણામ હોવાને લીધે અલ્પ સ્થિતિવાળી અને ઉત્કૃષ્ટ રસવાળી ઉપરોક્ત પ્રકૃતિઓ બંધાવી જોઈએ. તો પછી શા માટે તે સઘળી પ્રકૃતિઓ આઠમા ગુણસ્થાનકના છટ્ઠા ભાગ સુધી જ બંધાય છે, ત્યાર બાદ બંધાતી નથી? આ શંકા ઠીક છે. પરંતુ દરેક પુન્ય અને પાપ પ્રકૃતિઓના બંધના અધ્યવસાયની અમુક હદ હોય છે. જેમકે અમુકથી અમુક હદ સુધીના ખરાબ પરિણામ વડે અમુક અમુક પાપ પ્રકૃતિ બંધાય છે, જેટલી હદના જઘન્ય જોઈએ તે કરતાં જઘન્ય હોય અને જેટલી હદના ઉત્કૃષ્ટ જોઈએ તે કરતાં ચડીયાતા હોય તો તે પાપપ્રકૃતિ બંધાતી નથી. એ પ્રમાણે અમુકથી અમુક હદ સુધીના વિશુદ્ધ પરિણામ વડે અમુક અમુક પુન્ય પ્રકૃતિનો બંધ થાય છે. ઓછામાં ઓછા જેટલી હદના વિશુદ્ધ પરિણામ જોઈએ તે કરતાં ઓછા હોય, તેમજ વધારેમાં વધારે જેટલી હદના વિશુદ્ધપરિણામ જોઈએ તેથી વધારે હોય તો તે પુન્ય પ્રકૃતિ પણ બંધાતી નથી. જો આ પ્રમાણે વ્યવસ્થા ન હોય તો પાપ-

નામકર્મની પ્રકૃતિનો બંધ થતો નથી. આ પ્રમાણે ગુણસ્થાનકોમાં નામકર્મનાં બંધસ્થાનકો કહ્યાં. ૫૮

એકેન્દ્રિયાદિ યોગ્ય ત્રેવીસ આદિ જે બંધસ્થાનકો પહેલાં કહી ગયા તે સઘળાંનો હવે વિચાર કરવો જોઇયે, તેમાં પહેલા ત્રેવીસના બંધસ્થાનનો વિચાર કરે છે—

तग्गयणुपुव्विजाई थावरमाईय दूसरविहूणा।
धुवबंधि हुंडविग्गह तेवीसा पज्जथावरए॥ ५९॥

तद्गत्यानुपूर्व्विजातयः स्थावरादयो दुःस्वरविहीनाः।
ध्रुवबन्धिन्यो हुण्डं विग्रहः त्रयोविंशतिरपर्याप्तस्थावरस्य॥ ५९॥

અર્થ—તિર્યંચગતિ, તિર્યંચાનુપૂર્વિ, એકેન્દ્રિયજાતિ, દુઃસ્વર હીન સ્થાવરાદિ નવ, નામકર્મની ધ્રુવબંધિ નવ, હુંડસંસ્થાન અને ઔદારિક શરીરનામ એમ ત્રેવીસ પ્રકૃતિઓ અપર્યાપ્ત સ્થાવર—એકેન્દ્રિયના બંધયોગ્ય સમજવી.

ટીકાનુ૦—ગાથામાં ગ્રહણ કરેલ 'સ્થાવર' આદિ શબ્દના સાન્નિધ્યથી તત્ શબ્દથી અહિં તિર્યંચગતિનું ગ્રહણ કરવાનું છે. આ પ્રમાણે હોવાથી તદ્ગતિઃ=તિર્યંચગતિ અને તદાનુપૂર્વી=તિર્યંચાનુપૂર્વી, એકેન્દ્રિયજાતિ, દુઃસ્વર નામકર્મહીન સ્થાવર સૂક્ષ્મ અપર્યાપ્ત સાધારણ અસ્થિર અશુભ દુર્ભગ, અનાદેય અપયશકીર્ત્તિ એ સ્થાવરાદિ નવ, તૈજસ કાર્મણ વર્ણાદિ ચતુષ્ક અગુરૂલઘુ નિર્માણ અને ઉપઘાત એ ધ્રુવબંધિની નવ, હુંડસંસ્થાન અને ઔદારિકશરીર આ ત્રેવીસ પ્રકૃતિઓ અપર્યાપ્ત સ્થાવર—અપર્યાપ્ત એકેન્દ્રિય યોગ્ય જાણવી. એટલે કે અપર્યાપ્ત એકેન્દ્રિય યોગ્ય બંધ કરતા તિર્યંચો અને મનુષ્યો ઉપરોક્ત ત્રેવીશ પ્રકૃતિઓ બાંધે છે, એમ સમજવું.

પહેલાં ગાથામાં અપર્યાપ્ત એકેન્દ્રિય યોગ્ય પ્રકૃતિઓ માત્ર સંભવ આશ્રયી ગ્રહણ

પ્રકૃતિ કે પુન્યપ્રકૃતિના બંધની કોઇ મર્યાદા રહે નહિ. જેમકે અમુક પ્રકારના ક્લિષ્ટ પરિણામને યોગે તિર્યંચગતિનો બંધ થાય, તે પણ તેના યોગ્ય પરિણામ હોય ત્યાંસુધી તેનો બંધ થાય, જ્યારે તેનાથી પણ ચડીયાતા ખરાબ પરિણામ થાય ત્યારે નરકગતિ યોગ્ય બંધ થાય, પરંતુ તિર્યંચગતિ યોગ્ય ન થાય. એ પ્રમાણે ઓછામાં ઓછા અમુક હદવાળા વિશુદ્ધ પરિણામથી અને વધારેમાં વધારે અમુક હદ સુધીના વિશુદ્ધ પરિણામવડે જ તીર્થંકરનામ કે આહારકદ્વિક બંધાય. ઓછામાં ઓછા જેટલી હદના જોઈએ તે કરતાં ઓછા હોય કે વધારેમાં વધારે જેટલી હદના જોઇયે તે કરતાં અધિક હોય ત્યારે તીર્થંકરાદિ પુન્યપ્રકૃતિઓ પણ બંધાય નહિ. જો એમ ન હોય તો આઠમા ગુણસ્થાનકથી નવમે—દશમે વધારે વિશુદ્ધ પરિણામી આત્મા હોય છે. તે તે પરિણામ વડે બંધ થયા જ કરે તો તેનો વિચ્છેદ ક્યારે થાય? અને આત્માઓનો મોક્ષ કઈ રીતે થાય? માટે દરેક પ્રકૃતિના બંધ યોગ્ય અધ્યવસાયની હદ હોય છે, જેને જ્ઞાની મહારાજાએ ગુણસ્થાનકમાં તે તે પ્રકૃતિના બંધવિચ્છેદ દ્વારા બતાવી છે.

કરી છે. એ પચીસમાં પરસ્પર વિરોધિની પ્રકૃતિઓ પણ લીધી છે. કારણ કે તેમાં સામાન્યતઃ-સૂક્ષ્મ-બાદરના વિભાગ સિવાય અપર્યાપ્ત એકેન્દ્રિય યોગ્ય બંધ કરતાં કેટલી બંધાય તે કહ્યું છે. જ્યારે અહિં વિભાગ પૂર્વક-સાધારણ સૂક્ષ્મ અપર્યાપ્ત એકેન્દ્રિય યોગ્ય બંધ કરતાં તેમજ પ્રત્યેક બાદર અપર્યાપ્ત એકેન્દ્રિય યોગ્ય બંધ કરતાં કેટલી બંધાય તે કહ્યું છે. એટલે તે પૂર્વે કહેલ પચીસમાંથી પરસ્પર વિરૂદ્ધ પ્રકૃતિઓ બાદ કરીયે ત્યારે ત્રેવીસ પ્રકૃતિઓ શેષ રહે છે, જે અહિં બતાવી છે. આ પ્રમાણે હોવાથી ત્રેવીસના બંધના ચાર પ્રકાર થાય છે. તે આ-બાદર અને સાધારણ સાથે ત્રેવીસ બાંધતાં પહેલો, બાદર અને પ્રત્યેક સાથે ત્રેવીસ બાંધતાં બીજો, સૂક્ષ્મ અને સાધારણ સાથે ત્રેવીશ બાંધતાં ત્રીજો અને સૂક્ષ્મ તથા પ્રત્યેક સાથે ત્રેવીશ બાંધતાં ચોથો ભંગ થાય છે. પરસ્પર વિરોધિ પ્રકૃતિઓ હોવાને લીધે એકજ બંધસ્થાનક ચાર પ્રકારે થાય છે. ૫૯

આ પ્રમાણે અપર્યાપ્ત એકેન્દ્રિય યોગ્ય બંધ પ્રકૃતિઓ કહી હવે પર્યાપ્ત એકેન્દ્રિય યોગ્ય કહેવી જોઈએ. એટલે પૂર્વોક્ત બંધસ્થાનકોમાંથી કોઈક પ્રકૃતિ કાઢી તેના સ્થાને અન્ય ઉમેરવી જોઈએ. આ પ્રમાણે અન્ય બંધસ્થાનકોમાં પણ કહેવું જોઇયે. આ પ્રમાણે હોવાથી સામાન્યતઃ પ્રકૃતિનો વ્યત્યાસ-ફેરફાર કરવામાં યુક્તિ કહે છે.—

पगईणं वच्चासो होइ गइइंदियाइ आसज्ज ।
सपराघाऊसासा पणवीस छवीस सायावा ॥ ६० ॥

प्रकृतीनां व्यत्यासो भवति गतीन्द्रियाद्याश्रित्य ।
सपराघातोच्छ्वासा पञ्चविंशतिः षड्विंशतिः सातापा ॥ ६० ॥

અર્થ—ગતિ અને ઇન્દ્રિયાદિને આશ્રયીને પ્રકૃતિઓનો વ્યત્યાસ ફેરફાર થાય છે. પરાઘાત અને ઉચ્છ્વાસ સાથે પચીસ અને આતપ કે ઉદ્યોત સાથે લેતાં છવ્વીસ પ્રકૃતિઓ થાય છે.

ટીકાનુ૦—ગતિ, ઇન્દ્રિય અને આદિ શબ્દથી વૈક્રિયાદિ શરીરને આશ્રયીને પૂર્વે કહેલ બંધસ્થાનકની પ્રકૃતિઓમાં વ્યત્યાસ-ફેરફાર કરવો. તાત્પર્ય એ કે-તિર્યંચગતિ અને એઇન્દ્રિયાદિ ઇન્દ્રિયને આશ્રયીને પૂર્વોક્ત પ્રકૃતિઓમાંથી કેટલીક પ્રકૃતિઓને સ્વયમેવ દૂર કરવી, અને કેટલીક પ્રકૃતિઓને નાખવી. જેમકે દેવગતિ અથવા નરકગતિ આશ્રયી બંધસ્થાનકનો વિચાર કરવો હોય ત્યારે ઉપરોક્ત બંધસ્થાનકમાંથી સ્થાવરાદિ ચતુષ્ક કાઢી નાખીને તેના સ્થાને ત્રસાદિ ચતુષ્ક ઉમેરવું જોઇએ. તથા બેઇન્દ્રિયાદિ આશ્રયી બંધસ્થાનકનો વિચાર કરવો હોય ત્યારે સ્થાવર, સૂક્ષ્મ અને સાધારણ એ ત્રણ પ્રકૃતિઓને ખસેડી તેના સ્થાને ત્રસ, બાદર અને પ્રત્યેક દાખલ કરવી જોઇએ. વૈક્રિય અને આહારકના

બંધ આશ્રયી વિચાર કરીએ ત્યારે ઔદારિકના સ્થાને વૈક્રિય અને આહારક લેવાં જોઇયે. કેમકે દેવગતિ પ્રાયોગ્ય ત્રીસ કે એકત્રીસનો બંધ થાય ત્યારે આહારક અને તે સાથે વૈક્રિય નામનો બંધ થાય છે, તે વખતે ઔદારિક નામ બંધાતું નથી. આ પ્રમાણે જેને જેને યોગ્ય બંધસ્થાનકનો વિચાર કરવો હોય તેને તેને યોગ્ય જે જે પ્રકૃતિઓ હોય તે તે દાખલ કરી અન્ય પ્રકૃતિઓને ખસેડવી જોઈએ.

હવે અહિં પર્યાપ્ત એકેન્દ્રિય યોગ્ય બંધસ્થાનનો વિચાર કરતાં અપર્યાપ્ત એકેન્દ્રિય યોગ્ય બંધસ્થાનકમાં જે પ્રકૃતિઓ કહી છે, તેમાંથી અપર્યાપ્ત નામને ખસેડી તેના સ્થાને પર્યાપ્તનામ ઉમેરવું, અને શેષપ્રકૃતિઓ તેની તે જ રાખવી, આ રીતે થયેલ ત્રેવીસને પરાઘાત અને ઉચ્છ્વાસ સહિત કરતાં પચીસ થાય. આ પચીસ પ્રકૃતિઓ પર્યાપ્ત એકેન્દ્રિય યોગ્ય બંધ કરતા મિથ્યાદૃષ્ટિ મનુષ્ય, તિર્યંચ અને ઈશાન સુધીના દેવોને બંધ યોગ્ય જાણવી. એ પચીસ પ્રકૃતિઓ કઈ રીતે થાય તેજ કહે છે-પહેલાં ચક્રરચના માટે કહેલ ગાથા ૫૨ થી ૫૪માં સંભવ આશ્રયી આતપ સાથે બત્રીસ પ્રકૃતિઓ પર્યાપ્ત એકેન્દ્રિય યોગ્ય કહી છે. તેમાં આતપ અને ઉદ્યોત તો પચીસના બંધમાં સંભવતું નથી, ઉચ્છ્વાસ અને પરાઘાત એ બે પ્રકૃતિને તો સૂત્રકારે પોતે જ અહિં ગ્રહણ કરી છે, અને સ્થિર –અસ્થિર, શુભ–અશુભ, યશ–અપયશ, પ્રત્યેક–સાધારણ, તથા સૂક્ષ્મ અને બાદર એ પરસ્પર વિરુદ્ધ પ્રકૃતિઓ છે, એટલે એ દશમાંથી યથાયોગ્ય પાંચ પ્રકૃતિઓ જ એક સાથે બંધાતી હોવાથી તેઓને વારાફરતી ગ્રહણ કરવી જોઈયે. આ પ્રમાણે કરતાં પચીસ પ્રકૃતિઓ બંધ યોગ્ય થાય છે. અને તે આ પ્રમાણે–તિર્યંચગતિ, તિર્યંચાનુપૂર્વી, એકેન્દ્રિયજાતિ, ઔદારિક–તૈજસ અને કાર્મણ એ ત્રણ શરીર, હુંડસંસ્થાન, વર્ણાદિ ચતુષ્ક, અગુરૂલઘુ, ઉપઘાત, પરાઘાત, ઉચ્છ્વાસ, સ્થાવર, બાદર-સૂક્ષ્મમાંથી એક, પર્યાપ્ત, પ્રત્યેક–સાધારણમાંથી એક, સ્થિર–અસ્થિરમાંથી એક, શુભ–અશુભમાંથી એક, યશઃકીર્તિ–અપયશ કીર્ત્તિમાંથી એક, દુર્ભગ, અનાદેય અને નિર્માણ.

આ પચીસ પ્રકૃતિઓમાં પરસ્પર વિરૂદ્ધ પ્રકૃતિઓને વારાફરતી ગ્રહણ કરતાં વીશ ભંગ થાય છે. તે આ પ્રમાણે–બાદર પર્યાપ્ત પ્રત્યેક શુભ અને સ્થિર સાથે યશઃકીર્ત્તિનો બંધ કરતાં એક ભંગ, અપયશકીર્ત્તિનો બંધ કરતાં બીજો ભંગ, આ બે ભંગ શુભ નામના બંધ સાથેના થયા, એ પ્રમાણે શુભ નામને બદલે અશુભનામનું ગ્રહણ કરતાં તેની સાથે પણ બે ભંગ થાય. કુલ ચાર થયા. એ ચાર સ્થિરનામકર્મ સાથે થયા. એ પ્રમાણે સ્થિર નામને બદલે અસ્થિરનામનું ગ્રહણ કરતાં તેની સાથે પણ પૂર્વોક્ત રીતે ફેરવતાં ચાર ભંગ થાય. કુલ આઠ ભંગ થાય, અને તે બાદરપર્યાપ્ત સાથે થાય, તે આઠ ભંગનાં નામ આ પ્રમાણે છે–૧ સ્થિર શુભ યશઃ, સ્થિર શુભ અપયશ, સ્થિર અશુભ યશ, સ્થિર અશુભ અપયશ; અસ્થિર શુભ યશઃ અસ્થિર શુભ અપયશ, અસ્થિર અશુભ યશ અને

અસ્થિર અશુભ અપયશ; દરેક પ્રકારે થતા પચીસના બંધમાં બાદર અને પ્રત્યેકને નહિ ફેરવવાની હોવાથી અને સ્થિરાદિ પ્રકૃતિઓને ફેરવવાની હોવાથી તેના આઠ ભંગ થાય છે. આ પ્રમાણે અન્યત્ર પણ ભંગ-રચના સમજવી.

હવે જ્યારે પ્રત્યેક નામકર્મના સ્થાને સાધારણ નામકર્મ ગ્રહણ કરીએ ત્યારે સ્થિર -અસ્થિર, શુભ-અશુભને અપયશકીર્ત્તિ સાથે ફેરવતાં ચાર ભંગ થાય છે. સાધારણ નામકર્મના બંધ સાથે યશ:કીર્ત્તિ નામકર્મ બંધાતું નથી. કહ્યું છે કે 'સૂક્ષ્મ, અપર્યાપ્ત અને સાધારણ નામકર્મના બંધ સાથે યશ:કીર્ત્તિ નામ બંધાતું નથી.' માટે તેની સાથેના ચાર ભંગ થતા નથી, અપયશ કીર્ત્તિ સાથેના જ ચાર ભંગ થાય છે. તથા સૂક્ષ્મ, પર્યાપ્ત અને પ્રત્યેક નામકર્મનો બંધ થતાં સ્થિર, અસ્થિર-શુભ-અશુભ અને અપયશકીર્ત્તિ સાથે ચાર ભંગ તેમજ સૂક્ષ્મ, પર્યાપ્ત અને સાધારણ નામનો બંધ થતાં પણ સ્થિર અસ્થિર, શુભ-અશુભ અને અપયશકીર્ત્તિ સાથે ચાર ભંગ થાય છે. સૂક્ષ્મ અને-સાધારણ નામના બંધ સાથે પણ યશ:કીર્ત્તિ નામકર્મનો બંધ થતો નથી. આ પ્રમાણે બાદરપર્યાપ્ત પ્રત્યેકનો બંધ કરતાં સ્થિરાસ્થિર-શુભાશુભ અને યશ-અપયશના આઠ ભંગ, બાદર, પર્યાપ્ત, સાધારણનો બંધ કરતાં સ્થિરાસ્થિર, શુભાશુભ અને અપયશ, સાથે ચાર ભંગ, એ પ્રમાણે સૂક્ષ્મ, પર્યાપ્ત પ્રત્યેક તથા સૂક્ષ્મ પર્યાપ્ત અને સાધારણ સાથે પણ ચાર ચાર ભંગ, કુલ પચીસના બંધે વીશ ભંગ થાય છે, એટલે કે પચીસનું બંધસ્થાન વીશ પ્રકારે થાય છે. તેમાં ઈશાન સુધીના દેવો તો પહેલાંના આઠ ભાંગે પચીસનો બંધ કરે છે. કેમકે તેઓ સાધારણ કે સૂક્ષ્મ એકેન્દ્રિય યોગ્ય બંધ કરતાં નથી. સંખ્યાત વર્ષના આયુવાળા મનુષ્યો અને તિર્યંચો વીશે ભાંગે પચીસ બાંધે છે.

તે જ પચીસ પ્રકૃતિઓને આતપ સહિત કરતાં છવીસ થાય છે. માત્ર અહિં આતપના સ્થાને વિકલ્પે ઉદ્યોત નામ પણ પ્રક્ષેપવું. કારણ કે પર્યાપ્ત એકેન્દ્રિય યોગ્ય બંધ કરતાં ઉદ્યોતનો પણ બંધ થાય છે. અહિં સોળ ભાંગા થાય છે. એટલે કે છવ્વીસનો બંધ સોળ પ્રકારે થાય છે અને તે આતપ સાથે સ્થિર-અસ્થિર, શુભ-અશુભ અને યશ:- અપયશને ફેરવતાં તેમજ ઉદ્યોત સાથે ફેરવતાં થાય છે. આતપ અને ઉદ્યોતના બંધ સાથે સૂક્ષ્મ અને સાધારણનો બંધ થતો નથી, માટે તદાશ્રિત વિકલ્પો થતા નથી. સોળે ભાંગે છવ્વીસનો બંધ મનુષ્યો, તિર્યંચો અને ઈશાન સુધીના દેવો કરે છે. અસંખ્ય વર્ષના આયુવાળા યુગલિકો દેવગતિમાં જ જતા હોવાથી અહિં સંખ્યાત વર્ષના આયુવાળા જ મનુષ્ય-તિર્યંચો ગ્રહણ કરવાના છે. આ પ્રમાણે એકેન્દ્રિય યોગ્ય ત્રણ બંધસ્થાનના કુલ ચાલીસ ભંગ થાય છે. ॥૬૦॥

હવે બેઇન્દ્રિય યોગ્ય બંધસ્થાનનું પ્રતિપાદન કરવા માટે આ ગાથા કહે છે—

तग्गइयाइ दुवीसा संघयणतसंग तिरियपणुवीसा ।
दुसर परघाउस्सासखगइ गुणतीस तीसमुज्जोवा ॥ ६१ ॥

तद्गत्यादयो द्वाविंशतिः संहननत्रसांगेन तिर्यक्पञ्चविंशतिः ।
दुःस्वरपराघातोच्छ्वासखगत्या एकोनत्रिंशत् त्रिंशदुद्योतात् ॥ ६१ ॥

અર્થ—તદ્ગતિ-તિર્યંચગતિ આદિ બાવીસ, સંઘયણ, ત્રસ અને અંગોપાંગ સાથે તિર્યંચ યોગ્ય પચીસ થાય છે. દુઃસ્વર, પરાઘાત, ઉચ્છવાસ અને વિહાયોગતિ સાથે ઓગણત્રીસ, અને ઉદ્યોત સાથે ત્રીશ થાય છે.

ટીકાનુ૦—તિર્યંચગતિ આદિ બાવીસ પ્રકૃતિઓ પૂર્વે-કહી તે જ અહિં લેવાની છે. એટલે કે 'तगयणुपुव्विजाइ थावरमाईय' ઈત્યાદિ ગાથા વડે જે અપર્યાપ્ત એકેન્દ્રિય યોગ્ય ત્રેવીસ પ્રકૃતિઓ કહી છે, તે જ સ્થાવરનામ સિવાયની બાવીસ અહિં ગ્રહણ કરવી. જ્યારે સ્થાવરનામ કાઢી નાખ્યું ત્યારે તેનું સહચારી સૂક્ષ્મ અને સાધારણ નામ પણ દૂર કરી તેના સ્થાને બાદર અને પ્રત્યેક નામ નાખવું. ત્યારબાદ તેમાં સેવાર્ત્તસંઘયણ, ત્રસનામ અને ઔદારિક અંગોપાંગ એ ત્રણ અન્યપ્રકૃતિઓ ઉમેરવી, ત્યારે બેઇન્દ્રિય તિર્યંચ યોગ્ય પચીસ પ્રકૃતિ થાય છે. તેનો આ પ્રમાણે ઉચ્ચાર કરવો-તિર્યંચગતિ, તિર્યંચાનુપૂર્વિ, બેઇન્દ્રિય જાતિ, ઔદારિક, તૈજસ અને કાર્મણ શરીર, ઔદારિક અંગોપાંગ, હુંડસંસ્થાન, સેવાર્ત્તસંઘયણ, વર્ણાદિ ચતુષ્ક, અગુરૂલઘુ, ઉપઘાત, ત્રસ, બાદર, અપર્યાપ્ત, પ્રત્યેક, અસ્થિર, અશુભ, દુર્ભગ, અનાદેય, અપયશ કીર્તિ, અને નિર્માણ. આ પ્રમાણે પચીસ પ્રકૃતિઓનો બંધ અપર્યાપ્ત બેન્દ્રિય યોગ્ય બંધ કરતા મિથ્યાદષ્ટિ મનુષ્ય-તિર્યંચોને સમજવો. આ પચીસ પ્રકૃતિમાં પ્રતિપક્ષરૂપ પરાવર્ત્તમાન એક પણ પ્રકૃતિ બંધાતી નહિ હોવાથી એક જ ભંગ થાય છે.

આ પ્રકૃતિમાંથી અપર્યાપ્તનામ કાઢી તેના સ્થાને પર્યાપ્તનામ મેળવી તેમાં દુઃસ્વર-નામ, પરાઘાત, ઉચ્છવાસ અને અશુભવિહાયોગતિ નાખીએ ત્યારે ઓગણત્રીસનું બંધસ્થાન થાય છે. આ ઓગણત્રીશ પ્રકૃતિનું બંધસ્થાન પર્યાપ્ત બેઇન્દ્રિય યોગ્ય બંધ કરતા મિથ્યાદષ્ટિ મનુષ્ય-તિર્યંચોને થાય છે. પર્યાપ્ત બેઇન્દ્રિય યોગ્ય બંધ કરતાં સ્થિર, શુભ અને યશકીર્ત્તિનો પણ બંધ થાય છે, માટે અસ્થિર અશુભ અને અપયશના સ્થાને વિકલ્પે તેનો પણ પ્રક્ષેપ કરવો જોઇએ. એટલે ઓગણત્રીશનો બંધ આ પ્રમાણે કહેવો-તિર્યંચગતિ તિર્યંચાનુપૂર્વી, બેઇન્દ્રિયજાતિ, ઔદારિક તૈજસ અને કાર્મણ શરીર, ઔદારિક અંગોપાંગ, હુંડસંસ્થાન, છેવટ્ઠું સંઘયણ, વર્ણચતુષ્ક, અશુભ વિહાયોગતિ, અગુરૂલઘુ, પરાઘાત, ઉપઘાત, ઉચ્છ્વાસ, નિર્માણ, ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, સ્થિર-અસ્થિરમાંથી એક, શુભ-અશુભમાંથી એક, દુર્ભગ, દુઃસ્વર, અનાદેય અને યશ-અપયશમાંથી એક. અહિં સ્થિરાસ્થિર, શુભાશુભ અને યશ અપયશને ફેરવતાં ત્રણ પદના આઠ ભંગ થાય છે.

ઉદ્યોત નામ સાથે તેજ ઓગણત્રીશ ત્રીશ થાય છે. અહિં પણ તેજ આઠ ભંગ

થાય છે. સઘળા મળી ત્રણે બંધસ્થાનના સત્તર ભંગ થાય છે. તેના બાંધનારા સંખ્યાત વર્ષના આયુવાળા મિથ્યાદષ્ટિ મનુષ્ય-તિર્યંચો સમજવા.

આ પ્રમાણે તેઈન્દ્રિય અને ચઉરિન્દ્રિય યોગ્ય બંધ કરતા મિથ્યાદષ્ટિ મનુષ્ય તિર્યંચોને પણ પૂર્વે કહેલા ભાંગા સાથે ત્રણ બંધસ્થાનકો કહેવાં. માત્ર તેઈન્દ્રિયો સંબંધે કહેતાં તેઈન્દ્રિય જાતિ, અને ચઉરિન્દ્રિય સંબંધે કહેતાં ચઉરિન્દ્રિય જાતિ કહેવી. ભાંગા દરેકને સત્તર-સત્તર કહેવા. આ પ્રમાણે વિકલેન્દ્રિયના એકાવન ભંગ થાય છે.

તિર્યંચ પંચેન્દ્રિયને યોગ્ય ત્રણ બંધસ્થાનો છે. તે આ પ્રમાણે-પચ્ચીશ, ઓગણત્રીશ અને ત્રીશ તેમાં અપર્યાપ્ત બેઈન્દ્રિય યોગ્ય બંધ કરતાં જે પચ્ચીશ પ્રકૃતિઓ કહી, તે જ પચ્ચીસ પ્રકૃતિઓ અપર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચ યોગ્ય બંધ કરતાં પણ કહેવી. માત્ર બેઈન્દ્રિયજાતિના સ્થાને પંચેન્દ્રિય જાતિ કહેવી. પરાવર્ત્તમાન સઘળી અશુભ પ્રકૃતિઓ જ બંધાતી હોવાથી અહિં પણ એક જ ભંગ થાય છે. આ અપર્યાપ્ત યોગ્ય પચીસના બંધક તિર્યંચ અને મનુષ્યો છે.

પરાઘાત, ઉચ્છવાસ, દુઃસ્વર, અને અપ્રશસ્ત વિહાયોગતિ એ ચાર પ્રકૃતિ પૂર્વોક્ત પચીસમાં મેળવતાં ઓગણત્રીશ પ્રકૃતિ થાય છે. અને તે પર્યાપ્ત તિર્યંચ પંચેન્દ્રિય યોગ્ય બંધ કરતા મનુષ્ય, તિર્યંચ, દેવ અને નારકીઓને સમજવી. માત્ર દેવો અને નારકીઓ ગર્ભજ તિર્યંચ યોગ્ય જ ૨૯ નો બંધ કરે, પરંતુ સંમૂચ્છિંમ યોગ્ય બંધ કરે નહિ, એમ સમજવું.

હવે અહિં પર્યાપ્ત તિર્યંચ પંચેન્દ્રિય યોગ્ય બંધની શરૂઆત કરતા '**पंचिंदिए सुसराइ**' એટલે પંચેન્દ્રિય યોગ્ય બંધ કરતાં સુસ્વરાદિનો પણ બંધ થાય છે' આવું શાસ્ત્રીય વચન હોવાથી સુસ્વર, સુભગ, આદેય, પ્રશસ્તવિહાયોગતિ, આદ્ય પાંચ સંસ્થાન આદ્ય પાંચ સંઘયણ એમ ચૌદ અન્ય પ્રકૃતિઓ પણ બંધ આશ્રયી સંભવે છે. અને તે દુઃસ્વરાદિના પ્રતિપક્ષરૂપ છે, માટે દુઃસ્વર, દુર્ભગ અને અનાદેયના સ્થાને સુસ્વર, સુભગ અને આદેયને, અપ્રશસ્તવિહાયોગતિના સ્થાને પ્રશસ્તવિહાયોગતિને, હુંડસંસ્થાનના સ્થાને ક્રમશઃ પાંચ સંસ્થાનને, છેવટ્ઠા સંઘયણના સ્થાને ક્રમશઃ પાંચ સંઘયણને; વિકલ્પે દાખલ કરવાં જોઈયે. આ પ્રમાણે કરતાં ઓગણત્રીશ પ્રકૃતિને આ પ્રમાણે કહેવી જોઈએ —તિર્યંચગતિ, તિર્યંચાનુપૂર્વી, પંચેન્દ્રિય જાતિ, ઔદારિક શરીર, ઔદારિક અંગોપાંગ, તૈજસ-કાર્મણ શરીરનામ, છ સંસ્થાનમાંથી એક, છ સંઘયણમાંથી એક, વર્ણાદિ ચાર, અગુરૂલઘુ, ઉપઘાત, પરાઘાત. ઉચ્છવાસ, પ્રશસ્ત-અપ્રશસ્ત વિહાયોગતિમાંથી એક; ત્રસ. બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, સ્થિરાસ્થિરમાંથી એક, શુભાશુભમાંથી એક, સુભગ-દુર્ભગમાંથી એક; સુસ્વર-દુઃસ્વરમાંથી એક, આદેય-અનાદેયમાંથી એક, યશઃકીર્ત્તિ-અપયશકીર્ત્તિમાંથી એક, અને નિર્માણ. સંઘયણ-સંસ્થાનાદિ વિકલ્પે ભળનારી પ્રકૃતિઓને ફેરવતાં ૪૬૦૮

ભંગ થાય છે. તે આ પ્રમાણે—છ સંસ્થાનને છ સંઘયણ સાથે ગુણતાં ૩૬, તેને પ્રશસ્ત-અપ્રશસ્ત વિહાયોગતિ સાથે ગુણતાં ૭૨ સ્થિરાસ્થિર સાથે ગુણતાં ૧૪૪, શુભાશુભરૂપ યુગ્મ સાથે ગુણતાં ૨૮૮, સુભગ-દુર્ભગ સાથે ગુણતાં ૫૭૬ સુસ્વર દુઃસ્વર-સાથે ગુણતાં ૧૧૫૨, આદેય-અનાદેય સાથે ગુણતાં ૨૩૦૪, અને યશઃકીર્ત્તિ-અપયશકીર્ત્તિ સાથે ગુણતાં ૪૬૦૮ ભંગ થાય છે. એટલે કે ભિન્ન ભિન્ન જીવોની અપેક્ષાએ કોઈ કોઈ રીતે ઓગણત્રીશ બાંધે, કોઈ કોઈ રીતે બાંધે એટલે ઓગત્રીસનો બંધ ૪૬૦૮ પ્રકારે થાય છે.

તેજ ઓગણત્રીસમાં ઉદ્યોત મેળવતાં ત્રીશ પ્રકૃતિ થાય છે, અને તે તિર્યંચ પંચેન્દ્રિય યોગ્ય બાંધતાં બંધાય છે. તેના બંધક પણ ઓગણત્રીશના બંધસ્થાનની જેમ ચારે ગતિવાળા જીવો છે. ત્રીસનું બંધસ્થાન પણ પૂર્વની જેમ છેતાલીસસો અને આઠ પ્રકારે થાય છે. સઘળા મળી તિર્યંચ પંચેન્દ્રિયના ત્રણ બંધસ્થાનના ભાંગા ૯૨૧૭ થાય છે. તેમાં એકેન્દ્રિયના ૪૦, અને વિકલેન્દ્રિયના ૫૧ મેળવતાં સંપૂર્ણ તિર્યંચગતિમાં નવ હજાર ત્રણસો આઠ ૯૩૦૮ ભંગ છે. થાય આ પ્રમાણે તિર્યંચગતિ યોગ્ય બંધસ્થાનકોનું વર્ણન કર્યું. ૬૧

હવે મનુષ્યગતિ યોગ્ય બંધસ્થાનકો કહે છે.—

तिरिबंधा मणुयाणं तित्थगरं तीसमंति इह भेओ ।
संघयणूणिगुतीसा अडवीसा नारए एक्का ॥६२॥

तिर्यग्बन्धा मनुष्याणां तीर्थकरं त्रिंशत्तममिह भेदः ।
संहननोनैकोनत्रिंशत् अष्टाविंशतिर्नारके एका ॥६२॥

અર્થ—તિર્યંચ પંચેન્દ્રિય યોગ્ય જે બંધસ્થાનકો કહ્યાં તે સઘળાં મનુષ્ય યોગ્ય પણ સમજવાં. માત્ર અહિં ત્રીસના બંધસ્થાનમાં ત્રીસમું તીર્થંકરનામ કહેવું એટલો ભેદ છે. ઓગણત્રીશ સંઘયણનામ કર્મહીન અટ્ઠાવીશ થાય અને તે એક જ બંધસ્થાન નરકગતિ યોગ્ય જાણવું.

ટીકાનુ૦—તિર્યંચ પંચેન્દ્રિય યોગ્ય ૨૫-૨૯-૩૦ રૂપ જે બંધસ્થાનકો ઉપર કહ્યાં તે સઘળાં મનુષ્યગતિ યોગ્ય બંધ કરતાં હોય છે, એમ સમજવું. જો કે પહેલાં એકેન્દ્રિયાદિને પણ સામાન્યતઃ તિર્યંચો કહ્યા છે, તો પણ મનુષ્યો પંચેન્દ્રિય હોવાથી ગાથામાંના 'तिरिबंधा' એ પદથી અહિં પંચેન્દ્રિય તિર્યંચ સંબંધી બંધસ્થાનકો સમજવાં, એકેન્દ્રિયાદિ યોગ્ય નહિ. તથા તિર્યંચગતિ તિર્યંચાનુપૂર્વીના સ્થાને મનુષ્યગતિ અને મનુષ્યાનુપૂર્વી કહેવી. બાકી સઘળી પ્રકૃતિઓ ફેરફાર કર્યા વિના તેજ કહેવી. માત્ર તિર્યંચગતિ યોગ્ય બંધસ્થાનકોમાં ત્રીસનું બંધસ્થાન ઉદ્યોતનામ સાથે કહ્યું છે, તે અહિં તીર્થંકરનામ સાથે કહેવું.

હવે ભાંગાઓ કહે છે—અપર્યાપ્ત મનુષ્ય યોગ્ય પચીસ બાંધતાં પહેલાંની જેમ એક જ ભંગ થાય છે. આ પચીસના બંધક મનુષ્ય અને તિર્યંચો જ હોય છે, દેવો, નારકીઓ નહિ. કેમકે તેઓ પર્યાપ્ત ગર્ભજ મનુષ્ય યોગ્ય બંધ કરે છે. (સંમૂચ્છિંમ મનુષ્ય યોગ્ય બંધ કરતાં પણ એક પચીસનું જ બંધસ્થાન હોય છે, અન્ય હોતાં નથી) ઓગણત્રીસનો બંધ કરતાં પૂર્વની જેમ સંઘયણ, સંસ્થાનાદિને ફેરવતાં ૪૬૦૮ ભંગ થાય છે. આ ઓગણત્રીશના બંધક ચારે ગતિવાળા જીવો હોય છે. તીર્થંકરનામકર્મ મેળવતાં તેજ ઓગણત્રીશ ત્રીશ થાય છે. માત્ર આ ત્રીસના બંધસ્થાનમાં સંસ્થાન સમચતુરસ્ર, સંઘયણ વજ્રઋષભનારાચ, પ્રશસ્ત વિહાયોગતિ, સુભગ, આદેય અને સુસ્વરરૂપ પુન્ય પ્રકૃતિઓ જ હોય છે, તેની વિરોધીની પ્રકૃતિઓ હોતી નથી. કેમકે આ બંધસ્થાન સમ્યગ્દષ્ટિ દેવ—નારકીઓને જ હોય છે, અને સમ્યકત્વ છતા અશુભ સંઘયણાદિ ઉપરોકત પ્રકૃતિઓ બંધાતી નથી. ત્રીસ પ્રકૃતિઓને આ પ્રમાણે કહેવી—મનુષ્યગતિ, મનુષ્યાનુપૂર્વી, પંચેન્દ્રિયજાતિ, ઔદારિકશરીર ઔદારિકઅંગોપાંગ, તૈજસ, કાર્મણ, સમચતુરસ્રસંસ્થાન, વજ્રઋષભનારાચસંઘયણ, વર્ણાદિ ચતુષ્ક, અગુરૂલઘુ, ઉપઘાત, પરાઘાત, ઉચ્છવાસ, પ્રશસ્ત વિહાયોગતિ, ત્રસ, બાદર પર્યાપ્ત, પ્રત્યેક, સ્થિર-અસ્થિરમાંથી એક, શુભ—અશુભમાંથી એક, સુભગ, સુસ્વર, આદેય, યશ-અપયશમાંથી એક, *નિર્માણ અને તીર્થંકરનામ.* આ ત્રીશ પ્રકૃતિઓને અવિરતિ સમ્યગ્દષ્ટિ દેવો અથવા નારકીઓ મનુષ્યગતિ યોગ્ય બાંધતાં બાંધે છે. અહિં સ્થિરાસ્થિર, શુભાશુભ અને યશ—અપયશને ફેરવતાં આઠ ભંગ થાય છે. સઘળા મળી મનુષ્યગતિ યોગ્ય ત્રણ બંધસ્થાનકોના ૪૬૧૭ ભંગ થાય છે.

હવે નરકગતિ યોગ્ય અઠ્ઠાવીશરૂપ બંધસ્થાન કહે છે-નરકગતિયોગ્ય બંધ કરતાં પર્યાપ્ત ગર્ભજ તિર્યંચો અઠ્ઠાવીશ જ પ્રકૃતિ બાંધે છે. એટલે નરકગતિ યોગ્ય એક જ બંધસ્થાન છે. (પર્યાપ્ત સંમૂચ્છિંમ તિર્યંચો પણ નરકગતિ યોગ્ય બંધ કરે છે, અને તેઓ પહેલી નારકીના ત્રણ પાથડા સુધી જઈ શકે છે.) બેઇન્દ્રિય યોગ્ય જે ઓગણત્રીશ

પ્રકૃતિઓ કહી છે, તેજ સંઘયણ નામકર્મ ન્યૂન અઠ્ઠાવીશ અહિં ગ્રહણ કરવાની છે. માત્ર તિર્યંચગતિ અને તિર્યંચઆનુપૂર્વીના સ્થાને નરકગતિ, નરકાનુપૂર્વી અને બેઇન્દ્રિય જાતિના સ્થાને પંચેન્દ્રિય જાતિ અને ઔદારિકદ્વિકના સ્થાને વૈક્રિયદ્વિક કહેવું.

આ અઠ્ઠાવીશ પ્રકૃતિઓ પહેલાં ગાથા ૫૧માં કહી છે, છતાં અહિં સ્થાન ખાલી ન રહે માટે ફરી કહે છે—નરકગતિ, નરકાનુપૂર્વી, પંચેન્દ્રિયજાતિ, વૈક્રિયશરીર, વૈક્રિયઅંગો-પાંગ, તૈજસ, કાર્મણ, હુંડસંસ્થાન, વર્ણાદિ ચતુષ્ક, અગુરૂલઘુ, ઉપઘાત, પરાઘાત, ઉચ્છવાસ, અપ્રશસ્તવિહાયોગતિ, ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, અસ્થિર, અશુભ, દુર્ભગ, દુઃસ્વર, અનાદેય, અપયશકીર્ત્તિ અને નિર્માણ. આ સઘળી પાપ પ્રકૃતિઓ હોવાથી તેનો એકજ

ભંગ થાય છે. ૬૨

હવે દેવગતિ યોગ્ય બંધસ્થાનકો કહે છે—

तित्थयराहारगदोतिसंजुओ बंधो नारयसुराणं ।
अनियट्टीसुहुमाणं जसकित्ती एस इगिबंधो ॥ ६३ ॥

तीर्थकराहारकद्वित्रिसंयुतो बन्धो नारकाणां सुराणां ।
अनिवृत्तिसूक्ष्मयोर्यशःकीर्तिरेषः एकबन्धः ॥ ६३ ॥

અર્થ—નરકગતિ યોગ્ય અઠ્ઠાવીશનો બંધ શુભ પ્રકૃતિ યુક્ત કરતાં દેવગતિયોગ્ય થય છે. તથા તેમાં તીર્થંકરનામ, આહારકદ્વિક, અને તે ત્રણે મેળવતાં ઓગણત્રીશ, ત્રીશ અને એકત્રીસ, એમ ત્રણ દેવગતિ યોગ્ય બંધસ્થાનો થાય છે. તથા અનિવૃત્તિકરણ અને સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકે યશઃકીર્ત્તિરૂપ એક જ બંધસ્થાન હોય છે.

ટીકાનુ૦—નરકગતિ યોગ્ય અટ્ઠાવીશ પ્રકૃતિનું જે બંધસ્થાન પહેલાં કહી ગયા છે, તેનેજ શુભ પ્રકૃતિ યુક્ત કરતાં દેવગતિ યોગ્ય થાય છે. કારણકે દેવગતિ યોગ્ય બંધ કરતા મનુષ્ય-તિર્યંચો પોતાના પ્રશસ્ત પરિણામ હોવાને લીધે પરાવર્ત્તમાન પુન્ય પ્રકૃતિ-ઓનો બંધ કરે છે. માત્ર અસ્થિર, અશુભ અને અપયશકીર્ત્તિરૂપ પ્રકૃતિઓ તે અશુભ હોવા છતાં પણ દેવગતિ યોગ્ય બંધ કરતાં બંધાય છે. કેમકે તે પ્રકૃતિઓના બંધ યોગ્ય પરિણામ છટ્ઠા ગુણસ્થાન સુધી હોય છે,

અસ્થિર-અશુભ અને અપયશકીર્ત્તિ એ સ્થિર-શુભ અને યશઃકીર્ત્તિની પ્રતિપક્ષભૂત છે, એટલે તેનો વિકલ્પે પ્રક્ષેપ કરવો. અને તેને આ પ્રમાણે કહેવી-દેવગતિ, દેવાનુપૂર્વી, પંચેન્દ્રિયજાતિ, વૈક્રિયદ્વિક, તૈજસ, કાર્મણ શરીર, સમચતુરસ્રસંસ્થાન, વર્ણચતુષ્ક, અગુરૂલઘુ, પરાઘાત, ઉપઘાત, ઉચ્છ્વાસ, પ્રશસ્તવિહાયોગતિ, ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, સ્થિરા-સ્થિરમાંથી એક, શુભાશુભમાંથી એક, યશકીર્ત્તિ-અપયશકીર્ત્તિમાંથી એક, સુભગ, સુસ્વર, આદેય અને નિર્માણ. આ દેવગતિ યોગ્ય અઠ્ઠાવીશ પ્રકૃતિઓને મિથ્યાદષ્ટિથી આરંભી પ્રમત્ત ગુણસ્થાન સુધીમાં વર્ત્તમાન મનુષ્ય-તિર્યંચો યથાયોગ્ય રીતે બાંધે છે. અહિં સ્થિર-અસ્થિર, શુભ-અશુભ, અને યશ-અપયશને ફેરવતાં આઠ ભંગ થાય છે. અપ્રમત્ત અને અપૂર્વકરણના છઠ્ઠા ભાગ સુધી પણ દેવગતિયોગ્ય અઠ્ઠાવીશ બંધાઈ શકે છે, પરંતુ ત્યાં પરાવર્ત્તમાન પુન્ય પ્રકૃતિઓનો બંધ થતો હોવાથી આઠ ભંગ થતા નથી, એકજ ભંગ થાય છે,

અઠ્ઠાવીશ પ્રકૃતિમાં તીર્થંકરનામકર્મ મેળવતાં ઓગણત્રીશ થાય છે. આ ઓગણત્રીશ

પ્રકૃતિઓ અવિરતિ સમ્યગ્દષ્ટિ આદિ બાંધે છે. અહિં પણ છઠ્ઠા ગુણસ્થાનક સુધીમાં આઠ ભંગ અને આગળ ઉપર એક જ ભંગ થાય છે.

આહારકદ્વિક સહિત કરતાં દેવગતિયોગ્ય ત્રીશ પ્રકૃતિઓ આ પ્રમાણે થાય છે–દેવગતિ, દેવાનુપૂર્વી, પંચેન્દ્રિયજાતિ, વૈક્રિયદ્વિક, આહારકદ્વિક, તૈજસ, કાર્મણ, સમચતુરસ્રસંસ્થાન, વર્ણાદિ ચતુષ્ક, અગુરૂલઘુ, ઉપઘાત, પરાઘાત, ઉચ્છવાસ, પ્રશસ્તવિહાયોગતિ, ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, શુભ, સ્થિર, સુભગ, સુસ્વર, આદેય, યશઃકીર્તિ અને નિર્માણ. આ ત્રીશ પ્રકૃતિઓને અપ્રમત્ત અને અપૂર્વકરણના છઠ્ઠા ભાગ સુધીમાં વર્ત્તમાન સંયતોજ બાંધે છે. આ ત્રીશમાં પરાવર્ત્તમાન સઘળી પ્રશસ્ત પ્રકૃતિઓનો જ બંધ થતો હોવાથી તેનો એકજ ભંગ થાય છે.

દેવગતિયોગ્ય અઠ્ઠાવીશ પ્રકૃતિઓમાં આહારકદ્વિક અને તીર્થંકરનામ એમ ત્રણે મેળવતાં એકત્રીશ થાય છે. તે એકત્રીશનો બંધ પણ અપ્રમત્ત અને અપૂર્વકરણના છઠ્ઠા ભાગ સુધીમાં વર્ત્તમાન સંયત આત્માઓ જ કરે છે. અહિં પણ પરાવર્ત્તમાન સઘળી પ્રશસ્ત પ્રકૃતિઓજ બંધાતી હોવાથી એકજ ભંગ થાય છે. આ રીતે દેવગતિ યોગ્ય ચાર બંધસ્થાનના સઘળા મળી અઢાર ભંગ થાય છે.

આઠમા ગુણસ્થાનકે નામકર્મની ત્રીશ પ્રકૃતિઓનો બંધ વિચ્છેદ થયા પછીથી આરંભી દશમા ગુણસ્થાનકના ચરમ સમય સુધી એક યશઃકીર્તિ નામકર્મજ પોતાના બંધ યોગ્ય પરિણામ હોવાને લીધે બંધાયા કરે છે, અન્ય કોઈપણ નામકર્મની પ્રકૃતિ બંધાતી નથી. કેમકે કોઈપણ ગતિયોગ્ય બંધ આઠમા ગુણસ્થાનકના છઠ્ઠા ભાગ સુધીજ થાય છે, માત્ર યશઃકીર્ત્તિ સિવાયની અન્ય પ્રકૃતિઓ કોઈ પણ ગતિયોગ્ય બંધ કરતાં જ બંધાય છે. યશઃકીર્ત્તિજ એક એવી પ્રકૃતિ છે કે કોઈપણ ગતિયોગ્ય કર્મબંધ કરતાં તેમજ સઘળી ગતિયોગ્ય પ્રકૃતિઓનો બંધવિચ્છેદ થયા પછી પણ બંધાય છે. ૬૩

હવે નામકર્મની કઈ પ્રકૃતિઓ કયા ગુણસ્થાનક સુધી બંધાય છે, અને કયા ગુણસ્થાનકે કઈ પ્રકૃતિઓનો બંધ વિચ્છેદ થાય છે, તે કહે છે—

साहारणाइ मिच्छो सुहुमायवथावरं सनरयदुगं ।
इगिविगलिंदियजाई हुंडमपज्जत्तछेवट्ठं ॥ ६४ ॥

साधारणादि मिथ्यादृष्टिः सूक्ष्मातपस्थावरं सनरकद्विकम् ।
एकविकलेन्द्रियजातीः हुण्डमपर्याप्तं सेवार्त्तम् ॥ ६४ ॥

અર્થ—સાધારણ, સૂક્ષ્મ, આતપ, સ્થાવર, નરકદ્વિક, એકેન્દ્રિય અને વિકલેન્દ્રિયજાતિ હુંડસંસ્થાન, અપર્યાપ્ત, અને છેવટ્ઠુંસંઘયણ આ સાધારણાદિ તેર પ્રકૃતિઓને મિથ્યાદૃષ્ટિ જ બાંધે છે.

ટીકાનુ૦—સાધારણ નામ આદિ તેર પ્રકૃતિઓને મિથ્યાદષ્ટિ આત્માઓ જ બાંધે છે, કેમકે આ તેરના બંધમાં મિથ્યાત્વમોહનો ઉદય કારણ છે. મિથ્યાત્વનો ઉદય નહિ હોવાથી સાસ્વાદન આદિ બાંધતા નથી. તેથી સાધારણાદિ તેર પ્રકૃતિઓનો મિથ્યાદષ્ટિ ગુણસ્થાનકે જ બંધ વિચ્છેદ થાય છે. તે તેર પ્રકૃતિઓ આ પ્રમાણે છે. - સાધારણ, સૂક્ષ્મ, આતપ, સ્થાવર, નરકદ્વિક, એકેન્દ્રિયજાતિ, વિકલેન્દ્રિયજાતિ, હુંડસંસ્થાન, અપર્યાપ્તનામ, અને છેવટ્ઠું સંઘયણ.

બંધમાં વિવક્ષેલી નામકર્મની સડસઠ પ્રકૃતિઓમાંથી જિનનામ અને આહારકદ્વિક મિથ્યાદષ્ટિ બાંધતા જ નથી, કારણ કે તેના બંધમાં અનુક્રમે સમ્યક્ત્વ અને ચારિત્ર હેતુ છે, તે મિથ્યાત્વ ગુણસ્થાનકે નથી, એટલે તે ત્રણ કર્મ પ્રકૃતિ જતાં શેષ ચોસઠ પ્રકૃતિઓને મિથ્યાદષ્ટિ આત્માઓ બાંધે છે. તેમાંથી ઉપર કહી તે તેરનો બંધવિચ્છેદ થતાં સાસ્વાદન ગુણસ્થાનકે નામકર્મની એકાવન પ્રકૃતિઓ બાંધે છે. ૬૪.

सासायणेऽपसत्थाविहगगई दुसरदूभगुज्जोवं ।
अणाएज्जं तिरियदुगं मज्झिमसंघयणसंठाणा ॥ ६५ ॥

सास्वादनोऽप्रशस्तविहायोगतिं दुःस्वरदुर्भगोद्योतम् ।
अनादेयं तिर्यग्द्विकं मध्यमसंहननसंस्थानानि ॥ ६५ ॥

અર્થ— અપ્રશસ્ત વિહાયોગતિ, દુઃસ્વર, દુર્ભગ, ઉદ્યોત, અનાદેય, તિર્યંચદ્વિક, વચલા ચાર સંઘયણ અને વચલા ચાર સંસ્થાન, આ પંદર પ્રકૃતિઓને સાસ્વાદન સુધી જ બાંધે છે.

ટીકાનુ૦—અપ્રશસ્ત વિહાયોગતિ, દુઃસ્વર, દુર્ભગ, ઉદ્યોત, અનાદેય, તિર્યંચદ્વિક, ઋષભનારાચ આદિ વચલાં ચાર સંઘયણ, અને ન્યગ્રોધપરિમંડલ આદિ વચલા ચાર સંસ્થાન, આ પંદર પ્રકૃતિઓને સાસ્વાદન ગુણસ્થાનક સુધીમાં વર્તમાન આત્માઓ જ બાંધે છે, મિશ્રદૃષ્ટિ આદિ બાંધતા નથી.

આ પ્રકૃતિઓના બંધમાં અનંતાનુબંધિ કષાયના ઉદયથી થયેલ પરિણામ કારણ છે. મિશ્રદૃષ્ટિ આદિને અનંતાનુબંધિનો ઉદય નહિ હોવાથી તેઓ ઉપરોક્ત પંદર પ્રકૃતિઓ બાંધતા નથી એટલે સાસ્વાદન ગુણસ્થાનકે બંધાતી એકાવન પ્રકૃતિમાંથી પંદર જતાં નામકર્મની છત્રીસ પ્રકૃતિઓ મિશ્રદૃષ્ટિ આત્મા બાંધે છે. અવિરતિ સમ્યગ્દૃષ્ટિ પૂર્વોક્ત છત્રીસમાં જિનનામ ભેળવતાં સાડત્રીશ બાંધે છે. કેમકે અહિંથી જિનનામનો બંધહેતુ સમ્યક્ત્વ છે. ૬૫

मीसो सम्मोराल मणुयदुगयाइ आइसंघयणं ।
बंधइ देसो विरओ अथिरासुभअजसपुव्वाणि ॥ ६६ ॥

मिश्रः सम्यग् ओरालमनुजद्विकमादिसंहननम् ।
बध्नाति देशो विरतोऽस्थिराशुभायशः पूर्वाणि ॥ ६६ ॥

અર્થ—મિશ્ર અને અવિરતિ સમ્યગ્દષ્ટિ ઔદારિકદ્વિક, મનુજદ્વિક અને પ્રથમ સંઘયણ બાંધે છે. દેશવિરત અને પ્રમત્ત સંયત અસ્થિર, અશુભ અને અપયશકીર્ત્તિ બાંધે છે.

ટીકાનુ૦—મિશ્રદૃષ્ટિ અને અવિરત સમ્યગ્દષ્ટિ ગુણસ્થાન સુધીમાં વર્ત્તમાન આત્માઓ જ ઔદારિકદ્વિક, મનુજદ્વિક, અને વજ્રઋષભનારાચ સંઘયણ નામકર્મ બાંધે છે, દેશવિરતિ આદિ ગુણસ્થાનવર્ત્તી આત્માઓ બાંધતા નથી. કારણ કે દેશવિરતિ ગુણસ્થાનકે વર્ત્તમાન મનુષ્ય-તિર્યંચો અને પ્રમત્તાદિ ગુણસ્થાનકે વર્તમાન મનુષ્યો પ્રતિસમય માત્ર દેવગતિ યોગ્ય જ બંધ કરે છે.

પહેલા ગુણસ્થાનકે ચારે ગતિયોગ્ય, બીજા ગુણસ્થાનકે નરકગતિ સિવાય ત્રણ ગતિયોગ્ય, ત્રીજા અને ચોથા ગુણસ્થાનકે મનુષ્ય-તિર્યંચો દેવગતિયોગ્ય અને દેવો તથા નારકો મનુષ્યગતિયોગ્ય અને પાંચમા ગુણસ્થાનકથી માત્ર દેવગતિયોગ્ય કર્મપ્રકૃતિઓનો જ બંધ થાય છે. મનુજદ્વિક આદિ પાંચ પ્રકૃતિઓ મનુષ્યગતિયોગ્ય હોવાથી પાંચમા ગુણસ્થાનકથી તેનો બંધ થતો નથી.

દેશવિરતિ અને પ્રમત્ત સંયત આત્મા અસ્થિર, અશુભ અને અપયશકીર્ત્તિ બાંધે છે, અપ્રમત્તાદિ બાંધતા નથી. તાત્પર્ય એ કે-પ્રથમ ગુણસ્થાનકથી આરંભી પ્રમત્ત ગુણસ્થાનક સુધીમાં વર્ત્તમાન આત્માઓ જ અસ્થિર આદિ ઉપરોક્ત ત્રણ પ્રકૃતિઓ બાંધે છે, અપ્રમત્તાદિ બાંધતા નથી. કેમકે તેના બંધમાં પ્રમત્તદશાના પરિણામ કારણ છે; આગળ અપ્રમત્ત દશા છે, એટલે તે ત્રણનો બંધ થતો નથી.

ચોથે ગુણસ્થાનકે બંધાતી સાડત્રીસ પ્રકૃતિમાંથી મનુજદ્વિકાદિ પાંચ પ્રકૃતિ જતાં નામકર્મની બત્રીશ પ્રકૃતિઓ દેશવિરત અને પ્રમત્તસંયત આત્માઓ બાંધે છે તેમાંથી અસ્થિર, અશુભ અને અને અપયશકીર્ત્તિ જતાં અને આહારકદ્વિક મેળવતાં એકત્રીશ પ્રકૃતિઓ અપ્રમત્તસંયત આત્મા બાંધે છે. કેમકે આહારકદ્વિકનો બંધ હેતુ વિશિષ્ટ ચારિત્ર અહિં છે. ૬૬

अपमत्तो सनियट्टि सुरदुगवेउव्वजुयलधुवबंधी ।
परघाउसासखगई तसाइचउरंस पंचेंदि ॥ ६७ ॥

अप्रमत्तः सनिवृत्तिः सुरद्विकवैक्रिययुगलध्रुवबन्धिनीः ।
पराघातोच्छ्वासखगतीः त्रसादिचतुरस्रपंचेन्द्रियाणि ॥ ६७ ॥

અર્થ—સુરદ્વિક, વૈક્રિયયુગલ, ધ્રુવબંધિની પ્રકૃતિઓ, પરાઘાત, ઉચ્છ્વાસ, ખગતિ,

ત્રસાદિ દશ, સમચતુરસ્ત્ર અને પંચેન્દ્રિય જાતિ એટલી પ્રકૃતિઓને અપ્રમત્ત અને અપૂર્વકરણ સુધીજ બાંધે છે.

ટીકાનુ૦–દેવદ્વિક=દેવગતિ–દેવાનુપૂર્વી, વૈક્રિયયુગલ=વૈક્રિયશરીર–વૈક્રિયઅંગોપાંગ, નામ કર્મની ધ્રુવબંધિ પ્રકૃતિઓ–તૈજસ, કાર્મણ, વર્ણ ચતુષ્ક, અગુરૂલઘુ, ઉપઘાત અને નિર્માણ. પરાઘાત, ઉચ્છ્વાસ, પ્રશસ્તવિહાયોગતિ, ત્રસાદિ દશક, સમચતુરસ્ર સંસ્થાન, અને પંચેન્દ્રિયજાતિ આ ઉપરોક્ત અઠ્ઠાવીશ પ્રકૃતિઓને મિથ્યાદૃષ્ટિથી આરંભી અપૂર્વકરણ નામના આઠમા ગુણસ્થાનક (છઠ્ઠા ભાગ)ના સુધીમાં વર્ત્તમાન આત્માઓ બાંધે છે, તદ્યોગ્ય પરિણામનો અભાવ હોવાથી ત્યાર પછીના અનિવૃત્તિ બાદરસંપરાયાદિ બાંધતા નથી.

દેવગતિયોગ્ય તેમજ જિનનામ અને આહારકદ્વિકના પણ બંધયોગ્ય પરિણામ આઠમા ગુણસ્થાનક સુધી જ હોય છે, ત્યારબાદ જેટલા વિશુદ્ધ પરિણામ જોઈએ તે કરતાં પણ વધી જતા હોવાથી ઉપરોક્ત (યશઃકીર્તિ વિના) કોઈપણ પ્રકૃતિઓ બંધાતી નથી.

અપ્રમત્ત ગુણસ્થાનકે દેવગતિ યોગ્ય જે એકત્રીશ પ્રકૃતિઓ બંધમાં કહી છે, તે જ એકત્રીશ પ્રકૃતિઓ અપૂર્વકરણ ગુણસ્થાનકે પણ બંધમાં હોય છે. અપૂર્વકરણના છઠ્ઠા ભાગે યશઃકીર્ત્તિ સિવાય ત્રીશપ્રકૃતિનો બંધ વિચ્છેદ થાય છે, એટલે અપૂર્વકરણ ગુણસ્થાનકના સાતમા ભાગથી આરંભી સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકના ચરમ સમય પર્યંત માત્ર એક યશઃકીર્ત્તિ નામકર્મનો જ બંધ થાય છે, જે હકીકત હવે પછીની ગાથામાં કહેવાશે. ૬૭

विरए आहारुदओ बंधो पुण जा नियट्टि अपमत्ता ।
तित्थस्स अविरयाओ जा सुहुमो ताव कित्तीए ॥ ६८ ॥

विरते आहारकोदयः बन्धः पुनः यावन्निवृत्तिरप्रमत्तात् ।
तीर्थस्याविरताद्यावत् सूक्ष्मः तावत् कीर्त्याः ॥ ६८ ॥

અર્થ—આહારકનો ઉદય વિરત ગુણસ્થાનકે હોય છે. અને બંધ અપ્રમત્તથી અપૂર્વકરણ સુધી હોય છે. તીર્થંકર નામનો બંધ અવિરતિ સમ્યગ્દષ્ટિથી હોય છે. યશઃકીર્ત્તિનો બંધ સૂક્ષ્મસંપરાય પર્યંત હોય છે.

ટીકાનુ૦—વિરત=પ્રમત્ત–અપ્રમત્ત ગુણસ્થાનકે આહારકદ્વિકનો ઉદય હોય છે, પરંતુ બંધ અપ્રમત્ત સંયતથી આરંભી અપૂર્વકરણ (ના છઠ્ઠા ભાગ) પર્યંત હોય છે. અન્ય કોઈ ગુણસ્થાનકોમાં તદ્યોગ્ય પરિણામનો અભાવ હોવાથી હોતો નથી.

તીર્થંકર નામકર્મનો બંધ અવિરતિ સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનકથી આરંભી અપૂર્વકરણના મધ્યભાગ (છઠ્ઠા ભાગ) સુધી હોય છે, અને ઉદય સયોગિકેવલી અને અને અયોગિકેવલી ગુણસ્થાનકેજ હોય છે.

યશઃકીર્ત્તિ નામનો બંધ મિથ્યાદષ્ટિ ગુણસ્થાનકથી આરંભી સૂક્ષ્મસંપરાય પર્યંત હોય છે. ત્યારબાદ નામકર્મની કોઈપણ પ્રકૃતિ બંધાતી નથી. ૬૮

હવે ઉદયના વિષયમાં કહેવા યોગ્ય હકીકત કહે છે—

उज्जोवआयवाणं उदओपुव्विपि होइ पच्छावि ।
ऊसाससरेहिंतो सुहुमतिगुज्जोय नायावं ॥ ६९ ॥

उद्योतातपयोरुदयः पूर्वमपि भवति पश्चादपि ।
ऊच्छ्वासस्वराभ्यां सूक्ष्मत्रिकोद्योतयोर्नातपम् ॥ ६९ ॥

અર્થ—ઉદ્યોત અને આતપનો ઉદય ઉચ્છ્વાસ અને સ્વરનો ઉદય થતાં પહેલાં પણ થાય છે, પછી પણ થાય છે. તથા સૂક્ષ્મત્રિક અને ઉદ્યોતના ઉદય સાથે આતપનો ઉદય થતો નથી.

ટીકાનુ૦—એકેન્દ્રિય જીવો આશ્રયી ઉચ્છ્વાસ પર્યાપ્તિએ પર્યાપ્ત થતાં પહેલાં કે પછી, અને બેઇંદ્રિયાદિ જીવો આશ્રયી ઉચ્છ્વાસ અને ભાષા પર્યાપ્તિએ પર્યાપ્ત થતાં પહેલાં કે પછી યથાયોગ્ય રીતે ઉદ્યોત અને આતપનો ઉદય થાય છે, જેનો યોગ્ય અવસરે વિચાર કરશે.

સૂક્ષ્મ-અપર્યાપ્ત અને સાધારણરૂપ સૂક્ષ્મત્રિક અને ઉદ્યોત નામના ઉદય સાથે આતપ નામકર્મ ઉદયમાં આવતું નથી. ૬૯

उज्जावेनायावं सुहुमतिगेण न बज्झए उभयं ।
उज्जोवजसाणुदए जायइ साहारणस्सुदओ ॥ ७० ॥

उद्योतेनातपं सूक्ष्मत्रिकेण न बध्यते उभयम् ।
उद्योतयशसोरुदये जायते साधारणस्योदयः ॥ ७० ॥

અર્થ—ઉદ્યોત સાથે આતપ બંધાતું નથી, અને સૂક્ષ્મત્રિક સાથે બંને બંધાતાં નથી. ઉદ્યોત અને યશનો ઉદય છતાં સાધારણનો ઉદય થાય છે.

ટીકાનુ૦—ઉદ્યોતના બંધ સાથે આતપનામનો બંધ થતો નથી. તથા સૂક્ષ્મ, અપર્યાપ્ત અને સાધારણ નામના બંધ સાથે આતપ કે ઉદ્યોત બંનેમાંથી કોઈનો પણ બંધ થતો નથી.

બંધવિષયમાં અપવાદ કહીને હવે ઉદયવિષયમાં અપવાદ કહેવા ઇચ્છતા કહે છે ઉદ્યોત અને યશકીર્ત્તિના ઉદય સાથે સાધારણનો ઉદય હોઇ શકે છે, અર્થાત્ સાધારણ નામકર્મના ઉદયવાળાને ઉદ્યોત અને યશકીર્ત્તિનો ઉદય સંભવે છે. (અહિં એટલું ધ્યાનમાં

રાખવું કે સૂક્ષ્મ નામના ઉદય સાથે ઉદ્યોતનો ઉદય હોતો નથી, પરંતુ બાદર નામના ઉદય સાથે હોય છે. એટલે બાદર–સાધારણને ઉદ્યોતનો ઉદય સંભવે છે, સૂક્ષ્મ–સાધારણને નહિ.)

दुभगाईणं उदए बायरपज्जो विउव्वए पवणो ।
देवगईए उदओ दुभगअणाएज्ज उदएवि ॥ ७१ ॥

दुर्भगादीनामुदये बादरपर्याप्तो विकुरुते पवनः ।
देवगतेरुदयो दुर्भगानादेययोरुदयेऽपि ॥ ७१ ॥

અર્થ—દુર્ભગ આદિના ઉદયમાં પર્યાપ્ત બાદર પવન વૈક્રિયશરીર વિકુર્વે છે. દુર્ભગ અને અનાદેયના ઉદયમાં પણ દેવગતિનો ઉદય હોય છે.

ટીકાનુ૦—દુર્ભગ, અનાદેય અને અપયશકીર્તિનો ઉદય છતાં પર્યાપ્ત બાદર વાયુકાય વૈક્રિયનો આરંભ કરે છે. (અર્થાત્ વૈક્રિય શરીર કરનાર પર્યાપ્ત બાદર વાયુકાય જીવને ઉપરોક્ત દુર્ભગત્રિકનોજ ઉદય હોય છે.) અહિં બાદર પર્યાપ્ત એ વિશેષણ ગ્રહણ કરેલું હોવાથી પર્યાપ્ત–અપર્યાપ્ત સૂક્ષ્મ અને અપર્યાપ્ત બાદર વાયુકાયનો નિષેધ કરેલો છે, એમ સમજવું. કેમકે તેઓને વૈક્રિય શરીર કરવાની શક્તિ જ હોતી નથી.

પ્રજ્ઞાપનાસૂત્રની ચૂર્ણિમાં કહ્યું છે કે સૂક્ષ્મ પર્યાપ્ત–અપર્યાપ્ત અને બાદર અપર્યાપ્ત એ ત્રણ રાશિને વૈક્રિય લબ્ધિજ હોતી નથી. માત્ર બાદર પર્યાપ્ત વાયુકાયને જ હોય છે. તે પણ સઘળાને નહિ, પરંતુ બાદર પર્યાપ્ત વાયુકાયના જેટલા જીવો છે તેના સંખ્યાતમા ભાગના જીવોને જ હોય છે."

તથા દુર્ભગ અને અનાદેયના ઉદય છતાં પણ દેવગતિનો ઉદય હોય છે. અર્થાત્ દુર્ભગ અને અનાદેયના ઉદય સાથે દેવગતિનામકર્મનો ઉદય વિરોધી નથી. ગાથાના અંતમાં મૂકેલ अपि શબ્દ બહુલ અર્થવાળો હોવાથી દુર્ભગ, અનાદેય અને અપયશકીર્તિના ઉદય સાથે આહારકદ્વિકનો ઉદય હોતો નથી. પરંતુ અસ્થિર અને અશુભના ઉદયની સાથે આહારકનામનો ઉદય હોય છે, કેમકે તે બે પ્રકૃતિ ધ્રુવોદયી છે. ૭૧

सूसरउदओ विगलाण होइ विरयाण देसविरयाणं ।
उज्जोवुदओ जायइ वेउव्वाहारगद्धाए ॥ ७२ ॥

सुस्वरोदयो विकलानां भवति विरतानां देशविरतानाम् ।
उद्योतोदयो जायते वैक्रियाहारकाद्धायाम् ॥ ७२ ॥

અર્થ—સુસ્વરનો ઉદય વિકલેન્દ્રિયોને હોય છે. દેશવિરત અને સર્વવિરતોને વૈક્રિય અને આહારક કરતી વેળાએ ઉદ્યોતનો ઉદય થાય છે.

ટીકાનુ૦—વિકલેન્દ્રિયોને સુસ્વરનો ઉદય હોય છે, અર્થાત્ તેઓને સુસ્વરનો ઉદય વિરોધી નથી. તથા[1] દેશવિરત અથવા સર્વવિરત મનુષ્યોને યથાયોગ્યપણે વૈક્રિય અને આહારક શરીર જ્યારે વિકુર્વે ત્યારે ઉદ્યોતનો ઉદય હોય છે, અન્ય સામાન્ય મનુષ્યને ઉદ્યોતનો ઉદય હોતો નથી. ૭૨

આ પ્રમાણે જેનો ઉદય છતા જેના ઉદયનો સંભવ હોય કે ન હોય તેનો વિચાર કરીને હવે નામકર્મનાં ઉદયસ્થાનકો કહે છે—

अडनववीसिगवीसा चउवीसेगहिय जाव इगितीसा ।
चउगइएसुं बारस उदयट्ठाणाइं नामस्स ॥ ७३ ॥

अष्टौ नव विंशतिरेकविंशतिः चतुर्विंशतिरेकाधिका यावदेकत्रिंशत् ।
चतुर्गतिकेषु द्वादश उदयस्थानानि नाम्नः ॥ ७३ ॥

અર્થ—ચારે ગતિના જીવસ્થાનોમાં આઠ, નવ, વીશ, એકવીશ, ચોવીશ, ત્યારબાદ એક એક અધિક કરતાં એકત્રીશ, કુલ નામકર્મનાં બાર ઉદયસ્થાનકો છે.

ટીકાનુ૦—ચારે ગતિના પ્રાણીઓમાં નામકર્મનાં બાર ઉદયસ્થાનકો છે. અર્થાત્ ચારે ગતિના જીવો આશ્રયી સઘળાં મળી નામકર્મનાં બાર ઉદયસ્થાનકો થાય છે. તે આ–આઠ, નવ, વીશ, એકવીશ, ચોવીશ, ત્યારબાદ ચોવીશમાં એક એક વધારતાં યાવત્ એકત્રીશ. એટલે કે પચીસ, છવ્વીસ, સત્તાવીશ, અઠ્ઠાવીશ, ઓગણત્રીશ, ત્રીશ અને એકત્રીશ, આ બાર ઉદયસ્થાનકોમાંથી જ એકેન્દ્રિયાદિ જીવોમાં અમુક અમુક ઉદયસ્થાનકો હોય છે, જેનો હવે પછી વિચાર કરશે. ૭૩

ઉપરોક્ત ઉદયસ્થાનકોનો ચારે ગતિમાં વિચાર કરતાં કહે છે—

मणुएसु अचउवीसा वीसडनववज्जियाउ तिरिएसु ।
इगपण सगट्ठनववीस नारए सुरे सतीसा ते ॥ ७४ ॥

मनुजेषु अचतुर्विंशतयः विंशत्यष्टनववर्जितास्तु तिर्यक्षु ।
एकपञ्चसप्ताष्टनवविंशतिः नारके सुरे सत्रिंशतस्ते ॥ ७४ ॥

---

[1] મનુષ્યગતિમાં વૈક્રિય અને આહારક શરીરી યતિને ઉદ્યોતનો ઉદય હોય છે, અન્ય કોઈ મનુષ્યને હોતો નથી.'जइ देवुत्तर विक्किय.' એ પદથી પહેલા કર્મગ્રંથમાં યતિ અને દેવ ઉત્તરવૈક્રિય કરે ત્યારે તેઓને ઉદ્યોતનો ઉદય હોય છે એમ કહ્યું છે. તથા કર્મપ્રકૃતિ ઉદીરણાકરણ ગાથા ૧૭ માં તથા તેની ટીકામાં અને ષડ્ કર્મગ્રન્થની ટીકામાં પણ એમ જ કહ્યું છે. પરંતુ અહિં વૈક્રિય શરીરમાં વર્તમાન દેશવિરત મનુષ્યને પણ ઉદ્યોતનો ઉદય હોય છે, એમ કહે છે. તત્ત્વ કેવલિગમ્ય.

અર્થ—મનુષ્યમાં ચોવીસ સિવાય સઘળાં, તિર્યંચગતિમાં વીશ, આઠ અને નવ વર્જીને શેષ સઘળાં, એક, પાંચ, સાત, આઠ અને નવ અધિક વીશ નરકગતિમાં, અને ત્રીશ સાથે તે પાંચ ઉદયસ્થાનકો દેવગતિમાં હોય છે.

ટીકાનુ૦—પૂર્વોક્ત બાર ઉદયસ્થાનકોમાંથી ચોવીશ વર્જીને શેષ અગિયારે ઉદય-સ્થાનકો મનુષ્યગતિમાં હોય છે. ચોવીશનું ઉદયસ્થાન માત્ર એકેન્દ્રિયોમાં જ હોવાથી અહિં તેનું વર્જન કર્યું છે. તથા વીશ, આઠ અને નવ એમ ત્રણ ઉદયસ્થાનકો વર્જીને શેષ નવ ઉદયસ્થાનકો તિર્યંચગતિમાં સંભવે છે, વીશ, નવ અને આઠ એ ત્રણ ઉદય-સ્થાનકો તિર્યંચગતિમાં હોતાં નથી. કારણ કે વીશનું ઉદયસ્થાન કેવલિસમુદ્ઘાત અવસ્થામાં અને આઠ તથા નવનું ઉદયસ્થાન અયોગિકેવલિ ગુણસ્થાનકે હોય છે.

એકવીશ, પચીસ, સત્તાવીશ, અટ્ઠાવીશ અને ઓગણત્રીશ એ પાંચ ઉદયસ્થાન નરક ગતિમાં હોય છે. એ પાંચમાં ત્રીસનું ઉદયસ્થાન મેળવતાં કુલ છ ઉદયસ્થાન દેવ-ગતિમાં હોય છે.

હવે ગુણસ્થાનકોમાં ઉદયસ્થાનકોનો વિચાર કરતા કહે છે—

इगवीसाई मिच्छे सगट्ठवीसा य सासणे हीणा ।
चउवीसूणा सम्मे सपंचवीसाए जोगिम्मि ॥ ७५ ॥

पणवीसाए देसे छव्वीसूणा पमत्ति पुण पंच ।
गुणतीसाई मीसे तीसिगुतीसा य अपमत्ते ॥ ७६ ॥

अट्ठो नवो अजोगिस्स वीसओ केवलीसमुग्घाए ।
इगिवीसो पुण उदओ भवंतरे सव्वजीवाणं ॥ ७७ ॥

एकविंशत्यादयो मिथ्यात्वे सप्ताष्टविंशतिभ्यां च सासादने हीनाः ।
चतुर्विंशत्यूनाः सम्यक्त्वे सह पञ्चविंशत्या सयोगिनि ॥ ७५ ॥

पञ्चविंशत्यादयो देशे षड्विंशत्यूनाः प्रमत्ते पुनः पञ्च ।
एकोनत्रिंशदादयो मिश्रे त्रिंशदेकत्रिंशच्चाप्रमत्ते ॥ ७६ ॥

अष्टौ नवायोगिनः विंशतिः केवलिसमुद्घाते ।
एकविंशतेः पुनरुदयो भवान्तरे सर्वजीवानाम् ॥ ७७ ॥

અર્થ—એકવીશ આદિ નવ ઉદયસ્થાન મિથ્યાત્વે, તેમાંથી સત્તાવીશ અને અટ્ઠાવીશ વર્જીને શેષ સાત ઉદયસ્થાન સાસ્વાદને. માત્ર ચોવીશ રહિત આઠ અવિરતિ સમ્યગ્દષ્ટિ ગુણસ્થાનકે, પચીસ સાથે ચોવીશ વર્જીને સાત સયોગિકેવલિ ગુણસ્થાનકે, છવ્વીસ રહિત પચીસ આદિ છ ઉદયસ્થાન દેશવિરતે, છવ્વીસ વિના પચ્ચીસ આદિ પાંચ પ્રમત્તે, ઓગણત્રીશ આદિ ત્રણ મિશ્રે, તથા ત્રીશ અને એકત્રીશ એમ બે ઉદયસ્થાન અપ્રમત્ત ગુણસ્થાનકે હોય છે. આઠ અને નવ એ બે ઉદય અયોગિ ભગવાનને હોય છે. વીશનો ઉદય માત્ર કેવલિ સમુદ્ઘાત વખતે જ હોય છે, અને એકવીશનો ઉદય ભવાંતરમાં જતા સઘળા જીવોને હોય છે.

ટીકાનુ૦—મિથ્યાદષ્ટિ ગુણસ્થાનકે એકવીશ આદિ નવ ઉદયસ્થાનકો હોય છે. તે આ—૨૧-૨૪-૨૫-૨૬-૨૭-૨૮-૨૯-૩૦-૩૧. મિથ્યાદષ્ટિ ગુણસ્થાન એકેન્દ્રિયાદિ ચારે ગતિના જીવોમાં હોવાથી ઉપરોક્ત સઘળાં ઉદયસ્થાનકો સંભવે છે. વીશનું ઉદયસ્થાન કેવલિસમુદ્ઘાત અવસ્થામાં અને નવ તથા આઠનું ઉદયસ્થાન ચૌદમે ગુણસ્થાનકે હોવાથી મિથ્યાદષ્ટિને તે ત્રણ ઉદયસ્થાન હોતાં નથી.

ઉપરનાં નવ ઉદયસ્થાનમાંથી સત્તાવીશ અને અટ્ઠાવીશ વર્જીને શેષ સાત ઉદયસ્થાનો સાસ્વાદન ગુણસ્થાનકે હોય છે. તેમાં એકવીશનો ઉદય એક ભવમાંથી બીજા ભવમાં જતાં હોય છે. ચોવીશનો ઉદય પર્યાપ્ત પ્રત્યેક બાદર એકેન્દ્રિયને જન્મ–ઉત્પત્તિના પ્રથમ સમયે હોય છે. છવ્વીસનો ઉદય બેઇન્દ્રિયાદિને ઉત્પત્તિના પ્રથમ સમયે હોય છે, પચીસનો ઉદય ઉત્તરવૈક્રિય શરીર કરતાં શરૂઆતમાં હોય છે, ઓગણત્રીશનો ઉદય પર્યાપ્ત નારકોને હોય છે, ત્રીશનો ઉદય પર્યાપ્ત મનુષ્ય અને દેવોને (અને ઉદ્યોતનો ઉદય થતાં પહેલાં તિર્યંચોને) હોય છે, અને એકત્રીશનો ઉદય ઉદ્યોતના ઉદયવાળા પંચેન્દ્રિય તિર્યંચોને હોય છે. માત્ર અહિં સત્તાવીશ અને અટ્ઠાવીશ એ બે ઉદયો હોતા નથી. કારણ કે તે ન્યૂન અપર્યાપ્તાવસ્થામાં હોય છે, કે જે વખતે [1]સાસ્વાદનપણું હોતું નથી.

અવિરતિ સમ્યગ્દષ્ટિ ગુણસ્થાનકે આઠ ઉદયસ્થાનકો હોય છે. તે આ ૨૧-૨૫-૨૬ ૨૭-૨૮-૨૯-૩૦-૩૧ આ ચતુર્થ ગુણસ્થાનક ચારે ગતિના જીવોમાં કરણ અપર્યાપ્ત અને પર્યાપ્ત બંને અવસ્થામાં હોય છે. જો કે અપર્યાપ્ત અવસ્થામાં નવું કોઈ સમ્યકત્વ

૧ સાસ્વાદન ગુણસ્થાનક કરણ અપર્યાપ્તાવસ્થામાં શરીરપર્યાપ્તિ પૂર્ણ થતાં પહેલાં હોય છે. ત્યાર બાદ હોતું નથી. અને પર્યાપ્તાવસ્થામાં તો હોઈ શકે જ. શરીરપર્યાપ્તિ પૂર્ણ થતાં પહેલાં હોવાનું કારણ સાસ્વાદને આવનાર ઉપશમ સમ્યક્ત્વથી પડીને આવે છે. ઉપશમ સમ્યક્ત્વ કોઈને પણ અપર્યાપ્તાવસ્થામાં ઉત્પન્ન થતું જ નથી. પૂર્વ જન્મમાં અંતર્મુહૂર્ત્ત આયુ બાકી રહે ત્યારે ઉપશમસમ્યક્ત્વ પ્રાપ્ત કરી અનંતાનુબંધિનો ઉદય થવાથી વમી સાસ્વાદને આવી મરણ પામી યથાયોગ્યપણે ગર્ભજ મનુષ્ય, તિર્યંચ, દેવ, બાદર, પર્યાપ્ત પૃથ્વી, અપ, પ્રત્યેક વનસ્પતિ, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય અને અસંજ્ઞિ

ઉત્પન્ન થતું નથી, પરંતુ પૂર્વજન્મનું લાવેલું હોઈ શકે છે. મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનકે કહેલાં નવ ઉદયસ્થાનમાંથી માત્ર ચોવીસનું ઉદયસ્થાન અહિં હોતું નથી, કારણ કે તે એકેન્દ્રિયોમાંજ હોય છે, જ્યાં ચતુર્થ ગુણસ્થાનક હોતું નથી.

અવિરતિ સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનકે કહેલાં આઠ ઉદયસ્થાનમાંથી પચીસ વર્જીને શેષ સાત ઉદયસ્થાનકો સયોગિકેવલિ ગુણસ્થાનકે હોય છે, અને આઠમું વીશનું ઉદયસ્થાન હોય છે, જે સત્યોતેરમી ગાથાના અંતે કહેલ છે. એટલે કુલ આઠ ઉદયસ્થાનકો હોય છે. તે આ ૨૦–૨૧–૨૬–૨૭–૨૮–૨૯–૩૦–૩૧. તેમાંથી ૨૦–૨૧–૨૬–૨૭ એ ચાર ઉદયો સમુદ્ઘાત અવસ્થામાં, ૨૮–૨૯ યોગનિરોધ અવસ્થામાં, ૩૦ સ્વભાવસ્થ સામાન્યકેવલિ મહારાજને અથવા વચનયોગનો રોધ કર્યા બાદ તીર્થંકર ભગવાનને હોય છે અને એકત્રીશનો ઉદય સ્વભાવસ્થ તીર્થંકર પરમાત્માને હોય છે.

દેશવિરતિ ગુણસ્થાનકે છવ્વીસ સિવાય પચીસથી એકત્રીસ સુધીનાં છ ઉદયસ્થાનકો હોય છે. તેમાંથી પચીસ, સત્તાવીશ, અઠ્ઠાવીશ અને ઓગણત્રીશ એ ચાર ઉદયસ્થાનકો ઉત્તરવૈક્રિય શરીર કરતા મનુષ્ય–તિર્યંચોને હોય છે. ત્રીશનો ઉદય સ્વભાવસ્થ પર્યાપ્ત તિર્યંચ–મનુષ્યને અને ઉદ્યોતના વેદક ઉત્તર વૈક્રિય શરીરી તિર્યંચને હોય છે. એકત્રીશનો ઉદય ઉદ્યોતના વેદક સ્વભાવસ્થ તિર્યંચને હોય છે. દેશવિરતિ ગુણસ્થાનક સંખ્યાત વર્ષના આયુવાળા ગર્ભજ પર્યાપ્ત તિર્યંચ તથા મનુષ્યોને હોય છે, એટલે પર્યાપ્તાવસ્થામાં હોઇ શકે તે તથા વૈક્રિય શરીર કરતાં જે ઉદયસ્થાનકો હોઇ શકે તે અહિં હોય છે.

પ્રમત્ત સંયતને છવ્વીસ સિવાયનાં પચીસથી ત્રીસ સુધીનાં પાંચ ઉદયસ્થાનકો હોય છે. તેમાં પચીસ, સત્તાવીશ, અઠ્ઠાવીશ, ઓગણત્રીશ અને ત્રીશ એમ પાંચ ઉદયસ્થાનકો ઉત્તરવૈક્રિય શરીર અને આહારક શરીર કરતા સંયતને હોય છે. અને સ્વભાવસ્થ સંયતને ત્રીશ પ્રકૃતિનોજ ઉદય હોય છે. જે એકત્રીશનું ઉદય સ્થાન છે તે ઉદ્યોતના ઉદયવાળા તિર્યંચોનેજ હોય છે, માટે તે સંયતને હોતું નથી. પ્રમત્ત સંયત ગુણસ્થાનક માત્ર સંખ્યાત વર્ષના આયુવાળા ગર્ભજ પર્યાપ્ત મનુષ્યનેજ હોય છે. એટલે

પંચેન્દ્રિયમાં ઉત્પન્ન થઇ શકે છે. પૂર્વ જન્મનું લાવેલું તે સાસ્વાદન સમ્યકત્વ શરીર પર્યાપ્તિ પૂર્ણ થતાં પહેલાં ચાલ્યું જાય છે. એટલે સાસ્વાદન ગુણસ્થાનકે ઉપરોક્ત જીવોને શરીરપર્યાપ્તિ પૂર્ણ થતાં પહેલાં જે ઉદયસ્થાનકો હોય તે હોઈ શકે છે. અને પર્યાપ્તાવસ્થામાં તો ચારે ગતિના સંજ્ઞિ પર્યાપ્ત જીવો ઉપશમસમ્યકત્વ પ્રાપ્ત કરી શકે છે અને તેઓને અનંતાનુબંધિના ઉદયથી સાસ્વાદન પણ પ્રાપ્ત થઇ શકે છે. એટલે ચારે ગતિના જીવોમાં પર્યાપ્તાવસ્થામાં સંભવતાં ઉદયસ્થાનકો હોય છે. એટલે અપર્યાપ્તાવસ્થાનાં ૨૧–૨૪–૨૫–૨૬ એ ચાર અને પર્યાપ્તાવસ્થાનાં ૨૯–૩૦–૩૧ એમ ત્રણ–કુલ સાત ઉદયસ્થાનકો અહિ સંભવે છે.

પર્યાપ્તાવસ્થામાંનાં અને વૈક્રિય–આહારકશરીર કરતાં જે ઉદયસ્થાનકો હોઈ શકે તેજ હોય છે.

સમ્યગ્‌મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનકે ઓગણત્રીશ, ત્રીશ અને એકત્રીશ પ્રકૃતિના ઉદયરૂપ ત્રણ ઉદયસ્થાનકો હોય છે. આ ગુણસ્થાનક ચારે ગતિના જીવોને પર્યાપ્તાવસ્થામાં જ હોય છે, એટલે પર્યાપ્તાવસ્થામાં સંભવતાં ઉદયસ્થાનકોજ અહિં હોય છે. ઉપરોક્ત ઉદયસ્થાનકમાંથી ઓગણત્રીશનો ઉદય[1] નારકીઓને ત્રીશનો ઉદય દેવ, મનુષ્ય અને તિર્યંચોને, અને એકત્રીશનો ઉદય તિર્યંચોને હોય છે.

અપ્રમત્તે ઓગણત્રીશ અને ત્રીશ એમ બે ઉદયસ્થાનકો હોય છે. તેમાંથી ઓગણત્રીશનો ઉદય વૈક્રિય અને આહારક શરીરીને હોય છે વૈક્રિય અને આહારક શરીર કરવાની શરૂઆત છઠ્ઠા ગુણસ્થાનકે કરે છે. પરંતુ તે બંને શરીરને યોગ્ય સઘળી પર્યાપ્તિઓ પૂર્ણ થયા બાદ અપ્રમત્તે જઈ શકે છે. વૈક્રિય કે આહારક શરીરની અપર્યાપ્તાવસ્થામાં કોઈ જીવ અપ્રમત્તાવસ્થા પ્રાપ્ત કરી શકતો નથી. માત્ર ઉદ્યોતનો ઉદય બાકી રહી શકે છે. એટલે કે કોઈ ઉદ્યોતનો ઉદય થતાં પહેલાં અપ્રમત્તે જાય છે, કોઈ ઉદ્યોતનો ઉદય થયા પછી પણ જાય છે. એટલે વૈક્રિય કે આહારક શરીરીને અપ્રમત્તે ઉદ્યોતના ઉદય વિનાનું ઓગણત્રીશનું અને ઉદ્યોતના ઉદયવાળું ત્રીશનું એમ બંને ઉદયસ્થાનક હોય છે. સ્વભાવસ્થ સંયતને ત્રીશનું એકજ ઉદયસ્થાન હોય છે.

ગાથામાં ગ્રહણ કરેલ, 'તુ' શબ્દ બહુલ અર્થવાળો હોવાથી અપૂર્વકરણ, અનિવૃત્તિ બાદર સંપરાય, સૂક્ષ્મસંપરાય, ઉપશાંતમોહ અને ક્ષીણમોહ એ પાંચ ગુણસ્થાનકે ત્રીશ પ્રકૃતિના ઉદયરૂપ એકજ ઉદયસ્થાન હોય છે. એ ગાથામાં સાક્ષાત્ નથી ગ્રહણ કર્યું–છતાં કહ્યું છે એમ સમજવું.

અયોગિકેવલી ભગવાનને આઠ અને નવ પ્રકૃતિના ઉદયરૂપ બે ઉદયસ્થાનકો હોય છે. તેમાંથી સામાન્ય કેવલિ મહારાજને આઠનો અને તીર્થંકર ભગવંતને નવ પ્રકૃતિનો ઉદય હોય છે.

વીશ પ્રકૃતિનો ઉદય કેવલિ સમુદ્‌ઘાતમાં ત્રીજે, ચોથે અને પાંચમે સમયે સામાન્ય કેવલિ મહારાજને હોય છે. તેજ અવસ્થા અને તેજ સમયોમાં તીર્થંકર ભગવાનને તીર્થંકર નામ સાથે એકવીશનો ઉદય હોય છે. એક ભવમાંથી બીજા ભવમાં જતા સઘળા સંસારી જીવોને એકવીશ પ્રકૃતિનો ઉદય હોય છે. ૭૫–૭૬–૭૭

હવે એકેન્દ્રિયોમાં ઉદયસ્થાનકોનો વિચાર કરતા કહે છે—

૧ ઓગણત્રીશનો ઉદય નારકીઓને હોય છે, એમ કહી અન્ય સ્થળે હોઈ શકતો હોય તો તેનો નિષેધ કર્યો નથી. જેમકે દેવમાં પણ ઓગણત્રીશનો ઉદય હોય છે. તેમ ત્રીશનો ઉદય ઉદ્યોતના વેદક દેવને તેમજ સ્વભાવસ્થ મનુષ્ય–તિર્યંચને હોય છે. એમ અન્યત્ર પણ યથાસંભવ સમજી લેવું.

चउवीसाई चउरो उदया एगिंदिएसु तिरिमणुए ।
अडवीसाइ छव्वीसा एक्केक्कूणा विउव्वंति ॥ ७८ ॥

चतुर्विंशत्यादयश्चत्वार उदया एकेन्द्रियेषु तिर्यग्मनुजयोः ।
अष्टाविंशत्यादयष्षड्विंशतिरेकैकोना विकुर्वतोः ॥ ७८ ॥

અર્થ—ચોવીસ આદિ ચાર ઉદયસ્થાનકો એકેન્દ્રિયોમાં હોય છે, તિર્યંચ અને મનુષ્યમાં અઠ્ઠાવીશ આદિ ચાર અને છવ્વીસ કુલ પાંચ ઉદયસ્થાનકો હોય છે. વૈક્રિય શરીર કરતા તેઓમાં એકેક પ્રકૃતિ વડે ન્યૂન પાંચ ઉદયસ્થાન હોય છે.

ટીકાનુ૦—એકેન્દ્રિયોમાં ચોવીસ, પચીશ, છવ્વીસ અને સત્તાવીસ રૂપ ચાર ઉદયસ્થાનકો હોય છે. અને પાંચમું એકવીસ પ્રકૃતિના ઉદય રૂપ પણ હોય છે. કેમકે સત્યોતેરમી ગાથામાં કહી ગયા છે કે "ભવાંતરમાં જતા સઘળા જીવોને એકવીશનો ઉદય હોય છે." એટલે આ ગાથામાં એકેન્દ્રિયોમાં એકવીશનો ઉદય નથી કહ્યો છતાં લેવાનો છે—એમ સમજવું. એ જ રીતે બેઇન્દ્રિયાદિ અન્ય જીવોને પણ એક ભવમાંથી બીજા ભવમાં જતાં એકવીશનો ઉદય ન કહ્યો હોય છતાં લેવો.

બેઇન્દ્રિય, તેઇન્દ્રિય ચઉરિન્દ્રિય, અસંજ્ઞિપંચેન્દ્રિય અને સંજ્ઞિપંચેન્દ્રિય તિર્યંચોમાં એકવીસ, છવ્વીસ, અઠ્ઠાવીસ, ઓગણત્રીસ, ત્રીશ અને એકત્રીશ એમ છ ઉદયસ્થાનકો હોય છે. મનુષ્યોમાં ઉપર કહ્યાં તેમાંથી એકત્રીશ સિવાયનાં પાંચ ઉદયસ્થાનકો હોય છે. કેમકે એકત્રીશનું ઉદયસ્થાન ઉદ્યોતવાળું છે. અને પ્રાકૃત મનુષ્યોને ઉદ્યોતનો ઉદય હોતો નથી.

વૈક્રિય અને આહારક શરીર કરતા મનુષ્ય-તિર્યંચોને પચ્ચીસ, સત્તાવીશ, અટ્ઠાવીસ, ઓગણત્રીશ અને ત્રીસ પ્રકૃતિઓના ઉદયરૂપ પાંચ ઉદયસ્થાનો હોય છે. માત્ર મનુષ્યોમાં ઉદ્યોતના ઉદયવાળું ઉદયસ્થાન વૈક્રિય કે આહારક શરીરી યતિને હોય છે, એમ સમજવું. વૈક્રિય કરતા વાયુકાયને ચોવીશ, પચીશ અને છવ્વીસ એમ ત્રણ ઉદય સ્થાનકો હોય છે. તેઉ-વાયુમાં ઉદ્યોતનો ઉદય નહિ હોવાને લીધે સત્તાવીશનું ઉદયસ્થાન લીધું નથી. ૭૮

હવે એકેન્દ્રિયોનાં ઉપરોક્ત ઉદયસ્થાનોનો વિચાર કરે છે—

गइआणुपुव्वि जाई थावर दुभगाइतिण्णि धुवउदया ।
एगिंदियइगिवीसा सेसाण व पगइ वच्चासो ॥ ७९ ॥

गतिरानुपूर्वी जातिः स्थावरदुर्भगादितिस्रः ध्रुवोदयाः ।
एकेन्द्रियाणामेकविंशतिः शेषाणां वा प्रकृतीनां व्यत्यासः ॥ ७९ ॥

અર્થ—ગતિ, આનુપૂર્વી, એકેન્દ્રિયજાતિ, સ્થાવરત્રિક, દુર્ભગત્રિક અને ધ્રુવોદયી બાર પ્રકૃતિ-કુલ એકેન્દ્રિયોને ભવાંતરમાં જતાં એકવીશ પ્રકૃતિઓનો ઉદય હોય છે. શેષ જીવોને પ્રકૃતિઓનો વ્યત્યાસ કરી લેવો.

ટીકાનુ૦—અહિં એકેન્દ્રિયોનાં ઉદયસ્થાનકો કહેવાનાં હોવાથી ગતિ–તિર્યંચગતિ, આનુપૂર્વી–તિર્યંચાનુપૂર્વી, જાતિ–એકેન્દ્રિયજાતિ, સ્થાવરત્રિક–સ્થાવર, સૂક્ષ્મ અને અપર્યાપ્ત, દુર્ભગત્રિક–દુર્ભગ, અનાદેય, અને અપયશ અને ધ્રુવોદયી–તૈજસ, કાર્મણ, વર્ણાદિ ચતુષ્ક, અગુરુલઘુ, નિર્માણ, સ્થિર, અસ્થિર, શુભ, અશુભ. સઘળી મળી એકવીશ પ્રકૃતિઓનો ઉદય એક ભવમાંથી બીજા ભવમાં જતા એકેન્દ્રિયોને હોય છે.

એક ભવમાંથી બીજા ભવમાં જતા એકેન્દ્રિયોને બાદર, પર્યાપ્ત અને યશઃકીર્ત્તિનો પણ ઉદય સંભવે છે, એટલે તે પ્રકૃતિઓને પણ વારાફરતી એકવીશમાં નાખવી. એટલે એકવીસનો ઉદય પાંચ પ્રકારે થાય છે, અર્થાત્ એકવીશના ઉદયના પાંચ ભંગ–વિકલ્પ થાય છે. તે આ પ્રમાણે–બાદર–અપર્યાપ્ત–અપયશ, બાદર–પર્યાપ્ત-અપયશ, સૂક્ષ્મ–અપર્યાપ્ત–અપયશ. સૂક્ષ્મ–પર્યાપ્ત–અપયશ એ ચાર તથા પાંચમો બાદર–પર્યાપ્ત–યશ.

યશઃકીર્ત્તિનો ઉદય બાદર અને પર્યાપ્ત નામના ઉદય સાથે હોઈ શકે છે, પરંતુ સૂક્ષ્મ કે અપર્યાપ્ત નામના ઉદય સાથે હોતો નથી. એટલે જ્યાં જ્યાં સૂક્ષ્મ કે અપર્યાપ્ત નામનો ઉદય હોય ત્યાં માત્ર અપયશકીર્ત્તિના ઉદયનો જ ભંગ લેવો. આ પ્રમાણે એકવીશના ઉદયના પાંચ ભંગ થાય છે.

શેષ બેઇન્દ્રિયાદિ જીવોને પણ એક ભવમાંથી બીજા ભવમાં જતાં એકવીશ પ્રકૃતિઓનો ઉદય હોય છે. માત્ર તે તે ગતિ અને બેઇન્દ્રિયાદિપણાનો વિચાર કરી ગતિ, જાતિ આદિ પ્રકૃતિઓનો વ્યત્યાસ–વિપર્યાસ સ્વયમેવ કરી લેવાનો છે. જે હવે પછી બેઇન્દ્રિયાદિના ઉદયસ્થાનનો વિચાર કરતી વખતે કરશે. ૭૯

सा आणुपुव्विहीणा अपज्जएगिंदितिरियमणुयाणं ।
पत्तेउवघायसरीरहुंडसहिया उ चउवीसा ॥ ८० ॥

साऽऽनुपूर्वीहीना अपर्याप्तैकेन्द्रियतिर्यग्मनुजानाम् ।
प्रत्येकोपघातशरीरहुण्डसहिता तु चतुर्विंशतिः ॥ ८० ॥

અર્થ—પૂર્વોક્ત તે એકવીશ પ્રકૃતિ આનુપૂર્વી વિના વીશ થાય છે, અને તેનો ઉદય અપર્યાપ્ત એકેન્દ્રિય–વિકલેન્દ્રિયાદિ તિર્યંચો અને મનુષ્યોને અવશ્ય હોય છે, તેમાં પ્રત્યેક, ઉપઘાત, ઔદારિક શરીર અને હુંડસંસ્થાન ઉમેરીએ એટલે ચોવીસ થાય છે, તેનો ઉદય શરીરસ્થને હોય છે.

ટીકાનુ૦—એક ભવમાંથી બીજા ભવમાં જતાં જે એકવીશ પ્રકૃતિઓનો ઉદય કહ્યો તેમાંથી આનુપૂર્વીને દૂર કરતાં વીશ પ્રકૃતિનો ઉદય અપર્યાપ્ત (પર્યાપ્ત) એકેન્દ્રિય-વિકલેન્દ્રિયાદિ તિર્યંચો અને મનુષ્યોને અવશ્ય હોય છે, વીશમાંથી તો એક પણ પ્રકૃતિ ઘટતી નથી. આનુપૂર્વીનામકર્મને દૂર કરવાનું કારણ તેનો ઉદય ભવાંતરમાં જતાં વિગ્રહ-ગતિમાંજ હોય છે. ભવાંતરમાં જતાં એકવીશનો ઉદય તો ઉપર કહી ગયા.

હવે ઉત્પત્તિસ્થાનમાં ઉત્પન્ન થાય ત્યારે કેટલી પ્રકૃતિનો ઉદય હોય તે કહે છે. એકવીશમાંથી આનુપૂર્વી કાઢી તેમાં પ્રત્યેક, ઉપઘાત, ઔદારિકશરીર નામ અને હુંડ-સંસ્થાન એ ચાર પ્રકૃતિઓ મેળવવી, એટલે ચોવીસ થાય. તેનો ઉદય શરીરસ્થને-ઉત્પત્તિ સ્થાનમાં ઉત્પન્ન થયેલાને હોય છે. આ ચોવીસમાં સાધારણ નામનો પણ ઉદય સંભવે છે, માટે પ્રત્યેક નામના સ્થાને તેને પણ વિકલ્પે-વારાફરતી મેળવવું. તેમ કરવાથી અહિં દશ ભંગ થાય છે, તે આ પ્રમાણે–

બાદર–પર્યાપ્ત–પ્રત્યેક–યશ, બાદર–પર્યાપ્ત–પ્રત્યેક–અપયશ, બાદર પર્યાપ્ત–સાધારણ યશ, બાદર–પર્યાપ્ત–સાધારણ–અપયશ, બાદર–અપર્યાપ્ત–પ્રત્યેક–અપયશ, બાદર–અપર્યાપ્ત –સાધારણ–અપયશ, સૂક્ષ્મ–પર્યાપ્ત–પ્રત્યેક–અપયશ, સૂક્ષ્મ–અપર્યાપ્ત–પ્રત્યેક–અપયશ, સૂક્ષ્મ–પર્યાપ્ત–સાધારણ–અપયશ, અને સૂક્ષ્મ–અપર્યાપ્ત–સાધારણ–અપયશ.

બાદર વાયુકાયને વૈક્રિય શરીર કરતાં ઔદારિકના સ્થાને વૈક્રિયનો ઉદય કહેવો. તેને પણ ઉપરોક્ત ચોવીસનો ઉદય હોય છે. માત્ર અહિં બાદર–પર્યાપ્ત–પ્રત્યેક અને અપયશ સાથે એક જ ભંગ થાય છે. તેઉકાય-વાયુકાયને યશઃકીર્ત્તિ અને સાધારણ નામનો ઉદય જ હોતો નથી, માટે તદાશ્રિત વિકલ્પો પણ થતા નથી. એ રીતે ચોવીશના ઉદયના કુલ અગિયાર ભાંગા થાય છે.

ત્યારબાદ શરીરપર્યાપ્તિએ પર્યાપ્તા તે એકેન્દ્રિયને પૂર્વોક્ત ચોવીસના ઉદયમાં પરા-ઘાતનો ઉદય મેળવતાં પચીસનો ઉદય થાય છે. આ પચીસનો ઉદય પર્યાપ્તનામકર્મના ઉદયવાળાને જ હોય છે, એટલે અપર્યાપ્તનામના વિકલ્પના ભાંગાઓ થતા નથી. અપર્યાપ્ત નામના ઉદયવાળા કોઈપણ જીવોને પોતપોતાના ઉદયસ્થાનમાંથી શરૂઆતનાં બે ઉદયસ્થાનકો જ હોય છે. અહિં છ ભાંગા થાય છે. તે આ, બાદર–પ્રત્યેક–યશ, બાદર–પ્રત્યેક–અપયશ બાદર–સાધારણ–યશ, બાદર–સાધારણ–અપયશ, સૂક્ષ્મ–પ્રત્યેક–અપયશ, અને સૂક્ષ્મ–સાધારણ–અપયશ.

બાદર વાયુકાયને વૈક્રિયશરીર કરતાં તેને શરીર પર્યાપ્તિએ પર્યાપ્ત થયા બાદ પરા-ઘાતનો ઉદય મેળવતાં પણ પચીસનો ઉદય થાય છે. અહિં બાદર પર્યાપ્ત-પ્રત્યેક અપયશ એ એક જ ભંગ થાય છે. સઘળા મળી પચીસના ઉદયના સાત વિકલ્પ થાય છે.

ત્યાર બાદ પ્રાણાપાન પર્યાપ્તિએ પર્યાપ્તાને ઉચ્છ્વાસનો ઉદય મેળવતાં છવ્વીસનો ઉદય થાય છે. અહિં પણ પચીસના ઉદયમાં કહ્યા તેમ છ ભાંગા થાય છે. અથવા શરીર પર્યાપ્તિએ પર્યાપ્તાને ઉચ્છ્વાસનો ઉદય થતાં પહેલાં કોઈને આતપ કે કોઈને ઉદ્યોતનો ઉદય થઈ શકે છે. અહિં ઉદ્યોતના ઉદયયુક્ત છવ્વીસના ઉદયના ચાર અને આતપના ઉદયયુકત છવ્વીસના ઉદયના બે, કુલ છ વિકલ્પ થાય છે.

તે આ પ્રમાણે—બાદર–પ્રત્યેક–ઉદ્યોત–યશ, બાદર–પ્રત્યેક–ઉદ્યોત–અપયશ, બાદર–સાધારણ–ઉદ્યોત–યશ, બાદર–સાધારણ–ઉદ્યોત–અપયશ, બાદર–પ્રત્યેક–આતપ–યશ, અને બાદર–પ્રત્યેક–આતપ–અપયશ. ઉદ્યોતનો ઉદય બાદર પ્રત્યેક કે સાધારણને હોય છે, સૂક્ષ્મને હોતો નથી અને આતપનો ઉદય બાદર પ્રત્યેકને જ હોય છે. એટલે અનુક્રમે ચાર અને બે જ વિકલ્પ થઈ શકે છે.

બાદર વાયુકાયને વૈક્રિય કરતાં પ્રાણાપાન પર્યાપ્તિએ પર્યાપ્તાને પચીસના ઉદયમાં ઉચ્છ્વાસનો ઉદય મેળવતાં છવ્વીસનો ઉદય થાય છે. અહિં પૂર્વવત્ એક જ ભંગ થાય છે. તેઉકાય–વાયુકાયમાં આતપ–ઉદ્યોત અને યશકીર્ત્તિનો ઉદય હોતો નથી, એટલે તદાશ્રિત વિકલ્પો થતા નથી. સઘળા મળી છવ્વીસના ઉદયના તેર વિકલ્પ થાય છે.

તથા પ્રાણાપાનપર્યાપ્તિએ ઉચ્છ્વાસના ઉદય સહિત છવ્વીસના ઉદયમાં આતપ કે ઉદ્યોતનો ઉદય મેળવતાં સત્તાવીસ થાય છે. અહિં ઉદ્યોત કે આતપના ઉદયયુક્ત છવ્વીસના ઉદયમાં જેમ છ ભાંગા કહ્યા તેજ રીતે છ ભાંગા થાય છે. સઘળા મળી એકેન્દ્રિયને પોતાના પાંચ ઉદયસ્થાનમાં બેતાલીસ ભંગ થાય[1] છે. ૮૦

परघायसासआयवजुत्ता पणछक्कसत्तवीसा सा ।
संघयणअंगजुत्ता चउवीस छवीस मणुतिरिए ॥ ८१ ॥

पराघातोच्छ्वासातपयुक्ता पञ्चषड्सप्तविंशतिः सा ।
संहननाङ्गयुक्ता चतुर्विंशतिः षड्विंशतिर्मनुजतिर्यक्षु ॥ ८१ ॥

અર્થ—પૂર્વોક્ત તે ચોવીસ અનુક્રમે પરાઘાત, ઉચ્છવાસ અને આતપ યુકત કરીએ ત્યારે પચીસ, છવ્વીસ અને સત્તાવીસ થાય છે. તથા પૂર્વોક્ત, ચોવીસ સંઘયણ અને અંગોપાંગ યુકત કરીએ ત્યારે છવ્વીસ થાય છે. અને તે મનુષ્ય તથા તિર્યંચોમાં હોય છે.

[1] સૂક્ષ્મ કે બાદર અપર્યાપ્તનામકર્મના ઉદયવાળા એકેન્દ્રિયને ૨૧–૨૪ બે ઉદયસ્થાન હોય છે. સૂક્ષ્મ પર્યાપ્તને ૨૧–૨૪–૨૫–૨૬ એ ચાર ઉદયસ્થાન હોય છે. તેઓને આતપ કે ઉદ્યોતનો ઉદય હોતો નથી. બાદર તેઉ–વાયુને પણ એજ ચાર ઉદયસ્થાનો હોય છે. ત્યાં ભાંગા યથાયોગ્યપણે સ્વયમેવ વિચારી લેવા. બેઈન્દ્રિયાદિ અપર્યાપ્તને પણ પોતાના ઉદયસ્થાનમાંથી શરૂઆતના બે જ ઉદયસ્થાનો હોય છે.

ટીકાનુ૦—એંશીમી ગાથાની ટીકામાં પચીસ આદિ જે ઉદયસ્થાનો કહી ગયા તેને સૂત્રકાર પોતેજ કહે છે–ચોવીસના ઉદયમાં પરાઘાતનો ઉદય મેળવીએ એટલે પચીસ થાય છે. પચીસના ઉદયમાં ઉચ્છ્‌વાસનો ઉદય મેળવીએ એટલે છવ્વીસ થાય છે. તેમાં આતપનો ઉદય મેળવીએ એટલે સત્તાવીસ થાય છે. અહિં આતપનું ગ્રહણ ઉપલક્ષણ છે. તેથી ઉદ્યોત પણ ગ્રહણ કરવાનું છે. એટલે ઉદ્યોતનો ઉદય મેળવતાં પણ સત્તાવીસનો ઉદય થાય છે. આતપ અને ઉદ્યોતનો ઉદય એક સાથે એક જીવને હોતો નથી.

જેઓને ઉદ્યોતનો ઉદય હોય છે તેઓને આતપનો ઉદય હોતો નથી, અને જેઓને આતપનો ઉદય હોય છે તેઓને ઉદ્યોતનો ઉદય હોતો નથી. ભવાંતરમાં જવાથી આરંભી સ્વયોગ્ય પર્યાપ્તિઓ પૂર્ણ કરે ત્યાં સુધીમાં જે ક્રમથી પ્રકૃતિઓનો ઉદય થાય છે તે અહિં બતાવેલ છે.

આ પ્રમાણે એકેન્દ્રિયોનાં ઉદયસ્થાનકો અને તેમાં થતા વિકલ્પો કહ્યા. હવે બેઇન્દ્રિયનાં ઉદયસ્થાનો અને તેમાં થતા વિકલ્પો કહે છે.

બેઇન્દ્રિયોને ૨૧–૨૬–૨૮–૨૯–૩૦–૩૧ એમ છ ઉદયસ્થાનકો હોય છે.

તેમાં પહેલાં એકેન્દ્રિયોને જે એકવીશ પ્રકૃતિ કહી તેજ કેટલીએક પ્રકૃતિઓનો ફેરફાર કરી બેઇન્દ્રિયને કહેવી, તે આ—તિર્યંચગતિ, તિર્યંચાનુપૂર્વી, બેઇન્દ્રિયજાતિ, ત્રસનામ, બાદરનામ, પર્યાપ્ત–અપર્યાપ્તમાંથી એક, દુર્ભગ, અનાદેય, યશઃ–અપયશકીર્ત્તિમાંથી એક, તૈજસ, કાર્મણ, અગુરુલઘુ, સ્થિર, અસ્થિર, શુભ, અશુભ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને નિર્માણ. આ એકવીશ પ્રકૃતિનો ઉદય ભવાંતરમાં જતા બેઇન્દ્રિયોને હોય છે. અહિં ત્રણ ભાંગા થાય છે. તે આ પ્રમાણે–અપર્યાપ્ત નામના ઉદયવાળા બેઇન્દ્રિયને અપયશકીર્ત્તિ સાથે એક ભંગ અને પર્યાપ્ત નામના ઉદયવાળા બેઇન્દ્રિયને યશઃકીર્ત્તિ અને અપયશકીર્ત્તિ સાથે બે ભંગ કુલ ત્રણ ભંગ થાય છે.

ત્યારબાદ શરીરસ્થ–ઉત્પત્તિ સ્થળે ઉત્પન્ન થયેલા બેઇન્દ્રિયને પૂર્વોક્ત એકવીશના ઉદયમાંથી આનુપૂર્વી નામ દૂર કરી તેમાં પ્રત્યેક, ઉપઘાત, ઔદારિકશરીર, ઔદારિક અંગોપાંગ, હુંડસંસ્થાન અને છેવટ્ઠુંસંઘયણ છ મેળવતાં છવ્વીસનો ઉદય થાય છે. અહિં પણ એકવીશના ઉદયની જેમ ત્રણ ભંગ થાય છે. એકેન્દ્રિયોને અંગોપાંગ અને સંઘયણનો ઉદય હોતો નથી, બેઇન્દ્રિયોને હોય છે, એટલે શરીરસ્થ એકેન્દ્રિયના ચોવીસના ઉદયમાં એ બે મેળવતાં છવ્વીસનો ઉદય થાય છે. ત્યારબાદ શરીરપર્યાપ્તિએ પર્યાપ્તાને પરાઘાત અને વિહાયોગતિ નામ મેળવીએ એટલે અઠ્ઠાવીશનો ઉદય થાય છે.

परघायखगइजुत्ता अडवीसा गुणतीस सासेणं ।
तीसा सरेण सुज्जोव तित्थ तिरिमणुय इगतीसा ॥ ८२ ॥

पराघातखगतियुक्ताऽष्टाविंशतिरेकोनत्रिंशदुच्छ्वासेन ।
त्रिंशत्स्वरेण सोद्योततीर्था तिर्यग्मनुजेषु एकत्रिंशत् । ८२ ॥

અર્થ—પરાઘાત અને ખગતિ યુક્ત અઠ્ઠાવીશનો ઉદય થાય છે. ઉચ્છ્વાસ યુક્ત ઓગણત્રીસ, સ્વરયુક્ત ત્રીશ અને ઉદ્યોત યુક્ત એકત્રીશનો ઉદય થાય છે, તિર્યંચોમાં ઉદ્યોતના ઉદયયુક્ત એકત્રીશનો ઉદય થાય છે. અને મનુષ્યોમાં તીર્થંકરનામના ઉદય યુક્ત એકત્રીશનો ઉદય થાય છે.

ટીકાનુ૦—પૂર્વની ગાથામાં જે છવ્વીસનો ઉદય કહ્યો તેમાં પરાઘાત અને અશુભ વિહાયોગતિ મેળવતાં બેઇન્દ્રિયાદિ સઘળા તિર્યંચ અને મનુષ્યોને અઠ્ઠાવીશનો ઉદય થાય છે. (અહિં બેઇન્દ્રિયનાં ઉદયસ્થાનકો કહેવાના પ્રસંગે સામાન્યથી તિર્યંચ-મનુષ્યોનાં જે ઉદયસ્થાનકો કહ્યાં તે ગ્રંથ-લાઘવ માટે કહ્યાં છે.) આ અઠ્ઠાવીશના ઉદયમાં બેઇન્દ્રિયને યશઃકીર્ત્તિ-અપયશકીર્ત્તિને ફેરવતાં બેજ ભંગ થાય છે, અહિંથી સઘળાં ઉદયસ્થાનકો પર્યાપ્ત નામના ઉદયવાળાને જ હોય છે, એટલે અપર્યાપ્તના ઉદયના ભંગ થતા **નથી.**

ત્યારબાદ પ્રાણાપાન પર્યાપ્તિએ પર્યાપ્તાને ઉચ્છ્વાસનો ઉદય મેળવતાં ઓગણત્રીશનો ઉદય થાય છે. અહિં પણ પૂર્વવત્ યશઃકીર્ત્તિ-અપયશકીર્ત્તિ એ બે પદના બે ભંગ થાય છે. અથવા શરીરપર્યાપ્તિએ પર્યાપ્તાને ઉચ્છ્વાસનો ઉદય થતાં પહેલાં કોઈને ઉદ્યોતનો ઉદય થાય છે, એટલે અઠ્ઠાવીશના ઉદયમાં ઉદ્યોતનો ઉદય મેળવતાં પણ ઓગણત્રીશનો ઉદય થાય છે. અહિં પણ પૂર્વવત્ બેજ ભંગ થાય છે. સઘળા મળી ઓગણત્રીશના ઉદયના ચાર ભંગ થાય છે.

ત્યારબાદ ભાષાપર્યાપ્તિએ પર્યાપ્તાને ઉચ્છ્વાસ યુક્ત ઓગણત્રીશના ઉદયમાં સુસ્વર કે દુઃસ્વર બેમાંથી એકનો ઉદય મેળવતાં ત્રીશનો ઉદય થાય છે. અહિં સુસ્વર-યશ, સુસ્વર-અપયશ, દુઃસ્વર-યશ અને દુઃસ્વર-અપયશ. એમ ચાર ભંગ થાય છે. અથવા સ્વરનો ઉદય થતાં પહેલાં ઉચ્છ્વાસ પર્યાપ્તિએ પર્યાપ્તને ઉદ્યોતનો ઉદય થાય છે. એટલે પણ તેને ત્રીશનો ઉદય થાય છે. અહિં યશઃકીર્ત્તિ-અપયશકીર્ત્તિ સાથે બે ભંગ થાય છે. સઘળા મળી ત્રીશના ઉદયના છ ભંગ થાય છે.

ત્યારબાદ ભાષાપર્યાપ્તિએ પર્યાપ્તાને સ્વર સહિત ત્રીશના ઉદયમાં ઉદ્યોતનો ઉદય મેળવતાં એકત્રીશનો ઉદય થાય છે. અહિં સુસ્વર-યશ, દુઃસ્વર-યશ, સુસ્વર-અપયશ અને દુઃસ્વર-અપયશ એમ સુસ્વર-દુસ્વર, યશ-અપયશ સાથે ચાર ભંગ થાય છે.

દરેક તિર્યંચોમાં એકત્રીશનો ઉદય ઉદ્યોત સાથે થાય છે, અને મનુષ્યમાં એકત્રીશનો ઉદય તીર્થંકરનામ સાથે થાય છે. બેઇન્દ્રિયના સઘળા ઉદયસ્થાનના સરવાળે બાવીસ ભાંગા થાય છે.

એજ પ્રમાણે તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિયોને પણ છ છ ઉદયસ્થાન અને બાવીસ બાવીસ ભાંગાઓ કહેવા. માત્ર બેઇન્દ્રિયજાતિના સ્થાને તેઇન્દ્રિયોને તેઇન્દ્રિયજાતિ, અને ચૌરિન્દ્રિયોને ચૌરિન્દ્રિયજાતિ કહેવી. આ પ્રમાણે વિકલેન્દ્રિયોને કુલ છાસઠ ભાંગા થાય છે.

હવે પ્રાકૃત-સામાન્ય તિર્યંચ પંચેન્દ્રિયોના ઉદયસ્થાનોનો વિચાર કરે છે-પ્રાકૃત-તિર્યક્ પંચેન્દ્રિયોને છ ઉદયસ્થાનકો હોય છે. તે આ પ્રમાણે—૨૧-૨૬-૨૮-૨૯-૩૦ ૩૧. જો કે આ સઘળાં ઉદયસ્થાનોને 'તિરિમણુ૨' ગાથા ૮૧ એ પદ કહેતાં સામાન્યથી કહ્યાં છે, તો પણ શિષ્યોને સંમોહ ન થાય એટલા માટે વિશેષતઃ વિચાર કરે છે.

તિર્યંચગતિ, તિર્યંચાનુપૂર્વી, પંચેન્દ્રિયજાતિ, ત્રસનામ, બાદરનામ, પર્યાપ્ત-અપર્યાપ્ત માંહેથી એક, સુભગ-દુર્ભગમાંથી એક, આદેય-અનાદેયમાંથી એક, યશઃકીર્ત્તિ-અપયશકીર્ત્તિ-માંહેથી એક, તૈજસ, કાર્મણ, અગુરૂલઘુ, સ્થિર, અસ્થિર, શુભ, અશુભ; નિર્માણ અને વર્ણાદિ ચતુષ્ક. આ એકવીશ પ્રકૃતિઓનો ઉદય ભવાંતરમાં જતા તિર્યંચ-પંચેન્દ્રિયોને હોય છે. અહિં નવ ભાંગા થાય છે. તેમાં પર્યાપ્ત નામના ઉદયવાળાને સુભગ-દુર્ભગ, આદેય-અનાદેય અને યશ-અપયશ સાથે આઠ ભાંગા થાય છે. અપર્યાપ્ત નામના ઉદય-વાળાને દુર્ભગ અનાદેય અને અપયશ સાથે એક ભંગ થાય છે. અપર્યાપ્ત નામના ઉદયવાળાને પરાવર્ત્તમાન અપ્રશસ્ત પ્રકૃતિઓનોજ ઉદય હોય છે, એટલે તેનો એક જ ભંગ થાય છે.

કેટલાક આચાર્ય મહારાજ એમ કહે છે કે કે-સુભગના ઉદયવાળાને આદેયનો અને દુર્ભગ નામના ઉદયવાળાને અનાદેયનો ઉદય અવશ્ય હોય છે, એટલે સુભગ- આદેય અને દુર્ભગ-અનાદેયનો સાથે જ ઉદય હોય છે. એટલે પર્યાપ્તાને સુભગ-આદેય યુગલ અને દુર્ભગ-અનાદેય યુગલને યશઃકીર્ત્તિ અને અપયશકીર્ત્તિ સાથે ફેરવતાં ચાર ભાંગા થાય છે. અને અપર્યાપ્તાને એક ભંગ થાય છે આ રીતે મતાંતરે કુલ પાંચ ભંગ થાય છે. હવે પછીના ઉદયસ્થાનોમાં પણ મતાંતરે ભંગની વિષમતા પોતાની બુદ્ધિ વડે વિચારી લેવી.

ત્યારબાદ શરીરસ્થને આનુપૂર્વીના ઉદય વિનાના વીશમાં ઔદારિક શરીર, ઔદારિક અંગોપાંગ, છ સંસ્થાનમાંથી એક સંસ્થાન, છ સંઘયણમાંથી એક સંઘયણ, ઉપઘાત અને પ્રત્યેક એ છનો ઉદય ઉમેરતાં છવ્વીસનો ઉદય થાય છે. અહિં ૨૮૯ ભાંગા થાય છે. તેમાં પર્યાપ્તાને છ સંઘયણ, છ સંસ્થાન, સુભગ-દુર્ભગ, આદેય-અનાદેય, અને યશકીર્ત્તિ -અપયશકીર્ત્તિ સાથે ફેરવતાં બસો અઠ્યાસી ભંગ થાય છે. અપર્યાપ્તાને પરાવર્ત્તમાન હુંડસંસ્થાન આદિ સઘળી પ્રકૃતિઓ અશુભ હોવાથી એક જ ભંગ થાય છે. મતાંતરે ૧૪૫ ભંગ થાય છે.

તેજ છવ્વીસના ઉદયમાં શરીર પર્યાપ્તિએ પર્યાપ્તા થવા બાદ પરાઘાત અને બે વિહાયોગતિમાંથી એક મેળવતાં અટ્ઠાવીશનો ઉદય થાય છે. અહિં પહેલાં પર્યાપ્તાને છવ્વીશના ઉદયના જે બસો અઠયાશી ભંગ કહ્યા તેને બે વિહાયોગતિ સાથે ગુણતાં પાંચસો છોંતેર ભંગ થાય છે. અપર્યાપ્તાને અટ્ઠાવીશનો ઉદય હોતો નથી, એટલે આ ઉદયસ્થાનથી તેના ભાંગા થતા નથી. મતાંતરે બસો અઠયાશી ભાંગા થાય છે.

ત્યારબાદ પ્રાણાપાન પર્યાપ્તિએ પર્યાપ્તાને ઉચ્છ્વાસનો ઉદય મેળવતાં ઓગણત્રીશનો ઉદય થાય છે. અહિં પણ પહેલાંની જેમ પાંચસો છોંતેર ભંગ થાય છે. અથવા શરીર પર્યાપ્તિએ પર્યાપ્તાને ઉચ્છ્વાસનો ઉદય થતાં પહેલાં કોઈને ઉદ્યોતનો ઉદય થવાથી પણ ઓગણત્રીશનો ઉદય થાય છે અહિં પણ પાંચસો છોંતેર ભંગ થાય છે. સઘળા મળી ઓગણત્રીશના ઉદયના અગિયારસો અને બાવન ભાંગા થાય છે. મતાંતરે પાંચસો છોંતેર ભંગ થાય છે.

ત્યારબાદ ભાષા પર્યાપ્તિએ પર્યાપ્તાને સુસ્વર—દુઃસ્વરમાંથી એકનો ઉદય મેળવતાં ત્રીશનો ઉદય થાય છે. અહિં ઉચ્છ્વાસ સાથે ઓગણત્રીશના ઉદયના જે પાંચસો છોંતેર ભાંગા કહ્યા તેને બે સ્વર સાથે ગુણતાં અગિયારસો અને બાવન ભાંગા થાય છે. અથવા પ્રાણાપાન પર્યાપ્તિએ પર્યાપ્તાને સ્વરનો ઉદય થતાં પહેલાં કોઈને ઉદ્યોતનો ઉદય થાય છે, એટલે તે મેળવતાં પણ ત્રીશનો ઉદય થાય છે. અહિં પાંચસો છોંતેર ભાંગા થાય છે. સઘળા મળી ત્રીશના ઉદયના સત્તરસો અટ્ઠાવીશ ભાંગા થાય છે. મતાંતરે આઠસો ચોસઠ ભાંગા થાય છે.

ત્યારબાદ સ્વર સહિત ત્રીશના ઉદયમાં ઉદ્યોતનો ઉદય મેળવતાં એકત્રીશનો ઉદય થાય છે. તેમાં સ્વર સહિત ત્રીશના ઉદયમાં જેમ અગિયારસો બાવન ભાંગા કહ્યા તે જ અહિં પણ જાણવા. મતાંતરે પાંચસો છોંતેર સમજવા. આ પ્રમાણે પ્રાકૃત તિર્યંચ પંચેન્દ્રિયના ભાંગા કહ્યા. ૮૨

હવે વૈક્રિયશરીર કરતા તિર્યંચ-પંચેન્દ્રિયોના ઉદયસ્થાનકો કહેવાં જોઈએ. તેમાં સામાન્યતઃ સમાન સંખ્યા હોવાથી વૈક્રિય શરીર કરતાં તિર્યંચો અને મનુષ્યોનાં તથા આહારકશરીર કરતા યતિનાં ઉદયસ્થાનકો કહે છે—

तिरिउदय छव्वीसाइ संघयणविवज्जियाउ ते चेव ।
उदया नरतिरियाणं विउव्वगाहारगजईणं ॥ ८३ ॥

तिर्यगुदयाः षड्विंशत्याद्याः संहननवर्जितास्ते चैव ।
उदया नरतिरश्चां वैक्रियाहारकयतीनाम् ॥ ८३ ॥

અર્થ—તિર્યંચોનાં છવ્વીસ આદિ જે ઉદયસ્થાનકો કહ્યાં, સંઘયણ વિનાનાં તે સઘળાં ઉદયસ્થાનકો વૈક્રિયશરીર કરતાં તિર્યંચ અને મનુષ્યોને તથા આહારક શરીર કરતાં યતિઓને હોય છે.

ટીકાનુ૦—તિર્યંચોને છવ્વીસ, અટ્ઠાવીશ, ઓગણત્રીશ, ત્રીશ અને એકત્રીશ રૂપ જે ઉદયસ્થાનકો કહ્યાં, સંઘયણ નામકર્મ વિનાનાં તે સઘળાં ઉદયસ્થાનકો ઉત્તરવૈક્રિયશરીરી તિર્યંચોને અને મનુષ્યોને તથા આહારક શરીરી યતિને હોય છે. અતિસંક્ષેપે કહેલી આ હકીકતનો વિસ્તારથી વિચાર કરે છે-વૈક્રિય અને આહારકશરીર કરતા મનુષ્યોનાં ઉદયસ્થાનકો આગળ ઉપર કહેશે.

અહિં ઉત્તરવૈક્રિયશરીર કરતા તિર્યંચોનાં ઉદયસ્થાનકો કહે છે, તે પાંચ છે. તે આ-૨૫-૨૭-૨૮-૨૯-૩૦. વૈક્રિય અને આહારક શરીરની વિકુર્વણા [1]પર્યાપ્તાવસ્થામાંજ થાય છે. એટલે ભવાંતરમાં જતાં સંભવતું એકવીશનું ઉદયસ્થાન અહિં હોતું નથી. તથા વૈક્રિય અને આહારક શરીરમાં હાડકાં નહિ હોવાથી હાડના બંધરૂપ સંઘયણ પણ હોતું નથી. એટલે સામાન્ય તિર્યંચોનાં જે છવ્વીસ આદિ ઉદયસ્થાનકો કહ્યાં તે દરેકમાંથી સંઘયણ નામકર્મ દૂર કરતાં ઉપર કહ્યાં તે પચીસ આદિ પાંચ ઉદયસ્થાનકો થાય છે જે અહિં કહ્યાં છે.

તેમાં પચીસ પ્રકૃતિઓ આ પ્રમાણે-વૈક્રિયશરીર, વૈક્રિય અંગોપાંગ, સમચતુરસ્ર-સંસ્થાન, ઉપઘાત, પ્રત્યેક, તિર્યંચગતિ, પંચેન્દ્રિય જાતિ, ત્રસ, બાદર, પર્યાપ્ત સુભગ, દુર્ભગમાંથી એક, આદેય-અનાદેયમાંથી એક, યશ-અપયશમાંથી એક, તૈજસ, કાર્મણ, અગુરુલઘુ, સ્થિર, અસ્થિર શુભ, અશુભ, વર્ણાદિ ચાર, અને નિર્માણ. અહિં સુભગ-દુર્ભગ આદેય,-અનાદેય, અને યશ-અપયશ સાથે સાથે આઠ ભંગ થાય છે. તે આ પ્રમાણે-સુભગ-આદેય-યશ, સુભગ-આદેય-અપયશ; સુભગ-અનાદેય-યશ, સુભગ-અનાદેય-અપયશ. દુર્ભગ-આદેય-યશ, દુર્ભગ-આદેય-અપયશ, દુર્ભગ અનાદેય-યશ, દુર્ભગ-અનાદેય-અપયશ.

ત્યાર બાદ શરીરપર્યાપ્તિએ પર્યાપ્તાને પરાઘાત અને પ્રશસ્ત વિહાયોગતિનો ઉદય મેળવતાં સત્તાવીસનો ઉદય થાય છે. અહિં પણ પૂર્વવત્ આઠ ભાંગા થાય છે.

ત્યારબાદ ઉચ્છ્વાસ પર્યાપ્તિએ પર્યાપ્તાને શ્વાસોચ્છ્વાસનો ઉદય મેળવતાં અઠ્ઠાવીશનો ઉદય થાય છે. અહિં પણ પૂર્વવત્ આઠ ભાંગા થાય છે. અથવા શરીરપર્યાપ્તિએ પર્યાપ્તાને ઉચ્છ્વાસનો ઉદય થતાં પહેલાં કોઇને ઉદ્યોતના ઉદયે પણ અટ્ઠાવીસનો ઉદય થાય છે. તેમાં પણ પૂર્વવત્ આઠ ભંગ થાય છે સઘળા મળી અઠ્ઠાવીશના ઉદયના સોળ ભંગ થાય છે.

ત્યારબાદ ભાષાપર્યાપ્તિએ પર્યાપ્તાને ઉચ્છ્વાસ સહિત અઠ્ઠાવીશના ઉદયમાં

૧ વૈક્રિય અને આહારકશરીર કરતાં પણ તે તે શરીરને યોગ્ય તમામ પ્રકારની વ્યવસ્થા માટે શરૂઆતના અંતર્મુહૂર્તમાં પર્યાપ્તિઓ કરવી પડે છે.

સુસ્વરનો ઉદય મેળવતાં ઓગણત્રીશનો ઉદય થાય છે. (અહિં એ ખ્યાલમાં રાખવું કે ઉચ્છ્વાસનો ઉદય થતાં પહેલાં કોઇને પણ સ્વરનો ઉદય થતો નથી.) અહિં પણ પૂર્વવત્ આઠ ભંગ થાય છે. અથવા પ્રાણાપાન પર્યાપ્તિએ પર્યાપ્તાને સ્વરનો ઉદય થતાં પહેલાં કોઈને ઉદ્યોતનો ઉદય થાય છે, અને તેના ઉદયે પણ ઓગણત્રીશનો ઉદય થાય છે. અહિં પણ પૂર્વવત્ આઠ ભંગ થાય છે. સઘળા મળી ઓગણત્રીશના ઉદયના સોળ ભંગ થાય છે.

ત્યાર બાદ સુસ્વર સહિત ઓગણત્રીશના ઉદયમાં ઉદ્યોતનો ઉદય મેળવતાં ત્રીશનો ઉદય થાય છે. અહિં પણ પૂર્વની જેમ આઠ ભંગ થાય છે.

સઘળા મળી વૈક્રિય તિર્યંચના પાંચ ઉદયસ્થાનના છપ્પન ભંગ થાય છે. પંચેન્દ્રિય-તિર્યંચના ઓગણ પચાસસો બાસઠ ભંગ થાય છે. અને એકેન્દ્રિયાદિ સઘળા તિર્યંચોના સરવાળે પાંચહજાર અને સીત્તેર ભંગ થાય છે.

હવે મનુષ્યોમાં ઉદયસ્થાનકો કહેવાં જોઈએ. અને તેને તિર્યંચપંચેન્દ્રિયો સાથેજ સામાન્યથી તો કહ્યાં છે, પરંતુ હવે તેનો વિશેષથી વિચાર કરે છે—તેમાં સામાન્ય મનુષ્યોનાં ઉદયસ્થાનો પાંચ છે, તે આ–૨૧–૨૬–૨૮–૨૯–૩૦.

તેમાં એકવીશ, છવ્વીસ અને અઠ્ઠાવીશ એ ત્રણ ઉદયસ્થાનકો જેમ તિર્યંચ પંચેન્દ્રિયોને કહ્યાં, તેમ અહિં પણ સમજવાં. માત્ર તિર્યંચગતિ–આનુપૂર્વીના સ્થાને મનુષ્યગતિ–આનુપૂર્વી કહેવાં. ભાંગાઓ પણ તે જ પ્રમાણે કહેવા.

ઓગણત્રીશ અને ત્રીશનો ઉદય પણ તિર્યંચોની જેમજ કહેવો. માત્ર ઉદ્યોતના ઉદયરહિત કહેવો. કેમકે મનુષ્યોમાં ઉદ્યોતનો ઉદય વૈક્રિય અને આહારકશરીરી સંયતને મૂકી અન્ય કોઈને હોતો નથી. તેથી તિર્યંચોના ઓગણત્રીશ અને ત્રીશના ઉદયના ભાંગામાંથી ઉદ્યોતના ઉદયે થતા ભાંગાઓ દૂર કરતાં મનુષ્યોને ઓગણત્રીશના ઉદયે પાંચસો છોંતેર અને ત્રીશના ઉદયે અગિયારસો બાવન ભંગ થાય છે. સઘળા મળી સામાન્ય મનુષ્યના છવ્વીસસો અને બે ભાંગા થાય છે.

વૈક્રિય મનુષ્યોનાં પાંચ ઉદયસ્થાનકો છે. તે આ–૨૫–૨૭–૨૮–૨૯–૩૦ તેમાં મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, વૈક્રિયશરીર, વૈક્રિય અંગોપાંગ, સમચતુરસ્રસંસ્થાન, ઉપઘાત, ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, સુભગ–દુર્ભગમાંથી એક, આદેય–અનાદેયમાંથી એક, યશ-કીર્ત્તિ–અપયશકીર્ત્તિમાંથી એક, તૈજસ, કાર્મણ, વર્ણાદિ ચતુષ્ક, સ્થિર, અસ્થિર, શુભ, અશુભ, અગુરુલઘુ અને નિર્માણ. આ રીતે પચીસનો ઉદય હોય છે.

અહિં સુભગ–દુર્ભગ, આદેય–અનાદેય અને યશ–અપયશને ફેરવતાં આઠ ભાંગા થાય છે. દેશવિરત શ્રાવકો અને સર્વવિરત મુનિઓને દુર્ભગ અનાદેય અને અપયશકીર્ત્તિનો ગુણ

પ્રત્યયેજ ઉદય હોતો નથી. એટલે તેઓને વૈક્રિયશરીર કરતાં સુભગ, આદેય અને યશકીર્ત્તિનોજ ઉદય હોવાથી સર્વપ્રશસ્ત એક જ ભંગ થાય છે.

શરીરપર્યાપ્તિએ પર્યાપ્તા તેઓને પરાઘાત અને પ્રશસ્તવિહાયોગતિનો ઉદય થાય છે, તેથી તે બે પ્રકૃતિનો ઉદય મેળવતાં સત્તાવીસનો ઉદય થાય છે. અહિં પણ પૂર્વવત્ આઠ ભંગ થાય છે.

પ્રાણાપાન પર્યાપ્તિ પૂર્ણ થયા બાદ ઉચ્છ્વાસનામનો ઉદય થાય છે. એટલે તેનો ઉદય વધારતાં અટ્ઠાવીશનો ઉદય થાય છે. અહિં પણ પૂર્વની જેમ આઠ ભંગ થાય છે. અથવા સંયતને ઉત્તરવૈક્રિય કરતાં શરીરપર્યાપ્તિએ પર્યાપ્તાને ઉચ્છ્વાસનો ઉદય થતાં પહેલાં કોઇને ઉદ્યોતનો ઉદય થાય છે, એટલે તેનો ઉદય વધારતાં પણ અઠ્ઠાવીસનો ઉદય થાય છે. અહિં એકજ ભંગ થાય છે. કારણકે સંયતને દુર્ભગ, અનાદેય અને અપયશનો ઉદય હોતો નથી. સઘળા મળી અઠ્ઠાવીશના ઉદયે નવ ભંગ થાય છે.

ત્યારબાદ ભાષાપર્યાપ્તિએ પર્યાપ્તાને ઉચ્છ્વાસ સહિત અઠ્ઠાવીસના ઉદયમાં સુસ્વરનો ઉદય મેળવતાં ઓગણત્રીશનો ઉદય થાય છે. અહિં પણ પૂર્વવત્ આઠ ભંગ થાય છે. અથવા સંયતને સ્વરનો ઉદય થતાં પહેલાં ઉદ્યોતનો ઉદય થતાં પણ ઓગણત્રીશનો ઉદય થાય છે. અહિં પૂર્વવત્ એક જ ભંગ થાય છે. સઘળા મળી ઓગણત્રીશના ઉદયે નવ ભાંગા થાય છે.

સ્વરસહિત ઓગણત્રીશના ઉદયમાં સંયતને ઉદ્યોતનો ઉદય મેળવતાં ત્રીસનો ઉદય થાય છે. આ ત્રીસના ઉદયમાં સંયતને સઘળી પ્રશસ્ત પ્રકૃતિઓનોજ ઉદય હોવાથી એક જ ભંગ થાય છે. સઘળા મળી વૈક્રિય મનુષ્યને પાંચ ઉદયસ્થાનના પાંત્રીશ ભાંગા થાય છે.

આહારક સંયતને પાંચ ઉદયસ્થાનો હોય છે. તે આ ૨૫-૨૭-૨૮-૨૯-૩૦. તેમાં આહારકશરીર, આહારક અંગોપાંગ, સમચતુરસ્રસંસ્થાન, ઉપઘાત, પ્રત્યેક, મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસ, બાદર, પર્યાપ્ત, સુભગ, આદેય, યશઃકીર્ત્તિ, તૈજસ, કાર્મણ, વર્ણાદિ ચતુષ્ક, અગુરૂલઘુ, સ્થિરાસ્થિર, શુભાશુભ અને નિર્માણ. આ રીતે પચીસનો ઉદય હોય છે. અહિં સઘળી પ્રકૃતિઓ પ્રશસ્ત હોવાથી એક જ ભંગ થાય છે. કેમકે આહારકસંયતને દુર્ભગ, અનાદેય અને અપયશનો ઉદય હોતો નથી.

શરીરપર્યાપ્તિએ પર્યાપ્તાને પરાઘાત અને પ્રશસ્તવિહાયોગતિનો ઉદય વધારતાં સત્તાવીશનો ઉદય થાય છે. અહિં પણ એકજ ભંગ થાય છે.

પ્રાણાપાન પર્યાપ્તિએ પર્યાપ્તાને ઉચ્છ્વાસનો ઉદય મેળવતાં અઠ્ઠાવીશનો ઉદય થાય છે. અહિં પણ એક જ ભંગ થાય છે. અથવા શરીરપર્યાપ્તિએ પર્યાપ્તાને ઉચ્છ્વાસનો

ઉદય થતાં પહેલાં કોઈને ઉદ્યોતનો ઉદય થાય છે. એટલે તે મેળવતાં પણ અઠ્ઠાવીશનો ઉદય થાય છે. અહિં પણ એકજ ભંગ થાય છે. કુલ અઠ્ઠાવીશના ઉદયે બે ભંગ થાય છે.

ભાષાપર્યાપ્તિએ પર્યાપ્તાને ઉચ્છ્‌વાસના ઉદયયુક્ત અઠ્ઠાવીશના ઉદયમાં સ્વરનો ઉદય મેળવતાં ઓગણત્રીશનો ઉદય થાય છે. અહિં ભંગ એક જ થાય છે. અથવા પ્રાણાપાન પર્યાપ્તિએ પર્યાપ્તાને સ્વરનો ઉદય થતાં પહેલાં કોઈને ઉદ્યોતનો ઉદય થવાથી પણ ઓગણત્રીશનો ઉદય થાય છે. અહિં પણ એક જ ભંગ થાય છે, સઘળા મળી ઓગણત્રીશના ઉદયના બે વિકલ્પ થાય છે.

ત્યાર બાદ ભાષાપર્યાપ્તિએ પર્યાપ્તાને સ્વર સહિત ઓગણત્રીશના ઉદયમાં ઉદ્યોતનો ઉદય મેળવતાં ત્રીશનો ઉદય થાય છે. ભંગ એકજ થાય છે. સઘળા મળી આહારકશરીરના પાંચ ઉદયસ્થાનના સાત ભંગ થાય[1] છે. ૮૩

આ પ્રમાણે મનુષ્યોનાં ઉદયસ્થાનકો કહ્યાં, હવે દેવોનાં કહે છે.—

देवाणं सव्वेवि हु ते एव विगलोदया असंघयणा ।
संघयणुज्जोयविवज्जिया उ ते नारएसु पुणो ॥ ८४ ॥

देवानां सर्व्वेऽपि हु त एव विकलोदया असंहननाः ।
संहननोद्योतविवर्जितास्तु ते नारकेषु पुनः ॥ ८४ ॥

અર્થ—સંઘયણ વિનાનાં વિકલેન્દ્રિયનાં સઘળાં ઉદયસ્થાનકો દેવોને હોય છે, તથા સંઘયણ અને ઉદ્યોતના ઉદય વિનાનાં સઘળાં નારકીઓને હોય છે.

ટીકાનુ૦—વિકલેન્દ્રિયને એકવીશ આદિ જે છ ઉદયસ્થાનકો પહેલાં કહી ગયા છે, તેજ સઘળાં ઉદયસ્થાનકો સંઘયણના ઉદય વિનાના દેવોને હોય છે. દેવોને હાડકાં નહિ હોવાથી સંઘયણનો ઉદય હોતો નથી. માત્ર દેવગતિ આશ્રયી વિકલેન્દ્રિયનાં ઉદયસ્થાનકો કહેતાં કેટલીએક પ્રકૃતિઓનો ફેરફાર સ્વયં કરી લેવો. તેમાં પ્રકૃતિઓનો ફેરફાર કરતાં એકવીશ પ્રકૃતિઓ આ પ્રમાણે થાય છે—

દેવગતિ, દેવાનુપૂર્વી, પંચેન્દ્રિયજાતિ, ત્રસ, બાદર, પર્યાપ્ત, સુભગ–દુર્ભગમાંથી એક, આદેય–અનાદેયમાંથી એક, યશઃકીર્ત્તિ–અપયશકીર્ત્તિમાંથી એક, તૈજસ, કાર્મણ, અગુરૂલઘુ, સ્થિર, અસ્થિર, શુભ, અશુભ, વર્ણાદિ ચતુષ્ક અને નિર્માણ. એ એકવીશના ઉદયના સુભગ–દુર્ભગ, આદેય–અનાદેય અને યશઃકીર્ત્તિ–અપયશકીર્ત્તિ પદના આઠ વિકલ્પ થાય છે. દુર્ભગ, અનાદેય અને અપયશકીર્ત્તિનો ઉદય પિશાચાદિને હોય છે.

---

૧ સંમૂર્ચ્છિમ મનુષ્યને એકવીસ અને છવ્વીસ બેજ ઉદયસ્થાનો હોય છે. તેમાં પરાવર્ત્તમાન સઘળી પ્રકૃતિઓ અશુભ હોવાથી અનેક વિકલ્પો થતા નથી પરંતુ એક એક જ ભંગ થાય છે.

શરીરસ્થ દેવને દેવાનુપૂર્વી દૂર કરતાં અને વૈક્રિયશરીર, વૈક્રિય અંગોપાંગ, ઉપઘાત, પ્રત્યેક અને સમચતુરસ્રનો ઉદય મેળવતાં પચીસ પ્રકૃતિઓનો ઉદય થાય છે. અહિં પણ તેજ આઠ ભંગ થાય છે.

ત્યારબાદ શરીરપર્યાપ્તિએ પર્યાપ્તાને પરાઘાત અને પ્રશસ્તવિહાયોગતિનો ઉદય મેળવતાં સત્તાવીશનો ઉદય થાય છે. અહિં પણ તેજ આઠ ભંગ થાય છે. દેવોને અપ્રશસ્તવિહાયોગતિનો ઉદય નહિ હોવાથી તદાશ્રિત વિકલ્પો થતા નથી.

ત્યારબાદ ઉચ્છ્વાસ પર્યાપ્તિએ પર્યાપ્તાને શ્વાસોચ્છ્વાસનો ઉદય વધારતાં અઠ્ઠાવીશનો ઉદય થાય છે. અહિં પણ તેજ આઠ ભાંગા થાય છે. અથવા શરીરપર્યાપ્તિએ પર્યાપ્તાને ઉચ્છ્વાસનો ઉદય થતાં પહેલાં કોઈને [1]ઉદ્યોતનો ઉદય થાય છે, એટલે તેનો ઉદય મેળવતાં પણ અઠ્ઠાવીશનો ઉદય થાય છે. અહિં પણ આઠ ભંગ થાય છે. સઘળા મળી અઠ્ઠાવીશના ઉદયના સોળ ભાંગા થાય છે,

ત્યારબાદ ભાષાપર્યાપ્તિએ પર્યાપ્તાને સુસ્વરનો ઉદય મેળવતાં ઓગણત્રીશનો ઉદય થાય છે. અહિં પણ આઠ ભાંગા થાય છે. દેવોને દુઃસ્વરનો ઉદય હોતો નથી, માટે તત્સંબંધી વિકલ્પો થતા નથી. અથવા પ્રાણાપાન પર્યાપ્તિએ પર્યાપ્તાને સ્વરનો ઉદય થતાં પહેલાં ઉદ્યોતનો ઉદય થવાથી પણ ઓગણત્રીશનો ઉદય થાય છે. ત્યાં પણ તેજ આઠ ભાંગા થાય છે. દેવોને ઉદ્યોતનો ઉદય ઉત્તરવૈક્રિય કરતાં હોય છે. સઘળા મળી ઓગણત્રીશના ઉદયના સોળ ભાંગા થાય છે.

ત્યારબાદ ભાષાપર્યાપ્તિએ પર્યાપ્તાને સુસ્વર યુક્ત ઓગણત્રીશના ઉદયમાં ઉદ્યોતનો ઉદય મેળવતાં ત્રીશનો ઉદય થાય છે. અહિં તેજ આઠ ભંગ થાય છે. સઘળા મળી દેવોને છ ઉદયસ્થાનકના ચોસઠ ભાંગા થાય છે. આ પ્રમાણે દેવોનાં ઉદયસ્થાનકો કહ્યાં.

હવે નારકોનાં ઉદયસ્થાનકો કહે છે-વિકલેન્દ્રિયને એકવીશ આદિ જે છ ઉદયસ્થાનકો પહેલાં કહ્યાં છે તેજ સઘળાં સંઘયણ અને ઉદ્યોતના ઉદય વિનાનાં નારકીઓને હોય છે. નારકીઓને હાડકાંના અભાવે સંઘયણ હોતું નથી, તેમજ અત્યંત પાપના ઉદયવાળા તેઓને ઉદ્યોતનો ઉદય પણ હોતો નથી, એટલે વિકલેન્દ્રિયના ઉદયસ્થાનકોમાંથી તે બે પ્રકૃતિનો ઉદય દૂર કરવાનું કહ્યું છે.

માત્ર નારકીના ઉદયસ્થાનકો કહેતાં નરકગતિને અનુસરી પ્રકૃતિઓમાં ફેરબદલ કરી લેવો. ફેરબદલ કરતાં એકવીશ પ્રકૃતિ આ પ્રમાણે થાય છે.—નરકગતિ, નરકાનુપૂર્વી, પંચેન્દ્રિય-

---

૧ અહિં એ ખ્યાલમાં રાખવું કે દેવોને અપર્યાપ્તાવસ્થામાં ઉદ્યોતનો ઉદય થતો નથી, પરંતુ પર્યાપ્તાવસ્થામાં મૂળ શરીરથી બીજું વૈક્રિયશરીર કરે ત્યારે તેમને શરીરપર્યાપ્તિ પૂર્ણ થયા પછી ઉદ્યોતનો ઉદય થઈ શકે છે.

જાતિ, ત્રસ, બાદર, પર્યાપ્ત, દુર્ભગ, અનાદેય, અપયશ, વર્ણાદિ ચતુષ્ક, અગુરૂલઘુ, સ્થિર, અસ્થિર, શુભ, અશુભ, તૈજસ, કાર્મણ અને નિર્માણ. અહિં સઘળી પ્રકૃતિઓ અશુભ હોવાથી એકજ ભંગ થાય છે.

ત્યારબાદ શરીરસ્થને એકવીશના ઉદયમાંથી આનુપૂર્વી નામ દૂર કરતાં અને વૈક્રિય-શરીર, વૈક્રિય અંગોપાંગ, પ્રત્યેક, ઉપઘાત, તથા હુંડ સંસ્થાન એ પાંચ પ્રકૃતિઓનો ઉદય મેળવતાં પચ્ચીશનો ઉદય થાય છે. અહિં પણ એક જ ભંગ થાય છે.

ત્યારબાદ શરીર પર્યાપ્તિએ પર્યાપ્ત તેઓને પરાઘાત અને અશુભ વિહાયોગતિનો ઉદય વધારતાં સત્તાવીશનો ઉદય થાય છે. અહિં પણ એક જ ભંગ થાય છે.

ત્યારબાદ ઉચ્છ્વાસ પર્યાપ્તિએ પર્યાપ્તો થયા પછી શ્વાસોચ્છ્વાસનો ઉદય મેળવતાં અઠ્ઠાવીશનો ઉદય થાય છે. અહિં પણ એકજ ભંગ થાય છે.

ત્યારબાદ ભાષાપર્યાપ્તિએ પર્યાપ્તાને દુઃસ્વરનો ઉદય મેળવતાં ઓગણત્રીશનો ઉદય થાય છે. અહિં પણ એકજ ભંગ થાય છે. સઘળા મળી નારકીના પાંચ ઉદયસ્થાનના પાંચ જ ભંગ થાય છે. આ પ્રમાણે નરકગતિમાં ઉદયસ્થાનકો કહ્યાં ૮૪

तसबायरपज्जत्तं सुभगाएज्जं पंचिंदिमणुयगई ।
जसकीत्तितित्थयरं अजोगिजिण अट्ठगं नवगं ॥८५॥

त्रसबादरपर्याप्तानि सुभगादेयं पञ्चेन्द्रिय (जातिः) मनुजगतिः ।
यशःकीर्तिः तीर्थकरं अयोगिजिनयोरष्टकं नवकम् ॥ ८५ ॥

અર્થ—ત્રસ, બાદર, પર્યાપ્ત, સુભગ, આદેય, પંચેન્દ્રિય જાતિ, મનુષ્યગતિ અને યશઃકીર્ત્તિ એ આઠ સામાન્ય અયોગિકેવલિને, અને તીર્થંકરનામ યુક્ત નવ તીર્થંકર અયોગિ-કેવલિને ઉદયમાં હોય છે.

ટીકાનુ૦—હવે કેવલી ભગવાનનાં ઉદયસ્થાનકો કહેવાં જોઈએ. તે દશ છે. તે આ પ્રમાણે -આઠ, નવ, વીશ, એકવીશ, છવ્વીશ, સત્તાવીશ, અઠ્ઠાવીશ, ઓગણત્રીશ, ત્રીશ અને એકત્રીશ.

તેમાં પહેલાં આઠ અને નવના ઉદયસ્થાનનું પ્રતિપાદન કરે છે. તેમાં આઠ પ્રકૃતિઓ આ પ્રમાણે-ત્રસ, બાદર, પર્યાપ્ત, સૌભાગ્ય, આદેય, યશઃકીર્ત્તિ, પંચેન્દ્રિયજાતિ, અને મનુષ્યગતિ. આ આઠ પ્રકૃતિઓનો ઉદય અયોગિ ગુણસ્થાનકે સામાન્ય કેવલિઓને હોય છે. આ આઠના ઉદયનો એક જ ભંગ થાય છે.

તીર્થંકર ભગવંતને અયોગિકેવલિ ગુણસ્થાનકે તીર્થંકર નામનો પણ ઉદય હોય છે, એટલે પૂર્વોક્ત આઠમાં તેનો ઉદય મેળવતાં નવનો ઉદય થાય છે, તેનો પણ

એક જ ભંગ થાય છે. આ પ્રમાણે આઠ અને નવનો ઉદય અયોગિકેવલિ ગુણસ્થાનકે અનુક્રમે સામાન્યકેવલિ અને તીર્થંકર ભગવાનને હોય છે. ॥૮૫॥

હવે કેવળી ભગવાનના વીશ અને એકવીશના ઉદયનું પ્રતિપાદન કરતા કહે છે—

निच्चोदयपगइजुआ चरिमुदया केवलीसमुग्घाए ।
संठाणेसुं सव्वेसु होंति दुसरावि केवलिणो ॥८६॥

नित्योदयप्रकृतियुक्तौ चरमोदयौ केवलिसमुद्घाते ।
संस्थानेषु सर्वेषु भवन्ति दुःस्वरा अपि केवलिनः ॥ ८६ ॥

અર્થ—ધ્રુવોદયી પ્રકૃતિ યુક્ત અનન્તરોક્ત બે ઉદયસ્થાનકો કેવલિ સમુદ્ઘાતમાં હોય છે. કેવલિ ભગવંતો સઘળા સંસ્થાનમાં-સંસ્થાનવાળા હોય છે, તેમજ દુસ્વરના ઉદયવાળા પણ હોય છે.

ટીકાનુ૦—અયોગિ ગુણસ્થાનકે આઠ અને નવ રૂપ જે બે ઉદયસ્થાનકો ઉપરની ગાથામાં કહ્યાં, તે જ બે ઉદયસ્થાનોમાં ધ્રુવોદયી-તૈજસ, કાર્મણ, વર્ણાદિચતુષ્ક, સ્થિર, અસ્થિર, શુભ, અશુભ, અગુરૂલઘુ અને નિર્માણરૂપ બાર પ્રકૃતિઓ મેળવતાં વીશ અને એકવીશ એમ બે ઉદયસ્થાન થાય. તે આ પ્રમાણે-પૂર્વોક્ત આઠ પ્રકૃતિના ઉદયમાં બાર મેળવતાં વીશનું ઉદયસ્થાન થાય, અને નવના ઉદયમાં બાર મેળવતાં એકવીશનું ઉદયસ્થાન થાય.

આ બે ઉદયસ્થાનો કેવલિ સમુદ્ઘાતમાં કાર્મણ કાયયોગે વર્ત્તતાં ત્રીજે, ચોથે અને પાંચમે સમયે હોય છે. તેમાં વીશનું ઉદયસ્થાન સામાન્યકેવલિ મહારાજને અને એકવીશનું ઉદયસ્થાન તીર્થંકર ભગવાનને હોય છે. બંને ઉદયસ્થાનોમાં ભંગ એક એકજ થાય છે. કારણ કે કોઇ ફેરવવા લાયક પ્રકૃતિ નથી.

હવે જે ઉદયસ્થાનો કહેવાનાં છે, તેમાં થતા ભાંગા સૂચવવા સામાન્ય કેવલીને જેટલાં સંસ્થાન અને સ્વરનો સંભવ હોય તેનું પ્રતિપાદન કરતા કહે છે—

સામાન્ય કેવલિઓ સઘળા સંસ્થાનોમાં હોય છે, એટલે કે સામાન્ય કેવલિઓને સઘળાં સંસ્થાનો સંભવે છે. તથા તેઓ દુઃસ્વરવાળા પણ હોય છે, अपि શબ્દથી સુસ્વરવાળા પણ હોય છે, અર્થાત્ તેઓને દુઃસ્વરનો ઉદય હોય છે, તેમજ સુસ્વરનો ઉદય પણ હોય છે. અને તીર્થંકર ભગવાનને તો એક સમચતુરસ્રસંસ્થાન અને સુસ્વરનોજ ઉદય હોય છે. ॥૮૬॥

હવે છવ્વીસ અને સત્તાવીસના ઉદયનું પ્રતિપાદન કરતા કહે છે—

पत्तेउवघायउरालदु छ य संठाण पढमसंघयणा ।
छूढे छसत्तवीसा पुव्वुत्ता सेसया उदया ॥८७॥

प्रत्येकोपघातोरालद्विके षट्सु च संस्थानेषु प्रथमसंहनने ।
क्षिप्तेषु षड्सप्तविंशती पूर्वोक्ताः शेषा उदयाः ॥ ८७ ॥

અર્થ—પૂર્વોક્ત વીશ અને એકવીશના ઉદયમાં પ્રત્યેક, ઉપઘાત, ઉરાલદ્વિક, છ સંસ્થાનમાંથી એક સંસ્થાન અને પ્રથમ સંઘયણનો પ્રક્ષેપ કરતાં છવ્વીસ અને સત્તાવીસ એમ બે ઉદયસ્થાન થાય છે. શેષ ઉદયો પૂર્વે કહ્યા તે જ સમજવા.

ટીકાનુ૦—પૂર્વની ગાથામાં કહેલ વીશના ઉદયમાં પ્રત્યેક, ઉપઘાત, ઔદારિકદ્વિક, છ સંસ્થાનમાંથી એક સંસ્થાન અને પ્રથમ સંઘયણ એમ છ પ્રકૃતિઓનો પ્રક્ષેપ કરતાં છવ્વીસ થાય છે. આ છવ્વીસ પ્રકૃતિનું ઉદયસ્થાન કેવલીસમુદ્ઘાતમાં બીજે, છટ્ઠે અને સાતમે સમયે વર્ત્તમાન ઔદારિક મિશ્રયોગી સામાન્ય કેવલી મહારાજને હોય છે. અહિં છ સંસ્થાનના છ ભંગ થાય છે.

તીર્થંકર ભગવંતના એકવીશના ઉદયમાં પ્રત્યેક આદિ છ પ્રકૃતિઓ મેળવતાં સત્તાવીશ થાય છે. આ સત્તાવીશનો ઉદય સમુદ્ઘાતમાં બીજે, છટ્ઠે અને સાતમે સમયે વર્ત્તમાન ઔદારિક મિશ્રયોગી તીર્થંકર ભગવાનને હોય છે. તીર્થંકર ભગવાનને સમચતુરસ્ર સંસ્થાનનોજ ઉદય હોવાથી અહિં એકજ ભંગ થાય છે.

શેષ અઠ્ઠાવીશ આદિ ઉદયસ્થાનકો 'पराघाय खगइजुत्ता अडवीसे' ઇત્યાદિ પદવડે પૂર્વે કહ્યાં તેજ અહિં સમજવાં. તે આ પ્રમાણે—અનન્તરોક્ત છવ્વીસનો ઉદય પરાઘાત અને અન્યતર વિહાયોગતિ યુક્ત થાય ત્યારે અઠ્ઠાવીશ થાય છે. આ અઠ્ઠાવીશનું ઉદયસ્થાન જેમણે સ્વર અને ઉચ્છ્વાસનો રોધ કર્યો છે તેવા સામાન્ય કેવલી મહારાજને હોય છે. અહિં છ સંસ્થાનને બે વિહાયોગતિ સાથે ફેરવતાં બાર ભંગ થાય[1] છે.

તેજ અઠ્ઠાવીશ તીર્થંકરનામ યુક્ત ઓગણત્રીશ થાય છે. આ ઓગણત્રીશનો ઉદય જેમણે સ્વર અને ઉચ્છ્વાસનો રોધ કર્યો છે, તેવા તીર્થંકર ભગવંતને હોય છે. તીર્થંકર ભગવાનને અશુભ સંસ્થાન અને અશુભ વિહાયોગતિનો ઉદય નહિ હોવાથી એકજ ભંગ થાય છે.

---

૧. અહીં સામાન્ય કેવલિને ૨૮–૨૯ ના ઉદયસ્થાનમાં છ સંસ્થાનના બે વિહાયોગતિ સાથે ૧૨-૧૨ ભંગ બતાવ્યા છે. પરંતુ સિત્તરિ ચૂર્ણિમાં અને સપ્તતિકા ભાષ્ય ગાથા ૧૧૮–૧૧૯ ની ટીકામાં સ્વરના રોધ પછી ૨૯ ઉચ્છ્વાસના નિરોધ પછી ૨૮ નો ઉદય હોવાથી તે વખતે કાયયોગનો પણ નિરોધ કરવાનો સમય હોવાથી અત્યંત નિરસ લાંમડા અને શેરડી સમાન બન્ને વિહાયોગતિના રસ વિનાનાં દલિક માત્રનો જ ઉદય હોય છે. પણ ગતિની ચેષ્ટા હોતી નથી તેથી ૨૮ અને ૨૯ના ઉદયે સામાન્ય કેવલી મહારાજને ૧૨ ના બદલે ૬ સંસ્થાનના માત્ર ૭ ૭ ભંગ જ બતાવેલ છે. તત્ત્વ કેવલિ ગમ્ય

અનંતરોક્ત સામાન્યકેવલી સંબંધી અટ્ઠાવીશ ઉચ્છ્વાસ યુક્ત ઓગણત્રીશ થાય છે. અને તીર્થંકર સંબંધી ઓગણત્રીશ ઉચ્છ્વાસ યુક્ત ત્રીશ થાય છે. આ બંને ઉદયસ્થાનકો જેમણે સ્વરનો રોધ કર્યો છે, તેવા સામાન્યકેવલી અને તીર્થંકર ભગવાનને અનુક્રમે હોય છે. તેમાં ઓગણત્રીશના ઉદયના છ સંસ્થાનને બે વિહાયોગતિ સાથે ફેરવતાં બાર ભંગ થાય છે. અને ત્રીશના ઉદયનો પૂર્વવત્ માત્ર એકજ ભંગ થાયછે.

સામાન્ય કેવલીસંબંધી ઓગણત્રીશ સ્વરયુક્ત થતાં ત્રીશ થાય છે, અને તીર્થંકર સંબંધી ત્રીશ સ્વર યુકત થતાં એકત્રીશનું ઉદયસ્થાન થાય છે. આ બંને ઉદયસ્થાનો જેમણે નથી તો સમુદ્ઘાત કરવાનો આરંભ કર્યો કે નથી તો યોગનો રોધ કરવાનો આરંભ કર્યો તેવા સામાન્ય કેવલી અને તીર્થંકર ભગવાનને અનુક્રમે હોય છે. તેમાં ત્રીશના ઉદયના છ સંસ્થાન, બે વિહાયોગતિ અને બે સ્વરને ફેરવતાં ચોવીસ ભંગ થાય છે. અને એકત્રીશના ઉદયનો પૂર્વવત્ માત્ર એકજ ભંગ થાય છે. કારણકે તીર્થંકર ભગવાનને પ્રથમ સંસ્થાન, શુભવિહાયોગતિ અને સુસ્વરરૂપ પ્રશસ્ત પ્રકૃતિઓજ ઉદયમાં હોય છે.

સઘળા મળી સામાન્ય સયોગિ કેવલી અને તીર્થંકર સયોગિ કેવલિના બાસઠ ભાંગા થાય છે. પરંતુ તેમાંથી સામાન્યકેવલિના છવીસના ઉદયના છ, અટ્ઠાવીશના ઉદયના બાર, ઓગણત્રીશના ઉદયના બાર, અને ત્રીશના ઉદયના ચોવીસ કુલ ચોપન ભાંગા સામાન્ય મનુષ્યના ઉદયસ્થાનોમાં પણ સંભવે છે, એટલે તેને જુદા ગણ્યા નથી.

બાકીના આઠના ઉદયનો એક, નવના ઉદયનો એક, વીશના ઉદયનો એક, એકવીશના ઉદયનો એક, સત્તાવીશના ઉદયનો એક, ઓગણત્રીશના ઉદયનો એક, ત્રીશના ઉદયનો એક અને એકત્રીશના ઉદયનો એક, કુલ આઠ ઉદયના ભાંગાઓ કે જે સામાન્ય મનુષ્યના ઉદયસ્થાનોમાં ગણાયા નથી તેજ પરમાર્થથી વિશેષ ભાંગાઓ તરીકે ગણવાના છે. આ વિશેષ આઠ ભંગમાંના વીશ અને આઠ એ બે ઉદયના બે ભંગ સામાન્યકેવલિના અને શેષ છ ભંગ તીર્થંકર ભગવાનના છે. ૮૭

ઉપર કહેલ કેવલિનાં ઉદયસ્થાનકો જે અવસ્થામાં સંભવે છે, તે કહે છે—

तित्थयरे इगतीसा तीसा सामण्णकेवलीणं तु ।
खीणसरे गुणतीसा खीणुस्सासम्मि अडवीसा ॥८८॥

तीर्थंकरस्यैकत्रिंशत् त्रिंशत्सामान्यकेवलिनां तु ।
क्षीणस्वरे एकोनत्रिंशत् क्षीणोच्छ्वासे अष्टाविंशतिः ॥ ८८ ॥

અર્થ—તીર્થંકર ભગવાનને એકત્રીસ ઉદયમાં હોય છે, અને સામાન્યકેવલિને ત્રીશ

હોય છે. સ્વરનો ઉદય ક્ષીણ થતાં ઓગણત્રીશ અને ઉચ્છ્વાસનો ઉદય ક્ષીણ થતાં અઠ્ઠાવીશનો ઉદય હોય છે.

ટીકાનુ૦—ઔદારિક કાયયોગે વર્તમાન તીર્થંકર કેવલિ ભગવાનને એકત્રીશ પ્રકૃતિઓનો ઉદય હોય છે. તેઓ જ્યારે વચનયોગનો રોધ કરે ત્યારે સુસ્વર નામકર્મનો ઉદય વિચ્છેદ થાય એટલે ત્રીશનો ઉદય હોય છે. ત્યારબાદ ઉચ્છ્વાસનો રોધ કરે ત્યારે શ્વાસોચ્છ્વાસ નામકર્મનો ઉદયવિચ્છેદ થાય, એટલે તેઓને ઓગણત્રીશ પ્રકૃતિનો ઉદય હોય છે.

ઔદારિક કાયયોગે વર્તમાન સામાન્ય કેવલિ મહારાજને ત્રીશ પ્રકૃતિઓનો ઉદય હોય છે. 'કહ્યું છે કે ત્રીશ પ્રકૃતિઓનો ઉદય સામાન્ય કેવલિ મહારાજને હોય છે.' તેઓ જ્યારે વચનયોગનો રોધ કરે ત્યારે સુસ્વર કે દુઃસ્વરનો ઉદય દૂર થતાં ઓગણત્રીશનો ઉદય થાય, ત્યારબાદ જ્યારે ઉચ્છ્વાસનો રોધ કરે ત્યારે શ્વાસોચ્છ્વાસ નામનો ઉદય દૂર થતાં અઠ્ઠાવીશનો ઉદય થાય છે.

સઘળા ઉદયસ્થાનકના ભાંગાઓની સંખ્યા ૭૭૯૧ થાય છે. તે આ પ્રમાણે—એકેન્દ્રિયોના ૪૨, વિકલેન્દ્રિના ૬૬, સામાન્ય તિર્યંચ પંચેન્દ્રિયના ૪૯૦૬, વૈક્રિય તિર્યંચ પંચેન્દ્રિયના ૫૬, સામાન્ય મનુષ્યના ૨૬૦૨, કેવલિ મહારાજના ૮ વૈક્રિય મનુષ્યના ૩૫, આહારક સંયતના ૭, દેવોના ૬૪ અને નારકીના ૫. આ પ્રમાણે ચારે ગતિના જીવોના સઘળા ઉદયસ્થાનોના કુલ ભાંગાની સંખ્યા સત્યોતેરસો અને એકાણું થાય છે. ૮૮

હવે નામકર્મની જે પ્રકૃતિઓનો જે ગુણસ્થાનક સુધી ઉદય હોય છે, અને જેનો જે ગુણસ્થાનકે ઉદયવિચ્છેદ થાય છે તે કહે છે—

साहारणाउ मिच्छे सुहुमअपज्जत्तआयवाणुदओ ।
सासायणंमि थावरएगिंदिविगलजाईणं ॥८९॥

साधारणस्य मिथ्यादृष्टौ सूक्ष्मापर्याप्तातपानामुदयः ।
सास्वादने स्थावरैकेन्द्रियविकलजातीनाम् ॥ ८९ ॥

અર્થ—સાધારણ, સૂક્ષ્મ, અપર્યાપ્ત અને આતપનો મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનકે ઉદય હોય છે. સ્થાવર, એકેન્દ્રિય અને વિકલેન્દ્રિય જાતિનો સાસ્વાદને ઉદય હોય છે.

ટીકાનુ૦—મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનકે ભિન્ન ભિન્ન જીવોની અપેક્ષાએ તીર્થંકર અને આહારકદ્વિક વિના નામકર્મની ચોસઠ પ્રકૃતિઓનો ઉદય હોય છે. (તીર્થંકર નામનો ઉદય તેરમે-ચૌદમે ગુણસ્થાનકે અને આહારકદ્વિકનો ઉદય છઠ્ઠા, સાતમા ગુણસ્થાનકે હોવાથી અહિં તેનું વર્જન કર્યું છે. અહિં રસોદયની વિવક્ષા છે. પ્રદેશોદયની નથી.)

તેમાંથી સાધારણ, સૂક્ષ્મ, અપર્યાપ્ત અને આતપ નામનો મિથ્યાદષ્ટિ ગુણસ્થાનકે ઉદય વિચ્છેદ થાય છે. વ્યવચ્છેદ એટલે ત્યાંજ ઉદય હોય છે, ત્યાર પછીના ગુણસ્થાનકે હોતો નથી. તાત્પર્ય એ કે જે પ્રકૃતિઓનો જે ગુણસ્થાનકે ઉદય વિચ્છેદ થાય તે ગુણ-સ્થાનક સુધીજ તે પ્રકૃતિઓનો ઉદય હોય છે, ત્યારપછીનાં ગુણસ્થાનકે હોતો નથી. આ નિયમને અનુસરીને સાધારણાદિ પ્રકૃતિઓનો મિથ્યાદષ્ટિ ગુણસ્થાનકે જ ઉદય હોય છે, સાસ્વાદનાદિને હોતો નથી. એટલે સાસ્વાદને સાઠ[1] પ્રકૃતિઓનો ઉદય હોય છે.

સાસ્વાદને સ્થાવરનામ, એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય અને ચૌરિન્દ્રિય જાતિ એ પાંચ પ્રકૃતિનો ઉદયવિચ્છેદ થાય છે. એટલે કે પાંચ પ્રકૃતિનો ઉદય સાસ્વાદન સુધી જ હોય છે. મિશ્રદષ્ટિ આદિ કોઈ ગુણસ્થાનકે હોતો નથી.

વળી કોઈ પણ મિશ્રદષ્ટિ કાળ કરતો નથી. કહ્યું છે કે–'સમ્યક્મિથ્યાદષ્ટિ કાળ કરતો નથી.' કાળ કરતો નહિ હોવાથી ચારે આનુપૂર્વીનો ઉદય પણ અહિં સંભવતો નથી એટલે સાઠમાંથી સ્થાવરાદિ પાંચ અને આનુપૂર્વી ચાર કુલ નવ પ્રકૃતિ જતાં એકાવન પ્રકૃતિનો ઉદય મિશ્રદષ્ટિને હોય છે. ૮૯

હવે અવિરતિ સમ્યગ્દષ્ટિ ગુણસ્થાનકે જે પ્રકૃતિઓનો ઉદયવિચ્છેદ થાય છે. તે કહે છે—

सम्मे विउव्विछक्कस्स दुभगणाएज्जअजसपुव्वीणं ।
विरयाविरए उदओ तिरिगइउज्जोयपुव्वाणं ॥९०॥

सम्यक्त्वे वैक्रियषट्कस्य दुर्भगानादेयायशःपूर्वीणाम् ।
विरताविरते उदयः तिर्यग्गत्युद्योतपूर्वयोः ॥ ९० ॥

અર્થ—વૈક્રિય ષટ્ક, દુર્ભગ, અનાદેય, અપયશકીર્ત્તિ અને આનુપૂર્વીનો ઉદય અવિ-રતિ સમ્યગ્દષ્ટિ ગુણસ્થાનકે હોય છે. તિર્યંચગતિ અને ઉદ્યોતનો ઉદય વિરતાવિરત-ગુણસ્થાનકે હોય છે.

ટીકાનુ૦—અવિરતિ સમ્યગ્દષ્ટિ ગુણસ્થાન અપાન્તરાલગતિમાં-વિગ્રહગતિમાં પણ હોય છે, એટલે તેને ચારે આનુપૂર્વીઓનો ઉદય સંભવે છે. તેથી તે ચારનો ઉદય પૂર્વોક્ત એકાવનમા ઉદયમાં વધારતાં પંચાવન પ્રકૃતિઓનો ઉદય અવિરતિ સમ્યગ્દષ્ટિને હોય છે.

તેમાંથી વૈક્રિય ષટ્ક-દેવગતિ, દેવાનુપૂર્વી, નરકગતિ, નરકાનુપૂર્વી, વૈક્રિય શરીર અને વૈક્રિય અંગોપાંગ. દુર્ભગ, અનાદેય, અપયશકીર્ત્તિ, તિર્યંચાનુપૂર્વી અને મનુષ્યાનુપૂર્વી

૧. અહિં સાઠનો ઉદય બતાવ્યો, પણ કર્મસ્તવમાં જણાવ્યા અનુસાર અહિં નરકાનુપૂર્વીનો ઉદય હોતો નથી.

એ અગિઆર પ્રકૃતિઓનો ઉદય વિચ્છેદ થાય છે. એટલે કે અગીઆર પ્રકૃતિઓનો ઉદય ચતુર્થ ગુણસ્થાનક સુધી જ હોય છે, પાંચમા આદિ ગુણસ્થાનકમાં હોતો નથી. એટલે પંચાવનમાંથી અગીઆરને દૂર કરતાં પાંચમે ગુણસ્થાનકે ચુમ્માલીસ પ્રકૃતિઓ ઉદયમાં હોય છે.

આચાર્ય મહારાજે પાંચમા [1]ગુણસ્થાનકે જે વૈક્રિય શરીર અને વૈક્રિય અંગોપાંગ નામના ઉદયનો નિષેધ કર્યો તે કર્મસ્તવના અભિપ્રાયને અનુસરીને કર્યો છે, સ્વમતને અનુસરીને કર્યો નથી, સ્વમતે તો દેશવિરત, પ્રમત્ત અને અપ્રમત્ત ગુણસ્થાનકે પણ તેના ઉદયનો સ્વીકાર કર્યો છે. કેમકે પોતાની જ કરેલી મૂળ ટીકામાં તેનાથી થતા ભાંગાઓનો ગાથા ૧૨૯ માં વિચાર કર્યો છે.

વિરતાવિરત–દેશવિરતિ ગુણસ્થાનકે તિર્યંચગતિ અને ઉદ્યોત નામના ઉદયનો વિચ્છેદ થાય છે. એટલે કે દેશવિરતિ ગુણસ્થાનક સુધીજ તેનો ઉદય હોય છે, પ્રમત્તાદિ ગુણસ્થાનકે હોતો નથી. એટલે ચુમ્માલીસમાંથી તેને દૂર કરતાં અને કોઈ ચૌદ પૂર્વીને આહારકદ્વિકનો ઉદય હોઈ શકે છે એટલે તેને ઉમેરતાં પ્રમત્ત ગુણસ્થાનકે ચુમ્માલીસ પ્રકૃતિનો ઉદય હોય છે.

विरयापमत्तएसुं अंततिसंघयणपुव्वगाणुदओ ।
अपुव्वकरणमादिसु दुइयतइज्जाण खीणाओ ॥९१॥

विरताप्रमत्तयोरन्तिमत्रिसंहननपूर्वाणामुदयः ।
अपूर्वकरणादिषु द्वितीयतृतीययोः क्षीणात् ॥ ९१ ॥

અર્થ—વિરત=પ્રમત્ત અને અપ્રમત્ત ગુણસ્થાનકે છેલ્લા ત્રણ સંઘયણાદિ પ્રકૃતિઓનો ઉદય હોય છે. અપૂર્વકરણાદિમાં બીજા–ત્રીજા સંઘયણાદિનો ઉદય હોય છે, ક્ષીણમોહથી હવે કહેશે તેનો ઉદય હોય છે.

ટીકાનુ૦—તિર્યંચગતિ અને ઉદ્યોત નામનો દેશવિરતિ ગુણસ્થાનકે જ ઉદયવિચ્છેદ થયેલો હોવાથી પ્રમત્ત અને અપ્રમત્ત ગુણસ્થાનકે છેલ્લાં ત્રણ–અર્ધનારાચ, કીલિકા અને સેવાર્ત સંઘયણ આદિ બેતાલીસ પ્રકૃતિઓનો અને આહારકદ્વિકનો પણ, કુલ ચુમ્માલીસ પ્રકૃતિઓનો ઉદય હોય છે.

---

૧ અહિં ભવધારણીય વૈક્રિય શરીરની વિવક્ષા છે. કારણ કે ભવધારણીય વૈક્રિય શરીર ચોથા ગુણસ્થાનક સુધી જ હોય છે. કૃત્રિમ વૈક્રિય શરીર પાંચમા, છઠ્ઠા અને સાતમા ગુણસ્થાનક સુધી પણ હોય છે. તેની વિવક્ષાએ સાતમા ગુણસ્થાન સુધી વૈક્રિય શરીર નામનો ઉદય લઈએ તો હરકત નથી.

છેલ્લા ત્રણ સંઘયણનો અપ્રમત્ત ગુણસ્થાનકે ઉદય વિચ્છેદ થાય છે, અને આહારકદ્વિકનો ઉદય પણ શ્રેણિમાં હોતો નથી, એટલે અપૂર્વકરણથી ઉપશાંતમોહ ગુણસ્થાનક સુધીમાં ઓગણચાલીસ પ્રકૃતિઓનો ઉદય હોય છે.

ઋષભનારાચ અને નારાચ સંઘયણનો ઉદય અપૂર્વકરણથી ઉપશાંતમોહગુણસ્થાન સુધીજ હોય છે, ક્ષીણમોહાદિને હોતો નથી. એટલે તેને દૂર કરતાં ક્ષીણમોહ અને સયોગિકેવલિ ગુણસ્થાનકે સાડત્રીસ પ્રકૃતિઓનો ઉદય હોય છે. તીર્થંકરનામકર્મના ઉદયવાળા તીર્થંકર ભગવાનને સયોગિએ તીર્થંકરનામકર્મ સાથે આડત્રીશનો ઉદય હોય છે. ૯૧

नामधुवोदय सूसरखगईओरालदुव य पत्तेयं ।
उवघायति संठाणा उसभ जोगम्मि पुव्वुत्ता ॥९२॥

नामध्रुवोदयाः सुस्वरखगत्युरालद्विकं च प्रत्येकं ।
उपघातत्रिकं संस्थानानि ऋषभमयोगिनि पूर्वोक्ताः ॥ ९२ ॥

અર્થ—નામધ્રુવોદયી, સુસ્વરદ્વિક, ખગતિદ્વિક, અને ઉરલદ્વિક, પ્રત્યેક, ઉપઘાતત્રિક, સંસ્થાનો અને પ્રથમ સંઘયણનો સયોગિ ગુણસ્થાને ઉદય હોય છે. અને અયોગિમાં પૂર્વોક્ત આઠ કે નવનો ઉદય હોય છે.

ટીકાનુ૦—નામધ્રુવોદયી પ્રકૃતિઓ =સ્થિર, અસ્થિર, શુભ, અશુભ, તૈજસ, કાર્મણ, વર્ણાદિ ચતુષ્ક, અગુરુલઘુ અને નિર્માણરૂપ બાર, સુસ્વરદ્વિક–સુસ્વર, દુઃસ્વર. વિહાયોગતિદ્વિક—શુભ અને અશુભ વિહાયોગતિ, ઉરલદ્વિક–ઔદારિકશરીર, ઔદારિક અંગોપાંગ, પ્રત્યેક, ઉપઘાતત્રિક–ઉપઘાત, પરાઘાત અને ઉચ્છ્વાસ, છ સંસ્થાન, વજ્રઋષભનારાચ સંઘયણ, કુલ પુદ્ગલવિપાકિ ઓગણત્રીશ પ્રકૃતિઓનો સયોગિ કેવલી ગુણસ્થાનકે ઉદય વિચ્છેદ થાય છે, એટલે કે તેનો સયોગિ કેવલિ ગુણસ્થાનક સુધી જ ઉદય હોય[1] છે. અયોગ કેવલિ ગુણસ્થાનકે હોતો નથી.

અયોગિ ગુણસ્થાનકે પૂર્વે કહેલી માત્ર જીવવિપાકિ–ત્રસ, બાદર, પર્યાપ્ત, સુભગ, આદેય, યશઃકીર્ત્તિ, પંચેન્દ્રિયજાતિ અને મનુષ્યગતિરૂપ આઠ પ્રકૃતિઓનો સામાન્ય કેવલિને ઉદય હોય છે, અને તીર્થંકર ભગવંતને તીર્થંકરનામ સાથે નવનો ઉદય હોય છે, તેનો અયોગિના ચરમ સમયે ઉદય વિચ્છેદ થાય છે. ૯૨

૧ અહીં બે સ્વર અને ઉચ્છ્વાસ નામકર્મનો ઉદય સામાન્યથી સયોગીના ચરમ સમય સુધી કહ્યો. પરંતુ સયોગી કેવલી જ્યાં સુધી સ્વર અને ઉચ્છ્વાસનો નિરોધ ન કરે ત્યાં સુધી જ પોતપોતાનો ઉદય સમજવો, પછી નહીં.

આ પ્રમાણે નામકર્મની જેટલી પ્રકૃતિઓનો જે ગુણસ્થાનકે ઉદય હોય છે તે અને જે ગુણસ્થાનકે જેટલી પ્રકૃતિઓનો ઉદય આશ્રયી વિચ્છેદ થાય છે, તે કહ્યું. અને તે કહીને નામ પ્રકૃતિઓનો વિસ્તાર પૂર્વક ઉદયાધિકાર પૂર્ણ કર્યો. હવે નામકર્મના સત્તાસ્થાનોના નિરૂપણ માટે કહે છે.

पिंडे तित्थगरुणे आहारुणे तहोभयविहूणे ।
पढमचउक्कं तस्सउ तेरसगखए भवे बीयं ॥९३॥
सुरदुगवेउव्वियगइदुगे य उव्वट्टिए चउत्थाओ ।
मणुदुगेय नवट्ठय दुहा भवे संतयं एक्कं ॥९४॥

पिण्डे तीर्थकरोने आहारोने तथोभयविहीने ।
प्रथमचतुष्कं तस्मात्तु त्रयोदशक्षये भवेत् द्वितीयम् ॥ ९३ ॥
सुरद्विकवैक्रियद्विकगतिद्विके चोद्वलिते चतुर्थात् ।
मनुजद्विके च नवाष्टौ द्विधा भवेत् सत् एकम् ॥ ९४ ॥

અર્થ—નામકર્મની સઘળી-ત્રાણું પ્રકૃતિના પિંડરૂપ પહેલું સત્તાસ્થાન, તેમાંથી તીર્થંકરનામ ન્યૂન થતાં, આહારકચતુષ્ક ન્યૂન થતાં, અને ઉભય ન્યૂન થતાં બાણું, નેવ્યાશી અને અઠયાશી એમ ચાર સત્તાસ્થાન થાય છે. એની પ્રથમ ચતુષ્ક એવી સંજ્ઞા છે. પ્રથમચતુષ્કમાંથી તેર પ્રકૃતિનો ક્ષય થાય ત્યારે બીજું ચતુષ્ક થાય છે. પ્રથમ ચતુષ્કના ચોથા સત્તાસ્થાનમાંથી સુરદ્વિક અને વૈક્રિય ચતુષ્કની, ત્યારબાદ નરકદ્વિકની અને ત્યારબાદ મનુષ્યદ્વિકની ઉદ્વલના થાય ત્યારે ત્રણ સત્તાસ્થાન થાય છે. તથા નવ અને આઠ, કુલ તેર સત્તાસ્થાન થાય છે. તેમાં એંશીની સત્તા બે પ્રકારે થાય છે, તેને એક તરીકે ગણતાં નામકર્મનાં બાર સત્તાસ્થાનો થાય છે.

ટીકાનુ૦—નામકર્મની સઘળી પ્રકૃતિઓનો જે સમુદાય તે પિંડ કહેવાય છે, અને તે ત્રાણું પ્રમાણ છે. અહિં બંધન પાંચ વિવક્ષ્યાં હોવાથી ત્રાણું કહી છે. તે ત્રાણું પ્રકૃતિના સમૂહરૂપ પહેલું સત્તાસ્થાન છે. કોઇ જીવને એક સાથે ત્રાણું પ્રકૃતિઓ પણ સત્તામાં હોય છે.

એક સાથે જેટલી પ્રકૃતિઓ સત્તામાં હોય તેને સત્તાસ્થાન કહેવામાં આવે છે. તેમાંથી તીર્થંકરનામકર્મ ન્યૂન થતાં બાણું પ્રકૃતિ પ્રમાણ બીજું સત્તાસ્થાન થાય છે. ત્રાણુંમાંથી આહારકશરીર, આહારકઅંગોપાંગ, આહારકબંધન અને આહારક સંઘાતનરૂપ આહારક ચતુષ્ક ન્યૂન થતાં નેવ્યાસી પ્રકૃતિપ્રમાણ ત્રીજું સત્તાસ્થાન થાય છે. ત્રાણુંમાંથી

તીર્થંકરનામ અને આહારક ચતુષ્ક બંને ન્યૂન થતાં અઠ્ઠાશી પ્રકૃતિ પ્રમાણ ચોથું સત્તાસ્થાન થાય છે. આ ચાર સત્તાસ્થાનને પ્રથમ સત્તાસ્થાન ચતુષ્ક કહેવામાં આવે છે.

તે પહેલા ચતુષ્કમાંથી ક્ષપકશ્રેણિમાં નવમા ગુણસ્થાનકે નામકર્મની તેર પ્રકૃતિનો ક્ષય થાય ત્યારે એંશી, ઓગણાએંશી, છોંતેર અને પંચોતેર એમ ચાર સત્તાસ્થાન થાય છે, એને દ્વિતીય સત્તાસ્થાન ચતુષ્ક કહેવામાં આવે છે.

પહેલા સત્તાસ્થાન ચતુષ્કના ચોથા અઠ્ઠાશી પ્રકૃતિપ્રમાણ સત્તાસ્થાનમાંથી દેવગતિ, દેવાનુપૂર્વી (અથવા નરકગતિ, નરકાનુપૂર્વી)ની ઉદ્વલના થાય ત્યારે છયાશી પ્રકૃતિ પ્રમાણ પહેલું અધ્રુવ સંજ્ઞાવાળું સત્તાસ્થાન થાય છે. તેમાંથી પહેલાં જો નરકદ્વિકની ઉદ્વલના થઈ હોય તો દેવદ્વિક અને વૈક્રિય ચતુષ્કને ઉવેલે ત્યારે, અને જો પહેલાં દેવદ્વિકની ઉદ્વલના થઇ હોય તો નરકદ્વિક અને વૈક્રિય ચતુષ્ક ઉવેલે ત્યારે એંશી પ્રકૃતિના સમૂહરૂપ અધ્રુવ સંજ્ઞાવાળું બીજું સત્તાસ્થાન થાય છે. તેમાંથી મનુષ્યદ્વિક ઉવેલે ત્યારે અઠ્ઠોતેર પ્રકૃતિના સમૂહરૂપ અધ્રુવ સંજ્ઞાવાળું ત્રીજું સત્તાસ્થાન થાય છે.

પાછળનાં છયાસી, એંશી, અઠ્ઠોતેર એ ત્રણ સત્તાસ્થાનોનો બહુ પ્રાચીન ગ્રંથોમાં 'અધ્રુવ' એવા નામે વ્યવહાર કર્યો છે. તથા નવ પ્રકૃતિપ્રમાણ અને આઠ પ્રકૃતિપ્રમાણ, સઘળા મળી નામકર્મનાં બાર સત્તાસ્થાન થાય છે.

શંકા–ઉપર જે સત્તાસ્થાનો કહ્યાં તેનો સરવાળો કરતાં તેર સત્તાસ્થાન થાય છે. તે આ પ્રમાણે–પ્રથમ સત્તાસ્થાન ચતુષ્ક, દ્વિતીય, સત્તાસ્થાન ચતુષ્ક, અધ્રુવ સંજ્ઞાવાળું ત્રિક, નવ, અને આઠ. તો પછી એમ કેમ કહો છો કે બાર સત્તાસ્થાન થાય છે ?

ઉત્તર–એંશી પ્રકૃતિ પ્રમાણ સત્તાસ્થાન બે પ્રકારે થાય છે. એક તો ત્રાણુંમાંથી નામકર્મની તેર પ્રકૃતિનો ક્ષય થાય ત્યારે અને બીજું અઠ્ઠાશીમાંથી દેવદ્વિક, નરકદ્વિક અને વૈક્રિય ચતુષ્કની ઉદ્વલના થાય ત્યારે. પરંતુ સંખ્યામાં તુલ્ય હોવાથી એકજ વિવક્ષ્યું છે એટલે નામકર્મનાં બાર સત્તાસ્થાનો કહ્યાં છે. આ પ્રમાણે ઉપરોક્ત ત્રાણું આદિ બારે સત્તાસ્થાનો સપ્તતિકાના અભિપ્રાયે કહ્યાં.

કર્મપ્રકૃતિકાર આદિના અભિપ્રાયે આજ રીતે એકસો ત્રણ આદિ સમજવાં. તે આ પ્રમાણે–કર્મપ્રકૃતિકાર આદિ બંધન પંદર માને છે એટલે એકસો ત્રણ પ્રકૃતિનો જે પિંડ તે પહેલું સત્તાસ્થાન, તેમાંથી તીર્થંકરનામ ન્યૂન એકસો બે પ્રકૃતિપ્રમાણ બીજું સત્તાસ્થાન, એકસો ત્રણમાંથી આહારક સપ્તક ન્યૂન છન્નું પ્રકૃતિપ્રમાણ ત્રીજું સત્તાસ્થાન, એકસો ત્રણમાંથી તીર્થંકરનામ અને આહારકસપ્તકન્યૂન પંચાણું પ્રકૃતિ પ્રમાણ ચોથું સત્તાસ્થાન. આ ચાર સત્તાસ્થાનનો પ્રથમ સત્તાસ્થાન ચતુષ્ક એ નામથી વ્યવહાર થાય છે.

એ પ્રથમ સત્તાસ્થાન ચતુષ્કમાંથી તેર પ્રકૃતિનો ક્ષય થયા બાદ નેવું, નેવ્યાશી, વ્યાશી અને બ્યાશી એ ચાર સત્તાસ્થાન થાય છે. તેનો દ્વિતીય સત્તાસ્થાન ચતુષ્ક એ નામથી વ્યવહાર થાય છે.

પ્રથમ સત્તાસ્થાન ચતુષ્કના ચોથા પંચાણુરૂપ સત્તાસ્થાનમાંથી દેવદ્વિક (અથવા નરકદ્વિક) ઉવેલે ત્યારે ત્રાણું, તેમાંથી સુરદ્વિક અથવા નરકદ્વિક જે ઉવેલ્યા વિનાનું શેષ રહ્યું હોય તે અને વૈક્રિયસપ્તક ઉવેલે ત્યારે ચોરાસી, અને તેમાંથી મનુષ્યદ્વિક ઉવેલે ત્યારે બાશી. આ છેલ્લાં ત્રણ સત્તાસ્થાનો અધ્રુવ સંજ્ઞાવાળાં છે. તથા નવ પ્રકૃતિરૂપ અને આઠ પ્રકૃતિરૂપ સઘળાં મળી નામકર્મનાં બાર સત્તાસ્થાનો થાય છે.

અહિં બ્યાશી પ્રકૃતિના સમૂહરૂપ સત્તાસ્થાન બે પ્રકારે થાય છે. એક તો ક્ષપકશ્રેણિમાં અને બીજું સંસારીજીવોને. કઈ રીતે થાય તે સ્વયમેવ વિચારી લેવું. તે બંને સત્તાસ્થાનો તુલ્ય હોવાથી અહિં એકજ વિવક્ષ્યું છે, એટલે બાર સત્તાસ્થાનો કહ્યાં છે. ૯૪

નવમા ગુણસ્થાનકે નામકર્મની જે તેર પ્રકૃતિઓનો સત્તામાંથી નાશ થાય છે, તેનાં નામ કહે છે—

थावरतिरिगइदोदो आयावेगेंदि विगलसाहारं ।
नरयदुगुज्जोवाणि य दसाइमेगंततिरिजोगा ॥९५॥

स्थावरतिर्यग्गतिद्विकद्विकं आतपैकेन्द्रियविकलसाधारणम् ।
नरकद्विकोद्योतानि च दशाद्या एकान्ततिर्यग्योग्याः ॥ ९५ ॥

અર્થ—સ્થાવરદ્વિક, તિર્યંગ્ગતિદ્વિક, આતપ, એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, સાધારણ, નરકદ્વિક, અને ઉદ્યોત એ નામપ્રકૃતિત્રયોદશક કહેવાય છે. તેમાંથી દશ પ્રકૃતિઓ એકાન્તે તિર્યંગ્ગતિ યોગ્ય છે.

ટીકાનુ૦—સ્થાવરદ્વિક—સ્થાવર અને સૂક્ષ્મ, તિર્યંગ્ગતિદ્વિક-તિર્યંચગતિ અને તિર્યંચાનુપૂર્વી, આતપ, એકેન્દ્રિયજાતિ, વિકલેન્દ્રિયજાતિ, સાધારણ નામ, નરકગતિ, નરકાનુપૂર્વી, અને ઉદ્યોત એ નામ ત્રયોદશક કહેવાય છે. ક્ષપકશ્રેણિમાં નવમા ગુણસ્થાનકના સંખ્યાતા ભાગ ગયા પછી તે તેર પ્રકૃતિઓનો સત્તામાંથી નાશ થાય છે. એ તેર પ્રકૃતિમાંથી શરૂઆતની દસ પ્રકૃતિઓ-સ્થાવર નામથી આરંભી સાધારણ નામ સુધીની-ઉદય ઉદીરણાને આશ્રયી એકાન્ત તિર્યંચગતિને યોગ્ય છે. એટલે કે આ દશ પ્રકૃતિનો ઉદય અને ઉદીરણા માત્ર તિર્યંચ ગતિમાંજ થાય છે.

શંકા :-ઉદય અને ઉદીરણા આશ્રયી એકાન્તે તિર્યંચગતિને યોગ્ય છે, એમ જે તમે કહો છો તેમાંથી ગાથામાં તો 'ઉદય ઉદીરણા આશ્રયી' એવું કંઈ ગ્રહણ કર્યું નથી, છતાં તમે કઈ રીતે કહો છો ?

સમાધાન– ગાથામાં ગ્રહણ કરેલ ચ શબ્દ એ અનેક અર્થવાળો હોવાથી તેમજ યુક્તિથી અમે 'ઉદય' અને ઉદીરણા આશ્રયી' એ પદનું ગ્રહણ કર્યું છે.

તેજ હકીકતને સ્પષ્ટ કરે છે–ઉપરોક્ત શરૂઆતની દશ પ્રકૃતિઓ બંધ અને સત્તા આશ્રયી તો અન્ય જીવોને પણ યોગ્ય છે, એટલે કે સ્થાવરાદિ દશ પ્રકૃતિઓનો બંધ અને સત્તા મનુષ્યાદિ અન્ય જીવોને પણ હોય છે, માત્ર તિર્યંચોનેજ તેનો બંધ અને સત્તા હોય છે તેમ નથી. અને ઉદય–ઉદીરણા તો એ દશે પ્રકૃતિની માત્ર તિર્યંચગતિમાં જ હોય છે. માટે જ ઉદય-ઉદીરણા આશ્રયી એ દશ પ્રકૃતિઓ માત્ર તિર્યંચગતિને યોગ્ય છે એવું વ્યાખ્યાન કર્યું છે.

આ પ્રમાણે કહેવાનું શું પ્રયોજન છે? એ પ્રશ્નના ઉત્તરમાં કહે છે–પહેલાં તે તે સ્થળે એકાન્ત તિર્યંગ્ગતિ યોગ્ય પ્રકૃતિઓ કહી હતી પરંતુ ગ્રંથ ગૌરવના ભયથી નામો કહ્યાં ન હતાં. અહિં પ્રસંગને અનુસરીને નામ ત્રયોદશક તો કહેવું જોઇએ. તે નામ પૂર્વક બતાવીને લાઘવાત્–પ્રસંગ નહિ છતાં એકાંત તિર્યંચગતિ યોગ્ય દશ પ્રકૃતિઓ પણ કહી દીધી છે. ૯૫

હવે પહેલાં જે અધ્રુવસંજ્ઞાવાળાં ત્રણ સત્તાસ્થાનો કહ્યાં છે, તે કયા કયા જીવોમાં સંભવે છે, તે કહે છે—

एगिंदिएसु पढमदुगं वाऊतेऊसु तइयगमणिच्चं ।
अहवा पणतिरिएसुं तस्संतेगिंदियाइसुं ।।९६।।

एकेन्द्रियेषु प्रथमद्विकं वायुतेजस्सु तृतीयमनित्यम् ।
अथवा पञ्च तिर्यक्षु तत्सदेकेन्द्रियादिषु ॥ ९६ ॥

અર્થ—એકેન્દ્રિયોમાં પહેલાં બે, અને તેઉ–વાયુમાં ત્રીજું અનિત્ય સત્તાસ્થાન હોય છે. અથવા એકેન્દ્રિયથી પંચેન્દ્રિય તિર્યંચ સુધીમાં હોય છે.

ટીકાનુ૦—પૃથ્વી, અપ અને વનસ્પતિરૂપ એકેન્દ્રિયોમાં[1] છયાશી અને એંશી એ બે અધ્રુવ સંજ્ઞાવાળાં સત્તાસ્થાનો હોય છે. તથા ત્રીજું અઠ્ઠોતેરરૂપ અધ્રુવ સંજ્ઞાવાળું

૧ જે જીવો જે કર્મપ્રકૃતિનો બંધ કરતા નથી તે જીવો તે અવસ્થામાં ઘણો કાળ રહે તો તે પ્રકૃતિઓને ઉવેલી નાખે છે. વૈક્રિય ષટ્કાદિ પ્રકૃતિઓ એકેન્દ્રિયો બિલકુલ બાંધતા નથી એટલે ત્યાં જો ઘણો કાળ રહે તો તેને સત્તામાંથી કાઢી નાખે છે, તેઉ–વાયુમાં પણ ૮૬–૮૦ એ બે સત્તાસ્થાનો હોય છે, કેમકે તેઓ પણ ઉપરોક્ત પ્રકૃતિઓને ઉવેલી નાખી શકે છે. ટીકામાં ત્રણનાં નામ લીધાં છે તેઉ-વાયુનું નામ લીધું નથી કારણ તેમાં ખાસ અઠ્ઠોતેરનું સત્તાસ્થાન બતાવવું છે. મનુષ્યદ્વિક તો તેઉ–વાયુજ ઉવેલે છે, કેમકે તેઓ બાંધતા નથી. ૭૮ નું સત્તાસ્થાન ૮૬–૮૦ થયા પછીજ થાય છે, વૈક્રિય ષટ્કાદિની ઉદ્વલના થયા પહેલાં મનુષ્યદ્વિકની ઉદ્વલના થતી નથી.

સત્તાસ્થાન તેઉકાય અને વાયુકાયમાં હોય છે, અન્યમાં હોતું નથી. કેમકે તેઉ-વાયુકાયના જીવોજ મનુષ્યદ્વિકની ઉદ્વલના કરે છે, બીજા કોઈપણ કરતા નથી.

અથવા તેઉકાય કે વાયુકાયમાં મનુષ્યદ્વિક ઉવેલી ત્યાંથી નીકળી એકેન્દ્રિય, વિકલેન્દ્રિય અને તિર્યંચ પંચેન્દ્રિયમાં ઉત્પન્ન થાય, ત્યાં પણ જ્યાં સુધી મનુષ્યદ્વિકનો બંધ ન કરે ત્યાં સુધી અઠ્ઠોતેરનું સત્તાસ્થાન હોય છે.[1]

તેઉકાય-વાયુકાયના જીવો પોતાના ભવમાંથી નીકળી તિર્યંચમાંજ ઉત્પન્ન થાય છે, મનુષ્યાદિમાં ઉત્પન્ન થતા નથી, માટેજ ઉપર એકેન્દ્રિયથી આરંભી તિર્યંચ પંચેન્દ્રિય સુધીમાં ઉત્પન્ન થયેલાઓને અઠ્ઠોત્તેરનું સત્તાસ્થાન હોય એમ કહ્યું છે ૬૬.

હવે ચારે ગતિમાં સત્તાસ્થાનનું નિરૂપણ કરતાં કહે છે—

पढमं पढमगहीणं नरए मिच्छंमि अधुवतियजुत्तं ।
देवेसाइचउक्कं तिरिएसु अतित्थमिच्छसंताणि ॥९७॥

प्रथमं प्रथमकहीनं नरके मिथ्यात्वेऽध्रुवत्रिकयुक्तम् ।
देवेष्वाद्यचतुष्कं तिर्यक्षु अतीर्थमिथ्यात्वसन्ति ॥ ९७ ॥

અર્થ—પ્રથમ સત્તાસ્થાન હીન પ્રથમ ચતુષ્ક નરકગતિમાં હોય છે. અધ્રુવ ત્રિક યુક્ત ઉપરોક્ત ત્રણ સત્સ્થાનો મિથ્યાત્વમાં હોય છે. દેવોમાં આદ્ય ચતુષ્ક હોય છે. અને તિર્યંચગતિમાં તીર્થંકરવિનાનાં મિથ્યાત્વ સંબંધી સત્તાસ્થાનો હોય છે.

ટીકાનુ૦—નરકગતિમાં પ્રથમ ચતુષ્ક માંહેનાં પહેલા ત્રાણુના સત્તાસ્થાન વિના ૯૨-૮૯-૮૮ એ ત્રણ સત્તાસ્થાનો હોય છે, ત્રાણુનું સત્તાસ્થાન હોતું નથી કારણ કે ત્રાણુનું સત્તાસ્થાન તીર્થંકર નામ અને આહારક ચતુષ્ક સહિત હોય છે, અને એ બંનેની સત્તાવાળો કોઈપણ આત્મા નરકગતિમાં ઉત્પન્ન થતો નથી, માટે ત્રાણુનું સત્તાસ્થાન નરકગતિમાં હોતું જ નથી.

તથા મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનકે પ્રથમ સત્તાસ્થાન ચતુષ્ક માંહેના ત્રાણુના સત્તાસ્થાન હીન ત્રણ અને અધ્રુવ સંજ્ઞાવાળાં ત્રણ-કુલ છ સત્તાસ્થાન હોય છે.

તાત્પર્ય એ કે-મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનકે ૯૨-૮૯-[1]૮૮-૮૬-૮૦-૭૮ એમ છ સત્તા-

૧ તેઉ-વાયુવિનાના અન્ય એકેન્દ્રિયાદિ તિર્યંચો મનુષ્યદ્વિક ન બાંધે તો પોતાના શરૂઆતના બે ઉદયસ્થાન સુધીજ બાંધતા નથી, ત્યાર બાદ તેઓ અવશ્ય બાંધે છે. એટલે અઠ્ઠોતેરના સત્તાસ્થાનનો સંભવ પોતપોતાના શરૂઆતના બે ઉદયસ્થાન સુધીજ છે.

૧ ૯૨-૮૮-૮૬-૮૦-૭૮ એ પાંચ સત્તાસ્થાનો તો અનેક જીવોની અપેક્ષાએ મિથ્યાદૃષ્ટિને સંભવે છે. તીર્થંકર નામની સત્તાવાળું નેવ્યાશીનું સત્તાસ્થાન મિથ્યાદૃષ્ટિને કઈ રીતે હોઈ શકે?

સ્થાનકો અનેક જીવોની અપેક્ષાએ હોય છે. ત્રાણુનું સત્તાસ્થાન હોતું નથી. કારણકે આહારક ચતુષ્ક અને તીર્થંકર નામ એમ બન્નેની સંયુક્ત સત્તાવાળો કોઈપણ આત્મા મિથ્યાત્વે જતો નથી. અન્યત્ર પણ કહ્યું છે કે-"ઉભય-તીર્થંકર અને આહારક સપ્તકની સત્તાવાળો આત્મા મિથ્યાદૃષ્ટિ હોતો નથી."

આ સિવાયનાં શેષ સત્તાસ્થાનો ક્ષપકશ્રેણિમાં હોય છે, મિથ્યાદૃષ્ટિને હોતાં નથી. તેથી નિષેધ્યાં છે.

દેવગતિમાં પ્રથમ સત્તાસ્થાન ચતુષ્ક ૯૩-૯૨-૮૯-૮૮ હોય છે. શેષ સત્તાસ્થાનો હોતાં નથી. કેમકે આ સિવાયનાં શેષ સત્તાસ્થાનકો એકેન્દ્રિયોમાં અથવા ક્ષપકશ્રેણિમાં સંભવે છે.

તથા તિર્યંચગતિમાં મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનકે જે સત્તાસ્થાનો કહ્યાં છે, તેમાંથી નેવ્યાશી સિવાયનાં શેષ ૯૨-૮૮-૮૬-૮૦-૭૮ એમ પાંચ સત્તાસ્થાનો હોય છે. નેવ્યાશીનું સત્તાસ્થાન હોતું નથી. કેમકે નિકાચિત જિનનામની સત્તાવાળો કોઈપણ આત્મા તિર્યંચગતિમાં જતો નથી.

મનુષ્યગતિમાં અઠ્ઠોતેર વિના શેષ સઘળાં સત્તાસ્થાનો હોય છે. અઠ્ઠોતેરનું સત્તાસ્થાન મનુષ્યદ્વિક ઉવેલાયા બાદ થાય છે. મનુષ્યદ્વિકની સત્તા વિનાનો કોઈ પણ મનુષ્ય હોતો જ નથી, એટલે મનુષ્યગતિમાં અઠ્ઠોતેરનું સત્તાસ્થાન હોતું નથી. આ પ્રમાણે ગતિમાં સત્તાસ્થાનો કહ્યાં. ૯૭.

હવે ગુણસ્થાનકોમાં નામકર્મનાં સત્તાસ્થાનકો કહે છે—

पढमचउक्कं सम्मा बीयं खीणाउ बार सुहुमे अ ।
सासणमीसि वितित्थं पढममजोगंमि अट्ठ नव ॥९८॥

प्रथमचतुष्कं सम्यक्त्वाद् द्वितीयं क्षीणाद् बादरे सूक्ष्मे च ।
सासादनमिश्रयोर्वितीर्थं प्रथममयोगिन्यष्टौ नव ॥ ९८ ॥

ઉત્તર—મિથ્યા દૃષ્ટિ છતાં કોઈ આત્મા પ્રથમની ત્રણ માંહેની કોઈપણ નારકીનું આયુ બાંધી ક્ષાયોપશમિક સમ્યક્ત્વ ઉપાર્જન કરી તીર્થંકર નામ નિકાચિત કરે. નરકમાં જતાં અંતર્મુહૂર્ત્ત આયુ શેષ હોય ત્યારે ક્ષાયોપશમિક સમ્યક્ત્વ વમી નાખે છે, એટલે મિથ્યાત્વી છતાં નરકમાં જાય. ત્યાં પર્યાપ્તો થઈ ક્ષયોપશમ સમ્યક્ત્વ ઉત્પન્ન કરે છે.

અપર્યાપ્તાવસ્થામાં તો કોઈને સમ્યક્ત્વ ઉત્પન્ન થતું નથી. અને નિકાચિત તીર્થંકર નામની સત્તાવાળો અંતર્મુહૂર્ત્તથી અધિક કાળ મિથ્યાત્વે રહેતો નથી તેથી પર્યાપ્તાવસ્થામાં અવશ્ય સમ્યક્ત્વ ઉત્પન્ન કરે છે. એટલે પૂર્વજન્મનું છેલ્લું અંતર્મુહૂર્ત્ત અને નારકીમાં અપર્યાપ્તાવસ્થાનું અંતર્મુહૂર્ત બંને મળી એક મોટા અંતર્મુહૂર્ત્ત પર્યંત મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનકે નેવ્યાશીનું સત્તાસ્થાન હોય છે.

અર્થ—અવિરત સમ્યગ્દષ્ટિથી આરંભી પ્રથમ સત્તાસ્થાન ચતુષ્ક હોય છે. તથા ક્ષીણમોહથી અને બાદરસંપરાય તેમજ સૂક્ષ્મસંપરાય ક્ષપકને દ્વિતીય સત્તાસ્થાન ચતુષ્ક હોય છે. પ્રથમ ચતુષ્ક માંહેના તીર્થંકર નામની સત્તા વિનાનાં સત્તાસ્થાનો સાસ્વાદન અને મિશ્રે હોય છે. અને અયોગિમાં આઠ અને નવનું સત્તાસ્થાન હોય છે.

ટીકાનુ૦—અવિરતિ સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનકથી આરંભી ઉપશાંતમોહગુણસ્થાન પર્યન્ત પ્રથમ સત્તાસ્થાન ચતુષ્ક ૯૩–૯૨–૮૯–૮૮ હોય છે.

ક્ષીણમોહગુણસ્થાનકથી આરંભી અયોગિ ગુણસ્થાનકના દ્વિચરમ સમયપર્યંત તથા ક્ષપકને અનિવૃત્તિકરણે અને સૂક્ષ્મસંપરાયે દ્વિતીય સત્તાસ્થાન ચતુષ્ક ૮૦–૭૯–૭૬–૭૫ હોય છે.

સાસ્વાદન અને મિશ્રગુણસ્થાનકે પ્રથમ સત્તાસ્થાન ચતુષ્કમાંહેના તીર્થંકર નામની સત્તા વિનાનાં એટલે કે ત્રાણું અને નેવ્યાશી સિવાયનાં બાણું અને અઠ્યાશી એમ બે સત્તાસ્થાન હોય છે.

અયોગિગુણસ્થાનકના ચરમ સમયે આઠ કે નવનું સત્તાસ્થાન હોય છે.

ભાવના આ પ્રમાણે-મિથ્યાદષ્ટિ ગુણસ્થાનકે ૯૨–૮૯–૮૮–૮૬–૮૦–૭૮ એમ છ સત્તાસ્થાનો હોય છે, જે પહેલાં કહી ગયા છે. સાસ્વાદન અને સમ્યગ્મિથ્યાદષ્ટિ ગુણસ્થાનકે ૯૨–૮૮ એ બે સત્તાસ્થાનો હોય છે. તીર્થંકરનામની સત્તાવાળો આત્મા એ બે ગુણસ્થાનકે જતો નહિ હોવાથી ત્રાણું કે નેવ્યાશીનું સત્તાસ્થાન હોતું નથી. અવિરતિ સમ્યગ્દષ્ટિ, દેશવિરતિ, પ્રમત્ત, અપ્રમત્ત અને અપૂર્વકરણ ગુણસ્થાનકે ૯૩-૯૨–૮૯–૮૮ એમ ચાર ચાર સત્તાસ્થાનકો હોય છે.

અનિવૃત્તિ બાદર સંપરાય અને સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકે ઉપશમ શ્રેણિ આશ્રયી ૯૩–૯૨–૯૮–૮૮ એ ચાર સત્તાસ્થાનો હોય છે, અને ક્ષપક શ્રેણિમાં તેર પ્રકૃતિનો ક્ષય થયા પછી ૮૦–૭૯–૭૬–૭૫ એમ ચાર સત્તાસ્થાનો હોય છે. ઉપશાંતમોહ ગુણસ્થાનકે ૯૩–૯૨–૮૯–૮૮ એ ચાર સત્તાસ્થાનો હોય છે. ક્ષીણમોહ અને સયોગિકેવલિગુણસ્થાનકે ૮૦–૭૯–૭૬–૭૫ એમ ચાર સત્તાસ્થાનકો હોય છે.

અયોગિકેવલિગુણસ્થાનકે ૮૦–૭૯–૭૬–૭૫-૯-૮ એમ છ સત્તાસ્થાનકો હોય છે. તેમાંનાં શરૂઆતનાં ચાર ભિન્ન ભિન્ન જીવોની અપેક્ષાએ દ્વિચરમ સમય પર્યંત હોય છે. અને છેલ્લા સમયે તીર્થંકર ભગવાનને નવનું અને સામાન્ય કેવલિ ભગવંતને આઠનું સત્તાસ્થાન હોય છે.

અમુક અમુક ગુણસ્થાન આશ્રયી અનેક સત્તાસ્થાનો હોય છે, પરંતુ એક જીવને એક સમયે કોઇપણ એક જ સત્તાસ્થાન હોય છે, એક સાથે એક જીવને અનેક સત્તાસ્થાનો

હોતાં નથી. એક ગુણસ્થાનકે અનેક સત્તાસ્થાનો ભિન્નભિન્ન જીવોની અપેક્ષાએ હોય છે. ૯૮.

આ પ્રમાણે ગુણસ્થાનકોમાં સત્તાસ્થાનકો કહ્યાં. હવે બંધ, ઉદય અને સત્તાસ્થાનોનો પરસ્પર સંવેધ કહે છે—

नवपंचोदयसत्ता तेविसे पणवीस छव्वीसे ॥
अट्ठ चउरट्ठवीसे नवसत्तिगुणतीसतीसे य ॥९९॥
एक्केक्के इगतीसे एक्के एक्कुदय अट्ठ संतंसा ।
उवरयबंधे दस दस नामोदयसंतठाणाणि ॥१००॥

नवपञ्चोदयसत्त्वे त्रयोविंशतौ पञ्चविंशतौ षड्विंशतौ ।
अष्टौ चत्वार्यष्टाविंशतौ नव सप्तैकोनत्रिंशति च ॥९९॥
एकैकमेकत्रिंशत्येकस्मिन् एक उदयोऽष्टौ सत्तांशाः ।
उपरतबन्धे दश दश नाम्न उदय–सत्स्थानानि ॥१००॥

અર્થ—તેવીસ, પચીસ અને છવ્વીસના બંધે નવ ઉદયસ્થાનો અને પાંચ સત્તાસ્થાનો હોય છે, અટ્ઠાવીશના બંધે આઠ ઉદયસ્થાનો અને ચાર સત્તાસ્થાનો હોય છે, ઓગણત્રીશ અને ત્રીશના બંધે નવ ઉદયસ્થાન અને સાત સત્તાસ્થાનો હોય છે, એકત્રીશના બંધે એક ઉદયસ્થાન અને એક સત્તાસ્થાન હોય છે. એકના બંધે એક ઉદયસ્થાન અને આઠ સત્તાસ્થાનો હોય છે, અને બંધવિચ્છેદ થયા પછી નામકર્મનાં દશ ઉદયસ્થાન અને દશ સત્તાસ્થાનો હોય છે.

ટીકાનુ૦—ત્રેવીસ,[1] પચીસ અને છવ્વીસના બંધે નવ નવ ઉદયસ્થાનો અને પાંચ પાંચ સત્તાસ્થાનો હોય છે. તેમાં ત્રેવીસ પ્રકૃતિનો બંધ અપર્યાપ્ત એકેન્દ્રિય યોગ્ય છે. એટલે કે અપર્યાપ્ત એકેન્દ્રિય યોગ્ય બાંધતાં ત્રેવીસ પ્રકૃતિઓ બંધાય છે. અને તેના બાંધનારા પર્યાપ્ત-અપર્યાપ્ત એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યો છે.

અપર્યાપ્ત અને પર્યાપ્ત એકેન્દ્રિયાદિ સઘળા તિર્યંચો અને મનુષ્યો ત્રેવીસ પ્રકૃતિઓ બાંધી શકતા હોવાથી અપર્યાપ્ત અને પર્યાપ્તાવસ્થામાં મનુષ્ય અને તિર્યંચોને સંભવતાં સઘળાં ઉદયસ્થાનકો ત્રેવીસનો બંધ કરતાં સંભવે છે. તે નવ ઉદયસ્થાનકો આ પ્રમાણે છે—૨૧-૨૪-૨૫-૨૬-૨૭-૨૮-૨૯-૩૦-૩૧ આ ઉદયસ્થાનકો ક્યારે હોય ? તેનું વિવરણ કરે છે—

---

૧ અમુક બંધસ્થાન બાંધતી વખતે અમુક ઉદયસ્થાનો કે અમુક સત્તાસ્થાનો ઉપર કહ્યાં તે સમજવામાં તે તે બંધસ્થાનક કઈ ગતિ કે કયા જીવો યોગ્ય છે, અને તેના બાંધનારા કોણ છે ? તેનો ખ્યાલ રાખવો જોઈએ. કેમકે તે ઉપરથી જ તે તે બંધસ્થાન બાંધતાં અમુક ઉદયસ્થાન કે સત્તાસ્થાનોનો નિર્ણય થઈ શકે છે.

- ઉપરોક્ત ઉદયસ્થાનમાંથી એકવીશનો ઉદય વિગ્રહગતિમાં વર્તમાન એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, અસંજ્ઞિ-સંજ્ઞિ તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યોને હોય છે. આ સઘળા એકવીશ પ્રકૃતિના ઉદયવાળાં આત્માઓ અપર્યાપ્ત એકેન્દ્રિય યોગ્ય ત્રેવીસ પ્રકૃતિ બાંધી શકે છે.

ચોવીસ પ્રકૃતિઓનો ઉદય માત્ર અપર્યાપ્ત-પર્યાપ્ત એકેન્દ્રિયોને જ હોય છે, અન્યત્ર હોતો નથી.

પચીસનો ઉદય પર્યાપ્ત=પર્યાપ્ત નામકર્મના ઉદયવાળા એકેન્દ્રિય અને ઉત્તર વૈક્રિયશરીર કરનાર મિથ્યાદૃષ્ટિ મનુષ્ય-તિર્યંચોને હોય છે. જેઓ તદ્યોગ્ય ક્લિષ્ટ પરિણામના યોગે અપર્યાપ્ત એકેન્દ્રિય યોગ્ય ત્રેવીસ પ્રકૃતિઓ બાંધી શકે છે.

છવ્વીસનો ઉદય પર્યાપ્ત એકેન્દ્રિયોને, પર્યાપ્ત-અપર્યાપ્ત એટલે કે પર્યાપ્ત નામકર્મના ઉદયવાળા કે અપર્યાપ્ત નામકર્મના ઉદયવાળા મિથ્યાદૃષ્ટિ વિકલેન્દ્રિયોને, તિર્યંચ પંચેન્દ્રિયોને અને મનુષ્યોને હોય છે.

સત્તાવીશનો ઉદય પર્યાપ્ત એકેન્દ્રિયોને અને મિથ્યાદૃષ્ટિ વૈક્રિયશરીર કરનાર તિર્યંચ--મનુષ્યોને હોય છે. અટ્ઠાવીશ, ઓગણત્રીશ અને ત્રીશનો ઉદય મિથ્યાદૃષ્ટિ પર્યાપ્ત વિકલેન્દ્રિય, (સામાન્ય કે વૈક્રિયશરીરી) તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યને હોય છે અને એકત્રીશનો ઉદય મિથ્યાદૃષ્ટિ વિકલેન્દ્રિય અને તિર્યંચ પંચેન્દ્રિયોને હોય છે. આ સિવાયના અન્ય દેવો, નારકીઓ કે યુગલિકો ત્રેવીસ પ્રકૃતિનો બંધ કરતા નથી. (ત્રેવીસનો બંધ મિથ્યાદૃષ્ટિને જ થતો હોવાથી સર્વત્ર મિથ્યાદૃષ્ટિ વિશેષણ મૂક્યું છે.)

ત્રેવીસનો બંધ કરનારા ઉપરોક્ત સઘળા જીવોને સામાન્યથી બાણું, અટ્ઠયાશી, છયાશી, એંશી અને અઠ્ઠોતેર એમ પાંચ સત્તાસ્થાન હોય છે. તેમાં એકવીશના ઉદયસ્થાનમાં વર્તતા સઘળા જીવોને પાંચમાંથી કોઈપણ સત્તાસ્થાન સંભવે છે. માત્ર એકવીશના ઉદયે વર્તતા ત્રેવીશના બંધક મનુષ્યને અઠ્ઠોતેર સિવાયનાં ચાર સત્તાસ્થાનકો હોય છે. કારણ કે અઠ્ઠોતેરનું સત્તાસ્થાન મનુષ્યગતિ અને મનુષ્યાનુપુર્વીની ઉદ્વલના થયા બાદ થાય છે. મનુષ્યને તેની ઉદ્વલનાનો સંભવ નથી, માટે મનુષ્યને અઠ્ઠોતેરનું સત્તાસ્થાન હોતું નથી.

ચોવીસના ઉદયે પણ પાંચે સત્તાસ્થાનો સંભવે છે. માત્ર ચોવીસના ઉદયવાળા વૈક્રિય કરતા વાયુકાયને એંશી અને અઠ્ઠોતેર વિના ૯૨-૮૮-૮૬ એ ત્રણ સત્તાસ્થાનો હોય છે. કારણ કે વૈક્રિયષટ્ક અને મનુષ્યદ્વિકની તો તેને અવશ્ય સત્તા છે. કારણ કે વૈક્રિયશરીરને તો સાક્ષાત્ અનુભવે છે, અનુભવ ઉદય વિના હોતો નથી, એટલે તે તેની ઉદ્વલના કરતો નથી. અને તેની ઉદ્વલના થયા વિના દેવદ્વિક કે નરદ્વિકને પણ ઉવેલતો નથી. કારણ

કે તથાસ્વભાવે વૈક્રિયષટ્કની સમકાલે ઉદ્વલના [1]થાય છે. અને વૈક્રિયષટ્કની ઉદ્વલના થયા પછી જ મનુષ્યદ્વિકની ઉદ્વલના કરે છે, પહેલાં કરતો નથી. માટે એંશી, અટ્ઠોતેર એ બે સત્તાસ્થાન વૈક્રિય વાયુકાયને હોતાં નથી.

પચીશના ઉદયે પણ પાંચે સત્તાસ્થાનો હોય છે. તેમાં પચીશના ઉદયે અટ્ઠોતેરનું સત્તાસ્થાન વૈક્રિયશરીરિ સિવાયના અન્ય વાયુકાય અને તેઉકાયને હોય છે, તે સિવાયના પૃથ્વીકાયાદિને હોતું [2]નથી. કારણ કે તેઉકાય અને વાયુકાય વિનાના અન્ય સઘળા પર્યાપ્ત જીવો મનુષ્યગતિ અને મનુષ્યાનુપૂર્વી અવશ્ય[3] બાંધે છે, માટે અટ્ઠોતેરનું સત્તાસ્થાન [શરૂઆતના પોતપોતાના બે ઉદયસ્થાન સિવાય] અન્યત્ર સંભવતું નથી.

છવ્વીસના ઉદયે પાંચે સત્તાસ્થાનો હોય છે. અહિં પણ અટ્ઠોતેરનું સત્તાસ્થાન અવૈક્રિય વાયુકાય અને તેઉકાય જીવોને હોય છે, (પૃથ્વી, અપ અને વનસ્પતિમાં હોતું નથી.) અથવા તેઉ–વાઉમાંથી મનુષ્યદ્વિક ઉવેલી પર્યાપ્ત-અપર્યાપ્ત બેઈન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, અસંજ્ઞિ-સંજ્ઞિ પંચેન્દ્રિય તિર્યંચમાં આવેલાને હોય છે. કારણ કે તેઓ સઘળા જ્યાંસુધી મનુષ્યગતિ, મનુષ્યાનુપૂર્વી બાંધતા નથી ત્યાં સુધી તેઓને અઠ્ઠોતેરનું સત્તાસ્થાન હોય છે, ત્યારબાદ હોતું નથી.

સત્તાવીશના ઉદયે અઠ્ઠોતેર સિવાય ચાર સત્તાસ્થાનો હોય છે. કારણ કે સત્તાવીશનો ઉદય તેઉ-વાઉ વર્જીને પર્યાપ્ત બાદર એકેન્દ્રિય અને વૈક્રિય તિર્યંચ–મનુષ્યોને હોય છે. તેઓને અવશ્ય મનુષ્યદ્વિકના બંધનો સંભવ હોવાથી અઠ્ઠોતેરનું સત્તાસ્થાન ઘટતું નથી.

પ્રશ્નઃ–શું તેઉકાય–વાઉકાય જીવોને સત્તાવીશનો ઉદય હોતો નથી ? જેથી તેને વર્જ્યો છો ?

ઉત્તર—છવ્વીસના ઉદયવાળા એકેન્દ્રિયોને આતપ કે ઉદ્યોતના ઉદયે સત્તાવીસનો ઉદય થાય છે. તેઉ–વાયુમાં આતપ કે ઉદ્યોતનો ઉદય જ હોતો નથી. એટલે તેઉ–વાયુમાં સત્તાવીશનું ઉદયસ્થાન હોતું નથી, માટે તેને વર્જ્યું છે.

---

૧ અઠ્ઠાસીની સત્તાવાળો એકેન્દ્રિય પહેલાં દેવદ્વિક ઉવેલે છે, ત્યારબાદ વૈક્રિય ચતુષ્ક અને નરકદ્વિક ઉવેલે છે, અથવા પહેલાં નરકદ્વિક ઉવેલે છે, અને ત્યારપછી દેવદ્વિક અને વૈક્રિયચતુષ્ક ઉવેલે છે. એટલે વૈક્રિય વાયુકાયને છયાસીની સત્તા હોઈ શકે છે, કેમકે વૈક્રિયશરીર થવાનું કારણ વૈક્રિયચતુષ્કની સત્તા છે અને છયાશીના સત્તાસ્થાનકમાં તે છે.

૨ ઉત્તર વૈક્રિય શરીરી મનુષ્ય તથા તિર્યંચ પંચેન્દ્રિયોને વૈક્રિયચતુષ્કની સત્તા અવશ્ય હોય છે. માટે આ ઉદયસ્થાનોમાં પણ વૈક્રિય શરીરી મનુષ્ય તથા તિર્યંચ પંચેન્દ્રિયોને ૮૦ તથા ૮૬ નું સત્તાસ્થાન પણ હોતું નથી એટલે કે તેઓને માત્ર ૯૨ અને ૮૮ એ બે જ સત્તાસ્થાન હોય છે.

૩ તેઉકાય અને વાયુકાય મનુષ્યદ્વિક ઉવેલે છે, અન્ય કોઈપણ ઉવેલતા નથી, એટલે તેઉ–વાઉમાં તો તેના પોતાના સઘળા ઉદયસ્થાનોમાં અટ્ઠોતેરનું સત્તાસ્થાન સંભવે છે. પરંતુ તે સિવાયના અન્ય પર્યાપ્ત પૃથ્વીકાયાદિ તિર્યંચો કે જેઓ તેઉ-વાઉમાંથી મનુષ્યદ્વિક ઉવેલીને આવેલા છે. તેઓમાં શરૂઆતનાં પોતાનાં બે ઉદયસ્થાન સુધી જ અટ્ઠોતેરનું સત્તાસ્થાન હોય છે. ત્યારબાદ મનુષ્યદ્વિકનો અવશ્ય બંધ થઈ જતો હોવાથી અટ્ઠોતેરનું સત્તાસ્થાન હોતું નથી. અહિં પૃથ્વીકાયાદિને 'પર્યાપ્ત' વિશેષણ જોડ્યું છે, તેનો અર્થ પર્યાપ્ત નામકર્મના ઉદયવાળા એવો લેવાનો છે.

અઠ્ઠાવીશ, ઓગણત્રીશ, ત્રીશ અને એકત્રીશના ઉદયમાં પણ અઠ્ઠોતેર સિવાયનાં ચાર ચાર સત્તાસ્થાનો હોય છે. કારણ કે અઠ્ઠાવીશ આદિ ઉદયો પર્યાપ્તનામકર્મના ઉદયવાળા વિકલેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યોને હોય છે, માત્ર એકત્રીશનો ઉદય પર્યાપ્ત વિકલેન્દ્રિય અને તિર્યંચ પંચેન્દ્રિયોને હોય છે. (કેમકે એકત્રીશનો ઉદય ઉદ્યોતનામ યુક્ત છે, અને ઉદ્યોતનો ઉદય તિર્યંચોને હોય છે.) તે અઠ્ઠાવીશ આદિ સઘળા ઉદયવાળા આત્માઓ અવશ્ય મનુષ્યગતિ અને મનુષ્યાનુપૂર્વીની સત્તાવાળા હોય છે. આ પ્રમાણે ત્રેવીશ પ્રકૃતિના બાંધનારા જીવોનાં નવે ઉદયસ્થાન આશ્રયી ચાલીસ સત્તાસ્થાનો થાય છે.

જેમ ત્રેવીશ પ્રકૃતિઓના બંધકને ઉદયસ્થાનો અને સત્તાસ્થાનો કહ્યાં, તેમ પચીસ અને છવ્વીસ પ્રકૃતિઓના બાંધનારાઓને પણ સમજવાં. તેમાં પચીસ અને છવ્વીસ એ બે બંધસ્થાનો પર્યાપ્ત એકેન્દ્રિય યોગ્ય બાંધતાં બંધાય છે. અને તેના બંધક તિર્યંચો, મનુષ્યો અને ઈશાન સુધીના દેવો છે. તથા પચીસનું બંધસ્થાન અપર્યાપ્ત વિકલેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્ય યોગ્ય બાંધતાં પણ બંધાય છે. તેના બંધક મનુષ્યો અને તિર્યંચો છે. ઉપરોક્ત જીવો પોતપોતાના સઘળા ઉદયમાં પચીસ અને છવ્વીસનો બંધ કરે છે. તે વખતે ત્રેવીશના બંધમાં જે (અને જે રીતે) પાંચ સત્તાસ્થાનો કહ્યાં તેજ પાંચ સત્તાસ્થાનો હોય છે. માત્ર પર્યાપ્ત એકેન્દ્રિય યોગ્ય પચ્ચીસ અને છવ્વીસ પ્રકૃતિઓનો બંધ કરતા દેવોને પોતાના એકવીશ, પચીશ, સત્તાવીશ, અઠ્ઠાવીશ, ઓગણત્રીશ અને ત્રીશ એ છએ ઉદયમાં બાણું અને અઠ્ઠાશી એમ બેજ સત્તાસ્થાનો હોય છે. દેવો અપર્યાપ્ત વિકલેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય કે અપર્યાપ્ત મનુષ્યગતિ યોગ્ય પચીસ પ્રકૃતિનો બંધ કરતાજ નથી, કેમકે અપર્યાપ્ત વિકલેન્દ્રિયાદિમાં તેઓ ઉત્પન્ન થતા નથી. સામાન્યથી પચીસ અને છવ્વીસના બંધે નવ ઉદયસ્થાનો આશ્રયી ચાલીશ–ચાલીશ સત્તાસ્થાનકો થાય છે.[1]

અઠ્ઠાવીશ પ્રકૃતિઓના બંધે આઠ ઉદયસ્થાનકો હોય છે. તે આ પ્રમાણે–૨૧–૨૫–૨૬–૨૭–૨૮–૨૯–૩૦–૩૧.

અઠ્ઠાવીશ પ્રકૃતિઓનો બંધ દેવગતિ યોગ્ય અને નરકગતિ યોગ્ય એમ બે પ્રકારે છે. અને તેના બંધક સામાન્યથી મનુષ્યો તથા તિર્યંચો છે. તેમાં દેવગતિ યોગ્ય અઠ્ઠાવીશ પ્રકૃતિઓનો જ્યારે બંધ થાય ત્યારે ભિન્ન ભિન્ન જીવોની અપેક્ષાએ ઉપરોક્ત આઠે

૧ અપર્યાપ્ત મનુષ્ય પ્રાયોગ્ય ૨૫ ના બંધે પ્રથમના ચાર ઉદયસ્થાનમાં પણ ૭૮નું સત્તાસ્થાન હોતું નથી. માટે નવેય ઉદયસ્થાનોમાં ૭૮ વિનાનાં ચાર ચાર સત્તાસ્થાનો હોય છે. તથા તેઉકાય, વાયુકાય, મનુષ્ય પ્રાયોગ્ય બંધ કરતા ન હોવાથી વૈક્રિય વાયુકાયના ઉદય ભાંગા પણ હોતા નથી.

ઉદયસ્થાનકો સંભવે છે. અને નરકગતિ યોગ્ય જ્યારે અઠ્ઠાવીશ પ્રકૃતિઓનો બંધ કરે ત્યારે ત્રીશ અને એકત્રીશ એમ બેજ ઉદયસ્થાન[1] હોય છે.

દેવગતિયોગ્ય અટ્ઠાવીશના બંધકને એકવીશનો ઉદય વિગ્રહગતિમાં વર્તમાન ક્ષાયિકસમ્યગ્દૃષ્ટિ કે વેદકસમ્યગ્દૃષ્ટિ પંચેન્દ્રિય[2] તિર્યંચ અને મનુષ્યોને હોય છે. પચીસનો ઉદય આહારક[3] સંયત, અને સમ્યગ્દૃષ્ટિ કે મિથ્યાદૃષ્ટિ વૈક્રિય તિર્યંચ કે મનુષ્યોને હોય છે.

છવ્વીસનો ઉદય ક્ષાયિકસમ્યકત્વી અથવા ક્ષાયોપશમિક સમ્યકૃત્વી શરીરસ્થ પંચેન્દ્રિય-તિર્યંચ અને મનુષ્યોને હોય છે. સત્તાવીશનો ઉદય આહારક સંયતને તેમજ સમ્યગ્દૃષ્ટિ અથવા મિથ્યાદૃષ્ટિ વૈક્રિય તિર્યંચ–મનુષ્યોને હોય છે. અટ્ઠાવીશ અને ઓગણત્રીશ એ

---

૧ નરકગતિ યોગ્ય બેજ ઉદયસ્થાન કહેવાનું કારણ નરકગતિ યોગ્ય બંધ પહેલે ગુણસ્થાનકે જ થાય છે, અને તે પણ સંપૂર્ણ પર્યાપ્તાવસ્થામાંજ. અને પર્યાપ્તાવસ્થામાં ઉપરોક્ત બેજ ઉદયસ્થાનો હોય છે. મિથ્યાદૃષ્ટિ જીવો અપર્યાપ્તાવસ્થામાં નરક કે દેવગતિ યોગ્ય બંધ કરતા નથી. એટલે મિથ્યાદૃષ્ટિને દેવગતિ યોગ્ય બંધ કરતાં પણ ઉપરોક્ત બેજ ઉદયસ્થાનકો હોય છે. અપર્યાપ્તાવસ્થામાં દેવગતિનો બંધ સમ્યગ્દૃષ્ટિને થાય છે. એટલે અપર્યાપ્તાવસ્થામાં સંભવતાં એકવીશ આદિ ઉદયસ્થાનકો ચોથા ગુણસ્થાનકે હોય છે. પાંચમા આદિ ગુણસ્થાનો તો પર્યાપ્તાવસ્થામાંજ હોય છે, એટલે ત્યાં પર્યાપ્તાવસ્થામાં સંભવતાં ઉદયસ્થાનો હોય છે. દેવ–નરકગતિના બંધક પર્યાપ્ત સંમૂર્છિમ તિર્યંચ, ગર્ભજ તિર્યંચ, અને ગર્ભજ મનુષ્ય છે.

૨ તિર્યંચો અહિં યુગલિયા લેવા. કેમકે સંખ્યાતવર્ષના આયુવાળાને ક્ષાયિક ઉત્પન્ન થતું નથી, તેમજ તેમાં ક્ષાયિક લઈને કોઈ ઉત્પન્ન પણ થતા નથી. પૂર્વે અસંખ્યાતવર્ષ પ્રમાણ તિર્યંચ યુગલિકનું આયુ બાંધી કોઈ મનુષ્ય ક્ષાયિક ઉત્પન્ન કરે, આયુ પૂર્ણ કરી યુગલિકમાં જાય ત્યાં જતાં વિગ્રહગતિમાં તેઓને ૨૧ નો ઉદય છતા દેવગતિ યોગ્ય ૨૮ પ્રકૃતિનો બંધ કરે છે કોઈપણ દેવ કે નારકી ઉપશમ સમ્યકત્વ લઈ મનુષ્ય કે તિર્યંચમાં ઉત્પન્ન થતા નથી, માટે બેજ સમ્યકત્વ ગ્રહણ કર્યાં છે.

૩ છઠ્ઠે ગુણસ્થાનકે આહારક સંયત તો દેવગતિ યોગ્ય ૨૮નો જ બંધ કરે છે અને સમ્યગ્દૃષ્ટિ વૈક્રિય તિર્યંચ અને મનુષ્યો પણ દેવગતિ યોગ્ય જ બંધ કરે છે. મિથ્યાદૃષ્ટિ વૈક્રિય તિર્યંચ–મનુષ્યો શુભ અધ્યવસાયવાળા હોય ત્યારે દેવગતિ યોગ્ય ૨૮ બાંધે છે. અહિં ટીકામાં ૨૫ અને ૨૭ ના ઉદયે વૈક્રિય શરીરી મિથ્યાત્વી મનુષ્યો અને તિર્યંચો પણ દેવગતિ યોગ્ય ૨૮નો બંધ કરે એમ જણાવેલ છે તો સંક્લિષ્ટ પરિણામી મિથ્યાત્વી વૈક્રિય શરીરી મનુષ્યો અને તિર્યંચ પંચેન્દ્રિયો ૨૫ અને ૨૭ ના ઉદયે નરક પ્રાયોગ્ય ૨૮ નો બંધ કેમ ન કરી શકે? અને જો કરતા હોય તો નરક પ્રાયોગ્ય ૨૮ ના બંધે પણ ૨૧ અને ૨૬ વિના ૨૫ આદિ ૬ ઉદયસ્થાનો બતાવવાં જોઈએ. પરંતુ નરક પ્રાયોગ્ય ૨૮ના બંધે અહીં તેમજ ષષ્ઠ કર્મગ્રન્થ, સિત્તરી ચૂર્ણી અને સપ્તતિકા ભાષ્યમાં ૨૫ આદિ ઉદયસ્થાનો ન બતાવતાં માત્ર સામાન્ય મનુષ્ય અને તિર્યંચોને ૩૦નું અને ઉદ્યોતના ઉદયવાળા તિર્યંચોને ૩૧નું એમ બે જ ઉદયસ્થાનો બતાવ્યાં છે તેનું કારણ એમ સમજાય છે કે મિથ્યાદૃષ્ટિ વૈક્રિય શરીરી મનુષ્ય અને તિર્યંચ પંચેન્દ્રિયને દેવ યોગ્ય ૨૮ પ્રકૃતિઓ બંધાય તેવા શુભ પરિણામ આવી શકે પરંતુ નરક પ્રાયોગ્ય ૨૮ બંધાય તેવા સંક્લિષ્ટ પરિણામ આવતા નહિ હોય અથવા તો કોઈ બીજું વિશિષ્ટ કારણ હશે. તે તો બહુશ્રુતો જાણે.

ઉદયે અનુક્રમે શરીરપર્યાપ્તિએ પર્યાપ્તા અને ઉચ્છ્વાસપર્યાપ્તિએ પર્યાપ્તા ક્ષાયિક સમ્યગ્દષ્ટિ અગર વેદકસમ્યગ્દષ્ટિ પંચેન્દ્રિય તિર્યંચો અને મનુષ્યોને, તથા આહારક સંયતને અને સમ્યકત્વી અગર મિથ્યાત્વી વૈક્રિય તિર્યંચ અથવા મનુષ્યોને હોય છે.

ત્રીશનો ઉદય સમ્યગ્દષ્ટિ, મિથ્યાદષ્ટિ અથવા મિશ્રદષ્ટિ તિર્યંચ અને મનુષ્યોને હોય છે, તથા ઉદ્યોતના ઉદયવાળા આહારકસંયત અને વૈક્રિયસંયતને હોય છે જેઓ દેવગતિ યોગ્ય અટ્ઠાવીશ પ્રકૃતિનો બંધ કરે છે. એકત્રીશનો ઉદય સમ્યગ્દષ્ટિ અથવા મિથ્યાદષ્ટિ ઉદ્યોતના ઉદયવાળા પંચેન્દ્રિય તિર્યંચને હોય છે. ઉપરોકત ઉદયમાં વર્તતા ઉપર કહ્યા તે જીવો દેવગતિયોગ્ય અટ્ઠાવીશ પ્રકૃતિનો બંધ કરે છે.

(અહિં એ ધ્યાનમાં રાખવું કે સાતમે ગુણસ્થાનકે વર્તમાન આહારકશરીરી દેવગતિયોગ્ય ત્રીશજ બાંધે છે. કેમકે જેઓને આહારકદ્વિકની સત્તા છે, તેઓ તેની બંધ યોગ્ય ભૂમિમાં આહારકદ્વિકનો અવશ્ય બંધ કરે છે. પ્રમત્તે આહારકદ્વિકનો બંધ નહિ થતો હોવાથી ત્યાં આહારકશરીરી દેવગતિયોગ્ય અટ્ઠાવીશ બાંધે. એજ પ્રમાણે વૈક્રિયશરીરી યતિ છટ્ઠે તો અટ્ઠાવીશજ બાંધે. સાતમે જો તેમને આહારકની સત્તા હોય તો દેવગતિયોગ્ય આહારકદ્વિક સહિત ત્રીશજ બાંધે, નહિ તો અટ્ઠાવીશ બાંધે.)

નરકગતિયોગ્ય અટ્ઠાવીશનો બંધ કરતા મિથ્યાદષ્ટિ પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યોને ત્રીશનો ઉદય હોય છે, અને એકત્રીશનો ઉદય મિથ્યાદષ્ટિ પંચેન્દ્રિય તિર્યંચોને હોય છે. જેઓ અશુભ પરિણામને યોગે અટ્ઠાવીશ પ્રકૃતિનો બંધ કરે છે. નરકગતિયોગ્ય બંધ કરનાર પર્યાપ્ત સંમૂચ્છિંમ તિર્યંચ, મિથ્યાદષ્ટિ સંખ્યાતવર્ષના આયુવાળા ગર્ભજ તિર્યંચો અને મનુષ્યો હોય છે.

અઠ્ઠાવીશના બંધકને સામાન્યથી બાણું, નેવ્યાશી, અઠ્ઠાશી અને છયાશી એમ ચાર સત્તાસ્થાનો હોય છે. તેમાં એકવીશના ઉદયે વર્તમાન દેવગતિયોગ્ય અઠ્ઠાવીશના બંધકને બાણું અને અઠ્ઠાશી એમ બે સત્તાસ્થાનો હોય છે. પચીશના ઉદયે વર્તમાન અઠ્ઠાવીશના બંધક આહારકસંયત, વૈક્રિય તિર્યંચ અને વૈક્રિય મનુષ્યોને બાણું અને અઠ્ઠાશી એમ બે સત્તાસ્થાન સામાન્યથી હોય છે.

તેમાં આહારકસંયત તો અવશ્ય આહારકદ્વિકની સત્તાવાળા હોય છે, માટે તેને બાણુંનું જ સત્તાસ્થાન હોય છે. તે સિવાયના અન્ય તિર્યંચો અથવા મનુષ્યો આહારકની સત્તાવાળા પણ હોય છે, અને તેની સત્તા વિનાના પણ હોય છે, માટે તેઓને બંને સત્તાસ્થાનો હોય છે. જો આહારક ચતુષ્કની સત્તા હોય તો બાણુંનું સત્તાસ્થાન અન્યથા અઠ્ઠાશીનું સત્તાસ્થાન હોય છે.

છવ્વીશ, સત્તાવીશ, અઠ્ઠાવીશ અને ઓગણત્રીશનો ઉદય છતાં પણ બાણું અને અઠ્ઠાશી એમ બે સત્તાસ્થાન યથાયોગ્ય રીતે હોય છે. ત્રીશના ઉદયે દેવગતિ કે નરકગતિ

યોગ્ય અઠ્ઠાવીશના બંધકને સામાન્યથી જાણું, અને અઠ્ઠાશીની સત્તા પહેલાં જેમ કહી, તેમ અહિં પણ સમજવી.

નેવ્યાસીની સત્તા આ રીતે હોય છે-કોઈ [1]મિથ્યાદષ્ટિ મનુષ્ય નારકીનું આયુ બાંધી ક્ષાયોપશમિક સમ્યક્ત્વ ઉપાર્જન કરે. ત્યારબાદ તથાપ્રકારના વિશિષ્ટ પરિણામના યોગે તીર્થંકરનામનો નિકાચિત બંધ કરે. તે મનુષ્ય નરકમાં જવા સન્મુખ થતાં પોતાનું અંતર્મુહૂર્ત્ત આયુ શેષ હોય ત્યારે સમ્યક્ત્વથી પડી મિથ્યાત્વે જાય. ત્યાં તે વખતે તે જીવને તીર્થંકર નામનો બંધ થતો નહિ હોવાથી નરકગતિ યોગ્ય અઠ્ઠાવીશ બાંધતાં નેવ્યાસીની સત્તા હોય છે.

છયાસીની સત્તા આ પ્રમાણે હોય છે-તીર્થંકરનામ, આહારકચતુષ્ક, દેવદ્વિક, નરકદ્વિક અને વૈક્રિયચતુષ્કની સત્તા જ્યારે ન હોય ત્યારે એંશીની સત્તા હોય છે. એંશીની સત્તાવાળો કોઈ (એકેન્દ્રિય) આત્મા પંચેન્દ્રિય તિર્યંચ કે મનુષ્યમાં ઉત્પન્ન થઈ સઘળી સ્વયોગ્ય પર્યાપ્તિએ પર્યાપ્તો થાય, પર્યાપ્તાવસ્થામાં જો વિશુદ્ધપરિણામવાળો થાય તો દેવગતિપ્રાયોગ્ય અઠ્ઠાવીશ પ્રકૃતિઓ બાંધે, અને તેના બંધે દેવદ્વિક અને વૈક્રિય-ચતુષ્કની સત્તા પ્રાપ્ત થાય એટલે તેને છયાશીનું સત્તાસ્થાન થાય. અથવા જો સર્વસં-ક્લિષ્ટ પરિણામવાળો થાય તો નરકગતિ યોગ્ય અઠ્ઠાવીશ પ્રકૃતિઓનો બંધ કરે. અને તેના બંધે નરકદ્વિક અને વૈક્રિયચતુષ્કની સત્તા પ્રાપ્ત થાય. એ રીતે પણ છયાશીનું સત્તાસ્થાન થાય.

એકત્રીશના ઉદયે બાણું, અઠ્ઠાશી અને છયાશી એમ ત્રણ સત્તાસ્થાનો હોય છે. આ ઉદય છતા નેવ્યાશીનું સત્તાસ્થાન હોતું નથી. કારણકે એકત્રીશનો ઉદય ઉદ્યોતના ઉદયવાળા તિર્યંચ પંચેન્દ્રિયોમાં હોય છે. તિર્યંચોમાં તીર્થંકર નામની (નિકાચિત) સત્તા હોતીજ નથી. કેમકે (નિકાચિત) જિનનામની સત્તાવાળો કોઈપણ આત્મા તિર્યંચગતિમાં ઉત્પન્ન થતો નથી. છયાશીના સત્તાસ્થાનનો વિચાર ઉપર કર્યા પ્રમાણે અહિં પણ સમજવો. આ પ્રમાણે અઠ્ઠાવીશના બંધકને આઠે ઉદયસ્થાનને આશ્રયી ઓગણીશ સત્તા-સ્થાનો થાય છે.

---

૧ કર્મગ્રંથનો એવો અભિપ્રાય છે કે જે લેશ્યાએ નારકીનું આયુ બાંધ્યું હોય તે લેશ્યા પોતાના ભવના છેલ્લા અંતર્મુહૂર્ત્તમાં જ્યારે આવી જાય ત્યારે નરકમાં જવા સન્મુખ થયેલો આત્મા ક્ષાયોપશમિક સમ્યક્ત્વ વમી નાખે છે. એટલે 'નરકમાં જવા સન્મુખ થયેલો આત્મા સમ્યક્ત્વથી પડી મિથ્યાત્વે જાય' એમ લખ્યું છે. તથા અહિં જેણે જિનનામ નિકાચિત કર્યું છે. તેની વિવક્ષા છે, અનિકાચિત જિનનામની વિવક્ષા નથી. કારણ કે નિકાચિત જિનનામની સત્તાવાળો અંતર્મુહૂર્ત્તથી અધિક મિથ્યાત્વે ટકી શકતોજ નથી. અને અનિકાચિતનો તો કોઈ નિયમજ નથી. મનુષ્યભવનું છેલ્લું અંતર્મુહૂર્ત્ત અને નારકીનું અપર્યાપ્તાવસ્થાનું અંતર્મુહૂર્ત્ત બંને મળી અંતર્મુહૂર્ત્ત પ્રમાણકાળ નિકાચિત જિનનામની સત્તાવાળો ઉપરોક્ત રીતે મિથ્યાત્વ ગુણસ્થાનકે રહે છે.

ઓગણત્રીશ અને ત્રીશના બંધે નવ નવ ઉદયસ્થાનો અને સાત સાત સત્તાસ્થાનકો હોય છે.

ઓગણત્રીશનું બંધસ્થાન તિર્યંચગતિ અને મનુષ્યગતિ યોગ્ય બાંધતાં બંધાય છે, તેના બંધક ચારે ગતિના આત્માઓ[1] છે. તીર્થંકરનામકર્મ સાથે દેવગતિયોગ્ય બંધ કરતાં પણ ઓગણત્રીશ બંધાય છે. તેના બંધક અવિરતિ સમ્યગ્દૃષ્ટિથી આરંભી અપૂર્વકરણ ગુણસ્થાન સુધીમાં વર્ત્તમાન મનુષ્યો છે.

ત્રીશનું બંધસ્થાન ઉદ્યોતનામ સાથે તિર્યંચગતિયોગ્ય બંધ કરતાં બંધાય છે. તેના બંધક ચારે ગતિના આત્માઓ છે તીર્થંકરનામ સાથે મનુષ્યગતિ યોગ્ય બંધ કરતાં પણ ત્રીશનું બંધસ્થાન બંધાય છે. તેના બંધક ચતુર્થ ગુણસ્થાનકે વર્ત્તમાન દેવો અને નારકીઓ છે. તેમજ આહારકદ્વિક સાથે દેવગતિયોગ્ય બંધ કરતાં પણ ત્રીશ બંધાય છે. તેના બંધક સાતમા અને આઠમા ગુણસ્થાનકના છટ્ઠા ભાગ સુધીમાં વર્ત્તમાન યતિઓ છે.

ઓગણત્રીશનો બંધ કરતાં જે નવ ઉદયસ્થાનકો કહ્યાં તે આ પ્રમાણે હોય છે–૨૧ ૨૪–૨૫–૨૬–૨૭–૨૮–૨૯–૩૦–૩૧.

તેમાં એકવીશનો ઉદય તિર્યંચ અને મનુષ્યગતિયોગ્ય ઓગણત્રીશ બાંધતા પર્યાપ્ત-અપર્યાપ્ત એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય, મનુષ્ય, દેવ અને નારકીઓને વિગ્રહગતિમાં હોય છે. ચોવીશનો ઉદય પર્યાપ્ત-અપર્યાપ્ત એકેન્દ્રિયોને હોય છે. પચીશનો ઉદય પર્યાપ્ત એકેન્દ્રિય, દેવ, નારકી અને વૈક્રિયશરીર જેઓએ વિકુર્વ્યું છે એવા મિથ્યાદૃષ્ટિ[2] મનુષ્ય અને તિર્યંચોને હોય છે. છવ્વીસનો ઉદય પર્યાપ્ત એકેન્દ્રિય, પર્યાપ્ત–અપર્યાપ્ત વિકલેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યોને હોય છે. સત્તાવીશનો ઉદય પર્યાપ્ત એકેન્દ્રિય, દેવ, નારકી, અને મિથ્યાદૃષ્ટિ વૈક્રિય તિર્યંચ–મનુષ્યોને હોય છે. અઠ્ઠાવીશ અને ઓગણત્રીશનો ઉદય વિકલેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય, મનુષ્ય, દેવ, નારકી, અને મિથ્યાદૃષ્ટિ

---

૧ એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, અસંજ્ઞિ તિર્યંચ, અસંજ્ઞિ મનુષ્ય, અને નરકગતિયોગ્ય બંધ પહેલા ગુણસ્થાનકે જ થાય છે. સંજ્ઞિ-પર્યાપ્ત તિર્યંચ પંચેન્દ્રિય યોગ્ય બંધ પહેલા બે ગુણસ્થાન સુધી થાય છે. સંજ્ઞિ પર્યાપ્ત મનુષ્ય યોગ્ય બંધ પહેલા ચાર ગુણસ્થાન સુધી થાય છે. ત્રીજે–ચોથે ગુણસ્થાનકે વર્ત્તમાન દેવો તથા નારકો મનુષ્યગતિ યોગ્ય બંધ કરે છે, અને મનુષ્યો તથા તિર્યંચ પંચેન્દ્રિયો દેવગતિ યોગ્ય બંધ કરે છે. અપર્યાપ્ત સંજ્ઞિ તિર્યંચ કે મનુષ્યગતિયોગ્ય બંધ પણ પહેલા ગુણસ્થાનકેજ થાય છે. તથા દેવગતિ યોગ્ય બંધ પહેલા ગુણસ્થાનકથી આઠમાના છઠ્ઠા ભાગ સુધીમાં વર્ત્તમાન આત્માઓ યોગ્યતા પ્રમાણે કરે છે. આ લક્ષ્ય રાખીને બંધસ્થાનોનો વિચાર કરવો. તથા કયા જીવને કેટલાં ગુણસ્થાનો હોય છે તેનો વિચાર કરી ઉદયસ્થાનકો વિચારવાં.

૨ વૈક્રિય તિર્યંચ–મનુષ્યો સાથે મિથ્યાદૃષ્ટિ વિશેષણ જોડવાનું કારણ તેઓજ તિર્યંચ–મનુષ્યગતિ યોગ્ય બાંધે છે. તેઓ જો સમ્યગ્દૃષ્ટિ હોય તો દેવગતિયોગ્યજ બંધ કરે છે.

વૈક્રિય તિર્યંચ-મનુષ્યોને હોય છે. ત્રીશનો ઉદય વિકલેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય, મનુષ્ય, અને ઉદ્યોતના વેદક દેવોને હોય છે. એકત્રીશનો ઉદય ઉદ્યોતના ઉદયવાળા પર્યાપ્ત વિકલેન્દ્રિય અને તિર્યંચ પંચેન્દ્રિયોને હોય છે.

તીર્થંકરનામ સાથે દેવગતિયોગ્ય ઓગણત્રીશ પ્રકૃતિનો બંધ કરતા અવિરતિ સમ્યગ્દૃષ્ટિ મનુષ્યને સાત ઉદયસ્થાનકો હોય છે. તે આ–૨૧–૨૫–૨૬–૨૭–૨૮–૨૯–૩૦

સમ્યગ્દૃષ્ટિ મનુષ્ય અપર્યાપ્તા કે પર્યાપ્તાવસ્થામાં પ્રતિસમય દેવગતિ યોગ્યજ બંધ કરે છે. અને જેઓએ જિનનામને નિકાચિત કર્યું છે તેઓ જિનનામની બંધયોગ્ય ભૂમિમાં–ચોથા ગુણસ્થાનકથી આઠમા ગુણસ્થાનકના છઠ્ઠા ભાગ સુધીમાં પ્રતિસમય તેનો બંધ કર્યાજ કરે છે, માટે દેવગતિ યોગ્ય ઓગણત્રીશ પ્રકૃતિનો બંધ અપર્યાપ્તા કે પર્યાપ્તા બંને અવસ્થામાં થાય છે. એટલે ૨૧–૨૬–૨૮–૨૯–૩૦ ના ઉદયે વર્ત્તમાન અવિરતિ સમ્યગ્દૃષ્ટિ મનુષ્ય દેવગતિ યોગ્ય ઓગણત્રીશનો બંધ કરી શકે છે. અને ૨૫–૨૭–૨૮–૨૯ ના ઉદયે વર્ત્તમાન વૈક્રિય અવિરતિ સમ્યગ્દૃષ્ટિ મનુષ્ય પણ ઉપર પ્રમાણે ઓગણત્રીશ બાંધી શકે છે.

દેશવિરતિ ગુણસ્થાન પર્યાપ્તાવસ્થામાંજ હોય છે. એટલે ત્રીશના ઉદયે વર્ત્તમાન મનુષ્ય દેવગતિ યોગ્ય ઓગણત્રીશ પ્રકૃતિનો બંધ કરી શકે છે. અને ૨૫–૨૭–૨૮–૨૯ એ ચાર ઉદયે વર્ત્તતો વૈક્રિય દેશવિરતિ મનુષ્ય ઓગણત્રીશનો બંધ કરે છે. વૈક્રિય મનુષ્યને અહિં ત્રીશનો ઉદય હોતો નથી. કેમકે ત્રીશનો ઉદય ઉદ્યોત સાથે હોય છે. મનુષ્યમાં ઉદ્યોતનો ઉદય આહારક શરીરી અને વૈક્રિય શરીરી યતિનેજ હોય છે, સંયતાસંયતને હોતો નથી.

પ્રમત્તસંયતને સામાન્યથી ત્રીશનો ઉદય છે. અને વૈક્રિય તથા આહારક સંયતને ૨૫–૨૭–૨૮–૨૯–૩૦ એ પાંચ ઉદયસ્થાનો છે. દરેક ઉદયસ્થાનોમાં વર્ત્તમાન દેવગતિયોગ્ય ઓગણત્રીશ બાંધી શકે છે. ત્રીશના ઉદયે વર્ત્તતા સામાન્ય અપ્રમત્ત સંયત, ૨૯–૩૦ ના ઉદયે વર્ત્તતા વૈક્રિયશરીરી અપ્રમત સંયત અને અપૂર્વકરણમાં વર્ત્તમાન આત્મા પણ ઉપર પ્રમાણે ઓગણત્રીશ બાંધે છે,

આહારક શરીરી અપ્રમત્ત સંયત ઓગણત્રીશ બાંધતા નથી. કેમકે આહારક શરીર નામનો બંધ કર્યા પછી તેની બંધ યોગ્ય ભૂમિમાં આહારક શરીર નામનો બંધ કર્યાજ કરે છે. એટલે આહારકશરીરી અપ્રમત્ત દેવગતિયોગ્ય આહારકદ્વિક સાથે ત્રીશ કે આહારકદ્વિક અને જિનનામ સાથે એકત્રીશનો બંધ કરે છે.

સામાન્યથી ઓગણત્રીશના બંધે સાત સત્તાસ્થાનો હોય છે. તે આ ૯૩–૯૨–૮૯ ૮૮––૮૬–૮૦–૭૮ તેમાં વિકલેન્દ્રિય અને તિર્યંચ પંચેન્દ્રિય યોગ્ય ઓગણત્રીશનો બંધ

કરતા પર્યાપ્ત-અપર્યાપ્ત એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિયોને એકવીશના ઉદયે ૯૨-૮૮-૮૬-૮૦-૭૮ એ પાંચ સત્તાસ્થાનો હોય છે. એ પ્રમાણે ૨૪-૨૫-૨૬ એ ત્રણ ઉદયમાં પણ પાંચે સત્તાસ્થાનો યથાયોગ્ય રીતે હોય છે. ૨૭-૨૮-૨૯-૩૦-૩૧ એ પાંચ ઉદયમાં અઠ્ઠોતેર સિવાય ચાર ચાર સત્તાસ્થાનો હોય છે. ભાવના ત્રેવીસના બંધસ્થાનકમાં જેમ કરી તેમ અહિં પણ કરી લેવી.

મનુષ્યગતિ યોગ્ય ઓગણત્રીશ બાંધતા એકેન્દ્રિય, વિકલેન્દ્રિય અને તિર્યંચ પંચેન્દ્રિયોને તથા તિર્યંચગતિ અને મનુષ્યગતિ યોગ્ય ઓગણત્રીશ બાંધતા મનુષ્યોને યથાયોગ્ય રીતે પોતાના ઉદયમાં વર્તતાં અટ્ઠોતેર સિવાય ૯૨-૮૮-૮૬-૮૦ એ ચાર સત્તાસ્થાનો હોય છે.

તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યગતિ યોગ્ય ઓગણત્રીશનો બંધ કરતા પોતપોતાના ઉદયમાં વર્તમાન દેવો અને નારકીઓને બાણું અને અઠ્ઠાશી એમ બે બે સત્તાસ્થાન હોય છે. માત્ર તીર્થંકરનામની સત્તાવાળા મિથ્યાદૃષ્ટિ નારકીને મનુષ્યગતિ યોગ્ય ઓગણત્રીશ બાંધતાં પોતાના પાંચે ઉદયમાં નેવ્યાશીનું સત્તાસ્થાન હોય છે. કારણ કે તીર્થંકર નામની સત્તાવાળો આહારક ચતુષ્કની સત્તા વિનાનો હોય તેનો મિથ્યાત્વ ગુણસ્થાનકે જવાનો તેમજ નરકમાં જવાનો સંભવ છે.

શાસ્ત્રમાં કહ્યું છે કે "આહારક અને જિનનામ એ બંનેની યુગપત્ સત્તા છતા મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનકે (કે નરકગતિમાં) જતો નથી." માટે ત્રાણુંમાંથી આહારકચતુષ્કની સત્તા દૂર કરતાં નેવ્યાશી સત્તામાં રહે છે.

તીર્થંકર નામકર્મ સાથે ઓગણત્રીશ પ્રકૃતિ બાંધતા એકવીશના ઉદયે વર્તમાન અવિરતિ સમ્યગ્દૃષ્ટિ મનુષ્યોને બે સત્તાસ્થાન હોય છે. તે આ-૯૩-૮૯. એ પ્રમાણે પચીસ, છવ્વીસ, સત્તાવીશ, અઠ્ઠાવીશ, ઓગણત્રીશ અને ત્રીશના ઉદયમાં પણ તેજ બબ્બે સત્તાસ્થાનકો કહેવાં. માત્ર પોતપોતાના ઉદયમાં વર્તતા આહારક સંયતને ત્રાણુંનુ એકજ સત્તાસ્થાન હોય છે.

આ પ્રમાણે સામાન્યથી ઓગણત્રીશના બંધે અને એકવીશના ઉદયે સાત સત્તાસ્થાનો, ચોવીસના ઉદયે પાંચ, પચીસના ઉદયે સાત, છવ્વીસના ઉદયે સાત, સત્તાવીશના ઉદયે છ, અઠ્ઠાવીશના ઉદયે છ, ઓગણત્રીશના ઉદયે છ, ત્રીશના ઉદયે છ, અને એકત્રીશના ઉદયે ચાર સત્તાસ્થાનો હોય છે. સઘળાં મળી ચોપન સત્તાસ્થાનો થાય છે.

જેમ તિર્યંચગતિ યોગ્ય ઓગણત્રીશ બાંધતા એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય, મનુષ્ય, દેવ, અને નારકીઓને ઉદય અને સત્તાસ્થાનો વિચાર્યાં, તેમ તિર્યંચગતિયોગ્ય ઉદ્યોતનામકર્મ સાથે ત્રીશ બાંધતા એકેન્દ્રિયાદિને પણ ઉદય અને સત્તાસ્થાનો કહેવાં.

તથા મનુષ્યગતિ યોગ્ય તીર્થંકર નામ સાથે ત્રીશ બાંધતા અવિરતિ સમ્યગ્દૃષ્ટિ

દેવોને ૨૧-૨૫-૨૭-૨૮-૨૯-૩૦ એ છ ઉદયસ્થાનો અને નારકીઓને ત્રીશ સિવાય પાંચ ઉદયસ્થાનકો હોય છે. સત્તાસ્થાનો સામાન્યતઃ ત્રાણું અને નેવ્યાસી એ બે હોય છે.

તેમાં મનુષ્યગતિયોગ્ય તીર્થંકરનામ સાથે ત્રીશ બાંધતા દેવોને પોતાના સઘળા ઉદયમાં ત્રાણું અને નેવ્યાશી એમ બે સત્તાસ્થાનકો હોય છે. તીર્થંકર નામ સાથે મનુષ્યગતિ યોગ્ય ત્રીશ બાંધતા [1]નારકીને પોતાના ચારે ઉદયમાં માત્ર નેવ્યાશીનું એક જ સત્તાસ્થાન હોય છે, ત્રાણુંનું હોતું નથી કેમકે તીર્થંકર નામ અને આહારક ચતુષ્ક બંનેની યુગપત્ સત્તાવાળો આત્મા નરકમાં ઉત્પન્ન થતો નથી. તથા ઉદ્યોતનામકર્મનો ઉદય નહિ હોવાથી નારકોને ત્રીશનું ઉદયસ્થાન હોતું નથી એટલે ચાર ઉદયસ્થાનકો કહ્યાં છે.

આહારકદ્વિક સાથે દેવગતિ યોગ્ય ત્રીશનો બંધ કરતા અપ્રમત્તસંયતને ત્રીશનું ઉદયસ્થાન અને બાણુંનું સત્તાસ્થાન હોય છે. અપૂર્વકરણને પણ એ પ્રમાણે હોય છે. આ પ્રમાણે સામાન્યથી ત્રીશના બંધકને એકવીશના ઉદયે સાત, ચોવીશના ઉદયે પાંચ, પચીશના ઉદયે સાત, છવ્વીશના ઉદયે પાંચ, સત્તાવીશના ઉદયે છ, અઠ્ઠાવીશના ઉદયે છ, ઓગણત્રીશના ઉદયે છ, ત્રીશના ઉદયે છ, અને એકત્રીશના ઉદયે ચાર સત્તાસ્થાનો હોય છે, સઘળાં મળી બાવન સત્તાસ્થાનો થાય છે.

એકત્રીશ પ્રકૃતિનો બંધ કરતાં ત્રીશનું એકજ ઉદયસ્થાન હોય છે. [2]કારણ કે તીર્થંકર

---

૧ નારકોને અપર્યાપ્તાવસ્થામાં કર્મગ્રંથના મતે ક્ષાયિક એક જ સમ્યક્ત્વ હોય છે, અને સિદ્ધાંતના મતે ક્ષાયિક અને ક્ષાયોપશમિક બે હોય છે. દેવોમાં ત્રણે સમ્યક્ત્વ હોય છે. તેમાં ઉપશમ સમ્યક્ત્વ શ્રેણિમાંનું હોય છે.

૨ એકત્રીશના બંધે સ્વભાવસ્થ સંયતનું ત્રીશનું એક જ ઉદયસ્થાન લીધું છે. પરંતુ આહારક અને વૈક્રિય સંયતનાં ૨૯-૩૦ એ બે ઉદયસ્થાન લીધાં નથી. કારણમાં એમ કહ્યું છે કે અપ્રમત્ત ગુણસ્થાનકવાળા આહારક અને વૈક્રિય શરીર કરતા નથી, માટે અન્ય ઉદયો સંભવતા નથી. આ હકીકત બરાબર છે-કે અપ્રમત્ત સંયત આહારક શરીરનો પ્રારંભ કરતા નથી પરંતુ પ્રમત્તે શરૂ કરી આહારક શરીર યોગ્ય સઘળી પર્યાપ્તિઓ પૂર્ણ કરી ઉદ્યોતનો ઉદય થતાં પહેલાં તે અપ્રમત્તે જઈ શકે છે, એટલે ત્યાં તેને ૨૯-૩૦ એમ બે ઉદયસ્થાનકો સંભવે છે. વળી અહિં આહારક કાયયોગ, મનોયોગના ચાર ભેદ, વચનયોગના ચાર ભેદ, વૈક્રિય કાયયોગ અને ઔદારિકકાયયોગ એમ અગિયાર યોગ લીધા છે. તેમાં આહારક અને વૈક્રિય પણ લીધા છે. એટલે આહારક શરીરીનો અપ્રમત્તે કઈરીતે નિષેધ થઈ શકે ? જ્યારે આહારક શરીરી અપ્રમત્તે હોઈ શકતો હોય ત્યારે તેના બંધસ્થાનકનો પણ વિચાર કરવો જોઈએ. શ્રી મલયગિરિજી મહારાજ કર્મગ્રંથ ગાથા ૫૨ ની ટીકામાં લખે છે કે यस्य हि तीर्थकरमाहारकं वा सत् स नियमात्तद् बध्नाति तेनैकैकस्मिन् बन्धे एकैकमेव सत्तास्थानं' અર્થાત્ જેને તીર્થંકર અથવા આહારકની સત્તા હોય તે અવશ્ય તેનો બંધ કરે છે. માટે એકેક બંધે એકેક જ સત્તાસ્થાન હોય છે" આહારકની સત્તા વિના આહારક શરીર કરી શકતા નથી માટે આહારક શરીરી પણ ઉપરના નિયમ પ્રમાણે આહારકદ્વિક બાંધે છે એમ નક્કી થાય છે. એટલે ૨૯-૩૦ના ઉદયવાળા વૈક્રિય કે આહારક સંયત અને ત્રીશના ઉદયવાળા સ્વભાવસ્થ અપ્રમત્ત સંયતો એકત્રીશ બાંધે છે અને તેને ૯૩ની સત્તા હોઈ શકે છે. ત્યાં અલ્પ જીવો જતા હોય કે અલ્પ કાળ રહેતા હોય અને વિવક્ષા ન કરી હોય તો તે સંભવે છે. તત્વકેવલી ગમ્ય.

નામ અને આહારકદ્વિક સાથે દેવગતિ યોગ્ય બાંધતા અપ્રમત્ત સંયત અને અપૂર્વકરણને એકત્રીશનો બંધ થાય છે. તેઓ વૈક્રિય કે આહારક કરતા નથી, માટે પચીસ આદિ ઉદયો અહિં સંભવતા નથી. અહિં સત્તાસ્થાન માત્ર ત્રણનું જ હોય છે. કેમકે તીર્થંકરનામ અને આહારક ચતુષ્ક એ બંનેની સત્તા અહિં છે.

આઠમા ગુણસ્થાનકના છઠ્ઠા ભાગ પછીથી દેવગતિયોગ્ય કર્મનો બંધ વિચ્છેદ થયા બાદ એકલી યશકીર્ત્તિનો જ્યારે બંધ થાય ત્યારે ઉદયસ્થાન માત્ર ત્રીશનું જ હોય છે. કેમકે અપૂર્વકરણાદિ એક યશકીર્ત્તિ બાંધે છે, અને તેઓ અતિવિશુદ્ધ પરિણામવાળા હોવાથી વૈક્રિય કે આહારક લબ્ધિ ફોરવતા નથી. માટે પચીસ આદિ ઉદયસ્થાનો અહિં હોતાં નથી.

સત્તાસ્થાનો આઠ હોય છે. તે આ-૯૩-૯૨-૮૯-૮૮-૮૦-૭૯-૭૬-૭૫. તેમાં આદિનાં ચાર ઉપશમશ્રેણિમાં હોય છે, અને ક્ષપકશ્રેણિમાં અનિવૃત્તિ બાદરસંપરાય ગુણસ્થાનકે જ્યાં સુધી નામકર્મની તેર પ્રકૃતિઓનો ક્ષય થયો હોતો નથી ત્યાં સુધી હોય છે. નામકર્મની તેર પ્રકૃતિઓનો ક્ષય થયા બાદ અનેક જીવોની અપેક્ષાએ પાછળનાં ૮૦ આદિ ચાર સત્તાસ્થાનો હોય છે, અને તે સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકના ચરમ સમય પર્યંત હોય છે, કેમકે યશકીર્ત્તિનો બંધ ત્યાં સુધી જ થાય છે.

બંધ વિચ્છેદ થયા બાદ દશ ઉદયસ્થાનો હોય છે. તે આ પ્રમાણે-૨૦-૨૧-૨૬-૨૭ ૨૮-૨૯-૩૦-૩૧-૯-૮. તેમાં ઉપશાંતમોહગુણસ્થાનકે ત્રીશનું એક જ ઉદયસ્થાન હોય છે, અને શરૂઆતનાં ૯૩ આદિ ચાર સત્તાસ્થાનકો હોય છે. ક્ષીણમોહે પણ ત્રીશનું એક જ ઉદયસ્થાન હોય છે. અને પાછળનાં ચાર સત્તાસ્થાનો હોય છે.

સયોગિકેવલિ ગુણસ્થાનકે નવ અને આઠ સિવાય ઉપર કહ્યાં તે સઘળાં ઉદયસ્થાનો હોય છે તેમાંથી વીશ અને એકવીશનો ઉદય કેવલી સમુદ્ઘાતમાં કાર્મણ કાયયોગે વર્તમાન સામાન્ય કેવલિ અને તીર્થંકર ભગવાનને અનુક્રમે હોય છે. ઔદારિકમિશ્રકાયયોગે વર્તમાન તેઓને જ અનુક્રમે છવ્વીસ અને સત્તાવીશનો ઉદય હોય છે. સ્વભાવસ્થ સામાન્ય કેવલી મહારાજને ત્રીશ, તેઓને જ સ્વરનો રોધ કરે ત્યારે ઓગણત્રીશ, અને ઉચ્છ્વાસનો રોધ કરે ત્યારે અઠ્ઠાવીશનો ઉદય હોય છે.

સ્વભાવસ્થ તીર્થંકર ભગવાનને એકત્રીશ, સ્વરનો રોધ કરે ત્યારે ત્રીશ, અને ઉચ્છ્વાસનો રોધ કરે ત્યારે ઓગણત્રીશનો ઉદય હોય છે. આ રીતે ત્રીશ અને ઓગણત્રીશનો ઉદય બે પ્રકારે પ્રાપ્ત થાય છે.

અયોગિકેવલિ તીર્થંકર ભગવાનને નવનો ઉદય અને સામાન્ય કેવલીને આઠનો ઉદય હોય છે.

સત્તાસ્થાનો દશ હોય છે, તે આ પ્રમાણે—૯૩–૯૨–૮૯–૮૮–૮૦–૭૯–૭૬–૭૫ ૯–૮. તેમાં વીશના ઉદયે બે સત્તાસ્થાન હોય છે. ૭૯–૭૫. એ પ્રમાણે છવ્વીશ અને અઠ્ઠાવીશના ઉદયે પણ ૭૯–૭૫ એ બે સત્તાસ્થાનો હોય છે. એકવીશના ઉદયે ૮૦–૭૬ એ બે સત્તાસ્થાનો હોય છે. એ પ્રમાણે સત્તાવીશના ઉદયે પણ બે સત્તાસ્થાનો હોય છે. ઓગણત્રીશના ઉદયે ચાર સત્તાસ્થાનો હોય છે. તે આ ૮૦–૭૬–૭૯–૭૫. કારણ કે ઓગણત્રીશનો ઉદય તીર્થંકર અને અતીર્થંકર બંનેને હોય છે. તેમાંના આદિનાં બે તીર્થંકર ભગવાનને અને છેવટનાં બે અતીર્થંકર ભગવાનને હોય છે.

(અહિં એ ખ્યાલમાં રાખવું કે સયોગિકેવલિ ગુણસ્થાનકે તીર્થંકર ભગવાનને પોતાના સઘળા ઉદયોમાં ૮૦–૭૬ એ બે સત્તાસ્થાનો હોય છે. અને સામાન્ય કેવલીને પોતાના સઘળા ઉદયોમાં ૭૯–૭૫ એ બે સત્તાસ્થાનો હોય છે. સામાન્ય કેવલીને ૨૦–૨૬–૨૮ ૨૯–૩૦ એ પાંચ ઉદયસ્થાનો અને તીર્થંકર ભગવાનને ૨૧–૨૭–૨૯–૩૦–૩૧ એ પાંચ ઉદયસ્થાનો હોય છે, અયોગીનાં ઉદયસ્થાનો તથા સત્તાસ્થાનો તો સ્પષ્ટ છે.)

ત્રીશના ઉદયે આઠ સત્તાસ્થાનો હોય છે. તે આ પ્રમાણે. ૯૩–૯૨–૮૯–૮૮–૮૦ ૭૯–૭૬–૭૫. તેમાંનાં આદિનાં ચાર ઉપશાંતમોહ ગુણસ્થાનકે હોય છે. ૮૦ ક્ષીણમોહ-ગુણસ્થાનકે અથવા સયોગીકેવલી ગુણસ્થાનકે તીર્થંકર અને આહારક ચતુષ્કની સત્તાવાળાને હોય છે. ૭૯ ક્ષીણમોહ ગુણસ્થાનકે અથવા સયોગીકેવલી ગુણસ્થાનકે તીર્થંકર નામની સત્તા વિનાનાને હોય છે. ૭૬ ક્ષીણમોહગુણસ્થાનકે અથવા સયોગિકેવલી ગુણસ્થાનકે આહારક ચતુષ્કની સત્તાવિનાનાને હોય છે. ૭૫ ક્ષીણમોહ ગુણસ્થાનકે અથવા સયોગિકેવલી ગુણસ્થાનકે તીર્થંકર અને આહારક ચતુષ્ક બંનેની સત્તા રહિતને હોય છે.

એકત્રીશના ઉદયે તીર્થંકર ભગવાનને એંશી અને છોંતેર એ બે સત્તાસ્થાનો હોય છે. સામાન્ય કેવલિને એકત્રીશનો ઉદય હોતો નથી.

અયોગી કેવલિ ગુણસ્થાનકે નવના ઉદયે તીર્થંકર ભગવાનને અયોગિના દ્વિચરમસમય-પર્યંત એંશી અને છોંતેર, અને ચરમ સમયે નવનું સત્તાસ્થાન હોય છે. આઠના ઉદયવાળા અયોગી અતીર્થંકર ભગવાનને અયોગિના દ્વિચરમસમય પર્યંત ઓગણએંશી અને પંચોતેર તથા ચરમ સમયે આઠનું સત્તાસ્થાન હોય છે.

આ પ્રમાણે અબંધકને દશે ઉદયસ્થાનો આશ્રયી ત્રીશ સત્તાસ્થાનો થાય છે. ૯૯–૧૦૦

આ પ્રમાણે સઘળાં કર્મોના બંધસ્થાનકોનો, ઉદયસ્થાનકોનો અને સત્તાસ્થાનકોનો સ્વતંત્રપણે અને સંવેધદ્વારા ગુણસ્થાનકોમાં વિચાર કર્યો, હવે સઘળા કર્મોના બંધ, ઉદય અને સત્તાને સંવેધદ્વારા ગુણસ્થાનકોમાં વિચાર કરવા ઇચ્છતા પહેલાં જ્ઞાનાવરણીયનો અને તેની સમાન સંખ્યાવાળા અંતરાયકર્મનો વિચાર કરતા આ ગાથા કહે છે—

बंधोदयसंतेसुं पण पण पढमंतिमाण जा सुहुमो ।
संतोइण्णाइं पुण उवसमखीणे परे नत्थि ॥१०१॥

बन्धोदयसत्सु पञ्च पञ्च प्रथमान्तिमयोर्यावत्सूक्ष्मः ।
सत्य उदीर्णाः पुनः उपशान्तक्षीणयोः परतः नास्ति ॥१०१॥

અર્થ—સૂક્ષ્મસંપરાય પર્યંત પહેલા અને છેલ્લા કર્મની બંધ, ઉદય અને સત્તામાં પાંચ-પાંચ પ્રકૃતિઓ હોય છે. ઉપશાંતમોહે અને ક્ષીણમોહે સત્તા અને ઉદયમાં પાંચ-પાંચ હોય છે. પછીના ગુણસ્થાનકે હોતી નથી.

ટીકાનુ૦—મિથ્યાદષ્ટિ ગુણસ્થાનકથી આરંભી સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનક પર્યંત પહેલા અને છેલ્લા—જ્ઞાનાવરણીય અને અંતરાય કર્મની બંધમાં, ઉદયમાં તેમજ સત્તામાં પાંચે પાંચ પ્રકૃતિઓ હોય છે. એટલે કે-મિથ્યાદષ્ટિથી સૂક્ષ્મસંપરાય સુધીનાં દશ ગુણસ્થાનકોમાં જ્ઞાનાવરણીયની તેમજ અંતરાયની પાંચે પ્રકૃતિનો બંધ, પાંચે પ્રકૃતિનો ઉદય અને પાંચે પ્રકૃતિની સત્તા હોય છે, એક પણ ઓછી હોતી નથી કેમકે તે પ્રકૃતિઓ ધ્રુવબંધિ, ધ્રુવોદયી અને ધ્રુવસત્તાવાળી છે.

બંધવિચ્છેદ થયા બાદ ઉપશાંતમોહ અને ક્ષીણમોહે પાંચેનો ઉદય અને પાંચેની સત્તા હોય છે. એટલે કે ઉપશાંતમોહ અને ક્ષીણમોહ ગુણસ્થાનકે પાંચેનો ઉદય અને પાંચેની સત્તા હોય છે. ક્ષીણમોહથી આગાડી સયોગિ-અયોગિ કેવલિ ગુણસ્થાનકે એ બંને કર્મની એક પણ પ્રકૃતિ ઉદય કે સત્તામાં હોતી નથી. કેમકે ક્ષીણમોહના ચરમ સમયેજ ઉદય અને સત્તામાંથી ક્ષય થાય છે.

હવે દર્શનાવરણીય કર્મના બંધ ઉદય અને સત્તાસ્થાનોનો સંવેધ દ્વારા વિચાર કરતા આ ગાથા કહે છે—

मिच्छासासायणेसुं नवबंधुवलक्खिया उ दो भंगा ।
मीसाओ य नियट्टी जा छब्बंधेण दो दो उ ॥१०२॥

मिथ्यादृष्टिसासादनयोर्नवबन्धोपलक्षितौ तु द्वौ भङ्गौ ।
मिश्राच्च निवृत्तिं यावत् षड्बन्धेन द्वौ द्वौ तु ॥१०२॥

અર્થ—મિથ્યાદષ્ટિ અને સાસાદનગુણસ્થાને નવના બંધવાળા બે ભંગ હોય છે. અને મિશ્રથી અપૂર્વકરણ પર્યંત છના બંધવાળા બબ્બે ભંગ હોય છે.

ટીકાનુ૦—મિથ્યાદષ્ટિ અને સાસ્વાદન ગુણસ્થાનકે દર્શનાવરણીયકર્મના નવના બંધ વડે ઉપલક્ષિત એટલે કે નવના બંધવાળા બબ્બે ભંગ હોય છે. તે આ પ્રમાણે-૧ નવનો

બંધ, ચારનો ઉદય, નવની સત્તા. આ ભંગ નિદ્રાનો ઉદય જ્યારે ન હોય ત્યારે હોય છે. ૨ નવનો બંધ, પાંચનો ઉદય, નવની સત્તા. આ ભંગ નિદ્રાનો ઉદય હોય ત્યારે હોય છે.

મિશ્રદૃષ્ટિ ગુણસ્થાનકથી આરંભી અપૂર્વકરણ ગુણસ્થાનકના પ્રથમ ભાગ પર્યંત છના બંધવાળા બબ્બે ભંગ હોય છે. તે આ–૧ છનો બંધ, ચારનો ઉદય, નવની સત્તા. ૨. છનો બંધ, પાંચનો ઉદય, નવની સત્તા. આ બંને ભંગ અનુક્રમે નિદ્રાના અનુદયકાળે અને નિદ્રાના ઉદયકાળે હોય છે. ૧૦૨.

चउबंधे नवसंते दोण्णि अपुव्वाउ सुहुमरागो जा ।
अब्बंधे णवसंते उवसंते हुंति दो भंगा ॥१०३॥

चतुर्बन्धे नवकसत्तायां द्वौ अपूर्व्वात्सूक्ष्मरागं यावत् ।
अबन्धे नवकसत्तायामुपशान्ते भवतो द्वौ भङ्गौ ॥१०३॥

અર્થ–અપૂર્વકરણથી સૂક્ષ્મસંપરાય પર્યંત ચારનો બંધ અને નવની સત્તા છતા બબ્બે ભંગ થાય છે. બંધાભાવે ઉપશાન્તમોહે નવની સત્તા છતા બે ભંગ થાય છે.

ટીકાનુ૦—અપૂર્વકરણના સંખ્યાતમા ભાગે નિદ્રા અને પ્રચલાનો બંધ વિચ્છેદ થયા બાદ સંખ્યાતમા ભાગથી આરંભી ઉપશમશ્રેણિમાં સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનક પર્યંત ચારનો બંધ અને નવની સત્તા છતા બે ભંગ થાય છે. તે આ પ્રમાણે–૧ ચારનો બંધ, ચારનો, ઉદય, નવની સત્તા, ૨ ચારનો બંધ, પાંચનો ઉદય, નવની સત્તા. આ બંને ભંગ અનુક્રમે નિદ્રાના અનુદયકાળે અને નિદ્રાના ઉદયકાળે હોય છે.

બંધવિચ્છેદ થયા પછી ઉપશાંતમોહગુણસ્થાનકે નવની સત્તા છતા બે ભંગ થાય છે. તે આ–૧ ચારનો ઉદય, નવની સત્તા, ૨ પાંચનો ઉદય, નવની સત્તા. ઉપશમશ્રેણિમાં નિદ્રાનો ઉદય હોઈ શકે છે, એટલે નિદ્રાના ઉદયવાળા ભંગો પણ સંભવે છે. અહિં અતિ મંદ નિદ્રાનો ઉદય હોય છે. ૧૦૩

चउबंधे छस्संते बायरसुहुमाणमेगुक्खवयाणं ।
छसु चउसु व संतेसु दोण्णि अबंधंमि खीणस्स ॥१०४॥

चतुर्बन्धे षट्कसत्तायां बादरसूक्ष्मयोरेकः क्षपकयोः ।
षट्सु चतसृषु वा सत्सु द्वौ अबन्धे क्षीणस्य ॥१०४॥

અર્થ–ક્ષપક બાદર અને સૂક્ષ્મસંપરાયે ચારનો બંધ, ચારનો ઉદય અને છની સત્તાએ એક ભંગ થાય છે. બંધાભાવે છ અથવા ચારની સત્તા છતા ક્ષીણમોહિને બે ભંગ થાય છે.

ટીકાનુ૦—ક્ષપકશ્રેણિમાં વર્ત્તમાન અનિવૃત્તિ બાદરસંપરાય અને સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકે ચારનો બંધ અને છની સત્તા છતા એક ભંગ થાય છે. તે આ પ્રમાણે–ચારનો, બંધ, ચારનો ઉદય, છની સત્તા. ક્ષપક આત્મા અત્યન્ત વિશુદ્ધિવાળો હોવાથી તેને નિદ્રાનો ઉદય નથી, માટે પાંચનો ઉદય સંભવતો નથી. તેથી એકજ ભંગ થાય છે.

બંધવિચ્છેદ થયા બાદ ક્ષીણમોહ ગુણસ્થાનકે છ અને ચારની સત્તા છતા બે ભંગ થાય છે. તે આ પ્રમાણે (૧) ચારનો ઉદય છની સત્તા આ વિકલ્પ ક્ષીણમોહના દ્વિચરમ સમય પર્યન્ત હોય છે. અને ચરમ સમયે (૨) ચારનો ઉદય, ચારની સત્તા એ ભંગ હોય છે. ૧૦૪

આ પ્રમાણે દર્શનાવરણીયકર્મનો બંધ, ઉદય અને સત્તાના સંવેધનો ગુણસ્થાનકોમાં વિચાર કર્યો. હવે વેદનીયના સંવેધનો વિચાર કરે છે—

चत्तारि जा पमत्तो दोण्णि उ जा जोगि सायबंधेणं।
सेलेसि अबंधे चउ इगि संते चरिमसमए दो ॥१०५॥

चत्वारो यावत्प्रमत्तः द्वौ तु यावत्सयोगी सातबन्धेन ।
शैलेशेऽबन्धे चत्वारः एकस्मिन्सति चरिमसमये द्वौ ॥१०५॥

અર્થ—વેદનીયકર્મના પ્રમત્તસંયત પર્યંત ચાર ભાંગા છે. સાતાના બંધથી થતા બે ભાંગા સયોગિકેવલી પર્યંત હોય છે. બંધવિચ્છેદ થયા પછી અયોગિ ગુણસ્થાનકે ચાર અને છેલ્લે સમયે એકની સત્તા હોય ત્યારે બે ભાંગા હોય છે.

ટીકાનુ૦—મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનકથી આરંભી પ્રમત્ત સંયત ગુણસ્થાનક પર્યંત કાળ-ભેદે અનેક જીવોની અપેક્ષાએ વેદનીય કર્મના ચાર ભાંગા હોય છે. તે આ પ્રમાણે–૧ અસાતાનો બંધ, અસાતાનો ઉદય, સાતા–અસાતાની સત્તા. ૨. અસાતાનો બંધ, સાતાનો ઉદય, સાતા–અસાતાની સત્તા, ૩ સાતાનો બંધ, સાતાનો ઉદય, સાતા–અસાતા બંનેની સત્તા, ૪ સાતાનો બંધ, અસાતાનો ઉદય, સાતા–અસાતા બંનેની સત્તા. કોઈને કોઈ પ્રકૃતિનો બંધ હોય, કોઈ ને કોઈનો હોય, એ પ્રમાણે કોઈને કોઈ પ્રકૃતિનો ઉદય હોય, કોઈને કોઈનો હોય. એટલે ભિન્ન ભિન્ન જીવોની અપેક્ષાએ કાળભેદે ઉપરોક્ત ભાંગાઓ સંભવે છે.

અપ્રમત્તસંયત ગુણસ્થાનથી આરંભી સયોગિકેવલિ ગુણસ્થાનક પર્યંત સાતાના બંધ-વાળા બે ભાંગા સંભવે છે. કેમકે અસાતાનો બંધ તો છઠ્ઠા ગુણસ્થાનક સુધી જ હોય છે, એટલે સાતમા ગુણસ્થાનકથી અસાતાના બંધવાળા ભાંગા થતા નથી. બે ભાંગા આ પ્રમાણે છે–૧ સાતાનો બંધ, સાતાનો ઉદય, સાતા–અસાતાની સત્તા, ૨ સાતાનો બંધ, અસાતાનો ઉદય, સાતા–અસાતા એ બેની સત્તા.

બંધવિચ્છેદ થયા બાદ શૈલેશ-અયોગિકેવલિ ગુણસ્થાનકે ચાર વિકલ્પ થાય છે. તેમાંના બે આ પ્રમાણે–૧ સાતાનો ઉદય, સાતા–અસાતાની સત્તા ૨ અસાતાનો ઉદય સાતા–અસાતાની સત્તા. આ બે વિકલ્પ અયોગિ ગુણસ્થાનકના દ્વિચરમ સમય પર્યંત હોય છે.

અયોગિ ગુણસ્થાનકે તેના પહેલા સમયથી આરંભી જેનો ઉદય હોય તે તેના છેલ્લા સમય પર્યંત કાયમ રહે છે, વચમાં ઉદય પલટાતો નથી. કોઇ આત્માને જો પ્રથમ સમયથી આરંભી અસાતાનો ઉદય હોય તો ચરમ સમય પર્યંત અસાતાનો જ ઉદય રહે છે, કોઈ આત્માને જો સાતાનો ઉદય હોય તો ચરમ સમય પર્યંત સાતાનો ઉદય કાયમ રહે છે. અયોગિના દ્વિચરમ સમય પર્યંત સત્તા તો બંનેની હોય છે. છેલ્લે સમયે જેનો ઉદય હોય તેની જ સત્તા રહે છે. જો સાતાનો ઉદય હોય તો ચરમ સમયે સાતાની સત્તા રહે, અને જો અયોગિના પ્રથમ સમયથી અસાતાનો ઉદય હોય તો ચરમ સમયે અસાતાની સત્તા રહે છે.

જેનો ઉદય હોય તેની સત્તા કાયમ રહી જેનો ઉદય ન હોય તેની સત્તાનો દ્વિચરમ સમયે નાશ થાય છે. એટલે જ અયોગિ ગુણસ્થાનકના ચરમ સમયે કોઈ પણ એક સાતા કે અસાતાની સત્તા છતા બે ભંગ થાય છે. તે આ–૧ અસાતાનો ઉદય–અસાતાની સત્તા. આ વિકલ્પ જેને અયોગિના પ્રથમ સમયથી આરંભી અસાતાનો ઉદય હોય તેને સંભવે છે. ૨ સાતાનો ઉદય–સાતાની સત્તા આ ભંગ પ્રથમ સમયથી જ જેને સાતાનો ઉદય હોય તેને સંભવે છે. ચરમ સમયે જેનો ઉદય હોય તે સિવાયની અન્ય પ્રકૃતિનો દ્વિચરમ સમયે સત્તામાંથી નાશ થાય છે, એટલે ચરમ સમયે એકજ સત્તામાં રહે છે. તેરમા ગુણસ્થાનક સુધી સાતા–અસાતા પરાવર્ત્તમાન હોવાથી તેનો ઉદય પલટાયા કરે છે, એક જીવને પણ કોઇ એકનો ઉદય કાયમ રહેતો નથી. ૧૦૫

હવે ગુણસ્થાનકોમાં આયુકર્મના બંધ, ઉદય અને સત્તાસ્થાનાનોના સંવેધનો વિચાર કરે છે—

अट्ठछलाहियवीसा सोलस वीसं च बारस छ दोसु ।
दो चउसु तीसु एक्कं मिच्छाइसु आउए भंगा ॥१०६॥

नरतिरि उदए नारयबंधविहूणा उ सासणि छव्वीसा ।
बंधसमऊण सोलस मीसे चउ बंध जुय सम्मे ॥१०७॥

देसविरयम्मि बारस तिरिमणुभंगा छबंधपरिहीणा ।
मणुभंगतिबंधूणा दुसु सेसा उभयसेढीसु ॥१०८॥

अष्टषडधिकविंशतिः षोडश विंशतिश्च द्वादश षड् द्वयोः ।
द्वौ चतुर्षु त्रिष्वेको मिथ्यात्वादिष्वायुषो भंगाः ॥१०६॥
नरतिरश्च उदये नारकबन्धविहीनास्तु सासादने षड्विंशतिः ।
बन्धसमन्यूनाः षोडश मिश्रे चत्वारो बन्धेन युता सम्यक्त्वे ॥१०७॥
देशविरते द्वादश तिर्यग्मनुजभंगाः बन्धेन षड्बन्धपरिहीनाः ।
मनुजभंगाः त्रिबन्धोनाः द्वयोः शेषा उभयश्रेण्योः॥१०८॥

અર્થ—અઠ્ઠાવીશ, છવ્વીશ, સોળ, વીશ, બાર, બેમાં છ, ચારમાં બે, અને ત્રણમાં એક, આ પ્રમાણે મિથ્યાદષ્ટિ આદિ ગુણસ્થાનકોમાં આયુકર્મના ભાંગા હોય છે.

મનુષ્ય અને તિર્યંચાયુના ઉદયે નારકાયુના બંધ વિનાના સાસાદને છવ્વીસ ભાંગા હોય છે. બંધની સમાન ન્યૂન—મિશ્રગુણસ્થાનકે આયુનો બંધ થતો નહિ હોવાથી બંધથી થતા ભાંગા વડે ન્યૂન સોળ ભાંગા મિશ્રદષ્ટિને હોય છે. બંધથી થતા ચાર ભાંગા મેળવતાં વીશ અવિરતિ સમ્યગ્દષ્ટિ ગુણસ્થાનકે હોય છે.

બંધથી થતા છ ભાંગા રહિત તિર્યંચ અને મનુષ્યના બાર ભાંગા દેશવિરતિ ગુણસ્થાનકે હોય છે. બંધથી થતા ત્રણ ભાંગા રહિત મનુષ્યના છ ભાંગા બેમાં=પ્રમત્ત–અપ્રમત્ત ગુણસ્થાનકે હોય છે. બાકીના ગુણસ્થાનકના ભાંગાઓ બંને શ્રેણિમાં ગાથા ૧૦૬માં કહ્યા તે પ્રમાણે યથાયોગ્ય રીતે સમજવા.

ટીકાનુ૦—મિથ્યાદષ્ટિ ગુણસ્થાનકથી આરંભી અયોગિકેવલી સુધીના ગુણસ્થાનકોમાં અનુક્રમે આયુકર્મના આ નીચે કહેવામાં આવે છે, તે પ્રમાણે અઠ્ઠાવીશ આદિ ભાંગાઓ હોય છે. તેમાં મિથ્યાદષ્ટિ ગુણસ્થાનકે આયુકર્મના સઘળા—અઠ્ઠાવીશે ભાંગાઓ હોય છે. કેમકે મિથ્યાદષ્ટિ ગુણસ્થાનકે ચારે ગતિના જીવો હોય છે, અને તેઓ યથાયોગ્ય રીતે ચારે આયુનો બંધ કરે છે. એટલે આયુના બંધ પૂર્વના, આયુના બંધકાળે થતા, અને ત્યારપછીના સઘળા ભાંગાઓ અહિં સંભવે છે. તેથી નારકો આશ્રયી પાંચ, તિર્યંચો આશ્રયી નવ, મનુષ્યો આશ્રયી નવ, અને દેવો આશ્રયી પાંચ—એમ અઠ્ઠાવીશે ભાંગાઓ મિથ્યાદષ્ટિ ગુણસ્થાનકે હોય છે.

સાસ્વાદન ગુણસ્થાનકે છવ્વીસ ભાંગા હોય છે. કેમકે સાસ્વાદન ગુણસ્થાનકે વર્ત્તમાન મનુષ્ય–તિર્યંચો નારકાયુનો બંધ કરતા નથી, માટે મનુષ્ય–તિર્યંચોને પરભવાયુના બંધકાળે થતો એક એક ભંગ હોતો નથી, એટલે છવ્વીસ ભાંગા હોય છે.

મિશ્રદષ્ટિ ગુણસ્થાનકે સોળ ભાંગા હોય છે. કારણ કે મિશ્રદષ્ટિ ગુણસ્થાનકે વર્ત્તમાન કોઈપણ આત્મા પરભવાયુનો બંધ કરતા નથી. માટે આયુના બંધકાળે થતા નારકીના બે

ભાંગા, તિર્યંચોના ચાર ભાંગા, મનુષ્યોના ચાર ભાંગા અને દેવોના બે ભાંગા–કુલ બાર વર્જીને શેષ સોળ ભાંગા મિશ્રદૃષ્ટિ ગુણસ્થાનકે હોય છે.

અવિરતિ સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનકે વીશ ભાંગા હોય છે. આ ગુણસ્થાનકે વર્ત્તમાન દેવ–નારકીઓ મનુષ્યાયુનો, અને તિર્યંચ–મનુષ્યો દેવાયુનો જ બંધ કરે છે. એટલે દેવ–નારકીને તિર્યંચાયુના બંધકાળના બંનેના મળી થતા બે ભાંગા, અને મનુષ્ય–તિર્યંચોને નારકી, મનુષ્ય અને તિર્યંચાયુના બંધકાળના, બંનેના મળી થતા છ ભાંગા, કુલ આઠ ભાંગા વર્જીને શેષ વીશ ભાંગા ચતુર્થ ગુણસ્થાનકે હોય છે.

દેશવિરતિ ગુણસ્થાનકે બાર ભાંગા હોય છે. આ ગુણસ્થાનક દેવ–નારકોને હોતું નથી, માત્ર મનુષ્ય–તિર્યંચોને જ હોય છે, અને તેઓ પણ માત્ર દેવાયુનો જ બંધ કરે છે. એટલે દેવતાના પાંચ ભાંગા, નારકીના પાંચ ભાંગા અને મનુષ્ય–તિર્યંચોના મનુષ્યાયુ–તિર્યંચાયુ અને નારકાયુના બંધકાળના બંનેના મળીને થતા છ ભાંગા, કુલ સોળ ભાંગા અઠ્ઠાવીશ-માંથી વર્જીને બાર ભાંગા જ હોય છે. અને તે આ પ્રમાણે હોય છે–તિર્યંચો અને મનુષ્યો દરેકને બંધકાળ પહેલાંનો એક–એક ભંગ, પરભવાયુ બંધકાળનો પણ એક–એક ભંગ, પરભવાયુનો બંધ કર્યા પછીના ચાર–ચાર ભંગ–આ પ્રમાણે કુલ બાર ભંગ આ ગુણસ્થાનકે હોય છે. કેટલાએક મનુષ્ય-તિર્યંચો મનુષ્યાયુ, તિર્યંચાયુ અને નારકાયુનો બંધ કરીને પણ આ ગુણસ્થાનક અને ત્યારપછીનાં પ્રમત્ત અને અપ્રમત્ત ગુણસ્થાનક પણ પ્રાપ્ત કરે છે, માટે પરભવાયુ બંધકાળ પછીના ચાર ભંગ સાતમા ગુણસ્થાન સુધી સંભવે છે.

પ્રમત્ત–અપ્રમત્ત ગુણસ્થાનકે છ ભાંગા હોય છે. આ ગુણસ્થાનકને માત્ર મનુષ્યો પ્રાપ્ત કરે છે. એટલે દેવ આશ્રયી પાંચ, નરક આશ્રયી પાંચ, અને તિર્યંચ આશ્રયી નવ કુલ ઓગણીશ ભાંગા તો અહિં સંભવતા જ નથી મનુષ્યના નવ ભાંગામાંથી પણ મનુષ્યાયુ, તિર્યંચાયુ અને નારકાયુના બંધકાળના ત્રણ ભાંગા હોતા નથી, શેષ છ ભાંગા પ્રમત્ત–અપ્રમત્ત ગુણસ્થાનકમાં હોય છે.

અપૂર્વકરણ, અનિવૃત્તિબાદરસંપરાય, સૂક્ષ્મસંપરાય, અને ઉપશાંતમોહ ગુણસ્થા-નકમાં ઉપશમશ્રેણિ આશ્રયી નીચે કહે છે તે બે ભંગ જ હોય છે. ૧ મનુષ્યાયુનો ઉદય, મનુષ્યાયુની સત્તા, આ વિકલ્પ પરભવાયુનો બંધ કર્યા પહેલાં ઉપશમશ્રેણિપર આરૂઢ થનારને હોય છે. અથવા ૨ મનુષ્યાયુનો ઉદય અને દેવ–મનુષ્યાયુની સત્તા. આ ભંગ દેવાયુનો બંધ કરી ઉપશમશ્રેણિપર આરૂઢ થનારને હોય છે.

આ ગુણસ્થાનકોમાં વર્ત્તમાન આત્માઓ અત્યન્ત વિશુદ્ધિવાળા હોવાથી કોઈપણ આયુનો બંધ કરતા નથી તથા જો કોઈપણ આયુનો બંધ કરી ઉપશમશ્રેણિપર આરૂઢ થાય તો દેવાયુનો બંધ કરીને જ આરૂઢ થાય છે. અન્ય કોઈપણ આયુનો બંધ કર્યા પછી આરૂઢ થતા નથી. આયુનો બંધ કર્યા વિના પણ ચઢી શકે છે.

કર્મપ્રકૃતિમાં કહ્યું છે કે-'કોઈ પણ મનુષ્યો નારક, તિર્યંચ અને મનુષ્યાયુનો બંધ કર્યા બાદ શ્રેણિપર આરૂઢ થતા નથી.'' માટે ઉપરના ચાર ગુણસ્થાનકોમાં ઉપર કહ્યા તે ઉપશમશ્રેણિ આશ્રયી બબ્બે ભંગ હોય છે, તથા જેઓએ પરભવાયુનો બંધ કર્યો હોય છે તેઓ ક્ષપકશ્રેણિપર આરૂઢ થઈ શકતા નથી, માટે ક્ષપકશ્રેણિમાં ઉપરના અપૂર્વકરણાદિ ચારે ગુણસ્થાનકોમાં 'મનુષ્યાયુનો ઉદય, મનુષ્યાયુની સત્તા, એ એક જ ભંગ હોય છે.

ક્ષીણમોહ, સયોગિ અને અયોગિકેવલિ એ ત્રણે ગુણસ્થાનકોમાં એક એક ભંગ હોય છે. તે આ-'મનુષ્યાયુનો ઉદય, મનુષ્યાયુની સત્તા.' આ પ્રમાણે મિથ્યાદષ્ટિ ગુણસ્થાનકથી અયોગિકેવલિ ગુણસ્થાનક સુધીમાં ઉપર જે ક્રમે કહ્યા તે રીતે આયુકર્મના ભાંગાઓ સમજવા. ૧૦૬-૧૦૮.

હવે ગુણસ્થાનકોમાં ગોત્રકર્મના ભાંગાઓને નિરૂપણ કરતા કહે છે—

पंचादिमा उ मिच्छे आदिमहीणा उ सासणे चउरो ।
उच्चबन्धेणं दोण्णि उ मीसाओ देसविरयं जा ॥१०९॥

पञ्चादिमास्तु मिथ्यात्वे आदिमहीनास्तु सासादने चत्वारः ।
उच्चै[र्गोत्र]बन्धेन द्वौ तु मिश्राद्देशविरतं यावत् ॥१०९॥

અર્થ-ગોત્રકર્મના સાત ભાંગામાંથી આદિના પાંચ મિથ્યાદષ્ટિમાં હોય છે. પહેલા ભંગ વિના ચાર સાસાદને હોય છે. ઉચ્ચગોત્રના બંધવાળા બે ભંગ મિશ્રદષ્ટિથી દેશવિરતિ પર્યંત હોય છે.

ટીકાનુ૦—મિથ્યાદષ્ટિ ગુણસ્થાનકે ગોત્રકર્મના સાત ભંગમાંથી શરૂઆતના પાંચ ભંગ અનેક જીવોની અપેક્ષાએ હોય છે. તે આ પ્રમાણે-૧ નીચગોત્રનો બંધ, નીચનો ઉદય, નીચની સત્તા. આ વિકલ્પ ઉચ્ચગોત્રની ઉદ્વલના કર્યા પછી તેઉકાય-વાયુકાયમાં હોય છે. તથા તેઉ-વાઉમાંથી નીકળી તિર્યંચના જે ભવમાં ઉત્પન્ન થાય ત્યાં પણ ઉચ્ચગોત્ર ન બાંધે ત્યાં સુધી ઉપરોક્ત ભંગ સંભવે છે. તેઉ-વાઉ ઉચ્ચગોત્રની ઉદ્વલના કરે છે, કેમકે તેઓ તેનો બંધ કરતા નથી.

૨ નીચનો બંધ, નીચનો ઉદય, ઉચ્ચ-નીચની સત્તા, અથવા ૩ નીચગોત્રનો બંધ, ઉચ્ચગોત્રનો ઉદય, નીચ-ઉચ્ચની સત્તા, અથવા ૪ ઉચ્ચગોત્રનો બંધ, નીચગોત્રનો ઉદય, ઉચ્ચ-નીચની સત્તા, અથવા ૫ ઉચ્ચગોત્રનો બંધ, ઉચ્ચગોત્રનો ઉદય, ઉચ્ચ-નીચગોત્રની સત્તા. આ ચાર ભંગ મિથ્યાદષ્ટિ ગુણસ્થાનકે યથાયોગ્ય રીતે અનેક જીવો આશ્રયી હોય છે.

અહિં એ ધ્યાનમાં રાખવું કે દેવગતિમાં નીચગોત્રનો ઉદય હોતો નથી, નરક-તિર્યંચ ગતિમાં ઉચ્ચગોત્રનો ઉદય હોતો નથી, અને મનુષ્યગતિમાં યથાયોગ્ય રીતે બંનેનો ઉદય હોય છે. બંને ગોત્રનો બંધ તો ચારે ગતિના જીવોને હોઈ શકે છે.

પહેલા ભંગ સિવાયના ઉપરોક્ત ચાર ભંગ સાસાદને હોય છે. પહેલો ભંગ તેઉકાય-વાયુકાયમં, તેમજ તે ભવમાંથી નીકળી જે તિર્યંચ ભવમાં ઉત્પન્ન થાય ત્યાં બાંધે નહિ ત્યાં સુધી કેટલોએક કાળ હોય છે. તેઉ-વાઉમાં સાસાદન ભાવ હોતો નથી, તેમજ તેઉ-વાઉમાંથી નીકળી જ્યાં ઉત્પન્ન થયેલા છે તેમાં પણ સાસાદન ભાવ હોતો નથી. માટે અહિં પહેલા ભંગનો નિષેધ કર્યો છે.

મિશ્રગુણસ્થાનકથી આરંભી દેશવિરતિ પર્યંત ઉચ્ચગોત્રના બંધવડે થતા બે ભંગ હોય છે. તે આ–૧ ઉચ્ચગોત્રનો બંધ, ઉચ્ચગોત્રનો ઉદય, ઉચ્ચ–નીચગોત્રની સત્તા, ૨ ઉચ્ચગોત્રનો બંધ, નીચગોત્રનો ઉદય, ઉચ્ચ–નીચગોત્રની સત્તા.

કઈ કઈ ગતિવાળાને કયા ગુણસ્થાનક પર્યંત કયા ગોત્રનો બંધ કે ઉદય હોય છે તેનો વિચાર કરી તે તે ગતિમાં જે ભંગ ઘટે તે ઘટાવવા. ૧૦૯

उच्चेणं बन्धुदए जा सुहुमोऽबंधि छट्ठओ भंगो ।
उवसंता जाऽजोगीदुचरिम चरिमंमि सत्तमओ ॥११०॥

उच्चै(र्गोत्र)बन्धोदयाभ्यां यावत्सूक्ष्मः अबन्धे षष्ठः भंगः ।
उपशान्ताद् यावत् अयोगिद्विचरिमः चरिमे सप्तमः ॥११०॥

અર્થ—ઉચ્ચગોત્રના બંધ અને ઉદય વડે ઉપલક્ષિત એક ભંગ સૂક્ષ્મસંપરાય પર્યંત હોય છે. બંધના અભાવે ઉપશાંતમોહ ગુણસ્થાનકથી અયોગિકેવલિના દ્વિચરમ સમય પર્યંત છટ્ઠો ભંગ હોય છે, અને ચરમ સમયે સાતમો ભંગ હોય છે.

ટીકાનુ૦—ઉચ્ચગોત્રનો બંધ અને ઉદય છતા પ્રમત્તસંયત ગુણસ્થાનકથી આરંભી સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનક પર્યંત એક ભંગ હોય છે. તે આ–ઉચ્ચગોત્રનો બંધ, ઉચ્ચગોત્રનો ઉદય, ઉચ્ચ–નીચગોત્રની સત્તા.

ઉચ્ચગોત્રનો બંધ વિચ્છેદ થયા પછી ઉપશાંતમોહગુણસ્થાનકથી આરંભી અયોગિ-કેવલિ ગુણસ્થાનકના દ્વિચરમ સમય પર્યંત છટ્ઠો એક જ ભંગ હોય છે. તે આ–ઉચ્ચ-ગોત્રનો ઉદય, ઉચ્ચ–નીચગોત્રની સત્તા.

દ્વિચરમ સમયે નીચગોત્રની સત્તાનો નાશ થાય છે, એટલે અયોગિકેવલિ ગુણસ્થાનકના ચરમ સમયે 'ઉચ્ચગોત્રનો ઉદય, ઉચ્ચગોત્રની સત્તા' રૂપ એક જ છેલ્લો ભંગ હોય છે.

હવે ક્રમપ્રાપ્ત મોહનીયકર્મના બંધ, ઉદય અને સત્તાસ્થાનકોના સંવેધનો વિચાર કરવો જોઈએ તેમાં શરૂઆતમાં જે કંઈ કહેવા યોગ્ય છે, તે કહે છે—

ओहम्मि मोहणीए बंधोदयसंतयाणि भणियाणि ।
अहुणाऽव्वोगगडगुणउदयपयसमूहं पवक्खामि ॥१११॥

ओघे मोहनीये बन्धोदयसत्स्थानानि भणितानि ।
अधुनाऽव्याकृतगुणोदयपदसमूहं प्रवक्ष्यामि ॥१११॥

અર્થ—મોહનીયકર્મના વિષયમાં ઓઘ હકીકત કહી ત્યારે ગુણસ્થાનકોમાં પણ બંધ, ઉદય અને સત્તાસ્થાનકો કહ્યાં છે. હવે સામાન્યથી ઉદયના અને ગુણસ્થાનક પરત્વે ઉદયના થતા પદસમૂહને કહીશ.

ટીકાનુ૦—મોહનીયકર્મ સંબંધે ઓઘ[1]-સામાન્ય હકીકત કહી ત્યારે ગુણસ્થાનકોમાં પણ બંધ, ઉદય અને સત્તાના સ્થાનકોનો વિચાર કર્યો છે, એટલે ફરીવાર અહિં વિચાર કરવામાં આવશે નહિં. પરંતુ અહિં હમણાં અવ્યાકૃતોદય-સામાન્ય ઉદયના અને ગુણસ્થાનકોના ઉદયના પદસમૂહ-પદ[2]પ્રમાણને કહીશ ૧૧૧

આ ગાથામાં પદના સમૂહની સંખ્યા કહે છે—

जा जंमि चउवीसा गुणियाओ ताउ तेण उदएणं ।
मिलिया चउवीसगुणा इयरपएहिं च पयसंखा ॥११२॥

या यस्मिन् चतुर्विंशतयो गुणितास्तास्तु तेनोदयेन ।
मिलिताश्चतुर्विंशतिगुणा इतरपदैश्च पदसंख्या ॥११२॥

અર્થ—જે જે ઉદયસ્થાનમાં જેટલી ચોવીશીઓ થાય તેનો તે ઉદયસ્થાન સાથે ગુણાકાર કરવો, ત્યારબાદ સરવાળો કરવો, તેને ચોવીશ ગુણા કરવા અને તેમાં ઇતરપદ-નવમા ગુણસ્થાનકના પદો મેળવવાં એટલે પદની કુલ સંખ્યા થાય.

ટીકાનુ૦—દશ આદિ જે ઉદયસ્થાનકોમાં જેટલી સંખ્યાવાળી ચોવીશીઓ થતી હોય, જેમકે-મિથ્યાદૃષ્ટિને દશના ઉદયની એક, નવના ઉદયની જે છ-છે, તેમાં ત્રણ મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનકે, એક સાસાદને, એક મિશ્રે અને એક અવિરતિ સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનકે. આઠના

---

૧ ઓઘ હકીકત તેને કહેવામાં આવે છે કે જે ગુણસ્થાનક કે જીવભેદ સંબંધે ન કહી હોય, બંનેના નામ લીધા વિનાજ સામાન્યથી જે હકીકત કહી હોય.

૨ પદ એટલે એક ઉદયસ્થાનકની પ્રકૃતિઓ, જેમકે દશના ઉદયની એક ચોવીશી એટલે ચોવીશ ભંગ થાય. એટલે કે દશ પ્રકૃતિનો ઉદય ક્રોધાદિના ફેરફારે ચોવીશ પ્રકારે થાય, તે ચોવીશે ભંગમાં દશ દશ પ્રકૃતિઓ હોય. એટલે દશને ચોવીશે ગુણતાં બસો ચાલીશ પદ-છૂટી પ્રકૃતિઓ થાય.

ઉદયની અગીઆર, તેમાં ત્રણ મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનકે. બે સાસ્વાદને, બે મિશ્રે, ત્રણ અવિરતિ સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનકે અને એક દેશવિરતિ ગુણસ્થાનકે. સાતના ઉદયની દશ, તેમાં મિથ્યાદૃષ્ટિ, સાસાદન અને મિશ્રદૃષ્ટિ દરેકમાં એક-એક, અવિરતિ સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનકે ત્રણ, ત્રણ દેશવિરતિ ગુણસ્થાનકે અને એક પ્રમત્તાપ્રમત્ત ગુણસ્થાનકે.

પ્રમત્ત--અપ્રમત્ત ગુણસ્થાનકે ઉદયસ્થાનકોના સ્વરૂપનો ભેદ નહિ હોવાથી એટલે કે તે બન્ને ગુણસ્થાનકનાં સઘળાં ઉદયસ્થાનકો એક સરખાં જ હોવાથી એક સ્વરૂપવાળાં જ વિવક્ષ્યાં છે, એટલે બંને ગુણસ્થાનકની ચોવીશીઓ જુદી કહી નથી.

છના ઉદયે સાત, તેમાં એક અવિરતિ સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનકે, ત્રણ દેશવિરતે, ત્રણ પ્રમત્ત–અપ્રમત્તે. અપૂર્વકરણ સંબંધી છ આદિ ઉદયસ્થાનકો પ્રમત્તાપ્રમત્તના ઉદયસ્થાનકથી ભિન્ન નથી, માત્ર ગુણસ્થાનકના ભેદે જ ભિન્ન છે, પરંતુ અહિં ગુણસ્થાનકના ભેદે ભિન્ન ચોવીશીઓની વિવક્ષા કરી નહિ હોવાથી અપૂર્વકરણની ચોવીશીઓ જુદી ગણી નથી.

પાંચના ઉદયે ચાર, તેમાં એક દેશવિરતે, અને ત્રણ પ્રમત્ત–અપ્રમત્તે તથા ચારના ઉદયની એક, અને તે પ્રમત્ત-અપ્રમત્તે હોય છે.

એટલે ભિન્ન ભિન્ન ગુણસ્થાનકે થતી દશથી ચાર સુધીના ઉદયની આ પ્રમાણે ચોવીશીઓ થાય—૧—૬-૧૧-૧૦-૭-૪-૧, સરવાળે ચાલીશ ચોવીશીઓ થાય છે.

અહિં પદસંખ્યા લાવવા માટે ઉપાય કહે છે–જે જે ઉદયસ્થાનકની જેટલી જેટલી ચોવીશીઓ થાય તેટલી તેટલી ચોવીશીઓનો તે તે ઉદયસ્થાનો સાથે ગુણાકાર કરવો. ત્યારબાદ તે સઘળીનો સરવાળો કરવો, અને તેને ચોવીશે ગુણવા, ત્યારબાદ તેમાં નવમા ગુણસ્થાનકનાં પદો મેળવવાં એટલે કુલ પદસંખ્યા થાય છે.

જેમકે-દશના ઉદયે એક ચોવીશી થાય છે, એટલે તેને દશે ગુણતાં દશ, નવના ઉદયે છ ચોવીશી થાય છે, એટલે નવને છએ ગુણતાં ચોપન, આઠના ઉદયે અગીઆર ચોવીશી થાય છે, એટલે આઠને અગીઆરે ગુણતાં અઠ્ઠાશી, સાતના ઉદયે દશ ચોવીશી થાય છે, માટે સાતને દશે ગુણતાં સિત્તેર, છના ઉદયે સાત ચોવીશી થાય છે, માટે છને સાતે ગુણતાં બેતાલીશ, પાંચના ઉદયે ચાર ચોવીશી થાય છે, માટે પાંચને ચારે ગુણતાં વીશ, અને ચારના ઉદયે એક ચોવીશી થાય છે, માટે ચારને એકે ગુણતાં ચાર.

સ્થાપના આ પ્રમાણે-૧૦-૫૪-૮૮-૭૦-૪૨-૨૦-૪. આ સઘળીનો સરવાળો કરતાં બસો અઠ્ઠાશી થાય. હવે તેને ચોવીશે ગુણાકાર કરવા, એટલે ઓગણોતેરસો અને બાર થાય, તેની અંદર નવમા ગુણસ્થાનકના બે આદિના ઉદયથી થતાં પદો મેળવીએ એટલે પૂર્ણ પદ-સંખ્યા થાય છે. નવમા ગુણસ્થાનકે બેના ઉદયે બાર ભંગ થાય છે. તેનાં પદો ચોવીશ થાય છે. વેદનો ઉદય જતાં એકના ઉદયે ચાર ભંગ થાય છે, તેમાં પદો પણ ચારજ થાય છે. કુલ અઠ્ઠાવીશ પદ પૂર્વની સંખ્યામાં મેળવતાં સઘળાં મળી ઓગણોતેરસો અને ચાલીશ પદ થાય છે.

અહિં દશમા ગુણસ્થાનકનો એકના ઉદયનો જે એક ભંગ થાય છે, તેને એકના ઉદયે થતા ચાર ભંગમાં સમાવેલો છે. અથવા બંધસ્થાનકના ભેદે ઉદયસ્થાનકનો ભેદ ગણીએ તો પાંચના બંધે બેના ઉદયે ચોવીશ પદ, ચારના બંધે એકના ઉદયે ચાર પદ, ત્રણના બંધે એકના ઉદયે ત્રણ પદ, બેના બંધે એકના ઉદયે બે પદ, એકના બંધે એકના ઉદયે એક પદ અને બંધવિચ્છેદ થયા પછી દશમા ગુણસ્થાનકે એકના ઉદયનું એક પદ. સઘળાં મળી પાંત્રીશ પદો થાય, તેને પૂર્વની રાશિમાં મેળવતાં ઓગણોતેરસો અને સુડતાલીશ પદો થાય.

અથવા મતાંતરે ચારના બંધે બેના ઉદયે બાર ભાંગા થાય, તેનાં પદો ચોવીશ થાય. તે વધારાનાં ચોવીશ પદો ૬૯૪૭ માં મેળવતાં ઓગણોતેરસો અને એકોતેર પદો થાય છે.

કેટલાએક આચાર્ય મહારાજો વેદના બંધ અને ઉદયનો સાથે જ વિચ્છેદ થાય છે. એમ કહે છે. તેમના મતે પાંચના બંધે, બેના ઉદયે ચોવીશ પદ થાય, અને પુરૂષવેદના બંધ-ઉદયનો સાથે જ ક્ષય થયા બાદ ચારાદિના બંધે એકના ઉદયે ચારાદિ પદ થાય છે.

કેટલાએક આચાર્ય મહારાજો પુરૂષવેદનો બંધવિચ્છેદ થયા પછી પણ અલ્પ ટાઈમ તેનો ઉદય માને છે. તેમના મતે પાંચના બંધે, બેના ઉદયે ચોવીશ પદ, અને ચારના બંધે બેના ઉદયે પણ ચોવીશ પદ થાય. ત્યારબાદ વેદનો ઉદય ગયા પછી ચારના બંધે એકના ઉદયે ચાર વિગેરે પદ તો ઉપર પ્રમાણેજ થાય છે. અહિં મતાંતરે આ રીતે થતાં ચોવીશ પદો ઉમેરવાથી ૬૯૭૧ પદો થાય છે. ૧૧૨

ઉપરોક્ત ત્રણ સંખ્યા આ ગાથા વડે કહે છે—

सत्तसहस्सा सट्ठीए वज्जिया अहव ते तिवण्णाए ।
इगुतीसाए अहवा बंधगभेएण मोहणिए ॥११३॥

सप्तसहस्राणि षष्ट्या वर्जितान्यथवा तानि त्रिपंचाशता ।
एकोनत्रिंशताऽथवा बन्धकभेदेन मोहनीयस्य ॥११३॥

અર્થ—બંધક(બાંધનાર ભિન્ન ભિન્ન) જીવોના ભેદે મોહનીય કર્મના સાઠ વર્જિત સાત હજાર (૬૯૪૦), અથવા ત્રેપન વર્જિત સાત હજાર (૬૯૪૭), અથવા ઓગણત્રીશ વર્જિત સાત હજાર (૬૯૭૧) પદસંખ્યા થાય છે. જેને ઉપરની ગાથામાં કહી ગયા છે.

ટીકાનુ૦—આ ગાથાનું અર્થતઃ વ્યાખ્યાન ઉપરની ગાથામાં કર્યું છે. બંધકના ભેદે કઈ રીતે આ ગાથામાં કહી તે પદસંખ્યા થાય છે તે ઉપર બતાવ્યું છે, એટલે ફરી અહિં તેનું વ્યાખ્યાન કર્યું નથી. ૧૧૩

આ પ્રમાણે સામાન્યતઃ ઉદયસ્થાનના પદોની સંખ્યા કહી, હવે ગુણસ્થાનક આશ્રયી ગુણસ્થાનના ભેદે ઉદયપદની સંખ્યા કહે છે—

अट्ठट्ठी बत्तीसा बत्तीसा सट्ठिमेव बावन्ना ।
चउयाला चउयाला वीसा मिच्छा उ पयधुवगा ॥११४॥
तिण्णिसया बावण्णा मिलिया चउवीसताडिया एए ।
बायरउदयपएहिं सहिया उ गुणेसु पयसंखा ॥११५॥

अष्टषष्टिर्द्वात्रिंशत् द्वात्रिंशत् षष्टिरेव द्विपञ्चाशत् ।
चतुश्चत्वारिंशत् चतुश्चत्वारिंशत् विंशतिः मिथ्यात्वादीनां च पद्ध्रुवकाः ॥११४
त्रीणि शतानि द्विपञ्चाशत् मिलिताः चतुर्विंशतिताडिता एते ।
बादरोदयपदैः सहितास्तु गुणेषु पदसंख्या ॥११५॥

અર્થ—અડસઠ, બત્રીશ, બત્રીશ સાઠ, બાવન, ચુમ્માલીશ, ચુમ્માલીશ, અને વીશ અનુક્રમે મિથ્યાદષ્ટિ આદિનાં ધ્રુવપદો થાય છે, સરવાળે ત્રણસો બાવન થાય છે. તેને ચોવીશે ગુણીએ અને તેમાં બાદરસંપરાયનાં ઉદયપદો મેળવીએ એટલે ગુણસ્થાનકોમાં પદસંખ્યા થાય છે.

ટીકાનુ૦–ઉપર સઘળાં ઉદયસ્થાનોનાં પદની સંખ્યા સામાન્યથી કહી હતી. અહિં ગુણસ્થાનકના ભેદે પદસંખ્યા એજ રીતે કહે છે.

મિથ્યાદષ્ટિ ગુણસ્થાનકે ધ્રુવપદો એટલે કે જેની સાથે ચોવીશે ગુણવાના હોય છે તે પદો અડસઠ હોય છે. તે આ પ્રમાણે–દશના ઉદયે એક ચોવીશી થાય છે, એટલે એક દશ સાથે ગુણાય છે, માટે એકને દશસાથે ગુણતાં દશ. એ પ્રમાણે નવના ઉદયે ત્રણ ચોવીશી થાય છે એટલે ત્રણને નવ સાથે ગુણતાં સત્તાવીશ, આઠના ઉદયે ત્રણ ચોવીશી થાય છે. એટલે ત્રણને આઠે ગુણતાં ચોવીશ. સાતના ઉદયે એક ચોવીશી થાય છે, માટે એકને સાતે ગુણતાં સાત, સઘળાં મળી અડસઠ ધ્રુવપદો થાય છે.

એજ રીતે સાસ્વાદને બત્રીશ, મિશ્રે બત્રીશ, અવિરતિસમ્યગ્દષ્ટિ ગુણસ્થાનકે સાઠ, દેશવિરતિ ગુણસ્થાનકે બાવન, પ્રમત્તે ચુમ્માલીશ, અપ્રમત્તે પણ ચુમ્માલીશ, અને અપૂર્વકરણે વીશ.

એ પ્રમાણે મિથ્યાદષ્ટિ ગુણસ્થાનકથી આરંભી અપૂર્વકરણ સુધીનાં સઘળાં મળી ધ્રુવપદો ત્રણસો બાવન થાય છે. તેને ચોવીશે ગુણતાં ચોરાશીસો અને અડતાલીશ પદો થાય છે તેમાં અનિવૃત્તિબાદરસંપરાયનાં પૂર્વે કહેલ અઠ્ઠાવીશ અને સૂક્ષ્મસંપરાયનું

એક–એમ ઓગણત્રીશ ઉદયપદો ઉમેરવા. ઉમેરીએ એટલે પૂર્ણ પદસંખ્યા થાય છે. અને તે ત્રેવીશ ન્યૂન પંચાશીસો એટલે કે ચોરાશીસો અને સત્યોતેર થાય છે.

અથવા બંધસ્થાનકના ભેદે ઉદયસ્થાનનો ભેદ ગણતાં પાંચના બંધે ચોવીશ પદ, ચારના બંધે ચાર, ત્રણના બંધે ત્રણ, બેના બંધે બે, એકના બંધે એક, અને અબંધે સૂક્ષ્મસંપરાય સંબંધી એક, સઘળાં મળી પાંત્રીશ થાય. તે પૂર્વોક્ત રાશિમાં ઉમેરતાં ચોરાશીસો અને ત્યાશી થાય. અથવા મતાંતરે ચારના બંધે પણ બેના ઉદયના બાર ભંગ થાય, અને તેનાં પદો ચોવીશ થાય તે સંખ્યા જ્યારે ઉમેરીએ ત્યારે પંચાશીસો સાત થાય.

ગુણસ્થાનકના ભેદે કુલ પદની સંખ્યા ઉપર પ્રમાણે થાય છે. સામાન્ય પદની સંખ્યામાં ગુણસ્થાનક પરત્વે થતો ભેદ ગણવામાં આવ્યો નથી. જેમકે પ્રમત્તે ચુમ્માલીશ, અપ્રમત્તે ચુમ્માલીશ. ગુણસ્થાનકના ભેદે ભિન્ન થાય, પરંતુ સામાન્ય ઉદયપદો જ્યારે કહેવામાં આવે ત્યારે ઉદયસ્થાનો બંનેનાં સરખાં હોવાથી ભેદ ગણાય નહિ, ગુણસ્થાનકના ભેદે ભેદ ગણી શકાય. જે ગણી અહિં આ ગાથામાં પદ સંખ્યા કહેવામાં આવી છે. ગણવાની રીત બન્નેમાં સમાન છે. નવમા ગુણસ્થાનકનાં પદો પણ ગઈ ગાથામાં ગણ્યાં, તે રીતે અહિં ગણવાનાં છે.

ઉપર કહેલ ઉદયપદની ત્રણ સંખ્યા આ ગાથામાં કહે છે—

तेवीसूणा सत्तरस वज्जिया अहव सत्तअहियाइं ।
पंचासीइसयाइं उदयपयाइं तु मोहस्स ॥११६॥

त्रयोविंशतिन्यूनानि सप्तदशवर्जितान्यथवा सप्ताधिकानि ।
पञ्चाशीतिशतान्युदयपदानि तु मोहस्य ॥११६॥

અર્થ—ત્રેવીસ ન્યૂન પંચાશીસો, અથવા સત્તર વર્જિત પંચાશીસો, અથવા સાત અધિક પંચાશીસો મોહનીયકર્મનાં ઉદયપદો થાય છે.

ટીકાનુ૦—ગુણસ્થાનકના ભેદે મોહનીયકર્મની કુલ ઉદયપદની સંખ્યા ચોરાશીસો સત્યોતેર, અથવા ચોરાશીસો ત્યાશી અથવા પંચાશીસો સાત થાય છે, જે પૂર્વની ગાથામાં કહી આવ્યા છે. ૧૧૬

હવે ગુણસ્થાનકોમાં યોગાદિદ્વારા થતી પદસંખ્યા આ ગાથામાં કહે છે—

एवं जोगुवओगालेसाईभेयओ बहूभेया ।
जा जस्स जंमि उ गुणे संखा सा तंमि गुणगारो ॥११७॥

एवं योगोपयोगलेश्यादिभेदतः बहुभेदाः ।
या यस्य यस्मिंस्तु गुणे संख्या सा तस्मिन्गुणकारः ॥११७॥

અર્થ—એ પ્રમાણે યોગ, ઉપયોગ અને લેશ્યાદિના ભેદે મોહનીયકર્મના ભાંગાઓ અને પદોના પણ ઘણા ભેદો થાય છે. જે ગુણસ્થાનકમાં યોગાદિની જે સંખ્યા હોય, તે સંખ્યા તે ગુણસ્થાનકમાં ગુણક હોય છે. એટલે કે યોગાદિની સંખ્યા સાથે તે તે ગુણસ્થાનકના ભાંગા અને પદસંખ્યાને ગુણતાં જે આવે તે મોહનીયકર્મનાં પદોની સંખ્યા થાય છે.

ટીકાનુ૦—પૂર્વની ગાથામાં જે રીતે કહી ગયા તેને અનુસરીને ઉદયભાંગાઓના અને ઉદયપદોના યોગ, ઉપયોગ અને લેશ્યાના ભેદે ઘણા ભેદો થાય છે. તે ભેદોની સંખ્યા લાવવાનો ઉપાય કહે છે–

જે કોઈ પણ ગુણસ્થાનકે યોગાદિની જેટલી સંખ્યા હોય તે સંખ્યા સાથે તે તે ગુણસ્થાનકે થતા ભાંગાઓનો અને પદોનો ગુણાકાર કરવાથી તે તે ગુણસ્થાનકના યોગ આદિના ભેદે થતા ભાંગાઓની અને પદોની સંખ્યા આવે છે. જેને નીચેની ગાથામાં કહેવામાં આવશે. ૧૧૭.

યોગાદિના ભેદે થતી સંખ્યા આ ગાથામાં કહે છે–

उदयाणुवयोगेसुं सगसयरिसया तिउत्तरा होंति ।
पण्णासपयसहस्सा तिण्णिसया चेव पण्णरसा ॥११८॥

उदयानामुपयोगेषु सप्तसप्ततिशतानि त्र्युत्तराणि भवन्ति ।
पञ्चाशत्पदसहस्राणि त्रीणि शतान्येव पञ्चदश ॥११८॥

અર્થ—ઉપયોગના ભેદે થતા ઉદયભંગની સંખ્યા સત્યોતેરસો ત્રણ થાય છે, અને ઉદયપદની સંખ્યા પચાશ હજાર ત્રણસો અને પંદર થાય છે.

ટીકાનુ૦—યોગોના સંબંધમાં ઘણું કહેવાનું હોવાથી તેને છોડીને પહેલાં ઉપયોગના ભેદે થતા મોહનીયકર્મના ઉદયભાંગાની સંખ્યા કહે છે–મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનકે આઠ ચોવીશીઓ છે, સાસ્વાદને ચાર, મિશ્રે ચાર, અવિરતિસમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનકે આઠ, દેશ-વિરતિ ગુણસ્થાનકે આઠ, પ્રમત્તસંયતે આઠ, અપ્રમત્તસંયતે આઠ અને અપૂર્વકરણ ગુણ-સ્થાનકે ચાર ચોવિશીઓ થાય છે. કુલ બાવન ચોવીશીઓ થાય છે.

તથા મિથ્યાદૃષ્ટિ, સાસ્વાદન અને મિશ્રદૃષ્ટિમાં મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, વિભંગજ્ઞાન, ચક્ષુદર્શન અને અચક્ષુદર્શન કુલ પાંચ ઉપયોગો હોય છે. અવિરતિ સમ્યગ્દૃષ્ટિ અને દેશ-વિરતિ ગુણસ્થાનકે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, ચક્ષુદર્શન, અચક્ષુદર્શન અને અવધિ-દર્શન કુલ છ ઉપયોગો હોય છે. પ્રમત્તસંયતથી સૂક્ષ્મસંપરાય સુધીમાં તેજ છમાં મન-પર્યવજ્ઞાન મેળવતાં સાત ઉપયોગો હોય છે.

આ પ્રમાણે જે ગુણસ્થાનકે જેટલી ચોવીશીઓ થતી હોય તેનો તે ગુણસ્થાનકે જેટલા ઉપયોગો હોય તેની સાથે ગુણાકાર કરવો, ત્યારબાદ તેને ચોવીશે ગુણવા અને તેમાં નવમા,

દશમા ગુણસ્થાનકની ભંગ સંખ્યા ઉમેરવી એટલે ઉપયોગે થતી કુલ ભંગ સંખ્યા આવે છે.

જેમકે–મિથ્યાદષ્ટિ ગુણસ્થાનકે આઠ ચોવીશી થાય છે, સાસ્વાદને ચાર અને મિશ્રે પણ ચાર થાય છે, કુલ સોળ થાય છે. તેનો તે ત્રણે ગુણસ્થાનકે પાંચ પાંચ ઉપયોગો હોવાથી પાંચે ગુણતાં એંશી ચોવીશીઓ થાય છે. તેને ચોવીશે ગુણતાં ઓગણીશસો વીશ ભાંગાઓ થાય છે.

(પ્રત્યેક પ્રત્યેક ગુણસ્થાનકે ગુણવા હોય તો મિથ્યાદષ્ટિ ગુણસ્થાનકમાં આઠ ચોવીસી થાય છે. મિથ્યાદષ્ટિને પાંચ ઉપયોગો હોય છે. એટલે આઠને પાંચે ગુણતાં ચાલીશ ચોવીશીઓ થાય. એ પ્રમાણે સાસાદને ચાર ચોવીશી છે. તેને પાંચ ઉપયોગો સાથે ગુણતાં વીશ ચોવીશી થાય. મિશ્રે પણ ચાર ચોવીશી છે તેને પણ પાંચ સાથે ગુણતાં વીશ ચોવીશી થાય. સરવાળે એંશી થાય. તેના ભાંગાઓ કરવા ચોવીશે ગુણતાં ૧૯૨૦ ભંગ થાય. એપ્રમાણે પ્રત્યેક ગુણસ્થાનક માટે પણ ગણી શકાય.)

અવિરતિસમ્યગ્દષ્ટિ ગુણસ્થાનકે આઠ ચોવીશી થાય છે, દેશવિરતે પણ આઠ થાય છે. કુલ સોળ થાય છે. તેને તે ગુણસ્થાનકે સંભવતા છ ઉપયોગ સાથે ગુણતાં છન્નું ચોવીશી થાય છે. તેને ચોવીશે ગુણતાં ત્રેવીસસો ચાર ભાંગા થાય છે.

પ્રમત્તગુણસ્થાનકે આઠ ચોવીશી થાય છે, અપ્રમત્ત ગુણસ્થાનકે આઠ થાય છે અને અપૂર્વકરણ ગુણસ્થાનકે ચાર થાય છે. કુલ વીશ ચોવિશી થાય છે. તેને તે ગુણસ્થાનકોમાં સંભવતા સાત ઉપયોગે ગુણીએ એટલે એકસો ચાલીશ ચોવિશીઓ થાય છે. તેને ચોવીશે ગુણતાં તેત્રીસસો સાઠ ભાંગા થાય છે.

૧૯૨૦+૨૩૦૪+૩૩૬૦ ત્રણ સંખ્યાનો સરવાળો કરતાં આઠમા ગુણસ્થાનક સુધીના ઉદયભંગની સંખ્યા પંચોતેરસો ચોર્યાશી થાય છે. તથા નવમાગુણસ્થાનકે બેના ઉદયના બાર અને એકના ઉદયના પાંચ કુલ સત્તર ભંગ થાય છે. (આ પાંચમાં સૂક્ષ્મસંપરાય-ગુણસ્થાનકનો એક ભંગ પણ આવી જાય છે.) તેને તે ગુણસ્થાનકે સંભવતા સાત ઉપયોગે ગુણતાં એકસો ઓગણીશ ભંગ થાય. આ સંખ્યાને પૂર્વરાશિમાં ઉમેરવી એટલે સત્યોતેરસો ત્રણ (૭૭૦૩) ઉપયોગ દ્વારા કુલ ભંગસંખ્યા થાય છે.

હવે ઉપયોગના ભેદે થતી ઉદયપદની સંખ્યા કહે છે–મિથ્યાદષ્ટિ ગુણસ્થાનકે અડસઠ ધ્રુવપદ હોય છે. સાસાદને બત્રીશ, મિશ્રે બત્રીશ, અવિરતિ સમ્યગ્દષ્ટિગુણસ્થાનકે સાઠ, દેશવિરતે બાવન, પ્રમત્તે ચુમ્માલીશ, અપ્રમત્તે ચુમ્માલીશ અને અપૂર્વકરણે વીશ ધ્રુવપદો હોય છે. તે તે ગુણસ્થાનકનાં ધ્રુવપદોને તે તે ગુણસ્થાનકે સંભવતા ઉપયોગો સાથે ગુણાકાર કરવો એટલે ઉદયપદની સંખ્યા આવે છે.

જેમકે–મિથ્યાદષ્ટિગુણસ્થાને અડસઠ, સાસ્વાદને બત્રીશ અને મિશ્રે બત્રીશ થાય તેને તે ગુણસ્થાનકે સંભવતા પાંચ ઉપયોગો સાથે ગુણીએ એટલે છસો સાઠ થાય.

અવિરતિસમ્યગ્દષ્ટિને સાઠ અને દેશવિરતને બાવન, કુલ એકસો બાર થાય. તેને તે ગુણસ્થાનક સંબંધી ઉપયોગ સાથે ગુણતાં છસો બહોંતેર ધ્રુવપદ ચોવિશી થાય.

પ્રમત્તગુણસ્થાનકે ચુમ્માલીશ, અપ્રમત્ત ગુણસ્થાનકે ચુમ્માલીશ અને અપૂર્વકરણે વીશ, કુલ એકસો આઠ ધ્રુવપદ થાય, તેને તે ગુણસ્થાનકે સંભવતા સાત ઉપયોગે ગુણતાં સાતસો છપ્પન ધ્રુવપદની ચોવિશી થાય.

સઘળી મળી બેહજાર અઠ્ઠાશી થાય. એ સંખ્યાને ચોવિશે ગુણતાં આઠમા ગુણસ્થાનક સુધીનાં પચાશ હજાર એકસો બાર ઉદયપદો થાય છે. તથા બેના ઉદયથી થતા ચોવીશ પદ અને એકના ઉદયથી થતા પાંચ પદ–કુલ ઓગણત્રીશ થાય, તેને નવમા, દશમા ગુણસ્થાનકમાં સંભવતા સાત ઉપયોગે ગુણતાં બસો ત્રણ થાય તેને પૂર્વરાશિમાં મેળવતાં ઉપયોગના ભેદે થતા કુલ ઉદયપદોની સંખ્યા પચાશ હજાર ત્રણસો અને પંદર થાય છે.

હવે લેશ્યા સાથે ગુણતાં થતા ઉદયભંગ અને ઉદયપદોનો વિચાર કરે છે. મિથ્યાદષ્ટિ ગુણસ્થાનકથી આરંભી અવિરતિ સમ્યગ્દષ્ટિ સુધીમાં દરેક ગુણસ્થાનકે છ છ લેશ્યા હોય છે. દેશવિરત, પ્રમત્ત અને અપ્રમત્ત ગુણસ્થાનકમાં તેજ, પદ્મ અને શુકલ એમ ત્રણ ત્રણ લેશ્યા હોય છે. કારણ કે કૃષ્ણાદિ અશુભ લેશ્યા છતા દેશવિરતાદિ ગુણની પ્રાપ્તિ થતી નથી. તથા અપૂર્વકરણ, બાદરસંપરાય અને સૂક્ષ્મસંપરાયગુણસ્થાનકે એક શુકલલેશ્યાજ હોય છે.

જે જે ગુણસ્થાનકે જેટલી લેશ્યા હોય તેની સાથે તે તે ગુણસ્થાનકના ઉદયભંગો અને ઉદયપદોનો ગુણાકાર કરીએ એટલે લેશ્યાના ભેદે થતા ઉદયભંગો અને ઉદયપદોની સંખ્યા આવે છે.

જેમકે-મિથ્યાદષ્ટિ ગુણસ્થાનકે ઉદયભંગની સંખ્યા એકસો બાણું છે (કારણ કે આઠ ચોવિશી છે. તેને ચોવીશે ગુણતાં એકસો બાણું થાય છે.) અને તે ગુણસ્થાનકે લેશ્યા છ છે. એટલે એકસો બાણુંને છ એ ગુણતાં અગીઆરસો બાવન થાય. એટલી પહેલે ગુણસ્થાનકે લેશ્યાવડે થતી ઉદયભંગની સંખ્યા થાય છે.

આ પ્રમાણે અન્ય ગુણસ્થાનકોના ઉદયભંગો તેમજ દરેક ગુણસ્થાનકના ઉદયપદોની સંખ્યા પણ જાણી લેવી. એજ હકીકત કહે છે–મિથ્યાદષ્ટિ વિગેરે ગુણસ્થાનકો સંબંધીની આઠ અને ચાર આદિ ચોવિશીઓને લેશ્યાની સંખ્યા સાથે ગુણવા. તે આ પ્રમાણે—

મિથ્યાદષ્ટિ ગુણસ્થાનકે આઠ ચોવિશી છે, સાસાદને ચાર, મિશ્રે ચાર, અને અવિરતિ સમ્યગ્દષ્ટિ ગુણસ્થાનકે આઠ ચોવિશી છે. સઘળી મળી ચોવીશ ચોવિશી થાય છે. તેને છ લેશ્યાસાથે ગુણાકાર કરવો, ગુણાકાર કરતાં એકસો ચુમ્માલીશ થાય. તથા દેશવિરતે આઠ, પ્રમત્તે આઠ, અને અપ્રમત્તે આઠ, સઘળી મળી ચોવીશ ચોવીશી થાય, તેને ત્રણ લેશ્યા-

સાથે ગુણવાથી બહોંતેર ચોવિશી થાય. અપૂર્વકરણે ચાર ચોવિશી છે, અહિં લેશ્યા એકજ હોવાથી એકે ગુણતાં ચાર ચોવિશીજ થાય.

સઘળી મળી બસો વીશ ચોવિશી થાય. તેને ચોવિશે ગુણતાં બાવનસો એંશી ભંગ થાય. તેમાં દ્વિકોદયના બાર અને એકોદયના પાંચ કુલ સત્તર ભાંગા ઉમેરતાં કુલ બાવનસો સત્તાણું ઉદયભંગ થાય છે. સઘળા મળીને ઉપર કહ્યા તેટલા લેશ્યાના ભેદે થતા મોહનીય કર્મના ઉદયભંગો થાય છે.

હવે લેશ્યાના ભેદે થતાં ઉદયપદો લાવવા કહે છે—મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાને અડસઠ ધ્રુવપદ, સાસાદને બત્રીશ, મિશ્રે બત્રીશ, અને અવિરતિસમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનકે સાઠ ધ્રુવપદ છે. સઘળાં મળી એકસોબાણું થાય. તેને લેશ્યાસાથે ગુણતાં અગીઆરસો બાવન થાય.

દેશવિરતે બાવન, પ્રમત્તે ચુંમાલીશ, અને અપ્રમત્તે ચુંમાલીશ ધ્રુવપદ છે. સરવાળે એકસો ચાલીશ થાય. તેને ત્રણ લેશ્યા સાથે ગુણતાં ચારસો વીશ થાય. અપૂર્વકરણે વીશ ધ્રુવપદ છે. અહિં એકજ લેશ્યા હોવાથી એકે ગુણતાં વીશજ થાય છે.

સઘળી મળી પંદરસો બાણું ધ્રુવપદ ચોવીશી થાય છે. તેને ચોવીશે ગુણતાં આડત્રીશ હજાર બસો આઠ પદો થાય છે. તેમાં નવમા-દશમા ગુણસ્થાનકના પૂર્વે કહ્યા તે દ્વિકોદય-અને એકોદયના ઓગણત્રીશ પદો ઉમેરવા, સઘળા મળી આડત્રીશ હજાર બસો અને સાડત્રીશ લેશ્યાના ભેદે મોહનીયકર્મના પદોની સંખ્યા થાય છે. ૧૧૮

તેજ સંખ્યા આ ગાથાદ્વારા કહે છે—

तिगहीणा तेवन्नसया उ उदयाण होंति लेसाणं ।
अडतीससहस्साइं पयाण सय दो य सगतीसा ॥११९॥

त्रिकहीनानि त्रिपञ्चाशच्छतानि तूदयानां भवन्ति लेश्यासु ।
अष्टात्रिंशत्सहस्राणि पदानां शते द्वे च सप्तत्रिंशत् ॥११९॥

અર્થ—લેશ્યાના ભેદે-લેશ્યાદ્વારા ત્રણ ન્યૂન ત્રેપનસો (૫૨૯૭) મોહનીયકર્મના ઉદય ભંગો થાય છે. અને ઉદયપદો આડત્રીશ હજાર, બસો અને સાડત્રીશ થાય છે.

ટીકાનુ૦—સુગમ હોવાથી વિસ્તાર કર્યો નથી. કેમકે ઉપરની ગાથામાં ઉપયોગ અને લેશ્યાદ્વારા કઈ રીતે ઉદયભંગો અને ઉદયપદો થાય છે તે કહી ગયા છે.

હવે યોગદ્વારા થતા ઉદયભંગ અને ઉદયપદોનો વિચાર કરે છે—મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનકે આઠ ચોવિશી થાય છે. અહિં યોગો આહારકદ્વિકન્યૂન તેર હોય છે. એટલે તેર સાથે આઠ ગુણતાં એકસો ચાર થાય. સાસ્વાદને ચાર ચોવિશી હોય છે. અહિં પણ પૂર્વોક્ત તેરજ યોગ હોય છે. એટલે તેર સાથે ચારનો ગુણાકાર કરતાં બાવન થાય.

મિશ્રે ચાર ચોવીશી હોય છે મિશ્ર ગુણસ્થાનકવર્ત્તી આત્મા કાળ કરતો નથી. એટલે અપર્યાપ્તાવસ્થાસંભવી વૈક્રિયમિશ્ર, ઔદારિક મિશ્ર અને કાર્મણકાયયોગ પણ હોતા નથી, પરંતુ દશ યોગોજ હોય છે. એટલે દશ સાથે ચારને ગુણતાં ચાલીશ થાય.

અવિરતિસમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનકે આઠ ચોવિશી હોય છે. આ ગુણસ્થાનકે કાલ કરવાનો પણ સંભવ હોવાથી અપર્યાપ્તાવસ્થામાં સંભવતા પૂર્વોક્ત ત્રણ યોગો હોય છે, તેથી અહિં તેર યોગો સંભવે છે. એટલે તેર સાથે આઠને ગુણતાં એકસો ચાર થાય છે.

દેશવિરતિ ગુણસ્થાનકે આઠ ચોવિશીઓ હોય છે. દેશવિરતિગુણસ્થાનક અપર્યાપ્તાવસ્થામાં સંભવતું નહિ હોવાથી અહિં ઔદારિક મિશ્ર અને કાર્મણકાયયોગ હોતા નથી, અને આહારકદ્વિક પણ હોતું નથી, અગીઆર યોગો જ હોય છે. એટલે અગીઆર સાથે આઠ ગુણતાં અઠ્ઠાશી થાય.

પ્રમત્તે આહારકદ્વિક હોવાથી તેર યોગો હોય છે. અહિં આઠ ચોવિશી થાય છે. એટલે તેર સાથે આઠ ગુણતાં એકસો ચાર થાય છે. અપ્રમત્તગુણસ્થાનકે આહારકમિશ્ર અને વૈક્રિયમિશ્રયોગ હોતા નથી, અગીઆર યોગોજ હોય છે. અહિં ચોવિશી આઠ થાય છે. એટલે અગીઆર સાથે આઠ ગુણતાં અઠ્ઠાશી થાય છે.

અપૂર્વકરણે ચાર ચોવિશી છે. અહિં મનોયોગ ચાર, વચનયોગ ચાર અને ઔદારિકકાયયોગ કુલે નવ યોગો હોય છે. એટલે નવ સાથે ચાર ગુણતાં છત્રીશ થાય છે.

સઘળી મળી છસો સોળ ચોવિશી થાય છે. તેને ચોવીશે ગુણતાં ચૌદ હજાર સાતસો અને ચોરાશી થાય તથા દ્વિકોદય અને એકોદયના સત્તર ભંગ થાય છે. નવમે, દશમે ગુણસ્થાનકે યોગો નવ હોય છે. એટલે સત્તર સાથે નવનો ગુણાકાર કરતાં એકસો ત્રેપન થાય છે. તેને પૂર્વની રાશિમાં ઉમેરતાં ચૌદ હજાર નવસો અને સાડત્રીશ ઉદયભંગ થાય છે.

આ ભાંગાઓમાંથી જે ભાંગાઓ સંભવતા નથી, તે દૂર કરવા જોઇએ. એટલે કયા ભાંગાઓ સંભવતા નથી અને તે શા માટે સંભવતા નથી તે કહે છે—

વૈક્રિયમિશ્ર, ઔદારિકમિશ્ર અને કાર્મણ કાયયોગે વર્ત્તમાન મિથ્યાદૃષ્ટિને અનન્તાનુબંધિના ઉદય વિનાની સાતના ઉદયની એક, આઠના ઉદયની બે, અને નવના ઉદયની એક એમ ચાર ચોવીશી સંભવતી નથી.

કારણ શું ? એ પ્રશ્નના ઉત્તરમાં કહે છે-જે આત્મા પહેલાં ક્ષાયોપશમિક સમ્યક્ત્વ છતાં અનંતાનુબંધિની વિસંયોજના કરી, કાળાંતરે પરિણામના પરાવર્તન વડે સમ્યક્ત્વથી પડી મિથ્યાત્વે આવી મિથ્યાત્વરૂપ હેતુ વડે અનંતાનુબંધિ બાંધવાનો આરંભ કરે, તેવા મિથ્યાદૃષ્ટિ આત્માને એક આવલિકા કાળ પર્યંત અનંતાનુબંધિનો ઉદય હોતો નથી.

આ સિવાયના સમ્યક્ત્વથી પડીને આવનાર જીવને અનંતાનુબંધિનો ઉદય અવશ્ય હોય છે. અનંતાનુબંધિની વિસંયોજના કર્યા બાદ સમ્યક્ત્વથી પડી મિથ્યાત્વે આવનારનું જઘન્યથી પણ અંતર્મુહૂર્ત્ત આયુ અવશેષ હોય છે, તેથી તેજ ભવમાં વર્તમાન તે આત્મા મિથ્યાત્વરૂપ હેતુ વડે અનંતાનુબંધિ બાંધે છે. અને બંધાવલિકા ગયા બાદ તેને વેદે પણ છે. (એક આવલિકા બાદ શા માટે વેદે છે તેનું કારણ ગા૦ ૨૧ માં જણાવ્યું છે.)

એટલે વિગ્રહગતિમાં વર્ત્તતા અને ભવાંતરમાં ઉત્પન્ન થતા મિથ્યાદષ્ટિને અનંતાનુબંધિનો ઉદય અવશ્ય હોય છે, તેથી તેના ઉદય વિનાના ઉદયના વિકલ્પો કાર્મણ, ઔદારિકમિશ્ર અને વૈક્રિયમિશ્રે સંભવતા નથી. કેમકે કાર્મણયોગ વિગ્રહગતિમાં અને ઉત્પત્તિના પ્રથમ સમયે હોય છે, અને ઔદારિકમિશ્ર તથા વૈક્રિયમિશ્ર ભવાંતરમાં ઉત્પન્ન થતા જીવને ઉત્પત્તિના બીજા સમયથી અપર્યાપ્તાવસ્થામાં હોય છે. એટલે કાર્મણ કાયયોગે સાતના ઉદયની એક, આઠના ઉદયની બે, અને નવના ઉદયની એક કુલ ચાર, એ પ્રમાણે ઔદારિકમિશ્રે ચાર અને વૈક્રિયમિશ્રે ચાર કુલ બાર ચોવિશી સંભવતી નથી.

અહિં વૈક્રિયમિશ્રકાયયોગ ભવાન્તરે ઉત્પન્ન થતાં જે કહ્યો છે, તે બહુલતાની અપેક્ષાએ કહ્યો છે. કેમકે દરેક દેવ-નારકીઓને અપર્યાપ્તાવસ્થામાં વૈક્રિયમિશ્રયોગ હોય છે. જો એમ ન હોય તો વૈક્રિયશરીર કરતા પર્યાપ્ત મનુષ્ય-તિર્યંચોને પણ વૈક્રિયમિશ્ર હોય છે. પરંતુ સપ્તતિકાના ચૂર્ણિકારે તેની વિવક્ષા કરી નથી, માટે ટીકાકાર મહારાજ કહે છે કે અમે પણ વિવક્ષા કરી નથી. આ પ્રમાણે આ ગ્રંથમાં અન્યત્ર પણ સપ્તતિકાની ચૂર્ણિનું અનુસરણ કર્યું છે, એમ જાણવું. બારને ચોવીશે ગુણીએ એટલે બસો અઠ્ઠાશી ભંગ થાય. આટલા ભંગો મિથ્યાદષ્ટિ ગુણસ્થાનકે અસંભવી છે.

વૈક્રિયમિશ્રકાયયોગે વર્ત્તતા સાસ્વાદનીને નપુંસકવેદનો ઉદય હોતો નથી. કારણકે વૈક્રિયમિશ્ર દેવ અને નારકીને હોય છે. સાસ્વાદનગુણસ્થાનક લઈને દેવમાંજ ઉત્પન્ન થાય છે, નારકીમાં ઉત્પન્ન થતો નથી. દેવો પુરૂષવેદી અને સ્ત્રીવેદી હોય છે, પરંતુ નપુંસકવેદી હોતા નથી. માટે સાસ્વાદન ગુણસ્થાનકે થતી ચાર ચોવિશીના છન્નુ ભાંગામાંથી નપુંસકવેદના ઉદયવાળા બત્રીસ ભાંગા સંભવતા નથી.

તથા કાર્મણકાયયોગે અને વૈક્રિય મિશ્રકાયયોગે અવિરતિસમ્યગ્દષ્ટિને સ્ત્રીવેદનો ઉદય સંભવતો નથી. કારણકે કાર્મણકાયયોગવાળા અને વૈક્રિયમિશ્રકાયયોગવાળા સ્ત્રીવેદિમાં અવિરતિ સમ્યગ્દષ્ટિ ઉત્પન્ન થતા નથી. સમ્યક્ત્વ યુક્ત મનુષ્ય અને તિર્યંચને નરકમાં જતાં માત્ર નપુંસકવેદનો ઉદય હોય છે, અને દેવમાં જતાં પુરૂષવેદનો જ ઉદય હોય છે, પરંતુ સ્ત્રીવેદનો ઉદય હોતો નથી. એટલે અવિરતિસમ્યગ્દષ્ટિને સ્ત્રીવેદે કાર્મણકાયયોગ અને વૈક્રિયમિશ્રયોગ હોતા નથી.

આ હકીકત પ્રાયોવૃત્તિ-બહુલતાની અપેક્ષાએ કહી છે. નહિ તો કોઈ વખતે સ્ત્રીવેદિમાં *પણ અવિરતિસમ્યગ્દષ્ટિની ઉત્પત્તિ થાય છે. સપ્તતિકાની ચૂર્ણિમાં કહ્યું છે કે–"કોઈ વખત* સ્ત્રીવેદિમાં અવિરતિસમ્યગ્દષ્ટિ ગુણસ્થાનકવાળાની ઉત્પત્તિ થાય પણ ખરી." પરંતુ અહિં ઘણા જીવો આશ્રયી જે હકીકત સંભવે છે તે કહેલી હોવાથી આઠ ચોવિશીના એકસો બાણું ભાંગામાંથી સ્ત્રીવેદના ઉદયથી થતા ચોસઠ ભાંગા કાર્મણકાયયોગે અને ચોસઠ ભાંગા વૈક્રિયમિશ્રયોગે હોતા નથી, સઘળા મળી એકસો અટ્ઠાવીશ ભંગ સંભવતા નથી.

ઔદારિકમિશ્રકાયયોગે વર્તમાન અવિરતિસમ્યગ્દષ્ટિને પુરૂષવેદ એકજ હોય છે, સ્ત્રીવેદ કે નપુંસકવેદ હોતા નથી. કેમકે સમ્યક્ત્વયુક્ત આત્મા તિર્યંચ કે મનુષ્યમાં ઉત્પન્ન થાય તો પુરૂષવેદિમાંજ ઉત્પન્ન થાય છે, સ્ત્રી, નપુંસકવેદિમાં ઉત્પન્ન થતા નથી, એટલે આઠ ચોવિશીના એકસો બાણું ભાંગામાંથી સ્ત્રીવેદ અને નપુંસકવેદના ઉદયથી થતા એકસો અઠ્ઠાવીશ ભંગ ઔદારિકમિશ્રકાયયોગે સંભવતા નથી. આ હકીકત પણ બાહુલ્યની અપેક્ષાએ કહી છે. નહિ તો કોઈ મલ્લિનાથ અને રાજિમતી જેવા અવિરતિસમ્યગ્દષ્ટિ આત્મા સમ્યક્ત્વ સાથે સ્ત્રીવેદિમાં પણ ઉત્પન્ન થાય છે. પરંતુ તેવી સંખ્યા અલ્પ હોવાથી અહિં તેની વિવક્ષા કરી નથી.

સઘળા મળી બસો છપ્પન ભાંગા અવિરતિસમ્યગ્દષ્ટિને અસંભવિ છે.

પ્રમત્તસંયતને આહારક અને આહારકમિશ્રે સ્ત્રીવેદ હોતો નથી. આહારકશરીર ચૌદ પૂર્વધરનેજ હોય છે. શાસ્ત્રમાં કહ્યું છે કે "આહારક શરીર ચૌદ પૂર્વધરને હોય છે." સ્ત્રીઓને ચૌદ પૂર્વના અધ્યયનનો સંભવ નથી, કેમકે સૂત્રમાં નિષેધ કર્યો છે.

કહ્યું છે કે–"સ્ત્રીઓ તુચ્છ, અભિમાનના બાહુલ્યવાળી, ચપલ ઇન્દ્રિયવાળી અને અલ્પ-રજવાળી હોવાથી અતિશયવાળા ભૂતવાદ–દષ્ટિવાદ નામના બારમા અંગના અધ્યયનનો તેઓને અધિકાર નથી."

માટે પ્રમત્તસંયતની આઠ ચોવિશીના એકસો બાણું ભાંગામાંથી સ્ત્રીવેદના ઉદયે થતા ચોસઠ ભંગ આહારકકાયયોગે અને ચોસઠ ભંગ આહારકમિશ્ર કાયયોગે, કુલ એકસો અઠ્ઠાવીશ ભંગ હોતા નથી.

તથા અપ્રમત્તસંયતને પણ પૂર્વોક્ત યુક્તિ પ્રમાણે આહારકકાયયોગે સ્ત્રીવેદનો ઉદય હોતો નથી, માટે અપ્રમત્તની આઠ ચોવીશીના એકસો બાણું ભાંગામાંથી સ્ત્રીવેદના ઉદયે થતા ચોસઠ ભંગ આહારકકાયયોગે હોતા નથી. અપ્રમત્તસંયતે આહારક કાયયોગજ હોય છે, આહારકમિશ્રયોગ હોતો નથી, માટે ચોસઠ ભાંગા વર્જ્યા છે.

આ પ્રમાણે ભિન્ન ભિન્ન ગુણસ્થાનકે અમુક અમુક યોગે નહિ સંભવતા ભાંગાઓનો સરવાળો કરતાં સાતસો અડસઠ ભાંગા થાય છે. આટલા ભાંગા પૂર્વના ૧૪૯૩૭ માંથી દૂર કરતાં ચૌદ હજાર એકસો ઓગણોતેર ૧૪૧૬૯ ભાંગા થાય છે.

હવે યોગગુણિત પદસંખ્યા કેટલી થાય તેનો વિચાર કરે છે–મિથ્યાદષ્ટિના અડસઠ ધ્રુવપદ છે, તેને તેર યોગે ગુણતાં આઠસો ચોરાશી થાય છે. સાસાદને બત્રીશ પદધ્રુવક છે, તેને પણ તેર યોગે ગુણતાં ચારસો સોળ થાય છે. મિશ્રે પણ બત્રીશ પદધ્રુવક છે. તેને દશ યોગે ગુણતાં ત્રણુસો વીશ થાય છે. અવિરતિસમ્યગ્દષ્ટિને સાઠ પદ ધ્રુવક છે. તેને તેર યોગે ગુણતાં સાતસો એંશી થાય છે. દેશવિરતને બાવન ધ્રુવપદ છે. તેને અગીઆર યોગે ગુણતાં પાંચસો બહોંતેર ધ્રુવપદ થાય છે. પ્રમત્તસંયતે ચુંમાલીશ ધ્રુવપદ છે. તેને તેર યોગે ગુણતાં પાંચસો બહોંતેર થાય છે. અપ્રમત્ત સંયતે પણ ચુંમાલીશ ધ્રુવપદ છે. તેને અગીઆર યોગે ગુણતાં ચારસો ચોરાશી થાય છે. અપૂર્વકરણે વીશ ધ્રુવપદ છે. તેને નવ યોગે ગુણતાં એકસો એશી થાય છે.

સઘળાં મળી બેતાલીસસો આઠ (૪૨૦૮) થાય છે. એને ચોવીશે ગુણવા. ગુણાકાર કરતાં એકલાખ નવસો બાણું (૧૦૦૯૯૨) થાય છે. તથા બેના ઉદયના ચોવીશ પદ, અને એકના ઉદયના પાંચ પદ, કુલ ઓગણત્રીસ પદ (નવમા–દશમાનાં મળીને) થાય છે. ત્યાં નવ યોગ હોવાથી નવે ગુણતાં બસો એકસઠ થાય છે. તેને પૂર્વની રાશિમાં મેળવતાં એકલાખ એક હજાર બસો ત્રેપન (૧૦૧૨૫૩) થાય છે.

આ રાશિમાંથી અસંભવતાં પદો કાઢી નાખવાં જોઈએ. એટલે કયાં પદો સંભવતાં નથી તે બતાવે છે–મિથ્યાદષ્ટિને અનંતાનુબંધિના ઉદયવિનાના સાતના ઉદયે એક ચોવીશીનાં ધ્રુવપદ સાત, આઠના ઉદયે બે ચોવિશીનાં ધ્રુવપદ સોળ અને નવના ઉદયે એક ચોવિશીનાં ધ્રુવપદ નવ કુલ બત્રીશ ધ્રુવપદો વૈક્રિયમિશ્ર કાયયોગે, બત્રીશ ઔદારિકમિશ્ર કાયયોગે, અને બત્રીશ કાર્મણ કાયયોગે કુલ છન્નું ધ્રુવપદો સંભવતાં નથી. કારણ પહેલાં કહ્યું છે. તેને ચોવીશે ગુણતાં ત્રેવીસસો ચાર થાય છે. એટલાં મિથ્યાદષ્ટિને અસંભવિ પદો છે.

વૈક્રિયમિશ્ર કાયયોગે વર્ત્તમાન સાસ્વાદન ગુણસ્થાનકવાળાને નપુંસકવેદનો ઉદય સંભવતો નથી. કારણ ભાંગા કહેવાના અવસરે પહેલાં કહી ગયા છે. નપુંસકવેદે આઠ ભાંગા થાય છે. સાસ્વાદનગુણસ્થાનકે બત્રીશ પદધ્રુવક હોવાથી આઠને બત્રીશે ગુણતાં બસો છપ્પન થાય છે. એટલાં પદો સાસ્વાદને સંભવતાં નથી.

કાર્મણકાયયોગે અને વૈક્રિયમિશ્રકાયયોગે વર્ત્તમાન અવિરતિસમ્યગ્દષ્ટિને સ્રીવેદનો ઉદય હોતો નથી. અવિરતિસમ્યગ્દષ્ટિને સાઠ ધ્રુવપદો હોય છે. સ્રીવેદે એક ચોવિશીમાંથી આઠ ભાંગા પ્રાપ્ત થાય છે. તેને સાઠે ગુણતાં ચારસો એંશી પદો કાર્મણ કાયયોગે, અને ચારસો એંશી પદો વૈક્રિયમિશ્રયોગે સઘળાં મળી નવસો સાઠ પદો સંભવતાં નથી. તથા ઔદારિકમિશ્રયોગે વર્ત્તમાન અવિરતિસમ્યગ્દષ્ટિને એક પુરૂષવેદનોજ ઉદય હોય છે, સ્રીવેદ

અને નપુંસકવેદનો ઉદય હોતો નથી. સ્ત્રી-નપુંસક વેદ સાથે સોળ ભાંગા થાય છે. માટે સોળને સાઠે ગુણતાં નવસો સાઠ થાય છે. સરવાળે અવિરતિસમ્યદૃષ્ટિને એક હજાર નવસો વીશ (૧૯૨૦) પદો સંભવતાં નથી.

આહારક અને આહારકમિશ્રકાયયોગે વર્ત્તમાન પ્રમત્ત સંયતને સ્ત્રીવેદનો ઉદય હોતો નથી, એ પહેલાં કહેવાયું છે. પ્રમત્તસંયતે ચુંમાલીશ ધ્રુવપદો હોય છે. ચોવીસમાંથી સ્ત્રીવેદે આઠ ભાંગા થાય છે. માટે ચુંમાલીશને આઠે ગુણતાં ત્રણસો બાવન થાય છે. તેટલાં આહારકે અને આહારકમિશ્રે સંભવતાં નથી. સઘળાં મળી પ્રમત્તસંયતને સાતસો અને ચાર (૭૦૪) પદો સંભવતાં નથી.

આહારકકાયયોગે વર્ત્તમાન અપ્રમત્તસંયતને પણ ઉક્ત પ્રકારે ત્રણસો બાવન પદો સંભવતાં નથી.

આ રીતે પહેલા, બીજા અને ચોથા આદિ ગુણસ્થાનનાં સઘળાં મળી, અસંભવી પદોની સંખ્યા પંચાવનશો છત્રીશ (૫૫૩૬) થાય છે. પૂર્વરાશિમાંથી આટલાં પદો બાદ કરવાં, બાદ કરતાં પંચાણુંહજાર સાતસો સત્તર (૯૫૭૧૭) રહે છે. યોગ સાથે ગુણાયેલ મોહનીયકર્મનાં આટલાં પદો સઘળા ગુણસ્થાનકોમાં હોય છે. ૧૧૯

ઉપર કહી તેજ સંખ્યા આ ગાથામાં કહે છે—

चोद्दसउ सहस्साइं सयं च गुणहत्तरं उदयमाणं ।
सत्तरसा सत्तसया पणनउइ सहस्स पयसंखा ॥१२०॥

चतुर्दशसहस्राणि शतं चैकोनसप्ततिरुदयमानम् ।
सप्तदशसप्तशतानि पञ्चनवतिसहस्राणि पदसंख्या ॥१२०॥

અર્થ—ચૌદ હજાર એકસો ઓગણોતેર યોગગુણિત ઉદયના ભાંગા થાય છે અને પંચાણું હજાર સાતસો અને સત્તર પદસંખ્યા થાય છે.

ટીકાનુ૦—ગુણસ્થાનકોમાં યોગ સાથે ગુણાયેલા મોહનીય કર્મના ઉદયના ભાંગાઓનું સર્વ પ્રમાણ ચૌદ હજાર એકસો ઓગણોતેર થાય છે. અને યોગસાથે ગુણાયેલ પદોનું સર્વ પ્રમાણ પંચાણુંહજાર સાતસો અને સત્તર થાય છે. જેનો વિસ્તાર ગઈ ગાથામાં કરી ગયા છે. ૧૨૦

ઉદયના ભંગની સંખ્યા અને પદની સંખ્યા કાઢવાનો ઉપાય ૧૧૯ મી ગાથામાં બતાવ્યો છે, અને સૂત્રકાર પણ કહેશે. માત્ર આ ગાથામાં ઉદયની ભંગ સંખ્યામાંથી બાદ કરવા યોગ્ય જે ઉદયના ભંગો હોય છે, તે બતાવે છે—

मीसदुगे कम्मइए अणउदयविवज्जियाउ मिच्छस्स ।
चउवीसाउ ण चउरो तिगुणाओ तो रिणं ताओ ॥१२१॥

मिश्रद्विके कार्म्मणे अनन्तानुबन्ध्युदयविवर्जिता मिथ्यादृष्टेः ।
चतुर्विंशतयो न चतस्रः त्रिगुणास्ततः रुणं ताः ॥१२१॥

અર્થ—મિશ્રદ્વિક અને કાર્મણકાયયોગે વર્ત્તમાન મિથ્યાદષ્ટિને અનન્તાનુબંધિના ઉદય વિનાની ચોવિશીઓ સંભવતી નથી. માટે ત્રણ ગુણી તે ચાર ચોવિશીઓ રુણં=શોધવી —બાદ કરવી.

ટીકાનુ૦—ઔદારિકમિશ્ર, વૈક્રિયમિશ્ર અને કાર્મણ એ દરેક યોગે વર્ત્તમાન મિથ્યાદષ્ટિને અનંતાનુબંધિના ઉદય વિનાની ચાર ચોવિશીઓ હોતી નથી. કારણ પહેલાં કહેવાઈ ગયું છે. માટે ત્રણ ગુણી ચાર એટલે કે બાર ચોવિશીઓ અને તેના બસો અઠ્ઠાશી ઉદય ભંગો મિથ્યાદષ્ટિના કુલ ભાંગામાંથી શોધવા—બાદ કરવા. અને પદો ત્રેવીસસો અને ચાર શોધવાં ૧૨૧

वेउव्वियमीसम्मि नपुंसवेओ न सासणे होइ ।
चउवीसचउकाओ अओ तिभागा रिणं तस्स ॥१२२॥

वैक्रियमिश्रे नपुंसकवेदो न सासादने भवति ।
चतुर्विंशतिचतुष्कात् अतस्त्रिभागः रुणं तस्य ॥१२२॥

અર્થ—સાસ્વાદન ગુણસ્થાનકે વૈક્રિયમિશ્રયોગે નપુંસક વેદનો ઉદય હોતો નથી. માટે તેની ચાર ચોવિશીમાંથી ત્રીજો ભાગ શોધવો.

ટીકાનુ૦—સાસ્વાદન ગુણસ્થાનકે વૈક્રિયમિશ્રયોગે નપુંસકવેદનો ઉદય હોતો નથી. તેનું કારણ પહેલાં કહ્યું છે. માટે સાસ્વાદન સંબંધી ચાર ચોવિશીમાંથી તેનો બત્રીશ ભંગરૂપ ત્રીજો ભાગ શોધવો—બાદ કરવો. અને પદસંખ્યા બસો છપ્પન શોધવી. ૧૨૨

कम्मयविउव्विमीसे इत्थीवेओ न होइ सम्मस्स ।
अपुमित्थि उरलमीसे तच्चउवीसाण रिणमेय ॥१२३॥

कार्मणवैक्रियमिश्रयोः स्त्रीवेदो न भवति सम्यग्दृष्टेः ।
अपुंस्त्रियौ उरलमिश्रे तच्चतुर्विंशतीनां रुणमेव ॥१२३॥

અર્થ—અવિરતિસમ્યગ્દષ્ટિને કાર્મણ અને વૈક્રિયમિશ્રે સ્ત્રીવેદ હોતો નથી. અને ઔદારિક-મિશ્રે નપુંસક અને સ્ત્રીવેદ હોતા નથી માટે તેની ચોવીશીના અસંભવિ ભાંગાઓ બાદ કરવા.

ટીકાનુ૦--કાર્મણ અને વૈક્રિયમિશ્રકાયયોગે વર્તમાન અવિરતિસમ્યગ્દૃષ્ટિને સ્ત્રીવેદનો ઉદય હોતો નથી. માટે અવિરતિ સમ્યગ્દૃષ્ટિની આઠ ચોવિશીના એકસો બાણું ભાંગામાંથી ત્રીજો ભાગ શોધવો. એટલે કે કાર્મણકાયયોગે સ્ત્રીવેદના ઉદયના આઠ ચોવિશીના ચોસઠ ભાંગા અને વૈક્રિયમિશ્રયોગે સ્ત્રી વેદના ઉદયના આઠ ચોવિશીના ચોસઠ ભાંગા કુલ એકસો અઠ્ઠાવીશ ભાંગા બાદ કરવા.

ઔદારિકમિશ્રયોગે વર્તમાન અવિરતિસમ્યગ્દૃષ્ટિને નપુંસકવેદ અને સ્ત્રીવેદનો ઉદય હોતો નથી. આ વિષયમાં યુક્તિ પહેલાં કહી ગયા છે. માટે ચોવિશીનો બે તૃતીયાંશ ભાગ શોધવો. એટલે કે એકસો અઠ્ઠાવીશ ભાંગા બાદ કરવા. સઘળા મળી બસો છપ્પન ઉદયભંગો અને નવસો સાઠ પદ સંખ્યા બાદ કરવી. ૧૨૩.

आहारगमीसेसुं इत्थीवेओ न होइ उ पमत्ते
दोण्णि तिभागाउ रिणं अपमत्तजइस्स उ तिभागो ॥१२४॥

आहारकमिश्रयोः स्त्रीवेदो न भवति तु प्रमत्ते ।
द्वौ त्रिभागौ रुणं अप्रमत्तयतेस्तु त्रिभागः ॥१२४॥

અર્થ--પ્રમત્તગુણસ્થાનકે આહારક અને આહારકમિશ્રયોગ હોતે છતે સ્ત્રીવેદ હોતો નથી. માટે બે તૃતીયાંશ ભાગ બાદ કરવા યોગ્ય છે. અને અપ્રમત્તયતિને ત્રીજો ભાગ બાદ કરવા યોગ્ય છે.

ટીકાનુ૦--આહારકકાયયોગ અને આહારકમિશ્રકાયયોગમાં વર્તમાન પ્રમત્ત આત્માને સ્ત્રીવેદનો ઉદય હોતો નથી. માટે પ્રમત્તસંયતની આઠ ચોવિશીમાંની દરેક ચોવિશીમાંથી આહારકકાયયોગિને સ્ત્રીવેદે થતા આઠ આઠ ભાંગા કુલ ચોસઠ, અને આહારકમિશ્રકાયયોગિને સ્ત્રીવેદે થતા દરેક ચોવિશીના આઠ-આઠ ભાંગા કુલ ચોસઠ, બધા મળી એકસો અઠ્ઠાવીશ ભાંગાઓ બાદ કરવા.

છટ્ઠા ગુણસ્થાનકના કુલ એકસો બાણું ભંગ થાય છે. તેમાંથી બે યોગના એકસો અઠ્ઠાવીશ ભાંગા બાદ કરવાના છે. એકસો અઠ્ઠાવીશ એ એકસો બાણુંનો બે તૃતીયાંશ ભાગ છે. માટે ગાથામાં કુલ ભાંગાનો બે તૃતીયાંશ ભાગ બાદ કરવાનું કહ્યું છે. પદ સંખ્યા સાતસો ચાર બાદ કરવાની છે. કેમકે ઉપરના બાદ કરવાના ભાંગાની પદ સંખ્યા તેટલી થાય છે.

તથા આહારકકાયયોગે વર્તમાન અપ્રમત્તસંયત આત્માને સ્ત્રીવેદનો ઉદય હોતો નથી માટે અપ્રમત્તસંયતની આઠ ચોવિશીના એકસો બાણું ભાંગામાંનો એક તૃતીયાંશ ભાગ બાદ કરવો એટલે કે ચોસઠ ભાંગા, અને તેના ત્રણસો બાવન પદો અપ્રમત્તે થતા ભાંગા અને પદોની સંખ્યામાંથી બાદ કરવા. ૧૨૪

આ ગાથામાં યોગ, ઉપયોગ અને લેશ્યા દ્વારા થતી ઉદયના ભંગની અને પદોની સંખ્યા લાવવાનો સામાન્ય ઉપાય કહે છે—

उदएसुं चउवीसा धुवगाउ पदेसु जोगमाईहिं ।
गुणिया मिलिया चउवीसताडिया इयरसंजुत्ता ॥१२५॥

उदयेषु चतुर्विंशतयो ध्रुवकास्तु पदेषु योगादिभिः ।
गुणिता मिलिताश्चतुर्विंशतिताडिता इतरसंयुक्ताः ॥१२५॥

અર્થ—જ્યારે ઉદયના ભંગની સંખ્યા લાવવી હોય ત્યારે ચોવિશીઓનો અને પદ સંખ્યા લાવવી હોય ત્યારે ધ્રુવકોનો યોગાદિ સાથે ગુણાકાર કરવો, સરવાળો કરવો, તેને ચોવીશે ગુણવા, અને ઈતર સંખ્યા મેળવવી એટલે ભંગસંખ્યા અને પદસંખ્યા પ્રાપ્ત થાય છે.

ટીકાનુ૦—યોગ, ઉપયોગ અને લેશ્યા દ્વારા થતો મોહનીયકર્મના ઉદયના ભંગની સંખ્યા લાવવી હોય ત્યારે જે જે ગુણસ્થાનકે જેટલી ચોવિશી થતી હોય તેનો તે તે ગુણસ્થાનકે જેટલા યોગ, ઉપયોગ કે લેશ્યા હોય તેની સાથે ગુણાકાર કરવો, અને તેને ચોવિશે ગુણવા, ત્યાર બાદ બેના અને એકના ઉદયથી થતા સત્તર ભાંગાઓને નવ યોગ, સાત ઉપયોગ અને એક લેશ્યા સાથે ગુણાકાર કરવો અને તેને પૂર્વની સંખ્યામાં મેળવવા. અને યોગદ્વારા થતી ભંગની સંખ્યામાંથી પૂર્વે કહેલા અસંભવી ભાંગાઓ બાદ કરવા એટલે યોગાદિવડે થતી ભંગસંખ્યા આવે.

લેશ્યા અને ઉપયોગદ્વારા થતી ભંગસંખ્યામાંથી તેના અસંભવી ભાંગાઓ નહિ હોવાથી એક પણ ભંગ બાદ કરવાનો નથી, એટલે તે માટે કંઈ કહેવામાં આવ્યું નથી.

એ પ્રમાણે પદની સંખ્યા લાવવી હોય ત્યારે જે જે ગુણસ્થાનકે જેટલા જેટલા પદધ્રુવકો પહેલાં કહ્યા છે, તેનો તે તે ગુણસ્થાનકે જેટલા યોગ, ઉપયોગ કે લેશ્યા હોય તેની સાથે ગુણાકાર કરવો, સઘળાનો સરવાળો કરવો, અને ચોવીસે ગુણવા. ત્યાર બાદ બેના ઉદયના અને એકના ઉદયના ઓગણત્રીશ પદોને નવ યોગ, સાત ઉપયોગ અને એક લેશ્યાસાથે ગુણી યોગદ્વારા થતી સંખ્યામાં યોગથી ગુણાયેલા, ઉપયોગદ્વારા થતી સંખ્યામાં ઉપયોગવડે ગુણાયેલ અને લેશ્યાદ્વારા થતી સંખ્યામાં લેશ્યાવડે ગુણાયેલ પદો મેળવવાં, એટલે કુલ સંખ્યા આવે.

અહિં પણ યોગદ્વારા થતી સંખ્યામાંથી અસંભવી ભાંગાઓ અને પદો બાદ કરવાનાં હોય છે, તેમ સમજવું.

આ પ્રમાણે કરવાથી યોગગુણિત ઉદયભંગ ચૌદહજાર નવસો સાડત્રીશ, અને પદો એક લાખ નવસો અને બાણું પ્રાપ્ત થાય છે. જે સંખ્યા પહેલાં કહેવાઇ છે, તેમજ ઉપયોગ અને લેશ્યા ગુણિત ભંગ તથા પદસંખ્યા પણ પહેલાં કહેવાઈ ગઈ છે. ૧૨૫

હવે અસંભવિ ઉદયભંગ અને પદોની સંખ્યા લાવવાનો ઉપાય કહે છે—

अपमत्तसासणेसुं अड सोल पमत्त सम्म बत्तीसा ।
मिच्छंमि य छण्णउई ठावेज्जा सोहणनिमित्तं ॥१२६॥

अप्रमत्तसासादनयोरष्टौ षोडश प्रमत्ते सम्यक्त्वे द्वात्रिंशत् ।
मिथ्यात्वे च षण्णवतिं स्थापयेत् शोधननिमित्तम् ॥१२६॥

અર્થ—અપ્રમત્ત અને સાસાદને આઠ, પ્રમત્તે સોળ, અવિરતિસમ્યગ્દૃષ્ટિમાં બત્રીશ, અને મિથ્યાત્વે છન્નું બાદ કરવા માટે સ્થાપવા.

ટીકાનુ૦—અપ્રમત્ત અને સાસ્વાદનસંબંધી આઠ આઠ બાદ કરવા માટે સ્થાપવા તથા પ્રમત્તસંબંધી સોળ, અવિરતિસમ્યગ્દૃષ્ટિસંબંધી બત્રીશ અને મિથ્યાદૃષ્ટિ સંબંધી છન્નું બાદ કરવામાટે સ્થાપવા. તે આ પ્રમાણે-

આહારક કાયયોગે વર્ત્તમાન અપ્રમત્તયતિને સ્રીવેદ હોતો નથી. સ્રીવેદે એક એક ચોવિશીમાં આઠ આઠ ભાંગા થાય છે. માટે અપ્રમત્તે શોધવા–બાદ કરવા યોગ્ય આઠ સ્થાપવાનું કહ્યું છે.

વૈક્રિયમિશ્રકાયયોગે વર્ત્તમાન સાસ્વાદનસમ્યગ્દૃષ્ટિને નપુંસકવેદ હોતો નથી. નપુંસકવેદે એક એક ચોવિશીમાં આઠ આઠ ભાંગા થાય છે, માટે સાસ્વાદને બાદ કરવા યોગ્ય આઠ સ્થાપવાના કહ્યા છે.

આહારકયોગ અને આહારકમિશ્રકાયયોગે વર્ત્તમાન પ્રમત્તયતિને સ્રીવેદ હોતો નથી. સ્રીવેદે આહારકકાયયોગે અને આહારકમિશ્રકાયયોગે દરેક ચોવિશીમાં આઠ આઠ ભાંગા થાય છે, માટે પ્રમત્તે બાદ કરવા યોગ્ય સોળ સ્થાપવાના કહ્યા છે.

ઔદારિકમિશ્રકાયયોગે વર્ત્તમાન અવિરતિસમ્યગ્દૃષ્ટિને સ્રીવેદ અને નપુંસક વેદ હોતો નથી. સ્રીવેદે અને નપુંસકવેદે પ્રત્યેક ચોવીશીમાં આઠ આઠ, બંનેના મળી સોળ ભંગ થાય છે, માટે સોળ, તથા વૈક્રિયમિશ્ર અને કાર્મણકાયયોગે વર્ત્તમાન અવિરતિસમ્યગ્દૃષ્ટિને સ્રીવેદ હોતો નથી, માટે ત્યાં પણ પૂર્વોક્ત રીતે સોળ કુલ બત્રીસ સ્થાપવાના કહ્યા છે.

વૈક્રિયમિશ્ર, ઔદારિકમિશ્ર અને કાર્મણકાયયોગે વર્ત્તમાન મિથ્યાદૃષ્ટિને તે દરેક યોગે અનંતાનુબંધિના ઉદયવિનાની ચાર ચાર ચોવિશીજ હોતી નથી. ચાર ચોવિશીના છન્નું ભાંગા

થાય છે. જે ઉપરોકત ત્રણ યોગમાંથી કોઈ યોગે હોતા નથી, એટલે છન્નું સ્થાપવાના કહ્યા છે.

જે ગુણસ્થાને જેટલા સ્થાપવાના કહ્યા હોય તેને તે ગુણસ્થાનકે જેટલી ચોવીશીઓ હોય તે સાથે ગુણવા, એટલે બાદ કરવા યોગ્ય ભાંગાની સંખ્યા પ્રાપ્ત થાય છે. જેમકે સાસાદને આઠ સ્થાપવાના કહ્યા છે, તે ગુણસ્થાનકે ચાર ચોવિશી છે. માટે આઠને ચારે ગુણતાં બત્રીસ આવે, તેટલા બાદ કરવા યોગ્ય ભંગ આવે છે. મિથ્યાત્વગુણસ્થાનકે ઔદારિકમિશ્ર, વૈક્રિયમિશ્ર અને કાર્મણકાયયોગ એ પ્રત્યેક કાયયોગે ચાર ચાર ચોવીશીઓજ હોતી નથી. એટલે ચાર ચોવિશીને ત્રણે ગુણવા, અને ત્યાર બાદ ચોવિશે ગુણવા એટલે બાદ કરવા યોગ્ય ભંગ પ્રાપ્ત થાય છે. આ હકીકત પહેલાં આવી ગઈ છે. ૧૨૬

આ પ્રમાણે સ્થાપન કરવા યોગ્ય અંકોને બતાવીને હવે જે કરવા યોગ્ય છે, તે કહે છે—

जोगतिगेणं मिच्छे नियनियचउवीसगाहिं सेसाणं।
गुणिऊणं पिंडेज्जा सेसा उदयाण परिसंखा॥१२७॥

योगत्रिकेण मिथ्यात्वे निजनिजचतुर्विंशतिभिः शेषाणाम् ।
गुणयित्वा पिंडयेत् शेषा उदयानां परिसंख्या ॥१२७॥

અર્થ—મિથ્યાદષ્ટિના સ્થાપવા યોગ્ય અંકને યોગત્રિકે ગુણવા, અને શેષ ગુણસ્થાનકના સ્થાપવા યોગ્ય અંકને તે તે ગુણસ્થાનકની ચોવીશીની સંખ્યાવડે ગુણવા, ગુણીને સરવાળો કરવો, અને તેને કુલ સંખ્યામાંથી બાદ કરવા, એટલે ઉદયભંગની કુલ સંખ્યા પ્રાપ્ત થાય છે.

ટીકાનુ૦—મિથ્યાદષ્ટિગુણસ્થાનકે સ્થાપવા યોગ્ય જે છન્નું કહ્યા છે, તે છન્નુએ ભંગ વૈક્રિયમિશ્ર, ઔદારિકમિશ્ર અને કાર્મણ ત્રણે યોગે હોતા નથી, માટે તેનો ત્રણ યોગ સાથે ગુણાકાર કરવો, ગુણતાં બસો અઠ્ઠાશી આવે.

શેષ અપ્રમત્તાદિમાં આઠ આદિ સ્થાપવાના કહ્યા છે. તેને તે તે ગુણસ્થાનકની ચોવીશીઓ સાથે ગુણાકાર કરવો, એટલે કે જે ગુણસ્થાનકે જેટલી ચોવિશીઓ હોય, તેની સાથે તે ગુણસ્થાનકના સ્થાપ્ય અંકનો ગુણાકાર કરવો. જેમકે-અપ્રમત્તે આઠ ચોવીશીઓ છે, માટે તેની સાથે તે ગુણસ્થાનકના સ્થાપ્ય આઠનો ગુણાકાર કરવો, એટલે બાદ કરવા યોગ્ય ચોસઠ આવે.

એ પ્રમાણે સાસાદને ચાર ચોવિશીઓ છે, તેની સાથે તેના સ્થાપ્ય આઠનો ગુણાકાર કરવો. બત્રીશ આવે. પ્રમત્તે આઠ ચોવિશીઓ છે, તેનો તેના સ્થાપ્ય અંક સોળ સાથે ગુણાકાર કરવો એટલે એકસો અઠ્ઠાવીશ આવે, અવિરતિસમ્યગ્દષ્ટિમાં આઠ ચોવિશી છે. માટે તેની સાથે તેના સ્થાપ્ય બત્રીશ અંકનો ગુણાકાર કરવો, ગુણાકાર કરતાં બસો છપ્પન આવે.

બાદ કરવા યોગ્ય ગુણસ્થાનકોના અંકની સ્થાપના આ પ્રમાણે આવે છે–૨૮૮–૬૪–૩૨–૧૨૮–૨૫૬ સઘળા મળી સાતસો અડસઠ થાય. એટલા પૂર્વોક્ત ઉદયભંગની સંખ્યામાંથી બાદ કરવા. બાદ કરતાં બાકીના ઉદયભંગની સંખ્યા–અર્થાત્ યોગગુણિત ભંગની કુલ સંખ્યા આવે છે. અને તે ચૌદ હજાર એકસો ઓગણોતેર થાય છે. જે પહેલાં કહી ગયા છે. ૧૨૭

હવે શોધ્યપદોને લાવવાનો ઉપાય કહે છે—

चउवीसाइगुणेज्जा पयाणि अहिगिच्च मिच्छ छन्नउइ।
सेसाणं धुवगेहिं एगीकिच्चा तओ सोहे ॥१२८॥

चतुर्विंशत्या गुणयेत् पदान्यधिकृत्य मिथ्यात्वे षण्णवतिम् ।
शेषाणां ध्रुवकैः एकीकृत्य ततः शोधयेत् ॥१२८॥

અર્થ—પદો આશ્રયીને મિથ્યાત્વે છન્નુનો ચોવીસ સાથે ગુણાકાર કરવો. અને શેષ ગુણસ્થાનકના સ્થાપ્ય અંકોનો ધ્રુવપદ સાથે ગુણાકાર કરવો. ત્યારબાદ સરવાળો કરીને પદની કુલ સંખ્યામાંથી શોધવા–બાદ કરવા.

ટીકાનુ૦—પદો આશ્રયી મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનકે છન્નુંનો ચોવીસ સાથે ગુણાકાર કરવો. શા માટે છન્નુને ચોવીસ સાથે ગુણવા? એ પ્રશ્નના ઉત્તરમાં કહે છે કે–મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનકે વૈક્રિયમિશ્ર, ઔદારિકમિશ્ર અને કાર્મણ એ હરેક યોગે અનન્તાનુબંધિના ઉદય સિવાયની સાતના ઉદયની એક, આઠના ઉદયની બે, અને નવના ઉદયની એક, એમ ચાર ચોવીસીઓ સંભવતી નથી.

તેમાં સાતના ઉદયમાં સાત પદ, આઠના ઉદયમાં આઠ પદ, પરંતુ આઠના ઉદયની બે ચોવીસી થાય છે, માટે આઠને બેએ ગુણતાં સોળ પદ લેવાં, અને નવના ઉદયમાં નવ પદ, સઘળાં મળી બત્રીશ પદ થાય, તે બત્રીશ વૈક્રિયમિશ્ર આદિ ત્રણે યોગે સંભવતાં નથી, માટે ત્રણ સાથે બત્રીસનો ગુણાકાર કરવો, ગુણાકાર કરતાં છન્નુ થાય છે. આ છન્નુ પદો ચોવીશીઓને આશ્રયીને રહેલ છે, માટે છન્નુનો ચોવીસ સાથે ગુણાકાર કરવા કહ્યું છે, છન્નુને ચોવીસે ગુણતાં ત્રેવીસસો અને ચાર પદો થાય છે.

આ રીતે શેષ સાસાદનાદિ ગુણસ્થાનકોના સ્થાપ્ય અંકોનો પોતપોતાના ધ્રુવપદો સાથે ગુણાકાર કરવો. તે આ પ્રમાણે–સાસાદનસંબંધી પૂર્વોક્ત આઠનો બત્રીસ સાથે ગુણાકાર કરવો. ગુણાકાર કરતાં બસો છપ્પન્ન થાય. અવિરતિસમ્યગ્દૃષ્ટિ સંબંધી બત્રીસને પોતાના સાઠ પદધ્રુવકો સાથે ગુણવા. ગુણતાં ઓગણીશસો અને વીશ થાય. પ્રમત્તસંબંધી સોળને પોતાના ચુમ્માલીશ પદ ધ્રુવક સાથે ગુણવા. ગુણતાં સાતસો ચાર થાય. અપ્રમત્તસંબંધી આઠને પોતાના ચુમ્માલીસ ધ્રુવપદો સાથે ગુણવા, ગુણતાં ત્રણસો બાવન થાય.

ત્યાજ્ય આ સઘળા પદોનો સરવાળો કરતાં પંચાવનસો છત્રીશ (૫૫૩૬) થાય. તેને પૂર્વે ગુણસ્થાનકોનાં પદોનો જે કુલ સરવાળો કહ્યો છે. તેમાંથી બાદ કરવાં, બાદ કરતાં, ગુણસ્થાનકોમાં સંભવતી પદની કુલ સંખ્યા આવે તે, સંખ્યા આ પ્રમાણે છે–પંચાણું હજાર સાતસો અને સત્તર (૯૫૭૧૭) ૧૨૮

આ પ્રમાણે મોહનીયકર્મ સંબંધે પહેલાં નહિ કહેલ વિશેષ કહ્યો. હવે નામકર્મ સંબંધે જે વિશેષ છે, તે કહે છે.

बंधोदयसंताइं गुणेसु कहियाइ नामकम्मस्स ।
गइसु य अव्वगडंमि वोच्छामि इंदिएसु पुणो ॥१२९॥

बंधोदयसन्ति गुणेषु कथितानि नामकर्मणः ।
गतिषु चाव्याकृते वक्ष्यामि इन्द्रियेषु पुनः ॥१२९॥

અર્થ—નામકર્મના અવ્યક્ત–જીવસ્થાનક કે ગુણસ્થાનકની વિચારણા સિવાય માત્ર સામાન્યથી કરેલા નામકર્મના બંધ ઉદય અને સત્તાસ્થાનોના કથન પ્રસંગે ગુણસ્થાનકોમાં અને ગતિમાં બંધ, ઉદય અને સત્તાસ્થાનો કહ્યાં છે, તેનેજ વિશેષ બોધ થાય માટે ગતિ, ગુણસ્થાનક અને ઈન્દ્રિયોમાં અહિં વિસ્તારથી કહેવામાં આવે છે,

ટીકાનુ૦—પહેલાં નામકર્મના બંધ, ઉદય અને સત્તાસ્થાનોનો વિચાર કરવાના પ્રસંગે ગુણસ્થાનકોમાં અને ગતિમાં બંધ, ઉદય અને સત્તાસ્થાનોનો વિચાર કર્યો છે. પરંતુ તે સામાન્ય સ્વરૂપે કર્યો છે. કેમકે તે સ્થાન ખાસ ગુણસ્થાનકોમાં કે ગતિઓમાં બંધ આદિ સ્થાનોને પ્રતિપાદન કરવા માટે ન હતું.

प्रपञ्चितज्ञ—વિસ્તારથી કરેલા વિચારને સમજનારા આત્માઓ સામાન્ય સ્વરૂપે કરેલા તે વિચારને સમજવા સમર્થ થતા નથી, તેઓને બોધ થાય માટે ગુણસ્થાનકો અને જીવસ્થાનકોમાં બંધ, ઉદય અને સત્તાસ્થાનકોનો વિચાર વિસ્તાર પૂર્વક કરે છે, તેમાં પહેલાં ગુણસ્થાનકોમાં બંધ આદિ સ્થાનોનો કરે છે. તે આ પ્રમાણે–

મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનકે નામકર્મનાં છ બંધસ્થાનકો છે. તે આ–૨૩–૨૫–૨૬–૨૮–૨૯–૩૦. મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનકે ચારે ગતિના જીવો હોય છે, અને તેઓ ચારે ગતિ યોગ્ય યથાયોગ્ય રીતે બંધ કરે છે, એટલે ઉપરોક્ત બંધસ્થાનકો સંભવે છે માત્ર તીર્થંકર નામકર્મ અને આહારકદ્વિક સાથેનાં જે બંધસ્થાનકો છે તે અહિં હોતાં નથી.

અહિંથી કયું બંધસ્થાન કઈ ગતિ યોગ્ય છે, તે અને તેના બાંધનાર કોણ હોય છે, તે કહેવાની શરૂઆત કરે છે–અપર્યાપ્ત એકેન્દ્રિય યોગ્ય બંધ કરતાં ત્રેવીસનું બંધસ્થાનક બંધાય

છે. તે બાંધતા બાદર અને સૂક્ષ્મના પ્રત્યેક અને સાધારણ સાથે ચાર ભંગ-પ્રકાર થાય છે. એટલે કે—અપર્યાપ્ત એકેન્દ્રિય યોગ્ય ત્રેવીસ પ્રકૃતિઓને કોઇ બાદર અને પ્રત્યેક સાથે બાંધે છે. કોઈ બાદર અને સાધારણ સાથે બાંધે છે, કોઈ સૂક્ષ્મ અને પ્રત્યેક સાથે બાંધે છે, અને કોઈ સૂક્ષ્મ અને સાધારણ સાથે બાંધે છે, એટલે ત્રેવીસનો બંધ ચાર પ્રકારે થાય છે અન્યત્ર પણ ભંગની ભાવના આ પ્રમાણે સમજવી.

આ અપર્યાપ્ત એકેન્દ્રિય યોગ્ય ત્રેવીસ પ્રકૃતિના બંધક એકેન્દ્રિયાદિ સઘળા તિર્યંચો અને મનુષ્યો છે. તેઓ ચારે ભાંગે ત્રેવીસનો બંધ કરે છે. (યુગલિયા તિર્યંચ અને મનુષ્યો માત્ર દેવગતિમાં જ જતા હોવાથી દેવગતિયોગ્ય અઠ્ઠાવીશના બંધસ્થાનક સિવાય અન્ય કોઈ બંધસ્થાનક બાંધતા નથી.) દેવો જોકે એકેન્દ્રિય યોગ્ય બંધ કરે છે, પરંતુ તે પ્રત્યેક-બાદર-પર્યાપ્ત એકેન્દ્રિયયોગ્ય બંધ કરે છે, સૂક્ષ્મ, સાધારણ કે અપર્યાપ્ત એકેન્દ્રિય યોગ્ય બંધ કરતા નથી.

પર્યાપ્ત એકેન્દ્રિય યોગ્ય અને અપર્યાપ્ત વિકલેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્ય યોગ્ય બંધ કરતાં પચીસનું બંધસ્થાન બંધાય છે. તેમાં પર્યાપ્ત એકેન્દ્રિય યોગ્ય પચીસનો બંધ કરતાં વીશ ભંગ થાય છે, અને અપર્યાપ્ત વિકલેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્ય યોગ્ય ૨૫નો બંધ કરતાં દરેકનો એક એક ભંગ થાય છે. આ રીતે પચીસના બંધે કુલ પચીસ ભંગ થાય છે. આ ભાંગાઓ આજ પ્રકરણમાં ગાથા ૬૦ માં કહી ગયા છે ત્યાંથી જોઈ લેવા.

આ પચીસના બંધક પણ ત્રેવીસના બંધકની જેમજ સમજવાના છે. માત્ર પ્રત્યેક-બાદર-પર્યાપ્ત એકેન્દ્રિયયોગ્ય પચીસનો બંધ ઇશાન સુધીના દેવો કરે છે, એટલે દેવો આશ્રયી પણ તે બંધસ્થાન લેવાનું છે. દેવો સ્થિર-શુભ-યશ સાથે અસ્થિર-અશુભ અને અપયશને ફેરવતાં થતા આઠ ભાંગે એકેન્દ્રિયયોગ્ય પચીસ પ્રકૃતિઓ બાંધે છે. મનુષ્યો અને તિર્યંચો તો યથાયોગ્ય રીતે પચીસે ભાંગે પચીસ બાંધે છે.

પર્યાપ્ત એકેન્દ્રિયયોગ્ય બાંધતાં છવ્વીસ બંધાય છે. અને તેને બાંધતાં સોળ ભંગ થાય છે. આ બંધસ્થાન બાદર પર્યાપ્ત એકેન્દ્રિય યોગ્ય છે. કેમકે સૂક્ષ્મ એકેન્દ્રિયયોગ્ય બાંધતાં આતપ કે ઉદ્યોતનો બંધ થતો નથી. આ બંધસ્થાનકના બાંધનારા એકેન્દ્રિયયોગ્ય પચીસના જે બાંધનારા કહ્યા છે, તે સઘળા છે.

દેવગતિ યોગ્ય કે નરકગતિ યોગ્ય બાંધતાં અઠ્ઠાવીશ પ્રકૃતિનો બંધ થાય છે. તેમાં દેવગતિયોગ્ય અઠ્ઠાવીશ બાંધતાં સ્થિર-શુભ-યશને અસ્થિર-અશુભ અને અપયશ સાથે ફેરવતાં આઠ ભંગ થાય છે તથા નરકગતિયોગ્ય અટ્ઠાવીશ બાંધતાં અસ્થિર-અશુભ અને અપયશકીર્તિનો જ બંધ થતો હોવાથી અને અન્ય પરાવર્ત્તમાન અશુભ પ્રકૃતિઓ જ બંધાતી હોવાથી એક જ ભંગ થાય છે કુલ અઠ્ઠાવીસના બંધે નવ ભંગ થાય છે.

આ બંને પ્રકારના અઠ્ઠાવીશના બંધક પર્યાપ્તાવસ્થામાં વર્તમાન ગર્ભજ મનુષ્ય-તિર્યંચો અને સંમૂર્છિમ તિર્યંચો છે, મિથ્યાત્વગુણસ્થાનકે અપર્યાપ્તાવસ્થામાં વર્તતા તિર્યંચ અને મનુષ્યો દેવગતિ કે નરકગતિયોગ્ય બંધ કરતા નથી, માટે પર્યાપ્તાવસ્થા ગ્રહણ કરી છે. એકેન્દ્રિય કે વિકલેન્દ્રિયો તો નરક કે દેવગતિયોગ્ય બંધજ કરતા નથી.

પર્યાપ્ત બેઇન્દ્રિય, તેઇન્દ્રિય. ચઉરિન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યયોગ્ય બાંધતાં નામકર્મની ઓગણત્રીશ પ્રકૃતિઓ બંધાય છે. તેમાં પર્યાપ્ત બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય યોગ્ય ઓગણત્રીશ બાંધતાં દરેકના આઠ આઠ ભંગ થાય છે. તિર્યંચ પંચેન્દ્રિય યોગ્ય બાંધતાં છેતાલીશસો આઠ ભંગ થાય છે, અને મનુષ્ય યોગ્ય બાંધતાં પણ છેતાલીશસો અને આઠ ભંગ થાય છે. સઘળા મળી ઓગણત્રીશના બંધસ્થાનકના બાણુંસો અને ચાળીશ (૯૨૪૦) ભંગ થાય છે.

તીર્થંકર નામકર્મ સહિત દેવગતિયોગ્ય જે ઓગણત્રીશ પ્રકૃતિનું બંધસ્થાનક છે, તે મિથ્યાદૃષ્ટિને હોતું નથી. કારણ કે તીર્થંકર નામકર્મનો બંધ સમ્યક્ત્વ રૂપ હેતુવડે થાય છે. મિથ્યાદૃષ્ટિને તે હેતુ હોતો નથી, માટે દેવગતિયોગ્ય ઓગણત્રીશનો બંધ મિથ્યાદૃષ્ટિને થતો નથી. આ તિર્યંચ કે મનુષ્ય પ્રાયોગ્ય ઓગણત્રીશના બંધક ચારે ગતિના જીવો છે, ચારે ગતિના જીવો, યથાયોગ્યપણે તિર્યંચ કે મનુષ્યગતિયોગ્ય ૨૯ નો બંધ કરે છે, માત્ર વિકલેન્દ્રિય-યોગ્ય ૨૯ બાંધનાર મનુષ્ય અને તિર્યંચોજ છે, દેવો કે નારકીઓ નહિ. દેવો કે નારકીઓ માત્ર સંખ્યાતવર્ષના આયુવાળા પર્યાપ્ત-ગર્ભજ-તિર્યંચ કે પર્યાપ્ત-ગર્ભજ-મનુષ્યગતિ યોગ્ય જ બંધ કરે છે, અન્ય કોઈ યોગ્ય બંધ કરતા નથી. માત્ર દેવો બાદર-પર્યાપ્ત પૃથ્વી, બાદર-પર્યાપ્ત અપ અને પર્યાપ્ત પ્રત્યેક વનસ્પતિકાયયોગ્ય બંધ કરે છે, એટલું વધારે છે,

તથા પર્યાપ્ત બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય અને તિર્યંચપંચેન્દ્રિયયોગ્ય બાંધતાં ઉદ્યોતનામકર્મ સાથે નામકર્મનું ત્રીસનું બંધસ્થાન બંધાય છે. તેમાં પર્યાપ્ત બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય યોગ્ય ત્રીશ બાંધતાં દરેકના આઠ-આઠ ભંગ થાય છે, અને તિર્યંચ પંચેન્દ્રિય યોગ્ય બાંધતાં છેતાલીસસો આઠ ભંગ થાય છે. સઘળા મળી ત્રીશના બંધસ્થાનકના છેતાલીસસો બત્રીશ ભંગ થાય છે.

તીર્થંકર નામકર્મ સાથે મનુષ્યગતિ યોગ્ય ત્રીશ તેમજ આહારકદ્વિક સાથે દેવગતિ-યોગ્ય ત્રીશ એમ બે બંધસ્થાન મિથ્યાદૃષ્ટિને બંધમાં આવતાં નથી. કારણકે તીર્થંકરનામ-કર્મનું સમ્યક્ત્વ કારણ છે, અને આહારકદ્વિકનું સંયમ કારણ છે, તે બંને કારણો મિથ્યા-દૃષ્ટિગુણસ્થાનકે નથી, એટલે તીર્થંકર નામકર્મ સાથેનું મનુષ્યયોગ્ય ત્રીશનું બંધસ્થાનક કે આહારકદ્વિક સાથેનું દેવયોગ્ય ત્રીશનું બંધસ્થાનક મિથ્યાદૃષ્ટિને હોતું નથી. આ બંધ-

સ્થાનના બાંધનાર પણ ઓગણત્રીશના બંધકની જેમ ચારે ગતિના જીવો છે. માત્ર વિકલેન્દ્રિયયોગ્ય ત્રીશના બંધક મનુષ્ય અને તિર્યંચો છે.

આ રીતે મિથ્યાદષ્ટિ ગુણસ્થાનકે બાંધનાર ભિન્ન ભિન્ન જીવો આશ્રયી છ બંધસ્થાનક હોય છે.

ત્રેવીસ આદિ બંધસ્થાનકોમાં થતી ભંગ સંખ્યાને અનુક્રમે નિરૂપણ કરવા માટે અન્ય શાસ્ત્રપ્રસિદ્ધ ગાથા આપવામાં આવી છે, તે આ છે—

"चउ पणवीसा सोलस, नव चत्ताला सयाय बाणउइ ।
बत्तीसुत्तर छायाल सया मिच्छस्स बंधविही"

એટલેકે–ત્રેવીસના બંધસ્થાનકના ચાર, પચીસના પચીસ, છવ્વીસના સોળ, અઠ્ઠાવીશના નવ, ઓગણત્રીશના બાણુંસો ચાલીસ, અને ત્રીશના બંધસ્થાનકના છેતાલીસસો બત્રીસ ભંગ થાય છે.

આઠ બંધસ્થાનકના કુલ ભંગ તેરહજાર નવસો પીસતાલીસ થાય છે. તેમાંથી તીર્થંકરનામકર્મ સાથે દેવગતિ પ્રાયોગ્ય ઓગણત્રીશના બંધના આઠ ભંગ, તીર્થંકરનામકર્મ સાથે મનુષ્યગતિ પ્રાયોગ્ય ત્રીશના બંધસ્થાનકના આઠ ભંગ, આહારકદ્વિકસાથે દેવગતિયોગ્ય ત્રીશના બંધસ્થાનકનો એક ભંગ, આહારકદ્વિક અને તીર્થંકરસાથે દેવગતિયોગ્ય એકત્રીશના બંધસ્થાનકનો એક ભંગ, અને યશકીર્ત્તિરૂપ એક પ્રકૃતિના બંધસ્થાનકનો એક ભંગ કુલ ઓગણીશ ભંગ બાદ કરતાં મિથ્યાદષ્ટિગુણસ્થાનકે છ બંધસ્થાનકોના ઉપર કહ્યા તે તેર હજાર નવસો અને છવ્વીસ ભંગ થાય છે.

આ પ્રમાણે મિથ્યાદષ્ટિના બંધસ્થાનકનું નિરૂપણ કર્યું. હવે ઉદયસ્થાનકનું નિરૂપણ કરે છે–મિથ્યાદષ્ટિ ગુણસ્થાનકે ભિન્નભિન્ન જીવો આશ્રયી નવ ઉદયસ્થાનકો છે, તે આ પ્રમાણે–૨૧–૨૪–૨૫–૨૬–૨૭–૨૮–૨૯–૩૦–૩૧ આ સઘળાં ઉદયસ્થાનકો કેવી રીતે હોય છે, તથા તેના કેટલા કેટલા પ્રકાર થાય છે તે સઘળું પહેલાં વિસ્તારપૂર્વક ગાથા ૭૩ થી ૯૧ સુધીમાં કહ્યું છે. છતાં અહિં પણ લેશ માત્ર કહેશે.

આ ગુણસ્થાનકે આહારકસંયતનાં, વૈક્રિયસંયતનાં અને કેવલિભગવંતનાં ઉદયસ્થાનકો તથા તેના ભંગો હોતા નથી. એટલે આ ગુણસ્થાનકે ઉદયસ્થાનના કુલ ૭૭૯૧ ભંગમાંથી આહારકસંયતના પાંચ ઉદયસ્થાનકના સાત, વૈક્રિયસંયતના ૨૮–૨૯–૩૦ એ ત્રણ ઉદયસ્થાનકનો એક એક કુલ ત્રણ અને તીર્થંકર–અતીર્થંકર ભગવંતના દશ ઉદયસ્થાનકમાંથી સામાન્ય મનુષ્યમાં નહિ ગણાયેલા આઠ ભંગ, કુલ અઢાર ભંગ બાદ કરતાં ૭૭૭૩ ઉદય ભંગ હોય છે. જેનું અહિં નિરૂપણ કરે છે.

એકવીશના ઉદયના એકતાલીસ ભંગ અહિં મિથ્યાદષ્ટિ ગુણસ્થાનકે હોય છે. તે આ

પ્રમાણે–એકેન્દ્રિયના ૫, વિકલેન્દ્રિયના ૯, તિર્યંચ પંચેન્દ્રિયના ૯, મનુષ્યના ૯, દેવના ૮, નારકીનો ૧, કુલ ૪૧.

ચોવીસના ઉદયના અગીઆર અને તે એકેન્દ્રિયનાજ થાય છે. કેમકે અન્ય કોઇપણ જીવોને ચોવીશનો ઉદય હોતો નથી.

પચીસના ઉદયના બત્રીસ ભંગ. તે આ–એકેન્દ્રિયના ૭, વૈક્રિયતિર્યંચ-પંચેન્દ્રિયના ૮, વૈક્રિયમનુષ્યના ૮, દેવોના ૮, અને નારકીનો ૧ કુલ ૩૨

છવ્વીસના ઉદયના છસો, તે આ પ્રમાણે–એકેન્દ્રિયના ૧૩, વિકલેન્દ્રિયના ૯, તિર્યંચ પંચેન્દ્રિયના ૨૮૯, મનુષ્યના ૨૮૯, કુલ ૬૦૦

સત્તાવીસના ઉદયના એકત્રીશ, તે આ–એકેન્દ્રિયના ૬, વૈક્રિયતિર્યંચપંચેન્દ્રિયના ૮, વૈક્રિયમનુષ્યના ૮, દેવોના ૮, અને નારકીનો ૧ કુલ ૩૧

અઠ્ઠાવીશના ઉદયના અગીઆરસો નવ્વાણું, તે આ પ્રમાણે-વિકલેન્દ્રિયના ૬, તિર્યંચ પંચેન્દ્રિયના ૫૭૬, વૈક્રિયતિર્યંચના ૧૬, મનુષ્યના ૫૭૬, વૈક્રિયમનુષ્યના ૮, દેવોના ૧૬, અને નારકીનો ૧ કુલ ૧૧૯૯.

ઓગણત્રીશના ઉદયના સત્તરસો એકાશી, તે આ–વિકલેન્દ્રિયના ૧૨, તિર્યંચપંચેન્દ્રિયના ૧૧૫૨, વૈક્રિયતિર્યંચ પંચેન્દ્રિયના ૧૬, પ્રાકૃત મનુષ્યના ૫૭૬, વૈક્રિયમનુષ્યના ૮, દેવોના ૧૬, અને નારકીનો ૧ કુલ ૧૭૮૧.

ત્રીશના ઉદયના ઓગણત્રીશસો અને ચૌદ, તે આ–વિકલેન્દ્રિયના ૧૮, તિર્યંચ પંચેન્દ્રિયના ૧૭૨૮, વૈક્રિયતિર્યંચના ૮, મનુષ્યના ૧૧૫૨, અને દેવોના ૮, કુલ ૨૯૧૪.

એકત્રીશના ઉદયના અગીઆરસો અને ચોસઠ ભંગ થાય છે, અને તે આ પ્રમાણે –વિકલેન્દ્રિયના ૧૨, અને તિર્યંચ પંચેન્દ્રિયના ૧૧૫૨, કુલ ૧૧૬૪.

આ પ્રમાણે મિથ્યાદષ્ટિ ગુણસ્થાનકે પોતાના નવ ઉદયસ્થાનકના સઘળા મળી ૭૭૭૩ ભંગ થાય છે.

તથા મિથ્યાદષ્ટિને છ સત્તાનાં સ્થાનકો હોય છે. તે આ પ્રમાણે–૯૨–૮૯–૮૮–૮૬ –૮૦–૭૮. તેમાંથી બાણુંનું સત્તાસ્થાનક ચારે ગતિના આહારકચતુષ્કની સત્તાવાળા મિથ્યાદષ્ટિઓને હોય છે મિથ્યાદષ્ટિને આહારક અને જિનનામની એક સાથે સત્તા નહિ હોવાથી ત્રાણુંનું સત્તાસ્થાન વર્જ્યું છે.

હવે નેવ્યાશીનું સત્તાસ્થાન કઈ રીતે હોય તે કહે છે–કોઈ આત્માએ નારકીનું આયુ બાંધ્યા પછી ક્ષાયોપશમિક સમ્યકત્વ ઉપાર્જન કરી તીર્થંકર નામકર્મ નિકાચ્યું, ત્યારબાદ તે આત્મા નરકમાં જતાં પોતાના આયુના છેલ્લા અંતર્મુહૂર્તમાં સમ્યકત્વ વમી મિથ્યાત્વી થઈ નરકમાં ગયો. ત્યાં પર્યાપ્તો થયા બાદ ફરી ક્ષાયોપશમિક સમ્યકત્વ ઉપાર્જન કરે.

આવા જીવને મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનકે તીર્થંકરનામકર્મની સત્તા અંતર્મુહૂર્ત્ત પર્યંત હોય છે. એટલે તીર્થંકરનામયુક્ત નેવ્યાશીની સત્તા અંતર્મુહૂર્ત્ત પર્યંત મિથ્યાત્વગુણસ્થાનકે સંભવે છે, એટલે ૮૯નું સત્તાસ્થાન હોય છે.

આહારક ચતુષ્ક અને તીર્થંકરનામ વિના અઠ્ઠાશીનું સત્તાસ્થાન ચારે ગતિના મિથ્યાદૃષ્ટિઓને સંભવે છે. અઠ્ઠાશીની સત્તાવાળા યથાયોગ્ય રીતે એકેન્દ્રિયમાં જઇ દેવદ્વિક કે નરકદ્વિક ઉવેલે ત્યારે છ્યાશીનું સત્તાસ્થાન થાય છે. છ્યાશીની સત્તાવાળા એકેન્દ્રિયોએ નહિ ઉવેલેલ દેવદ્વિક કે નરકદ્વિક અને વૈક્રિય ચતુષ્ક ઉવેલે ત્યારે એંશીનું સત્તાસ્થાન થાય છે.

તેઉ-વાયુમાં જઈ મનુષ્યદ્વિક ઉવેલે ત્યારે અઠ્ઠોતેરનું સત્તાસ્થાન થાય છે. મનુષ્યદ્વિકની ઉદ્વલના તેઉ-વાઉમાં ગયેલ આત્માજ કરે છે, અન્ય કોઈ કરતા નથી. તેઉ-વાઉમાંથી નીકળી વિકલેન્દ્રિય કે તિર્યંચ પંચેન્દ્રિયમાં ઉત્પન્ન થાય અને તે જ્યાં સુધી મનુષ્યદ્વિક ન બાંધે ત્યાં સુધી એટલે કે અંતર્મુહૂર્ત્ત પર્યંત તેઓને પણ અઠ્ઠોતેરનું સત્તાસ્થાન હોય છે. ત્યારબાદ તેઓ અવશ્ય મનુષ્યદ્વિક બાંધે છે, એટલે તેઓને એંશીનું સત્તાસ્થાન થાય છે.

આ પ્રમાણે મિથ્યાદૃષ્ટિને સામાન્યથી બંધ, ઉદય અને સત્તાનાં સ્થાનો કહ્યાં.

હવે સંવેધ કહે છે–અપર્યાપ્ત એકેન્દ્રિયયોગ્ય ત્રેવીસ બાંધતા મિથ્યાદૃષ્ટિને સપ્રભેદ નવે ઉદયસ્થાનકો સમજવાં. એટલે કે નવમાંથી કોઈપણ ઉદયે અને નવે ઉદયસ્થાનના કોઈપણ ભંગે વર્ત્તમાન મિથ્યાદૃષ્ટિ ત્રેવીશ પ્રકૃતિનો બંધ કરે છે, માત્ર એકવીશ, પચીશ, સત્તાવીશ, અઠ્ઠાવીશ, ઓગણત્રીશ અને ત્રીશ એ છ ઉદયસ્થાનમાં વર્ત્તમાન દેવ અને નારકી આશ્રયી જે ભંગ થાય છે તે સંભવતા નથી.

કેમકે ત્રેવીસ પ્રકૃતિઓ અપર્યાપ્ત એકેન્દ્રિય યોગ્ય બાંધતાં બંધાય છે દેવો ત્યાં ઉત્પન્ન થતા નહિ હોવાથી અપર્યાપ્ત એકેન્દ્રિય યોગ્ય ત્રેવીશ પ્રકૃતિનો બંધ કરતા નથી. નારકીઓ પણ ત્રેવીશનો બંધ કરતા નથી. કેમકે નારકીઓ તો એકેન્દ્રિય યોગ્ય કોઈપણ બંધસ્થાન બાંધતા નથી. એટલે દેવો અને નારકીઓ આશ્રયી જે ઉદયસ્થાનો અને તેના ભંગો થાય છે, તે ત્રેવીસના બંધે વર્જવાનું કહ્યું છે. [1]

સત્તાસ્થાન પાંચ હોય છે. તે આ પ્રમાણે–૯૨–૮૮–૮૬–૮૦–૭૮[2] તેમાં ૨૧–૨૪–૨૬ ના

---

૧ જેઓએ લબ્ધિના બળથી વૈક્રિયશરીર કર્યું હોય છે, તેવા મનુષ્ય-તિર્યંચો પણ ક્લિષ્ટ અધ્યવસાયના બળથી એકેન્દ્રિય યોગ્ય ત્રેવીસ પ્રકૃતિનો બંધ કરી શકે છે.

૨ ૭૮ નું સત્તાસ્થાન મનુષ્યદ્વિક ઉવેલાયા બાદ તેઉ-વાઉને પોતાના સઘળા ઉદયસ્થાનોમાં હોય છે. તેઉ-વાઉમાંથી નીકળી પૃથ્વીકાયાદિ જે તિર્યંચમાં ઉત્પન્ન થાય છે, ત્યાં પણ પોતપોતાના શરૂઆતના ૨૧–૨૪ કે ૨૧–૨૬ એ બે ઉદયસ્થાન પર્યંત સંભવે છે, ત્યાર બાદ તેઉ-વાઉ સિવાય અન્ય તિર્યંચો અવશ્ય મનુષ્યદ્વિક બાંધે છે તેઉ-વાઉને ૨૧–૨૪–૨૫–૨૬ એ ચાર ઉદયસ્થાનકોજ

ઉદયમાં પાંચે સત્તાસ્થાનો હોઈ શકે છે. પચીસના ઉદયમાં ચાર સત્તાસ્થાનો હોય છે. માત્ર પચીસના ઉદયવાળા તેઉ વાઉને પાંચે સત્તાસ્થાનો હોય છે. છવ્વીસના ઉદયમાં તેઉ-વાઉને પાંચે સત્તાસ્થાનો હોય છે, અને તેઉ-વાઉમાંથી નીકળી તેઉ-વાઉ સિવાય અન્ય એકેન્દ્રિયાદિ તિર્યંચોમાં ઉત્પન્ન થનારને પણ પાંચે સત્તાસ્થાનો હોય છે,

સત્તાવીશ, અઠ્ઠાવીશ, ઓગણત્રીશ, ત્રીશ અને એકત્રીશ એ દરેક ઉદયસ્થાનોમાં અઠ્ઠોતેર સિવાય બાકીનાં ચાર ચાર સત્તાસ્થાનો હોય છે. સઘળાં મળી ત્રેવીસના બંધકને નવે ઉદયસ્થાન આશ્રયી ચાલીસ સત્તાસ્થાનો થાય છે.

આજ પ્રમાણે પચીસ અને છવ્વીસના બંધક માટે પણ સમજવું. માત્ર અહિં પોતાના સઘળા ઉદયસ્થાનકમાં વર્તમાન દેવ પણ પર્યાપ્ત એકેન્દ્રિય યોગ્ય પચ્ચીસ અને છવ્વીસ પ્રકૃતિઓનો બંધ કરે છે, એ વિશેષરૂપે સમજવું. તથા તેઓ માત્ર બાદર-પર્યાપ્ત પૃથ્વી, અપ્ અને પ્રત્યેક વનસ્પતિ યોગ્ય જ બંધ કરતા હોવાથી સ્થિર-અસ્થિર, શુભ-અશુભ અને યશ-અપયશને ફેરવતાં થતા આઠ ભાંગે પચ્ચીસ અને છવ્વીસ પ્રકૃતિઓ બાંધે છે એમ પણ સમજી લેવું.

દેવો સૂક્ષ્મ, સાધારણ કે અપર્યાપ્ત નામકર્મના ઉદયવાળા કોઈપણ જીવસ્થાનમાં ઉત્પન્ન થતા નથી માટે તેને યોગે થતા કોઈ પણ ભાંગા દેવોમાં સંભવતા નથી.

પચ્ચીસ અને છવ્વીસના બંધે સત્તાસ્થાનકની ભાવના ત્રેવીસના બંધની જેમ કરવી. એટલે પચ્ચીસ અને છવ્વીસ એ બે બંધસ્થાનકમાં ચાલીસ-ચાલીસ સત્તાસ્થાનો હોય છે. (અહિં દેવોને પોતાના સઘળા ઉદયસ્થાનોમાં ૯૨-૮૮ એ બે સત્તાસ્થાનક જ હોય છે, અન્ય કોઈ સત્તાસ્થાનો હોતાં નથી.)

અઠ્ઠાવીશના બંધક મિથ્યાદૃષ્ટિને ત્રીશ અને એકત્રીશ એ બે ઉદયસ્થાન હોય છે.[૧] અઠ્ઠાવીશનો બંધ દેવ કે નરકગતિ યોગ્ય છે અને તેને પર્યાપ્ત મિથ્યાદૃષ્ટિઓ જ બાંધે છે,

---

હોય છે. તેઓને આતપ કે ઉદ્યોતનો ઉદય હોતો નથી એટલે તેઉ-વાઉમાં પાંચે સત્તાસ્થાનો હોય છે. તેઉ-વાઉ સિવાય અન્ય તિર્યંચોમાં પોતાના શરૂઆતના બે ઉદયસ્થાન સુધી પાંચ, ત્યારપછીના ઉદયસ્થાનોમાં ૭૮ સિવાય ચાર સત્તાસ્થાનો જ હોય છે. મનુષ્યગતિમાં પોતાના સઘળા ઉદયમાં ૭૮ સિવાય ચાર સત્તાસ્થાનો જ હોય છે. દેવો અને નારકીઓ તો ૨૩ નો બંધ કરતા નથી એટલે તેના માટે અહિં કંઈ કહેવાનું નથી. કયો જીવ કઈ ગતિ યોગ્ય બંધ કરે છે, અને તેને કેટલાં ઉદયસ્થાનકો હોય છે. તેનો જો બરાબર નિર્ણય થાય તો ઉદયસ્થાનકના કયા ભંગવાળું બંધસ્થાન હોય, તે અને તે વખતે કયાં કયાં સત્તાસ્થાનકો હોય તે સમજવું સહેલું થઈ પડે છે.

૧ અહીં બે જ ઉદયસ્થાન લીધાં છે તેથી ઉત્તર વૈક્રિય શરીરીની વિવક્ષા કરી નથી એમ લાગે છે. અન્યથા આ ગ્રંથની ૬૯ મી ગાથાની ટીકામાં ૨૮ ના બંધે ૨૫ અને ૨૭ ના ઉદયે વૈક્રિય શરીરી મિથ્યાદૃષ્ટિ મનુષ્યો અને તિર્યંચો પણ લીધા છે તેથી તે અપેક્ષાએ અહીં ૨૫ અને ૨૭ આદિ પાંચ એમ ૭ ઉદયસ્થાનો સંભવી શકે છે.

એટલે ઉપરનાં બે જ ઉદયસ્થાન ગ્રહણ કર્યાં છે. તેમાં ત્રીશનું ઉદયસ્થાન તિર્યંચ અને મનુષ્યો એ બંનેને હોય છે. અને એકત્રીશનું ઉદયસ્થાન માત્ર તિર્યંચોને જ હોય છે.

અઠ્ઠાવીશના બંધકને ૯૨–૮૯–૮૮–૮૬ એ ચાર સત્તાસ્થાન હોય છે. તેમાં દેવ કે નરકગતિ યોગ્ય અઠ્ઠાવીશનો બંધ કરતા તિર્યંચને ત્રીશ અને એકત્રીશના ઉદયે ૯૨–૮૮ અને ૮૬ એમ ત્રણ ત્રણ સત્તાસ્થાનકો હોય છે.

મનુષ્યને દેવગતિ યોગ્ય અઠ્ઠાવીશ બાંધતાં ઉપરનાં ત્રણ સત્તાસ્થાનો હોય છે. અને નરકગતિ યોગ્ય બંધ કરતા મનુષ્યને ૯૨–૮૯–૮૮–૮૬ એ ચાર સત્તાસ્થાનો સંભવે છે. તેમાં બાણું અને અઠ્ઠાશી તો સામાન્યતઃ હોય છે. એંશીની સત્તા લઈ કોઈ એકેન્દ્રિય આત્મા મનુષ્યમાં ઉત્પન્ન થાય, ત્યાં દેવદ્વિક અને વૈક્રિયચતુષ્ક અથવા નરકદ્વિક અને વૈક્રિયચતુષ્ક બાંધે ત્યારે છયાશીનું સત્તાસ્થાન થાય છે.

તથા નરકાયુનો બંધ કર્યા પછી ક્ષાયોપશમિક સમ્યકત્વ ઉપાર્જન કરી જેણે તીર્થંકર નામકર્મ બાંધ્યું છે એવો કોઈ મનુષ્ય પોતાનું આયુ અંતર્મુહૂર્ત્ત શેષ રહે ત્યારે પરિણામનું પરાવર્તન થવાથી મિથ્યાત્વે જાય છે, અને નરકમાં જવા સન્મુખ થયેલો તે આત્મા ત્યાં નરકગતિ યોગ્ય અટ્ઠાવીશ પ્રકૃતિનો બંધ કરે છે. આવા કોઈ મિથ્યાદષ્ટિ જીવ આશ્રયી નરક યોગ્ય અઠ્ઠાવીશના બંધે નેવ્યાશીનું સત્તાસ્થાન હોય છે.

તીર્થંકર નામકર્મનો બંધક દેવમાં જતાં તો ક્ષાયોપશમિક સમ્યકત્વ લઈને જાય છે, એટલે દેવયોગ્ય અટ્ઠાવીશ બાંધતા મિથ્યાદષ્ટિ મનુષ્યને નેવ્યાશીનું સત્તાસ્થાન હોતું નથી.

એકત્રીશના ઉદયે દેવ કે નરક યોગ્ય અઠ્ઠાવીશ બાંધતાં નેવ્યાશી સિવાયનાં ત્રણ સત્તાસ્થાનો હોય છે. નેવ્યાશીનું સત્તાસ્થાન તીર્થંકરનામ સહિત છે. [1]નિકાચિત જિનનામની સત્તાવાળો કોઈપણ આત્મા તિર્યંચગતિમાં ઉત્પન્ન થતો નથી માટે નેવ્યાશીનું સત્તાસ્થાન તિર્યંચગતિમાં હોતું નથી.

આ પ્રમાણે ગતિના ભેદ વિના સામાન્યથી ત્રીશના ઉદયે ચાર અને એકત્રીશના ઉદયે ત્રણ કુલ સાત સત્તાસ્થાનો અટ્ઠાવીશના બંધસ્થાનકે હોય છે,

ઓગણત્રીશનું બંધસ્થાન મનુષ્યગતિયોગ્ય, તિર્યંચગતિયોગ્ય અને દેવગતિયોગ્ય એમ ત્રણ પ્રકારે છે. તેમાંથી દેવગતિયોગ્ય વર્જીને શેષ વિકલેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યગતિયોગ્ય ઓગણત્રીશ પ્રકૃતિનો બંધ કરતા મિથ્યાદષ્ટિને સામાન્યથી પૂર્વે કહેલાં

૧ અહિં નિકાચિત જિનનામની જ વિવક્ષા છે. કેમકે અનિકાચિત જિનનામની સત્તા લઈને તો તિર્યંચગતિમાં જવામાં કોઈ વિરોધ નથી. આ વિષયમાં શંકા–સમાધાન પંચસંગ્રહ ભાગ પહેલો પાંચમા દ્વાર ગાથા ૪૩–૪૪ માં કર્યું છે ત્યાંથી જોઈ લેવું.

નવે ઉદયસ્થાનકો હોય છે. સત્તાસ્થાનકો ૯૨-૮૯-૮૮-૮૬-૮૦-૭૮[1] એ છ હોય છે.

તેમાં એકવીશના ઉદયમાં સઘળાં છએ સત્તાસ્થાનો હોય છે. તેમાં પણ એકવીશના ઉદયે મનુષ્ય યોગ્ય ઓગણત્રીશ બાંધતાં નેવ્યાશીનું સત્તાસ્થાન પહેલાં કહી ગયા તે રીતે જે મનુષ્યે તીર્થંકરનામકર્મ બાંધ્યું છે અને મિથ્યાત્વી થઈ નરકમાં ગયો છે તેવા નારકીને સમજવું.

બાણું અને અઠ્ઠાશી એ બે સત્તાસ્થાન દેવ, નારકી, મનુષ્ય, (એકેન્દ્રિય) વિકલેન્દ્રિય અને તિર્યંચ પંચેન્દ્રિય એ સર્વને હોય છે. છયાશીનું અને એંશીનું સત્તાસ્થાન એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યોને હોય છે. અને અઠ્ઠોતેરનું સત્તાસ્થાન એકેન્દ્રિય, વિકલેન્દ્રિય અને તિર્યંચ પંચેન્દ્રિયોને હોય છે.

મનુષ્ય કે તિર્યંચગતિ યોગ્ય ઓગણત્રીશનો બંધ કરતા ચોવીસના ઉદયે વર્ત્તમાન એકેન્દ્રિયોને નેવ્યાશી સિવાય શેષ પાંચ સત્તાસ્થાનો હોય છે. આ ઉદયસ્થાન માત્ર એકેન્દ્રિયોને જ હોય છે, અન્ય કોઈને હોતું નથી માટે 'ચોવીસના ઉદયે વર્તમાન એકેન્દ્રિયોને' એમ લખ્યું છે.

પચીસના ઉદયે છ એ સત્તાસ્થાનો હોય છે. તે જેમ એકવીશના ઉદયમાં વિચાર્યાં તેમ અહિં પણ વિચારવાં.

છવ્વીસના ઉદયે નેવ્યાશી સિવાય પાંચ સત્તાસ્થાનો હોય છે. અને તે પહેલાંની જેમ સમજી લેવાં. આ ઉદયમાં નેવ્યાશીનું સત્તાસ્થાન શા માટે હોતું નથી એ પ્રશ્નના ઉત્તરમાં કહે છે કે-મિથ્યાદષ્ટિ છતાં નેવ્યાશીનું સત્તાસ્થાન નરકમાં ઉત્પન્ન થતા નારકીને હોય છે, અન્ય કોઈને હોતું નથી. નારકીને છવ્વીસનો ઉદય હોતો નથી માટે તે ઉદયે નેવ્યાશીનું સત્તાસ્થાન વર્જ્યું છે.

સત્તાવીશના ઉદયે અઠ્ઠોતેર સિવાય શેષ પાંચ સત્તાસ્થાનો હોય છે. તેમાં નેવ્યાશીનું સત્તાસ્થાન પૂર્વોક્ત સ્વરૂપવાળા નારકી આશ્રયી હોય છે. પૂર્વોક્ત સ્વરૂપવાળા નારકીને પોતાના સઘળા ઉદયસ્થાનોમાં નેવ્યાશીની સત્તા હોય છે. બાણું અને અઠ્ઠાશી દેવતા, નારકી, મનુષ્ય, એકેન્દ્રિય, વિકલેન્દ્રિય અને તિર્યંચ પંચેન્દ્રિય એ સઘળાઓને હોય છે. છયાશી અને એંશી એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, તિર્યંચપંચેન્દ્રિય અને મનુષ્ય આશ્રયી હોય છે. આ ઉદયે અઠ્ઠોતેરનું સત્તાસ્થાન તો હોતું નથી. કારણ કે સત્તાવીશનો ઉદય તેઉ-વાઉ

---

૧ કોઇ પણ તિર્યંચ કે મનુષ્ય યોગ્ય બંધ કરતા મનુષ્યને ૯૨-૮૮-૮૬-૮૦ એ ચાર સત્તાસ્થાનો હોય છે. તિર્યંચને ૭૮ સાથે પાંચ હોય છે. નારકીને તિર્યંચ ગતિયોગ્ય બંધ કરતાં ૯૨-૮૮ એ બે અને મનુષ્યયોગ્ય બંધ કરતાં ૮૯ સાથે ત્રણ હોય છે. દેવને મનુષ્ય કે તિર્યંચ યોગ્ય બંધ કરતાં ૯૨-૮૮ એ બે હોય છે. કયા ભંગવાળા કયા ઉદયસ્થાનકે વર્ત્તમાન કયા ભંગવાળું કયું બંધસ્થાન બાંધે અને તે વખતે કયું સત્તાસ્થાન હોય તે પોતાની બુદ્ધિથી વિચારી લેવું.

સિવાયના આતપ કે ઉદ્યોતના ઉદયવાળા એકેન્દ્રિયોને અથવા નારકીઓ અને દેવોને હોય છે. તેઓ કોઈને અઠ્ઠોતેરનું સત્તાસ્થાન સંભવતું નથી. કેમકે તેઓને અવશ્ય મનુષ્યદ્વિકના બંધનો સંભવ છે.

અઠ્ઠાવીશના ઉદયે પણ આજ પાંચ સત્તાસ્થાનો જાણવાં. તેમાં અઠ્ઠાશી, નેવ્યાશી અને બાણુંની ભાવના પૂર્વની જેમ કરવી. એટલે કે દેવોમાં ૯૨–૮૮ એ બે, નારકીમાં ૯૨–૮૯–૮૮ એ ત્રણ અને મનુષ્ય-તિર્યંચોમાં ૯૨–૮૮ એ બે સત્તાસ્થાનો હોય છે. છયાશી અને એંશી એ બે સત્તાસ્થાન વિકલેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્ય આશ્રયી સમજવાં. દેવો અને નારકીઓમાં એ બે સત્તાસ્થાનો હોતાં નથી.

ઓગણત્રીશના ઉદયે પણ આ પ્રમાણે એજ પાંચ સત્તાસ્થાનો સમજવાં.

ત્રીશના ઉદયે બાણું, અઠ્ઠાશી, છયાશી અને એંશી એ ચાર સત્તાસ્થાનો હોય છે. આ સત્તાસ્થાનો વિકલેન્દ્રિયો અને તિર્યંચ પંચેન્દ્રિયો આશ્રયી જાણવાં. (ત્રીશનો ઉદય દેવ, મનુષ્ય, વિકલેન્દ્રિય અને તિર્યંચ પંચેન્દ્રિયોને હોય છે. તેમાં દેવોને ૯૨–૮૮ મનુષ્યો અને વિકલેન્દ્રિયાદિ તિર્યંચોને ૯૨–૮૮–૮૬–૮૦ એ પ્રમાણે સત્તાસ્થાનો હોય છે.)

એકત્રીશના ઉદયે પણ આજ ચાર સત્તાસ્થાનો હોય છે. એકત્રીશનો ઉદય વિકલેન્દ્રિય અને તિર્યંચ પંચેન્દ્રિયોને જ હોય છે, એટલે ઉપરોક્ત સત્તાસ્થાનો પણ તેને જ હોય છે.

સઘળાં મળી ઓગણત્રીશ પ્રકૃતિ બાંધતા મિથ્યાદષ્ટિને પીસ્તાલીસ સત્તાસ્થાનકો હોય છે.

દેવગતિયોગ્ય ઓગણત્રીશ પ્રકૃતિ મિથ્યાદષ્ટિને બંધાતી નથી, તેનું કારણ પહેલાં કહેવાઈ ગયું છે.

મનુષ્યગતિ અને દેવગતિયોગ્ય ત્રીશ પ્રકૃતિના બંધને વર્જીને વિકલેન્દ્રિય અને તિર્યંચ-પંચેન્દ્રિય યોગ્ય ત્રીશ પ્રકૃતિ બાંધતા મિથ્યાદષ્ટિને સામાન્યથી પહેલાં કહ્યાં તે નવે ઉદય-સ્થાનકો હોય છે, અને નેવ્યાશી સિવાયનાં પાંચ સત્તાસ્થાનકો હોય છે. નેવ્યાશીનું સત્તા-સ્થાન હોતું નથી. કારણકે નેવ્યાશીની સત્તાવાળાને તિર્યંચગતિયોગ્ય બંધજ થતો નથી.

એકવીશ, ચોવીશ, પચીશ અને છવ્વીશ એ ચાર ઉદયસ્થાનમાં તે પાંચે સત્તાસ્થાનો પૂર્વની જેમ સમજી લેવાં. સત્તાવીશ, અઠ્ઠાવીશ, ઓગણત્રીશ, ત્રીશ અને એકત્રીશ એ દરેક ઉદયસ્થાનમાં અઠ્ઠોતેર સિવાય શેષ ચાર ચાર સત્તાસ્થાનો સમજવાં. અઠ્ઠોતેરના નિષેધનું કારણ પહેલાં કહ્યું છે. તેજ સમજવું. સઘળાં મળી તિર્યંચગતિયોગ્ય ત્રીશ બાંધતા મિથ્યાદષ્ટિને ચાલીસ સત્તાસ્થાનો હોય છે.

તીર્થંકરનામકર્મ સહિત મનુષ્યગતિયોગ્ય ત્રીશનો બંધ થાય છે, અને આહારકદ્વિક સહિત દેવગતિયોગ્ય ત્રીશ બંધાય છે, તે બંને બંધસ્થાનકો મિથ્યાદષ્ટિને હોતાં નથી. કારણ કે મિથ્યાદષ્ટિઓને તીર્થંકરનામ અને આહારકદ્વિકનો બંધજ થતો નથી.

આ પ્રમાણે મિથ્યાદષ્ટિ આશ્રયી બંધ, ઉદય અને સત્તાસ્થાનોનો સંવેધ કહ્યો.

હવે સાસ્વાદનના[1] બંધ, ઉદય અને સત્તાસ્થાનો કહેવાય છે—સાસ્વાદન ગુણસ્થાનકે અઠ્ઠાવીશ, ઓગણત્રીશ અને ત્રીશ એ ત્રણ બંધસ્થાનકો હોય છે. તેમાં અઠ્ઠાવીશનો બંધ બે પ્રકારે છે-૧ દેવગતિયોગ્ય, ૨ નરકગતિયોગ્ય. તેમાં સાસ્વાદને નરકગતિયોગ્ય અઠ્ઠાવીશનો બંધ થતો નથી; પરંતુ દેવગતિયોગ્ય અઠ્ઠાવીશનો બંધ થાય છે, અને તેના બંધક પર્યાપ્તાવસ્થામાં વર્ત્તમાન ગર્ભજ તિર્યંચો અને ગર્ભજ મનુષ્યો છે, તેનો બંધ કરતાં સ્થિર-અસ્થિર, શુભ- અશુભ, અને યશઃ-અપયશકીર્ત્તિના પરાવર્ત્તનવડે આઠ ભાંગા થાય છે. એટલે કે આ આઠ પ્રકારમાંથી કોઈપણ પ્રકારે મનુષ્યો અને તિર્યંચો અઠ્ઠાવીશનો બંધ કરે છે.

સાસ્વાદનગુણસ્થાનકે વર્તતા એકેન્દ્રિયો, વિકલેન્દ્રિયો, તિર્યંચપંચેન્દ્રિયો, મનુષ્યો, દેવો અને નારકીઓ તિર્યંચ પંચેન્દ્રિયયોગ્ય અથવા તો મનુષ્યગતિ યોગ્ય ઓગણત્રીશ પ્રકૃતિનો બંધ કરે છે. તીર્થંકરનામ યુક્ત દેવગતિયોગ્ય ઓગણત્રીશનો બંધ અહિં થતો નથી, કેમકે અહિં યોગ્ય અધ્યવસાયના અભાવે તીર્થંકરનામકર્મજ બંધાતું નથી.

અહિં ભાંગા ચોસઠસો (૬૪૦૦) થાય છે. તે આ પ્રમાણે-જો કે સાસ્વાદન ગુણસ્થાનવાળા જીવો તિર્યંચ પંચેન્દ્રિય કે મનુષ્યગતિ યોગ્ય ઓગણત્રીશ પ્રકૃતિનું બંધસ્થાન બાંધે છે, છતાં તે બંધસ્થાન હુંડસંસ્થાન કે સેવાર્ત્તસંઘયણ યુક્ત બાંધતા નથી. કારણ કે હુંડસંસ્થાન અને સેવાર્ત્તસંઘયણનો બંધ મિથ્યાત્વગુણસ્થાનકેજ થાય છે.

૧ મિથ્યાદષ્ટિગુણસ્થાનક ચૌદે જીવભેદોમાં હોય છે, અને ત્યાં ચારે ગતિયોગ્ય બંધ થાય છે. પરંતુ સાસ્વાદને નરકગતિ સિવાય ત્રણ ગતિયોગ્ય બંધ થાય છે. સાસ્વાદન ગુણસ્થાનક પર્યાપ્ત નામકર્મના ઉદયવાળા બાદર-પૃથ્વી, અપ્, પ્રત્યેકવનસ્પતિ, બેઈન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરિન્દ્રિય, અસંજ્ઞિ પંચેન્દ્રિય, દેવ, મનુષ્ય અને તિર્યંચ સંજ્ઞિ-પંચેન્દ્રિયને શરીર પર્યાપ્તિ પૂર્ણ થતાં પહેલાં હોય છે, તેમજ દેવ, નારકી, ગર્ભજ-તિર્યંચ અને ગર્ભજ-મનુષ્યને પર્યાપ્તાવસ્થામાં હોય છે. અપર્યાપ્તાવસ્થામાં વર્તતા ઉપરોક્ત સઘળા જીવો મનુષ્યગતિ યોગ્ય ઓગણત્રીશ અને તિર્યંચગતિ યોગ્ય ઓગણત્રીશ અને ત્રીશ એમ બે બંધસ્થાન બાંધે છે. અને પર્યાપ્તાવસ્થામાં વર્તતા દેવો અને નારકીઓ મનુષ્યગતિયોગ્ય ૨૯ અને તિર્યંચ ગતિયોગ્ય ૨૯-૩૦ એ બે બંધસ્થાન બાંધે છે. અને ગર્ભજ તિર્યંચો અને ગર્ભજ મનુષ્યો દેવગતિયોગ્ય ૨૮, મનુષ્યગતિયોગ્ય ૨૯ અને તિર્યંચગતિયોગ્ય ૨૯-૩૦ એ બંધસ્થાન બાંધે છે. આ ગુણસ્થાનકે એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, કે અસંજ્ઞિ પંચેન્દ્રિય યોગ્ય બંધ થતો નથી. તથા શરીરપર્યાપ્તિ પૂરી થતાં પહેલાં પૃથ્વી, અપ્ અને પ્રત્યેકવનસ્પતિને ૨૧-૨૪. વિકલેન્દ્રિય, અસંજ્ઞિ-સંજ્ઞિ પંચેન્દ્રિય તિર્યંચ-મનુષ્યને ૨૧-૨૬ અને દેવને ૨૧-૨૫ એ બબ્બે ઉદયસ્થાનકો હોય છે, અને પર્યાપ્તાવસ્થામાં દેવને ૨૯-૩૦ નારકીને-૨૯ તિર્યંચને ૩૦-૩૧ અને મનુષ્યને ૩૦ એ પ્રમાણે ઉદયસ્થાનકો હોય છે. નારકીને અપર્યાપ્તાવસ્થામાં સાસ્વાદન હોતું નથી. પોતપોતાના ઉદયે વર્તતા તે તે આત્માઓ ઉપર બતાવ્યા પ્રમાણે બંધસ્થાનકો બાંધે છે. સાસ્વાદને સત્તાસ્થાન ૯૨-૮૮ એ બેજ હોય છે. પોતપોતાના ઉદયે વર્તતા અને પોતપોતાને યોગ્ય બંધસ્થાન બાંધતા તેઓને ૯૨ કે ૮૮માંથી કોઈપણ સત્તાસ્થાન હોય છે.

માટે તિર્યંચ–પંચેન્દ્રિયયોગ્ય ઓગણત્રીશ બાંધતાં પાંચ સંઘયણુસાથે, પાંચસંસ્થાન-સાથે, શુભ–અશુભ વિહાયોગતિસાથે, સ્થિર–અસ્થિર સાથે, શુભ–અશુભસાથે, સુભગ–દુર્ભગસાથે, સુસ્વર–દુઃસ્વરસાથે, આદેય–અનાદેયસાથે અને યશઃકીર્તિ–અપયશકીર્તિસાથે ફેરવતાં બત્રીસસો (૩૨૦૦) ભંગ થાય છે. એટલે કે સઘળી પ્રકૃતિઓ પરાવર્ત્તમાન હોવાથી તેઓને વારાફરતી ફેરવતાં ઓગણત્રીશનો બંધ બત્રીસસો પ્રકારે થાય છે.

એ પ્રમાણે મનુષ્ય ગતિયોગ્ય ઓગણત્રીસનો બંધ પણ બત્રીસસો પ્રકારે થાય છે. સઘળા મળી ચોસઠસો ભંગ થાય છે.

તથા સાસ્વાદનગુણસ્થાનકે વર્ત્તતા એકેન્દ્રિયો, વિકલેન્દ્રિયો, અસંજ્ઞિ–સંજ્ઞિ તિર્યંચ પંચેન્દ્રિયો, મનુષ્યો, દેવો અને નારકીઓ ઉદ્યોતનામ કર્મયુક્ત તિર્યંચગતિયોગ્ય ત્રીશ પ્રકૃતિનો બંધ કરે છે, પરંતુ તથાપ્રકારના અધ્યવસાયના અભાવે તીર્થંકરનામયુક્ત મનુષ્ય-ગતિયોગ્ય ત્રીશ, કે આહારકદ્વિકયુક્ત દેવગતિયોગ્ય ત્રીશ પ્રકૃતિનો બંધ કરતા નથી.

અહિં ઓગણત્રીશનો બંધ કરતાં જેમ ઉપર બત્રીસસો ભાંગા કહ્યા તેમ તિર્યંચગતિ-યોગ્ય ત્રીશનો બંધ કરતાં પણ બત્રીસસો ભાંગા થાય છે. ત્રણે બંધસ્થાનકના સઘળા મળી છન્નુસો આઠ (૯૬૦૮) ભાંગા થાય છે. અન્યત્ર કહ્યું છે કે—

"अट्ठ सया चोसट्ठि बत्तीससया य सासणे भेया ।
अट्ठावीसाइसु सव्वाणट्ठहिय छन्नउइ"

એટલે કે–સાસ્વાદનગુણસ્થાનકે અઠ્ઠાવીશના બંધસ્થાનકના આઠ, ઓગણત્રીશના બંધ-સ્થાનકના ચોસઠસો અને ત્રીશના બંધસ્થાનકના બત્રીસસો કુલ છન્નુસો અને આઠ ભંગ થાય છે,"

સાસ્વાદનગુણસ્થાનકે ઉદયસ્થાનકો સાત છે–તે આ પ્રમાણે–૨૧–૨૪–૨૫–૨૬–૨૯ ૩૦-૩૧. તેમાં–

એકવીશનો ઉદય પર્યાપ્તનામકર્મના ઉદયવાળા બાદર પૃથ્વી, અપ્ અને પ્રત્યેક વનસ્પતિરૂપ એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરિન્દ્રિય, અસંજ્ઞિ-સંજ્ઞિ-તિર્યંચ પંચેન્દ્રિય, મનુષ્ય અને દેવોને હોય છે. આ સઘળા જીવોને અપર્યાપ્તાવસ્થામાં શરીરપર્યાપ્તિ પૂર્ણ થતાં પહેલાં સાસ્વાદન હોય છે. સાસ્વાદન લઈને કોઈ પણ જીવો નરકમાં ઉત્પન્ન થતા નથી માટે નારકોને અપર્યાપ્તાવસ્થામાં સાસ્વાદન હોતું નથી, તેથી તદ્વિષયક એકવીસનો ઉદય હોતો નથી.

તેમાં એકવીશના ઉદયે એકેન્દ્રિયોના બાદર પર્યાપ્તા સાથે યશઃકીર્તિ અને અપયશ-કીર્તિ ફેરવતાં જે બે ભંગ થાય છે તેજ બે ભંગ અહિં હોય છે, અન્ય કોઇ ભંગ હોતા નથીઃ કેમકે સૂક્ષ્મ અને અપર્યાપ્તામાં સાસ્વાદની ઉત્પન્ન થતા નથી. આ કારણથી

જ વિકલેન્દ્રિય, તિર્યંચપંચેન્દ્રિય અને મનુષ્યોને પણ અપર્યાપ્ત નામકર્મ સાથે જે એક એક ભંગ થાય છે તે અહિં-સાસ્વાદને સંભવતો નથી, પરંતુ શેષ ભાંગાઓ સંભવે છે.

એટલે એકેન્દ્રિયના બે, વિકલેન્દ્રિયના બબ્બે કુલ છ તથા તિર્યંચ પંચેન્દ્રિયના સુભગ-દુર્ભગ, આદેય-અનાદેય અને યશ-અપયશને ફેરવતાં થતા આઠ, એજ પ્રમાણે મનુષ્યના આઠ, અને દેવોના આઠ, સઘળા મળી એકવીશના ઉદયે બત્રીશ ભાંગા સંભવે છે.

ચોવીસનો ઉદય એકેન્દ્રિયમાં ઉત્પન્ન માત્રને હોય છે. અહિં પણ બાદર પર્યાપ્તા સાથે યશઃકીર્ત્તિ-અપયશકીર્ત્તિને ફેરવતાં જે બે ભંગ થાય છે તે જ હોય છે. કેમકે સાસ્વાદની સૂક્ષ્મ, સાધારણ તેમજ તેઉ-વાઉમાં ઉત્પન્ન થતા નથી, માટે સૂક્ષ્માદિ સાથે થતા કોઈ પણ ભાંગાઓ હોતા નથી.

પચીશનો ઉદય દેવમાં ઉત્પન્ન માત્રને હોય છે. ત્યાં આદેય-અનાદેય, સુભગ-દુર્ભગ અને યશઃકીર્ત્તિ-અપયશકીર્ત્તિને ફેરવતાં જે આઠ ભંગ થાય છે તે હોય છે.

છવ્વીસનો ઉદય વિકલેન્દ્રિય, તિર્યંચપંચેન્દ્રિય અને મનુષ્યમાં ઉત્પન્ન માત્રને હોય છે. તેમાં વિકલેન્દ્રિયના દરેકના બબ્બે કુલ છ, તિર્યંચપંચેન્દ્રિયના છ સંઘયણ, છ સંસ્થાન, સુભગ-દુર્ભગ, આદેય-આનાદેય અને યશ-અપયશને ફેરવતાં થતા બસો અઠ્ઠાશી, અને એજ રીતે થતા મનુષ્યના બસો અઠ્ઠાશી, સઘળા મળી પાંચસો અને બાશી ભાંગા સંભવે છે. અપર્યાપ્ત નામકર્મના ઉદય સાથેનો જે એક એક ભંગ થાય છે, તે અહિં સંભવતો નથી. કેમકે અપર્યાપ્ત નામકર્મના ઉદયવાળા જીવોમાં સાસ્વાદન ગુણસ્થાનકવાળા ઉત્પન્ન થતા નથી. એટલે અપર્યાપ્તનામકર્મ સાથે થતા ભાંગા વર્જીને શેષ ઉપર કહ્યા તે ભાંગા સંભવે છે.

સાસ્વાદનીને સત્તાવીસ અને અઠ્ઠાવીશ એ ઉદયસ્થાન હોતાં નથી. કેમકે તે ઉત્પન્ન થયા પછી અંતર્મુહૂર્ત્ત ગયા બાદ હોય છે અને સાસ્વાદન ભાવ તો ઉત્પન્ન થયા પછી કંઈક ન્યૂન છ આવલિકા માત્ર કાળ જ હોય છે, માટે એ બે ઉદયસ્થાન સાસ્વાદનીને ઘટતાં નથી.

ઓગણત્રીશનો ઉદય સઘળી પર્યાપ્તિએ પર્યાપ્ત દેવો અને નારકીઓને હોય છે. ઓગણત્રીશના ઉદયવાળા તે દેવો કે નારકીઓ ઉપશમસમ્યક્ત્વ પ્રાપ્ત કરી અનંતાનુબંધિ કષાયના ઉદયથી પડી સાસ્વાદનગુણસ્થાન પ્રાપ્ત કરે છે. તેમાં દેવોને ઓગણત્રીશના ઉદયમાં પૂર્વે કહ્યા તે આઠ ભાંગા હોય છે, અને નારકીને એક જ ભાંગો હોય છે. કેમકે નારકીને સૌભાગ્ય, આદેય અને યશઃકીર્ત્તિનો ઉદય હોતો નથી. સઘળા મળી ઓગણત્રીશના ઉદયે નવ ભાંગા હોય છે.

ત્રીશનો ઉદય પણ ઉપશમસમ્યક્ત્વ પ્રાપ્ત કરી ત્યાંથી પડેલા સઘળી પર્યાપ્તિએ પર્યાપ્ત તિર્યંચો, મનુષ્યો અને ઉત્તરવૈક્રિયશરીરમાં વર્ત્તમાન દેવોને હોય છે. તેમાં ત્રીશના ઉદયે વર્ત્તતા

તિર્યંચોને છ સંઘયણ, છ સંસ્થાન, સુભગ-દુર્ભગ, આદેય-અનાદેય, યશ-અપયશ, બે વિહાયોગતિ અને સુસ્વર-દુઃસ્વર સાથે ફેરવતાં થતા ૧૧૫૨, મનુષ્યોને પણ એજ રીતે ૧૧૫૨ અને દેવોને આઠ ભાંગા હોય છે. નારકીને ઉદ્યોતનો ઉદય હોતો નથી એટલે તેઓને ત્રીશનું ઉદયસ્થાન હોતું નથી. સઘળા મળી ત્રીશના ઉદયે ત્રેવીસસો અને બાર ભાંગા હોય છે.

એકત્રીશનો ઉદય પ્રથમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરી પડેલા પર્યાપ્ત તિર્યંચ પંચેન્દ્રિયોને જ હોય છે. અહિં ઉપર કહ્યા તે પ્રમાણે અગીઆરસો બાવન ભાંગા થાય છે.

ઉક્ત ભાંગાની સંખ્યાને નિરૂપણ કરવા માટે નીચેની ગાથા અન્યત્ર કહી છે.

बत्तीस दोन्नि अट्ठ य बासीय सया य पंच नव उदया ।
बाराहीया तेवीसा बावन्नेक्कारससया य ॥

એટલે કે એકવીશના ઉદયના બત્રીસ, ચોવીસના ઉદયના બે, પચીસના ઉદયના આઠ, છવ્વીસના ઉદયના પાંચશો બાશી, ઓગણત્રીશના ઉદયના નવ, ત્રીશના ઉદયના ત્રેવીસસો બાર, અને એકત્રીશના ઉદયના અગીઆરસો બાવન ભાંગા થાય છે.

સઘળા મળી સાત ઉદયસ્થાનકના સાસ્વાદન ગુણસ્થાનકે ચાર હજાર અને સત્તાણું ભાંગા થાય છે.

સાસ્વાદન ગુણસ્થાનકે બાણું અને અટ્ઠાશી એ બે સત્તાસ્થાન હોય છે. તેમાં જે કોઇ આત્મા આહારકચતુષ્ક બાંધી ઉપશમશ્રેણિથી[1] પડતાં સાસ્વાદન ભાવને પ્રાપ્ત કરે છે, તેને બાણુંનું સત્તાસ્થાન હોય છે, અન્યને હોતું નથી. આહારક ચતુષ્ક બાંધ્યા વિના પડીને આવેલા ચારે ગતિના સાસાદની જીવોને અટ્ઠાશીનું સત્તાસ્થાન છે.

હવે સંવેધ કહે છે—અટ્ઠાવીશનો બંધ કર । સાસ્વાદનીને ત્રીશ અને એકત્રીશ એમ બે ઉદયસ્થાન હોય છે, કારણકે સાસ્વાદનગુણસ્થાનકે અટ્ઠાવીશનો બંધ દેવગતિ પ્રાયોગ્ય જ હોય છે. અને તે બંધ તેને કરણપર્યાપ્તાવસ્થામાં જ થાય છે. એટલે અહિં અન્ય કોઇ ઉદયસ્થાનો હોતાં નથી.

અહિં મનુષ્યઆશ્રયી ત્રીશના ઉદયે બંને સત્તાસ્થાનો હોય છે, અને તિર્યંચ પંચેન્દ્રિય આશ્રયી માત્ર અટ્ઠાશીનું એક જ સત્તાસ્થાન હોય છે. કારણકે બાણુંનું સત્તાસ્થાન આહારકચતુષ્કનો બંધ કરી ઉપશમશ્રેણિથી પડતાં હોય છે, અને તિર્યંચોમાં તો ઉપશમશ્રેણિ જ હોતી નથી. એકત્રીશના ઉદયે એક અટ્ઠાશીનું જ સત્તાસ્થાન હોય છે. કેમકે એકત્રીશનો ઉદય તિર્યંચ પંચેન્દ્રિયોને જ હોય છે. તિર્યંચોને ઉપર કહી તે યુક્તિથી બાણુંનું સત્તાસ્થાન સંભવતું નથી.

૧ આ ઉપરથી એમ સમજાય છે કે-પ્રથમ સમ્યક્ત્વી એટલે કે મિથ્યાત્વગુણસ્થાનકે ત્રણ કરણ દ્વારા જેણે ઉપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યું છે તે સાતમે ગુણસ્થાનકે જવા છતાં આહારકચતુષ્ક બાંધતો નથી. જો તે પણ બાંધતો હોય તો ઉપશમશ્રેણિથી પડી સાસ્વાદને આવનારને બાણુંની સત્તા હોય છે એમ ન કહેત.

તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યગતિ યોગ્ય ઓગણત્રીશ બાંધતાં સાતે ઉદયસ્થાનકો હોય છે. એટલે કે તે સાતે ઉદયસ્થાનકમાંથી જેને જેને જે જે ઉદયસ્થાન હોય, તે તે ઉદયસ્થાનકે વર્ત્તતા તેઓ મનુષ્યગતિ યોગ્ય કે તિર્યંચગતિ યોગ્ય ઓગણત્રીશ પ્રકૃતિનો બંધ કરે છે. તેમાં પોતપોતાના ઉદયસ્થાનકે વર્ત્તતા એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય, મનુષ્ય, દેવ અને નારકોને સાસ્વાદન ગુણસ્થાનકે એક અઠ્ઠાશીનું જ સત્તાસ્થાન હોય છે માત્ર ત્રીશના[1] ઉદયે વર્ત્તમાન મનુષ્યને ઉપશમશ્રેણિથી પડતાં જો તેણે આહારકચતુષ્કનો બંધ કર્યો હોય તો સાસ્વાદન ગુણસ્થાનકે બાણુંનું સત્તાસ્થાન હોય છે.

ત્રીશના બંધકને પણ એ પ્રમાણે જ કહેવું.

સઘળા ઉદયસ્થાનકોમાં સર્વ મળી સામાન્યથી અઠ્ઠાવીશના બંધે બે, તિર્યંચગતિ યોગ્ય ઓગણત્રીશના બંધે બે, મનુષ્ય યોગ્ય ઓગણત્રીશના બંધે બે, અને તિર્યંચગતિ યોગ્ય ત્રીશના બંધે બે, એમ આઠ સત્તાસ્થાનકો હોય છે.

હવે સમ્યગ્મિથ્યાદષ્ટિ ગુણસ્થાનકે બંધ, ઉદય અને સત્તાસ્થાનકોનો વિચાર[2] કરે છે. સમ્યગ્મિથ્યાદષ્ટિ ગુણસ્થાનકે અઠ્ઠાવીશ અને ઓગણત્રીશ એમ બે બંધસ્થાનકો હોય છે. તેમાં સમ્યગ્મિથ્યાદષ્ટિ તિર્યંચ અને મનુષ્યો દેવગતિયોગ્ય અઠ્ઠાવીશનો બંધ કરે છે. તેના સ્થિર–અસ્થિર, શુભ–અશુભ અને યશ–અપયશના ભેદે આઠ ભંગ થાય છે. દેવતા અને નારકીઓને મનુષ્યગતિ યોગ્ય ઓગણત્રીશનો બંધ થાય છે. તેના પણ ઉપર કહ્યા તે રીતે આઠ ભંગ થાય છે. કેમકે અન્ય પરાવર્ત્તમાન અશુભ પ્રકૃતિઓનો આ ગુણસ્થાનકે બંધ થતો નથી, માટે અન્ય કોઈ ભંગ થતા નથી.

ઉદયસ્થાનો ઓગણત્રીશ, ત્રીશ અને એકત્રીશ એમ ત્રણ હોય છે. તેમાં તિર્યંચોને ૩૦–૩૧, મનુષ્યને ૩૦, નારકીને ૨૯ અને દેવોને પણ ૨૯નું ઉદયસ્થાન હોય છે. તેમાં ઓગણત્રીશના ઉદયસ્થાનકના દેવો આશ્રયી સુભગ–દુર્ભગ, આદેય–અનાદેય અને યશ–અપ-અપયશના ભેદે આઠ ભંગ થાય છે, અને નારકી આશ્રયી એકજ ભંગ થાય છે. કેમકે તેને સુભગ, આદેય અને યશનો ઉદય હોતો નથી. સઘળા મળી નવ ભંગ થાય છે.

---

૧ સાસ્વાદન ગુણસ્થાનકે બાણુંનું સત્તાસ્થાન આહારકચતુષ્ક બાંધી ઉપશમશ્રેણિથી પડીને સાસ્વાદને આવનારને હોય છે. એટલે મનુષ્યને જ ત્રીસના ઉદયે બાણુંનું સત્તાસ્થાન કહ્યું છે. અહીં એક શંકા થાય છે કે ઉપશમશ્રેણિથી પડીને સાસ્વાદને આવનાર ત્યાંજ કાળધર્મ પામી સાસ્વાદન લઈ દેવગતિમાં જાય તો દેવ સંબંધી ૨૧–૨૫ના ઉદયે બાણુંનું સત્તાસ્થાન કેમ ન કહ્યું ? કેમકે વૈમાનિક દેવનું આયુ બાંધી ઉપશમશ્રેણિ પર આરૂઢ થઈ પડનાર સાસ્વાદને કાળધર્મ પામી તે ગુણસ્થાન લઈ વૈમાનિકમાં જઈ શકે છે તો ત્યાં મનુષ્યગતિ યોગ્ય ૨૯ બાંધતાં ૨૧–૨૫ ના ઉદયે ૯૨નું સત્તાસ્થાન પણ સંભવે છે. કહ્યું નથી તત્ત્વ કેવળીગમ્ય.

૨ આ ગુણસ્થાન ગર્ભજ તિર્યંચ, ગર્ભજ મનુષ્ય, દેવ અને નારકીઓને પર્યાપ્તાવસ્થામાંજ હોય છે. અહિં દેવો અને નારકીઓ માત્ર મનુષ્યગતિ યોગ્ય અને મનુષ્યો તથા તિર્યંચો માત્ર દેવગતિ યોગ્ય બંધ કરે છે. આ વસ્તુ ખ્યાલમાં રાખીને બંધાદિ સ્થાનકો અને તેના સંવેધનો વિચાર કરવો જોઈએ.

ત્રીશના ઉદયના તિર્યંચ પંચેન્દ્રિયો આશ્રયી સંપૂર્ણ પર્યાપ્તિએ પર્યાપ્તાવસ્થાના જે અગીઆરસો બાવન ભંગ થાય છે, તે અહિં લેવાના છે. ભાષાપર્યાપ્તિ થતાં પહેલાં ઉદ્યોતના ઉદયના વિકલ્પના જે ભંગ થાય છે, તે અહિં લેવાના નથી. કેમકે આ ગુણસ્થાનક સઘળી પર્યાપ્તિએ પર્યાપ્ત થયા પછી જ હોય છે. એ પ્રમાણે મનુષ્યને પણ ત્રીશના ઉદયના અગીઆરસો બાવન ભંગ થાય છે. સઘળા મળી ત્રીશના ઉદયના ત્રેવીસસો ચાર ભંગ થાય છે.

એકત્રીશના ઉદયના તિર્યંચ પંચેન્દ્રિયો આશ્રયી અગીઆરસો બાવન ભંગ થાય છે. આ ઉદયસ્થાન મનુષ્યને હોતું નથી. ત્રણે ઉદયસ્થાનકના સઘળા મળી ચોત્રીસસો પાંસઠ ભાંગા થાય છે.

સત્તાસ્થાનો બાણું અને અઠ્ઠાશી એમ બે હોય છે. આહારકચતુષ્કની સત્તાવાળાને બાણું, અને તેની સત્તાવિનાનાને અઠ્ઠાશીનું સત્તાસ્થાન ચારે ગતિના જીવોમાં હોય છે.

હવે સંવેધ કહે છે–અઠ્ઠાવીશના બંધક સમ્યગ્મિથ્યાદૃષ્ટિને ત્રીશ અને એકત્રીશ એમ બે ઉદયસ્થાન હોય છે, આ બંને ઉદયસ્થાનકમાં વર્ત્તમાન તિર્યંચો અને ત્રીશના ઉદયે વર્ત્તમાન મનુષ્યો દેવગતિયોગ્ય અઠ્ઠાવીશનો બંધ કરે છે, અને તે વખતે આ બંને ઉદયસ્થાનકમાં બાણું અને અઠ્ઠાશી એમ બે સત્તાસ્થાન હોય છે.

મનુષ્યગતિયોગ્ય ઓગણત્રીશના બંધક દેવ અને નારકીને ઓગણત્રીશનું એકજ[1] ઉદયસ્થાન હોય છે. ઓગણત્રીશના ઉદયે વર્ત્તતા દેવો અને નારકીઓ મનુષ્યગતિયોગ્ય ઓગણત્રીશ પ્રકૃતિનો બંધ કરે છે. તે વખતે બાણું અને અઠ્ઠાશીમાંથી કોઈ પણ સત્તાસ્થાનક હોય છે.

આ પ્રમાણે ત્રણમાંના દરેક ઉદયસ્થાનકે બબ્બે સત્તાસ્થાન હોવાથી સામાન્યથી છ સત્તાસ્થાન થાય છે.

હવે અવિરતિસમ્યગ્દૃષ્ટિના બંધ, ઉદય અને સત્તાસ્થાનકનો વિચાર[1] કરે છે–અવિરતિ

૧ આ ગુણસ્થાનકે ઉત્તરવૈક્રિય નહિ કરતા હોય કે કરતા હોય અને અલ્પકાલ હોવાને લીધે વિવક્ષા ન કરી હોય પરંતુ ઉત્તર વૈક્રિયશરીર અહિં વિવક્ષ્યુ નથી, જો તેની વિવક્ષા કરી હોત તો ઉદ્યોતના ઉદયવાળું ત્રીશનું ઉદયસ્થાન પણ દેવને કહેત.

૧ આ ગુણસ્થાનક ચારે ગતિના જીવોને કરણ અપર્યાપ્તાવસ્થા અને પર્યાપ્તાવસ્થામાં હોય છે. અપર્યાપ્તાવસ્થામાં નવું સમ્યક્ત્વ ઉત્પન્ન થતું નથી, પરંતુ સમ્યક્ત્વ લઈ ને ચારે ગતિમાં જઈ આવી શકે છે. એટલે અપર્યાપ્તાવસ્થામાં પણ આ ગુણસ્થાનક હોય છે. આ ગુણસ્થાનકે વર્ત્તતા દેવો અને નારકીઓ મનુષ્યગતિયોગ્ય ૨૯, અને તીર્થંકરનામ સાથે ૩૦ બાંધે છે. મનુષ્યો દેવગતિયોગ્ય ૨૮ અને તીર્થંકરનામ સાથે ૨૯ બાંધે છે તિર્યંચો માત્ર અઠ્ઠાવીશજ બાંધે છે. ચારે ગતિના આત્માઓ પોતપોતાના ઉદયે વર્ત્તતા સ્વયોગ્ય ઉપરોક્ત બંધસ્થાન બાંધે છે. સત્તાસ્થાનો ૯૩–૯૨–૮૯–૮૮ એ ચાર હોય છે. દેવગતિમાં ચારે, નરકગતિમાં બાણું સિવાય ત્રણ, મનુષ્યગતિમાં ચારે અને તિર્યંચગતિમાં બાણું અને અઠ્ઠાશી એ બે સત્તાસ્થાન હોય છે.

સમ્યગ્દૃષ્ટિગુણસ્થાનકે વર્ત્તમાન આત્માને ૨૮–૨૯–૩૦ એમ ત્રણ બંધસ્થાન હોય છે. તેમાં અવિરતિસમ્યગ્દૃષ્ટિ તિર્યંચ અને મનુષ્યોને દેવગતિયોગ્ય બંધ કરતાં અઠ્ઠાવીશનું બંધસ્થાન હોય છે. તેના સ્થિર–અસ્થિર, શુભ–અશુભ અને યશ–અપયશના ભેદે આઠ ભંગ થાય છે. આ ગુણસ્થાનકવાળા અન્ય કોઈપણ ગતિ યોગ્ય બંધ કરતા નથી, માટે અહિં નરકગતિ યોગ્ય અટ્ઠાવીશનો બંધ થતો નથી.

મનુષ્યોને દેવગતિયોગ્ય તીર્થંકર નામકર્મ સહિત બંધ કરતાં ઓગણત્રીશનું પણ બંધસ્થાન હોય છે. તેના ઉપર કહ્યા તે પ્રમાણે આઠ ભંગ થાય છે. મનુષ્યગતિયોગ્ય બંધ કરતા દેવો અને નારકીઓને ઓગણત્રીશનું બંધસ્થાન હોય છે. તેના પણ એજ આઠ ભંગ થાય છે.

તેમજ તીર્થંકરનામ સહિત મનુષ્યગતિયોગ્ય ત્રીશનો બંધ કરતાં તેઓને ત્રીશનું બંધસ્થાન પણ હોય છે. તેના પણ ઉપર કહ્યા તે આઠ જ ભંગ થાય છે.

આ ગુણસ્થાનકે ઉદયસ્થાનકો આઠ હોય છે. તે આ પ્રમાણે–૨૧–૨૫–૨૬–૨૭–૨૮ ૨૯–૩૦–૩૧. તેમાં એકવીશનો ઉદય નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવ એ ચારે આશ્રયી સમજવો. કેમકે પૂર્વ બદ્ધાયુ ક્ષાયિકસમ્યક્ત્વીનો ઉપરોક્ત ચારે ગતિમાં ઉત્પત્તિનો સંભવ છે. અવિરતિસમ્યગ્દૃષ્ટિ આત્માઓ અપર્યાપ્તનામકર્મના ઉદયવાળામાં ઉત્પન્ન થતા નથી. માટે અપર્યાપ્તાના ઉદયસ્થાનકમાં થતા ભાંગાઓ વર્જીને શેષ ભાંગાઓ અહિં સમજવા. અને તે પચીસ છે. તે આ–તિર્યંચપંચેન્દ્રિય આશ્રયી આઠ, મનુષ્ય આશ્રયી આઠ, દેવ આશ્રયી આઠ અને નારકી આશ્રયી એક.

પચીસ અને સત્તાવીશ એ બે ઉદય દેવો, નારકીઓ અને વૈક્રિય તિર્યંચ–મનુષ્યો આશ્રયી સમજવા. તેમાં નારકી ક્ષાયિક કે વેદકસમ્યગ્દૃષ્ટિ હોય છે, અને દેવો ત્રણે પ્રકારના સમ્યક્ત્વ યુક્ત હોય છે.

સપ્તતિકા ચૂર્ણિમાં કહ્યું છે કે 'पणवीससत्तवीसोदया देवनेरइए वेउव्वियतिरिमणुए य पडुच्च, नेरइगो खइगवेयग सम्मदिट्ठी देवो तिविहसम्मदिट्ठीविति'. એટલે કે પચીસ અને સત્તાવીશનો ઉદય દેવો અને નારકીઓ આશ્રયી હોય છે, તેમજ ઉત્તરવૈક્રિયતિર્યંચ અને મનુષ્ય આશ્રયી હોય છે. તેમાં નારકી ક્ષાયિક અને વેદકસમ્યગ્દૃષ્ટિ હોય છે, અને દેવો ત્રણે પ્રકારના સમ્યક્ત્વ યુક્ત હોય છે. અહિં ભાંગાઓ [1]પોતપોતાના સઘળા સમજવા.

[1] બંધ કે ઉદયમાં વિરોધી પ્રકૃતિઓ હોવાને લીધે ભાંગા ઉત્પન્ન થાય છે. અહિં દરેક ગતિમાં કયા કયા ઉદયસ્થાન હોય છે, અને તેમાં અનુક્રમે કઈ કઈ પ્રકૃતિઓ ભળે છે, તથા તેમાં કઈ કઈ વિરોધી પ્રકૃતિઓ હોય છે તેનો ખ્યાલ રાખી ભાંગાઓ ઉત્પન્ન કરવાના હોય છે. કઈ પ્રકૃતિનો કયાં સુધી ઉદય હોય તે ખાસ યાદ રાખવું જોઇયે. અહિં ઉદયમાં ૭ સંઘયણ, ૭ સંસ્થાન, સુભગ–દુર્ભગ, આદેય–અનાદેય, યશ–અપયશ, બે વિહાયોગતિ અને બે સ્વર, આટલી પ્રકૃતિઓને ભંગ ઉત્પન્ન કરવા

છવ્વીસનો ઉદય ક્ષાયિક અને વેદક સમ્યગ્દૃષ્ટિ તિર્યંચ અને મનુષ્યોને હોય છે, ઔપશમિક સમ્યગ્દૃષ્ટિ તિર્યંચ અને મનુષ્યોમાં ઉત્પન્ન થતા નથી, માટે ત્રણે પ્રકારના સમ્યકત્વીઓને હોય છે એમ કહ્યું નથી. તિર્યંચમાં વેદક[2] સમ્યગ્દૃષ્ટિપણું બાવીસની સત્તાવાળા (અસંખ્ય વરસના આયુવાળા) તિર્યંચ આશ્રયી સમજવું.

અઠ્ઠાવીશ અને ઓગણત્રીશનો ઉદય નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવ એ ચારે ગતિમાં હોય છે. ત્રીશનો ઉદય તિર્યંચ પંચેન્દ્રિય, મનુષ્ય અને દેવોને હોય છે. એકત્રીશનો ઉદય તિર્યંચ પંચેન્દ્રિયોને હોય છે.

અહિં દરેક ઉદયસ્થાનકમાં ભાંગા પોતપોતાના સામાન્ય ઉદયસ્થાનમાં જે કહ્યા છે, તે સઘળા સમજવા. આ ગુણસ્થાનકે ત્રાણું, બાણું, નેવ્યાસી અને અઠ્ઠાશી એમ ચાર સત્તાસ્થાનો હોય છે.

માટે ફેરવવાની હોય છે. તેમાં છેલ્લા ત્રણ સંઘયણનો ઉદય સાતમા સુધી, બીજા અને ત્રીજાનો ઉદય અગીઆરમા સુધી અને પહેલાનો ઉદય તેરમા સુધી હોય છે. છએ સંસ્થાનનો ઉદય તેરમા સુધી હોય છે. દુર્ભગ, અનાદેય અને અપયશનો ઉદય ચોથા સુધી, અને સુભગ, આદેય અને યશનો ઉદય ચૌદમા સુધી હોય છે. બે વિહાયોગતિ અને બે સ્વરનો ઉદય તેરમા સુધી હોય છે. ગુણસ્થાનકમાં ઉદયના ભંગ ઉત્પન્ન કરવા માટે આ હકીકત યાદ રાખવી. તથા ૨૧-૨૫-૨૭ના ઉદયસ્થાનમાં પરસ્પર વિરુદ્ધ સામાન્યત: સુભગ-દુર્ભગ, આદેય-અનાદેય, યશ-અપયશ, એ પ્રકૃતિઓ હોય છે. ૨૬ ના ઉદયમાં ઉપરોક્ત પ્રકૃતિમાં છ સંઘયણ અને છ સંસ્થાન વધે છે. ૨૮ ના ઉદયમાં બે વિહાયોગતિ ભળે છે, ૨૯ ના ઉદયમાં વિરોધિ પ્રકૃતિ કોઈ વધતી નથી. ૩૦ ના ઉદયમાં બે સ્વર વધે છે. ૩૧ ના ઉદયમાં ૩૦ ના ઉદય પ્રમાણે જ વિરોધિ પ્રકૃતિઓ હોય છે. માત્ર દેવોના પોતાના દરેક ઉદયમાં સૌભાગ્ય-દુર્ભાગ્ય, આદેય-અનાદેય, અને યશ-અપયશ જ વિરોધિ પ્રકૃતિઓ તરીકે હોય છે, અન્ય કોઈ હોતી નથી. અને નારકીઓમાં તો તમામ પરાવર્ત્તમાન અપ્રશસ્ત પ્રકૃતિઓનોજ ઉદય હોય છે. આ હકીકત ખ્યાલમાં રાખી દરેક ગુણસ્થાનકે રહેલા ઉદયસ્થાનના ભાંગાઓ સ્વયમેવ વિચારી લેવા.

૨. ક્ષાયિક સમ્યકત્વ ઉત્પન્ન કરતાં મિથ્યાત્વ, મિશ્ર અને સમ્યકત્વમોહનીયનો ઘણો ભાગ ક્ષય કરી વૈમાનિક દેવ, ત્રણ નરક અને સંખ્યાત વરસના આયુવાળા મનુષ્ય-તિર્યંચમાં ઉત્પન્ન થાય છે એટલે ચારે ગતિમાં બાવીસનું સત્તાસ્થાન હોય છે. ઉપરોક્ત પંક્તિથી એમ સમજાય છે કે સંખ્યાત વરસના આયુવાળા તિર્યંચમાં કોઈપણ સમ્યકત્વ લઈ ઉત્પન્ન થાય નહિ એટલે તેઓને અપર્યાપ્તાવસ્થામાં કોઈ સમ્યકત્વ સંભવે નહિ પર્યાપ્તો થયા બાદ ઉપશમ કે ક્ષયોપશમ સમ્યકત્વ ઉત્પન્ન કરી શકે. નારકીમાં માત્ર ક્ષાયિક કે વેદક લઈને જાય. ત્યાં ક્ષાયોપશમિક કે ઉપશમ ઉત્પન્ન કરી શકે, દેવગતિમાં ગમે તે સમ્યકત્વ લઈને જાય તેમાં ઉપશમસમ્યકત્વ ઉપશમશ્રેણિનું લઈ ને જાય તો હોય છે. મનુષ્યને અપર્યાપ્તાવસ્થામાં ક્ષાયિક કે ક્ષાયોપશમિક એ બેજ સમ્યકત્વ હોય છે, ઉપશમ હોતું નથી.

તેમાં જે અપ્રમત્ત કે અપૂર્વકરણ ગુણસ્થાનકે વર્ત્તમાન આત્મા તીર્થંકર અને આહારકદ્વિક યુકત દેવગતિ યોગ્ય એકત્રીશ પ્રકૃતિ બાંધી પરિણામના પરાવર્ત્તન વડે ત્યાંથી પડી અવિરતિ સમ્યગ્દૃષ્ટિ થાય. અથવા મરણ પામી દેવ થાય તે આશ્રયી ત્રાણુંનું સત્તાસ્થાન હોય છે.

આહારકદ્વિક બાંધી પરિણામના પરાવર્ત્તનવડે પડી મિથ્યાત્વે જઈ ચારમાંથી કોઇપણ ગતિમાં ઉત્પન્ન થાય, તે તે ગતિમાં જઈ ફરી સમ્યકત્વ પ્રાપ્ત કરે તેવા કોઈ જીવ આશ્રયી બાણું, માત્ર દેવ અને મનુષ્યમાં મિથ્યાત્વ નહિ પ્રાપ્ત કરનારને પણ બાણુંનું સત્તાસ્થાન હોય છે. (કેમકે મનુષ્ય તો ઉપશમશ્રેણિ પરથી પડતો પડતો અવિરતિ ગુણસ્થાનકે આવે છે, અને શ્રેણિમાં કાળ કરી સમ્યકત્વ યુકત વૈમાનિક દેવમાં ઉત્પન્ન થાય છે, એટલે સમ્યક્ત્વથી નહિ પડનાર મનુષ્ય અને દેવને બાણુંનું સત્તાસ્થાન ઘટી શકે છે.)

નેવ્યાશીનું સત્તાસ્થાન અવિરતિસમ્યગ્દૃષ્ટિ દેવતા, નારકી અને મનુષ્યોને હોય છે. કેમકે તે ત્રણે ગતિવાળા તીર્થંકર નામકર્મ બાંધી શકે છે. તિર્યંચમાં તીર્થંકરનામકર્મની સત્તાવાળો પણ ઉત્પન્ન થતો નથી, માટે તિર્યંચને ગ્રહણ કર્યા નથી. અટ્ઠાશીનું સત્તાસ્થાન સામાન્યથી ચારે ગતિવાળા અવિરતિસમ્યગ્દૃષ્ટિઓને હોય છે.

હવે સંવેધ કહે છે—દેવગતિ યોગ્ય અટ્ઠાવીશના બંધક મનુષ્ય અને તિર્યંચોને યથાયોગ્ય રીતે આઠે ઉદયસ્થાનકો હોય છે. તેમાં પચીસ અને સત્તાવીશનો ઉદય વૈક્રિય તિર્યંચ અને મનુષ્યો આશ્રયી હોય છે. પોતપોતાના ઉદયે વર્તતા તેઓ અટ્ઠાવીશનો બંધ કરે છે. એક એક ઉદયે બાણું અને અટ્ઠાશી એમ બબ્બે સત્તાસ્થાનો હોય છે.

ઓગણત્રીશનો બંધ દેવગતિયોગ્ય અને મનુષ્યગતિ યોગ્ય એમ બે પ્રકારે છે. તેમાં દેવગતિયોગ્ય ૨૯ નો તીર્યંકરનામકર્મ યુકત છે, અને તેનો બંધ મનુષ્યો જ કરે છે. તેનાં ઉદયસ્થાનકો સાત છે. તે આ પ્રમાણે ૨૧–૨૫–૨૬–૨૭–૨૮–૨૯–૩૦ આ ઉદયસ્થાનકે વર્ત્તમાન મનુષ્ય દેવગતિ યોગ્ય ઓગણત્રીશનો બંધ કરે છે. એકત્રીશનો ઉદય મનુષ્યોમાં હોતો નથી. એક–એક ઉદયસ્થાનકે ત્રાણું અને નેવ્યાશી એમ બબ્બે સત્તાસ્થાનકો હોય છે.

મનુષ્યગતિ યોગ્ય ઓગણત્રીશ પ્રકૃતિ દેવો અને નારકીઓ બાંધે છે. તેમાં નારકીઓને ૨૧–૨૫–૨૭–૨૮ ૨૯ એ પાંચ ઉદયસ્થાનકો હોય છે, અને દેવોને ઉપરનાં પાંચ અને છટ્ઠું ત્રીશ એમ છ ઉદયસ્થાનકો હોય છે. તેમાં ત્રીશનું ઉદયસ્થાન ઉદ્યોતના વેદક દેવોને સમજવું. પોતપોતાના ઉદયે વર્ત્તમાન દેવો અને નારકીઓ મનુષ્ય યોગ્ય ઓગણત્રીશ પ્રકૃતિનો બંધ કરે છે. એક એક ઉદયસ્થાનકે બાણું અને અઠાશી એમ બબ્બે સત્તાસ્થાનકો હોય છે.

મનુષ્યગતિ યોગ્ય તીર્થંકરનામકર્મ યુક્ત ત્રીશ અવિરતિસમ્યગ્દૃષ્ટિ દેવો અને નારકીઓ બાંધે છે. તેમાં દેવોને ઉપર કહ્યાં તે પ્રમાણે છએ ઉદયસ્થાનકો હોય છે, અને તે દરેક

ઉદયસ્થાનકે ત્રાણું અને નેવ્યાશી એમ બબ્બે સત્તાસ્થાનકો હોય છે. નારકીને ત્રીશનો બંધ કરતાં પાંચ ઉદયસ્થાનકો હોય છે. તે દરેક ઉદયસ્થાનકમાં એક માત્ર નેવ્યાશીનુંજ સત્તાસ્થાન હોય છે. કેમકે તીર્થંકરનામ અને આહારકચતુષ્ક એ બંનેની સંયુક્ત સત્તા છતાં કોઈ પણ આત્મા નરકગતિમાં ઉત્પન્ન થતો નથી, માટે તેઓને ત્રાણુંનું સત્તાસ્થાન સંભવતું નથી.

આ પ્રમાણે સામાન્યથી એકવીશથી આરંભી ત્રીશ સુધીના ઉદયસ્થાનકોમાંનાં દરેક ઉદયસ્થાનકે ૯૩-૯૨-૮૯-૮૮ એમ ચાર ચાર સત્તાસ્થાનો હોય છે. અને એકત્રીશના ઉદયમાં ૯૨-૮૮ એમ બે સત્તાસ્થાન હોય છે. સઘળાં મળી ત્રીશ સત્તાસ્થાનકો થાય છે.

હવે દેશવિરતના બંધ, ઉદય અને સત્તાસ્થાનકો કહે છે—દેશવિરતિ ગુણસ્થાનકે અટ્ઠાવીશ અને ઓગણત્રીશ એ બે બંધસ્થાનકો હોય છે. (આ ગુણસ્થાનક સંખ્યાતવર્ષના આયુવાળા મનુષ્ય અને તિર્યંચોને જ હોય છે, અને તે પણ પર્યાપ્તાવસ્થામાંજ) તેમાં અટ્ઠાવીશનું બંધસ્થાન દેશવિરત મનુષ્ય કે તિર્યંચને[1] દેવગતિયોગ્ય બાંધતાં સમજવું. તેના સ્થિર-અસ્થિર, શુભ-અશુભ અને યશ-અપયશના ભેદે આઠ ભાંગા સમજવા. તેજ અટ્ઠાવીશનું બંધસ્થાન તીર્થંકરનામકર્મ યુક્ત ઓગણત્રીશનું બંધસ્થાન થાય છે, અને તે બંધસ્થાન માત્ર મનુષ્યોને જ હોય છે. કેમકે તિર્યંચોને તીર્થંકરનામકર્મનો બંધ થતો નથી. અહિં પણ ઉપર કહ્યા તે આઠ ભાંગા થાય છે.

અહિં ઉદયસ્થાનકો છ છે-૨૫-૨૭-૨૮-૨૯-૩૦-૩૧. તેમાં આદિનાં ચાર ઉદયસ્થાનક વૈક્રિયતિર્યંચ અને મનુષ્યોને હોય છે. આ ગુણસ્થાનકે દુર્ભગ, અનાદેય અને અપયશનો ઉદય નહિ હોવાથી ચારે ઉદયસ્થાનમાં એક-એકજ ભંગ થાય[2] છે.

ત્રીશનો ઉદય વૈક્રિયતિર્યંચને તેમજ સ્વભાવસ્થ તિર્યંચ-મનુષ્યોને પણ હોય છે. અહિં ભાંગા એકસો ચુમ્માલીશ થાય છે. તે છ સંઘયણ, છ સંસ્થાન, સુસ્વર-દુસ્વર, અને પ્રશસ્ત-અપ્રશસ્ત વિહાયોગતિના પરાવર્ત્તન થવાથી થાય છે. દુર્ભગ, અનાદેય અને અપયશકીર્તિનો ઉદય ગુણના પ્રભાવથીજ દેશવિરતિને હોતો નથી, માટે તદાશ્રિત વિકલ્પો

૧. આ ગુણસ્થાનકે સંખ્યાત વરસના આયુવાળા તિર્યંચો હોય છે. અને તેને ઉપશમ કે ક્ષયોપશમ સમ્યક્ત્વ હોય છે. સંખ્યાત વરસના આયુવાળામાં ક્ષાયિક સમ્યક્ત્વ હોતું નથી.

૨ વૈક્રિયમનુષ્યને પોતાના ચારે ઉદયસ્થાનમાં એક-એક ભંગ થાય છે, કેમકે તેને અહિં ઉદ્યોતનો ઉદય હોતો નથી. વૈક્રિય તિર્યંચને પોતાના શરૂઆતના બે ઉદયસ્થાનમાં એક-એક, અને ત્રીજા અને ચોથા ઉદયસ્થાનમાં બબ્બે ભંગ થાય છે. કેમકે શરીરપર્યાપ્તિ પૂર્ણ થયા પછી તેઓને ઉદ્યોતના ઉદયનો પણ સંભવ છે. સર્વ પદો પ્રશસ્ત હોવાથી અધિક ભંગ થતા નથી, તથા ત્રીશના ઉદયનો વૈક્રિયતિર્યંચનો એક ભંગ થાય છે એટલે અહિં વૈક્રિયમનુષ્યના ચાર, અને વૈક્રિયતિર્યંચના સાત ભંગ થાય છે.

પણ થતા નથી. એકત્રીશનો ઉદય તિર્યંચોનેજ હોય છે. તેમાં પણ ઉપર કહ્યા તેજ એકસો ચુમ્માલીશ ભાંગા થાય છે.

આ ગુણસ્થાનકે ત્રાણું, બાણું, નેવ્યાશી અને અઠ્ઠાશી એમ ચાર સત્તાસ્થાનકો હોય છે. તેમાં જે કોઇ અપ્રમત્ત કે અપૂર્વકરણગુણસ્થાનકવર્તી આત્મા તીર્થંકરનામ અને આહારકદ્વિક બાંધી પરિણામનો હ્રાસ થવાથી દેશવિરતિ થાય તેને ત્રાણુંનું સત્તાસ્થાન હોય છે. શેષ સત્તાસ્થાનોનો વિચાર અવિરતિસમ્યગ્દૃષ્ટિની જેમજ સમજવો.

હવે સંવેધ કહે છે—દેવગતિયોગ્ય અઠ્ઠાવીશના બંધક દેશવિરતિ મનુષ્યને ૨૫–૨૭ ૨૮–૨૯–૩૦ એમ પાંચ ઉદયસ્થાનકો હોય છે. તેમાં શરૂઆતનાં ચાર ઉદયસ્થાનકો વૈક્રિયમનુષ્યને અને પાંચમું સ્વભાવસ્થ મનુષ્યને હોય છે. એ દરેક ઉદયસ્થાનમાં બાણું અને અઠ્ઠાશી એમ બબ્બે સત્તાસ્થાનો હોય છે. દેવગતિયોગ્ય અઠ્ઠાવીશના બંધક દેશવિરત તિર્યંચને પણ ઉપર કહ્યા તે પ્રમાણે પાંચ ઉદયસ્થાન અને છઠ્ઠું એકત્રીશનું એમ છ ઉદયસ્થાનકો હોય છે. તેમાં શરૂઆતના પાંચ વૈક્રિય તિર્યંચને અને છેલ્લા બે સ્વભાવસ્થ તિર્યંચને હોય છે. આ દરેક ઉદયસ્થાનકે પણ બાણું અને અઠ્ઠાશી એમ બબ્બે સત્તાસ્થાનકો હોય છે.

તીર્થંકરનામકર્મ યુક્ત દેવગતિયોગ્ય ઓગણત્રીસનો બંધ દેશવિરત મનુષ્યનેજ હોય છે. તેમાં પણ ઉપર મનુષ્યને જે અને જે રીતે પાંચ ઉદયસ્થાનો કહ્યાં તે અને તે રીતે પાંચ ઉદયસ્થાનકો હોય છે. દરેક ઉદયસ્થાનકમાં ત્રાણું અને નેવ્યાશી એમ બબ્બે સત્તાસ્થાનો હોય છે.

આ રીતે દેશવિરતિને પચ્ચીશથી ત્રીશ સુધીના પાંચ ઉદયસ્થાનમાં ચાર ચાર સત્તાસ્થાનો અને એકત્રીશના ઉદયમાં બે સત્તાસ્થાનો–કુલ બાવીસ સત્તાસ્થાનો હોય છે.

હવે પ્રમત્તસંયતના બંધાદિ સ્થાનોનું નિરૂપણ કરે છે–પ્રમત્તસંયતને ૨૮–૨૯ બે બંધસ્થાનકો હોય છે. આ બંને બંધસ્થાનકો દેશવિરતની જેમ સમજવાં. આ અને હવે પછીનાં ગુણસ્થાનકો સંયત મનુષ્યનેજ હોય છે. આ ગુણસ્થાનકે ૨૫–૨૭–૨૮–૨૯–૩૦ એમ પાંચ ઉદયસ્થાનકો હોય છે. આ સઘળાં ઉદયસ્થાનકો વૈક્રિયસંયત અને આહારકસંયતને હોય છે. અને છેલ્લું ત્રીશનું ઉદયસ્થાનક સ્વભાવસ્થ સંયતને પણ હોય છે.

વૈક્રિયસંયત અને આહારક સંયતને પચીસ અને સત્તાવીસના ઉદયે એક એક ભંગ હોય છે. અઠ્ઠાવીશ અને ઓગણત્રીશના ઉદયે બબે ભંગ હોય છે. અને ત્રીશના ઉદયે એક એક ભંગ હોય છે. એટલે વૈક્રિયસંયતના સાત અને આહારકસંયતના સાત કુલ ચૌદ ભંગ થાય છે.

ત્રીશનો ઉદય સ્વભાવસ્થ સંયતને પણ હોય છે, અને તેના દેશવિરતિની જેમ એકસો ચુમ્માલીશ ભંગ થાય છે. ત્રાણું, નેવ્યાશી, બાણું અને અઠ્ઠાશી એમ ચાર સત્તાસ્થાનકો હોય છે. તેનો વિચાર દેશવિરતિના સત્તાસ્થાનકોની જેમ કરી લેવો.

હવે સંવેધ કહે છે—દેવગતિયોગ્ય અઠ્ઠાવીશના બંધક પ્રમત્તસંયતને ઉપર કહ્યા તે પાંચે ઉદયસ્થાનકમાં બાણું અને અઠ્ઠાશી એમ બબ્બે સત્તાસ્થાનકો હોય છે. માત્ર આહારક સંયતના દરેક ઉદયસ્થાનકમાં એક બાણુંનુંજ સત્તાસ્થાન હોય છે. કારણ કે આહારકની સત્તાવાળોજ આહારકશરીરની રચના કરી શકે છે. વૈક્રિયસંયતને બંને સત્તાસ્થાનો સંભવે છે.

તીર્થંકરનામયુક્ત દેવગતિયોગ્ય ઓગણત્રીશના બંધક સંયતને ઉપરોક્ત પાંચે ઉદય સ્થાનમાં ત્રાણું અને નેવ્યાશી એમ બબ્બે સત્તાસ્થાનો સંભવે છે. માત્ર આહારકસંયતને ત્રાણુંનુંજ સત્તાસ્થાન હોય છે. કારણ કે ઓગણત્રીશનો બંધ તીર્થંકરનામ યુક્ત થતો હોવાથી તેની સત્તા પણ અવશ્ય હોય છેજ. વૈક્રિયસંયત અને સ્વભાવસ્થ સંયતને બંને સત્તાસ્થાનો હોય છે. આ પ્રમાણે પ્રમત્તસંયતને પોતાના સઘળા ઉદયસ્થાનકોમાં સામાન્યથી ચાર ચાર સત્તાસ્થાનકો સંભવે છે, એટલે સઘળાં મળી વીશ થાય છે.

હવે અપ્રમત્ત સંયતના બંધાદિનો વિચાર કરે છે—અપ્રમત્તસંયતને ૨૮—૨૯—૩૦—૩૧ એમ ચાર બંધસ્થાનકો હોય છે. તેમાં શરૂઆતનાં બે પ્રમત્ત સંયતની જેમ સમજવાં. આહારકદ્વિક યુક્ત દેવગતિયોગ્ય ત્રીશનો બંધ કરે ત્યારે ત્રીશનું, અને તીર્થંકરનામ તથા આહારકદ્વિક એ ત્રણે સાથે બંધ કરે ત્યારે એકત્રીશનું બંધસ્થાન હોય છે. અહિં દરેક બંધસ્થાનકનો એક એક ભંગજ થાય કારણકે આ ગુણસ્થાનકે અસ્થિર, અશુભ અને અપયશનો બંધ થતો નથી.

આ ગુણસ્થાનકે ૨૯—૩૦ એમ બે ઉદયસ્થાનકો હોય છે. તેમાં જે કોઈ પ્રમત્તસંયત આત્મા આહારક કે વૈક્રિયશરીર વિકુર્વી તેની સઘળી પર્યાપ્તિએ પર્યાપ્ત થઈ આ ગુણસ્થાનકે આવે તેને ઓગણત્રીશનો ઉદય હોય છે. આ ઉદયનો એક વૈક્રિય આશ્રયી અને એક આહારક આશ્રયી એમ બે ભંગ થાય છે. ઉદ્યોતનો ઉદય થયા બાદ ત્રીશનો ઉદય પણ અહિં હોય છે. અહિં પણ ઉપર કહ્યા તે રીતે બે ભંગ થાય છે આ પ્રમાણે વૈક્રિય સંયતના બે અને આહારકસંયતના બે કુલ ચાર ભંગ થાય છે. સ્વભાવસ્થ અપ્રમત્ત સંયતને પણ ત્રીશનો ઉદય હોય છે. અને તેના એકસો ચુમ્માલીસ ભંગ થાય છે, જે પ્રમત્તસંયતને કહ્યા તે પ્રમાણે હોય છે.

અહિં ૯૩—૯૨—૮૯—૮૮ એ સત્તાસ્થાનો પૂર્વે કહ્યાં તે પ્રમાણે હોય છે.

હવે સંવેધ કહે છે—આ ગુણસ્થાનકે અઠ્ઠાવીશના બંધકને બંને ઉદયસ્થાનકમાં અઠ્ઠાશીનું સત્તાસ્થાન હોય છે. ઓગણત્રીશના બંધકને બંને ઉદયસ્થાનમાં નેવ્યાશીનું સત્તાસ્થાન હોય છે. ત્રીશના બંધકને બંને ઉદયે બાણુંનું સત્તાસ્થાન હોય છે. અને

એકત્રીશના બંધકને બંને ઉદયે ત્રાણુંનું સત્તાસ્થાન હોય છે. કારણકે જેણે તીર્થંકરનામ નિકાચિત કર્યું હોય તે તેની બંધયોગ્ય ભૂમિમાં પ્રતિસમય અવશ્ય તીર્થંકરનામકર્મ બાંધે છે, એ પ્રમાણે આહારકનો બંધ થયા પછી પણ તેની બંધ યોગ્ય ભૂમિમાં અવશ્ય આહારકદ્વિકનો બંધ કરે છે. માટે એક-એક બંધમાં એક-એક સત્તાસ્થાન સંભવે છે. સઘળાં મળી આઠ સત્તાસ્થાન થાય છે.

હવે અપૂર્વકરણ ગુણસ્થાનકના બંધાદિ કહે છે-આ ગુણસ્થાનકને ચારિત્રમોહનીયની ઉપશમના કરનાર કે ચારિત્રમોહનીયની ક્ષપણા કરનાર આત્મા જ પ્રાપ્ત કરે છે. અહિં ૨૮-૨૯-૩૦-૩૧-૧ એમ પાંચ બંધસ્થાનકો હોય છે તેમાં આદિના ચારનું સ્વરૂપ અપ્રમત્તસંયતના બંધસ્થાનની જેમ સમજવું. અને અપૂર્વકરણના છઠ્ઠે ભાગે દેવગતિ યોગ્ય ત્રીશ પ્રકૃતિનો બંધવિચ્છેદ થયા પછી એક યશઃકીર્ત્તિના બંધરૂપ એકનું બંધસ્થાન સમજવું.

અહિં ઉદયસ્થાન ત્રીશનું એક જ હોય છે, તેના ચોવીશ ભંગ થાય છે. અને તે વજ્રઋષભનારાચ સંઘયણ, છ સંસ્થાન; સુસ્વર-દુઃસ્વર; અને પ્રશસ્ત-અપ્રશસ્તવિહાયોગતિના પરાવર્ત્તનવડે થાય છે. અન્ય આચાર્યો શરૂઆતના ત્રણ સંઘયણમાંથી કોઈપણ સંઘયણવાળા ઉપશમશ્રેણિ માંડે છે એમ કહે છે. તેમના મતે ઉપરના ચોવીસને ત્રણ સંઘયણ સાથે ગુણતાં બહોંતેર ભંગ થાય છે. આ પ્રમાણે એકજ ઉદયસ્થાન અને તેના ભાંગાઓ નવમા અને દશમા ગુણસ્થાનકે પણ હોય છે.

સત્તાસ્થાનો ૯૩- ૮૯ -૯૨-૮૮ એ ચાર પૂર્વે કહ્યાં તે પ્રમાણે હોય છે.

હવે સંવેધ કહે છે— ત્રીશના ઉદયે વર્ત્તતા અઠ્ઠાવીશના બંધક અપૂર્વકરણ ગુણસ્થાનકવર્તી આત્માને અઠ્ઠાસીનું; ઓગણત્રીશના બંધકને નેવ્યાશીનું, ત્રીશના બંધકને બાણુંનું અને એકત્રીશના બંધકને ત્રાણુંનું સત્તાસ્થાન હોય છે. અને એકના બંધકને ચારે સત્તાસ્થાનકો હોય છે.

પ્રશ્નઃ-ત્રીશના ઉદયે વર્ત્તતા એકના બંધકને ચારે સત્તાસ્થાનકો કેમ હોય?

ઉત્તરઃ-ચારમાંથી કોઇ પણ બંધસ્થાનકવાળા દેવગતિયોગ્ય બંધનો વિચ્છેદ થયા બાદ એકના બંધક થાય છે અઠ્ઠાવીશ આદિ બંધકને અનુક્રમે અઠ્ઠાસી આદિ ચારે સત્તાસ્થાનકો કહ્યાં છે, એટલે એકના બંધકને પણ ચારેય સત્તાસ્થાનો સંભવે છે.

હવે અનિવૃત્તિબાદરસંપરાયગુણસ્થાનકના બંધાદિનું નિરૂપણ કરે છે-અનિવૃત્તિબાદરે યશઃકીર્ત્તિના બંધરૂપ એકજ બંધસ્થાનક હોય છે, અને ત્રીશ પ્રકૃતિના ઉદયરૂપ એકજ ઉદયસ્થાનક હોય છે, સત્તાસ્થાનકો ૯૩-૯૨-૮૯-૮૮-૮૦-૭૯-૭૬-૭૫ એમ આઠ હોય છે. તેમાં શરૂઆતનાં ચાર ઉપશમશ્રેણિ આશ્રયી હોય છે. અને ક્ષપકશ્રેણિમાં જ્યાં સુધી તેર

પ્રકૃતિનો ક્ષય થયો હોતો નથી ત્યાં સુધી હોય છે. તેર પ્રકૃતિનો ક્ષય થયા બાદ છેલ્લા ચાર સત્તાસ્થાનકો હોય છે. અહિં બંધ, ઉદય અને સત્તાસ્થાનના ભેદનો અભાવ હોવાથી સંવેધ સંભવતો નથી, માટે કહેવામાં આવ્યો નથી.

સૂક્ષ્મસંપરાયગુણસ્થાનકે પણ યશઃકીર્ત્તિના બંધરૂપ એક બંધસ્થાન હોય છે, ત્રીશ પ્રકૃતિના ઉદયરૂપ એક ઉદયસ્થાન હોય છે, અને સત્તાસ્થાનકો નવમા ગુણસ્થાનકની જેમ આઠ હોય છે. તેમાં ૯૩-૯૨-૮૯-૮૮-એ ચાર ઉપશમ શ્રેણિમાં અને ૮૦-૭૯-૭૬-૭૫ એ ચાર ક્ષપકશ્રેણિમાં હોય છે. નવમા તથા દશમા ગુણસ્થાનકે ત્રીશના ઉદયના ચોવીસ અગર તો બહોંતેર ભાંગા આઠમે ગુણસ્થાનકે જે રીતે કહ્યા તે રીતે સમજવા.

અહિંથી આગાડીના ચાર ગુણસ્થાનકે નામકર્મની એક પણ પ્રકૃતિનો બંધ થતો નથી. પરંતુ ઉદય અને સત્તા હોય છે, એટલે ઉદયસ્થાનકો અને સત્તાસ્થાનકો કહે છે-

ઉપશાંતમોહગુણસ્થાનકે ત્રીશ પ્રકૃતિના ઉદયરૂપ એકજ ઉદયસ્થાન હોય છે. તેના ચોવીશ કે બહોંતેર ભંગ આઠમા ગુણસ્થાનકની જેમ સમજવા. સત્તાસ્થાનકો-૯૩-૮૯-૯૨-૮૮ એમ ચાર હોય છે.

ક્ષીણમોહ ગુણસ્થાનકે ત્રીશનું એકજ ઉદયસ્થાન હોય છે, ક્ષપકશ્રેણિ પ્રથમ સંઘયણથીજ પ્રાપ્ત થતી હોવાથી અહિં ભાંગા ચોવીસજ થાય છે. તેમાં પણ ક્ષીણમોહે વર્ત્તમાન તીર્થંકરનામની સત્તાવાળાને પ્રથમ સંસ્થાનાદિ શુભ પ્રકૃતિનોજ ઉદય હોવાથી એકજ ભંગ થાય છે. સત્તાસ્થાનકો ૮૦-૭૯-૭૬-૭૫ એ ચાર હોય છે. તેમાં ૭૯-૭૫ એ બે સત્તાસ્થાન તીર્થંકરનામકર્મની સત્તા વિનાના આત્માને હોય છે, અને ૮૦-૭૬ તીર્થંકરનામની સત્તાવાળાને હોય છે.

સયોગિકેવલી ભગવાનને ૨૦-૨૧-૨૬-૨૭-૨૮-૨૯-૩૦-૩૧ એમ આઠ ઉદયસ્થાનકો હોય છે. આ આઠે ઉદયસ્થાનકનો અને તેના ભંગનો વિચાર સામાન્યથી નામકર્મના ઉદયસ્થાનકનો જ્યાં વિચાર કર્યો છે ત્યાં કર્યો છે માટે ત્યાંથીજ જોઈ લેવું.

સત્તાસ્થાનકો ૮૦-૭૯-૭૬-૭૫ એમ ચાર હોય છે. તેમાં ઉપરના ઉદયસ્થાનકમાંથી જે જે ઉદયસ્થાનક સામાન્ય કેવળીને હોય છે તેને ૭૯ કે ૭૫ માંથી કોઈપણ સત્તાસ્થાનક હોય છે, અને જે જે ઉદયસ્થાનક તીર્થંકર ભગવંતને હોય છે, તેમાં ૮૦-અને ૭૬ માંથી કોઈપણ સત્તાસ્થાનક હોય છે.

અયોગિકેવલિભગવંતને આઠ અને નવ એમ બે ઉદયસ્થાન હોય છે. તેમાં આઠનો ઉદય સામાન્ય અયોગિકેવલીને અને નવનો ઉદય તીર્થંકર અયોગિકેવલીને હોય છે. ૮૦-૭૯-૭૬-૭૫-૯-૮ એ પ્રમાણે આ ગુણસ્થાનકે છ સત્તાસ્થાનકો હોય છે. તેમાં આઠના ઉદયે -૭૯-૭૫-૮ એ ત્રણ અને નવના ઉદયે-૮૦-૭૬-૯ એ ત્રણ સત્તાસ્થાનકો હોય છે.

તેમાં શરૂઆતનાં બન્ને અયોગિના દ્વિચરમ સમયપર્યંત હોય છે. અને છેલ્લે સમયે તીર્થંકરભગવંતને નવનું અને સામાન્યકેવળીને આઠનું સત્તાસ્થાન હોય છે.

આ પ્રમાણે ગુણસ્થાનકોમાં નામના બંધ, ઉદય અને સત્તાના સ્થાનકોનો સંવેધ સાથે વિચાર કર્યો.

હવે ગતિમાં નામકર્મના બંધાદિ સ્થાનકોનો વિચાર કરે છે—

તેમાં નારકીને ઓગણત્રીશ અને ત્રીશ એ બે બંધસ્થાન હોય છે. તેમાં ઓગણત્રીશ નારકીઓને તિર્યંચગતિ યોગ્ય બાંધતાં અને મનુષ્યગતિ યોગ્ય બાંધતાં બંધાય છે. તથા ઉદ્યોતનામકર્મ યુક્ત ત્રીશ તિર્યંચગતિ યોગ્ય બાંધતાં અને તીર્થંકર નામકર્મયુક્ત ત્રીશ મનુષ્યગતિ યોગ્ય બાંધતાં બંધાય છે. આ બંધસ્થાનકમાં ભાંગા જે પહેલાં કહ્યા છે તે અહિં પણ સમજવા. એટલે કે મનુષ્ય અને તિર્યંચગતિ બંને યોગ્ય ૨૯ના બંધે ૪૬૦૮, તિર્યંચ યોગ્ય ૩૦ના બંધે ૪૬૦૮ અને મનુષ્ય યોગ્ય ૩૦ના બંધે ૮ એ રીતે તિર્યંચગતિ યોગ્ય બે બંધસ્થાનકના ૯૨૧૬ અને મનુષ્યગતિ યોગ્ય બે બંધસ્થાનકના ૪૬૧૬ ભાંગા થાય છે.

નારકીમાં ઉદયસ્થાનકો પાંચ હોય છે, તે આ પ્રમાણે—૨૧–૨૫–૨૭ ૨૮–૨૯. આ ઉદયસ્થાનકે ભાંગાઓ નારકીના સામાન્ય ઉદયસ્થાનકની જેમ સમજવા.

સત્તાસ્થાનકો ત્રણ હોય છે. તે આ ૯૨–૮૯–૮૮. તેમાં બાણું અને અઠ્ઠાશી એ બે સત્તાસ્થાન તો જેમ સામાન્યતઃ સર્વને હોય છે, તેમ નારકીને પણ હોય છે. નેવ્યાશીનું સત્તાસ્થાન તીર્થંકરનામકર્મ બાંધ્યા પછી મિથ્યાત્વે[1] જઈ નરકમાં ઉત્પન્ન થયેલાને હોય છે, જેનો વિચાર પહેલાં કરી ગયા છે. ત્રાણુંનું સત્તાસ્થાન નરકગતિમાં હોતું નથી. કેમકે તીર્થંકર અને આહારકની સત્તા છતા કોઈ પણ જીવ નરકમાં ઉત્પન્ન થતો નથી.

હવે સંવેધ કહે છે—તિર્યંચગતિ યોગ્ય ઓગણત્રીશનો બંધ કરતા નારકીને ઉપર કહ્યાં તે પાંચે ઉદયસ્થાનકો હોય છે. એટલે કે ઉપર કહ્યા તે સ્વયોગ્ય પાંચે ઉદયસ્થાનકે વર્તતા નારકીઓ તિર્યંચગતિ યોગ્ય ઓગણત્રીશનો બંધ કરે છે. તે વખતે તેને બાણું કે અઠ્ઠાશીમાંથી કોઈ પણ સત્તાસ્થાન હોય છે. તીર્થંકર નામની સત્તાવાળા નારકો તિર્યંચગતિ યોગ્ય બંધ કરતા નહિ હોવાથી તિર્યંચગતિ યોગ્ય બંધે નેવ્યાશીનું સત્તાસ્થાન હોતું નથી. એ પ્રમાણે ઉદ્યોત નામકર્મ સાથે તિર્યંચગતિ યોગ્ય ત્રીશનો બંધ

૧ શ્રેણિકાદિની જેમ નરકનું આયુ બાંધ્યા પછી ક્ષાયિક સમ્યકત્વ ઉપાર્જન કરી તીર્થંકરનામ નિકાચી સમ્યકત્વ યુકત પણ નારકીમાં જાય છે. તેઓ મનુષ્ય યોગ્ય ત્રીશ જ બાંધે છે અને તેમને પાંચ ઉદયે એક નેવ્યાશીનું જ સત્તાસ્થાન હોય છે.

કરતાં પણ પાંચે ઉદયસ્થાનકો હોય છે. તથા બાણું અને અઠ્ઠાશીમાંથી કોઈ પણ સત્તાસ્થાનક હોય છે.

મનુષ્યગતિ યોગ્ય ઓગણત્રીશનો બંધ કરતાં પણ ઉપર કહ્યાં તે પાંચે ઉદયસ્થાનકો હોય છે, પરંતુ તે દરેક ઉદયસ્થાનકમાં સત્તાસ્થાનકો ૯૨-૮૯-૮૮ એ ત્રણ ત્રણ સંભવે છે. તેમાં બાણું અને અઠ્ઠાશી એ બે સત્તાસ્થાનક તો ૨૯ ના બંધમાં જેમ કહ્યાં તે પ્રમાણે હોય છે. અને ૮૯ નું સત્તાસ્થાન પહેલાં કહી ગયા તે રીતે મિથ્યાદષ્ટિ નારકીને શરૂઆતના અંતર્મુહૂર્ત પર્યન્ત હોય છે, અને તે વખતે તેઓ મનુષ્યગતિ યોગ્ય ઓગણત્રીશ પ્રકૃતિનો જ બંધ કરે છે. એટલે મનુષ્યગતિ યોગ્ય ૨૯ ના બંધે ૮૯ નું સત્તાસ્થાન મિથ્યાદષ્ટિ નારકોને જ હોય છે. કેમકે તે પર્યાપ્તો થયા બાદ અવશ્ય સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે અને તે વખતે તીર્થંકર નામકર્મ યુક્ત મનુષ્યગતિ યોગ્ય ત્રીશ પ્રકૃતિનો બંધ કરે છે.

તીર્થંકર નામયુક્ત મનુષ્યગતિ યોગ્ય ત્રીશનો બંધ કરતા નારકીને પોતપોતાના સઘળા ઉદયસ્થાનકે એક નેવ્યાશીનું જ સત્તાસ્થાન હોય છે.

હવે તિર્યંચગતિમાં બંધાદિ-સ્થાનોનો વિચાર કરે છે.-તિર્યંચોને ૨૩-૨૫-૨૬-૨૮-૨૯-૩૦ એ છ બંધસ્થાનક હોય છે. એટલે કે તિર્યંચો ભિન્ન ભિન્ન ગતિ યોગ્ય ત્રેવીસ આદિ છ બંધસ્થાનમાંથી કોઈ પણ બંધસ્થાન બાંધે છે.

(તેમાં એકેન્દ્રિયો ૨૩-૨૫-૨૬-૨૯-૩૦ એ પાંચ બંધસ્થાન બાંધે છે, વિકલેન્દ્રિયો અને અપર્યાપ્ત અસંજ્ઞિઓ પણ એજ પાંચ બંધસ્થાન બાંધે છે. માત્ર પર્યાપ્ત અસંજ્ઞિ અને પર્યાપ્ત-અપર્યાપ્ત સંજ્ઞિ તિર્યંચો યથાયોગ્ય રીતે ઉપરોક્ત છએ બંધસ્થાનકો બાંધે છે. અહિં એ ખ્યાલમાં રાખવું કે પ્રથમ ગુણસ્થાનકે દેવ કે નરકગતિ યોગ્ય બંધ પર્યાપ્તાવસ્થામાં જ થાય છે. માત્ર અપર્યાપ્તાવસ્થામાં દેવગતિયોગ્ય બંધ સમ્યગ્દૃષ્ટિ-પણામાં થાય છે.)

આ બંધસ્થાનકોનો અને તેના ભાંગાનો વિચાર પહેલાં કરી ગયા છે તે પ્રમાણે અહિં સમજી લેવાનો છે, કોને ક્યાં બંધસ્થાનકો હોય છે અને તે કઇ ગતિ યોગ્ય છે તેનો વિચાર કરી તેના ભાંગાઓ પણ સમજી લેવા યોગ્ય છે.

ઉદયસ્થાનકો નવ છે, તે આ-૨૧-૨૪-૨૫-૨૬-૨૭-૨૮-૨૯-૩૦-૩૧ આ ઉદયસ્થાનકો એકેન્દ્રિય, વિકલેન્દ્રિય અને અસંજ્ઞિ-સંજ્ઞિ તિર્યંચ પંચેન્દ્રિય યોગ્ય છે- તે પણ તેઓ-તેઓના ઉદયસ્થાનકો કહેવાના પ્રસંગે પહેલાં કહી ગયા છે. તે પ્રમાણે અહિં પણ કહી જવાનાં છે.

સત્તાસ્થાનો પાંચ છે, તે [1]આ-૯૨-૮૮-૮૬-૮૦-૭૮ તે પણ યથાયોગ્ય રીતે પહેલાંની જેમ સમજી લેવાનાં છે. તિર્યંચોમાં ક્ષપકશ્રેણિ અને તીર્થંકર નામની સત્તાનો અભાવ હોવાથી તીર્થંકર સંબંધી કોઈ પણ સત્તાસ્થાનો હોતાં નથી.

હવે સંવેધ કહે છે—ત્રેવીસના બંધક તિર્યંચને એકવીશ આદિ ઉપર કહી ગયા તે નવે ઉદયસ્થાનકો હોય છે. તેમાં શરૂઆતના ૨૧-૨૪-૨૫-૨૬ એ ચાર ઉદયસ્થાનમાં દરેકમાં પાંચ પાંચ સત્તાસ્થાનકો હોય છે. તે આ--૯૨-૮૮-૮૬-૮૦-૭૮. આમાંનું અઠ્ઠોતેરનું સત્તાસ્થાન તેઉ-વાઉને હોય છે, તેમજ તેઉ-વાઉમાંથી ચ્યવી જ્યાં ઉત્પન્ન થાય છે ત્યાં તેઓ જ્યાં સુધી મનુષ્યદ્વિકનો બંધ ન કરે ત્યાં સુધી હોય છે.

બાકીના સત્તાવીશ આદિ પાંચ ઉદયસ્થાનમાં અઠ્ઠોતેર સિવાયનાં ચાર ચાર સત્તાસ્થાનો હોય છે. સત્તાવીશ આદિ પાંચ ઉદયમાં વર્તમાન તિર્યંચો અવશ્ય મનુષ્યદ્વિક બાંધતા હોવાથી તેઓમાં અઠ્ઠોતેરનું સત્તાસ્થાન સંભવતું નથી.

આજ પ્રમાણે પચીસ, છવ્વીસ, ઓગણત્રીશ અને ત્રીશના બંધકને પણ ઉદયસ્થાન અને સત્તાસ્થાનો કહેવાં. માત્ર મનુષ્યગતિ યોગ્ય ૨૯ નો બંધ કરતા તિર્યંચોને પોતાને યોગ્ય સઘળા ઉદયસ્થાનોમાં ૭૮ સિવાયનાં ચાર ચાર સત્તાસ્થાનો કહેવાં.

દેવ કે નરકગતિ યોગ્ય અઠ્ઠાવીશના બંધક પર્યાપ્ત અસંજ્ઞિને ૩૦-૩૧ એ બે ઉદયસ્થાનક હોય છે, અને અપર્યાપ્ત સંજ્ઞિ તિર્યંચને આઠ ઉદયસ્થાનકો હોય છે. તે આ પ્રમાણે-૨૧-૨૫-૨૬-૨૭-૨૮-૨૯-૩૦-૩૧. તેમાં ૨૧-૨૬-૨૮-૨૯-૩૦ એ પાંચ ઉદયસ્થાનકો પૂર્વબદ્ધાયુ ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ અને બાવીસની[2]સત્તાવાળા વેદકસમ્યગ્દૃષ્ટિને સમજવાં. એક-એક ઉદયસ્થાનકે બાણું અને અઠ્ઠાશી એમ બબ્બે સત્તાસ્થાનકો હોય છે.

---

૧ જેઓ દેવ કે નરકગતિયોગ્ય બંધ કરે છે તેઓ દેવદ્વિકાદિ ઉવેલતા નથી, પરંતુ જેઓ બંધ નથી કરતા તેઓ જ ઉવેલે છે. એટલે દેવદ્વિક, નરકદ્વિક, અને વૈક્રિય ચતુષ્કની ઉદ્દલના એકેન્દ્રિયો કરે છે. અને મનુષ્યદ્વિકની ઉદ્દલના તેઉ-વાઉ જ કરે છે. એટલે તેઓમાં ૮૬-૮૦-૭૮ એ સત્તાસ્થાનકો સંભવે છે અને ત્યાંથી ચ્યવી જેમાં ઉત્પન્ન થાય છે, ત્યાં પણ જ્યાં સુધી ન બાંધે ત્યાં સુધી યથાયોગ્ય રીતે એ ત્રણમાંથી કોઈ પણ સત્તાસ્થાનક હોય છે. એટલે સામાન્ય રીતે તિર્યંચોમાં પાંચે સત્તાસ્થાનકો કહ્યાં છે.

૨ આ સત્તાસ્થાન તો યુગલિયામાં હોય છે. કેમકે સંખ્યાત વર્ષના આયુવાળો મનુષ્ય યુગલિક તિર્યંચનું આયુ બાંધ્યા બાદ ક્ષાયિક ઉત્પન્ન કરી શકે છે, સંખ્યાત વર્ષનું તિર્યંચાયુ બાંધ્યા પછી ઉત્પન્ન કરી શકતો નથી. પરંતુ અહિં એક વિચાર થાય છે કે સંખ્યાત વરસના આયુવાળા તિર્યંચને અપર્યાપ્તાવસ્થામાં કોઈ સમ્યકત્વ હોય કે નહિ ? કોઈ પણ સ્થળે ૨૪ કે ૨૮ ની સત્તાવાળા ક્ષાયોપશમિક સમ્યક્ત્વી તિર્યંચને અપર્યાપ્તાવસ્થામાં દેવગતિનો બંધક લીધો નથી. ઉલટું ૨૧ કે ૨૨ ની સત્તાવાળો લીધો છે. અને તે તો યુગલિક હોય છે. આ ઉપરથી એમ સમજાય છે કે સંખ્યાત વરસના આયુવાળા તિર્યંચમાં સમ્યકત્વ લઈ કોઈ ઉત્પન્ન થતા નથી. પર્યાપ્તા થયા પછી તેઓ ઉપશમ કે ક્ષયોપશમ સમ્યક્ત્વ ઉત્પન્ન કરી શકે છે.

પચીસ અને સત્તાવીસનો ઉદય વૈક્રિય તિર્યંચને હોય છે, ત્યાં પણ ૯૨-૮૮ એ બબ્બે સત્તાસ્થાનો હોય છે.

ત્રીશ અને એકત્રીશનો ઉદય સઘળી પર્યાપ્તિએ પર્યાપ્તા સમ્યગ્દષ્ટિ અગર મિથ્યાદષ્ટિને હોય છે. એક-એક ઉદયે ત્રણ-ત્રણ સત્તાસ્થાનો હોય છે. તે આ પ્રમાણે-૯૨-૮૮-૮૬. તેમાં છયાશી મિથ્યાદષ્ટિઓને જ હોય છે, સમ્યગ્દષ્ટિને હોતું નથી. કારણ કે તેઓને અવશ્ય દેવદ્વિકાદિના બંધનો સંભવ છે.

આ પ્રમાણે સર્વ બંધસ્થાન, સર્વ ઉદયસ્થાનની અપેક્ષાએ બસો અઢાર સત્તાસ્થાનો થાય છે. તે આ પ્રમાણે-ત્રેવીશ, પચ્ચીસ, છવ્વીસ, ઓગણત્રીશ અને ત્રીશ એ પ્રત્યેક બંધસ્થાનકે ચાલીસ ચાલીસ સત્તાસ્થાનકો હોય છે, અઠ્ઠાવીશના બંધે અઢાર હોય છે. સરવાળે બસો અઢાર થાય છે.

હવે મનુષ્યગતિનાં બંધ, ઉદય અને સત્તાસ્થાનો કહે છે-મનુષ્યને આઠ[1]બંધસ્થાનો હોય છે. ૨૩-૨૫-૨૬-૨૮-૨૯-૩૦-૩૧-૧. આ સઘળાં બંધસ્થાનકોનું સ્વરૂપ પહેલાં કહી ગયા છે તે પ્રમાણે સપ્રભેદ સમજવાં. કેમકે મનુષ્યો ચારે ગતિ યોગ્ય બંધ કરે છે. અને તેમાં સઘળા ગુણસ્થાનકોનો પણ સંભવ છે.

ઉદયસ્થાનકો અગીઆર છે. તે આ-૨૦-૨૧-૨૫-૨૬-૨૭-૨૮-૨૯-૩૦-૩૧-૯-૮ આ સઘળાં ઉદયસ્થાનકો સ્વભાવસ્થ મનુષ્ય, વૈક્રિયશરીરી અને આહારક શરીરી મનુષ્ય તેમજ તીર્થંકર અતીર્થંકર-સયોગિ-અયોગિ કેવલી આશ્રયીને પહેલાંની જેમ સપ્રભેદ સમજવાં. ચોવીસનું ઉદયસ્થાન માત્ર એકેન્દ્રિયોમાં જ હોય છે, માટે અહિં લીધું નથી.

સત્તાસ્થાનકો અગીઆર હોય છે. તે આ પ્રમાણે-૯૩ ૯૨-૮૯-૮૮-૮૬-૮૦-૭૯-૭૬-૭૫-૯-૮. પૂર્વે જે બાર સત્તાસ્થાન કહ્યાં છે તેમાંથી મનુષ્યમાં માત્ર અઠ્ઠોતેરનું સત્તાસ્થાન હોતું નથી, મનુષ્યને મનુષ્યદ્વિકની સત્તા અવશ્ય હોય છે.

હવે સંવેધ કહે છે—એકેન્દ્રિય યોગ્ય ત્રેવીસના બંધક મનુષ્યને ૨૧-૨૫-૨૬-૨૭-૨૮-૨૯-૩૦ એમ સાત ઉદયસ્થાનકો હોય છે. સ્વભાવસ્થ મનુષ્ય અને વૈક્રિયમનુષ્ય ત્રેવીસ બાંધે છે, એટલે તદ્યોગ્ય ઉદયસ્થાનકો ગ્રહણ કર્યાં છે. બાકીનાં કેવલીનાં અને આહારક સંયતનાં ઉદયસ્થાનકો અહિં હોતાં નથી.

(એટલે ત્રેવીસના બંધક સ્વભાવસ્થ મનુષ્યને-૨૧-૨૬-૨૮-૨૯-૩૦ એ પાંચ ઉદયસ્થાનકો અને વૈક્રિય મનુષ્યને ૨૫-૨૭-૨૮-૨૯ એ ચાર ઉદયસ્થાનકો હોય છે ભાંગા

૧ જિનનામ સહિત મનુષ્ય પ્રાયોગ્ય ૩૦ નો બંધ મનુષ્યો કરતા નથી પરંતુ દેવો અને નારકો જ કરે છે. તેથી જિનનામ સહિત ૩૦ ના બંધના આઠ ભાંગા મનુષ્યોમાં સંભવતા નથી. માટે અહિં કુલ બંધ ભાંગા ૧૩૯૪૫ ના બદલે ૧૩૯૩૭ જાણવા.

ઉપરોક્ત ઉદયસ્થાનકના પહેલાં જે કહ્યા છે તે અહિં સમજવા.) ઉપરોક્ત ઉદયસ્થાનકમાં ૨૫ અને ૨૭નો ઉદય વૈક્રિયશરીરી આશ્રયી સમજવો.

એક એક ઉદયસ્થાનકે સત્તાસ્થાનકો ચાર ચાર હોય છે. તે આ પ્રમાણે-૯૨-૮૮-૮૬-૮૦, માત્ર વૈક્રિયશરીરીના દરેક ઉદયસ્થાનકે બાણું અને અઠ્ઠાશી એમ બબ્બે સત્તાસ્થાનકો જ જાણવાં. બાકીના સત્તાસ્થાનકો કે જે તીર્થંકર ક્ષપકશ્રેણિ, કેવલિ અને અન્યગતિ આશ્રયી હોય છે તે અહિં સંભવતાં નથી. કારણ કે એકેન્દ્રિય યોગ્ય ત્રેવીસનો બંધ મિથ્યાદૃષ્ટિને જ હોય છે માટે ત્યાં સંભવતાં જ સત્તાસ્થાનો ગ્રહણ કરવાં જોઈયે, જે ઉપર બતાવ્યાં છે સઘળાં મળી ચોવીસ સત્તાસ્થાનકો થાય છે.

પર્યાપ્ત એકેન્દ્રિય યોગ્ય અને અપર્યાપ્ત વિકલેન્દ્રિયાદિ યોગ્ય પચ્ચીસના બંધકને અને એકેન્દ્રિયયોગ્ય છવ્વીસના બંધકને પણ ઉપર કહ્યાં તે પ્રમાણે ઉદયસ્થાનકો અને ઉદયસ્થાનકોમાં સત્તાસ્થાનકો કહેવાં, મનુષ્યગતિયોગ્ય ઓગણત્રીશ અને વિકલેન્દ્રિયાદિયોગ્ય ઓગણત્રીશ અને ત્રીશના બંધકને પણ એ પ્રમાણે જ સમજવું.

નરકગતિયોગ્ય અઠ્ઠાવીશના બંધક મનુષ્યને ત્રીશનું એકજ ઉદયસ્થાન હોય છે. કેમકે પર્યાપ્ત મિથ્યાદૃષ્ટિ મનુષ્યજ નરકગતિયોગ્ય બંધ કરે છે. તે વખતે ૯૨-૮૮ અને ૮૯ એમ ત્રણ સત્તાસ્થાનકોમાંથી કોઇ પણ સત્તાસ્થાન હોય છે.

દેવગતિયોગ્ય અઠ્ઠાવીશના બંધક મનુષ્યને સાત ઉદયસ્થાનકો હોય છે. તે આ પ્રમાણે-૨૧-૨૫-૨૬-૨૭-૨૮-૨૯-૩૦. (મિથ્યાદૃષ્ટિ મનુષ્ય તો પર્યાપ્તાવસ્થામાંજ દેવગતિયોગ્ય બંધ કરે છે. પરંતુ સમ્યગ્દૃષ્ટિ મનુષ્ય અપર્યાપ્તાવસ્થામાં પણ દેવગતિયોગ્ય બંધ કરે છે, માટે અપર્યાપ્તાવસ્થા સંભવી પણ ઉદયસ્થાનકો અહિં ગ્રહણ કર્યાં છે.) તેમાં એકવીશ અને છવ્વીસનો ઉદય કરણ અપર્યાપ્ત અવિરતિ સમ્યગ્દૃષ્ટિને હોય છે. ૨૫-૨૭-૨૮-૨૯ એ ચાર ઉદય પંચમ ગુણસ્થાન સુધીના વૈક્રિય શરીરી મનુષ્યને હોય છે. ૨૫-૨૭-૨૮ ૨૯ ૩૦ એ પાંચ ઉદય વૈક્રિયશરીરી અને આહારકશરીરી સંયતને હોય છે ૨૮-૨૯ એ બે ઉદય કરણ અપર્યાપ્ત અવિરતિસમ્યગ્દૃષ્ટિને હોય છે, અને ૩૦નો ઉદય સ્વભાવસ્થ સમ્યક્ત્વી કે મિથ્યાત્વી મનુષ્યને હોય છે.

એક એક ઉદયસ્થાનકે બબ્બે સત્તાસ્થાનકો હોય છે. તે આ-૯૨-૮૮ માત્ર આહારકસંયતને પોતાના સઘળા ઉદયે બાણુંનું જ સત્તાસ્થાન હોય છે, અને ત્રીશના ઉદયે વર્ત્તતા મનુષ્યને ચાર સત્તાસ્થાનકો હોય છે. તે આ—૯૨-૮૮-૮૬-૮૯. તેમાંનાં શરૂઆતનાં ત્રણ મિથ્યાદૃષ્ટિ મનુષ્યને હોય છે. સમ્યગ્દૃષ્ટિ મનુષ્યને તો શરૂઆતનાં બેજ હોય છે. નેવ્યાશીનું સત્તાસ્થાન નરકગતિ યોગ્ય અઠ્ઠાવીશ બાંધતા મનુષ્યને હોય છે, જે પહેલાં કહ્યું છે. શેષ ત્રણ સત્તાસ્થાનો નરકગતિ યોગ્ય કે દેવગતિ યોગ્ય બંધ કરતાં હોય છે. સઘળાં મળી અઠ્ઠાવીશના બંધે સોળ સત્તાસ્થાનકો હોય છે.

તીર્થંકરનામકર્મ સાથે દેવગતિ યોગ્ય ઓગણત્રીશ પ્રકૃતિના બંધક મનુષ્યને સાત ઉદયસ્થાનકો હોય છે: અને તે અઠ્ઠાવીશના બંધકની જેમ સમજવાં. માત્ર અહિં ત્રીશનો ઉદય સમ્યગ્દૃષ્ટિઓને જ કહેવો. સઘળા ઉદયોમાં બબ્બે સત્તાસ્થાનકો હોય છે. તે આ—૯૩-૮૯. માત્ર આહારક સંયતને ત્રાણુંનું જ સત્તાસ્થાન હોય છે.

આહારકદ્વિક યુક્ત દેવગતિયોગ્ય ત્રીશનો બંધ કરતા સંયતને ઓગણત્રીશ અને ત્રીશ એમ બે ઉદયસ્થાન હોય છે. આ ત્રીશનો બંધ અપ્રમત્તે અને અપૂર્વકરણે થાય છે. ત્યાં ત્રીશનો ઉદય તો સ્વભાવસ્થ મનુષ્યને હોય છે. તે વખતે બાણુંનું એકજ સત્તાસ્થાન હોય છે. ઓગણત્રીશનો ઉદય તેને હોય છે કે જે સંયત વૈક્રિય કે આહારકશરીર વિકુર્વી તે શરીર યોગ્ય સઘળી પર્યાપ્તિએ પર્યાપ્ત થઇ અંતિમકાળે-ઉદ્યોતનો ઉદય થતાં પહેલાં અપ્રમત્તે આવે. તેને જ ઉદ્યોતના ઉદયે ત્રીશનું ઉદયસ્થાન થાય છે. આ બંને ઉદયે સત્તાસ્થાન એક બાણુંનું જ છે. જો કે આહારકશરીરી પ્રમત્તસંયત પણ ઓગણત્રીશ અને ત્રીશના ઉદયવાળો હોય છે. પરંતુ તે આહારકદ્વિક બાંધતો નથી, કેમકે ત્યાં તેના બંધનું કારણ વિશિષ્ટ સંયમ નથી.

એકત્રીશના [1]બંધક અપ્રમત્ત સંયત અને અપૂર્વકરણવાળાને ત્રીશનું એક ઉદયસ્થાન હોય છે અને ત્રાણુંનું એક સત્તાસ્થાન હોય છે.

એક યશઃકીર્તિના બંધકને ત્રીશનું એકજ ઉદયસ્થાન હોય છે. સત્તાસ્થાનકો આઠ હોય છે. તે આ—૯૩-૯૨-૮૯-૮૮-૮૦-૭૯-૭૬-૭૫. જે પૂર્વે કહી ગયા છે.

સર્વ બંધસ્થાન અને ઉદયસ્થાનની અપેક્ષાએ સત્તાસ્થાનો એકસો ઓગણસાઠ થાય છે. બંધવિચ્છેદ થયા પછી ઉદય અને સત્તાસ્થાનનો પરસ્પર સંવેધ સામાન્ય સંવેધનો વિચાર જે પ્રમાણે કહ્યો છે તે પ્રમાણે સમજવો.

હવે દેવો સંબંધી બંધ, ઉદય અને સત્તાસ્થાનોનો વિચાર કરે છે-દેવોને ચાર બંધસ્થાનકો છે. તે આ--૨૫-૨૬-૨૯-૩૦ તેમાંનાં પચીસ અને છવ્વીસ એ બે બંધસ્થાન પર્યાપ્ત-બાદર પૃથ્વી, અપ્ અને પ્રત્યેક વનસ્પતિ યોગ્ય બંધ કરતાં હોય છે. અહિં સ્થિર-અસ્થિર, શુભ-અશુભ, અને યશ-અપયશના પરાવર્તનવડે આઠ ભંગ થાય છે. છવ્વીસનો બંધ આતપ કે ઉદ્યોત સહિત હોય છે. અહિં સોળ ભાંગા થાય છે. મનુષ્ય

---

૧ તીર્થંકરનામકર્મનો બંધક આહારકશરીરી ૨૯ અને ૩૦ ના ઉદયે અપ્રમત્તે જાય તો તે ઉદયે વર્તતા તેને એકત્રીશ પ્રકૃતિનો બંધ સંભવે છે. પણ અલ્પકાળ માટે કે કોઇકને હોવાથી ન ગ્રહણ કર્યો હોય એમ સમજાય છે. અહિં એકત્રીશના બંધે ત્રીશનું એકજ ઉદયસ્થાન લીધું છે. પ્રમત્ત સંયતે આહારકશરીરીને ૨૯ નો બંધ લીધો છે. તેજ અપ્રમત્તે જાય તો તેને આહારકદ્વિક યુક્ત એકત્રીશનો બંધ સંભવે છે. તત્ત્વ કેવલીગમ્ય.

અને તિર્યંચગતિ યોગ્ય બાંધતા ઓગણત્રીસનો બંધ સપ્રભેદ પૂર્વની જેમ સમજવો. ઉદ્યોતનામકર્મ યુક્ત તિર્યંચગતિ યોગ્ય બંધ કરતાં ત્રીશનો બંધ થાય છે. તેના છેતાલીસસો આઠ ભંગ થાય છે. ત્રીશનો બંધ તીર્થંકરનામકર્મ યુક્ત મનુષ્યગતિયોગ્ય થાય છે. તેના સ્થિર-અસ્થિર, શુભ-અશુભ અને યશકીર્ત્તિ-અપયશકીર્તિના પરાવર્તન વડે આઠ ભાંગા થાય છે.

ઉદયસ્થાનકો છ છે. તે આ-૨૧-૨૫-૨૭-૨૮-૨૯-૩૦ આ ઉદયસ્થાનકો વિસ્તારપૂર્વક પૂર્વે કહ્યાં છે, માટે અહિં ફરી કહેતા નથી.

સત્તાસ્થાનકો ચાર છે. તે આ-૯૩-૯૨-૮૯-૮૮. બાકીનાં કોઈપણ સંભવતાં નથી. કેમકે ઉપરોકત ચાર સીવાયનાં કેટલાંક એકેન્દ્રિય સંબંધી હોય છે, કેટલાએક ક્ષપક સંબંધી હોય છે માટે દેવોને હોતાં નથી.

હવે સંવેધ કહે છે—એકેન્દ્રિયયોગ્ય પચીસનો બંધ કરતા દેવોને પોતાના છએ ઉદયસ્થાનમાં બાણું અને અઠ્ઠાશી એમ બે સત્તાસ્થાનક હોય છે. એ પ્રમાણે છવ્વીસના બંધકને અને તિર્યંચગતિયોગ્ય કે મનુષ્યયોગ્ય ઓગણત્રીશના બંધકને પણ ઉદયસ્થાનકો અને સત્તાસ્થાનકો હોય છે. ઉદ્યોત સહિત તિર્યંચ પંચેન્દ્રિયયોગ્ય ત્રીશનો બંધ કરતાં પણ એજ ઉદયસ્થાનકો અને સત્તાસ્થાન હોય છે, તીર્થંકરનામકર્મ સહિત મનુષ્યગતિયોગ્ય ત્રીશનો બંધ કરતાં પોતાના છ એ ઉદયસ્થાનકમાં ત્રાણું કે નેવ્યાશી એ બેમાંથી કોઇપણ સત્તાસ્થાન હોય છે. સઘળાં મળી સાઠ સત્તાસ્થાન થાય છે.

આ પ્રમાણે ગતિ માટે બંધાદિ સ્થાનોનો વિચાર કર્યો. ૧૨૯

હવે ઇન્દ્રિયોમાં બંધાદિ સ્થાનકો કહે છે—

इगि विगले पण बंधा अडवीसूणा उ अट्ठ इयरंमि ।
पंच छ एक्कारुदया पण पण बारस उ संताणि ॥१३०॥

एकेन्द्रिये विकले पञ्च बन्धा अष्टाविंशत्यूनास्त्वष्टेतरस्मिन् ।
पञ्चषडेकादशोदयाः पञ्च पञ्च द्वादश तु सत्स्थानानि ॥ १३० ॥

અર્થ—એકેન્દ્રિય અને વિકલેન્દ્રિયમાં અઠ્ઠાવીશ ન્યૂન પાંચ-પાંચ બંધસ્થાનકો છે. ઈતર-પંચેન્દ્રિયમાં આઠે બંધસ્થાનકો હોય છે. તથા અનુક્રમે પાંચ છ, અને અગીઆર ઉદયસ્થાનકો, અને પાંચ, પાંચ અને બાર સત્તાસ્થાનકો હોય છે.

ટીકાનુ૦—એકેન્દ્રિય અને વિકલેન્દ્રિયોમાં અઠ્ઠાવીશ સિવાયનાં ત્રેવીશ આદિ પાંચ પાંચ બંધસ્થાનકો હોય છે. તે આ પ્રમાણે ૨૩-૨૫-૨૬-૨૯-૩૦. એકેન્દ્રિયથી ચઉરિન્દ્રિય

સુધીના આત્માઓ માત્ર મનુષ્ય અને તિર્યંચગતિ યોગ્ય જ બંધ કરતા હોવાથી ઉપરોક્ત બંધસ્થાનકોમાંથી દેવગતિયોગ્ય ઓગણત્રીશ અને ત્રીશ તેમજ મનુષ્યગતિયોગ્ય તીર્થંકરનામ સહિત ત્રીશનું બંધસ્થાન અને તેના ભાંગાઓ વર્જીને શેષ મનુષ્ય–તિર્યંચગતિ યોગ્ય સઘળા ઉપરનાં બંધસ્થાનકોનો અને તે બંધસ્થાનકના થતા ભાંગાઓનો બંધ કરે છે. તેનું વિવેચન પહેલાં કરી ગયા છે, માટે ત્યાંથી જોઈ લેવું.

તથા પંચેન્દ્રિય માર્ગણાએ આઠે બંધસ્થાનકો હોય છે. તે આ પ્રમાણે–૨૩–૨૫–૨૬–૨૮–૨૯–૩૦–૩૧–૧. પંચેન્દ્રિયમાં ચારે ગતિના જીવોનો સમાવેશ થાય છે, અને તેઓ યોગ્યતા પ્રમાણે ઉપરના બંધસ્થાનકો બાંધે છે, એટલે સર્વ ગતિયોગ્ય એ સઘળા બંધસ્થાનકો અને તેના ભાંગાઓ પૂર્વે જે પ્રમાણે કહી ગયા છે તે પ્રમાણે બરાબર અહિં પંચેન્દ્રિય માર્ગણામાં કહી જવા.

હવે ઇન્દ્રિય–માર્ગણામાં ઉદયસ્થાનકો કહે છે—એકેન્દ્રિય, વિકલેન્દ્રિય અને પંચેન્દ્રિયમાં અનુક્રમે પાંચ, છ અને અગીઆર ઉદયસ્થાનકો હોય છે. તેમાં એકેન્દ્રિયોને પાંચ ઉદયસ્થાનકો આ પ્રમાણે છે—૨૧–૨૪ ૨૫–૨૬–૨૭. આ સઘળા ઉદયસ્થાનકો પહેલાં કહી ગયા છે, તે પ્રમાણે કહેવાં. વિકલેન્દ્રિયોને ૨૧–૨૬–૨૮–૨૯–૩૦–૩૧ એ પ્રમાણે છ ઉદયસ્થાનકો હોય છે. આ ઉદયસ્થાનકોને પણ પહેલાંની જેમ કહેવાં.

પંચેન્દ્રિયોને ૨૦–૨૧–૨૫–૨૬–૨૭–૨૮–૨૯–૩૦–૩૧–૯–૮ એ પ્રમાણે અગીઆર ઉદયસ્થાનકો હોય છે. ચોવીસનું ઉદયસ્થાનક માત્ર એકેન્દ્રિયમાં જ હોય છે, એટલે તેને વર્જ્યું છે. મનુષ્યાદિ ભિન્નભિન્ન ગતિમાં પહેલાં જે પ્રમાણે ઉદયસ્થાનકો કહી ગયા છે, તે પ્રમાણે તે સઘળાં અહિં કહી જવાનાં છે. ઉદયસ્થાનકો અને તેના કુલ ભાંગામાંથી એકેન્દ્રિય અને વિકલેન્દ્રિય સંબંધી ઉદયસ્થાનકો અને તેના ભાંગાઓ વર્જીને શેષ સઘળા ઉદયસ્થાનકો અને ભાંગાઓ પંચેન્દ્રિયમાં સંભવે છે.

હવે સત્તાસ્થાનકોનો વિચાર કરે છે – એકેન્દ્રિય, વિકલેન્દ્રિય અને પંચેન્દ્રિયમાં અનુક્રમે પાંચ, પાંચ અને બાર સત્તાસ્થાનકો હોય છે, તેમાં એકેન્દ્રિય અને વિકલેન્દ્રિયોને આ પ્રમાણે હોય છે, ૯૨, ૮૮, ૮૬, ૮૦, ૭૮ તથા પંચેન્દ્રિયોમાં ત્રાણું આદિ બારે સત્તાસ્થાનકો હોય છે, અને તેને પૂર્વે કહ્યાં તે પ્રમાણે કહેવાનાં છે. ૧૩૦

હવે જીવસ્થાનકોમાં બંધ, ઉદય અને સત્તાસ્થાનકોને પ્રતિપાદન કરવા ઈચ્છતા પહેલાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાયનાં બંધાદિ સ્થાનકોનું પ્રતિપાદન કરે છે—

नाणंतरायदंसण बंधोदयसंत भंग जे भिच्छे ।
ते तेरसठाणेसुं सण्णिम्मि गुणासिया सव्वे ॥१३१॥

ज्ञानान्तरायदर्शनानां बन्धोदयसत्सु भङ्गा ये मिथ्यात्वे ।
ते त्रयोदशसु संज्ञिनि गुणाश्रिताः सर्वे ॥ १३१ ॥

અર્થ— જ્ઞાનાવરણીય, અંતરાય અને દર્શનાવરણીયના બંધ, ઉદય અને સત્તાના જે ભાંગા મિથ્યાત્વે કહ્યા છે, તે સઘળા તેરે જીવભેદોમાં હોય છે. અને સંજ્ઞિમાં ગુણસ્થાનાશ્રિત સઘળા હોય છે,

ટીકાનુ૦ –જ્ઞાનાવરણીય, અંતરાય અને દર્શનાવરણીયના જે ભાંગા મિથ્યાદષ્ટિને કહ્યા છે, તેજ સઘળા પર્યાપ્ત સંજ્ઞિપંચેન્દ્રિય સિવાયના શેષ તેરે જીવસ્થાનકોમાં હોય છે.

તેમાં જ્ઞાનાવરણીય અને અંતરાય એ દરેકનો 'પાંચનો બંધ, પાંચનો ઉદય, પાંચની સત્તા' રૂપ હોય છે. કેમકે એ બંને કર્મોનો ધ્રુવબંધ, ધ્રુવઉદય અને ધ્રુવસત્તા છે.

દર્શનાવરણીયકર્મના 'નવનો બંધ, ચારનો ઉદય, નવની સત્તા' 'નવનો બંધ, પાંચનો ઉદય, નવની સત્તા' એ બે ભંગ હોય છે. (આ જીવસ્થાનકોમાં વધારેમાં વધારે બે ગુણસ્થાનકો હોય છે, એટલે ઉપર કહ્યા તેજ ભંગ તેઓમાં સંભવે છે. સંજ્ઞિ અપર્યાપ્તમાં ચોથું ગુણસ્થાનક હોય છે. અને તેને દર્શનાવરણીય કર્મનો અન્ય ભંગ પણ ઘટે છે. પરંતુ તે કરણ અપર્યાપ્તાને, અહિં લબ્ધિઅપર્યાપ્તાની વિવક્ષા છે, એટલે ઉપર કહ્યા તેજ ભાંગા સંભવે છે)

સંજ્ઞિ પર્યાપ્તાને પાછળ ગુણસ્થાનકોમાં જે ભાંગાઓ કહ્યા તે સઘળા અન્યૂનાતિરિક્ત સમજવા. કેમકે સંજ્ઞિને સઘળા ગુણસ્થાનકો હોય છે. ૧૩૧

હવે વેદનીય અને ગોત્રકર્મના ભાંગા કહે છે—

तेरससु वेयणीयस्स आइमा होंति भंगया चउरो ।
निच्चुदय तिण्णि गोए सव्वे दोण्हंपि सण्णिस्स ॥१३२॥

त्रयोदशसु वेदनीयस्यादिमा भवन्ति भङ्गकाश्चत्वारः ।
नीचैरुदये त्रीणि गोत्रस्य सर्वे द्वयोरपि संज्ञिनि ॥ १३२ ॥

અર્થ—વેદનીયકર્મના આદિના ચાર ભાંગા અને ગોત્રકર્મના નીચના ઉદયવાળા ત્રણ ભાંગા તેર જીવભેદમાં હોય છે. સંજ્ઞિમાં બંને કર્મના સઘળા ભાંગા હોય છે.

ટીકાનુ૦—સંજ્ઞિપર્યાપ્ત સિવાયના તેર જીવસ્થાનકોમાં વેદનીયકર્મના આદિના ચાર ભાંગા હોય છે. અને તે આ પ્રમાણે—૧ અસાતાનો બંધ, અસાતાનો ઉદય, સાતા અસાતા બંનેની સત્તા, ૨ અસાતાનો બંધ, સાતાનો ઉદય, બંનેની સત્તા, ૩ સાતાનો બંધ, અસાતાનો ઉદય, બંનેની સત્તા, ૪ સાતાનો બંધ, સાતાનો ઉદય, બંનેની સત્તા.

તેજ તેર જીવસ્થાનકોમાં ગોત્રકર્મના નીચગોત્રના ઉદયથી થતા ત્રણ ભાંગા હોય છે. તે આ પ્રમાણે—૧ નીચગોત્રનો બંધ, નીચગોત્રનો ઉદય, નીચગોત્રની સત્તા, આ ભંગ તેઉ-વાઉકાયમાં હોય છે. અથવા તેઉ-વાઉમાંથી નીકળી અન્ય તિર્યંચોમાં ઉત્પન્ન થયેલાને ઉચ્ચ ન બાંધે ત્યાંસુધી હોય છે. ૨ નીચનો બંધ, નીચનો ઉદય, નીચ-ઉચ્ચ બંનેની સત્તા. ૩ ઉચ્ચગોત્રનો બંધ, નીચનો ઉદય, બંનેની સત્તા. આ સિવાય અન્ય કોઈ ભાંગા સંભવતા નથી, કેમકે ઉપરોક્ત તેરે જીવસ્થાનકમાં ઉચ્ચગોત્રનો ઉદય હોતો નથી.

સંજ્ઞિ પંચેન્દ્રિયને તો પહેલાં જે પ્રમાણે કહ્યા છે, તે પ્રમાણે વેદનીય અને ગોત્રકર્મના સઘળા ભાંગા હોય છે. કેમકે સંજ્ઞિમાં સઘળા ગુણસ્થાનકોનો સંભવ છે. ૧૩૨

હવે ગુણસ્થાનકોમાં આયુના ભાંગા કહે છે—

तिरिउदए नव भंगा जे सव्वे असण्णि पज्जत्ते ।
नारयसुरचउभंगायरहिया इगिविगलदुविहाणं ॥१३३॥

तिर्यगायुरुदये नव भंगा ये ते सर्व्वे असंज्ञिनि पर्याप्ते ।
नारकसुरचतुर्भङ्गकरहिता एक-विकलानां द्विविधानाम् ॥ १३३ ॥

અર્થ—તિર્યગાયુનો ઉદય છતાં જે નવ ભાંગા કહ્યા છે, તે સઘળા અસંજ્ઞિ પર્યાપ્તામાં હોય છે. તથા પર્યાપ્ત-અપર્યાપ્ત એકેન્દ્રિય અને વિકલેન્દ્રિયોમાં નારક અને દેવના ચાર ભંગ વિના પાંચ ભંગ હોય છે.

ટીકાનુ —તિર્યંચાયુનો ઉદય છતા એટલે કે તિર્યંચોને આયુના બંધકાળ પહેલાંનો એક, આયુના બંધકાળના ચાર અને બંધ પછીના ચાર એ પ્રમાણે જે નવ ભાંગા કહ્યા છે, તે સઘળા અસંજ્ઞિ પંચેન્દ્રિયોમાં હોય છે. કેમકે તેઓ ચારે ગતિયોગ્ય બંધ કરે છે.

તેજ નવ ભાંગામાંથી નારકી અને દેવાયુના બંધકાળનો એક-એક અને બંધ પછીનો એક-એક, કુલ ચાર ભાંગા વર્જિને શેષ પાંચ ભાંગા પર્યાપ્ત-અપર્યાપ્ત એકેન્દ્રિય અને વિકલેન્દ્રિયોમાં હોય છે. કેમકે એકેન્દ્રિયો અને વિકલેન્દ્રિયો દેવ-નારકાયુનો બંધ કરતા નથી, પરંતુ મનુષ્ય-તિર્યંચાયુનોજ બંધ કરે છે, એટલે બંધકાળ પહેલાંનો એક, મનુષ્યાયુ અને તિર્યંચાયુના બંધકાળનો એક-એક અને તે બંને આયુના બંધકાળ પછીનો એક-એક, કુલ પાંચ ભાંગા જ થાય છે. ૧૩૩

શેષ જીવભેદોમાં આયુના ભંગ કહે છે—

असण्णि अपज्जत्ते तिरिउदए पंच जह उ तह मणुए ।
मणपज्जत्ते सव्वे इयरे पुण दस उ पुव्वुत्ता ॥१३४॥

असंज्ञिन्यपर्याप्ते तिर्यगायुरुदये पञ्च यथा तु तथा मनुजे ।
मनःपर्याप्ते सर्वे इतरस्मिन् पुनः दश तु पूर्वोक्ताः ॥ १३४ ॥

અર્થ—તિર્યંચાયુનો ઉદય છતા જેમ પહેલાં પાંચ ભાંગા કહ્યા તેમ પાંચ ભાંગા અસંજ્ઞિ અપર્યાપ્તા તિર્યંચ અને મનુષ્યમાં હોય છે. પર્યાપ્ત સંજ્ઞિમાં સઘળા ભાંગા હોય છે, અને ઇતર–અપર્યાપ્ત સંજ્ઞિમાં પૂર્વોક્ત દશ ભાંગા હોય છે.

ટીકાનુ૦—તિર્યંચાયુનો ઉદય છતા પૂર્વની ગાથામાં એકેન્દ્રિયાદિમાં જે પાંચ ભાંગા કહ્યા તેજ અન્યૂનાતિરિક્ત પાંચ ભાંગા અસંજ્ઞિ–અપર્યાપ્ત–તિર્યંચ અને અસંજ્ઞિ મનુષ્યમાં સમજવા. કારણ કે અપર્યાપ્તા–અસંજ્ઞિ–તિર્યંચ અને સંમૂચ્છિંમ મનુષ્ય મનુષ્યાયુ અને તિર્યંગાયુનોજ બંધ કરે છે.

સંજ્ઞિપંચેન્દ્રિય પર્યાપ્તામાં આયુના અઠ્ઠાવીશે ભાંગા હોય છે. કારણ કે તેઓ ચારે ગતિમાં હોય છે, અને ચારે ગતિ યોગ્ય બંધ કરે છે.

ઇતર–સંજ્ઞિ અપર્યાપ્તામાં મનુષ્ય આશ્રયી પાંચ અને તિર્યંચ આશ્રયી પાંચ સઘળા મળી દશ ભાંગા હોય છે. કેમકે લબ્ધિ અપર્યાપ્તા સંજ્ઞિ મનુષ્યાયુ અને તિર્યંચાયુનો જ બંધ કરે છે, એટલે બંધ પહેલાંનો એક, બંધકાળના બે આયુનો બંધ થતો હોવાથી બે, અને બંધકાળ પછીના બે, કુલ પાંચ ભંગ મનુષ્યના અને પાંચ તિર્યંચના, સઘળા મળી દશ ભાંગા થાય છે. દેવો અને નારકીઓ લબ્ધિ અપર્યાપ્તા હોતા નથી તેમજ તેઓ અપર્યાપ્તાવસ્થામાં આયુનો બંધ પણ કરતા નથી. એટલે તેઓનો અપર્યાપ્તાવસ્થામાંનો બંધકાળ પહેલાંનો એક–એક ભંગ લઈયે તો સંજ્ઞિ અપર્યાપ્તમાં બાર ભંગ હોય છે. ગાથામાં ગ્રહણ કરેલ તુ શબ્દથી એ બે ભંગ લીધા છે. ૧૩૪

આ પ્રમાણે જીવસ્થાનોમાં આયુનાં બંધાદિ સ્થાનો બતાવીને હવે મોહનીયના બંધાદિ બતાવે છે—

बंधोदयसंताइं पुण्णाइं सण्णिणो उ मोहस्स ।
बायरविगलासण्णिसु पज्जेसु दु आइमा बंधा ॥१३५॥

बन्धोदयसन्ति पूर्णानि संज्ञिनस्तु मोहस्य ।
बादरविकलासंज्ञिषु पर्याप्तेषु द्वावादिमौ बन्धौ ॥१३५ ॥

અર્થ—સંજ્ઞિમાં મોહનીયકર્મનાં સઘળાં બંધ, ઉદય અને સત્તાનાં સ્થાનકો હોય છે. બાદર એકેન્દ્રિય, વિકલેન્દ્રિય અને અસંજ્ઞિપંચેન્દ્રિય પર્યાપ્તામાં આદિનાં બે બંધસ્થાનકો હોય છે.

ટીકાનુ૦—મોહનીયકર્મનાં સઘળાં બંધસ્થાનકો, સઘળાં ઉદયસ્થાનકો અને સઘળાં સત્તાસ્થાનકો તથા તેના ભાંગા પહેલાં જેમ કહી ગયા છે તે પ્રમાણે અન્યૂનાતિરિક્ત પર્યાપ્ત-સંજ્ઞિ પંચેન્દ્રિયમાં હોય છે. કેમકે પર્યાપ્ત સંજ્ઞિમાં સઘળાં ગુણસ્થાનકો હોય છે, એટલે ગુણસ્થાનક આશ્રયી સંભવતાં સઘળાં બંધાદિસ્થાનકો અને તેના ભાંગાઓ તેમાં હોય છે.

બાદર એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય અને અસંજ્ઞિ પંચેન્દ્રિય, પર્યાપ્તામાં બાવીશ અને એકવીશ એમ બે બંધસ્થાન હોય છે. તેમાં બાવીશનો બંધ મિથ્યાદષ્ટિને, અને એકવીશનો બંધ સાસ્વાદનગુણસ્થાનકે હોય છે. આ જીવોમાં સાસ્વાદન ગુણસ્થાન પર્યાપ્ત નામકર્મના ઉદયવાળાને કરણ અપર્યાપ્તાવસ્થામાં સંભવે છે. એટલે તે ગુણસ્થાનક આશ્રયી એકવીશનું બંધસ્થાન ગ્રહણ કર્યું છે. ૧૩૫

अट्ठसु बावीसोच्चिय बंधो अट्ठाइ उदय तिण्णेव ।
सत्तगजुया उ पंचसु अडसत्तछवीस संतंमि ॥१३६॥

अष्टसु द्वाविंशतिरेव बन्धोऽष्टादय उदयास्त्रय एव ।
सप्तकयुतास्तु पञ्चसु अष्टसप्तषड्विंशतयः सन्ति ॥ १३६ ॥

અર્થ—આઠ જીવસ્થાનકોમાં બાવીશનો બંધ અને આઠ આદિ ત્રણ ઉદયસ્થાનકો હોય છે, તથા પાંચ જીવભેદમાં સાત સહિત ચાર ઉદયસ્થાનકો હોય છે, તે તેરે જીવભેદોમાં અઠ્ઠાવીશ, સત્તાવીશ અને છવ્વીસ એમ ત્રણ સત્તાસ્થાનકો હોય છે.

ટીકાનુ૦—પર્યાપ્ત-અપર્યાપ્ત-સૂક્ષ્મ એકેન્દ્રિય, અપર્યાપ્ત-બાદર એકેન્દ્રિય, બેઇન્દ્રિય તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, અસંજ્ઞિ પંચેન્દ્રિય અને સંજ્ઞિ પંચેન્દ્રિય એ આઠ જીવસ્થાનોમાં મોહનીય કર્મનું બાવીશનું એક જ બંધસ્થાન હોય છે. અને તે સપ્રભેદ પહેલાંની જેમ કહેવું. એટલે કે બાવીશના બંધસ્થાનકના ત્રણ વેદ અને યુગલના ફેરફારે જે છ ભેદ પહેલાં કહ્યા છે, તે અહિં પણ કહેવા.

એજ આઠ જીવસ્થાનોમાં દરેકમાં આઠ, નવ અને દશ એમ ત્રણ ત્રણ ઉદયસ્થાનકો હોય છે. આ જીવસ્થાનોમાં અનંતાનુબંધિના ઉદય વિનાનું સાતનું ઉદયસ્થાન હોતું નથી, કારણ કે તેઓને અવશ્ય અનંતાનુબંધિ કષાયનો ઉદય હોય છે. ઉપરોક્ત આઠ અને નવ એમ બે ઉદયસ્થાન પણ અનંતાનુબંધિના ઉદયયુક્ત જ લેવાનાં છે. વળી તેઓને ત્રણ વેદમાંથી નપુંસકવેદ જ ઉદયમાં હોય છે, સ્ત્રી-પુરૂષવેદ ઉદયમાં હોતા નથી. એટલે આઠના ઉદયે ચાર કષાય અને યુગલના ફેરફારે આઠ ભંગ, ભય કે જુગુપ્સા મેળવતાં નવના ઉદયે સોળ અને દશના ઉદયે આઠ એ પ્રમાણે બત્રીશ બત્રીશ ભંગ એ દરેકમાં થાય છે.

પર્યાપ્ત-બાદર એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય અને અસંજ્ઞિપંચેન્દ્રિય એ પાંચ જીવસ્થાનકોમાં પૂર્વોકત ત્રણ ઉદયસ્થાન સાથે સાતનું ઉદયસ્થાન જોડતાં ચાર ચાર ઉદયસ્થાનકો હોય છે. એટલે કે ઉપરોકત પાંચ જીવસ્થાનકોમાંના દરેકને ચાર ચાર ઉદયસ્થાનકો હોય છે. તે આ પ્રમાણે—૭-૮-૯-૧૦.

આ જીવસ્થાનોમાં મિથ્યાદષ્ટિ અને સાસ્વાદન એમ બે ગુણસ્થાન હોય છે. તેમાં મિથ્યાદષ્ટિને આઠ, નવ અને દશ એમ ત્રણ ઉપર કહ્યાં તે પ્રમાણે ઉદયસ્થાનો હોય છે. અને સાસ્વાદને મિથ્યાત્વનો ઉદય નહિ હોવાથી સાત, આઠ અને નવ એમ ત્રણ ઉદય-સ્થાનકો હોય છે. અહિં ઉપરોક્ત જીવસ્થાનોમાં ત્રણ વેદમાંથી એક નપુંસકવેદજ ઉદયમાં હોય છે, તેથી ચોવીશીના સ્થાને આઠ આઠ ભાંગાજ થાય છે. એટલે મિથ્યાદષ્ટિ અને સાસ્વાદન ગુણસ્થાનકે ત્રણ ત્રણ ઉદયસ્થાનકના મળી બત્રીસ બત્રીસ ભાંગા થાય છે.

એજ પૂર્વોક્ત આઠ અને પાંચ કુલ તેરે જીવસ્થાનમાં ત્રણ ત્રણ સત્તાસ્થાનો હોય છે. તે આ-૨૮-૨૭-૨૬. ગાથામાં ગ્રહણ કરેલ तु શબ્દ અધિક અર્થનો સૂચક હોવાથી સાસાદનભાવમાં વર્ત્તતા બાદર એકેન્દ્રિયાદિ પાંચ જીવસ્થાનકોમાં માત્ર અઠ્ઠાવીશનું એકજ સત્તાસ્થાન હોય છે.

કરણ અપર્યાપ્ત કેટલાએક સંજ્ઞિમાં સત્તરનું બંધસ્થાનક, છ આદિ ચાર ઉદયસ્થાનકો અને ચોવીસ આદિ સત્તાસ્થાનો હોય છે, એ અર્થ અધિક સમજવો, કેમકે કરણ-અપર્યાપ્ત સંજ્ઞિને ચોથું ગુણસ્થાન પણ હોય છે, એટલે તેઓમાં સત્તરનો બંધ, છ, સાત, આઠ અને નવ એમ ચાર ઉદય અને અઠ્ઠાવીશ, ચોવીશ, બાવીશ અને એકવીશ એમ ચાર સત્તાસ્થાનકો સંભવે છે.

આ સઘળા બંધસ્થાનક, ઉદયસ્થાનક અને સત્તાસ્થાનકોનું સ્વરૂપ વિગેરે પહેલાં આવી ગયું છે, તે પ્રમાણે અહિં સમજવાનું છે. ૧૩૬

આ પ્રમાણે જીવસ્થાનકોમાં મોહનીયકર્મનાં બંધ, ઉદય અને સત્તાનાં સ્થાનકો કહ્યાં. હવે નામકર્મના સંબંધે કહે છે—

सण्णिम्मि अट्ठसण्णिम्मि छाइमा तेऽट्ठवीस परिहीणा ।
पज्जत्तविगलबायरसुहुमेसु तहा अपज्जाणं ॥१३७॥

संज्ञिन्यष्टावसंज्ञिनि षडादिमास्तेऽष्टाविंशतिपरिहीनाः ।
पर्याप्तविकलबादरसूक्ष्मेषु तथा अपर्याप्तेषु ॥ १३७ ॥

અર્થ—સંજ્ઞિમાં આઠે બંધસ્થાનકો હોય છે. અસંજ્ઞિમાં આદિનાં છ હોય છે. અને અઠ્ઠાવીશ સિવાયનાં પર્યાપ્ત-અપર્યાપ્ત વિકલેન્દ્રિય અને બાદર-સૂક્ષ્મ એકેન્દ્રિયમાં હોય છે.

ટીકાનુ૦— પર્યાપ્ત સંજ્ઞિપંચેન્દ્રિયમાં નામકર્મનાં આઠે બંધસ્થાનકો હોય છે. અને તે સઘળાં ભાંગા સાથે જે રીતે પહેલાં કહી ગયા છે તે પ્રમાણે અહિં કહેવાં.

પર્યાપ્ત અસંજ્ઞિ પંચેન્દ્રિયમાં આદિનાં છ બંધસ્થાનકો હોય છે, અને તે આ પ્રમાણે-૨૩-૨૫-૨૬-૨૮-૨૯-૩૦. પર્યાપ્ત અસંજ્ઞિ પંચેન્દ્રિયો દેવ અને નરકગતિ યોગ્ય બંધ કરે છે, એટલે તેઓને અઠ્ઠાવીશનું બંધસ્થાન પણ હોય છે.

ઉપરોક્ત અઠ્ઠાવીશ સિવાયનાં પાંચ બંધસ્થાનકો પર્યાપ્ત-અપર્યાપ્ત વિકલેન્દ્રિય અને બાદર-સૂક્ષ્મ એકેન્દ્રિયોમાં હોય છે. કેમકે તેઓ માત્ર મનુષ્ય અને તિર્યંચ એમ બે ગતિ યોગ્યજ બંધ કરે છે.

લબ્ધિ અપર્યાપ્ત-અસંજ્ઞિ, સંજ્ઞિમાં પણ ઉપર કહ્યાં તેજ પાંચ પાંચ બંધસ્થાનકો હોય છે. કારણકે લબ્ધિ અપર્યાપ્તા સઘળા જીવો તિર્યંચ અને મનુષ્યગતિ યોગ્યજ કર્મનો બંધ કરે છે, દેવ, નરકગતિયોગ્ય કર્મનો બંધ કરતા નથી, માટે લબ્ધિ-અપર્યાપ્ત-અસંજ્ઞિ-સંજ્ઞિમાં પાંચ પાંચ બંધસ્થાનકજ હોય છે, તે પહેલાં કહ્યાં છે તે પ્રમાણે સપ્રભેદ સમજી લેવાં.

(કરણ અપર્યાપ્તા સંજ્ઞિ ચોથે ગુણસ્થાનકે દેવગતિયોગ્ય પણ બંધ કરે છે, અને અપર્યાપ્તાવસ્થામાં નરકગતિયોગ્ય બંધ થતો નથી એ હકીકત પહેલાં કહી ગયા છે.) ૧૩૭

આ પ્રમાણે જીવસ્થાનોમાં નામકર્મનાં બંધસ્થાનકો કહ્યાં હવે ઉદયસ્થાનોનું પ્રતિપાદન કરતા કહે છે—

इगवीसाई दो चउ पण उदया अपज्जसुहुमबायराणं ।
सण्णिस्स अचउवीसा इगिछव्वीसाइ सेसाणं ॥१३८॥

एकविंशत्यादयो द्वौ चत्वारः पञ्चोदया अपर्याप्तसूक्ष्मबादरेषु ।
संज्ञिन्यचतुर्विंशतय एकषड्विंशत्यादयः शेषेषु ॥ १३८॥

અર્થ—એકવીશ આદિ બે, ચાર અને પાંચ ઉદયો અનુક્રમે સઘળા અપર્યાપ્ત, સૂક્ષ્મપર્યાપ્ત અને બાદર પર્યાપ્ત એકેન્દ્રિયમાં હોય છે સંજ્ઞિમાં ચોવીસ સિવાયના સઘળા હોય છે. અને શેષ ભેદોમાં એકવીશ અને છવ્વીસ આદિ ઉદયો હોય છે.

ટીકાનુ૦—સઘળા (લબ્ધિ)અપર્યાપ્તાઓને પોતપોતાનાં શરૂઆતનાં એકવીશ આદિ બબ્બે ઉદયસ્થાનકો હોય છે. તેમાં અપર્યાપ્ત સૂક્ષ્મ અને બાદર એકેન્દ્રિયને એકવીશ અને ચોવીશ એમ બે ઉદય હોય છે.

તેમાં સૂક્ષ્મ અપર્યાપ્તાને ઉદય પ્રાપ્ત એકવીશ પ્રકૃતિઓ આ પ્રમાણે છે—તિર્યંચગતિ, તિર્યંચાનુપૂર્વી, તૈજસ, કાર્મણ, અગુરુલઘુ, વર્ણાદિચતુષ્ક, એકેન્દ્રિયજાતિ, સ્થાવર, સૂક્ષ્મ, અપર્યાપ્ત, સ્થિર, અસ્થિર, શુભ, અશુભ, દુર્ભગ, અનાદેય, અપયશકીર્તિ અને નિર્માણ

આ એકવીશ પ્રકૃતિઓનો ઉદય વિગ્રહગતિમાં વર્ત્તમાન અપર્યાપ્ત સૂક્ષ્મ એકેન્દ્રિયોને હોય છે અહિં ભાંગો એકજ થાય છે. અપર્યાપ્તાઓને પરાવર્ત્તમાન પરસ્પર વિરોધિની શુભ પ્રકૃતિઓના ઉદયનો અભાવ છે માટે.

બાદર અપર્યાપ્તાને પણ આજ એકવીશ પ્રકૃતિ વિગ્રહગતિમાં ઉદયમાં હોય છે. માત્ર સૂક્ષ્મનામના સ્થાને બાદરનામ કહેવું. અહિં પણ એકજ ભંગ થાય છે.

સૂક્ષ્મ અને બાદર બંને અપર્યાપ્ત શરીરસ્થ એકેન્દ્રિયને ઉપરોક્ત એકવીશમાં ઔદારિક-શરીર, હુંડસંસ્થાન, ઉપઘાતનામ અને પ્રત્યેક કે સાધારણમાંથી એક એમ ચાર ઉમેરતાં અને તિર્યંચાનુપૂર્વી દૂર કરતાં ચોવીસનો ઉદય થાય છે. અહિં સૂક્ષ્મ-અપર્યાપ્તના પ્રત્યેક અથવા સાધારણ સાથે બે ભંગ થાય છે. એજ પ્રમાણે બાદર અપર્યાપ્તના પણ બે ભંગ થાય છે. આ પ્રમાણે સૂક્ષ્મ અપર્યાપ્તાના તેમજ બાદર અપર્યાપ્તાના પોતપોતાના ઉદયના ત્રણ ત્રણ ભંગ થાય છે.

વિકલેન્દ્રિય, અસંજ્ઞિ અને સંજ્ઞિ અપર્યાપ્તને એકવીશ અને છવ્વીસ એમ બે ઉદયસ્થાન હોય છે. તેમાં અપર્યાપ્ત બેઈન્દ્રિયને ઉદય પ્રાપ્ત એકવીશ પ્રકૃતિઓ આ પ્રમાણે છે-તૈજસ, કાર્મણ, અગુરૂલઘુ, નિર્માણ, સ્થિર, અસ્થિર, શુભ, અશુભ, વર્ણાદિચતુષ્ક, તિર્યંચગતિ, તિર્યંચાનુપૂર્વી, બેઈન્દ્રિયજાતિ, ત્રસ, બાદર, અપર્યાપ્ત, દુર્ભગ, અનાદેય અને અપયશ. આ એકવીશ પ્રકૃતિનો ઉદય વિગ્રહગતિમાં વર્ત્તમાન બેઈન્દ્રિયને હોય છે. પરાવર્ત્તમાન સઘળી પ્રકૃતિઓ અશુભ હોવાથી અહિં એકજ ભંગ થાય છે.

શરીરસ્થ અપર્યાપ્ત બેઈન્દ્રિયને એકવીશમાં ઔદારિકશરીર, ઔદારિકઅંગોપાંગ, હુંડસંસ્થાન, સેવાર્ત્તસંઘયણ, ઉપઘાત અને પ્રત્યેક એ છ પ્રકૃતિઓ ઉમેરતાં અને તિર્યંચાનુપૂર્વી દૂર કરતાં છવ્વીસનો ઉદય થાય છે. અહિં પણ એકજ ભંગ થાય છે. એ રીતે અપર્યાપ્ત બેઈન્દ્રિયના પોતાના બે ઉદયસ્થાનના બેજ ભંગ થાય છે.

એ પ્રમાણે અપર્યાપ્ત ત્રીન્દ્રિય, ચઉરિન્દ્રિય, અસંજ્ઞિપંચેન્દ્રિય અને સંજ્ઞિપંચેન્દ્રિય માટે પણ સમજવું. માત્ર જાતિનામકર્મ બદલવું. જેમકે ત્રીન્દ્રિયને ત્રીન્દ્રિયજાતિનામ, ચઉરિન્દ્રિયને ચઉરિન્દ્રિય જાતિનામ ઇત્યાદિ કહેવું. દરેકને પોતપોતાના બબ્બે ઉદયસ્થાન આશ્રયી બબ્બે ભંગ કહેવા. માત્ર અપર્યાપ્ત સંજ્ઞિને ચાર કહેવા. કારણકે અપર્યાપ્ત સંજ્ઞિ મનુષ્ય છે, તેમ તિર્યંચ પણ છે. એટલે દરેકના બબ્બે ભંગ ગ્રહણ કરતાં ચાર ભંગ થાય છે. (આ રીતે અપર્યાપ્ત અસંજ્ઞિના પણ ચાર ભંગ થઈ શકે છે. કેમકે જેમ અપર્યાપ્ત અસંજ્ઞિ તિર્યંચ છે, તેમ અપર્યાપ્ત અસંજ્ઞિ મનુષ્ય પણ છે.)

પર્યાપ્ત સૂક્ષ્મ એકેન્દ્રિયોને ચાર ઉદયસ્થાનો હોય છે. અને તે આ પ્રમાણે-૨૧-૨૪-૨૫-૨૬. તેમાં એકવીશ પ્રકૃતિનો ઉદય આ પ્રમાણે છે-તૈજસ, કાર્મણ, અગુરૂલઘુ, સ્થિર,

અસ્થિર, શુભ, અશુભ, વર્ણાદિચતુષ્ક, નિર્માણ, તિર્યંચગતિ, તિર્યંચાનુપૂર્વી, એકેન્દ્રિય-જાતિ, સ્થાવર, સૂક્ષ્મ, પર્યાપ્ત દુર્ભગ, અનાદેય અને અપયશ આ એકવીશ પ્રકૃતિઓનો ઉદય વિગ્રહગતિમાં વર્ત્તમાન સૂક્ષ્મ પર્યાપ્ત એકેન્દ્રિયને હોય છે, અહિં પ્રતિપક્ષ કોઈ પણ પ્રકૃતિનો ઉદય નહિ હોવાથી એકજ ભંગ થાય છે.

આ એકવીશના ઉદયમાં ઔદારિકશરીર, ઉપઘાત, હુંડસંસ્થાન અને પ્રત્યેક કે સાધારણમાંથી એક એમ ચાર પ્રકૃતિ નાખતાં અને તિર્યંચાનુપૂર્વી દૂર કરતાં શરીરસ્થ સૂક્ષ્મ એકેન્દ્રિયને ચોવીશનો ઉદય થાય છે. અહિં પ્રત્યેક અને સાધારણ સાથે ફેરવતાં ચોવીશનો ઉદય બે પ્રકારે થાય છે.

ત્યારબાદ શરીર પર્યાપ્તિએ પર્યાપ્તાને પરાઘાતનામ ઉમેરતાં પચીસનો ઉદય થાય છે. આ ઉદયના પણ પૂર્વોક્ત રીતે બે ભંગ થાય છે.

ત્યારપછી પ્રાણાપાન પર્યાપ્તિએ પર્યાપ્તાને ઉચ્છ્વાસનામ મેળવતાં છવ્વીસનો ઉદય થાય છે. અહિં પણ પૂર્વે કહ્યા તેજ બે ભંગ થાય છે,

સૂક્ષ્મપર્યાપ્તને ચારે ઉદયસ્થાન આશ્રયી સઘળા મળી સાત ભંગ થાય છે.

પર્યાપ્ત બાદર એકેન્દ્રિયને એકવીશ આદિ પાંચ ઉદયસ્થાનો હોય છે. તે આ પ્રમાણે–૨૧–૨૪–૨૫–૨૬–૨૭. તેમાં એકવીશનો ઉદય આ રીતે છે. તૈજસ, કાર્મણ, નિર્માણ, સ્થિર, અસ્થિર, શુભ, અશુભ, અગુરૂલઘુ, વર્ણચતુષ્ક, તિર્યંચગતિ, તિર્યંચાનુપૂર્વી, એકેન્દ્રિયજાતિ, સ્થાવર, બાદર, પર્યાપ્ત, દુર્ભગ, અનાદેય અને યશ–અપયશકીર્ત્તિમાંથી એક. આ એકવીશ પ્રકૃતિનો ઉદય વિગ્રહગતિમાં વર્ત્તમાન બાદર પર્યાપ્ત એકેન્દ્રિયને હોય છે, અહિં યશકીર્ત્તિ –અપયશકીર્ત્તિ સાથે ફેરવતાં બે ભંગ થાય છે.

ત્યારબાદ શરીરસ્થ બાદર પર્યાપ્ત એકેન્દ્રિયને એકવીશમાંથી તિર્યંચાનુપૂર્વી દૂર કરતાં અને ઔદારિકશરીર, હુંડસંસ્થાન, ઉપઘાત અને પ્રત્યેક કે સાધારણ બેમાંથી એક એમ ચાર ઉમેરતાં ચોવીસનો ઉદય થાય છે. અહિં પ્રત્યેક અને સાધારણ સાથે યશ અને અપ–યશ સાથે ફેરવતાં ચાર ભંગ થાય છે. વૈક્રિય કરતા બાદર વાયુકાયને પણ ચોવીસનો ઉદય હોય છે. માત્ર તેઓને ઔદારિકશરીરના સ્થાને વૈક્રિયશરીર કહેવું, શેષ પ્રકૃતિઓ એજ સમજવી. તેનો એક જ ભંગ થાય છે. કેમકે તેઓને સાધારણ અને યશકીર્ત્તિનો ઉદય હોતો નથી, સઘળા મળી ચોવીસના ઉદયના પાંચ ભાંગા થાય છે.

ત્યાર પછી શરીરપર્યાપ્તિએ પર્યાપ્તા તેઓને પરાઘાતનો ઉદય ઉમેરતાં પચીસનો ઉદય થાય છે. અહિં પણ ઉપર કહ્યા તે પ્રમાણે પાંચ ભંગ થાય છે.

ત્યારબાદ ઉચ્છ્વાસ પર્યાપ્તિએ પર્યાપ્તાને શ્વાસોચ્છ્વાસનો ઉદય ઉમેરતાં છવ્વીસનો ઉદય થાય છે. અહિં પણ ઉપર કહ્યા તે પ્રમાણે પાંચ ભંગ થાય છે. અથવા શરીરપર્યાપ્તિએ

પર્યાપ્તાને ઉચ્છ્વાસનો ઉદય થતાં પહેલાં આતપ કે ઉદ્યોત એમાંથી કોઇ એકનો ઉદય થાય તો પણ છવ્વીસનો ઉદય થાય છે. અહિં આતપ અને પ્રત્યેક સાથે યશઃકીર્ત્તિ-અપયશકીર્ત્તિને ફેરવતાં બે ભંગ થાય છે. સાધારણને આતપનો ઉદય હોતો નથી, માટે તદાશ્રિત વિકલ્પ થતા નથી. ઉદ્યોત સાથે પ્રત્યેક-સાધારણને યશ-અપયશકીર્ત્તિ સાથે ફેરવતાં ચાર ભંગ થાય છે. સઘળા મળી છવ્વીસના ઉદયના અગીઆર ભંગ થાય છે.

ત્યારબાદ પ્રાણાપાન પર્યાપ્તિએ પર્યાપ્તાને ઉચ્છ્વાસ સહિત છવ્વીસના ઉદયમાં આતપ કે ઉદ્યોત બેમાંથી એક મેળવતાં સત્તાવીસનો ઉદય થાય છે. અહિં આતપ સાથે બે અને ઉદ્યોત સાથે ચાર ભંગ થાય છે. સત્તાવીસના ઉદયના સઘળા મળી છ ભાંગા થાય છે.

બાદરપર્યાપ્તાને પાંચે ઉદયસ્થાનના સઘળા મળી ઓગણત્રીશ ભાંગા થાય છે.

પર્યાપ્ત સંજ્ઞિને ચોવીસ સિવાયના શેષ સઘળાં ઉદયસ્થાનકો હોય છે. ચોવીસનો ઉદય એકેન્દ્રિયમાંજ હોય છે, અન્ય કોઇને હોતો નથી માટે તેનો નિષેધ કર્યો છે. ઉદયસ્થાન અને તેના ભાંગાઓ દેવ, નારકી, તિર્યંચ અને મનુષ્ય આશ્રયી જે પહેલાં કહ્યા છે, તે પ્રમાણે પર્યાપ્ત સંજ્ઞિને કહેવા.

શેષ પર્યાપ્ત બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય અને અસંજ્ઞિ પંચેન્દ્રિયને ૨૧-૨૬-૨૮-૨૯-૩૦-૩૧ એ છ ઉદયસ્થાનો હોય છે. તેમાં બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિયને પહેલાં જે પ્રમાણે ઉદયસ્થાનકો અને તેના ભાંગાઓ કહી ગયા તે પ્રમાણે કહેવા.

જે પ્રમાણે પ્રાકૃત-સામાન્ય તિર્યંચ પંચેન્દ્રિયને પહેલાં ભાંગા કહ્યા તે પ્રમાણે પર્યાપ્ત અસંજ્ઞિને પણ કહેવા. માત્ર બેઇન્દ્રિયાદિ સઘળાને એકવીસ અને છવ્વીસના ઉદયે અપર્યાપ્ત આશ્રયી જે એક એક ભંગ પહેલાં કહ્યો છે તે અહિં ન કહેવો. કારણ કે અહિં પર્યાપ્તાઓ આશ્રયી જ વિચાર કર્યો છે માટે.

આ પ્રમાણે ચૌદ જીવસ્થાનકોમાં ઉદયસ્થાનકો કહ્યાં. ૧૩૮

હવે સત્તાસ્થાનોને પ્રતિપાદન કરવા માટે કહે છે.—

तेरससु पंच संता तिण्णधुवा अट्ठसीइ बाणउइ ।
सण्णिस्स होंति बारस गुणठाणकमेण नामस्स ॥१३९॥

त्रयोदशसु पञ्च सन्ति त्रीण्यध्रुवाण्यष्टाशीतिर्द्विनवतिः ।
संज्ञिनि भवन्ति द्वादश गुणस्थानक्रमेण नाम्नः ॥ १३९ ॥

અર્થ:—તેર જીવભેદમાં ત્રણ અધ્રુવ, અઠ્ઠાશી અને બાણું એમ પાંચ સત્તાસ્થાનકો હોય છે. સંજ્ઞિને ગુણસ્થાનકના ક્રમે નામકર્મનાં બારે સત્તાસ્થાનકો હોય છે.

ટીકાનુ૦—પર્યાપ્ત સંજ્ઞિ સિવાય તેર જીવભેદોમાં પાંચ-પાંચ સત્તાસ્થાનો હોય છે. તેમાં ત્રણ અધ્રુવ સંજ્ઞાવાળાં હોય છે. તે આ–૮૬–૮૦–૭૮, તથા બાણું ૯૨, અને અઠ્ઠાશી ૮૮. આ પ્રમાણે કુલ પાંચ સત્તાસ્થાનો હોય છે.

અઠ્ઠોતેરનું સત્તાસ્થાન સૂક્ષ્મ-બાદર એકેન્દ્રિય તેઉ-વાયુમાં પોતાના ચારે ઉદયોમાં હોય છે. તેમજ તેઉ-વાયુમાંથી નીકળી પૃથ્વીકાયાદિ એકેન્દ્રિયમાં ઉત્પન્ન થયેલા હોય તેને એકવીશ, ચોવીશ એમ બે ઉદયમાં અને બેઈન્દ્રિયાદિ તિર્યંચોમાં ઉત્પન્ન થયેલા હોય તેને એકવીશ, છવ્વીસ એમ બે ઉદયમાં હોય છે, શેષ ઉદયોમાં હોતાં નથી.

સંજ્ઞિમાં ગુણસ્થાનકના ક્રમે બારે સત્તાસ્થાનો હોય છે. તે જેમ પહેલાં કહી ગયા તે પ્રમાણે સમજવાં. આ પ્રમાણે ચૌદ જીવભેદમાં નામકર્મનાં સત્તાનાં સ્થાનકો કહ્યાં. ૧૩૯

આ પ્રમાણે ચૌદ જીવસ્થાનકોમાં નામકર્મના બંધ, ઉદય અને સત્તાનાં સ્થાનકો કહ્યાં. હવે ગતિ આદિ માર્ગણાઓમાં બંધ, ઉદય અને સત્તાસ્થાન સંબંધે સત્પદપ્રરૂપણા કરે છે—

बज्झंति सत्त अट्ठ य नारयतिरिसुरगईसु कम्माइं ।
उदीरणावि एवं संतोइण्णाइं अट्ठ तिसु ॥१४०॥

बध्यन्ते सप्ताष्टौ च नारकतिर्यक्सुरगतिषु कर्म्माणि ।
उदीरणाऽप्येवं सदुदीरणान्यष्टौ तिसृषु ॥ १४० ॥

અર્થ:—નારકી, તિર્યંચ અને દેવ એમ ત્રણ ગતિમાં સાત કે આઠ કર્મ બંધાય છે. ઉદીરણા પણ સાત અને આઠ કર્મની થાય છે. સત્તા અને ઉદયમાં આઠ કર્મો હોય છે.

ટીકાનુ૦—નારકી, તિર્યંચ અને દેવ એમ ત્રણ ગતિમાં પ્રતિસમય સાત અને આઠ કર્મો બંધાય છે. તેમાં આયુનો જ્યારે બંધ થાય ત્યારે આઠ બંધાય છે, અન્યથા પ્રતિસમય સાતનો બંધ થયા કરે છે. ઉદીરણા પણ સાત કે આઠની થાય છે. તેમાં પોતપોતાના આયુની છેલ્લી એક આવલિકા સત્તામાં શેષ રહે ત્યારે તે એક આવલિકા પર્યંત સાતની, અને શેષકાળ આઠની ઉદીરણા થાય છે. તથા સત્તા અને ઉદય નારકી, તિર્યંચ અને દેવોને આઠે કર્મનો હોય છે. કોઈ પણ કાળે સાત કે ચારનો ઉદય હોતો નથી. કેમકે તેઓમાં ક્ષપક કે ઉપશમ શ્રેણિની પ્રાપ્તિનો અભાવ છે. ૧૪૦

गुणभिहियं मणुएसुं सगलतसाणं च तिरियपडिवक्खा ।
मणजोगी छउमाइ व कायवई जह सजोगीणं ॥१४१॥

गुणाभिहितं मनुजेषु सकलत्रसेषु च तिर्यग्वत्प्रतिपक्षाणाम् ।
मनोयोगिनश्छद्मस्था इव कायवाग्योगिनां यथा सयोगिनाम् ॥ १४१ ॥

અર્થ:—મનુજગતિ, પંચેન્દ્રિયજાતિ અને ત્રસકાય માર્ગણામાં ગુણસ્થાનકમાં જે પ્રમાણે કહ્યું છે, તે પ્રમાણે કહેવું. પ્રતિપક્ષ માર્ગણામાં તિર્યંચગતિ પ્રમાણે કહેવું. મનોયોગિને છદ્મસ્થ ગુણસ્થાન પ્રમાણે કહેવું. અને કાયયોગિ તથા વચનયોગિને સયોગિ પ્રમાણે કહેવું.

ટીકાનુ૦—મનુષ્યગતિમાં, ઇન્દ્રિયદ્વારમાં પંચેન્દ્રિય જાતિમાં, અને કાયદ્વારમાં ત્રસકાયમાં ચૌદે ગુણસ્થાનકની અંદર પહેલાં જે પ્રમાણે બંધાદિ કહ્યું છે, તે સંપૂર્ણપણે સમજવું. તે આ પ્રમાણે—

મિશ્રગુણસ્થાનક સિવાય અપ્રમત્તગુણસ્થાનક પર્યંત સાત અથવા આઠનો બંધ થાય છે. તેમાં આયુના બંધકાળે આઠ, તે સિવાયના કાળમાં સાત કર્મનો બંધ થાય છે. મિશ્ર, અપૂર્વકરણ અને અનિવૃત્તિબાદરસંપરાયગુણસ્થાનકે આયુ વિના સાત કર્મ બંધાય છે. કેમકે અતિવિશુદ્ધ પરિણામના યોગે આ ગુણસ્થાનકે આયુનો બંધ થતો નથી. સૂક્ષ્મસંપરાયગુણસ્થાનકે આયુ અને મોહનીય વિના છનો બંધ થાય છે. અહિં બાદર કષાયનો ઉદય નહિ હોવાથી મોહનીયકર્મનો પણ બંધ થતો નથી. ઉપશાંતમોહ, ક્ષીણમોહ અને સયોગિકેવલિગુણસ્થાનકમાં એક વેદનીય કર્મનોજ બંધ થાય છે, શેષ કર્મનો બંધ થતો નથી. કેમકે તેના બંધહેતુ કષાયના ઉદયનો અભાવ છે.

સૂક્ષ્મસંપરાયગુણસ્થાનક સુધી આઠનો ઉદય અને સત્તા હોય છે. ઉપશાંતમોહે સાતનો ઉદય અને આઠની સત્તા હોય છે. ક્ષીણમોહે સાતનો ઉદય અને સાતની સત્તા હોય છે. સયોગિ-અયોગિકેવલિગુણસ્થાનકે ચારનો ઉદય અને ચારની સત્તા હોય છે.

પ્રમત્તગુણસ્થાનક પર્યંત આઠ અથવા સાતની ઉદીરણા હોય છે. તેમાં જયારે આયુની માત્ર છેલ્લી આવલી શેષ રહે છે, ત્યારે તેની ઉદીરણા થતી નથી, માટે સાતની ઉદીરણા થાય છે. શેષ કાળ આઠની ઉદીરણા થાય છે. મિશ્રગુણસ્થાનકે હંમેશાં આયુવિના સાતનીજ ઉદીરણા થાય છે. કેમકે આયુની પર્યન્તાવલિકા શેષ છતાં મિશ્રગુણસ્થાનકનોજ અસંભવ છે. અપ્રમત્ત, અપૂર્વકરણ અને અનિવૃત્તિબાદરસંપરાય ગુણસ્થાનકે વેદનીય અને આયુ વિના છ કર્મની ઉદીરણા થાય છે. કેમકે તે ગુણસ્થાનકોમાં વેદનીય અને આયુની ઉદીરણાને યોગ્ય અધ્યવસાયનો અભાવ છે. સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકે છ કે પાંચની ઉદીરણા થાય છે. તેમાં પહેલાં છ ની ઉદીરણા થાય છે. અને તે ત્યાં સુધી થાય છે કે દશમા ગુણસ્થાનકની આવલિકા શેષ ન રહે. આવલિકા શેષ રહે ત્યારે મોહનીય કર્મની માત્ર

છેલ્લી એક આવલિકાજ શેષ રહેલી હોવાથી તેના વિના પાંચની ઉદીરણા થાય છે. ઉપશાંતમોહે તે પાંચનીજ ઉદીરણા થાય છે ક્ષીણમોહે પણ તેજ પાંચની ત્યાં સુધી થાય છે, કે તેના આવલિકા શેષ ન હોય, આવલિકા શેષ રહે ત્યારે જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાય એ ત્રણ કર્મો આવલિકા–પ્રવિષ્ટ થવાથી તેઓની ઉદીરણા થતી નથી. માત્ર નામ અને ગોત્રકર્મનીજ ઉદીરણા થાય છે. સયોગી કેવલિગુણસ્થાનકે પણ નામ અને ગોત્ર એ બે કર્મનીજ ઉદીરણા થાય છે.

સઘળા સૂક્ષ્મ કે બાદર યોગ વિનાના મેરૂની જેમ સ્થિર–નિષ્પ્રકંપ અયોગિકેવલિ ભગવાન કોઈ પણ કર્મની ઉદીરણા કરતા નથી. કેમકે ઉદીરણા યોગ સવ્યપેક્ષ–નિમિત્તક છે. કહ્યું છે કે "અયોગિ ગુણસ્થાનકે વર્ત્તમાન આત્મા કોઈ પણ કર્મની ઉદીરણા કરતા નથી."

પંચેન્દ્રિયની પ્રતિપક્ષ એકેન્દ્રિય, બેઇન્દ્રિય તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિયજાતિ, અને ત્રસકાયની પ્રતિપક્ષ સ્થાવરકાય–પૃથ્વી, અપ્, તેઉ, વાયુ અને વનસ્પતિકાય આ સઘળાને તિર્યંચગતિની જેમ બંધાદિ કહેવું. એટલે કે–એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, અને ચઉરિન્દ્રિયને, તથા પૃથ્વીકાયાદિ સ્થાવરકાયને સાત અથવા આઠ કર્મનો બંધ થાય છે, સાત અથવા આઠની ઉદીરણા થાય છે, અને આઠનો ઉદય અને સત્તા હોય છે.

મનોયોગિને વીતરાગછદ્મસ્થ બારમા ગુણસ્થાનક પર્યંત જેમ બંધાદિ કહ્યું છે, તેમ સમજવું, એટલે કે જેમ પહેલાં મિથ્યાદષ્ટિથી આરંભી ક્ષીણમોહગુણસ્થાનક સુધીમાં બંધાદિ વિષયે સત્‌પદપ્રરૂપણા કરી છે, તેમ અહિં પણ કરવી. કેમકે મનોયોગિને ક્ષીણમોહગુણસ્થાનક સુધીનાં ગુણસ્થાનકોનો સંભવ છે. એ પ્રમાણે હવે પછી કહેશે તેમાં પણ વિચારી લેવું.

કાયયોગિ અને વચનયોગિને સયોગિકેવલિ ગુણસ્થાનક સુધીમાં જેમ પહેલાં બંધાદિ કહ્યું છે તે પ્રમાણે સમજવું. કેમકે કાયયોગ અને વચનયોગનો સયોગિકેવલિગુણસ્થાનક સુધીજ સંભવ છે. (આ પ્રમાણે મૂળકર્મ સંબંધે કહ્યું. ઉત્તરપ્રકૃતિ સંબંધે પણ સ્વબુદ્ધિએ યથાયોગ્યપણે સમજવું.) ૧૪૧

वेई नवगुणतुल्ला तिकसाइवि लोभ दसगुणसमाणो ।
सेसाणिवि ठाणाइं एएण कमेण नेयाणि ॥१४२॥

वेदिनो नवगुणतुल्याः त्रिकषायिणोऽपि लोभो दशगुणसमानः ।
शेषाण्यपि स्थानानि एतेन क्रमेण ज्ञेयानि ॥ १४२ ॥

અર્થ—ત્રણ વેદવાળા અને ત્રણ કષાયવાળા નવ ગુણસ્થાનક તુલ્ય અને લોભવાળા દશ ગુણસ્થાનક તુલ્ય સમજવા. આ ક્રમે શેષ સ્થાનકો પણ જાણવાં.

ટીકાનુ૦— વેદદ્વારે સ્ત્રીવેદિ, પુરૂષવેદિ અને નપુંસકવેદિ, તથા કષાયદ્વારે ક્રોધી, માની અને માયી આ સઘળાને મિથ્યાદષ્ટિ ગુણસ્થાનકથી આરંભી અનિવૃત્તિબાદરસંપરાય પર્યંત જેમ બંધાદિ કહ્યું છે, તે પ્રમાણે સમજવું. કેમકે ત્રણ વેદ અને ત્રણ કષાયનો નવમા ગુણસ્થાનક પર્યંતજ સંભવ છે.

લોભ સંબંધે દશમા ગુણસ્થાનક સુધી પહેલાં જેમ કહ્યું છે તેમ સમજવું. કેમકે લોભનો સૂક્ષ્મસંપરાય નામના દશમા ગુણસ્થાનક સુધીજ સંભવ છે.

આ પ્રમાણે શેષ માર્ગણાસ્થાનો સંબંધે પણ ઉક્ત પ્રકારે સમજવું. તે આ પ્રમાણે–

જ્ઞાનદ્વારે મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાન માર્ગણામાં મિથ્યાદષ્ટિથી મિશ્રગુણસ્થાનક સુધીમાં, મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાનમાર્ગણામાં અવિરતિસમ્યગ્દષ્ટિથી આરંભી ક્ષીણમોહગુણસ્થાનક સુધીમાં, મનઃપર્યવજ્ઞાનમાં પ્રમત્તસંયતથી આરંભી ક્ષીણમોહ સુધીમાં જેમ પહેલાં બંધાદિ કહ્યા છે, તે પ્રમાણે સમજવા. કેવલજ્ઞાન માર્ગણામાં સયોગિ–અયોગિમાં કહ્યા પ્રમાણે કહેવું.

ચારિત્રમાર્ગણાએ સામાયિક અને છેદોપસ્થાપનીય માર્ગણામાં પ્રમત્તસંયત ગુણસ્થાનકથી અનિવૃત્તિબાદરસંપરાય સુધીમાં, પરિહારવિશુદ્ધિમાર્ગણામાં પ્રમત્ત–અપ્રમત્તમાં, સૂક્ષ્મસંપરાય માર્ગણામાં સૂક્ષ્મસંપરાયગુણસ્થાનમાં, યથાખ્યાતચારિત્રમાર્ગણામાં ઉપશાંતમોહથી અયોગિ કેવલિ સુધીમાં, દેશવિરતિમાં દેશવિરતિગુણસ્થાનકમાં અને અસંયમમાર્ગણામાં મિથ્યાદષ્ટિથી અવિરતિસમ્યગ્દષ્ટિ સુધીમાં પહેલાં જેમ બંધાદિ કહ્યા છે, તેમ સમજવા.

દર્શનદ્વારે ચક્ષુ–અચક્ષુદર્શન માર્ગણામાં મિથ્યાદષ્ટિથી આરંભી ક્ષીણમોહ સુધીમાં, અવધિદર્શન માર્ગણાએ અવિરતિ સમ્યગ્દષ્ટિથી આરંભી ક્ષીણમોહ સુધીમાં, અને કેવલદર્શનમાર્ગણાએ સયોગિ-અયોગિકેવલિ ગુણસ્થાનકે જેમ કહ્યું છે, તેમ સમજવું.

લેશ્યાદ્વારે આદ્ય પાંચ લેશ્યા માર્ગણામાં મિથ્યાદષ્ટિથી આરંભી અપ્રમત્ત[1] સંયત સુધીમાં, અને શુકલલેશ્યા માર્ગણામાં મિથ્યાદષ્ટિથી સયોગકેવલિ સુધીમાં જેમ પહેલાં કહ્યું છે, તેમ સમજવું.

ભવ્યદ્વારે ભવ્યમાર્ગણામાં મિથ્યાદષ્ટિથી અયોગિકેવલિ ગુણસ્થાનક સુધીમાં, અને અભવ્યમાર્ગણામાં મિથ્યાત્વ ગુણસ્થાનકે પહેલાં જેમ બંધાદિ કહ્યા છે, તેમ સમજવા.

સમ્યક્ત્વદ્વારે ક્ષાયોપશમિકસમ્યક્ત્વમાર્ગણામાં અવિરતિ સમ્યગ્દષ્ટિગુણસ્થાનકથી આરંભી અપ્રમત્ત ગુણસ્થાન સુધીમાં, ઔપશમિકમાર્ગણામાં અવિરતિ સમ્યગ્દષ્ટિથી આરંભી

---

૧ શરૂઆતની ત્રણ લેશ્યામાં પહેલેથી ચાર અથવા ૭, તેજો–પદ્મલેશ્યામાં સાત અને શુકલલેશ્યામાર્ગણામાં પહેલાથી તેર ગુણસ્થાનકો કર્મગ્રંથમાં કહ્યાં છે. અહિં આદ્ય પાંચ લેશ્યામાં સાત ગુણસ્થાનકો કહ્યાં છે. તે મતાંતર જણાય છે.

ઉપશાંતમોહ સુધીમાં, ક્ષાયિકસમ્યક્ત્વમાર્ગણામાં અવિરતિ સમ્યગ્દષ્ટિથી આરંભી અયોગિ કેવલિ સુધીમાં, મિથ્યાત્વમાર્ગણામાં મિથ્યાત્વમાં, સાસ્વાદને સાસ્વાદનગુણસ્થાનકમાં અને મિશ્રસમ્યક્ત્વે મિશ્રગુણસ્થાનકમાં જે પ્રમાણે પહેલાં બંધાદિ કહ્યા છે, તે પ્રમાણે સમજવા.

સંજ્ઞિમાર્ગણામાં મનુષ્યગતિમાં કહ્યા પ્રમાણે અને અસંજ્ઞિ માર્ગણામાં મિથ્યાદષ્ટિ અને સાસ્વાદન ગુણસ્થાનમાં કહ્યા પ્રમાણે કહેવું.

આહારકદ્વારે અનાહારક માર્ગણામાં મિથ્યાદષ્ટિ, સાસ્વાદન, અવિરતિસમ્યગ્દષ્ટિ, સયોગિકેવલિ અને અયોગિકેવલિ ગુણસ્થાનકમાં, અને આહારમાર્ગણામાં મિથ્યાદષ્ટિથી આરંભી સયોગિકેવલિગુણસ્થાનક સુધીમાં જેમ પહેલાં બંધાદિ કહ્યા છે, તેમ અહિં સમજવાના છે. ૧૪૨

આ પ્રમાણે સત્પદપ્રરૂપણા કરી. હવે બંધ આશ્રયી દ્રવ્યપ્રમાણ દ્વાર કહેતા ચૌદે ગુણસ્થાનકમાં કેટલો બંધ થાય છે, તે કહે છે–

सत्तरसुत्तरमेगुत्तरं तु चोहत्तरीउ सगसयरी ।
सत्तट्ठी तिगसट्ठी गुणसट्ठी अट्ठवन्ना य ॥१४३॥
निद्दादुगे छवण्णा छव्वीसा णामतीसविरमंमि ।
हासरईभयकुच्छाविरमे बावीस पुव्वंमि ॥१४४॥
पुंवेयकोहमाइसु अबज्झमाणेसु पंच ठाणाणि ।
बारे सुहुमे सत्तरस पगतिओ सायमियरेसु ॥१४५॥

सप्तदशोत्तरमेकोत्तरं तु चतुःसप्ततिः सप्तसप्ततिः ।
सप्तषष्टिः त्रिषष्टिरेकोनषष्टिरष्टपञ्चाशच्च ॥ १४३ ॥
निद्राद्विके षट्पञ्चाशत् षड्विंशतिः नामत्रिंशद्विरमे ।
हास्यरतिभयकुत्साविरमे द्वाविंशतिरपूर्वे ॥ १४४ ॥
पुंवेदक्रोधादिष्वबध्यमानेषु पञ्च स्थानानि ।
बादरे सूक्ष्मे सप्तदश प्रकृतयः सातमितरेषु ॥ १४५ ॥

અર્થ—અનુક્રમે ચૌદે ગુણસ્થાનકમાં બંધપ્રમાણ કહે છે–પહેલે એકસો સત્તર, બીજે એકસો એક, ત્રીજે ચુમ્મોતેર, ચોથે સત્યોતેર, પાંચમે સડસઠ, છટ્ઠે ત્રેસઠ, સાતમે ઓગણસાઠ કે અઠ્ઠાવન, આઠમે અઠ્ઠાવન, નિદ્રાદ્વિકનો વિચ્છેદ થયે છતે છપ્પન, નામની ત્રીસ

પ્રકૃતિનો બંધવિચ્છેદ થયે છતે છવ્વીસ, અને હાસ્ય, રતિ, ભય અને જુગુપ્સાનો બંધ-વિચ્છેદ થયા બાદ અનિવૃત્તિ બાદરસંપરાયે બાવીસ પ્રકૃતિનો બંધ થાય છે. તથા ત્યાંજ પુરૂષવેદ અને ક્રોધાદિનો અનુક્રમે બંધવિચ્છેદ થયે છતે એકવીસ આદિ પાંચ બંધસ્થાન થાય છે. સૂક્ષ્મસંપરાયે સત્તર પ્રકૃતિઓ બંધાય છે અને શેષ ત્રણ ગુણસ્થાનકે એક સાતાનો બંધ થાય છે. અયોગિકેવલિગુણસ્થાનકે કોઈ પણ પ્રકૃતિનો બંધ થતો નથી.

ટીકાનુ૦—બંધની અંદર આઠે કર્મએ મળી એકસો વીશ પ્રકૃતિનો અધિકાર છે, એ પહેલાં કહ્યું છે. તેમાં મિથ્યાદષ્ટિ ગુણસ્થાનકે આહારકશરીર, આહારક અંગોપાંગ અને તીર્થંકરનામકર્મ એ ત્રણ પ્રકૃતિનો બંધ થતો નથી. કારણકે તીર્થંકરનામકર્મના બંધમાં સમ્યકત્વ અને આહારકદ્વિકના બંધમાં સંયમ હેતુ છે. કહ્યું પણ છે કે "સમ્યકત્વગુણનિમિત્તે તીર્થંકરનામ અને સંયમગુણ નિમિત્તે આહારકદ્વિકનો બંધ થાય છે. અને શેષ પ્રકૃતિઓ મિથ્યાત્વાદિ હેતુઓવડે બંધાય છે." સમ્યકૃત્વ કે ચારિત્રમાંથી એક પણ હેતુ મિથ્યાદષ્ટિને નથી. માટે તે ત્રણ પ્રકૃતિ વિના મિથ્યાદષ્ટિને એકસો સત્તર પ્રકૃતિઓ બંધાય છે.

સાસ્વાદને એકસો એક બંધાય છે. કારણ કે 'મિથ્યાત્વ, નપુંસકવેદ, નરકત્રિક, એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઈન્દ્રિય અને ચઉરિન્દ્રિયજાતિ, હુંડસંસ્થાન, સેવાર્ત્તસંઘયણ, સ્થાવર, સૂક્ષ્મ, અપર્યાપ્ત, સાધારણ અને આતપ' એ સોળ પ્રકૃતિઓનો મિથ્યાત્વગુણસ્થાનકે બંધ-વિચ્છેદ થાય છે. તીર્થંકરનામ અને આહારકદ્વિકરૂપ ત્રણ પ્રકૃતિઓ પહેલાં કહેલ યુક્તિથી અહિં પણ બંધમાં આવતી નથી. માટે સાસ્વાદને એકસો એક બંધમાં આવે છે.

મિશ્રદષ્ટિગુણસ્થાનકે ચુમ્મોતેર બંધાય છે. કારણકે એકસો એકમાંથી 'થીણદ્ધિત્રિક, સ્ત્રીવેદ, અનંતાનુબંધિ ચતુષ્ક, તિર્યંગ્ત્રિક, મધ્યમ ચાર સંઘયણ, મધ્યમ ચાર સંસ્થાન, ઉદ્યોત, અપ્રશસ્તવિહાયોગતિ, દુર્ભગ, અનાદેય, દુઃસ્વર, અને નીચગોત્ર એમ પચ્ચીસ પ્રકૃતિઓનો સાસ્વાદને બંધવિચ્છેદ થાય છે. સમ્યગ્મિથ્યાદષ્ટિ તથાસ્વભાવે કોઈપણ આયુના બંધનો આરંભ કરતો નથી, એટલે અહિં મનુષ્યાયુ અને દેવાયુનો પણ બંધ થતો નથી, માટે એકસો એકમાંથી સત્તાવીસ પ્રકૃતિ દૂર થતાં મિશ્રદષ્ટિ ગુણસ્થાનકે ચુમ્મોતેર પ્રકૃતિનો બંધ થાય છે.

અવિરતિસમ્યગ્દષ્ટિગુણસ્થાનકે સત્યોતેર પ્રકૃતિનો બંધ થાય છે. તેમાં ચુમ્મોતેર તો પહેલાં કહી તે જ, અને આ ગુણસ્થાનકે દેવાયુ, મનુષ્યાયુ અને તીર્થંકરનામ એ ત્રણ પ્રકૃતિઓ તેના બંધ યોગ્ય અધ્યવસાય હોવાથી બંધાય છે. એટલે આ ગુણસ્થાનકે સત્યોતેરનો બંધ થાય છે.

દેશવિરતિગુણસ્થાનકે અપ્રત્યાખ્યાનાવરણ ચતુષ્ક, મનુષ્યત્રિક, પ્રથમ સંઘયણ, અને ઔદારિકદ્વિક એમ દશ પ્રકૃતિ જતાં સડસઠ પ્રકૃતિનો બંધ થાય છે. દેશવિરતને દેશવિરતિરૂપ

ગુણ નિમિત્તે અપ્રત્યાખ્યાનાવરણ કષાયના ઉદયનો અભાવ હોવાથી દશ પ્રકૃતિઓ બંધમાં આવતી નથી, માટે તેને સડસઠ પ્રકૃતિઓ બંધ યોગ્ય છે.

તેમાંથી પ્રત્યાખ્યાનાવરણ ચતુષ્ક જતાં પ્રમત્તને ત્રેસઠ પ્રકૃતિઓ બંધ યોગ્ય છે. પ્રત્યાખ્યાનાવરણ કષાયનો બંધ નહિ થવાનું કારણ તેના ઉદયનો અભાવ છે. અહિં સર્વવિરતિ સાધુને તે કષાયનો ઉદય હોતો નથી.

તેમાંથી અસ્થિર, અશુભ, અપયશકીર્ત્તિ, અસાતવેદનીય, શોક અને અરતિમોહનીય એ છ દૂર કરતાં અને આહારકદ્વિક મેળવતાં અપ્રમત્તને ઓગણસાઠ પ્રકૃતિનો બંધ થાય છે. અપ્રમત્ત યતિ વિશુદ્ધ સંયમી હોવાથી અસ્થિરાદિ છ પ્રકૃતિઓ બાંધતા નથી; અને તદ્યોગ્ય વિશુદ્ધ અધ્યવસાય હોવાને લીધે આહારકદ્વિક બાંધે છે, માટે અપ્રમત્ત યતિને ઓગણસાઠ પ્રકૃતિનો બંધ થાય છે.

દેવાયુ વિના અપૂર્વકરણ ગુણસ્થાનકવર્ત્તી આત્મા અઠ્ઠાવન પ્રકૃતિઓ બાંધે છે. અપૂર્વકરણાદિ ગુણસ્થાનકવાળા આત્માઓ અતિવિશુદ્ધ પરિણામને યોગે આયુના બંધનો આરંભજ કરતા નથી. આ અઠ્ઠાવન પ્રકૃતિનો બંધ અપૂર્વકરણના સાત ભાગ કરીએ તે માંહેના પહેલા ભાગ સુધીજ થાય છે. પહેલા ભાગના ચરમ સમયે નિદ્રા અને પ્રચલાનો બંધવિચ્છેદ થાય છે, એટલે બીજા, ત્રીજા, ચોથા, પાંચમા અને છઠ્ઠા ભાગ સુધી છપ્પન્ન પ્રકૃતિઓ બંધાય છે.

છઠ્ઠા ભાગના ચરમ સમયે દેવદ્વિક, પંચેન્દ્રિયજાતિ, વૈક્રિયદ્વિક, આહારકદ્વિક, તૈજસ, કાર્મણ, સમચતુરસ્રસંસ્થાન, વર્ણચતુષ્ક, અગુરૂલઘુ, ઉપઘાત, પરાઘાત, ઉચ્છ્વાસ, ત્રસ નવક, પ્રશસ્ત વિહાયોગતિ, નિર્માણ અને જિનનામ એ ત્રીસ પ્રકૃતિનો બંધવિચ્છેદ થાય છે. એ ત્રીસ પ્રકૃતિનો બંધવિચ્છેદ થયા બાદ છવ્વીસનો બંધ થાય છે, અને તે અપૂર્વકરણના ચરમ સમય પર્યન્ત થાય છે.

તે ચરમ સમયે હાસ્ય, રતિ, ભય અને જુગુપ્સા એ ચાર પ્રકૃતિનો બંધવિચ્છેદ થવાથી અનિવૃત્તિબાદરસંપરાયના પ્રથમ સમયે બાવીશ બંધયોગ્ય થાય છે. કહ્યું છે કે– અપૂર્વકરણના ચરમ સમયે હાસ્ય, રતિ, ભય અને જુગુપ્સાનો બંધવિચ્છેદ થયે છતે અનિવૃત્તિબાદરસંપરાયના પ્રથમ સમયે બાવીશ પ્રકૃતિનો બંધ થાય છે.

તે બાવીશનો બંધ ત્યાંસુધી થાય છે કે અનિવૃત્તિબાદરસંપરાય ગુણસ્થાનકના સંખ્યાતા ભાગ જાય અને એક ભાગ બાકી રહે. ત્યાર બાદ પુરૂષવેદનો બંધવિચ્છેદ થવાથી એકવીશ પ્રકૃતિ બંધયોગ્ય થાય છે. અને તે પણ ત્યાં સુધી બંધાય છે કે શેષ રહેલ સંખ્યાતમા ભાગ પ્રમાણ કાળના સંખ્યાતા ભાગ જાય, એક શેષ રહે. ત્યારપછી સંજ્વલન ક્રોધનો બંધવિચ્છેદ થવાથી વીશ પ્રકૃતિ બંધયોગ્ય થાય છે. અને તે પણ શેષ રહેલ કાળના સંખ્યાતા-

ભાગ જાય અને એક ભાગ રહે ત્યાં સુધી થાય છે. ત્યાર બાદ સંજ્વલનમાનનો બંધવિચ્છેદ થવાથી ઓગણીશ પ્રકૃતિ બંધયોગ્ય થાય છે. તે પણ શેષ રહેલ કાળના સંખ્યાતા ભાગ જાય અને એક ભાગ રહે ત્યાં સુધી થાય છે. ત્યારબાદ સંજ્વલન માયાનો પણ બંધવિચ્છેદ થવાથી અઢાર પ્રકૃતિઓ બંધયોગ્ય થાય છે, અને તે અનિવૃત્તિ-બાદરસંપરાયગુણસ્થાનકના ચરમ સમય પર્યંત બંધાય છે.

તે ચરમ સમયે સંજ્વલન લોભનો પણ બંધવિચ્છેદ થવાથી સૂક્ષ્મસંપરાયગુણસ્થાનકના પ્રથમ સમયે સત્તર પ્રકૃતિનો બંધ થાય છે.

ઉપરોક્ત હકીકતને સૂત્રકાર કહે છે. 'बारे'त्ति અનિવૃત્તિ બાદરે પુરૂષવેદ અને સંજ્વલન ક્રોધાદિનો અનુક્રમે બંધવિચ્છેદ થતાં પાંચ બંધસ્થાન થાય છે. તે આ પ્રમાણે- પહેલા ભાગે બાવીશ, પુરૂષવેદનો વિચ્છેદ થયા બાદ બીજા ભાગે એકવીશ, સંજ્વલન ક્રોધનો વિચ્છેદ થયા બાદ ત્રીજે ભાગે વીશ, સંજ્વલન માનનો વિચ્છેદ થયા પછી ચોથે ભાગે ઓગણીશ, અને સંજ્વલન માયાનો બંધવિચ્છેદ થયા પછી પાંચમે ભાગે અઢારનો બંધ થાય છે. ત્યારબાદ અનિવૃત્તિબાદરસંપરાય ગુણસ્થાનકના ચરમ સમયે સંજ્વલન લોભનો બંધવિચ્છેદ થવાથી સૂક્ષ્મસંપરાયે સત્તર પ્રકૃતિનો બંધ થાય છે, અને તે તેના ચરમ સમય પર્યંત થાય છે.

સૂક્ષ્મસંપરાયગુણસ્થાનકના ચરમ સમયે જ્ઞાનાવરણીય પાંચ, દર્શનાવરણીય ચાર, અંતરાય પાંચ, યશઃકીર્તિનામ, અને ઉચ્ચગોત્ર એમ સોળ પ્રકૃતિનો બંધવિચ્છેદ થાય છે. એટલે ઉપશાંતમોહ, ક્ષીણમોહ અને સયોગિકેવલિગુણસ્થાનકે માત્ર એક સાતવેદનીયનોજ બંધ થાય છે, અન્ય કોઈ પણ પ્રકૃતિનો બંધ થતો નથી. ૧૪૩-૧૪૪-૧૪૫.

આ પ્રમાણે ગુણસ્થાનકોમાં સામાન્યથી બંધસંખ્યા કહી, હવે ગતિમાં ગુણસ્થાનકના ક્રમે બંધ સંખ્યા આદિને કહેવા ઇચ્છતા પહેલાં નરકગતિમાં કહે છે-

मिच्छे नरएसु सयं छण्णउई सासणो सयरि मीसो ।
बावत्तरिं तु सम्मो चउराइसु बंधति अतित्था ॥१४६॥

मिथ्यादृष्टिनरकेषु शतं षण्णवतिं सासादनः सप्तर्तिं मिश्रः ।
द्वासप्ततिं तु सम्यग्दृष्टिः चतुरादिषु बध्नन्त्यतीर्थाः ॥ १४६ ॥

અર્થ—નરકગતિમાં વર્ત્તમાન મિથ્યાદૃષ્ટિ નારકીઓ સો, સાસ્વાદનસમ્યગ્દૃષ્ટિ છન્નું, મિશ્રદૃષ્ટિ સિત્તેર, અને અવિરતિસમ્યગ્દૃષ્ટિ બહોંતેર પ્રકૃતિઓનો બંધ કરે છે. ચોથી આદિ નારકીમાં તીર્થંકરનામ વિના એકોતેરનો બંધ કરે છે.

ટીકાનુ૦—નરકગતિમાં વર્ત્તમાન મિથ્યાદૃષ્ટિ સો પ્રકૃતિનો બંધ કરે છે. કારણકે

નારકીઓ ભવપ્રત્યયેજ વૈક્રિયદ્વિક, આહારકદ્વિક, દેવત્રિક, નરકત્રિક, સૂક્ષ્મ, અપર્યાપ્ત, સાધારણ, એકેન્દ્રિય, બેઇન્દ્રિય તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય જાતિ, સ્થાવર અને આતપ એ ઓગણીશ પ્રકૃતિઓ બાંધતા નથી. પહેલાં કહ્યું છે કે 'વૈક્રિયદ્વિક, આહારકદ્વિક નરકત્રિક, સૂક્ષ્મત્રિક, વિકલત્રિક, સુરત્રિક, આતપ, સ્થાવર અને એકેન્દ્રિયજાતિ એ ઓગણીશ પ્રકૃતિઓને નારકીઓ ભવપ્રત્યયે બાંધતા નથી.'

મિથ્યાદૃષ્ટિ નારકીઓને તીર્થંકરનામકર્મ બંધાતું નથી, કારણકે તેના બંધમાં સમ્યક્ત્વ નિમિત્ત છે. માટે તે વીશ પ્રકૃતિઓ દૂર કરતાં શેષ સો પ્રકૃતિઓજ મિથ્યાદૃષ્ટિ નારકીઓને બંધાય છે.

સાસ્વાદને વર્તમાન નારકી છન્નુનો બંધ કરે છે. કેમકે તેને મિથ્યાત્વમોહનીય, નપુંસકવેદ, હુંડસંસ્થાન અને છેવટ્ઠું સંઘયણ એ ચાર પ્રકૃતિઓ ગુણપ્રત્યયે બંધાતી નથી.

મિશ્રદૃષ્ટિ નારકી સીત્તેર પ્રકૃતિઓ બાંધે છે. કેમકે મિશ્રદૃષ્ટિ થીણદ્ધિત્રિક, દુઃસ્વર, દુર્ભગ, અનાદેય, તિર્યંચત્રિક, વચલા ચાર સંઘયણ; વચલા ચાર સંસ્થાન, અનંતાનુબંધી ચતુષ્ક, અપ્રશસ્તવિહાયોગતિ, સ્ત્રીવેદ, ઉદ્યોત, નીચગોત્ર, અને મનુષ્યાયુ, એમ છવ્વીશ પ્રકૃતિઓનો બંધ કરતા નથી.

અવિરતિ સમ્યગ્દૃષ્ટિ નારકી બહોંત્તેર પ્રકૃતિઓ બાંધે છે. કેમકે તેઓ મનુષ્યાયુ અને તીર્થંકરનામકર્મ બાંધે છે.

ચોથીથી છઠ્ઠી નરક સુધીમાં વર્તમાન નારકીઓ તીર્થંકરનામ કર્મનો બંધ નહિ કરતા હોવાથી ચતુર્થ ગુણસ્થાનકે એકોતેર પ્રકૃતિઓનો બંધ કરે છે. તેઓને પહેલા, બીજા અને ત્રીજા ગુણસ્થાનકના બંધમાં કંઈ તફાવત નથી. તથાપ્રકારના ભવસ્વભાવે ચોથી આદિ નારકીવાળા તીર્થંકરનામ કર્મનો બંધ કરતા નથી. ૨૫૬.

આ ગાથામાં સાતમી નારકી સંબંધિ શેષ કહે છે—

मणुयदुगुच्चागोयं भवपच्चइयं न होइ चरिमाए ।
गुणपच्चइयं तु बज्झइ मणुयाऊ ण सव्वहा तत्थ ॥१४७॥

मनुजद्विकमुच्चैर्गोत्रं भवप्रत्ययिकं न भवति चरमायाम् ।
गुणप्रत्ययिकं तु बध्यते मनुष्यायुः न सर्व्वथा तत्र ॥ १४७ ॥

અર્થ—સાતમી નારકીમાં મનુજદ્વિક અને ઉચ્ચગોત્ર ભવપ્રત્યયેજ બંધાતું નથી. ગુણપ્રત્યયે તો બંધાય છે. મનુષ્યાયુ ત્યાં સર્વથા બંધમાં આવતું નથી.

ટીકાનુ૦—સાતમી નરકપૃથ્વીમાં ભવપ્રત્યયેજ મનુષ્યદ્વિક અને ઉચ્ચગોત્ર બંધયોગ્ય નથી. માટે સાતમી નરકપૃથ્વીમાં મિથ્યાદૃષ્ટિ અને સાસ્વાદનગુણસ્થાનકે આ ત્રણ પ્રકૃતિ વડે

ન્યૂન પ્રકૃતિઓ બંધયોગ્ય સમજવી. એટલે કે ઉપર પહેલે અને બીજે ગુણસ્થાનકે નારકીઓને જે બંધ કહ્યો, તેનાથી આ ત્રણ પ્રકૃતિવડે ન્યૂન બંધ સાતમી નરકપૃથ્વીમાં કહેવો.

પરંતુ ત્રીજે અને ચોથે ગુણસ્થાનકે ગુણપ્રત્યયે મનુજદ્વિક અને ઉચ્ચગોત્ર કર્મનો બંધ થાય છે, એટલે એ બન્ને ગુણસ્થાનકે સાતમી નરક પૃથ્વીમાં એકોતેર[1] પ્રકૃતિઓ બંધાય છે. સાતમી નરકપૃથ્વીમાં ચારે ગુણસ્થાનકે ભવપ્રત્યયે કે ગુણપ્રત્યયે મનુષ્યાયુનો બંધ થતોજ નથી. એટલે તેઓને પહેલે ગુણસ્થાનકે છન્નું, બીજે ગુણસ્થાનકે એકાણું અને ત્રીજે તથા ચોથે ગુણસ્થાનકે સિત્તેર પ્રકૃતિનો બંધ થાય છે. ૧૪૭

હવે દેવગતિ સંબંધે વિશેષ કહે છે.

सामण्णसुराजोग्गा आजोइसिया ण बंधंति सतित्था ।
इगिथावरायवजुया सणंकुमारा ण बंधंति ॥१४८॥

सामान्येन सुरायोग्या आज्योतिष्का न बध्नन्ति सतीर्थाः ।
एकस्थावरातपयुताः सनत्कुमारा न बध्नन्ति ॥ १४८ ॥

અર્થ—સામાન્યથી દેવોને બંધઆશ્રયી જે અયોગ્ય પ્રકૃતિઓ છે, તે તીર્થંકરનામ સાથે જ્યોતિષ સુધીના દેવો બાંધતા નથી. તથા એકેન્દ્રિય, સ્થાવર અને આતપ યુક્ત તે પ્રકૃતિઓને સનત્કુમારાદિ દેવો બાંધતા નથી.

ટીકાનુ૦—સામાન્યથી દેવોને બંધમાં અયોગ્ય જે સોળ કર્મપ્રકૃતિઓ પહેલાં બંધવિધિદ્વાર ગાથા ૩૦ માં કહી છે, તે સોળ પ્રકૃતિઓ આ પ્રમાણે છે-વૈક્રિયદ્વિક, આહારકદ્વિક, દેવત્રિક, નરકત્રિક, સૂક્ષ્મ, અપર્યાપ્ત, સાધારણ અને વિકલત્રિક તે તીર્થંકરનામકર્મ સાથે સત્તર પ્રકૃતિઓ જ્યોતિષ સુધીના એટલે કે ભવનપતિ, વ્યંતર અને જ્યોતિષ્ક દેવો ભવપ્રત્યયે બાંધતા નથી.

તેજ સોળ પ્રકૃતિઓમાં એકેન્દ્રિયજાતિ, સ્થાવર અને આતપનામ મેળવતાં ઓગણીશ પ્રકૃતિઓને સનત્કુમારાદિ દેવો બાંધતા નથી. ૧૪૮

तिरितिगउज्जोवजुया आणयदेवा अणुत्तरसुरा उ ।
अणमिच्छणीयदुभगथीणतिगं अपुमथीवेय ॥१४९॥

---

૧ અહિં ટીકામાં પરિપૂર્ણ એકોતેર પ્રકૃતિ જણાવી છે પરંતુ ગણત્રીએ મનુષ્યાયુ વિના સીત્તેર રહે છે, જે ત્રીજા કર્મગ્રંથની સાતમી ગાથામાં જણાવી છે. સાતમી નારકીના નારકો મનુષ્યાયુ બાંધતા નથી, તે ઉપર ગાથામાં જ કહ્યું છે.

संघयणा संठाणा पण पण अपसत्थविहगइ न तेसिं ।
पज्जत्ता बंधंति उ देवाउमसंखवासाऊ ॥१५०॥
तित्थायवउज्जोयं नारयतिरिविगलतिगतिगेगिंदी ।
आहार थावरचऊ आउ णासंखपज्जत्ता ॥१५१॥

तिर्यक्त्रिकोद्योतयुता आनतदेवा अनुत्तरसुरास्तु ।
अनमिथ्यात्वनीचदुर्भगथीणद्धित्रिकं नपुंसकस्त्रीवेदम् ॥१४९॥
संहननानि संस्थानानि पञ्च पञ्चाप्रशस्तविहायोगतिर्न तेषाम् ।
पर्याप्ता बध्नन्ति तु देवायुरसंख्येयवर्षायुषः ॥ १५० ॥
तीर्थातपोद्योतं नारकतिर्यग्विकलत्रिकमेकेन्द्रियम् ।
आहारं स्थावरचतुष्कं आयुः नासंख्येयापर्याप्ताः ॥ १५१ ॥

અર્થ—તિર્યંચત્રિક અને ઉદ્યોત યુક્ત પૂર્વોક્ત પ્રકૃતિઓ આનતાદિ દેવો બાંધતા નથી. અનુત્તરવિમાનવાસી દેવો અનંતાનુબંધિ ચતુષ્ક, મિથ્યાત્વ, નીચગોત્ર, દુર્ભગત્રિક, થીણુદ્ધિત્રિક, નપુંસકવેદ, અને સ્ત્રીવેદ બાંધતા નથી. તથા તેઓને પહેલા સિવાય પાંચ સંઘયણ, પહેલા સિવાય પાંચ સંસ્થાન અને અપ્રશસ્તવિહાયોગતિ પણ બંધમાં આવતી નથી. તથા અસંખ્ય વર્ષના આયુવાળા પર્યાપ્ત તિર્યંચ–મનુષ્યો દેવાયુનો બંધ કરે છે. અસંખ્ય વર્ષના આયુવાળા અપર્યાપ્ત તીર્થંકરનામ, આતપ, ઉદ્યોત, નરકત્રિક, તિર્યંચત્રિક, વિકલત્રિક એકેન્દ્રિયજાતિ, આહારકદ્વિક, સ્થાવરચતુષ્ક અને આયુનો બંધ કરતા નથી.

ટીકાનુ૦—પૂર્વે દેવોને બંધમાં અયોગ્ય જે ઓગણીશ પ્રકૃતિઓ કહી છે, તેમાં તિર્યંચગતિ, તિર્યંચાનુપૂર્વી, તિર્યંચાયુ અને ઉદ્યોતનામકર્મ મેળવતાં કુલ ત્રેવીસ પ્રકૃતિઓને આનતાદિ દેવો ભવપ્રત્યયે બાંધતા નથી. ગુણપ્રત્યયે જે પ્રકૃતિઓ બંધાતી નથી તે તો ગુણસ્થાનકના ક્રમે પોતાની મેળે જ વિચારી લેવી.

પાંચ અનુત્તરવિમાનવાસી દેવો અનન્તાનુબંધિ ચતુષ્ક, મિથ્યાત્વ, નીચગોત્ર, દુર્ભગ, અનાદેય, [1]અપયશકીર્ત્તિ, થીણુદ્ધિત્રિક, નપુંસકવેદ, સ્ત્રીવેદ અને તુ શબ્દથી દુઃસ્વર બાંધતા

---

૧ અહિં દુર્ભગત્રિકમાં અપયશકીર્ત્તિ લીધી છે. પરંતુ ત્રીજો કર્મગ્રંથ ગા. ૧૧ માં દુર્ભગત્રિકમાં દુઃસ્વર લીધું છે, અપયશકીર્તિ લીધી જ નથી કારણ કે તેનો બંધ તો છઠ્ઠા ગુણસ્થાનક સુધી થાય છે. એટલે ચોથા ગુણસ્થાનકવાળા અનુત્તર દેવને પણ તેનો બંધ થવો જોઈએ. એટલે જ ત્યાં બંધ અયોગ્ય ૪૮ અને બંધયોગ્ય ૭૨ કહી છે. અને અહિં તો બંધ અયોગ્યમાં દુઃસ્વર અને અપયશકીર્તિ પણ લીધી છે. એટલે બંધ અયોગ્ય ૪૯ અને બંધ યોગ્ય ૭૧ લીધી છે. અહિં દુર્ભગત્રિકમાં ઘણે સ્થળે દુર્ભગ, અનાદેય અને અપયશકીર્તિ ગ્રહણ કરેલ છે. પરંતુ અપયશકીર્તિનો બંધ તો છઠ્ઠા સુધી થતો હોવાથી બીજા કર્મગ્રંથમાં તેના બદલે દુઃસ્વર ગ્રહણ કરેલ છે. તત્વકેવલી જાણે.

નથી, તેમજ તેઓને પહેલા સિવાયના પાંચ સંઘયણ, પહેલા સિવાયના પાંચ સંસ્થાન અને અપ્રશસ્તવિહાયોગતિ પણ બંધાતી નથી. કારણ કે અનુત્તરવિમાનવાસી દેવો સમ્યગ્દષ્ટિ છે. સમ્યગ્દષ્ટિને ઉપરોક્ત પ્રકૃતિઓ બંધમાં આવતી નથી. તથા ઉપર જે આનતાદિ દેવોને ત્રેવીસ પ્રકૃતિઓ બંધને અયોગ્ય કહી તે અનુત્તર દેવોને પણ બંધાતી નથી.

સઘળી મળી પાંચ અનુત્તરવિમાનવાસી દેવોને ઓગણપચાશ પ્રકૃતિઓ બંધ પ્રત્યે અયોગ્ય છે. એટલે તેઓને ચોથે ગુણઠાણે ૭૧ પ્રકૃતિઓ બંધાય છે.

હવે-તિર્યંચગતિમાં વિશેષ કહે છે—અસંખ્ય વર્ષના આયુવાળા પર્યાપ્ત મનુષ્યો અને તિર્યંચો દેવાયુનો બંધ કરે છે, અન્ય કોઇ આયુનો બંધ કરતા નથી. તથા અસંખ્ય વર્ષના આયુવાળા અપર્યાપ્ત–અપર્યાપ્તાવસ્થામાં વર્ત્તમાન મનુષ્યો અને તિર્યંચો તીર્થંકર, આતપ, ઉદ્યોત, નરકત્રિક, તિર્યંચત્રિક, વિકલત્રિક, એકેન્દ્રિયજાતિ, આહારકદ્વિક, સ્થાવરચતુષ્ક, દેવ–મનુષ્યાયુ, સઘળી મળી એકવીશ પ્રકૃતિઓ બાંધતા નથી. ૧૪૯–૧૫૦–૧૫૧

पज्जतिगया दुभगतिगणीयमपसत्थविहनपुंसाणं ।
संघयणउरलमणुदुगपणसंठाणाण अबंधा ॥१५२॥

किण्हाइतिगे अस्संजमे य वेउव्विजुगे न आहारं ।
बंधइ न उरलमीसे नरयतिगं छट्ठममराउं ॥१५३॥

कम्मजोगि अणाहारगो य सहिया दुगाउ णेयाओ ।
सगवण्णा तेवट्ठी बंधति आहारमुभएसुं ॥१५४॥

तेउलेसाईया बंधंति न निरयविगलसुहुमतिगं ।
सेगिंदिथावरायवतिरियतिगुज्जोय नव बारं ॥१५५॥

पर्याप्तिं गता दुर्भगत्रिकनीचाप्रशस्तविहायोगतिनपुंसकानाम् ।
संहननोरलमनुजद्विकपञ्चसंस्थानानामबन्धकाः ॥१५२॥

कृष्णादित्रिके असंयमे च वैक्रिययुगे न आहारं ।
बध्नन्ति वोरलमिश्रे नरकत्रिकं षष्ठममरायुः ॥१५३॥

कार्मणयोगी अनाहारकश्च द्विकायुः सहिता एताः ।
सप्तपञ्चाशत् त्रिषष्टिं बध्नन्ति आहारे उभये ॥१५४॥

तेजोलेश्यातीताः बध्नन्ति न निरयविकलसूक्ष्मत्रिकम् ।
सैकेन्द्रियस्थावरातपतिर्यगृत्रिकोद्योताः नव द्वादश ॥१५५॥

અર્થ—સઘળી પર્યાપ્તિએ પર્યાપ્તા યુગલિકો દુર્ભગત્રિક, નીચગોત્ર, અપ્રશસ્ત વિહાયોગતિ, નપુંસકવેદ, સંઘયણનામ, ઔદારિકદ્વિક, મનુજદ્વિક પહેલા સિવાયના, પાંચ સંસ્થાનના અબંધક છે. કૃષ્ણાદિ ત્રણ લેશ્યામાર્ગણા, અસંયમમાર્ગણા, વૈક્રિય, અને વૈક્રિયમિશ્ર માર્ગણામાં વર્ત્તમાન આહારકદ્વિકનો બંધ કરતા નથી. ઔદારિકમિશ્રયોગે વર્ત્તમાન આહારકદ્વિક, નરકત્રિક અને છટ્ઠું દેવાયુ એ છનો બંધ કરતા નથી.

કાર્મણકાયયોગ અને અનાહારકમાં વર્ત્તમાન બે આયુ સહિત આઠનો બંધ કરતા નથી. આહારકકાયયોગે વર્ત્તમાન સત્તાવન અને આહારકમિશ્રે વર્ત્તમાન ત્રેસઠ પ્રકૃતિઓનો બંધ કરે છે. તેજોલેશ્યામાં આગળ વધેલા નરકત્રિક, વિકલત્રિક અને સૂક્ષ્મત્રિક એમ નવ પ્રકૃતિનો બંધ કરતા નથી. પદ્મલેશ્યામાં આગળ વધેલ એકેન્દ્રિય, સ્થાવર અને આતપ સાથે બારનો બંધ કરતા નથી. અને શુક્લલેશ્યામાં આગળ વધેલા તિર્યંચત્રિક અને ઉદ્યોત સાથે સોળનો બંધ કરતા નથી.

ટીકાનુ૦—સઘળી પર્યાપ્તિએ પર્યાપ્તા થયેલા અસંખ્યવર્ષના આયુવાળા મનુષ્યો અથવા તિર્યંચો દુર્ભગત્રિક–દુર્ભગ, અનાદેય અને અપયશ, નીચગોત્ર, અપ્રશસ્ત વિહાયોગતિ, નપુંસકવેદ, છ એ સંઘયણ, ઔદારિકદ્વિક–ઔદારિકશરીર, ઔદારિક અંગોપાંગ, મનુષ્યદ્વિક–મનુષ્યગતિ, મનુષ્યાનુપૂર્વી, સમચતુરસ્ર વિના પાંચ સંસ્થાન, આ પ્રમાણે એકવીશ પ્રકૃતિઓ, તથા પૂર્વની ગાથામાં કહેલ દેવાયુ સિવાય વીશ પ્રકૃતિઓ સઘળી મળી એકતાલીસ પ્રકૃતિઓનો બંધ કરતા નથી.

ઇન્દ્રિય અને કાયદ્વારના સંબંધમાં દ્રવ્યપ્રમાણ પહેલાં જ 'नरयतिगं देवतिगं इगिविगलाणं' એ ગાથા વડે કહી ગયા છે. રહી ગયેલ શેષ દ્વારોમાં મનુષ્યની જેમ સમજવું. જ્યાં જે વિશેષ છે, તે કહે છે–

લેશ્યાદ્વારમાં કૃષ્ણ, નીલ અને કાપોતલેશ્યા માર્ગણાએ, સંયમદ્વારમાં અસંયમ માર્ગણાએ, યોગદ્વારમાં વૈક્રિય અને વૈક્રિયમિશ્ર માર્ગણાએ વર્ત્તમાન આત્મા આહારકશરીર અને આહારક અંગોપાંગનામનો બંધ કરતા નથી. આહારકદ્વિકનો બંધ વિશિષ્ટ સંયમ દ્વારા થાય છે. ઉપરોકત માર્ગણાવાળાઓને વિશિષ્ટ સંયમ નહિ હોવાથી તેઓ આહારકદ્વિકનો બંધ કરતા નથી.

ઔદારિકમિશ્રયોગે વર્ત્તમાન આહારકદ્વિક, નરકત્રિક અને દેવાયુ એ છ પ્રકૃતિઓનો બંધ કરતા નથી.

તાત્પર્ય એ કે–ઔદારિકમિશ્રકાયયોગે વર્ત્તમાન આત્મા આહારકદ્વિક, નરકત્રિક અને દેવાયુ એ છ પ્રકૃતિઓ બાંધતા નથી. કારણ કે ઔદારિકમિશ્રયોગ અપર્યાપ્તાવસ્થામાં હોય છે. તે વખતે મનઃપર્યાપ્તિ વડે અપર્યાપ્ત હોવાથી દેવાયુના બંધ યોગ્ય તેમજ નરકત્રિકના બંધ યોગ્ય અધ્યવસાય સંભવતા નથી તેમજ વિશિષ્ટ સંયમની પ્રાપ્તિ પણ તે વખતે હોતી નથી. માટે ઔદારિકમિશ્રયોગીને એ છ પ્રકૃતિઓના બંધનો અભાવ છે.

તિર્યંચાયુ અને મનુષ્યાયુ કે જે અલ્પ અધ્યવસાયવડે બંધ યોગ્ય છે, તેવા અધ્યવસાય અપર્યાપ્તાવસ્થામાં થઈ શકતા હોવાથી તે અવસ્થામાં–ઔદારિકમિશ્રયોગિને એ બે આયુના બંધનો સંભવ છે.

યોગદ્વારમાં કાર્મણકાયયોગ માર્ગણાએ અને આહારકદ્વારમાં અણાહાર માર્ગણાએ અનન્તરોક્ત છ પ્રકૃતિઓ સાથે બે આયુ જોડતાં આઠ પ્રકૃતિઓ બંધને અયોગ્ય સમજવી. એટલે કે–કાર્મણકાયયોગી અને અણાહારી આત્મા આહારકદ્વિક, નરકત્રિક, દેવાયુ, મનુષ્યાયુ અને તિર્યંચાયુ એ આઠ પ્રકૃતિઓ બાંધતા નથી.

આહારકકાયયોગે વર્ત્તમાન સત્તાવન અને આહારક મિશ્રયોગે વર્ત્તમાન ત્રેસઠ પ્રકૃતિઓનો બંધ કરે છે. અનુક્રમે ત્રેસઠ અને સત્તાવન પ્રકૃતિઓનો બંધ કરતા નથી.

તાત્પર્ય એ કે–આહારકમિશ્રકાયયોગે વર્ત્તમાન આત્મા આદ્ય બાર કષાય, મિથ્યાત્વમોહનીય, તિર્યંચદ્વિક. મનુષ્યદ્વિક, તિર્યંચ અને મનુષ્યનું આયુ, દુર્ભગ, દુઃસ્વર, અનાદેય, સ્ત્યાનર્દ્ધિત્રિક, વિકલત્રિક સૂક્ષ્મ, સાધારણ, અપર્યાપ્ત, નરકત્રિક, સંઘયણ ષટ્ક, પ્રથમ વર્જ સંસ્થાન પંચક, ઔદારિકદ્વિક, આહારકદ્વિક, સ્થાવર, એકેન્દ્રિયજાતિ, આતપ, સ્ત્રીવેદ, નપુંસકવેદ, ઉદ્યોત, નીચગોત્ર, અને અશુભવિહાયોગતિ એમ સત્તાવન પ્રકૃતિઓ બાંધતો નથી.

આહારકશરીરે [1]વર્ત્તમાન પ્રમત્ત કે અપ્રમત્ત આત્મા ઉપરોક્ત સત્તાવન તથા અસ્થિર, અશુભ, અપયશકીર્ત્તિ, અરતિ, શોક અને અશાતવેદનીય. સઘળી મળી ત્રેસઠ પ્રકૃતિઓ બાંધતો નથી.

લેશ્યા માર્ગણાએ બંધનો વિચાર કરતાં કહે છે કે તેજોલેશ્યાના પહેલો, બીજો, અને ત્રીજો, મંદ, તીવ્ર, અતિતીવ્ર એમ (વિશુદ્ધિની અપેક્ષાએ) ત્રણ વિભાગ છે. તેમાં તેજોલેશ્યાના

૧ આહારકશરીરની શરૂઆત કરતાં અને છોડતાં આહારકમિશ્રયોગ હોય છે, અને તે છટ્ઠે ગુણસ્થાનકે જ હોવાથી તેને આહારકદ્વિકનો બંધ ન થાય તે ઠીક છે. પરંતુ આહારકશરીરની સઘળી પર્યાપ્તિએ પર્યાપ્તો થયા બાદ આહારકશરીરી અપ્રમત્તે જાય તેને આહારકદ્વિકના બંધનો કેમ નિષેધ કર્યો તે સમજાતું નથી. આજ ગ્રંથમાં ગાથા ૧૨૯ જેમાં નામકર્મનો સંવેધ કહ્યો છે, તેમાં સાતમા ગુણસ્થાનકે

પહેલા [1]ભાગને ઓળંગી ગયેલા એટલે કે બીજા અને ત્રીજા ભાગમાં રહેલા તીવ્ર, અતિ-તીવ્ર તેજોલેશ્યાવાળા જીવો નારકત્રિક, વિકલત્રિક અને સૂક્ષ્મત્રિક એ નવ પ્રકૃતિઓનો બંધ કરતા નથી. કારણ કે તેજોલેશ્યાવાળા મનુષ્યો અને તિર્યંચો નરકાદિમાં ઉત્પન્ન થતા નથી.

૨૯–૩૦ એ બંને ઉદયસ્થાનકે દેવગતિ યોગ્ય આહારકદ્વિક સાથે ત્રીશના બંધકને બાણુંનું સત્તાસ્થાન લીધું છે. ૨૯–૩૦ એ બે ઉદયસ્થાન વૈક્રિય અને આહારક બંને શરીરીને હોય છે. બંને ઉદયવાળાને ત્રીશનો બંધ અહિં લીધો છે. વળી એવો નિયમ છે કે આહારકશરીરનામકર્મની જેને સત્તા હોય તે તેની બંધ યોગ્ય ભૂમિમાં આહારકદ્વિક અવશ્ય બાંધે છે. આહારકની સત્તા વિના આહારકશરીર કરી શકે નહિ એટલે સાતમા ગુણઠાણે આહારકશરીરીને પણ આહારકદ્વિકનો બંધ સંભવે છે.

સપ્તતિકા ભાષ્ય ગાથા ૧૨૫ ની ટીકામાં કહ્યું છે કે—

"एकत्रिंशद्बन्धे एकोनत्रिंशत्त्रिंशदुदयौ। तत्रैकोनत्रिंशदुदयः पूर्वं प्रमत्तभावे आहारकं वैक्रियं वा निर्वर्त्य पश्चादप्रमत्ततां गतस्योद्योतावेदकस्य संयतस्य वाच्यः तीर्थकराहारकद्विकसहितत्वेनैकत्रिंशद्बन्धस्याप्रमत्तभावे एव लभ्यमानत्वात्।

અર્થાત્—આહારકદ્વિક અને જિનનામ સાથે દેવગતિયોગ્ય એકત્રીશના બંધે ઓગણત્રીશ અને ત્રીશ એમ બે ઉદય હોય છે. એટલે કે એ બે ઉદયે વર્તમાન આત્મા એકત્રીશનો બંધ કરે છે. તેમાં ઓગણત્રીશનો ઉદય પહેલાં પ્રમત્તપણામાં આહારક અથવા વૈક્રિયશરીર કરી પછીથી અપ્રમત્તપણાને પ્રાપ્ત થયેલા ઉદ્યોતના અવેદક સંયતને હોય છે. ઉપર અપ્રમત્ત ભાવ લેવાનું કારણ બતાવતાં કહે છે-તીર્થંકર અને આહારકદ્વિક સાથે દેવગતિયોગ્ય એકત્રીશનો બંધ અપ્રમત્તપણામાં જ થાય છે.'

અહિં આહારકશરીરીને અપ્રમત્ત ગુણસ્થાનકે આહારકદ્વિક સાથે સ્પષ્ટપણે એકત્રીશનો બંધ ગ્રહણ કર્યો છે. કદાચ અલ્પ હોવાને કારણે ન વિવક્ષ્યો હોય તે બનવા યોગ્ય છે. આગળ ઉપર આજ ગ્રંથકાર ગાથા ૧૮૩માં જણાવે છે કે–

"एकत्रिंशद्बन्धे द्वावुदयौ–एकोनत्रिंशत्त्रिंशत्। तत्रैकोनत्रिंशद् यः प्रमत्तः सन्नाहारकं कृत्वा पश्चादप्रमत्तो भवति तस्यावसेयः। त्रिंशदुदयः पुनस्तस्यैवोद्योतवेदकस्य स्वभावस्थसंयतस्य वा। नन्वेवं सति "एगेगमेगतीसे" इति सप्ततिसूत्रे एकत्रिंशद् बन्धे यदेकमुदयस्थानमुक्तं तद् विरुध्यते। उच्यते-नैष दोषः, पूर्वकृताहारकशरीरस्य तत्राविवक्षणात्।

અર્થાત્—એકત્રીશના બંધે ૨૯ અને ૩૦ એ બે ઉદય હોય છે. તેમાં ૨૯ નો ઉદય જે પ્રમત્ત છતાં આહારકશરીર કરીને પછી અપ્રમત્ત થાય છે, તેને સમજવો. અને ત્રીશનો ઉદય ઉદ્યોતના વેદક આહારકશરીરીને અથવા સ્વભાવસ્થ સંયતને સમજવો. (અહિં ૨૯ અને ૩૦ ના ઉદયે વર્તમાન આહારકશરીરી આહારકદ્વિક બાંધે છે તે બરાબર સ્પષ્ટ કર્યું છે. એટલેજ એના ઉપર હવે પછી શંકા કરે છે.)

શંકા:—જો એકત્રીશના બંધે ૨૯ અને ત્રીશ એ બે ઉદય હોય તો સપ્તતિકામાં 'एगेगमेगतीसे' એ ગાથામાં એકત્રીશના બંધે માત્ર ત્રીશનું એકજ ઉદયસ્થાન કેમ ગ્રહણ કર્યું છે?

જવાબ–અહિં કોઇ દોષ નથી. પૂર્વકૃત આહારકશરીરની વિવક્ષા નહિ કરેલી હોવાથી સપ્તતિકાની ગાથામાં એક ઉદયસ્થાન ગ્રહણ કર્યું છે.', એટલે અહિં વિવક્ષા કરી નથી એમ જણાય છે.

૧ આ ઉપરથી એમ સમજાય છે કે મંદ તેજોલેશ્યાવાળા જીવો ઉપરોક્ત નવ પ્રકૃતિઓ બાંધે પણ ખરા. જેમકે–તેજોલેશ્યાવાળા દેવમાંથી ગયેલા એકેન્દ્રિયો.

દેવો પણ ઉપરોક્ત નવ પ્રકૃતિના ઉદયવાળા જીવોમાં ઉત્પન્ન થતા નથી, માટે તેજોલેશ્યા-વાળાઓને એ પ્રકૃતિઓના બંધનો નિષેધ કર્યો છે.

શુદ્ધ પદ્મલેશ્યાવાળા જીવો એકેન્દ્રિય, સ્થાવર અને આતપ સાથે બાર પ્રકૃતિનો બંધ કરતા નથી. પદ્મલેશ્યાને પ્રાપ્ત થયેલા તિર્યંચો અથવા મનુષ્યો અવશ્ય દેવમાં જ ઉત્પન્ન થાય છે, એકેન્દ્રિયાદિમાં ઉત્પન્ન થતા નથી. અને જે દેવો પદ્મલેશ્યા યુક્ત છે, તેઓ પણ એકેન્દ્રિયાદિસ્થાનોમાં ઉત્પન્ન થતા નથી, માટે શુદ્ધ પદ્મલેશ્યાવાળાઓને ઉક્ત બાર પ્રકૃતિના બંધનો નિષેધ કર્યો છે.

શુદ્ધ શુક્લલેશ્યાવાળા જીવોને ઉપરોક્ત બાર પ્રકૃતિમાં તિર્યંચત્રિક અને ઉદ્યોત નામ કર્મ મેળવતાં કુલ સોળ પ્રકૃતિનો બંધ થતો નથી. પરમ વિશુદ્ધ શુક્લલેશ્યાવાળા તિર્યંચો, મનુષ્યો અને દેવોનો ઉપરોક્ત પ્રકૃતિઓના ઉદયવાળા જીવોમાં ઉત્પત્તિનો અભાવ છે, માટે સોળ પ્રકૃતિના બંધનો નિષેધ કર્યો છે.

આ પ્રમાણે પ્રસક્તાનુપ્રસક્ત સઘળું કહ્યું. તે કહીને વિસ્તારપૂર્વક પાંચમું બન્ધવિધિ-દ્વાર પૂર્ણ કર્યું.

હવે જે રીતે આ પ્રકરણ સંપૂર્ણ થયું તે રીતે તે બતાવતાં કહે છે—

सुयदेविपसायाओ पगरणमेयं समासओ भणियं ।
समयाओ चंदरिसिणा समईविभवाणुसारेण ॥१५६॥

श्रुतदेवीप्रसादात्प्रकरणमेतत्समासतो भणितम् ।
समयाच्चन्द्रर्षिणा स्वमतिविभवानुसारेण ॥१५६॥

અર્થ—શ્રુતદેવીની કૃપાથી સિદ્ધાંતમાંથી પોતાની બુદ્ધિના વૈભવને અનુસરીને શ્રી-ચન્દ્રર્ષિ નામના ઋષિએ આ પ્રકરણ સંક્ષેપે કહ્યું છે.

ટીકાનુ૦—દ્વાદશાંગરૂપશ્રુતદેવીના પ્રસાદથી એટલે કે દ્વાદશાંગી ઉપરના ભક્તિ-બહુમાનના વશવર્ત્તીપણાએ કરી થયેલ કર્મના ક્ષયોપશમવડે આ **પંચસંગ્રહ** નામનું પ્રકરણ **શ્રીચન્દ્રર્ષિ** નામના સાધુએ સિદ્ધાંતમાંથી દોહન કરી બનાવ્યું છે.

જો કે સિદ્ધાંતમાં અનેક અર્થો વિસ્તારપૂર્વક પ્રરૂપેલા છે, તો પણ તે સઘળાનો અમારા વડે ઉદ્ધાર કરવો શક્ય નથી, એટલે અમારી પોતાની બુદ્ધિના વૈભવને અનુસરીને સંક્ષિપ્ત રૂચિવાળા જીવો ઉપરની અનુકંપાથી પંચદ્વારાત્મક આ પ્રકરણમાં સંક્ષેપે કરી અમુક જ અર્થોનો પ્રકાશ કરેલ છે.

સઘળા કર્મરૂપ ક્લેશના સંબંધથી મુક્ત થવા વડે જેને નિર્મળ જ્ઞાનના સમૂહરૂપ લક્ષ્મી પ્રગટ થઈ છે, જેણે કુતીર્થિઓના સંપૂર્ણ, માર્ગના પ્રવાહનો નાશ કર્યો છે, અને

જેઓએ મોક્ષ સ્થાનને પ્રાપ્ત કર્યું છે તે શ્રીજિનોમાં ઈન્દ્ર સરખા વર્દ્ધમાનસ્વામી જયવંતા વર્ત્તે છે.

તીર્થંકર ભગવંતોએ ઉપદેશેલું, અને ગણધરભગવંતે ગુંથેલું, સમગ્ર ગમ, ભંગ અને નય સહિત, અને આદર મેળવવા માટે અન્ય તીર્થિકોએ માનેલું એવું જયવંત જૈનશાસન છે. બહુ અર્થવાળા અને અલ્પ શબ્દવાળા આ પ્રકરણને વિસ્તારતાં શ્રીમલયગિરિમહારાજે જે કંઈ પણ પુન્ય પ્રાપ્ત કર્યું હોય તે વડે લોકો સિદ્ધિ પ્રાપ્ત કરે.

અરિહંત ભગવાન મંગળરૂપ હો, સિદ્ધ ભગવાન મંગળરૂપ હો, સાધુમહારાજ મંગળરૂપ હો, અને પરમાત્માએ કહેલ દયા મૂળધર્મ મંગળરૂપ હો તે ચારે મંગળનો હું આશ્રય કરું છું.

इत्याचार्यश्रीचंद्रर्षिप्रणीते श्रीमदाचार्यमलयगिरिविवृते
वढवाणवास्तव्यश्रावक देवचन्द्रात्मजहीरालालकृत-
भाषानुवादे पंचसंग्रहे सप्ततिकासंग्रहः समाप्तः

અનુવાદ સહિત પંચસંગ્રહ સમાપ્ત

ॐ ह्रीँ श्री शंखेश्वर पार्श्वनाथाय नमो नमः
ॐ ह्रीँ श्री महावीरस्वामिने नमो नमः
ॐ ह्रीँ श्री सर्वलब्धिनिधानाय गौतमस्वामिने नमः
श्री विद्यादातृ गुरुभ्यो नमः

શ્રી સપ્તતિકા સાર સંગ્રહ

કયા કર્મના બંધ-ઉદય અથવા સત્તાની સાથે અનુક્રમે કેટલા અને કયા કયા કર્મોનાં બંધ-ઉદય અને સત્તા હોય? એમ સમ્યક્ પ્રકારે વહેંચણી કરવી એટલે કે વિભાગ કરવો તે સંવેધ કહેવાય. તેમજ કેટલી મૂળ અથવા ઉત્તર કર્મપ્રકૃતિઓ બંધાતી હોય ત્યારે મૂળ અથવા ઉત્તર કેટલી કર્મપ્રકૃતિઓનો ઉદય હોય? અથવા સત્તા હોય? તેમજ કેટલી કર્મ પ્રકૃતિઓ બંધાતી હોય ત્યારે કેટલી ઉદય અને સત્તામાં હોય? એમ વિભાગ કરવો તે પણ સંવેધ કહેવાય.

આ ગ્રંથમાં ઉપર જણાવ્યા મુજબ સંવેધ બતાવવામાં આવેલ છે, પરંતુ અધ્યાહારથી કેટલી અને કઈ કર્મ પ્રકૃતિઓનો ઉદય હોય ત્યારે કેટલી પ્રકૃતિઓનો બંધ અથવા સત્તા હોય? તેમજ કેટલી પ્રકૃતિઓનો બંધ અને સત્તા એમ ઉભય હોય? અને કેટલી અને કઈ પ્રકૃતિઓની સત્તા હોય ત્યારે કેટલી કર્મ પ્રકૃતિઓનો બંધ હોય અથવા ઉદય હોય? તેમજ કેટલી પ્રકૃતિઓનો બંધ અને ઉદય એમ ઉભય હોય? એમ વિભાગ કરવો તે પણ સંવેધ કહેવાય.

બંધ સાથે બંધનો સંવેધ

નવમા ગુણસ્થાનક સુધી સમયે સમયે આયુષ્ય વિના સાતે કર્મો બંધાય છે. અને આયુષ્ય ત્રીજા ગુણસ્થાનક સિવાય એકથી સાત ગુણસ્થાનક સુધી પોતાના ચાલુ ભવના આયુષ્યના ત્રીજા વગેરે ભાગોમાં જ બંધાય છે, માટે આયુષ્ય બંધાય ત્યારે ત્રીજા સિવાય એકથી સાત ગુણસ્થાનકે આઠે કર્મો અવશ્ય બંધાય છે.

મોહનીય કર્મ નવમા ગુણસ્થાનક સુધી બંધાય છે. માટે મોહનીયનો બંધ હોય ત્યારે મિશ્ર સિવાય ૧ થી ૭ ગુણસ્થાનકે આયુષ્યના બંધકાલે ૮, અને શેષકાલે તેમજ ત્રીજા, આઠમા અને નવમા ગુણસ્થાનકે આયુષ્ય વિના સાત કર્મ બંધાય છે.

વેદનીય કર્મ તેરમા સુધી બંધાય છે, જેથી વેદનીય બંધાતું હોય ત્યારે ત્રીજા સિવાય આયુના બંધકાલે ૧ થી ૭ ગુણસ્થાનકે ૮, શેષકાલે તેમજ ત્રીજા, આઠમા અને નવમા ગુણસ્થાનકે આયુષ્ય વિના ૭, અને દશમા ગુણસ્થાનકે મોહનીયનો પણ બંધ ન હોવાથી આયુ અને મોહનીય વિના છ, અને અગિયારમાથી તેરમા સુધી એક વેદનીયનો પોતાનો જ બંધ હોય છે.

શેષ જ્ઞાનાવરણીયાદિ પાંચે કર્મો દશમા સુધી બંધાય છે. માટે આ પાંચમાંના જ્ઞાનાવરણીય વગેરે કોઈપણ કર્મનો બંધ હોય ત્યારે ત્રીજા સિવાયના એકથી સાત ગુણસ્થાનકે આઠ, અથવા સાત. ત્રીજે, આઠમે અને નવમે આયુષ્ય વિના સાત, અને દશમે મોહનીય તથા આયુષ્ય વિના છ કર્મો બંધાય છે.

ઉદય સાથે ઉદયનો સંવેધ

આઠે કર્મનો ઉદય દશમા ગુણસ્થાનક સુધી હોય છે, માટે મોહનીય કર્મનો ઉદય હોય ત્યાં સુધી આઠે કર્મોનો, અને જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય તેમજ અંતરાયનો ઉદય બારમા સુધી હોય છે. જેથી આ ત્રણમાંથી કોઈપણ કર્મનો ઉદય હોય ત્યારે દશમા સુધી આઠનો અને અગિયારમે તથા બારમે મોહનીયનો ઉદય ન હોવાથી શેષ સાત કર્મનો હોય છે.

વેદનીયાદિ ચારે અઘાતિ કર્મનો ઉદય ચૌદમા સુધી હોવાથી આ ચારમાંના કોઈપણ કર્મનો ઉદય હોય ત્યારે દશમા સુધી આઠનો, અગિયારમે અને બારમે મોહનીય વિના સાતનો અને તેરમે તથા ચૌદમે વેદનીય વગેરે ચાર અઘાતિ કર્મનો જ ઉદય હોય છે.

સત્તા સાથે સત્તાનો સંવેધ

અગિયારમા ગુણસ્થાનક સુધી આઠ કર્મની સત્તા હોય છે, માટે મોહનીયની સત્તા હોય ત્યાં સુધી આઠેની અને શેષ ત્રણ ઘાતિ કર્મોની સત્તા બારમા સુધી હોય છે, માટે તેમાંના જ્ઞાનાવરણીય વગેરે કોઈની પણ સત્તા હોય ત્યારે અગિયારમા સુધી આઠની, અને બારમે મોહનીય સિવાય સાતની સત્તા હોય છે.

ચારે અઘાતિ કર્મોની સત્તા ચૌદમા ગુણસ્થાનક પર્યંત હોવાથી તેમાંના કોઈપણ કર્મની સત્તા હોય ત્યારે અગિયારમા સુધી આઠની, બારમે મોહનીય સિવાય સાતની અને તેરમે તથા ચૌદમે ચાર અઘાતિ કર્મોની જ સત્તા હોય છે.

બંધ સાથે ઉદય અને સત્તાનો સંવેધ

દશમા ગુણસ્થાનક સુધી ઉદય અને સત્તામાં આઠ, અગિયારમે ઉદયમાં મોહનીય વિના સાત અને સત્તામાં આઠ તેમજ બારમે ઉદય અને સત્તામાં મોહનીય વિના સાત અને પછીના બે ગુણસ્થાનકે ઉદય અને સત્તામાં ચાર કર્મો હોય છે.

ત્યાં ત્રીજા સિવાય એકથી સાત ગુણસ્થાનકે આયુષ્યના બંધકાલે આઠના બંધે, અને આ જ ગુણસ્થાનકોમાં શેષ કાલે તેમજ ત્રીજા, આઠમા અને નવમા ગુણસ્થાનકે સાતના બંધે, અને દશમા ગુણસ્થાનકે મોહનીય અને આયુ વિના છ ના બંધે આઠનો ઉદય અને આઠની સત્તા જ હોય છે.

એકનો બંધ અગિયારમાથી તેરમા સુધી હોવાથી એકના બંધે અગિયારમે મોહનીય વિના સાતનો ઉદય અને આઠની સત્તા. બારમે મોહનીય વિના સાતનો ઉદય અને સાતની સત્તા તથા તેરમા ગુણસ્થાનકે ચારનો ઉદય અને ચારની સત્તા હોય છે.

ભાંગો	બંધ	ઉદય	સત્તા	ગુણસ્થાનક	જઘન્ય કાળ	ઉત્કૃષ્ટ કાળ
૧	૮નો	૮નો	૮ની	ત્રિજાવિનાઆયુષ્યનાબંધકાળે એકથી સાત એમ ૭	અંતર્મુ-હૂર્ત	અન્તર્મુહૂર્ત
૨	આયુષ્ય વિના ૭ નો	૮નો	૮ની	આયુષ્યના અબંધ કાલે ત્રીજા સિવાય સાત અને ત્રીજે ૮ મે અને ૯મે	,,	અંતર્મુહૂર્ત ન્યૂન પૂર્વ-ક્રોડનો ત્રીજો ભાગ અધિક છ માસન્યૂન તેત્રીશ સાગરોપમ
૩	મોહનીય અને આ-યુષ્ય વિના છ નો	,,	,,	૧૦ મું	એક સમય	અન્તર્મુહૂર્ત
૪	વેદનીય ૧ નો	૭ સાતનો	,,	૧૧ મું	,,	,,
૫	,,	,,	૭ સાતની	૧૨ મું	અન્તર્મુહૂર્ત	અન્તર્મુહૂર્ત
૬	,,	૪ અઘાતિ કર્મ નો	૪ની	૧૩ મું	અન્તર્મુહૂર્ત	દેશોન પૂર્વક્રોડ વર્ષ
૭	અબંધ	,,	,,	૧૪ મું	પાંચહસ્વાક્ષરપ્રમાણ અંતર્મુહૂર્ત	જઘન્ય પ્રમાણે

ઉદય અને સત્તા સાથે બંધનો સંવેધ

દશમા ગુણસ્થાનક સુધી ઉદય અને સત્તામાં આઠે કર્મો હોવાથી આઠના ઉદયે આયુષ્યના બંધકાલે ત્રીજા સિવાય એકથી સાત ગુણસ્થાનકે આઠ, અને આજ ગુણસ્થાનકોમાં શેષકાલે તેમજ ત્રીજે, આઠમે અને નવમે સાત, અને દશમે મોહનીય અને આયુષ્ય વિના છ કર્મો બંધાય છે, તેથી આઠના ઉદયે આ ત્રણ બંધસ્થાનક હોય.

આઠની સત્તા અગિયારમે પણ હોય છે માટે આઠની સત્તામાં દશમા ગુણસ્થાનક સુધી ઉપરના ત્રણ અને અગિયારમે વેદનીય રૂપ એક કર્મનું એમ કુલ ચાર બંધસ્થાન હોય છે.

મોહનીય વિના સાતના ઉદયે અગિયારમે અને બારમે તેમજ સાતના સત્તા કેવળ બારમે હોવાથી સાતની સત્તામાં વેદનીય કર્મ રૂપ એક પ્રકૃતિનું એક જ બંધસ્થાન હોય છે.

તેરમે તેમજ ચાદમે ચારનો ઉદય અને ચારની સત્તા હોય છે માટે તેરમે ચારના ઉદય અને સત્તામાં એક પ્રકૃતિરૂપ વેદનીયનું એક બંધસ્થાન હોય છે. ચૌદમે બંધનો અભાવ છે.

ગુણસ્થાનક આશ્રયી આઠે કર્મના સંવેધભાંગા

ત્રીજા સિવાય એકથી સાત એમ છ ગુણસ્થાનકોમાં આયુષ્ય બંધાય ત્યારે આઠનો બંધ, આઠનો ઉદય અને આઠની સત્તા અને શેષકાલે સાતનો બંધ, આઠનો ઉદય અને આઠની સત્તા, આ રીતે બબ્બે ભંગ હોવાથી કુલ ૧૨ તેમજ ત્રીજે, આઠમે અને નવમે સાતનો બંધ. આઠનો ઉદય અને આઠની સત્તા. દશમે છનો બંધ, આઠનો ઉદય અને આઠની સત્તા. અગિયારમે એકનો બંધ, સાતનો ઉદય, આઠની સત્તા, બારમે એકનો બંધ, સાતનો ઉદય અને સાતની સત્તા. તેરમે એકનો બંધ, ચારનો ઉદય અને ચારની સત્તા અને ચૌદમે અબંધ, ચારનો ઉદય, ચારની સત્તા. એમ આ આઠે ગુણસ્થાનકે પ્રત્યેકમાં એક-એક ભંગ હોવાથી કુલ આઠ. એમ ચૌદે ગુણસ્થાનક આશ્રયી મૂળકર્મના કુલ સંવેધ ભાંગા ૧૨ + ૮ = ૨૦ થાય છે.

જીવસ્થાનક આશ્રયી આઠે કર્મના સંવેધભાંગા

સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તામાં સર્વ ગુણસ્થાનક ગણીએ તો સાત અને ભાવ-મન ન હોવાથી કેવળી ભગવંતને સંજ્ઞીમાં ન ગણીએ તો પહેલા પાંચ સંવેધભંગ સંભવે છે.

શેષ ૧૩ જીવસ્થાનકોમાં આયુના બંધકાલે આઠનો બંધ, આઠનો ઉદય અને આઠની સત્તા અને શેષકાલે સાતનો બંધ, આઠનો ઉદય, આઠની સત્તા. આ બબ્બે ભાંગા ઘટતા હોવાથી કુલ ૨૬. એમ ચૌદે જીવસ્થાનક આશ્રયી કુલ ૭ + ૨૬ = ૩૩ અથવા ૫ + ૨૬ = ૩૧ સંવેધ ભાંગા થાય છે.

બંધાદિમાં એક-એક પ્રકૃતિ હોય તો તે પ્રકૃતિ બંધાદિક કહેવાય, અને બે અથવા તેથી વધારે પ્રકૃતિઓ બંધાદિકમાં હોય ત્યારે પ્રકૃતિસ્થાન કહેવાય, અહીં સ્થાન શબ્દ સમૂહવાચી છે.

આઠ કર્મની ઉત્તર પ્રકૃતિઓ આશ્રયી બંધસ્થાનાદિનો તેમજ સંવેધનો વિચાર

જ્ઞાનાવરણ અને અંતરાય

આ બંને કર્મનું પાંચ-પાંચ પ્રકૃતિઓ રૂપ એક જ બંધસ્થાન-ઉદયસ્થાન અને સત્તાસ્થાન છે.

ત્યાં પાંચનું બંધસ્થાન એકથી દશ ગુણસ્થાનક સુધી અને તેનો કાળ અભવ્ય આશ્રયી અનાદિ–અનંત, મોક્ષગામી ભવ્યજીવ આશ્રયી અનાદિ–સાન્ત અને અગિયારમા ગુણસ્થાનકથી પડેલા જીવ આશ્રયી સાદિ–સાન્ત એમ ત્રણ પ્રકારે છે, અગિયારમાથી પડે ત્યારે સાદિ અને પુનઃ શ્રેણી માંડી ૧૧ મે અથવા ૧૨ મે જાય ત્યારે સાન્ત, માટે સાદિ–સાન્ત ભાંગાનો કાળ જઘન્યથી અન્તર્મુહૂર્ત્ત, કારણ કે ઉપશમશ્રેણીથી પડી ફરીથી અન્તર્મુહૂર્ત્તમાં શ્રેણી કરી શકે છે. અને ઉત્કૃષ્ટથી દેશોન અર્ધ પુદ્ગલ પરાવર્ત, કારણકે ઉપશમ શ્રેણીથી પડેલા જીવો વધુમાં વધુ આટલો કાળ જ સંસારમાં રખડે છે. અને પછી અવશ્ય મોક્ષે જાય છે.

પાંચનું ઉદયસ્થાન અને સત્તાસ્થાન બારમા સુધી હોય છે. માટે એ બન્નેનો કાળ અભવ્ય આશ્રયી અનાદિ–અનંત, મોક્ષગામી ભવ્ય આશ્રયી અનાદિ–સાન્ત, એમ બે પ્રકારે હોય છે. આ બન્ને કર્મના ઉદય અને સત્તાનો અભાવ તેરમે હોય છે. પરંતુ ત્યાંથી પડવાનો અભાવ હોવાથી પાંચના ઉદય અને સત્તાનો સાદિ–સાન્ત કાળ નથી.

દશમા ગુણસ્થાન સુધી પાંચનો બંધ, પાંચનો ઉદય અને પાંચની સત્તા હોય છે. તેનો કાળ અભવ્ય આશ્રયી અનાદિ–અનંત, મોક્ષગામી ભવ્ય આશ્રયી અનાદિ–સાન્ત અને પતિત આશ્રયી જઘન્યથી અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટથી દેશોનાર્ધપુદ્ગલ પરાવર્ત્ત છે.

અગિયારમે અને બારમે અબંધ, પાંચનો ઉદય અને પાંચની સત્તા હોય છે એનો કાળ અગિયારમા ગુણસ્થાનકથી ભવક્ષયે પડનારને આશ્રયી એક સમય અને ઉત્કૃષ્ટથી બેમાંથી ગમે તે ગુણસ્થાનક આશ્રયી અન્તર્મુહૂર્ત પ્રમાણ હોય છે, કારણ કે આ ગુણસ્થાનકનો ઉત્કૃષ્ટકાળ આટલોજ છે.

સંજ્ઞી–પંચેન્દ્રિય પર્યાપ્તમાં બાર અથવા ચૌદે ગુણસ્થાનકનો સંભવ હોવાથી આ બન્ને કર્મના ઉપર જણાવેલ બન્ને સંવેધ–ભાંગા, અને શેષ તેર જીવસ્થાનકમાં યથાસંભવ પ્રથમના એક–બે અને ચાર ગુણસ્થાનક જ હોવાથી પાંચનો બંધ, પાંચનો ઉદય અને પાંચની સત્તા રૂપ એક જ સંવેધ હોય છે.

દર્શનાવરણીય

આ કર્મની ઉત્તર પ્રકૃતિઓ નવ છે અને પ્રથમના બે ગુણસ્થાનકસુધી નવે બંધાય છે, તેમજ ત્રીજાથી આઠમાના પહેલા ભાગ સુધી થીણદ્ધિત્રિક વિના છ અને આઠમાના બીજા ભાગથી દશમા ગુણસ્થાનક સુધી નિદ્રાદ્વિક વિના ચાર બંધાય છે, માટે નવ–છ અને ચાર પ્રકૃતિના સમૂહ રૂપ કુલ ત્રણ બંધસ્થાનો છે.

ત્યાં નવ પ્રકૃતિના બંધસ્થાનનો કાળ–અભવ્યોને આશ્રયી અનાદિ–અનન્ત, ભવ્યોને આશ્રયી અનાદિ–સાન્ત, સમ્યક્ત્વથી પડેલા જીવોને આશ્રયી સાદિ–સાન્ત એમ ત્રણ પ્રકારે

છે. તેમજ આ છેલ્લા ભંગનો જઘન્યકાળ અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ દેશોન અર્ધ પુદ્ગલ પરાવર્ત પ્રમાણ છે.

છના બંધસ્થાનનો કાળ–જઘન્યથી અન્તર્મુહૂર્ત, કારણ કે કોઈ જીવ સમ્યક્ત્વથી પડી અન્તર્મુહૂર્તમાં ફરીથી સમ્યક્ત્વ પામી શકે છે અને ઉત્કૃષ્ટ કાળ સાધિક ૧૩૨ સાગરોપમ છે કારણ કે મિશ્ર સહિત સમ્યક્ત્વમાં જીવ સતત આટલો જ કાળ રહી શકે છે.

ચારના બંધનો કાળ–આઠમા ગુણસ્થાનકના પ્રથમભાગના અન્તે નિદ્રાદ્વિકનો બંધ વિચ્છેદ કરી એક સમય ચારનો બંધ કરી ભવક્ષયે પડેલા જીવો આશ્રયી જઘન્યથી એક સમય અને સંપૂર્ણ શ્રેણીનો કાળ પણ અન્તર્મુહૂર્ત હોવાથી ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્ત પ્રમાણ કાળ છે.

બારમા ગુણસ્થાનક સુધી દરેક જીવોને આ કર્મની ચક્ષુદર્શનાવરણીય વગેરે ચાર પ્રકૃતિઓનો હંમેશાં સતત ઉદય હોય છે માટે ચારનું ઉદયસ્થાન અને ક્યારેક પાંચમાંથી ગમે તે એક નિદ્રાનો ઉદય હોય ત્યારે ચાર દર્શનાવરણ અને પાંચમાંથી એક નિદ્રા, એમ પાંચનું ઉદયસ્થાન હોય છે. કોઈ પણ જીવને એક સાથે બે અથવા તેથી વધારે નિદ્રાદિનો ઉદય હોતો નથી, માટે ઉદયસ્થાન ચાર અને પાંચ પ્રકૃતિના સમૂહરૂપ બેજ હોય છે.

આ ગ્રંથકાર વગેરે કેટલાએક આચાર્ય ભગવંતોના મતે ક્ષપકશ્રેણીમાં તથા ક્ષીણ-મોહે નિદ્રાનો ઉદય ન હોવાથી ત્યાં માત્ર ચારનું એકજ ઉદયસ્થાન અને એકથી અગિ-યાર ગુણસ્થાનક સુધી તેમજ અન્ય આચાર્યોના મતે ક્ષપકશ્રેણિમાં તથા ક્ષીણમોહના દ્વિચરમ સમય સુધી જ્યારે પાંચમાંથી એક પણ નિદ્રાનો ઉદય ન હોય ત્યારે ચારનું અને નિદ્રાનો ઉદય હોય ત્યારે પાંચનું એમ બે ઉદયસ્થાન હોય છે.

ત્યાં છઠ્ઠા ગુણસ્થાન સુધી પાંચમાંથી ગમે તે એક નિદ્રાનો ઉદય થઈ શકે છે, માટે છઠ્ઠા ગુણસ્થાન સુધી પાંચના ઉદયમાં પાંચ ભાંગા થાય, અને થીણદ્ધિત્રિકનો ઉદય છઠ્ઠા ગુણસ્થાન પછી ન હોવાથી સાતમાથી ૧૧ મા સુધી પાંચના ઉદયે નિદ્રા અથવા પ્રચલા સાથે બેજ ભાંગા થાય છે.

ઉપશમ શ્રેણિમાં અગિયારમા ગુણસ્થાનક સુધી અને ક્ષપકશ્રેણીમાં નવમા ગુણ–સ્થાનકના પહેલા ભાગ સુધી આ કર્મની બધીજ પ્રકૃતિઓ સત્તામાં હોવાથી નવનું અને ક્ષપકશ્રેણીમાં નવમાના પહેલા ભાગના અન્તે થીણદ્ધિત્રિકનો ક્ષય થવાથી આ ગુણસ્થાનકના બીજા ભાગથી બારમા ગુણસ્થાનકના ઉપાન્ત્ય સમય સુધી છનું અને નિદ્રાદ્વિકનો સ્વરૂપ સત્તાની અપેક્ષાએ ક્ષય થવાથી બારમાના ચરમસમયે ચારનું. એમ ત્રણ સત્તાસ્થાન હોય છે.

સત્તાનો કાળ : નવની સત્તા અભવ્યને અનાદિ-અનન્ત અને ભવ્યને અનાદિ-સાન્ત કાળ છે. છની સત્તા ક્ષપકશ્રેણીમાં જ હોવાથી અને સકલશ્રેણીનો કાળ પણ અન્તર્મુહૂર્ત્ત હોવાથી જઘન્ય અને ઉત્કૃષ્ટ એમ બન્ને રીતે અન્તર્મુહૂર્ત્ત તેમજ ચારની સત્તા બારમાના ચરમ સમયે હોવાથી તેનો જઘન્ય અને ઉત્કૃષ્ટ કાળપણ એક સમય પ્રમાણ હોય છે.

સંવેધ (૧) નવનો બંધ-ચારનો ઉદય અને નવની સત્તા (૨) નવનો બંધ-પાંચનો ઉદય અને નવની સત્તા આ બે પ્રથમના બે ગુણસ્થાનક સુધી હોય છે. પછી થીણદ્ધિત્રિકનો બંધ ન હોવાથી ત્રીજાથી આઠમાના પહેલા ભાગ સુધી (૩-૪) છનો બંધ-ચાર-કે પાંચનો ઉદય નવની સત્તા, આ બે સંવેધ અને નિદ્રાદ્વિકના બંધ વિચ્છેદ પછી ઉપશમશ્રેણીમાં દસમા સુધી અને ક્ષપકશ્રેણીમાં નવમાના પહેલા ભાગ સુધી (૫) ચારનો બંધ-ચારનો ઉદય અને નવની સત્તા તેમજ ઉપશમ-શ્રેણીમાં નિદ્રાનો ઉદય હોય ત્યારે ચારનો બંધ-પાંચનો ઉદય-નવની સત્તા આ બે અને ક્ષપકશ્રેણીમાં થીણદ્ધિત્રિકનો ક્ષય થયા બાદ નવમાના બીજા ભાગથી દશમા સુધી (૭) ચારનો બંધ ચારનો ઉદય અને છની સત્તા તેમજ અગ્યારમા ગુણસ્થાનકે બંધના અભાવે (૮) ચારનો ઉદય અને નવની સત્તા (૯) પાંચનો ઉદય-નવની સત્તા આ બે અને બારમા ગુણસ્થાનકના ઉપાન્ત્ય સમય સુધી બંધના અભાવે (૧૦) ચારનો ઉદય, છની સત્તા તેમજ છેલ્લા સમયે (૧૧) ચારનો ઉદય અને ચારની સત્તા એમ મૂળ મતે કુલ અગ્યાર સંવેધ અને ક્ષપકશ્રેણીમાં નિદ્રાનો ઉદય માને છે તે મહર્ષિઓના મતે (૧) ચારનો બંધ, પાંચનો ઉદય અને છની સત્તા તેમજ બંધના અભાવે બારમે પણ (૨) પાંચનો ઉદય અને છની સત્તા આ બે સંવેધ વધારે હોવાથી કુલ તેર સંવેધ ભાંગા છે.

કાળ :- અબંધ, ચારનો ઉદય અને ચારની સત્તા બારમાના ચરમ સમયે જ હોવાથી તેનો જઘન્ય અને ઉત્કૃષ્ટ એમ બન્ને રીતે કાળ એક જ સમય તેમજ ક્ષપકશ્રેણીમાં જીવ કાળ કરતો ન હોવાથી ક્ષપકશ્રેણીમાં જ ઘટે એવા ચારનો બંધ-ચારનો ઉદય-છની સત્તા તેમજ અબંધ-ચારનો ઉદય-છની સત્તા. આ બે ભાંગાઓનો જઘન્ય તેમજ ઉત્કૃષ્ટ કાળ અન્ત-ર્મુહૂર્ત્ત અને અન્ય આચાર્યોના મતે ક્ષપકશ્રેણીમાં ઘટતા નિદ્રાના ઉદયવાળા બે ભાંગાઓનો પણ આજ પ્રમાણે અન્તર્મુહૂર્ત્ત અને ચારનો બંધ, ચાર કે પાંચનો ઉદય-નવની સત્તા તેમજ અબંધ ચાર-પાંચનો ઉદય અને નવની સત્તા આ ચાર ભાંગાઓનો કાળ મરણની અપેક્ષાએ જઘન્યથી એક સમય અને મરણ વિના ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્ત્ત છે.

(૧) નવનો બંધ, ચાર-પાંચ નો ઉદય અને નવની સત્તા તેમજ છ નો બંધ ચાર-પાંચ નો ઉદય અને નવની સત્તા આ ચારે સંવેધનો કાળ જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્ત્ત છે. કારણ કે અધ્રુવોદયી પ્રકૃતિઓ તેની યોગ્ય ભૂમિકામાં સમયથી અન્તર્મુહૂર્ત્તે અવશ્ય બંધની જેમ ઉદયમાં પણ પરાવર્તન પામે છે.

હવે ચૌદ જીવસ્થાનક આશ્રયી વિચારીએ તો સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તામાં સર્વ ગુણસ્થાનકનો સંભવ હોવાથી અગ્યાર અથવા તેર અને જો લબ્ધિ પર્યાપ્તા અને કરણ અપર્યાપ્તાની વિવક્ષા કરીએ તો સંજ્ઞી અપર્યાપ્તામાં પ્રથમના બે ગુણસ્થાનકે નવના બંધના બે અને ચોથે ગુણસ્થાનકે છના બંધના બે એમ ચાર તેમજ લબ્ધિ અપર્યાપ્તાની વિવક્ષા કરીએ તો આ જીવ ભેદમાં અને શેષ બાર એમ કુલ તેરે જીવભેદમાં નવના બંધના પ્રથમના બેજ સંવેધ ઘટે છે.

વેદનીય

આ કર્મની બેજ પ્રકૃતિઓ છે. તેમાં અસાતાનો બંધ છઠ્ઠા સુધી તેમજ સાતાનો બંધ તેરમા સુધી હોય છે. અને બન્નેનો ઉદય ૧૪માના ચરમ સમય સુધી હોય છે. પરંતુ આ બન્ને પ્રકૃતિઓ બંધ અને ઉદયમાં પરાવર્તમાન હોવાથી બંધ કે ઉદયમાં સાથે આવતી નથી પણ બેમાંથી ગમે તે એક જ આવે છે માટે એક પ્રકૃતિનું એક જ બંધસ્થાન અને એક જ ઉદયસ્થાન છે.

તેરમા ગુણસ્થાનક સુધી વિવક્ષિત એક ગુણસ્થાનમાં એક જીવને પણ ઉદયમાં સાતા અને અસાતા પરાવર્તમાન થઈ શકે છે. પણ ચૌદમા ગુણસ્થાનકે તેમ પરાવર્તમાન થતી નથી પરંતુ જે જીવને સાતાનો ઉદય હોય તેને સાતાનો જ અને જે જીવને અસાતાનો ઉદય હોય તેને અસાતાનોજ ઉદય હોય છે આ ખાસ ધ્યાનમાં રાખવું.

ચૌદમાના ઉપાન્ત્ય સમય સુધી દરેક જીવોને સાતા અને અસાતા-એ બન્નેની અને ચરમ સમયે સાતાના ઉદયવાળાને સાતાની અને અસાતાના ઉદયવાળાને અસાતાની જ સત્તા હોય છે. માટે એક અને બે પ્રકૃતિ રૂપ બે જ સત્તાસ્થાન છે.

સંવેધ (૧) અસાતાનો બંધ, અસાતાનો ઉદય, બેની સત્તા (૨) અસાતાનો બંધ, સાતાનો ઉદય, બેની સત્તા (૩) સાતાનો બંધ, અસાતાનો ઉદય, બેની સત્તા અને (૪) સાતાનો બંધ, સાતાનો ઉદય, બેની સત્તા આ ચારે એક થી છ ગુણસ્થાનક સુધી સંભવે છે.

ત્યાર બાદ અસાતાનો બંધ ન હોવાથી સાતમાથી તેરમા ગુણસ્થાનક સુધી ત્રીજો અને ચોથો એમ બે ભંગ સંભવે છે.

૧૪ મા ગુણસ્થાનકમાં દ્વિચરમ સમય સુધી (૫) અબંધ, સાતાનો ઉદય, બેની સત્તા (૬) અબંધ અસાતાનો ઉદય, બેની સત્તા અને ચરમ સમયે (૭) સાતાનો ઉદય, સાતાની સત્તા (૮) અસાતાનો ઉદય, અસાતાની સત્તા આ ચાર ભંગ ઘટે છે. એમ વેદનીય કર્મના કુલ આઠ સંવેધ ભાંગા છે.

કાળઃ– ત્યાં છેલ્લા બે ભાંગા ચૌદમાના ચરમ સમયે હોવાથી તેનો કાળ જઘન્ય અને ઉત્કૃષ્ટ એમ બન્ને રીતે એક સમય, અને પાંચમા અને છઠ્ઠા ભાંગાનો જઘન્ય અને ઉત્કૃષ્ટ

એમ બન્ને રીતે સમય ન્યૂન ૧૪ મા ગુણસ્થાનકના કાળ પ્રમાણ અન્તર્મુહૂર્ત્ત, અને પ્રથમના ચારે ભાંગાનો કાળ જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્ત્ત છે.

હવે આજ ભાંગાઓ જીવસ્થાનકોમાં વિચારીએ અને સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તમાં ચૌદે ગુણસ્થાનકની વિવક્ષા કરીએ તો તેમાં આઠ અને શેષ તેર જીવસ્થાનકમાં પ્રથમના ચાર તેમજ સંજ્ઞી પર્યાપ્તમાં પણ બાર ગુણસ્થાનકની જ વિવક્ષા કરીએ તો ચૌદે જીવસ્થાનકમાં પ્રથમના ચાર ભંગજ ઘટે છે. અને છેલ્લા ચાર ભંગ માત્ર કેવળી ભગવંતમાં જ ઘટે છે.

આયુષ્ય :– આ કર્મની ચાર પ્રકૃતિઓ છે. પરંતુ કોઈપણ એક જીવને બંધમાં અને ઉદયમાં એક જ હોય છે. એક સાથે બે કે ત્રણ બંધ કે ઉદયમાં હોતી નથી માટે એક પ્રકૃતિરૂપ બંધસ્થાન અને ઉદયસ્થાન એક જ છે. તેમજ પરભવનું આયુષ્ય ન બાંધે ત્યાં સુધી વિવક્ષિત ભવના આયુષ્યની એકની અને પરભવ આયુના બંધસમયથી આરંભી ત્યાંથી કાળ ન કરે ત્યાં સુધી બેની સત્તા હોય છે. માટે એક અને બે પ્રકૃતિ રૂપ બે સત્તાસ્થાન હોય છે.

જીવ જ્યાં સુધી પરભવ–આયુના બંધની શરૂઆત ન કરે ત્યાં સુધી અબદ્ધાયુ, પરભવ આયુના બંધની શરૂઆતથી બંધ પૂર્ણ ન કરે ત્યાં સુધી બધ્યમાનાયુ અને બંધ સમાપ્ત કર્યા બાદ ત્યાંથી કાળ ન કરે ત્યાં સુધી બદ્ધાયુ એમ ત્રણ અવસ્થા હોય છે.

નરકાયુનો બંધ પહેલા, તિર્યંચ આયુનો પ્રથમના બે અને મનુષ્યાયુનો પ્રથમનાં બે અને ચોથું એમ ત્રણ અને દેવાયુનો બંધ ત્રીજા વિના એક થી ૭ એમ છ ગુણસ્થાનકે હોય છે.

નરક અને દેવાયુનો ઉદય પ્રથમનાં ચાર, તિર્યંચાયુનો પ્રથમનાં પાંચ અને મનુષ્યાયુનો ઉદય ૧૪મા ગુણસ્થાનક સુધી હોય છે.

નરક અને તિર્યંચાયુ.ની સત્તા સાતમા સુધી, દેવાયુષ્યની સત્તા ઉપશમશ્રેણી આશ્રયી અગિયારમા સુધી અને મનુષ્ય આયુની સત્તા ૧૪મા સુધી હોય છે.

સંવેધ :

નરકગતિ : અબદ્ધાયુ (૧) નરકાયુષ્યનો ઉદય અને નરકાયુની સત્તા ગુણસ્થાનક ૧ થી ૪. બધ્યમાનાયુ. (૨) તિર્યંચાયુનો બંધ, નરકાયુનો ઉદય, નરક–તિર્યંચાયુની સત્તા ગુણસ્થાનક પ્રથમનાં બે. બધ્યમાનાયુ (૩) મનુષ્યાયુનો બંધ, નરકાયુનો ઉદય, નરક–મનુષ્યાયુની સત્તા. ગુણસ્થાનક ત્રીજા વિના ૧ થી ૪. બદ્ધાયુ. (૪) નરકાયુનો ઉદય, નરક–તિર્યંચાયુની સત્તા (૫) નરકાયુનો ઉદય, નરક–મનુષ્યાયુની સત્તા, આ બન્ને ભાંગામાં ગુણસ્થાન ૧ થી ૪.

દેવગતિ :—અબદ્ધાયુ (૧) દેવાયુનો ઉદય અને દેવાયુની સત્તા. ગુણસ્થાનક ૧ થી ૪. બધ્યમાનાયુ (૨) તિર્યંચાયુનો બંધ, દેવાયુનો ઉદય, દેવ–તિર્યંચાયુની સત્તા. ગુણસ્થાનક પ્રથમનાં બે (૩) મનુષ્યાયુનો બંધ, દેવાયુનો ઉદય, દેવ–મનુષ્યાયુની સત્તા. ગુણસ્થાનક ત્રીજા વિના એકથી ચાર, બદ્ધાયુ (૪) દેવાયુનો ઉદય. દેવ–તિર્યંચાયુની સત્તા (૫) દેવાયુનો ઉદય, દેવ–મનુષ્યાયુની સત્તા. આ બન્ને ભાંગામાં ગુણસ્થાનક ૧ થી ૪.

તિર્યંચ ગતિ :—અબદ્ધાયુ (૧) તિર્યંચાયુનો ઉદય, તિર્યંચાયુની સત્તા. ગુણસ્થાનક ૧ થી ૫. બધ્યમાનાયુ. (૨) નરકાયુનો બંધ, તિર્યંચાયુનો ઉદય, તિર્યંચ–નરકાયુની સત્તા. ગુણસ્થાનક પહેલું (૩) તિર્યંચાયુનો બંધ, તિર્યંચાયુનો ઉદય, તિર્યંચ–તિર્યંચાયુની સત્તા. ગુણસ્થાનક પ્રથમનાં બે (૪) મનુષ્યાયુનો બંધ, તિર્યંચાયુનો ઉદય, તિર્યંચ-મનુષ્યાયુની સત્તા. ગુણસ્થાનક પ્રથમનાં બે (૫) દેવાયુનો બંધ, તિર્યંચાયુનો ઉદય, તિર્યંચ–દેવાયુની સત્તા. ગુણસ્થાનક ત્રીજા વિના ૧ થી ૫. બદ્ધાયુ (૬) તિર્યંચાયુનો ઉદય, તિર્યંચ–નરકની સત્તા (૭) તિર્યંચાયુનો ઉદય, તિર્યંચ–તિર્યંચાયુની સત્તા (૮) તિર્યંચાયુનો ઉદય, તિર્યંચ–મનુષ્યાયુની સત્તા (૯) તિર્યંચાયુનો ઉદય, તિર્યંચ-દેવાયુની સત્તા આ ચારે ભાંગામાં ગુણસ્થાનક ૧ થી ૫.

મનુષ્ય ગતિ :—અબદ્ધાયુ. (૧) મનુષ્યાયુનો ઉદય, મનુષ્યાયુની સત્તા. ગુણસ્થાનક ૧ થી ૧૪. બધ્યમાનાયુ. (૨) નરકાયુનો બંધ, મનુષ્યાયુનો ઉદય, મનુષ્ય-નરકાયુની સત્તા. ગુણસ્થાનક પહેલું. (૩) તિર્યંચાયુનો બંધ, મનુષ્યાયુનો ઉદય, મનુષ્ય-તિર્યંચાયુની સત્તા. ગુણસ્થાનક પ્રથમનાં બે (૪) મનુષ્યાયુનો બંધ, મનુષ્યાયુનો ઉદય, મનુષ્ય–મનુષ્યાયુની સત્તા. ગુણસ્થાનક પ્રથમનાં બે (૫) દેવાયુનો બંધ, મનુષ્યાયુનો ઉદય, મનુષ્ય–દેવાયુની સત્તા. ગુણસ્થાનક ત્રીજા વિના ૧ થી ૭. બદ્ધાયુ. (૬) મનુષ્યાયુનો ઉદય, મનુષ્ય–નરકાયુની સત્તા. (૭) મનુષ્યાયુનો ઉદય, મનુષ્ય-તિર્યંચાયુની સત્તા. (૮) મનુષ્યાયુનો ઉદય, મનુષ્ય–મનુષ્યાયુની સત્તા. આ ત્રણે ભાંગામાં ગુણસ્થાનક ૧ થી ૭. (૯) મનુષ્યાયુનો ઉદય, મનુષ્ય–દેવાયુની સત્તા. ગુણસ્થાનક એકથી અગિયાર.

કાળ:–આયુષ્યનો બંધ અન્તર્મુહૂર્ત સુધી જ હોય છે માટે ચારે ગતિમાં બધ્યમાનાયુના બારે ભાંગાનો કાળ જઘન્ય અને ઉત્કૃષ્ટ એમ બન્ને રીતે અન્તર્મુહૂર્ત પ્રમાણ છે તેમજ નારક અને દેવો પોતાના આયુષ્યના છ માસ બાકી હોય ત્યારે પરભવાયુ બાંધે છે. અને બન્નેનું જઘન્યાયુ. દશ હજાર વર્ષ પ્રમાણ અને ઉત્કૃષ્ટાયુ તેત્રીસ સાગરોપમ પ્રમાણ છે માટે નરકાયુષ્યનો ઉદય અને નરકાયુની સત્તા તેમજ દેવાયુનો ઉદય અને દેવાયુની સત્તા આ બન્ને ભાંગાઓનો કાળ જઘન્યથી છમાસન્યૂન દસ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટથી છમાસન્યૂન તેત્રીસ-સાગરોપમ પ્રમાણ છે અને કેટલાક આચાર્ય ભગવન્તોના મતે નારકી અન્તર્મુહૂર્ત આયુષ્ય બાકી હોય ત્યારે પણ પરભવાયુ બાંધે છે તેઓના મતે પહેલા ભાંગાનો ઉત્કૃષ્ટ કાળ અન્તર્મુહૂર્ત ન્યૂન તેત્રીશ સાગરોપમ પણ ઘટે છે.

આ બન્ને ગતિમાં બદ્ધાયુના છેલ્લા બબ્બે ભાંગાનો કાળ જઘન્ય અને ઉત્કૃષ્ટ એમ બંને રીતે અન્તર્મુહૂર્ત ન્યૂન છમાસ અને મતાંતરે નરકાયુના ઉદયવાળા છેલ્લા બે ભાંગાનો કાળ જઘન્ય અન્તર્મુહૂર્ત છે.

તિર્યંચાયુનો ઉદય અને તિર્યંચાયુની સત્તા. મનુષ્યાયુનો ઉદય અને મનુષ્યાયુની સત્તા આ બન્ને ભાંગાઓનો કાળ જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી યુગલિકો આશ્રયી છમાસ ન્યૂન ત્રણ પલ્યોપમ, તેમજ મતાન્તરે પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન ત્રણ પલ્યોપમ છે.

આ તિર્યંચ અને મનુષ્યગતિમાં બદ્ધાયુના આઠે ભાંગાઓનો કાળ જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્તન્યૂન પૂર્વક્રોડનો ત્રીજો ભાગ, પરંતુ મતાન્તરે યુગલિક આશ્રયી તિર્યંચાયુનો ઉદય અને તિર્યંચ-દેવાયુની સત્તા, મનુષ્યાયુનો ઉદય અને મનુષ્ય-દેવાયુની સત્તા, આ બે ભાંગાઓનો કાળ ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્તન્યૂન પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ છે.

હવે જીવસ્થાનક આશ્રયી વિચારીએ તો—

સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત ચારે ગતિમાં હોવાથી તેમાં અઠ્ઠાવીશે ભાંગા હોય છે.

લબ્ધિ અપર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ તથા મનુષ્ય જ હોય છે તેમજ તેઓ બંધ પણ તિર્યંચ અને મનુષ્યાયુનો જ કરે છે માટે આ બન્ને ગતિમાં અબદ્ધાયુનો એક-એક બધ્યમાનાયુના તિર્યંચ અને મનુષ્યના બબ્બે કુલ ચાર અને બદ્ધાયુના પણ આજ બબ્બે એમ કુલ દશ ભાંગા છે.

અસંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત તિર્યંચ જ હોય છે, અને તે ચારે ગતિમાં જાય છે માટે અસંજ્ઞી પં. પર્યાપ્તમાં તિર્યંચના નવ ભાંગા હોય છે.

અસંજ્ઞી પં. અપર્યાપ્ત તિર્યંચ અને મનુષ્ય હોવાથી અપ. સંજ્ઞી પંચે.માં બતાવ્યા મુજબ પાંચ તિર્યંચના અને પાંચ મનુષ્યના એમ દશ ભાંગા હોય છે.

શેષ દશ જીવસ્થાનકોમાં તિર્યંચો જ હોય છે તેમજ આ જીવો તિર્યંચ અને મનુષ્યાયુનો જ બંધ કરે છે માટે દશે જીવસ્થાનકોમાં અબદ્ધાયુનો એક, બધ્યમાન અને બદ્ધાયુના બબ્બે એમ કુલ પાંચ પાંચ ભાંગા હોય છે.

ગોત્ર

આ કર્મની પણ બે જ પ્રકૃતિઓ છે પરંતુ પરાવર્તમાન હોવાથી બંધ અને ઉદયમાં બન્ને એક સાથે હોતી નથી, પરંતુ ગમે તે એક-એક હોય છે. માટે એક પ્રકૃતિરૂપ એક બંધસ્થાન અને ઉદયસ્થાન છે. ૧૪-માના ચરમ સમયે માત્ર ઉચ્ચગોત્રની સત્તા હોય છે અને તેઉ-વાઉકાયમાં ઉચ્ચગોત્રની ઉદ્વલના કર્યા પછી તેઓમાં તેમજ ત્યાંથી નીકળી પૃથ્વીકાયાદિક

અન્ય તિર્યંચોમાં પણ જ્યાં સુધી ઉચ્ચગોત્ર ન બાંધે ત્યાં સુધી અન્તર્મુહૂર્ત માત્ર નીચ-ગોત્રની પણ સત્તા હોય છે એમ બે રીતે એક પ્રકૃતિનું અને શેષકાલે સર્વ જીવોને બે-પ્રકૃતિનું એમ બે સત્તાસ્થાનો છે.

નીચનો બંધ પ્રથમના બે ગુણસ્થાનક સુધી અને ઉદય પ્રથમના પાંચ ગુણસ્થાનક સુધી, ઉચ્ચનો બંધ એકથી દશ ગુણસ્થાનક સુધી અને ઉદય ચૌદ ગુણસ્થાનક સુધી છે. કેવલ નીચની સત્તા માત્ર પહેલા ગુણસ્થાનકે અને કેવળ ઉચ્ચની સત્તા ચૌદમાના ચરમ સમયે જ હોય છે અને બન્નેની સત્તા સર્વ ગુણસ્થાનકોમાં હોય છે.

સંવેધ

(૧) નીચનો બંધ, નીચનો ઉદય અને નીચની સત્તા. આ ભાંગો તેઉકાય-વાઉકાયમાં ઉચ્ચગોત્રની ઉદ્વલના કર્યા બાદ તેમજ ત્યાંથી નીકળી અન્યતિર્યંચોમાં માત્ર અન્તર્મુહૂર્ત કાળ પર્યંત હોય છે તેમજ તેઉકાય અને વાઉકાયમાં અને ત્યાંથી નીકળેલા જીવો પણ અનન્તર તિર્યંચના ભવમાં સમ્યક્ત્વ પામતા નથી માટે પહેલે ગુણસ્થાનકે જ હોય (૨) નીચનો બંધ, નીચનો ઉદય અને બેની સત્તા-પ્રથમના બે ગુણસ્થાનક સુધી (૩) નીચનો બંધ, ઉચ્ચનો ઉદય, બેની સત્તા. ગુણસ્થાનક પ્રથમનાં બે (૪) ઉચ્ચનો બંધ, નીચનો ઉદય, બેની સત્તા, પ્રથમના પાંચ ગુણસ્થાનક (૫) ઉચ્ચનો બંધ, ઉચ્ચનો ઉદય અને બેની સત્તા પ્રથમના દશ ગુણસ્થાનક (૬) ઉચ્ચનો ઉદય, બેની સત્તા. ૧૧મા ગુણ-સ્થાનકથી ચૌદમાના ઉપાન્ત્ય સમય સુધી (૭) ઉચ્ચનો ઉદય, ઉચ્ચની સત્તા ૧૪માના ચરમ સમયે હોય છે.

કાળ :–તેઉકાય અને વાઉકાયમાં ઉચ્ચગોત્રની ઉદ્વલના કરી અલ્પકાળમાં જ અન્યતિ-ર્યંચોમાં જઈ અન્તર્મુહૂર્ત પછી ઉચ્ચનો બંધ થવાથી બેની સત્તા થાય છે માટે પ્રથમ-ભાંગાનો કાળ જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી તેઉકાય-વાઉકાયની અસંખ્યાત ઉત્સ-ર્પિણી અને અવસર્પિણી સ્વકાયસ્થિતિમાંથી ઉદ્વલના કરવાનો પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ કાળ બાદ કરી શેષકાળ અને અન્યતિર્યંચમાં અન્તર્મુહૂર્ત. કુલ પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન અન્તર્મુહૂર્ત અધિક અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણી પ્રમાણ છે.

(૨) નીચનો બંધ, નીચનો ઉદય અને બેની સત્તાનો કાળ-પ્રથમ સમયે નીચગોત્ર બાંધી બીજા સમયે ઉચ્ચગોત્ર બાંધનારને આશ્રયી જઘન્યથી એક સમય અને સાતમી નરકના મિથ્યાદૃષ્ટિને ભવ પર્યંત આજ ભાંગો હોય છે તેમજ સાતમી નરકનું ઉત્કૃષ્ટ આયુષ્ય તિર્યંચો બાંધે છે અને ભવના છેલ્લા અન્તર્મુહૂર્તમાં જે ગતિમાં જવાનું હોય તે જ ગતિ લાયક બંધ પણ થાય છે તેમજ સાતમી નરકમાંથી કાળ કરીને પણ જીવ તિર્યંચોમાં જ ઉત્પન્ન થાય છે અને એવા તિર્યંચોને પણ ભવના પ્રથમ અન્તર્મુહૂર્તમાં

આજ ભાંગો ઘટે છે. માટે પૂર્વભવનું એક, અને પછીના ભવનું એક એમ બે અન્તર્મુહૂર્ત અને તેત્રીશ સાગરોપમ નારકના, આ પ્રમાણે આ ભાંગાનો ઉત્કૃષ્ટ કાળ બે અન્તર્મુહૂર્ત અધિક તેત્રીશ સાગરોપમ છે.

(૩) નીચનો બંધ, ઉચ્ચનો ઉદય અને બેની સત્તાનો કાળ બંધ આશ્રયી નીચ અને ઉચ્ચ ગોત્ર પરાવર્તમાન હોવાથી જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્ત છે.

(૪) ઉચ્ચનો બંધ, નીચનો ઉદય અને બેની સત્તાનો કાળ બંધ આશ્રયી પરાવર્તમાન હોવાથી જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી બે અન્તર્મુહૂર્ત ન્યૂન તેત્રીશ સાગરોપમ પ્રમાણ છે. કારણકે નરકમાં નીચનો ઉદય હોય છે. અને સામાન્યથી સાતમી નરકમાં મિથ્યાદષ્ટિને ભવસ્વભાવે નીચનો જ બંધ હોય છે પરંતુ સાતમી નરકમાં ઉત્પન્ન થઈ અન્તર્મુહૂર્તમાં જ ક્ષયોપશમ સમ્યક્ત્વ પામી ભવના દ્વિચરમ અન્તર્મુહૂર્ત સુધી સમ્યક્ત્વમાં રહેનાર નારક ઉચ્ચગોત્રનો જ બંધ કરે છે માટે તેવા જીવને આશ્રયી આટલો અને છમાસ બાકી હોય ત્યારે આયુષ્ય બાંધે જ એ મતે આયુષ્ય બાંધતાં મિથ્યાત્વ જ હોવાથી અન્તર્મુહૂર્ત અધિક છ માસ ન્યૂન તેત્રીશ સાગરોપમ ઉત્કૃષ્ટ કાળ ઘટી શકે છે.

(૫) ઉચ્ચનો બંધ, ઉચ્ચનો ઉદય અને બેની સત્તાનો કાળ નીચ અને ઉચ્ચ બંધમાં પરાવર્તમાન હોવાથી જઘન્યથી એક સમય અને નીચનો બંધ પ્રથમના બે ગુણસ્થાનક સુધી હોવાથી તેમજ મિથ્યાત્વ પામ્યા વિના જીવ દેવ અને મનુષ્યભવમાં સાધિક ૧૩૨ સાગરોપમ કાળ પ્રમાણ જ સંસારમાં રહી શકે છે માટે ઉત્કૃષ્ટથી સાધિક ૧૩૨ સાગરોપમ પ્રમાણ છે.

(૬) ઉચ્ચનો ઉદય અને બેની સત્તાનો કાળ અગિયારમા ગુણસ્થાનકથી ભવક્ષયે પડનારને આશ્રયી જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી તેરમા ગુણસ્થાનક આશ્રયી દેશોન પૂર્વક્રોડ વર્ષ છે.

(૭) ઉચ્ચનો ઉદય તેમજ ઉચ્ચની સત્તાનો કાળ જઘન્ય અને ઉત્કૃષ્ટ એમ બન્ને રીતે એક સમયનો જ છે.

આજ ભાંગાઓનો જીવસ્થાનક આશ્રયી વિચાર

પર્યાપ્તા સંજ્ઞી પંચેન્દ્રિયમાં સર્વ ગુણસ્થાનકોની વિવક્ષા કરીએ તો સાત, અને બાર ગુણસ્થાનકની વિવક્ષા કરીએ તો પ્રથમના છ હોય છે, લબ્ધિપર્યાપ્ત અને કરણ અપર્યાપ્ત એવા સંજ્ઞી પંચેન્દ્રિયની વિવક્ષા કરીએ તો તેમાં પહેલું-બીજું અને ચોથું ગુણસ્થાનક હોવાથી તેમજ ચારે ગતિના જીવો આવતા હોવાથી પ્રથમના પાંચ અને જો લબ્ધિ અપર્યાપ્તની વિવક્ષા કરીએ તો તેમાં માત્ર નીચ ગોત્રનો જ ઉદય હોવાથી પહેલો,

બીજો અને ચોથો એમ ત્રણ ભાંગા હોય છે અને શેષ બાર જીવસ્થાનકોમાં પણ આજ ત્રણ ભાંગા હોય છે.

ગુણસ્થાનક આશ્રયી છ કર્મની ઉત્તર પ્રકૃતિઓનો સંવેધ

પ્રથમના દશ ગુણસ્થાનકોમાં જ્ઞાનાવરણીય અને અન્તરાયનો પાંચ પ્રકૃતિના બંધ, ઉદય અને સત્તારૂપ ત્રણ વિકલ્પવાળો એક અને અગ્યારમે તેમજ બારમે ગુણસ્થાનકે અબંધ, પાંચનો ઉદય અને પાંચની સત્તારૂપ બે વિકલ્પવાળો એક ભાંગો હોય છે.

દર્શનાવરણીયના પ્રથમના બે ગુણસ્થાનકોમાં નવનો બંધ, ચાર અથવા પાંચનો ઉદય, અને નવની સત્તા આ બે, ત્રીજાથી આઠમા ગુણસ્થાનકના પહેલા ભાગ સુધી છ નો બંધ, ચાર અથવા પાંચનો ઉદય અને નવની સત્તા આ બે, તેમજ આઠમાના બીજા ભાગથી દશમા સુધી ચારનો બંધ, ચાર-પાંચનો ઉદય અને નવની સત્તા, આ બે તેમજ ક્ષપકશ્રેણિમાં નવમાના પહેલા ભાગે થીણદ્ધિત્રિકનો ક્ષય થવાથી અને મૂળ મતે નિદ્રાનો ઉદય ન હોવાથી નવમાના બીજા ભાગથી દશમા ગુણસ્થાનક સુધી ચારનો બંધ, ચારનો ઉદય અને છની સત્તા હોય છે. માટે સામાન્યથી નવમા અને દશમા ગુણસ્થાને ચારના બંધના કુલ ત્રણ, અગિયારમે અબંધ, ચાર કે પાંચનો ઉદય અને નવની સત્તા આ બે. અને બારમે ચારનો ઉદય અને છ ની સત્તા તેમજ ચરમ સમયે ચારનો ઉદય, ચારની સત્તા, એમ બે સંવેધ ભાંગા હોય છે.

મતાન્તરે ક્ષપકશ્રેણિમાં નિદ્રાનો ઉદય માનીએ તો નવમાના બીજા ભાગથી દશમા ગુણસ્થાનક સુધી ક્ષપક શ્રેણિમાં ચારનો બંધ, પાંચનો ઉદય અને છની સત્તા, તેમજ પૂર્વોક્ત ત્રણ એમ કુલ ચાર, વળી બારમા ગુણસ્થાનકે પહેલાં બતાવેલ બે તેમજ પાંચનો ઉદય અને છની સત્તા એમ કુલ ત્રણ ભાંગા હોય છે.

વેદનીય કર્મના પ્રથમના છ ગુણસ્થાનકોમાં પહેલા ચાર, સાતથી તેરમા ગુણસ્થાનક સુધી સાતાના બંધના બે તેમજ ચૌદમા ગુણસ્થાનકે અબંધના ચાર ભાંગા હોય છે.

આયુષ્ય કર્મના પહેલા ગુણસ્થાનકે અઠ્ઠાવીશ અને નરકાયુનો બંધ પહેલા ગુણસ્થાનકે જ થાય છે, તેથી નરકાયુનો બંધ, તિર્યંચાયુનો ઉદય, તિર્યંચ-નરકાયુની સત્તા તેમજ નરકાયુનો બંધ, મનુષ્યાયુનો ઉદય અને મનુષ્ય-નરકાયુની સત્તા, આ બે વિના બીજા ગુણસ્થાને શેષ છવ્વીશ, ત્રીજા ગુણસ્થાનકે તથાસ્વભાવે આયુનો બંધ ન હોવાથી ચારે ગતિમાં બધ્યમાન અવસ્થાના બાર ભાંગા વિના શેષ ૧૬, ચોથા ગુણસ્થાનકે અબદ્ધાયુના ચાર, બદ્ધાયુના ૧૨ એમ ૧૬ અને આ ગુણસ્થાનકે દેવો અને નારકો મનુષ્યાયુનો જ અને મનુષ્યો-તેમજ તિર્યંચો દેવાયુનો જ બંધ કરે છે. માટે બધ્યમાન અવસ્થાના ચારે ગતિના એક-એક એમ કુલ મળી ૨૦ ભાંગા હોય છે.

પાંચમે ગુણસ્થાનકે માત્ર તિર્યંચ અને મનુષ્ય જ હોય છે. અને તેઓ પણ એક દેવાયુનો જ બંધ કરેછે. માટે બન્ને ગતિના મળી અબદ્ધાયુ અને બધ્યમાનાયુના બબ્બે તેમજ બદ્ધાયુના આઠ એમ કુલ બાર ભાંગા, છટ્ઠે તથા સાતમે ગુણસ્થાનકે માત્ર મનુષ્ય જ હોવાથી અને તેઓ પણ-દેવાયુનો જ બંધ કરતા હોવાથી માત્ર મનુષ્ય ગતિના જ અબદ્ધાયુ અને બધ્યમાનાયુનો એક-એક તેમજ બદ્ધાયુના ચાર એમ કુલ છ ભાંગા હોય છે.

અબદ્ધાયુ અથવા માત્ર દેવાયુ બાંધી જીવ ઉપશમશ્રેણિ કરી શકે છે. માટે ઉપશમ શ્રેણી આશ્રયી ૮થી૧૧ મા સુધી મનુષ્યાયુનો ઉદય-મનુષ્યાયુની સત્તા, મનુષ્યાયુનો ઉદય મનુષ્ય-દેવાયુની સત્તા આ બે-ભાંગાઓ અને ક્ષપકશ્રેણિ આશ્રયી અગિયારમા વિના આ ત્રણ ગુણસ્થાનકોમાં તેમજ બારથી ચૌદ એ ત્રણ ગુણસ્થાનકોમાં માત્ર મનુષ્યાયુનો ઉદય અને મનુષ્યાયુની સત્તારૂપ એક જ ભાંગો હોય છે.

ગોત્ર કર્મના પ્રથમના ગુણસ્થાને પહેલા પાંચ, બીજા ગુણસ્થાનકે પહેલા વિના એ જ ચાર અને ત્રીજા-ચોથા તથા પાંચમા ગુણસ્થાનકે ઉચ્ચગોત્રના બંધવાળા બે, છઠ્ઠાથી દશમા સુધી ઉચ્ચના બંધ તથા ઉદયવાળો એક અને ૧૧ માથી તેરમા સુધી ઉચ્ચનો ઉદય અને ઉચ્ચ-નીચની સત્તા તેમજ ચૌદમે ઉચ્ચનો ઉદય અને બે ની સત્તા અને ચરમ સમયે ઉચ્ચનો ઉદય-ઉચ્ચની સત્તા એમ બે ભાંગા હોય છે.

મોહનીય કર્મ:-આ કર્મના ૨૨-૨૧-૧૭-૧૩-૯-૫-૪-૩-૨ અને ૧ પ્રકૃતિરૂપ કુલ દશ બંધસ્થાનો છે પહેલા-ગુણસ્થાનકે અનેક જીવો આશ્રયી છવ્વીશ પ્રકૃતિઓનો બંધ હોવા છતાં કોઈપણ એક જીવ એક સમયે બે યુગલમાંથી એક યુગલ અને ત્રણ વેદમાંથી એક જ વેદ બાંધે છે એથી કષાય, ભય, જુગુપ્સા, મિથ્યાત્વ મોહનીય આ ૧૯ ધ્રુવબંધી, બેમાંથી કોઈપણ એક યુગલ અને ત્રણમાંથી એક વેદ એમ બાવીસ બાંધે છે માટે બે યુગલને ત્રણ વેદે ગુણતાં કુલ છ ભાંગા થાય અર્થાત્ અનેક જીવો આશ્રયી બાવીસનો બંધ છ પ્રકારે હોય છે.

બીજા ગુણસ્થાનકે મિથ્યાત્વનો બંધ ન હોવાથી તેને બાદ કરતાં ૨૧ નો બંધ હોય છે. અહીં નપુંસક વેદનો પણ બંધ ન હોવાથી બે યુગલને બે વેદે ગુણતાં કુલ ૨૧ ના બંધના ચાર ભાંગા થાય.

અનંતાનુબંધી ચારનો બંધ વિચ્છેદ થવાથી ત્રીજે અને ચોથે ગુણસ્થાનકે તે ચાર વિના ૧૭ બંધાય છે. પરંતુ અહિં સ્ત્રી વેદનો પણ બંધ ન હોવાથી પુરૂષવેદની સાથે બે યુગલના બે જ ભાંગા થાય છે. તેમજ તેરના અને નવના બંધે પણ તે જ પ્રમાણે બે બે ભાંગા થાય છે.

પાંચમે ગુણસ્થાનકે અપ્રત્યાખ્યાનીય ચાર કષાય વિના તેર, અને છઠ્ઠા ગુણસ્થાનકથી આઠમા સુધી પ્રત્યાખ્યાનીય ચાર કષાય વિના નવ બંધાય છે પરંતુ અરતિ-શોક છઠ્ઠા સુધી જ બંધાય છે માટે સાતમે અને આઠમે ગુણસ્થાનકે નવના બંધે એક જ ભાંગો થાય છે.

નવમા ગુણસ્થાનકના પહેલા ભાગે પુરુષવેદ અને ચાર સંજ્વલનરૂપ પાંચ પ્રકૃતિનું, બીજા ભાગે પુરુષવેદ વિના ચારનું; ત્રીજા ભાગે સંજ્વલન ક્રોધ વિના ત્રણનું, ચોથા ભાગે સં. માન વિના બેનું, અને પાંચમા ભાગે સં. માયા વિના લોભરૂપ એક પ્રકૃતિનું એમ કુલ પાંચ બંધસ્થાનો અને આ દરેક બંધસ્થાનોમાં બંધ આશ્રયી કોઈપણ પ્રકૃતિ પરાવર્તમાન ન હોવાથી એક-એક એમ કુલ પાંચ ભાંગાઓ થાય છે.

એમ દશે બંધસ્થાને મળી કુલ ૨૧ બંધ ભાંગા હોય છે,

કાળ :-૨૨ નો બંધ પ્રથમ ગુણસ્થાનકે હોવાથી તેનો કાળ અનાદિ અનંત, અનાદિ સાન્ત, અને સાદિ સાન્ત, એમ ત્રણ પ્રકારે અને ૨૧ નો બંધ સાસ્વાદન ગુણસ્થાને જ હોય છે માટે સાસ્વાદનના કાળ પ્રમાણે જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી છ આવલિકા છે.

૧૭નો બંધ ત્રીજે અને ચોથે, તેરનો બંધ પાંચમે, અને નવનો બંધ છઠ્ઠાથી આઠમા ગુણસ્થાનક સુધી છે. સમ્યક્ત્વ, દેશવિરતિ તેમજ સર્વવિરતિનો કાળ જઘન્યથી પણ અન્તર્મુહૂર્ત પ્રમાણ હોવાથી આ ત્રણે બંધસ્થાનનો કાળ જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ૧૭ ના બંધનો ઉત્કૃષ્ટ કાળ મિશ્રસહિત સમ્યક્ત્વના ઉત્કૃષ્ટકાળ પ્રમાણ સાધિક ૧૩૨ સાગરોપમ તેમજ દેશવિરતિ અને સર્વવિરતિનો ઉત્કૃષ્ટ કાળ દેશોનપૂર્વક્રોડ વર્ષ હોવાથી તેર અને નવ એમ બન્ને બંધસ્થાનોનો ઉત્કૃષ્ટ કાળ પણ તેટલો જ છે.

પાંચથી એક પ્રકૃતિ સુધીના પાંચે બંધસ્થાનો નવમા ગુણસ્થાને હોવાથી અને ઉપશમ-શ્રેણિમાં એક સમયે પાંચમાંથી કોઈપણ બંધ કરી બીજા-સમયે કાળ કરનારની અપેક્ષાએ જઘન્યથી ૧ સમય અને આ ગુણસ્થાનકનો કાળ પણ અન્તર્મુહૂર્ત હોવાથી પાંચે બંધ-સ્થાનનો ઉત્કૃષ્ટ કાળ પણ અન્તર્મુહૂર્ત છે.

ઉદયસ્થાન :-૧-૨-૪-૫-૬-૭-૮-૯ અને ૧૦ પ્રકૃતિરૂપ મોહનીય કર્મનાં નવ ઉદયસ્થાનો છે ત્યાં દશમા ગુણસ્થાને સંજ્વલન લોભ અને પડતાને નવમા ગુણસ્થાને જ્યાંસુધી વેદનો ઉદય ન થાય ત્યાં સુધી ચાર સંજ્વલનમાંથી કોઈપણ એક પ્રકૃતિનો, અને આ જ ગુણસ્થાને વેદોદય થયા પછી બે નો, તેમજ પડતાને આઠમા ગુણસ્થાનકે બેમાંથી કોઈપણ એક યુગલનો ઉદય થવાથી ચાર, ભયનો ઉદય થાય ત્યારે પાંચ, જુગુપ્સાનો ઉદય થાય ત્યારે છ, અને ક્ષયોપશમ સમ્યક્ત્વીને છઠ્ઠે અથવા સાતમે ગુણ-સ્થાનકે સમ્યક્ત્વ મોહનીયનો ઉદય થવાથી સાતનો ઉદય થાય છે.

દેશવિરતિએ પ્રત્યાખ્યાનીય ક્રોધાદિ કોઈપણ એકનો ઉદય થવાથી આઠનો, ચોથે ગુણસ્થાનકે અપ્રત્યાખ્યાનીય ક્રોધાદિ કોઈપણ એકનો ઉદય થવાથી નવ અને સમ્યક્ત્વ

મોહનીય વિના પૂર્વે કહેલ આઠમાં સાસ્વાદન ગુણસ્થાનકે અનંતાનુબંધી કોઈપણ એક ક્રોધાદિકનો ઉદય થવાથી નવનો, અને પહેલે ગુણસ્થાનકે મિથ્યાત્વનો ઉદય થવાથી દશનો ઉદય થાય છે.

આ દરેક ઉદયસ્થાનો જુદા જુદા ગુણસ્થાનકે અને અનેક જીવ આશ્રયી અનેક પ્રકારે હોય છે તેનો વિચાર હવે પછી કરાશે.

મિથ્યાત્વનો ઉદય પ્રથમગુણસ્થાનક સુધી, અનંતાનુબંધી ચારનો બીજા સુધી, મિશ્ર મોહનીયનો માત્ર ત્રીજા ગુણસ્થાનકે, અપ્રત્યાખ્યાનીય ચારનો ચોથા સુધી, પ્રત્યાખ્યાનીય ચાર કષાયનો પાંચમા સુધી, સમ્યકત્વ મોહનીયનો ક્ષાયોપશમિક સમ્યકત્વીને ચાર થી સાત સુધી, હાસ્ય ષટ્કનો આઠમાસુધી, અને ત્રણે વેદોનો નવમા ગુણસ્થાનકના અમુક કાળ સુધી, એજ પ્રમાણે સંજ્વલન ક્રોધાદિક ત્રણનો નવમા ગુણસ્થાનકના અમુક અમુક કાળ સુધી, તેમજ બાદર લોભનો નવમાના અંતસુધી, અને સૂક્ષ્મ લોભનો ઉદય દશમા ગુણસ્થાનક સુધી હોય છે.

જે જે પ્રકૃતિનો જ્યાં સુધી ઉદય કહેલ છે ત્યાં સુધી હોય છે પણ તેની પછીના ગુણસ્થાનકોમાં હોતો નથી. એમ સર્વત્ર સમજવું.

જ્યાં જેટલી પ્રકૃતિઓનો ઉદય કહ્યો છે. ત્યાં ત્યાં બીજી બધી પ્રકૃતિઓનો ઉદય અવશ્ય હોય જ પરંતુ ભય–જુગુપ્સા–સમ્યકત્વમોહનીયનો અને અનંતાનુબંધીનો ઉદય પોત-પોતાના ઉદયયોગ્ય ગુણસ્થાનકોમાં ઉદય અવશ્ય હોય એમ ન સમજવું, પરંતુ હોય પણ ખરો અને ન પણ હોય. ભય–જુગુપ્સા અધ્રુવોદયી હોવાથી આઠમા સુધી કોઈપણ ગુણસ્થાનકોમાં ગમે ત્યારે તે બન્નેનો અથવા બે માંથી એક નો ઉદય હોઈ શકે છે અથવા બન્ને ન પણ હોય, ચોથાથી સાતમા ગુણસ્થાનક સુધી ક્ષાયોપશમિક સમ્યકત્વીને સમ્યકત્વ મોહનીયનો ઉદય હોય, પરંતુ ક્ષાયિક અને ઔપશમિક સમ્યકત્વીને ન હોય, અને ક્ષાયોપશમિક સમ્યકત્વી ચોથાથી સાતમા સુધીના કોઈપણ ગુણસ્થાનકે દર્શન સપ્તકનો ક્ષય કરવા તત્પર થાય અને પહેલાં ચાર અનંતાનુબંધીનો ક્ષય કરે પરંતુ પછી જો તેવા વિશુદ્ધ અધ્યવસાયો ન રહે તો દર્શનત્રિકનો ક્ષય ન પણ કરે અને ચારનો ક્ષય કરી અટકી જાય તેવા આત્માઓને કોઈકાળે અશુભ અધ્યવસાયના ઉત્થાનથી જો મિથ્યાત્વનો ઉદય થાય તો પહેલે ગુણસ્થાનકે જાય, ત્યારે સત્તામાંથી તદ્દન ક્ષય કરેલ અનંતા-નુબંધીનો પુન: બંધ શરૂ કરે તેવા આત્માઓને પહેલે ગુણસ્થાનકે એક બંધાવલિકા સુધી અનંતાનુબંધીનો–ઉદય હોતો નથી. તે સિવાય પહેલા ગુણસ્થાનકે હંમેશાં અનંતા-નુબંધીનો અવશ્ય ઉદય હોય છે.

તેમજ ક્રોધ માન–માયા અને લોભનો ઉદય સાથે હોતો નથી પરંતુ ચારમાંથી ગમે તે એકનો જ ઉદય હોય છે પણ પૂર્વના ક્રોધાદિનો ઉદય હોય ત્યારે સ્વજાતીય હોવાથી

તેની પછી પછીના ક્રોધાદિકનો ઉદય અવશ્ય હોય છે. અનંતાનુબંધી ક્રોધનો ઉદય હોય ત્યારે તેના પછીના અપ્રત્યાખ્યાનીય વગેરે ત્રણ ક્રોધનો ઉદય હોય છે.

એજ પ્રમાણે અનં. વિના ત્રીજા અને ચોથા ગુણસ્થાનકે અપ્રત્યાખ્યાનીય ક્રોધ વગેરે જેનો ઉદય હોય ત્યારે તેના પછીના બે ક્રોધાદિકનો ઉદય પણ અવશ્ય હોય છે એમ-સર્વત્ર સમજવું.

પહેલા ગુણસ્થાનકે ૨૨ ના બંધે સાતથી દશ પર્યન્ત ચાર ઉદયસ્થાનો હોય છે. ત્યાં અનંતાનુબંધી વિના અપ્રત્યાખ્યાનીય વગેરે ત્રણ ક્રોધાદિક, બેમાંથી એક યુગલ, ત્રણ વેદમાંથી એક વેદ અને મિથ્યાત્વ મોહનીય એમ કમમાં કમ સાતનો ઉદય હોય છે. આ સાત પ્રકૃતિઓ સમાન હોવા છતાં કોઈક જીવને અપ્રત્યા. વગેરે ત્રણ ક્રોધ, કોઈ ને ત્રણ માન, કોઈને ત્રણ માયા, અને કોઈ ને ત્રણ લોભનો ઉદય હોય છે એમ ચાર પ્રકારના જીવો પુરુષવેદના ઉદયવાળા હોય છે અને એવા જ બીજા ચાર પ્રકારના જીવો સ્ત્રી વેદનાં ઉદયવાળા હોય છે. અને આવા જ બીજા ચાર પ્રકારના નપુંસકવેદના ઉદયવાળા હોય છે.

માટે ચારને ત્રણે ગુણતાં બાર, આ બારે પ્રકારના જીવો હાસ્ય-રતિના ઉદયવાળા હોય અને બીજા કેટલાક આવા જ બાર પ્રકારના જીવો અરતિ-શોકના ઉદયવાળા હોય. માટે બારને બે એ ગુણતાં આ સાતના ઉદયવાળા કુલ જીવો ચોવીશ પ્રકારના થાય. અર્થાત્ ચોવીસ ભાંગા થાય છે, તે ચોવીશ ભાંગાઓના સમૂહને એક ચોવીશી કહેવાય છે. એમ સર્વત્ર સમજવું. માટે સાતના ઉદયની એક ચોવીશી અર્થાત્ ચોવીશ ભાંગા થાય છે.

એ સાતના ઉદયમાં અનંતાનુબંધી-અથવા ભય અથવા જુગુપ્સા આ ત્રણમાંથી કોઈપણ એક પ્રકૃતિનો ઉદય થાય. ત્યારે ત્રણ પ્રકારે આઠનો ઉદય થાય અને એક પ્રકારના આઠના ઉદયમાં ઉપર બતાવ્યા મુજબ એકેક ચોવીસી ભાંગા થાય છે. માટે આઠના ઉદયની ત્રણ ચોવીશી, એટલે ભાંગા ૭૨ થાય.

એજ પ્રમાણે પહેલાં બતાવેલ સાતમાં અનં. ભય, અનં.-જુગુપ્સા અથવા ભય-જુગુપ્સા એમ બે-બે પ્રકૃતિઓનો અધિક ઉદય થવાથી નવનો ઉદય થાય. તે પણ ત્રણ પ્રકારે હોવાથી કુલ ત્રણ ચોવીસી એટલે ભાંગા ૭૨ થાય છે.

અને તે જ સાતમાં અનં., ભય, જુગુ એ ત્રણેનો ઉદય એક સાથે થાય ત્યારે વધુમાં વધુ દશનો ઉદય થાય છે. અહીં એક જ વિકલ્પ હોવાથી એક ચોવીસી એટલે ચોવીસ ભાંગા થાય છે, એમ પહેલા ગુણસ્થાનકે સાતની એક, આઠની ત્રણ, નવની ત્રણ, દશની એક એમ સર્વ મળી આઠ ચોવીસી અને તેના ભાંગા ૧૯૨ થાય છે.

સાસ્વાદન ગુણસ્થાનકે ૨૧નો બંધ હોય છે. અને ત્યાં સાત થી નવ પર્યંત ત્રણ ઉદયસ્થાન હોય છે. અનં. ચાર ક્રોધાદિ, એક યુગલ અને એક વેદ-એમ કમમાં કમ આ

ગુણસ્થાનકે સાતનો ઉદય હોય છે. અને અહિં પણ પહેલાંની જેમ એક ચોવીસી અર્થાત્ ચોવીસ ભાંગા થાય છે આ સાતમાં ભય–જુગુપ્સા આ બેમાંથી એકનો ઉદય થાય ત્યારે બે રીતે આઠનો ઉદય થવાથી બે ચોવીસી એટલે ૪૮ ભાંગા થાય તેમજ ભય–જુગુ. બન્નેનો સાથે ઉદય થાય ત્યારે નવનો ઉદય એક જ રીતે થાય માટે એક ચોવીસી એટલે ચોવીસ ભાંગા થાય એમ સાસ્વાદને ત્રણે ઉદયસ્થાન મળી કુલ ચાર ચોવીસી અને ૯૬ ભાંગા થાય છે.

૧૭ નો બંધ ત્રીજે અને ચોથે ગુણસ્થાનકે છે, ત્યાં ત્રીજે ગુણસ્થાનકે સાતથી નવ પર્યંત ત્રણ ઉદયસ્થાનો છે અહિં અનંતાનુબંધીનો ઉદય ન હોવાથી અપ્રત્યાખ્યાનીય વગેરે ત્રણે ક્રોધાદિક, બેમાંથી એક યુગલ, ત્રણમાંથી એક વેદ, અને મિશ્રમોહનીય એમ કમમાં કમ સાત–પ્રકૃતિનો ઉદય હોય છે માટે સાતની એક ચોવીસી, અને ભય-જુગુપ્સા એ બેમાંથી ગમે તે એકનો ઉદય થાવ ત્યારે આઠનો ઉદય બે રીતે થવાથી બે ચોવીસી, અને ભય–જુગુપ્સા બન્નેનો સાથે ઉદય થાય ત્યારે નવના ઉદયની એક ચોવીસી એમ ત્રીજા ગુણસ્થાને ત્રણે ઉદયસ્થાને મળી કુલ ચાર ચોવીસી અને તેના ભાંગા ૯૬ થાય.

ચોથે ગુણસ્થાનકે ત્રણે પ્રકારના સમ્યગ્દૃષ્ટિ જીવો આશ્રયી છ થી નવ સુધીનાં ચાર ઉદયસ્થાનો હોય છે પરંતુ ક્ષાયિક અને ઔપશમિક સમ્યગ્દૃષ્ટિને સમ્યકત્વમોહનીયનો ઉદય ન હોવાથી છ થી આઠ સુધીના ત્રણ, અને ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિને સમ્યકત્વ મોહનીયનો ઉદય વધારે હોવાથી સાતથી નવ સુધીનાં ત્રણ ઉદયસ્થાનો હોય છે ત્યાં અપ્રત્યાખ્યાનીય વગેરે ત્રણ ક્રોધાદિ, બેમાંથી એક યુગલ, અને ત્રણમાંથી એક વેદ, એમ ઓછામાં ઓછો આ છ પ્રકૃતિનો ઉદય ક્ષાયિક–ઔપશમિક સમ્યગ્દૃષ્ટિને હોય છે, બન્ને સમ્યકત્વ અલગ હોવા છતાં ઉદય પ્રકૃતિઓ તેની તે જ હોવાથી છ ના ઉદયની એક ચોવીસી થાય છે. આ છ માં ભય કે જુગુપ્સા બેમાંથી એકનો ઉદય થવાથી સાતનો, તેમજ ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિને એક સમ્યકત્વ મોહનીયનો ઉદય વધારે થવાથી પહેલાં બતાવેલ છમાં સમ્યકત્વ મોહનીય નાંખવાથી સાતનો ઉદય કુલ ત્રણ પ્રકારે થાય છે માટે ત્રણ ચોવીસી, અને પહેલાં બતાવેલ છમાં ભય, જુગુ. બન્નેનો ઉદય થવાથી ક્ષાયિક–ઔપશમિક સમ્યકત્વીને તેમજ ક્ષાયોપશમિક સમ્યકત્વીને બતાવેલ સાતમાં ભય–જુગુપ્સા બેમાંથી એકનો ઉદય થવાથી આઠના ઉદયના ત્રણે સમ્યકત્વી આશ્રયી ત્રણ વિકલ્પો થાય છે માટે આઠના ઉદયની ત્રણ ચોવીસી થાય.

તેમજ ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિને સમ્યકત્વ મોહનીય સહિત પહેલાં બતાવેલ સાતમાં ભય–જુગુપ્સા બન્નેનો ઉદય સાથે થાય ત્યારે નવનો ઉદય અને તેનો એક વિકલ્પ હોવાથી એક ચોવીસી, એમ આ ગુણસ્થાનકે ત્રણે પ્રકારના સમ્યગ્દૃષ્ટિ આશ્રયી આઠ ચોવીસી અને ભાંગા ૧૯૨ થાય

અને અલગ અલગ વિચારીએ તો ક્ષાયિકને અને ઔપશમિકને ચાર ચોવીસી અને ૯૬ ભાંગા થાય તથા ક્ષાયોપશમિકને ચાર ચોવીસી અને ૯૬ ભાંગા હોય છે.

એમ પાંચમે-છઠ્ઠે-સાતમે ગુણઠાણે પણ ત્રણે પ્રકારના સમ્યક્ત્વી હોય, પરંતુ ક્ષાયિક અને ઔપશમિક સમ્યક્ત્વીને સમ્યક્ત્વ મોહનીય ઉદયમાં હોતી નથી પરંતુ ક્ષાયોપશમિક સમ્યક્ત્વીને સમ્યક્ત્વ મોહનીય ઉદયમાં હોય છે. માટે ક્ષાયિક તથા ઔપશમિક સમ્યક્ત્વીને જેટલી પ્રકૃતિઓ ઉદયમાં હોય છે તેના કરતાં ક્ષાયોપશમિક સમ્યક્ત્વીને એક સમ્યક્ત્વ મોહનીય વધારે હોય એમ સમજવું.

પાંચમા ગુણઠાણે ૧૩ ના બંધે અપ્રત્યાખ્યાનીય કષાયનો ઉદય નહોવાથી પ્રત્યાખ્યાનીય વગેરે બે ક્રોધાદિક, બેમાંથી એક યુગલ, ૩ માંથી એક વેદ એમ ઓછામાં ઓછો પાંચ પ્રકૃતનો ઉદય ક્ષાયિક અને ઔપશમિક સમ્યક્ત્વીને હોય છે અને તેની એક ચોવીસી, તેમાં ભય-જુગુપ્સા આ બેમાંથી એકનો ઉદય અધિક થવાથી, અથવા ક્ષાયોપશમિક સમ્યક્ત્વીને પહેલેથી જ સમ્યક્ત્વ મોહનીય ઉદયમાં વધારે હોવાથી છ નો ઉદય થાય છે એમ છ નો ઉદય ત્રણ રીતે થવાથી ત્રણ ચોવીસી, અને પહેલાં બતાવેલ પાંચમાં ભય-જુગુપ્સા અથવા ક્ષાયોપશમિક સમ્યક્ત્વીને સમ્યક્ત્વ મોહનીય અને ભય અથવા જુગુપ્સા બેમાંથી એક એમ બેનો ઉદય વધારે હોવાથી સાતના ઉદયના પણ ત્રણ વિકલ્પો થાય છે માટે ત્રણ ચોવીસી, અને ક્ષાયોપશમિકને છ માં ભય-જુગુપ્સાનો એક સાથે ઉદય થવાથી આઠનો ઉદય થાય છે અને તેની એક ચોવીસી, એમ પાંચમા ગુણસ્થાનકે ચારે ઉદયસ્થાને મળી કુલ આઠ ચોવીસી અને ભાંગા ૧૯૨ થાય છે.

પરંતુ કેવલ ક્ષાયિક અને ઔપશમિક સમ્યક્ત્વીને વિચારીએ તો તેની ચાર અને ક્ષાયોપશમિકને વિચારીએ તો તેની પણ ચાર ચોવીસી થાય છે.

છટ્ઠે-સાતમે-આઠમે ગુણસ્થાનકે નવનો બંધ હોય છે આ ત્રણે ગુણસ્થાનક અલગ હોવા છતાં બંધમાં પ્રકૃતિઓ સરખી જ હોવાથી ત્રણે ગુણસ્થાનકની ચોવીસી અને ભાંગા જુદા ગણવામાં આવ્યા નથી માટે એક ગણેલા છે. જુદા જુદા ગુણસ્થાનકની વિવક્ષા કરીએ તો ચોવીસી અને ભાંગા જુદા ગણાય આમાં વિવક્ષા ભેદ જ છે.

છઠ્ઠે અને સાતમે ગુણઠાણે નવના બંધે ૪થી સાત પર્યંતનાં ચાર ઉદયસ્થાન હોય છે. પ્રત્યાખ્યાનીયનો ઉદય ન હોવાથી સંજ્વલન ક્રોધાદિક એક, એક યુગલ અને એક વેદ એમ ઓછામાં ઓછો ચાર પ્રકૃતિનો ઉદય હોય છે અને તેની એક ચોવીશી, તેમાં ભય-જુગુપ્સા આ બેમાંથી એકનો અથવા ક્ષાયોપશમિક સમ્યક્ત્વીને સમ્યક્ત્વ મોહનીયનો ઉદય થાય ત્યારે કુલ પાંચનો ઉદય ત્રણ રીતે થાય માટે ત્રણ ચોવીસી. અને એ જ ચારમાં ભય-જુગુપ્સા એકી સાથે અને ક્ષાયોપશમિક સમ્યક્ત્વીને સમ્યક્ત્વ મોહનીય અને ભય-અથવા જુગુપ્સા એમ બે પ્રકૃતિનો ઉદય અધિક થવાથી છ નો ઉદય પણ ત્રણ રીતે થાય છે. માટે આની પણ ત્રણ ચોવીસી, અને ક્ષાયોપશમિક સમ્યક્ત્વીને પહેલાં બતાવેલ ચારમાં સમ્યક્ત્વમોહનીય, ભય-જુગુપ્સા એ ત્રણેનો એક સાથે ઉદય થવાથી સાતનો ઉદય થાય

છે. તેની એક ચોવીસી, એમ કુલ ચારે ઉદયસ્થાને મળી આઠ ચોવીસી, અને ૧૯૨ ભાંગા થાય, તેમાં પણ ચાર ચોવીસી ક્ષાયિક અને ઔપશમિકની અને ચાર ચોવીસી ક્ષાયોપશમિકની છે.

આઠમે ગુણસ્થાનકે ચાર થી છ પર્યંત ત્રણ જ ઉદયસ્થાન હોય છે, કારણ કે સાતનું ઉદયસ્થાન સમ્યક્ત્વ મોહનીય સહિત છે અને તેનો ઉદય ક્ષાયોપશમિક સમ્યક્ત્વીને જ હોય, પરંતુ આ ગુણસ્થાનકે ક્ષાયોપશમિક સમ્યક્ત્વ હોતું નથી, ક્ષાયિક અથવા ઔપશમિક સમ્યક્ત્વ જ હોય છે માટે ચારના ઉદયની એક, પાંચના ઉદયની બે, અને છના ઉદયની એક એમ આ ગુણસ્થાનકે ચાર ચોવીસી થાય,

પરંતુ છઠ્ઠા ગુણસ્થાનકથી સાતમા અને આઠમા ગુણસ્થાનકના ઉદયસ્થાનો તેમજ ઉદય પ્રકૃતિઓ અલગ નહોવાથી નવના બંધની કુલ આઠ ચોવીસીમાં જ તેનો-સમાવેશ થાય છે.

હવે કયા કયા ઉદયસ્થાનની કુલ કેટલી ચોવીસી થાય છે તેનો-વિચાર કરીએ.

દશના ઉદયની પહેલે ગુણસ્થાનકે એક, નવના ઉદયની પહેલે ત્રણ, બીજે-ત્રીજે-ચોથે એક-એક, એમ કુલ છ, આઠના ઉદયની પહેલે ત્રણ, બીજે-ત્રીજે બે-બે, ચોથે ત્રણ. અને પાંચમે ગુણસ્થાનકે એક, એમ કુલ ૧૧, સાતના ઉદયની પહેલે-બીજે-ત્રીજે ગુણસ્થાનકે એક-એક, ચોથે-પાંચમે ત્રણ-ત્રણ, અને છઠ્ઠે ગુણસ્થાનકે એક એમ કુલ ૧૦, છ ના ઉદયની ચોથે એક, પાંચમે અને છઠ્ઠે ગુણસ્થાનકે ત્રણ-ત્રણ, એમ કુલ સાત, પાંચના ઉદયની પાંચમે એક, છઠ્ઠે ત્રણ એમ ચાર, અને ચારના ઉદયની છઠ્ઠે એક, એમ એકથી આઠ ગુણસ્થાનક સુધીમાં-કુલ ૪૦ ચોવીસી થાય અર્થાત્ ૯૬૦ ભાંગા થાય છે.

નવમા ગુણસ્થાનકે શરૂઆતમાં પાંચનો બંધ હોય છે અને તે વખતે ચારે સંજ્વલન-માંથી કોઈપણ ક્રોધાદિક એક કષાય, અને ત્રણ વેદમાંથી એક વેદ, એમ બે પ્રકૃતિનો ઉદય હોય છે. કારણકે હાસ્યષટ્કનો ઉદય આઠમા સુધી જ હોવાથી અહીં હોતો નથી, માટે અહીં ચોવીસી થતી નથી, પરંતુ સંજ્વલનને ત્રણ વેદે ગુણતાં બેના ઉદયના કુલ ૧૨ ભાંગા થાય છે. આ ગુણસ્થાનકના અમુક કાળ પછી વેદોદય હોતો નથી અને વેદોદય ન હોય ત્યારે પુરુષવેદનો બંધ પણ હોતો નથી, માટે વેદનો ઉદય અને પુરુષવેદનો બંધ-વિચ્છેદ થયા બાદ ચારનો બંધ હોય છે. અને તે પણ અમુક કાળ સુધી જ હોય છે, અહીં અમુક કાળ વ્યતીત થયા બાદ સંજ્વલન ક્રોધ-માન-માયાનો બંધ અને ઉદય સાથે જ વિચ્છેદ થાય છે.

માટે ચારથી એક સુધીના ચારે બંધસ્થાનોમાં સંજ્વલન કષાય રૂપ એકજ પ્રકૃતિનો ઉદય હોય છે પરંતુ ચારના બંધે ચારમાંથી ગમે તે એકનો, ત્રણના બંધે ક્રોધ વિના

ત્રણમાંથી ગમે તે એકનો, બેના બંધે માયા-લોભ એ બેમાંથી ગમે તે એકનો, અને લોભ રૂપ એકના બંધે એક લોભનો જ ઉદય હોય છે.

એક પ્રકૃતિનો ઉદય સર્વત્ર સમાન હોવા છતાં બંધસ્થાનના ભેદે અલગ અલગ ગણીએ તો ચારના બંધે ચાર, ત્રણના બંધે ત્રણ, બેના બંધે બે, અને એકના બંધે એક, એમ નવમા ગુણસ્થાનકે એકના ઉદયના કુલ દશ, અને બંધના અભાવે દશમા ગુણસ્થાનકે સંજ્વલન લોભ-રૂપ એક પ્રકૃતિનો એક, એમ કુલ ૧૧ ભાંગા હોય છે એ પ્રમાણે પૂર્વોક્ત નવસો સાઠમાં દ્વિકોદયના બાર અને એકોદયના ૧૧ મળી ૨૩ ભાંગા ઉમેરવાથી નવસોત્યાસી ભાંગા થાય.

કેટલાક આચાર્ય મહારાજા પાંચના બંધમાંથી ચારનો બંધ શરૂ કરે ત્યારે ચારના બંધે પણ શરૂઆતના અમુક કાળ સુધી વેદોદય માને છે, માટે ત્યાં સુધી બેનો ઉદય હોય છે પછી એકનો ઉદય હોય છે. તેથી પાંચના બંધની જેમ ચારના બંધે પણ શરૂઆતના થોડા કાળ સુધી બેના ઉદયના બાર ભાંગા વધારે થાય છે અને તે બાર ભાંગા પૂર્વોક્ત ૯૮૩ માં ઉમેરવાથી મતાંતરે નવસો પંચાણું ઉદય ભાંગા થાય છે અને બંધસ્થાનના ભેદે ભાંગાઓ અલગ ન ગણીએ તો નવમા ગુણસ્થાનકે એકના ઉદયના કુલ ચાર, અને દશમા ગુણસ્થાનકે એકના ઉદયનો એક ભાંગો પણ છે. તે પણ સ્વરૂપના ભેદથી ભિન્ન ન હોવાથી તેની વિવક્ષા ન કરતાં માત્ર એકના ઉદયના ૪ એમ કુલ ૧૬, તે પહેલાં બતાવેલ નવસો સાઠ માં ઉમેરતાં કુલ ૯૭૬ ભાંગા થાય છે.

હવે જો ગુણસ્થાનકના ભેદે ચોવીસી જુદી ગણીએ તો પ્રમત્તાદિ ત્રણે ગુણસ્થાનકે નવનો બંધ હોવા છતાં ગુણસ્થાનક અલગ હોવાથી નવના બંધે પહેલાં પ્રમત્તે ૮ ચોવીસી ગણેલ હોવાથી સાતમાની આઠ, અને આઠમાની ચાર, એમ ૧૨ ચોવીસી અધિક થતી હોવાથી તેને અધિક ગણતાં ૪૦ ને બદલે કુલ ૫૨ ચોવીસી, એટલે, ૧૨૪૮ ભાંગા થાય છે. અને તેમાં નવમા ગુણસ્થાનકના બેના ઉદયના બાર, તેમજ અહિં બંધના ભેદે ભાંગા અલગ ગણવાના નથી તેથી એકના ઉદયના ચાર, દશમા ગુણસ્થાનકે એકના ઉદયનો એક, એમ કુલ ૧૭ ભાંગા ઉમેરવાથી ગુણસ્થાનક આશ્રયી ૧૨૬૫ ભાંગા થાય છે.

કાળ :—આમાંના કોઈપણ ભાંગાનો કાળ જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્ત પ્રમાણ જ હોય છે. તેથી વધારે કાળ કોઈપણ એક ભાંગો ટકી શકતો નથી કારણકે પ્રકૃતિઓ પરાવર્તમાન હોવાથી બંધ અથવા ઉદયમાં જઘન્યથી એક સમયમાં પણ પરાવર્તમાન પામે છે અને જો એક સમયમાં પરાવર્તમાન ન પામે તો પણ અન્તર્મુહૂર્તમાં તો અવશ્ય બંધ અથવા ઉદયમાં વિવક્ષિત પ્રકૃતિ પરાવર્તમાન પામે જ છે. અહીં ટીકામાં ગુણસ્થાનકના પરાવર્તનથી પણ એક સમય બતાવેલ છે પરંતુ બીજા સિવાય એકથી પાંચમા ગુણસ્થાનક સુધીનો જઘન્ય કાળ અન્તર્મુહૂર્ત પ્રમાણ છે. માટે તે બહુશ્રુતોએ વિચારવું.

સત્તાસ્થાન : -૨૮-૨૭-૨૬-૨૪-૨૩-૨૨-૨૧-૧૩-૧૨-૧૧-૫-૪-૩-૨-૧ પ્રકૃતિ રૂપ મોહનીય કર્મનાં ૧૫ સત્તાસ્થાનો છે. ત્યાં સર્વ પ્રકૃતિઓ સત્તામાં હોય ત્યારે ૨૮, અને મિથ્યાદષ્ટીને સમ્યકત્વ મોહનીય ઉવેલ્યા બાદ મિશ્ર મોહનીયની ઉદ્દ્વલના ન થાય ત્યાં સુધી ૨૭, અને આ બન્નેની ઉદ્દ્વલના થયા બાદ અથવા અનાદિ મિથ્યાદષ્ટિને આ બે સત્તામાં જ ન હોવાથી ૨૬, ક્ષાયોપશિક સમ્યકત્વી ચોથાથી સાતમા સુધીમાં અનંતાનુબંધીનો ક્ષય કરે ત્યારે ૨૪, તેમાંથી મિથ્યાત્વ મોહનીયનો ક્ષય કરે ત્યારે ૨૩, મિશ્ર મોહનીયનો ક્ષય કરે ત્યારે ૨૨, સમ્યકત્વ મોહનીયનો ક્ષય કરે ત્યારે ક્ષાયિક સમ્યકત્વીને ૨૧ ની સત્તા હોય. ક્ષપક શ્રેણિમાં નવમા ગુણસ્થાનકે એ ૨૧ માંથી બીજા અને ત્રીજા કષાયનો ક્ષય કરે ત્યારે ૧૩, નપુંસક વેદનો ક્ષય કરે ત્યારે ૧૨. સ્ત્રીવેદનો ક્ષય કરે ત્યારે ૧૧. હાસ્યષટ્કનો ક્ષય કરે ત્યારે પાંચ અને તેમાંથી પુરુષવેદ, સંજ્વલન ક્રોધ-માન-માયાનો ક્ષય કરે ત્યારે અનુક્રમે ચાર-ત્રણ-બે અને એકનું સત્તાસ્થાન હોય છે.

હવે ગુણસ્થાનક આશ્રયી વિચારીએ તો પહેલે ગુણસ્થાનકે ૨૮-૨૭-૨૬ એ ત્રણ, બીજે ગુણસ્થાનકે ૨૮નું એક, ત્રીજે ગુણસ્થાનકે ૨૮-૨૭-૨૪ એમ ત્રણ, ચોથાથી સાતમા સુધી ૨૮-૨૪-૨૩-૨૨-૨૧ એમ પાંચ, આઠમા ગુણસ્થાનકે મૂળમતે ૨૪-૨૧ એ બે, અને અન્યમતે ૨૮ સહિત ત્રણ, નવમે મૂળમતે ૨૪-૨૧ અને ૧૩ થી ૧ પર્યંતનાં એમ કુલ ૧૦, અને મતાંતરે ૨૮ સહિત ૧૧, દશમે મૂળમતે ૨૪, ૨૧-૧ એ ત્રણ અને મતાંતરે ૨૮ સહિત ચાર, તેમજ અગિયારમે મૂળમતે ૨૪-૨૧ એ બે, અને મતાંતરે ૨૮ સહિત ત્રણ સત્તાસ્થાનો હોય છે. બારમા ગુણસ્થાનક વગેરેમાં-મોહનીયની સત્તા જ હોતી નથી.

આજ પંદર સત્તાસ્થાનોમાંથી કયું કયું સત્તાસ્થાનક કયા કયા ગુણસ્થાનકે હોય છે તેનો વિચાર કરીએ, જેથી સંવેધ સમજવામાં વિશેષ સુગમતા રહેઃ-

૨૮ નું સત્તાસ્થાન સમ્યકત્વ મોહનીયની ઉદ્દ્વલના ન કરે ત્યાં સુધી પહેલે-બીજે અને ૨૮ની સત્તાવાળા જીવને ત્રીજે તથા અનંતાનુબંધીના અવિસંયોજક ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિને ચારથી સાતમાસુધી અને ઔપશમિક સમ્યકત્વીને ચોથાથી સાતમા સુધી, તેમજ મતાંતરે અગિયારમા સુધી હોય છે સત્તાવીશની સત્તા સમ્યકત્વ મોહનીયની ઉદ્દ્વલના કરી મિશ્રની ઉદ્દ્વલના ન કરે ત્યાં સુધી પહેલે, અને તેવા જીવો પહેલેથી ત્રીજે જાય ત્યારે ત્રીજે, એમ બે ગુણસ્થાનકે હોય છે.

છવ્વીસની સત્તા અનાદિ મિથ્યાદષ્ટિને તેમજ પતિતને પહેલે ગુણસ્થાનકે સમ્યકત્વ અને મિશ્ર મોહનીયની ઉદ્દ્વલના કર્યા બાદ જ હોય છે.

૨૪ ની સત્તા ક્ષાયોપશમિક સમ્યક્ત્વીને અનંતાનુબંધીની વિસંયોજના કરી ત્રીજે

જાય ત્યારે ત્રીજે, તેમજ તેવા ક્ષાયોપશમિક સમ્યકત્વીને ચોથાથી સાતમા સુધી અને ઔપશમિક સમ્યકત્વીને ચોથાથી ૧૧મા સુધી એમ કુલ નવ ગુણસ્થાનકે હોય છે.

૨૪ ની સત્તાવાળા ક્ષાયોપશમિક સમ્યક્ત્વીને ચોથાથી સાત સુધીના યથાસંભવ એ ચાર ગુણસ્થાનકોમાં મિથ્યાત્વનો ક્ષય કર્યા પછી ૨૩ ની, અને મિશ્રમોહનીયનો ક્ષય કર્યા પછી ૨૨ ની સત્તા હોય છે કારણકે આ ચાર ગુણસ્થાનકોમાંથી કોઈપણ ગુણસ્થાનકે પહેલા અન્તર્મુહૂર્તમાં મિથ્યાત્વનો અને ત્યારબાદ અન્તર્મુહૂર્તમાં મિશ્રમોહનીયનો ક્ષય કરે છે માટે આ બે સત્તાસ્થાનો યથાસંભવ ચોથાથી સાતમા સુધી જ ઘટે છે. તેમાં પણ તેવીસનું સત્તાસ્થાન ચારે ગુણસ્થાનકોમાં મનુષ્યને જ હોય છે ૨૨ નું સત્તાસ્થાન સમ્યકત્વ મોહનીયના અંતિમ સ્થિતિખંડનો ક્ષય કરતો જીવ કાળ કરી ચારે ગતિમાં જઈ શકે છે માટે ચોથે ગુણસ્થાનકે ચારે ગતિમાં ઘટે છે તિર્યંચોને પાંચમું ગુણસ્થાનક હોવા છતાં સમ્યકત્વ મોહનીયનો ક્ષય કરતો કાળ કરી તિર્યંચોમાં જાય તો અસંખ્યાત વર્ષના આયુવાળા યુગલિકમાં જ જાય છે. અને યુગલિકમાં દેવોની જેમ વિરતિના પરિણામ ન હોવાથી તેઓને પ્રથમનાં ચાર ગુણસ્થાનક જ હોય છે.

૨૧નું સત્તાસ્થાન ક્ષાયિક સમ્યકત્વી મનુષ્યને ચોથાથી અગિયારમા સુધી આઠ ગુણસ્થાનકોમાં તેમજ શેષ ત્રણ ગતિના જીવોને ચોથે ગુણસ્થાનકે હોય છે.

૧૩ આદિ સાત સત્તાસ્થાનો ક્ષપકશ્રેણિમાં નવમા ગુણસ્થાનકે જ હોય છે. અને એકનું સત્તાસ્થાન આજ શ્રેણિમાં નવમા–દશમા ગુણસ્થાનકે હોય છે.

આ સત્તાસ્થાનોનો કાળ આ પ્રમાણે છે:–૨૮ નો જઘન્યકાળ અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટકાળ સાધિક ૧૩૨ સાગરોપમ પ્રમાણ છે કારણકે ૨૬ની સત્તાવાળો મિથ્યાદષ્ટિ ઉપશમ સમ્યકત્વ પામી ૨૮ ની સત્તાવાળો થઇ તરતજ ક્ષયોપશમ સમ્યકત્વ પામી અન્તર્મુહૂર્તમાં અનંતાનુબંધીનો ક્ષય કરી શકે છે. માટે જઘન્ય અન્તર્મુહૂર્ત ઘટી શકે છે. અને સાધિક ૧૩૨ સાગરોપમ પછી તો અવશ્ય ક્ષપકશ્રેણિ માંડે અથવા પહેલે જાય એટલે બીજા સત્તાસ્થાનોનો સંભવ હોવાથી ઉત્કૃષ્ટથી આ સત્તાસ્થાનોનો કાળ એથી વધારે ઘટતો નથી.

૨૭ નો જઘન્ય અને ઉત્કૃષ્ટ કાળ એમ બન્ને રીતે પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ છે, કારણકે પહેલે ગુણસ્થાનકે જઈ સમ્યક્ત્વ મોહનીયની ઉદ્વલના કરી સત્તાવીશની સત્તાવાળો થાય, ત્યારબાદ મિશ્રમોહનીયની ઉદ્વલના કરતાં પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલો કાળ લાગે છે.

૨૬ની સત્તાનો કાળ અનાદિ–અનંત આદિ ત્રણ પ્રકારે છે અને તેમાં સાદિ–સાન્ત ભાંગાનો કાળ જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી દેશોન અર્ધપુદ્ગલપરાવર્ત છે, તે સુપ્રતીત જ છે.

૨૪ ની સત્તાવાળો થઈ અન્તર્મુહૂર્તમાં જ મિથ્યાત્વનો ક્ષય કરી શકે છે માટે ૨૪ની સત્તાનો કાળ જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી પહેલે ગુણસ્થાનકે ગયા વિના મિશ્ર સહિત સમ્યક્ત્વનો કાળ સાધિક ૧૩૨ સાગરોપમ પ્રમાણ હોવાથી અહીં પણ એટલો જ કાળ ઘટે છે.

તેવીસ અને બાવીસ આ બે સત્તાસ્થાનોનો કાળ જઘન્ય અને ઉત્કૃષ્ટ એમ બન્ને પ્રકારે અન્તર્મુહૂર્ત પ્રમાણ છે.

તેમજ ૨૧ ની સત્તાનો કાળ જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી સાધિક તેત્રીશ સાગરોપમ પ્રમાણ છે. કારણકે ક્ષાયિક સમ્યકત્વ પામી તરત જ ક્ષપકશ્રેણિ ઉપર આરૂઢ થનારને અન્તર્મુહૂર્તમાં જ અન્ય સત્તાસ્થાનોનો સંભવ છે અને ૨૧ની સત્તાવાળો તેત્રીશ સાગરોપમ અનુત્તર વિમાનમાં રહી મનુષ્યભવમાં આવી અવશ્ય મોક્ષે જાય છે. માટે સાધિક તેત્રીશ સાગરોપમથી વધારે કાળ ઘટતો નથી.

શેષ આઠ સત્તાસ્થાનો ક્ષપકશ્રેણિમાં જ ઘટતાં હોવાથી તે દરેકનો કાળ જઘન્યથી તેમજ ઉત્કૃષ્ટથી પણ અન્તર્મુહૂર્ત પ્રમાણ જ છે.

ઉપશમ શ્રેણિમાં આઠમાથી અગ્યારમા ગુણસ્થાનક સુધી ક્ષાયિક સમ્યકત્વીને ૨૧, અનંતાનુબંધીના વિસંયોજક ઔપશમિક સમ્યકત્વીને ૨૪, અને મતાંતરે અવિસંયોજકને ૨૮ એમ ત્રણ સત્તાસ્થાનો હોય છે.

ક્ષપકશ્રેણિમાં નવમા ગુણસ્થાનકે મધ્યમ આઠ કષાયનો ક્ષય ન કરે ત્યાં સુધી ૨૧ નું સત્તાસ્થાન હોય છે, ત્યારબાદ પુરુષવેદે શ્રેણિ ઉપર આરૂઢ થનારને આઠ કષાયનો ક્ષય કરે ત્યારે તેર, નપુંસક વેદનો ક્ષય કરે ત્યારે બાર, સ્ત્રીવેદનો ક્ષય કરે ત્યારે ૧૧, અને આને પુરુષવેદનો બંધ ચાલુ હોવાથી હાસ્યષટ્કનો ક્ષય કરે ત્યારે સમયોન બે આવલિકા જેટલા છેલ્લા કાળમાં બંધાયેલ પુરુષવેદના દલિકની સત્તા હોવાથી પાંચનું, અને પછી ચારનું સત્તાસ્થાન હોય છે.

સ્ત્રી વેદોદયે શ્રેણિ ઉપર આરુઢ થનાર ને આઠ કષાયનો ક્ષય થાય ત્યારે તેર, નપુંસક વેદનો ક્ષય કરે ત્યારે ૧૨, અને સ્ત્રીવેદનો ક્ષય કરે ત્યારે ૧૧, અને તેજ વખતે પુરુષ વેદનો બંધ વિચ્છેદ થવાથી હાસ્યષટ્ક અને પુરુષવેદ એ સાતેનો સાથે ક્ષય થવાથી પાંચનું સત્તાસ્થાન આવતું નથી માટે ચારનું, એમ કુલ પાંચ,

નપુંસક વેદે શ્રેણિ ઉપર આરૂઢ થનારને આઠ કષાયનો ક્ષય થાય ત્યારે તેર, અને ત્યારપછી નપુંસકવેદ તથા સ્ત્રીવેદનો સાથે ક્ષય થવાથી ૧૧, અને તે જ વખતે પુરુષવેદનો બંધ વિચ્છેદ થવાથી સાતનો ક્ષય સાથે થાય ત્યારે ચારનું, માટે નપુંસક વેદે શ્રેણિ માંડનારને બાર અને પાંચ એ બે સત્તાસ્થાન આવતાં નથી તેથી ૨૧, ૧૩, ૧૧, ૪ એમ ચાર જ સત્તાસ્થાન છે.

તેમાં પણ પુરુષવેદે શ્રેણિ માંડનારને પાંચના બંધે ૨૧-૧૩-૧૨-૧૧ એમ ચાર, અને ચારના બંધે ૫-૪ એમ બે સત્તાસ્થાન આવે છે, પરંતુ સ્રીવેદે શ્રેણિ માંડનારને પાંચના બંધે ૨૧-૧૩-૧૨ એમ ત્રણ, અને ચારના બંધે ૧૧-૪ એમ બે, તેમજ નપુંસક વેદે શ્રેણિ માંડનારને પાંચના બંધે ૨૧-૧૩ એમ બે, અને ચારના બંધે ૧૧-૪ એમ બે સત્તાસ્થાન હોય છે અર્થાત્ પુરુષવેદે શ્રેણિ માંડનારને ૨૧ થી ૪ સુધીનાં દરેક સત્તાસ્થાનો હોય. પણ પાંચનું અને ચારનું સત્તાસ્થાન ચારના બંધે હોય અને સ્રીવેદે તથા નપું-સકવેદે શ્રેણિમાંડનારને ૫ નું, તેમજ નપુંસકવેદે શ્રેણિ માંડનારને બારનું સત્તાસ્થાન ઘટતું જ નથી. તેમાં પણ આ બન્ને વેદે શ્રેણિ માંડનારને ૧૧-૪નું સત્તાસ્થાન ચારના બંધે જ હોય.

સંવેધ :-પહેલા ગુણસ્થાનકે ૨૨ ના બંધે ૭-૮-૯-૧૦ એમ ચાર ઉદયસ્થાનો છે. અને સામાન્યથી ૨૮-૨૭-૨૬ આ ત્રણ સત્તાસ્થાનો હોય છે. પરંતુ સાતનો ઉદય ૨૪ ની સત્તાવાળો ક્ષાયોપશમિક સમ્યક્ત્વી પડીને આવે ત્યારે તેને એક બંધાવલિકા સુધી જ હોય છે માટે તે વખતે નિયમા ૨૮ નું એક જ, તેમજ આઠ-નવના ઉદયમાં અનંતાનુબંધી વિનાના વિકલ્પોમાં ઉપર પ્રમાણે ૨૮ નું એક, અને અનંતાનુબંધીવાળા વિકલ્પોમાં તેમજ દશના ઉદયે ૨૮, ૨૭, ૨૬ એમ ત્રણ સત્તાસ્થાનો હોય છે. માટે ઉદયસ્થાન ગુણિત સત્તાસ્થાનો ૧૦ હોય છે.

તેમજ ઉદયભંગવાર વિચારીએ તો સાતના ઉદયના ૨૪, અને અનંતાનુબંધી વિનાના આઠના ઉદયના ૪૮, તેમજ નવના ઉદયના ૨૪, એમ કુલ ૯૬ ભાંગામાં ૨૮ નું એક જ સત્તાસ્થાન હોય છે માટે ૯૬, અને અનંતાનુબંધીવાળા આઠના ઉદયના ૨૪, નવના ઉદયના ૪૮, અને ૧૦ ના ઉદયના ૨૪, આ ૯૬ ભાંગામાં ૨૮ આદિ ત્રણે સત્તા-સ્થાન હોવાથી ૯૬ ને ત્રણે ગુણતાં ૨૮૮, અને પહેલાના ૯૬ એમ કુલ મળી ૨૨ ના બંધે ઉદયભંગ ગુણિત કુલ સત્તાસ્થાન ૩૮૪ થાય છે. તેમજ ૨૨ નો બંધ ૬ પ્રકારે હોવાથી અને એકેક પ્રકારના બાવીસના બંધમાં ૩૮૪ સત્તાસ્થાનો હોવાથી ૩૮૪ × ૬ એ ગુણતાં બંધભંગયુક્ત ઉદયભંગ ગુણિત કુલ તેવીસોને ચાર સત્તાસ્થાનો થાય છે.

બીજે ગુણસ્થાનકે ૨૧ ના બંધે ૭-૮-૯ (સાતથી નવ સુધીનાં) ત્રણ ઉદયસ્થાનો છે. અને અહીં ૨૮ નું એક સત્તાસ્થાન હોય છે. માટે ઉદયસ્થાન ગુણિત ત્રણ, અને આ ગુણસ્થાનકના ૯૬ ભાંગામાં એકેક હોવાથી ઉદયભંગ ગુણિત ૯૬ તેમજ ૨૧ નો બંધ ચાર પ્રકારે છે તેમાંના એકેક પ્રકારના બંધમાં ૯૬, ૯૬, ભાંગા હોવાથી ૯૬ ને ૪થી ગુણતાં કુલ બંધ ભંગ યુક્ત ઉદયભંગ ગુણિત ૩૮૪ સત્તાસ્થાનો થાય છે.

ત્રીજે-ચોથે ગુણસ્થાનકે ૧૭ ના બંધે સામાન્યથી છ થી નવ સુધીનાં ચાર ઉદયસ્થાન અને ૨૮-૨૭-૨૪-૨૩-૨૨-૨૧ એમ છ સત્તાસ્થાનો હોય છે. ત્યાં ત્રીજે ગુણસ્થાનકે

સાતથી નવ સુધીનાં ત્રણ ઉદયસ્થાનો હોય છે અને ત્રણે ઉદયસ્થાને ૨૮-૨૭-૨૪ એમ ત્રણ ત્રણ સત્તાસ્થાન હોવાથી ઉદયસ્થાન ગુણિત નવ, અને આ ગુણસ્થાનકની ચાર ચોવીસીના ૯૬ ભાંગામાં આ ત્રણે સત્તાસ્થાન ઘટતાં હોવાથી ૯૬ ને ત્રણે ગુણતાં ઉદયભંગ ગુણિત સત્તાસ્થાનો ૨૮૮ થાય છે તેમજ ૧૭ નો બંધ બે પ્રકારે હોવાથી ઉપર જણાવેલ ૨૯૮ ને બે એ ગુણતાં બંધ ભંગ યુક્ત ઉદયભંગ ગુણિત કુલ ૫૭૬ સત્તાસ્થાનો થાય છે.

ચોથે ગુણસ્થાનકે છ થી નવ સુધીનાં ચાર ઉદયસ્થાન અને સામાન્યથી ૨૮-૨૪-૨૩-૨૨-૨૧ આ પાંચ સત્તાસ્થાનો હોય છે, તેમાં પણ છનો ઉદય ક્ષાયિક અને ઔપશમિક સમ્યક્ત્વીને જ હોવાથી ત્યાં ૨૮-૨૪-૨૧ એમ ત્રણ, અને સાત તથા આઠનો ઉદય ત્રણે પ્રકારના સમ્યક્ત્વીને હોવાથી આ બન્ને ઉદયસ્થાનમાં ૨૮ આદિ પાંચ પાંચ.

તેમજ નવનો ઉદય કેવલ ક્ષાયોપશમિક સમ્યક્ત્વીને જ હોય છે માટે ૨૧ વિના ચાર સત્તાસ્થાન, એમ આ ગુણસ્થાનકે ઉદયસ્થાન ગુણિત કુલ ૧૭ સત્તાસ્થાનો હોય છે. ક્ષાયિક અને ઔપશમિક સમ્યક્ત્વીની ચાર ચોવીસીના ૯૬ ભાંગામાં યથાસંભવ ૨૮-૨૪-૨૧ આ ત્રણ ત્રણ સત્તાસ્થાનો હોવાથી ૯૬ ને ત્રણે ગુણતાં ૨૮૮, તેમજ ક્ષાયોપશમિક સમ્યક્ત્વીની ચાર ચોવીસીના ૯૬ ભાંગામાં ૨૮-૨૪-૨૩-૨૨ એમ ચાર ચાર સત્તાસ્થાન હોવાથી ૯૬ ને ચારે ગુણતાં ૩૮૪ એમ સર્વમળી ઉદયભંગ ગુણિત સત્તાસ્થાનો ૬૭૨ થાય અને અહીં પણ ૧૭ નો બંધ બે પ્રકારે હોવાથી ૬૭૨ ને ૨ એ ગુણતાં બંધભંગયુક્ત ઉદયભંગ ગુણિત કુલ સત્તાસ્થાનો ૧૩૪૪ થાય છે.

પાંચમે ગુણસ્થાનકે ૧૩ ના બંધે પાંચથી આઠ સુધીનાં ચાર ઉદયસ્થાનો અને ૨૮-૨૪-૨૩-૨૨-૨૧ એમ સામાન્યથી પાંચ સત્તાસ્થાનો છે. તેમાં પાંચનો ઉદય ક્ષાયિક અને ઔપશમિક સમ્યક્ત્વીને જ હોવાથી ત્યાં ૨૮-૨૪-૨૧ એમ ત્રણ, અને છ અને સાતનો ઉદય ત્રણે પ્રકારના સમ્યક્ત્વીને હોવાથી પાંચ પાંચ, અને આઠનો ઉદય કેવલ ક્ષાયોપશમિક સમ્યક્ત્વીને જ હોવાથી ૨૧ વિના ચાર, એમ ઉદયસ્થાન ગુણિત સત્તાસ્થાનો ૧૭ છે. ક્ષાયિક અને ઔપશમિક સમ્યક્ત્વીને ૪ ચોવીસીના ૯૬ ભાંગામાં ૨૮-૨૪-૨૧ એમ ત્રણ ત્રણ સત્તાસ્થાનો હોવાથી ૯૬ ને ૩ વડે ગુણતાં ૨૮૮, અને ક્ષાયોપશમિક સમ્યક્ત્વીને ચાર ચોવીસીના ૯૬ ભાંગામાં ૨૧ વિના ચાર ચાર સત્તાસ્થાન હોવાથી ૯૬ ને ૪ વડે ગુણતાં ૩૮૪, એમ સર્વમળી ઉદયભંગ ગુણિત સત્તાસ્થાનો ૬૭૨ થાય અને ૧૩ નો બંધ બે પ્રકારે હોવાથી તેને બે એ ગુણતાં બંધભંગ યુક્ત ઉદયભંગ ગુણિત ૧૩૪૪ સત્તાસ્થાનો થાય છે

છઠ્ઠે-સાતમે-આઠમે ગુણસ્થાનકે નવના બંધે સામાન્યથી ૪ થી ૭ સુધીનાં એમ ચાર ઉદયસ્થાનો અને ૨૮-૨૪-૨૩-૨૨-૨૧ એમ પાંચ સત્તાસ્થાનો હોય છે અહીં પણ ત્રણે પ્રકારના સમ્યક્ત્વી હોવાથી તેરના બંધ પ્રમાણે ચારના ઉદયે ૨૮-૨૪-૨૧ એમ ત્રણ, પાંચ તથા છના ઉદયે પાંચ, પાંચ એમ દશ, અને સાતના ઉદયે ૨૧ વિના ચાર, એમ સર્વમળી

ઉદયસ્થાન ગુણિત ૧૭, ઉદયભંગ ગુણિત ૬૭૨, એમ છઠ્ઠા ગુણસ્થાનકે નવનો બંધ પણ બે પ્રકારે હોવાથી તેને બે એ ગુણતાં બંધભંગ યુકત ઉદયભંગ ગુણિત કુલ સત્તાસ્થાનો ૧૩૪૪ થાય છે. પરંતુ સાતમે ગુણસ્થાનકે ૯ નો બંધ એક પ્રકારે હોવાથી ૬૭૨ સત્તાસ્થાનો હોય છે.

આઠમા ગુણસ્થાનકે ક્ષાયોપશમિક સમ્યકત્વી ન હોવાથી સાત વિના ચાર-પાંચ-છ એમ ત્રણ ઉદયસ્થાનો અને ચોવીસી ભાંગા ૯૬ હોય છે. અને ત્રણે ઉદયસ્થાને સામાન્યથી ૨૮-૨૪-૨૧ એમ ત્રણ સત્તાસ્થાન હોવાથી ઉદય સ્થાન ગુણિત નવ, અને ૯૬ એ ભાંગામાં આ ત્રણ ત્રણ સત્તાસ્થાન હોવાથી ૯૬ ને ત્રણે ગુણતાં ઉદયભંગ ગુણિત ૨૮૮ અને બંધ ભંગ પણ એક જ હોવાથી બંધભંગ યુકત ઉદયભંગ ગુણિત સત્તાસ્થાનો પણ તેટલાંજ હોય છે. આ સાતમા તથા આઠમા ગુણસ્થાનકનાં ઉદયસ્થાનો-ઉદયભાંગા તેમજ સત્તાસ્થાનો છઠ્ઠા ગુણસ્થાનકની સમાન હોવાથી અલગ ગણવાનાં નથી, માત્ર ગુણસ્થાનકની અપેક્ષાએ જ જુદાં ગણાવ્યાં છે.

નવમા ગુણસ્થાનકના પહેલા ભાગે પુરુષવેદ અને ચાર સંજ્વલન કષાય એમ પાંચના બંધે ચાર સંજ્વલનમાંથી કોઈપણ એક કષાય, અને ત્રણ વેદમાંથી કોઈપણ એક વેદ, એમ બે નો ઉદય હોય છે. ચાર કષાયને ત્રણ વેદે ગુણતાં બેના ઉદયના કુલ ૧૨ ભાંગા થાય છે. અહીં પાંચના બંધે બેના ઉદયે સામાન્યથી ઉપશમ શ્રેણિ આશ્રયી ૨૮-૨૪-૨૧ એમ ત્રણ, અને ક્ષપકશ્રેણીમાં આઠ કષાયનો ક્ષય ન થાય ત્યાં સુધી ૨૧, અને પછી, ૧૩-૧૨-૧૧ એમ કુલ ચાર, પરંતુ ૨૧ નું સત્તાસ્થાન બન્નેશ્રેણીમાં એક જ છે. પણ ભિન્ન નથી, માટે સર્વમળી સામાન્યથી છ સત્તાસ્થાનો છે. તેમાં પણ પુરુષવેદોદયના ચારે ભાંગાઓમાં છ સત્તાસ્થાન હોવાથી છ ને ચારે ગુણતાં ૨૪ થાય.

સ્ત્રી વેદોદયવાળા ચાર ભાંગામાં ૧૧ નું સત્તાસ્થાન ચારના બંધે જ છે પરંતુ પાંચના બંધે નથી, માટે આ ચારે ભાંગામાં ૧૧, વિના પાંચ પાંચ સત્તાસ્થાનો હોવાથી ચારને પાંચે ગુણતાં ૨૦, અને નપુંસક વેદોદયના ચાર ભાંગામાં પણ ૧૧ નું સત્તાસ્થાન પાંચના બંધે હોતું નથી, અને બારનું સત્તાસ્થાન તો ઘટતું જ નથી માટે ૨૮-૨૪-૨૧-૧૩ આ ચાર સત્તાસ્થાનને ચારે ગુણતાં ૧૬, એમ પાંચના બંધે બેના ઉદયે ઉદયભંગ ગુણિત કુલ સત્તાસ્થાન ૬૦ થાય છે.

આજ ગુણસ્થાનકના બીજા ભાગે પુરુષવેદ વિના ચારના બંધે ચાર સંજ્વલનમાંના કોઈપણ એકનો ઉદય હોય છે. માટે ઉદયભંગ ૪, અહીંથી દરેક બંધસ્થાનમાં પ્રથમનાં ત્રણ સત્તાસ્થાનો ઉપશમ શ્રેણિમાં જ ઘટે છે અને બીજાં સત્તાસ્થાનો ક્ષપકશ્રેણીમાં જ હોય છે એમ સમજવું, તેથી ચારના બંધે એકના ઉદયે સામાન્યથી ૨૮-૨૪-૨૧-૧૧-૫-૪ એમ છ, અને ચારે ઉદયભાંગે આ છ સત્તાસ્થાનો હોવાથી છને ચારે ગુણતાં ઉદયભંગ ગુણિત ૨૪ સત્તાસ્થાનો થાય છે.

ત્રણના બંધે સંજ્વલન ક્રોધ વિના ત્રણમાંથી કોઈપણ એકનો ઉદય હોય છે. માટે ઉદયભંગ ત્રણ, અને ઉપશમશ્રેણીમાં સત્તાસ્થાનો પ્રથમનાં ત્રણ, તથા ક્ષપકશ્રેણીમાં સંજ્વલન ક્રોધનો ક્ષય ન થાય ત્યાં સુધી સમયોન બે આવલિકા કાળ પ્રમાણ ચારનું, અને પછી ત્રણનું, એમ કુલ પાંચ સત્તાસ્થાનો સામાન્યથી અને ત્રણેય ઉદયભાંગામાં આ પાંચ પાંચ સત્તાસ્થાન હોવાથી ઉદયભંગ ગુણિત કુલ ૧૫ સત્તાસ્થાનો છે.

માન વિના બેના બંધે ક્ષપકશ્રેણીમાં ત્રણ અને બે, તેમજ ઉપશમશ્રેણીમાં પ્રથમનાં ત્રણ, એમ કુલ પાંચ અને ઉદયભંગ બે હોવાથી પાંચને બેએ ગુણતાં ઉદયભંગ ગણિત સત્તાસ્થાનો દશ થાય છે.

એકના બંધે એકના ઉદયે શરૂઆતનાં ત્રણ, અને બે તથા એક, એમ કુલ પાંચ સત્તાસ્થાનો છે.

બંધના અભાવે દશમા ગુણસ્થાનકે એકના ઉદયે ક્ષપકશ્રેણીમાં એકનું અને ઉપશમશ્રેણિમાં પ્રથમનાં ત્રણ, એમ ચાર, અને ઉદયના અભાવે પણ અગિયારમે ગુણસ્થાનકે પ્રથમનાં ત્રણ સત્તાસ્થાનો હોય છે.

સામાન્યથી મોહનીય કર્મના ધ્રુવ ઉદયપદ અને પદોના સમૂહનો વિચાર :-

જે ઉદયસ્થાનમાં મોહનીય કર્મની જેટલી પ્રકૃતિ ઉદયમાં હોય છે તે પ્રકૃતિઓને ઉદયપદ કહેવાય છે. આમાં એકની એક પ્રકૃતિ અનેકવાર આવે તો પણ તે એક જ ગણાય.

જે જે ઉદયસ્થાનમાં જે જે પ્રકૃતિ જેટલીવાર ઉદયમાં આવતી હોય તે દરેક પ્રકૃતિના સમૂહને પદવૃંદ કહેવાય છે અર્થાત્ આમાં પ્રકૃતિ એક જ હોવા છતાં તે વારંવાર જેટલીવાર આવે તેટલી વખત અલગ અલગ ગણાય છે, ત્યાં જે ઉદયસ્થાનની જેટલી ચોવીસી હોય તે સંખ્યાને તે ઉદયસ્થાનની સંખ્યા સાથે ગુણવાથી કુલ જેટલી સંખ્યા આવે તેટલા ચોવીસ પદવૃંદના સમૂહવાળાં ઉદયપદ થાય છે.

તે આ પ્રમાણે :- દશના ઉદયની એક ચોવીસી હોવાથી તેને દશે ગુણતાં દશ, નવના ઉદયની છ ચોવીસી, તેથી છને નવે ગુણતાં ૫૪, એજ પ્રમાણે આઠના ઉદયની ૧૧ ચોવીસી તેને આઠે ગુણતાં ૮૮, સાતના ઉદયની દશ, તેથી દશને સાતે ગુણતાં ૭૦, છના ઉદયની ૭ તેથી ૭ ને ૬ એ ગુણતાં ૪૨, પાંચના ઉદયની ચાર ચોવીસી, તેથી ૪ ને પાંચે ગુણતાં ૨૦, ચારના ઉદયની એક, તેથી ૧ ને ચારે ગુણતાં ૪, એમ દશથી ચાર સુધીનાં ઉદયસ્થાનોનાં સર્વમળી ૨૮૮ ઉદયપદો થાય છે.

તે દરેકપદો ચોવીસ પદોના સમૂહવાળાં હોવાથી ૨૮૮ ને ચોવીસે ગુણતાં છ હજાર નવસો બાર (૬૯૧૨) પદોનો સમૂહ અને તેમાં બેના ઉદયના ૧૨ ભાંગા છે તે દરેકમાં બે બે પદો હોવાથી ૧૨ × ૨ = ૨૪ અને એકોદયના ૧૧, એમ ૩૫ ઉમેરવાથી કુલ

મોહનીય કર્મનાં છ હજાર નવસો સુડતાલીશ (૬૯૪૭) પદવૃંદ થાય છે અને મતાંતરે ચારના બંધે બેના ઉદયના પણ બાર ભાંગા ગણીએ તો તે બાર ભાંગાનાં ૨૪ પદવૃંદો અધિક હોવાથી કુલ છ હજાર નવસો એકોતેર (૬૯૭૧) પદવૃંદો થાય છે.

ઉદયપદ તથા પદવૃંદો ગુણસ્થાનકો આશ્રયી આ પ્રમાણે છેઃ-

પહેલા ગુણસ્થાનકે સાતના ઉદયની એક ચોવીસી હોવાથી સાત, આઠના ઉદયની ત્રણ ચોવીસી છે માટે ૨૪, નવના ઉદયે ત્રણ ચોવીસી તેથી ૨૭ અને દશના ઉદયની એક ચોવીસી, માટે દશ, એમ કુલ ૬૮ ઉદયપદ, ૬૮ ને ૨૪ વડે ગુણતાં એક હજાર છસો બત્રીશ (૧૬૩૨) પદવૃંદો થાય છે. બીજે ગુણસ્થાનકે સાતના ઉદયની એક, માટે સાત, આઠના ઉદયની બે, માટે ૧૬, અને નવના ઉદયની એક ચોવીસી માટે ૯ એમ ૩૨ ઉદયપદ, ૩૨ ને ચોવીસે ગુણતાં સાતસો અડસઠ (૭૬૮) પદવૃંદો થાય છે. ત્રીજે ગુણસ્થાનકે પણ એજ પ્રમાણે ૩૨ ઉદયપદ, અને (૭૬૮) પદવૃંદો થાય છે.

ચોથે છના ઉદયની એક ચોવીસી માટે છ, સાતના ઉદયની ત્રણ માટે ૨૧, અને આઠના ઉદયની ત્રણ માટે ૨૪, નવના ઉદયની એક હોવાથી ૯, એમ કુલ ૬૦ ઉદયપદ, ૬૦ ને ૨૪ વડે ગુણતાં ૧૪૪૦ (એક હજાર ચારસો ચાલીશ) પદવૃંદ થાય છે.

પાંચમે પાંચના ઉદયની એક ચોવીસી માટે પાંચ, અને છ ના ઉદયની ત્રણ, માટે ૧૮, સાતના ઉદયની ત્રણ તેથી ૨૧, અને આઠના ઉદયની એક, માટે આઠ, એમ ૫૨ ચોવીસી ઉદયપદ, ૫૨ ને ચોવીસે ગુણતાં એક હજાર બસો અડતાલીસ (૧૨૪૮) પદવૃંદ થાય છે. છઠ્ઠ-સાતમે ચારના ઉદયની એક ચોવીસી માટે ૪, પાંચના ઉદયની ત્રણ, માટે ૧૫, છના ઉદયની ત્રણ તેથી ૧૮, સાતના ઉદયની એક ચોવીસી માટે સાત, એમ ૪૪ ઉદયપદ, ૪૪ ને ચોવીસે ગુણતાં એક હજાર છપ્પન (૧૦૫૬) પદવૃંદ થાય છે.

સાતમે ગુણઠાણે પણ એજ રીતે ૪૪ ઉદયપદ અને (૧૦૫૬) પદવૃંદ, આઠમે ગુણઠાણે ચારની એક માટે ચાર, પાંચની બે માટે દશ, અને છ ની એક તેથી છ, એમ ૨૦ ઉદયપદ તેને ૨૪ થી ગુણતાં ૪૮૦ પદવૃંદ થાય છે. એમ આઠે ગુણસ્થાનકના કુલ ત્રણસો બાવન (૩૫૨) ઉદયપદ, અને તેઓને ૨૪ વડે ગુણતાં આઠ હજાર ચારસો અડતાલીસ (૮૪૪૮) પદવૃંદ થાય છે, વળી તેમાં દ્વિકોદયના ૧૨ ભાંગાનાં ૨૪, અને એકોદયના ૧૧, એમ કુલ ૩૫, અથવા બંધભેદે અલગ અલગ ન ગણીએ તો નવમા ગુણઠાણે એકોદયના ચાર, અને દશમા ગુણઠાણે એકોદયનો એક, એમ એકોદયના પાંચ, અને દ્વિકોદયના ૨૪, એમ કુલ ૨૯.

મતાંતરે ચારના બંધે બેનો ઉદય માનીએ તો તેના ૨૪ વધારે થાય માટે દ્વિકોદયના કુલ ૪૮, અને એકોદયના અગિયાર એમ આ ત્રણે સંખ્યાઓ પહેલાં બતાવેલ આઠ હજાર ચારસો અડતાલીસ (૮૪૪૮) માં ઉમેરતાં અનુક્રમે આઠ હજાર ચારસો ત્યાસી, (૮૪૮૩)

આઠ હજાર ચારસો સીત્તોતેર (૮૪૭૭) અને આઠ હજાર પાંચસો સાત (૮૫૦૭) પદવૃંદ થાય છે.

મોહનીય કર્મના લેશ્યા, ઉપયોગ, અને યોગ ગુણિત ચોવીસી, ઉદયભાંગા, ઉદયપદ અને પદવૃંદનો વિચાર :–

જે જે ગુણઠાણે જેટલી લેશ્યા, ઉપયોગ અને યોગો હોય તે તે ગુણસ્થાનકે મોહનીય કર્મની ચોવીસીઓ ઉદયભાંગા, ઉદયપદ, અને પદવૃંદ, જેટલા હોય તેઓને તેટલાએ ગુણવાથી લેશ્યા આદિથી ગુણિત ચોવીસીઓ વગેરેની સંખ્યા આવે. ત્યાં પહેલાં લેશ્યાગુણિત ચોવીસીઓ વગેરે આ પ્રમાણે છે :–

પ્રથમના ચાર ગુણસ્થાનકોમાં લેશ્યાઓ છ છે. અને ચોવીસીઓ અનુક્રમે આઠ, ચાર–ચાર અને આઠ એમ કુલ (૨૪) ચોવીસ ચોવીસીઓ છે. તેઓને છ એ ગુણતાં ૧૪૪ ચોવીસી થાય. અને પાંચમાથી સાતમા ગુણસ્થાનક સુધી તેજો વગેરે ત્રણ લેશ્યા છે. અને ચોવીસીઓ, અનુક્રમે આઠ-આઠ–આઠ એમ (૨૪) ચોવીસ ચોવીસીઓને ત્રણે ગુણતાં ૭૨ ચોવીસી, અને આઠમા ગુણસ્થાનકથી એક શુક્લ લેશ્યા જ હોવાથી આઠમા ગુણસ્થાનકના ચાર ચોવીસીને એકે ગુણતાં ૪, એમ આઠ ગુણસ્થાનક સુધીની લેશ્યા ગુણિત સર્વમળી ૨૨૦ ચોવીસીઓ છે. તેઓને ચોવીસે ગુણતાં પાંચ હજાર બસો એંસી (૫૨૮૦) ભાંગા થાય. તેમાં નવમા ગુણસ્થાનકના બેના ઉદયના બાર, અને એકના ઉદયના ચાર, તેમજ દશમા ગુણસ્થાનકે એકના ઉદયનો એક એમ ૧૭ ઉમેરવાથી કુલ મોહનીય કર્મના લેશ્યા ગુણિત પાંચ હજાર બસો સત્તાણું, (૫૨૯૭) ઉદયભાંગા થાય છે.

લેશ્યા ગુણિત ઉદયપદ :– પ્રથમના ચાર ગુણસ્થાનકોમાં અનુક્રમે ૬૮–૩૨–૩૨ અને ૬૦, ઉદયપદો હોવાથી કુલ ૧૯૨ અને આ ચારે ગુણસ્થાનકોમાં છએ લેશ્યા હોવાથી ૧૯૨ ને છએ ગુણતાં એક હજાર એકસો બાવન (૧૧૫૨) ઉદયપદ થાય.

પાંચમે-છઠ્ઠે–સાતમે ગુણસ્થાનકે અનુક્રમે ૫૨–૪૪–૪૪ ઉદયપદો છે. માટે કુલ ૧૪૦ ઉદયપદો થાય. અને આ ત્રણે ગુણસ્થાનકે લેશ્યાઓ ત્રણ હોવાથી ૧૪૦ ને ત્રણે ગુણતાં ૪૨૦ ઉદયપદ થાય. અને આઠમા ગુણસ્થાનકનાં ૨૦ ઉદયપદો છે તેઓને એકે ગુણતાં ૨૦ એમ આઠે ગુણસ્થાનકે મળી લેશ્યાગુણિત સર્વમળી કુલ એક હજાર પાંચસો બાણું (૧૫૯૨) ઉદયપદ થાય. તેઓને ચોવીસે ગુણતાં આડત્રીશ હજાર બસો આઠ (૩૮૨૦૮), વળી તેમાં દ્વિકોદયના ૨૪ અને એકોદયના ૫ એમ ૨૯ ઉમેરતાં આડત્રીસ હજાર બસો સાડત્રીશ (૩૮૨૩૭) પદવૃંદ થાય છે.

ઉપયોગ ગુણિત ચોવીસીઓ વગેરે આ પ્રમાણે છે :–

પ્રથમના ત્રણ ગુણસ્થાનકોમાં અનુક્રમે આઠ–ચાર–ચાર એમ ૧૬ ચોવીસીઓ છે. અને ત્રણ અજ્ઞાન તથા બે દર્શન એમ પાંચ ઉપયોગો છે. માટે ૧૬ ને પાંચે ગુણતાં ૮૦

તેમજ ચોથા અને પાંચમા ગુણસ્થાનકની આઠ-આઠ એમ ૧૬ ચોવીસીઓ છે. અને આ બન્ને ગુણસ્થાનકોમાં ૩ જ્ઞાન, ૩ દર્શન એમ ૬ ઉપયોગો છે, તેથી ૧૬ ને ૬ એ ગુણતાં ૯૬ ચોવીસી થાય. છઠ્ઠે-સાતમે-આઠમે ગુણસ્થાનકે અનુક્રમે ૮-૮ અને ૪ એમ ૨૦ ચોવીસીઓ છે. અને આ ત્રણે ગુણસ્થાનકોમાં ૪ જ્ઞાન અને ત્રણ દર્શન હોવાથી ૨૦ ને સાતે ગુણતાં ૧૪૦, એમ આઠે ગુણસ્થાનકે મળી ઉપયોગ ગુણિત કુલ ૩૧૬ ચોવીસીઓ થવાથી તેને ચોવીસે ગુણતાં સર્વ મળી સાત હજાર પાંચસો ચોરાશી (૭૫૮૪) ઉદયભાંગા થાય છે. તેમાં નવમા ગુણસ્થાનકના દ્વિકોદયના ૧૨, અને એકોદયના ચાર, અને દશમા ગુણઠાણે એકોદયનો એક, આ સત્તર ભાંગાઓ છે, તેમને ૭ ઉપયોગે ગુણતાં ૧૧૯ ભાંગા થાય, તે ઉમેરતાં કુલ સાતહજાર સાતસો ત્રણ (૭૭૦૩) ઉદયભાંગા થાય છે.

પહેલા ત્રણ ગુણસ્થાનકોના અનુક્રમે ૬૮-૩૨-૩૨, એમ ૧૩૨ ઉદયપદોને આ ગુણસ્થાનકમાં સંભવતા પાંચ ઉપયોગો સાથે ગુણતાં ૬૬૦, ચોથા-પાંચમા ગુણસ્થાનકનાં ૬૦-૫૨, એમ ૧૧૨ ને આ બે ગુણસ્થાનકોમાં સંભવતા છ ઉપયોગો સાથે ગુણતાં ૬૭૨, તેમજ છઠ્ઠા-સાતમા-આઠમા ગુણસ્થાનકના ૪૪-૪૪-૨૦, એમ ૧૦૮, ને આ ગુણસ્થાનકોમાં સંભવતા સાત ઉપયોગો સાથે ગુણતાં ૭૫૬, એમ આઠે ગુણસ્થાનકનાં સર્વમળી ઉપયોગ ગુણિત બે હજાર અઠ્ઠાસી (૨૦૮૮) ઉદયપદો છે.

માટે તેઓને ચોવીસે ગુણતાં પચાસ હજાર એકસો બાર (૫૦૧૧૨) પદવૃંદો થાય. બેના ઉદયનાં ૨૪, તેમજ એકના ઉદયનાં ૫ એમ ૨૯ પદોને સાત ઉપયોગો સાથે ગુણતાં ૨૦૩ થાય. તેઓને પૂર્વની સંખ્યામાં ઉમેરતાં કુલ ઉપયોગ ગુણિત પદવૃંદો પચાસ હજાર ત્રણસો પંદર (૫૦૩૧૫) થાય છે.

યોગ ગુણિત ચોવીસીઓ આદિ આ પ્રમાણે છે :-

પહેલે ગુણસ્થાનકે આહારકદ્વિક સિવાય ૧૩ યોગો છે. અને કુલ આઠ ચોવીસીઓ છે. તેમાં અનંતાનુબંધીના ઉદયવાળી આઠના ઉદયની એક, નવના ઉદયની બે, અને દશના ઉદયની એક, આ ચાર ચોવીસીઓમાં અનેક જીવોની અપેક્ષાએ ૧૩ યોગ ઘટે છે, માટે ચારને તેરે ગુણતાં ૫૨ ચોવીસી, અને અનંતાનુબંધીના ઉદય વિનાની સાતની એક, આઠની બે અને નવની એક, એમ ચાર ચોવીસીઓમાં અનેક જીવોની અપેક્ષાએ પણ વિગ્રહગતિમાં તેમજ અપર્યાપ્ત અવસ્થામાં જ સંભવતા કાર્મણ, ઔદારિક મિશ્ર, અને વૈક્રિયમિશ્ર આ ત્રણ યોગો ઘટતા નથી.

કારણકે ચોવીસની સત્તાવાળા ક્ષાયોપશમિક સમ્યક્ત્વી તેને, મિથ્યાત્વનો ઉદય થવાથી પહેલે ગુણઠાણે આવે ત્યારે એક બંધાવલિકા સુધી જ અનંતાનુબંધીનો ઉદય હોતો નથી, અને તે વખતે જીવ કાળ કરતો નથી. માટે આ ચાર ચોવીસીમાં ત્રણ વિના બાકીના ૧૦

યોગો ઘટે છે. તેથી ચાર ને દશે ગુણતાં ૪૦, અને પહેલાં બતાવેલ બાવન એમ કુલ ૯૨ ચોવીસી થાય છે.

બીજે ગુણઠાણે આ જ તેર યોગો હોય છે. અને ચોવીસીઓ ૪ છે. પરંતુ આ ગુણઠાણું લઈ જીવ નરકગતિમાં જતો નથી, માટે વૈક્રિયમિશ્ર કાયયોગમાં નપુંસક વેદ ન ઘટવાથી દેવોની અપેક્ષાએ સ્ત્રી અને પુરુષ આ બે વેદો ઘટે છે, તેથી વૈક્રિયમિશ્ર કાયયોગમાં ચાર ચોવીસીના બદલે ચાર ષોડશક થાય, અને બાકીના ૧૨ યોગોમાં અનેક જીવોની અપેક્ષાએ ચારે ચોવીસીઓ ઘટે છે, માટે ચારને બારે ગુણતાં કુલ ૪૮ ચોવીસી અને ૪ ષોડશક થાય છે.

ત્રીજે ગુણઠાણે ચાર મનના, ચાર વચનના ઔદારિક, કાયયોગ અને વૈક્રિયકાયયોગ આ દશ યોગ હોય છે. અને અહીં પણ ચોવીસીઓ ચાર હોવાથી ચારને દશે ગુણતાં ૪૦ ચોવીસી થાય છે. ચોથે ગુણસ્થાનકે આહારકદ્વિક વિના ૧૩ યોગો હોય છે અને આ ગુણઠાણે આઠ ચોવીસીઓ છે. પરંતુ ચોથું ગુણઠાણું લઈ કોઇપણ જીવ દેવીપણે ઉત્પન્ન થતો નથી માટે વૈક્રિયમિશ્ર કાયયોગમાં સ્ત્રી વેદનો અભાવ હોવાથી આમાં ૮ ષોડશક, તેમજ ચોથું ગુણસ્થાનક લઈને કોઈપણ જીવ કોઈપણ ગતિમાં સ્ત્રીપણે ઉત્પન્ન થતો નથી માટે વિગ્રહગતિમાં નરકઆશ્રયી નપુંસકવેદ, અને શેષ ત્રણ ગતિ આશ્રયી પુરુષવેદ એમ બે વેદો હોવાથી કાર્મણ કાયયોગમાં પણ વૈક્રિયમિશ્રની જેમ ૮ ષોડશક એમ ૧૬ ષોડશક થાય અને ચોથું ગુણસ્થાનક લઈ કોઈપણ જીવ મનુષ્ય અથવા તિર્યંચમાં સ્ત્રીપણે તથા નપુંસકપણે ઉત્પન્ન થતો નથી. પણ પુરુષપણે જ ઉત્પન્ન થાય છે માટે ઔદારિક મિશ્ર કાયયોગમાં માત્ર એક પુરુષવેદ જ હોવાથી તેનાં આઠ અષ્ટક થાય. અને શેષ ૧૦ યોગોમાં આઠે ચોવીસીઓ ઘટતી હોવાથી આઠને દશે ગુણતાં આ ગુણઠાણે કુલ ૮૦ ચોવીસી ૧૬ ષોડશક અને આઠ અષ્ટક થાય છે.

મલ્લિકુમારી, રાજીમતિ, બ્રાહ્મી, અને સુંદરી, વગેરેની જેમ કેટલાએક જીવો દેવલોકમાંથી ચોથું ગુણસ્થાનક લઈને પણ મનુષ્યમાં સ્ત્રીપણે ઉત્પન્ન થાય છે. પરંતુ તેવા જીવો બહુજ અલ્પ હોવાથી અહીં તેઓની વિવક્ષા કરવામાં આવી નથી.

પાંચમે ગુણઠાણે ૪ મનના, ૪ વચનના, ઔદારિક અને વૈક્રિયદ્વિક આ ૧૧ યોગો છે. અહીં પણ ચોવીસીઓ આઠ છે માટે આઠ ને અગિયારે ગુણતાં ૮૮ ચોવીસી,

છટ્ઠે ગુણઠાણે ઉપર બતાવેલ ૧૧, અને આહારકદ્વિક એમ તેર યોગો હોય છે. અહીં પણ આઠ ચોવીસીઓ છે. પરંતુ સ્ત્રીઓને ૧૪ પૂર્વના અધ્યયનનો અભાવ હોવાથી સ્ત્રીવેદમાં આહારકદ્વિક ન ઘટવાથી આ બે યોગોમાં આઠ આઠ ષોડશકો થવાથી કુલ ૧૬ ષોડશક થાય છે. અને બાકીના અગિયાર યોગોમાં આઠે ચોવીસીઓ હોય છે. માટે આઠને અગિયારે ગુણતાં ૮૮ ચોવીસી અને ઉપર બતાવેલ ૧૬ ષોડશક આ ગુણઠાણે થાય છે.

સાતમે ગુણઠાણે વૈક્રિયમિશ્ર અને આહારકમિશ્ર વિના આજ ૧૧ યોગો છે. અહીં પણ આઠ ચોવીસી છે પરંતુ છટ્ઠા ગુણસ્થાનકની જેમ અહીં પણ આહારક કાયયોગમાં સ્ત્રી વેદનો અભાવ હોવાથી આ યોગમાં આઠ ષોડશક અને શેષ દશ યોગમાં આઠ આઠ ચોવીસી હોવાથી આઠને દશે ગુણતાં કુલ ૮૦ ચોવીસી અને આઠ ષોડશક થાય છે.

આઠમે ગુણસ્થાનકે ૪ મનના, ૪ વચનના અને ઔદારિક કાયયોગ એમ ૯ યોગો છે. અહીં ચાર ચોવીસી છે માટે ચારને નવે ગુણતાં ૩૬ ચોવીસી થાય. એમ આઠે ગુણઠાણે મળી યોગગુણિત ચોવીશી ૫૫૨ હોવાથી તેઓને ચોવીસે ગુણતાં તેર હજાર બસો અડતાલીશ (૧૩૨૪૮) અને બીજા ગુણસ્થાનકના ૪, ચોથાના ૧૬, છટ્ઠાના ૧૬, અને સાતમાના આઠ, એમ કુલ ૪૪ ષોડશકો થયાં, માટે તેઓને સોળે ગુણતાં સાતસો ચાર (૭૦૪) તેમજ ચોથા ગુણસ્થાનકના આઠ અષ્ટકોને આઠે ગુણતાં ૬૪, એમ સર્વ મળી આઠ ગુણસ્થાનક સુધીમાં ચૌદ હજાર સોળ (૧૪૦૧૬) ઉદયભાંગા થાય.

તેમાં નવમા ગુણસ્થાનકના બેના ઉદયના ૧૨ અને એકના ઉદયના ૪, તેમજ દશમા ગુણઠાણે એકના ઉદયનો એક આ સત્તર ભાંગાઓ આઠમા ગુણસ્થાનકમાં બતાવેલ ૯ યોગોમાં ઘટતા હોવાથી ૧૭ ને ૯ વડે ગુણતાં ૧૫૩ ઉદયભાંગા થાય. તે પૂર્વની સંખ્યામાં ઉમેરતાં કુલ યોગગુણિત ચૌદહજાર એકસો ઓગણોસિત્તેર (૧૪૧૬૯) ઉદયભાંગા થાય છે.

યોગ ગુણિત ઉદયપદ તથા પદવૃંદ :–

પહેલા ગુણઠાણે અનંતાનુબંધીના ઉદયવાળી આઠના ઉદયની એક ચોવીસી, માટે આઠ, નવના ઉદયની બે માટે ૧૮, અને દશના ઉદયની એક ચોવીસી માટે દશ એમ ૩૬ ઉદયપદોમાં ૧૩ યોગ ઘટતા હોવાથી ૩૬ ને તેરે ગુણતાં ૪૬૮, અને અનંતાનુબંધીના ઉદયવિનાની સાતના ઉદયની એક ચોવીસી માટે સાત, આઠના ઉદયની બે, તેથી ૧૬ અને નવના ઉદયની એક ચોવીસી હોવાથી ૯, એમ ૩૨ ઉદયપદોમાં કાર્મણ, ઔદારિક મિશ્ર અને વૈક્રિયમિશ્ર વિના ૧૦ યોગો ઘટતા હોવાથી ૩૨ ને દશે ગુણતાં ૩૨૦ સર્વ મળી આ ગુણઠાણે ૭૮૮ ઉદયપદ થાય.

બીજે ગુણઠાણે જે ૩૨ ઉદયપદો છે તેને આ ગુણસ્થાનકે સંભવતા વૈક્રિયમિશ્ર વિના ૧૨ યોગે ગુણતાં ૩૮૪ ઉદયપદ ચોવીસીવાળાં, અને વૈક્રિયમિશ્ર કાયયોગના ૩૨ પદો ષોડશકવાળાં છે. ત્રીજે ગુણઠાણે સંભવતા ૩૨ ઉદયપદોને આ ગુણસ્થાનકે ઘટતા દશ યોગો સાથે ગુણતાં ૩૨૦ ઉદયપદ, ચોથે ગુણઠાણે મૂળ ૬૦ ઉદયપદો છે તેને કાર્મણ–ઔદારિકમિશ્ર–વૈક્રિયમિશ્ર વિના ૧૦ યોગો સાથે ગુણતાં ૬૦૦ ઉદયપદ ચોવીસીવાળાં, તેમજ કાર્મણ અને વૈક્રિયમિશ્રના ૬૦–૬૦ એમ ૧૨૦ ઉદયપદ ષોડશકવાળાં અને ઔદારિક મિશ્રનાં ૬૦ ઉદયપદ અષ્ટકવાળાં છે.

પાંચમે ગુણઠાણે જે બાવન મૂળ ઉદયપદો છે તેઓને પોતાના ઉદયસ્થાનકે ઘટતા ૧૧ યોગો સાથે ગુણતાં ૫૭૨ ઉદયપદ, છઠ્ઠે ગુણઠાણે જે ૪૪ ઉદયપદો છે તેઓને આ

ગુણઠાણે ઘટતા આહારક–આહારકમિશ્ર વિના ૧૧ યોગો સાથે ગુણતાં ૪૮૪ ઉદયપદ ચોવીસીવાળાં અને આહારકદ્વિકના ૪૪–૪૪, એમ ૮૮ પદો ષોડશકવાળાં, સાતમા ગુણઠાણે ૪૪ પદો છે તેઓને આહારકકાયયોગ વિના આ ગુણસ્થાનકે ઘટતા ૧૦ યોગો સાથે ગુણતાં ૪૪૦ ઉદયપદ ચોવીસીવાળાં અને આહારકકાયયોગનાં ૪૪ ઉદયપદ ષોડશકવાળાં છે.

આઠમા ગુણસ્થાનકનાં જે મૂળ ૨૦ ઉદયપદો છે તેઓને આ ગુણસ્થાનકે ઘટતા ૯ યોગો સાથે ગુણતાં ૧૮૦ ઉદયપદ થાય, એમ આઠે ગુણસ્થાનકોનાં સર્વ મળી ત્રણ હજાર સાતસો અડસઠ (૩૭૬૮) ઉદયપદ ચોવીસીવાળાં હોવાથી તેઓને ચોવીસે ગુણતાં નેવું હજાર ચારસો બત્રીસ, (૯૦૪૩૨) અને બીજા ગુણસ્થાનકના ૩૨, ચોથાનાં ૧૨૦, છઠ્ઠાનાં ૮૮ અને સાતમાનાં ૪૪ એમ ૨૮૪ ઉદયપદો ષોડશકવાળાં હોવાથી તેઓને સોળે ગુણતાં ચાર હજાર પાંચસો ચુમ્માલીશ (૪૫૪૪) અને ચોથા ગુણસ્થાનકનાં અષ્ટકવાળાં ૬૦ ઉદય પદોને આઠે ગુણતાં ચારસો એંશી (૪૮૦) એમ સર્વમળી પંચાણુ-હજાર ચારસો છપ્પન (૯૫૪૫૬) યોગગુણિત પદવૃંદ થાય છે. દ્વિકોદયના ૨૪, અને એકોદયના ૫, એમ ૨૯ને ૯ યોગે ગુણતાં ૨૬૧ થાય. તેઓને પૂર્વની સંખ્યામાં ઉમેરતાં કુલ યોગગુણિત પદવૃંદો પંચાણું હજાર સાતસો સત્તર (૯૫૭૧૭) થાય છે.

ચૌદ જીવસ્થાનક આશ્રયી મોહનીય કર્મના બંધસ્થાનાદિનો વિચાર :—

સૂક્ષ્મ આદિ સાતે લબ્ધિ અપર્યાપ્ત તેમજ સૂક્ષ્મ પર્યાપ્ત એ આઠે જીવસ્થાનકોમાં પહેલું જ ગુણઠાણું હોય છે. માટે એક ૨૨ નું બંધસ્થાનક અને બંધભાંગા ૬ હોય છે. પહેલે ગુણઠાણે સામાન્યથી સાતથી દશ સુધીનાં ઉદયસ્થાનો છે. પરંતુ સાતનું ઉદયસ્થાન ૨૪ની સત્તાવાળા ક્ષાયોપશમિક સમ્યકત્વીને પહેલે ગુણઠાણે આવે ત્યારે એક બંધાવલિકા સુધી જ હોય છે. અને તે વખતે કાળ કરી જીવ આમાંના કોઈપણ જીવસ્થાનમાં ઉત્પન્ન થતો નથી માટે પહેલે ગુણઠાણે સાતનું ઉદયસ્થાન સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા સિવાય કોઈપણ જીવસ્થાનમાં ઘટતું નથી. અને એજ રીતે અનંતાનુબંધીના ઉદય વિનાના આઠ અને નવના ઉદયના વિકલ્પો તેમજ ચોવીસીઓ વગેરે ઘટતી નથી. માટે આઠે જીવસ્થાનમાં આઠ, નવ અને દશ એમ ત્રણ ઉદયસ્થાનો હોય છે.

ત્યાં અનંતાનુબંધી વગેરે ચાર ક્રોધાદિ, બે માંથી એક યુગલ અને આ જીવસ્થાનકોમાં માત્ર નપુંસકવેદ જ હોવાથી એક નપુંસકવેદ, અને મિથ્યાત્વ, મોહનીય, એમ કમમાં કમ આઠનો ઉદય હોય છે તેમાં પણ કોઈક જીવો અનંતાનુબંધી આદિ ચાર ક્રોધના ઉદયવાળા, એજ પ્રમાણે બીજા કોઈક જીવો અનંતાનુબંધી આદિ ચાર માનના ઉદયવાળા, એ પ્રમાણે બીજા કોઇક જીવો ચાર માયાના ઉદયવાળા, અને બીજા કોઈક જીવો ચાર લોભના ઉદયવાળા હોય છે.

વળી આ ચારે પ્રકારના જીવો હાસ્ય-રતિના ઉદયવાળા હોય તેમ બીજા ચાર પ્રકારના જીવો અરતિ-શોકના ઉદયવાળા હોય છે માટે ચારેને બે એ ગુણતાં એક અષ્ટક અથવા ૮ ભાંગા થાય છે. તેથી આ આઠના ઉદયનું એક અષ્ટક, અને આઠના ઉદયમાં ભય અથવા જુગુપ્સા એ બેમાંથી એકનો ઉદય થાય ત્યારે બે રીતે નવનો ઉદય. માટે નવના ઉદયનાં બે અષ્ટક, અથવા ૧૬ ભાંગા થાય છે. અને પહેલાના આઠમાં ભય, જુગુપ્સા એ બન્નેનો ઉદય સાથે થાય ત્યારે ૧૦, અને તેનું એક અષ્ટક અથવા આઠ ભાંગા થાય છે. એમ ત્રણે ઉદયસ્થાને મલીને ૪ અષ્ટક, એટલે ૩૨ ઉદયભાંગા થાય છે.

અહિં સામાન્યથી ૨૮-૨૭-૨૬ એમ ત્રણ સત્તાસ્થાનો છે અને ત્રણે ઉદયસ્થાને ત્રણ ત્રણ સત્તાસ્થાનો હોવાથી ત્રણને ત્રણે ગુણતાં ઉદયસ્થાન ગુણિત સત્તાસ્થાન ૯, તેમજ બત્રીશે ભાંગામાં આ ત્રણ ત્રણ સત્તાસ્થાન ઘટે છે, માટે બત્રીશને ત્રણે ગુણતાં ઉદયભંગ ગુણિત કુલ સત્તાસ્થાન ૯૬ થાય છે.

૨૨ નો બંધ છ પ્રકારે થાય છે અને તેમાંના કોઈપણ એક પ્રકારના બંધમાં આ ૯૬ સત્તાસ્થાન સંભવે છે માટે ૯૬ ને ૬ એ ગુણતાં બંધભંગ યુક્ત ઉદયભંગ ગુણિત સર્વ મોહનીય કર્મનાં સત્તાસ્થાનો ૫૭૬ થાય છે.

અહીં આઠના ઉદયનાં આઠ, નવનો ઉદય બે રીતે હોવાથી ૧૮, અને દશના ઉદયના ૧૦, એમ કુલ ૩૬ ઉદયપદો છે. તેમજ દરેક ઉદયપદ આઠ-આઠ પ્રકૃતિના સમૂહરૂપ હોવાથી ૩૬ ને આઠે ગુણતાં ૨૮૮ પદવૃંદો થાય છે.

લબ્ધિ પર્યાપ્ત બાદર એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય ચઉરિન્દ્રિય અને અસંજ્ઞિ પંચેન્દ્રિય આ પાંચ જીવસ્થાનકોમાં પહેલું ગુણસ્થાનક, અને કેટલાએક જીવોને કરણ અપર્યાપ્ત અવસ્થામાં બીજું ગુણસ્થાનક પણ હોય છે માટે ૨૨-૨૧ એ બે બંધસ્થાનો અને તેના અનુક્રમે ૬-૪ એમ દશ બંધભાંગા છે. સામાન્યથી આ પાંચે જીવસ્થાનકોમાં બન્ને ગુણસ્થાનકની અપેક્ષાએ સાતથી દશ પર્યંતનાં ચાર ઉદયસ્થાનો અને ૨૮ આદિ પ્રથમનાં ત્રણ સત્તાસ્થાન હોય છે. ત્યાં પહેલા ગુણઠાણે ૨૨ના બંધે આઠથી દશ પર્યંત ત્રણ ઉદયસ્થાનો અને ઉપર બતાવ્યા મુજબ ૪ અષ્ટક, અથવા ૩૨ ઉદયભાંગા છે.

અહિં દરેક ઉદયસ્થાનમાં ૨૮ આદિ ત્રણ સત્તાસ્થાનો ઘટતાં હોવાથી ઉદયસ્થાન ગુણિત નવ, એજ પ્રમાણે પહેલાં બતાવ્યા મુજબ ઉદયભંગ ગુણિત ૯૬ અને બંધભંગ યુક્ત ઉદયભંગ ગુણિત ૫૭૬ સત્તાસ્થાન થાય છે.

બીજે ગુણઠાણે ૨૧ ના બંધે સાતથી નવ પર્યંત ત્રણ ઉદયસ્થાનો અને તેના ૪ અષ્ટક, એટલે ૩૨ ઉદયભાંગા છે આ ગુણઠાણે ૨૮ નું એક જ સત્તાસ્થાન હોવાથી ઉદયસ્થાન ગુણિત ત્રણ, ઉદયભંગ ગુણિત ૩૨, અને ૨૧ નો બંધ ચાર પ્રકારે હોવાથી ૩૨ ને ચારે ગુણતાં બંધભંગ યુક્ત ઉદયભંગ ગુણિત ૧૨૮ સત્તાસ્થાન થાય છે.

એમ બન્ને ગુણસ્થાનકે મળી બે બંધસ્થાનક, ૧૦ બંધભાંગા, સાતથી દશ પર્યંત ચાર ઉદયસ્થાન, ૮ અષ્ટક, અથવા ૬૪ ઉદયભાંગા, અને સામાન્યથી ત્રણ, ઉદયસ્થાનગુણિત ૧૨, ઉદયભંગ ગુણિત ૧૨૮, અને બંધભંગયુક્ત ઉદયભંગ ગુણિત સર્વમળી ૭૦૪ સત્તાસ્થાન થાય છે.

પહેલે ગુણઠાણે સૂક્ષ્મ અપર્યાપ્ત વગેરેમાં બતાવ્યા મુજબ ૩૬ ઉદયપદ, અને ૨૮૮ પદવૃંદ તેમજ બીજે ગુણઠાણે સાતના ઉદયનાં ૭, આઠના ઉદયના બે વિકલ્પ હોવાથી ૧૬, અને નવના ઉદયનાં નવ, એમ ૩૨ ઉદયપદ, અને તેને આઠે ગુણતાં ૨૫૬ પદવૃંદ થાય.

બન્ને ગુણસ્થાનકનાં મળી ૬૮ ઉદયપદ, અને ૫૪૪ પદવૃંદો થાય છે.

સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તમાં સર્વ ગુણસ્થાનકનો સંભવ હોવાથી પહેલાં જેમ સામાન્યથી બતાવેલ છે. તેમ સર્વ બંધસ્થાન, બંધભાંગા, ઉદયસ્થાન, ઉદયભંગ, ઉદય-ચોવીસીઓ, પદવૃંદ, સત્તાસ્થાન તેમજ તેનો સંવેધ સમજવો.

નામકર્મનાં બંધસ્થાનાદિ અને તેનો સંવેધ

બંધસ્થાનો

૨૩–૨૫–૨૬–૨૮–૨૯–૩૦–૩૧ અને ૧ પ્રકૃતિરૂપ એમ કુલ આઠ બંધસ્થાનો છે. આ દરેક બંધસ્થાનો તથા તેના ભાંગાઓ સમજવામાં સુગમ પડે તે માટે પહેલાં કઈ કઈ પ્રકૃતિઓ કયા કયા ગુણસ્થાનક સુધી બંધાય છે તેમજ કઇ પ્રકૃતિ સાથે કઈ પ્રકૃતિઓ બંધાય અને કઈ ન બંધાય તે યાદ રાખવાની ખાસ જરૂર હોવાથી અભ્યાસકે બરાબર તૈયાર કરવું.

નરકદ્વિક, એકેન્દ્રિયાદિ ચાર જાતિ, સ્થાવર ચતુષ્ક, આતપ, હુંડક સંસ્થાન અને છેવટ્ઠું સંઘયણ આ તેર પ્રકૃતિઓ પહેલા ગુણસ્થાનક સુધી બંધાય પછી બંધાતી નથી, એમ જે જે પ્રકૃતિઓનો જે જે ગુણસ્થાનક સુધી બંધ બતાવવામાં આવે, ત્યાં સુધી તે તે પ્રકૃતિઓ બંધાય છે અને તેની ઉપરના ગુણસ્થાનકોમાં બંધાતી નથી. એમ સમજવું.

તિર્યંચદ્વિક, દૌર્ભાગ્યત્રિક, પહેલા અને છેલ્લા વિના મધ્યમનાં ચાર સંઘયણ અને ચાર સંસ્થાન, ઉદ્યોત, અશુભ વિહાયોગતિ–આ પંદર પ્રકૃતિઓ બીજા સુધી. મનુષ્યદ્વિક, ઔદારિકદ્વિક અને વજ્રઋષભનારાચ સંઘયણ એ પાંચ ચોથા સુધી. અસ્થિરદ્વિક અને અયશ છઠ્ઠા સુધી, દેવદ્વિક, પંચેન્દ્રિયજાતિ, ઔદારિક વિના ચાર શરીર અને બે અંગો-પાંગ, પ્રથમ સંસ્થાન, વર્ણચતુષ્ક, શુભવિહાયોગતિ આ પંદર અને ઉદ્યોતદ્વિક વિના

છ પ્રત્યેક પ્રકૃતિ અને ત્રસ નવક એમ ત્રીશ પ્રકૃતિઓ આઠમાના છઠ્ઠા ભાગ સુધી અને યશકીર્તિ દશમા ગુણસ્થાનક સુધી બંધાય છે.

આજ ગ્રંથના પ્રથમખંડના ત્રીજાદ્વારની (૪૩) તેતાલીશમી ગાથામાં સામાન્યથી બંધ આશ્રયી પરાવર્તમાન પ્રકૃતિઓ ૭૦ બતાવવામાં આવેલ છે. પરંતુ ગમે તે પ્રકૃતિ બંધાય ત્યારે તે બધી પ્રકૃતિઓ પરાવર્તમાન હોય છે એમ ન સમજવું, એટલું જ નહી પણ અમુક પ્રકૃતિ બંધાય ત્યારે તેની સાથે સામાન્યથી જે પ્રકૃતિઓ પરાવર્ત્તમાન છે તેમાંની પણ અમુક પ્રકૃતિ અપરાવર્તમાન ગણાય છે. એટલે કે અવશ્ય બંધાય છે. દષ્ટાંત તરીકેઃ સ્થાવર અને ત્રસ સામાન્યથી પરાવર્તમાન હોવા છતાં એકેન્દ્રિય જાતિ સાથે સ્થાવર અવશ્ય બંધાય પણ ત્રસ ન બંધાય, એજ પ્રમાણે બેઈન્દ્રિયાદિક જાતિ બંધાય ત્યારે તેની સાથે ત્રસનામકર્મ અવશ્ય બંધાય પણ સ્થાવર ન જ બંધાય. માટે કઈ પ્રકૃતિના બંધ સાથે કઇ પ્રકૃતિઓનો બંધ અવશ્ય હોય છે? અને કઈ પ્રકૃતિનો વિકલ્પે એટલે કે વારાફરતી હોય ? તે બતાવાય છે.

(૧) અપર્યાપ્ત નામકર્મ સાથે બાદર અને પ્રત્યેક સિવાય, એકેન્દ્રિય અને વિકલેન્દ્રિય જાતિ સાથે સ્થિર, શુભ અને યશ સિવાય કોઇ પરાવર્તમાન શુભ પ્રકૃતિઓ બંધાતી નથી. (૨) સૂક્ષ્મ અને સાધારણ નામકર્મ સાથે સ્થિર અને શુભ સિવાય પરાવર્તમાન શુભ પ્રકૃતિઓ બંધાતી નથી. (૩) આતપ નામકર્મ જો બંધાય તો એકેન્દ્રિય જાતિ સાથે જ અને ઉદ્યોત નામકર્મ જો બંધાય તો તિર્યંચગતિ સાથે જ બંધાય, પરંતુ બંધાય જ એમ નથી. તેમજ બંને સાથે પણ ન બંધાય, પરંતુ બંધાય તો બેમાંથી ગમે તે એક જ બંધાય. (૪) પરાઘાત અને ઉચ્છ્વાસ નામકર્મ પર્યાપ્ત નામકર્મ સાથે જ બંધાય અને નરક ગતિ સાથે પરાવર્તમાન કોઈ પણ શુભ પ્રકૃતિ ન બંધાય. (૫) દેવગતિ સાથે અસ્થિર–અશુભ અને અયશ વિના બધી પરાવર્તમાન શુભ પ્રકૃતિઓ જ બંધાય. (૬) છ એ સંઘયણ અને મધ્યમનાં ચાર સંસ્થાનો તિર્યંચ અને મનુષ્ય ગતિ સાથે જ બંધાય. (૭) જો જિનનામકર્મ બંધાય તો સમ્યગ્દૃષ્ટીને દેવ અને મનુષ્ય ગતિ સાથે જ અને આહારકદ્વિક જો બંધાય તો અપ્રમત્તયતિને દેવગતિ સાથે જ બંધાય.

ઉપરના નિયમોમાં જે પ્રકૃતિઓ સાથે જે પરાવર્તમાન પ્રકૃતિઓ બંધાય અથવા ન બંધાય એમ જણાવેલ ન હોય તે પ્રકૃતિ સાથે તે પરાવર્તમાન દરેક પ્રકૃતિઓ વારાફરતી બંધાય છે. એ હકીકત ધ્યાનમાં રાખવાથી બંધભાંગા સહેલાઇથી સમજી શકાશે.

સામાન્યથી એકેન્દ્રિય વગેરે અથવા તિર્યંચ ગતિ વગેરે ને બંધ યોગ્ય કુલ પ્રકૃતિઓ :–

નામકર્મની ધ્રુવબંધી નવ, તિર્યંચદ્વિક, એકેન્દ્રિય જાતિ, ઔદારિક શરીર, હુંડક સંસ્થાન, પરાઘાત, ઉચ્છવાસ, આતપ, ઉદ્યોત, સ્થાવર, સૂક્ષ્મ, બાદર, અપર્યાપ્ત, પર્યાપ્ત,

સાધારણ, પ્રત્યેક, અસ્થિર, સ્થિર, અશુભ, શુભ, દુર્ભગ, અનાદેય, અયશ અને યશ આ ૩૩ પ્રકૃતિઓ એકેન્દ્રિયને બંધ યોગ્ય છે.

ધ્રુવબંધી નવ, તિર્યંચદ્વિક, બેઇન્દ્રિયાદિક ત્રણમાંથી કોઇપણ એક જાતિ, ઔદારિકદ્વિક, છેવટ્ઠું સંઘયણ, હુંડક સંસ્થાન, અશુભવિહાયોગતિ, પરાઘાત, ઉચ્છવાસ, ઉદ્યોત, ત્રસ, બાદર, પર્યાપ્ત, અપર્યાપ્ત, પ્રત્યેક, સ્થિર, અસ્થિર, શુભ, અશુભ, દુર્ભગત્રિક, યશ અને અપયશ આ ૩૪ પ્રકૃતિઓ બેઇન્દ્રિય વગેરે ત્રણે જાતિ સાથે બંધાય.

ધ્રુવબંધી નવ, ચારગતિ, ચાર આનુપૂર્વી, પંચેન્દ્રિય જાતિ, ઔદારિક આદિ ત્રણ શરીર, ત્રણ અંગોપાંગ, છ સંઘયણ, છ સંસ્થાન, બે વિહાયોગતિ, પરાઘાત, ઉચ્છવાસ, ઉદ્યોત, જિનનામ, ત્રસદ્વિક, પર્યાપ્ત, અપર્યાપ્ત, પ્રત્યેક, સ્થિરષટ્ક, અસ્થિરષટ્ક આ ૫૯ પ્રકૃતિઓ પંચેન્દ્રિય જાતિ સાથે બંધમાં આવે છે.

ધ્રુવબંધી નવ, નરકદ્વિક, પંચેન્દ્રિયજાતિ, વૈક્રિયદ્વિક, હુંડક સંસ્થાન, અશુભવિહાયોગતિ, પરાઘાત, ઉચ્છવાસ, ત્રસ ચતુષ્ક, અસ્થિર ષટ્ક, આ ૨૮ પ્રકૃતિઓ નરક ગતિ સાથે બંધાય છે.

ધ્રુવબંધી નવ, તિર્યંચદ્વિક, પાંચ જાતિ, ઔદારિકદ્વિક, છ સંઘયણ, છ સંસ્થાન, બે વિહાયોગતિ, પરાઘાત, ઉચ્છવાસ, આતપ, ઉદ્યોત, ત્રસદશક અને સ્થાવર દશક આ ૫૬ પ્રકૃતિઓ તિર્યંચ ગતિ સાથે, અને ધ્રુવબંધી નવ, મનુષ્યદ્વિક, પંચેન્દ્રિયજાતિ, ઔદારિકદ્વિક, છ સંઘયણ, છ સંસ્થાન, બે વિહાયોગતિ, પરાઘાત, ઉચ્છવાસ, જિનાનામ, ત્રસ દશક, અપર્યાપ્ત અને અસ્થિર ષટ્ક આ ૪૮ પ્રકૃતિઓ મનુષ્યગતિ સાથે તેમજ ધ્રુવબંધી નવ, દેવદ્વિક, પંચેન્દ્રિય, જાતિ, વૈક્રિયદ્વિક આહારકદ્વિક, પ્રથમ સંસ્થાન, શુભ વિહાયોગતિ, પરાઘાત, ઉચ્છવાસ, જિનનામ, ત્રસદશક, અસ્થિદ્વિક અને અયશ આ ૩૪ પ્રકૃતિઓ દેવગતિ સાથે બંધમાં આવે છે.

નરકગતિ સાથે કોઈપણ પરાવર્તમાન શુભ પ્રકૃતિઓ બંધાતી જ ન હોવાથી ઉપર બતાવેલ નરકગતિ સાથે જે ૨૮ પ્રકૃતિઓ બંધમાં આવે છે તે બધી જ બંધાય છે. માટે નરકપ્રાયોગ્ય ૨૮ નું એક જ બંધસ્થાન અને તેનો ભાંગો પણ એક જ છે અને તેના બાંધનાર મિથ્યાદષ્ટી પર્યાપ્ત સંજ્ઞી પં. તિર્યંચો અને મનુષ્યો છે.

૨૩–૨૫ અને ૨૬ એમ એકેન્દ્રિય પ્રાયોગ્ય ત્રણ બંધસ્થાનો છે ત્યાં નામકર્મની ધ્રુવબંધી નવ, તિર્યંચદ્વિક, એકેન્દ્રિય જાતિ, ઔદારિક શરીર, હુંડક સંસ્થાન, સ્થાવર, પર્યાપ્ત અપર્યાપ્તમાંથી એક, પ્રત્યેક–સાધારણમાંથી એક, સૂક્ષ્મ–બાદરમાંથી એક અને દુઃસ્વરવિના અસ્થિર પંચક, આ ૨૩ પ્રકૃતિઓનું બંધસ્થાન અપર્યાપ્ત એકેન્દ્રિય પ્રાયોગ્ય છે.

તેના બાંધનાર મિથ્યાદષ્ટી તિર્યંચો અને મનુષ્યો છે. આ તેવીશમાં બે પ્રકૃતિઓ પરાવર્તમાન હોવાથી કોઈક સૂક્ષ્મ બાંધે અને કોઈક બાદર બાંધે માટે બે અને આ બન્ને જાતના જીવો પ્રત્યેક બાંધે અને બે જાતના સાધારણ બાંધે, માટે બેને બેએ ગુણતાં તેવીશના બંધના કુલ ચાર ભાંગા થાય, તથા આ તેવીશમાંથી અપર્યાપ્ત નામકર્મ બાદ કરી તેની જગ્યાએ પર્યાપ્ત નામકર્મ ઉમેરવું અને પર્યાપ્ત નામકર્મ સાથે પરાઘાત અને ઉચ્છવાસ અવશ્ય બંધાય માટે તે બે ઉમેરતાં આ ૨૫ પ્રકૃતિઓનું બંધસ્થાન પર્યાપ્ત એકેન્દ્રિય પ્રાયોગ્ય છે. અહીં પર્યાપ્તનામકર્મ સાથે સ્થિર અને શુભ પણ બંધાય છે. માટે સૂક્ષ્મના પ્રત્યેક અને સાધારણ સાથે બે, સ્થિર–અસ્થિર સાથે ચાર અને શુભ–અશુભ સાથે ગુણતાં આઠ, બાદર–સાધારણના સ્થિર–અસ્થિર સાથે બે અને તેને શુભ, અશુભ સાથે ગુણતાં ચાર તેમજ બાદર પ્રત્યેક સાથે યશ પણ બંધાય છે માટે તેના સ્થિર–અસ્થિર સાથે બે, શુભ–અશુભ સાથે ચાર અને યશ–અયશ સાથે ગુણતાં આઠ, એમ પર્યાપ્ત એકેન્દ્રિય પ્રાયોગ્ય (૨૫) પચીશના બંધના કુલ ૨૦ ભાંગા થાય.

સામાન્યથી તેના બાંધનાર નરક સિવાય મિથ્યાદષ્ટિ ત્રણે ગતિના જીવો છે, પરંતુ દેવો ૨૦માંના છેલ્લા આઠ ભાંગા જ બાંધે છે.

આજ પચીશ સાથે જયારે આતપ અથવા ઉદ્યોત બંધાય ત્યારે પર્યાપ્ત એકેન્દ્રિય પ્રાયોગ્ય ૨૬ નું બંધસ્થાન થાય, પરંતુ આતપ અથવા ઉદ્યોત બાદર અને પ્રત્યેક નામકર્મ સાથે જ બંધાતું હોવાથી ઉપર બતાવેલા છેલ્લા આઠ ભાંગાઓને આતપ અને ઉદ્યોત સાથે ગુણતાં કુલ ૧૬ ભાંગા થાય. આના બાંધનાર પણ નરક સિવાય ત્રણે ગતિના મિથ્યાદષ્ટી જીવો હોય છે.

એમ એકેન્દ્રિય પ્રાયોગ્ય ત્રણે બંધસ્થાનના સર્વ મળી ૪૦ (ચાળીશ) ભાંગા થાય.

વિકલેન્દ્રિય તેમજ પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય ૨૫–૨૯ અને ૩૦ એમ સામાન્યથી ત્રણ બંધસ્થાનો છે.

ત્યાં ધ્રુવબંધી નવ, તિર્યંચદ્વિક, બેઈન્દ્રિયાદિ ચારમાંથી કોઈપણ એક જાતિ, ઔદારિક-દ્વિક, છેવટ્ઠું સંઘયણ, હુંડક–સંસ્થાન, ત્રસદ્વિક, અપર્યાપ્ત, પ્રત્યેક, અને દુઃસ્વર વિના અસ્થિર પંચક આ ૨૫ પ્રકૃતિઓ અપર્યાપ્ત વિકલેન્દ્રિય, તેમજ અપર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય છે.

આમાં પરાવર્તમાન કોઈપણ શુભ પ્રકૃતિ ન હોવાથી દરેકના એક–એક એમ કુલ ચાર ભાંગા થાય, અને તેના બાંધનાર મિથ્યાદષ્ટી મનુષ્યો તથા તિર્યંચો છે.

આ જ પચીશ (૨૫) માંથી અપર્યાપ્ત નામકર્મ બાદ કરી તેના બદલે પર્યાપ્ત નામકર્મ ઉમેરવું. અને પર્યાપ્ત નામકર્મ સાથે અવશ્ય બંધમાં આવતી પરાઘાત, ઉચ્છવાસ તેમજ અશુભવિહાયોગતિ અને દુઃસ્વર આ ચાર ઉમેરતાં વિકલેન્દ્રિય પ્રાયોગ્ય ૨૯ નું બંધસ્થાન થાય.

અહિં પર્યાપ્ત નામકર્મ સાથે સ્થિર-શુભ અને યશ પણ બંધાય છે. પરંતુ તે સિવાયની પરાવર્તમાન શુભ પ્રકૃતિ વિકલેન્દ્રિય જાતિ સાથે બંધાતી નથી. માટે આ ત્રણેના સ્થિર-અસ્થિર સાથે બે, શુભ-અશુભ સાથે ગુણતાં ચાર અને યશ-અયશ સાથે ગુણતાં આઠ ભાંગા થાય. સર્વ મળી ચોવીશ ભાંગા થાય.

આજ ૨૯ પ્રકૃતિ સાથે જ્યારે ઉદ્યોત બંધાય ત્યારે વિકલેન્દ્રિય પ્રાયોગ્ય ૩૦નું બંધસ્થાન થાય, અને અહીં પણ ૨૯ ના બંધની જેમ એક-એકના સર્વ મળી આઠ આઠ એમ ૨૪ ભાંગા થાય. આ બન્ને બંધસ્થાનને બાંધનારા પણ મિથ્યાદૃષ્ટી મનુષ્યો અને તિર્યંચો છે.

આ પ્રમાણે વિકલેન્દ્રિય દરેકના ૨૫ નો એકેક અને ૨૯ તેમજ ૩૦ના આઠ-આઠ, એમ ૧૭-૧૭ ભાંગા થવાથી સર્વમળી ત્રણેના (૫૧) એકાવન ભાંગા થાય.

ઉપર બતાવેલ અપર્યાપ્ત પંચેન્દ્રિયતિર્યંચ પ્રાયોગ્ય ૨૫ પ્રકૃતિમાંથી અપર્યાપ્ત નામકર્મ દૂર કરી તેના બદલે પર્યાપ્ત નામકર્મ ઉમેરી તેમાં પરાઘાત, ઉચ્છવાસ, વિહાયોગતિ અને સ્વર આ ચાર ઉમેરવાથી પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય ૨૯ નું બંધસ્થાન થાય.

અહીં પર્યાપ્ત પંચે.તિર્યંચગતિ સાથે પરાવર્તમાન દરેક પ્રકૃતિ વારાફરતી બંધાય છે. માટે ૭ સંઘયણ ને ૭ સંસ્થાને ગુણતાં ૩૬, બે વિહાયોગતિએ ગુણતાં ૭૨, સ્થિર-અસ્થિર સાથે ગુણતાં ૧૪૪, શુભ-અશુભ સાથે ગુણતાં (૨૮૮) બસો અઠ્ઠાસી, સુભગ-દુર્ભગ સાથે ગુણતાં પાંચસો છોંતેર (૫૭૬), આદેય-અનાદેય સાથે ગુણતાં અગ્યારસો બાવન (૧૧૫૨), સુસ્વર-દુઃસ્વર સાથે ગુણતાં તેવીસો ચાર અને તેને યશ-અયશ સાથે ગુણતાં (૪૬૦૮) છેતાલીશો આઠ ભાંગા થાય છે.

આજ ૨૯ પ્રકૃતિ સાથે જ્યારે ઉદ્યોત બંધાય ત્યારે ૩૦ નું બંધસ્થાન થાય અને અહીં પણ ઉપર પ્રમાણે (૪૬૦૮) છેતાલીશો આઠ ભાંગા થાય.

આ બન્ને બંધસ્થાનને બાંધનાર પહેલા-બીજા ગુણસ્થાનકવાળા ચારે ગતિના જ જીવો હોય છે. પરંતુ છેવટ્ઠા સંઘયણ અને હુંડક સંસ્થાનનો બંધ બીજે ગુણસ્થાનકે ન હોવાથી આ બન્ને બંધસ્થાનોમાં (૪૬૦૮) છેંતાલીશો આઠને બદલે (૩૨૦૦-૩૨૦૦) બત્રીશો-બત્રીશો ભાંગા થાય છે-એટલું વિશેષ છે.

એ પ્રમાણે પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય ત્રણે બંધસ્થાનના અનુક્રમે (૧) એક, છેતાલીશો આઠ (૪૬૦૮) અને છેતાલીસો આઠ (૪૬૦૮) મળી બાણુંશો સત્તર (૯૨૧૭) ભાંગા થાય છે.

એમ સામાન્યથી તિર્યંચ પ્રાયોગ્ય ૨૩-૨૫-૨૬-૨૯ અને ૩૦ એ પાંચ બંધસ્થાનો અને તે દરેકના અનુક્રમે ચાર (૪), ચોવીશ (૨૪), સોળ (૧૬), છેતાલીશો બત્રીશ (૪૬૩૨), છેતાલીશો બત્રીશ (૪૬૩૨) ભાંગા થવાથી સર્વમળી ત્રાણુંસો આઠ (૯૩૦૮).

પંચેન્દ્રિય તિર્યંચની જેમ મનુષ્ય પ્રાયોગ્ય પણ ૨૫-૨૯ અને ૩૦ એ ત્રણ બંધસ્થાનો છે. પરંતુ આ ત્રણે બંધસ્થાનોમાં તિર્યંચદ્વિક ને બદલે મનુષ્યદ્વિક બંધાય છે.

અપર્યાપ્ત મનુષ્ય પ્રાયોગ્ય (૨૫), પચીશ, મિથ્યાદષ્ટી મનુષ્યો અને તિર્યંચો બાંધે છે. અને તેનો ભાંગો એક છે.

૨૯ પ્રકૃતિના બાંધનાર પહેલા-બીજા ગુણસ્થાનકવાળા ચારે ગતિના જીવો અને ત્રીજા-ચોથા ગુણસ્થાનકવાળા કેવળ દેવો અને નારકો છે, તેમાં પહેલે ગુણસ્થાનકે છેતાલીશો આઠ, બીજે ગુણસ્થાનકે ૩૨૦૦, અને ત્રીજા-ચોથા ગુણસ્થાનકે અસ્થિર-અશુભ અને અયશ સિવાય પરાવર્તમાન અશુભ પ્રકૃતિઓનો બંધ ન હોવાથી માત્ર આઠ ભાંગા થાય છે. પરંતુ પહેલા ગુણસ્થાનકના જે ૪૬૦૮ ભાંગા છે. તેમાં જ આ ભાંગા આવી ગએલ હોવાથી અલગ ગણેલ નથી.

જ્યારે ચોથે ગુણસ્થાનકે દેવો તથા નારકો આજ ૨૯ પ્રકૃતિ સાથે જિનનામ બાંધે ત્યારે ૩૦ નું બંધસ્થાન થાય છે. તેમજ અહીં સ્થિર-અસ્થિર, શુભ-અશુભ અને યશ-અયશ સાથે માત્ર આઠ ભાંગા થાય છે.

એમ મનુષ્ય પ્રાયોગ્ય પચીશાદિ ત્રણે બંધસ્થાને અનુક્રમે (૧) એક, છેતાલીશો આઠ (૪૬૦૮) અને આઠ (૮) ભાંગા થવાથી સર્વ મળી (૪૬૧૭) ચાર હજાર છસો સત્તર બંધભાંગા થાય છે.

દેવપ્રાયોગ્ય ૨૮-૨૯-૩૦ અને ૩૧-એમ ચાર બંધસ્થાનો છે.

ત્યાં ધ્રુવબંધી નવ, દેવદ્વિક, પંચેન્દ્રિયજાતિ, વૈક્રિયદ્વિક, પ્રથમ સંસ્થાન, શુભ-વિહાયોગતિ, પરાઘાત, ઉચ્છ્વાસ, ત્રસ ચતુષ્ક, સ્થિર-અસ્થિરમાંથી એક, શુભ-અશુભમાંથી એક, યશ-અયશમાંથી એક અને સૌભાગ્યત્રિક આ ૨૮ નું બંધસ્થાન છે, અહીં સ્થિરાદિ ત્રણ પ્રકૃતિઓ પરાવર્તમાન હોવાથી ૮ ભાંગા થાય છે. અને તેના બાંધનાર યથાસંભવ આઠમા ગુણસ્થાનકના છઠ્ઠા ભાગ સુધીના મનુષ્યો તથા તિર્યંચો છે.

ચોથાથી આઠમાના છઠ્ઠા ભાગ સુધીના મનુષ્યો જ્યારે ૨૮ સાથે જિનનામ બાંધે ત્યારે ૨૯ નું બંધસ્થાન અને તેના આઠ ભાંગા થાય, પરંતુ અસ્થિરદ્વિક, અને અયશનો બંધ છઠ્ઠા ગુણસ્થાનક સુધી જ હોવાથી જ્યારે અપ્રમત્તાદિ મુનિઓ બાંધે ત્યારે આ બન્ને બંધસ્થાનમાં એક-એક જ ભાંગો હોય છે.

જ્યારે સાતમા તથા આઠમા ગુણસ્થાનકવાળા મુનિઓ આ ૨૮ સાથે આહારકદ્વિક બાંધે ત્યારે ૩૦ નું અને જિનનામ પણ બાંધે ત્યારે ૩૧નું બંધસ્થાન થાય છે. આ બંને બંધસ્થાનકોમાં પરાવર્તમાન બધી શુભ પ્રકૃતિઓ જ બંધાતી હોવાથી એક-એક ભાંગો થાય છે. એમ દેવપ્રાયોગ્ય ૨૮ આદિ ચારે બંધસ્થાનોના અનુક્રમે આઠ, આઠ, એક અને એક ભાંગો થવાથી સર્વમળી ૧૮ ભાંગા થાય છે,

આઠમા ગુણસ્થાનકના છઠ્ઠાભાગે દેવપ્રાયોગ્ય બંધવિચ્છેદ થયા બાદ આઠમાના સાતમા ભાગથી દશમા ગુણસ્થાનક સુધી કેવળ યશકીર્તિ રૂપ એક પ્રકૃતિનું બંધસ્થાન અને તેનો એક ભાંગો છે.

આ પ્રમાણે ચારે ગતિ પ્રાયોગ્ય અને એક યશકીર્તિરૂપ એમ આઠે બંધસ્થાનકના સર્વ મળી (૧૩૯૪૫) તેર હજાર નવસો પિસ્તાલીશ બંધ ભાંગા થાય છે.

દરેક બંધસ્થાને કુલ ભાંગા :—

૨૩ ના બંધે અપર્યાપ્ત એકેન્દ્રિય પ્રાયોગ્ય ચાર (૪) પચીશના બંધે પર્યાપ્ત એકેન્દ્રિય પ્રાયોગ્ય (૨૦), અપર્યાપ્ત બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્ય પ્રાયોગ્ય એક-એક એમ (૨૫) પચીશ, ૨૬ના બંધે પર્યાપ્ત એકેન્દ્રિયના (૧૬) સોળ, ૨૮ના બંધે દેવ પ્રાયોગ્ય આઠ, અને નરક પ્રાયોગ્ય એક એમ નવ, ૨૯ના બંધે દેવ પ્રાયોગ્ય આઠ, પર્યાપ્ત મનુષ્ય પ્રાયોગ્ય છેતાલીશો આઠ (૪૬૦૮), પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય છેતાલીશો આઠ (૪૬૦૮) અને વિકલેન્દ્રિય પ્રાયોગ્ય (૨૪) ચોવીશ એમ સર્વ મળી બાણુંસો અડતાલીશ (૯૨૪૮), ૩૦ના બંધે દેવ પ્રાયોગ્ય એક, પર્યાપ્ત મનુષ્ય પ્રાયોગ્ય આઠ, પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય છેતાલીશો આઠ અને વિકલેન્દ્રિય પ્રાયોગ્ય ૨૪, એમ છેંતાલીશો એકતાલીશ, (૪૬૪૧), અને એકત્રીશ તથા એકના બંધનો એક-એક એમ આ રીતે પણ આઠે બંધસ્થાનના કુલ ભાંગા(૧૩૯૪૫) તેર હજાર નવસો પીસ્તાલીશ થાય છે.

બંધસ્થાનનું કાળમાન :

જિનનામ સહિત મનુષ્ય પ્રાયોગ્ય ૩૦ ના બંધસ્થાન વિના અન્ય ગતિ પ્રાયોગ્ય ૩૦ નો તેમજ ૨૩ વગેરે શેષ સાતે બંધસ્થાનનો જઘન્ય કાળ એક સમય છે.

૨૩-૨૫-૨૬, નરક પ્રાયોગ્ય ૨૮, વિકલેન્દ્રિય પ્રાયોગ્ય ૨૯, તેમજ વિકલેન્દ્રિય, પંચેન્દ્રિય તિર્યંચ અને દેવ પ્રાયોગ્ય ૩૦ અને ૩૧ તેમજ એકના બંધસ્થાનનો ઉત્કૃષ્ટ કાળ અન્તર્મુહૂર્ત છે. કારણ કે અપર્યાપ્ત નામકર્મ, પ્રથમની ચાર જાતિ, નરકગતિ ઉદ્યોત અને આહારકદ્વિક વગેરે પ્રકૃતિઓનો સતત બંધ ઉત્કૃષ્ટથી પણ અન્તર્મુહૂર્ત છે.

સંપૂર્ણ શ્રેણીનો કાળ પણ અન્તર્મુહૂર્ત હોવાથી એકના બંધનો પણ ઉત્કૃષ્ટ કાળ અન્તર્મુહૂર્ત્ત છે.

દેવ પ્રાયોગ્ય ૨૮ના બંધસ્થાનનો કાળ ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્ત્ત ન્યૂન પૂર્વક્રોડનો ત્રીજો ભાગ અધિક ત્રણ પલ્યોપમ પ્રમાણ છે. કારણ કે પૂર્વક્રોડના આયુષ્યવાળો કોઈક મનુષ્ય પોતાના આયુષ્યના ત્રીજા ભાગની શરૂઆતમાં ત્રણ પલ્યોપમ પ્રમાણ યુગલિકનું આયુષ્ય બાંધી તરતજ ક્ષાયિક સમ્યક્ત્વ પામે, તે આ ભવમાં પણ અન્તર્મુહૂર્ત ન્યૂન પૂર્વક્રોડના ત્રીજા ભાગ સુધી અને યુગલિકમાં ત્રણ પલ્યોપમ સુધી દેવપ્રાયોગ્ય જ બંધ કરે છે તેથી આટલો સમય ઘટી શકે છે.

પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય ૨૯ના બંધસ્થાનનો કાળ સાતમી નરકમાં જનારની અપેક્ષાએ ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્ત અધિક ૩૩ સાગરોપમ પ્રમાણ છે. મનુષ્ય પ્રાયોગ્ય ૨૯ના બંધનો કાળ ઉત્કૃષ્ટથી અનુત્તર દેવોની અપેક્ષાએ ૩૩ સાગરોપમ છે, દેવપ્રાયોગ્ય ૨૯ના બંધસ્થાનકનો કાળ ઉત્કૃષ્ટથી દેશોન પૂર્વક્રોડ છે.

જિનનામ સહિત ૩૦ના બંધસ્થાનકનો કાળ જઘન્યથી નરક આશ્રયી સાધિક ૮૪ હજાર વર્ષ અને દેવ આશ્રયી એક પલ્યોપમ છે અને મતાંતરે આ બન્ને ગતિ આશ્રયી દશ હજાર વર્ષ પણ હોય છે. અને ઉત્કૃષ્ટથી અનુત્તર વિમાન આશ્રયી ૩૩ સાગરોપમ છે.

દરેક બંધસ્થાનના કોઈપણ એક ભાંગાનો કાળ જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્ત્ત પ્રમાણ જ હોય છે.

ઉદય :– પોતપોતાની સ્થિતિ પ્રમાણે બંધાયેલ કર્મનો અબાધાકાળ પૂર્ણ થાય ત્યારે અથવા અપવર્તનાદિક કરણથી અબાધા કાળ પૂર્ણ થયા પહેલાં પણ જે કર્મ દલિકો ભોગવાય તે ઉદય કહેવાય,

તે વિપાકોદય અને પ્રદેશોદયના ભેદથી બે પ્રકારે છે જેનો અબાધાકાળ વ્યતીત થયેલ છે એવી સત્તામાં રહેલી દરેક પ્રકૃતિઓનો પ્રદેશોદય હંમેશાં હોય છે. અને તેનું બીજું નામ સ્તિબુક સંક્રમ પણ છે, આ પ્રદેશોદય પોતાની સ્વજાતીય જે પ્રકૃતિઓનો વિપાકોદય હોય તે પ્રકૃતિઓમાં દરેક સમયે દલિક પડી અને તેમાં ભળી ઉદયદ્વારા ભોગવાઈ જાય છે. આ પ્રદેશોદયમાં જિનનામ સિવાય બીજી કોઈપણ પ્રકૃતિઓના ફલનો લેશ માત્ર પણ અનુભવ થતો નથી.

વિપાકોદયમાં તે તે પ્રકૃતિના ફલનો અનુભવ થાય છે ત્યાં ધ્રુવોદયી પ્રકૃતિઓનો જ્યાં સુધી પોતપોતાનો ઉદય વિચ્છેદ ન થાય ત્યાં સુધી હંમેશાં વિપાકોદય જ હોય છે. અને જેનો અબાધા કાળ વ્યતીત થયે છતે પ્રદેશોદય શરૂ થયેલ છે. તેવી અધ્રુવોદયી પ્રકૃતિઓનો જ્યારે તે તે પ્રકૃતિઓના વિપાકોદયને યોગ્ય દ્રવ્યાદિક સામગ્રી પ્રાપ્ત થાય ત્યારે વિપાકોદય અર્થાત્ રસોદય થાય છે. પ્રસ્તુતમાં આ વિપાકોદયને ઉદય કહેવામાં આવે છે.

જે જે પ્રકૃતિઓનો જે જે ગુણસ્થાનક સુધી ઉદય બતાવવામાં આવે તે તે પ્રકૃતિઓનો તેના ઉપરના ગુણસ્થાનકોમાં ઉદય નથી હોતો, એમ સ્વયં સમજી લેવું.

સૂક્ષ્મત્રિક, અને આતપનો પહેલા ગુણસ્થાનક સુધી, પ્રથમની ચાર જાતિ અને સ્થાવર એ પાંચનો બીજા સુધી, નરકાનુપૂર્વીનો બીજા અને ત્રીજા વિના, અને શેષ ત્રણ આનુપૂર્વીનો ત્રીજા સિવાય ચોથા સુધી. દેવગતિ, નરકગતિ, વૈક્રિયદ્વિક, દૌર્ભાગ્ય અને અનાદેયદ્વિક આ સાત પ્રકૃતિઓનો ચોથા સુધી, તિર્યંચગતિ અને ઉદ્યોતનો પાંચમા સુધી, આહારકદ્વિકનો છઠ્ઠે ગુણસ્થાનકે, છેલ્લા ત્રણ સંઘયણનો સાતમા સુધી, બીજા અને ત્રીજા સંઘયણનો અગિયારમા સુધી, તીર્થંકરનામકર્મનો ૧૩ મે તથા ચૌદમે, ઔદારિકદ્વિક, અસ્થિરદ્વિક, બે વિહાયોગતિ, પ્રત્યેકત્રિક, છ સંસ્થાન, અગુરુલઘુ ચતુષ્ક, વર્ણ ચતુષ્ક, નિર્માણ, તૈજસ, કાર્મણ, પ્રથમ સંઘયણ અને બે સ્વર, આ ૨૯ પ્રકૃતિઓનો તેરમા સુધી, ત્રસત્રિક, મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, સૌભાગ્ય, અને આદેયદ્વિક એ આઠ પ્રકૃતિઓનો ઉદય ચૌદમા ગુણસ્થાનક સુધી હોય છે.

સામાન્યથી સર્વ જીવો આશ્રયી વીશ, એકવીશ, ચોવીશ, પચીશ, છવ્વીશ, સત્તાવીશ, અઠ્ઠાવીશ, ઓગણત્રીશ, ત્રીશ, એકત્રીશ, નવ અને આઠ, આ નામકર્મનાં બાર ઉદયસ્થાનો છે.

કયા કયા જીવોને કેટલાં ઉદયસ્થાનો હોય છે, અને ક્યારે હોય છે. તેમજ તેના ભાંગા કેટલા થાય છે તે જાણવા માટે નીચે લખેલ નિયમો બરાબર ધ્યાનમાં રાખવા :—

(૧) સામાન્યથી ઉદય આશ્રયી જે પ્રકૃતિઓ પરાવર્તમાન છે, તે સર્વ જીવોને પરાવર્તમાન જ હોય એમ નથી, પરંતુ તેમાંથી પણ અમુક પ્રકૃતિઓ એકેન્દ્રિય વગેરે જાતિ સાથે અથવા નરકગતિ આદિ સાથે અવશ્ય ઉદયમાં આવે છે, માટે તે તે પ્રકૃતિઓ સામાન્યથી પરાવર્તમાન હોવા છતાં તે તે જીવ આશ્રયી અપરાવર્તમાન પણ હોય છે.

દૃષ્ટાંત તરીકે :—બન્ને વિહાયોગતિ, ઉદય આશ્રયી પરાવર્તમાન છે, પરંતુ દેવગતિ સાથે શુભવિહાયોગતિ અને નરકગતિ સાથે અશુભ વિહાયોગતિ જ ઉદયમાં આવે છે, માટે દેવગતિ સાથે શુભવિહાયોગતિ અને નરકગતિના ઉદય સાથે અશુભવિહાયોગતિનો ઉદય અપરાવર્તમાન ગણાય.

(૨) અપર્યાપ્ત નામકર્મ સાથે બાદર અને પ્રત્યેક સિવાય પરાવર્તમાન કોઈપણ શુભપ્રકૃતિઓ ઉદયમાં આવતી નથી.

(૩) સૂક્ષ્મનામકર્મના ઉદયવાળાને તેમજ તેઉકાય અને વાઉકાયને યશનો ઉદય હોતો નથી.

(૪) લબ્ધિ અપર્યાપ્ત જીવોને પરાઘાત, આતપ અથવા ઉદ્યોતનો ઉદય થતો જ નથી, અને આતપ તથા ઉદ્યોતનો ઉદય ઉચ્છ્વાસ અને સ્વરના ઉદય પહેલાં પણ થાય છે.

(૫) જો આતપનો ઉદય હોય તો બાદર પર્યાપ્ત પૃથ્વીકાય જીવોને જ હોય છે, અને જો ઉદ્યોતનો ઉદય હોય તો તેઉકાય અને વાઉકાય વિના લબ્ધિ પર્યાપ્ત તિર્યંચોને, દેવોના ઉત્તરવૈક્રિય શરીરમાં તેમજ મુનિઓના વૈક્રિય તથા આહારક શરીરમાં જ હોય છે.

(૬) એકેન્દ્રિય જાતિ સાથે બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, યશ, આતપ અને ઉદ્યોત આ છ સિવાય તથા વિકલેન્દ્રિય જાતિ સાથે પર્યાપ્ત, યશ, ઉદ્યોત અને સુસ્વર વિના અન્ય કોઈપણ પરાવર્તમાન શુભ પ્રકૃતિઓ ઉદયમાં આવતી નથી.

(૭) નરકગતિ સાથે કોઇપણ પરાવર્તમાન શુભ પ્રકૃતિઓ અને દેવગતિ સાથે દુર્ભગ, અનાદેય અને અયશ સિવાય કોઇપણ પરાવર્તમાન અશુભ પ્રકૃતિઓ તેમજ આ બન્ને ગતિ સાથે સંઘયણો પણ ઉદયમાં આવતાં નથી.

(૮) પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચગતિ અને પર્યાપ્ત મનુષ્યગતિ સાથે પરાવર્તમાન દરેક પ્રકૃતિઓ ઉદયમાં આવી શકે છે.

(૯) લબ્ધિ અપર્યાપ્ત જીવોને દરેકને પોતપોતાને યોગ્ય પહેલાં બેજ ઉદયસ્થાનો હોય છે. અને ૨૧ નું ઉદયસ્થાન તીર્થંકર કેવલી ભગવાન વિના સર્વ જીવોને વિગ્રહ-ગતિમાં જ હોય છે.

એકેન્દ્રિયોને ૨૧-૨૪-૨૫-૨૬ અને ૨૭ એમ સામાન્યથી પાંચ ઉદયસ્થાનો હોય છે.

ત્યાં ધ્રુવોદયી બાર પ્રકૃતિઓ તેરમા ગુણસ્થાનક સુધી દરેક જીવોને દરેક ઉદયસ્થાનમાં હોય જ છે, માટે તે સિવાયની જ પ્રકૃતિઓ અહીં ગણાવવામાં આવે છે. ધ્રુવોદયી બાર, તિર્યંચદ્વિક, એકેન્દ્રિય જાતિ, સ્થાવર, સૂક્ષ્મ-બાદર બેમાંથી એક, પર્યાપ્ત-અપર્યાપ્તમાંથી એક, દુર્ભગ, અનાદેય અને યશ-અયશમાંથી એક, આ ૨૧ પ્રકૃતિઓનો ઉદય વિગ્રહ-ગતિમાં હોય છે.

તેના સૂક્ષ્મ-અપર્યાપ્ત, સૂક્ષ્મ-પર્યાપ્ત, અને બાદર અપર્યાપ્તના અયશ સાથે ત્રણ અને બાદર પર્યાપ્તના યશ-અયશ સાથે બે, એમ કુલ પાંચ ભાંગા થાય છે. અર્થાત્

એકેન્દ્રિય જીવોને વિગ્રહગતિમાં આ પાંચમાંથી કોઇ પણ એક પ્રકારે એકવીશ પ્રકૃતિઓનો ઉદય હોય છે.

આગળ પણ સર્વ ઠેકાણે જે જે જીવોને જે જે ઉદયસ્થાનમાં જેટલા ભાંગા હોય તે તે જીવોને તે તે ઉદય તેટલા પ્રકારે થાય છે, એમ જાણવું.

આનુપૂર્વીનો ઉદય વિગ્રહગતિમાંજ હોવાથી ૨૧ માંથી તેને બાદ કરી ઉપરની વીશ અને ઉત્પત્તિ સ્થાને આવતાં જ ઔદારિક શરીર, હુંડક, ઉપઘાત, અને પ્રત્યેક-સાધારણ બેમાંથી એક, આ ચારનો ઉદય અધિક થવાથી ૨૪ નું ઉદયસ્થાન થાય.

૨૧ ના ઉદયમાં બતાવેલ પાંચે ભાંગાઓને પ્રત્યેક અને સાધારણ સાથે ગુણતાં દશ, તેમજ વૈક્રિય લબ્ધિ સંપન્ન બાદર પર્યાપ્ત વાયુકાય જ્યારે મૂળ શરીરમાંથી વૈક્રિય શરીર બનાવે ત્યારે શરૂઆતમાં તેને પણ ૨૪ નું ઉદયસ્થાન હોય અને એનો એક, એમ ૨૪ ના ઉદયસ્થાનના કુલ અગિયાર ભાંગા થાય.

પર્યાપ્તનામકર્મના ઉદયવાળા જીવોને શરીર પર્યાપ્તિ પૂર્ણ થયા બાદ આજ ૨૪ માં પરાઘાતનો ઉદય થાય ત્યારે ૨૫ નું ઉદયસ્થાન થાય, અહીં અપર્યાપ્ત નામકર્મના ઉદયવાળા જીવો ન હોવાથી બાદર પર્યાપ્ત પ્રત્યેક-સાધારણના યશ-અયશ સાથે ચાર, સૂક્ષ્મ પર્યાપ્ત પ્રત્યેક-સાધારણના અયશ સાથે બે એમ છ અને વૈક્રિય વાયુકાયને પણ પરાઘાતનો ઉદય થાય ત્યારે તેનો એક, એમ સર્વમળી ૨૫ ના ઉદયના સાત ભાંગા થાય છે.

આજ જીવોને જ્યારે ઉચ્છ્વાસ પર્યાપ્તિ પૂરી થાય ત્યારે ઉચ્છ્વાસનો ઉદય થવાથી ૨૬નો ઉદય અને તેના પણ ઉપર પ્રમાણે સાત ભાંગા થાય. વળી બાદર પર્યાપ્ત પૃથ્વીકાયને જો ઉચ્છ્વાસના ઉદય પહેલાં આતપનો ઉદય થાય તોપણ ૨૬ થાય, અને તેના યશ-અયશ સાથે બે ભાંગા થાય, વળી જો ઉદ્યોતનો ઉદય થાય તોપણ ૨૬ થાય, પરંતુ ઉદ્યોતનો ઉદય પ્રત્યેકની જેમ સાધારણને પણ હોવાથી તે બન્નેને યશ-અયશ સાથે ગુણતાં ચાર ભાંગા થાય, એમ સર્વમળી ૨૬ ના ઉદયસ્થાનના ૧૩ ભાંગા થાય.

ઉચ્છ્વાસ સહિત ૨૬માં આતપ અથવા ઉદ્યોતનો ઉદય થાય ત્યારે ૨૭ નું ઉદયસ્થાન થાય, અહીં પણ ઉપર પ્રમાણે આતપના બે અને ઉદ્યોતના ચાર એમ છ ભાંગા થાય.

આ રીતે એકેન્દ્રિયના પાંચે ઉદયસ્થાનના મળી ૪૨ ઉદયભાંગા થાય.

વિકલેન્દ્રિયોને ૨૧-૨૬-૨૮-૨૯-૩૦ અને ૩૧ એમ છ ઉદયસ્થાનો હોય છે.

ધ્રુવોદયી બાર, તિર્યંચદ્વિક, બેઇન્દ્રિયાદિક ત્રણમાંથી કોઈપણ એક જાતિ, ત્રસ, બાદર, પર્યાપ્ત-અપર્યાપ્તમાંથી એક, દુર્ભગ, અનાદેય અને યશ-અયશમાંથી એક આ ૨૧ પ્રકૃતિનું ઉદયસ્થાન વિગ્રહગતિમાં હોય છે. અહીં પર્યાપ્તના યશ-અયશ સાથે બે, અપ. નો અયશનો એક, એમ ત્રણ ભાંગા થાય.

આજ ૨૧માંથી આનુપૂર્વી દૂર કરી ઉત્પત્તિ સ્થાને આવેલ જીવને ઔદારિકદ્વિક, છેવટ્ઠું સંઘયણ, હુંડક સંસ્થાન, ઉપઘાત અને પ્રત્યેક આ છ નો ઉદય અધિક થવાથી ૨૬ નું ઉદયસ્થાન થાય, અહીં પણ ઉપર પ્રમાણે ત્રણ ભાંગા થાય છે.

આ ૨૬માં પર્યાપ્તનામકર્મના ઉદયવાળાઓને શરીર પર્યાપ્તિ પૂર્ણ થયા બાદ પરાઘાત અને અશુભ વિહાયોગતિનો ઉદય થાય ત્યારે ૨૮ નું ઉદયસ્થાન થાય, અહિં પર્યાપ્તનામકર્મના ઉદયવાળા જ જીવો હોવાથી તેના યશ-અયશ સાથે બે ભાંગા થાય.

આજ ૨૮ માં ઉચ્છ્વાસ પર્યાપ્તિએ પર્યાપ્તાને ઉચ્છ્વાસનો ઉદય થાય ત્યારે ૨૯, અહીં પણ બે ભાંગા અથવા ઉચ્છ્વાસના ઉદય પહેલાં ઉદ્યોતનો ઉદય થાય ત્યારે પણ ૨૯ થાય, અહિં પણ ભાંગા બે જ, એમ ૨૯ના ઉદયસ્થાનના કુલ ચાર ભાંગા થાય.

ઉચ્છ્વાસ સહિત ૨૯ માં બેમાંથી એક સ્વરનો ઉદય થાય ત્યારે ૩૦ નું ઉદયસ્થાન થાય, અને ઉપરના બે ભાંગાને બે સ્વરે ગુણતાં ચાર ભાંગા થાય, અથવા ઉચ્છ્વાસ સહિત ૨૯ માં ઉદ્યોતનો ઉદય થાય ત્યારે પણ ૩૦ થાય અને તેના બે ભાંગા, એમ ૩૦ ના ઉદયસ્થાનના કુલ છ ભાંગા થાય છે.

સ્વર સહિત ૩૦ માં ઉદ્યોતનો ઉદય થાય ત્યારે ૩૧નું ઉદયસ્થાન થાય તેના ભાંગા ચાર થાય છે.

એમ વિકલેન્દ્રિયના છએ ઉદયસ્થાનના મળી દરેકના ૨૨-૨૨ ભાંગા થવાથી ત્રણેના મળી ૬૬ ભાંગા થાય છે.

કેટલાએક આચાર્ય મહારાજ સાહેબો વિકલેન્દ્રિયોને સુસ્વરનો ઉદય માનતા નથી પરંતુ ચૂર્ણિકાર તેમજ સપ્તતિકા ભાષ્યકાર માને છે. જુઓ સપ્તતિકા ભાષ્ય ૧૦૩ની ટીકા.

સામાન્યથી પંચેન્દ્રિય તિર્યંચને પણ વિકલેન્દ્રિય પ્રમાણે ૨૧ આદિ છ ઉદયસ્થાનો હોય છે, પરંતુ અહીં પર્યાપ્ત નામકર્મના ઉદયવાળાઓને જે જે ઉદયસ્થાનમાં પરાવર્તમાન જેટલી પ્રકૃતિઓનો ઉદય હોય છે, તે દરેકનો વારા ફરતી જુદા જુદા જીવોની અપેક્ષાએ ઉદય હોય છે, માટે જે ઉદયસ્થાનમાં પરાવર્તમાન જેટલી પ્રકૃતિઓનો ઉદય હોય તે દરેકની સાથે ગુણતાં તે તે ઉદયસ્થાનના ભાંગાઓની સંખ્યા આવે છે.

૨૧ ના ઉદયના પર્યાપ્તના સુભગ-દુર્ભગ, આદેય-અનાદેય, અને યશ-અયશ સાથે આઠ તથા અપર્યાપ્તનો એક એમ નવ.

૨૬ ના ઉદયમાં પર્યાપ્તના પૂર્વોક્ત આઠ ભાંગાઓને છ સંઘયણ અને છ સંસ્થાન સાથે ગુણતાં ૨૮૮, અને અપર્યાપ્તનો એક, કુલ ૨૮૯.

અટ્ઠાવીસના ઉદયમાં ઉપર બતાવેલ પર્યાપ્તના ૨૮૮ ને બે વિહાયોગતિએ ગુણતાં ૫૭૬, ઉચ્છ્વાસ સહિત અથવા ઉદ્યોત સહિત ૨૯ ના ૫૭૬-૫૭૬ એમ કુલ ૧૧૫૨.

સ્વર સહિત ૩૦ ના ૧૧૫૨, અને સ્વરના અનુદયે ઉદ્યોત સહિત ૩૦ ના ૫૭૬ એમ કુલ ૧૭૨૮.

ઉદ્યોત સહિત ૩૧ ના ઉદયસ્થાનમાં ૧૧૫૨,

એમ છ એ ઉદયસ્થાનના સર્વમળી ચાર હજાર નવસોને છ (૪૯૦૬) ભાંગા થાય છે.

વૈક્રિયલબ્ધિ સંપન્ન પંચેન્દ્રિય તિર્યંચ જ્યારે વૈક્રિય શરીર બનાવે ત્યારે તેમને વિગ્રહગતિ ન હોવાથી એકવીશનું ઉદયસ્થાન હોતું નથી. તે સિવાય સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચનાં ૨૬ આદિ જે પાંચ ઉદયસ્થાનો ઉપર બતાવવામાં આવ્યાં, તેમાં ઔદારિકદ્વિક અને સંઘયણનો ઉદય હોય છે પરંતુ અહીં ઔદારિકને બદલે વૈક્રિય શરીરનો ઉદય હોય છે અને સંઘયણનો ઉદય હોતો જ નથી, તેથી તેજ પાંચ ઉદયસ્થાનોમાં સંઘયણ કમ કરવાથી ૨૬ આદિના બદલે અનુક્રમે ૨૫-૨૭-૨૮-૨૯ અને ૩૦ આ પાંચ ઉદયસ્થાનો હોય છે.

વાયુકાય સિવાય વૈક્રિય શરીરમાં દુર્ભગ, અનાદેય અને અયશ સિવાય બીજી કોઇ પણ પરાવર્તમાન અશુભ પ્રકૃતિઓનો ઉદય હોતો નથી. માટે ૨૫ ના સૌભાગ્ય-દૌર્ભાગ્ય, આદેય-અનાદેય, અને યશ-અયશ સાથે ગુણતાં ૮ ભાંગા થાય. એજ પ્રમાણે ૨૭ના ૮, ૨૮ ના ૧૬, ૨૯ ના ૧૬ અને ૩૦ ના ૮, પાંચે ઉદયસ્થાને મળી ૫૬ ભાંગા થાય છે.

એમ તિર્યંચગતિમાં સામાન્યથી ૨૧ અને ૨૪ થી ૩૧ પર્યંતનાં કુલ નવ ઉદયસ્થાનો અને તેના ભાંગાઓ અનુક્રમે ૨૧ ના એકેન્દ્રિયના ૫, વિકલેન્દ્રિયના ૯, પં. તિ. ના ૯, કુલ ૨૩, ૨૪ ના એકેન્દ્રિયના ૧૧, ૨૫ ના એકેન્દ્રિયના સાત, વૈક્રિય તિર્યંચના ૮, એમ ૧૫, ૨૬ ના એકે. ના ૧૩, વિકલે. ના ૯, પંચે. તિ. ના ૨૮૯, કુલ ૩૧૧, ૨૭ના એકેન્દ્રિયના છ, વૈ. તિ ના ૮ એમ ૧૪, ૨૮ના વિકલે. ના છ, પં.તિ. ના ૫૭૬, વૈ. તિ. ના ૧૬, કુલ ૫૯૮, ૨૯ ના વિકલે. ના ૧૨, પં. તિ. ના ૧૧૫૨, વૈ. તિ. ના ૧૬, કુલ ૧૧૮૦, ૩૦ ના વિકલે. ના ૧૮, પં. તિ. ના ૧૭૨૮, વૈ. તિ. ના ૮, કુલ ૧૭૫૪, ૩૧ ના ઉદયના વિકલે.ના. ૧૨, પં. તિ. ના ૧૧૫૨, કુલ ૧૧૬૪, સર્વ મળી ૫૦૭૦ ભાંગા થાય છે.

મનુષ્યગતિમાં સામાન્ય મનુષ્યનાં, વૈક્રિય મનુ. નાં, આહારક મનુ. નાં, અને કેવળી ભગવંતનાં એમ ચારેનાં મળી ૨૪ વિના ૧૧ ઉદયસ્થાનો હોય છે.

સામાન્ય મનુ. ને પં. તિ. ની જેમ જ ૨૧-૨૬-૨૮-૨૯-અને ૩૦ એ પાંચ ઉદયસ્થાનો હોય છે, પરંતુ અહીં તિર્યંચદ્વિક ને બદલે મનુષ્યદ્વિક હોય છે. તેમજ પં. તિ. માં ઉદ્યોતનો ઉદય હોઈ શકે છે. પણ સામાન્ય મનુષ્યોને તેનો ઉદય હોતો નથી,

માટે ૩૧ નું ઉદયસ્થાન ન હોય, તેમજ ઉદ્યોતના ઉદયવાળા ૨૯ અને ૩૦ ના ઉદયસ્થાનના ભાંગા પણ ન હોય તેથી ૨૧ ના ૯, ૨૬ના ૨૮૯, ૨૮ ના ૫૭૬, ૨૯ ના ૫૭૬, અને ૩૦ ના ૧૧૫૨ એમ પાંચે ઉદયસ્થાને મળી સામાન્ય મનુષ્યના ૨૬૦૨ ભાંગા થાય.

વૈક્રિય પં. તિ. ની જેમ વૈ. મનુ. ને પણ ૨૫ આદિ પાંચ ઉદયસ્થાનો હોય છે. પરંતુ તિર્યંચગતિને બદલે મનુષ્યગતિ હોય છે. તેમજ ઉદ્યોતનો ઉદય મુનિઓના ઉત્તર વૈક્રિયશરીરમાં જ હોય છે. અને વૈક્રિયશરીરી મુનિઓને કોઈપણ પરાવર્તમાન અશુભ પ્રકૃતિઓનો ઉદય હોતો નથી, તેથી ઉદ્યોતના ઉદયના જે જે ઉદયસ્થાનમાં વૈ. તિર્યંચને આઠ–આઠ ભાંગા થાય છે, તેને બદલે માત્ર વૈ. મનુષ્યને એક–એક જ ભાંગો થાય છે, માટે ૨૫ ના ૮, ૨૭ ના ૮, ૨૮ ના ૯, ૨૯ ના ૯, અને ૩૦ નો ૧, એમ સર્વ મળી ૩૫ ભાંગા થાય છે.

આહારક મુનિઓને પણ આજ પાંચ ઉદયસ્થાનો હોય છે. પરંતુ આહારક મુનિઓને પરાવર્તમાન કોઈપણ અશુભ પ્રકૃતિઓનો ઉદય ન હોવાથી ૨૫ નો એક, સત્તાવીશનો એક, ૨૮ ના બે, ૨૯ ના બે, અને ૩૦ નો એક, એમ કુલ સાત ભાંગા થાય છે.

સામાન્ય કેવળી અને તીર્થંકર કેવળી ભગવંતના મળી ૨૦–૨૧–૨૬–૨૭–૨૮–૨૯–૩૦–૩૧–૯ અને ૮ એમ દશ ઉદયસ્થાનો હોય છે.

ત્યાં સામાન્ય કેવળી ભગવંતને ૧૩ મા ગુણસ્થાનકે કેવળી સમુદ્ઘાત અવસ્થામાં કાર્મણકાયયોગમાં વર્તતા ત્રીજા, ચોથા અને પાંચમા સમયે ત્રસત્રિક, પંચેન્દ્રિય જાતિ, મનુષ્યગતિ, સૌભાગ્ય, આદેયદ્વિક અને ધ્રુવોદયી બાર, આ ૨૦નો અને તીર્થંકર કેવળીને જિનનામ સહિત ૨૧ પ્રકૃતિનો ઉદય હોય છે.

આ ૨૦ અને ૨૧માં ઔદારિકદ્વિક, પ્રત્યેક, ઉપઘાત, પ્રથમ સંઘયણ, છમાંથી એક સંસ્થાન અને તીર્થંકર કેવળીને માત્ર પ્રથમ સંસ્થાન આ જ છ પ્રકૃતિઓનો અધિક ઉદય હોય ત્યારે બન્ને પ્રકારના કેવળીઓને કેવળી સમુદ્ઘાતમાં ઔદારિક મિશ્રકાયયોગમાં વર્તતાં બીજે, છઠ્ઠે, અને સાતમે સમયે અનુક્રમે ૨૬ અને ૨૭ નું ઉદયસ્થાન હોય છે.

ઔદારિક કાયયોગમાં વર્તતા સામાન્ય કેવળી અને તીર્થંકર કેવળી ભગવંતોને આજ ૨૬ અને ૨૭ માં પરાઘાત અને બેમાંથી એક વિહાયોગતિ, ઉચ્છ્વાસ અને બેમાંથી એક સ્વર ઉમેરતાં અનુક્રમે ૩૦ અને ૩૧ નું ઉદયસ્થાન હોય છે.

તીર્થંકર પરમાત્માને કોઈપણ પરાવર્તમાન અશુભ પ્રકૃતિઓનો ઉદય ન હોવાથી તેઓના દરેક ઉદયસ્થાનમાં એક-એક ભાંગો જ હોય છે. એમ સર્વત્ર સમજવું.

૧૩મા ગુણસ્થાનકે સામાન્ય કેવળી અને તીર્થંકર કેવળીને સ્વાભાવિક અનુક્રમે જે

૩૦ અને ૩૧ નું ઉદયસ્થાન હોય છે. તેમાંથી યોગ નિરોધ કરતી વખતે સ્વરનો નિરોધ કરે ત્યારે સામાન્ય કેવળીને ૨૯ અને તીર્થંકર કેવળીને ૩૦ નું ઉદયસ્થાન હોય છે.

આમાંથી ઉચ્છ્વાસનો નિરોધ કરે ત્યારે સામાન્ય કેવળીને ૨૮ અને તીર્થંકર કેવળીને ૨૯ નું ઉદયસ્થાન હોય છે.

આમાંથી ધ્રુવોદયી બાર પ્રકૃતિઓનો ઉદય વિચ્છેદ થવાથી ૧૪ મે ગુણસ્થાનકે સામાન્ય કેવળીને આઠનું અને તીર્થંકર કેવળીને નવનું ઉદયસ્થાન હોય છે.

ત્યાં ૮ નો એક, ૯ નો એક, ૨૦ નો સામાન્ય કેવળીનો એક, ૨૧ નો તીર્થંકર કેવળીનો એક, ૨૬ ના સામાન્ય કેવળીના છ સંસ્થાનના છ, ૨૭ નો તીર્થંકર કેવળીનો એક, ૨૮ ના છ સંસ્થાનને બે વિહાયોગતિએ ગુણતાં સામાન્ય કેવળીના ૧૨, ૨૯ ના સામાન્ય કેવળીના આજ બાર અને તીર્થંકર કેવળીનો એક એમ ૧૩, ૩૦ ના સામાન્ય કેવળીના ઉપર બતાવેલ બારને બે સ્વરે ગુણતાં ૨૪, અને તીર્થંકર કેવળીનો એક એમ ૨૫, અને ૩૧ નો તીર્થંકર કેવળીનો એક એમ દશે ઉદયસ્થાને સર્વ મળી કેવળીના બાસઠ ઉદય ભાંગા થાય છે.

પરંતુ ૨૦ અને આઠના ઉદયના સામાન્ય કેવળીના બે, અને ૨૧–૨૭–૨૯–૩૦ ૩૧ તેમજ ૯ ના એક–એક એમ તીર્થંકર કેવળીના છ, આ આઠ ભાંગા વિના શેષ (૫૪) ચોપન ભાંગા પહેલાં બતાવેલ સામાન્ય મનુષ્યના ૨૬ વગેરે ઉદયસ્થાનના ભાંગાઓમાં આવી જાય છે, માટે અહીં જુદા ગણવામાં આવતા નથી, પરંતુ ઉપર બતાવેલ આઠ ભાંગા જ જુદા ગણવામાં આવેલ છે.

આ પ્રમાણે મનુષ્ય ગતિમાં ૨૦ નો ૧, ૨૧ ના સા. મનુ. ના ૯, અને તીર્થં. કેવળીનો એક એમ ૧૦, ૨૫ના વૈક્રિય મનુ. ના ૮ અને આહારક મુનિનો એક, એમ ૯, ૨૬ ના ૨૮૯, ૨૭ ના વૈક્રિય મનુ. ના ૮, આહારક મુનિનો એક, અને તીર્થંકર કેવળીનો એક, એમ ૧૦, ૨૮ ના સા. મ. ના ૫૭૬, વૈ. મ. ના નવ, અને આહા. મુ. ના બે એમ ૫૮૭, ૨૯ના સા. મ.ના ૫૭૬, વૈ. મ.ના ૯, આહા.ના ૨, અને તીર્થંકરનો એક, એમ ૫૮૮, ૩૦ ના સા. મ. ના ૧૧૫૨, વૈ. મ. નો એક, આહા. નો એક અને તીર્થંકરનો એક. એમ કુલ ૧૧૫૫, ૩૧, ૯ અને ૮ ના ઉદયસ્થાનનો એક એક એમ દશે ઉદયસ્થાને મળી (૨૬૫૨) છવ્વીશો બાવન, ઉદયભાંગા થાય છે.

નરકગતિમાં ૨૧–૨૫–૨૭–૨૮ અને ૨૯ આ પાંચ ઉદયસ્થાનો હોય છે.

ત્યાં નરકદ્વિક, પંચેન્દ્રિય જાતિ, ત્રસત્રિક, દૌર્ભાગ્ય, અનાદેયદ્વિક અને ધ્રુવોદયી બાર આ ૨૧ નું ઉદયસ્થાન વિગ્રહગતિમાં હોય છે.

તેમાંથી આનુપૂર્વી દૂર કરી આજ ૨૦ માં ઉત્પત્તિ સ્થાને વૈક્રિયદ્વિક, પ્રત્યેક, ઉપઘાત, અને હુંડક સંસ્થાન એ પાંચનો ઉદય થવાથી ૨૫,

શરીર પર્યાપ્તિ પૂર્ણ થયે પરાઘાત અને અશુભ વિહાયોગતિનો ઉદય થાય ત્યારે ૨૭,
ઉચ્છ્વાસ પર્યાપ્તિ એ પર્યાપ્તાને ઉચ્છ્વાસનો ઉદય થાય ત્યારે ૨૮,
ભાષા પર્યાપ્તિએ પર્યાપ્તાને દુઃસ્વરનો ઉદય થાય ત્યારે ૨૯ નું ઉદયસ્થાન થાય છે.

અહીં પરાવર્તમાન કોઈપણ શુભ પ્રકૃતિનો ઉદય ન હોવાથી દરેકનો એક-એક, એમ કુલ પાંચ ઉદયભાંગા થાય છે.

દેવગતિમાં ૨૧ આદિ પાંચ ઉદયસ્થાનો નરકગતિ પ્રમાણે જ હોય છે, પરંતુ દેવના ઉત્તર વૈક્રિય શરીરમાં ઉદ્યોતનો ઉદય પણ હોય છે, તેથી ૩૦ નું એક ઉદયસ્થાન વધારે હોવાથી કુલ છ ઉદયસ્થાન છે.

અહીં દુર્ભગ, અનાદેય અને અયશ સિવાય કોઈપણ પરાવર્તમાન અશુભ પ્રકૃતિનો ઉદય હોતો નથી તેમજ ૨૧ માં નરકદ્વિકના બદલે દેવદ્વિક અને શેષ ઉદયસ્થાનમાં નરકગતિના બદલે દેવગતિ અને હુંડકના બદલે સમચતુરસ્ર સંસ્થાનનો ઉદય હોય છે.

૨૧-૨૫ અને ૨૭ના સૌભાગ્ય-દૌર્ભાગ્ય, આદેય-અનાદેય અને યશ-અયશ સાથે ગુણતાં આઠ-આઠ, એજ રીતે ઉચ્છ્વાસ પર્યાપ્તિ પૂર્ણ થયે છતે ઉચ્છ્વાસ સહિત અઠ્ઠાવીસના ૮ તેમજ ઉચ્છ્વાસના અનુદયે ઉદ્યોત સહિત ૨૮ ના ૮, એમ કુલ ૧૬, ભાષાપર્યાપ્તિએ પર્યાપ્તના સ્વર સહિત ૨૯ ના ૮ અને સ્વરના અનુદયે ઉદ્યોત સહિત ૨૯ ના ૮, એમ કુલ ૧૬, સ્વર સહિત ૨૯ માં ઉદ્યોતનો ઉદય થાય ત્યારે ૩૦ ના ૮ એમ છએ ઉદયસ્થાનના કુલ ૬૪ ઉદયભાંગા થાય છે.

સર્વ જીવો આશ્રયી ૨૦ આદિ ઉદયસ્થાનોમાં કુલ ભાંગા

૨૦ નો સામાન્ય કેવળીનો એક, ૨૧ ના એકેન્દ્રિયના પાંચ, વિકલેન્દ્રિયના નવ, પં. તિ. ના નવ, સા. મનુ. ના નવ, તીર્થં. કેવળીનો એક, નારકનો એક, અને દેવતાના આઠ, એમ ૪૨, ૨૪ ના એકેન્દ્રિયના ૧૧, ૨૫ ના એકેન્દ્રિયના સાત, વૈ. તિ. ના આઠ, વૈ. મ. ના આઠ, આહા. નો એક, નારકનો એક, અને દેવતાના આઠ એમ ૩૩, ૨૬ ના એકેન્દ્રિયના ૧૩, વિક. ના નવ, સા. પં. તિ. ના ૨૮૯, સા. મ. ના ૨૮૯, એમ ૬૦૦,

૨૭ ના એકેન્દ્રિયના છ, વૈ. તિ. ના આઠ, વ. મ. ના આઠ, આહા. નો એક, તીર્થં. નો એક, નારકનો એક, અને દેવતાના આઠ એમ ૩૩,

૨૮ ના વિકલ. ના ૬, સા. પં. તિ. ના ૫૭૬, વૈ. તિ. ના ૧૬ સા. મ. ના ૫૭૬, વૈ. મ. ના નવ, આહા. ના બે, નારકનો એક, અને દેવતાના સોળ, એમ ૧૨૦૨,

૨૯ ના વિકલ. ના ૧૨, સા. પં. તિ. ના ૧૧૫૨, વૈ. તિ. ના ૧૬, સા. મ. ના ૫૭૬, વૈ.મ. ના નવ, આહા. ના બે, તીર્થં. નો એક, નારકનો એક, અને દેવતાના ૧૬ એમ ૧૭૮૫,

૩૦ ના વિકલ. ના ૧૮, સા. પં. તિ. ના ૧૭૨૮, વ. તિ. ના ૮, સામાન્ય મનુષ્યના ૧૧૫૨, વૈ. મ. નો એક, આહા. નો એક, તીર્થં. નો એક, અને દેવતાના આઠ એમ ૨૯૧૭ (ઓગણત્રીસસો સત્તર).

એકત્રીસના વિક. ના ૧૨, સા. પં. તિ. ના ૧૧૫૨, તીર્થં. નો એક, એમ ૧૧૬૫,

આ પ્રમાણે બારે ઉદયસ્થાનોના સર્વે મળી ઉદયભાંગા ૭૭૯૧ (સાતહજાર સાતસો એકાણું) થાય છે.

કેટલાક આચાર્ય મહારાજાઓ સૌભાગ્યની સાથે આદેયનો જ અને દૌર્ભાગ્યની સાથે અનાદેયનો જ ઉદય માને છે માટે તેઓના મતે જે જે જીવોના જે જે ઉદયસ્થાનમાં સૌભાગ્ય-દૌર્ભાગ્ય, અને આદેય-અનાદેય, એમ પરાવર્તમાન પ્રકૃતિઓ માની જેટલા ભાંગા કર્યા હોય તે તે ઉદયસ્થાનમાં ભાંગાઓની સંખ્યા તેનાથી અર્ધી થાય છે. જેમ દેવતાના છએ ઉદયસ્થાનમાં આ ચારે પ્રકૃતિઓનો ઉદય પરાવર્તમાન માની ૬૪ ભાંગા કર્યા છે ત્યાં તેને બદલે ૩૨ ભાંગા થાય, એમ સર્વ ઉદયસ્થાનોમાં સ્વયં વિચારી ભાંગાઓની સંખ્યા જાણી લેવી.

ઉદયસ્થાનનું કાળમાનઃ–આઠ અને નવના ઉદયસ્થાનનો ઉત્કૃષ્ટ અને જઘન્યએમ બન્ને રીતે પાંચ હ્રસ્વાક્ષરના ઉચ્ચાર કાળ પ્રમાણ અંતર્મુહૂર્ત, ૨૦ ના ઉદય સ્થાનનો અજઘન્યોત્કૃષ્ટ ત્રણ સમય, ૨૧ના ઉદયસ્થાનનો તીર્થંકર આશ્રયી અજઘન્યોત્કૃષ્ટ ત્રણ સમય. અને શેષ જીવો આશ્રયી જઘન્યથી એક અને ઉત્કૃષ્ટથી ત્રણ સમય, ૨૪–૨૫ અને ૨૮ આ ત્રણ ઉદયસ્થાનોનો જઘન્ય અને ઉત્કૃષ્ટ એમ બન્ને રીતે અન્તર્મુહૂર્ત્ત પ્રમાણ કાળ છે.

૨૬–૨૯–૩૦ અને ૩૧ આ ચારે ઉદયસ્થાનોનો પણ જઘન્ય કાળ અન્તર્મુહૂર્ત્ત છે. પરંતુ ૨૬ ના ઉદયસ્થાનનો કેવળી ભગવંત આશ્રયી એક સમય છે, સત્તાવીશના ઉદયસ્થાનનો તીર્થંકર પરમાત્મા આશ્રયી એક સમય, અને શેષ જીવો આશ્રયી અન્તર્મુહૂર્ત છે. ૨૬ અને ૨૭ના ઉદયસ્થાનનો ઉત્કૃષ્ટ કાળ પર્યાપ્ત પૃથ્વીકાય જીવને આશ્રયી અન્તર્મુહૂર્ત ન્યૂન ૨૨ હજાર વર્ષ પ્રમાણ, ૨૯ ના ઉદયસ્થાનનો નારક તથા અનુત્તર દેવો આશ્રયી અન્તર્મુહૂર્ત ન્યૂન ૩૩ સાગરોપમ અને શેષ જીવો આશ્રયી યથાસંભવ અન્તર્મુહૂર્ત પ્રમાણ, ૩૦ ના ઉદયસ્થાનનો યુગલિક તિર્યંચ અને મનુષ્ય આશ્રયી અન્તર્મુહૂર્ત્ત ન્યૂન ત્રણ પલ્યોપમ, દેવ આશ્રયી પંદર દિવસ, અને તીર્થંકર આશ્રયી અન્તર્મુહૂર્ત પ્રમાણ કાળ છે.

એકત્રીશના ઉદયસ્થાનનો ઉત્કૃષ્ટ કાળ યુગલિક તિર્યંચ આશ્રયી અન્તર્મુહૂર્ત્ત ન્યૂન ત્રણ પલ્યોપમ અને તીર્થંકર કેવળી ભગવંત આશ્રયી દેશોન પૂર્વક્રોડ વર્ષ પ્રમાણ છે.

સત્તાસ્થાન :-૯૩-૯૨-૮૯-૮૮-૮૬-૮૦-૭૯-૭૮-૭૬-૭૫-૯ અને ૮ પ્રકૃતિના સમુદાય રૂપ બાર સત્તાસ્થાનો છે.

સર્વ પ્રકૃતિઓની સત્તા હોય ત્યારે ૯૩ ત્રાણું, અને જિનનામની સત્તા ન હોય ત્યારે ૯૨, જિનનામ હોય પણ આહારક ચતુષ્ક ન હોય ત્યારે ૮૯, અને આ પાંચે પ્રકૃતિઓ સત્તામાં ન હોય ત્યારે ૮૮ નું સત્તાસ્થાન હોય છે. આ ચાર સત્તાસ્થાનોને પહેલું સત્તાસ્થાન ચતુષ્ક કહેવાય છે.

ક્ષપકશ્રેણીમાં નવમા ગુણસ્થાનકના પહેલા ભાગે આ ચારે સત્તાવાળા જુદા જુદા જીવોને નામકર્મની ૧૩ પ્રકૃતિઓનો ક્ષય થાય ત્યારે નવમાના બીજા ભાગથી ચૌદમાના દ્વિચરમ સમય સુધી અનુક્રમે ૮૦-૭૯-૭૬ અને ૭૫ આ ચાર સત્તાસ્થાનો પ્રાપ્ત થાય છે. આને બીજું સત્તાસ્થાન ચતુષ્ક કહેવામાં આવે છે.

ચૌદમાના ચરમ સમયે સામાન્ય કેવળીને ત્રસત્રિક, મનુષ્યગતિ, પં. જાતિ, સૌભાગ્ય, આદેય અને યશ આ આઠ પ્રકૃતિનું અને તીર્થંકર કેવળીને આ આઠ અને જિનનામ એમ નવ પ્રકૃતિનું સત્તાસ્થાન હોય છે.

૮૮ ની સત્તાવાળા જીવોને એકેન્દ્રિયમાં દેવદ્વિકની ઉદ્વલના થાય ત્યારે ૮૬, અથવા ૮૦ ની સત્તાવાળા એકેન્દ્રિયો પંચેન્દ્રિયમાં આવી વૈક્રિય ચતુષ્ક અને દેવદ્વિકનો અગર વૈ. ચતુ. અને નરકદ્વિકનો પહેલી વખત બંધ કરે ત્યારે ૮૬ નું સત્તાસ્થાન હોય છે.

૮૬ ની સત્તાવાળાઓને નરકદ્વિક અને વૈ. ચતુ.ની ઉદ્વલના થાય ત્યારે ૮૦નું અથવા ત્રસપણું જેઓએ પ્રાપ્ત કર્યું નથી તેઓને પણ ૮૦નું સત્તાસ્થાન હોય છે.

૮૦ ની સત્તાવાળા તેઉકાય-વાઉકાયને મનુષ્યદ્વિકની ઉદ્વલના થયા પછી ૭૮ નું સત્તાસ્થાન હોય છે.

૮૬-૮૦ અને ૭૮ આ ત્રણ સત્તાસ્થાનોને પ્રાચીન શાસ્ત્રોમાં અધ્રુવ સત્તાસ્થાનો કહ્યાં છે.

ત્રસ પણું નહીં પામેલા અથવા ત્રસમાંથી આવી વૈ. અષ્ટકની ઉદ્વલના કરેલ એકેન્દ્રિયોને, તેમજ ૯૩ની સત્તાવાળા જીવોને ક્ષપકશ્રેણીમાં ૧૩ પ્રકૃતિનો ક્ષય થાય ત્યારે, એમ ૮૦નું સત્તાસ્થાન બે રીતે પ્રાપ્ત થાય છે. આ બન્ને પ્રકારના ૮૦ ના સત્તાસ્થાનમાં અમુક પ્રકૃતિઓ જુદી જુદી હોવા છતાં સંખ્યા સમાન છે, માટે ૮૦ નું એક જ સત્તાસ્થાન ગણવામાં આવેલ છે.

ત્યાં નરકગતિમાં બાણું, નેવ્યાસી અને અઠ્ઠાસી આ ત્રણ સત્તાસ્થાનો હોય છે. જિનનામ અને આહારક ચતુ. ની સાથે સત્તાવાળા જીવો નરકમાં જતા નથી માટે ૯૩નું સત્તાસ્થાન નરકગતિમાં આવતું નથી.

દેવગતિમાં ૯૩ આદિ પ્રથમનાં ચાર સત્તાસ્થાન હોય છે. ૮૬ અને ૮૦નું સત્તાસ્થાન મનુષ્ય અને તિર્યંચગતિમાં અને શેષ સત્તાસ્થાનો ક્ષપકશ્રેણીમાં જ ઘટતાં હોવાથી આ બે ગતિમાં ઘટતાં નથી.

તિર્યંચ ગતિમાં જિનનામની સત્તા ન હોવાથી ૯૩ અને ૮૯ તેમજ ક્ષપકશ્રેણીનો અભાવ હોવાથી એકાંતે ક્ષપકશ્રેણીમાંજ ઘટે એવાં પાંચ એમ સાત સત્તાસ્થાન વિના બાકીનાં ૯૨–૮૮–૮૬–૮૦ અને ૭૮ આ પાંચ સત્તાસ્થાનો હોય છે.

મનુષ્ય ગતિમાં ૭૮ વિના અગિયાર સત્તાસ્થાનો હોય છે.

સત્તાસ્થાનોનું કાળમાન:–આહારક ચતુષ્ક બાંધી અન્તર્મુહૂર્તમાં જ ક્ષપકશ્રેણી કરનાર જીવો આશ્રયી ૯૩ અને ૯૨ ના સત્તાસ્થાનનો જઘન્ય કાળ અન્તર્મુહૂર્ત અને આહારક ચતુષ્ક બાંધી ૧ સમય પછી જ જિનનામનો બંધ કરનારની અપેક્ષાએ ૯૨ના સત્તાસ્થાનનો જઘન્ય કાળ ૧ સમય પણ આવે. અને ઉત્કૃષ્ટથી પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ છે. કારણ કે દેશોન પૂર્વક્રોડથી વધારે કાળ વિરતિપણામાં રહેતા નથી. અને અવિરતિપણું પામ્યા પછી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ કાળ પછી આહારક ચતુષ્કની સત્તા હોતી નથી, માટે આ બન્ને સત્તાસ્થાનનો ઉત્કૃષ્ટ કાળ પણ એટલો જ હોય છે.

૮૯ના સત્તાસ્થાનનો કાળ જઘન્યથી સાધિક ૮૪ હજારવર્ષ અને મતાંતરે સાધિક દશ હજાર વર્ષ, અને ઉત્કૃષ્ટથી કાંઇક ન્યૂન બે પૂર્વક્રોડ વર્ષ સાધિક ૩૩ સાગરોપમ પ્રમાણ ઘટી શકે.

૮૮ ના સત્તાસ્થાનનો કાળ જઘન્યથી આઠ વર્ષ અને ઉત્કૃષ્ટથી સાધિક ૨૦૦૦ બે હજાર સાગરોપમ,

૮૬ ના સત્તાસ્થાનનો કાળ જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ,

૮૦ ના સત્તાસ્થાનનો કાળ અસાંવ્યવહારિક જીવો આશ્રયી અનાદિ–અનંત અને અનાદિ–સાંત એમ બે પ્રકારે છે. અને સાંવ્યવહારિક જીવો આશ્રયી જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી આવલિકાના અસંખ્યાતમા ભાગના સમય પ્રમાણ અસંખ્ય પુદ્ગલ પરાવર્ત પ્રમાણ કાળ છે.

૭૮ ના સત્તાસ્થાનનો જઘન્યકાળ સમય કે અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી અસંખ્ય ઉત્સર્પિણી–અવસર્પિણી,

૭૯ અને ૭૫ના સત્તાસ્થાનનો જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી દેશોન પૂર્વક્રોડ,

૭૬ ના સત્તાસ્થાનનો જઘન્યથી કંઇક ન્યૂન ૩૦ વર્ષ અને ઉત્કૃષ્ટથી દેશોન ૧લાખ પૂર્વ,

નવ અને આઠ એ બે સત્તાસ્થાનો ચૌદમાના ચરમ સમયે જ હોવાથી તેઓનો અજઘન્યોત્કૃષ્ટ કાળ એક સમય પ્રમાણ છે.

સંવેધઃ- અપર્યાપ્ત એકેન્દ્રિય પ્રાયોગ્ય ૨૩ પ્રકૃતિના બંધક મિથ્યાદષ્ટી સઘળા તિર્યંચો અને મનુષ્યો હોઈ શકે છે. તેથી તેઓને મનુષ્ય અને તિર્યંચોને ઘટતાં અને ૨૪ થી ૩૧ પર્યંતનાં નવ ઉદયસ્થાનો હોય છે.

ત્યાં ૨૧ ના ઉદયે એકેન્દ્રિયના પાંચ, વિકલેન્દ્રિયના નવ, પં.તિ. ના નવ, મનુષ્યના નવ એમ ૩૨ ભાંગા હોય છે. ૨૪ના એકેન્દ્રિયના ૧૧, ૨૫ ના એકેન્દ્રિયના સાત, વૈક્રિય તિર્યંચના આઠ અને વૈક્રિય મનુષ્યના આઠ એમ ત્રેવીશ, ૨૬ ના ૬૦૦, ૨૭ના એકેન્દ્રિયના છ, વૈક્રિય તિર્યંચના આઠ. વૈક્રિય મનુષ્યના આઠ એમ બાવીશ. ૨૮ ના વિકલેન્દ્રિયના ૬. સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચના ૫૭૬, વૈ. તિ. ના ૧૬ સામાન્ય મનુ.ના ૫૭૬, અને વૈ. મનુ. ના આઠ એમ ૧૧૮૨, ૨૯ ના વિકલેન્દ્રિયના ૧૨, સા. પં.તિ. ના ૧૧૫૨, વૈ.તિ.ના ૧૬, સા. મનુ. ના ૫૭૬, વૈ. મ. ના આઠ-એમ ૧૭૬૪, ૩૦ના વિકલેન્દ્રિયના ૧૮, સા. પંચેન્દ્રિય તિ. ના ૧૭૨૮, વૈ. તિ. ના ૮, સા. મ. ના ૧૧૫૨ એમ ૨૯૦૬, ૩૧ ના ઉદયસ્થાનના વિકલેન્દ્રિયના ૧૨, પં.તિ. ના ૧૧૫૨, એમ ૧૧૬૪ આ પ્રમાણે નવે ઉદયસ્થાનના મળી ૭૭૦૪ ઉદય ભાંગા થાય છે.

અહીં સામાન્યથી ૯૨-૮૮-૮૬-૮૦ અને ૭૮ આ પાંચ સત્તાસ્થાનો હોય છે. કારણકે તિર્યંચ પ્રાયોગ્ય બંધ કરનાર કોઈને પણ જિનનામવાળાં, અને ક્ષપકશ્રેણીમાં જ ઘટતાં સત્તાસ્થાનો હોતાં નથી.

૭૮ નું સત્તાસ્થાન મનુષ્યદ્વિકની ઉદ્વલના કર્યા પછી તેઉકાય અને વાયુકાયના પોતાના ચારે ઉદયસ્થાનોમાં ઘટે છે. તેમજ ૭૮ ની સત્તાવાળા તેઉકાય અને વાઉકાય કાળ કરી તિર્યંચમાંજ જાય છે. તેથી અન્ય એકેન્દ્રિયમાં ૨૧ અને ૨૪ તેમજ બેઈન્દ્રિયાદિક તિર્યંચમાં ૨૧ અને ૨૬ આ પ્રથમનાં બે બે ઉદયસ્થાનોમાં જ ૭૮નું સત્તાસ્થાન ઘટી શકે, પરંતુ તે સિવાયના બીજા કોઈપણ ઉદયસ્થાનમાં ઘટતું નથી.

કારણકે તેઉકાય-વાઉકાય વિના શેષ સર્વ જીવો શરીર પર્યાપ્તિ પહેલાં ન બાંધે તો પણ પૂર્ણ થયા પછી તો અવશ્ય મનુષ્યદ્વિક બાંધે જ, અને બંધસમયથી સત્તા પણ થઈ જાય છે. માટે તેઉકાય-વાઉકાયમાં ઘટતાં ૨૧ આદિ ચારે ઉદયસ્થાનોમાં ૭૮ આદિ

(૧) કર્મપ્રકૃતિ સત્તા પ્રકરણમાં ગા. ૪૩ માં ઉત્કૃષ્ટથી દેશોન પૂર્વક્રોડ વર્ષ પ્રમાણ તીર્થંકર પરમાત્માનો કેવલિ-પર્યાય કહ્યો છે. તેથી તે અપેક્ષાએ ૭૬ની સત્તા તેટલો કાળ પણ સંભવી શકે.

પાંચે સત્તાસ્થાનો હોય છે. અને આની અન્તર્ગત ૨૧-૨૪ અને ૨૬ ના ઉદયસ્થાનમાં અન્ય તિર્યંચોની અપેક્ષાએ પણ ઘટે છે.

વૈક્રિય વાયુકાયને વૈ. ષટ્ક અવશ્ય સત્તામાં હોય છે. માટે વૈ. વાઉ. ના ત્રણે ભાંગાઓમાં ૭૮ અને ૮૦ વિના શેષ ત્રણ સત્તાસ્થાનોજ હોય છે.

મનુષ્યોને મનુષ્યદ્વિક અવશ્ય સત્તામાં હોવાથી તેઓના કોઈપણ ઉદયસ્થાનના કોઈપણ ભાંગામાં ૭૮ નું સત્તાસ્થાન ન ઘટવાથી ૮૦ આદિ ચાર સત્તાસ્થાનો હોય છે.

વાઉકાય સિવાય વૈ. શરીરીને વૈ. અષ્ટક અવશ્ય સત્તામાં હોવાથી વૈ. તિ. તથા મનુ. ના ભાંગાઓમાં ૯૨ અને ૮૮ આ બે જ સત્તાસ્થાનો હોય છે. આ હકીકત સર્વત્ર ધ્યાનમાં રાખી સત્તાસ્થાનોનો વિચાર કરવાથી બોધ સુગમ થશે.

૨૧-૨૪-૨૫ અને ૨૬ આ ચાર ઉદયસ્થાનોમાં ઉપર બતાવ્યા મુજબ ૯૨ આદિ પાંચે સત્તાસ્થાનો ઘટે છે. માટે ૪×૫=૨૦ અને ૨૭ થી ૩૧ સુધીના પાંચ ઉદયસ્થાનમાં સર્વજીવો આશ્રયી ૭૮ વિના ચાર-ચાર સત્તાસ્થાનો હોય છે. માટે ૫×૪=૨૦, એમ સર્વ મળી ઉદયસ્થાન ગુણિત ૪૦ સત્તાસ્થાનો હોય છે.

જો ઉદયભંગવાર વિચારીએ તો-

૨૧ ના ઉદયે એકેન્દ્રિયના પાંચ, વિકલેન્દ્રિયના નવ, અને પંચેન્દ્રિય તિર્યંચના નવ. આ ૨૩ ભાંગાઓમાં પાંચ પાંચ સત્તાસ્થાનોનો સંભવ હોવાથી ૨૩ ને પાંચે ગુણતાં ૧૧૫, અને મનુષ્યના નવ ભાંગાઓમાં ૭૮ વિના ચાર-ચાર સત્તાસ્થાનોનો સંભવ હોવાથી નવ ને ચારે ગુણતાં ૩૬, એમ કુલ ૧૫૧,

૨૪ ના ઉદયે વૈ. વાઉ. ના એક ભાંગામાં ૯૨ વગેરે પ્રથમનાં ત્રણ, શેષ દશ ભાંગામાં પાંચેનો સંભવ હોવાથી દશને પાંચે ગુણતાં ૫૦, એમ ૫૦+૩=૫૩,

પચીશના ઉદયે વૈ. વાઉ. ના એક ભાંગામાં ૯૨ આદિ ત્રણ, સૂક્ષ્મ અથવા બાદરના પર્યાપ્તના-પ્રત્યેક-અયશ સાથે ના બે ભાંગામાં પાંચ-પાંચ ઘટતાં હોવાથી દશ, અને ચાર ભાંગામાં ૭૮ વિના ચાર-ચારનો સંભવ હોવાથી ચારને ચારે ગુણતાં ૧૬ એમ એકેન્દ્રિયના સાતે ભાંગાનાં ૨૯, વૈ. તિ. તથા મનુષ્યના મળી સોળ ભાંગામાં ૯૨-૮૮ એ બે બે હોવાથી ૩૨, એમ કુલ ૬૧ સત્તાસ્થાનો,

૨૬ ના ઉદયે વૈ. વાઉકાયના એક ભાંગામાં ત્રણ અને સૂક્ષ્મ અથવા બાદરના પર્યાપ્ત-પ્રત્યેક-અયશ સાથેના બે ભાંગામાં પાંચ-પાંચ માટે ૧૦, અને શેષ દશ ભાંગાઓમાં ૭૮ વિના ચાર-ચારનો સંભવ હોવાથી દશ ને ચારે ગુણતાં ૪૦ ચાળીસ, એમ સર્વ મળી એકે.ના ૧૩ ભાંગામાં ૫૩, વિકલેન્દ્રિયના નવ, પં. તિ. ના ૨૮૯ મળી

૨૯૮ ભાંગામાં પાંચ-પાંચ હોવાથી ૨૯૮ ને પાંચે ગુણતાં ૧૪૯૦, મનુ. ના ૨૮૯માં ૭૮ વિના ચાર હોવાથી ૨૮૯ને ચારે ગુણતાં ૧૧૫૬ આ રીતે ૨૧ ના ૬૦૦ ઉદય ભાંગામાં સર્વે મળી ૨૬૯૯ સત્તાસ્થાનો છે,

૨૭ ના એકેન્દ્રિયના છ ભાંગામાં ૯૨ આદિ ચારે સત્તાસ્થાનો હોવાથી છને ચારે ગુણતાં ૨૪ વૈ. તિ. તથા વ. મ. ના મળી ૧૬ માં ૯૨-૮૮ બે-બે હોવાથી સોળને બએ ગુણતાં ૩૨, એમ ૫૬

૨૮ ના વિકલેન્દ્રિયના છ, સા. પં. તિ. ના ૫૭૬, સા. મ. ના ૫૭૬, આ ૧૧૫૮માં ૯૨ આદિ ચારે સત્તાસ્થાનો હોવાથી ૧૧૫૮ને ચારે ગુણતાં ૪૬૩૨ તેમજ વૈ. તિ. અને વૈ. મ. ના મળી ૨૪ ભાંગામાં ૯૨-૮૮ બે-બે હોવાથી ૪૮, એમ ઉદય ભંગ ગુણિત ૨૮ ના ઉદયસ્થાનનાં સર્વ મળી ૪૬૮૦ સત્તાસ્થાનો થાય છે.

૨૯ ના વિકલેન્દ્રિયના ૧૨, સા. પં. તિ. ના ૧૧૫૨ સા. મ. ના ૫૭૬ એમ ૧૭૪૦માં ૯૨ આદિ ચારે હોવાથી સત્તરસો ચાળીશને ચારે ગુણતાં ૬૯૬૦, વૈ. તિ. તથા વૈ. મ. ના ૨૪ ભાંગામાં ૯૨-૮૮ બે બે હોવાથી ૪૮, એમ કુલ ૨૯ નાં ૭૦૦૮ સત્તાસ્થાનો,

૩૦ ના ઉદયે વિકલેન્દ્રિયના ૧૮, સા. પં.તિ ના ૧૭૨૮ સા.મ. ના ૧૧૫૨ એમ ૨૮૯૮માં ૯૨ આદિ ચાર-ચાર હોવાથી ૨૮૯૮ ને ચારે ગુણતાં ૧૧૫૯૨ (અગિયાર હજાર પાંચસો ને બાણું) અને વૈ. તિ. ના આઠ ભાંગામાં ૯૨-૮૮ બે-બે હોય છે. માટે ૧૬, સર્વ મળી ૩૦ ના ઉદયભંગગુણિત સત્તાસ્થાનો ૧૧૬૦૮ થાય છે.

૩૧ ના વિકલેન્દ્રિયના ૧૨, પં. તિ.ના ૧૧૫૨ આ અગિયારસો ચોસઠ ભાંગામાં ચારે સત્તાસ્થાનો હોવાથી ૧૧૬૪ ને ચારે ગુણતાં ૪૬૫૬.

આ રીતે નવે ઉદયસ્થાનના ઉદયભંગ ગુણિત કુલ સત્તાસ્થાનો (૩૦૯૭૨) ત્રીશ હજાર નવસો બહોંતેર થાય છે.

અપર્યાપ્ત એકેન્દ્રિય પ્રાયોગ્ય ૨૩ નો બંધ ચાર પ્રકારે થતો હોવાથી ઉપરોક્ત સત્તાસ્થાનોને ચારે ગુણતાં બંધભંગ-યુક્ત ઉદય ભંગ ગુણિત સર્વ સત્તાસ્થાનો ૧૨૩૮૮૮ થાય છે.

૨૫નું બંધસ્થાન પર્યાપ્ત એકેન્દ્રિય, અપર્યાપ્ત વિકલેન્દ્રિય, પંચેન્દ્રિય-તિર્યંચ અને મનુષ્ય પ્રાયોગ્ય છે. અને તેના બંધક મિથ્યાદષ્ટી સઘળા તિર્યંચો અને મનુષ્યો હોઇ શકે છે. તેમજ બાદર પર્યાપ્ત પ્રત્યેક એકેન્દ્રિય પ્રાયોગ્ય ૨૫ ના બાંધનાર ઇશાન સુધીના દેવો પણ છે.

૨૩ ના બંધની જેમ અહીં પણ ૨૧ આદિ નવ ઉદયસ્થાનો હોય છે. પરંતુ દેવો પણ ૨૫નો બંધ કરતા હોવાથી ૨૩ના બંધમાં બતાવેલ ઉદય ભાંગાઓથી દેવોના ૧૪

ચોસઠ ભાંગા અધિક હોવાથી કુલ ઉદયભાંગા ૭૭૬૮, અને ૨૩ ના બંધમાં ઉદય વાર જ્યાં જેટલા-જેટલા ઉદયભાંગા હોય છે. તેમાં દેવોમાં ઘટતાં ૨૧ આદિ છએ ઉદયસ્થાનોમાં અનુક્રમે આઠ, આઠ, આઠ, સોળ, સોળ અને આઠ ભાંગા અધિક હોય છે.

અહીં સત્તાસ્થાનો પણ ૨૩ ના બંધની જેમ સામાન્યથી પાંચ, ઉદયસ્થાન ગુણિત ૪૦ અને ઉદયભંગ ગુણિત ૩૦૯૭૨ હોય છે. પરંતુ દેવોના ૧૪ ભાંગામાં ૯૨-૮૮ આ બે-બે સત્તાસ્થાનો હોવાથી ઉપરના સત્તાસ્થાનોમાં ૧૨૮ સત્તાસ્થાનો ઉમેરવાથી ૩૧૧૦૦ સત્તાસ્થાનો થાય છે.

૨૧ આદિ દરેક ઉદય સ્થાનમાં પણ ઉદયભંગ ગુણિત સત્તાસ્થાનો ૨૩ ના બંધની જેમ હોય છે. પરંતુ દેવતાઓના ૨૧ આદિ છએ ઉદયસ્થાનમાં ૨૩ ના બંધમાં બતાવેલ જે ઉદયભંગ ગુણિત સત્તાસ્થાનો છે. તેમાં અનુક્રમે ૧૬-૧૬-૧૬-૩૨-૩૨ અને ૧૬ અધિક ઉમેરી કુલ સત્તાસ્થાનો પોતાની મેળે જ જાણવાં.

બાદર પર્યાપ્ત પ્રત્યેક એકેન્દ્રિય પ્રાયોગ્ય ૨૫ પ્રકૃતિ બાંધતાં ૩૧૧૦૦ એકત્રીશ હજાર એકસો સત્તાસ્થાનો ઘટે છે. અને તેના બંધ ભાંગા આઠ હોવાથી આઠને ૩૧૧૦૦ એ ગુણતાં કુલ ૨૪૮૮૦૦, અપર્યાપ્તા મનુષ્ય પ્રાયોગ્ય એક ભાંગા વિના શેષ સોળ ભાંગાઓને બાંધનારા દેવો ન હોવાથી ૨૩ના બંધમાં બતાવેલ ૩૦૯૭૨ને સોળે ગુણતાં ૪૯૫૫૫૨ સત્તાસ્થાનો થાય,

અપર્યાપ્ત મનુષ્ય પ્રાયોગ્ય ૨૫નો બંધ તેઉકાય અને વાઉકાય કરતા નથી. માટે વૈ. વાઉ. માં જ ઘટતા ૨૪-૨૫ અને ૨૬ ના ઉદયસ્થાનમાં ૨૩ ના બંધમાં જે ઉદયભાંગા બતાવેલ છે તેમાંથી વૈ. વાયુ. માં ઘટતો એક-એક ભાંગો ઓછો કરવો, તેથી ૨૪ આદિ ત્રણે ઉદયસ્થાનોમાં ૧૧-૨૩ અને ૬૦૦ ઉદયભાંગાઓને બદલે અનુક્રમે દશ બાવીશ અને પાંચસો નવ્વાણું (૫૯૯) સમજવા. અને નવે ઉદયસ્થાનના મળી (૭૭૦૪) સાતહજાર સાતસો ચારના બદલે ૭૭૦૧ સાતહજાર સાતસો એક ઉદયભાંગા હોય છે.

અહીં સામાન્યથી ૭૮ વિના ૯૨ આદિ ચાર, અને ઉદયસ્થાન ગુણિત ૩૬ સત્તાસ્થાનો થાય છે. અને ઉદયભંગ વાર વિચારીએ તો ૨૧ના ઉદયભાંગા બત્રીશને ચારે ગુણતાં ૧૨૮, ૨૪ ના દશને ચારે ગુણતાં ૪૦, ૨૫ ના એકેન્દ્રિયના છ ને ચારે ગુણતાં ૨૪, અને વૈ. તિર્યંચ અને મનુષ્યના ૩૨ એમ ૫૬. ૨૬ ના પાંચસો નવ્વાણુંને ચારે ગુણતાં ૨૩૯૬ ઉદયભંગ ગુણિત સત્તાસ્થાનો હોય છે. અને સત્તાવીશ આદિ પાંચ ઉદયસ્થાનોમાં તો ૭૮ નું સત્તાસ્થાન જ ન હોવાથી જે રીતે ૨૩માં બતાવેલ છે તેજ પ્રમાણે હોય છે. માટે ૨૩ના બંધે ઉદયભંગ ગુણિત જે ૩૦૯૭૨ સત્તાસ્થાનો છે. તેમાંથી ૩૪૪ ત્રણસો ચુમ્માલીશ સત્તાસ્થાનો ૨૧ આદિ પ્રથમના ચાર ઉદયસ્થાનના ભાંગાઓમાંથી

બાદ કરતાં અહીં ૩૦૬૨૮ ત્રીશહજાર છસો અઠ્ઠાવીસ ઉદયભંગ ગુણિત સત્તાસ્થાનો થાય.

અપ. મનુ પ્રાયોગ્ય ૨૫ નો બંધ એક પ્રકારે હોવાથી બંધ ભંગ યુક્ત ઉદયભંગ ગુણિત સત્તાસ્થાનો પણ તેટલાં જ થાય.

આ રીતે ૨૫ ના બંધે બંધભંગયુક્ત ઉદયભંગગુણિત સર્વે સત્તાસ્થાનો ૭૭૪૯૮૦ થાય છે.

૨૬ નું બંધસ્થાન બાદર પર્યા. પ્રત્યેક એકે. પ્રાયોગ્ય જ છે. માટે જેમ બાદર પર્યા. પ્રત્યેક એકેન્દ્રિય પ્રાયોગ્ય ૨૫ના બંધસ્થાનમાં બતાવેલ છે તેજ પ્રમાણે નવ ઉદયસ્થાન, ૭૭૬૮ ઉદયભાંગા, સામાન્યથી સત્તાસ્થાન પાંચ, ઉદયસ્થાન ગુણિત ચાળીશ, ઉદય ભંગ ગુણિત ૩૧૧૦૦ એકત્રીશ હજાર સો, હોય છે. ૨૬ નો બંધ ૧૬ પ્રકારે હોવાથી ઉપરની સંખ્યાને સોળે ગુણતાં કુલ બંધ ભંગ યુક્ત ઉદય ભંગ ગુણિત સત્તાસ્થાનો ૪૯૭૬૦૦ હોય છે.

૨૮ નું બંધસ્થાન દેવ તથા નરક પ્રાયોગ્ય છે. ત્યાં અપ. અવસ્થામાં નરક પ્રાયોગ્ય બંધજ નથી. તેમજ મિથ્યાદૃષ્ટી વૈક્રિય મનુ૦ અને તિર્યંચ પણ કંઇક વિશુદ્ધિવાળા હોવાથી અથવા તો તેઓની વિવક્ષા કરેલ ન હોવાથી નરક પ્રાયોગ્ય ૨૮ ના બંધે વૈ. તિ. અને મનુ. ના ઉદય સ્થાનો લીધાં નથી. માટે ૩૦ અને ૩૧ આ બે ઉદયસ્થાનો જ હોય છે.

મિથ્યાત્વી અપર્યાપ્ત અવસ્થામાં દેવ પ્રાયોગ્ય બંધ કરી શકતા નથી. પરંતુ ક્ષાયિક અને ક્ષાયોપશમિક સમ્યક્ત્વી મનુષ્યો અને તિર્યંચો અપ. અવસ્થામાં પણ દેવ પ્રાયોગ્ય બંધ કરે છે. માટે દેવ પ્રાયોગ્ય ૨૮ ના બંધે ૨૧ અને ૨૫ થી ૩૧ સુધી નાં એમ આઠ ઉદયસ્થાનો હોય છે.

ત્યાં ૨૧ ના ઉદયે પર્યા. મનુ. ના આઠ, પર્યા. પં. તિ. ના ૮ એમ ૧૬ ઉદયભાંગા હોય છે.

૨૫ ના ઉદયે વૈ. તિ. ના આઠ, વૈ. મ. ના આઠ, આહારકનો એક, એમ સત્તર,
૨૬ ના પર્યા મનુ. ના ૨૮૮, પર્યા, પં. તિ. ના ૨૮૮, એમ (૫૭૬) પાંચસો છોતેર,
૨૭ના ૨૫ના ઉદય પ્રમાણે જ ૧૭,

૨૮ ના ઉદયે સામાન્ય મનુષ્યના ૫૭૬, વૈ. મ ના નવ, આહારકના બે, સામાન્ય પંચે. તિ.ના ૫૭૬, વૈ તિ. ના ૧૬ એમ ૧૧૭૯.

૨૯ ના ઉદયે સા.મ. ના ૫૭૬, વૈ. મ. નાનવ, આહારકના બે, સા. પં. તિ.ના ૧૧૫૨ વૈ. તિ. ના સોળ એમ ૧૭૫૫,

૩૦ ના ઉદયે સા. મ. ના ૧૧૫૨, વૈ. યતિનો એક, આહારકનો એક, સા. પં. તિ. ના ૧૭૨૮ અને વૈ. તિ. ના આઠ–એમ ૨૮૯૦,

૩૧ના ઉદયે પં. તિ. ના ૧૧૫૨.

એમ સર્વ મળી ૭૬૦૨ ઉદયભાંગા હોય છે.

નરક પ્રાયોગ્ય ૩૦ ના ઉદયે સા. મ. ના ૧૧૫૨ અને સા. પં. તિ. ના સ્વર સહિતના ૧૧૫૨ એમ ૨૩૦૪ અને એકત્રીશના ઉદયના પં. તિ. ના ૧૧૫૨ એમ નરક પ્રાયોગ્ય ૨૮ ના બંધે બન્ને ઉદયસ્થાનના મળી ૩૪૫૬ ઉદયભાંગા હોય છે.

દેવ પ્રાયોગ્ય બંધમાં બતાવેલ ઉદયભાંગાઓમાં આ ઉદયભાંગાઓ પણ આવી જાય છે, માટે સામાન્યથી ૨૮ ના બંધે ૭૬૦૨ ઉદયભાંગા જ હોય છે.

સામાન્યથી અહીં ૯૨-૮૯-૮૮ અને ૮૬ આ ચાર સત્તાસ્થાનો હોય છે. પણ ત્રાણુંનું સત્તાસ્થાન હોતું નથી. કારણ કે નિકાચિત જિનનામની સત્તાવાળા સમ્યગ્દષ્ટીને જિનનામનો બંધ પણ અવશ્ય હોય છે. માટે ત્રાણુંની સત્તાવાળા મનુષ્યને દેવ પ્રાયોગ્ય ૨૯ નો જ બંધ હોય છે. પરંતુ ૨૮ નો હોતો નથી.

એજ પ્રમાણે દેવ પ્રાયોગ્ય ૨૮ ના બંધે ૮૯ નું સત્તાસ્થાન પણ હોતું નથી.

કર્મગ્રંથના મતે ક્ષયોપશમ સમ્યક્ત્વ લઈ કોઈ પણ જીવ નરકમાં જતો નથી, તેથી તેમના મતે જે મનુષ્ય પહેલાં નરકાયુ બાંધી ક્ષયોપશમ સમ્યક્ત્વ પામી નિકાચિત જિનનામ-કર્મનો બંધ કરી નરકમાં જવાનો હોય તે જ્યારે નરકાભિમુખ છેલ્લી અવસ્થાનું અન્તર્મુહૂર્ત બાકી હોય ત્યારે મિથ્યાત્વે જાય, ત્યારથી નરકમાં ન જાય ત્યાં સુધી અન્તર્મુહૂર્ત કાલ પર્યન્ત ૮૯ ની સત્તાવાળો તે મનુષ્ય નરક પ્રાયોગ્ય ૨૮ નો બંધ કરે છે. માટે નરક પ્રાયોગ્ય ૨૮ ના બંધે જ ૮૯ નું સત્તાસ્થાન ઘટે છે.

ત્રાણુંના સત્તાસ્થાનમાં આહારક ચતુષ્ક અને જિનનામ એ પાંચેની સત્તા હોય છે. એવા જીવો તથાસ્વભાવે મિથ્યાત્વે તેમજ નરકગતિમાં જતા નથી. માટે નરક પ્રાયોગ્ય ૨૮ ના બંધે પણ ત્રાણુંનું સત્તાસ્થાન ઘટતું નથી.

૮૬ નું સત્તાસ્થાન વાયુકાય સિવાય વૈક્રિયશરીરીને તેમજ સમ્યગ્દષ્ટિને અપર્યાપ્ત અવસ્થામાં પણ ઘટતું નથી. માટે વૈક્રિય અને આહારકના ઉદયસ્થાનોમાં અને અપર્યાપ્તના ઉદયસ્થાનોમાં યથાસંભવ ૨૮ ના બંધે ૯૨ અને ૮૮ આ બે જ સત્તાસ્થાનો હોય છે.

તેથી દેવ પ્રાયોગ્ય ૨૮ ના બંધે ૨૧-૨૫-૨૬-૨૭-૨૮ અને ૨૯ આ છ ઉદય-સ્થાનોમાં ૯૨-૮૮ બે હોવાથી ૧૨, અને ત્રીશના ઉદયસ્થાનમાં ઉપરના બે તેમજ ૮૦ ની સત્તાવાળા એકેન્દ્રિય પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચ અથવા મનુષ્યમાં આવી સર્વ પર્યાપ્તિઓ પૂર્ણ કર્યા બાદ ૩૦ના ઉદય સ્થાનમાં વર્તતા પહેલીવાર દેવપ્રાયોગ્ય ૨૮ નો બંધ કરે ત્યારે ૮૬ નું એમ કુલ ત્રણ, એજ પ્રમાણે તિર્યંચને ૩૧ ના ઉદયમાં ૯૨-૮૮ અને ૮૬ એ ત્રણ એમ આઠે ઉદયસ્થાને મળી ઉદયસ્થાન ગુણિત ૧૮ સત્તાસ્થાનો થાય છે.

નરક પ્રાયોગ્ય ૨૮ ના બંધે સામાન્યથી ચારે સત્તાસ્થાનો હોય છે. પરંતુ ૮૯ નું સત્તાસ્થાન પહેલાં બતાવ્યા મુજબ ૩૦ ના ઉદયે મનુષ્યને જ હોય છે. અને ૮૬ નું સત્તાસ્થાન જેમ દેવપ્રાયોગ્ય ૨૮ ના બંધે ૩૦ અને ૩૧ ના ઉદયમાં ઘટે છે. તેમ અહીં પણ ઘટે છે. માટે ૩૦ ના ઉદયે ચાર, અને ૩૧ ના ઉદયે ૮૯ વિના ત્રણ, એમ નરક પ્રાયોગ્ય ૨૮ ના બંધે ઉદયસ્થાન ગુણિત સત્તાસ્થાન સાત હોય છે.

અહિં ૮૯ સિવાયનાં ૬ સત્તાસ્થાનો દેવ પ્રાયોગ્ય ૨૮ના બંધમાં ૩૦ અને ૩૧ના ઉદયમાં જે બતાવેલ છે, તેજ હોવાથી અલગ ગણવામાં આવેલ નથી, પરંતુ ૮૯નું સત્તાસ્થાન આવેલ ન હોવાથી તે એક અધિક ગણતાં બન્ને પ્રકારના ૨૮ના બંધે ઉદયસ્થાન ગુણિત સત્તાસ્થાનો ઓગણીશ થાય છે.

૨૧ ના ઉદયે ૧૬ ભાંગાઓમાં ૯૨–૮૮ એમ બે-બે સત્તાસ્થાનો હોવાથી ૧૬ ને બે એ ગુણતાં ૩૨, ૨૫ ના ઉદયે આહારકના એક ભાંગામાં ૯૨ અને શેષ ૧૬ માં બે-બે હોવાથી ૯૨-એમ ૩૩, ૨૬ ના ઉદયે ૫૭૬ ને બે એ ગુણતાં ૧૧૫૨, ૨૭ ના ઉદયે ૨૫ના ઉદયની જેમ ૩૩, ૨૮ ના ઉદયે આહારકના બે ભાંગામાં ૯૨ માટે બે, અને શેષ ૧૧૭૭માં બે-બે હોવાથી ૨૩૫૪ એમ કુલ ૨૩૫૬, ૨૯ ના ઉદયે આહારકના બે ભાંગામાં ૯૨, માટે બે અને શેષ ૧૭૫૩ ભાંગામાં બે–બે હોવાથી ૩૫૦૬ એમ કુલ ૩૫૦૮, ૩૦ ના ઉદયે આહારકના એક ભાંગામાં ૯૨ નું એક અને વૈ. તિ. ના આઠ અને વૈ.મ. નો એક તેમજ સ્વરના અનુદયવાળા. પં. તિ. ના ૫૭૬ મળી ૫૮૫ માં ૯૨–૮૮ બે-બે હોવાથી (૧૧૭૦) સ્વરના ઉદયવાળા પં. તિ. ના ૧૧૫૨, અને મ. ના ૧૧૫૨ એમ તેવીસો ચારમાં ૯૨–૮૮ અને ૮૬ આ ત્રણ ત્રણ સત્તાસ્થાનો હોવાથી કુલ ૬૯૧૨, એમ ત્રીશના ઉદયે કુલ ૮૦૮૩, ૩૧ ના ઉદયે ૧૧૫૨ ભાંગામાં ત્રણ–ત્રણ સત્તાસ્થાનો હોવાથી ૩૪૫૬. એમ ઉદયભંગ ગુણિત સર્વ મળી અઢાર હજાર છસો ત્રેપન સત્તાસ્થાનો હોય છે.

દેવ પ્રાયોગ્ય ૨૮ નો બંધ આઠ પ્રકારે હોવાથી ઉપરના સત્તાસ્થાનો ને આઠે ગુણતાં બંધભંગયુકત ઉદયભંગ ગુણિત કુલ સત્તાસ્થાનો એક લાખ ઓગણપચાસ હજાર બસો ચોવીશ થાય છે.

નરક પ્રાયોગ્ય ૨૮ ના બંધે ૩૦ ના ઉદયે મનુષ્યના ૧૧૫૨ ભાંગામાં ૯૨ આદિ ચારે સત્તાસ્થાનો ઘટતાં હોવાથી અગ્યારસો બાવનને ચારે ગુણતાં છેતાલીસો આઠ ૪૬૦૮, અને પં. તિ. ના ૧૧૫૨ ભાંગામાં ૮૯ વિના ત્રણ–ત્રણ હોવાથી અગ્યારસો બાવનને ત્રણે ગુણતાં ૩૪૫૬, એમ કુલ આઠ હજાર ચોસઠ (૮૦૬૪), અને ૩૧ના ઉદયે અગ્યારસો બાવન ભાંગામાં ત્રણ–ત્રણ હોવાથી કુલ ૩૪૫૬. એમ નરક પ્રાયોગ્ય ૨૮ ના બંધે ઉદય ભંગ ગુણિત સત્તાસ્થાનો અગ્યાર હજાર પાંચસો વીશ થાય છે.

નરક પ્રાયોગ્ય બંધ એક પ્રકારે હોવાથી બંધભંગ યુક્ત ઉદયભંગ ગુણિત સત્તાસ્થાનો પણ તેટલાં જ હોય, તે દેવ પ્રાયોગ્ય ૨૮ ના બંધમાં બતાવેલ સત્તાસ્થાનોમાં ઉમેરવાથી બન્ને પ્રકારના ૨૮ ના બંધનાં બંધભંગ યુક્ત ઉદયભંગગુણિત સર્વ સત્તાસ્થાનો એક લાખ સાઠહજાર સાતસો ચુમ્માલીશ થાય છે.

૨૯ નું બંધસ્થાન પર્યા. વિકલેન્દ્રિય, પં. તિ, મનુ., તેમજ દેવ પ્રાયોગ્ય છે. અને તેના બાંધનારા સામાન્યથી ચારે ગતિના જીવો યથાસંભવ આઠમા ગુણસ્થાનકના છઠ્ઠા ભાગ સુધીના હોય છે. માટે ૨૧ અને ૨૪થી ૩૧ સુધીનાં નવ ઉદયસ્થાનો, અને કેવળીના આઠ ભાંગા વિના શેષ ૭૭૮૩ ઉદયભાંગા હોય છે. અને સામાન્યથી ૯૩ આદિ પ્રથમનાં છ, તેમજ ૭૮નું, એમ સાત સત્તાસ્થાનો હોય છે. બાકીનાં પાંચ સત્તાસ્થાનો માત્ર ક્ષપક શ્રેણીમાં નવમા ગુણ. ના સંખ્યાતા ભાગો પછી જ ઘટતાં હોવાની અહીં સંભવતાં નથી.

ત્યાં અનેક જીવો આશ્રયી ૨૧-૨૫-અને ૨૬ એ ત્રણ ઉદયસ્થાનોમાં સાત-સાત એમ કુલ ૨૧, ૨૪ના ઉદયસ્થાનમાં પાંચ, ૨૭-૨૮-૨૯ અને ૩૦ ના ઉદયસ્થાનમાં ૭૮ વિના છ-છ માટે ૨૪ અને ૩૧ ના ઉદયે ૯૨-૮૮-૮૬ અને ૮૦ એ ચાર એમ ઉદયસ્થાન ગુણિત કુલ સત્તાસ્થાનો ચોપન હોય છે.

જો ઉદયભંગવાર વિચારીએ તો આ પ્રમાણેઃ-

૨૧ ના ઉદયે એકે. ના પાંચ, વિકલેન્દ્રિયના નવ, પં. તિ. ના નવ; આ ૨૩ ભાંગાઓમાં ૯૨-૮૮-૮૬-૮૦ અને ૭૮ આ પાંચ-પાંચ સત્તાસ્થાનો હોવાથી ૨૩ ને પાંચે ગુણતાં ૧૧૫, અપ. મનુ. ના એક ભાંગામાં ૭૮ વિના આ જ ચાર, અને પર્યા. મનુ. ના આઠ ભાંગામાં ત્રાણું (૯૩) આદિ છ હોવાથી આઠને છ એ ગુણતાં (૪૮) અડતાલીશ, નારકના એક ભાંગામાં ૯૨-૮૯ અને ૮૮ આ ત્રણ, અને દેવતાના આઠ ભાંગામાં બાણું-અઠ્ઠાસી એમ બે-બે હોવાથી સોળ, એમ કુલ એકસો છયાસી (૧૮૬),

૨૪ ના અગ્યાર ભાંગામાં ૨૩ના બંધમાં બતાવ્યા મુજબ ૨૯.

૨૫ના ઉદયે વૈ. તિ. ના આઠ અને દેવતાના આઠ, આ સોળમાં ૯૨-૮૮ બે-બે હોવાથી-૩૨, નારકના એકમાં ૯૨-૮૯ અને ૮૮ આ ત્રણ, વૈ. મ. ના આઠમાં પ્રથમનાં ચાર હોવાથી આઠ ને ચારે ગુણતાં ૩૨, આહા. ના એકમાં એક ૯૩, એમ કુલ સત્તાણું (૯૭),

૨૬ ના ઉદયે એકેન્દ્રિયના ૧૩ ભાંગામાં પહેલાંની જેમ ત્રેપન, વિકલેન્દ્રિયના ૯, પં. તિ. ના ૨૮૯, એમ ૨૯૮માં પાંચ-પાંચ હોવાથી ૨૯૮ને પાંચે ગુણતાં ચૌદસો નેવું, અપ. મનુ. ના એકમાં ૯૨-૮૮-૮૬-૮૦ એ ચાર, અને પર્યા. મનુ. ના ૨૮૮માં ૯૩ આદિ પ્રથમનાં છ-છ હોવાથી ૨૮૮ને છએ ગુણતાં સત્તરસો અઠ્ઠાવીશ, એમ કુલ બત્રીસો પંચોતેર સત્તાસ્થાન.

૨૭ ના ઉદયે એકેન્દ્રિયના છ ભાંગામાં ૯૨–૮૮–૮૬ અને ૮૦ આ ચાર-ચાર હોવાથી ચોવીશ, વૈ તિ. ના આઠ, દેવતાના આઠ, આ સોળમાં બે-બે હોવાથી ૩૨, વૈ. મ. ના ૮ માં ૯૩ આદિ પ્રથમનાં ચાર હોવાથી ૩૨, આહારકના એકમાં ૯૩ નું એક, અને નારકના એક ભાંગામાં ૯૨–૮૯ અને ૮૮ એમ ત્રણ, કુલ ૯૨.

૨૮ ના ઉદયના વિકલ. ના છ, પં. તિ. ના પાંચસો છોંતેર, આ ૫૮૨ માં ૯૨–૮૮–૮૬–૮૦ આ ચાર-ચાર હોવાથી ૫૮૨ ને ચારે ગુણતાં તેવીસો અઠ્ઠાવીસ, વૈ. તિ. ના સોળ, દેવતાના સોળ, આ ૩૨ માં બે-બે હોવાથી ચોસઠ, સા. મનુ.ના ૫૭૬ માં ૯૩ આદિ છ–છ હોવાથી ૫૭૬ ને છ એ ગુણતાં ચોત્રીસો છપ્પન, વૈ. મનુ. ના આઠમાં ૯૩ આદિ પ્રથમનાં ચાર માટે ૩૨ અને ઉદ્યોત વાળા વૈ. યતિના એકમાં ૯૩–૮૯ એમ બે, આહારકના બે ભાંગામાં ૯૩ નું એક હોવાથી બે, નારકના એક ભાંગામાં ૯૨–૮૯–૮૮ આ ત્રણ, એમ પાંચહજાર આઠસો સત્યાશી.

૨૯ ના ઉદયે વિકલ.ના બાર, પં. તિ. ના ૧૧૫૨, એમ ૧૧૬૪માં ૯૨–૮૮–૮૬ ૮૦ આ ચાર-ચાર હોવાથી ૧૧૬૪ ને ચારે ગુણતાં છેતાલીસો છપ્પન, વૈ.તિ.ના ૧૬, દેવતાના ૧૬, આ ૩૨ માં બે-બે હોવાથી ૬૪, સા. મ. ના ૫૭૬ માં ૯૩ આદિ પ્રથમનાં છ છ હોવાથી ચોત્રીસો છપ્પન, વૈ. મ. ના આઠમાં ૯૩ આદિ પ્રથમનાં ચાર માટે ૩૨, અને ઉદ્યોતવાળા વૈ. યતિના એકમાં ૯૩–૮૯ એમ બે, આહારકના બે ભાંગામાં ૯૩ નું એક, માટે બે, નારકના એકમાં ૯૨–૮૯–૮૮ એ ત્રણ, એમ સર્વમળી આઠ હજાર બસો પંદર.

૩૦ ના ઉદયે વિકલ.ના ૧૮, પં.તિ.ના સત્તરસો અઠ્ઠાવીસ, આ સત્તરસો છેંતાલીશમાં ૯૨–૮૮–૮૬–૮૦ એમ ચાર-ચાર હોવાથી છ હજાર નવસો ચોરાસી, વૈ. તિ. ના આઠ, દેવતાના આઠ, આ સોળમાં ૯૨–૮૮ બે માટે ૩૨ અને સા. મનુ. ના ૧૧૫૨ માં ૯૩ આદિ પ્રથમના છ માટે ૧૧૫૨ને છએ ગુણતાં છ હજાર નવસો બાર, ઉદ્યોત વાળા વૈ યતિના એકમાં ૯૩ અને ૮૯ બે, આહા. ના એકમાં ૯૩ નું એક, એમ કુલ તેર હજાર નવસો એકત્રીશ.

૩૧ ના ઉદયના ૧૧૬૪ ભાંગામાં ૯૨–૮૮–૮૬–૮૦ આ ચાર હોવાથી કુલ છેંતાલીસો છપ્પન.

એમ બધા મળી ઉદયભંગ ગુણિત સત્તાસ્થાનો છત્રીશ હજાર ત્રણસો બાણું થાય છે.

હવે બંધભંગયુક્ત ઉદયભંગ ગુણિત સત્તાસ્થાનોનો વિચાર કરવા માટે પહેલાં, વિકલેન્દ્રિય વગેરે ચારેના બંધ પ્રાયોગ્ય અલગ-અલગ ઉદયસ્થાન, ઉદયભાંગા, તેમજ સામાન્યથી સત્તાસ્થાનો, ઉદયસ્થાન ગુણિત અને ઉદય ભંગ ગુણિત સત્તાસ્થાનો અલગ-અલગ કરવાથી સુગમ પડે માટે તે પ્રમાણે અલગ-અલગ બતાવવામાં આવે છે.

વિકલેન્દ્રિય પ્રાયોગ્ય ૨૯ ના બંધે ૨૩ના બંધસ્થાનમાં બતાવ્યા મુજબ ૨૧ અને ૨૪ આદિ આઠ એમ નવ ઉદયસ્થાનના સાતહજાર સાતસો ચાર (૭૭૦૪) ઉદયભાંગા, સામાન્યથી સત્તાસ્થાનો પાંચ, ઉદયસ્થાન ગુણિત ૪૦ અને ઉદયભંગ ગુણિત ત્રીસહજાર નવસો બહોંતેર સત્તાસ્થાનો હોય છે. કારણકે જે જે જીવો અપર્યાપ્ત એકેન્દ્રિય પ્રાયોગ્ય ૨૩ નો બંધ કરી શકે તે સર્વ જીવો વિકલેન્દ્રિય પ્રાયોગ્ય ૨૯ નો બંધ પણ કરી શકે છે.

વિકલેન્દ્રિય પ્રાયોગ્ય બંધ ૨૪ પ્રકારે હોવાથી ત્રીશ હજાર નવસો બહોતેર (૩૦૯૭૨) ને ૨૪ વડે ગુણતાં બંધભંગ યુક્ત ઉદયભંગ ગુણિત સત્તાસ્થાનો સાત લાખ તેતાલીશ હજાર ત્રણસો અઠ્ઠાવીસ (૭૪૩૩૨૮) થાય છે.

પંતિ. પ્રાયોગ્ય ૨૯ ના બંધે પણ ૨૬ ના બંધની જેમ સંવેધ છે. કારણકે જે જે જીવો પર્યા. એકેન્દ્રિય પ્રાયોગ્ય ૨૬નો બંધ કરે છે. તે સઘળા જીવો તિર્યંચ પ્રાયોગ્ય ૨૯ નો બંધ પણ કરી શકે છે. અહીં ૨૯ નો બંધ નારકો પણ કરી શકે છે. માત્ર એટલી વિશેષતા છે.

આ બંધ કરનાર ચારે ગતિના પ્રથમના બે ગુણસ્થાન સુધીના જીવો હોય છે. તેથી ૨૬ ના બંધની જેમ નવ ઉદયસ્થાન, અને સાત હજાર સાતસો અડસઠ ઉદયભાંગા-ઓમાં નારકના પાંચ ઉદયભાંગા અહીં અધિક હોવાથી સાત હજાર સાતસો તોંતેર ઉદય-ભાંગા હોય, સત્તાસ્થાનો સામાન્યથી પાંચ, ઉદયસ્થાન ગુણિત ૪૦, અને ઉદયભંગ ગુણિત ૩૧૧૦૦ સત્તાસ્થાનો છે. તેમાં નારકના પાંચ ઉદયભાંગાઓમાં ૯૨–૮૮ બે-બે હોવાથી ૧૦ ઉમેરતાં એકત્રીશ હજાર એકસો દશ, સત્તાસ્થાનો હોય છે.

પં.તિ. પ્રાયોગ્ય ૨૯ નો બંધ ૪૬૦૮ પ્રકારે હોવાથી ૪૬૦૮ ને ઉપરની સંખ્યાએ ગુણતાં બંધભંગ યુક્ત ઉદયભંગ ગુણિત કુલ સત્તાસ્થાનો ચૌદ કોડ, છત્રીશ લાખ, પાંસઠ હજાર, નવસો એંશી થાય છે.

મનુ. પ્રાયોગ્ય ૨૯ નો બંધ પણ જે જે જીવો અપર્યાપ્ત. મનુ. પ્રાયોગ્ય ૨૫ નો બંધ કરી શકે છે. તે સઘળા જીવો પર્યા. મનુ. પ્રાયોગ્ય ૨૯ નો બંધ પણ કરી શકે છે. તદુપરાંત દેવો અને નારકો પણ ૨૯ નો બંધ કરી શકે છે, તેમજ અપ. મનુ. પ્રાયોગ્ય ૨૫ નો બંધ કેવળ મિથ્યાદષ્ટી મનુ. અને તિર્યંચો જ કરી શકે છે. પણ પર્યા. મનુ. પ્રાયોગ્ય ૨૯ નો બંધ ચાર ગુણસ્થાન સુધીના યથાસંભવ ચારે ગતિના જીવો કરી શકે છે, માટે અપર્યાપ્ત મનુષ્યપ્રાયોગ્ય ૨૫ના બંધે બતાવ્યા મુજબ ૨૧ આદિ નવ ઉદયસ્થાનો, અને સાત હજાર સાતસો એક (૭૭૦૧) ઉદયભાંગા બતાવેલ છે. તેમાં દેવતા ના ૬૪ અને નારકના પાંચ આ ઓગણસીત્તેર ભાંગાઓ અધિક હોવાથી કુલ ૭૭૭૦ ઉદયભાંગા હોય છે.

ત્યાં સામાન્યથી સત્તાસ્થાનો ચાર, ઉદયસ્થાન ગુણિત ૩૬, અને ઉદયભંગ ગુણિત ૩૦૬૨૮ છે, તેમાં નારકના ઉદયસ્થાનો આશ્રયી એક નેવાસીનું સત્તાસ્થાન અધિક હોવાથી સામાન્યથી ચારને બદલે પાંચ, અને નારકના પાંચે ઉદયસ્થાનમાં નેવાસીનું સત્તસ્થાન અધિક હોવાથી ઉદયસ્થાન ગુણિત છત્રીશને બદલે એકતાલીશ અને દેવતાના ૬૪ ભાંગાઓમાં ૯૨–૮૮એ બે–બે સત્તાસ્થાન હોવાથી દેવો આશ્રયી ૧૨૮, અને નરકના પાંચ ભાંગાઓમાં ૯૨–૮૯–૮૮ આ ત્રણ–ત્રણ હોવાથી ૧૫, એમ ૧૪૩ સત્તાસ્થાનો અધિક થતાં હોવાથી પૂર્વે બતાવેલ ત્રીશ હજાર છસો અઠ્ઠાવીસમાં તે ઉમેરતાં ત્રીશ હજાર સાતસો એકોતેર ઉદયભંગ ગુણિત સત્તાસ્થાનો હોય છે.

કયા કયા ઉદયસ્થાને કેટલા ઉદયભાંગા, અને કયા ઉદયસ્થાનમાં તેમજ કયા કયા ઉદયભાંગાઓમાં કેટલાં સત્તાસ્થાનો અધિક છે. તે સુગમ છે. તેથી વિસ્તારના ભયથી અહીં ફરીથી બતાવવામાં આવેલ નથી.

આ મનુ. પ્રાયોગ્ય ૨૯ નો બંધ પણ છેંતાલીશો આઠ પ્રકારે હોવાથી ઉપરના સત્તાસ્થાનોને છેંતાલીશો આઠે ગુણતાં બંધભંગ યુક્ત ઉદયભંગ ગુણિત સત્તાસ્થાનો ચૌદ ક્રોડ એકવીશલાખ ચારસો અઠ્ઠોતેર થાય છે.

જિનનામ સહિત દેવ પ્રાયોગ્ય ૨૯ નો બંધ યથાસંભવ ચોથાથી આઠમા ગુણસ્થાનકના છઠ્ઠા ભાગ સુધીના માત્ર મનુષ્યોજ કરે છે. તેથી સામાન્ય મનુષ્ય, વૈક્રિય મનુષ્ય અને આહારક મનુષ્ય આશ્રયી ૨૧ અને ૨૫ થી ૩૦ સુધીનાં એમ સાત ઉદયસ્થાનો હોય છે. અને મનુષ્યગતિના જે છવ્વીસો બાવન ઉદયભાંગા છે. તેમાંથી કેવળીના આઠ અને બે લબ્ધિ અપ. ના આ ૧૦ વિના શેષ છવ્વીસો બેંતાલીશ (૨૬૪૨) ઉદયભાંગા હોય છે. અહીં સામાન્યથી સત્તાસ્થાન ૯૩–૮૯ આ બે અને ૨૧ આદિ સાતે ઉદયસ્થાને બન્ને સત્તાસ્થાનો હોવાથી ઉદયસ્થાન ગુણિત ૧૪ સત્તાસ્થાનો હોય છે.

ઉદયભંગ વાર આ પ્રમાણે છે:–

૨૧ ના ઉદયે પર્યાપ્તના આઠે ભાંગામાં બે–બે માટે ૧૬, ૨૫ ના ઉદયે વૈ. મનુ. ના આઠમાં એજ પ્રમાણે સોળ, આહા. ના એકમાં ૯૩ નું એક, એમ ૧૭, ૨૬ ના પર્યા. ના ૨૮૮ માં બે–બે હોવાથી પાંચસો છોંતેર, ૨૭ ના ઉદયે ૨૫ ની જેમ સત્તર, ૨૮ ના ઉદયે સા. મનુ. ના ૫૭૬, વૈ. મનુ.ના નવ, એમ ૫૮૫ માં બે–બે હોવાથી કુલ અગિયારસો સિત્તેર, અને આહા. ના બે માં ૯૩ નું એક–એક એમ સર્વમળી ૧૧૭૨, ૨૯ ના ઉદયે પણ આજ પ્રમાણે ૧૧૭૨, ૩૦ ના ઉદયે સા. મનુ. ના અગિયારસો બાવન વૈ. યતિનો એક મળી અગિયારસો ત્રેપનમાં બે–બે માટે તેવીસો છ અને આહા. ના. એકમાં ૯૩ નું એક, કુલ તેવીસો સાત (૨૩૦૭) એમ સાતે ઉદયસ્થાને મળી ઉદયભંગ ગુણિત સત્તાસ્થાનો બાવનસો સત્યોતેર થાય છે.

જિનનામ સહિત ૨૯ નો બંધ આઠ પ્રકારે હોવાથી ઉપરની સંખ્યાને આઠે ગુણતાં કુલ બંધ ભંગ યુકત ઉદયભંગ ગુણિત સત્તાસ્થાનો બેંતાલીશ હજાર બસો સોળ (૪૨૨૧૬) થાય છે.

એમ વિકલેન્દ્રિયાદિક ચારે પ્રકારના ૨૯ ના બંધસ્થાનના બંધ ભંગયુકત ઉદયભંગ ગુણિત સર્વે સત્તાસ્થાનો અઠ્ઠાવીસ ક્રોડ પાંસઠ લાખ બાવન હજાર બે થાય છે.

૨૯ ની જેમ ૩૦ નો બંધ પણ પર્યા. વિકલેન્દ્રિયાદિ ચારે પ્રકારના જીવો પ્રાયોગ્ય હોય છે. અને અહીં પણ સામાન્યથી ૨૧ અને ૨૪ થી ૩૧ પર્યંતનાં કુલ નવ ઉદય-સ્થાનો હોય છે મનુષ્યગતિમાં ઉત્તર વ. શરીરમાં ઉદ્યોતનો ઉદય યતિને જ હોય છે. તેમજ આહારક શરીર પણ યતિઓજ બનાવે છે. અને તેઓ માત્ર દેવ પ્રાયોગ્ય જ બંધ કરે છે. વળી આહારકદ્વિક સહિત દેવ પ્રાયોગ્ય ૩૦ નો બંધ અપ્રમત્ત અને અપૂર્વકરણ ગુણસ્થાનકે જ હોય છે. અને આહારક શરીર તેમજ વૈક્રિય શરીર છઠ્ઠે ગુણસ્થાનકે જ બનાવે છે. માટે આહારકના સાત, અને ઉદ્યોતવાળા વૈ. યતિના ત્રણ, આ દશ અને કેવળીના આઠ એમ અઢાર વિના શેષ ૭૭૭૩ ઉદયભાંગાઓ હોય છે.

કોઇક જીવો વૈક્રિય અને આહારક શરીર બનાવી સાતમે પણ જાય છે. કારણકે સાતમે ગુણસ્થાનકે વૈક્રિય, આહારક અને ઔદારિક કાયયોગ, ચાર મનના અને ચાર વચનના એમ અગિયાર યોગ બતાવવામાં આવેલ છે. પરંતુ તેવા જીવો કયારેક જ અને કોઇક જ હોય છે. માટે તેની વિવક્ષા કરેલ લાગતી નથી.

વૈક્રિય અને આહારકશરીર બનાવી સાતમે ગુણસ્થાનકે જાય છે, ત્યારે તેઓને આહારકદ્વિક બંધાય તેવા વિશુદ્ધ સંયમસ્થાનો પ્રાપ્ત થતાં નથી, પંચસંગ્રહના તૃતીયદ્વારની ગાથા (૫૫) પંચાવન અને તેની ટીકામાં આહારકદ્વિકનો ઉદય ન હોય ત્યારે જ આહારકદ્વિકનો બંધ હોય છે. એમ સ્વાનુદયબંધી કહેલ છે. અને તેથી જ સિત્તરિ ચૂર્ણિમાં દેવપ્રાયોગ્ય ૩૦ ના બંધે અને સપ્તતિકાની મૂળ ગાથામાં પણ ૩૧ ના બંધે ૩૦ નું એક જ ઉદયસ્થાન બતાવેલ છે.

પરંતુ છઠ્ઠા કર્મગ્રંથની તેમજ આ ગ્રંથની ટીકા વગેરેમાં બતાવેલ છે કે જે જીવોને આહા. દ્વિકની સત્તા હોય, તે જીવો સાતમે-આઠમે ગુણસ્થાનકે આહારકદ્વિક અવશ્ય બાંધે છે. તેથી આહારકદ્વિક બાબતમાં બે મતો સંભવે છે. અને જ્યારે આહારક શરીરી સાતમે જાય ત્યારે તો તેને આહારકનો સાક્ષાત્ ઉદય હોવાથી સત્તા હોય જ છે. માટે ૩૦ અને ૩૧ ના બંધે આહા. શરીરી આશ્રયી આ મતે સ્વર સહિત ૨૯ અને ઉદ્યોત સહિત ૩૦ તેમજ સ્વભાવસ્થ મુનિને ૩૦ એમ બે ઉદયસ્થાનો બતાવેલ છે. તેથી ૨૯ ના ઉદયનો સ્વર સહિતનો એક અને ૩૦ના ઉદયનો ઉદ્યોત સહિતનો એક એમ

આહારકના બે ભાંગા ૩૦ ના બંધે ઘટે, પણ શેષ પાંચ ન ઘટે. તેથી આ અપેક્ષાએ સાત હજાર સાતસો પંચોતેર (૭૭૭૫) ઉદયભાંગા હોય છે.

ઉદયસ્થાન વાર વિચારીએ તો ૨૧ ના ઉદયે તીર્થંકરના એક વિના એકતાલીશ (૪૧) ૨૪ ના અગિયાર, ૨૫ના આહા. ના એક વિના ૩૨, ૨૬ ના ૬૦૦, ૨૭ના તીર્થંકર અને આહા. નો એક-એક એ બે વિના ૩૧, ૨૮ ના આહા. ના બે અને ઉદ્યોતવાળો વૈ. યતિનો એક, આ ત્રણ સિવાય અગિયારસો નવ્વાણું, ૨૯ના ઉપરના ત્રણ અને તીર્થંકરનો એક આ ચાર વિના સત્તરસો એકયાશી, ૩૦ના આહા. નો એક, વૈ. યતિનો એક અને તીર્થંકરનો એક આ ત્રણ વિના ઓગણત્રીસો ચૌદ, અને ૩૧ ના ઉદયે તીર્થંકરના એક વિના (૧૧૬૪) અગિયારસો ચોસઠ, એમ નવે ઉદયસ્થાનના મળી પ્રથમ મતે સાત હજાર સાતસો તોંતેર (૭૭૭૩) અને બીજા મતે ૨૯ તથા ૩૦ ના ઉદયનો આહા. નો એક-એક ભાંગો આ બે ભાંગા અધિક ગણીએ તો સાત હજાર સાતસો પંચોતેર (૭૭૭૫) ઉદયભાંગા હોય છે.

સામાન્યથી અહીં પણ માત્ર ક્ષપકશ્રેણીમાં ૧૩ પ્રકૃતિના ક્ષય પછી જ ઘટે તેવાં પાંચ સત્તાસ્થાનો વર્જી ૯૩ આદિ પ્રથમનાં છ અને ૭૮ એમ સાત સત્તાસ્થાનો હોય છે. ત્યાં ૨૧ અને ૨૫ના ઉદયસ્થાને સાત-સાત માટે ૧૪, ૨૪ અને ૨૬ ના ઉદય સ્થાનમાં ૯૩-૮૯ વિના પાંચ-પાંચ માટે દશ, ૨૭-૨૮-૨૯ અને ૩૦ ના ઉદયે ૭૮ વિના છ-છ માટે ૨૪, અને ૩૧ ના ઉદયે ૯૨-૮૮-૮૬-૮૦ આ ચાર એમ ઉદયસ્થાન ગુણિત સત્તાસ્થાનો બાવન (૫૨) હોય છે.

જો ઉદયભંગવાર વિચારીએ તો આ પ્રમાણે છે. ૨૧ ના ઉદયે એકે. ના પાંચ, વિકલેન્દ્રિયના નવ, પં. તિ.ના નવ, આ ૨૩ માં ૯૩-૮૯ વિના પાંચ-પાંચ માટે ૨૩ ને પાંચે ગુણતાં એકસો પંદર, સામાન્ય મનુષ્યના નવમાં ૭૮ વિના આ જ ચાર માટે નવ ને ચારે ગુણતાં ૩૬, દેવતાના આઠમાં ૯૩ આદિ પ્રથમનાં ચાર માટે ૮ × ૪ = ૩૨, અને નારકના એકમાં ૯૩ વિના પ્રથમનાં ત્રણ એમ સર્વ મળી ૧૮૬.

૨૪ ના ઉદયે ૨૩ના બંધમાં બતાવ્યા પ્રમાણે ત્રેપન,

૨૫ના ઉદયે એકે. ના સાતમાં પહેલાંની જેમ ૨૯, વૈ. તિ.ના આઠ, વૈ. મ. ના આઠ આ સોળમાં ૯૨-૮૮ બે-બે, તેથી બત્રીશ, દેવતાના આઠમાં પ્રથમનાં ચાર માટે ૩૨, અને નારકના એકમાં ૯૩ વિના ત્રણ, માટે સર્વમળી ૯૬ છન્નું,

૨૬ ના ઉદયે ૨૩ ના બંધમાં બતાવ્યા મુજબ છવ્વીસો નવ્વાણું,

૨૭ ના ઉદયે એકેન્દ્રિયના છમાં ૯૨-૮૮-૮૬ અને ૮૦ આ ચાર માટે ૨૪, વૈ. તિર્યંચના આઠ અને વૈ. મનુ. ના આઠ, આ સોળમાં ૯૨-૮૮, બે માટે ૩૨, દેવતાના આઠમાં પ્રથમના ચાર માટે ૩૨, નારકના એકમાં ૯૩ વિના ત્રણ, કુલ એકાણું. ૯૧.

૨૮ ના ઉદયે વિકલેન્દ્રિયના ૭, સામાન્ય તિર્યંચના ૫૭૬, સામાન્ય મનુષ્યના ૫૭૬, એમ ૧૧૫૮માં ૯૨-૮૮-૮૬-૮૦ આ ચાર-ચાર હોવાથી અગિયારસો અઠ્ઠાવનને ચારે ગુણતાં છેંતાલીસો બત્રીસ. વૈ. તિર્યંચના સોળ, વૈ. મનુ. ના આઠ આ ૨૪ માં ૯૨-૮૮ બે-બે માટે ૪૮, અને દેવતાના સોળમાં ૯૩ આદિ પ્રથમનાં ચાર માટે ૬૪, નારકના એકમાં ૯૩ વિના ત્રણ, કુલ સુડતાલીસો સુડતાલીશ.

૨૯ ના ઉદયે વિકલેન્દ્રિયના ૧૨, સામા. તિર્યંચના ૧૧૫૨, સામા. મનુ. ના ૫૭૬, એમ ૧૭૪૦ ભાંગામાં ૯૨-૮૮-૮૬-૮૦ એમ ચાર ચાર હોવાથી ૧૭૪૦ ને ચારે ગુણતાં છ હજાર નવસો સાઠ, વૈ. તિ. ના સોળ, વૈ. મનુ ના આઠ આ ૨૪ માં ૯૨-૮૮ બે-બે માટે ૪૮, દેવતાના સોળમાં પ્રથમના ચાર માટે ચોસઠ (૬૪) અને નારકના એકમાં ૯૩ વિના પ્રથમનાં ત્રણ, કુલ સાત હજાર પંચોતેર.

૩૦ ના ઉદયે વિકલેન્દ્રિયના ૧૮, સા. તિ.ના ૧૭૨૮, સામાન્ય મનુષ્યના ૧૧૫૨, એમ કુલ ૨૮૯૮ ભાંગામાં ૯૨-૮૮-૮૬-૮૦ આ ચાર-ચાર હોવાથી ૨૮૯૮ ને ચારે ગુણતાં અગિયાર હજાર પાંચસો બાણું. વૈ. તિ. ના આઠમાં ૯૨-૮૮ બે-બે માટે સોળ, દેવતાના આઠમાં પ્રથમનાં ચાર-ચાર હોવાથી ૩૨. એમ કુલ અગિયાર હજાર છસો ચાળીસ,

૩૧ ના ઉદયે અગિયારસો ચોસઠ ભાંગાઓમાં ૯૨-૮૮ ૮૬-૮૦ એમ ચાર-ચાર હોવાથી અગિયારસો ચોસઠને ચારે ગુણતાં છેંતાલીશો છપ્પન.

એમ સર્વે મળી ઉદયભંગ ગુણિત સત્તાસ્થાનો એકત્રીસ હજાર બસો તેંતાલીશ થાય, અને મતાંતરે ૨૯ અને ૩૦ ના ઉદયે આહા. નો એક-એક ભાંગો બતાવેલ છે. તેમાં ૯૨ નું એક જ સત્તાસ્થાન હોય, માટે આ બે ઉદયસ્થાનમાં પૂર્વે બતાવેલ સત્તાસ્થાનોમાં એક-એક વધારે અને સર્વ સત્તાસ્થાનોમાં બે વધારે સમજવાં.

જે જીવો વિકલેન્દ્રિય પ્રાયોગ્ય અને પં. તિ. પ્રાયોગ્ય ૨૯ નો બંધ કરે છે તે સઘળા જીવો ઉદ્યોત સહિત ૩૦ નો પણ બંધ કરે છે. અને બંધ ભાંગા પણ વિકલેન્દ્રિયના કુલ ૨૪ અને પં. તિ. ના ૪૬૦૮ હોય છે. માટે જેમ ૨૯ના બંધમાં વિકલેન્દ્રિય અને પંચે. તિર્યંચ પ્રાયોગ્ય બંધમાં બતાવેલ છે તેજ પ્રમાણે ૩૦ ના બંધમાં પણ ઉદયસ્થાનો, ઉદયભાંગા, સામાન્યથી સત્તાસ્થાનો, ઉદયસ્થાન ગુણિત, ઉદયભંગ ગુણિત અને બંધ ભંગ યુક્ત ઉદયભંગ ગુણિત સત્તાસ્થાનો હોય છે. માટે ફરીથી બતાવેલ નથી.

જિનનામ સહિત મનુષ્ય પ્રાયોગ્ય ૩૦ નો બંધ માત્ર સમ્યક્ત્વી દેવો તથા નારકો જ કરે છે. તેથી જિનનામ સહિત મનુષ્ય પ્રાયોગ્ય ૩૦ ના બંધે દેવો અને નારકોને સંભવતાં ૨૧-૨૫-૨૭-૨૮-૨૯ અને ૩૦ આ છ ઉદયસ્થાનો હોય છે. ત્યાં ૨૧ ના ઉદયે દેવતાના આઠ, અને નારકનો એક એમ, નવ, ૨૫ અને ૨૭ના પણ એજ પ્રમાણે

નવ–નવ, ૨૮ ના ઉદયે દેવતાના સોળ, નારકનો એક, એમ સત્તર, ૨૯ ના પણ એજ સત્તર, ૩૦ ના ઉદયે દેવતાના આઠ, એમ છએ ઉદયસ્થાને મળી ઓગણસિત્તેર (૬૯) ઉદયભાંગા હોય છે.

અહીં સામાન્યથી સત્તાસ્થાનો ૯૩ અને ૮૯ એમ બે હોય છે. પરંતુ નારકને ૮૯નું એક જ હોય છે. માટે દેવતાના દરેક ઉદયભાંગામાં બે–બે અને નારકના ઉદય-ભાંગામાં સર્વત્ર ૮૯નું એક–એક જ હોય છે.

છ એ ઉદયસ્થાનમાં આ બે–બે સત્તાસ્થાનો હોવાથી ઉદયસ્થાન ગુણિત બાર, અને ઉદયભંગવાર વિચારીએ તો ૨૧ ના ઉદયે દેવતાના આઠમાં બે–બે માટે સોળ, નારકના એકમાં ૮૯નું એક, એમ સત્તર. એમ ૨૫ ના ઉદયનાં સત્તર, ૨૭ ના સત્તર, ૨૮ના ૩૩, ૨૯ ના ૩૩, અને ૩૦ નાં સોળ એમ ઉદયભંગ ગુણિત કુલ સત્તાસ્થાનો એકસો તેત્રીશ, અને જિનનામ સહિત મનુષ્ય પ્રાયોગ્ય ૩૦ નો બંધ આઠ પ્રકારે હોવાથી એકસો તેત્રીશને આઠે ગુણતાં બંધભંગ યુક્ત ઉદયભંગ ગુણિત સર્વ સત્તાસ્થાનો એક હજાર ચોસઠ થાય છે.

આહા. દ્વિક સહિત દેવ પ્રાયોગ્ય ૩૦ નો બંધ સાતમા અને આઠમા ગુણસ્થાનક વાળા યતિઓને જ હોય છે. અને અહીં પહેલા મત પ્રમાણે આહા. અને વૈક્રિયના ઉદય-સ્થાનોનો સંભવ નથી. માટે સ્વભાવસ્થ મનુષ્ય આશ્રયી ૩૦ નું એક જ ઉદયસ્થાન હોય છે.

મુનિઓને છ સંઘયણ, છ સંસ્થાન, બે વિહાયોગતિ અને બે સ્વર સિવાયની કોઈપણ પરાવર્તમાન અશુભપ્રકૃતિઓનો ઉદય હોતો નથી, તેથી છ સંઘયણને છ સંસ્થાને ગુણતાં ૩૬, તેને બે વિહાયોગતિએ ગુણતાં ૭૨, અને તેને બે સ્વરે ગુણતાં એકસો ચુમ્માલીશ ઉદયભાંગા હોય છે.

અહીં સત્તાસ્થાન ૯૨ નું એક જ હોય છે. કારણ કે જો સમ્યદૃષ્ટીને જિનનામની સત્તા હોય તો જિનનામ બંધમાં પણ અવશ્ય હોય, અને જો જિનનામનો બંધ હોય તો બંધસ્થાન ૩૦ ના બદલે ૩૧ નું થાય.

દરેક ઉદયભાંગે પણ ૯૨ નું એક જ સત્તાસ્થાન હોય છે, માટે ઉદયભંગગુણિત કુલ ૧૪૪ અને પહેલાં બતાવ્યા મુજબ આહારક શરીરીના ૨૯ ના અને ૩૦ના બે ભાંગા અધિક ગણીએ તો કુલ ઉદયભંગ અને ઉદયભંગ ગુણિત સત્તાસ્થાનો ૧૪૪ ને બદલે ૧૪૬ સમજવાં.

આહા. દ્વિક સહિત ૩૦ નો બંધ એક જ પ્રકારે હોવાથી બંધભંગ યુક્ત ઉદયભંગ ગુણિત સત્તાસ્થાનો પણ ૧૪૪ અથવા ૧૪૬ જ હોય છે.

એમ ચારે પ્રકારના ૩૦ ના બંધસ્થાન આશ્રયી કુલ બંધભંગ યુક્ત ઉદયભંગ ગુણિત સત્તાસ્થાનો પહેલા મતે ચૌદ ક્રોડ ચુમ્માલીશ લાખ દશ હજાર પાંચસોને સોળ અને બીજા મતે ચૌદ ક્રોડ ચુમ્માલીશ લાખ દશ હજાર પાંચસોને અઢાર હોય છે.

આહા. દ્વિક અને જિનનામ સહિત દેવ પ્રાયોગ્ય ૩૧ના બંધે પણ જેમ દેવ પ્રાયોગ્ય ૩૦ના બંધે બતાવેલ છે. તેજ પ્રમાણે પ્રથમ મતે ૩૦નું એક ઉદયસ્થાન, ૧૪૪ ઉદયભાંગા અને ૯૩ નું એક સત્તાસ્થાન. ઉદયભંગ ગુણિત અને બંધભંગ યુક્ત ઉદયભંગ ગુણિત સત્તાસ્થાનો એકસો ચુમ્માલીશ, અને બીજા મતે ૨૯ અને ૩૦ એમ બે ઉદયસ્થાન, ૧૪૬ ઉદયભાંગા, સત્તાસ્થાન સામાન્યથી ૯૩ નું એક, ઉદયભંગ ગુણિત તેમજ બંધભંગ યુક્ત ઉદયભંગ ગુણિત સત્તાસ્થાનો એકસો છેંતાલીશ હોય છે.

એકનો બંધ આઠમાના સાતમા ભાગથી દશમા ગુણસ્થાનક સુધી હોય છે. અને ત્યાં સ્વભાવસ્થ મુનિને ૩૦ નું એક જ ઉદયસ્થાન હોય છે. ઉપશમશ્રેણી પ્રથમના ત્રણ સંઘયણવાળા અને ક્ષપકશ્રેણી પ્રથમ સંઘયણવાળા જ કરી શકે છે. માટે અહીં એક-એક સંઘયણના ઉદયના છ સંસ્થાન, બે વિહાયોગતિ અને બે સ્વર સાથે ગુણતાં ૨૪-૨૪ ઉદયભાંગા થાય છે. માટે ત્રણે સંઘયણ આશ્રયી ૭૨ ઉદયભાંગા હોય છે.

સત્તાસ્થાન પ્રથમનાં ચાર અને બીજાં ચાર એમ આઠ હોય છે. ત્યાં ઉપશમશ્રેણીમાં દશમા ગુણસ્થાનક સુધી અને ક્ષપકશ્રેણીમાં નવમા ગુણસ્થાનકે તેર પ્રકૃતિનો ક્ષય ન થાય ત્યાં સુધી પ્રથમનાં ચાર અને તેર પ્રકૃતિઓનો ક્ષય થયા પછી દશમા ગુણસ્થાનક સુધી બીજાં ચાર સત્તાસ્થાનો હોય છે.

હવે ઉદયભંગ આશ્રયી વિચારીએ તો બીજા અને ત્રીજા સંઘયણના ઉદયવાળા ૪૮ ભાંગાઓમાં પ્રથમનાં ચાર-ચાર માટે એકસો બાણું, અને ક્ષપકશ્રેણીમાં પ્રથમ સંઘયણનોજ ઉદય હોય છે. તેથી સર્વ શુભપ્રકૃતિના ઉદયવાળા એક ભાંગામાં નવમા ગુણસ્થાનકે તેર પ્રકૃતિનો ક્ષય ન થાય ત્યાં સુધી તીર્થંકર અને અતીર્થંકર કેવળી ભગવંતને આશ્રયી પ્રથમનાં ચાર અને તેર પ્રકૃતિઓના ક્ષય પછી બીજાં ચાર એમ આઠ અને તે સિવાયના ૨૩ ભાંગાઓ સામાન્ય કેવળીની અપેક્ષાએ જ હોય છે. તેથી તે ૨૩ માં નવમા ગુણસ્થાનકે ૧૩ પ્રકૃતિનો ક્ષય ન થાય ત્યાં સુધી ૯૨-૮૮ અને ૧૩ પ્રકૃતિનો ક્ષય થયા બાદ ૭૯-૭૫, આ ચાર સત્તાસ્થાનો હોય છે. પરંતુ તીર્થંકર થવાના ભવથી પહેલાં ત્રીજા ભવમાં મનુષ્ય જિનનામ નિકાચિત કરી ઉપશમ શ્રેણી પણ કરી શકે છે. તેથી તે ત્રીજા ભવની અપેક્ષાએ ૯૩ અને ૮૯ આ બે સત્તાસ્થાનો અધિક ઘટે છે. માટે આ ૨૩ ભાંગાઓમાં ૯૩-૮૯-૯૨-૮૮-૭૯ અને ૭૫ એમ ૬-૬ સત્તાસ્થાન હોવાથી ૧૩૮ સત્તાસ્થાનો, એમ ઉદયભંગ ગુણિત કુલ સત્તાસ્થાનો (૩૩૮) ત્રણસો આડત્રીશ થાય છે.

બંધના અભાવે પ્રથમ તીર્થંકર અને અતીર્થંકર કેવળી પરમાત્માને આશ્રયી ૨૪ અને ૨૫ વિના ૨૦ આદિ દશ ઉદયસ્થાનો, અને ૬૨ ઉદયભાંગા બતાવેલ છે. ત્યાં કેવળી આશ્રયી ૩૦ ના ઉદયે તીર્થંકરનો એક, અને સામાન્ય કેવળીના પ્રથમ સંઘયણના ઉદયવાળા ૨૪ એમ ૨૫ ભાંગા બતાવેલ છે. પરંતુ બંધના અભાવે ઉપશમ શ્રેણીમાં અગિયારમા ગુણસ્થાનકે ત્રણ સંઘયણનો ઉદય હોવાથી સ્વભાવસ્થ ૩૦ ના ઉદયના ૨૪ ના બદલે (૭૨) બહોંતેર અને તીર્થંકર કેવળીનો એક એમ તોંતેર અને દશે ઉદયસ્થાને મળી (૬૨) બાસઠ ને બદલે એકસોદશ (૧૧૦) ઉદયભાંગા હોય છે.

૮૬ અને ૭૮ વિના સામાન્યથી ૧૦ સત્તાસ્થાનો હોય છે. ત્યાં ૨૦–૨૬ અને ૨૮ આ ૩ ઉદયસ્થાનોમાં ૭૯-૭૫ એમ બે-બે, માટે ૬, ૨૧–૨૭ અને ૩૧ ના ઉદયે ૮૦ અને ૭૬ એમ બે-બે તેથી ૬, ૨૯ ના ઉદયે ૮૦ આદિ ૪ અને ૩૦ ના ઉદયે પણ ૮૦ આદિ ૪ તેમજ ૧૧ મા ગુણસ્થાનક આશ્રયી પ્રથમનાં ૪ એમ ૮, ૯ ના ઉદયે ૭૯–૭૫ અને ૮ આ ૩ તેમજ ૯ ના ઉદયે ૮૦–૭૬ અને ૯ આ ૩ એમ ઉદયસ્થાન ગુણિત કુલ સત્તાસ્થાનો ૩૦ થાય છે.

ઉદય ભંગવાર આ પ્રમાણે :—

૨૦ ના ઉદયના ભાંગા ૧ માં ૭૯ અને ૭૫, અને ૨૬ ના ૬ ભાંગામાં પણ આજ બે માટે ૧૨, એજ પ્રમાણે ૨૮ ના ૧૨ ભાંગામાં ૨૪, ૨૯ ના સામાન્ય કેવળીના ૧૨ ભાંગામાં ૨૪, અને તીર્થંકર કેવળીના ૧ માં ૮૦ અને ૭૬ આ બે એમ ૨૬, ૩૦ ના ઉદયે અગિયારમા ગુણસ્થાનકે જ ઘટતા બીજા અને ત્રીજા સંઘયણના ઉદયવાળા ૪૮ માં પહેલાં ચાર–ચાર માટે ૧૯૨, અને પ્રથમ સંઘયણવાળા સર્વ પ્રશસ્ત પ્રકૃતિ વિનાના ૨૩ માં ૧૧ મા ગુણસ્થાનકની અપેક્ષાએ પ્રથમનાં ૪ અને ૧૨મા તથા ૧૩મા ગુણસ્થાનકની અપેક્ષાએ ૭૯ અને ૭૫ એમ બે–બે, એમ એક–એક ભાંગામાં ૬–૬ સત્તાસ્થાનો હોવાથી ૨૩ ને ૬ એ ગુણતાં ૧૩૮, અને સર્વ પ્રશસ્ત પ્રકૃતિવાળા ૧ ભાંગામાં ૧૧ મા ગુણસ્થાનકની અપેક્ષાએ પહેલાં ૪ અને ૧૨ મા ગુણસ્થાનકની અપેક્ષાએ ૮૦ આદિ ૪ એમ ૮ અને સ્વરના નિરોધ પછીના તીર્થંકર કેવળીના ૧ માં ૮૦ અને ૭૬ એમ ૨, આ પ્રમાણે ૩૦ ના ઉદયનાં ૩૪૦ તેમજ ૨૧, ૨૭ અને ૩૧ ના ઉદયના ૧ ભાંગામાં ૮૦ અને ૭૬ એમ બે–બે માટે ૬ તેમજ ૮ અને ૯ ના ઉદયના ૧ માં ૩–૩ માટે ૬ એમ ઉદયભંગ ગુણિત કુલ સત્તાસ્થાનો ૪૧૬ થાય છે.

'ચૌદ જીવસ્થાનકોમાં નામકર્મના બંધ ઉદય અને સત્તાસ્થાનોનો વિચાર'

સૂક્ષ્મ અપર્યાપ્ત વગેરે સાતે લબ્ધિ અપર્યાપ્ત જીવોને ૨૩, ૨૫, ૨૬, ૨૯ અને ૩૦ આ પાંચ બંધસ્થાનો હોય છે. ૨૮ નું બંધસ્થાન દેવ અને નરક પ્રાયોગ્ય છે. અને લબ્ધિ અપર્યાપ્ત જીવો દેવ તથા નરક યોગ્ય બંધ કરી શકતા જ નથી, માટે

તેઓને ૨૮ નું બંધસ્થાન ન હોય. ૩૧ અને ૧ નું બંધસ્થાન મુનિઓને જ હોય છે, માટે આ જીવોને ૨૩ આદિ ઉપર બતાવેલાં પાંચ બંધસ્થાનો જ હોય છે.

ત્યાં ૨૩ના બંધના ૪, ૨૫ ના ૨૫, ૨૬ ના ૧૬, ૨૯ ના વિકલેન્દ્રિય પ્રાયોગ્ય ૨૪, પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય છેતાલીશ સો આઠ અને મનુષ્યપ્રાયોગ્યના છેતાલીશસો આઠ એમ કુલ બાણુંસો ચાલીસ બંધ ભાંગા હોય છે જિનનામ સહિત દેવ પ્રાયોગ્ય ૨૯ નો બંધ આ જીવો કરી શકતા નથી, માટે દેવ પ્રાયોગ્ય ૮ ભાંગા અહીં ઘટતા નથી. ૩૦ ના બંધના વિકલેન્દ્રિયના ૨૪ અને પંચે. તિર્યંચના છેતાલીશ સો આઠ, એમ છેતાલીશ સો બત્રીસ (૪૬૩૨) ભાંગાઓ હોય છે. જિનનામ સહિત મનુષ્ય પ્રાયોગ્ય ૩૦ ના બંધના ૮ અને આહારકદ્વિક સહિત દેવ પ્રાયોગ્યનો એક, આ નવ ભાંગા આ જીવોમાં ઘટતા નથી, માટે પાંચે બંધસ્થાનના કુલ બંધભાંગા તેર હજાર નવસો સત્તર હોય છે.

અહીં સામાન્યથી ઉદયસ્થાન પોતપોતાનાં પ્રથમનાં બે હોય છે, તેથી સૂક્ષ્મ અપર્યાપ્ત અને બાદર અપર્યાપ્ત એકેન્દ્રિયને ૨૧, અને ૨૪ આ બે, અને અપર્યાપ્ત બેઇન્દ્રિય આદિ પાંચ જીવસ્થાનકોમાં ૨૧ અને ૨૬ આ બે ઉદયસ્થાનો હોય છે.

તેમાં સૂક્ષ્મ અપર્યાપ્તને ૨૧ ના ઉદયે સૂક્ષ્મ અપર્યાપ્ત અયશનો એક અને ૨૪ ના ઉદયે સૂક્ષ્મ અપર્યાપ્ત પ્રત્યેક અને સાધારણના અયશ સાથેના બે ઉદય ભાંગા હોય છે. બંને ઉદયસ્થાને મળી ત્રણ ઉદયભાંગા. બાદર અપર્યાપ્તને ૨૧ ના ઉદયે બાદર અપર્યાપ્ત અયશનો એક અને ૨૪ના ઉદયે બાદર અપર્યાપ્ત પ્રત્યેક અને સાધારણના અયશ સાથેના બે એમ કુલ ત્રણ ભાંગા હોય છે.

બેઇન્દ્રિયાદિ ત્રણે અપર્યાપ્તાઓને ૨૧નો એક-એક, અને ૨૬નો એક-એક એમ બે ઉદયસ્થાનના બે, ત્રણેના મળીને કુલ ૬ ઉદયભાંગા હોય. અસંજ્ઞી પંચે. તિર્યંચને ૨૧ અને ૨૬ના ઉદયનો એક-એક અને મનુષ્યનો એક-એક એમ કુલ ચાર ભાંગા, એજ પ્રમાણે અપર્યાપ્ત-સંજ્ઞી પંચે. તિર્યંચને અને મનુષ્યને ૨૧ ના ઉદયનો એક-એક એમ કુલ બે અને ૨૬ ના ઉદયના પણ બે કુલ ૪ ઉદયભાંગા હોય.

૨૩ આદિ પાંચે બંધસ્થાનોમાં સામાન્યથી અહીં સત્તાસ્થાનો ૯૨, ૮૮, ૮૬, ૮૦ અને ૭૮ આ પાંચ હોય છે. શેષ સત્તાસ્થાનો ક્ષપકશ્રેણીમાં જ અથવા જિનનામ યુક્ત હોવાથી અહીં ઘટતાં નથી.

ત્યાં અપર્યાપ્ત સૂક્ષ્મ એકે. ને ૨૧ અને ૨૪ આ બંને ઉદયસ્થાનોમાં પણ પાંચ પાંચ હોવાથી ઉદયસ્થાનગુણિત સત્તાસ્થાનો સૂક્ષ્મ અપર્યાપ્તાને ૧૦ અને ઉદયભંગ ગુણિત ૨૧ના એક ભાંગામાં પાંચ અને ૨૪ના બંને ભાંગામાં પાંચ-પાંચ માટે ૧૦ એમ સર્વે મળી ઉદયભંગગુણિત સત્તાસ્થાનો ૧૫ થાય,

એજ પ્રમાણે બાદર-અપર્યાપ્ત એકે. ને પણ સામાન્યથી પાંચ, ઉદયસ્થાન ગુણિત ૧૦, અને ઉદયભંગગુણિત ૧૫ સત્તાસ્થાનો થાય.

અપર્યાપ્ત-બેઈ. આદિ ૩ જીવસ્થાનકોમાં પણ સામાન્યથી આ પાંચ અને ઉદય સ્થાનગુણિત તેમજ ઉદયભંગગુણિત પણ દસ-દસ સત્તાસ્થાનો હોય છે.

અપર્યાપ્ત અસંજ્ઞી પંચે. ને પણ સામાન્યથી આ પાંચ અને બંને ઉદયસ્થાને પાંચ-પાંચ માટે ઉદયસ્થાનગુણિત ૧૦, અને જો ઉદયભંગવાર વિચારીએ તો ૨૧ના ઉદયે તિર્યંચના ૧ ભાંગામાં પાંચ અને મનુષ્યના ૧ માં ૭૮ વિના ચાર એમ નવ; એજ પ્રમાણે ૨૬ના ઉદયે પણ નવ, કુલ ઉદયભંગગુણિત સત્તાસ્થાનો ૧૮ થાય.

એ જ પ્રમાણે અપર્યાપ્ત સંજ્ઞી પંચે. ને પણ સામાન્યથી પાંચ, ઉદયસ્થાનગુણિત ૧૦ અને ઉદયભંગ ગુણિત ૧૮ સત્તાસ્થાનો થાય.

બંધભંગયુક્ત ઉદયભંગ ગુણિત સત્તાસ્થાનો જે બંધસ્થાનના જેટલા ભાંગા હોય તેની સાથે ઉદયભંગગુણિત સત્તાસ્થાનોને ગુણવાથી પ્રાપ્ત થાય છે. તે જે પ્રમાણે સામાન્ય સંવેધમાં બતાવેલ છે તે પ્રમાણે અહીં પણ પોતાની મેળે જ વિચારવાં.

સૂક્ષ્મ પર્યાપ્ત એકે. ને પણ પ્રથમની જેમ ૨૩ આદિ પાંચ બંધસ્થાનો અને કુલ બંધ ભાંગા તેર હજાર નવસો સત્તર હોય છે. અહિં ઉદયસ્થાન ૨૧, ૨૪, ૨૫ અને ૨૬ આ ૪ હોય છે. ત્યાં ૨૧ના ઉદયે સૂક્ષ્મપર્યાપ્ત અયશનો ૧, ૨૪ના ઉદયે સૂક્ષ્મ પર્યાપ્ત પ્રત્યેક અને સાધારણ સાથે અયશના બે, એજ પ્રમાણે ૨૫ અને ૨૬ ના ઉદયના પણ બે-બે, કુલ ચારે ઉદયસ્થાને મળી સાત ઉદયભાંગા હોય છે, અહિં પણ ૨૩ આદિ પાંચે બંધસ્થાનોમાં પહેલાંની જેમ સામાન્યથી ૯૨ આદિ પાંચ અને ચારે ઉદયસ્થાનોમાં પાંચ પાંચ હોવાથી ઉદયસ્થાનગુણિત સત્તાસ્થાનો ૨૦ હોય છે.

ઉદયભંગવાર વિચારીએ તો ૨૧ ના ઉદયના ૧ માં પાંચ, ૨૪ ના ઉદયના બંને ભાંગાઓમાં પાંચ-પાંચ માટે ૧૦, શરીર પર્યાપ્તિએ પર્યાપ્ત થયા બાદ ૭૮નું સત્તાસ્થાન તેઉકાય અને વાયુકાયમાં જ ઘટે છે. પણ અન્ય જીવોમાં ઘટતું નથી. તેમજ તેઉકાય અને વાયુકાયને સાધારણનો ઉદય હોતો નથી. માટે ૨૫ ના સૂક્ષ્મપર્યાપ્ત પ્રત્યેક ના ૧ માં પાંચ અને સૂક્ષ્મ પર્યાપ્ત સાધારણના ૧ માં ૭૮ વિના ચાર, એમ નવ. એજ પ્રમાણે ૨૬ના ઉદયે પણ નવ. એમ ઉદયભંગગુણિત સર્વ સત્તાસ્થાનો ૩૩ થાય છે.

બાદર પર્યાપ્ત એકે. ને પણ પહેલાની જેમ ૨૩ આદિ પાંચ બંધસ્થાનો અને તેર હજાર નવસો સત્તર બંધ ભાંગા હોય છે. તેઓને આતપ અથવા ઉદ્યોતના ઉદયનો પણ સંભવ છે. તેથી ૨૧ આદિ ચાર ઉપરાંત ૨૭નું ઉદયસ્થાન અધિક હોવાથી કુલ પાંચ ઉદયસ્થાનો હોય છે.

ત્યાં ૨૧ના ઉદયે બાદર પર્યાપ્તના યશ અને અયશ સાથેના બે, ૨૪ ના ઉદયે બાદર પર્યાપ્ત પ્રત્યેક અને સાધારણના યશ અને અયશ સાથે બે-બે માટે ચાર અને વૈક્રિય વાયુકાયનો એક એમ કુલ પાંચ. એજ પ્રમાણે ૨૫ના ઉદયના પણ પાંચ, ૨૬ ના ઉદયે ઉચ્છ્વાસના ઉદય સહિત આજ પાંચ અથવા ઉચ્છવાસના અનુદયે આતપના ઉદયના બાદરપર્યાપ્ત પ્રત્યેકના યશ અને અયશ સાથેના બે, અને ઉદ્યોતના ઉદયના બાદરપર્યાપ્ત પ્રત્યેક અને સાધારણના યશ અને અયશ સાથે ગુણતાં ૪, એમ કુલ અગિયાર. ૨૭ ના ઉદયે આતપના ૨ અને ઉદ્યોતના ૪, એમ ૬, એમ પાંચે ઉદયસ્થાને મળી કુલ ૨૯ ઉદય ભાંગા હોય છે.

અહીં પણ ૨૩ આદિ પાંચે બંધસ્થાને સામાન્યથી ૯૨ આદિ પાંચ સત્તાસ્થાનો અને ૨૧ થી ૨૬ સુધીના ચારે ઉદયસ્થાનોમાં પાંચ પાંચ. પરંતુ ૨૭નો ઉદય તેઉકાય, વાયુ-કાયને ન હોવાથી તેમજ અન્યજીવોને પણ સર્વ પર્યાપ્તીઓ પૂર્ણ થયેલ હોવાથી ૭૮ વિના ચાર સત્તાસ્થાનો હોય છે. માટે ઉદયસ્થાનગુણિત સત્તાસ્થાનો ૨૪ અને ઉદય-ભંગ વાર વિચારીએ તો ૨૧ ના ઉદયના બંને ભાંગાઓમાં પાંચ-પાંચ માટે ૧૦ (દસ). ૨૪ ના ઉદયના વૈક્રિયવાયુકાયના ૧ માં ૯૨, ૮૮ અને ૮૬ આ ત્રણ અને શેષ ચાર ભાંગામાં પાંચ-પાંચ માટે ૨૦, એમ કુલ ત્રેવીસ. ૨૫ ના ઉદયે વૈક્રિય વાયુકાયના ૧ માં ૯૨ આદિ ૩ અને તેઉકાય, વાયુકાયમાં ઘટી શકે તેવા બાદર-પર્યાપ્ત-પ્રત્યેક અયશના ૧ માં પાંચ અને શેષ ત્રણમાં ૭૮ વિના ચાર-ચાર, માટે ૧૨, એમ સર્વે મળી ૨૦ સત્તાસ્થાનો. ૨૬ના ઉદયે વૈક્રિયવાયુકાયના ૧ માં ૯૨ આદિ ૩ અને તેઉકાય, વાયુકાયમાં સંભવતા બાદર-પર્યાપ્ત-પ્રત્યેક અયશના ૧ માં પાંચ અને શેષ ૯ માં ૭૮ વિના ૪ માટે ૩૬, એમ ૨૬ના ઉદયના કુલ ૪૪ ૨૭ના ઉદયના ૬એ ભાંગામાં ૭૮ વિના ચાર-ચાર માટે ૨૪, એમ પાંચે ઉદયસ્થાને મળીને ઉદયભંગ-ગુણિત સત્તાસ્થાનો ૧૨૧ થાય છે.

પર્યાપ્ત વિકલેંદ્રિયને પણ ૨૩ આદિ પાંચ બંધસ્થાનો અને તેર હજારનવસો સત્તર બંધભાંગા હોય છે. અહીં ૨૧, ૨૬, ૨૮, ૨૯, ૩૦ અને ૩૧ આ છ ઉદયસ્થાનો હોય છે.

ત્યાં ૨૧ના ઉદયે પર્યાપ્ત યશ-અયશના બે, એજ પ્રમાણે ૨૬ અને ૨૮ના પણ બે-બે. ૨૯ના ઉચ્છવાસના ઉદય સહિતના બે અને ઉચ્છવાસના અનુદયે ઉદ્યોતના ઉદયના બે એમ ચાર, ૩૦ ના ઉદયે સ્વરના ઉદય સહિતના ચાર અને સ્વરના અનુદયે ઉદ્યોતના ઉદયના બે એમ છ, અને ૩૧ના ઉદયના ચાર એમ છ એ ઉદયસ્થાનના એક-એકના ૨૦-૨૦ અને ત્રણેના મળીને કુલ ૬૦ ઉદયભાંગા હોય છે.

અહીં પણ ૨૩ આદિ પાંચે બંધસ્થાનોમાં સામાન્યથી સત્તાસ્થાનો ૯૨ આદિ પાંચે અને ૨૧ તથા ૨૬ના ઉદયમાં પાંચ-પાંચ માટે દસ; અને ૨૮ થી ૩૧ સુધીના ૪ ઉદયસ્થાનમાં ૭૮ વિના ૪-માટે સોળ, એમ ઉદયસ્થાન ગુણિત સત્તાસ્થાનો ૨૬ થાય છે.

ઉદયભંગવાર વિચારીએ તો ૨૧ના ઉદયના બેમાં પાંચ-પાંચ માટે દસ, એજ પ્રમાણે ૨૬ના બેના મળીને દસ, ૨૮ના બંને ભાંગામાં ૭૮ વિના ચાર-ચાર માટે આઠ, એજ પ્રમાણે ૨૯ના ચારમાં ચાર-ચાર માટે ૧૬, ૩૦ના ૬માં ચાર-ચાર તેથી ૨૪, અને ૩૧ના ૪માં પણ ચાર-ચાર માટે ૧૬ એમ ઉદયભંગ ગુણિત સર્વ સત્તાસ્થાનો ૮૪ ચોરાશી છે.

પર્યાપ્ત અસંજ્ઞી પંચે. ને પૂર્વની જેમ ૨૩ આદિ પાંચ બંધસ્થાન અને તેરહજાર નવસો સત્તર બંધ ભાંગા હોય છે. પરંતુ આ જીવો સર્વ પર્યાપ્તીએ પર્યાપ્ત દેવ અને નરક પ્રાયોગ્ય ૨૮નો બંધ પણ કરી શકે છે. તેથી ૨૮ નું બંધસ્થાન અને તેના નવ બંધભાંગા અધિક હોય છે, તેથી કુલ ૨૩ આદિ છ બંધસ્થાન અને તેરહજાર નવસો છવ્વીસ બંધભાંગા હોય છે.

અહીં પણ બેઇ. પર્યાપ્તાની જેમ ૨૧ આદિ છ ઉદયસ્થાનો હોય છે. અને તેના ઉદયભાંગા પણ અનુક્રમે ૨, ૨, ૨, ૪, ૬ અને ૪ એમ વીસ હોય છે. આ જીવોને બેઇ. પર્યાપ્તની જેમ યશ અને સુસ્વર સિવાય બીજી કોઇપણ પરાવર્તમાન શુભ પ્રકૃતિઓનો ઉદય હોતો નથી, માટે ૨૦ જ ભાંગા થાય છે.

કેટલાક આચાર્ય મ. સા. ના મતે પર્યાપ્ત સંજ્ઞી પંચે. તિર્યંચની જેમ આ જીવોને પણ પરાવર્તમાન દરેક પ્રકૃતિઓ વારાફરતી ઉદયમાં હોઇ શકે છે, તેથી તે મતે સંજ્ઞી પંચે. પર્યાપ્તની જેમ અહીં પણ ૨૧ આદિ છએ ઉદયસ્થાનોમાં ૪૯૦૪ ઉદયભાંગા હોય છે, તેથી છ એ ઉદયસ્થાને મળી ચાર હજાર નવસોને ચાર ઉદયભાંગા હોય છે.

અહીં પણ સામાન્યથી ૯૨ આદિ પાંચ સત્તાસ્થાનો હોય છે; ત્યાં ૨૩ના બંધે, ૨૧ અને ૨૬ના ઉદયે પાંચ-પાંચ, માટે ૧૦, અને ૨૮ આદિ ચારે ઉદયસ્થાનમાં ૭૮ વિના ચાર-ચાર, માટે ૧૬. એમ ઉદયસ્થાનગુણિત સત્તાસ્થાનો ૨૬ હોય છે. અને ઉદયભંગવાર વિચારીએ તો પણ બેઇ. પર્યાપ્તાની જેમ કુલ ઉદયભંગગુણિત સત્તાસ્થાનો ચોરાસી (૮૪) હોય છે.

એજ પ્રમાણે ૨૫ ૨૬, ૨૯ અને ૩૦ ના બંધે પણ સામાન્યથી પાંચ, ઉદયસ્થાન ગુણિત ૨૬, અને ઉદયભંગ ગુણિત સત્તાસ્થાનો ૮૪ હોય છે, અને અન્ય આચાર્ય મ. સા. ના મતે ઉદયભંગગુણિત સત્તાસ્થાનો પોતાની મેળેજ વિચારી લેવાં.

આ જીવો દેવ કે નરક પ્રાયોગ્ય ૨૮નો બંધ સર્વ પર્યાપ્તીએ પર્યાપ્ત થયા પછી જ કરી શકે છે, પરંતુ અપર્યાપ્ત અવસ્થામાં કરતા નથી, માટે ૨૮ના બંધે, ૩૦ અને ૩૧ આ બેજ ઉદયસ્થાનો હોય છે. ત્યાં ૩૦ ના ઉદયના સ્વર સહિતના ચાર અને ૩૧ના ચાર એમ આઠ ઉદયભાંગા હોય છે. અને સામાન્યથી સત્તાસ્થાનો ૯૨, ૮૮, અને ૮૬ આ ત્રણ હોય છે. અને બંને ઉદયસ્થાને ત્રણ-ત્રણ હોવાથી ઉદયસ્થાન ગુણિત ૬, અને ઉદયભંગવાર વિચારીએ તો ૩૦ના ઉદયના ચારે ભાંગાઓમાં ત્રણ-ત્રણ તેથી બાર અને ૩૧ના ઉદયે પણ એજ પ્રમાણે બાર એમ, ઉદયભંગગુણિત સત્તાસ્થાનો ૨૪ હોય છે.

પર્યાપ્ત સંજ્ઞી પંચે. ને ૨૩ આદિ આઠ બંધસ્થાન અને તેરહજાર નવસો પીસ્તાલીશ બંધભાંગા હોય છે. ૨૪નું ઉદયસ્થાન માત્ર એકે. માં જ હોવાથી તે વિના ૨૦ વિગેરે અગિયાર ઉદયસ્થાનો હોય છે; અને અપેક્ષાએ કેવલી ભગવંતોમાં સંજ્ઞીની વિવક્ષા ન કરીએ તો ૨૧ અને ૨૫ થી ૩૧ સુધીનાં સાત એમ કુલ ૮ ઉદયસ્થાનો હોય છે. અને સામાન્યથી એકે. ના ૪૨, વિક.ના ૬૬, તેમજ લબ્ધિ અપર્યાપ્ત સંજ્ઞી પંચે. તિર્યંચનો ૨૧ અને ૨૬ના ઉદયનો એક-એક, એજ પ્રમાણે મનુષ્યનો પણ ૨૧ અને ૨૬ ના ઉદયનો એક એક એમ કુલ ચાર, એમ સર્વ મળી ૧૧૨ વિના શેષ સાતહજાર છસો ઓગણએંશી ઉદયભાંગા હોય છે. અને જો કેવલીને સંજ્ઞી ન ગણીએ તો કેવલીના આઠ ભાંગા વધુ બાદ કરતાં સાતહજાર છસો એકોતેર ઉદયભાંગા હોય છે.

દરેક ઉદયસ્થાને ઉદયભાંગા આ પ્રમાણે છે

૨૦ ના ઉદયનો એક,

૨૧ ના ઉદયના પર્યાપ્ત પંચે. તિર્યંચના આઠ, પર્યાપ્ત મનુષ્યના આઠ, દેવતાના આઠ, નારકનો એક અને તીર્થંકર કેવલીનો એક, એમ ૨૬.

૨૫ના ઉદયના વૈક્રિય તિર્યંચના આઠ, વૈક્રિય મનુષ્યના આઠ, દેવતાના આઠ, નારકનો એક, આહારકનો એક એમ ૨૬.

૨૬ના ઉદયના પર્યાપ્ત પંચે. તિર્યંચના ૨૮૮, પર્યાપ્ત મનુષ્યના ૨૮૮, એમ ૫૭૬.

૨૭ના ઉદયના ૨૫ના ઉદયસ્થાનમાં બતાવ્યા મજબ ૨૬ અને તીર્થંકર પરમાત્માનો એક, એમ ૨૭.

૨૮ના ઉદયના સામાન્ય પંચે. તિર્યંચના ૫૭૬, વૈક્રિય તિર્યંચના ૧૬, સામાન્ય મનુ.ના ૫૭૬, વૈક્રિય મનુ. ના ૯, આહારકના ૨, દેવતાના ૧૬ અને નારકનો એક, એમ એક હજાર એકસો છન્નું.

૨૯ના ઉદયના સામાન્ય તિર્યંચના ૧૧૫૨, વૈક્રિય તિર્યંચના ૧૬, સામાન્ય મનુ.ના ૫૭૬, વૈક્રિય મનુ. ના ૯, આહારકના ૨, તીર્થંકર કેવલીનો એક, દેવતાના ૧૬ અને નારકનો ૧, એમ સત્તરસો તોતેર થાય.

૩૦ના ઉદયના સામાન્ય પંચે. તિર્યંચના ૧૭૨૮, વૈક્રિય તિર્યંચના ૮, સામાન્ય મનુષ્યના ૧૧૫૨ વૈક્રિય મનુષ્યનો ૧, આહારકનો ૧, તીર્થંકર કેવલીનો ૧ અને દેવતાના ૮ એમ, બેહજાર આઠસો નવાણું

૩૧ના ઉદયના સામાન્ય પંચે. તિર્યંચના ૧૧૫૨.

૯ ના અને આઠના ઉદયનો એક-એક,

એમ કુલ અગિયાર ઉદયસ્થાને મળી ઉદયભાંગા સાતહજાર છસો ઓગણએંશી. અમે કેવલીની વિવક્ષા ન કરીએ તો ૮ બાદ કરતાં સાત હજાર છસોઈકોતેર થાય.

સામાન્યથી સત્તાસ્થાનો ૯૩ આદિ ૧૨ હોય છે. અને જો કેવલીને સંજ્ઞી ન ગણીએ તો ૮ અને ૯ વિના શેષ ૧૦ સત્તાસ્થાનો હોય છે.

સંવેધઃ-

૨૩ના બંધે ૨૧ અને ૨૫ થી ૩૧ પર્યંતનાં ૭ એમ કુલ ૮ ઉદયસ્થાનો હોય છે.અને ત્યાં ૨૧ના ઉદયે, પર્યાપ્ત પંચે. તિર્યંચના ૮, પર્યાપ્ત મનુષ્યના ૮ એમ ૧૬ (સોળ). ૨૫ના ઉદયે, વૈક્રિય તિર્યંચના ૮, વૈક્રિય મનુ.ના ૮, એમ સોળ. ૨૬ના ઉદયે સામાન્ય તિર્યંચના ૨૮૮, સામાન્ય મનુ. ના ૨૮૮ એમ પાંચસો છોંતેર. ૨૭ના ઉદયે વૈક્રિય તિર્યંચ અને વૈક્રિય મનુષ્યના ૮-૮ એમ સોળ. ૨૮ના ઉદયે, સામાન્ય પંચે. તિર્યંચના ૫૭૬, વૈક્રિય તિર્યંચના ૧૬, સામાન્ય મનુષ્યના ૫૭૬ અને વૈક્રિય મનુ. ના ૮, એમ અગિયારસો છોંતેર. ૨૯ના ઉદયે, સામાન્ય પંચે. તિર્યંચના ૧૧૫૨ વૈક્રિય તિર્યંચના ૧૬, સામાન્ય મનુ. ૫૭૬ અને વૈક્રિય મનુ.ના ૮, એમ સત્તરસો બાવન. ૩૦ ના ઉદયે, સામાન્ય પંચે. તિર્યંચના ૧૭૨૮, વૈક્રિય તિર્યંચ ના ૮ અને સામાન્ય મનુ.ના ૧૧૫૨ એમ અઠ્ઠાવીસ સો અઠ્યાશી અને ૩૧ના ઉદયે સામાન્ય પંચે. તિર્યંચના અગિયારસો બાવન એમ કુલ ઉદયભાંગા સાતહજાર પાંચસો બાણું હોય છે.

ટબા વિ. માં કેટલાક ઠેકાણે વૈક્રિય તિર્યંચો અને વૈક્રિય મનુષ્યો આશ્રયી ઉદયસ્થાનો અને ઉદયભાંગા બતાવવામાં આવેલ નથી. પરંતુ સામાન્ય સંવેધમાં ટીકા આદિમાં આ ઉદયસ્થાનો અને ઉદયભાંગાઓ પણ બતાવવામાં આવેલ છે. માટે અહીં પણ બતાવેલ છે. આમાં વિવક્ષા જ કારણ લાગે છે.

અહીં સામાન્યથી ૯૨, ૮૮, ૮૬, ૮૦ અને ૭૮ આ પાંચ સત્તાસ્થાનો હોય છે. ત્યાં ૨૧ અને ૨૬ના ઉદયે પાંચ-પાંચ હોવાથી ૧૦, ૨૫ અને ૨૭ના ઉદયે ૯૨ અને ૮૮ આ બે-બે માટે ચાર. ૨૮ આદિ ચારે ઉદયસ્થાનોમાં ૭૮ વિના ચાર-ચાર હોવાથી ૧૬ એમ ઉદયસ્થાનગુણિત સત્તાસ્થાનો ૩૦ હોય છે.

ઉદયભંગવાર વિચારીએ તો આ પ્રમાણે-

૨૧ના ઉદયે પર્યાપ્ત પંચે. તિર્યંચના ૮ ભાંગામાં પાંચ-પાંચ માટે ૪૦, અને પર્યાપ્ત મનુષ્યના ૮માં ૭૮ વિના ચાર-ચાર માટે ૩૨, એમ. કુલ ૭૨.

૨૫ના ઉદયે વૈક્રિય તિર્યંચ અને વૈક્રિય મનુ. ના ૧૬ માં ૯૨, ૮૮, બે,બે માટે બત્રીશ.

૨૬ના ઉદયે પર્યાપ્ત તિર્યંચના ૨૮૮માં પાંચ-પાંચ માટે ૧૪૪૦ અને મનુષ્યના ૨૮૮માં ૭૮ વિના ચાર--ચાર માટે ૧૧૫૨ એમ કુલ પચીશસો બાણું.

૨૭ના ઉદયે ૨૫ના ઉદયની જેમ ૩૨ (બત્રીશ).

૨૮ના ઉદયે સામાન્ય તિર્યંચના ૫૭૬, અને સામાન્ય મનુષ્યના ૫૭૬ આ ૧૧૫૨માં ૯૨ આદિ ચાર-ચાર, માટે ૪૬૦૮, અને વૈક્રિય તિર્યંચના ૧૬ અને વૈક્રિય મનુ. ના ૮ આ ૨૪માં ૯૨-૮૮ આ બે-બે માટે ૪૮, એમ કુલ ચાર હજાર છસો છપ્પન.

૨૯ના ઉદયે સામાન્ય પંચે તિર્યંચના ૧૧૫૨ અને સામાન્ય મનુ. ના ૫૭૬ આ ૧૭૨૮ માં ૯૨ આદિ ચાર-ચાર, તેથી ૬૯૧૨, વૈક્રિય તિર્યંચના ૧૬ અને વૈક્રિય મનુ.ના ૮. આ ૨૪માં ૯૨-૮૮ બે-બે માટે ૪૮, કુલ ૬૯૬૦ (છહજાર નવસો સાઠ)

૩૦ના ઉદયે સામાન્ય પંચે. તિર્યંચના ૧૭૨૮ અને સામાન્ય મનુ. ના ૧૧૫૨ આ ૨૮૮૦માં ૯૨ આદિ ચાર-ચાર માટે ૧૧,૫૨૦ વૈક્રિય તિર્યંચના ૮માં ૯૨, ૮૮ બે-બે માટે ૧૬ એમ સર્વ મળી ૧૧,૫,૩૬ (અગિયાર હજાર પાંચસો છત્રીશ).

૩૧ના ઉદયે સામાન્ય પંચે. તિર્યંચના ૧૧૫૨ માં ૯૨ આદિ ચાર માટે ૪૬૦૮ (છેતાલીશ સો આઠ)

એમ આઠે ઉદયસ્થાને મળી ઉદયભંગ ગુણિત સર્વ સત્તાસ્થાનો ૩૦,૪,૮૮ (ત્રીશ હજાર ચારસો અઠ્યાશી) થાય છે.

૨૫ અને ૨૬ના બંધે, ૨૩ના બંધમાં બતાવ્યા પ્રમાણે ૨૪ વિના ૨૧ આદિ ૮ ઉદયસ્થાનો અને ૭૫૯૨ ઉદયભાંગા હોય છે, પરંતુ ઇશાન સુધીના દેવો પણ બાદર પર્યાપ્ત પ્રત્યેક એકે. પ્રાયોગ્ય ૨૫ અને ૨૬નો બંધ કરી શકે છે, માટે દેવતાના ૬ ઉદયસ્થાનના ૬૪ ઉદયભાંગા અહીં અધિક ઘટે છે. તેથી કુલ ઉદયભાંગા ૭૫૯૨ના બદલે ૭૬૫૬ (સાતહજાર છસો છપ્પન) સમજવા. ત્યાં દેવોમાં સંભવતા ૨૧, ૨૫ અને ૨૭થી ૩૦ સુધીના ઉદયસ્થાનોમાં અનુક્રમે પહેલાં બતાવેલ તે તે ઉદય ભાંગાઓમાં ૮, ૮, ૮, ૧૬, ૧૬ અને ૮ ભાંગાઓ અધિક સમજવા.

સત્તાસ્થાન અહીં પણ સામાન્યથી ૨૩ના બંધમાં બતાવ્યા મુજબ પાંચ, ઉદયસ્થાન-ગુણિત ૩૦ અને ઉદયભંગવાર વિચારીએ તો દેવતાના ૨૧ આદિ ૬ એ ઉદયસ્થાનોના ઉદયભાંગાઓમાં અનુક્રમે ૯૨, ૮૮ બે-બે સત્તાસ્થાનો હોવાથી અનુક્રમે ૧૬, ૧૬, ૧૬, ૩૨, ૩૨ અને ૧૬ સત્તાસ્થાનો અધિક સમજવાં એમ ચોસઠે ભાંગાઓમાં મળી દેવતાઓના ૧૨૮ સત્તાસ્થાનો વધારે હોવાથી કુલ ઉદયભંગગુણિત સત્તાસ્થાનો ૩૦,૬૧૬ (ત્રીશહજાર છસો સોળ) હોય છે.

૨૮ ના બંધે ઉદયસ્થાન, ઉદયભંગ તેમજ સત્તાસ્થાન આદિનો સંવેધ સામાન્ય

સંવેધમાં બતાવેલ છે. તેજ પ્રમાણે સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તામાં હોય છે. માટે ત્યાંથી જાણી લેવા યોગ્ય છે.

૨૯ ના બંધે ૨૧ અને ૨૫ થી ૩૧ પર્યંતનાં આઠ ઉદયસ્થાનો અને દરેક ઉદય-સ્થાને ભાંગાઓ ઉપર સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તામાં સામાન્યથી જેમ બતાવેલ છે તેમ અહીં પણ સમજવા. પરંતુ કેવળીને સંભવતા દરેક ઉદયસ્થાનોના એક-એક એમ કુલ આઠ ઉદયભાંગા બાદ કરી દરેક ઉદયસ્થાનમાં પણ તેજ પ્રમાણે હોવાથી ફરીથી બતાવેલ નથી.

સામાન્યથી સત્તાસ્થાનો ૯૩ આદિ પ્રથમનાં છ અને ૭૮ એમ સાત હોય છે. અને ઉદયસ્થાન વાર આ પ્રમાણે :—

૨૧ અને ૨૬ના ઉદયે સાત-સાત માટે ૧૪, ૨૫ અને ૨૭ ના ઉદયે પ્રથમનાં ચાર-ચાર માટે આઠ, ૨૮, ૨૯, અને ૩૦ ના ઉદય સ્થાનોમાં ૭૮ વિના છ-છ માટે ૧૮ અને ૩૧ ના ઉદયે ૯૨-૮૮-૮૬ અને ૮૦ આ ચાર, એમ કુલ સત્તાસ્થાનો ચુમ્માલીશ (૪૪) છે.

ઉદયભંગવાર વિચારીએ તો ૨૧ ના ઉદયે પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચના આઠ ભાંગામાં ૯૨-૮૮-૮૬-૮૦ અને ૭૮ આ પાંચ તેથી ૪૦, પર્યાપ્ત મનુષ્યના આઠમાં પ્રથમનાં છ-છ માટે ૪૮, દેવતાના આઠમાં ૯૨-૮૮ બે-બે માટે ૧૬, અને નારકના એકમાં ૯૨ આદિ ત્રણ એમ કુલ ૧૦૭, સત્તાસ્થાનો થાય છે.

૨૫ ના ઉદયે વૈ. તિર્યંચના આઠ અને દેવતાના આઠ આ સોળમાં ૯૨-૮૮ બે-બે માટે ૩૨, વૈક્રિય મનુષ્યના આઠમાં ૯૩ આદિ પ્રથમનાં ચાર તેથી ૩૨, આહારકના એકમાં ૯૩ નું એક અને નારકના એકમાં ૯૨ આદિ ત્રણ એમ કુલ ૬૮ સત્તાસ્થાનો.

૨૬ ના પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચના ૨૮૮માં ૯૨-૮૮-૮૬-૮૦ અને ૭૮ એ પાંચ-પાંચ માટે ૧૪૪૦, પર્યાપ્ત મનુષ્યના ૨૮૮ માં ૭૮ વિના છ-છ તેથી (૧૭૨૮) એમ ૩૧૬૮ (એકત્રીસસો અડસઠ) સત્તાસ્થાનો.

૨૭ ના ૨૬ ભાંગામાં ૨૫ના ઉદયભંગની જેમ ૬૮ સત્તાસ્થાનો થાય.

૨૮ ના ઉદયે સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચના ૫૭૬ ભાંગામાં ૯૨ આદિ ચાર-ચાર, તેથી ૨૩૦૪, વૈક્રિય તિર્યંચના સોળ અને દેવતાના સોળ આ ૩૨ માં ૯૨-૮૮ બે-બે, માટે ૬૪, સામાન્ય મનુષ્યના પાંચસો છોંતેરમાં પ્રથમનાં છ-છ માટે (૩૪૫૬) ચોત્રીશસો છપ્પન, વૈક્રિય મનુષ્યના ૮ માં પ્રથમનાં ૪-૪ માટે ૩૨, ઉદ્યોતના ઉદયવાળા એકમાં ૯૩ અને ૮૯ એમ બે, આહારકના બેમાં ૯૩નું એક તેથી ૨, નારકના એકમાં ૯૨ આદિ ૩ એમ કુલ (૫૮૬૩) અઠ્ઠાવનસો તેંસઠ સત્તાસ્થાનો સંભવે.

૨૯ ના ઉદયે સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચના ૧૧૫૨ માં ૯૨ આદિ ૪-૪, માટે

૪૬૦૮ સામાન્ય મનુષ્યના ૫૭૬ ભાંગામાં ૯૩ આદિ છ–છ માટે ૩૪૫૬, વૈક્રિય તિર્યંચના ૧૬ અને દેવતાના સોળ આ ૩૨ માં ૯૨–૮૮ બે–બે, તેથી ૬૪, વૈક્રિય મનુષ્યના આઠમાં ૯૩ આદિ પ્રથમનાં ૪-૪ તેથી ૩૨, ઉદ્યોતવાળા એકમાં ૯૩ અને ૮૯ એમ બે, આહારકના બન્નેમાં ૯૩નું એક માટે ૨, નારકના એકમાં ૯૨ આદિ ત્રણ, એમ (૮૧૬૭) આઠ હજાર એકસો સડસઠ સત્તાસ્થાને હોય.

૩૦ ના ઉદયે સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચના ૧૭૨૮ ભાંગામાં ૯૨ આદિ ૪–૪ માટે ૬૯૧૨. વૈ. તિર્યંચના ૮ અને દેવતાના આઠ એમ સોળમાં બે–બે માટે ૩૨, સામાન્ય મનુષ્યના ૧૧૫૨માં ૯૩ આદિ ૬–૬ માટે ૬૯૧૨, ઉદ્યોત સહિત વૈક્રિયના એકમાં ૯૩ અને ૮૯ એમ બે, આહારકના એકમાં ૯૩ નું એક, એમ. (૧૩૮૫૯) તેર હજાર આઠસો ઓગણસાઠ સત્તાસ્થાને હોય.

૩૧ ના ઉદયે પંચેન્દ્રિય તિર્યંચના ૧૧૫૨માં ૯૨ આદિ ૪–૪ તેથી ૪૬૦૮.

એમ ઉદયભંગ ગુણિત કુલ સત્તાસ્થાને (૩૫૯૦૮) પાંત્રીશ હજાર નવસો આઠ થાય છે.

૩૦ ના બંધે ૨૧ અને ૨૫ થી ૩૧ પર્યંતનાં સાત એમ આઠ ઉદયસ્થાને હોય છે. અને સામાન્ય સંવેધમાં ૩૦ ના બંધે બતાવેલ જે સાત હજાર સાતસો તહોંતેર ઉદયભાંગા છે તેમાંથી દરેક ઉદયસ્થાને સંજ્ઞી પં. પર્યાપ્તામાં ન ઘટે તેવા એકેન્દ્રિય, વિકલેન્દ્રિય અને લબ્ધિ અપર્યાપ્ત મનુષ્ય તથા તિર્યંચના ઉદય ભાંગા બાદ કરતાં આઠ ઉદયસ્થાને મળી સાત હજાર છસો એકસઠ (૭૬૬૧) ઉદયભાંગા સમજવા. અને મતાંતરે ૨૯ અને ૩૦ ના ઉદયના બે ભાંગા લઈએ તો (૭૬૬૩) સાત હજાર છસો ત્રેસઠ ઉદયભાંગા જાણવા, સામાન્યથી અહીં પણ ૯૩ આદિ ૭ સત્તાસ્થાને હોય છે.

૨૧ ના ઉદયે સાત, ૨૫ અને ૨૭ ના ઉદયે ૯૩ આદિ પ્રથમનાં ચાર માટે આઠ, ૨૬ ના ઉદયે ૯૨–૮૮–૮૬–૮૦ અને ૭૮ એ પાંચ, ૨૮–૨૯ અને ૩૦ ના ઉદયે ૭૮ વિના છ–છ તેથી ૧૮, ૩૧ ના ઉદયે ૯૨ આદિ ૪ એમ ઉદયસ્થાન ગુણિત સત્તાસ્થાને ૪૨ થાય.

ઉદયભંગવાર વિચારીએ તો–૨૧ ના ઉદયે પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચના આઠ ભાંગામાં ૯૨–૮૮–૮૬–૮૦ અને ૭૮ એ પાંચ-પાંચ માટે ૪૦, પર્યાપ્ત મનુષ્યના આઠમાં ૭૮ વિના ચાર–ચાર માટે ૩૨, દેવતાના આઠમાં ૯૩ આદિ પ્રથમનાં ૪–૪ માટે ૩૨ નારકના એકમાં ૯૨ આદિ ત્રણ એમ ૧૦૭,

૨૫ ના વૈ. તિર્યંચના આઠ અને વૈક્રિય મનુષ્યના આઠ આ સોળમાં ૯૨-૮૮ બે-બે તેથી ૩૨, દેવતાના આઠમાં ૯૩ આદિ પ્રથમનાં ૪-૪ માટે ૩૨, નારકના એકમાં ૯૨ આદિ ૩, એમ ૬૭,

૨૬ ના સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચના ૨૮૮ માં ૫-૫ માટે ૧૪૪૦ અને પર્યાપ્ત મનુષ્યના ૨૮૮ માં ૭૮ વિના ૪-૪ તેથી ૧૧૫૨, એમ (૨૫૯૨) પચીસસો બાણું,

૨૭ ના ઉદયે ૨૫ ના ઉદયમાં બતાવ્યા મુજબ ૬૭.

૨૮ ના ઉદયે સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચના ૫૭૬, અને સામાન્ય મનુષ્યના ૫૭૬ આ ૧૧૫૨માં ૯૨-૮૮-૮૬ અને ૮૦ એમ ચાર-ચાર તેથી ૪૬૦૮, વ. તિર્યંચના સોળ અને વૈ. મનુષ્યના આઠ આ ૨૪ માં ૯૨-૮૮ બે-બે માટે ૪૮, દેવતાના સોળમાં ૯૩ આદિ પ્રથમનાં ચાર તેથી ૬૪, નારકના એકમાં ૯૨ આદિ ત્રણ એમ (૪૭૨૩) સુડતાલીસસો ત્રેવીસ,

૨૯ ના ઉદયે સા. તિર્યંચના ૧૧૫૨ અને સા. મનુષ્યના ૫૭૬ આ ૧૭૨૮માં ૪-૪ માટે (૬૯૧૨) વૈક્રિય તિર્યંચના ૧૬, અને વૈક્રિય મનુષ્યના આઠ આ ૨૪ માં બે-બે માટે ૪૮, દેવતાના સોળમાં ૯૩ આદિ પ્રથમનાં ૪ તેથી ૬૪, નારકના એકમાં ૯૨ આદિ ૩ એમ (૭૦૨૭) સાત હજાર સત્તાવીશ,

૩૦ ના ઉદયે સામાન્ય તિર્યંચના ૧૭૨૮, સામાન્ય મનુષ્યના ૧૧૫૨, આ અઠ્ઠાવીસસો એંશીમાં ૯૨ આદિ ચાર-ચાર માટે ૧૧૫૨૦, વૈ. તિર્યંચના આઠમાં ૯૨-૮૮ બે-બે તેથી ૧૬, દેવતાના આઠમાં ૯૩ આદિ પ્રથમનાં ચાર-ચાર માટે ૩૨ એમ (૧૧૫૬૮) અગ્યાર હજાર પાંચસો અડસઠ,

૩૧ ના ઉદયે સા. પં. તિર્યંચના ૧૧૫૨ માં ૯૨ આદિ ચાર-ચાર, તેથી છેંતાલીસસો આઠ.

એમ આઠે ઉદયસ્થાને મળી ઉદયભંગ ગુણિત સત્તાસ્થાનો (૩૦૭૫૯) ત્રીશ હજાર સાતસો ઓગણસાઠ થાય.

જો આહારકના ૨૯ અને ૩૦ ના ઉદયના બે ભાંગા વધારે લઈએ તો ૯૨ નાં બે સત્તાસ્થાનો અધિક સમજવાં.

૩૧ અને એકના બંધે સામાન્ય સંવેધમાં બતાવ્યા મુજબ સમજવું.

ગુણસ્થાનકોમાં નામકર્મનાં બંધસ્થાનો આદિ તેમજ સંવેધ :-

મિથ્યાત્વ ગુણસ્થાનક :-

યતિને જ ઘટતાં ૩૧ અને ૧ ના બંધસ્થાન વિના શેષ ૨૩ આદિ ૬ બંધસ્થાનો હોય છે. ત્યાં ૨૩ ના બંધના ૪, ૨૫ના બંધના ૨૫, ૨૬ ના બંધના ૧૬, ૨૮ ના બંધના ૯, ૨૯

ના બંધના જિનનામ સહિત દેવ પ્રાયોગ્યના ૮ વિના બાણુંસો ચાળીસ, ૩૦ ના બંધના જિનનામ સહિત મનુષ્ય પ્રાયોગ્યના ૮, આહારકદ્વિક સહિત દેવ પ્રાયોગ્યનો એક, એમ ૯ ભાંગા વર્જી શેષ છેંતાલીસસો બત્રીસ, એમ છ એ બંધસ્થાનના મળી કુલ બંધભાંગા તેર હજાર નવસો છવ્વીશ થાય છે.

કેવલીમાં જ સંભવતા ૨૦, ૯ અને ૮ આ ત્રણ વિના ૨૧ અને ૨૪ થી ૩૧ પર્યંતનાં ૯ ઉદયસ્થાનો હોય છે. ત્યાં ૨૧ ના ઉદયે તીર્થંકરના એક વિના ૪૧, ૨૪ ના ૧૧, ૨૫ના આહારકના એક વિના ૩૨, ૨૬ ના ૬૦૦, ૨૭ ના આહારકનો એક અને તીર્થંકરનો એક આ બે વિના ૩૧, ૨૮ ના આહારકના બે, ઉદ્યોત સહિત વૈક્રિય યતિનો એક આ ત્રણ વિના ૧૧૯૯, ૨૯ના ઉપર બતાવેલ ત્રણ અને તીર્થંકરનો ૧ આ ૪ વિના વિના ૧૭૮૧, ૩૦ ના આહારકનો એક, ઉદ્યોતવાળો વૈક્રિયયતિનો એક અને તીર્થંકરનો એક એ ૩ વિના ૨૯૧૪, ૩૧ ના ઉદયે તીર્થંકરના એક વિના ૧૧૬૪, એમ નવે ઉદયસ્થાને મળી સાતહજાર સાતસો તહોંતેર ઉદયભાંગા હોય છે.

સામાન્યથી ૯૨–૮૯–૮૮–૮૬–૮૦ અને ૭૮ આ ૬ સત્તાસ્થાનો હોય છે. પૂર્વે જેણે નરકાયુ બાંધ્યું છે એવો મનુષ્ય ક્ષયોપશમ સમ્યક્ત્વ પામી નિકાચિત–જિનનામનો બંધ કરી નરકાભિમુખ અવસ્થામાં વર્તતાં અન્તર્મુહૂર્ત મિથ્યાત્વ પણ પામે છે. ત્યારે તેને પહેલે ગુણસ્થાનકે ૮૯ નું સત્તાસ્થાન પણ હોય છે. જિનનામ અને આહારક ચતુષ્ક આ ઉભયની સત્તાવાળો તથાસ્વભાવે જ પહેલે ગુણસ્થાનકે તેમજ નરકમાં જતો નથી તેથી ૯૩ નું ન ઘટે અને ૭૯ આદિ પાંચ સત્તાસ્થાનો તો માત્ર ક્ષપકશ્રેણીમાં ૧૩ પ્રકૃતિના ક્ષય પછી જ ઘટે છે માટે અહીં સંભવતાં નથી.

સંવેધ–

૨૩–૨૫ અને ૨૬ નો બંધ પહેલે ગુણસ્થાનકે જ હોય છે. માટે સામાન્ય સંવેધમાં બતાવેલ છે. તેથી કંઈપણ વિશેષ ન હોવાથી અહીં ફરીથી બતાવેલ નથી.

૨૮ ના બંધે ૨૫–૨૭–૨૮–૨૯–૩૦ અને ૩૧ આ છ ઉદયસ્થાનો હોય છે. તેમાં પણ પ્રથમનાં ચાર ઉદયસ્થાનો વૈક્રિય તિર્યંચ અને વૈક્રિય મનુષ્યની અપેક્ષાએજ સમજવાં. કારણ કે મિથ્યાદષ્ટીને અપર્યાપ્ત અવસ્થામાં દેવ અથવા નરક પ્રાયોગ્ય બંધ કરે તેવા વિશુદ્ધ અથવા સંક્લિષ્ટ પરિણામ થતા નથી. પરંતુ સર્વ પર્યાપ્તિએ પર્યાપ્ત મિથ્યાદષ્ટીઓજ દેવ અને નરક પ્રાયોગ્ય બંધ કરી શકે છે. તેમાં પણ વૈક્રિય તિર્યંચ અને મનુષ્યો તેવા પ્રકારના સંક્લિષ્ટ પરિણામી ન હોવાથી અથવા વિવક્ષા કરી ન હોવાથી નરક પ્રાયોગ્ય બંધ કરતા નથી. પરંતુ દેવ પ્રાયોગ્ય બંધ કરી શકે છે.

૨૫ ના ઉદયે વૈક્રિય તિર્યંચના આઠ અને વૈક્રિય મનુષ્યના આઠ એમ ૧૬ ઉદયભાંગા હોય છે. ૨૭ ના ઉદયે પણ એજ પ્રમાણે ૧૬, ૨૮ તથા ૨૯ ના ઉદયે વૈક્રિય

તિર્યંચના ૧૬ અને વૈક્રિય મનુષ્યના ૮ એમ ૨૪-૨૪, ૩૦ ના ઉદયે વૈક્રિય તિર્યંચના ૮, સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચના સ્વરના ઉદયવાળા ૧૧૫૨, સામાન્ય મનુષ્યના ૧૧૫૨, એમ તેવીસસો બાર અને ૩૧ ના ઉદયે સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચના ૧૧૫૨ એમ છ એ ઉદયસ્થાને મળી ૩૫૪૪ ઉદયભાંગા હોય છે.

સામાન્યથી ૯૨-૮૯-૮૮ અને ૮૬ આ ચાર સત્તાસ્થાનો હોય છે. ત્યાં ૨૫-૨૭ ૨૮ અને ૨૯ ના ઉદયે ૯૨-૮૮ બે-બે, માટે ૮, ૩૦ ના ઉદયે ૯૨ આદિ ૪ અને ૩૧ ના ઉદયે ૮૯ વિના ૩ એમ ઉદયસ્થાન ગુણિત સત્તાસ્થાનો ૧૫ હોય છે.

ઉદયભંગવાર વિચારીએ તો ૨૫ ના ઉદયના ૧૬ માં ૯૨-૮૮ બે-બે, તેથી ૩૨, ૨૭ ના ઉદયે પણ એજ રીતે ૩૨, ૨૮ અને ૨૯ ના ઉદયના ૨૪-૨૪ ભાંગાઓમાં આજ ૨-૨ માટે ૪૮-૪૮, ૩૦ ના ઉદયે વૈક્રિય તિર્યંચના ૮ માં આજ ૨-૨, તેથી ૧૬, સ્વર સહિત પંચેન્દ્રિય તિર્યંચના ૧૧૫૨ ભાંગામાં ૯૨-૮૮ અને ૮૬ આ ત્રણ-ત્રણ માટે ૩૪૫૬ અને મનુષ્યના ૧૧૫૨માં ૯૨ આદિ, ૪ તેથી ૪૬૦૮ એમ કુલ (૮૦૮૦) આઠ હજાર એંશી ૩૧ ના ઉદયના ૧૧૫૨માં ૯૨-૮૮ અને ૮૬ એ ૩-૩ તેથી ચોત્રીશસો છપ્પન એમ ઉદય ભંગ ગુણિત સર્વ સત્તાસ્થાનો (૧૧૬૯૬) અગિયાર હજાર છસો છન્નું થાય છે.

ત્યાં દેવ પ્રાયોગ્ય ૨૮ ના બંધે ઉપર બતાવેલ ૨૫ આદિ ૬ ઉદયસ્થાન અને (૩૫૪૪) પાંત્રીસસો ચુમ્માલીશ ઉદયભાંગા હોય છે. પરંતુ ૯૨-૮૮ અને ૮૬ એમ સામાન્યથી ૩ અને પ્રથમના ચાર ઉદયસ્થાનોમાં ૯૨-૮૮ તેથી ૮, ૩૦ અને ૩૧ ના ઉદયે ૯૨ આદિ ૩-૩ માટે ૬ એમ ઉદયસ્થાન ગુણિત સત્તાસ્થાનો ૧૪ અને ઉદયભંગવાર વિચારીએ તો ૨૫ અને ૨૭ ના ઉદયે ૩૨-૩૨, ૨૮-અને ૨૯ ના ઉદયે ૪૮-૪૮ અને ૩૦ ના ઉદયના વૈક્રિય તિર્યંચના ૮ માં ૯૨-૮૮ તેથી ૧૬ અને શેષ તેવીશસો બારમાં ૩-૩ તેથી છ હજાર નવસો બાર અને ૩૧ ના ઉદયે ચોત્રીશસો છપ્પન એમ ઉદયભંગ ગુણિત કુલ સત્તાસ્થાનો દશ હજાર પાંચસો ચુમ્માલીશ થાય.

નરક પ્રાયોગ્ય ૨૮ ના બંધે ૩૦ અને ૩૧ આ બે જ ઉદયસ્થાનો હોય છે. ત્યાં ૩૦ ના ઉદયે સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચના સ્વરના ઉદયવાળા ૧૧૫૨ અને મનુષ્યના ૧૧૫૨ એમ ત્રેવીશસો ચાર અને ૩૧ના ઉદયના પંચેન્દ્રિય તિર્યંચના અગ્યારસો બાવન એમ ૩૪૫૬ ઉદયભાંગા હોય છે.

સત્તાસ્થાન સામાન્યથી ૯૨ આદિ ૪, ત્યાં ૩૦ ના ઉદયે ૪, કારણ કે પૂર્વે નરકાયુ બાંધી ક્ષયોપશમ સમ્યક્ત્વ પામી જિનનામનો નિકાચિત બંધ કરી મનુષ્ય નરકાભિમુખ અવસ્થામાં મિથ્યાત્વ પામી નરક પ્રાયોગ્ય ૨૮ નો બંધ કરે ત્યારે ૮૯ નું સત્તાસ્થાનક ઘટી શકે છે. પણ દેવ પ્રાયોગ્ય ૨૮ ના બંધમાં ઘટતું નથી. ૩૧ ના ઉદયે ૮૯ વિના ૩ એમ બન્ને ઉદયસ્થાને મળી સાત સત્તાસ્થાનો થાય.

ત્યાં ૩૦ ના ઉદયે મનુષ્યના ૧૧૫૨માં ૪–૪ માટે છેંતાલીશસો આઠ અને સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચના ૧૧૫૨માં ૮૯ વિના ૩–૩ માટે ચોત્રીશસો છપ્પન એમ કુલ ૮૦૬૪ અને ૩૧ ના ઉદયના ૧૧૫૨માં ૮૯ વિના ૩–૩ તેથી ૩૪૫૬, એમ ઉદયભંગ ગુણિત કુલ સત્તાસ્થાનો (૧૧૫૨૦) અગિયાર હજાર પાંચસો વીશ થાય.

અહીં ૨૯ નો બંધ વિકલેન્દ્રિય, પં. તિર્યંચ અને મનુષ્ય પ્રાયોગ્ય જ થાય છે. પરંતુ જિનનામ સહિત દેવ પ્રાયોગ્ય થતો નથી. આ વાત ધ્યાનમાં રાખવી.

સામાન્યથી ૨૯ ના બંધે કેવળી ભગવંતને જ ઘટે એવા ૨૦–૯ અને ૮ આ ત્રણ સિવાયનાં ૨૧ અને ૨૪ થી ૩૧ પર્યંતનાં ૯ ઉદયસ્થાનો અને કેવળી ભગવંતને જ સંભવતા ૮ તેમજ મુનિને જ સંભવતા ઉદ્યોતના ઉદયવાળા ઉત્તર વૈક્રિયના ૩ અને આહારકના ૭ એમ ૧૮ વિના શેષ સાત હજાર સાતસો તહોંતેર ઉદયભાંગા હોય છે. અને ઉદયસ્થાનવાર મિથ્યાદષ્ટીને ઉપર ૨૧ આદિના ઉદયે જે બતાવવામાં આવેલ છે. તેજ પ્રમાણે સમજવા.

સામાન્યથી સત્તાસ્થાન પહેલે ગુણસ્થાનકે સંભવતાં ૯૨ આદિ ૬ હોય છે. અને ઉદયસ્થાનવાર વિચારીએ તો ૨૩ ના બંધમાં બતાવ્યા મુજબ ૨૧ આદિ પ્રથમના ચાર ઉદયસ્થાનોમાં ૮૯ વિના ૫–૫ તેથી ૨૦, અને ૨૭ થી ૩૧ સુધીનાં ૫ ઉદયસ્થાનોમાં ૯૨–૮૮–૮૬ અને ૮૦ એ ૪-૪ તેથી ૨૦ એમ કુલ ૪૦, તેમજ નરકાયુ બાંધી ક્ષયોપશમ સમ્યક્ત્વ પામી નિકાચિત જિનનામનો બંધ કરી મનુષ્ય મિથ્યાત્વ પામી નરકમાં જાય ત્યારે અપર્યાપ્ત અવસ્થામાં તે મનુષ્ય પ્રાયોગ્ય ૨૯ નો બંધ કરે છે. અને તેને જિનનામ સત્તામાં હોવાથી નરકના ૨૧ આદિ પોતાના પાંચે ઉદયસ્થાનોમાં તેવા જીવને એક ૮૯નું સત્તાસ્થાન વધારે હોવાથી કુલ ઉદયસ્થાન ગુણિત સત્તાસ્થાનો ૪૫ થાય છે.

ઉદયભંગવાર સત્તાસ્થાનો આ પ્રમાણે—

૨૧ ના ઉદયે એકેન્દ્રિયના ૫, વિકલેન્દ્રિયના ૯, પંચેન્દ્રિય તિર્યંચના ૯, આ ૨૩ ભાંગાઓમાં ૮૯ વિના ૫–૫ તેથી ૧૧૫, મનુષ્યના ૯ માં ૯૨–૮૮–૮૬ અને ૮૦ આ ૪–૪ માટે ૩૬, દેવતાના આઠમાં ૯૨–૮૮ એમ ૨–૨ તેથી ૧૬, નારકના એકમાં ૯૨–૮૯ અને ૮૮ એમ ૩ કુલ ૧૭૦ સત્તાસ્થાનો.

૨૪ ના ઉદયના ૧૧ ભાંગામાં પહેલાંની જેમ ૫૩,

૨૫ ના એકેન્દ્રિયના સાતમાં પહેલાંની જેમ ૨૯, વૈક્રિય તિર્યંચના ૮, વૈક્રિય મનુષ્યના ૮, દેવતાના ૮, આ ૨૪ માં ૯૨–૮૮ બે–બે તેથી ૪૮ અને નારકના એકમાં ૯૨ આદિ ત્રણ, કુલ ૮૦,

૨૬ ના એકેન્દ્રિયના ૧૩ માં પહેલાંની જેમ ૫૩, વિકલેન્દ્રિયના ૯ અને પં. તિ. ના ૨૮૯ આ ૨૯૮ માં ૮૯ વિના ૫-૫ માટે ૧૪૯૦ અને મનુષ્યના ૨૮૯ માં ૮૯ અને ૭૮ વિના ૪-૪ તેથી ૧૧૫૬ એમ કુલ બે હજાર છસ્સો નવ્વાણું.

૨૭ ના વૈક્રિય તિર્યંચના ૮, વૈ. મનુ. ના ૮ અને દેવતાના ૮ આ ૨૪ માં ૯૨-૮૮ બે-બે, માટે ૪૮, એકેન્દ્રિયના ૬ માં ૮૯ અને ૭૮ વિના ૪-૪ માટે ૨૪, અને નારકના એકમાં ૯૨ આદિ ૩ એમ ૭૫ સત્તાસ્થાનો થાય.

૨૮ ના ઉદયે વૈ. તિર્યંચના ૧૬ વક્રિય મનુષ્યના ૮, અને દેવતાના ૧૬, આ ૪૦ માં ૯૨-૮૮ બે-બે માટે ૮૦, નારકના એકમાં ૯૨ આદિ ૩, શેષ ૧૧૫૮ માં ૯૨-૮૮-૮૬ અને ૮૦ આ ૪-૪ તેથી ૪૬૩૨. કુલ ચાર હજાર સાતસો પંદર,

૨૯ ના વૈક્રિય તિ. ના ૧૬, દેવતાના ૧૬ અને વૈ. મનુષ્યના ૮ આ ૪૦ માં ૯૨-૮૮ બે-બે, માટે ૮૦, નારકના એકમાં ૯૨ આદિ ૩ અને શેષ સત્તરસો ચાલીશમાં ૯૨-૮૮-૮૬ અને ૮૦ આ ૪-૪, તેથી છ હજાર નવસો સાઠ એમ કુલ સાત હજાર તેંતાલીશ.

૩૦ ના વૈક્રિય તિર્યંચના ૮, દેવતાના ૮, આ ૧૬ માં ૯૨-૮૮ એમ ૨-૨ તેથી ૩૨, શેષ ૨૮૯૮માં ૯૨-૮૮-૮૬ અને ૮૦ આ ૪-૪ તેથી અગિયાર હજાર પાંચસો બાણું એમ કુલ અગિયાર હજાર છસો ચોવીશ,

૩૧ ના ઉદયના ૧૧૬૪માં ૯૨-૮૮-૮૬ અને ૮૦ આ ૪-૪ માટે છેંતાલીશસો છપ્પન એમ નવે ઉદયસ્થાને મળી ઉદયભંગ ગુણિત સર્વ સત્તાસ્થાનો (૩૧૧૧૫) એકત્રીશ હજાર એકસો પંદર થાય છે.

૩૦ ના બંધસ્થાનનો સંવેધ:-જિનનામ સહિત મનુષ્ય પ્રાયોગ્ય ૩૦ નો બંધ સમ્યક્દષ્ટી દેવો અને નારકો જ કરે છે. આહારકદ્વિક સહિત દેવ પ્રાયોગ્ય ૩૦ નો બંધ મુનિઓ જ કરી શકે છે. માટે અહીં તે બંધ સંભવતો નથી. પરંતુ ઉદ્યોત સહિત વિકલેન્દ્રિય અને પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય જે ૩૦ નો બંધ હોય છે તે જ સંભવે છે.

ત્યાં ૨૯ ના બંધમાં બતાવ્યા મુજબ ઉદયસ્થાન ૯ અને ઉદયભંગ (૭૭૭૩) સાતહજાર સાતસો તહોંતેર હોય છે.

૨૧ આદિ નવે ઉદયસ્થાને ઉદયભંગની સંખ્યા પણ ૨૯ ના બંધની જેમજ છે. અહીં સામાન્યથી ૮૯ વિના ૯૨ આદિ પાંચ અને પ્રથમના ચાર ઉદયસ્થાનમાં ૫-૫ માટે ૨૦ અને ૨૭ આદિ પાંચ ઉદયસ્થાનમાં ૭૮ વિના ૪-૪ તેથી ૨૦, એમ ઉદયસ્થાન ગુણિત સત્તાસ્થાનો ૪૦ હોય છે. અહીં નારકો મિથ્યાત્વ અવસ્થામાં ૩૦ નો બંધ ઉદ્યોત સહિત પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય જ કરે છે. માટે મિથ્યાદષ્ટી નારકને ૮૯ નું સત્તાસ્થાન ઘટતું નથી.

ઉદયભંગ વાર સત્તાસ્થાનો ૨૯ ના બંધમાં બતાવ્યા પ્રમાણે જ હોય છે. માત્ર નારકના પોતાના પાંચ ઉદયભંગમાં ૨૯ ના બંધે ૯૨ આદિ ત્રણ સત્તાસ્થાનો હોય છે. પરંતુ અહીં ૮૯ નું ન હોવાથી ૯૨–૮૮ બેજ સમજવાં. તેથી ૨૯ ના બંધમાં બતાવેલ ૨૧–૨૫–૨૭–૨૮ અને ૨૯ આ પાંચ ઉદયસ્થાનોમાં એક–એક સત્તાસ્થાન ઓછું હોવાથી અનુક્રમે ૧૧૯, ૭૯, ૭૪, ૪૭૧૪ અને ૭૦૪૨ સત્તાસ્થાનો સમજવાં.

એમ નારકના પાંચ ભાંગામાં ૮૯ નું સત્તાસ્થાન ન હોવાથી કુલ ઉદય ભંગ ગુણિત સત્તાસ્થાનો (૩૧૧૧૫) એકત્રીસ હજાર એકસો પંદર ને બદલે પાંચ ઓછા હોવાથી (૩૧૧૧૦) એકત્રીશ હજાર એકસો દશ થાય. છે.

સાસ્વાદન ગુણસ્થાનક

આ ગુણસ્થાનકવાળા અપર્યાપ્ત, એકેન્દ્રિય, વિકલેન્દ્રિય તેમજ નરક પ્રાયોગ્ય બંધ કરતા નથી. તેથી ૨૩ આદિ પ્રથમનાં ૩ બંધસ્થાનો નથી. અને નરક પ્રાયોગ્ય બંધસ્થાન પણ નથી. તથા યતિને જ સંભવતા ૩૧ અને ૧ નાં બંધસ્થાનો પણ અહીં હોતાં નથી. અહીં માત્ર દેવ પ્રાયોગ્ય ૨૮ અને પંચેન્દ્રિય તિર્યંચ તથા મનુષ્ય પ્રાયોગ્ય ૨૯ અને ઉદ્યોત સહિત પં.તિ. પ્રાયોગ્ય ૩૦ નું એમ ૩ બંધસ્થાનો હોય છે.

ત્યાં દેવપ્રાયોગ્ય ૨૮ ના બંધના આઠ ભાંગા અને આ ગુણસ્થાનકે છેવઠ્ઠું સંઘયણ અને હુંડક સંસ્થાનનો બંધ ન હોવાથી ૬ ને બદલે વારાફરતી પ્રથમનાં ૫ સંઘયણ અને ૫ સંસ્થાનો જ બંધાય છે, માટે ૫ સંઘયણને ૫ સંસ્થાને ગુણતાં ૨૫, તેને બે વિહાયોગતિએ ગુણતાં ૫૦ અને તેને સ્થિર–અસ્થિરે ગુણતાં ૧૦૦, શુભ-અશુભે ગુણતાં ૨૦૦, સૌભાગ્ય–દૌર્ભાગ્યે ગુણતાં ૪૦૦, બે સ્વરે ગુણતાં ૮૦૦, આદેય–અનાદેયે ગુણતાં ૧૬૦૦ અને યશ–અયશે ગુણતાં ૩૨૦૦ ભાંગા થાય. પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય ૨૯ ના બંધના આ પ્રમાણે ૩૨૦૦ અને મનુષ્ય પ્રાયોગ્ય ૨૯ ના બંધના પણ ૩૨૦૦ એમ કુલ (૬૪૦૦) ચોસઠસો અને ઉદ્યોત સહિત પં.તિ. પ્રાયોગ્ય ૩૦ ના બંધના પણ ૩૨૦૦ એમ ત્રણે બંધસ્થાનના મળી ૯૬૦૮ છન્નુસો આઠ બંધભાંગા હોય છે.

સામાન્યથી આ ગુણસ્થાનકે ૨૧–૨૪–૨૫–૨૬–૨૯–૩૦ અને ૩૧ આ સાત ઉદયસ્થાનો હોય છે. અનાદિ મિથ્યાદષ્ટી ત્રણ કરણ કરી ઉપશમ સમ્યક્ત્વ પામી પડતાં સાસ્વાદને આવી સાસ્વાદન સમ્યક્ત્વ સહિત કાળ કરી નરકવિના યથાસંભવ ત્રણ ગતિમાં ઉત્પન્ન થાય છે. અને સાસ્વાદનનો કાળ ઉત્કૃષ્ટથી પણ છ આવલિકા જ હોય છે. તેથી પરભવથી સાસ્વાદન ગુણસ્થાનક લઇ જીવ જ્યાં ઉત્પન્ન થાય ત્યાં પોતપોતાના પહેલા બે ઉદયસ્થાનોમાં સાસ્વાદનનો સંભવ છે. તેથી એકેન્દ્રિયમાં ૨૧ અને ૨૪, દેવતામાં ૨૧ અને ૨૫ અને મનુષ્ય-તિર્યંચોમાં ૨૧ અને ૨૬, એમ પ્રથમનાં આ ચાર ઉદયસ્થાનો ઘટી શકે છે.

શરીર પર્યાપ્તિ પૂર્ણ થતાં અન્તર્મુહૂર્ત લાગે છે. અને પોતાના શરૂઆતના બે ઉદય-સ્થાન પછીનાં એટલે એકેન્દ્રિયને ૨૫, દેવતાને ૨૭ અને ૨૮ અને શેષ જીવોને ૨૮ અને ૨૯ નાં ઉદયસ્થાનો શરીર પર્યાપ્તિ પૂર્ણ થયા બાદ સર્વ પર્યાપ્તિ પૂર્ણ થયા પહેલાં જ હોય છે. માટે અનેક જીવો આશ્રયીને પણ ૨૭ અને ૨૮ નું ઉદયસ્થાન સંભવતું નથી.

સર્વ પર્યાપ્તએ પર્યાપ્તિની અપેક્ષાએ દેવો અને નારકોને ૨૯ નું તેમજ પંચેન્દ્રિય તિર્યંચોને ૩૦ અને ૩૧ અને મનુષ્યની અપેક્ષાએ ૩૦ નું એમ ૨૯ આદિ ૩ ઉદયસ્થાનો પર્યાપ્ત અવસ્થામાં ઉપશમ સમ્યક્ત્વ પામી સાસ્વાદને આવે તે અપેક્ષાએ હોય છે.

ઉત્તર વૈક્રિય શરીરની અપેક્ષાએ ચારે ગતિના જીવોમાં ૨૫-૨૭ અને ૨૮ આદિ ઉદયસ્થાનો અને તેના ઉદયભાંગાઓ કદાચ આવી શકે. પરંતુ કોઈપણ સ્થાને બતાવેલ નથી. માટે કાંતો ક્વચિત્ અને અલ્પકાલીન હોવાથી તેની વિવક્ષા કરવામાં આવેલ નથી. અથવા તો આ ગુણસ્થાનક અલ્પકાલીન હોવાથી અહીં ઉત્તર વૈક્રિય શરીર બનાવતા જ નહીં હોય. તત્ત્વ તો અતિશય જ્ઞાની જાણે.

ઉદયસ્થાનવાર તથા કુલ ઉદયભંગની સંખ્યા:

૨૧ ના ઉદયે બાદર પર્યાપ્તના યશ અને અયશના ૨, પર્યાપ્ત નામકર્મના ઉદય વાળા વિકલેન્દ્રિયના છ, પં. તિ. ના આઠ, મનુષ્યના આઠ અને દેવતાના આઠ એમ ૩૨,

૨૪ ના એકેન્દ્રિયના બાદર પર્યાપ્ત પ્રત્યેકના યશ-અયશ સાથે ના બે જ ભાંગા હોય, કારણ કે આ ગુણસ્થાનક લઈ સૂક્ષ્મ, અપર્યાપ્ત, સાધારણ તેમજ નરકમાં જીવ ઉત્પન્ન થતો નથી. માટે તે સંબંધી ઉદયભાંગા તે તે ઉદયસ્થાનમાં સંભવતા નથી. એમ સર્વત્ર સમજવું.

૨૫ ના દેવતાના ૮,

૨૬ ના પર્યાપ્ત નામકર્મના ઉદયવાળા વિકલેન્દ્રિય ના ૬, પંચેન્દ્રિય તિર્યંચ ના ૨૮૮ અને મનુષ્યના ૨૮૮ એમ ૫૮૨,

૨૯ ના સ્વર સહિતના દેવતાના ૮, અને નારકનો ૧ એમ ૯,

૩૦ ના દેવતાના ૮, સ્વર સહિત પં. તિર્યંચના ૧૧૫૨ અને મનુષ્યના ૧૧૫૨ એમ તેવીશસો બાર,

૩૧ ના પંચેન્દ્રિય તિર્યંચના (૧૧૫૨).

એમ સાતે ઉદયસ્થાને મળી (૪૦૯૭) ચાર હજાર સત્તાણું ઉદયભાંગા હોય છે.

અહીં સામાન્યથી ૯૨ અને ૮૮ આ બે સત્તાસ્થાનો હોય છે. પણ શેષ સત્તા-સ્થાનો ઘટતાં નથી, કારણ કે જિનનામની સત્તાવાળા તથાસ્વભાવે બીજે અને ત્રીજા ગુણસ્થાનકે

જતાં નથી. માટે ૯૩ અને ૮૯ તેમજ ક્ષપકશ્રેણીમાં જ સંભવતાં હોવાથી ૭૯ આદિ ૫ આ ૭ સત્તાસ્થાનો અહીં ઘટતાં નથી. ૭૮ અને ૮૬ નું સત્તાસ્થાન એકેન્દ્રિયમાં અથવા એકેન્દ્રિયમાંથી આવેલ જીવોને અમુક અલ્પ કાળ સુધી પહેલે ગુણસ્થાનકે જ હોય છે. તેમજ ૮૦ નું સત્તાસ્થાન પહેલે અથવા ક્ષપકશ્રેણીમાંજ હોય છે. માટે તેમનો અહીં સંભવ નથી.

અનાદિ મિથ્યાદષ્ટી ત્રણ કરણ કરી ઉપશમ સમ્યક્ત્વ પામી અન્તઃકરણમાં વર્ત્તતો કોઈક મનુષ્ય પ્રમત્ત અને અપ્રમત્ત ગુણસ્થાનકને પણ પ્રાપ્ત કરે છે. પરંતુ તે વખતે તેવી વિશુદ્ધિ ન હોવાથી સાતમે ગુણસ્થાનકે પણ તે આહારક ચતુષ્કનો બંધ કરતા નથી. એમ લાગે છે. અને તેથી જ મનુષ્યના ૩૦ ના ઉદયસ્થાન સિવાયના અન્ય કોઈ ઉદયસ્થાનમાં ૯૨ નું સત્તાસ્થાન ટીકાકારે બતાવેલ નથી.

ઉપશમ સમ્યક્ત્વ પામી ઉપશમશ્રેણિ કરનાર જીવોને આહારક ચતુષ્કની સત્તા હોય છે. અને તેવા જીવો ઉપશમ શ્રેણીથી પડતાં સાસ્વાદને આવી કાળ કરી દેવલોકમાં જઈ શકે છે, તો તેવા જીવોને દેવમાં ૨૧ અને ૨૫ આ બે ઉદયસ્થાનોમાં ૯૨ નું સત્તાસ્થાન ઘટી શકે છે. પરંતુ ટીકાકારશ્રીએ ક્યાંય પણ બતાવેલ નથી. માત્ર મનુષ્યને ૩૦ ના ઉદયસ્થાનમાંજ ૯૨ નું સત્તાસ્થાન બતાવેલ છે. ૨૧ અને ૨૫ ના ઉદયસ્થાનમાં બતાવેલ નથી. તેનું કારણ અલ્પકાલીન અને ક્વચિત્ હોવાથી વિવક્ષા ન કરી હોય એમ લાગે છે, નહિં તો દેવોને મનુષ્ય પ્રાયોગ્ય ૨૯ અને તિર્યંચ પ્રાયોગ્ય ૨૯ અને ૩૦ ના બંધે ૨૧-અને ૨૫ ના ઉદયસ્થાનમાં પણ ૯૨ નું સત્તાસ્થાન સંભવી શકે. તત્ત્વ તો બહુશ્રુતો જાણે.

૨૮ ના બંધનો સંવેધ :-દેવ પ્રાયોગ્ય ૨૮ ના બંધે મનુષ્યને ૩૦ નું અને તિર્યંચોને ૩૦ અને ૩૧ એમ ૨ ઉદયસ્થાનો હોય છે.

ત્યાં ૩૦ના ઉદયના મનુષ્યના ૧૧૫૨ અને સ્વર સહિત તિર્યંચના ૧૧૫૨ એમ તેવીશસો ચાર અને ૩૧ ના ઉદયે તિર્યંચના અગિયારસો બાવન એમ બન્ને ઉદયસ્થાને મળી (૩૪૫૬) ચોત્રીશસો છપ્પન ઉદયભાંગા હોય છે. સામાન્યથી સત્તાસ્થાન ૨, ૩૦ના ઉદયે પણ બે જ અને ૩૧ ના ઉદયે ૮૮ નું એક, એમ ઉદયસ્થાન ગુણિત સત્તાસ્થાન ૩ થાય.

૩૦ ના ઉદયે મનુષ્યના ૧૧૫૨માં ૯૨-૮૮ એમ બે-બે હોવાથી ૨૩૦૪ અને તિર્યંચના ૧૧૫૨ ભાંગામાં ૮૮ નું ૧ માટે કુલ ચોત્રીશસો છપ્પન અને ૩૧ ના ઉદયે ૧૧૫૨ એમ ઉદયભંગ ગુણિત સત્તાસ્થાનો છેંતાલીશસો આઠ થાય.

૨૯-તથા ૩૦ ના બંધનો સંવેધ-પં. તિર્યંચ અને મનુષ્ય પ્રાયોગ્ય ૨૯ ના બંધે તેમજ ઉદ્યોત સહિત પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય ૩૦ ના બંધે આ ગુણસ્થાનકમાં

સામાન્યથી બતાવ્યા મુજબ ૨૧ આદિ ૭ ઉદયસ્થાનો અને દરેક ઉદયસ્થાને ભંગ સંખ્યા તેમજ કુલ ભંગ સંખ્યા હોય છે. સત્તાસ્થાન અહીં પણ સામાન્યથી ૨, ત્યાં પ્રથમનાં ૫, અને ૩૧ આ છ ઉદયસ્થાનમાં ૮૮ નું એક-એક તેથી ૬, અને ૩૦ના ઉદયસ્થાનમાં ૨, એમ ઉદયસ્થાન ગુણિત સત્તાસ્થાનો ૮-૮ હોય છે.

ઉદયભંગવાર વિચારીએ તો પણ માત્ર ૩૦ ના ઉદયના મનુષ્યના ૧૧૫૨ ભાંગામાં ૨-૨ અને શેષ સર્વ ભાંગાઓમાં ૮૮ નું એક-એક જ હોય છે, તેથી જે જે ઉદયસ્થાન-માં જેટલા ઉદયભંગ છે. તેટલા જ ઉદયભંગ ગુણિત સત્તાસ્થાનો હોય છે. માત્ર ૩૦ ના ઉદયસ્થાનમાં મનુષ્યના ૧૧૫૨ ભાંગામાં ૯૨ નું સત્તાસ્થાન પણ હોય છે. તેથી આ ઉદયસ્થાનમાં ઉદયભંગની સંખ્યાથી ઉદયભંગ ગુણિત સત્તાસ્થાનો માત્ર અગિયારસો બાવન વધારે હોય છે. તે આ પ્રમાણે-

૨૧ નાં ૩૨, ૨૪ ના ૨, ૨૫ નાં ૮, ૨૬ નાં ૫૮૨, ૨૯ નાં ૯, ૩૦ નાં ૩૪૬૪ અને ૩૧ નાં ૧૧૫૨ એમ કુલ ઉદયભંગ ગુણિત સત્તાસ્થાનો (૫૨૪૯) બાવનસો ઓગણપચાસ થાય છે.

મિશ્ર ગુણસ્થાનક- :

મનુષ્ય અને તિર્યંચો માત્ર દેવ પ્રાયોગ્ય ૨૮નો બંધ કરે છે. અને દેવો તથા નારકો માત્ર મનુષ્ય પ્રાયોગ્ય ૨૯ નો જ બંધ કરે છે. તેથી આ બેજ બંધસ્થાનો હોય છે. શેષ બંધસ્થાનો મિથ્યાદષ્ટી અને સમ્યક્દૃષ્ટીને જ ઘટતાં હોવાથી અહીં સંભવતાં નથી.

ત્યાં દેવ પ્રાયોગ્ય ૨૮ ના બંધના ૮ તેમજ મનુષ્ય પ્રાયોગ્ય ૨૯ ના બંધસ્થાનમાં પણ આ ગુણસ્થાનકે અસ્થિર-અશુભ અને અયશ સિવાય કોઈપણ પરાવર્તમાન અશુભ પ્રકૃતિનો બંધ નહોવાથી ૮ ભાંગા હોય છે. એમ કુલ ૧૬ બંધભાંગા અહિં હોય છે.

આ ગુણસ્થાનક સર્વ પર્યાપ્તિએ પર્યાપ્ત અવસ્થામાં જ હોય છે. માટે દેવો અને નારકોની અપેક્ષાએ ૨૯ અને મનુષ્ય તેમજ તિર્યંચની અપેક્ષાએ ૩૦ અને તિર્યંચની અપેક્ષાએ ૩૧ એમ ૩ ઉદયસ્થાનો હોય છે. જોકે પર્યાપ્ત અવસ્થામાં ઉત્તર વૈક્રિય શરીર બનાવે તો ૨૫ આદિ ઉદયસ્થાનો પણ ઘટી શકે. પરંતુ આ ગુણસ્થાનકે કોઇપણ સ્થાને વૈક્રિય મિશ્ર યોગ બતાવેલ નથી તેથી કાં તો આ ગુણસ્થાનકે કોઈપણ જીવો ઉત્તર વૈક્રિય શરીર બનાવતાજ ન હોય અથવા તો તેની વિવક્ષા નહીં કરી હોય, એમ પંચસંગ્રહ પ્રથમદ્વારમાં ટીકાકાર મહર્ષિએ જણાવેલ છે. માટે શેષ ઉદયસ્થાનો અહીં સંભવતાં નથી.

આ ગુણસ્થાનકે ઉત્તર વૈક્રિય શરીર ન બનાવે એમ માનીએ તોપણ દેવોના ઉત્તર વૈક્રિય શરીરનો ઉત્કૃષ્ટ કાળ ૧૫ દિવસ અને પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યના વૈક્રિય

શરીરનો ઉત્કૃષ્ટ કાળ ચાર મુહૂર્ત પ્રમાણ છે. એટલે ઉત્તર વૈક્રિય શરીર બનાવ્યા પછી દેવો તથા તિર્યંચોને ઉદ્યોત સહિત ૩૦નું અને મનુષ્યોને ઉદ્યોત વિના ૨૯નું ઉદયસ્થાન હોય તે દરમ્યાન મિશ્ર ગુણસ્થાનક પામે તો આ જીવોની અપેક્ષાએ આ ઉદયસ્થાનોના ઉત્તર વૈક્રિયના ભાંગાઓ પણ હોય, પરંતુ કોઈપણ ગ્રંથમાં ઉત્તર વૈક્રિય આશ્રયી ભાંગાઓ બતાવેલ નથી. તેનું કારણ કેવળી ભગવંત જાણે.

ત્યાં ૨૯ ના ઉદયે સ્વરના ઉદયવાળા દેવતાના ૮ અને નારકનો ૧ એમ ૯, ૩૦ ના ઉદયે સ્વરવાળા પં. તિ. ના ૧૧૫૨, મનુષ્યના ૧૧૫૨, એમ (૨૩૦૪) ત્રેવીશસો ચાર અને ૩૧ ના ઉદયે પંચેન્દ્રિય તિર્યંચના ૧૧૫૨, એમ કુલ (૩૪૬૫) ચોત્રીશસો પાંસઠ ઉદયભાંગા હોય છે.

સામાન્યથી અહીં પણ ૯૨–૮૮ એમ બે અને ત્રણે ઉદયસ્થાને પણ ૨–૨ માટે ઉદયસ્થાન ગુણિત સત્તાસ્થાનો ૬, ઉદયભંગવાર આ પ્રમાણે :–૨૯ ના ઉદયે ૯ ભાંગામાં ૨–૨ માટે ૧૮, ૩૦ ના ઉદયના ૨૩૦૪ ઉદયભાંગામાં ૨–૨ તેથી ૪૬૦૮ અને ૩૧ ના ઉદયે પણ ૧૧૫૨માં ૨–૨ માટે ૨૩૦૪, એમ કુલ ઉદયભંગ ગુણિત સત્તાસ્થાનો (૬૯૩૦) છ હજાર નવસો ત્રીશ હોય છે.

સંવેધ :—૨૮ ના બંધે ૩૦ અને ૩૧ આ ૨ ઉદયસ્થાનો છે. ત્યાં ૩૦ ના ઉદયે ઉપર બતાવેલ ૨૩૦૪ અને ૩૧ના ઉદયે ૧૧૫૨, એમ (૩૪૫૬) ચોત્રીશસો છપ્પન ઉદયભાંગા હોય છે. સામાન્યથી ૨ અને બન્ને ઉદયસ્થાને પણ ૨–૨ હોવાથી ઉદયસ્થાન ગુણિત સત્તાસ્થાન ૪ હોય છે, અને બંને ઉદયસ્થાનના દરેક ઉદયભાંગામાં ૨–૨ હોવાથી ૩૦ ના ઉદયે ૪૬૦૮ અને ૩૧ ના ઉદયે ૨૩૦૪, એમ ઉદયભંગ ગુણિત કુલ સત્તાસ્થાનો (૬૯૧૨) છ હજાર નવસો બાર હોય છે.

૨૯ ના બંધે દેવો અને નારકોની અપેક્ષાએ ૨૯ નું એક જ ઉદયસ્થાન અને ઉપર બતાવેલ નવ ઉદયભાંગા તેમજ સામાન્યથી અને ઉદયસ્થાન ગુણિત સત્તાસ્થાનો ૨ હોય છે. અને દરેક ભાંગામાં બન્ને સત્તાસ્થાનોનો સંભવ હોવાથી ઉદયભંગ ગુણિત સત્તાસ્થાનો ૧૮ હોય છે.

અવિરત સમ્યગ્દષ્ટી ગુણસ્થાનક :—

આ ગુણસ્થાનકે પણ મિશ્ર ગુણસ્થાનકની જેમ મનુષ્ય અને તિર્યંચો માત્ર દેવપ્રાયોગ્ય અને દેવો તથા નારકો માત્ર મનુષ્ય પ્રાયોગ્ય બંધ કરે છે. પરંતુ અહીં જિનનામના બંધનો પણ સંભવ હોવાથી મનુષ્યો જિનનામ સહિત દેવપ્રાયોગ્ય ૨૯ નો અને દેવો તથા નારકો જિનનામ સહિત મનુષ્ય પ્રાયોગ્ય ૩૦ નો બંધ પણ કરી શકે છે. માટે સામાન્યથી ૨૮–૨૯ અને ૩૦ આ ત્રણ બંધસ્થાનો હોય છે. તેમજ અહીં

અસ્થિરદ્વિક અને અયશ સિવાય પરાવર્તમાન કોઈ પણ અશુભ પ્રકૃતિઓ બંધમાં આવતી નથી. માટે દેવ પ્રાયોગ્ય ૨૮ ના બંધ ના ૮ અને મનુષ્ય પ્રાયોગ્ય ૨૯ ના બંધના ૮ એમ ૧૬ અને જિનનામ સહિત દેવ પ્રાયોગ્ય ૨૯ તથા મનુષ્ય પ્રાયોગ્ય ૩૦ ના બંધે ૮-૮ એમ ત્રણે બંધસ્થાનના કુલ ૩૨ બંધભાંગા હોય છે.

સામાન્યથી કેવળીમાં જ સંભવતાં ૨૦-૯ અને ૮ તેમજ એકેન્દ્રિયમાં ચોથું ગુણસ્થાનક ન હોવાથી અને ૨૪ નું ઉદયસ્થાન માત્ર એકેન્દ્રિયને જ હોવાથી ૨૪ નું આ ૪ વિના ૨૧ અને ૨૫ થી ૩૧ પર્યંતનાં ૮ ઉદયસ્થાનો હોય છે.

ઉદયભાંગા :-એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, યતિ, કેવળી તેમજ લબ્ધિ અપર્યાપ્ત જીવોમાં આ ગુણસ્થાનક ન હોવાથી એકેન્દ્રિયના ૪૨, વિકલેન્દ્રિયના ૬૬, આહારક અને ઉદ્યોત સહિત વૈક્રિય યતિના ૧૦, કેવળીના ૮ અને લબ્ધિ અપર્યાપ્ત મનુષ્ય અને પંચેન્દ્રિય તિર્યંચના ૨૧ અને ૨૬ ના ઉદયના ૨-૨ એમ ૧૩૦ ઉદયભાંગા અહીં ઘટતા નથી. માટે તે સિવાયના આઠે ઉદયસ્થાને મળી સામાન્યથી સાત હજાર છસો એકસઠ ઉદયભાંગા હોય છે.

ઉદયસ્થાનવાર ભંગ સંખ્યા :-૨૧ ના ઉદયે પર્યાપ્ત નામકર્મના ઉદયવાળા પંચેન્દ્રિય તિર્યંચના ૮, મનુષ્યના ૮, દેવતાના ૮, અને નારકનો ૧ એમ ૨૫, ૨૫ ના વૈક્રિય તિર્યંચના ૮, વૈક્રિય મનુષ્યના ૮, દેવતાના ૮ અને નારકનો ૧ એમ ૨૫, ૨૬ના પર્યાપ્ત નામકર્મના ઉદયવાળા પંચેન્દ્રિય તિર્યંચના ૨૮૮ તથા મનુષ્યના ૨૮૮, કુલ ૫૭૬, ૨૭ ના ઉદયે ૨૫ના ઉદયની જેમ ૨૫, ૨૮ ના ઉદયે પંચેન્દ્રિય તિર્યંચના ૫૭૬, મનુષ્યના ૫૭૬, વૈક્રિય તિર્યંચના ૧૬, વૈક્રિય મનુષ્યના ૮, દેવતાના ૧૬, અને નારકનો ૧ કુલ ૧૧૯૩, ૨૯ ના ઉદયે પંચેન્દ્રિય તિર્યંચના ૧૧૫૨, મનુષ્યના ૫૭૬, વૈક્રિયતિર્યંચના ૧૬, વૈક્રિય મનુષ્યના ૮, દેવતાના ૧૬, અને નારકનો ૧, એમ કુલ ૧૭૬૯, ૩૦ ના ઉદયે પંચેન્દ્રિય તિર્યંચના ૧૭૨૮, મનુષ્યના ૧૧૫૨, વૈક્રિય તિર્યંચના ૮, દેવતાના ૮ એમ ૨૮૯૬ અને ૩૧ ના ઉદયે પંચેન્દ્રિય તિર્યંચના ૧૧૫૨ એમ આઠે ઉદયસ્થાનના મળી કુલ ૭૬૬૧ ઉદયભાંગાઓ હોય છે.

સામાન્યથી અહીં ૯૩ આદિ પ્રથમનાં ચાર સત્તાસ્થાનો હોય છે. શેષ સત્તાસ્થાનો પહેલે ગુણસ્થાનકે અને ક્ષપકશ્રેણીમાં જ ઘટતાં હોવાથી અહીં ૮ મા ગુણસ્થાનક સુધી આ ૪ સિવાય કોઈ સત્તાસ્થાન ઘટતાં નથી.

સંવેધ-દેવપ્રાયોગ્ય ૨૮ ના બંધે સામાન્ય મનુષ્ય અને પં. તિ. તથા વૈક્રિય મનુષ્ય અને તિર્યંચો આશ્રયી આઠે ઉદયસ્થાન હોય છે. પરંતુ દેવો અને નારકો ૨૮નો બંધ કરતા નથી. માટે દેવોના ૬૪ અને નારકના ૫ આ ૬૯ ભાંગા વર્જી સાત હજાર પાંચસો બાણું ઉદયભાંગા હોય છે.

ઉદયસ્થાનવાર ભંગ સંખ્યા :–૨૧ ના ઉદયે પંચેન્દ્રિય તિર્યંચના ૮, મનુષ્યના ૮ એમ ૧૬, ૨૫ ના વૈક્રિય તિર્યંચ ના ૮ અને વૈક્રિય મનુષ્યના ૮ એમ ૧૬, ૨૬ના મનુષ્યના ૨૮૮ અને પં. તિર્યંચના ૨૮૮, એમ ૫૭૬, ૨૭ ના ૨૫ પ્રમાણે ૧૬, ૨૮ના પંચેન્દ્રિય તિર્યંચના ૫૭૬, મનુષ્યના ૫૭૬, વૈ. તિર્યંચના ૧૬ અને વૈક્રિય મનુષ્યના ૮ એમ ૧૧૭૬, ૨૯ ના પંચેન્દ્રિય તિર્યંચના ૧૧૫૨ મનુષ્યના ૫૭૬, વૈક્રિય તિર્યંચના ૧૬, વૈક્રિય મનુષ્યના ૮, કુલ ૧૭૫૨. ૩૦ ના ઉદયે પં. તિ. ના ૧૭૨૮, મનુષ્યના ૧૧૫૨, વૈ.તિ. ના ૮, એમ ૨૮૮૮, ૩૧ ના ઉદયે તિર્યંચના ૧૧૫૨ ઉદયભાંગા હોય છે.

અહીં સામાન્યથી ૯૨ અને ૮૮ આ ૨, અને આઠે ઉદયસ્થાને પણ આ ૨–૨ સત્તાસ્થાન હોવાથી ઉદયસ્થાન ગુણિત સત્તાસ્થાનો ૧૬ હોય છે. જો સમ્યગ્દૃષ્ટીને જિનનામ સત્તામાં હોય તો જિનનામનો બંધ પણ અવશ્ય થાય. અને જિનનામનો બંધ થાય તો બંધસ્થાન ૨૮ ને બદલે ૨૯ નું થાય માટે ૨૮ના બંધે ૯૩ અને ૮૯ નું સત્તા-સ્થાન હોતું જ નથી.

દરેક ઉદયભંગમાં પણ આ ૨–૨ સત્તાસ્થાન હોવાથી જે–જે ઉદયસ્થાનમાં જેટલા ઉદયભાંગા હોય તેનાથી ઉદયભંગ ગુણિત સત્તાસ્થાનો બમણાં હોય છે. તે આ પ્રમાણે :–

૨૧ ના ઉદયે ૩૨, ૨૫ ના ૩૨, ૨૬ ના ૧૧૫૨, ૨૭ના ૩૨, ૨૮ ના ૨૩૫૨, ૨૯ ના ૩૫૦૪. ૩૦ના ૫૭૭૬ અને ૩૧ના ૨૩૦૪ એમ કુલ ઉદયભંગ ગુણિત સત્તાસ્થાનો (૧૫૧૮૪) પંદર હજાર એકસો ચોરાશી થાય છે.

૨૯ ના બંધે ૨૧ અને ૨૫થી ૩૦ પર્યંતનાં ૭ ઉદયસ્થાનો હોય છે. ૩૧નું ઉદયસ્થાન આ ગુણસ્થાનકે તિર્યંચોને જ હોય છે. અને તિર્યંચો જિનનામ સહિત દેવ પ્રાયોગ્ય ૨૯ નો બંધ કરી શકતા નથી. પરંતુ ૨૮ નો બંધ જ કરે છે. માટે અહીં ૩૧ નું ઉદયસ્થાન ઘટતું નથી.

ઉદયસ્થાન વાર તથા કુલ ભંગ સંખ્યા :—૨૧ ના ઉદયે મનુષ્યના ૮, દેવતા-ના ૮, અને નારકનો ૧ એમ ૧૭, ૨૫ ના ઉદયે દેવતાના ૮, નારકનો ૧ અને વૈક્રિય મનુષ્યના ૮, એમ ૧૭. ૨૬ના ઉદયે મનુષ્યના ૨૮૮, ૨૭ ના ઉદયે ૨૫ પ્રમાણે ૧૭, ૨૮ ના ઉદયે મનુષ્યના ૫૭૬, વૈક્રિય મનુષ્યના ૮, દેવતાના ૧૬ અને નારકનો ૧ એમ ૬૦૧, ૨૯ ના ઉદયે પણ એજ પ્રમાણે ૬૦૧, ૩૦ ના ઉદયે સામાન્ય મનુષ્યના ૧૧૫૨ અને દેવતાના ૮ એમ ૧૧૬૦ આ પ્રમાણે સાતે ઉદયસ્થાને મળી કુલ (૨૭૦૧) સત્તાવીશસો એક ઉદયભાંગા હોય છે.

જિનનામ સહિત દેવપ્રાયોગ્ય ૨૯ નો બંધ વૈક્રિય મનુષ્ય અને સામાન્ય મનુષ્યને જ હોય છે. તેથી મનુષ્યોના ઉદયસ્થાનોમાં અને ઉદયભાંગાઓમાં ૯૩ અને ૮૯ નું સત્તા-સ્થાન હોય છે. અને દેવો તથા નારકોને પોતપોતાના ઉદયસ્થાન અને ઉદયભાંગાઓમાં

૯૨–૮૮ આ બે જ સત્તાસ્થાન હોય છે. પરંતુ ૯૩ અને ૮૯ નું હોતું નથી. કારણ કે સમ્યગ્દષ્ટીને જિનનામ સત્તામાં હોય ત્યારે જિનનામનો બંધ અવશ્ય હોય, તેથી દેવો તથા નારકોને જિનનામ સહિત મનુષ્ય પ્રાયોગ્ય ૩૦ નો બંધ થાય, તેથી અહીં ન ઘટે.

સામાન્યથી ત્રણે ગતિના જીવો આશ્રયી ૯૩ આદિ પ્રથમનાં ૪, અને ૨૬નું ઉદયસ્થાન મનુષ્યોને જ હોવાથી ત્યાં ૯૩–૮૯ આ બે, તેમજ શેષ ૨૧ આદિ છ એ ઉદયસ્થાનોમાં ૯૩ આદિ ચારે સત્તાસ્થાન હોવાથી ૨૪, આ પ્રમાણે ઉદયસ્થાન ગુણિત સત્તાસ્થાનો ૨૬ હોય છે.

ઉદયભંગ વાર સત્તાસ્થાનો :– ૨૧ ના ઉદયે મનુષ્યના ૮ માં ૯૩–૮૯ બે તેથી ૧૬, દેવોના ૮ અને નારકનો ૧ આ ૯ માં ૯૨ અને ૮૮ માટે ૧૮, એમ કુલ ૩૪, ૨૫ ના ઉદયે વૈક્રિય મનુષ્યના ૮ માં ૯૩ અને ૮૯ તેથી ૧૬, અને શેષ નવમાં ૯૨ અને ૮૮ માટે ૧૮ કુલ ૩૪, ૨૬ ના ઉદયે મનુષ્યના ૨૮૮ માં ૯૩ અને ૮૯ માટે ૫૭૬, ૨૭ ના ઉદયે ૨૫ ની જેમ ૩૪, ૨૮ ના ઉદયે વૈક્રિય મનુષ્યના ૮ અને સામાન્ય મનુષ્યના ૫૭૬, એમ ૫૮૪માં ૯૩ અને ૮૯ આ બે માટે ૧૧૬૮, દેવતાના ૧૬ અને નારકનો ૧ એમ ૧૭ માં ૯૨ અને ૮૮ તેથી ૩૪, કુલ બારસો બે, ૨૯ ના ઉદયે પણ એજ પ્રમાણે બારસો બે, ૩૦ ના ઉદયે સામાન્ય મનુષ્યના ૧૧૫૨માં ૯૩, અને ૮૯ તેથી ૨૩૦૪ અને દેવતાના ૮ માં ૯૨ અને ૮૮ માટે ૧૬, એમ ત્રેવીસસો વીશ. એમ ઉદયભંગ ગુણિત કુલ સત્તાસ્થાનો (૫૪૦૨) ચોપનસો બે થાય છે.

જિનનામ સહિત મનુષ્ય પ્રાયોગ્ય ૩૦ નો બંધ દેવો અને નારકોને હોય છે. તેથી દેવો અને નારકો આશ્રયી યથાસંભવ ૨૧–૨૫ અને ૨૭ થી ૩૦ પર્યંત એમ કુલ ૬ ઉદયસ્થાન હોય છે. ત્યાં ૨૧ ના ઉદયે દેવતાના ૮ અને નારકનો ૧ એમ ૯, ૨૫ અને ૨૭ ના ઉદયે પણ એજ પ્રમાણે ૯–૯, ૨૮ ના ઉદયે દેવતાના ૧૬ અને નારકનો ૧ એમ ૧૭, ૨૯ ના ઉદયે પણ એજ પ્રમાણે ૧૭ અને ૩૦ ના ઉદયે દેવતાના ૮ એમ કુલ ૬૯ ઉદયભાંગા હોય છે.

સામાન્યથી ૯૩ અને ૮૯ આ ૨, અને ૬ એ ઉદયસ્થાને પણ ૨–૨ માટે ઉદયસ્થાન ગુણિત સત્તાસ્થાનો ૧૨, તેમાં નારકના પાંચે ઉદયભંગમાં ૯૩ નું સત્તાસ્થાન ન હોવાથી ૮૯ નું એક–એક અને દેવતાના ૬૪ ભાંગામાં બન્ને સત્તાસ્થાનો હોય તેથી ઉદયભંગવાર સત્તાસ્થાનો આ પ્રમાણે હોય છે.

૨૧ ના ઉદયે ૧૭, ૨૫ અને ૨૭ ના ઉદયે પણ એજ પ્રમાણે ૧૭–૧૭, ૨૮ અને ૨૯ ના ઉદયે ૩૩–૩૩ અને ૩૦ ના ઉદયે ૧૬ એમ ૩૦ ના બંધે ઉદય ભંગ ગુણિત સત્તાસ્થાનો (૧૩૩) એકસો તેત્રીશ હોય છે.

દેશવિરતિ ગુણસ્થાનક

આ ગુણસ્થાનક તિર્યંચો અને મનુષ્યોને જ હોય છે. તેમાં પણ તિર્યંચો માત્ર દેવ પ્રાયોગ્ય ૨૮ અને મનુષ્યો દેવ પ્રાયોગ્ય ૨૮ અને જિનનામ સહિત દેવ પ્રાયોગ્ય ૨૯ નો બંધ કરે છે માટે બંધસ્થાન ૨૮ અને ૨૯ એમ ૨. અને બન્ને બંધસ્થાને બંધભાંગા ૮–૮ તેથી કુલ ૧૬ બંધભાંગા હોય છે.

આ ગુણસ્થાનક પર્યાપ્ત અવસ્થામાં જ હોય છે. તેથી ૩૦ અને ૩૧ તેમજ વૈક્રિય તિર્યંચ અને મનુષ્યો આશ્રયી ૨૫–૨૭–૨૮ અને ૨૯ આ ચાર ઉદયસ્થાનો પણ હોય છે. માટે ૨૫ અને ૨૭ થી ૩૧ સુધીનાં એમ કુલ ૬ ઉદયસ્થાનો હોય છે. આ ગુણસ્થાનકે દૌર્ભાગ્ય અને અનાદેયદ્વિકનો ઉદય હોતો નથી માટે આ ૩ પ્રકૃતિઓ આશ્રયી ઉદયભાંગા પણ હોતા નથી. જેથી ઉદયસ્થાનવાર કુલ ઉદયભાંગા આ પ્રમાણે છે.

૨૫ ના ઉદયે વૈક્રિય તિર્યંચ અને વૈક્રિય મનુષ્ય નો ૧–૧ એમ ૨, ૨૭ ના ઉદયે પણ આજ પ્રમાણે ૨, ૨૮ ના ઉદયે વૈક્રિય તિર્યંચના ૨ અને વૈક્રિય મનુષ્યનો ૧ એમ ૩, ૨૯–ના પણ એજ પ્રમાણે ૩, ૩૦ ના ઉદયે વૈક્રિય તિર્યંચનો ૧ અને સ્વરના ઉદયવાળા સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચના ૧૪૪, સામાન્ય. મનુષ્યના ૧૪૪ એમ કુલ ૨૮૯ અને ૩૧ ના ઉદયે પંચેન્દ્રિય તિર્યંચના ૧૪૪ એમ ૬ એ ઉદયસ્થાને મળી કુલ ઉદયભાંગા ૪૪૩ થાય છે.

અહીં સામાન્ય મનુષ્ય અને તિર્યંચના ૩૦ ના અને તિર્યંચના ૩૧ના ઉદયે ૬ સંઘયણ ને ૬ સંસ્થાને ગુણતાં ૩૬. બે વિહાયોગતિ સાથે ગુણતાં ૭૨ અને સુસ્વર–દુસ્વર સાથે ગુણતાં દરેકના ૧૪૪ ભાંગા થાય છે. પરંતુ શેષ પરાવર્તમાન પ્રકૃતિઓનો ઉદય ન હોવાથી વધારે ઉદયભાંગા થતા નથી.

સામાન્યથી અહીં પ્રથમનાં ૪ સત્તાસ્થાન હોય છે.

સંવેધ:–૨૮ ના બંધે ઉપર બતાવેલ ૨૫ આદિ ૬ એ ઉદયસ્થાનો અને ૪૪૩ ઉદયભાંગા હોય છે. અને સામાન્યથી ૯૨ અને ૮૮ આ બે અને ઉદયસ્થાન ગુણિત ૧૨ સત્તાસ્થાનો હોય છે. અને દરેક ઉદયભાંગામાં પણ આજ ૨–૨ સત્તાસ્થાન હોવાથી ૨૫ ના ઉદયે ૪, એજ પ્રમાણે ૨૭ ના ઉદયે પણ ૪, ૨૮ તથા ૨૯ ના ઉદયે ૬–૬, ૩૦ ના ઉદયે ૫૭૮, અને ૩૧ ના ઉદયે ૨૮૮ એમ કુલ ઉદયભંગ ગુણિત સર્વ સત્તાસ્થાનો (૮૮૬) આઠસો છયાસી હોય છે.

જિનનામ સહિત દેવ પ્રાયોગ્ય ૨૯ નો બંધ માત્ર મનુષ્યો જ કરે છે. તેથી વૈક્રિય મનુષ્ય અને સામાન્ય મનુષ્ય આશ્રયી ૨૫ અને ૨૭ થી ૩૦ પર્યંતનાં ૫ ઉદયસ્થાનો

હોય છે. અને આ ગુણસ્થાનકે ૩૧ નું ઉદયસ્થાન માત્ર તિર્યંચોને જ હોય છે. અને તિર્યંચો દેવ પ્રાયોગ્ય ૨૯ નો બંધ કરતા નથી. તેથી ૨૯ ના બંધે ૩૧ નું ઉદયસ્થાન ઘટતું નથી. તેમજ વૈક્રિય મનુષ્યને ૩૦ નો ઉદય ઉદ્યોત સહિત હોય છે. અને યતિને જ હોય છે. માટે ૩૦ ના ઉદયે વૈક્રિય મનુષ્યનો ભાંગો પણ સંભવતો નથી.

૨૫–૨૭–૨૮ અને ૨૯ ના ઉદયે વૈક્રિય મનુષ્યનો ૧–૧ અને ૩૦ ના ઉદયે સામાન્ય મનુષ્યના ૧૪૪ એમ કુલ ૧૪૮ ઉદયભાંગા હોય છે. સામાન્યથી ૯૩ અને ૮૯ આ બે તેમજ આ પાંચે ઉદયસ્થાનમાં આ જ બે–બે સત્તાસ્થાન હોવાથી ઉદયસ્થાન ગુણિત ૧૦ અને દરેક ભંગમાં પણ આ જ ૨–૨ સત્તાસ્થાન હોવાથી ૨૫–૨૭–૨૮ અને ૨૯ ના ઉદયસ્થાનમાં ૨–૨ અને ૩૦ ના ઉદયસ્થાનમાં ૨૮૮ એમ ઉદયભંગ ગુણિત સત્તાસ્થાનો (૨૯૬) બસો છન્નું થાય છે.

પ્રમત્ત સંયત ગુણસ્થાનક

અહીં પણ પાંચમા ગુણસ્થાનકની જેમ મનુષ્યોને દેવ પ્રાયોગ્ય ૨૮ અને જિનનામ સહિત દેવ પ્રાયોગ્ય ૨૯ એમ ૨ બંધસ્થાન અને બન્ને બંધસ્થાને ૮–૮ એમ ૧૬ બંધભાંગા હોય છે.

અહીં સામાન્ય મનુષ્યોને ૩૦ નું ૧ અને વૈક્રિય તથા આહારક મનુષ્યોની અપેક્ષાએ ૨૫–૨૭–૨૮–૨૯ અને ૩૦ એમ કુલ ૫ ઉદયસ્થાનો હોય છે. અહીં પણ સૌભાગ્ય અને આદેયદ્વિક નો ઉદય હોવાથી વધુ ભાંગા થતા નથી.

ઉદયસ્થાનવાર તેમજ કુલ ઉદયભંગની સંખ્યા

૨૫ ના ઉદયે વૈક્રિય અને આહારકનો ૧–૧ એમ ૨, ૨૭ના ઉદયે પણ એ પ્રમાણે ૨, ૨૮ તથા ૨૯ ના ઉદયે ૨ આહારકના અને ૨ વૈક્રિયના એમ ૪–૪, ૩૦ ના ઉદયે ૧ વૈક્રિયનો અને ૧ આહારકનો અને સામાન્ય મનુષ્યના ૧૪૪ એમ ૧૪૬. આ પ્રમાણે પાંચે ઉદયસ્થાને મળી કુલ ઉદયભાંગા (૧૫૮) એકસો અઠ્ઠાવન હોય છે.

સત્તાસ્થાન :–અહીં પણ સામાન્યથી ૯૩ આદિ પ્રથમનાં ચાર સત્તાસ્થાનો હોય છે.

સંવેધ :–૨૮ ના બંધે ૨૫ આદિ ૫ ઉદયસ્થાનો અને ઉપર બતાવ્યા મુજબ ઉદયભાંગા હોય છે. સત્તાસ્થાન સામાન્યથી ૯૨ અને ૮૮ એ બે અને પાંચે ઉદયસ્થાને ૨–૨ માટે ઉદયસ્થાન ગુણિત સત્તાસ્થાન ૧૦ અને ઉદયભંગવાર વિચારીએ તો આહારકના સાતે ભાંગામાં આહારક ચતુષ્કની સત્તા અવશ્ય હોવાથી ૯૨ નું ૧ અને શેષ ૧૫૧ ભાંગામાં ૯૨–૮૮ એમ બે–બે, માટે ઉદયભંગ ગુણિત સત્તાસ્થાનો આ પ્રમાણે:–

૨૫ અને ૨૭ નાં ૩-૩, ૨૮ અને ૨૯ નાં ૬-૬, અને ૩૦નાં ૨૯૧ એમ ઉદયભંગ ગુણિત સત્તાસ્થાન ૩૦૯ થાય.

૨૯ ના બંધે પણ આ પાંચે ઉદયસ્થાનો અને ઉદયસ્થાન વાર કુલ ઉદયભાંગા ઉપર પ્રમાણે જ હોય છે. સામાન્યથી અહિં ૯૩ અને ૮૯ આ ૨ અને ઉદયસ્થાન ગુણિત ૧૦ સત્તાસ્થાનો હોય છે. પરંતુ આહારકના સાતે ભાંગાઓમાં ૯૩ નું ૧ જ સત્તાસ્થાન હોય છે. તેથી અહીં પણ ૨૮ ના બંધની જેમ જ ઉદયસ્થાનવાર અને કુલ ઉદયભંગ ગુણિત સત્તાસ્થાનોની સંખ્યા હોય છે.

અપ્રમત્ત ગુણસ્થાનક

અહિં દેવ પ્રાયોગ્ય ૨૮ આદિ ચારે બંધસ્થાનો હોય છે. અસ્થિરદ્વિક અને અયશનો બંધ અહીં ન હોવાથી દરેક બંધસ્થાનમાં ૧-૧ બંધભાંગો હોવાથી કુલ બંધ ભાગા પણ ચાર હોય છે. આ ગુણસ્થાનકે વૈક્રિય તથા આહારક લબ્ધિ કોઈપણ ફોરવતા નથી. પરંતુ છઠ્ઠા ગુણસ્થાનકે વૈક્રિય અથવા આહારક શરીર બનાવી, તે-તે શરીર સંબંધી સંપૂર્ણ પર્યાપ્તિઓ પૂર્ણ કરી, સાતમા ગુણસ્થાનકે પણ આવી શકે છે. માટે વૈક્રિય તથા આહારક શરીર આશ્રયી ૨૯ અને ૩૦ તેમજ સામાન્ય મનુષ્ય આશ્રયી ૩૦ આ બે ઉદયસ્થાનો હોય છે.

ઉદયભાંગા :–સ્વર સહિત ૨૯ ના ઉદયે ૧ આહારકનો અને ૧ વૈક્રિયનો એમ ૨ અને ઉદ્યોત સહિત ૩૦ ના ઉદયના પણ આ-૨ તેમજ સામાન્ય મનુષ્યના ૧૪૪, એમ ૧૪૬ અને બન્ને ઉદયસ્થાનના મળી કુલ ૧૪૮ ઉદયભાંગા હોય છે.

સામાન્યથી ૯૩ આદિ પ્રથમનાં ચાર સત્તાસ્થાનો હોય છે.

સંવેધ : ૨૮ ના બંધે ૨૯ આદિ બન્ને ઉદયસ્થાનો હોય છે. અને ૨૯ ના ઉદયે વૈક્રિયનો ૧ અને ૩૦ ના ઉદયે વૈક્રિયનો ૧ અને સામાન્ય મનુષ્યના ૧૪૪ એમ ૧૪૫ કુલ ૧૪૬ ઉદયભાંગા હોય છે. આહારક શરીર બનાવી, સાતમે આવી શકે છે. પરંતુ આ ગુણસ્થાનકે આહારકની સત્તા હોય તો આહારકનો બંધ પણ અવશ્ય હોય છે. અને સત્તાવિના આહારક શરીર બનાવી ન શકે, માટે અહીં તેમજ ૨૯ ના બંધે આહારકના ભાંગા ઘટતા નથી.

સામાન્યથી સત્તાસ્થાન ૮૮ નું ૧ અને બન્ને ઉદયસ્થાને ૧-૧ હોવાથી તેમજ દરેક ભંગમાં પણ ૧-૧ જ હોવાથી ઉદયસ્થાન ગુણિત બે અને ઉદય ભંગ ગુણિત ૧૪૬ સત્તાસ્થાન થાય છે.

૨૯ ના બંધે પણ ૨૮ ના બંધની જેમજ સંવેધ જાણવો. માત્ર ૮૮ ના બદલે અહીં સત્તાસ્થાન ૮૯ નું સમજવું.

૩૦ ના બંધે સામાન્યથી બતાવ્યા મુજબ ૨૯ અને ૩૦ એમ ૨ ઉદયસ્થાન અને તેના અનુક્રમે ૨ અને ૧૪૬ એમ કુલ ૧૪૮ ઉદયભાંગા હોય છે. સામાન્યથી ૯૨ નું ૧ સત્તાસ્થાન અને ઉદયસ્થાન ગુણિત ૨ અને દરેક ભાંગામાં પણ આ ૧ જ હોવાથી ઉદયભંગ ગુણિત સત્તાસ્થાનો ૨૯ ના ઉદયે ૨ અને ૩૦ ના ઉદયે ૧૪૬ અને સર્વ મળી ૧૪૮ હોય છે.

૩૧ ના બંધે પણ આજ પ્રમાણે સંવેધ સમજવો, પરંતુ સત્તાસ્થાન ૯૨ ના બદલે ૯૩ નું જાણવું.

અપૂર્વકરણ ગુણસ્થાનક

અહીં છઠ્ઠા ભાગ સુધી અપ્રમત્તની જેમ ૨૮ આદિ ૪ અને ત્યાર બાદ સાતમા ભાગે યશકીર્તિરૂપ ૧ નું એમ ૫ બંધસ્થાનો હોય છે. દરેક બંધસ્થાનમાં ૧–૧ બંધભંગ હોવાથી કુલ બંધભાંગા ૫, અને આ ગુણસ્થાનકે વૈક્રિય તથા આહારક શરીરી ન હોવાથી સ્વભાવસ્થ ૩૦ નું ૧ જ ઉદયસ્થાન હોય છે. અંતિમ ૩ સંઘયણનો પણ અહીં ઉદય ન હોવાથી પ્રથમના ૩ સંઘયણને ૭ સંસ્થાન સાથે ગુણતાં ૧૮, તેને બે વિહાયોગતિ સાથે ગુણતાં ૩૬, અને બે સ્વર સાથે ગુણતાં ૭૨ ઉદયભાંગા હોય છે.

સત્તાસ્થાનો ૯૩ આદિ પ્રથમનાં ૪, ત્યાં ૨૮ના બંધે ૮૮નું ૧ અને ઉદય ભંગ ગુણિત ૭૨, એજ પ્રમાણે ૨૯ ના બંધે ૮૯ નું ૧ અને ઉદય ભંગ ગુણિત ૭૨, ૩૦ ના બંધે ૯૨ નું ૧ અને ઉદય ભંગ ગુણિત ૭૨, ૩૧ ના બંધે ૯૩ નું ૧ અને ઉદયભંગ ગુણિત ૭૨ અને ૧ ના બંધે ૯૩ આદિ ચારે સત્તાસ્થાનો હોય છે. અને દરેક ઉદયભંગમાં ૪–૪ હોવાથી ૭૨ ને ચારે ગુણતાં ૨૮૮ અને ઉદયભંગ ગુણિત સત્તાસ્થાનો ૨૮૮ હોય છે.

અનિવૃત્તિ બાદર સંપરાય ગુણસ્થાનક :

અહીં ૧ બંધસ્થાન, ૧ બંધભંગ, ૩૦ નું ૧ ઉદયસ્થાન અને ૭૨ ઉદયભાંગા હોય છે. ઉપશમશ્રેણીમાં ૯૩ આદિ ૪ તથા ક્ષપકશ્રેણીમાં ૧૩ પ્રકૃતિનો ક્ષય ન થાય. ત્યાં સુધી ૯૩ આદિ પ્રથમનાં ૪ અને ૧૩ પ્રકૃતિનો ક્ષય થયા પછી ૮૦–૭૯–૭૬ અને ૭૫ આ ૪ એમ ૮ સત્તાસ્થાનો હોય છે.

બીજા અને ત્રીજા સંઘયણના ઉદયવાળા ૪૮ ભાંગા ઉપશમશ્રેણિમાં જ હોવાથી પ્રથમનાં ૪-૪ માટે કુલ ૧૯૨ અને પ્રથમ સંઘયણના ઉદયવાળા સર્વ પ્રશસ્તા પ્રકૃતિન ઉદયવાળા ૧ ભાંગામાં ૮ અને શેષ ૨૩ ભાંગાઓમાં તીર્થંકર પરમાત્મા ન હોવાથી ૮૦ અને ૭૬ વિના ૬-૬ માટે ૨૩ ને ૬ એ ગુણતાં ૧૩૮ એમ ઉદયભંગ ગુણિત સર્વ સત્તાસ્થાનો ૩૩૮ હોય છે.

સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનક

નવમા ગુણસ્થાનકમાં બતાવ્યા મુજબ અહીં ૧ બંધસ્થાન, ૧ બંધભાંગો, ૩૦ નું ૧ ઉદયસ્થાન, ઉદયભાંગા ૭૨, અને સત્તાસ્થાન ઉપશમશ્રેણી આશ્રયી પ્રથમનાં ૪ અને ક્ષપક શ્રેણી આશ્રયી ૮૦ આદિ ૪ એમ ૮ હોય છે. ઉદયભંગ ગુણિત સત્તાસ્થાન પણ નવમા ગુણસ્થાનકની જેમ ૩૩૮ હોય છે.

ઉપશાન્ત મોહ ગુણસ્થાનક

અહીં બંધસ્થાન તથા બંધભાંગા નથી. ઉદયસ્થાન ૩૦નું ૧, ઉદયભંગ ૭૨ અને સત્તાસ્થાન સામાન્યથી ૯૩ આદિ ૪ અને દરેક ઉદયભાંગામાં પણ આ ૪-૪ હોવાથી ઉદયભંગ ગુણિત સત્તાસ્થાનો ૨૮૮ હોય છે.

ક્ષીણમોહ ગુણસ્થાનક

અહીં ઉદયસ્થાન ૩૦ નું ૧, પરંતુ આ ગુણસ્થાનકે પ્રથમ સંઘયણનો જ ઉદય હોવાથી ઉદયભાંગા ૨૪ અને સામાન્યથી ૮૦-૭૯-૭૬ અને ૭૫ આ ચાર સત્તાસ્થાનો હોય છે. સર્વ પ્રશસ્ત પ્રકૃતિના ઉદયવાળા ૧ ભાંગામાં ૪ અને શેષ ૨૩ ભાંગામાં ૭૯ અને ૭૫ એમ ૨ હોય છે. માટે ૨૩ ને ૨ એ ગુણતાં ૪૬ અને એક ભાંગામાં ૪ એમ ઉદયભંગ ગુણિત સત્તાસ્થાનો ૫૦ છે.

સયોગી કેવળી ગુણસ્થાનક

અહીં સામાન્યથી ઉદયસ્થાન પ્રસંગે બતાવેલ ૨૦-૨૧-૨૬-૨૭-૨૮-૨૯ ૩૦ અને ૩૧ ના આ ૮ ઉદયસ્થાનો હોય છે. અને ઉદયસ્થાનવાર તેમજ કુલ ઉદયભંગની સંખ્યા આ પ્રમાણે-

૨૦ નો ૧, ૨૧ નો ૧, ૨૬ ના ૬, ૨૭ નો ૧, ૨૮ ના ૧૨, ૨૯ ના ૧૩, ૩૦ના ૨૫ અને ૩૧ નો ૧ કુલ ૬૦, સત્તાસ્થાન સામાન્યથી ૮૦ આદિ ૪ ત્યાં ૨૦-૨૬ અને ૨૮ ના ઉદયે સામાન્ય કેવળીજ હોવાથી ૭૯-૭૫ એમ ૨-૨ તેથી ૬, ૨૧-૨૭ અને

૩૧ ના ઉદયે તીર્થંકર કેવળી જ હોવાથી ૮૦-૭૬ આ ૨-૨ તેથી ૬, ૨૯ અને ૩૦ ના ઉદયે, બન્ને પ્રકારના કેવળી ભગવંતો હોવાથી ૪-૪ માટે ૮ એમ ઉદયસ્થાન ગુણિત સત્તાસ્થાનો ૨૦ થાય છે.

ઉદયભંગ ગુણિત સત્તાસ્થાનોઃ– ૨૦ના ઉદયે ૭૯ અને ૭૫ એમ ૨-૨ ૨૧-૨૭ અને ૩૧ ના ઉદયે ૮૦ અને ૭૬ આ ૨-૨ તેથી ૬. ૨૬ના ઉદયે ૬ ભાંગામાં ૭૯-૭૫ આ ૨-૨ માટે ૧૨, ૨૮ ના ઉદયે ૧૨ ભાંગામાં આ જ ૨-૨ તેથી ૨૪, ૨૯ ના ઉદયે સ્વરના નિરોધ બાદના સામાન્ય કેવળીના ૧૨ માં આજ ૨-૨ તેથી ૨૪ અને તીર્થંકર કેવળીને ઉચ્છવાસના નિરોધ બાદના ૧ માં ૮૦ અને ૭૬ આ ૨ કુલ ૨૬, ૩૦ ના ઉદયે સામાન્ય કેવળીના ૨૪ માં ૭૯ અને ૭૫ હોવાથી ૪૮ અને સ્વરના નિરોધ પછીના તીર્થંકરના ૧ માં ૮૦-૭૬ એમ ૨ કુલ ૫૦ એ પ્રમાણે ઉદયભંગ ગુણિત કુલ સત્તાસ્થાનો ૧૨૦ થાય.

અયોગી કેવળી ગુણસ્થાનકઃ– અહીં તીર્થંકર કેવળીને ૯ નું અને સામાન્ય કેવળીને ૮ નું એમ બે ઉદયસ્થાન અને બન્ને ઉદયસ્થાનનો ૧-૧ તેથી કુલ ૨ ઉદયભંગ, સત્તાસ્થાન સામાન્યથી ૮૦-૭૯-૭૬-૭૫-૯ અને ૮ એમ ૬ હોય છે. ત્યાં તીર્થંકર કેવળીને નવના ઉદયે ભવના દ્વિચરમ સમય સુધી ૮૦ અને ૭૬ અને ચરમ સમયે ૯ એમ ૩ અને સામાન્ય કેવળીને ૮ ના ઉદયે ભવના દ્વિચરમ સમય સુધી ૭૯ અને ૭૫ અને ચરમ સમયે ૮ એમ ૩, તેથી ઉદયસ્થાન ગુણિત તેમજ ઉદયભંગ ગુણિત કુલ સત્તાસ્થાનો ૭ (૬) હોય છે.

બાસઠ માર્ગણામાં મૂળ તથા ઉત્તર કર્મના સંવેધભંગનાં યન્ત્ર

અહિં બાસઠ માર્ગણામાંની કઈ કઈ માર્ગણામાં મૂળ આઠ કર્મના સાત સંવેધભંગમાંથી કેટલા કેટલા સંવેધ ભંગ ઘટી શકે તે સારી રીતે સમજી શકાય તે માટે યન્ત્ર દ્વારા બતાવેલ છે.

ત્યારબાદ તે જ રીતે તે બાસઠ માર્ગણામાં નામ કર્મ સિવાયનાં જ્ઞાનાવરણીય આદિ સાત કર્મના સંવેધ ભંગ યન્ત્રદ્વારા જણાવેલ છે.

નામકર્મના સંવેધભંગ ટૂંકાં યન્ત્રદ્વારા સ્પષ્ટ સમજી શકાય તેમ ન હોવાથી બાસઠે માર્ગણામાં ક્રમસર તે સંવેધ ભંગમાંથી કયા કયા ભંગ સંભવી શકે તે યન્ત્રો સમાપ્ત થયા પછી જણાવેલ છે.

— સંપાદક

૬૨ માર્ગણામાં મૂળ આઠ કર્મના

	૧ ન. ગ.	૨ તિ. ગ.	૩ મ. ગ.	૪ દે. ગ.	૫ એકે. ઇં.	૬ બે. ઇં.	૭ તે. ઇં.	૮ ચ. ઇં.	૯ પં. ઇં.	૧૦ પૃ. કાય	૧૧ અપ્. "	૧૨ તેઉ. "	૧૩ વાઉ. "	૧૪ વ. "	૧૫ ત્રસકાય	૧૬ મનો યોગ	૧૭ વચન "	૧૮ કાય "	૧૯ પું. વે.	૨૦ સ્ત્રી. વે.	૨૧ નપું. વે.	૨૨ ક્રોધ	૨૩ માન	૨૪ માયા	૨૫ લોભ	૨૬ મતિજ્ઞાન	૨૭ શ્રુતજ્ઞાન	૨૮ અવધિજ્ઞાન	૨૯ મનઃપર્યવ "	૩૦ કેવળજ્ઞાન
૮નો બંધ ૮નો ઉદય ૮ની સત્તા	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦
૭નો બંધ ૮નો ઉદય ૮ની સત્તા	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦
૬નો બંધ ૮નો ઉદય ૮ની સત્તા	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૦
૧નો બંધ ૭નો ઉદય ૮ની સત્તા	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૦
૧નો બંધ ૭નો ઉદય ૭ની સત્તા	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૦
૧નો બંધ ૪નો ઉદય ૪ની સત્તા	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૧
અબંધ ૪નો ઉદય ૪ની સત્તા	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૧
કુલ	૨	૨	૭	૨	૨	૨	૨	૨	૭	૨	૨	૨	૨	૨	૭	૬	૬	૬	૨	૨	૨	૨	૨	૨	૩	૫	૫	૫	૫	૨

સાત સંવેધ ભંગનું યંત્ર

૩૧ મતિ અજ્ઞાન	૩૨ શ્રુત "	૩૩ વિભંગજ્ઞાન	૩૪ સામા. ચારિત્ર	૩૫ છેદો. "	૩૬ પરિ. "	૩૭ સૂક્ષ્મ. "	૩૮ યથા. ચારિત્ર	૩૯ દેશ. "	૪૦ અવિ. "	૪૧ ચક્ષુદર્શન	૪૨ અચ. "	૪૩ અવ. "	૪૪ કેવળ. "	૪૫ કૃષ્ણ લેશ્યા	૪૬ નીલ "	૪૭ કાપોત "	૪૮ તેજો "	૪૯ પદ્મ "	૫૦ શુક્લ "	૫૧ ભવ્ય	૫૨ અભવ્ય	૫૩ ક્ષાયિક સમ્ય.	૫૪ ક્ષાયો. "	૫૫ ઔપ. "	૫૬ મિશ્ર. "	૫૭ સાસ્વા. "	૫૮ મિથ્યા. "	૫૯ સંજ્ઞી	૬૦ અસંજ્ઞી	૬૧ આહારી	૬૨ અણાહારી	કુલ
૧	૧	૧	૧	૧	૧	૦	૦	૧	૧	૧	૧	૧	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૦	૧	૧	૧	૧	૧	૦	૫૫
૧	૧	૧	૧	૧	૧	૦	૦	૧	૧	૧	૧	૧	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૫૮
૦	૦	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૧	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૧	૧	૦	૧	૦	૧	૦	૦	૦	૧	૦	૧	૦	૨૧
૦	૦	૦	૦	૦	૦	૦	૧	૦	૦	૧	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૧	૧	૦	૧	૦	૧	૦	૦	૦	૧	૦	૧	૦	૨૦
૦	૦	૦	૦	૦	૦	૦	૧	૦	૦	૧	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૧	૧	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૦	૧	૦	૧૯
૦	૦	૦	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૧/૭	૦	૧	૦	૦	૦	૦	૦	૧/૦	૦	૧	૧	૧૫
૦	૦	૦	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૦	૧/૭	૦	૧	૦	૦	૦	૦	૦	૧/૦	૦	૦	૧	૧૦
૨	૨	૨	૨	૨	૨	૧	૪	૨	૨	૫	૫	૫	૨	૨	૨	૨	૨	૨	૬	૭/૫	૨	૭	૨	૩	૧	૨	૨	૭/૫	૨	૬	૩	

૬૨ માર્ગણામાં જ્ઞાનાવરણ અને

	૧ ન. ગ.	૨ તિ. ગ.	૩ મ. ગ.	૪ દે. ગ.	૫ એકે. ઇં.	૬ બે. ઇં.	૭ તે. ઇં.	૮ ચ. ઇં.	૯ પં. ઇં.	૧૦ પૃ. કાય	૧૧ અપ્. ”	૧૨ તેઉ. ”	૧૩ વાઉ. ”	૧૪ વન. ”	૧૫ ત્રસકાય	૧૬ મનો યોગ	૧૭ વચન ”	૧૮ કાય ”	૧૯ પું. વે.	૨૦ સ્ત્રી. વે.	૨૧ નપું. વે.	૨૨ ક્રોધ	૨૩ માન	૨૪ માયા	૨૫ લોભ	૨૬ મતિજ્ઞાન	૨૭ શ્રુતજ્ઞાન	૨૮ અવધિજ્ઞાન	૨૯ મનઃપર્યવ ”	૩૦ કેવળજ્ઞાન
૫નો બંધ ૫નો ઉદય ૫ની સત્તા	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦
અબંધ ૫નો ઉદય ૫ની સત્તા	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૦
કુલ	૧	૧	૨	૧	૧	૧	૧	૧	૨	૧	૧	૧	૧	૧	૨	૨	૨	૨	૧	૧	૧	૧	૧	૧	૧	૨	૨	૨	૨	૦

૬૨ માર્ગણામાં દર્શનાવરણીય

	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦	૨૧	૨૨	૨૩	૨૪	૨૫	૨૬	૨૭	૨૮	૨૯	૩૦
૯નો બંધ ૪નો ઉદય ૯ની સત્તા	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૦	૦	૦	૦
૯નો બંધ ૫નો ઉદય ૯ની સત્તા	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૦	૦	૦	૦
૬નો બંધ ૪નો ઉદય ૯ની સત્તા	૧	૧	૧	૧	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦
૬નો બંધ ૫નો ઉદય ૯ની સત્તા	૧	૧	૧	૧	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦

અંતરાયકર્મના બે સંવેધ ભંગનું યંત્ર

૩૧ મતિ અજ્ઞાન	૩૨ શ્રુત "	૩૩ વિભંગજ્ઞાન	૩૪ સામા. ચારિત્ર	૩૫ છેદો. "	૩૬ પરિ. "	૩૭ સૂક્ષ્મ. "	૩૮ યથા. ચારિત્ર	૩૯ દેશ. "	૪૦ અવિ. "	૪૧ ચક્ષુદર્શન	૪૨ અચ. "	૪૩ અવ. "	૪૪ કેવળ. "	૪૫ કૃષ્ણ લેશ્યા	૪૬ નીલ "	૪૭ કાપોત "	૪૮ તેજો "	૪૯ પદ્મ "	૫૦ શુક્લ "	૫૧ ભવ્ય	૫૨ અભવ્ય	૫૩ ક્ષાયિક સમ્ય	૫૪ ક્ષયો. "	૫૫ ઔપ. "	૫૬ મિશ્ર. "	૫૭ સાસ્વા. "	૫૮ મિથ્યા. "	૫૯ સંજ્ઞી	૬૦ અસંજ્ઞી	૬૧ આહારી	૬૨ અણાહારી	કુલ
૧	૧	૧	૧	૧	૧	૧	૦	૧	૧	૧	૧	૧	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૫૯
૦	૦	૦	૦	૦	૦	૦	૧	૦	૦	૧	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૧	૧	૦	૧	૦	૧	૦	૦	૦	૧	•	૧	•	૨૦
૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૨	૨	૨	૦	૧	૧	૧	૧	૧	૨	૨	૧	૨	૧	૨	૧	૧	૧	૨	૧	૨	૧	

કર્મના ૧૧ સંવેધ ભંગનું યંત્ર

૧	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૪૫
૧	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૪૫
૦	•	૦	૧	૧	૧	૦	૦	૧	૧	૧	૧	૧	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૧	૧	૧	૧	૦	૦	૧	૦	૧	૧	૪૨
•	૦	•	૧	૧	૧	૦	૦	૧	૧	૧	૧	૧	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૧	૧	૧	૧	૦	૦	૧	૦	૧	૧	૪૨

૬૨ માર્ગણામાં દર્શનાવરણીય

	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦	૨૧	૨૨	૨૩	૨૪	૨૫	૨૬	૨૭	૨૮	૨૯	૩૦
	નં. ગ.	તિ. ગ.	મ. ગ.	દે. ગ.	એકે. ઇં.	બે. ઇં.	તે. ઇં.	ચ. ઇં.	પં. ઇં.	પૃ. કાય	અપ્. ,,	તેઉ. ,,	વાઉ. ,,	વન. ,,	ત્રસકાય	મનો યોગ	વચન ,,	કાય ,,	પું. વે.	સ્ત્રી. વે.	નપું. વે.	ક્રોધ	માન	માયા	લોભ	મતિજ્ઞાન	શ્રુતજ્ઞાન	અવધિજ્ઞાન	મનઃપર્યવ ,,	કેવળજ્ઞાન
ધ્રુવ બંધ ધ્રુવ ઉદય ધ્રુવ સત્તા	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦
ધ્રુવ બંધ અધ્રુવ ઉદય ધ્રુવ સત્તા	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦
ધ્રુવ બંધ ધ્રુવ ઉદય અધ્રુવ સત્તા	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦
અ બંધ ધ્રુવ ઉદય ધ્રુવ સત્તા	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૦
અ બંધ અધ્રુવ ઉદય ધ્રુવ સત્તા	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૦
અ બંધ ધ્રુવ ઉદય અધ્રુવ સત્તા	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૦
અ બંધ ધ્રુવ ઉદય ધ્રુવ સત્તા	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૦
કુલ	૪	૪	૧૧	૪	૨	૨	૨	૨	૧૧	૨	૨	૨	૨	૨	૧૧	૧૧	૧૧	૧૧	૭	૭	૭	૭	૭	૭	૭	૯	૯	૯	૯	૦

કર્મના ૯૧ સંવેધભંગનું યંત્ર

૩૧ મતિ અજ્ઞાન	૩૨ શ્રુત ,,	૩૩ વિભંગજ્ઞાન	૩૪ સામા. ચારિત્ર	૩૫ છેદો. ,,	૩૬ પરિ. ,,	૩૭ સૂક્ષ્મ. ,,	૩૮ યથા. ચારિત્ર	૩૯ દેશ. ,,	૪૦ અવિ. ,,	૪૧ ચક્ષુદર્શન	૪૨ અચ ,,	૪૩ અવ. ,,	૪૪ કેવળ. ,,	૪૫ કૃષ્ણ લેશ્યા	૪૬ નીલ ,,	૪૭ કાપોત ,,	૪૮ તેજો ,,	૪૯ પદ્મ ,,	૫૦ શુકલ ,,	૫૧ ભવ્ય	૫૨ અભવ્ય	૫૩ ક્ષાયિક સમ્ય	૫૪ ક્ષયો. ,,	૫૫ ઔપ. ,,	૫૬ મિશ્ર. ,,	૫૭ સાસ્વા. ,,	૫૮ મિથ્યા. ,,	૫૯ સંજ્ઞી	૬૦ અસંજ્ઞી	૬૧ આહારી	૬૨ અણાહારી	કુલ
૦	૦	૦	૧	૧	૦	૧	૦	૦	૦	૧	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૧	૧	૦	૧	૦	૧	૦	૦	૦	૧	૦	૧	૦	૨૯
૦	૦	૦	૧	૧	૦	૧	૦	૦	૦	૧	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૧	૧	૦	૧	૦	૧	૦	૦	૦	૧	૦	૧	૦	૨૯
૦	૦	૦	૧	૧	૦	૧	૦	૦	૦	૧	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૧	૧	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૦	૧	૦	૨૮
૦	૦	૦	૦	૦	૦	૦	૧	૦	૦	૧	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૧	૧	૦	૧	૦	૧	૦	૦	૦	૧	૦	૧	૦	૨૦
૦	૦	૦	૦	૦	૦	૦	૧	૦	૦	૧	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૧	૧	૦	૧	૦	૧	૦	૦	૦	૧	૦	૧	૦	૨૦
૦	૦	૦	૦	૦	૦	૦	૧	૦	૦	૧	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૧	૧	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૦	૧	૦	૧૯
૦	૦	૦	૦	૦	૦	૦	૧	૦	૦	૧	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૧	૧	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૦	૧	૦	૧૯
૨	૨	૨	૫	૫	૨	૩	૪	૨	૪	૧૧	૧૧	૯	૦	૪	૪	૪	૪	૪	૧૧	૧૧	૨	૯	૨	૬	૨	૨	૨	૧૧	૨	૧૧	૪	

૬૨ માર્ગણામાં વેદનીય કર્મના

	૧ ન. ગ.	૨ તિ. ગ.	૩ મ. ગ.	૪ દે. ગ.	૫ એકે. જા.	૬ બે. જા.	૭ તે. જા.	૮ ચ. જા.	૯ પં. જા.	૧૦ પૃ. કાય	૧૧ અપ્. ,,	૧૨ તેઉ. ,,	૧૩ વાઉ. ,,	૧૪ વન. ,,	૧૫ ત્રસકાય	૧૬ મનો યોગ	૧૭ વચન ,,	૧૮ કાય ,,	૧૯ પું. વે.	૨૦ સ્ત્રી. વે.	૨૧ નપું. વે.	૨૨ ક્રોધ	૨૩ માન	૨૪ માયા	૨૫ લોભ	૨૬ મતિજ્ઞાન	૨૭ શ્રુતજ્ઞાન	૨૮ અવધિજ્ઞાન	૨૯ મનઃપર્યવ ,,	૩૦ કેવળજ્ઞાન
અ.નો બંધ અ.નો ઉદય બેની સત્તા	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦
અ.નો બંધ સા.નો ઉદય બેની સત્તા	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦
સા.નો બંધ અ.નો ઉદય બેની સત્તા	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧
સા.નો બંધ સા.નો ઉદય બેની સત્તા	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧
અ બંધ અ.નો ઉદય બેની સત્તા	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૧
અ બંધ સા.નો ઉદય બેની સત્તા	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૧
અ બંધ અસા.નો ઉદય અસા.નીસત્તા	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૧
અ બંધ સા.નો ઉદય સા.ની સત્તા	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૧
કુલ	૪	૪	૮	૪	૪	૪	૪	૪	૮	૪	૪	૪	૪	૪	૮	૪	૪	૪	૪	૪	૪	૪	૪	૪	૪	૪	૪	૪	૪	૬

૮ સંવેધભંગનું યંત્ર

૩૧ મતિ અજ્ઞાન	૩૨ શ્રુત ,,	૩૩ વિભંગજ્ઞાન	૩૪ સામા. ચારિત્ર	૩૫ છેદો. ,,	૩૬ પરિ. ,,	૩૭ સૂક્ષ્મ. ,,	૩૮ યથા. ચારિત્ર	૩૯ દેશ. ,,	૪૦ અવિ. ,,	૪૧ ચક્ષુદર્શન	૪૨ અચ. ,,	૪૩ અવ. ,,	૪૪ કેવળ. ,,	૪૫ કૃષ્ણ લેશ્યા	૪૬ નીલ ,,	૪૭ કાપોત ,,	૪૮ તેજો ,,	૪૯ પદ્મ ,,	૫૦ શુક્લ ,,	૫૧ ભવ્ય	૫૨ અભવ્ય	૫૩ ક્ષાયિક સમ્ય	૫૪ ક્ષયો. ,,	૫૫ ઔપ. ,,	૫૬ મિશ્ર. ,,	૫૭ સાસ્વા. ,,	૫૮ મિથ્યા. ,,	૫૯ સંજ્ઞી	૬૦ અસંજ્ઞી	૬૧ આહારી	૬૨ અણાહારી	કુલ
૧	૧	૧	૧	૧	૧	૦	૦	૧	૧	૧	૧	૧	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૫૮
૧	૧	૧	૧	૧	૧	૦	૦	૧	૧	૧	૧	૧	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૫૮
૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૬૨
૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૬૨
૦	૦	૦	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૦	૦	૧	૧૦
૦	૦	૦	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૦	૦	૧	૧૦
૦	૦	૦	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૦	૦	૧	૧૦
૦	૦	૦	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૦	૦	૧	૧૦
[illegible]	૪	૪	૪	૪	૨	૬	૪	૪	૪	૪	૪	૬	૪	૪	૪	૪	૪	૮	૮	૪	૮	૪	૪	૪	૪	૪	૮	૪	૪	૮		

૬૨ માર્ગણામાં આયુષ્ય કર્મના

	૧ ન. ગ.	૨ તિ. ગ.	૩ મ. ગ.	૪ દે. ગ.	૫ એ. ઇં.	૬ બે. ઇં.	૭ તે. ઇં.	૮ ચ. ઇં.	૯ પં. ઇં.	૧૦ પૃ. કાય	૧૧ અપ્. "	૧૨ તેઉ. "	૧૩ વાઉ. "	૧૪ વન. "	૧૫ ત્રસકાય	૧૬ મનો યોગ	૧૭ વચન "	૧૮ કાય "	૧૯ પું. વે.	૨૦ સ્ત્રી. વે.	૨૧ નપું. વે.	૨૨ ક્રોધ	૨૩ માન	૨૪ માયા	૨૫ લોભ	૨૬ મતિજ્ઞાન	૨૭ શ્રુતજ્ઞાન	૨૮ અવધિજ્ઞાન	૨૯ મનઃપર્યવ "
અબંધ ન.નો ઉદય ન.ની સત્તા	૧	૦	૦	૦	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦
તિ.નો બંધ ન.નો ઉદય ન.તિ.ની સત્તા	૧	૦	૦	૦	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૦	૦	૧	૧	૧	૧	૧	૦	૦	૦	૦
મ.નો બંધ ન.નો ઉદય ન.મ.ની સત્તા	૧	૦	૦	૦	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦
અબંધ ન.નો ઉદય ન.તિ.ની સત્તા	૧	૦	૦	૦	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦
અબંધ ન.નો ઉદય ન.મ.ની સત્તા	૧	૦	૦	૦	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦
અબંધ તિ.નો ઉદય તિ.ની સત્તા	૦	૧	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦
ન.નો બંધ તિ.નો ઉદય ન.તિ.ની સત્તા	૦	૧	૦	૦	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૦	૦	૦
તિ.નો બંધ તિ.નો ઉદય તિ.તિ.ની સત્તા	૦	૧	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૦	૦	૦

અઠ્ઠાવીશ સંવેધભંગનું યંત્ર

૩૧ મતિ અજ્ઞાન	૩૨ શ્રુત ,,	૩૩ વિભંગજ્ઞાન	૩૪ સામા. ચારિત્ર	૩૫ છેદો. ,,	૩૬ પરિ. ,,	૩૭ સૂક્ષ્મ. ,,	૩૮ યથા. ચારિત્ર	૩૯ દેશ. ,,	૪૦ અવિ. ,,	૪૧ ચક્ષુદર્શન	૪૨ અચ. ,,	૪૩ અવ. ,,	૪૪ કેવળ. ,,	૪૫ કૃષ્ણ લેશ્યા	૪૬ નીલ ,,	૪૭ કાપોત ,,	૪૮ તેજો ,,	૪૯ પદ્મ ,,	૫૦ શુક્લ ,,	૫૧ ભવ્ય	૫૨ અભવ્ય	૫૩ ક્ષાયિક સમ્ય	૫૪ ક્ષાયો. ,,	૫૫ ઔપ. ,,	૫૬ મિશ્ર. ,,	૫૭ સાસ્વા. ,,	૫૮ મિથ્યા. ,,	૫૯ સંજ્ઞી	૬૦ અસંજ્ઞી	૬૧ આહારી	૬૨ અણાહારી	,,
૧	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૦	૧	૧	૧	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૧	૧	૩
૧	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૦	૦	૧	૧	૧	૦	૦	૦	૧	૧	૦	૦	૦	૦	૧	૧	૧	૦	૧	૦	૨
૧	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૦	૧	૧	૧	૦	૦	૦	૧	૧	૧	૧	૦	૦	૧	૧	૧	૦	૧	૦	૩:
૧	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૦	૧	૧	૧	૦	૦	૦	૧	૧	૦	૧	૧	૧	૧	૧	૧	૦	૧	૦	૩:
૧	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૦	૧	૧	૧	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૧	૦	૩:
૧	૧	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૫૧
૧	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૦	૦	૧	૧	૧	૦	૦	૦	૧	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૦	૨૮
૧	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૦	૦	૧	૧	૧	૧	૧	૧/૦	૧	૧	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૦	૪૧/૪૭

૬૨ માર્ગણામાં આયુષ્ય કર્મના

	૧ ન. ગ.	૨ તિ. ગ.	૩ મ. ગ.	૪ દે. ગ.	૫ એ. જા.	૬ બે. જા.	૭ તે. જા.	૮ ચ. જા.	૯ પં. જા.	૧૦ પૃ. કાય	૧૧ અપ્. ”	૧૨ તેઉ. ”	૧૩ વાઉ. ”	૧૪ વન. ”	૧૫ ત્રસકાય	૧૬ મનો યોગ	૧૭ વચન ”	૧૮ કાય ”	૧૯ પું. વે.	૨૦ સ્ત્રી. વે.	૨૧ નપું. વે.	૨૨ ક્રોધ	૨૩ માન	૨૪ માયા	૨૫ લોભ	૨૬ મતિજ્ઞાન	૨૭ શ્રુતજ્ઞાન	૨૮ અવધિજ્ઞાન	૨૯ મનઃપર્યવ ”	૩૦ કેવળજ્ઞાન
મ.નો બંધ તિ.નો ઉદય મ.તિ.ની સત્તા	૦	૧	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૦	૦	૦	૦
દે.નો બંધ તિ.નો ઉદય દે.તિ.ની સત્તા	૦	૧	૦	૦	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૦
અબંધ તિ.નો ઉદય ન.તિ.ની સત્તા	૦	૧	૦	૦	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૦
અબંધ તિ.નો ઉદય તિ.તિ.ની સત્તા	૦	૧	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૦
અબંધ તિ.નો ઉદય તિ.મ.ની સત્તા	૦	૧	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૦
અબંધ તિ.નો ઉદય દે.તિ.ની સત્તા	૦	૧	૦	૦	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૦
અબંધ મ.નો ઉદય મ.ની સત્તા	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦
ન.નો બંધ મ.નો ઉદય ન.મ.ની સત્તા	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૦

અઠ્ઠાવીશ સંવેધભંગનું યંત્ર

૩૧ મતિ અજ્ઞાન	૩૨ શ્રુત "	૩૩ વિભંગજ્ઞાન	૩૪ સામા. ચારિત્ર	૩૫ છેદો. "	૩૬ પરિ. "	૩૭ સૂક્ષ્મ. "	૩૮ યથા. ચારિત્ર	૩૯ દેશ. "	૪૦ અવિ. "	૪૧ ચક્ષુ દર્શન	૪૨ અચ. "	૪૩ અવ. "	૪૪ કેવળ. "	૪૫ કૃષ્ણ લેશ્યા	૪૬ નીલ "	૪૭ કાપોત "	૪૮ તેજો "	૪૯ પદ્મ "	૫૦ શુક્લ "	૫૧ ભવ્ય	૫૨ અભવ્ય	૫૩ ક્ષાયિક સમ્ય	૫૪ ક્ષયો. "	૫૫ ઉપ. "	૫૬ મિશ્ર. "	૫૭ સાસ્વા. "	૫૮ મિથ્યા. "	૫૯ સંજ્ઞી	૬૦ અસંજ્ઞી	૬૧ આહારી	૬૨ અણાહારી	મૂળ
૧	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૦	૩૯
૧	૧	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૦	૧	૧	૧	૧	૧	૦	૩૯
૧	૧	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૪૦
૧	૧	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૪૯
૧	૧	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૪૭
૧	૧	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૪૧
૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૫૦
૧	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૦	૦	૧	૧	૧	૦	૦	૦	૧	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૦	૧	૦	૨૭

૬૨ માર્ગણામાં આયુષ્ય કર્મના

	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦	૨૧	૨૨	૨૩	૨૪	૨૫	૨૬	૨૭	૨૮	૨૯	૩૦
	ન. ગ.	તિ. ગ.	મ. ગ.	દે. ગ.	એકે. જા.	બે. જા.	તે. જા.	ચ. જા.	પં. જા.	પૃ. કાય	અપ્. "	તેઉ. "	વાઉ. "	વન. "	ત્રસકાય	મનો યોગ	વચન "	કાય "	પું. વે.	સ્ત્રી. વે.	નપું. વે.	ક્રોધ	માન	માયા	લોભ	મતિજ્ઞાન	શ્રુતજ્ઞાન	અવધિજ્ઞાન	મનઃપર્યવ "	કેવળજ્ઞાન
તિ.નો બંધ મ.નો ઉદય તિ.મ.ની સત્તા	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૦	૦	૦	૦
મ.નો બંધ મ.નો ઉદય મ.મ.ની સત્તા	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૦	૦	૦	૦
દે.નો બંધ મ.નો ઉદય દે.મ.ની સત્તા	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦
અબંધ મ.નો ઉદય મ.ન.ની સત્તા	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦
અબંધ મ.નો ઉદય મ.તિ.ની સત્તા	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦
અબંધ મ.નો ઉદય મ.મ.ની સત્તા	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦
અબંધ મ.નો ઉદય મ.દે.ની સત્તા	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦
અબંધ દે.નો ઉદય દે.ની સત્તા	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૦

અઠ્ઠાવીશ સંવેધનાં યંત્ર

૩૧ મતિ અજ્ઞાન	૩૨ શ્રુત ,,	૩૩ વિભંગજ્ઞાન	૩૪ સામા. ચારિત્ર	૩૫ છેદો. ,,	૩૬ પરિ. ,,	૩૭ સૂક્ષ્મ. ,,	૩૮ યથા. ચારિત્ર	૩૯ દેશ. ,,	૪૦ અવિ. ,,	૪૧ ચક્ષુદર્શન	૪૨ અચ. ,,	૪૩ અવ. ,,	૪૪ કેવળ. ,,	૪૫ કૃષ્ણ લેશ્યા	૪૬ નીલ ,,	૪૭ કાપોત ,,	૪૮ તેજો ,,	૪૯ પદ્મ ,,	૫૦ શુક્લ ,,	૫૧ ભવ્ય	૫૨ અભવ્ય	૫૩ ક્ષાયિક સમ્ય	૫૪ ક્ષયો. ,,	૫૫ ઉપ. ,,	૫૬ મિશ્ર ,,	૫૭ સાસ્વા. ,,	૫૮ મિથ્યા. ,,	૫૯ સંજ્ઞી	૬૦ અસંજ્ઞી	૬૧ આહારી	૬૨ અણાહારી	ગુણ
૧	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૦	૦	૧	૧	૧	૧	૧	½	૧	૧	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૦	૩૨/૩૧
૧	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૦	૩૨
૧	૧	૧	૧	૧	૧	૦	૦	૧	૧	૧	૧	૧	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૦	૧	૧	૧	૦	૧	૦	૪૨
૧	૧	૧	૧	૧	૧	૦	૦	૧	૧	૧	૧	૧	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૧	૦	૪૪
૧	૧	૧	૧	૧	૧	૦	૦	૧	૧	૧	૧	૧	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૪૫
૧	૧	૧	૧	૧	૧	૦	૦	૧	૧	૧	૧	૧	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૪૫
૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૧	૦	૪૬
૧	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૧	૧	૩૯

૬૨ માર્ગણામાં આયુષ્ય કર્મના

	૧ ન. ગ.	૨ તિ. ગ.	૩ મ. ગ.	૪ દે. ગ.	૫ એકે.	૬ બે.	૭ તે.	૮ ચ.	૯ પં. ઇંદ્રિય	૧૦ પૃ. કાય	૧૧ અપ્ ,,	૧૨ તેઉ ,,	૧૩ વાઉ ,,	૧૪ વન. ,,	૧૫ ત્રસકાય	૧૬ મનો યોગ	૧૭ વચન ,,	૧૮ કાય ,,	૧૯ પું. વેદ	૨૦ સ્ત્રી. વેદ	૨૧ નપું. વેદ	૨૨ ક્રોધ	૨૩ માન	૨૪ માયા	૨૫ લોભ	૨૬ મતિજ્ઞાન	૨૭ શ્રુતજ્ઞાન	૨૮ અવધિજ્ઞાન	૨૯ મનઃપર્યવ ,,	૩૦ કેવળજ્ઞાન
તિ.નો બંધ દે.નો ઉદય તિ.દે.ની સત્તા	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૦	૧	૧	૧	૧	૦	૦	૦	૦	૦
મ.નો બંધ દે.નો ઉદય મ.દે.ની સત્તા	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૦
અબંધ દે.નો ઉદય દે.તિ.ની સત્તા	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૦
અબંધ દે.નો ઉદય દે.મ.ની સત્તા	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૦
કુલ	૫	૯	૯	૫	૫	૫	૫	૫	૨૮	૫	૫	૩	૩	૫	૨૮	૨૮	૨૮	૨૮	૨૩	૨૩	૨૩	૨૮	૨૮	૨૮	૨૮	૨૦	૨૦	૨૦	૬	૧

અઠ્ઠાવીશ સંવેધભંગનું યંત્ર

૩૧ મતિ અજ્ઞાન	૩૨ શ્રુત ,,	૩૩ વિભંગજ્ઞાન	૩૪ સામા. ચારિત્ર	૩૫ છેદો. ,,	૩૬ પરિ. ,,	૩૭ સૂક્ષ્મ. ,,	૩૮ યથા. ચારિત્ર	૩૯ દેશ. ,,	૪૦ અવિ. ,,	૪૧ ચક્ષુદર્શન	૪૨ અચ. ,,	૪૩ અવ. ,,	૪૪ કેવળ. ,,	૪૫ કૃષ્ણ લેશ્યા	૪૬ નીલ ,,	૪૭ કાપોત ,,	૪૮ તેજો ,,	૪૯ પદ્મ ,,	૫૦ શુક્લ ,,	૫૧ ભવ્ય	૫૨ અભવ્ય	૫૩ ક્ષાયિક સમ્ય	૫૪ ક્ષાયો. ,,	૫૫ ઔપ. ,,	૫૬ મિશ્ર ,,	૫૭ સાસ્વા. ,,	૫૮ મિથ્યા. ,,	૫૯ સંજ્ઞી	૬૦ અસંજ્ઞી	૬૧ આહારી	૬૨ અણાહારી	કુલ
૧	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૦	૦	૧	૧	૧	૧	૧	૧/૦	૧	૧	૦	૦	૦	૦	૧	૧	૧	૦	૧	૦	૩૦/૨૯
૧	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૦	૧	૧	૧	૦	૧	૦	૩૬
૧	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૦	૧	૧	૧	૧	૧	૧/૦	૧	૧	૦	૧	૧	૧	૧	૧	૧	૦	૧	૦	૩૭/૩૪
૧	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૧	૦	૩૮
૨૮	૨૮	૨૮	૬	૬	૬	૨	૨	૧૨	૨૮	૨૮	૨૮	૨૦	૧	૨૮	૨૮	૨૮	૨૧	૨૧	૨૧/૧૭	૨૮	૨૮	૧૫	૨૦	૧૬	૧૬	૨૬	૨૮	૨૮	૨૪	૨૮	૪	૦

૬૨ માર્ગણામાં ગોત્ર કર્મ ના

	૧ ન. ગ.	૨ તિ. ગ.	૩ મ. ગ.	૪ દે. ગ.	૫ એ. ઇં.	૬ બે. ઇં.	૭ તે. ઇં.	૮ ચ. ઇં.	૯ પં. ઇં.	૧૦ પૃ. કાય	૧૧ અપ્. "	૧૨ તેઉ. "	૧૩ વાઉ. "	૧૪ વન. "	૧૫ ત્રસકાય
નીચનો બંધ નીચનો ઉદય નીચની સત્તા	૦	૧	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧
નીચનો બંધ નીચનો ઉદય ની.ઉ.ની સત્તા	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧
નીચનો બંધ ઉચ્ચનો ઉદય ની.ઉ.ની સત્તા	૦	૦	૧	૧	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧
ઉચ્ચનો બંધ નીચનો ઉદય ની.ઉ.ની સત્તા	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૦	૧	૧
ઉચ્ચનો બંધ ઉચ્ચનો ઉદય ની.ઉ.ની સત્તા	૦	૦	૧	૧	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧
અબંધ ઉચ્ચનો ઉદય ની.ઉ.ની સત્તા	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧
અબંધ ઉચ્ચનો ઉદય ઉચ્ચની સત્તા	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧
કુલ	૨	૩	૬	૪	૩	૩	૩	૩	૭	૩	૩	૨	૨	૩	૭

	૧૬ મનો યોગ	૧૭ વચન "	૧૮ કાય "	૧૯ પું. વે.	૨૦ સ્ત્રી. વે.	૨૧ નપું. વે.	૨૨ ક્રોધ	૨૩ માન	૨૪ માયા	૨૫ લોભ	૨૬ મતિજ્ઞાન	૨૭ શ્રુતજ્ઞાન	૨૮ અવધિજ્ઞાન	૨૯ મનઃપર્યવ "	૩૦ કેવળજ્ઞાન
નીચનો બંધ નીચનો ઉદય નીચની સત્તા	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૦	૦	૦	૦
નીચનો બંધ નીચનો ઉદય ની.ઉ.ની સત્તા	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૦	૦	૦	૦
નીચનો બંધ ઉચ્ચનો ઉદય ની.ઉ.ની સત્તા	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૦	૦	૦	૦
ઉચ્ચનો બંધ નીચનો ઉદય ની.ઉ.ની સત્તા	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૦
ઉચ્ચનો બંધ ઉચ્ચનો ઉદય ની.ઉ.ની સત્તા	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦
અબંધ ઉચ્ચનો ઉદય ની.ઉ.ની સત્તા	૧	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૧
અબંધ ઉચ્ચનો ઉદય ઉચ્ચની સત્તા	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૧
કુલ	૫	૫	૬	૫	૫	૫	૫	૫	૫	૫	૩	૩	૩	૨	૨

સાત સંવેધભંગનું યંત્ર

૩૧ મતિ અજ્ઞાન	૩૨ શ્રુત "	૩૩ વિભંગજ્ઞાન	૩૪ સામા. ચારિત્ર	૩૫ છેદો. "	૩૬ પરિ. "	૩૭ સૂક્ષ્મ. "	૩૮ યથા. ચારિત્ર	૩૯ દેશ. "	૪૦ અવિ. "	૪૧ ચક્ષુદર્શન	૪૨ અચ. "	૪૩ અવ. "	૪૪ કેવળ. "	૪૫ કૃષ્ણ લેશ્યા	૪૬ નીલ "	૪૭ કાપોત "	૪૮ તેજો "	૪૯ પદ્મ "	૫૦ શુક્લ "	૫૧ ભવ્ય	૫૨ અભવ્ય	૫૩ ક્ષાયિક સમ્ય	૫૪ ક્ષાયો. "	૫૫ ઔપ. "	૫૬ મિશ્ર. "	૫૭ સાસ્વા. "	૫૮ મિથ્યા. "	૫૯ સંજ્ઞી	૬૦ અસંજ્ઞી	૬૧ આહારી	૬૨ અણાહારી	કુલ
૧	૧	૦	૦	૦	૦	૦	૦	૦	૧	૦	૧	૦	૦	૧	૧	૧	૦	૦	૦	૧	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૩૪
૧	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૪૫
૧	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૦	૦	૦	૧	૧	૧	૦	૧	૧	૩૩
૧	૧	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૫૨
૧	૧	૧	૧	૧	૧	૧	૦	૧	૧	૧	૧	૧	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૧	૧	૪૭
૦	૦	૦	૦	૦	૦	૦	૧	૦	૦	૧	૧	૧	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૦	૧	૦	૧	૦	૦	૦	૧	૦	૧	૧	૨૩
૦	૦	૦	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૦	૧	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૦	૦	૧	૧૦
૫	૫	૪	૧	૧	૧	૧	૨	૨	૫	૫	૬	૩	૨	૫	૫	૫	૪	૪	૫	૭	૫	૪	૨	૩	૨	૪	૫	૭	૩	૬	૭	

૬૨ માર્ગણામાં મોહનીય

બંધસ્થાન	૧ ન. ગ.	૨ દે. ગ.	૩ તિ. ગ.	૪ મ. ગ.	૫ એ. ઈં.	૬ બે. ઈં.	૭ તે. ઈં.	૮ ચ. ઈં.	૯ પં. ઈં.	૧૦ પૃ. કાય	૧૧ અપ્. ,,	૧૨ તેઉ. ,,	૧૩ વાઉ. ,,	૧૪ વન. ,,	૧૫ મનો યોગ	૧૬ વચન ,,	૧૭ કાય ,,	૧૮ પું. વે.	૧૯ સ્ત્રી. વે.	૨૦ નપું. વે.	૨૧ ક્રોધ	૨૨ માન	૨૩ માયા	૨૪ લોભ	૨૫ મતિજ્ઞાન	૨૬ શ્રુતજ્ઞાન	૨૭ અવધિજ્ઞાન	૨૮ મનઃપર્યવ ,,	૨૯ કેવળજ્ઞાન	૩૦ મતિઅજ્ઞ.
૨૨	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૦	૦	૦	૦	૧
૨૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૦	૦	૦	૦	૧
૧૭	૧	૧	૧	૧	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૦	૧/૦
૧૩	૦	૦	૧	૧	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૦	૦
૯	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૦
૫	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૦
૪	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૦
૩	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૦
૨	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૦	૦
૧	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૦	૦
કુલ બંધસ્થાન	૩	૩	૪	૧૦	૨	૨	૨	૨	૧૦	૨	૨	૧	૧	૨	૧૦	૧૦	૧૦	૬	૬	૬	૭	૮	૯	૧૦	૮	૮	૮	૬	૦	૩/૨

કર્મનાં બંધસ્થાનો

૩૧ શ્રુત ,,	૩૨ વિભંગજ્ઞાન	૩૩ અસંયમ	૩૪ યથા. ચારિત્ર	૩૫ સૂક્ષ્મ. ,,	૩૬ પરિ. ,,	૩૭ છેદો. ,,	૩૮ સામા. ચારિત્ર	૩૯ દેશ. ,,	૪૦ અવિ. ,,	૪૧ ચક્ષુદર્શન	૪૨ અચ. ,,	૪૩ અવ. ,,	૪૪ કેવળ ,,	૪૫ કૃષ્ણ લેશ્યા	૪૬ નીલ ,,	૪૭ કાપોત ,,	૪૮ તેજો ,,	૪૯ પદ્મ ,,	૫૦ શુક્લ ,,	૫૧ ભવ્ય	૫૨ અભવ્ય	૫૩ સંજ્ઞી	૫૪ અસંજ્ઞી	૫૫ ક્ષાયિક સમ્ય.	૫૬ ક્ષાયો. ,,	૫૭ ઔપ. ,,	૫૮ મિશ્ર ,,	૫૯ સાસ્વા. ,,	૬૦ મિથ્યા. ,,	૬૧ આહારી	૬૨ અણાહારી	કુલ
૧	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૪૪
૧	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૧	૧	૦	૦	૦	૦	૧	૦	૧	૧	૪૧
૧/૨	૧/૩	૧	૦	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૧	૦	૧	૧	૧	૧	૦	૦	૧	૧	૪૬ ૦/૭
૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૦	૧	૧	૧	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૧	૦	૧	૧	૧	૦	૦	૦	૧	૦	૩૩
૦	૧	૧	૦	૦	૧	૧	૧	૦	૦	૧	૧	૧	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૧	૦	૧	૧	૧	૦	૦	૦	૧	૦	૩૫
૦	૧	૧	૦	૦	૦	૧	૧	૦	૦	૧	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૧	૧	૦	૧	૦	૧	૦	૧	૦	૦	૦	૧	૦	૨૮
૦	૦	૧	૦	૦	૦	૧	૧	૦	૦	૧	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૧	૧	૦	૧	૦	૧	૦	૧	૦	૦	૦	૧	૦	૨૫
૦	૦	૧	૦	૦	૦	૧	૧	૦	૦	૧	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૧	૧	૦	૧	૦	૧	૦	૧	૦	૦	૦	૧	૦	૨૪
૦	૦	૧	૦	૦	૦	૧	૧	૦	૦	૧	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૧	૧	૦	૧	૦	૧	૦	૧	૦	૦	૦	૧	૦	૨૩
૦	૦	૧	૦	૦	૦	૧	૧	૦	૦	૧	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૧	૧	૦	૧	૦	૧	૦	૧	૦	૦	૦	૧	૦	૨૨
૩/૪	૩/૪	૧૦	૦	૦	૧	૬	૬	૧	૩	૧૦	૧૦	૮	૦	૫	૫	૫	૫	૫	૧૦	૧૦	૧	૧૦	૨	૮	૩	૮	૧	૧	૧	૧૦	૩	

૬૨ માર્ગણામાં મોહનીય

મોહનીયનાં

નં.	માર્ગણા	બંધ ભાંગા	ઉદયસ્થાન ૧	૨	૪	૫	૬	૭	૮	૯	૧૦	કુલ ઉદયસ્થાન
૧	ન. ગ.	૧૨	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૫
૨	દે. ગ.	૧૨	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૫
૩	તિ. ગ.	૧૪	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૬
૪	મ. ગ.	૨૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૯
૫	એ. જા.	૧૦	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૪
૬	બે. જા.	૧૦	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૪
૭	તે. જા.	૧૦	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૪
૮	ચ. જા.	૧૦	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૪
૯	પં. જા.	૨૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૯
૧૦	પૃ. કાય	૧૦	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૪
૧૧	અપ્. ,,	૧૦	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૪
૧૨	તેઉ. ,,	૬	૦	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૩
૧૩	વાઉ. ,,	૬	૦	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૩
૧૪	વન. ,,	૧૦	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૪
૧૫	મનો યોગ	૨૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૯
૧૬	વચન ,,	૨૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૯
૧૭	કાય ,,	૨૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૯
૧૮	પુ. વે.	૧૭	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૮
૧૯	સ્ત્રી. વે.	૧૭	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૮
૨૦	નપું વે.	૧૭	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૮
૨૧	ક્રોધ	૧૮	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૯
૨૨	માન	૧૯	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૯
૨૩	માયા	૨૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૯
૨૪	લોભ	૨૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૯
૨૫	મતિજ્ઞાન	૧૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૮
૨૬	શ્રુતજ્ઞાન	૧૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૮
૨૭	અવધિજ્ઞાન	૧૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૮
૨૮	મનઃપર્યવ ,,	૭	૧	૧	૧	૧	૧	૧	૦	૦	૦	૬
૨૯	કેવળજ્ઞાન	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦
૩૦	મતિઅ.	૧૦/૧૨	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૪

કર્મનાં બંધસ્થાનો

૩૧	૩૨	૩૩	૩૪	૩૫	૩૬	૩૭	૩૮	૩૯	૪૦	૪૧	૪૨	૪૩	૪૪	૪૫	૪૬	૪૭	૪૮	૪૯	૫૦	૫૧	૫૨	૫૩	૫૪	૫૫	૫૬	૫૭	૫૮	૫૯	૬૦	૬૧	૬૨
૧૦/૧૨	૧૦/૧૨	૨૧	૦	૦	૨	૭	૭	૨	૧૨	૨૧	૨૧	૧૧	૦	૧૬	૧૬	૧૬	૧૬	૧૬	૨૧	૨૧	૬	૨૧	૧૦	૧૧	૬	૧૧	૨	૪	૬	૨૧	૧૨

ઉદયસ્થાનો

૩૧	૩૨	૩૩	૩૪	૩૫	૩૬	૩૭	૩૮	૩૯	૪૦	૪૧	૪૨	૪૩	૪૪	૪૫	૪૬	૪૭	૪૮	૪૯	૫૦	૫૧	૫૨	૫૩	૫૪	૫૫	૫૬	૫૭	૫૮	૫૯	૬૦	૬૧	૬૨	
૧	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૪૪
૧	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૧	૦	૧	૧	૧	૧	૧	૫૧
૧	૧	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૫૪
૧	૧	૧	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૫૬
૦	૦	૧	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૧	૦	૧	૧	૧	૦	૦	૦	૧	૧	૪૧
૦	૦	૧	૦	૦	૧	૧	૧	૧	૦	૧	૧	૧	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૧	૦	૧	૧	૧	૦	૦	૦	૧	૦	૩૭
૦	૦	૧	૦	૦	૧	૧	૧	૦	૦	૧	૧	૧	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૧	૦	૧	૦	૧	૦	૦	૦	૧	૦	૩૪
૦	૦	૧	૦	૦	૦	૧	૧	૦	૦	૧	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૧	૧	૦	૧	૦	૧	૦	૧	૦	૦	૦	૧	૦	૨૮
૦	૦	૧	૦	૧	૦	૧	૧	૦	૦	૧	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૧	૧	૦	૧	૦	૧	૦	૧	૦	૦	૦	૧	૦	૨૬
૪	૪	૯	૦	૧	૪	૬	૬	૪	૫	૯	૯	૮	૦	૭	૭	૭	૭	૭	૯	૯	૩	૯	૪	૭	૫	૭	૩	૩	૪	૯	૫	

		ઉદય ચોવીશી ૪૦ ભાંગા/૨૩	ઉદય ભાંગા ૯૮૩	ઉદયપદ ૨૮૮	પદવૃંદ
૧	ન. ગ.	૨૪ અષ્ટક	૧૯૨	૧૯૨	૧૫૩૬
૨	દે. ગ.	૨૪ ષોડશક	૩૮૪	૧૯૨	૩૦૭૨
૩	તિ. ગ.	૩૨ ચો.	૭૬૮	૨૪૪	૫૮૫૬
૪	મ. ગ.	૪૦ ચો. ૨૩ ભાં.	૯૮૩	૨૮૮	૬૯૪૭
૫	એ. જા.	૮ અષ્ટક	૬૪	૬૮	૫૪૪
૬	બે. જા.	૮ અષ્ટક	૬૪	૬૮	,,
૭	તે. જા.	૮ અષ્ટક	૬૪	૬૮	,,
૮	ચ. જા.	૮ અષ્ટક	૬૪	૬૮	,,
૯	પં. જા.	૪૦ ચો. ભાં. ૨૩	૯૮૩	૨૮૮	૬૯૪૭
૧૦	પૃ. કાય	૮ અષ્ટક	૬૪	૬૮	૫૪૪
૧૧	અપ્. ,,	૮ અષ્ટક	૬૪	૬૮	,,
૧૨	તેઉ. ,,	૪ ,,	૩૨	૩૬	૨૮૮
૧૩	વાઉ. ,,	૪ ,,	૩૨	૩૬	,,
૧૪	વન. ,,	૮ ,,	૬૪	૬૮	૫૪૪
૧૫	મનો યોગ	૪૦ ચો. ૨૩ ભાં.	૯૮૩	૨૮૮	૬૯૪૭
૧૬	વચન ,,	,,	,,	,,	,,
૧૭	કાય ,,	,,	,,	,,	,,
૧૮	પુ. વે.	૪૦ અષ્ટક	૩૨૪	,,	૨૩૧૨
૧૯	સ્ત્રી. વે.	,,	૩૨૪	,,	,,
૨૦	નપું. વે.	,,	૩૨૪	,,	,,
૨૧	ક્રોધ	૪૦ ષટ્ક	૨૪૪	,,	૧૭૩૫
૨૨	માન	,,	૨૪૫	,,	૧૭૩૬
૨૩	માયા	,,	૨૪૬	,,	૧૭૩૭
૨૪	લોભ	,,	૨૪૮	,,	૧૭૩૯
૨૫	મતિજ્ઞાન	૨૪ ચો. ૨૩ ભાં.	૫૯૯	૧૫૬	૩૭૭૯
૨૬	શ્રુતજ્ઞાન	,,	,,	,,	,,
૨૭	અવધિજ્ઞાન	,,	,,	,,	,,
૨૮	મન.પર્યવ ,,	૮ ચો. ૨૩ ભાં.	૨૧૫	૪૪	૨૯૧
૨૯	કેવળજ્ઞાન	●	●	●	●
૩૦	મતિઅ.	૧૨/૧૬	૨૮૮/૩૮૪	૧૦૦/૧૩૨	૨૪૦૦/૩૧૬૮

૩૧	શ્રુત ,,	૧૨/૧૬	૨૮૮/૩૮૪	૧૦૦/૧૩૨	૨૪૦૦/૩૧૬૮
૩૨	વિભંગજ્ઞાન	૧૨/૧૬	૨૮૮/૩૮૪	૧૦૦/૧૩૨	૨૪૦૦/૩૧૬૮
૩૩	ત્રસકાય	૨૪ ચો. ૨૩ ભાં.	૯૮૩	૨૮૮	૬૯૪૭
૩૪	યથા. ચારિત્ર	૦	૦	૦	૦
૩૫	સૂક્ષ્મ. ,,	૦	૧	૦	૧
૩૬	પરિ. ,,	૮ ષોડશક	૧૨૮	૪૪	૭૦૪
૩૭	છેદો. ,,	૮ ચો. ૨૨ ભાં.	૨૧૪	૪૪	૧૦૯૦
૩૮	સામા. ચારિત્ર	૮ ચો. ૨૨ ભાં.	૨૧૪	૪૪	૧૦૯૦
૩૯	દેશ. ,,	૮ ચો.	૧૯૨	૫૨	૧૨૪૮
૪૦	અવિ. ,,	૨૪ ચો.	૫૭૬	૧૯૨	૪૬૦૮
૪૧	ચક્ષુદર્શન	૪૦ ચો. ૨૩ ભાં.	૯૮૩	૨૮૮	૬૯૧૭
૪૨	અચ. ,,	,,	,,	,,	,,
૪૩	અવ. ,,	૨૪ ચો. ૨૩ ભાં.	૫૯૯	૧૫૬	૩૭૭૯
૪૪	કેવળ. ,,	૦	૦	૦	૦
૪૫	કૃષ્ણ લેશ્યા	૪૦ ચો.	૯૬૦	૨૮૮	૬૯૧૨
૪૬	નીલ ,,	,,	,,	,,	,,
૪૭	કાપોત ,,	,,	,,	,,	,,
૪૮	તેજો ,,	,,	,,	,,	,,
૪૯	પદ્મ ,,	,,	,,	,,	,,
૫૦	શુક્લ ,,	૪૦ ચો. ૨૩ ભાં.	૯૮૩	૨૮૮	૬૯૪૭
૫૧	ભવ્ય	,,	,,	,,	,,
૫૨	અભવ્ય	૪ ચો.	૯૬	૩૬	૮૬૪
૫૩	સંજ્ઞી	૪૦ ચો. ૨૩ ભાં.	૯૮૩	૨૮૮	૬૯૪૭
૫૪	અસંજ્ઞી	૮ અષ્ટક	૬૪	૬૮	૫૮૪
૫૫	ક્ષાયિક સમ્ય.	૧૨ ચો. ૨૩ ભા.	૩૧૧	૭૨	૧૭૬૩
૫૬	ક્ષાયો. ,,	૧૨ ચો.	૨૮૮	૮૪	૨૦૧૬
૫૭	ઔપ. ,,	૧૨ ચો. ૨૩ ભા.	૩૧૧	૭૨	૧૭૬૩
૫૮	મિશ્ર. ,,	૪ ચો.	૯૬	૩૨	૭૬૮
૫૯	સાસ્વા. ,,	૪ ચો.	૯૬	૩૨	૭૬૮
૬૦	મિથ્યા. ,,	૮ ચો.	૧૯૨	૬૮	૧૬૩૨
૬૧	આહારી	૪૦ ચો. ૨૩ ભાં.	૯૮૩	૨૮૮	૬૯૪૭
૬૨	અણાહારી	૧૬ ચો.	૩૮૪	૧૨૮	૩૦૭૨
	કુલ				

૬૨ માર્ગણામાં મોહનીય

	૧ ગ. ન.	૨ ગ. તિ.	૩ ગ. દે.	૪ ગ. મ.	૫ ઇં. એ.	૬ ઇં. બે.	૭ ઇં. તે.	૮ ઇં. ચ.	૯ ઇં. પં.	૧૦ કાય પૃ.	૧૧ અપ્ ,,	૧૨ તેઉ ,,	૧૩ વાઉ ,,	૧૪ વન. ,,	૧૫ મનો યોગ	૧૬ વચન ,,	૧૭ કાય ,,	૧૮ પું. વે.	૧૯ સ્ત્રી વે.	૨૦ નપું. વે.	૨૧ ક્રોધ	૨૨ માન	૨૩ માયા	૨૪ લોભ	૨૫ મતિજ્ઞાન	૨૬ શ્રુતજ્ઞાન	૨૭ અવધિજ્ઞાન	૨૮ મનઃપર્યવ ,,	૨૯ કેવળજ્ઞાન	૩૦ મતિઅજ્ઞાન
સત્તાસ્થાન ૨૮	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૧
૨૭	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૦	૦	૦	૦	૧
૨૬	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૦	૦	૦	૦	૧
૨૪	૧	૧	૧	૧	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૧/૦
૨૩	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૦
૨૨	૧	૧	૧	૧	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૦
૨૧	૧	૧	૧	૧	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૦
૧૩	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૦
૧૨	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૦
૧૧	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૦
૫	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૦
૪	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૦
૩	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૦
૨	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૦	૦
૧	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૧	૦	૦
કુલ સત્તા-સ્થાન	૬	૬	૬	૧૫	૩	૩	૩	૩	૧૫	૩	૩	૩	૩	૩	૧૫	૧૫	૧૫	૧૦	૯	૮	૧૨	૧૩	૧૪	૧૫	૧૩	૧૩	૧૩	૧૩	૦	૪/૩

કર્મનાં સત્તાસ્થાનો

૩૧ શ્રુત ,,	૩૨ વિભંગજ્ઞાન	૩૩ ત્રસકાય	૩૪ યથા. ચારિત્ર	૩૫ સૂક્ષ્મ. ,,	૩૬ પરિ. ,,	૩૭ છેદો. ,,	૩૮ સામા. ચારિત્ર	૩૯ દેશ. ,,	૪૦ અવિ. ,,	૪૧ ચક્ષુદર્શન	૪૨ અચ. ,,	૪૩ અવ. ,,	૪૪ કેવળ. ,,	૪૫ કૃષ્ણ લેશ્યા	૪૬ નીલ ,,	૪૭ કાપોત ,,	૪૮ તેજો ,,	૪૯ પદ્મ ,,	૫૦ શુક્લ ,,	૫૧ ભવ્ય	૫૨ અભવ્ય	૫૩ સંજ્ઞી	૫૪ અસંજ્ઞી	૫૫ ક્ષાયિક સમ્ય	૫૬ ક્ષાયો. ,,	૫૭ ઔપ. ,,	૫૮ મિશ્ર. ,,	૫૯ સાસ્વા. ,,	૬૦ મિથ્યા. ,,	૬૧ આહારી	૬૨ અણાહારી	કુલ
૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૫૮
૧	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૧	૧	૦	૦	૦	૧	૦	૧	૧	૧	૪૪
૧	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૧	૪૪
૧/૩	૧/૩	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૧	૦	૦	૧	૧	૧	૦	૦	૧	૧	૪૬/૪૩
૦	૦	૧	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૦	૦	૦	૧	૧	૧	૧	૦	૧	૦	૦	૧	૦	૦	૦	૦	૧	૦	૩૨
૦	૦	૧	૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૧	૦	૦	૧	૦	૦	૦	૦	૧	૧	૩૯
૦	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૧	૧	૧	૧	૧	૧	૧	૦	૧	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૧	૪૧
૦	૦	૧	૦	૦	૦	૧	૧	૦	૦	૧	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૧	૧	૦	૧	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૦	૨૭
૦	૦	૧	૦	૦	૦	૧	૧	૦	૦	૧	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૧	૧	૦	૧	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૦	૨૬
૦	૦	૧	૦	૦	૦	૧	૧	૦	૦	૧	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૧	૧	૦	૧	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૦	૨૫
૦	૦	૧	૦	૦	૦	૧	૧	૦	૦	૧	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૧	૧	૦	૧	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૦	૨૪
૦	૦	૧	૦	૦	૦	૧	૧	૦	૦	૧	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૧	૧	૦	૧	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૦	૨૪
૦	૦	૧	૦	૦	૦	૧	૧	૦	૦	૧	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૧	૧	૦	૧	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૦	૨૩
૦	૦	૧	૦	૦	૦	૧	૧	૦	૦	૧	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૧	૧	૦	૧	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૦	૨૨
૦	૦	૧	૦	૧	૦	૧	૧	૦	૦	૧	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૧	૧	૦	૧	૦	૧	૦	૦	૦	૦	૦	૧	૦	૨૧
૪/૩	૪/૩	૧૫	૩	૪	૫	૧૩	૧૩	૫	૭	૧૫	૧૫	૧૩	૦	૬	૬	૬	૭	૭	૧૫	૧૫	૧	૧૫	૩	૯	૪	૨	૩	૧	૩	૧૫	૬	

૬૨ માર્ગણામાં નામકર્મના બંધસ્થાન આદિનો વિચાર

ગતિમાર્ગણા :–

નરકગતિ :—આ જીવો માત્ર પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્ય પ્રાયોગ્ય જ બંધ કરે છે. માટે પર્યાપ્ત પં. તિ. અને પર્યાપ્ત મનુ. પ્રાયોગ્ય ૨૯ તેમજ ઉદ્યોત સહિત પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય ૩૦ અને જિનનામની સત્તાવાળા નારકો જિનનામ સહિત મનુષ્ય પ્રાયોગ્ય ૩૦ નો બંધ કરી શકે છે. માટે નરકગતિમાં આ બે જ બંધસ્થાનો હોય છે.

૨૩ આદિ પ્રથમનાં ૩ બંધસ્થાનો એકેન્દ્રિય, વિકલેન્દ્રિય તેમજ અપર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચ તથા મનુષ્ય પ્રાયોગ્ય હોવાથી આ જીવો બાંધતા નથી. વળી નારકો દેવ અને નરક પ્રાયોગ્ય બંધ કરતા ન હોવાથી ૨૮ નું બંધસ્થાન પણ ન હોય, તેમજ ૩૧ અને ૧ નું બંધસ્થાન પણ મનુષ્યગતિમાંજ હોવાથી આ છ બંધસ્થાનો અહીં ઘટતાં નથી.

બંધભાંગા :—પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય ૨૯ ના બંધના ૪૬૦૮ અને મનુષ્ય પ્રાયોગ્ય ના ૪૬૦૮ એમ (૯૨૧૬) બાણુંસો સોળ, ૩૦ ના બંધના પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચ યોગ્ય ના ૪૬૦૮ અને જિનનામ સહિત મનુષ્ય યોગ્ય ના ૮ એમ (૪૬૧૬) છેંતાલીશસો સોળ–એમ બન્ને બંધસ્થાનના મળી કુલ બંધભાંગા (૧૩૮૩૨) તેરહજાર આઠસો બત્રીશ હોય છે.

ઉદયસ્થાન તથા ઉદયભંગ :–નારકને પોતાનાં ૨૧–૨૫–૨૭–૨૮ અને ૨૯ આ ૫ ઉદયસ્થાન અને દરેક ઉદયસ્થાનનો એક–એક ભંગ હોવાથી ઉદયભાંગા ૫ હોય છે.

સત્તાસ્થાન :–જિનનામ અને આહારક ચતુષ્કની સત્તાવાળો જીવ નરકમાં જતો નથી તેથી ૯૩ નું સત્તાસ્થાન ન ઘટે. ૯૨–૮૯ અને ૮૮ એમ સામાન્યથી ૩ સત્તાસ્થાન હોય છે.

૨૯ ના બંધનો સંવેધ :–અહીં પોતાના પાંચે ઉદયસ્થાન અને પાંચે ઉદયભાંગામાં સામાન્યથી ત્રણ અને દરેક ઉદયસ્થાને ૩–૩ હોવાથી ઉદયસ્થાન તથા ઉદય ભંગ ગુણિત સત્તાસ્થાન ૧૫ હોય છે. પરંતુ તિર્યંચ પ્રાયોગ્ય ૨૯ ના બંધે ૮૯ વિના બે જ સત્તાસ્થાન હોય છે એટલું વિશેષ છે.

૩૦ ના બંધનો સંવેધ :– અહીં પણ ૫ ઉદયસ્થાન, ૫ ઉદયભાંગા, સામાન્યથી ૯૨ આદિ ૩ અને પાંચે ઉદયસ્થાનમાં ૩–૩ હોવાથી ઉદયસ્થાન તથા ઉદયભંગ ગુણિત સત્તાસ્થાન ૧૫ હોય છે. પરંતુ જિનનામ સહિત મનુષ્ય પ્રાયોગ્ય ૩૦ ના બંધે પાંચે ઉદયસ્થાને ૮૯ નું ૧ જ અને તિર્યંચ પ્રાયોગ્ય ૩૦ ના બંધે ૯૨–૮૮ આ ૨–૨ સત્તાસ્થાનો હોય છે.

તિર્યંચગતિ :-

બંધસ્થાન :- ૩૧ અને ૧ નો બંધ માત્ર મનુષ્યગતિમાં મુનિઓને જ હોવાથી આ ૨ વિના શેષ ૨૩ થી ૩૦ સુધીનાં ૬ બંધસ્થાનો હોય છે. તિર્યંચો સામાન્યથી ચારે ગતિ પ્રાયોગ્ય બંધ કરી શકે છે. માટે દરેક બંધસ્થાનના બધા જ બંધ ભાંગા પણ હોય છે. પરંતુ આ જીવો જિનનામનો બંધ કરતા ન હોવાથી જિનનામ સહિત દેવપ્રાયોગ્યના ૨૯ ના ૮ તેમજ જિનનામ સહિત મનુષ્ય પ્રાયોગ્ય ૩૦ ના બંધના ૮ અને આહારકદ્વિક સહિત દેવપ્રાયોગ્ય ૩૦ ના બંધનો ૧ એમ કુલ ૧૭ અને ૩૧ તથા ૧ ના બંધનો ૧-૧ એમ ૧૯ બંધભાંગા વિના શેષ (૧૩૯૨૬) તેર હજાર નવસો છવ્વીશ બંધભાંગા હોય છે.

ત્યાં ૨૩ ના બંધના ૪, ૨૫ ના બંધના ૨૫, ૨૬ ના બંધના ૧૬, ૨૮ ના ૯, ૨૯ ના ૯૨૪૦ અને ૩૦ ના બંધના ૪૬૩૨ બંધભાંગા હોય છે.

ઉદયસ્થાન :- સામાન્યથી ૨૧ અને ૨૪ થી ૩૧ પર્યંતનાં ૯ ઉદયસ્થાન હોય છે. અને એકેન્દ્રિયના ૪૨, વિકલેન્દ્રિયના ૬૬, સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચના (૪૯૦૬) ચાર હજાર નવસો છ, અને વૈક્રિય તિર્યંચના ૫૬-એમ નવે ઉદયસ્થાને મળી (૫૦૭૦) પાંચ હજાર સીત્તેર ઉદયભાંગા હોય છે.

ઉદયસ્થાન વાર ભંગ સંખ્યા :- ૨૧ ના ઉદયે એકેન્દ્રિયના ૫, વિકલેન્દ્રિયના નવ પંચેન્દ્રિય તિર્યંચના ૯, એમ ૨૩/૨૪ ના એકેન્દ્રિયના ૧૧, ૨૫ ના એકેન્દ્રિયના ૭, વૈક્રિય તિર્યંચના ૮ એમ ૧૫, ૨૬ ના એકેન્દ્રિયના ૧૩, વિકલેન્દ્રિયના ૯, સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચના (૨૮૯) બસો નેવ્યાસી એમ ત્રણસો અગિયાર, ૨૭ ના એકેન્દ્રિયના ૬, વૈક્રિય તિર્યંચના ૮ એમ ૧૪. ૨૮ ના વિકલેન્દ્રિયના ૬, સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચના ૫૭૬, વૈક્રિય તિર્યંચના ૧૬ એમ પાંચસો અઠ્ઠાણું, ૨૯ ના વિકલેન્દ્રિયના ૧૨, સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચના ૧૧૫૨, વૈક્રિય તિર્યંચના ૧૬ એમ અગિયારસો એંશી, ૩૦ ના વિકલેન્દ્રિયના ૧૮, સા. પં. તિ. ના ૧૭૨૮, વૈક્રિય તિર્યંચના ૮ એમ સત્તરસો ચોપન, ૩૧ ના ઉદયે વિકલેન્દ્રિયના ૧૨, સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચના ૧૧૫૨, એમ અગિયારસો ચોસઠ ઉદય ભાંગા હોય છે.

સત્તાસ્થાન:- ૯૨-૮૮-૮૬-૮૦ અને ૭૮ સામાન્યથી આ ૫ સત્તાસ્થાનો હોય છે. ૯૩ અને ૮૯ જિનનામ સહિત હોવાથી અને ૭૯ આદિ ૫ સત્તાસ્થાનો માત્ર ક્ષપક શ્રેણીમાં જ ઘટતાં હોવાથી આ ૭ સત્તાસ્થાનો અહીં સંભવતાં નથી.

૨૩ આદિ પ્રથમનાં ત્રણ બંધસ્થાનોનો સંવેધ :- ૨૩, ૨૫ અને ૨૬ ના બંધે ઉપર બતાવેલ ૨૧ આદિ નવ ઉદયસ્થાનો અને પાંચ હજાર સીત્તેર ઉદયભાંગા હોય છે.

સામાન્યથી સત્તાસ્થાન પણ ૫ હોય છે. અને ઉદયસ્થાન વાર વિચારીએ તો ૨૧-૨૪-૨૫ અને ૨૬ આ ચાર ઉદયસ્થાનોમાં ૫-૫ હોવાથી ૨૦, અને ૨૭ આદિ ૫ ઉદયસ્થાનોમાં ૭૮ વિના ૪-૪ હોવાથી ૨૦, એમ ઉદયસ્થાન ગુણિત સત્તાસ્થાનો ૪૦ હોય છે.

ઉદયભંગવાર સત્તાસ્થાન :- ૨૧ ના ઉદયના ૨૩ ભાંગામાં ૫-૫ હોવાથી ૧૧૫ સત્તાસ્થાન.

૨૪ નાં કુલ પહેલાં ની જેમ ૫૩.

૨૫ ના એકેન્દ્રિયના ૭ માં પહેલાંની જેમ ૨૯ અને વૈક્રિય તિર્યંચના ૮ માં બે-બે માટે ૧૬, એમ ૪૫.

૨૬ ના એકેન્દ્રિયના ૧૩ માં પહેલાંની જેમ ૫૩, શેષ ૨૯૮ માં ૫-૫ હોવાથી ૧૪૯૦, એમ કુલ પંદરસો તેતાલીશ.

૨૭ ના એકેન્દ્રિયના ૬ માં ૭૮ વિના ચાર-ચાર માટે ૨૪, વૈક્રિય તિર્યંચના ૮ માં ૯૨-૮૮ બે-બે માટે ૧૬. કુલ ૪૦.

૨૮ ના વૈક્રિય તિર્યંચના ૧૬ માં ૯૨-૮૮ બે-બે માટે ૩૨ અને શેષ ૫૮૨ માં ૯૨ આદિ ચાર-ચાર માટે ૨૩૨૮ એમ કુલ તેવીસશો સાઠ.

૨૯ ના વૈક્રિય તિર્યંચના ૧૬ માં ૯૨-૮૮, બે-બે હોવાથી ૩૨ અને શેષ ૧૧૬૪ ભાંગામાં ૯૨ આદિ ચાર-ચાર હોવાથી ૪૬૫૬-એમ કુલ છેંતાલીશસો અઠ્ઠાસી.

૩૦ ના વૈક્રિય તિર્યંચના ૮ માં ૯૨-૮૮ બે-બે તેથી ૧૬ અને શેષ ૧૭૪૬ માં ૯૨ આદિ ચાર-ચાર માટે ૬૯૮૪. એમ કુલ સાત હજાર.

અને ૩૧ ના ૧૧૬૪માં ૯૨ આદિ ચાર-ચાર હોવાથી છેંતાલીશસો છપ્પન.

એમ ઉદયભંગ ગુણિત કુલ સત્તાસ્થાનો વીશ હજાર પાંચસો થાય છે.

૨૮ ના બંધનો સંવેધ :- દેવ અને નરક પ્રાયોગ્ય ૨૮ ના બંધે સામાન્યથી ૨૧ અને ૨૫ થી ૩૧ પર્યંતનાં ૮ ઉદયસ્થાનો હોય છે. ત્યાં મિથ્યાદષ્ટી અપર્યાપ્ત અવસ્થામાં દેવપ્રાયોગ્ય બંધ કરતા જ નથી પરંતુ સમ્યક્દષ્ટી જ દેવ પ્રાયોગ્ય કરે છે. તેથી સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચ આશ્રયી પોતાનાં ૬ ઉદયસ્થાનો અને વૈક્રિય તિર્યંચ આશ્રયી વૈક્રિય તિર્યંચનાં ૨૫ આદિ ઉદયસ્થાનો પણ ઘટે છે.

ઉદયભંગ :- એકેન્દ્રિય, વિકલેન્દ્રિય અને લબ્ધિ અપર્યાપ્તા પંચેન્દ્રિય તિર્યંચો દેવ પ્રાયોગ્ય બંધ કરતા ન હોવાથી તેઓના અનુક્રમે ૪૨-૬૬-અને ૨ એમ ૧૧૦ ઉદયભાંગા છોડી શેષ ચાર હજાર નવસો સાઠ ઉદયભાંગા હોય છે.

ઉદયસ્થાનવાર ઉદયભંગ :–

૨૧ ના પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચના ૮, ૨૫ ના વૈક્રિય તિર્યંચના ૮, ૨૬ ના પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચના ૨૮૮, / ૨૭ ના વૈક્રિય તિર્યંચના ૮, ૨૮ ના સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચના ૫૭૬, વૈક્રિય તિર્યંચના ૧૬ એમ ૫૯૨ / ૨૯ ના સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચના ૧૧૫૨, અને વૈક્રિય તિર્યંચના ૧૬ એમ અગ્યારસો અડસઠ, ૩૦ ના સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચના ૧૭૨૮, અને વક્રિય તિર્યંચના ૮ એમ સત્તરસો છત્રીશ અને ૩૧ ના સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચના ૧૧૫૨ છે.

નરક પ્રાયોગ્ય ૨૮ નો બંધ સર્વપર્યાપ્તિએ પર્યાપ્ત અવસ્થામાં જ કરે છે તેમજ વક્રિય તિર્યંચ કંઈક વિશુદ્ધ હોવાથી નરક પ્રાયોગ્ય બંધ કરતા નથી, માટે ૩૦ અને ૩૧ આ બે જ ઉદયસ્થાનો નરક પ્રાયોગ્ય ૨૮ ના બંધે હોય છે. અને ૩૦ ના સ્વરના ઉદય સહિતના અગ્યારસો બાવન અને ૩૧ ના (૧૧૫૨) અગ્યારસો બાવન–એમ (૨૩૦૪) તેવીશસો ચાર ઉદયભાંગા હોય છે.

સામાન્યથી ૯૨–૮૮ અને ૮૬ આ ત્રણ સત્તાસ્થાનો હોય છે. તેમાં પણ ૮૬ નું સત્તાસ્થાન વૈક્રિય અષ્ટકની ઉદ્વલના કરી ૮૦ ની સત્તાવાળા થયેલ એકેન્દ્રિયો પંચેન્દ્રિયમાં ઉત્પન્ન થાય ત્યારે સર્વ પર્યાપ્તિઓ પૂર્ણ કર્યા બાદ ૩૦ અને ૩૧ ના ઉદયસ્થાનમાં વર્તતાં પહેલી વાર દેવ અથવા નરક પ્રાયોગ્ય બંધ કરે ત્યારે જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્ત્ત કાળ સુધી જ હોય છે. પણ આ ઉદયસ્થાનોમાં શેષ કાળે તેમજ ૨૯ સુધીના ઉદયસ્થાનોમાં ૮૬ નું સત્તાસ્થાન હોતું જ નથી.

ઉદયસ્થાન વાર વિચારીએ તો ૨૧ અને ૨૫ થી ૨૯ સુધીના છ ઉદયસ્થાનોમાં ૯૨ અને ૮૮ બે માટે ૧૨, અને ૩૦ તથા ૩૧ ના ઉદયસ્થાનમાં ૯૨ આદિ ત્રણ તેથી ૬, એમ ઉદયસ્થાન ગુણિત સત્તાસ્થાનો ૧૮ હોય છે.

ઉદયભંગવાર વિચારીએ તો ૨૧ ના ઉદયે ૮ ભાંગાઓમાં ૯૨–૮૮ બે–તેથી ૧૬, એ જ પ્રમાણે ૨૫ ના ઉદયે ૧૬ / ૨૬ ના ઉદયે ૫૭૬, ૨૭ ના ઉદયે ૧૬, ૨૮ ના ઉદયે ૧૧૮૪, ૨૯ ના ઉદયે ૨૩૩૬, ૩૦ ના ઉદયે સ્વરવાળા અગ્યારસો બાવનમાં ૩–૩ તેથી ચોત્રીશસો છપ્પન, અને શેષ ૫૮૪ માં ૯૨ આદિ ૨ માટે અગ્યારસો અડસઠ / ૩૧ ના ઉદયે ૧૧૫૨ માં ૩–૩ તેથી (૩૪૫૬) ચોત્રીશસો છપ્પન–એમ ઉદય ભંગ ગુણિત સર્વ સત્તાસ્થાનો (૧૨૨૨૪) બાર હજાર બસો ચોવીશ થાય છે.

૨૯ ના બંધનો સંવેધ :

પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્ય પ્રાયોગ્ય ૨૯ ના બંધે તિર્યંચ ગતિમાં બતાવેલ નવ ઉદયસ્થાન, ૫૦૭૦ ઉદયભાંગા, તેમજ સામાન્યથી ૯૨ આદિ પાંચ અને ઉદયસ્થાન

ગુણિત ૪૦ સત્તાસ્થાન હોય છે. અને દરેક ઉદયસ્થાને ઉદયભંગ ગુણિત સત્તાસ્થાનો પણ આજ માર્ગણામા ૨૩ આદિના બંધસ્થાનના સંવેધમાં બતાવ્યા પ્રમાણે હોય છે. માટે જીજ્ઞાસુએ ત્યાંથી જોઈ લેવું.

ઉદ્યોત સહિત પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય ૩૦ ના બંધે પણ સંવેધ ૨૯ ના બંધ પ્રમાણે જ હોવાથી ફરીથી બતાવેલ નથી.

મનુષ્યગતિ :-

અહીં સર્વ ગુણસ્થાનક અને સર્વ ગતિ પ્રાયોગ્ય બંધનો સંભવ હોવાથી ૨૩ આદિ આઠે બંધસ્થાન અને બધા બંધભાંગા હોય છે. પરંતુ જિનનામ સહિત મનુષ્ય પ્રાયોગ્ય ૩૦ નો બંધ માત્ર દેવો અને નારકો જ કરે છે. મનુષ્ય કરતા નથી. તેથી ૩૦ના જિનનામ સહિત મનુષ્ય પ્રાયોગ્યના ૮ ભાંગા અહીં ઘટતા ન હોવાથી ૩૦ ના બંધે ૪૬૪૧ ના બદલે ૪૬૩૩ બંધભાંગા હોય છે. અને આઠે બંધસ્થાનના તેર હજાર નવસો સાડત્રીશ બંધભાંગા હોય છે.

ઉદયસ્થાન :- ૨૪ નું ઉદયસ્થાન માત્ર એકેન્દ્રિયને જ હોવાથી તેને બાદ કરતાં સામાન્ય મનુષ્યો, વૈક્રિય, આહારક મનુષ્યો અને કેવળી મનુષ્ય આશ્રયી સામાન્યથી શેષ ૧૧ ઉદયસ્થાન હોય છે. અને મનુષ્યના ૨૬૫૨ ઉદયભાંગા હોય છે.

ઉદયસ્થાનવાર ઉદયભંગ :- ૨૦ નો ૧, ૨૧ નો તીર્થંકરનો ૧, અને સામાન્ય મનુષ્યના ૯ એમ ૧૦/ ૨૫ ના વક્રિય મનુષ્યના ૮, આહારકનો ૧ એમ ૯/ ૨૬ ના સામાન્ય મનુષ્યના ૨૮૯/૨૭ ના વૈક્રિય મનુષ્યના ૮, આહારકનો ૧ અને તીર્થંકરનો ૧ એમ ૧૦/૨૮ ના સા. મનુ. ના ૫૭૬, વૈક્રિયના ૯, અને આહારકના ૨ એમ ૫૮૭. ૨૯ ના આજ પ્રમાણે ૫૮૭ અને તીર્થંકરનો ૧ એમ ૫૮૮/ ૩૦ ના સા. મનુષ્યના ૧૧૫૨, વૈક્રિય યતિ અને આહારક યતિનો ૧–૧ અને તીર્થંકરનો ૧ એમ કુલ અગ્યારસો પંચાવન અને ૩૧, ૯ અને ૮ ના ઉદયના ૧–૧ એમ ૨૬૫૨ ઉદયભાંગા હોય છે.

સત્તાસ્થાન :- મનુષ્યોને મનુષ્યદ્વિકની સત્તા અવશ્ય હોવાથી ૭૮ નું સત્તાસ્થાન ઘટતું નથી. માટે શેષ ૧૧ સત્તાસ્થાનો હોય છે.

૨૩ ના બંધનો સંવેધ :

અહીં ૨૧ અને ૨૫ થી ૩૦ સુધીનાં ૬ એમ કુલ ૭ ઉદયસ્થાનો હોય છે. અને ઉદયભાંગા યતિને જ ઘટતા ૧૦ અને કેવળીના ૮ એમ ૧૮ છોડી શેષ (૨૬૩૪) છવ્વીશસો ચોત્રીશ ઉદયભાંગા હોય છે.

ઉદયસ્થાનવાર વિચારીએ તો આ પ્રમાણે: ૨૧ ના સામાન્ય મનુષ્યના ૯/૨૫ના વૈક્રિય મનુષ્યના ૮/૨૬ ના સામાન્ય મનુષ્યના ૨૮૯/૨૭ ના વૈક્રિય મનુષ્યના ૮/૨૮ ના

સામાન્ય મનુષ્યના ૫૭૬, અને વૈક્રિયના ૮ એમ ૫૮૪/ ૨૯ના એજ પ્રમાણે ૫૮૪ અને ૩૦ ના સામાન્ય મનુષ્યના ૧૧૫૨ ઉદયભાંગા થાય છે.

સત્તાસ્થાન સામાન્યથી ૯૨–૮૮–૮૬ અને ૮૦ આ ચાર હોય છે. ત્યાં ૨૫ અને ૨૭ નો ઉદય માત્ર વૈક્રિય મનુષ્યને જ હોવાથી ૯૨–૮૮ બે–બે માટે ૪ અને શેષ ૫ ઉદયસ્થાનોમાં ૯૨ આદિ ચારે હોવાથી ૨૦ અને કુલ ઉદયસ્થાન ગુણિત સત્તાસ્થાનો ૨૪ હોય છે.

ઉદયભંગવાર વિચારીએ તો વક્રિયના ૩૨ ભાંગામાં ૯૨–૮૮ બે–બે માટે ૬૪ અને શેષ ૨૬૦૨ ભાંગાઓમાં ૪–૪ હોવાથી ૧૦૪૦૮ એમ ઉદયભંગ ગુણિત કુલ સત્તાસ્થાન દશ હજાર ચારસો બહોંતેર હોય છે.

ઉદયસ્થાન વાર ઉદયભંગ ગુણિત સત્તાસ્થાનો

૨૧ ના ઉદયે ૩૬/ ૨૫ ના ઉદયે ૧૬/ ૨૬ના ઉદયે ૧૧૫૬ ૨૭/ ના ઉદયે ૧૬/૨૮ ના ઉદયે ૨૩૨૦/૨૯ના ઉદયે પણ ૨૩૨૦/૩૦ના ઉદયે ૪૬૦૮ થાય છે.

૨૫ તેમજ ૨૬ ના બંધનો સંવેધ પણ ૨૩ ના બંધ પ્રમાણે હોવાથી જુદો બતાવવામાં આવેલ નથી.

૨૮ ના બંધનો સંવેધ

આ બંધસ્થાનમાં ૨૧ અને ૨૫ થી ૩૦ સુધીનાં ૭ ઉદયસ્થાનો હોય છે. અપર્યાપ્ત અવસ્થામાં સમ્યગ્દષ્ટી જ દેવ પ્રાયોગ્ય બંધ કરી શકે છે અને લબ્ધિ અપર્યાપ્ત જીવોને ચોથું ગુણસ્થાનક ન હોવાથી ૨૧ અને ૨૬ ના ઉદયનો લબ્ધિ અપર્યાપ્તનો ૧–૧ અને કેવળીના ૮ એમ ૧૦ વિના શેષ ૨૬૪૨ ઉદયભાંગા હોય છે. જિનનામની સત્તા વિનાના આહારક અને વૈક્રિય મનુષ્યો પણ છઠ્ઠા ગુણસ્થાનકે દેવપ્રાયોગ્ય ૨૮નો બંધ કરી શકે છે, માટે યતિના ૧૦ ભાંગા અહીં ઘટે છે.

ઉદય સ્થાન વાર ઉદયભંગ—૨૧ ના પર્યાપ્ત નામકર્મના ઉદયવાળા ૮/૨૬ ના ૨૮૮/ ૨૫ના વૈક્રિયના ૮, અને આહારકનો ૧ એમ ૯/ ૨૭ ના પણ એજ ૯/૨૮ અને ૨૯ ના પ્રત્યેકના સામાન્ય મનુષ્યના ૫૭૬, વૈક્રિયના ૯, અને આહારકના ૨ એમ ૫૮૭/ ૩૦ ના સામાન્ય મનુષ્યના ૧૧૫૨ અને વૈક્રિય તથા આહારકનો ૧–૧ એમ ૧૧૫૪ થાય.

સામાન્યથી સત્તાસ્થાન ૯૨–૮૯–૮૮ અને ૮૬ આ ૪ હોય છે. ત્યાં ૨૧ થી ૨૯ સુધીના છ ઉદયસ્થાનોમાં ૯૨–૮૮ બે–બે, માટે ૧૨ અને ૩૦ ના ઉદયમાં ૯૨ આદિ ૪ તેથી ઉદયસ્થાન ગુણિત કુલ સત્તાસ્થાનો ૧૬ હોય છે.

અહીં ૨૯ સુધીના ઉદયસ્થાનોમાં ૯૨-૮૮ બે જ કેમ? અને ૩૦ ના ઉદયસ્થાનમાં ૮૬ નું કઈ રીતે હોય છે? તેમજ આ ઉદયસ્થાનમાં ૮૯નું સત્તાસ્થાન નરક પ્રાયોગ્ય ૨૮ ના બંધમાં જ કેમ હોય છે? વગેરે ૨૮ ના બંધે સામાન્ય સંવેધમાં બતાવેલ હોવાથી જિજ્ઞાસુએ ત્યાંથી જોઈ લેવું.

ઉદયભંગવાર સત્તાસ્થાન વિચારીએ તો આહારકના સાતે ભાંગામાં આહારક ચતુષ્કની સત્તા અવશ્ય હોવાથી ૯૨ નું ૧-૧ તેથી ૭, ૩૦ ના ઉદયના સામાન્યમનુષ્યના ૧૧૫૨ ભાંગામાં ૯૨ આદિ ૪-૪ માટે ૪૬૦૮, શેષ વૈક્રિય મનુષ્યના ૩૫ અને સામાન્ય મનુષ્યને અપર્યાપ્ત અવસ્થામાં ઘટતા ૧૪૪૮-એમ ૧૪૮૩ ભાંગામાં ૯૨-૮૮-બે-બે તેથી ૨૯૬૬-એમ ઉદયભંગ ગુણિત કુલ સત્તાસ્થાનો સાત હજાર પાંચસો એકાશી થાય છે. દરેક ઉદયસ્થાને ઉદય ભંગ વાર સત્તાસ્થાનો સુગમ હોવાથી અલગ બતાવેલ નથી.

૨૯ ના બંધનો સંવેધ—

૨૯ પ્રકૃતિ બાંધતાં આ માર્ગણામાં બતાવ્યા પ્રમાણે સામાન્યથી ૭ ઉદયસ્થાન અને દરેક ઉદયસ્થાને ઉદયભંગની સંખ્યા અને સાતે ઉદયસ્થાને પણ ઉદયભાંગા હોય છે. સત્તાસ્થાન સામાન્યથી ૯૩ આદિ પ્રથમનાં ૬ હોય છે. ત્યાં તિર્યંચ તથા મનુષ્ય પ્રાયોગ્ય ૨૯ ના બંધે ૯૨-૮૮-૮૬ અને ૮૦ આ ૪-૪ સત્તાસ્થાનો હોય છે. અને જિનનામ સહિત દેવ પ્રાયોગ્ય ૨૯ ના બંધે ૯૩-અને ૮૯ આ ૨ સત્તાસ્થાનો હોય છે.

ઉદયસ્થાન વાર વિચારીએ તો ૨૫ અને ૨૭ નો ઉદય માત્ર વૈક્રિય તથા આહારકને જ હોવાથી ૯૩ આદિ પ્રથમનાં ૪ અને શેષ ૫ ઉદયસ્થાનમાં ૯૩ આદિ છ-છ હોવાથી ૩૦ એમ કુલ ૩૮ સત્તાસ્થાન હોય છે.

ઉદય ભંગવાર સત્તાસ્થાનો આ પ્રમાણે

૨૧ના ઉદયે પર્યાપ્ત નામકર્મના ઉદયવાળા ૮ માં ૯૩ આદિ ૬-૬ તેથી ૪૮ અને અપર્યાપ્ત નામકર્મના ઉદયવાળા ૧ માં ૯૨-૮૮-૮૬ અને ૮૦ આ ૪, કુલ ૫૨/ ૨૫ ના વૈક્રિયના ૮ માં ૯૩ આદિ પ્રથમનાં ૪ તેથી ૩૨, અને આહારકના ૧ માં ૯૩ નું ૧ એમ ૩૩/ ૨૬ના પર્યાપ્તના ૨૮૮માં ૯૩ આદિ ૬-૬ તેથી (૧૭૨૮) સત્તરસો અઠ્ઠાવીસ, અને અપર્યાપ્તના ૧ માં ૯૨-૮૮-૮૬ અને ૮૦ આ ૪ કુલ (૧૭૩૨) સત્તરસો બત્રીશ. ૨૭ ના ૯ ભાંગામાં ૨૫ પ્રમાણે ૩૩/૨૮ ના સામાન્ય મનુષ્યના ૫૭૬ માં ૯૩ આદિ ૬-૬ માટે (૩૪૫૬) ચોત્રીશસો છપ્પન, અને વૈક્રિયના ૮ માં ૯૩ આદિ પ્રથમનાં ૪ તેથી

૩૨, ઉદ્યોત સહિત વૈક્રિયના ૧ માં ૯૩ અને ૮૯, અને આહારકના ૨ માં ૯૩ નું ૧ એમ કુલ (૩૪૯૨) ચોત્રીશસો બાણું/૨૯ ના ઉદયે પણ એજ પ્રમાણે (૩૪૯૨) ચોત્રીશસો બાણું/ ૩૦ ના ઉદયે સામાન્ય મનુષ્યના (૧૧૫૨) અગ્યારસો બાવનમાં ૯૩ આદિ ૬-૬ તેથી (૬૯૧૨) છ હજાર નવસો બાર, વૈક્રિયના ૧ માં ૯૩ અને ૮૯, અને આહારકના ૧ માં ૯૩નું ૧ કુલ ૬૯૧૫, એમ ઉદયભંગ ગુણિત સર્વ સત્તાસ્થાન (૧૫૭૪૯) પંદર હજાર સાતસો ઓગણપચાસ થાય છે.

૩૦ ના બંધનો સંવેધ

અહીં મનુષ્યો ઉદ્યોત સહિત તિર્યંચ પ્રાયોગ્ય ૩૦ નો બંધ કરે ત્યારે તેના (૪૬૩૨) છેંતાલીશસો બત્રીશ અને આહારકદ્વિક સહિત દેવ પ્રાયોગ્ય ૩૦ નો બંધ કરે ત્યારે ૧ એમ ૩૦ ના બંધના કુલ બંધભાંગા (૪૬૩૩) છેંતાલીશસો તેત્રીશ હોય છે.

ઉદયસ્થાન ૨૧ અને ૨૫ થી ૩૦ સુધીનાં ૬ એમ કુલ ૭ હોય છે. અને ઉદયભાંગા કેવળીના ૮ અને યતિમાંજ ઘટતા ૧૦ એમ ૧૮ વિના શેષ (૨૬૩૪) છવ્વીશસો ચોત્રીશ હોય છે. અને ૩૦ના બંધે સામાન્ય સંવેધમાં બતાવ્યા મુજબ આહારકના ૨૯ અને ૩૦ ના ઉદયના ૨ ભાંગા લઈએ તો (૨૬૩૬) છવ્વીશસો છત્રીશ ઉદયભાંગા હોય છે.

દરેક ઉદયસ્થાને ભાંગા આ પ્રમાણે—૨૧ ના ઉદયે મનુષ્યના ૯/૨૫ ના ઉદયે વૈક્રિય મનુષ્યના ૮/ ૨૬ ના ૨૮૯/ ૨૭ ના વૈક્રિય મનુષ્યના ૮/૨૮ના સામાન્ય મનુષ્યના ૫૭૬, અને વૈક્રિય મનુષ્યના ૮, એમ ૫૮૪/ ૨૯ ના પણ એજ પ્રમાણે ૫૮૪ અને મતાંતરે એક આહારકના ભાંગા સહિત ૫૮૫/ ૩૦ ના ૧૧૫૨ અને મતાંતરે આહારકના ૧ સહિત (૧૧૫૩) અગ્યારસો ત્રેપન થાય છે.

અહીં ૩૦ ના બંધે ૯૨-૮૮-૮૬ અને ૮૦ આ ૪ અને આહારકદ્વિક સહિત દેવ પ્રાયોગ્ય ૩૦ ના બંધે એક ૯૨ નું સત્તાસ્થાન હોવાથી સામાન્યથી ૪ સત્તાસ્થાનો હોય છે. આ ગતિમાં ૩૦ ના બંધે ૯૩ અને ૮૯ નાં સત્તાસ્થાનો ઘટતાં નથી. ત્યાં ૨૫ અને ૨૭ નો ઉદય વૈક્રિય મનુષ્યને જ હોવાથી ૯૨-૮૮ બે-બે માટે ૪ અને શેષ ૫ ઉદયસ્થાને ૪-૪ તેથી ઉદયસ્થાન ગુણિત કુલ સત્તાસ્થાનો ૨૪ હોય છે.

ઉદયભંગ વાર સત્તાસ્થાનો આ પ્રમાણે-૨૧ ના ઉદયે નવે ભાંગામાં ૯૨ આદિ ૪-૪ હોવાથી ૩૬/ ૨૫ અને ૨૭ ના ઉદયે ૮-૮ ભાંગામાં ૯૨-૮૮ બે-બે માટે ૧૬-૧૬/ ૨૬ ના ૨૮૯માં ૯૨ આદિ ૪-૪ હોવાથી (૧૧૫૬) અગ્યારસો છપ્પન/ ૨૮ના સામાન્ય મનુષ્યના ૫૭૬ માં ૯૨ આદિ ૪ માટે (૨૩૦૪) તેવીશસો ચાર, અને વૈક્રિય મનુષ્યના ૮ માં ૯૨-૮૮ બે તેથી ૧૬ કુલ (૨૩૨૦) તેવીશસો વીશ/ ૨૯ ના ઉદયે પણ એજ

પ્રમાણે (૨૩૨૦) તેવીશસો વીશ અને મતાંતરે આહારકનો ૧ ભાંગો લઈએ તો ૯૨ નું ૧ વધારે તેથી (૨૩૨૧) તેવીશસો એકવીશ /અને ૩૦ ના ઉદયે સામાન્ય મનુષ્યના (૧૧૫૨) અગ્યારસો બાવનમાં ૯૨ આદિ ૪ તેથી ૪૬૦૮ અને મતાંતરે આહારકનો ૧ ભાંગો લઈએ તો ૯૨ નું એક વધારે ઘટવાથી (૪૬૦૯) છેંતાલીશસો નવ–એમ કુલ ઉદય ભંગ ગુણિત સત્તાસ્થાનો ૧૦૪૭૨ અને મતાંતરે ૧૦૪૭૪ હોય છે.

૩૧ અને ૧ નો બંધ તેમજ અબંધ આ માર્ગણામાં જ હોવાથી સામાન્ય સંવેધમાં બતાવેલ છે. તે જ પ્રમાણે હોય છે. માટે વિસ્તારના ભયથી ફરીથી બતાવવામાં આવેલ નથી.

દેવગતિ :

આ માર્ગણામાં જીવો પર્યાપ્ત બાદર પ્રત્યેક એકેન્દ્રિય પ્રાયોગ્ય તેમજ પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્ય પ્રાયોગ્ય જ બંધ કરે છે. માટે ૨૫–૨૬–૨૯ અને ૩૦ આ ૪ બંધસ્થાન હોય છે.

ત્યાં ૨૫ ના બંધે બાદર પર્યાપ્ત પ્રત્યેક એકેન્દ્રિય પ્રાયોગ્યના ૮/ ૨૬ ના બંધે ૧૬ ભાંગા હોય છે. ૨૯ ના બંધે પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્યના (૪૬૦૮) છેંતાલીશસો આઠ અને મનુષ્ય પ્રાયોગ્યના ૪૬૦૮ એમ (૯૨૧૬) બાણુંસો સોળ અને ૩૦ ના બંધે પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્યના (૪૬૦૮) છેંતાલીશ સો આઠ અને જિનનામ સહિત મનુષ્ય પ્રાયોગ્યના ૮ એમ (૪૬૧૬) છેંતાલીશસો સોળ એ પ્રમાણે ચારે બંધસ્થાને મળી કુલ બંધભાંગા (૧૩૮૫૬) તેરહજાર આઠ સો છપ્પન થાય છે.

ઉદયસ્થાન : –અહીં દેવના પોતાના ૨૧ અને ૨૫ થી ૩૦ એમ ૬ ઉદયસ્થાનો અને ૬૪ ઉદય ભાંગા હોય છે.

૯૩–૯૨–૮૯ અને ૮૮ એમ સામાન્યથી ૪ સત્તાસ્થાનો હોય છે.

૨૫ના બંધનો સંવેધ:–આ બંધસ્થાનને બાંધતા દેવતાનાં છ એ ઉદયસ્થાને ૯૨–૮૮ એમ સામાન્યથી ૨ અને ઉદયસ્થાન ગુણિત ૧૨ તેમજ દરેક ઉદયભંગમાં પણ આ બે–બે હોવાથી ઉદયભંગ ગુણિત સત્તાસ્થાનો ૧૨૮ હોય છે. અને ૨૬ ના બંધે પણ સંવેધ એજ પ્રમાણે સમજવો.

૨૯ ના બંધનો સંવેધ :–અહીં છએ ઉદયસ્થાને સામાન્યથી ૯૨–૮૮ બે, અને ઉદય સ્થાન ગુણિત ૧૨, તેમજ ઉદયભંગ ગુણિત ૧૨૮ સત્તાસ્થાનો હોય છે.

૩૦ ના બંધનો સંવેધ–અહીં સામાન્યથી ૯૩ આદિ પ્રથમનાં ૪ સત્તાસ્થાનો અને છએ ઉદય સ્થાને ૪–૪ હોવાથી ઉદયસ્થાન ગુણિત સત્તાસ્થાનો ૨૪ હોય છે. પરંતુ તિર્યંચ પ્રાયોગ્ય ૩૦ ના બંધે દરેક ઉદયસ્થાને ૯૨–૮૮ આ ૨ અને જિનનામ સહિત

મનુષ્ય પ્રાયોગ્ય ૩૦ ના બંધે દરેક ઉદયસ્થાને ૯૩–૮૯ આ બે સત્તાસ્થાનો હોય, આટલી વિશેષતા છે. ચોસઠે ઉદયભાંગામાં આ ૪–૪ સત્તાસ્થાનો હોવાથી ઉદયભંગ ગુણિત સત્તાસ્થાનો ૨૫૬ હોય છે.

ઇન્દ્રિય માર્ગણા

એકેન્દ્રિયઃ–આ જીવો દેવ તેમજ નરક પ્રાયોગ્ય બંધ કરતા ન હોવાથી ૨૮ નું અને મુનિને જ ઘટતા ૩૧ અને ૧ નું બંધસ્થાન વર્જી શેષ ૨૩ આદિ ૫ બંધસ્થાન હોય છે.

બંધભાંગાઃ–૨૩ ના ૪, ૨૫ ના ૨૫, ૨૬ ના ૧૬, ૨૯ ના જિનનામ સહિત દેવ પ્રાયોગ્યના ૮ વિના (૯૨૪૦) બાણુંસો ચાળીશ અને ૩૦ ના બંધના આહારક દ્વિક સહિત દેવપ્રાયોગ્યનો ૧ અને જિનનામ સહિત મનુષ્ય પ્રાયોગ્યના ૮ એ નવ વિના (૪૬૩૨) છેંતાલીશસો બત્રીશ, પાંચે બંધસ્થાને મળી કુલ (૧૩૯૧૭) તેરહજાર નવસો સત્તર બંધભાંગા હોય છે. અને એકેન્દ્રિયને પોતાના ૨૧ આદિ ૫ ઉદયસ્થાનોના અનુક્રમે ૫–૧૧–૭–૧૩ અને ૬ ઉદયભાંગા હોવાથી કુલ ૪૨ ઉદયભાંગા હોય છે.

સત્તાસ્થાન સામાન્યથી તિર્યંચગતિમાં ઘટતાં ૯૨–૮૮–૮૬–૮૦ અને ૭૮ એમ ૫ હોય છે.

સંવેધઃ– ૨૩ના બંધે સામાન્યથી ૫ અને પ્રથમનાં ૪ ઉદયસ્થાનમાં ૫–૫ તેથી ૨૦ અને ૨૭ ના ઉદયે ૭૮ વિના ૪ એમ ઉદયસ્થાન ગુણિત સત્તાસ્થાનો ૨૪ હોય છે.

ઉદયભંગવાર વિચારીએ તો ૨૧ ના પાંચે ભાંગામાં ૫–૫ હોવાથી ૨૫, ૨૪ ના ૧૦ માં ૫–૫ તેથી ૫૦, અને વૈક્રિય વાયુકાયના ૧ માં ૯૨–૮૮ અને ૮૬ એ ત્રણ તેથી કુલ ૫૩/ ૨૫ના સૂક્ષ્મ–બાદર પર્યાપ્ત પ્રત્યેક અયશવાળા ૨ માં ૫–૫ તેથી ૧૦, વૈક્રિયવાયુકાયના ૧ માં ૩, અને શેષ ૪ ભાંગામાં ૭૮ વિના ૪–૪ હોવાથી ૧૬ એમ કુલ ૨૯/૨૬ના ઉદયે સૂક્ષ્મ–બાદર પર્યાપ્ત પ્રત્યેક અયશવાળા ૨ માં ૫–૫ માટે ૧૦, વૈક્રિય વાયુકાયના ૧ માં ૩, અને શેષ ૧૦ માં ૭૮ વિના ૪–૪ તેથી ૪૦ એમ કુલ ૫૩, ૨૭ ના ઉદયે છએ ભાંગામાં ૭૮ વિના ૪–૪ તેથી ૨૪ એમ ઉદયભંગ ગુણિત કુલ સત્તાસ્થાનો ૧૮૪ થાય છે.

૨૫ આદિ શેષ ચારે બંધસ્થાનનો સંવેધ એજ પ્રમાણે જાણવો.

વિકલેન્દ્રિયની ૩ માર્ગણાઃ–એકેન્દ્રિય માર્ગણામાં બતાવ્યા મુજબ અહીં પણ ૨૩ આદિ ૫ બંધસ્થાન અને (૧૩૯૧૭) તેરહજાર નવસો સત્તર બંધભાંગા હોય છે. અને વિકલેન્દ્રિયના પોતાના ૨૧–૨૬ અને ૨૮ થી ૩૧ પર્યંતનાં ૬ ઉદયસ્થાનો અને દરેકના ૨૨–૨૨ ઉદયભાંગા છે. સામાન્યથી સત્તાસ્થાન તિર્યંચગતિ પ્રમાણે ૯૨–૮૮–૮૬–૮૦ અને ૭૮ આ ૫ હોય છે.

સંવેધ:–૨૩ ના બંધે ૨૧ આદિ પોતાનાં ૯ ઉદયસ્થાન અને દરેકના ૨૨–૨૨ ઉદયભાંગા હોય છે. સત્તાસ્થાન સામાન્યથી ૯૨ આદિ ૫, અને ૨૧ તથા ૨૬ ના ઉદયે ૫–૫ ઘટતાં હોવાથી ૧૦, અને ૨૮ આદિ ૪ ઉદયસ્થાનોમાં ૭૮ વિના ૪–૪ તેથી ૧૬ એમ ઉદયસ્થાન ગુણિત સર્વ સત્તાસ્થાનો ૨૬ હોય છે.

ઉદયભંગવાર વિચારીએ તો ૨૧ ના ૩ માં ૫–૫ તેથી ૧૫, એજ પ્રમાણે ૨૬ ના પણ ૧૫, ૨૮ના બંને ભાંગામાં ૭૮ વિના ૪–૪ તેથી ૮, ૨૯ ના ૪ માં આજ ૪–૪ માટે ૧૬. ૩૦ ના ૬ માં પણ આજ ૪–૪ તેથી ૨૪, અને ૩૧ ના ૪ માં પણ આ ૪ તેથી ૧૬ એમ ઉદયભંગ ગુણિત સર્વ સત્તાસ્થાનો ૯૪ થાય છે.

૨૫–૨૬–૨૯ અને ૩૦ ના બંધનો સંવેધ પણ આ જ પ્રમાણે હોવાથી ફરીથી બતાવેલ નથી.

પંચેન્દ્રિય માર્ગણા:–આ માર્ગણામાં ચારે ગતિના જીવો હોવાથી ૨૩ આદિ ૮ બંધસ્થાન અને ૧૩૯૪૫ બંધભાંગા હોય છે. અને ૨૪ નું ઉદયસ્થાન માત્ર એકેન્દ્રિયને જ હોવાથી તેને બાદ કરતાં શેષ ૧૧ ઉદયસ્થાન હોય છે. તેમજ એકેન્દ્રિયના ૪૨ અને વિકલેન્દ્રિયના ૬૬/ એમ ૧૦૮ વિના શેષ (૭૬૮૩) સાત હજાર છસો ત્યાશી ઉદયભાંગા હોય છે.

દરેક ઉદયસ્થાને વિચારીએ તો એકેન્દ્રિય અને વિકલેન્દ્રિયના ભાંગા બાદ કરી શેષ સર્વ હોય છે. તે આ પ્રમાણે–

૯, ૮ અને ૨૦ નો ૧–૧, ૨૧ ના ૨૮, ૨૫ ના ૨૬, ૨૬ના ૫૭૮, ૨૭ ના ૨૭, ૨૮ ના ૧૧૯૬, ૨૯ ના ૧૭૭૩, ૩૦ ના (૨૮૯૯) અઠ્ઠાવીશસો નવ્વાણું અને ૩૧ ના ૧૧૫૩ હોય છે.

સત્તાસ્થાન સામાન્યથી ૯૩ આદિ ૧૨ હોય છે.

સંવેધ:–૨૩ ના બંધે ૨૧ અને ૨૫ થી ૩૧ પર્યંતનાં ૮ ઉદયસ્થાનો અને ઉદય ભાંગા આ માર્ગણામાં જે (૭૬૮૩) સાત હજાર છસો ત્યાશી બતાવેલ છે. તેમાંથી દેવતા ના ૬૪, નારકના ૫, યતિને જ સંભવતા ૧૦ અને કેવલીના ૮ એમ ૮૭ ભાંગા બાદ કરતાં શેષ (૭૫૯૬) સાત હજાર પાંચસો છન્નુ હોય છે.

ઉદયસ્થાનવાર આ પ્રમાણે:–૨૧ ના પંચેન્દ્રિય તિર્યંચના ૯, અને મનુષ્યના ૯ એમ ૧૮/ ૨૫ ના વૈ. તિ. ના ૮. અને વૈક્રિય મનુષ્યના ૮ એમ ૧૬/ ૨૬ ના પંચેન્દ્રિય તિર્યંચના ૨૮૯, અને મનુષ્યના ૨૮૯ એમ ૫૭૮/ ૨૭ ના ૨૫ પ્રમાણે ૧૬/ ૨૮ ના સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચના ૫૭૬, સામાન્ય મનુષ્યના ૫૭૬, વૈક્રિય તિર્યંચના ૧૬ અને વૈક્રિય મનુષ્યના ૮ એમ (૧૧૭૬) અગ્યારસો છોતેર. ૨૯ ના સામાન્ય પંચેન્દ્રિય

તિર્યંચ ના (૧૧૫૨) અગ્યારસો બાવન, સામાન્ય મનુષ્યના ૫૭૬, વૈક્રિય તિર્યંચના ૧૬ અને વૈક્રિય મનુષ્યના ૮ એમ (૧૭૫૨) સત્તરસો બાવન. ૩૦ ના સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચના (૧૭૨૮) સત્તરસો અઠ્ઠાવીસ, સામાન્ય મનુષ્યના (૧૧૫૨) અગ્યારસો બાવન, વૈક્રિય તિર્યંચના ૮ એમ કુલ (૨૮૮૮) અઠ્ઠાવીસસો અઠયાસી, અને ૩૧ના સામાન્ય પંચેંદ્રિય તિર્યંચના (૧૧૫૨) અગ્યારસો બાવન છે.

સત્તાસ્થાન સામાન્યથી ૯૨–૮૮–૮૬–૮૦ અને ૭૮ એમ ૫, ત્યાં ૨૧ અને ૨૬ ના ઉદયે ૫–૫ માટે ૧૦, ૨૫ અને ૨૭ ના ઉદયે ૯૨–૮૮ બે–બે તેથી ૪ અને ૨૮ આદિ ચારે ઉદયસ્થાનોમાં ૭૮ વિના ૪–૪ માટે ૧૬–એમ ઉદયસ્થાન ગુણિત કુલ સત્તાસ્થાનો ૩૦ થાય છે.

ઉદયભંગવાર વિચારીએ તો ૨૧ ના તિર્યંચના ૯ માં ૫–૫ તેથી ૪૫; અને મનુષ્યના ૯ માં ૭૮ વિના ૪–૪ માટે ૩૬ એમ ૮૧/ ૨૫ ના ૧૬ ભાંગામાં ૯૨–૮૮ બે–બે માટે ૩૨/ ૨૬ ના તિર્યંચના ૨૮૯માં ૫–૫ તેથી (૧૪૪૫) ચૌદસો પીસ્તાલીશ, અને મનુષ્યના ૨૮૯માં ૭૮ વિના ૪–૪ તેથી ૧૧૫૬ કુલ (૨૬૦૧) છવ્વીશસો એક. ૨૭ ના ૨૫ પ્રમાણે ૩૨/ ૨૮ ના વૈક્રિય તિર્યંચ અને મનુષ્યના ૨૪ માં ૨–૨ માટે ૪૮, અને શેષ (૧૧૫૨) અગ્યારસો બાવનમાં ૪–૪ માટે ૪૬૦૮ કુલ (૪૬૫૬) છેંતાલીશસો છપ્પન. ૨૯ ના વૈક્રિય તિર્યંચ અને મનુષ્યના ૨૪ માં ૯૨–૮૮ બે–બે તેથી ૪૮, શેષ ૧૭૨૮ માં ૯૨ આદિ ૪–૪ તેથી (૬૯૧૨) છહજાર નવસો બાર, કુલ (૬૯૬૦) છહજાર નવસો સાઠ. ૩૦ ના વૈ. તિ. ના ૮ માં ૯૨–૮૮ બે માટે ૧૬ અને શેષ ૨૮૮૦માં ૯૨ આદિ ૪–૪ તેથી (૧૧૫૨૦) અગ્યાર હજાર પાંચસો વીશ, કુલ (૧૧૫૩૬) અને ૩૧ના અગ્યારસો બાવનમાં ૯૨ આદિ ૪ તેથી (૪૬૦૮) છેતાલીશસો આઠ એમ ઉદયભંગ ગુણિત કુલ સત્તાસ્થાનો (૩૦૫૦૬) ત્રીશ હજાર પાંચસો છ થાય છે.

૨૫ અને ૨૬ ના બંધનો સંવેધ ૨૩ ના બંધ પ્રમાણે જ છે. માત્ર ૨૩ નો બંધ મિથ્યાદૃષ્ટી મનુષ્ય અને તિર્યંચ કરે છે. પરંતુ ૨૫ અને ૨૬ નો બંધ ઇશાન સુધીના દેવો પણ કરે છે તેથી દેવતાના ૬૪ ઉદયભાંગા અધિક હોવાથી કુલ ૭૫૯૬ ને બદલે (૭૬૬૦) સાત હજાર છસો સાઠ થાય છે. અને દેવોને સંભવતા ૨૧ આદિ છ ઉદયસ્થાનોમાં પોતાના ૮–૮–૮–૧૬–૧૬ અને ૮ ઉદયભાંગા અધિક જાણવા. અને આ દરેક ભાંગાઓમાં ૯૨–૮૮ બે–બે સત્તાસ્થાનો હોવાથી ૨૩ ના બંધમાં બતાવેલ જે ઉદયસ્થાનવાર ઉદયભંગ ગુણિત સત્તાસ્થાનો છે. તેમાં ૨૧–૨૫ અને ૨૭ માં ૧૬–૧૬, ૨૮ અને ૨૯માં ૩૨–૩૨ અને ૩૦ માં ૧૬ સત્તાસ્થાનો અધિક હોય છે. અને ઉદયભંગ ગુણિત પૂર્વે બતાવેલ સર્વ સત્તાસ્થાનોમાં દેવતાના ૬૪ ભાંગાનાં ૧૨૮ સત્તાસ્થાનો અધિક કરતાં કુલ (૩૦૬૩૪) ત્રીશ હજાર છસો ચોત્રીશ થાય છે.

૨૮ ના બંધક પંચેન્દ્રિય જીવોજ હોવાથી સામાન્ય સંવેધમાં બતાવેલ છે. તેજ પ્રમાણે અહીં પણ બરાબર હોય છે. કંઇપણ ફેરફાર ન હોવાથી જીજ્ઞાસુએ ત્યાંથી જોવું.

૨૯ ના બંધે ૨૧ અને ૨૫ થી ૩૧ પર્યંતનાં ૮ ઉદયસ્થાનો અને આ માર્ગણામાં બતાવેલ (૭૬૮૩) સાત હજાર છસો ત્યાસી ઉદયભાંગા છે, તેમાંથી કેવળીના ૮ ભાંગા બાદ કરી શેષ (૭૬૭૫) સાત હજાર છસો પંચોતેર ઉદયભાંગા હોય છે. અને ઉદયસ્થાન વાર પણ કેવળીના ભાંગા બાદ કરતાં સર્વે હોય છે તે આ પ્રમાણે-

૨૧ ના ૨૭, ૨૫ના ૨૬, ૨૬ ના ૫૭૮, ૨૭ ના ૨૬, ૨૮ ના ૧૧૯૬, ૨૯ ના (૧૭૭૨) સત્તરસો બહોંતેર, ૩૦ ના ૨૮૯૮ અઠ્ઠાવીસસો અઠ્ઠાણું, ૩૧ના (૧૧૫૨) અગ્યારસો બાવન હોય છે.

સામાન્યથી સત્તાસ્થાન ૯૩ આદિ પ્રથમનાં ૭, તેમજ ઉદયસ્થાનવાર વિચારીએ તો ૨૧ અને ૨૬ ના ઉદયે આ ૭-૭ હોવાથી ૧૪, ૨૫ અને ૨૭ નો ઉદય અહીં વૈક્રિય તિર્યંચો, વૈક્રિય મનુષ્યો, આહારક મનુષ્યો, દેવો તથા નારકોને જ હોવાથી ૯૩ આદિ પ્રથમનાં ૪-૪ તેથી ૮, અને ૨૮ થી ૩૦ સુધીનાં ૩ ઉદયસ્થાનોમાં બધા જીવોની અપેક્ષાએ ૭૮ વિના ૬-૬ તેથી ૧૮ તેમજ અહીં ૩૧ નો ઉદય માત્ર તિર્યંચોને જ હોવાથી ૯૨-૮૮-૮૬ અને ૮૦ એમ ૪ હોવાથી ઉદયસ્થાન ગુણિત કુલ સત્તાસ્થાનો ૪૪ હોય છે.

ઉદયભંગવાર સત્તાસ્થાનો આ પ્રમાણે :-૨૧ ના પંચેન્દ્રિય તિર્યંચ ના ૯ માં ૯૨-૮૮-૮૬-૮૦ અને ૭૮ આ ૫-૫ તેથી ૪૫, અપર્યાપ્ત નામકર્મના ઉદયવાળા મનુષ્યના ૧ માં ૭૮ વિના આજ ૪, અને પર્યાપ્ત નામકર્મના ઉદયવાળા મનુષ્યના ૮ માં ૯૩ આદિ પ્રથમનાં ૬ તેથી ૪૮, દેવોના ૮ માં ૯૨-૮૮ બે માટે ૧૬, અને નારકના એકમાં ૯૨-૮૯ અને ૮૮ આ ૩ એમ કુલ ૧૧૬/ ૨૫ ના વૈક્રિય તિર્યંચના ૮ માં ૯૨-૮૮ તેથી ૧૬, મનુષ્યના ૮ માં ૯૩ આદિ પ્રથમનાં ૪ તેથી ૩૨, દેવતાના ૮માં ૯૨-૮૮ બે માટે ૧૬, અને નારકના ૧ માં ૯૨ આદિ ૩, અને આહારકના ૧ માં ૯૨ નું ૧ એમ કુલ ૬૮ / ૨૬ ના પંચેન્દ્રિય તિર્યંચના ૨૮૯ માં ૯૨ આદિ ૫ માટે (૧૪૪૫) ચૌદસો પીસ્તાલીશ, અપર્યાપ્ત મનુષ્યના ૧ માં ૭૮ વિના આજ ૪, અને પર્યાપ્ત મનુષ્યના ૨૮૮ માં ૯૩ આદિ પ્રથમનાં ૬ તેથી (૧૭૨૮) સત્તરસો અઠ્ઠાવીશ, એમ કુલ (૩૧૭૭) એકત્રીશસો સત્યોતેર. ૨૭ ના ઉદયે ૨૫ ની જેમ ૬૮ / ૨૮ ના સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચના ૫૭૬ માં ૯૨ આદિ ૪ તેથી (૨૩૦૪) તેવીશસો ચાર, સામાન્ય મનુષ્ય ના ૫૭૬ માં ૯૩ આદિ પ્રથમનાં ૬ તેથી (૩૪૫૬) ચોત્રીશસો છપ્પન, વૈક્રિય તિર્યંચના ૧૬ અને દેવતાના ૧૬ આ ૩૨ માં ૯૨-૮૮ બે માટે ૬૪, વૈક્રિય મનુષ્યના ૮ માં ૯૩ આદિ પ્રથમનાં ૪ તેથી ૩૨, ઉદ્યોતવાળા યતિના ૧ માં ૯૩-૮૯ બે, આહારકના ૨ માં

૯૩ નું ૧ માટે ૨, અને નારકના ૧ માં ૯૨ આદિ ૩ એમ કુલ (૫૮૯૫) અઠ્ઠાવનસો પંચાણું.

૨૯ ના સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચના (૧૧૫૨) અગ્યારસો બાવનમાં ૯૨ આદિ ૪ માટે (૪૬૦૮) છેંતાલીશસો આઠ, સામાન્ય મનુષ્યના ૫૭૬ માં ૯૩ આદિ ૬ તેથી (૩૪૫૬) ચોત્રીશસો છપ્પન, વૈક્રિય તિર્યંચના ૧૬ અને દેવતાના ૧૬ આ ૩૨ માં ૯૨–૮૮ બે માટે ૬૪, વૈક્રિય મનુષ્યના ૮ માં ૯૩ આદિ પ્રથમનાં ૪ તેથી ૩૨, ઉદ્યોતવાળા ૧ માં ૯૩ અને ૮૯ એમ ૨, આહારકના ૨ માં ૯૩ નું ૧ માટે ૨ અને નારકના ૧ માં ૯૨ આદિ પ્રથમનાં ૩ તેથી કુલ (૮૧૬૭) એકાશીસો સડસઠ. ૩૦ ના સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચના (૧૭૨૮) સત્તરસો અઠ્ઠાવીશમાં ૯૨ આદિ ૪ તેથી (૬૯૧૨) છ હજાર નવસો બાર, સામાન્ય મનુષ્યના અગિયારસો બાવનમાં ૯૩ આદિ પ્રથમનાં ૬ તેથી છ હજાર નવસો બાર, દેવતાના ૮, વૈક્રિય તિર્યંચના ૮ એ ૧૬ માં બે માટે ૩૨, ઉદ્યોત સહિત વૈક્રિય મનુષ્યના એક માં ૯૩–૮૯ બે અને આહારકના ૧ માં ૯૨ નું ૧ તેથી કુલ (૧૩૮૫૯) તેર હજાર આઠસો ઓગણસાઠ. ૩૧ ના પંચેન્દ્રિય તિર્યંચના ૧૧૫૨ માં ૯૨ આદિ ૪ તેથી (૪૬૦૮) છેતાલીશસો આઠ એમ ઉદયભંગ ગુણિત કુલ સત્તા-સ્થાનો (૩૫૮૫૮) પાંત્રીશ હજાર આઠસો અઠ્ઠાવન થાય છે.

૩૦ ના બંધે સામાન્યથી ૮ ઉદયસ્થાન અને આ માર્ગણામાં બતાવેલ (૭૬૮૩) સાત હજાર છસો ત્યાસી ઉદયભાંગામાંથી કેવળીના ૮ અને યતિના ૧૦ એમ ૧૮ બાદ કરતાં શેષ (૭૬૬૫) સાતહજાર છસો પાંસઠ અને સામાન્ય સંવેધમાં બતાવેલ છે તે પ્રમાણે મતાંતરે આહારકના ૨ ભાંગા લઈએ તો (૭૬૬૭) સાત હજાર છસો સડસઠ ઉદયભાંગા હોય છે.

ઉદયસ્થાનવાર ભાંગાઓ આ પ્રમાણેઃ–૨૧ ના પંચેન્દ્રિય તિર્યંચના ૯, સામાન્ય મનુષ્યના ૯, દેવતાના ૮, અને નારકનો ૧ એમ ૨૭ / ૨૫ ના વૈક્રિય તિર્યંચના ૮, વૈક્રિય મનુષ્યના ૮, દેવતાના ૮ અને નારકનો ૧ એમ ૨૫/ ૨૬ ના પંચેન્દ્રિય તિર્યંચના ૨૮૯ અને મનુષ્યના ૨૮૯ એમ ૫૭૮ / ૨૭ ના ૨૫ પ્રમાણે ૨૫. ૨૮ ના સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચના ૫૭૬, સામાન્ય મનુષ્યના ૫૭૬, વૈક્રિય તિર્યંચના ૧૬, વૈક્રિય મનુષ્યના ૮, દેવતા ના ૧૬, અને નારકનો ૧ એમ (૧૧૯૩) અગ્યારસો ત્રાણું. ૨૯ ના સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચના ૧૧૫૨, સામાન્ય મનુષ્યના ૫૭૬, વૈક્રિય તિર્યંચના ૧૬, વૈક્રિય મનુષ્યના ૮, દેવતાના ૧૬, અને નારકનો ૧ એમ (૧૭૬૯) સત્તરસો ઓગણ-સિત્તેર. અને મતાંતરે સ્વરવાળા આહારકના ૧ સહિત (૧૭૭૦) સત્તરસો સિત્તેર. ૩૦ ના સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચના ૧૭૨૮, સામાન્ય મનુષ્યના ૧૧૫૨, વૈક્રિય તિર્યંચના ૮, દેવતાના ૮ એમ (૨૮૯૬) અઠ્ઠાવીશસો છન્નુ અને મતાંતરે આહારકના ૧ સહિત (૨૮૯૭) અઠ્ઠાવીશસો સત્તાણું. ૩૧ ના પંચેન્દ્રિય તિર્યંચના ૧૧૫૨.

સત્તાસ્થાન અહીં પણ સામાન્યથી ૯૩ આદિ પ્રથમનાં ૭ હોય છે.

૨૫ અને ૨૭ નો ઉદય વૈક્રિય તિર્યંચ-મનુષ્ય, દેવો તથા નારકોને જ હોવાથી અનેક જીવો આશ્રયી ૯૩ આદિ પ્રથમનાં ૪-૪ તેથી આઠ. ૨૧ ના ઉદયે અનેક જીવ આશ્રયી ૭. ૨૬ ના ઉદયે ૯૩ અને ૮૯ વિના ૫. ૨૮ થી ૩૦ સુધીનાં ૩ ઉદયસ્થાનોમાં ૯૩ આદિ પ્રથમનાં ૬-૬ તેથી ૧૮ અને ૩૧ નો ઉદય માત્ર તિર્યંચને જ હોવાથી ૯૨-૮૮ ૮૬ અને ૮૦ આ ૪ એમ ઉદયસ્થાન ગુણિત કુલ સત્તાસ્થાનો ૪૨ છે.

ઉદયભંગવાર આ પ્રમાણે: : ૨૧ ના ઉદયે પંચેન્દ્રિય તિર્યંચના ૯ માં ૯૩-૮૯ વિના ૯૨ આદિ ૫-૫ તેથી ૪૫, મનુષ્યના ૯ માં ૭૮ વિના આ જ ૪-૪ માટે ૩૬, અને દેવતાના દરેક ભાંગામાં જ્યારે ઉદ્યોત સહિત પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય ૩૦ નો બંધ કરે ત્યારે ૯૨ અને ૮૮ અને જિનનામ સહિત મનુષ્ય પ્રાયોગ્ય ૩૦ નો બંધ કરે ત્યારે ૯૩ અને ૮૯ હોય છે તેથી અહીં દેવતાના ૮ માં ૯૩ આદિ પ્રથમનાં ૪ માટે ૩૨ અને નારકના દરેક ભાંગામાં તિર્યંચ પ્રાયોગ્ય ૩૦ નો બંધ કરે ત્યારે ૯૨-૮૮ અને જિનનામ સહિત મનુષ્ય પ્રાયોગ્ય ૩૦ નો બંધ કરે ત્યારે ૮૯ નું ૧ હોય તેથી અહીં નારકના ૧ માં ૯૨ આદિ ૩ એમ કુલ ૧૧૬.

૨૫ ના ઉદયે વૈક્રિય તિર્યંચના ૮, અને વૈક્રિય મનુષ્યના ૮ આ ૧૬ માં ૯૨-૮૮ તેથી ૩૨, દેવતાના ૮ માં ૯૩ આદિ પ્રથમનાં ૪ તેથી ૩૨ અને નારકના ૧માં ૯૨ આદિ ૩ એમ કુલ ૬૭.

૨૬ ના પંચેન્દ્રિય તિર્યંચના ૨૮૯ માં ૯૩-૮૯ વિના ૫-૫ માટે (૧૪૪૫) ચૌદસો પીસ્તાલીશ, અને મનુષ્યના ૨૮૯ માં ૯૩-૮૯ અને ૭૮ વિના ૪-૪ તેથી (૧૧૫૬) અગ્યારસો છપ્પન એમ કુલ (૨૬૦૧) છવ્વીશસો એક.

૨૭ ના ૨૫ ના પ્રમાણે ૬૭.

૨૮ના સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચના ૫૭૬, મનુષ્યના ૫૭૬, આ (૧૧૫૨) અગ્યારસો બાવનમાં ૯૨ આદિ ૪ માટે (૪૬૦૮) છેતાલીશસો આઠ. વૈક્રિય તિર્યંચના ૧૬ અને વૈક્રિય મનુષ્યના ૮ એમ ૨૪ માં ૯૨-૮૮ બે તેથી ૪૮, દેવતાના ૧૬ માં ૯૩ આદિ પ્રથમનાં ૪ માટે ૬૪ અને નારકના ૧ માં ૯૨ આદિ ૩ એમ કુલ (૪૭૨૩) સુડતાલીશસો તેવીશ.

૨૯ ના પંચેન્દ્રિયતિર્યંચના (૧૧૫૨) અગ્યારસો બાવન અને મનુષ્યના ૫૭૬ એમ (૧૭૨૮) સત્તરસો અઠ્ઠાવીશમાં ૯૨ આદિ ૪-૪ તેથી (૬૯૧૨) છ હજાર નવસો બાર, વૈક્રિય તિર્યંચના ૧૬ અને વૈક્રિય મનુષ્યના ૮ આ ૨૪ માં ૯૨-૮૮ બે-માટે ૪૮, દેવતાના ૧૬ માં ૯૩ આદિ પ્રથમનાં ૪ તેથી ૬૪ અને નારકના ૧ માં ૯૨ આદિ ૩

એમ કુલ (૭૦૨૭) સાત હજાર સત્તાવીશ અને મતાંતરે આહારકના ૧ માં ૯૨ નું ૧ અધિક હોવાથી (૭૦૨૮) સાત હજાર અઠ્ઠાવીશ.

૩૦ ના પં. તિ. ના ૧૭૨૮ અને મનુષ્યના ૧૧૫૨ આ (૨૮૮૦) અઠ્ઠાવીશસો એંશીમાં ૯૨ આદિ ૪-૪ હોવાથી (૧૧૫૨૦) અગ્યાર હજાર પાંચસો વીશ, વૈક્રિય તિર્યંચના ૮ માં ૯૨-૮૮ એ માટે ૧૬ અને દેવતાના ૮ માં ૯૩ આદિ પ્રથમનાં ૪ તેથી ૩૨ એમ (૧૧૫૬૮) અગ્યાર હજાર પાંચસો અડસઠ અને મતાંતરે આહારકના ૧ માં ૯૨ નું ૧ અધિક ગણીએ તો (૧૧૫૬૯) અગ્યાર હજાર પાંચસો ઓગણસીત્તેર. ૩૧ ના પંચેન્દ્રિય તિર્યંચના (૧૧૫૨) અગ્યારસો બાવનમાં ૯૨ આદિ ૪-૪ તેથી ૪૬૦૮ એમ ઉદયભંગ ગુણિત કુલ સત્તાસ્થાનો (૩૦૭૭૭) ત્રીશ હજાર સાતસો સત્યોતેર થાય છે.

૩૧ અને ૧ નો બંધ તેમજ અબંધનો સંવેધ સામાન્ય પ્રમાણે જ હોવાથી ફરી બતાવવામાં આવેલ નથી. જિજ્ઞાસુઓએ ત્યાંથી જોવું.

આ બે મૂળ માર્ગણાઓમાં સંવેધ બતાવી હવે કાય વગેરે બાકીની ૧૨ માર્ગણાઓમાં વિસ્તારના ભયથી સંવેધ ન બતાવતાં માત્ર બંધસ્થાન, બંધભંગ, ઉદયસ્થાન, ઉદયભંગ અને સત્તાસ્થાનો જ બતાવવામાં આવે છે.

કાય માર્ગણા

પૃથ્વીકાયમાં એકેન્દ્રિય માર્ગણામાં બતાવ્યા મુજબ ૨૩ આદિ ૫ બંધસ્થાનો અને (૧૩૯૧૭) તેર હજાર નવસો સત્તર બંધભાંગા હોય છે. ૨૧ અને ૨૪ થી ૨૭ સુધીનાં ૫ ઉદયસ્થાનો હોય છે. ત્યાં ૨૧ ના ઉદયના ૫. ૨૪ ના બાદર પર્યાપ્ત પ્રત્યેકના યશ-અયશ સાથે ના ૨, બાદર અપર્યાપ્ત પ્રત્યેક અને સૂક્ષ્મ પર્યાપ્ત-અપર્યાપ્ત પ્રત્યેકના અયશ સાથેના એ ત્રણ એમ પાંચ. ૨૫ ના બાદર પર્યાપ્ત પ્રત્યેકના યશ-અયશ સાથેના ૨ અને સૂક્ષ્મ પર્યાપ્ત પ્રત્યેક નો અયશ સાથે નો ૧ એમ ૩. ૨૬ ના આ ૩ તેમજ ઉચ્છવાસના અનુદયે બાદર પર્યાપ્ત પ્રત્યેકના યશ-અયશ સાથે આતપના ૨ અને ઉદ્યોતના ૨ એમ ૪ કુલ ૭. ઉચ્છવાસ સહિત આતપ અથવા ઉદ્યોતના ઉદયે પણ ૨૭ ના આજ ૪-એમ પાંચે ઉદયસ્થાને મળી ૨૪ ઉદયભાંગા અને સત્તાસ્થાન સામાન્યથી ૯૨-૮૮-૮૬-૮૦ અને ૭૮ એમ ૫ છે.

અપ્કાયમાં આજ પ્રમાણે ૨૩ આદિ ૫ બંધસ્થાન, (૧૩૯૧૭) તેર હજાર નવસો સત્તર બંધભાંગા, ૨૧ આદિ ૫ ઉદયસ્થાનો અને ૯૨ આદિ ૫ સત્તાસ્થાનો હોય છે. પરંતુ અપ્કાયને આતપનો ઉદય ન હોવાથી ૨૬ અને ૨૭ ના ઉદયના આતપવાળા ૨-૨ એમ ૪ ભાંગા કમ હોવાથી ૨૧ ના ૫, ૨૪ ના ૫, ૨૫ ના ૩, ૨૬ ના ૫, ૨૭ ના ૨ એમ ૨૦ ઉદયભાંગા હોય છે.

તેઉકાયમાં ૨૩ આદિ ૫ બંધસ્થાન હોય છે. પરંતુ તેઉકાય અને વાયુકાય મનુષ્ય પ્રાયોગ્ય બંધ કરતા નથી. કેવળ તિર્યંચ પ્રાયોગ્ય જ બંધ કરે છે. તેથી બંધ ભાંગામાં ફેર પડે છે. ૨૩ ના બંધના ૪, ૨૫ ના અપર્યાપ્ત મનુષ્યના ૧ વિના ૨૪, ૨૬ ના ૧૬, ૨૯ ના વિકલેન્દ્રિયના ૨૪ અને પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચના (૪૬૦૮) છેતાલીશસો આઠ એમ (૪૬૩૨) છેતાલીશસો બત્રીશ અને એજ પ્રમાણે ૩૦ ના બંધના પણ ૪૬૩૨, માટે ૫ બંધસ્થાનના બંધભાંગા ૯૩૦૮ થાય છે.

તેઉકાય તથા વાયુકાયને આતપ તેમજ ઉદ્યોતનો ઉદય ન હોવાથી ૨૭ નું ઉદયસ્થાન પણ હોતું નથી. માટે ૨૧ અને ૨૪ થી ૨૬ સુધીનાં ૪ ઉદયસ્થાનો હોય છે. આ જીવોને યશનો ઉદય પણ હોતો નથી. પરંતુ કેવળ અયશનો જ ઉદય હોય છે. તેથી ૨૧ ના ઉદયના બાદર અને સૂક્ષ્મ પર્યાપ્ત-અપર્યાપ્તના અયશ સાથેના ૪ ભાંગા હોય છે. ૨૪ના ઉદયે પણ પ્રત્યેક નામકર્મના ઉદય સહિત આ ૪. ૨૫ના બાદર-સૂક્ષ્મ પર્યાપ્ત પ્રત્યેકના અયશ સાથે ના ૨, અને ૨૬ ના પણ આ જ પ્રમાણે ૨ એમ કુલ ૧૨ ઉદયભાંગા અને ૯૨ આદિ ૫ સત્તાસ્થાન હોય છે.

વાયુકાયમાં બંધસ્થાન આદિ સર્વે તેઉકાય પ્રમાણે જ હોય છે. પરંતુ ૨૪-૨૫ અને ૨૬ ના ઉદયે વૈક્રિય શરીર બનાવનાર વાયુકાયને બાદર પર્યાપ્ત પ્રત્યેક અયશનો ૧-૧ એમ ૩ ભાંગા અધિક હોવાથી ઉદયભાંગા ૧૨ ને બદલે ૧૫ હોય છે.

વનસ્પતિકાયમાં પૃથ્વીકાયની જેમ ૨૩ આદિ ૫ બંધસ્થાન અને (૧૩૯૧૭) તેર હજાર નવસો સત્તર બંધભાંગા તેમજ ૨૧ અને ૨૪ થી ૨૭ સુધીનાં એમ ૫ ઉદયસ્થાનો હોય છે. પરંતુ પ્રત્યેક વનસ્પતિકાય બાદર જ હોય છે. તેથી સૂક્ષ્મના પ્રત્યેક સાથે ના ભાંગાઓ અહીં ઘટતા નથી. તેમજ આતપનો ઉદય ન હોવાથી આતપના ભાંગા પણ ઘટતા નથી, આ વાત ધ્યાનમાં રાખવી.

૨૧ ના ઉદયે પાંચ. ૨૪ ના બાદર પર્યાપ્ત પ્રત્યેક અને સાધારણના યશ-અયશ સાથે ના ૪, બાદર અપર્યાપ્ત પ્રત્યેક અને સાધારણના અયશ સાથે ના ૨, સૂક્ષ્મ પર્યાપ્ત અને અપર્યાપ્તના સાધારણ અયશ સાથેના ૨ એમ ૮. ૨૫ ના બાદર પર્યાપ્ત પ્રત્યેક અને સાધારણના યશ-અયશ સાથેના ૪ અને સૂક્ષ્મ પર્યાપ્ત સાધારણનો અયશ સાથે નો ૧ એમ ૫. ૨૬ના આ જ પ્રમાણે ૫ અને ઉદ્યોતના ૪ એમ ૯ અને ૨૭ ના ઉદ્યોતવાળા ૪ એમ ૩૧ ઉદયભાંગા અને સત્તાસ્થાન ૯૨ આદિ ૫ હોય છે.

ત્રસકાયમાં ચારે ગતિના જીવો હોવાથી ૨૩ આદિ ૮ બંધસ્થાન અને દરેક બંધસ્થાનના બંધભાંગા ઘટતા હોવાથી (૧૩૯૪૫) તેર હજાર નવસો પીસ્તાલીશ બંધભાંગા અને ૨૪ નું ઉદયસ્થાન માત્ર એકેન્દ્રિયને જ હોવાથી ૨૪ વિના શેષ ૧૧ ઉદયસ્થાન અને એકેન્દ્રિયના ૪૨ વિના કુલ (૭૭૪૯) સાત હજાર સાતસો ઓગણપચાસ ઉદયભાંગા અને ૯૩ આદિ ૧૨ સત્તાસ્થાન હોય છે.

યોગ માર્ગણા

ત્રણે યોગમાં ૨૩ આદિ ૮ બંધસ્થાન અને (૧૩૯૪૫) તેર હજાર નવસો પીસ્તાલીશ બંધભાંગા હોય છે.

મનોયોગ સંજ્ઞી પંચેન્દ્રિય જીવોને સર્વ પર્યાપ્તિએ પર્યાપ્ત અવસ્થામાં જ હોય છે. તેથી દેવો આશ્રયી ૨૯ અને ૩૦, નારકો આશ્રયી ૨૯, મનુષ્ય તથા તિર્યંચો આશ્રયી ૩૦ અને ૩૧, એમ પર્યાપ્ત જીવોની અપેક્ષાએ ૩ ઉદયસ્થાન હોય છે. અને વૈક્રિય તિર્યંચ તેમજ વૈક્રિય મનુષ્ય તથા આહારક મનુષ્યો આશ્રયી ૨૫ અને ૨૭ થી ૩૦ સુધીનાં ૫ ઉદયસ્થાનો હોવાથી ૨૫ અને ૨૭ થી ૩૧ એમ ૬ કુલ ઉદયસ્થાનો હોય છે. જો કે તીર્થંકરને ૩૧ ના ઉદયમાં ભાવ મન નથી હોતું, પરંતુ દ્રવ્ય મન હોય છે તેથી મનુષ્યોની અપેક્ષાએ ૩૧ નું ઉદયસ્થાન પણ ગણ્યું છે. અને ઉત્તર શરીરી મનુષ્ય-તિર્યંચને ૨૮ સુધીના ઉદયસ્થાનોમાં મનઃપર્યાપ્તિએ અપર્યાપ્ત હોવા છતાં મૂળ શરીરની અપેક્ષાએ પર્યાપ્તિ પૂર્ણ થયેલ હોવાથી મનોયોગ માનેલ છે.

ઉદયભાંગા :— વૈક્રિય તિર્યંચના ૫૬, વૈક્રિય મનુષ્યના ૩૫, આહારકના ૭, સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચના સ્વરવાળા ૩૦ ના ઉદયના ૧૧૫૨ અને ૩૧ ના ઉદયના ૧૧૫૨ એમ (૨૩૦૪) તેવીશસો ચાર, સામાન્ય મનુષ્યના ૩૦ ના ઉદયના ૧૧૫૨ અને તીર્થંકર કેવળીનો ૩૧ ના ઉદયનો ૧, દેવતાના સ્વરવાળા ૨૯ ના ઉદયના ૮, અને ૩૦ના ઉદયના ૮ એમ ૧૬, નારકનો ૨૯ ના ઉદયનો ૧ એમ છએ ઉદયસ્થાનોના મળી કુલ (૩૫૭૨) પાંત્રીશસો બહોંતેર ઉદયભાંગા છે.

ત્યાં ૨૫ ના ઉદયે વૈક્રિય તિર્યંચના ૮, વૈક્રિય મનુષ્યના ૮, આહારકનો ૧ એમ ૧૭, ૨૭ ના ઉદયે પણ આજ પ્રમાણે ૧૭, ૨૮ ના વૈક્રિય તિર્યંચ ના ૧૬, વૈક્રિય મનુષ્યના ૯ અને આહારકના ૨ એમ ૨૭; ૨૯ ના ઉપર પ્રમાણે ૨૭, અને સ્વરવાળા દેવતાના આઠ તથા નારકનો ૧ એમ ૩૬, ૩૦ ના સામાન્ય તિર્યંચના સ્વરવાળા (૧૧૫૨) અગ્યારસો બાવન, મનુષ્યના (૧૧૫૨) અગ્યારસો બાવન, વૈક્રિય તિર્યંચના ૮, વક્રિય મનુષ્યનો ૧ આહારકનો ૧, અને દેવતાના ૮ એમ (૨૩૨૨) તેવીશસો બાવીશ; ૩૧ ના પંચેન્દ્રિય તિર્યંચના ૧૧૫૨ અને તીર્થંકરનો ૧ એમ ૧૧૫૩ થાય છે.

૭૮ નું સત્તાસ્થાન તેઉકાય-વાઉકાયને તેમજ ત્યાંથી આવેલા જીવોને અન્ય તિર્યંચમાં શરીર પર્યાપ્તિ પૂર્ણ થયા પહેલાં જ હોય છે. અને ૯ તથા ૮ નું સત્તાસ્થાન અયોગીના ચરમ સમયે જ હોય છે. અને તે અવસ્થામાં મનોયોગ ન હોવાથી આ ત્રણ વિના ૯૩ આદિ ૯ સત્તાસ્થાન હોય છે.

વચનયોગમાં પણ ઉદયસ્થાન-ઉદયભાંગા અને સત્તાસ્થાનો મનોયોગ પ્રમાણે જ હોય છે. પરંતુ વિકલેન્દ્રિયોને પણ વચનયોગ હોવાથી સ્વરવાળા ૩૦ ના ઉદયના ત્રણેના

૪-૪ મળી ૧૨ અને આજ પ્રમાણે ૩૧ ના ઉદયના ૧૨ એમ બે ઉદયસ્થાનમાં મનોયોગમાં બતાવેલ ભાંગાઓથી ૧૨-૧૨ ભાંગા અધિક કરતાં છએ ઉદયસ્થાને મળી (૩૫૭૨) પાંત્રીશસો બહોંતેર ને બદલે (૩૫૯૬) પાંત્રીશસો છન્નુ ઉદયભાંગા હોય છે. આટલી વિશેષતા છે.

કાયયોગ અયોગી ગુણસ્થાનક સિવાયના દરેક જીવોને હોવાથી માત્ર અયોગી અવસ્થામાં જ ઘટતાં ૯ અને ૮ સિવાયનાં ૧૦ ઉદયસ્થાન અને આના જ ૨ ઉદયભાંગા વિના (૭૭૮૯) સાતહજાર સાતસો નેવાશી ઉદયભાંગા અને આ જ ૨ સત્તાસ્થાન વિના ૯૩ આદિ ૧૦ સત્તાસ્થાનો હોય છે.

વેદ માર્ગણા :—

ત્રણે વેદોમાં ૨૩ આદિ ૮ બંધસ્થાન અને (૧૩૯૪૫) તેર હજાર નવસો પીસ્તાલીશ બંધભાંગા હોય છે.

પુરુષવેદ :—૨૪ નું ઉદયસ્થાન માત્ર એકેન્દ્રિયોને જ હોય છે. અને તેઓને પુરુષ તથા સ્રીવેદનો ઉદય હોતો નથી, તેમજ ૨૦-૯ અને ૮ નું ઉદયસ્થાન શ્રીકેવળી ભગવંતોને જ હોય છે, અને તેઓને કોઈ પણ વેદનો ઉદય ન હોવાથી આ ચાર વિના ૨૧ અને ૨૫ થી ૩૧ સુધીનાં ૮ ઉદયસ્થાનો હોય છે. અહીં ભાવ વેદની વિવક્ષા છે, પણ દ્રવ્યવેદની નથી, આ ધ્યાનમાં રાખવું.

ઉદયભાંગા :– એકેન્દ્રિયના ૪૨, વિકલેન્દ્રિય ના ૬૬, કેવળીના ૮ અને નારકના ૫ એમ ૧૨૧ વિના શેષ (૭૬૭૦) સાત હજાર છસો સીત્તેર હોય છે.

ઉદયસ્થાનવાર આ પ્રમાણે :—૨૧ ના પંચેન્દ્રિય તિર્યંચના ૯, મનુષ્યના ૯, દેવતાના ૮, એમ ૨૬/ ૨૫ ના વૈક્રિય તિર્યંચના ૮, વૈક્રિય મનુષ્યના ૮, આહારકનો ૧ અને દેવતાના ૮ એમ ૨૫ / ૨૬ ના પંચેન્દ્રિય તિર્યંચના ૨૮૯ અને સામાન્ય મનુષ્યના ૨૮૯ એમ ૫૭૮ / ૨૭ ના ૨૫ ની જેમ ૨૫ / ૨૮ ના સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચના ૫૭૬ વૈક્રિય તિર્યંચના ૧૬, સામાન્ય મનુષ્યના ૫૭૬, વૈક્રિય મનુષ્યના ૯, આહારકના ૨ અને દેવતાના ૧૬ એમ (૧૧૯૫) અગ્યારસો પંચાણું; ૨૯ ના પંચેન્દ્રિય તિર્યંચના (૧૧૫૨) અગ્યારસો બાવન, વૈક્રિય તિર્યંચના ૧૬, સામાન્ય મનુષ્યના ૫૭૬, વૈક્રિય મનુષ્યના ૯, આહારકના ૨ અને દેવતાના ૧૬ એમ (૧૭૭૧) સત્તરસો એકોતેર. ૩૦ ના સામાન્ય તિર્યંચના (૧૭૨૮) સત્તરસો અઠ્ઠાવીસ, વૈક્રિય તિર્યંચના ૮, સામાન્ય મનુષ્યના (૧૧૫૨) અગ્યારસો બાવન, વૈક્રિય મનુષ્યનો ૧, આહારકનો ૧ અને દેવતાના ૮ એમ (૨૮૯૮) અઠ્ઠાવીસસો અઠ્ઠાણું. ૩૧ ના પંચેન્દ્રિય તિર્યંચના (૧૧૫૨) અગ્યારસો બાવન છે.

સત્તાસ્થાનઃ— ૯૩ આદિ પ્રથમનાં ૧૦ સત્તાસ્થાનો હોય છે.

સ્ત્રી વેદમાં પણ ઉદયસ્થાન, ઉદયભાંગા તેમજ સત્તાસ્થાન પુરૂષ વેદ પ્રમાણે જ છે. પરંતુ સ્ત્રીઓને આહારક શરીર ન હોવાથી આહારકના ૭ ભાંગા બાદ કરતાં શેષ (૭૬૬૩) સાત હજાર છસો ત્રેસઠ ઉદયભાંગા હોય છે. અને આહારકને સંભવતા ઉદયસ્થાનોમાં પણ આહારકના ભાંગા બાદ કરી દરેક ઉદયસ્થાનમાં પણ પુરૂષ વેદની જેમ જ છે.

નપુંસકવેદ એકેન્દ્રિયને પણ હોય છે. માટે ૨૧ અને ૨૪ થી ૩૧ પર્યંતનાં ૯ ઉદયસ્થાન તેમજ દેવતાઓને નપુંસક વેદ ન હોવાથી તેમના ૬૪ અને કેવળીના ૮ એમ ૭૨ વિના (૭૭૧૯) સાત હજાર સાતસો ઓગણીશ ઉદયભાંગા હોય છે. ઉદયસ્થાનવાર ભાંગા સુગમ હોવાથી પોતાની મેળે જ ગણવા. સત્તાસ્થાનો અહીં ૯૩ આદિ પ્રથમનાં ૧૦ છે.

કષાય માર્ગણા

ક્રોધાદિક ચારે કષાયમાં ૨૩ આદિ ૮ બંધસ્થાન. (૧૩૯૪૫) તેર હજાર નવસો પીસ્તાલીશ બંધભાંગા અને કેવળીમાંજ ઘટતાં ઉદયસ્થાન તથા ઉદયભાંગા અને સત્તાસ્થાન બાદ કરી શેષ ૨૧ અને ૨૪ થી ૩૧ પર્યંતનાં ૯ ઉદયસ્થાન, (૭૭૮૩) સાત હજાર સાતસો ત્યાસી ઉદયભાંગા અને ૯૩ આદિ પ્રથમનાં ૧૦ સત્તાસ્થાનો હોય છે.

જ્ઞાન માર્ગણા :—

મતિ–શ્રુત અને અવધિ એ ત્રણે જ્ઞાનમાં ૪ થી ૧૨ ગુણસ્થાનક હોય છે. અને ૨૩–૨૫ અને ૨૬ નું બંધસ્થાન તેમજ પંચેન્દ્રિય તિર્યંચ તથા નરક પ્રાયોગ્ય અહીં બંધ હોતો જ નથી તેથી ૨૮ થી ૧ સુધીનાં ૫ બંધસ્થાન અને ૨૮ના બંધે દેવ પ્રાયોગ્યના ૮, ૨૯ ના બંધે જિનનામ સહિત દેવ પ્રાયોગ્યના ૮ અને મનુષ્ય પ્રાયોગ્યના ૮ એમ ૧૬, ૩૦ ના બંધે જિનનામ સહિત મનુષ્ય પ્રાયોગ્યના ૮ અને આહારકદ્વિક સહિત દેવ પ્રાયોગ્યનો ૧ એમ ૯ અને ૩૧ તેમજ ૧ ના બંધનો ૧–૧ એમ કુલ ૩૫ બંધભાંગા હોય છે. એકેન્દ્રિય તથા કેવળીને આ જ્ઞાનો ન હોવાથી તેઓને સંભવતા ૨૪–૨૦–૯ અને ૮ આ ૪ વિના શેષ ૨૧ અને ૨૫ થી ૩૧ પર્યંતનાં ૮ ઉદયસ્થાનો હોય છે.

એકેન્દ્રિયના ૪૨, વિકલેન્દ્રિયના ૬૬, લબ્ધિ અપર્યાપ્ત મનુષ્ય–તિર્યંચના ૪ અને કેવળીના ૮ એમ કુલ ૧૨૦ ઉદયભાંગામાં આ જ્ઞાનોનો સંભવ ન હોવાથી શેષ (૭૬૭૧) સાત હજાર છસો એકોતેર ઉદયભાંગા હોય છે. આ ત્રણે જ્ઞાનો ૪ થી ૧૨ ગુણસ્થાનક સુધી જ હોય છે. તેથી પહેલા ગુણસ્થાનકે જ ઘટતા ૭૮ અને ૮૬ અને ચૌદમાના ચરમ સમયે જ સંભવતાં ૯ અને ૮ એમ ૪ વિના ૯૩ આદિ ૮ સત્તાસ્થાનો હોય છે.

મનઃપર્યવ જ્ઞાન સંયમીને જ હોવાથી ૨૮ આદિ ૪ બંધસ્થાનો માત્ર દેવ પ્રાયોગ્ય અને ૧ નું એમ ૫ બંધસ્થાનો હોય છે. ત્યાં ૨૮ ના ૮, ૨૯ ના ૮, ૩૦ નો ૧, ૩૧ નો ૧ અને ૧ નો ૧ એમ કુલ ૧૯ બંધભાંગા હોય છે.

ઉદયસ્થાન :–ઉત્તર શરીરી યતિ આશ્રયી ૨૫ અને ૨૭ થી ૩૦ સુધીનાં ૫ અને સ્વભાવસ્થ યતિ આશ્રયી ૩૦ નું એમ ૫ ઉદયસ્થાનો હોય છે.

અહીં ઉત્તરશરીરીને પરાવર્તમાન કોઈપણ અશુભ પ્રકૃતિનો ઉદય ન હોવાથી આહારકના ૭ અને એજ પ્રમાણે વૈક્રિય યતિના ૭ અને સ્વભાવસ્થ મુનિને ૩૦ ના ઉદયે ૬ સંઘયણને ૬ સંસ્થાન સાથે ગુણતાં ૩૬, તેને બે વિહાયોગતિએ ગુણતાં ૭૨ અને બે સ્વરે ગુણતાં ૧૪૪, એમ પાંચે ઉદયસ્થાનના ૧૫૮ ઉદયભાંગા હોય છે. અને સત્તાસ્થાન ૯૩ આદિ પ્રથમનાં ૪ અને પછીનાં ૮૦ આદિ ૪ એમ ૮ હોય છે.

કેવળજ્ઞાનમાં ૨૪ અને ૨૫ વિના ૧૦ ઉદયસ્થાન ૬૨ ઉદયભાંગા અને ૭૮ વિના ૮૦ થી ૮ સુધીનાં ૬ સત્તાસ્થાનો હોય છે.

મતિ-શ્રુતઅજ્ઞાનમાં ૨૩ આદિ પ્રથમનાં ૬ બંધસ્થાન તેમજ મિથ્યાત્વ ગુણસ્થાનકે બતાવ્યા મુજબ દરેક બંધસ્થાનના બંધભાંગા તેમજ કુલ બંધભાંગા (૧૩૯૨૬) તેર હજાર નવસો છવ્વીશ હોય છે.

ઉદયસ્થાન::–૨૧ અને ૨૪ થી ૩૧ સુધીનાં ૯ અને યતિમાં જ ઘટતા ૧૦ તેમજ કેવળીના ૮ એમ ૧૮ વિના શેષ (૭૭૭૩) સાતહજાર સાતસો તહોંતેર ઉદયભાંગા હોય છે. અને સત્તાસ્થાન ૯૨–૮૯–૮૮–૮૬–૮૦ અને ૭૮ આ ૬ હોય છે.

વિભંગજ્ઞાન:–અહીં પણ મતિ અજ્ઞાનની જેમ ૨૩ આદિ ૬ બંધસ્થાન અને (૧૩૯૨૬) તેર હજાર નવસો છવ્વીશ બંધભાંગા હોય છે.

આ જ્ઞાનની બાબતમાં બે મતો પ્રવર્તે છે. એક મત પ્રમાણે લબ્ધિ પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યને અપર્યાપ્ત અવસ્થામાં વિભંગજ્ઞાન હોઈ શકે છે. તેથી આ મત પ્રમાણે ૨૧ અને ૨૫ થી ૩૧ સુધીનાં ૮ ઉદયસ્થાનો હોય છે. અને એકેન્દ્રિયના ૪૨, વિકલેન્દ્રિયના ૬૬, લબ્ધિ અપર્યાપ્ત મનુષ્ય–તિર્યંચના ૪, કેવળીના ૮ અને યતિમાં જ સંભવતા ઉત્તર શરીરીના ૧૦ એમ ૧૩૦ ઉદયભાંગા, એમાં વિભંગજ્ઞાનનો સંભવ ન હોવાથી શેષ (૭૬૬૧) સાત હજાર છસો એકસઠ ઉદયભાંગા હોય છે.

બીજા મત પ્રમાણે લબ્ધિ પર્યાપ્ત પંચેન્દ્રિય મનુષ્ય, તિર્યંચને પણ અપર્યાપ્ત અવસ્થામાં વિભંગજ્ઞાન હોતું નથી. માત્ર અપર્યાપ્ત અવસ્થામાં દેવો અને નારકોને જ હોય છે. તેથી આ બીજા મત પ્રમાણે ૨૬ નું ઉદયસ્થાન માત્ર મનુષ્ય અને તિર્યંચને જ અપર્યાપ્ત અવસ્થામાં હોવાથી અહીં ઘટતું નથી. તેથી ૨૫ અને ૨૭ થી ૨૯ સુધીનાં ઉદયસ્થાનો વૈક્રિય શરીરી તિર્યંચ તેમજ મનુષ્યોની અપેક્ષાએ તેમજ આ ૪ અને ૨૧ એમ ૫ ઉદયસ્થાનો દેવો તથા નારકોની અપેક્ષાએ અને પર્યાપ્ત તિર્યંચ મનુષ્યો તેમજ દેવોની

અપેક્ષાએ યથાસંભવ ૨૯ થી ૩૧ સુધીનાં ઉદયસ્થાનો હોય છે. તેથી ૨૧, ૨૫ અને ૨૭ થી ૩૧ પર્યંતનાં ૫ એમ ૭ ઉદયસ્થાનો હોય છે.

ત્યાં ૨૧ના ઉદયે દેવોના ૮ નારકનો ૧ એમ ૯; ૨૫ ના દેવોના ૮, નારકનો ૧, વૈક્રિય તિર્યંચના ૮ અને વૈક્રિય મનુષ્યના ૮, એમ ૨૫; ૨૭ ના આજ ૨૫; ૨૮ ના વક્રિય તિર્યંચના ૧૬, વૈક્રિય મનુષ્યના ૮, દેવોના ૧૬ અને નારકનો ૧ એમ ૪૧; ૨૯ ના પણ આજ ૪૧; ૩૦ના સ્વરવાળા સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચના ૧૧૫૨, વૈક્રિય તિર્યંચના ૮, દેવોના ૮, સામાન્ય મનુષ્યના ૧૧૫૨ એમ (૨૩૨૦) તેવીશસો વીશ અને ૩૧ ના ઉદયે સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચના ૧૧૫૨ એમ કુલ (૩૬૧૩) છત્રીશસો તેર ઉદયભાંગા હોય છે.

સત્તાસ્થાન ૯૨-૮૯ અને ૮૮ આ ત્રણ હોય છે. ૯૩ નું સત્તાસ્થાન પહેલા ૩ ગુણસ્થાનકે સંભવતું જ નથી. અને ૭૮ તેમજ ૮૦ નું સત્તાસ્થાન એકેન્દ્રિયમાંથી આવેલા જીવને સંજ્ઞી પંચેન્દ્રિયમાં અમુક કાળ પર્યંત જ હોય છે. તેથી આ સત્તાસ્થાનોમાં વિભંગજ્ઞાન સંભવતું નથી. અને ૮૬ નું સત્તાસ્થાન પણ ૮૦ ની સત્તાવાળા એકેન્દ્રિય જ્યારે પંચેન્દ્રિયમાં આવી પર્યાપ્ત અવસ્થામાં પ્રથમ દેવ અથવા નરક પ્રાયોગ્ય બંધ કરે ત્યારે અન્તર્મુહૂર્ત કાલ સુધીજ સંભવે છે. તેથી તે વખતે પણ વિભંગજ્ઞાન સંભવતું નથી–માટે બીજાં સત્તાસ્થાનો સંભવતાં નથી. ૮૯ નું સત્તાસ્થાન બદ્ધનરકાયુ મનુષ્ય ક્ષયોપશમ સમ્યક્ત્વ પામી જિનનામ નિકાચિત કરી મિથ્યાત્વ પામી નરકમાં ઉત્પન્ન થાય ત્યારે વિભંગજ્ઞાનમાં ઘટે છે.

સંયમ માર્ગણા

અવિરત સંયમમાં પ્રથમનાં ૬ બંધસ્થાન તેમજ ૩૦ ના બંધનો આહારકદ્વિક સહિત દેવપ્રાયોગ્યનો ૧ અને ૩૧ તથા ૧ ના બંધનો ૧–૧ એમ ૩ વિના (૧૩૯૪૨) તેર હજાર નવસો બેંતાલીશ બંધભાંગા હોય છે. ૨૧ અને ૨૪ થી ૩૧ પર્યંતનાં ૯ ઉદયસ્થાન તેમજ યતિ અને કેવળીમાં જ સંભવતા અનુક્રમે ૧૦ અને ૮ આ ૧૮ વિના (૭૭૭૩) સાત હજાર સાતસો તહોંતેર ઉદયભાંગા હોય છે. માત્ર ક્ષપક શ્રેણીમાં જ ઘટતાં ૫ વર્જી ૯૩ આદિ પ્રથમનાં ૬ અને ૭૮ એમ ૭ સત્તાસ્થાનો હોય છે.

દેશવિરતિ સંયમ–પાંચમા ગુણસ્થાનકે બતાવ્યા મુજબ ૨૮ અને ૨૯ એ ૨ બંધસ્થાન અને ૧૬ બંધભાંગા, ૨૫ અને ૨૭ થી ૩૧ સુધીનાં ૬ ઉદયસ્થાન અને ૪૪૩ ઉદયભાંગા તેમજ ૯૩ આદિ પ્રથમનાં ૪ સત્તાસ્થાનો હોય છે,

સામાયિક તથા છેદોપસ્થાપનીય સંયમઃ–મનઃપર્યવજ્ઞાનમાં બતાવ્યા મુજબ ૨૮ આદિ ૫ બંધસ્થાન, ૧૯ બંધભાંગા, ૨૫ અને ૨૭ થી ૩૦ પર્યન્તનાં ૫ ઉદયસ્થાન, ૧૫૮ ઉદયભાંગા અને ૯૩ આદિ ૮ સત્તાસ્થાન હોય.

પરિહાર વિશુદ્ધિસંયમઃ–૨૮ આદિ ૪ બંધસ્થાન અને ૧૮ બંધભાંગા હોય છે. આ સંયમમાં વર્તમાન લબ્ધિ ફોરવતા નથી તેમજ પ્રથમ સંઘયણીજ હોય છે. માટે ૩૦ નું ૧ ઉદયસ્થાન અને પ્રથમ સંઘયણના છ સંસ્થાન, બે વિહાયોગતિ તેમજ બે સ્વરસાથે ના ૨૪ ઉદયભાંગા, અને ૯૩ આદિ પ્રથમનાં ૪ સત્તાસ્થાનો હોય છે.

સૂક્ષ્મ સંપરાયઃ–૧ નું ૧ બંધસ્થાન, ૧ બંધભાંગો, ૩૦ નું ૧ ઉદયસ્થાન અને અહીં પ્રથમ ત્રણ સંઘયણ જ હોવાથી ૭૨ ઉદય ભાંગા તેમજ ઉપશમ શ્રેણી આશ્રયી ૯૩ આદિ પ્રથમનાં ૪ અને ક્ષપકશ્રેણી આશ્રયી ૮૦ આદિ બીજાં ૪ એમ ૮ સત્તાસ્થાનો હોય છે.

યથાખ્યાત સંયમ :—આ સંયમમાં બંધ નથી. અને ૨૪ તેમજ ૨૫ વિના ૧૦ ઉદયસ્થાન, ૧૧૦ ઉદયભાંગા તેમજ ૮૬ અને ૭૮ વિના ૧૦ સત્તાસ્થાન હોય છે.

દર્શન માર્ગણા

અચક્ષુ દર્શન તથા ચક્ષુ દર્શનમાં ૮ બંધસ્થાન અને (૧૩૯૪૫) તેર હજાર નવસો પીસ્તાલીશ બંધભાંગા હોય છે.

ત્યાં અચક્ષુદર્શનમાં માત્ર કેવળીમાં જ સંભવતાં ૩ વિના ૨૧ અને ૨૪ થી ૩૧ પર્યંતનાં ૯ ઉદયસ્થાન અને કેવળીના ૮ વિના (૭૭૮૩) સાત હજાર સાતસો ત્યાસી ઉદયભાંગા અને ૯ તથા ૮ વિના શેષ ૧૦ સત્તાસ્થાન હોય છે.

ચક્ષુ દર્શન :— લબ્ધિ પર્યાપ્ત જીવોને ઇન્દ્રિય પર્યાપ્તિ પૂર્ણ થયા બાદ અપર્યાપ્ત અવસ્થામાં પણ કેટલાએક આચાર્ય મહારાજા ચક્ષુદર્શન માને છે. તેમજ ઉત્તર શરીર બનાવનારને ઇન્દ્રિય પર્યાપ્તિ પૂર્ણ થયા પહેલાં પણ મૂળ શરીરની અપેક્ષાએ ચક્ષુદર્શન હોય જ છે. તેથી વૈક્રિય તિર્યંચ–મનુષ્ય અને આહારક મનુષ્ય આશ્રયી ૨૫ અને ૨૭ આ ૨ ઉદયસ્થાનો અને સામાન્યથી સર્વ જીવો આશ્રયી ૨૮ થી ૩૧ પર્યંતનાં ૪ એમ કુલ ૬ ઉદયસ્થાનો હોય છે.

ત્યાં ૨૫ ના ઉદયે વૈક્રિય તિર્યંચ અને મનુષ્યના ૮–૮ તેમજ આહારકનો ૧ એમ ૧૭, અને ૨૭ ના ઉદયે પણ આજ પ્રમાણે ૧૭; તથા દેવતાના ૮ અને નારકનો એક એમ ૨૬; ૨૮ ના ઉદયે વૈક્રિય મનુષ્યના ૯, આહારકના ૨, વૈ. તિ. ના ૧૬, દેવતાના ૧૬, અને નારકનો ૧ આ ૪૪ તેમજ પર્યાપ્ત ચઉરિંદ્રિયના ૨, પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચના ૫૭૬, મનુષ્યના ૫૭૬ એમ (૧૧૯૮) અગ્યારસો અઠ્ઠાણું;

૨૯ ના ઉદયે પણ વૈક્રિય તિર્યંચ આદિ ના ૪૪, સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચના (૧૧૫૨) અગ્યારસો બાવન, મનુષ્યના ૫૭૬, પર્યાપ્ત ચઉરિન્દ્રિયના ૪ એમ (૧૭૭૬) સત્તરસો છોંતેર. ૩૦ ના વૈક્રિય તિર્યંચના ૮, સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચના (૧૭૨૮) સત્તરસો અઠ્ઠાવીશ, સામાન્ય મનુષ્યના ૧૧૫૨, વૈક્રિય મનુષ્યનો ૧, આહારકનો ૧, દેવતાના ૮ અને પર્યાપ્ત ચઉરિન્દ્રિયના ૬ એમ (૨૯૦૪) ઓગણત્રીશસો ચાર, ૩૧ ના ઉદયે પંચેન્દ્રિય તિર્યંચના (૧૧૫૨) અગ્યારસો બાવન અને ચઉરિન્દ્રિયના ૪ એમ (૧૧૫૬) અગ્યારસો છપ્પન એમ છએ ઉદયસ્થાનના કુલ (૭૦૭૭) સાત હજાર સત્યોતેર ઉદયભાંગા હોય છે.

પરંતુ કેટલાએક આચાર્ય મહારાજો સર્વ પર્યાપ્તિએ પર્યાપ્ત અવસ્થામાં જ ઉપયોગની અપેક્ષાએ ચક્ષુદર્શન માને છે. તેથી તેઓના મતે ૨૫ આદિ પ્રથમનાં ૩ ઉદયસ્થાન ઉત્તરશરીરીની અપેક્ષાએ અને ૨૯ આદિ ૩ ઉદયસ્થાનો યથાસંભવ ઉત્તરશરીરી તેમજ મૂળ શરીરી ચારે ગતિના જીવોની અપેક્ષાએ ઘટે છે. પરંતુ આ મતે ૨૫ના ઉદયે પહેલાં બતાવ્યા પ્રમાણે ૧૭; ૨૭ ના ઉદયે પણ આજ ૧૭; ૨૮ ના ઉદયે વૈક્રિય તિર્યંચના ૧૬, વૈક્રિય મનુષ્યના ૯, અને આહારકના ૨ એમ ૨૭; ૨૯ ના ઉદયે પણ આ ૨૭ તેમજ દેવોના સ્વરવાળા ૮ અને નારકનો ૧ એમ ૩૬, ૩૦ ના વૈક્રિય તિર્યંચના ૮, વૈક્રિય મનુષ્યનો ૧ આહારકનો ૧, દેવતાના ૮, પંચેન્દ્રિય તિર્યંચના સ્વરવાળા (૧૧૫૨) અગ્યારસો બાવન, મનુષ્યના (૧૧૫૨) અગ્યારસો બાવન અને ચઉરિન્દ્રિયના સ્વરવાળા ૪ એમ (૨૩૨૬) ત્રેવીશસો છવ્વીશ, ૩૧ ના પંચેન્દ્રિય તિર્યંચના (૧૧૫૨) અગ્યારસો બાવન અને ચઉરિન્દ્રિયના ૪ એમ (૧૧૫૬) અગ્યારસો છપ્પન એમ કુલ (૩૫૭૯) ત્રણ હજાર પાંચસો ઓગણએંશી ઉદયભાંગા અને ૯–૮ અને ૭૮ વિના શેષ ૯, સત્તાસ્થાનો હોય છે.

૭૮ નું સત્તાસ્થાન તેઉકાય–વાયુકાયમાંથી આવેલા ચઉરિન્દ્રિય વગેરે તિર્યંચોમાં પણ શરીર પર્યાપ્તિ પૂર્ણ થયા પહેલાં હોય છે. પરંતુ ચક્ષુ દર્શન ઇન્દ્રિય પર્યાપ્તિ પૂર્ણ થયા પછી જ હોય છે. તેથી ૭૮ ના સત્તાસ્થાનનું વર્જન કરેલ છે.

અવધિ તથા કેવળ દર્શન અનુક્રમે અવધિજ્ઞાન અને કેવળજ્ઞાન પ્રમાણે જ છે.

લેશ્યા માર્ગણા

કૃષ્ણાદિક પ્રથમની ૩ લેશ્યામાં ૨૩ થી ૩૦ પર્યંતનાં ૬ બંધસ્થાન અને આહારકદ્વિક સહિત દેવ પ્રાયોગ્ય ૩૦ ના બંધનો ૧ અને ૩૧ તથા ૧ ના બંધનો ૧–૧ એમ ૩ વિના (૧૩૯૪૨) તેર હજાર નવસો બેંતાલીશ બંધભાંગા હોય છે. ૨૧ અને ૨૪ થી ૩૧ પર્યંતનાં ૯ ઉદયસ્થાનો હોય છે. આ ૩ લેશ્યામાં જો ૬ ગુણસ્થાનકની વિવક્ષા કરીએ તો કેવળીના ૮ વિના (૭૭૮૩) સાત હજાર સાતસો

ગ્યાસી અને ૪ ગુણસ્થાનકની વિવક્ષા કરીએ તો કેવળીના ૮ અને યતિને જ સંભવતા ૧૦ એમ ૧૮ વિના (૭૭૭૩) સાતહજાર સાતસો તહોંતેર ઉદયભાંગા હોય છે.

કૃષ્ણાદિક પ્રથમની ૩ લેશ્યા ભવનપતિ અને વ્યંતર દેવોમાં હોય છે. પરંતુ જ્યોતિષ આદિ ઉપરના દેવોમાં હોતી નથી. અને ભવનપતિ તથા વ્યંતરો જિનનામ સહિત મનુષ્ય પ્રાયોગ્ય ૩૦ નો બંધ કરતા નથી. તેથી દેવોની અપેક્ષાએ આ ત્રણ લેશ્યામાં જિનનામ સહિત મનુષ્ય પ્રાયોગ્ય ૩૦ ના બંધના ૮ ભાંગા ઘટી શકતા નથી. પરંતુ પ્રથમની ૩ નરકના નારકો જિનનામ સહિત ૩૦ પ્રકૃતિ બાંધે છે. પણ તેઓને કાપોત અને નીલ લેશ્યાજ હોય છે. તેથી નારકની અપેક્ષાએ આ ૨ લેશ્યામાં જિનનામ સહિત મનુષ્ય પ્રાયોગ્યના બંધનો ૮ ભાંગા ઘટી શકે. પરંતુ કૃષ્ણ લેશ્યા પાંચમી વિગેરે નરકમાં જ હોય છે. અને તેઓ જિનનામ સહિત મનુષ્ય પ્રાયોગ્ય ૩૦ નો બંધ કરતા નથી. તેથી કૃષ્ણ લેશ્યામાં તો આ ૮ ભાંગા ન ઘટે, છતાં કેટલાએક આચાર્ય ભગવંતના મતે ભવનપતિ અને વ્યંતરોમાં પણ જિનનામ કર્મનો બંધ હોય છે. તેથી તે મતે અથવા તો દેવો તથા નારકોને દ્રવ્ય લેશ્યા ભવપર્યંત અવસ્થિત હોવા છતાં છએ ભાવ લેશ્યાનું પરાવર્તન હોય છે. તે અપેક્ષાએ ત્રણે લેશ્યામાં જિનનામ સહિત ૩૦ ના બંધના ૮ ભાંગા ઘટી શકે. અને જો આ અપેક્ષા ન લઈએ તો કૃષ્ણ-લેશ્યામાં આ ૮ ભાંગા બાદ કરતાં શેષ (૧૩૯૩૪) તેર હજાર નવસો ચોત્રીશ બંધભાંગા ઘટે એમ મને લાગે છે.

સત્તાસ્થાન ૯૩ આદિ પ્રથમનાં ૭ હોય છે. અવિરત સમ્યક્દૃષ્ટી મનુષ્યને પણ છએ લેશ્યાનું પરાવર્તન હોવાથી આ લેશ્યાઓમાં ૯૩ નું સત્તાસ્થાન માનવામાં કોઇ હરકત લાગતી નથી.

તેજોલેશ્યા :–આ લેશ્યાવાળા જીવો નરક, વિકલેન્દ્રિય, સૂક્ષ્મ, અપર્યાપ્ત અને સાધારણ પ્રાયોગ્ય બંધ કરતા નથી તેથી ૨૩ નું બંધસ્થાન અપર્યાપ્ત એકેન્દ્રિય પ્રાયોગ્ય જ હોવાથી આ જીવો બાંધતા નથી. ૨૫ ના બંધના પણ બાદર પર્યાપ્ત પ્રત્યેકના ૮ ભાંગા જ બાંધે છે ૨૬ ના ૧૬, ૨૮ ના દેવ પ્રાયોગ્યના ૮, ૨૯ ના બંધના વિકલેન્દ્રિય પ્રાયોગ્ય ના ૨૪ વિના (૯૨૨૪) બાણુંસો ચોવીશ, ૩૦ ના બંધના પણ વિકલેન્દ્રિયના ૨૪ વિના (૪૬૧૭) છેતાલીશસો સત્તર, અને ૩૧ ના બંધનો ૧ એમ ૨૫ થી ૩૧ પર્યંતનાં ૬ બંધસ્થાન અને (૧૩૮૭૪) તેર હજાર આઠસો ચુમ્મોતેર બંધભાંગા હોય છે.

કેવળી ભગવંતને માત્ર શુક્લલેશ્યા જ હોવાથી તેઓમાંજ સંભવતાં ૨૦-૯ અને ૮ વિના ૨૧ આદિ ૯ ઉદયસ્થાનો હોય છે. સામાન્યથી એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, લબ્ધિ અપર્યાપ્ત પં. તિ. તેમજ મનુષ્ય, નારકો અને કેવળી ભગવંતમાં આ લેશ્યા ન હોવાથી તેઓના ૧૨૫ ભાંગા આ લેશ્યામાં સંભવતા નથી. તેથી શેષ (૭૬૬૬) સાત હજાર છસો

છાસઠ ઉદયભાંગા હોય છે. પરંતુ તેજોલેશ્યાવાળા ઈશાન સુધીના દેવો કાળ કરી બાદર પર્યાપ્ત પૃથ્વીકાય, અપ્કાય અને પ્રત્યેક વનસ્પતિકાયમાં ઉત્પન્ન થાય છે. તેથી તે અપેક્ષાએ એકેન્દ્રિયમાં ૨૧ ના બાદર પર્યાપ્તના યશ અને અયશ સાથેના ૨ અને ૨૪ ના ઉદયના પ્રત્યેક સાથેના આ જ ૨ એમ ૪ આ એકેન્દ્રિયના ૪ ભાંગાઓમાં તેજોલેશ્યા સંભવે છે. માટે આ ૪ ભાંગા ઉમેરવાથી (૭૬૭૦) સાતહજાર છસો સિત્તેર ઉદયભાંગા હોય છે.

સત્તાસ્થાન ૯૩ આદિ પ્રથમનાં ૬ હોય છે. ૭૮નું સત્તાસ્થાન તેઉકાય-વાઉકાયમાં તેમજ ત્યાંથી આવેલ તિર્યંચોમાં શરીર પર્યાપ્તિ પૂર્ણ થયા પહેલાં જ હોય છે. અને તે જીવોને તેજોલેશ્યાનો સંભવ નથી તેથી ૭૮ નું સત્તાસ્થાન આ તેજો વગેરે ત્રણે લેશ્યામાં ઘટતું નથી.

પદ્મલેશ્યા :— આ લેશ્યાવાળા જીવો માત્ર પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચ, મનુષ્ય અને દેવપ્રાયોગ્ય જ બંધ કરે છે. તેથી ૨૮ થી ૩૧ પર્યંતનાં ૪ બંધસ્થાનો હોય છે. ત્યાં ૨૮ના બંધના દેવ પ્રાયોગ્યના ૮ તેમજ તેજોલેશ્યામાં બતાવ્યા મુજબ ૨૯ ના બંધના (૯૨૨૪) બાણુંસો ચોવીશ, ૩૦ ના બંધના (૪૬૧૭) છેતાલીશસો સત્તર અને ૩૧ ના બંધનો ૧ એમ (૧૩૮૫૦) તેર હજાર આઠસો પચાસ બંધભાંગા હોય છે.

૨૧ અને ૨૫ થી ૩૧ પર્યંતનાં ૮ ઉદયસ્થાન હોય છે. આ લેશ્યા જે જીવોને નથી, તે જીવોના અનુક્રમે એકેન્દ્રિયના ૪૨, વિકલેન્દ્રિયના ૬૬, લબ્ધિ અપર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચ-મનુષ્યના ૪, કેવળીના ૮, અને નારકના ૫ એમ ૧૨૫ વિના (૭૬૬૬) સાત હજાર છસો છાસઠ ઉદયભાંગા હોય છે. અને ૯૩ આદિ પ્રથમનાં ૬ સત્તાસ્થાનો હોય છે.

શુક્લ લેશ્યા :—કર્મગ્રંથના મત પ્રમાણે આ લેશ્યાવાળા જીવો માત્ર મનુષ્ય અને દેવ પ્રાયોગ્ય જ બંધ કરે છે. જો કે ૮ મા દેવલોક સુધીના દેવો પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય બંધ કરે છે. એમ તૃતીય કર્મગ્રંથ ગાથા ૧૨ માં જ બતાવેલ છે. પરંતુ તેઓને અત્યંત મંદ શુક્લ લેશ્યા હોય છે. તેથી તેની વિવક્ષા કરી હોય તેમ લાગતું નથી અથવા તો મતાંતર પણ કહી શકાય. તત્ત્વ તો બહુશ્રુતો જાણે.

શુક્લલેશ્યા તેરમા ગુણસ્થાનક સુધી હોય છે. તેથી ૨૮ થી ૧ સુધીનાં ૫ બંધસ્થાનો હોય છે. ત્યાં ૨૮ ના બંધના દેવપ્રાયોગ્યના ૮, ૨૯ ના બંધના મનુષ્ય પ્રાયોગ્યના (૪૬૦૮) છેતાલીશસો આઠ અને જિનનામ સહિત દેવપ્રાયોગ્યના ૮ એમ (૪૬૧૬) છેતાલીશસો સોળ, ૩૦ ના બંધના જિનનામ સહિત મનુષ્ય પ્રાયોગ્યના ૮ અને આહારકદ્વિક સહિત દેવપ્રાયોગ્યનો ૧ એમ ૯, અને ૩૧ તથા ૧ ના બંધનો ૧-૧ એમ પાંચે બંધસ્થાનના (૪૬૩૫) છેતાલીશસો પાંત્રીશ બંધભાંગા હોય છે. બીજા મત પ્રમાણે પદ્મલેશ્યામાં બતાવ્યા મુજબ (૧૩૮૫૦) તેર હજાર આઠસો પચાસ બંધભાંગા હોય છે.

૨૪ નું ઉદયસ્થાન માત્ર એકેન્દ્રિયને જ હોવાથી અને તેઓને આ લેશ્યા હોતી નથી. તેમજ ૯ અને ૮ નું ઉદયસ્થાન ૧૪ મા ગુણસ્થાનકે જ હોય છે. અને ત્યાં લેશ્યાનો જ અભાવ હોય છે. તેથી ૨૪-૯ અને ૮ વિના શેષ ૯ ઉદયસ્થાનો હોય છે. એકેન્દ્રિયના ૪૨, વિકલેન્દ્રિયના ૬૬, લબ્ધિ અપર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યના ૪, નારકના ૫ અને ૯ તથા ૮ ના ઉદયના ૧-૧ એમ ૧૧૯ વિના (૭૬૭૨) સાત હજાર છસો બહોંતેર ઉદયભાંગા હોય છે.

૭૮ અને ચૌદમા ગુણસ્થાનકના ચરમ સમયે સંભવતાં ૯ તેમજ ૮ આ ૩ વિના શેષ ૯ સત્તાસ્થાનો હોય છે.

ભવ્ય માર્ગણા

ભવ્યમાં સર્વભાવોનો સંભવ હોવાથી નામકર્મનાં બંધસ્થાનાદિક તથા બંધભાંગા વિગેરે સર્વે હોય છે.

અભવ્ય માર્ગણા:-આ માર્ગણામાં બંધસ્થાનાદિક સર્વે મિથ્યાત્વ ગુણસ્થાનક પ્રમાણે જ છે. પરંતુ સત્તાસ્થાન ૮૮-૮૬ ૮૦ અને ૭૮ આ ૪ હોય છે.

સમ્યક્ત્વ માર્ગણા

મિથ્યાત્વ, સાસ્વાદન અને **મિશ્રમાં** બંધસ્થાનાદિક અનુક્રમે પહેલા-બીજા અને ત્રીજા ગુણસ્થાનક પ્રમાણે હોય છે. તેથી અહીં ફરીથી બતાવવામાં આવેલ નથી.

ક્ષાયોપશમિક :-આ સમ્યક્ત્વ ૪ થી ૭ મા સુધીનાં આ ૪ ગુણસ્થાનકમાં હોય છે. તેથી ૧ ના બંધ વિના અવધિજ્ઞાન માર્ગણા પ્રમાણે ૨૮ થી ૩૧ સુધીનાં ૪ બંધસ્થાન અને ૧ ના બંધના ૧ ભાંગા વિના ૩૪ બંધભાંગા અને ૨૧ તેમજ ૨૫ થી ૩૧ પર્યંતનાં ૮ ઉદયસ્થાન અને (૭૬૭૧) સાત હજાર છસો ઈકોતેર ઉદયભાંગા હોય છે. અને ૯૩ આદિ પ્રથમનાં ૪ સત્તાસ્થાનો છે.

ઉપશમ સમ્યક્ત્વ:-આ સમ્યક્ત્વમાં અવધિજ્ઞાન પ્રમાણે ૨૮ આદિ ૫ બંધસ્થાન અને ૩૫ બંધભાંગા હોય છે. શતક ચૂર્ણિ વગેરે કેટલાએક ગ્રંથોમાં બતાવ્યા પ્રમાણે આ સમ્યક્ત્વ સર્વે પર્યાપ્તિએ પર્યાપ્ત અવસ્થામાં જ હોય છે. તેથી ૨૯-૩૦ અને ૩૧ આ ત્રણ ઉદયસ્થાનો હોય. ત્યાં ૨૯ ના ઉદયના દેવોના સ્વરવાળા ૮ અને નારકનો ૧ એમ ૯, ૩૦ ના ઉદયના સ્વરવાળા પંચેન્દ્રિય તિર્યંચના (૧૧૫૨) અગ્યારસો બાવન અને મનુષ્યના (૧૧૫૨) અગ્યારસો બાવન તેમજ ૩૧ ના ઉદયના તિર્યંચના (૧૧૫૨) અગ્યારસો બાવન એમ (૩૪૬૫) ચોત્રીશસો પાંસઠ ઉદયભાંગા હોય છે.

આ સમ્યક્ત્વમાં કોઈપણ જીવો ઉત્તર વૈક્રિય તેમજ આહારક શરીર બનાવતા નથી. માટે મનુષ્ય અને તિર્યંચના ઉત્તર વૈક્રિયના તેમજ આહારકના અને દેવોના ઉદ્યોતવાળા ઉત્તર વૈક્રિયના ભાંગાઓ ઘટી શકે નહીં. પરંતુ દેવોને ઉદ્યોત સહિત વૈક્રિય શરીરમાં ૩૦ નો ઉદય હોય છે. અને તેઓને ઉત્તર વક્રિય શરીરનો ઉત્કૃષ્ટ કાળ અર્ધમાસ હોવાથી તેમજ પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યોના ઉત્તર વક્રિય શરીરનો કાળ પણ ઉત્કૃષ્ટથી ૪ મુહૂર્ત પ્રમાણ હોવાથી તે દરમ્યાન ઉપશમ સમ્યક્ત્વ પામે તો વૈક્રિય મનુષ્યના સ્વરવાળા ૨૯ ના ૮ અને વક્રિય તિર્યંચના સ્વરવાળા ૨૯ ના ૮ તથા ઉદ્યોત સહિત ૩૦ ના ઉદયના ૮ તેમજ ૩૦ ના દેવતાના ઉદયના ૮ એમ ૩૨ ભાંગા અધિક પણ ઘટે, માટે (૩૪૯૭) ચોત્રીશસો સત્તાણું ઉદયભાંગા પણ ઘટે છે.

કોઈપણ જીવોને અપર્યાપ્ત અવસ્થામાં આ સમ્યક્ત્વ હોતું નથી. પરંતુ સપ્તતિકા ચૂર્ણિ વગેરે કેટલાએક ગ્રંથકારોના મતે ઉપશમ શ્રેણીમાં ઉપશમ સમ્યક્ત્વી કાળ કરી વૈમાનિક દેવોમાં જાય છે. તેથી તેઓના મતે તે દેવોની અપેક્ષાએ ૨૧–૨૫–૨૭–૨૮ આ ૪ ઉદયસ્થાનો અને ૨૯ આદિ ૩ એમ સાત ઉદયસ્થાનો હોય છે. અને દેવોના મૂળ શરીરના ૨૧–૨૫–૨૭–૨૮ આ ૪ ઉદયસ્થાનના ૮–૮ એમ ૩૨ ઉદયભાંગા અધિક થાય, અથવા ઉપશમ શ્રેણીમાં ઉપશમ સમ્યક્ત્વી કાળ કરી અનુત્તર વિમાનમાં જ થાય તો ત્યાં દુર્ભાગ્ય, અનાદેય, અપયશનો ઉદય સંભવતો નથી માટે ૨૧, ૨૫, ૨૭, ૨૮, એ ચાર ઉદયસ્થાનના પ્રશસ્ત પ્રકૃતિના ઉદયવાળા માત્ર ચાર ભાંગા અધિક થાય, તેથી કુલ ૩૪૯૭ અથવા ૩૪૬૯ ઉદયભાંગા થાય અને તેમાં ઉત્તર વક્રિય શરીરના દેવો વગેરેના ૩૨ ભાંગા અધિક લઈએ તો ૩૫૨૯ અથવા ૩૫૦૧ ઉદયભાંગા આવે, એમ કુલ ૬ રીતે ઉદય ભાંગા ગણવા મને ઠીક લાગે છે.

પરંતુ ગુજરાતી પુસ્તકોમાં કેટલાએક પંડિતોએ તેથી બીજી રીતે પણ ઉદયભાંગા ગણાવેલ છે. પરંતુ તે બહુ જ વિચારણીય અને મને બરાબર ન લાગવાથી અહીં બતાવેલ નથી. જિજ્ઞાસુઓએ તેનો વિશેષ વિચાર બહુશ્રુતો પાસેથી જાણવો. અને અહીં ૯૩ આદિ પ્રથમનાં ૪ સત્તાસ્થાનો હોય છે.

ક્ષાયિક સમ્યક્ત્વ :–આ સમ્યક્ત્વમાં અવધિજ્ઞાન પ્રમાણે ૨૮ આદિ ૫ બંધસ્થાન અને ૩૫ બંધભાંગા હોય છે. અને માત્ર એકેન્દ્રિયમાં જ સંભવતા ૨૪ વિના શેષ ૧૧ ઉદયસ્થાનો હોય છે.

આ સમ્યક્ત્વ પ્રાપ્ત કરનાર કેવળીના કાળમાં પ્રથમ સંઘયણી મનુષ્યો જ હોય છે. પરંતુ બદ્ધાયુ આ સમ્યક્ત્વ પામે તો ત્રીજા અથવા ચોથા ભવે મોક્ષમાં જાય તેથી ૨૧ વગેરે અપર્યાપ્ત સંબધી ઉદયસ્થાનો અને ઉદયભાંગા પણ ઘટી શકે છે. પરંતુ જો

બદ્ધાયુ મનુષ્ય અથવા તિર્યંચમાં જાય તો યુગલિકમાં જ જાય અને ત્યાંથી ત્રીજા ભવે દેવમાં જઈ ચોથા ભવે પ્રથમ સંઘયણવાળા મનુષ્ય થઈને જ મોક્ષમાં જાય અને બદ્ધાયુ જો દેવ અથવા નરકમાં જાય તો ત્યાંથી કાળ કરી ત્રીજા ભવે મનુષ્ય થઈ મોક્ષે જાય માટે આ ૩ અથવા ૪ ભવની અપેક્ષાએ દરેક ઉદયસ્થાનોમાં પ્રથમ સંઘયણના જ ઉદય ભાંગા હોય છે. અને યુગલિક મનુષ્ય–તિર્યંચમાં જાય તો ત્યાં પણ દેવોની જેમ દુર્ભગ–અનાદેય અને અયશ સિવાય બીજી કોઈ પરાવર્તમાન અશુભ પ્રકૃતિઓનો ઉદય હોતો નથી. તેથી ૨૧ ના ઉદયના મનુષ્યના ૮, ૨૬ ના ઉદયે એ જ આઠને ૬ સંસ્થાને ગુણતાં ૪૮; અને ૨૮ના ઉદયે તેને બે વિહાયોગતિએ ગુણતાં ૯૬, ૨૯ ના ઉદયના પણ આજ ૯૬; ૩૦ ના ઉદયે ૯૬ ને બે સ્વરે ગુણતાં ૧૯૨; એમ મનુષ્યના ત્રીજા અથવા ચોથા ભવની અપેક્ષાએ કુલ (૪૪૦) ચારસો ચાલીસ, વક્રિય મનુષ્યના ૩૫, આહારકના ૭, અને કેવળીના ૮ એમ મનુષ્યગતિના કુલ (૪૯૦) ચારસો નેવું ઉદયભાંગા અને દેવોના ૬૪ તથા દેવોની જેમ યુગલિક તિર્યંચના ૬૪ અને નારકના ૫ એમ ચારે ગતિનાં ૧૧ ઉદયસ્થાનમાં કુલ ૬૨૩ ઉદયભાંગા હોય છે.

દુપ્પસહ સૂરિ તેમજ કૃષ્ણરાજાની જેમ પાંચ ભવ કરનારના ક્ષાયિક સમ્યક્ત્વની વિવક્ષાએ તેથી વધારે ભાંગા પણ ઘટે. તે સ્વયં વિચારી લેવા, પહેલા ગુણસ્થાનકે જ સંભવતાં ૮૬ અને ૭૮ વિના ૯૩ આદિ ૧૦ સત્તાસ્થાનો હોય છે.

સંજ્ઞી માર્ગણા

સંજ્ઞીમાં ૨૩ આદિ ૮ બંધસ્થાન, ૧૩૯૪૫ તેર નવસો પીસ્તાલીસ બંધભાગા અને કેવળીને સંજ્ઞી ગણીએ તો માત્ર એકેન્દ્રિયમાં સંભવતા ૨૪ વિનાનાં ૧૧ ઉદયસ્થાનો અને એકેન્દ્રિયના ૪૨, વિકલેન્દ્રિયના ૬૬ એમ ૧૦૮ વિના શેષ (૭૬૮૩) સાત હજાર છસો ત્યાસી ઉદયભાંગા હોય છે અને કેવળીને સંજ્ઞીમાં વિવક્ષા ન કરીએ તો ૨૧ અને ૨૫ થી ૩૧ પર્યંતનાં ૮ ઉદયસ્થાન અને કેવળીના ૮ બાદ કરતાં (૭૬૭૫) સાત હજાર છસો પંચોતેર ઉદયભાંગા થાય છે.

સત્તાસ્થાન કેવળીને સંજ્ઞી ગણીએ તો ૧૨ અને ન ગણીએ તો ૯ તેમજ ૮ વિના ૧૦ હોય છે.

અસંજ્ઞી માર્ગણા :– તિર્યંચ ગતિની જેમ ૨૩ આદિ ૬ બંધસ્થાન અને (૧૩૯૨૬) તેરહજાર નવસો છવ્વીશ બંધભાગા તેમજ ૨૧ અને ૨૪ થી ૩૧ પર્યંતનાં ૯ ઉદયસ્થાનો હોય છે ઉદયભાંગા એકેન્દ્રિયના ૪૨, વિકલેન્દ્રિયના ૬૬, લબ્ધિ અપર્યાપ્ત અસંજ્ઞી મનુષ્યના ૨૧ તેમજ ૨૬ ના ઉદયના ૨ એમ ૧૧૦ અને અસંજ્ઞી પંચેન્દ્રિયના બેઇન્દ્રિયની જેમ ૨૨ એમ સર્વ મળી ૧૩૨ ઉદયભાંગા હોય છે.

અહીં કેટલાએક ગ્રંથોમાં પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય જીવોને પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિયની જેમ દરેક પરાવર્તમાન પ્રકૃતિઓનો ઉદય પણ બતાવેલ છે, માટે તે મત પ્રમાણે ગણીએ તો સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચની જેમ અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચના પણ (૪૯૦૬) ચાર હજાર નવસો છ અને પૂર્વોક્ત એકેન્દ્રિયાદિકના ૧૧૦ એમ (૫૦૧૬) પાંચ હજાર સોળ ઉદયભાંગા પણ હોય છે. અને તિર્યંચ ગતિ પ્રમાણે ૯૨ વગેરે ૫ સત્તાસ્થાનો હોય છે.

આહારી માર્ગણા :–

આહારી માર્ગણામાં ૨૩ આદિ ૮ બંધસ્થાન અને (૧૩૯૪૫) તેર હજાર નવસો પીસ્તાલીશ બંધભાંગા હોય છે અને ૨૦ નું કેવળી સમુદ્ઘાતમાં કાર્મણ કાયયોગે વર્તતાને તથા ૨૧ નું ઉદયસ્થાન કેવળ કાર્મણ કાયયોગમાં વર્તતાને વિગ્રહગતિમાં તેમજ કેવળી સમુદ્ઘાતમાં ત્રીજા–ચોથા અને પાંચમા સમયે જ હોય છે. અને તે વખતે જીવ અણાહારી હોય છે તેમજ ચૌદમા ગુણસ્થાનકે પણ અણાહારી હોવાથી ત્યાં સંભવતા ૯ અને ૮ આ ૪ વિના ૨૪ થી ૩૧ પર્યંતનાં ૮ ઉદયસ્થાનો હોય છે. ૨૦ નો ૧, ૨૧ ના ૪૨, ૯ અને ૮ ના ઉદયનો ૧–૧ એમ ૪૫ વિના આઠે ઉદયસ્થાનના ૭૭૪૬ ઉદયભાંગા હોય છે. અને ચૌદમાના ચરમ સમયે સંભવતાં ૯ અને ૮ વિના શેષ ૧૦ સત્તાસ્થાનો હોય છે.

અણાહારી માર્ગણા :– આ માર્ગણા વિગ્રહગતિ અને કેવળી સમુદ્ઘાતમાં ત્રીજા, ચોથા અને પાંચમા સમયે તેમજ ચૌદમા ગુણસ્થાનકે જ હોય છે અન્ય સર્વ કાળમાં સર્વ ગુણસ્થાનકોમાં જીવ આહારીજ હોય છે. તેથી મુનિને જ સંભવતાં ૩૧ અને ૧ વિના ૨૩ આદિ ૬ બંધસ્થાન અને નરક પ્રાયોગ્ય બંધ પણ આ માર્ગણામાં ન હોવાથી નરક પ્રાયોગ્ય ૨૮ ના બંધનો ૧, આહારકદ્વિક સહિત દેવપ્રાયોગ્ય ૩૦ ના બંધનો ૧, ૩૧ અને ૧ના બંધનો ૧–૧ એમ ૪ વિના (૧૩૯૪૧) તેરહજાર નવસો એકતાલીશ બંધભાંગા અને ૨૦–૨૧–૯ અને ૮ એમ ૪ ઉદયસ્થાનો અને તેઓના અનુક્રમે ૧–૪૨–૧ અને ૧ એમ ૪૫ ઉદયભાંગા હોય છે અને સત્તાસ્થાન ૯૩ આદિ ૧૨ હોય છે.

આ પ્રમાણે સામાન્યથી અને ૧૪ જીવસ્થાનક, ૧૪ ગુણસ્થાનક તેમજ ૬૨ માર્ગણામાં બંધસ્થાનાદિક તેમજ બંધભાંગા વગેરેની સત્પદપ્રરૂપણા પૂર્ણ થઈ અને આઠ મૂળ કર્મ તેમજ દરેક ૧–૧ કર્મની ઉત્તર પ્રકૃતિઓની પણ સત્પદપ્રરૂપણા પૂર્ણ થઈ તેમજ ઉદીરણા અમુક અપવાદ સિવાય ઉદય પ્રમાણે જ હોવાથી ફરીથી બતાવેલ નથી. હવે આઠે કર્મની ઉત્તર પ્રકૃતિઓની દ્રવ્ય પ્રમાણ પ્રરૂપણા પહેલા ૧૪ જીવસ્થાનકમાં આ પ્રમાણે છે.

દ્રવ્ય પ્રમાણ પ્રરૂપણા

સામાન્યથી બંધસ્થાન આશ્રયી આઠે કર્મની ૧૨૦ પ્રકૃતિઓ છે. ત્યાં અસંજ્ઞી પર્યાપ્ત તેમજ સંજ્ઞી પર્યાપ્ત સિવાયના ૧૨ જીવસ્થાનકના જીવો જિનનામ, દેવત્રિક, નરકત્રિક,

આહારકદ્વિક, અને વૈક્રિયદ્વિક આ ૧૧ પ્રકૃતિઓ બાંધતા જ ન હોવાથી શેષ ૧૦૯ પ્રકૃતિઓ બાંધે છે. અસંજ્ઞી પર્યાપ્તા જિનનામ અને આહારકદ્વિક વિના ૧૧૭ અને સંજ્ઞી ૧૨૦ પ્રકૃતિઓ બાંધે છે.

ગુણસ્થાનકમાં દ્રવ્ય પ્રરૂપણા

પહેલે જિનનામ અને આહારકદ્વિક વિના ૧૧૭, બીજે આ ૩ તેમજ મિથ્યાત્વના નિમિત્તવાળી નરકત્રિક, પ્રથમની ૪ જાતિ, સ્થાવર આદિ ૪, હુંડક, આતપ, સેવાર્ત સંહનન, મિથ્યાત્વ મોહનીય અને નપુંસક વેદ એમ ૧૯ વિના ૧૦૧ બાંધે. ત્રીજે આ ૧૯ તેમજ અનંતાનુબંધીના નિમિત્તવાળી તિર્યંચત્રિક, થીણદ્ધિત્રિક, દૌર્ભાગ્યત્રિક, અનંતાનુબંધી ચતુષ્ક, મધ્યમનાં ૪ સંઘયણ, ૪ સંસ્થાન, સ્ત્રી વેદ, ઉદ્યોત, નીચગોત્ર, અને અશુભવિહાયોગતિ, આ ૪૪ અને દેવ-મનુષ્યાયુનો અબંધ હોવાથી ૪૬ વિના ૭૪,

ચોથે ગુણસ્થાનકે સમ્યક્ત્વના નિમિત્તથી કોઈક જિનનામ પણ બાંધે અને અહીં દેવ-મનુષ્ય આયુષ્ય પણ બંધાય, માટે ૭૪ + ૩ એમ કુલ ૭૭ બંધાય. પાંચમે બીજા કષાયના નિમિત્તવાળી અપ્રત્યાખ્યાનીય ૪ કષાય, મનુષ્ય ત્રિક, વજ્રઋષભ નારાચ સંઘયણ અને ઔદારિકદ્વિક આ ૧૦ અને પૂર્વે બતાવેલ ૪૪ માંથી જિનનામ વિના ૪૩ એમ ૫૩ વિના ૬૭ પ્રકૃતિ બંધાય છે.

છઠ્ઠે પ્રત્યાખ્યાનીય કષાયના નિમિત્તથી બંધાતા પ્રત્યાખ્યાનીય ૪ કષાય અને પૂર્વોક્ત ૫૩ એમ ૫૭ વિના ૬૩, સાતમે આહારકદ્વિક વિના પૂર્વોકત ૫૫ અને શોક, અરતિ, અસ્થિરદ્વિક, અયશ અને અસાતા વેદનીય આ ૬ એમ ૬૧, તેમજ જો દેવાયુ બાંધતો સાતમે ન જાય તો દેવાયુ સહિત ૬૨ વિના ૫૮, અને દેવાયુ બાંધતો સાતમે જાય તો ૫૯ બંધાય છે. આઠમાના પ્રથમ ભાગે દેવાયુ વિના આજ ૫૮ અને બીજાથી છઠ્ઠાભાગ સુધી નિદ્રાદ્વિક વિના ૫૬ અને છઠ્ઠાભાગના અંતે દેવપ્રાયોગ્ય ૩૦ પ્રકૃતિઓનો બંધ વિચ્છેદ થવાથી સાતમા ભાગે ૨૬ બંધાય છે. નવમાના પહેલા ભાગે હાસ્ય-રતિ અને ભય–જુગુપ્સા વિના ૨૨, બીજા ભાગે પુરૂષ વેદ વિના ૨૧, ત્રીજા ભાગે સં.ક્રોધ વિના ૨૦, ચોથાભાગે સંજ્વલન માન વિના ૧૯, સં. માયા વિના પાંચમે ભાગે ૧૮ અને આ ગુણસ્થાનકના અંતે સંજ્વલન લોભનો પણ બંધ વિચ્છેદ થવાથી ૧૦ મા ગુણસ્થાનકે ૧૭ પ્રકૃતિઓ બંધાય છે.

એથી ઉપરના ૩ ગુણસ્થાનકોમાં સૂક્ષ્મ તેમજ બાદર કોઈપણ પ્રકારના કષાયનો ઉદય ન હોવાથી કષાયના નિમિત્તવાળી ૧૬ પ્રકૃતિઓ પણ બંધાતી નથી તેથી માત્ર યોગ નિમિત્તક એક સાતાવેદનીય જ બંધાય છે. અને ચૌદમા ગુણસ્થાનકે યોગનો પણ અભાવ હોવાથી બંધનો પણ અભાવ હોય છે.

હવે ૬૨ માર્ગણાને વિષે દ્રવ્ય પ્રમાણ દ્વાર આ પ્રમાણે છે

ત્રીજા કર્મગ્રંથની ત્રીજી ગાથામાં બતાવેલ સુર આદિ ૧૯ પ્રકૃતિઓ તથા સ્વભાવેજ નારકો બાંધતા ન હોવાથી પ્રથમની ૩ નરકના નારકો ૧૯ વિના ૧૦૧ અને જિનનામ વિના ચોથી–પાંચમી અને છઠ્ઠી નરકના નારકો ૧૦૦ પ્રકૃતિઓ બાંધે છે, પહેલે ગુણસ્થાનકે જિનનામ વિના ૧૦૦, બીજે નપું. ચતુષ્ક વિના ૯૬ અને ત્રીજે અનંતાનુબંધી આદિ ૨૬ વિના ૭૦, અને ચોથે ગુણસ્થાનકે પહેલી ૩ નરકના નારકી જિનનામ અને મનુષ્ય આયુષ્ય સહિત ૭૨ અને પછીની ૩ પૃથ્વીના નારકો જિનનામ વિના ૭૧ બાંધે છે. સાતમી પૃથ્વીના નારકો આ ૨૦ અને મનુષ્ય આયુષ્ય એમ ૨૧ વિના ઓઘે ૯૯ અને ગુણપ્રત્યયિક બંધ હોવા છતાં ભવપ્રત્યયિક બંધ ન હોવાથી પહેલે ગુણસ્થાને મનુષ્યદ્વિક અને ઉચ્ચગોત્ર વિના ૯૬ બીજે તિર્યંચ આયુષ્ય તેમજ નપુંસક ચતુષ્કવિના ૯૧, તથા ત્રીજે–ચોથે ગુણસ્થાનકે તેમાંથી અનંતાનુબંધી આદિ ૨૪ બાદ કરી મનુષ્યદ્વિક અને ઉચ્ચગોત્ર સહિત કરતાં ૭૦ બાંધે છે.

તિર્યંચ ગતિમાં આહારકદ્વિક અને જિનનામ વિના ઓઘે તથા મિથ્યાત્વે ૧૧૭, બીજે ૧૦૧, ત્રીજે ઓઘ બંધ પ્રમાણે પણ મનુષ્યદ્વિક, ઔદારિકદ્વિક અને પ્રથમ સંઘયણ એ ૫ વિના ૬૯, અને ચોથે દેવાયુ સહિત ૭૦ અને પાંચમે જિનનામ વિના ઓઘ પ્રમાણે ૬૬ પ્રકૃતિ બંધાય છે.

મનુષ્યો ઓઘે તથા પ્રથમના બે ગુણસ્થાનકમાં ઓઘ પ્રમાણે ૧૨૦, ૧૧૭ અને ૧૦૧, ત્રીજે ઔદારિકદ્વિક, મનુષ્યદ્વિક અને પહેલા સંઘયણ વિના ઓઘ પ્રમાણે ૬૯ અને ચોથે દેવાયુ અને જિનનામ સહિત ૭૧ બાંધે છે અને ૫ માથી ૧૩ મા ગુણસ્થાનક સુધી જે પ્રમાણે ગુણસ્થાનકમાં બતાવેલ છે તે પ્રમાણે બાંધે છે.

ઈશાન સુધીના દેવો પહેલી નરક કરતાં એકેન્દ્રિય, સ્થાવર અને આતપ નામકર્મ વધારે બાંધે છે. તેથી પહેલા બે કલ્પના દેવો ઓઘે ૧૦૪, મિથ્યાત્વે જિનનામ વિના ૧૦૩, અને બીજાથી ચોથા ગુણસ્થાનક સુધી પ્રથમની ૩ પૃથ્વીના નારકો પ્રમાણે જ બાંધે છે.

ભવનપતિ, વ્યંતર તથા જ્યોતિષમાં જિનનામનો બંધ ન હોવાથી ઓઘે અને મિથ્યાત્વે ૧૦૩, અને બીજાથી ચોથા ગુણસ્થાનક સુધી પંકપ્રભા પ્રમાણે. ત્રીજાથી આઠમા કલ્પ સુધીના દેવો સુરાદિ ૧૯ પ્રકૃતિઓ વિના ઓઘે તેમજ ચારે ગુણસ્થાનકે રત્નપ્રભાના નારકો પ્રમાણે જ બંધ કરે છે. આનત આદિ દેવો તિર્યંચ પ્રાયોગ્ય બંધ કરતા ન હોવાથી સુરાદિ ૧૯, તિર્યંચત્રિક અને ઉદ્યોત આ ૨૩ વિના ઓઘે ૯૭, જિનનામ વિના પહેલે ૯૬,

નપુંસક ચતુષ્ક વિના બીજે ૯૨, અને ત્રીજે ૭૦ અને ચોથે ૭૨ બાંધે છે. અનુત્તરવાસી દેવોને માત્ર ચોથું ગુણસ્થાનક હોવાથી તેઓ ૭૨ બાંધે છે.

ઈન્દ્રિયમાર્ગણામાં એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય અને ચઉરિન્દ્રિય અને કાયમાર્ગણામાં પૃથ્વીકાય, અપ્કાય અને વનસ્પતિકાયના જીવો જિનનામ વગેરે ૧૧ વિના ઓઘે તથા મિથ્યાત્વે ૧૦૯, અને સાસ્વાદને સૂક્ષ્મ આદિ ૧૩ વિના ૯૬ અથવા તેમાંથી મનુષ્ય અને તિર્યંચાયુષ્ય વિના ૯૪ બાંધે છે. પંચેન્દ્રિય, ત્રસકાય, કાયયોગ, વચનયોગ, મનોયોગ, ભવ્ય, અને આહારી માર્ગણાઓમાં બધા ગુણસ્થાનકના ક્રમ પ્રમાણે જ બાંધે છે. અહીં ટીકામાં દ્રવ્ય મનની વિવક્ષા કરેલ ન હોવાથી મનોયોગમાં ૧૨ ગુણસ્થાનક જ કહેલ છે.

તેઉકાય અને વાઉકાયમાં જિનાદિ ૧૧, મનુષ્યત્રિક, અને ઉચ્ચગોત્ર વિના ૧૦૫ બંધાય છે. ૩ વેદ માર્ગણામાં ગુણસ્થાનકના ક્રમ પ્રમાણે જ ૮ ગુણસ્થાનક સુધી અને નવમા ગુણસ્થાનકના પહેલા ભાગે ૨૨ બંધાય છે. ત્યારબાદ ભાવ વેદની અપેક્ષાએ જીવો અવેદી હોય છે. ક્રોધાદિક ત્રણમાં આઠમા સુધી ગુણસ્થાનકના ક્રમ પ્રમાણે અને નવમા ગુણસ્થાનકે અનુક્રમે ૨૧-૨૦ અને ૧૯ પ્રકૃતિઓનો બંધ હોય છે. અને લોભ માર્ગણામાં ૧૦ ગુણસ્થાનક સુધી ગુણસ્થાનકમાં બતાવ્યા પ્રમાણે હોય છે.

મતિ-શ્રુત-અવધિજ્ઞાન અને અવધિદર્શન આ ૪ માર્ગણામાં ૪ થી ૧૨ મા ગુણસ્થાનક સુધી, ત્રણ અજ્ઞાનમાં પ્રથમ બે અથવા ૩ ગુણસ્થાનક સુધી, મનઃ પર્યવજ્ઞાનમાં છઠ્ઠાથી બારમા ગુણસ્થાનક સુધી, અને ચક્ષુ-અચક્ષુદર્શનમાં ૧ થી ૧૨ ગુણસ્થાનક સુધી, અવિરત સંયમમાં પ્રથમનાં ૪ સુધી, સામાયિક અને છેદોપસ્થાપનીય ચારિત્રમાં ૬ થી ૯ સુધી, પરિહાર વિશુદ્ધિમાં ૬ થી ૭ સુધી, સંજ્ઞીમાં ૧ થી ૧૨ અથવા ૧૩ મા ગુણસ્થાનક સુધી જે પ્રમાણે ગુણસ્થાનકમાં પ્રકૃતિઓ બતાવેલ છે. તેજ પ્રમાણે બંધાય છે.

દેશવિરતિ, સુક્ષ્મસંપરાય, મિથ્યાત્વ, સાસ્વાદન અને મિશ્ર માર્ગણામાં પોતપોતાના ગુણસ્થાનક પ્રમાણે અને કેવળજ્ઞાન, કેવળદર્શન તેમજ યથાખ્યાત ચારિત્રમાં એકનો બંધ અથવા બંધનો અભાવ હોય છે. અભવ્ય ૧૧૭ અને અસંજ્ઞી જીવો ઓઘે તથા મિથ્યાત્વે ૧૧૭, સાસ્વાદને ૯૬ અથવા ૯૪ બાંધે છે. કૃષ્ણાદિક ત્રણ લેશ્યાવાળા ઓઘે આહારકદ્વિક વિના ૧૧૮, પહેલે જિનનામ વિના ૧૧૭, બીજે ૧૦૧, ત્રીજે ૭૪ અને કર્મગ્રંથના મત પ્રમાણે ચોથે ૭૭, પણ ભગવતીજી સૂત્ર આદિના મતે દેવ આયુ વિના ૭૬, એજ પ્રમાણે પાંચમે અને છઠ્ઠે અનુક્રમે ૬૭ અને ૬૩ પણ સૂત્રના મતે દેવ આયુ વિના અનુક્રમે ૬૬ અને ૬૨ પ્રકૃતિઓ બાંધે છે વિશુદ્ધ તેજોલેશ્યાવાળા નરકાદિ નવ વિના ઓઘે ૧૧૧, જિનનામ અને આહારકદ્વિક વિના પહેલે ૧૦૮, અને બીજાથી ૭મા સુધી ગુણસ્થાનકના ક્રમે જ બાંધે છે. વિશુદ્ધ પદ્મલેશ્યાવાળા નરકાદિ બાર વિના ઓઘે ૧૦૮, આહારકદ્વિક

અને જિનનામ વિના મિથ્યાત્વે ૧૦૫, બીજાથી ૭ મા સુધી ગુણસ્થાનકના ક્રમે બાંધે છે. વિશુદ્ધ શુકલલેશ્યાવાળા નરકાદિ ૧૨ અને ઉદ્યોત ચતુષ્ક વિના ઓઘે ૧૦૪, આહારકદ્વિક અને જિનનામ વિના મિથ્યાત્વે ૧૦૧, નપુંસક ચતુષ્ક વિના સાસ્વાદને ૯૭ અને ત્રીજાથી તેરમા સુધી ગુણસ્થાનકમાં બતાવ્યા પ્રમાણે જ પ્રકૃતિઓ બાંધે છે.

ક્ષયોપશમ સમ્યક્ત્વી ચોથાથી સાતમા સુધી અને ક્ષાયિક સમ્યક્ત્વી ચોથાથી ૧૩મા સુધી જો બદ્ધાયુના પાંચ ભવની વિવક્ષા કરીએ તો ગુણસ્થાનકના ક્રમે પ્રકૃતિઓ બાંધે છે. પરંતુ ૩ અથવા ૪ ભવની જ વિવક્ષા કરીએ તો પાંચમાથી સાતમા ગુણસ્થાનક સુધી દેવાયુ વિના ગુણસ્થાનકના ક્રમે બાંધે આ વિશેષતા છે. ઉપશમ સમ્યક્ત્વી ચોથાથી ૧૧ મા ગુણસ્થાનક સુધી ગુણસ્થાનકના ક્રમે જ બાંધે છે. પરંતુ આ સમ્યક્ત્વી આયુનો બંધ કરતા ન હોવાથી ચોથે બે આયુ વિના ૭૫ અને પાંચમે, છટ્ઠે તથા સાતમે દેવાયુ વિના અનુક્રમે ૬૬-૬૨ અને ૫૮ પ્રકૃતિઓ બાંધે છે.

કાયયોગના પેટાભેદોનો વિચાર કરીએ તો ઔદારિક કાયયોગી ૧૩ મા ગુણસ્થાનક સુધી મનુષ્ય પ્રમાણે અને વૈક્રિય કાયયોગી ઓઘે તથા ચારે ગુણસ્થાનકે બે કલ્પના દેવો પ્રમાણે પ્રકૃતિઓ બાંધે છે. અને વૈક્રિય મિશ્ર કાયયોગી તિર્યંચ-મનુષ્યાયુ વિના વૈક્રિય કાયયોગ પ્રમાણે બાંધે છે. ઔદારિક મિશ્રકાયયોગી આહારકદ્વિક, દેવાયુ અને નરકત્રિક આ ૬ વિના ઓઘે ૧૧૪. જિનનામ, દેવદ્વિક, અને વૈક્રિયદ્વિક આ ૫ વિના મિથ્યાત્વે ૧૦૯, અને સૂક્ષ્મ આદિ ૧૩ તેમજ મનુષ્ય-તિર્યંચાયુ એ ૧૫ વિના સાસ્વાદને ૯૪ અને આમાંથી અનંતાનુબંધી આદિ ૨૪ અને મનુષ્યદ્વિક, ઔદારિકદ્વિક, પ્રથમસંઘયણ આ ૫ એમ ૨૯ પ્રકૃતિઓ બાદ કરી જિન પંચક સહિત કરતાં ચોથે ૭૦ અને ૧૩ મે એક સાતાવેદનીય જ બાંધે છે.

આહારકમિશ્રયોગી ૬૩ અને આહારક કાયયોગી ૬૩, તેમજ "આહારક કાયયોગી સાતમે જાય ત્યારે "આહારકની સત્તાવાળો આહારકદ્વિક અવશ્ય બાંધે" આ મતે સાતમે ૫૯ અને સાતમે જવા છતાં આહારકદ્વિક ન બાંધે એ મતે આહારકદ્વિક વિના ૫૭, કાર્મણ કાયયોગી તથા અણાહારી આહારકદ્વિક, દેવાયુ, નરકત્રિક, તેમજ મનુષ્ય-તિર્યંચાયુષ્ય એ ૮ વિના ઓઘે ૧૧૨, જિન પંચકવિના પહેલે ૧૦૭, સૂક્ષ્માદિ ૧૩ વિના સાસ્વાદને ૯૪ અને તેમાંથી અનંતાનુબંધી આદિ ૨૪ બાદ કરી જિન પંચક ઉમેરતાં ચોથે ૭૫ અને ૧૩ મે ૧ સાતા વેદનીય બાંધે છે.

તિર્યંચ અને મનુષ્યગતિમાં યુગલિકો આશ્રયી વિશેષતા

આ યુગલિક તિર્યંચો અને મનુષ્યો માત્ર દેવ પ્રાયોગ્ય જ બંધ કરે છે. અને

જો સમ્યકૃદૃષ્ટી ન હોય તો અપર્યાપ્ત અવસ્થામાં મનુષ્ય પ્રાયોગ્ય બંધ કરે છે. પણ બીજી કોઈ ગતિ પ્રાયોગ્ય બંધ કરતા નથી. તેથી અપર્યાપ્ત અવસ્થામાં નરકત્રિક, તિર્યંચત્રિક, એકેન્દ્રિય વગેરે પ્રથમની ૪ જાતિ, આતપ, ઉદ્યોત, આહારકદ્વિક, તીર્થંકર નામકર્મ, સ્થાવર ચતુષ્ક, દેવ-મનુષ્ય આયુષ્ય આ ૨૧ પ્રકૃતિઓ બાંધતા નથી. તેથી બાકીની ૯૯ બાંધે છે. અને પર્યાપ્ત અવસ્થામાં દેવાયુ વિના આ ૨૦ તથા મનુષ્યદ્વિક, ઔદારિકદ્વિક, ૬ સંઘયણ, પ્રથમ વિનાનાં ૫ સંસ્થાન, અશુભ વિહાયોગતિ, દુર્ભગત્રિક, નીચગોત્ર, નપુંસક વેદ આ ૨૧ એમ ૪૧ વિના ૭૯ બાંધે છે.

ઇતિ સપ્તતિકાસંગ્રહ સારસંગ્રહ સમાપ્ત

સપ્તતિકા સંગ્રહ પ્રશ્નોતરી

પ્રશ્ન–૧ દશમા ગુણસ્થાનક સુધી દરેક જીવોને જેમ આઠે કર્મનો ઉદય અવશ્ય હોય છે. તેમ શું ઉદીરણા પણ આઠે કર્મની હોય ?

ઉત્તર–ના, પ્રથમના ૬ ગુણસ્થાનક સુધી ભવની ચરમાવલિકામાં આયુષ્ય વિના ૭ ની અને શેષ સર્વ કાળે આઠની તેમજ ૭ માથી ૧૦ મા ગુણસ્થાનકની ૧ આવલિકા બાકી હોય ત્યાં સુધી વેદનીય અને આયુષ્ય વિના ૬ ની અને ૧૦ મા ગુણસ્થાનકની ચરમ આવલિકામાં મોહનીય વિના પાંચની ઉદીરણા હોય છે.

પ્રશ્ન–૨ ભવની ચરમાવલિકામાં મિશ્ર ગુણસ્થાનકે આયુવિના શું સાતે કર્મની ઉદીરણા હોય ?

ઉત્તર–ના, ભવની ચરમાવલિકામાં તથાસ્વભાવે જ મિશ્ર ગુણસ્થાનકનો સંભવ જ ન હોવાથી મિશ્રે હંમેશાં આઠની જ ઉદીરણા હોય છે.

પ્રશ્ન–૩. મોહનીય વિના છદ્મસ્થને ૭ નો ઉદય જઘન્યથી કેટલો કાળ ? અને તે કઈ રીતે ?

ઉત્તર–છદ્મસ્થને મોહનીય વિના ૭ કર્મનો ઉદય જઘન્યથી ૧ સમય અને તે પ્રથમ સમયે અગ્યારમું ગુણસ્થાનક પ્રાપ્ત કરી બીજા સમયે જ કાળ કરનારની અપેક્ષાએ હોય છે.

પ્રશ્ન–૪ વીતરાગને આઠે કર્મની સત્તા જઘન્યથી અને ઉત્કૃષ્ટથી કેટલો કાળ અને કઈ રીતે હોય ?

ઉત્તર–આઠે કર્મની સત્તાવાળા વીતરાગ અગ્યારમા ગુણસ્થાનકે જ હોય છે. તેથી અગ્યારમા ગુણસ્થાનકના કાળ પ્રમાણે જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્ત્ત પ્રમાણ કાળ હોય છે.

પ્રશ્ન–૫ કોઈપણ કર્મના બંધ વિના શું જીવ સંસારમાં રહી શકે ? અને રહે તો કેટલો કાળ ?

ઉત્તર–૧૪ મા ગુણસ્થાનકે બંધ વિના પણ આ ગુણસ્થાનકના ૫ હ્રસ્વાક્ષરના ઉચ્ચાર કાળ પ્રમાણ અન્તર્મુહૂર્ત્ત કાળ સુધી રહી શકે છે.

પ્રશ્ન–૬ કેવળી અને છદ્મસ્થને શું સરખો બંધ હોઈ શકે ?

ઉત્તર–હા. કેવળીને ૧૩ મા ગુણસ્થાનકની જેમ છદ્મસ્થને પણ ૧૧ મે અને ૧૨ મે ગુણસ્થાનકે ૧ સાતા વેદનીયનો બંધ સમાન જ હોય છે.

પ્રશ્ન–૭ ક્ષપક શ્રેણીમાં જ ઘટે એવા દર્શનાવરણીયના સંવેધ કેટલા ? અને કયા ?

ઉત્તર–૪ નો બંધ, ૪ નો ઉદય અને છની સત્તા, ૪ નો ઉદય ૬ ની સત્તા અને ૪ નો ઉદય ૪ ની સત્તા આ ૩ ક્ષપકશ્રેણીમાં જ ઘટે છે.

પ્રશ્ન–૮ દર્શનાવરણીય કર્મના ૧૧ સંવેધમાંથી જઘન્યથી ૧ સમય કાળવાળા સંવેધ કેટલા ? અને તે કઈ રીતે ?

ઉત્તર–ઉપશમશ્રેણીમાં ૪ નો બંધક અથવા અબંધક થઈ બીજા સમયે કાળ કરનારની અપેક્ષાએ (૧–૨) ૪ નો બંધ ૪–૫ નો ઉદય અને ૯ની સત્તા, (૩–૪) અબંધ, ૪–૫ નો ઉદય અને ૯ ની સત્તા આ ૪ અને બારમા ગુણસ્થાનકના ચરમ સમયે જ સંભવે છે તે ૪ નો ઉદય ૪ ની સત્તા આ ૫ સંવેધ નો કાળ જઘન્યથી ૧ સમય છે.

પ્રશ્ન–૯ ૭નો બંધ–૮ નો ઉદય અને ૮ ની સત્તા આ ભાંગાનો ઉત્કૃષ્ટ કાળ અંદર. કોષ્ટકમાં બતાવેલ છે તેટલો જ ઘટે ? કે તેથી વધારે પણ ઘટી શકે ?

ઉત્તર–ચાલુ મત પ્રમાણે કોષ્ટકમાં બતાવેલ છે–તેજ પ્રમાણે ઘટે, પરંતુ મતાન્તરે નારકો મરણના અન્તર્મુહૂર્ત પહેલાં પણ પરભવનું આયુષ્ય બાંધે છે. તે મતે આ ભાંગાનો ઉત્કૃષ્ટકાળ અન્તર્મુહૂર્તન્યૂન પૂર્વક્રોડના ત્રીજા ભાગે અધિક અન્તર્મુહૂર્ત હીન તેત્રીશ સાગરોપમ પ્રમાણ ઘટી શકે છે.

પ્રશ્ન–૧૦ અન્તર્મુહૂર્ત આયુષ્ય બાકી હોય ત્યારે પણ નારકો પરભવનું આયુષ્ય બાંધી શકે છે. આ મત શું કર્મગ્રંથકારો માને છે ?

ઉત્તર–હા. આ જ ગ્રંથના સંક્રમણકરણ ગાથા ૧૦૧ તેમજ કર્મપ્રકૃતિ સંક્રમણકરણ ૯૧ માં પર્યાપ્ત થઈ તરત જ સમ્યક્ત્વ પામી અન્તર્મુહૂર્ત્ત ન્યૂન તેત્રીશ સાગરોપમ કાળ સુધી સમ્યક્ત્વના નિમિત્તથી સતત મનુષ્યદ્વિક બાંધી ભવના છેલ્લા અન્તર્મુહૂર્ત્તમાં મિથ્યાત્વ પામી નરકમાંથી નીકળી તરતના તિર્યંચના ભવમાં આવી પ્રથમસમયે મનુષ્યદ્વિકનો ઉત્કૃષ્ટ સંક્રમ કરે છે. એમ બતાવેલ છે. તેથી બે અન્તર્મુહૂર્ત ન્યૂન તેત્રીશ સાગરોપમ પ્રમાણ સમ્યક્ત્વના કાળમાં તો તિર્યંચ આયુષ્યનો બંધજ નથી અને ૭ મી નરક પૃથ્વીનો નારક તિર્યંચોમાં જ ઉત્પન્ન થાય છે. તેથી ભવના છેલ્લા અન્તર્મુહૂર્ત્તમાં મિથ્યાત્વ પામી તિર્યંચનું આયુ બાંધી અન્તર્મુહૂર્ત્ત બાદ કાળ કરી તિર્યંચમાં જાય, આથી નારકો છેલ્લા અન્તર્મુહૂર્ત્તે પણ આયુ બાંધે છે. એ હકીકત આ બન્ને ગ્રંથકારોને માન્ય છે. એમ સ્પષ્ટ જણાય છે.

પ્રશ્ન–૧૧ મૂળ કર્મના જેમ બંધોદય સત્તાના ૭ સંવેધ ભંગ છે તેમ ઉદીરણા સાથે પણ આ ૭ જ હોય કે તફાવત હોય ?

ઉત્તર–૭ થી વધારે હોય તે આ પ્રમાણે–(૧) ૮ નો બંધ, ૮ નો ઉદય, ૮ ની ઉદીરણા અને ૮ ની સત્તા (૨) ૭ નો બંધ, ૮ નો ઉદય, ૮ ની ઉદીરણા અને ૮ ની સત્તા તેમજ ભવની છેલ્લી આવલિકામાં (૩) ૭ નો બંધ, ૮ નો ઉદય, આયુષ્ય વિના ૭ ની ઉદીરણા અને ૮ ની સત્તા. સાતમાથી નવમા ગુણસ્થાનક સુધી (૪) ૭ નો બંધ ૮ નો ઉદય, આયુ તથા વેદનીય વિના ૬ ની ઉદીરણા અને ૮ ની સત્તા, દશમા ગુણસ્થાનકે એક આવલિકા બાકી હોય ત્યાં સુધી (૫) ૬ નો બંધ, ૮ નો ઉદય, ૬ ની ઉદીરણા અને ૮ ની સત્તા, અને આજ ગુણસ્થાનકની છેલ્લી આવલિકામાં (૬) ૬ નો બંધ, ૮ નો ઉદય, મોહનીય વિના ૫ ની ઉદીરણા અને ૮ ની સત્તા. અગ્યારમે ગુણસ્થાનકે (૭) ૧ નો બંધ, ૭ નો ઉદય, ૫ ની ઉદીરણા અને ૮ ની સત્તા, ક્ષીણમોહે છેલ્લી આવલિકા વિના (૮) ૧ નો બંધ, ૭ નો ઉદય, ૫ ની ઉદીરણા અને ૭ ની સત્તા અને આજ ગુણસ્થાનકની છેલ્લી આવલિકામાં (૯) ૧ નો બંધ, ૭ નો ઉદય અને નામ તેમજ ગોત્ર એ બે ની ઉદીરણા અને ૭ ની સત્તા. અને તેરમે (૧૦) ૧ નો બંધ, ૪ નો ઉદય, ૨ ની ઉદીરણા અને ૪ ની સત્તા હોય છે. આટલી વિશેષતા છે. અને ચૌદમે ઉદીરણાનો અભાવ હોવાથી કંઈ તફાવત નથી.

પ્રશ્ન–૧૨ દર્શનાવરણીયના ચાર અને પાંચ પ્રકૃતિ સ્વરૂપ એમ બે ઉદયસ્થાનો અને તે બંને ઉદયસ્થાનોનો કાળ સારસંગ્રહમાં જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્ત્ત બતાવેલ છે. પરંતુ ૫ થી ૬ કલાક અથવા તેથી પણ વધારે ટાઈમ સુધી સતત કામકાજની ધમાલમાં અથવા તો ઉત્તમ પ્રકારના મુનિઓ સતત આરાધના વગેરેમાં હોય છે. તેમજ કેટલાએક જીવો ૮ થી ૧૦ કલાક અથવા તેથી પણ વધારે કાળ સુધી સતત નિદ્રા લે છે. એટલું જ નહીં, પરંતુ કુંભકર્ણ છ માસ સુધી ઉંઘતા હતા એમ પણ શાસ્ત્રોમાં સંભળાય છે. તો આ બન્ને ઉદયસ્થાનોનો ઉત્કૃષ્ટ કાળ ઉપર બતાવેલ યુક્તિથી અન્તર્મુહૂર્તથી ઘણા વધારે કાળ સુધી પણ કેમ ન હોય ?

ઉત્તર–સ્થૂલદૃષ્ટિએ તમારો પ્રશ્ન બરાબર છે, પરંતુ સૂક્ષ્મદૃષ્ટિથી તેમ નથી. કર્મનો વિપાકોદય વ્યકત એટલે આપણને ખ્યાલમાં આવે તેવો અને અવ્યક્ત એટલે આપણને ખ્યાલમાં ન આવે તેવો એમ બે પ્રકારનો હોય છે. જ્યારે–જ્યારે વ્યક્ત વિપાકોદય હોય ત્યારે ત્યારે આપણને ખ્યાલ આવે છે. અને અવ્યકત વિપાકોદય હોય ત્યારે આપણને ખ્યાલ નથી આવતો. દૃષ્ટાંત તરીકે નવમા ગુણસ્થાનકે અમુક ભાગ સુધી મહામુનિને પણ ત્રણ વેદનો અને અમુક અમુક ભાગ સુધી સંજવલન ક્રોધાદિકનો તેમજ આઠમા ગુણસ્થાનક સુધી હાસ્યાદિ બે યુગલનો ઉદય અવશ્ય હોય છે, અને ગ્રૈવેયક તથા અનુત્તર દેવોને ૪–૪ ગુણસ્થાનક હોવાથી વેદોનો વિપાકોદય અવશ્ય હોય છે. પરંતુ સાતમા ગુણસ્થાનક વાળા

અને તેથી પણ આગળ વધેલા શ્રેણીમાં રહેલ મહામુનિઓને મનથી લેશમાત્ર પણ વિષય વિકારનો અને હાસ્યાદિકના ઉદયનો પોતાને પણ ખ્યાલ આવતો નથી. અને આવો વિચાર પણ હોતો નથી. એટલું જ નહીં પણ “ **परे अप्रविचाराः**” આ સૂત્રમાં ભગવાન્ ઉમાસ્વાતિ મહારાજાએ વેદોનો વિપાકોદય હોવા છતાં ગ્રૈવેયક અને અનુત્તર દેવોને માનસિક દષ્ટિએ પણ વિકાર રહિત કહેલા છે.

એજ પ્રમાણે સંપૂર્ણ શારીરિક તંદુરસ્તીવાળા કેટલાએક સુખી માણસોને પણ જીવન સુધી રોગાદિક નથી આવતા અને દવાઓ પણ લેવી પડતી નથી. અર્થાત્ સાતાનો જ ઉદય જણાય છે. અનુત્તર દેવોને પણ લગભગ સાતાનો જ ઉદય જણાય છે. પરંતુ તત્ત્વાર્થ સૂત્ર ચોથા અધ્યાયના ભાષ્યમાં દેવોને વધુમાં વધુ ૬ માસ સુધી સાતાનો ઉદય બતાવેલ છે. એટલે વચ્ચે વચ્ચે અવ્યકત અશાતાનો વિપાકોદય પણ છે. અને મનુષ્યોને પણ અન્તર્મુહૂર્ત પછી અશાતાનો અવ્યક્તોદય થાય છે. છતાં તેનો ખ્યાલ ન આવવાથી આપણને સતત શાતાનો ઉદય જણાય છે. તેમ અન્તર્મુહૂર્ત પછી અવશ્ય વ્યક્ત નહી તો અવ્યક્ત રૂપે પણ નિદ્રાનો ઉદય થાય છે. અને સામાન્યથી ૬ થી ૭ કલાક અથવા તેથી વધારે કાળ સુધી ઉંઘનાર માણસને પણ અન્તર્મુહૂર્ત પછી અવશ્ય વચમાં-વચમાં સૂક્ષ્મ કાળ પર્યંત નિદ્રાનો ઉદય અટકે છે. અને ફરીથી ઉદય થઈ જાય છે. તેથી તે વચલો કાળ બહુજ અલ્પ હોવાથી અને તેમાં પણ અવ્યક્ત નિદ્રાનો ઉદય હોય માટે આપણને ૪ અથવા ૫ ના ઉદયસ્થાનનો કાળ ઘણો લાગે છે, પરંતુ વાસ્તવિક રીતે અન્તર્મુહૂર્ત્ત જ હોય છે એમ જ્ઞાનીઓનાં વચનો ઉપરથી સમજાય છે.

પ્રશ્ન-૧૩ જઘન્યથી ૧ સમયકાળ પ્રમાણ ગોત્ર કર્મના કેટલા ? અને કયા ભાંગા હોય.

ઉત્તર-પ્રથમભાંગા સિવાયના ૬ એ ભાંગાઓનો કાળ જઘન્યથી ૧ સમય પ્રમાણ છે.

પ્રશ્ન-૧૪ ઉત્કૃષ્ટથી પણ અન્તર્મુહૂર્ત કાળ સુધી સંભવે એવા ગોત્ર કર્મના ભાંગા કેટલા ? અને કયા ?

ઉત્તર-(૧) નીચનો બંધ, ઉચ્ચનો ઉદય અને બેની સત્તા, આ એક જ ભાંગાનો ઉત્કૃષ્ટ કાળ અન્તર્મુહૂર્ત પ્રમાણ છે.

પ્રશ્ન-૧૫ દર્શનાવરણીય કર્મના એવા કયા સંવેધો છે, કે જેનો જઘન્ય અને ઉત્કૃષ્ટ એમ બન્ને રીતે અન્તર્મુહૂર્ત પ્રમાણજ કાળ હોય ?

ઉત્તર-મૂળ મતે ક્ષપકશ્રેણીમાં જ સંભવતા (૧) ચારનો બંધ, ૪ નો ઉદય અને ૬ ની સત્તા (૨) અબંધ ૪ નો ઉદય અને ૬ ની સત્તા. આ બે સંવેધોનો જઘન્ય અને ઉત્કૃષ્ટ એમ બન્ને રીતે અન્તર્મુહૂર્ત પ્રમાણ કાળ હોય છે. પરંતુ મતાંતરે આ બે સંવેધનો પણ જઘન્ય કાળ એક સમય પ્રમાણ સંભવે છે.

પ્રશ્ન–૧૬ જઘન્ય અને ઉત્કૃષ્ટ એમ બન્ને રીતે સમય પ્રમાણ જ કાળવાળો દર્શનાવરણીયનો કયો સંવેધ છે ?

ઉત્તર–૪ નો ઉદય અને ૪ ની સત્તા ૧૨ મા ગુણસ્થાનકના ચરમ સમયે હોવાથી તેનો કાળ બન્ને રીતે ૧ સમય પ્રમાણ જ હોય છે.

પ્રશ્ન–૧૭ મોહનીય કર્મનાં એવાં કેટલાં અને કયાં બંધસ્થાનો છે કે જેઓનો જઘન્યથી કાળ ૧ સમય હોય ?

ઉત્તર–૨૧, ૯ અને ૫ થી ૧ પર્યંતનાં એમ ૭ બંધસ્થાનનો કાળ જઘન્યથી ૧ સમય હોય છે.

પ્રશ્ન–૧૮ નવનું બંધસ્થાન છઠ્ઠાથી ૮ મા ગુણસ્થાનક સુધી હોય છે. અને આ ત્રણે ગુણસ્થાનકનો સંયુક્ત કાળ જઘન્યથી પણ અન્તર્મુહૂર્ત્ત પ્રમાણ છે. માટે નવના બંધનો જઘન્ય કાળ ૧ સમય શી રીતે હોય ?

ઉત્તર–ઉપશમશ્રેણીમાં ચડતાં ન આવે. પરંતુ ઉપશમ શ્રેણીથી પડતાં નવમા ગુણસ્થાનકે પાંચનો બંધ કરનાર આઠમે ગુણસ્થાનકે આવી ૧ સમય બંધ કરી તરત જ કાળ કરી દેવલોકમાં ઉત્પન્ન થનાર બીજા સમયે ૧૭ નો બંધ કરે છે. એ અપેક્ષાએ ૯ ના બંધનો જઘન્યકાળ ૧ સમય ઘટી શકે છે.

પ્રશ્ન–૧૯ મોહનીય કર્મની એક જીવને સતત અન્તર્મુહૂર્ત્તથી વધારે કાળ સુધી પણ ઉદયમાં રહે એવી કેટલી ? અને કઈ પ્રકૃતિઓ છે.

ઉત્તર–મિથ્યાત્વ મોહનીય, સમ્યકત્વ મોહનીય, પુરૂષવેદ અને નપુંસક વેદ આ ૪ પ્રકૃતિઓ ૧ જીવને સતત અન્તર્મુહૂર્તથી વધારે કાળ પણ ઉદયમાં હોઈ શકે છે. ત્યાં મિથ્યાત્વ મોહનીય અભવ્યને તથા અનાદિ મિથ્યાદષ્ટીને અનાદિ કાળથી ઉદયમાં હોય છે. અને સમ્યક્ત્વથી પડેલાને ઉત્કૃષ્ટથી દેશોન અર્ધ પુદ્ગલ પરાવર્ત કાળ સુધી, સમ્યક્ત્વ મોહનીયનો ઉદય સાધિક ૬૬ સાગરોપમ સુધી, નપુંસક વેદનો ઉદય અસાંવ્યવહારિક જીવો આશ્રયી અનાદિ–અનન્ત અને અનાદિ–સાન્ત તેમજ પંચેન્દ્રિયમાંથી એકેન્દ્રિયમાં આવેલા જીવો આશ્રયી ઉત્કૃષ્ટથી આવલિકાના અસંખ્યાતમા ભાગમાં રહેલ સમય પ્રમાણ અસંખ્ય પુદ્ગલ પરાવર્ત અને પુરૂષવેદનો ઉત્કૃષ્ટ ઉદય તેત્રીશ સાગરોપમ પ્રમાણ હોય છે.

પ્રશ્ન–૨૦ દરેક જીવોને વેદોદય અન્તર્મુહૂર્તમાં અવશ્ય પરાવર્તન થાય છે એમ સપ્તતિકા અને આ ગ્રંથની ટીકા વગેરેમાં બતાવેલ છે. તો આટલો કાળ શી રીતે ઘટે ?

ઉત્તર :–જે ગતિમાં અથવા જે જાતિમાં અમુક જ દ્રવ્ય વેદ હોય ત્યાં કાયમ માટે ભાવ વેદ પણ તેજ હોય છે. એટલે કે ભાવવેદનું પરાવર્તન થતું નથી. માટે જ નરકમાં તેમજ ચઉરિન્દ્રિય સુધીના જીવોને કેવળ દ્રવ્યથી નપુંસક વેદ હોય છે. તેથી ત્યાં

ઉદયસ્થાન આશ્રયી મોહનીય કર્મની ચોવીશી બતાવેલ નથી, પરંતુ અષ્ટકોજ બતાવેલ છે. અને દેવગતિમાં નપુંસક વિના દ્રવ્યવેદ બે જ હોવાથી બે ભાવવેદ આશ્રયી ષોડશક અથવા ૧૬–૧૬ ભાંગા કરેલ છે. પણ ચોવીશી કરેલ નથી. તેથી મને આ બાબતમાં આમ લાગે છે. પછી તો બહુશ્રુતો કહે તે પ્રમાણ.

પ્રશ્ન–૨૧ દેવગતિમાં તમારા કહેવા પ્રમાણે પણ પુરૂષ અને સ્ત્રી એમ બે દ્રવ્યવેદ હોય છે. માટે ભાવથી નપુંસક વેદ ઉદયમાં ન આવે તો પણ બે ભાવવેદનો ઉદય અન્તર્મુહૂર્તે અવશ્ય પરાવર્તન થાય છે. તેથી પુરૂષવેદના ઉદયનો ઉત્કૃષ્ટ કાળ ૩૩ સાગરોપમ શી રીતે હોય ?

ઉત્તર :–દેવોમાં દેવીઓની ઉત્પત્તિ પ્રથમના બે દેવલોક સુધી જ હોય છે. માટે દ્રવ્યથી સ્ત્રીવેદ બે દેવલોક સુધી જ હોવાથી ત્યાં ભાવથી બન્ને વેદોના ઉદયનું પરાવર્તન અવશ્ય થાય છે પરંતુ ત્રીજા દેવલોકથી દ્રવ્યથી લિંગાકાર રૂપ સ્ત્રીવેદ પણ નથી. પરંતુ માત્ર દ્રવ્યથી લિંગાકાર રૂપે પણ પુરૂષવેદ જ હોય છે. માટે તે દેવોને સતત ભાવવેદોદય પુરૂષવેદનો જ હોય છે. પરંતુ અન્ય વેદોનો ઉદય ન હોય, તેથી અનુત્તર દેવો આશ્રયી પુરૂષવેદના ઉદયનો ઉત્કૃષ્ટ કાળ તેત્રીશ સાગરોપમ ઘટી શકે એમ લાગે છે. તે સિવાય બીજી કોઈ વિવક્ષા હોય તો તે અપેક્ષાએ પણ બહુશ્રુતો પાસેથી સમજવું. આમાં મારો આગ્રહ નથી. મારા ક્ષયોપશમ પ્રમાણે લખેલ છે.

પ્રશ્ન–૨૨ ક્ષયોપશમ સમ્યક્દૃષ્ટી અનંતાનુબંધીની વિસંયોજના કરી પહેલે ગુણ-સ્થાનકે જાય ત્યારે બંધાવલિકા સુધી અનંતાનુબંધીનો ઉદય ન હોવાથી પહેલે ગુણ-સ્થાનકે પણ એક આવલિકા સુધી ૭ નું ઉદયસ્થાન હોય એમ બતાવેલ છે. પરંતુ કોઈ પણ કર્મપ્રકૃતિના જઘન્ય સ્થિતિબંધમાં પણ અન્તર્મુહૂર્ત પ્રમાણ અબાધાકાળ હોય છે. અને અનંતાનુબંધીનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ ૪૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ હોવાથી ઉત્કૃષ્ટ અબાધા કાળ ૪ હજાર વર્ષ પ્રમાણ છે. તેથી પહેલે ગુણસ્થાનકે અનંતાનુબંધીના ઉદય વિના જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ૪ હજાર વર્ષ પ્રમાણ ૭ ના ઉદયસ્થાનનો કાળ ઘટી શકે. છતાં તેમ ન બતાવતાં માત્ર એક બંધાવલિકા જ કેમ બતાવેલ છે ?

ઉત્તર :–પહેલે ગુણસ્થાનકે આવી નવીન બંધાયેલ અનંતાનુબંધી અબાધાકાળની દૃષ્ટિએ એટલા કાળ પછી જ ઉદયમાં આવે. એ વાત બરાબર છે. પરંતુ જે સમયે પહેલે ગુણસ્થાનકે આવી અનંતાનુબંધીનો બંધ શરૂ કરે છે. તે જ સમયથી અનંતાનુબંધી પતદ્ગ્રહ બને છે. અર્થાત્ સત્તામાં રહેલ શેષ ચારિત્ર મોહનીયની પ્રકૃતિઓ અનંતાનુ-બંધીમાં સંક્રમાવવાની શરૂઆત કરે છે. અને તે સંક્રમ્યમાણ અનંતાનુબંધી રૂપે બનેલ દલિકનો આવલિકા પછી અવશ્ય ઉદય થાય છે.

પ્રશ્ન–૨૩ જો સંક્રમીને અનંતાનુબંધી રૂપે થયેલ દલિકનો ઉદય થતો હોય તો ૧ આવલિકા પછી શા માટે ? પહેલા સમયથી કેમ નહી ?

ઉત્તર :– જેમ બંધ–આવલિકા સકલ કરણને અયોગ્ય હોય છે. તેમ સંક્રમીને આવેલ દલિકોમાં પણ સંક્રમ–આવલિકા સુધી કોઈપણ કરણ લાગતું નથી અને ઉદયમાં પણ આવતા નથી.

પ્રશ્ન–૨૪ જો આ રીતે હોય તો સંક્રમ–આવલિકા સુધી અનંતાનુબંધીનો ઉદય ન હોય એમ બતાવવું જોઈએ પણ એમ ન બતાવતાં બંધાવલિકા સુધી અનંતાનુબંધીનો ઉદય ન હોય એમ કેમ બતાવેલ છે ?

ઉત્તર :–બંધ–આવલિકા અને સંક્રમ–આવલિકા બન્ને સાથે જ શરૂ થાય છે. અને સાથે જ પૂર્ણ થાય છે. માટે બન્ને રીતે કહી શકાય તેમાં કાંઈ ફરક પડતો નથી.

પ્રશ્ન–૨૫ ઉદય પદ અને પદવૃંદ એ બે માં શું તફાવત છે ?

ઉત્તર :– ૧ વિકલ્પવાળા ૧ ઉદયસ્થાનમાં મોહનીયકર્મની જેટલી પ્રકૃતિઓ આવે તે ઉદયપદ, કહેવાય. તેમાં અમુક કોઈ પ્રકૃતિઓ ઘણીવાર આવી જાય અથવા એક ને બદલે બીજી આવી જાય તોપણ તે જુદી ન ગણાય, પરંતુ એક જ ગણાય. અને પદવૃંદમાં કોઈ પણ એક વિકલ્પવાળા ૧ ઉદયસ્થાનમાં પ્રકૃતિ એકની એક હોવા છતાં જેટલી વાર બોલાય અથવા લખાય તેટલી વાર અલગ અલગ ગણાય માટે ૧ વિકલ્પવાળા ૧ ઉદયસ્થાનમાં અનેકવાર આવેલ બધી પ્રકૃતિઓનો સમુદાય તે પદવૃંદ કહેવાય. દષ્ટાંત તરીકે પહેલા ગુણસ્થાનકે ૧ વિકલ્પવાળા ૭ ના ઉદયસ્થાનમાં અપ્રત્યાખ્યાનીય ક્રોધાદિ ૭ જ પ્રકૃતિ આવે છે માટે ઉદયપદ ૭ કહેવાય. અને એ ૭ પદો ચોવીશ રીતે લખાય અથવા બોલાય માટે ૧ વાર આવેલ હોવા છતાં વારંવાર આવતાં બધાં પદોનો સરવાળો ૧૬૮ થાય માટે ૭ ના ઉદયનાં પદવૃંદો ૧૬૮ હોય છે. એમ સર્વત્ર પોતાની મેળે સમજવું.

પ્રશ્ન–૨૬ મોહનીય કર્મનાં એવાં કેટલાં અને ક્યાં સત્તાસ્થાનો છે કે જેઓનો ઉત્કૃષ્ટ કાળ અન્તર્મુહૂર્તથી વધારે હોય ?

ઉત્તર :– ૨૮–૨૭–૨૬–૨૪ અને ૨૧ એમ ૫ સત્તાસ્થાનનો સાર સંગ્રહમાં બતાવ્યા પ્રમાણે ઉત્કૃષ્ટ કાળ અન્તર્મુહૂર્તથી વધારે પણ હોય છે.

પ્રશ્ન–૨૭ માત્ર મનુષ્ય ગતિમાંજ ઘટે એવાં મોહનીય કર્મનાં સત્તાસ્થાનો કેટલાં ? અને કયાં કયાં ?

ઉત્તર :–૨૩ અને ૧૩ થી ૧ સુધીનાં મોહનીય કર્મનાં ૯ સત્તાસ્થાનો માત્ર મનુષ્યગતિમાં જ હોય છે. બીજી કોઈ ગતિમાં ઘટતાં નથી.

પ્રશ્ન–૨૮ કયા કયા વેદે શ્રેણી માંડનારને કયાં–કયાં સત્તાસ્થાનો ન આવે ?

ઉત્તર :–સ્ત્રીવેદે શ્રેણી માંડનારને ૫ નું ૧ અને નપુંસક વેદે શ્રેણી માંડનારને ૫ તથા ૧૨ નું એ બે સત્તાસ્થાનો ન આવે અને પુરૂષવેદે શ્રેણી માંડનારને બધાં જ આવે.

પ્રશ્ન–૨૯ પાંચમા ગુણસ્થાનકે મોહનીય કર્મનાં ૨૨ અને ૨૧ નાં સત્તાસ્થાનો કેટલી ગતિમાં હોય ?

ઉત્તર :–તિર્યંચ અને મનુષ્યને પાંચમું ગુણસ્થાનક હોવા છતાં બદ્ધાયુ ક્ષાયિક સમ્યક્ત્વી જો તિર્યંચમાં જાય તો યુગલિકમાં જ જાય અને યુગલિકમાં દેવોની જેમ વિરતિના પરિણામ ન હોવાથી ૨૨ અને ૨૧ નું સત્તાસ્થાન ૫ મા ગુણસ્થાનકે તિર્યંચ ગતિમાં હોતું નથી. પણ મનુષ્ય ગતિમાં જ હોય છે.

પ્રશ્ન–૩૦ ક્ષપકશ્રેણીમાં ૫ ના બંધે પુરૂષવેદે શ્રેણી માંડનારને ૧૧ નું અને ૪ ના બંધે પુરૂષવેદનો ક્ષય ન થાય ત્યાં સુધી ૫ નું સત્તાસ્થાન આવે છે. છતાં સ્ત્રી વેદોદયે શ્રેણી માંડનારને ૧૧ નું સત્તાસ્થાન પાંચના બંધે આવવાને બદલે ચારના બંધે કેમ આવે ? અને નપુંસક વેદોદયે શ્રેણિ માંડનારને ૫ ના બંધે ૧૨ નું સત્તાસ્થાન જ કેમ નહી ? તેમ જ ૧૧ નું પણ ૪ ના બંધે જ કેમ ? અને આ બન્ને વેદોદયે શ્રેણી માંડનારને ૫ નું સત્તાસ્થાન જ કેમ નહી ?

ઉત્તર :- નવમા ગુણસ્થાનકે નપુંસક વેદ અને સ્ત્રીવેદનો ઉદયકાળ જેટલો છે. તેના કરતાં પુરૂષવેદનો ઉદય કાળ વધારે હોય છે. અને જ્યાં સુધી કોઈ પણ વેદનો ઉદય છે. ત્યાં સુધી પુરૂષવેદ બંધાય જ છે. પણ વેદોદયના વિચ્છેદની સાથે જ પુરૂષવેદનો બંધ પણ વિચ્છેદ થાય છે. તેમજ પુરૂષવેદોદયે અને સ્ત્રી વેદોદયે શ્રેણી માંડનારને પહેલાં નપુંસક વેદનો અને ત્યારબાદ સ્ત્રી વેદનો ક્ષય થાય છે. પણ નપુંસક વેદોદયે શ્રેણી માંડનારને નપુંસક વેદ તથા સ્ત્રી વેદનો ક્ષય એક સાથે જ થાય છે. તેથી નપુંસક વેદોદયે શ્રેણી માંડનારને ૧૨ નું સત્તાસ્થાન ઘટતું જ નથી. પરંતુ બીજા વેદોદયે શ્રેણી માંડનારને નપુંસક વેદનો ક્ષય થયા પછી સ્ત્રી વેદનો ક્ષય ન થાય ત્યાં સુધી ૧૨ નું સત્તાસ્થાન ઘટે જ, ત્રણે વેદોદયે શ્રેણી માંડનાર હાસ્ય ષટ્ક અને પુરૂષવેદ એ ૭ નો ક્ષય કરવાની શરૂઆત એકજ સાથે કરે છે. તેથી નપુંસક વેદોદયે અને સ્ત્રીવેદોદયે શ્રેણી માંડનારને સ્ત્રીવેદના ક્ષયની સાથે જ જ્યારે ૧૧ નું સત્તાસ્થાન આવે છે ત્યારે પુરૂષવેદનો બંધ પણ વિચ્છેદ થયેલ હોવાથી આ બન્ને વેદોદય વાળા જીવોને ૧૧ નું સત્તાસ્થાન ૪ ના બંધે જ આવે, પણ પાંચના બંધે ન જ આવે.

વળી સ્ત્રીવેદના ક્ષય પછી આ બંને વેદોદયવાળા જીવો ૭ નો ક્ષય પણ એક સાથે જ કરે છે. માટે ૭ ના ક્ષય પછી ૪ ના બંધે ૪ નું આવે, પણ ૫ નું સત્તાસ્થાન ન આવે. ત્યારે પુરૂષ વેદોદયે શ્રેણી માંડનારને હાસ્ય ષટ્કનો ક્ષય થાય ત્યાં સુધી પુરૂષવેદનો ઉદય હોવાથી પુરૂષવેદનો બંધ પણ ચાલુ હોય છે. તેથી સ્ત્રી વેદના ક્ષય બાદ ૫ ના બંધે હાસ્યષટ્કનો ક્ષય ન થાય ત્યાં સુધી ૧૧ નું સત્તાસ્થાન આવે. ૭ નો ક્ષય કરવાની શરૂઆત એકી સાથે કરે છે. પરંતુ પુરૂષવેદનો બંધ ચાલુ હોવાથી ૭ નો ક્ષય એક સાથે થતો નથી. પણ હાસ્ય ષટ્કનો ક્ષય થાય તે સમયે પશ્ચાનુપૂર્વીએ સમયોન ૨ આવલિકામાં બંધાયેલ પુરૂષવેદનો ક્ષય ન થવાથી ૪ ના બંધે સમયોન બે આવલિકા કાળ સુધી ૫ નું સત્તાસ્થાન આવે. અને પછી ૪ નું આવે.

પ્રશ્ન–૩૧ ૫ મા ગુણસ્થાનકે ક્ષાયોપશમ સમ્યક્ત્વીને મોહનીય કર્મનાં ઉદય પદો અને પદવૃંદ કેટલાં? અને કઇ રીતે? તે જ પ્રમાણે ક્ષાયિક અને ઔપશમિકને પણ કેટલાં? અને કઈ રીતે હોય?

ઉત્તર :–પાંચમા ગુણસ્થાનકે ક્ષયોપશમિક સમ્યક્ત્વીને ૬–૭ અને ૮ એમ ૩ ઉદયસ્થાનો હોય છે. ત્યાં છના ઉદયની ૧ ચોવીશી માટે ૬, (છ) ૭ ના ઉદયની બે ચોવીશી માટે ૧૪ અને ૮ ના ઉદયની ૧ ચોવીશી માટે ૮, એમ કુલ ૨૮ ને ૨૪ વડે ગુણતાં ૬૭૨ પદવૃંદો હોય છે. એજ પ્રમાણે ક્ષાયિક અને ઔપશમિકને ૫–૬ અને ૭ આ ૩ ઉદયસ્થાનો હોય છે. ત્યાં ૫ ના ઉદયની ૧ ચોવીશી માટે ૫, ૬ ના ઉદયની ૨ ચોવીશી માટે ૧૨, અને ૭ ના ઉદયની ૧ ચોવીશી માટે ૭ એમ ૨૪ ઉદયપદ અને ૨૪ ને ૨૪ વડે ગુણતાં ૫૭૬ પદવૃંદ થાય છે.

પ્રશ્નઃ–૩૨ જિનનામનો બંધ જઘન્યથી પણ અન્તર્મુહૂર્ત પ્રમાણ હોવાથી જિનનામ સહિત દેવપ્રાયોગ્ય ૨૯ ના બંધનો કાળ અન્તર્મુહૂર્ત જ હોવો જોઈએ પરંતુ ૧ સમય કેવીરીતે ઘટે?

ઉત્તર :–જિનનામ કર્મનો બંધ જઘન્યથી અન્તર્મુહૂર્ત્ત હોવા છતાં પણ ઉપશમ શ્રેણીમાં જિનનામ સહિત દેવગતિ પ્રાયોગ્ય ૨૯ ના બંધ નો આઠમાના છઠ્ઠા ભાગે બંધ વિચ્છેદ કરી પડતાં ફરી આઠમા ગુણસ્થાનકના છઠ્ઠા ભાગે આ જ ૨૯ પ્રકૃતિઓનો બંધ કરી બીજા સમયે કાળ કરી દેવલોકમાં ઉત્પન્ન થાય ત્યાં જિનનામ સહિત મનુષ્ય પ્રાયોગ્ય ૩૦ નો બંધ કરે, માટે આ અપેક્ષાએ જઘન્ય કાળ ૧ સમય પ્રમાણ પણ હોય છે.

પ્રશ્ન :–૩૩ જિનનામ સહિત મનુષ્ય પ્રાયોગ્ય ૩૦ ના બંધનો સારસંગ્રહમાં બતાવેલ જઘન્ય કાળ શી રીતે ઘટે? તે બરાબર સમજાવો.

ઉત્તર :–અવસર્પિણીના ચોથા આરામાં શ્રેણીક રાજાની જેમ નિકાચિત જિનનામનો બંધ કરી ૮૪ હજાર વર્ષ ના આયુષ્યવાળા પ્રથમ નરકમાં જઇ ત્યાંથી ઉત્સર્પિણીના

ત્રીજા આરાની શરૂઆતમાં થનાર પદ્મનાભ તીર્થંકર પરમાત્માની જેમ સાધિક ૮૪ હજાર વર્ષ પ્રમાણ કાલ થાય તે આ પ્રમાણે–

ચોથા આરાનો અમુકકાળ બાકી હતો ત્યારે નરકમાં ગયેલા અને ત્યાં પાંચમા–છઠ્ઠા પહેલા અને બીજા આ ૨૧–૨૧ હજારવર્ષ પ્રમાણ ચારે આરાનો કાળ ૮૪ હજાર વર્ષ અને ત્રીજા આરાનાં લગભગ ૩ વર્ષ વ્યતીત થાય ત્યારે નરકમાંથી ચ્યવી તીર્થંકર તરીકે ઉત્પન્ન થાય માટે ત્રીજા આરાનો અમુક અને ચોથા આરાનો અમુક કાળ અધિક ૮૪ હજાર વર્ષ પ્રમાણ સતત જિનનામ સહિત મનુષ્ય પ્રાયોગ્ય ૩૦ નો બંધ હોય છે. અને જો નિકાચિત જિનનામની સત્તાવાળો દેવમાં જાય તો જઘન્યથી પણ ૧ પલ્યોપમના આયુષ્યવાળા વૈમાનિકમાં જ જાય તે અપેક્ષાએ જઘન્ય કાળ ૧ પલ્યોપમ તેમજ **केइ सुराउ समं** जिण આ મતની અપેક્ષાએ જિનનામ નિકાચિત કરી તીર્થંકર પરમાત્માનો જીવ ૧૦ હજાર વર્ષ પ્રમાણ આયુષ્ય વાળા ભવનપતિ આદિ દેવમાં અથવા નરકમાં પણ જાય તે અપેક્ષાએ જઘન્ય કાળ ૧૦ હજાર વર્ષ પ્રમાણ પણ ઘટે છે.

પ્રશ્ન–૩૪ લબ્ધિ અપર્યાપ્ત જીવોને પ્રથમનાં પોતપોતાનાં બે જ ઉદયસ્થાનો બતાવેલ છે. પરંતુ શરીર પર્યાપ્તિ પૂર્ણ થયે પરાઘાત અથવા પરાઘાત અને વિહાયોગતિનો ઉદય અવશ્ય થાય છે. અને લબ્ધિ અપર્યાપ્ત જીવો પણ ત્રણ પર્યાપ્તિ પૂર્ણ કરીને જ કાળ કરે છે. માટે એકેન્દ્રિયોને ૨૫ નું અને શેષ તિર્યંચ–મનુષ્યોને ૨૮ નું ત્રીજું ઉદયસ્થાન પણ કેમ ન હોય ?

ઉત્તર:–શરીર પર્યાપ્તિ પૂર્ણ થયા પછી પરાઘાત વગેરેનો ઉદય લબ્ધિ પર્યાપ્ત જીવોને અવશ્ય થાય છે. પરંતુ લબ્ધિ અપર્યાપ્ત જીવોને મરણપર્યંત પરાઘાત વગેરેનો ઉદય થતો જ નથી. તેથી પોતપોતાનાં પ્રથમનાં બે જ ઉદયસ્થાનો હોય છે.

પ્રશ્ન–૩૫ ગ્રૈવેયક આદિ દેવોને ઉદયસ્થાનો અને ઉદયભાંગા કેટલા હોય ?

ઉત્તર–ગ્રૈવેયક અને અનુત્તર દેવો ઉત્તર વૈક્રિય શરીર બનાવતા જ નથી. તેથી તેઓને ૨૧ આદિ પ્રથમનાં ૫ ઉદયસ્થાનો અને દરેક ઉદયસ્થાનના ૮–૮ એમ કુલ ૪૦ ઉદયભાંગા હોય છે. એજ પ્રમાણે અન્ય દેવોને પણ મૂળ શરીર આશ્રયી ૫ ઉદયસ્થાન અને ૪૦ ઉદયભાંગા હોય છે.

પ્રશ્ન–૩૬ દેવોની જેમ નારકો પણ ઉત્તર વૈક્રિય શરીર બનાવે છે. તો નારકના પણ ઉત્તર શરીરના ભાંગા જુદા કેમ ગણેલ નથી ?

ઉત્તર–દેવોના ઉત્તર વૈક્રિય શરીરમાં ૨૭ ના ઉદયસ્થાન પછી ઉદ્યોતનો ઉદય પણ હોઈ શકે છે. માટે ૨૮ થી ૩૦ સુધીનાં ઉદયસ્થાનોમાં પ્રકૃતિઓ બદલાય છે. માટે

ઉત્તર વૈક્રિયના ૨૮ આદિ ત્રણે ઉદયસ્થાનના ૮-૮ એમ ૨૪ ભાંગા અધિક હોય છે. અને તે મૂળ શરીરથી ભિન્ન હોવાથી જુદા ગણાય છે. પરંતુ નારકોને અપર્યાપ્ત અવસ્થામાં ૨૫ આદિના ઉદયસ્થાનોમાં અને ઉત્તર વૈક્રિય શરીર બનાવતાં ૨૫ આદિના ઉદયસ્થાનોમાં પ્રકૃતિઓનો તફાવત નથી. પરંતુ એકની એક જ હોય છે. માટે ૫ ઉદયસ્થાનના ૫ ઉદયભાંગા જ ગણાય છે.

પ્રશ્ન-૩૭ સાત હજાર સાતસો એકાણું (૭૭૯૧) ભાંગામાં લબ્ધિ અપર્યાપ્ત જીવોના કુલ ઉદય ભાંગા કેટલા? અને કયા કયા?

ઉત્તર-૨૧ ના ઉદયે લબ્ધિ અપર્યાપ્ત એકેન્દ્રિયના સૂક્ષ્મ-બાદર અપર્યાપ્તના અયશ સાથેના ૨, વિકલેન્દ્રિયના ૩, પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યનો ૧-૧ એમ ૭, અને ૨૪ ના ઉદયે એકેન્દ્રિયના અપર્યાપ્તના સૂક્ષ્મ-બાદર, પ્રત્યેક-સાધારણ સાથે અયશના ૪, ૨૬ ના ઉદયના વિકલેન્દ્રિયના ૩, પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યનો ૧-૧ એમ ૫, એમ ત્રણે ઉદયસ્થાને મળી લબ્ધિ અપર્યાપ્ત જીવોના ૧૬ ઉદયભાંગા હોય છે.

પ્રશ્ન-૩૮ જેમ પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યને ૨૧ અને ૨૬ ના ઉદયનો લબ્ધિ અપર્યાપ્ત જીવોનો ૧-૧ ભાંગો બતાવેલ છે તેમ ૨૧ અને ૨૫ ના ઉદયના દેવો અને નારકોના કેમ બતાવેલ નથી?

ઉત્તર :-દેવો અને નારકો લબ્ધિ અપર્યાપ્ત હોતા જ નથી. માત્ર કરણ અપર્યાપ્ત જ હોય છે. તેથી તેઓના મનુષ્ય અને તિર્યંચની જેમ લબ્ધિ અપર્યાપ્તના ઉદયભાંગા હોતા નથી.

પ્રશ્ન-૩૯ કેવળી આશ્રયી ૨૬ અને ૨૭ ના ઉદયસ્થાનનો જઘન્ય તથા ઉત્કૃષ્ટ કાળ કેટલો? અને તે કઈ અપેક્ષાએ?

ઉત્તર :-કેવળી સમુદ્ઘાતમાં બીજા - છઠ્ઠા અને સાતમા સમયે સામાન્ય કેવળી તથા તીર્થંકર કેવળીને અનુક્રમે ૨૬ અને ૨૭ નું ઉદયસ્થાન હોય છે. તેથી બીજા સમયની અપેક્ષાએ બન્ને ઉદયસ્થાનનો જઘન્ય કાળ ૧ સમય અને છઠ્ઠા તથા સાતમા સમયની અપેક્ષાએ બન્ને ઉદયસ્થાનનો ઉત્કૃષ્ટ કાળ ૨ સમય છે.

પ્રશ્ન-૪૦ સામાન્ય મનુષ્યને મૂળ શરીરની અપેક્ષાએ ૨૧ આદિ જે ૫ ઉદયસ્થાનો બતાવેલ છે. તે પાંચે ઉદયસ્થાન દરેક મનુષ્યને મૂળ શરીરની અપેક્ષાએ શું હોય જ?

ઉત્તર :-પરભવમાંથી કાળ કરી વિગ્રહગતિ દ્વારા મનુષ્યમાં ઉત્પન્ન થનારની અપેક્ષાએ જ ૨૧ નું ઉદયસ્થાન હોય છે. પરંતુ પરભવમાંથી કાળ કરી ઋજુ શ્રેણી દ્વારા ઉત્પન્ન થનાર મનુષ્યને ૨૧ નું ઉદયસ્થાન જ ન હોય. પરંતુ ૨૬ આદિ ૪ ઉદયસ્થાનો જ હોય, કારણ કે પરભવના અન્ત્ય સમય સુધી પરભવ સંબંધી ૨૧ સિવાયનું કોઈપણ ઉદયસ્થાન

હોય છે. અને પછીના સમયે ઉત્પત્તિ સ્થાને આવતાં જ મનુષ્યને ૨૬ નું ઉદયસ્થાન આવી જાય છે. એ જ પ્રમાણે પરભવમાંથી કાળ કરી ઋજુ શ્રેણી દ્વારા ઉત્પન્ન થનાર અન્યગતિના જીવોને પણ ૨૧ નું ઉદયસ્થાન હોતું નથી. પરંતુ ૨૧ સિવાયનાં ઉદયસ્થાનો યથાસંભવ હોય છે.

પ્રશ્ન-૪૧ કેવળ ૧ ઉદયસ્થાન હોય એવા કોઈ જીવો હોય કે નહીં ?

ઉત્તર :-પરભવમાંથી કાળ કરી ઋજુ શ્રેણી દ્વારા ઉત્પન્ન થનાર અપર્યાપ્ત નામકર્મના ઉદયવાળા એકેન્દ્રિયોને માત્ર ૨૪ નું અને શેષ મનુષ્ય-તિર્યંચો ને માત્ર ૨૬ નું ૧ જ ઉદયસ્થાન હોય છે.

પ્રશ્ન-૪૨ નામકર્મનાં એવાં કેટલાં અને કયાં સત્તાસ્થાનો છે કે તે બે રીતે આવી શકે ?

ઉત્તર :-એકેન્દ્રિયમાં વૈક્રિય અષ્ટકની ઉદ્વલના કર્યા બાદ પંચેન્દ્રિયપણું પ્રાપ્ત કરી ફરીથી ન બાંધે ત્યાં સુધી ૮૦ નું અને ક્ષપક શ્રેણીમાં ૯૩ ની સત્તાવાળાઓને ૧૩ પ્રકૃતિઓનો ક્ષય થયા પછી ૮૦ નું એમ બે રીતે ૮૦ નું સત્તાસ્થાન આવે છે. તેમજ ૮૦ ની સત્તાવાળા પંચેન્દ્રિયપણું પ્રાપ્ત કરી પ્રથમ દેવ અથવા નરક પ્રાયોગ્ય બંધ કરે ત્યારે દેવદ્વિક અને વૈક્રિય ચતુષ્ક સહિત અથવા નરકદ્વિક અને વૈક્રિય ચતુષ્ક સહિત એમ ૮૬ નું સત્તાસ્થાન પણ બે રીતે આવે છે.

પ્રશ્ન-૪૩ બન્ને પ્રકારના ૮૬ ના સત્તાસ્થાનનો ઉત્કૃષ્ટ કાળ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ હોય ?

ઉત્તર :-ઉપરના પ્રશ્નમાં બતાવ્યા પ્રમાણે બન્ને પ્રકારના ૮૬ ના સત્તાસ્થાનનો ઉત્કૃષ્ટ કાળ અન્તર્મુહૂર્ત પ્રમાણ જ હોય. પણ વધારે ન હોય.

પ્રશ્ન-૪૪ બન્ને રીતે ૮૬ ના સત્તાસ્થાનનો ઉત્કૃષ્ટ કાળ અન્તર્મુહૂર્ત પ્રમાણ જ બતાવો છો તો સારસંગ્રહમાં આ સત્તાસ્થાનનો ઉત્કૃષ્ટ કાળ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ કેમ બતાવેલ છે ?

ઉત્તર :-એકેન્દ્રિયમાં જઈ વૈક્રિય અષ્ટકની ઉદ્વલના સાથે જ શરૂ કરે છે, પરંતુ ઉત્તમ પ્રકૃતિઓની ઉદ્વલના પહેલાં અને તેથી અશુભ અથવા તેથી ઓછી ઉત્તમ પ્રકૃતિની ઉદ્વલના પછી પૂર્ણ થાય છે. માટે પહેલાં દેવદ્વિકની ઉદ્વલના પૂર્ણ કરે ત્યારે ૮૬ ની સત્તા થાય અને ત્યાર પછી પણ વૈક્રિય ચતુષ્ક અને નરકદ્વિક આ ૬ પ્રકૃતિઓની ઉદ્વલના પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ કાળે થાય છે. તેથી આ ૬ પ્રકૃતિઓની ઉદ્વલના દ્વારા સત્તાનો ક્ષય ન થાય ત્યાં સુધી ૮૬ ની સત્તા હોય છે. એ અપેક્ષાએ આ સત્તાસ્થાનનો ઉત્કૃષ્ટ કાળ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ ઘટી શકે છે.

પ્રશ્ન-૪૫ વૈક્રિય તથા આહારક શરીર બનાવી જીવ સાતમા ગુણસ્થાનકે પણ જાય છે. માટે જ સાતમા ગુણસ્થાનકે આ બે યોગ સહિત ૧૧ યોગ બતાવેલ છે. અને સાતમા ગુણસ્થાનકે આહારકની સત્તા હોય તો આહારકનો બંધ અવશ્ય હોય એમ આ ગ્રંથકાર માને છે. તેથી સામાન્યથી આ ગુણસ્થાનકે સ્વરવાળા વૈક્રિય અને આહારક શરીરના ઉદયનો ૨૯ નો ૧-૧ અને ૩૦ નો ૧-૧ એમ ઉત્તર શરીરના ૪ અને મૂળ શરીરના ૧૪૪ એમ ૧૪૮ ઉદયભાંગા હોય છે તો જેમ આહારક શરીરી ૨૯ અને ૩૦ ના ઉદયે આહારક દ્વિક સહિત ૩૦ નો બંધ કરે તે અપેક્ષાએ ૧૪૬ ભાંગા લઈ ૩૦ ના બંધે મતાંતરે આહારકના ૨ ઉદયભાંગા સહિત જેમ ૭૭૭૫ ઉદયભાંગા બતાવેલ છે તેમ વૈક્રિયના પણ ૨ ભાંગા કેમ ન આવે?

ઉત્તર :-ગ્રંથકાર ના મતે આહારકદ્વિક સહિત ૩૦ ના બંધે જેમ આહારકના ૨ ઉદયભાંગા આવે તેમ વૈક્રિયના પણ ૨ ઉદયભાંગા આવે, તેથી ૩૦ ના બંધે કુલ ઉદયભાંગા આ મતે (૭૭૭૭) સાત હજાર સાતસો સત્યોતેર આવે, પણ વૈક્રિય શરીર બનાવી સાતમે જવા છતાં લબ્ધિ ફોરવેલ હોવાથી તેવા જીવોને આહારકદ્વિક સહિત ૩૦ નો બંધ થાય એવા વિશુદ્ધ સંયમનાં સ્થાનો પ્રાપ્ત થતાં નથી. પરંતુ સાતમા ગુણસ્થાનકનાં અમુક મંદ સંયમ સ્થાનો જ હોય છે. માટે આ મતે પણ વૈક્રિયના ૨ ભાંગા ન આવે. પરંતુ ૨૮ અને ૨૯ ના બંધમાં આવી શકે. તેમજ આ મત પ્રમાણે સાતમા ગુણસ્થાનકે સામાન્યથી ૧૪૮ ઉદયભાંગા હોવા છતાં ૨૮ અને ૨૯ ના બંધે આહારકના ૨ ભાંગા ન આવે, કારણ કે આહારકની સત્તાવાળાને આહારકનો બંધ અવશ્ય હોય, એમ તેઓ માને છે. માટે ૨૮ ના બદલે ૩૦, અને ૨૯ ના બદલે ૩૧ નું બંધસ્થાન થાય, તેથી ૨૮ અને ૨૯ના બંધમાં ૨૯ અને ૩૦ ના ઉદયના ૨ વૈક્રિયના અને ૧૪૪ સામાન્ય મનુષ્યના એમ ૧૪૬ ઉદયભાંગા હોય અને તેથી જ આ મત પ્રમાણે ટીકાકારે ૨૮ આદિ ૪ ચારે બંધસ્થાનોમાં અનુક્રમે ૮૮-૮૯-૯૨ અને ૯૩ નું એમ ૧-૧ સત્તાસ્થાન બતાવેલ છે. એમ મને લાગે છે.

તેમજ આહારક કે વૈક્રિય શરીર બનાવી સાતમે જાય તો પણ આ જીવોને મંદ સંયમસ્થાનો હોવાથી આહારકદ્વિક બંધાય તેવા ઉચ્ચકોટીનાં સંયમસ્થાનો આવતાં નથી, માટે આહારકની સત્તા હોય તો પણ આ ગુણસ્થાનકે ઉત્તર શરીરી આહારકદ્વિક ન જ બાંધે આવો પણ એક મત છે. તેથી તે મત પ્રમાણે ૩૦ ના બંધે ઉત્તર શરીરીના ભાંગા જ ન આવવાથી ૭૭૭૩ ઉદયભાંગા જ હોય છે. અને આ મત પ્રમાણે ૨૮ ના બંધે ૯૨ અને ૮૮ તેમજ ૨૯ ના બંધે ૯૩ અને ૮૯ એમ બે-બે સત્તાસ્થાનો પણ ઘટી શકે. આ રીતે આ બાબતમાં મને ત્રણ મતો લાગે છે. પછી તો બહુશ્રુતો કહે તે પ્રમાણ.

પ્રશ્ન : ૪૬ અપર્યાપ્ત અવસ્થામાં નરક પ્રાયોગ્ય ૨૮નો બંધ થતો જ નથી. તેથી સર્વ પર્યાપ્તિએ પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચ આશ્રયી ૩૦ અને ૩૧ તેમજ મનુષ્ય આશ્રયી

૩૦નું એમ ૨ ઉદયસ્થાનો બતાવેલ છે. અને ઉત્તર વૈક્રિય શરીરી મનુષ્ય-તિર્યંચોને પણ તેવા સંકિલષ્ટ પરિણામ ન હોવાથી તેઓ પણ નરક પ્રાયોગ્ય ૨૮નો બંધ કરતા નથી. માટે દેવ પ્રાયોગ્ય ૨૮ના બંધની જેમ નરક પ્રાયોગ્ય ૨૮ના બંધે વક્રિય મનુષ્ય-તિર્યંચનાં ઉદયસ્થાનો પણ આવતાં નથી. એમ તમોએ સારસંગ્રહમાં લખેલ છે. પરંતુ પંચસંગ્રહ તૃતીયદ્વાર મૂળ ગાથા ૬૪માં તેમજ તેની ટીકામાં અને એજ પ્રમાણે પંચસંગ્રહ તથા કર્મપ્રકૃતિ ઉદીરણા કરણની ટીકામાં વૈક્રિય સપ્તકને ઉદયબંધોત્કૃષ્ટા બતાવેલ છે. જ્યારે દેવો અને નારકોને તો ભવપ્રત્યયથી જ આ સાત પ્રકૃતિનો બંધ જ નથી· તેથી વૈક્રિય લબ્ધિ સંપન્ન વૈક્રિય શરીર બનાવે ત્યારે તેના ઉદયમાં વર્તતા પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યો વક્રિય સપ્તકની ૨૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધે એમ લાગે છે. અને જો તેમ હોય તો દેવગતિની ઉત્કૃષ્ટ સ્થિતિ ૧૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ હોવાથી તેની સાથે વૈક્રિય સપ્તક પણ ૧૦ કોડાકોડી સાગરોપમથી વધારે ન જ બંધાય તેમજ મનુષ્ય અને તિર્યંચ ગતિ સાથે વૈક્રિય સપ્તકનો બંધજ ન હોય, માટે વૈક્રિય શરીરી ૨૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ નરકદ્વિકની સાથે વૈક્રિય સપ્તકની પણ ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધે, અન્યથા ન જ બાંધે. તેથી નરક પ્રાયોગ્ય ૨૮ના બંધે પણ વૈક્રિય તિર્યંચ અને મનુષ્ય આશ્રયી ૨૫ આદિ ઉદયસ્થાનો કેમ ન આવે ?

ઉત્તર : કાંઈક વિશુદ્ધ હોવાથી અથવા તો અલ્પકાલીન હોવાથી વૈક્રિય શરીરી પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્ય આશ્રયી ૨૫ આદિ ઉદયસ્થાનો નરક પ્રાયોગ્ય બંધમાં લીધાં નથી. એમ બે બાબત જણાવેલ છે. તેથી તેની વિવક્ષા જ ન કરી હોય એ હકીકત વધારે ઠીક લાગે છે. પણ તેવા અક્ષરો ન મળવાથી કદાચ બંધ નહીં પણ કરતા હોય એમ લખેલ છે. પછી તો બહુશ્રુતો જાણે.

પ્રશ્ન : ૪૭ જિનનામ સહિત દેવ પ્રાયોગ્ય ૨૯ના બંધે ૯૩નું સત્તાસ્થાન બતાવેલ છે. પરંતુ તે કેવી રીતે ઘટે ? કારણકે નરકમાં તો ૯૩નું સત્તાસ્થાન જ ન હોવાથી નરકમાંથી આવેલાને તો ન જ ઘટે. વળી નિકાચિત જિનનામ સહિત ૯૩ ની સત્તાવાળા જીવો દેવમાં જાય તો વૈમાનિકમાંજ જાય તેથી વૈમાનિક દેવમાં ૯૩ની સત્તા ઘટે અને વૈમાનિક દેવોનું જઘન્ય આયુષ્ય પણ એક પલ્યોપમ પ્રમાણ છે. અને અવિરતિ ભાવ પામ્યા પછી આહારક ચતુષ્કનો પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલા કાળમાં જ ઉદ્વલના દ્વારા ક્ષય થાય છે. તેથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પછી વૈમાનિક દેવમાં પણ ૯૩ને બદલે ૮૯નું સત્તાસ્થાન આવી જાય અને તેથી ૯૩ અને ૯૨ના સત્તાસ્થાનનો ઉત્કૃષ્ટ કાળ પણ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ બતાવેલ છે. તો આ કેવી રીતે સંગત થાય ?

ઉત્તર : તમારો પ્રશ્ન બરાબર છે. આ મતે મનુષ્યને ૨૧ આદિના ઉદયસ્થાનોમાં જિનનામ સહિત દેવપ્રાયોગ્ય ૨૯ના બંધે ૯૩નું સત્તાસ્થાન ન જ આવે, પણ ૮૯નું ૧

જ આવે. છતાં ગ્રંથકારે બતાવેલ છે તે નિકાચિત જિનનામની સત્તાવાળા ભવનપતિ અને વ્યંતરમાં પણ જાય છે. એમ કેટલાએક આચાર્ય ભગવંતો માને છે. તેઓના મતે ૯૩નું સત્તાસ્થાન બતાવેલ હોય તેમ લાગે છે.

પ્રશ્ન : ૪૮ બંધના અભાવે ૩૦ ના ઉદયસ્થાનમાં સર્વપ્રશસ્ત પ્રકૃતિના ઉદયવાળા એક ભાંગામાં બારમા ગુણસ્થાનકની અપેક્ષાએ જેમ ૮૦ આદિ ૪ સત્તાસ્થાનો બતાવેલ છે. તેમ ૧૩મા ગુણસ્થાનકે સ્વાભાવિક ૩૦ના ઉદયના સર્વ પ્રશસ્ત પ્રકૃતિના ઉદયવાળા ૧ ભાંગામાં ૮૦ આદિ ૪ ન બતાવતાં ૭૯ અને ૭૫ એમ બે જ સત્તાસ્થાનો કેમ બતાવેલ છે?

ઉત્તર : તીર્થંકર પરમાત્માને પણ ૧૨મા ગુણસ્થાનકે ૩૦નો ઉદય હોય છે. અને તદ્ભવ મોક્ષગામી બીજા જીવોને પણ હોય છે. માટે અહીં બન્ને પ્રકારના જીવો આશ્રયી ૧૨મા ગુણસ્થાનકે ૩૦ના ઉદયે સર્વ શુભ પ્રકૃતિના ઉદયવાળા ૧ ભાંગામાં ૮૦ આદિ ૪ સત્તાસ્થાનો હોય છે. પરંતુ ૧૩મા ગુણસ્થાનકે તીર્થંકર પરમાત્માને સ્વાભાવિક ૩૦નો ઉદય હોતો જ નથી. પરંતુ ૩૧નો જ હોય છે. માટે સ્વાભાવિક ૩૦નું ઉદયસ્થાન સામાન્ય કેવળીને જ હોવાથી ત્યાં ૭૯–૭૫ એ બેજ સત્તાસ્થાનો હોય છે.

પ્રશ્ન : ૪૯ સાતાનો બંધ, સાતાનો ઉદય અને બે ની સત્તા, આ ભાંગાનો ઉત્કૃષ્ટ કાળ અન્તર્મુહૂર્ત પ્રમાણ બતાવેલ છે. પરંતુ તીર્થંકર પરમાત્માઓને પરાવર્તમાન કોઈપણ અશુભ પ્રકૃતિઓનો ઉદય હોતો નથી. એમ શાસ્ત્રમાં બતાવેલ છે. તેમજ ૧૩ મા ગુણસ્થાનકે સતત સાતાનો જ બંધ હોય છે. માટે તેઓની અપેક્ષાએ કંઈક ન્યૂન લાખ પૂર્વ અને સામાન્ય કેવળીઓમાં પણ કેટલાએકને ૧૩મા ગુણસ્થાનકે સતત સાતાનો ઉદય જણાય છે. અને બંધ તો સાતાનો જ હોય છે. તેથી સામાન્ય કેવળીની અપેક્ષાએ આ ભાંગાનો કાળ દેશોન પૂર્વક્રોડ વર્ષ કેમ ન ઘટે?

ઉત્તર : સ્થૂલદૃષ્ટિએ તમારો પ્રશ્ન બરાબર છે. પરંતુ સામાન્ય કેવળી તેમજ તીર્થંકર કેવળી ભગવંતોને પણ અસાતા વેદનીય કર્મથી ઉત્પન્ન થયેલ ક્ષુધા વગેરે યથાસંભવ ૧૧ પરિષહો હોય છે. અને તે અસાતા વેદનીયના ઉદયથી જ હોય છે. અને જો પરિષહો કેવળી ભગવંતોને આવતા ન હોય તો તેઓને કેવળી અવસ્થામાં તૃષા, ક્ષુધા, ઠંડી, તેમજ ગરમી વગેરે ન જ લાગે, પરંતુ શરીર હોવાથી તૃષાદિક તો લાગે છે. માટે જ આહારાદિ લે છે. તેથી સામાન્ય રીતે શરીર નિરોગી હોય તો પણ અન્તર્મુહૂર્ત બાદ ૧૧ માંથી કોઈને કોઈ પરિષહોનો સંભવ હોવાથી આ ભાંગાનો ઉત્કૃષ્ટ કાળ અન્તર્મુહૂર્ત જ હોય, પરંતુ તેથી વધારે ન હોય.

પ્રશ્ન : ૫૦ તેજો અને પદ્મ લેશ્યામાં કોષ્ઠકમાં મોહનીય કર્મનું ૨૩નું સત્તાસ્થાન બતાવેલ છે. પરંતુ ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરવા માટે ૩ કરણ કરે ત્યારે શરૂઆતથી

શુક્લ લેશ્યાજ હોય છે. પરંતુ કૃતકરણ અવસ્થામાં ચરમ સ્થિતિખંડનો ઘાત કરતાં અન્ય લેશ્યા આવે છે. તેમ કર્મપ્રકૃતિ, ષષ્ઠ કર્મગ્રંથ વગેરેની ટીકામાં બતાવેલ છે. અને ૨૩નું સત્તાસ્થાન ૨ કરણ કરી અનિવૃત્તિ કરણમાં પ્રવેશ કર્યા બાદ મિથ્યાત્વનો ક્ષય થાય ત્યારે જ આવે છે. અને તે વખતે શુક્લ લેશ્યાજ હોય છે. માટે ૨૩નું સત્તાસ્થાન શી રીતે આવે?

ઉત્તર: તમારો પ્રશ્ન બરાબર છે. તેજો અને પદ્મ લેશ્યામાં આ પાઠો જોતાં ૨૩નું સત્તાસ્થાન ન જ આવે. પરંતુ દરેક પુસ્તકોના કોષ્ઠકોમાં ૨૩નું સત્તાસ્થાન બતાવેલ છે. તેથી કદાચ મતાંતર પણ હોય, એમ માની ઘણા પંડિતોએ લખેલ હોવાથી મેં પણ કોષ્ઠકમાં બતાવેલ છે. તત્ત્વ તો બહુશ્રુતો જાણે.

પ્રશ્ન: ૫૧ મનુષ્યોને વૈક્રિય તથા આહારક શરીર અને તિર્યંચોને વૈક્રિય શરીર બનાવતાં ૨૫ અને ૨૭ થી ૩૦ એમ ૫ ઉદયસ્થાનો બતાવેલ છે. પરંતુ વૈક્રિય અથવા આહારક શરીર બનાવે ત્યારે મૂળ શરીર પણ હોય છે. એટલું જ નહીં પણ કેટલીક વાર તો મૂળ ઔદારિક શરીરી અને બનાવેલ વૈક્રિય અથવા આહારક શરીરી ક્રિયાઓ પણ એકી સાથે કરે છે. તો ૨૫ આદિ ઉદયસ્થાનોમાં ઔદારિક દ્વિકનો ઉદય તો માનેલ નથી. અને જો તેનો ઉદય માનીએ તો સંઘયણનો ઉદય પણ માનવો પડે, માટે ૨૫ ને બદલે ૨૮ અને ૨૭ આદિને બદલે ૩૦ થી ૩૩ પર્યંત એમ ૫ ઉદયસ્થાનો કેમ ન હોય?

ઉત્તર:– વૈક્રિય અથવા આહારક શરીર બનાવે તે વખતે મૂળ શરીરની અપેક્ષાએ તો ૩૦ પ્રકૃતિનો ઉદય હોય જ છે પરંતુ તેની વિવક્ષા કરવામાં આવેલ નથી, કારણ કે ૨૫ આદિના ઉદયસ્થાનમાં પણ જેમ મૂળ શરીરની અપેક્ષાએ ઔદારિકદ્વિક અને સંઘયણનો ઉદય છે, તેમ પરાઘાત આદિ ૪ પ્રકૃતિનો પણ ઉદય છે જ, છતાં વૈક્રિય વગેરે શરીર બનાવતાં ૨૫ ના ઉદય સ્થાનમાં જેમ પરાઘાત આદિની વિવક્ષા કરેલ નથી તેમ ઔદારિકદ્વિક અને સંઘયણના ઉદયની પણ વિવક્ષા કરેલ નથી અને જેમ મૂળ શરીરની અપેક્ષાએ ૩૦ નો ઉદય માનીએ તો માત્ર વૈક્રિય કે આહારક શરીર બનાવતાં વૈક્રિયદ્વિક અથવા આહારકદ્વિક આ બે પ્રકૃતિઓનો ઉદય વધારે થાય છે. માટે ૩૦ ને બદલે ૩૨ નું અને ઉદ્યોતનો પણ ઉદય થાય તો ૩૦ ને બદલે ૩૩ નું એમ બે ઉદયસ્થાન આવે, પરંતુ ૨૫ અને ૨૭ આદિ ૪ એમ ૫ અથવા તમોએ પ્રશ્નમાં પૂછેલ છે તે પ્રમાણે ૨૮ અને ૩૦ આદિ ૪ એમ ૫ ઉદયસ્થાનો તો ન જ આવે.

પ્રશ્ન–૫૨ તમોએ ૧૯ મા પ્રશ્નમાં અનુત્તર દેવોની અપેક્ષાએ પુરૂષવેદના ઉદયનો ઉત્કૃષ્ટ કાળ ૩૩ સાગરોપમ બતાવેલ છે. પરંતુ પંચસંગ્રહ દ્વિતીય દ્વાર ગાથા ૪૮ માં પુરૂષવેદની ઉત્કૃષ્ટ સ્વકાયસ્થિતિ કેટલાએક વર્ષ અધિક ૨૦૦થી ૯૦૦ સાગરોપમ પ્રમાણ બતાવેલ છે. માટે પરસ્પર વિરોધ કેમ ન આવે?

ઉત્તર–અહીં ભાવવેદની અપેક્ષાએ ઉત્કૃષ્ટ કાળ ૩૩ સાગરોપમ પ્રમાણ બતાવેલ છે. અને પંચસંગ્રહમાં દ્રવ્યવેદની અપેક્ષાએ ઉત્કૃષ્ટ સ્વકાયસ્થિતિ બતાવેલ છે. માટે કોઈ વિરોધ નથી. જોકે શરીર પર્યાપ્તિ પૂર્ણ થયે છતે જ પુરૂષાકૃતિ રૂપ પુરુષવેદ હોય છે. પરંતુ શરીર પર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી પુરુષાકૃતિ રૂપ પુરૂષવેદ હોતો નથી. છતાં ભાવી નૈગમ નયની અપેક્ષાએ વિગ્રહગતિમાં અને શરીર પર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી પણ દ્રવ્યથી પુરુષવેદ માનેલ હોય એમ લાગે છે.

પ્રશ્ન–૫૩ તમોએ પ્રશ્ન ૩૫ માં ગ્રૈવેયક અને અનુત્તર દેવોને ઉત્તર વૈક્રિય શરીર ન હોવાથી ૨૧ આદિ ૫ ઉદયસ્થાનો અને ૪૦ ઉદયભાંગા બતાવેલ છે. પરંતુ દેવગતિમાં દૌર્ભાગ્ય આદિ પ્રકૃતિઓનો ઉદય કિલ્બીષીયા વગેરે હલકા દેવોને જ હોય એમ કેટલાક ઠેકાણે બતાવેલ છે. તો આવા ઉચ્ચ કોટીના દેવોને દૌર્ભાગ્ય આદિનો ઉદય કેવી રીતે હોય ?

ઉત્તર :– આવા સ્પષ્ટ અક્ષરો અમુક ગ્રંથમાંજ મળે છે. પરંતુ સર્વત્ર મળતા નથી. માટે જ ૪૦ ભાંગા બતાવેલ છે, પરંતુ દૌર્ભાગ્યાદિક અશુભ પ્રકૃતિઓ ઉદયમાં ન જ હોય તો પાંચે ઉદયસ્થાનમાં ૧–૧, એમ આ દેવોને ૫ જ ઉદયભાંગા હોય એમ માનવામાં પણ કોઈ વિરોધ નથી.

પરિશિષ્ટ—૧

પ્રદેશબંધનું અલ્પબહુત્વ

આજ ગ્રંથના બીજા ભાગમાં બંધનકરણ ગાથા ૪૧ ની ટીકામાં ઉત્કૃષ્ટ તેમજ જઘન્ય પદે ઉત્તરપ્રકૃતિઓ આશ્રયી જે દલિકનો વિભાગ બતાવેલ છે. તેમાં કોઈ કારણ બતાવેલ ન હોવાથી ભણનાર વર્ગને રસ પડતો નથી. અને બરાબર સમજાતું પણ નથી માટે કાંતો કોઈ ગોખીને માત્ર તૈયાર કરે અથવા તો કંટાળી જવાથી વાંચી લે છે. તેથી તેનું સ્પષ્ટીકરણ કરવામાં આવે તો ભણનારને સમજવામાં બહુજ સુગમ પડે અને આનંદ ઉત્પન્ન થાય, માટે કારણો સહિત તે અહીં બતાવેલ છે.

જો કે બીજા ભાગમાં જ પરિશિષ્ટ તરીકે લેવું જોઈએ અને તેમાં લેવા વિચાર પણ હતો, પરંતુ સમયાદિની અનુકૂળતા ન મળવાથી બીજા ભાગને બદલે આ ત્રીજા ભાગમાં પરિશિષ્ટ તરીકે આપેલ છે.

આ અલ્પ બહુત્વ સમજવા માટે નીચેના નિયમો ખાસ યાદ રાખવા.

(૧) મૂલ કર્મને પ્રાપ્ત થયેલ દલિકનો અનંતમો ભાગજ અન્તર્ગત રહેલ સર્વઘાતી પ્રકૃતિને મળે છે. બાકી રહેલ તે કર્મનું અનંતગુણ દલિક તે વખતે તે કર્મની બંધાતી દેશઘાતી પ્રકૃતિને ભાગમાં આવે છે. તેથી કોઈપણ મૂળકર્મની અન્તર્ગત સર્વઘાતી પ્રકૃતિઓના ભાગમાં આવેલ દલિકથી દેશઘાતી પ્રકૃતિનું દલિક સર્વત્ર અનંતગુણ હોય છે.

દૃષ્ટાંત તરીકે—જ્ઞાનાવરણીય કર્મના ભાગમાં આવેલ દલિકનો અનંતમો ભાગ કેવળજ્ઞાનાવરણીયને મળે અને બાકી રહેલ અનંતગુણ દલિક મનઃપર્યવ જ્ઞાનાવરણીય આદિ ૪ દેશઘાતી પ્રકૃતિઓને મળે છે તેથી કેવળજ્ઞાનાવરણીયને પ્રાપ્ત થયેલ દલિકથી મનઃપર્યવ જ્ઞાનાવરણીયને પ્રાપ્ત થયેલ દલિક અનંતગુણ હોય છે.

(૨) કોઈપણ વિવક્ષિત એક જ બંધસ્થાનમાં જે અને જેટલી પ્રકૃતિઓ સાથે બંધાતી હોય તેમજ યોગસ્થાન પણ તેજ હોય છતાં જે પ્રકૃતિના ભાગમાં દલિક વધારે બતાવેલ હોય ત્યાં માત્ર અસંખ્યાત ભાગ અધિકજ સમજવું, તેનું કારણ પ્રકૃતિવિશેષ એટલે કે તે–તે પ્રકૃતિનો સ્વભાવ જ કારણ હોય છે.

દૃષ્ટાંત તરીકે–મનઃપર્યવજ્ઞાનાવરણીય વગેરે ચારેનો દશમા ગુણસ્થાનકે તદ્યોગ્ય ઉત્કૃષ્ટ એજ યોગસ્થાનથી ઉત્કૃષ્ટ પ્રદેશબંધ થાય છે. છતાં મનઃપર્યવજ્ઞાનાવરણને પ્રાપ્ત થયેલ દલિકથી અવધિજ્ઞાનાવરણીયનું દલિક અસંખ્યાત ભાગ રૂપ વિશેષાધિક હોય છે. તે પ્રકૃતિનો તેવો સ્વભાવ તે જ તેનું કારણ છે. એમ સર્વત્ર સમજવું.

(૩) વધારે પ્રકૃતિની સંખ્યાવાળા બંધસ્થાનમાં જે પ્રકૃતિ બંધાતી હોય, તેની અપેક્ષાએ તેનાથી ઓછી સંખ્યાવાળા પ્રકૃતિના બંધસ્થાનમાં જે પ્રકૃતિ બંધાતી હોય તેના ભાગમાં જે વિશેષાધિક દલિક પ્રાપ્ત થાય છે. તે પ્રાયઃ સર્વમાં સંખ્યાત ભાગ અધિક હોય છે.

દૃષ્ટાંત તરીકે-બેઇન્દ્રિયાદિ ૪ જાતિનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ બેઇન્દ્રિયાદિ પ્રાયોગ્ય ૨૫ ના બંધસ્થાનમાં, અને જઘન્ય પ્રદેશબંધ બેઇન્દ્રિયાદિ પ્રાયોગ્ય ૩૦ ના બંધસ્થાનમાં થાય છે. અને એકેન્દ્રિય જાતિનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ એકેન્દ્રિય પ્રાયોગ્ય ૨૩ ના બંધસ્થાનમાં અને જઘન્ય પ્રદેશબંધ ૨૬ ના બંધસ્થાનમાં થાય છે. તેથી બેઇન્દ્રિયાદિ ચારે જાતિઓના ઉત્કૃષ્ટ અને જઘન્ય પ્રદેશબંધમાં જેટલાં દલિક આવે તેનાથી એકેન્દ્રિય જાતિમાં બંને પ્રકારના બંધસ્થાનમાં દલિક સંખ્યાતભાગ અધિક આવે છે.

કોઈ ઠેકાણે સંખ્યાત ગુણ અધિક પણ આવે છે. દૃષ્ટાંત તરીકે-મૂળ પ્રકૃતિના સપ્તવિધ બંધકને અયશ-કીર્તિનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ નામકર્મના ૨૩ ના બંધસ્થાનમાં થાય છે. અને યશ-કીર્તિનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ દશમા ગુણસ્થાનકે ૧ મૂળ પ્રકૃતિના બંધકને નામકર્મની માત્ર યશકીર્તિ બંધાય ત્યારે થાય છે. તેથી અયશકીર્તિને ઉત્કૃષ્ટપદે પ્રાપ્ત થયેલ દલિકની અપેક્ષાએ યશકીર્તિને ઉત્કૃષ્ટપદે પ્રાપ્ત થયેલ દલિક સંખ્યાત ગુણ હોય છે.

(૪) જે પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ અથવા જઘન્ય પ્રદેશબંધ જે યોગસ્થાનથી થતો હોય તેની અપેક્ષાએ બીજી જે પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ અથવા જઘન્ય પ્રદેશબંધ અસંખ્યાત ગુણ અધિક યોગસ્થાનથી થતો હોય તો તેના ભાગમાં દલિક અસંખ્યાત ગુણ આવે છે.

દૃષ્ટાંત તરીકે-મનુષ્યગતિનો જઘન્ય પ્રદેશબંધ સર્વથી અલ્પ વીર્યવાળા લબ્ધિ અપર્યાપ્ત સૂક્ષ્મ નિગોદિયાને ઉત્પત્તિના પ્રથમ સમયે ૨૯ ના બંધસ્થાનમાં પ્રાપ્ત થાય છે. અને દેવગતિનો જઘન્ય પ્રદેશબંધ સમ્યગ્દૃષ્ટી મનુષ્યને ઉત્પત્તિના પ્રથમ સમયે જિનનામ સહિત દેવપ્રાયોગ્ય ૨૯ ના બંધસ્થાનમાં પ્રાપ્ત થાય છે. અહિં મનુષ્યને લબ્ધિ અપર્યાપ્ત સૂક્ષ્મ નિગોદિયાના ઉત્પત્તિના પ્રથમ સમયની અપેક્ષાએ અસંખ્યાત ગુણ વૃદ્ધિવાળું યોગ-સ્થાન હોય છે માટે મનુષ્ય ગતિને જઘન્ય પદે પ્રાપ્ત થયેલ દલિકની અપેક્ષાએ જઘન્યપદે દેવગતિને પ્રાપ્ત થયેલ કર્મદલિક અસંખ્યાત ગુણ હોય છે.

(૫) જે સમયે ૧૪ મુખ્ય પિંડ પ્રકૃતિઓમાંથી જેટલી પ્રકૃતિઓ બંધાતી હોય તેટલાજ ભાગ પડે, પરંતુ શરીર આદિના પેટાભેદો વધારે બંધાતા હોય તો પણ ચૌદમાંથી તેનો અલગ ભાગ પડતો નથી. પણ શરીરને મળેલ દલિકમાંથી જ જે સમયે જેટલાં શરીર બંધાતાં હોય તેટલા પેટા વિભાગ પડે છે.

દૃષ્ટાંત તરીકે-દેવગતિ પ્રાયોગ્ય ૨૮ પ્રકૃતિ બંધાય ત્યારે તેમાં સંઘયણ વિના મુખ્ય પિંડ પ્રકૃતિઓ ૧૩ બંધાય છે. તેથી તેના ૧૩, અગુરૂલઘુ ચતુષ્ક, ઉપઘાત, ત્રસ

ચતુષ્ક અને યથાસંભવ સ્થિર અથવા અસ્થિર ષટ્ક એમ ૨૮ પ્રકૃતિ બાંધે ત્યારે તેના ૨૮ ભાગ પડે તેવખતે શરીર અને સંઘાતનને પ્રાપ્ત થયેલ દલિકના ત્રણ, બંધનને પ્રાપ્ત થયેલ દલિકના ૭, અને વર્ણાદિ ૪ ને પ્રાપ્ત થયેલ દલિકના અનુક્રમે ૫–૨–૫ અને ૮ ભાગ પડે છે.

જો કે આ ૨૮ ના બંધસ્થાનમાં સંઘાતન અને બંધન ગણેલ નથી અને તેના બદલે તૈજસ–કાર્મણ શરીર ગણેલ છે. પરંતુ તૈજસ આદિ બે શરીરને તો શરીર નામકર્મને પ્રાપ્ત થયેલ દલિકમાંથી ભાગ મળે છે. તેમજ સંઘાતન અને બંધન સર્વત્ર બંધ અને ઉદયમાં શરીરની સાથે જ હંમેશાં હોય છે. તેથી તેના દલિકની અલગ વિવક્ષા કરેલ નથી. પરંતુ શરીરની જેમ બંધન અને સંઘાતન નામકર્મને પણ મુખ્ય હકદાર તરીકે સ્વતંત્ર અલગ ભાગ મળે છે. આ વાત પણ ખાસ યાદ રાખવી.

ઉત્કૃષ્ટ પદે દલિક વિભાગ

જ્ઞાનાવરણ : કેવળજ્ઞાનાવરણને સૌથી અલ્પ, કારણ કે તે સર્વઘાતી છે. અને તેની અપેક્ષાએ મનઃપર્યવજ્ઞાનાવરણ દેશઘાતી હોવાથી પ્રથમ નિયમ પ્રમાણે અનંત ગુણ અધિક, તે થકી બીજા નિયમ પ્રમાણે પ્રકૃતિનો સ્વભાવજ તેવો હોવાથી અનુક્રમે અવધિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણ અને મતિજ્ઞાનાવરણને દલિકો અસંખ્યાત ભાગ અધિક રૂપ વિશેષાધિક પ્રાપ્ત થાય છે.

દર્શનાવરણીય :–પ્રચલાને દલિકો સર્વથી અલ્પ, તેથી નિદ્રાને પ્રકૃતિવિશેષ હોવાથી બીજા નિયમ પ્રમાણે અસંખ્યાતભાગ અધિક રૂપ વિશેષાધિક મળે છે. આ બન્નેનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ દર્શનાવરણીયના ષડ્વિધ બંધક સમ્યગ્દષ્ટિને હોય છે. અને થીણદ્ધિત્રિક સહિત ૯ નો બંધ પ્રથમનાં ૨ ગુણસ્થાનકે હોય છે.

તેથી નિદ્રાની અપેક્ષાએ પ્રચલા–પ્રચલાને ભાગ વાસ્તવિક રીતે અધિક ન આવે. પરંતુ પ્રકૃતિવિશેષને લીધે અસંખ્યાત ભાગ અધિક રૂપ વિશેષાધિક છે. એજ પ્રમાણે પ્રકૃતિ વિશેષ હોવાથી તેની અપેક્ષાએ નિદ્રા–નિદ્રા, થીણદ્ધિ અને કેવળદર્શનાવરણીયને અસંખ્યાત ભાગ અધિક રૂપ વિશેષાધિક ભાગ મળે છે. તેથી પહેલા નિયમ પ્રમાણે અવધિદર્શનાવરણીયને અનંતગુણ, તેથકી અચક્ષુ અને ચક્ષુદર્શનાવરણને બીજા નિયમ પ્રમાણે પ્રકૃતિ વિશેષ હોવાથી અનુક્રમે અસંખ્યાત ભાગ અધિક રૂપ વિશેષાધિક ભાગ પ્રાપ્ત થાય.

વેદનીય : અસાતાનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ મૂળ સપ્તવિધ પ્રકૃતિ બંધક એવા મિથ્યાદૃષ્ટી અથવા તો સમ્યક્દૃષ્ટીને હોય છે. તેથી તેને પ્રાપ્ત થયેલ મૂળ દલિકનો લગભગ સાતમો ભાગ મળે છે. માટે તે અલ્પ છે. અને સાતાનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ ૧૦ મા ગુણસ્થાનકે હોવાથી તેને મૂળ દલિકની અપેક્ષાએ લગભગ છઠ્ઠો ભાગ મળે છે. તેથી તેમાં સંખ્યાતભાગ રૂપ વિશેષાધિક દલિક હોય છે.

મોહનીય :–તથાસ્વભાવે જ અપ્રત્યાખ્યાનીય માનને પ્રાપ્ત થયેલ દલિકનો ભાગ સર્વથી અલ્પ હોય છે. અને તેની અપેક્ષાએ તેજ અપ્રત્યાખ્યાનીય ક્રોધ, માયા અને લોભ તથા પ્રત્યાખ્યાનીય માન, ક્રોધ, માયા અને લોભ તેમજ અનંતાનુબંધી માન, ક્રોધ, માયા, અને લોભ અને મિથ્યાત્વ મોહનીયને પ્રાપ્ત થયેલ દલિક પ્રકૃતિવિશેષ હોવાથી અનુક્રમે એક–એક થી અસંખ્યાત ભાગ અધિક રૂપ વિશેષાધિક હોય.

મિથ્યાત્વની અપેક્ષાએ દેશઘાતી હોવાથી જુગુપ્સાને પ્રાપ્ત થયેલ દલિક પહેલા નિયમ પ્રમાણે અનંતગુણ અને તે થકી ભયને પ્રકૃતિવિશેષ હોવાથી અસંખ્યાતભાગ અધિક રૂપ વિશેષાધિક મળે છે. તે થકી હાસ્ય–શોક, તે થકી રતિ–અરતિ અને તે થકી નપુસંક–સ્ત્રીવેદને બીજા નિયમ પ્રમાણે પ્રકૃતિવિશેષ હોવાથી અનુક્રમે અસંખ્યાત ભાગ અધિક રૂપ વિશેષાધિક અને ત્રણે જોડલાંઓને પરસ્પર સમાન દલિક મળે છે.

નપુસંક અને સ્ત્રીવેદ કરતાં સંજ્વલન ક્રોધને પ્રાપ્ત થયેલ દલિક યુક્તિથી વિચારતાં સંખ્યાતગુણ મળે છે. કારણ કે મોહનીયને પ્રાપ્ત થયેલ દલિકના કષાય અને નોકષાય એમ ૨ ભાગ પડે છે. તેમાંથી નોકષાયને પ્રાપ્ત થયેલનો પાંચમો ભાગ કોઈપણ એક વેદને મળે છે. તેથી આ બન્ને વેદને મોહનીયને પ્રાપ્ત થયેલ દલિકનો લગભગ દશમો ભાગ પ્રાપ્ત થાય અને ક્રોધનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ નવમા ગુણસ્થાનકના બીજા ભાગે ચતુર્વિધ બંધકને થતો હોવાથી મોહનીય કર્મને પ્રાપ્ત થયેલ સમગ્ર દલિકનો કાંઈક ન્યૂન ચોથો ભાગ મળે છે. અને દશમાભાગની અપેક્ષાએ ચોથોભાગ સંખ્યાત ગુણ કહેવાય, તેથી એ બરાબર લાગે છે. પરંતુ કર્મપ્રકૃતિ–ચૂર્ણિ વગેરેમાં વિશેષાધિક બતાવેલ છે. તત્ત્વ તો અતિશય જ્ઞાની જાણે.

સંજ્વલન માનનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ નવમે ગુણસ્થાનકે ત્રિવિધ બંધકને હોવાથી મોહનીય સંબંધી સમગ્ર દલિકનો તેને કંઈક ન્યૂન ત્રીજો ભાગ મળવાથી સંજ્વલન ક્રોધની અપેક્ષાએ સંજ્વલન માનનો ભાગ સંખ્યાત ભાગ અધિક રૂપ વિશેષાધિક.

તેથકી પુરૂષવેદનો ભાગ સંખ્યાત ભાગ રૂપ વિશેષાધિક હોય છે. કારણકે સંજ્વલન માનને મોહનીયના સમગ્ર દલિકનો કંઈક ન્યૂન ત્રીજો ભાગ મળે છે. ત્યારે નવમા ગુણ-સ્થાનના પહેલા ભાગે નોકષાયના ભાગમાં આવેલ મોહનીયના દલિકનો કંઈક ન્યૂન અર્ધભાગ સંપૂર્ણ પુરૂષવેદને જ મળે છે. તેથી સંજ્વલન માનની અપેક્ષાએ પુરૂષવેદનો સંખ્યાતભાગ અધિક રૂપ વિશેષાધિક છે.

તેથી પણ સંજ્વલન માયાનો અસંખ્યાતભાગ અધિક રૂપ વિશેષાધિક છે. જો કે પુરૂષવેદ અને સંજ્વલન માયા એ બન્નેને મોહનીય કર્મને પ્રાપ્ત થયેલ દલિકનો કંઈક ન્યૂન

અર્ધભાગ મળે છે. પરંતુ કષાય મોહનીય કરતાં નોકષાય મોહનીયને પ્રાપ્ત થયેલ ભાગ તથા—સ્વભાવે જ કંઈક ન્યૂન હોય છે. તેથી અહીં વિશેષાધિકજ ઘટે છે. અને સંજ્વલન માયાને મોહનીયનો કંઇક ન્યૂન અર્ધભાગ તથા સંજ્વલન લોભને મોહનીયનો સંપૂર્ણ ભાગ પ્રાપ્ત થાય છે. તેથી માયાની અપેક્ષાએ સંજ્વલન લોભને પ્રાપ્ત થયેલ દલિક ડબ્બલથી પણ કંઈક અધિક હોય છે. માટે સંખ્યાત ગુણ હોય છે.

આયુષ્ય :– ચારે આયુષ્યો સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત સ્વભૂમિકા અનુસાર ઉત્કૃષ્ટ યોગસ્થાનમાં વર્ત્તતા ઉત્કૃષ્ટ સ્થિતિએ બાંધી શકે છે. અને તે વખતે અષ્ટવિધ બંધક જ હોય છે માટે ચારે આયુષ્યનો દલિક ભાગ પરસ્પર તુલ્ય હોય છે.

નામકર્મ :– ગતિ:– નરક અને દેવગતિનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ ૨૮ ના બંધસ્થાનમાં હોવાથી પરસ્પર તુલ્ય અને શેષ ગતિની અપેક્ષાએ અલ્પ છે. અને મનુષ્ય ગતિનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ ૨૫ ના બંધસ્થાનમાં હોવાથી તેમજ તિર્યંચ ગતિનો ઉત્કૃષ્ટ પ્રદેશ-બંધ ૨૩ ના બંધસ્થાનમાં હોવાથી પ્રથમની બે ગતિના દલિકની અપેક્ષાએ મનુષ્ય અને તિર્યંચ ગતિને પ્રાપ્ત થયેલ દલિકો અનુક્રમે સંખ્યાત ભાગ અધિક રૂપ વિશેષાધિક હોય છે.

ચારે આનુપૂર્વીનું પણ આજ પ્રમાણે હોય છે.

બેઇન્દ્રિયાદિક ચાર જાતિઓનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ ૨૫ પ્રકૃતિના બંધસ્થાનમાંજ થાય છે. તેથી પરસ્પર તુલ્ય અને એકેન્દ્રિય જાતિનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ ૨૩ના બંધ-સ્થાનમાં હોવાથી પ્રથમની ચાર જાતિના દલિકની અપેક્ષાએ એકેન્દ્રિય જાતિને પ્રાપ્ત થયેલ દલિક સંખ્યાત ભાગ અધિક રૂપ વિશેષાધિક છે.

શરીર– આહારક શરીરનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ ત્રીશના બંધસ્થાનમાં હોય છે. અને તેને નામકર્મને પ્રાપ્ત થયેલ દલિકમાંથી શરીરને મળેલ ૩૦મા ભાગમાંથી લગભગ ચોથો ભાગ પ્રાપ્ત થાય છે. માટે સર્વથી અલ્પ અને વૈક્રિયશરીરને નામકર્મને પ્રાપ્ત થયેલ દલિકના ૨૮મા ભાગમાંથી લગભગ ત્રીજો ભાગ મળે છે. માટે આહારકની અપેક્ષાએ વૈક્રિયનો દલિકભાગ સંખ્યાતભાગ અધિક રૂપ વિશેષાધિક છે.

ઔદારિક શરીરને પ્રાપ્ત થયેલ દલિક નામકર્મને પ્રાપ્ત થયેલ દલિકના ૨૩મા ભાગમાંથી લગભગ ત્રીજા ભાગનું મળે છે. તેથી વૈક્રિયની અપેક્ષાએ ઔદારિકને મળેલ દલિક ભાગ પણ સંખ્યાતભાગ અધિક રૂપ વિશેષાધિક છે, અને તૈજસ તથા કાર્મણ શરીરને નામકર્મને પ્રાપ્ત થયેલ દલિકના ૨૩મા ભાગમાંથી લગભગ ત્રીજો ભાગ મળવા છતાં પ્રકૃતિ વિશેષ હોવાથી બીજા નિયમ પ્રમાણે ઔદારિકથી તૈજસ અને કાર્મણ શરીરનો દલિક ભાગ અનુક્રમે અસંખ્યાતભાગ અધિક રૂપ વિશેષાધિક હોય છે.

સંઘાતનનો દલિક ભાગ પણ શરીર તુલ્ય છે. અને ત્રણ અંગોપાંગનો દલિક વિભાગ પણ પ્રથમનાં ત્રણ શરીર તુલ્ય જ છે. પરંતુ ઔદારિક શરીરનો ઉત્કૃષ્ટ પ્રદેશ બંધ ૨૩ ના બંધસ્થાનમાં અને ઔદારિક અંગોપાંગનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ ૨૫ના બંધસ્થાનમાં હોય છે.

બંધન :- આહારક આહારક બંધનને પ્રાપ્ત થયેલ દલિક ત્રીજા નિયમ પ્રમાણે અલ્પ અને તે થકી આહારક-તૈજસ, આહારક-કાર્મણ, તેમજ આહારક-તૈજસ-કાર્મણ બંધનને પ્રાપ્ત થયેલ દલિક વિભાગ પ્રકૃતિવિશેષ હોવાથી બીજા નિયમ પ્રમાણે અનુક્રમે અસંખ્યાતભાગ અધિક રૂપ વિશેષાધિક છે. અને તેની અપેક્ષાએ ત્રીજા નિયમ પ્રમાણે વક્રિય-વૈક્રિય બંધનને પ્રાપ્ત થયેલ દલિક વિભાગ સંખ્યાત ભાગ અધિક રૂપ વિશેષાધિક છે. અને તેથી પણ વૈક્રિય-તૈજસ, વૈક્રિય-કાર્મણ અને વૈક્રિય-તૈજસ-કાર્મણ બંધનને પ્રાપ્ત થયેલ દલિક વિભાગ એક બંધસ્થાનમાં હોવા છતાં બીજા નિયમ પ્રમાણે અનુક્રમે અસંખ્યાતભાગ અધિક રૂપ વિશેષાધિક છે. અને તેની અપેક્ષાએ ત્રીજા નિયમ પ્રમાણે ઔદારિક-ઔદારિક બંધનને પ્રાપ્ત થયેલ દલિક વિભાગ સંખ્યાતભાગ અધિક રૂપ વિશેષાધિક છે. અને તેના કરતાં ઔદારિક-તૈજસ, ઔદારિક-કાર્મણ, ઔદારિક તૈજસ-કાર્મણ, તૈજસ-તૈજસ, તૈજસ-કાર્મણ અને કાર્મણ-કાર્મણ બંધનને પ્રાપ્ત થયેલ દલિક વિભાગ ૨૩ પ્રકૃતિરૂપ એક બંધસ્થાનમાં હોવા છતાં સ્વભાવ વિશેષથી બીજા નિયમ પ્રમાણે અનુક્રમે અસંખ્યાત ભાગ અધિક રૂપ વિશેષાધિક હોય છે.

પ્રથમનાં પાંચ સંઘયણનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ ૨૯ ના બંધસ્થાન રૂપ એક જ બંધસ્થાનમાં હોવાથી તેઓને દલિક વિભાગ પરસ્પર સમાન અને છેવટ્ઠા સંઘયણની અપેક્ષાએ અલ્પ હોય છે. તે થકી છેવટ્ઠા સંઘયણનો ઉત્કૃષ્ટ પ્રદેશ બંધ ૨૫ ના બંધસ્થાનમાં હોવાથી ત્રીજા નિયમ પ્રમાણે સંખ્યાત ભાગ અધિક રૂપ વિશેષાધિક છે.

મધ્યમનાં ચારે સંસ્થાનનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ ૨૯ પ્રકૃતિરૂપ એક જ બંધસ્થાનમાં હોવાથી આ ચારેનો દલિક ભાગ પરસ્પર તુલ્ય અને અન્ય બે સંસ્થાનોની અપેક્ષાએ અલ્પ હોય છે. તેથકી પ્રથમ અને હુંડક સંસ્થાનનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ અનુક્રમે દેવ પ્રાયોગ્ય ૨૮ ના અને એકેન્દ્રિય પ્રાયોગ્ય ૨૩ ના બંધસ્થાનમાં હોવાથી ત્રીજા નિયમ પ્રમાણે બંનેનો દલિક વિભાગ અનુક્રમે સંખ્યાત ભાગ અધિક રૂપ વિશેષાધિક છે.

વર્ણચતુષ્કનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ ૨૩ ના બંધસ્થાનમાં જ હોય છે. અને તેના વીશે ભેદો સાથેજ બંધાય છે. તેથી એ ચારેના પેટાભેદોમાં પ્રકૃતિ-વિશેષ હોવાથી અસંખ્યાતભાગ અધિક રૂપ વિશેષાધિક દલિક હોય છે. તે આ પ્રમાણે-

કૃષ્ણ વર્ણને પ્રાપ્ત થયેલ દલિક સર્વથી અલ્પ, તે થકી નીલ-રક્ત-પીત અને શુકલ વર્ણને પ્રાપ્ત થયેલ દલિક અનુક્રમે વિશેષાધિક. એજ પ્રમાણે કટુ રસને પ્રાપ્ત થયેલ દલિક

અલ્પ છે. અને તેથી તિક્ત–કષાય–આમ્લ અને મધુર રસને પ્રાપ્ત થયેલ દલિક અનુક્રમે વિશેષાધિક છે. દુરભિગંધને પ્રાપ્ત થયેલ દલિક અલ્પ છે. અને તેની અપેક્ષાએ સુરભિગંધને પ્રાપ્ત થયેલ દલિક વિશેષાધિક છે. પરંતુ કર્મ પ્રકૃતિ ચૂર્ણિ વગેરેમાં સુરભિગંધને પ્રાપ્ત થયેલ દલિક અલ્પ અને દુરભિગંધને વિશેષાધિક બતાવેલ છે. અહીં કોઈ યુક્તિ ન હોવાથી તત્ત્વ કેવળી ગમ્ય.

ગુરૂ અને કર્કશને મળેલ દલિક અલ્પ અને પરસ્પર તુલ્ય છે. તેનાથી મૃદુ–લઘુ, શીત–રુક્ષ, સ્નિગ્ધ–ઉષ્ણને મળેલ દલિક વિશેષાધિક છે. અને પરસ્પર બબ્બેનું દલિક તુલ્ય છે. બે વિહાયોગતિ અને બે સ્વરનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ ૨૮ ના બંધસ્થાનમાં હોવાથી તેમજ આતપ અને ઉદ્યોતનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ ૨૬ ના ૧ જ બંધસ્થાનમાં હોવાથી પરસ્પર તુલ્ય છે. અર્થાત અલ્પ–બહુત્વ નથી. આતપ અને ઉદ્યોત વિના છ પ્રત્યેક પ્રકૃતિઓની અવાંતર પ્રકૃતિ તેમજ વિરોધી પ્રકૃતિ ન હોવાથી અલ્પ–બહુત્વ નથી.

ત્રસ, પર્યાપ્ત, સ્થિર અને શુભ આ ચાર પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ ૨૫ ના બંધસ્થાનમાં છે. અને તેની પ્રતિપક્ષ સ્થાવર, અપર્યાપ્ત, અસ્થિર, અને અશુભ એ ચારનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ ૨૩ ના બંધસ્થાનમાં છે. માટે ત્રસાદિ ૪ ને પ્રાપ્ત થયેલ દલિક અલ્પ છે અને સ્થાવરાદિ ચારને મળેલ દલિક પોતપોતાની વિરોધિ પ્રકૃતિથી સંખ્યાત ભાગ અધિક રૂપ વિશેષાધિક છે. સૌભાગ્ય, અને આદેયનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ દેવપ્રાયોગ્ય ૨૮ ના બંધસ્થાનમાં છે. તેથી આ બેને પ્રાપ્ત થયેલ દલિક અલ્પ છે. અને તેના કરતાં તેની વિરોધી દૌર્ભાગ્ય અને અનાદેયનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ ૨૩ ના બંધસ્થાનમાં હોવાથી સંખ્યાત ભાગ અધિક રૂપ વિશેષાધિક છે. સૂક્ષ્મ અને બાદર તેમજ પ્રત્યેક અને સાધારણ આ બન્ને યુગલનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ ૨૩ ના બંધસ્થાનમાં જ હોવાથી પરસ્પર તુલ્ય છે. અયશકીર્તિનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ મૂળપ્રકૃતિ–સપ્તવિધ બંધક મિથ્યાદૃષ્ટિને નામકર્મના ૨૩ના બંધસ્થાનમાં છે. માટે તેને મળેલ દલિક અલ્પ છે. અને તેનાથી યશકીર્તિને પ્રાપ્ત થયેલ દલિક સંખ્યાતગુણ હોય છે. કારણ કે યશકીર્તિનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ દશમા ગુણસ્થાનકે મૂળ છ પ્રકૃતિના બંધકને છે. તેથી પ્રાપ્ત થયેલ મૂળ દલિકનો લગભગ છઠ્ઠો ભાગ સંપૂર્ણ યશકીર્તિને જ મળે છે.

ગોત્રકર્મ :– નીચગોત્રને પ્રાપ્ત થયેલ દલિક અલ્પ છે. અને તેનાથી ઉચ્ચ ગોત્રને પ્રાપ્ત થયેલ દલિક સંખ્યાતભાગ અધિક રૂપ વિશેષાધિક છે. તેનું કારણ અસાતા અને સાતામાં બતાવ્યા પ્રમાણે છે.

અંતરાય :– દાનાંતરાયને પ્રાપ્ત થયેલ દલિક અલ્પ છે. અને પ્રકૃતિ વિશેષ હોવાથી બીજા નિયમ પ્રમાણે લાભાન્તરાય, ભોગાન્તરાય ઉપભોગાન્તરાય, અને વીર્યાંતરાયને પ્રાપ્ત થયેલ દલિક અનુક્રમે અસંખ્યાત ભાગ અધિક રૂપ વિશેષાધિક છે.

-: જઘન્ય પદે દલિક વિભાગ :-

વક્રિય, અષ્ટક, આહારકદ્વિક અને જિનનામ તેમજ તિર્યંચ-મનુષ્યાયુષ્ય વિના ૧૦૭ પ્રકૃતિઓનો જઘન્ય પ્રદેશબંધ સર્વાલ્પ વીર્યવાળા લબ્ધિ અપર્યાપ્ત સૂક્ષ્મ નિગોદિયાને ઉત્પત્તિના પ્રથમ સમયે અને મનુષ્ય-તિર્યંચાયુષ્યનો એજ જીવને પોતાના આયુષ્યના બે ભાગ વ્યતીત થયા બાદ તરતજ આયુષ્યનો બંધ શરૂ કરનારને બંધના પ્રથમ સમયે જ હોય છે. તેથી અહીં પ્રકૃતિવિશેષના કારણે અથવા સર્વઘાતીની અપેક્ષાએ દેશઘાતી પ્રકૃતિમાં દલિક વિશેષ પ્રાપ્ત થાય, અને નામકર્મમાં વધુ સંખ્યાવાળા બંધસ્થાનમાં જે પ્રકૃતિ બંધાતી હોય તેના કરતાં ઓછી સંખ્યાવાળા બંધસ્થાનમાં બંધાતી પ્રકૃતિને દલિક અધિક મળે છે. આ હકીકત સર્વત્ર યાદ રાખવી.

જ્ઞાનાવરણીય અને અંતરાયમાં જેમ ઉત્કૃષ્ટ પદે અલ્પબહુત્વ છે. તેમ અહીં પણ છે. અને દર્શનાવરણીયમાં પણ કર્મપ્રકૃતિ ટીકા આદિમાં ઉત્કૃષ્ટ પ્રમાણે જ અલ્પબહુત્વ છે પરંતુ કર્મપ્રકૃતિ ચૂર્ણિ આદિના અભિપ્રાયે નિદ્રાને મળેલ દલિક અલ્પ, તેથી પ્રચલા, નિદ્રા-નિદ્રા, અને પ્રચલા-પ્રચલાને પ્રાપ્ત થયેલ દલિક અનુક્રમે અસંખ્યાતભાગ અધિક રૂપ વિશેષાધિક છે. આ વિશેષતા છે. વેદનીય તથા ગોત્રકર્મની પ્રકૃતિઓમાં પરસ્પર અલ્પ બહુત્વ નથી અર્થાત્ દલિક વિભાગ તુલ્ય છે.

મોહનીય કર્મ :- અપ્રત્યાખ્યાનીય માનને પ્રાપ્ત થયેલ દલિક અલ્પ છે. તેની અપેક્ષાએ અપ્રત્યાખ્યાનીય ક્રોધ-માયા-લોભ. પછી પ્રત્યાખ્યાનીય માન-ક્રોધ-માયા-લોભ, ત્યારબાદ અનંતાનુબંધી માન-ક્રોધ-માયા-લોભ અને મિથ્યાત્વને પ્રાપ્ત થયેલ દલિક અનુક્રમે એક-એકથી બીજા નિયમપ્રમાણે પ્રકૃતિવિશેષ હોવાથી અસંખ્યાતભાગ અધિક છે. તે થકી પ્રથમ નિયમ પ્રમાણે જુગુપ્સા દેશઘાતી હોવાથી તેને પ્રાપ્ત થયેલ દલિક અનંતગુણ. તેના કરતાં ભય, હાસ્ય-શોક, રતિ-અરતિ અને ત્રણે વેદને પ્રાપ્ત થયેલ દલિક અનુક્રમે અસંખ્યાતભાગ અધિક છે. અને પરસ્પર તુલ્ય છે. તેથી પણ સંજ્વલન માન, ક્રોધ, માયા અને લોભને પ્રાપ્ત થયેલ દલિક અનુક્રમે અસંખ્યાત ભાગ અધિક છે.

આયુષ્ય કર્મ :- તિર્યંચ અને મનુષ્ય આયુષ્યને પ્રાપ્ત થયેલ દલિક પરસ્પર તુલ્ય હોય છે. કારણકે આ બન્ને આયુષ્ય અલ્પ આયુષ્ય અને સર્વાલ્પ વીર્યવાળા લબ્ધિ અપર્યાપ્ત સૂક્ષ્મ નિગોદિયા જીવો પોતાના આયુષ્યના બે ભાગ ગયા પછી પ્રથમ સમયે બાંધી શકે છે. માટે આની અપેક્ષાએ દેવ તથા નરક આયુષ્યને પ્રાપ્ત થયેલ દલિક અસંખ્યાત ગુણ અને પરસ્પર તુલ્ય હોય છે. કારણકે આ બન્ને આયુષ્યનો જઘન્ય પ્રદેશબંધ પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચોને હોય છે. અને તેઓને યોગ સૂક્ષ્મ નિગોદિયાની અપેક્ષાએ અસંખ્યાત ગુણ હોય છે.

નામકર્મ : તિર્યંચ ગતિનો જઘન્ય પ્રદેશ–બંધ તિર્યંચ પ્રાયોગ્ય ૩૦ ના બંધમાં હોય છે. માટે તેને પ્રાપ્ત થયેલ દલિક અલ્પ છે. અને તેની અપેક્ષાએ મનુષ્યગતિનો જઘન્ય પ્રદેશબંધ મનુષ્ય પ્રાયોગ્ય ૨૯ ના બંધસ્થાનમાં હોવાથી ત્રીજા નિયમ પ્રમાણે સંખ્યાત ભાગ અધિક હોય છે. તેનાથી દેવગતિને પ્રાપ્ત થયેલ દલિક અસંખ્યાત ગુણ હોય છે. કારણકે દેવગતિનો જઘન્ય પ્રદેશબંધ ઉત્પત્તિના પ્રથમ સમયે જિનનામ સહિત દેવપ્રાયોગ્ય ૨૯ ના બંધસ્થાનમાં હોય છે. અને નરક ગતિનો પર્યાપ્ત અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચને હોય છે. અને મનુષ્ય ગતિનો જઘન્ય પ્રદેશબંધ સૂક્ષ્મ નિગોદિયાને ઉત્પત્તિના પ્રથમ સમયે હોય છે. તેથી તેની અપેક્ષાએ દેવગતિ અને નરકગતિ બાંધનારને યોગ અનુક્રમે એક–એકથી અસંખ્યાત ગુણ હોય છે માટે.

બેઇન્દ્રિયાદિ ૪ જાતિનો જઘન્ય પ્રદેશબંધ ૩૦ ના એક જ બંધસ્થાનમાં હોવાથી એકેન્દ્રિય જાતિની અપેક્ષાએ અલ્પ અને ચારેનો પરસ્પર તુલ્ય, અને તેની અપેક્ષાએ એકેન્દ્રિય જાતિનો જઘન્ય પ્રદેશબંધ ૨૬ ના બંધસ્થાનમાં હોવાથી તેને મળેલ દલિક સંખ્યાત ભાગ અધિક હોય છે.

ઔદારિક, તૈજસ અને કાર્મણ શરીરનો જઘન્ય પ્રદેશબંધ ૩૦ ના એકજ બંધસ્થાનમાં છે છતાં ઔદારિકને પ્રાપ્ત થયેલ દલિક અલ્પ છે. અને પ્રકૃતિ વિશેષ હોવાથી બીજા નિયમ પ્રમાણે તેનાથી તૈજસ અને કાર્મણને પ્રાપ્ત થયેલ કર્મ દલિક અનુક્રમે અસંખ્યાતભાગ અધિક હોય છે. વૈક્રિય શરીરનો જઘન્ય પ્રદેશબંધ દેવગતિની જેમ ૨૯ ના બંધસ્થાનમાં હોવાથી લબ્ધિ પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્યને ઉત્પત્તિના પ્રથમ સમયે હોય છે. અને તેને સૂક્ષ્મ નિગોદિયા કરતાં યોગ અસંખ્યાત ગુણ હોવાથી કાર્મણની અપેક્ષાએ વૈક્રિયને મળેલ દલિક ચોથા નિયમ પ્રમાણે અસંખ્યાતગુણ છે. અને આહારક શરીરનો જઘન્ય પ્રદેશબંધ દેવયોગ્ય ૩૧ ના બંધસ્થાનમાં મુનિને જ હોય છે. અને સંજ્ઞી અપર્યાપ્ત કરતાં સંજ્ઞી પર્યાપ્તનો યોગ અસંખ્યાતગુણ હોય છે. માટે વૈક્રિય શરીરની અપેક્ષાએ આહારક શરીરને પ્રાપ્ત થયેલ દલિક પણ અસંખ્યાત ગુણ હોય છે. પાંચે સંઘાતન અને ત્રણે અંગોપાંગનું અલ્પબહુત્વ પણ શરીર તુલ્ય જ છે.

બંધન :– ઔદારિક–ઔદારિક બંધનને પ્રાપ્ત થયેલ દલિક સૌથી અલ્પ છે. અને તેની અપેક્ષાએ ઔદારિક–તૈજસ, ઔદારિક–કાર્મણ, ઔદારિક–તૈજસ–કાર્મણ, તૈજસ–તૈજસ, તૈજસ–કાર્મણ અને કાર્મણ–કાર્મણ બંધનને પ્રાપ્ત થયેલ દલિક બીજા નિયમ પ્રમાણે પ્રકૃતિ વિશેષ હોવાથી અનુક્રમે અસંખ્યાત ભાગ અધિક છે. અને તેનાથી શરીરમાં બતાવેલ યુક્તિ પ્રમાણે વૈક્રિય–વૈક્રિય બંધનને પ્રાપ્ત થયેલ દલિક ચોથા નિયમ પ્રમાણે અસંખ્યાત ગુણ છે. તેથી વૈક્રિય–તૈજસ, વૈક્રિય–કાર્મણ અને વૈક્રિય–તૈજસ–કાર્મણને પ્રાપ્ત

થયેલ દલિક પ્રકૃતિ વિશેષ હોવાથી અનુક્રમે અસંખ્યાત ભાગ અધિક છે. તેના કરતાં આહારક શરીરમાં બતાવેલ યુક્તિથી ચોથા નિયમ પ્રમાણે આહારક-આહારક બંધનને પ્રાપ્ત થયેલ દલિક અસંખ્યાત ગુણ છે. અને તેનાથી આહારક-તૈજસ, આહારક-કાર્મણ અને આહારક-તૈજસ-કાર્મણ બંધનને પ્રાપ્ત થયેલ દલિક પ્રકૃતિ વિશેષ હોવાથી અનુક્રમે અસંખ્યાત ભાગ અધિક છે.

વર્ણ-ચતુષ્કના પેટા ભેદોનું અલ્પ-બહુત્વ જેમ ઉત્કૃષ્ટ પદે છે. તેમ અહીં પણ છે. ઉદ્યોત અને ત્રસ ચતુષ્ક આ પાંચેનો જઘન્ય પ્રદેશ બંધ ૩૦ ના બંધસ્થાનમાં હોય છે. માટે તેને મળેલ દલિક અલ્પ છે. અને આતપ, સ્થાવર આ બેનો જઘન્ય પ્રદેશ-બંધ ૨૬ ના બંધસ્થાનમાં, સૂક્ષ્મત્રિકનો જઘન્ય પ્રદેશબંધ ૨૫ ના બંધસ્થાનમાં હોવાથી પોતપોતાની પ્રતિપક્ષ પ્રકૃતિઓની અપેક્ષાએ આતપ આદિ પાંચે પ્રકૃતિને પ્રાપ્ત થયેલ દલિક સંખ્યાતભાગ અધિક હોય છે. બે વિહાયોગતિ, સ્થિર ષટ્ક અને અસ્થિર ષટ્ક આ ચૌદ પ્રકૃતિઓનો જઘન્ય પ્રદેશબંધ તિર્યંચ પ્રાયોગ્ય ૩૦ ના એક જ બંધસ્થાનમાં હોવાથી પરસ્પર અલ્પ-બહુત્વ નથી અર્થાત્ સમાન દલિક મળે છે, આતપ અને ઉદ્યોત વિના શેષ છ પ્રત્યેક પ્રકૃતિઓની પેટા પ્રકૃતિ તેમજ વિરોધિ પ્રકૃતિ ન હોવાથી તેઓનું પણ અલ્પ-બહુત્વ નથી.

ચારે આનુપૂર્વીઓનું ચાર ગતિઓની જેમ અલ્પબહુત્વ યુક્તિથી ઘટે છે, પરંતુ કર્મપ્રકૃતિની ચૂર્ણિ અને ટીકા વગેરેમાં ચારે આનુપૂર્વીઓનું જેમ ઉત્કૃષ્ટ પદે બતાવેલ છે. તેમ જઘન્યપદે પણ અલ્પ-બહુત્વ બતાવેલ છે. તેનું કારણ બહુશ્રુતો જાણે. જઘન્ય તથા ઉત્કૃષ્ટ પ્રદેશબંધનો કારણો સહિત આ દલિક વિભાગ બંધવિધાન ઉત્તરપ્રકૃતિ પ્રદેશબંધ ઉત્તરાર્ધમાંથી પ્રેમપ્રભા ટીકાના અનુસારે લખેલ છે. તેના વિશેષ જિજ્ઞાસુએ તે ગ્રંથ જોવો

इति अल्पबहुत्व परिशिष्टम् समाप्तम् ॥

સમાપ્ત

શુદ્ધિ—પત્રક

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૧	૨	०धरगा०	०धरपा०
૧	૧૮	सवेघ०	संवेघ०
૩	૭	सत्तय	सत्त य
૩	૨૯	કવાર.	કરવા.
૪	૨૧	मोहोदप	मोहोदये
૫	૧૮	ઍઠના	આઠના
૫	૩૧	સત્ત	સત્તા
૬	૨૫	सेगं	एगं
૭	૪	ટીકાનુ०	ટીકાનુ०—
૮	૩૨	મલ્યગિરિ	મલયગિરિજી
૯	૨	ઉપશાંત મોહપર્યંત	ઉપશાંતમોહ પર્યંત
૧૩	૧૬	छवद्दिठउ	छावट्ठीउ
૧૪	૧૬	બંસ્થાનકનો	બંધસ્થાનકનો
૧૭	૨	चउ बंधगांमि	चउबंधगंमि
૧૮	૧૨	अबंधगे	अबंधगे
૧૮	૧૩	बन्ना०	बन्ना०
૨૦	૨૧	०वीसा	०वीसा सत्तरस
૨૧	૧૧	અ તિ	અરતિ
૨૪	૩	અભ યોને	અભવ્યોને
૨૫	૧૨	ઉ ય	ઉદય
૨૫	૧૪	જુગુપ્ર	જુગુપ્સા
૨૫	૧૫	છ્	છઠ્ઠું
૨૬	૧૫	ફે વતાં	ફેરવતાં
૨૮	૧૩	સમ્ ગ્દષ્ટિ	સમ્યગ્દષ્ટિ
૨૮	૨૭	ત્યરે	ત્યારે
૨૮	૩૨	અપ્ર ખ્યા०	અપ્રત્યાખ્યા०
૨૯	૨૧	અનંત०	અનંતા०
૩૧	૧૪	સમ્ કત્વીને	સમ્યક્ત્વીને
૩૧	૨૮	અિ	અહિં
૩૫	૨	ચ રના	ચારના
૩૬	૭	આ ભી	આરંભી
૩૮	૬	ગુણાસ્થા । કે	ગુણસ્થાનકે

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૩૮	૧૧	ગુણસ્થા I કે	ગુણસ્થાનકે
૪૧	૩	વિસયોજના	વિસંયોજના
૪૧	૬	સત્ત માંથી જ	સત્તામાંથી જ
૪૨	૫	बध्नन्ति	बध्नाति
૪૨	૧૮	જે	જે સમયે
૪૩	૨૨	सत्तरसबंधगे	सत्तरसबंधगे
૪૩	૨૪	०चतुर्विंशतयः	०चतुर्विंशतयः
૪૩	૨૫	एकविंशतिः	एकविंशतिः
૪૪	૧	અઠ્ઠવીસ	અઠ્ઠાવીસ
૪૪	૮	કે ઈ	કોઈ
૪૪	૧૨	પહે	પહેલાં
૪૬	૩૨	અ શ્રયી	આશ્રયી
૪૭	૭	શત ની	શતકની
૪૮	૭	સત્ત સ્થાને।	સત્તાસ્થાને।
૪૮	૨૫	०विंशतयो	०विंशतयो
૪૯	૮	બંધક	બંધકને
૪૯	૯	અબંધક	અબંધકને
૪૯	૩૦	બને	બંને
૫૨	૨૩	दुहओ विसेस०	दुहओ वि सेस०
૫૩	૩૪	કરે પ્રાપ્ત	પ્રાપ્ત કરે
૫૫	૩	०સ્થા ને।	०સ્થાનને।
૫૮	૨૫	नरकगति तुः	नरकगतिहेतुः
૬૧	૧	સપ્તાતકા	સપ્તતિકા
૬૧	૯	०विशति रेकोन०	०विंशतिरेकोन०
૬૧	૧૮	બંધ સ્થાનકે।	બંધસ્થાનકે।
૬૧	૨૨	पञ्च बन्ध	पञ्च-बन्ध
૬૨	૨	બંધ સ્થાનક	બંધસ્થાનક
૬૫	૩	નિમિત્ત ડે	નિમિત્તવડે
૬૬	૭	तेवीसा पण्ज०	तेवीसाऽपण्ज०
૬૬	૮	०त्यानुपूर्वि०	०त्यानुपूर्वी०
૭૪	૯	થ ય	થાય
૭૬	૨૨	બાધે	બાંધે
૭૬	૨૭	ભેળાતાં	ભેળવતાં
૭૬	૨૯	सम्मोराल	सम्मोरालं

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૭૯	૫	उदओपुव्वि	उदओ पुव्वि
૯૯	૯	અક	એક
૧૧૩	૩	સત્ત સ્થાન	સત્તાસ્થાન
૧૧૩	૨૩	ચર	ચાર
૧૧૩	૨૮	ભગ ıતને	ભગવંતને
૧૧૪	૭	एक्के के	एक्केके
૧.૪	૮	उवरयबंध	उवरयबंधे
૧૧૪	૧૧	०त्रिंशति	०त्रिंशति त्रिंशति च
૧૧૪	૧૬	બધે	બંધે
૧૧૫	૨	વિગ્રહગતિમ	વિગ્રહગતિમાં
૧૧૬	૧૭	ર્યંચ	તિર્યંચ
૧૧૭	૧૪	તિર્યંચો	તિર્યંચો
૧૧૮	૨૫	અધ્યવસયવાળા	અધ્યવસાયવાળા
૧૧૯	૨	ક્ષાયિ	ક્ષાયિક
૧૨૯	૭	દ્વિચ મ	દ્વિચરમ
,,	૧૬	પર્યત	પર્યંત
૧૩૨	૨૫	ભગ	ભંગ
૧૩૩	૫	ક્ષા શ્રેણિમાં	ક્ષપકશ્રેણિમાં
૧૩૬	૨૦	પદસં	પદસંખ્યા
૧૪૪	૨૪	०મિશ્ન	०મિશ્ર
૧૪૬	૩૨	ચાદ	ચૌદ
૧૪૭	૧૦	એશી	એંશી
૧૪૮	૧૭	चोद्दसउ	चोद्दस उ
૧૪૮	૧૯	चतुर्दशस०	०चतुर्दश तु स
૧૪૯	૫	रुणं	ऋणं
૧૪૯	૭	रुणं	ऋणं
૧૪૯	૧૪	रुणं	ऋणं
૧૪૯	૨૩	रुणमे	ऋणमेतद्
૧૫૦	૧૪	रुणं	ऋणं
૧૫૪	૮	चउवीसाइगुणेज्जा	चउवीसाइ गुणेज्जा
૧૫૫	૮	कहियाइ	कहियाइं
૧૬૧	૫	પાચે	પાંચે
૧૬૩	૩૦	તિર્યંચ યેગ્ય	તિર્યંચયોગ્ય
૧૬૮	૧૦	बाराहीया	बारहिया

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૧૬૮	૨૦	કર ા	કરતા
૧૭૧	૨૩	तिविह...विति	तिविह...वित्ति
૧૭૨	૧૭	સુર્ભગ-દુભગ	સુભગ-દુર્ભગ
૧૭૭	૯	-૩-	-૩૧-
૧૭૯	૧૯	સત્તાસ્થન	સત્તાસ્થાન
૧૮૦	૧૪	નેયાશીનું	નેવ્યાશીનું
૧૮૧	૧૦	સત્તસ્થાનો	સત્તાસ્થાનો
૧૮૨	૧૦	ચલીસ	ચાલીસ
૧૮૩	૨૪	૩ નો	૩૦ નો
૧૮૩	૨૯	રૂઆતનાં	શરૂઆતનાં
૧૮૫	૯	બ કીનાં	બાકીનાં
૧૮૫	૧૭	એમંથી	એમાંથી
૧૮૭	૨૯	સ તાનો	સાતાનો
૧૮૮	૧૧	०	ते
૧૮૮	૧૨	०भंगाय	०भंगय
૧૯૩	૧૫	અગુ્રૂલઘુ	અગુરુલઘુ
૧૯૩	૩૧	,,	,,
૧૯૫	૧૦	બ દર	બાદર
૧૯૫	૨૬	त्रयाद०	त्रयोद०
૧૯૬	૨૮	छउमाइ व	छउमा इव
૧૯૮	૪	તેના	તેની
૧૯૮	૮	મેરૂની	મેરુની
૧૯૮	૨૮	લોભવાળ	લોભવાળા
૨૦૦	૧૯	वतुःसप्तति:	चतुःसप्ततिः
૨૦૧	૭	કર્મએ	કર્મ
૨૦૪	૨૨	સંબંધેવિ શેષ	સંબંધે વિશેષ
૨૦૫	૨	ન્યૂ ા	ન્યૂન
૨૦૭	૧૩	पज्जतिगया	पज्जत्तिगया
૨૦૭	૧૩	दुभग	दूभग
૨૦૭	૨૫	कार्मणलोगी	कार्मणयोगी
૨૦૯	૩	ઔ ારિક	ઔદારિક
૨૦૯	૨૬	અહારક	આહારક
૨૦૯	૨૮	અપમત્તે	અપ્રમત્તે
૨૧૫	૧૩	વષ	વર્ષ

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૨૧૫	૧૪	હસ્વા૦	હ્રસ્વા૦
૨૧૬	૨	સાતના	સાતની
૨૨૬	૧૭	સવેધ	સંવેધ
૨૨૮	૨૫	ન મા	નવમા
૨૨૮	૨૮	છ	છટ્ઠે
૨૨૮	૩૧	કુઈ પણ	કોઈ પણ
૨૩૦	૧૪	પ્ર રના	પ્રકારના
૨૩૧	૨૩	આપશમિક	ઔપશમિક
૨૩૨	૨૪	છે	છટ્ઠે
૨૩૫	૬	ક્ષાયોષશિક	ક્ષાયોપશમિક
૨૪૧	૭	ક્ષપકશ્રણીમાં	ક્ષપકશ્રેણીમાં
૨૪૨	૧૯	છટ્ઠ	છટ્ઠે
૨૪૫	૬	વક્રિયમિશ્ર	વૈક્રિયમિશ્ર
૨૪૫	૧૦	,,	,,
૨૪૯	૧૯	રાખ ાની	રાખવાની
૨૫૦	૪	તેતાલીશમી	તેંતાલીશમી
૨૫૧	૯	સંઘ ાણ	સંઘયણ
૨૫૧	૧૮	જિનાનામ	જિનનામ
૨૫૧	૨૧	અસ્થિદ્રિક	અસ્થિરદ્રિક
૨૫૨	૨૯	તિર્યચો	તિર્યંચો
૨૫૭	૩૦	અશુભવિહાયે૦	અશુભવિહાયો૦
૨૬૧	૭	વક્રિય	વૈક્રિય
૨૬૨	૧૯	ત્રસ ક	ત્રસત્રિક
૨૬૩	૨૨	વક્રિય	વૈક્રિય
૨૬૩	૨૪	આહાન	આહાના
૨૬૫	૨	વ.	વૈ૦
૨૬૯	૩	તિર્યચોની	તિર્યંચોની
૨૬૯	૪	વક્રિય	વૈક્રિય
૨૭૦	૬	વ. મ.	વૈ. મ.
૨૭૨	૨૮	વૈ. મ. નાનવ	વૈ. મ. ના નવ
૨૭૨	૨૯	વ. તિ.	વૈ. તિ.
૨૭૪	૧૧	૯૨–૮	૯૨–૮૮
૨૭૫	૧૧	હોવાની	હોવાથી
૨૭૬	૨૪	વૈ૦	વૈક્રિય

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૨૭૮	૪	સત્તસ્થાન	સત્તાસ્થાન
૨૭૯	૯	ઉત્તર વ.	ઉત્તર વૈ.
૨૭૯	૧૨	ગુણસ્થ નકે	ગુણસ્થાનકે
૨૮૧	૨	૫૭	૫૭૬
૨૮૧	,,	અઠૂવનને	અઠ્ઠાવનને
૨૮૨	૨૨	ક રણકે	કારણ કે
૨૮૪	૧૩	-૭	-૭૫
૨૮૬	૨૨	બને	બંને
૨૮૭	૨૧	૪૪	૪૪
૨૮૯	૨૮	નવાણું	નવાણું.
૨૯૪	૬	૧૧૫	૧૧૫૨
૨૯૪	૯	વ. તિર્યંચના	વૈ. તિર્યંચના
૨૯૮	૮	વક્રિય	વૈક્રિય
૩૦૦	૬	સર્વપર્યાપ્તિએ પર્યાપ્તિની	સર્વ પર્યાપ્તિએ પર્યાપ્તિની
૩૦૫	૬	તિર્યંચના	તિર્યંચના
૩૦૯	૨૧	સવેધ	સંવેધ
૩૧૧	૩	પ્રશસ્તા પ્રકૃતિન	પ્રશસ્ત પ્રકૃતિના
૩૧૨	૩	૨	૨૦
૩૪૩	૧૦	વક્રિય	વૈક્રિય
૩૪૪	૧૮	વક્રિય	વૈક્રિય
૩૪૪	૨૮	છેડી	છોડી
૩૪૫	૫	મનુ યને	મનુષ્યને
૩૪૫	૬	હેવાથી	હોવાથી
૩૫૭	૨૪	વક્રિય	વૈક્રિય
૩૫૯	૧૬	શ્રત	શ્રુત
૩૬૦	૧૧	શ્રતઅજ્ઞાનમાં	શ્રુતઅજ્ઞાનમાં
૩૬૧	૬	વક્રિય	વૈક્રિય
૩૬૭	૫	,,	,,
૩૬૮	૧૧	,,	,,
૩૬૯	૧૦	કાયેયોગે	કાયયોગે
,,	૧૨	ગુણાસ્થાનકે	ગુણસ્થાનકે
૩૭૨	૨૨	સુક્ષ્મસંપરાય	સૂક્ષ્મસંપરાય
૩૭૫	૧	પ્રશ્નોતરી	પ્રશ્નોત્તરી

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૩૮૭	૧૧	અંથકા ના	અંથકારના
,,	૧૨	વક્રિય	વૈક્રિયના
,,	૧૬	સંયમ સ્થાનો	સંયમસ્થાનો
૩૮૮	૪	વક્રિય	વૈક્રિય
,,	૭	,,	,,
,,	૧૦	,,	,,